જૈન સાહિત્યનો બૃહદ્ ઈતિહાસ
ભાગ - 3



આગમિક વ્યાખ્યાઓ

: પ્રકાશક :
શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન ટ્રસ્ટ
પાલીતાણા-અમદાવાદ-મુંબઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org














Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org






















Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી નેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરિ ગ્રંથશ્રેણી નં. ૧૯

જૈન સાહિત્યનો બૃહદ્ ઈતિહાસ : ભાગ - ૩

આગમિક વ્યાખ્યાઓ

પ્રેરણા

સ્વ. ૫. પૂ. આચાર્ય શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજ
સ્વ. ૫. પૂ. આચાર્ય શ્રી વિજયઅશોકચંદ્રસૂરીશ્વરજી મહારાજ

શ્રુતોપાસના

૫. પૂ. આચાર્ય શ્રી વિજયસોમચંદ્રસૂરિજી મહારાજ

સહયોગ

પાર્શ્વનાથ શ્વે. મૂ. સંઘ, ઘાટકોપર, મુંબઈ
પ્રીન્સેસ સ્ટ્રીટ લુહાર ચાલ જૈન સંઘ, મુંબઈ

પ્રકાશક

શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન ટ્રસ્ટ
(શ્રી સમવસરણ મહામંદિર)
પાલીતાણા-અમદાવાદ-મુંબઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સહયોગ દાતા

પાર્શ્વનાથ શ્વે. મૂ. સંઘ, ઘાટકોપર, મુંબઈ

પ્રીન્સેસ સ્ટ્રીટ લુહાર ચાલ જૈન સંઘ, મુંબઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન સાહિત્યનો બૃહદ્ ઇતિહાસ : ભાગ-૩

આગમિક વ્યાખ્યાઓ

લેખક
ડૉ. મોહનલાલ મેહતા

અનુવાદક
ડૉ. રમણીક શાહ

શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન ટ્રસ્ટ
પાલીતાણા-અમદાવાદ-મુંબઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન સાહિત્ય કા બૃહદ્ ઇતિહાસ ભાગ -૩ : 'આગમિક વ્યાખ્યાયેં'નો ગુજરાતી અનુવાદ
ગુજરાતી આવૃત્તિના સંપાદકો
ડૉ. નગીન શાહ
ડૉ. રમણીક શાહ

પ્રકાશક :
શ્રી અનિલભાઈ ગાંધી, મેનેજીંગ ટ્રસ્ટી,
શ્રી૧૦૮ જૈન તીર્થદર્શન ભવન ટ્રસ્ટ,
૧૧૦, મહાકાન્ત, વી.એસ.હોસ્પીટલ પાસે,
અમદાવાદ-૬.

પ્રકાશન વર્ષ :
ગુજરાતી આવૃત્તિ : પ્રથમ સંસ્કરણ ઈ.સ.૨૦૦૭

મૂલ્ય : રૂ. ૪૦૦/-

લેસર ટાઈપ સેટિંગ :
મયંક શાહ, ઈમ્પ્રેશન્સ
૨૧૫, ગોલ્ડ સૌક કોમ્પ્લેક્ષ,
સેફાયર બિલ્ડીંગની પાછળ,
સી. જી. રોડ, નવરંગપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૦૯.

મુદ્રક :
કે. ભીખાલાલ ભાવસાર
માણિભદ્ર પ્રિન્ટર્સ
૧૨, શાયોના એસ્ટેટ, દૂધેશ્વર રોડ,
શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન સાહિત્યનો બૃહદ્ ઇતિહાસ



વાત્સલ્યવારિધિ પરમપૂજ્ય આચાર્યદેવ
શ્રી વિજય વિજ્ઞાનસૂરીશ્વરજી મ. સા.



શાસનસમ્રાટ્ પરમપૂજ્ય આચાર્યદેવ
શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મ. સા.



પ્રાકૃતવિશારદ્ પરમપૂજ્ય આચાર્ય
શ્રી વિજય કસ્તૂરસૂરીશ્વરજી મ.સ



પ. પૂ. આચાર્ય
શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજ

જેમના થકી જૈન ધર્મ અને સંઘ
ઉજ્જ્વળ છે એવા જૈન નભોમંડળના
તેજસ્વી તારલાઓ...



પ.પૂ. આચાર્ય
શ્રી વિજયઅશોકચંદ્રસૂરીશ્વરજી મહ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન ટ્રસ્ટ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શુભાશિષ

જૈન સાહિત્યના અણમોલ ગ્રંથ મૌક્તિક્ની અહીં તહીં વિખરાયેલા કોવા બહારના સાંનિધ્યમાં આવેલ છે. આજથી લગભગ ૩૮ વર્ષ પહેલા ફ્રેન્ચ અને અન્ય વિદ્વાનોએ તે મૌક્તિકોને નોંધપૂર્વક એક માળામાં ગૂંથી લઈને સમગ્ર "જૈન સાહિત્યનો બૃહદ્ ઇતિહાસ" નામના ૧ થી ૭ ભાગ હિંદી ભાષામાં પ્રકાશિત કર્યા હતા.

ગુજરાતી વાચકોને પણ આ બધો અણમોલ ખજાનો મળે તેવા શુભાશયથી પૂ.૧૦૮ જૈન નાર્યદર્શન વિજયજી મહારાજે હિંદી ભાગોનું ગુજરાતી પ્રો.પ્રાણગનભાઇ શાહ તથા પ્રો.રમણિકલાલ શાહ પાસે કરાવી "જૈન સાહિત્યનો બૃહદ્ ઇતિહાસ" ભાગ ૧ થી ૭ પ્રકાશિત કરવા નિર્ણય કર્યો.

અમે તેમના આ પ્રયાસને અંતરથી આવકારીએ છીએ અને ઇચ્છીએ શુભાશિષ આપતા જણાવીએ છીએ કે તમારા આ પ્રયાસને ગુજરાતી સમાજરૂપી, વિદ્વાનરૂપી, વાચકો ઉત્સાહથી વધાવશે. જૈન સાહિત્યના અનેક વિષયોની અભ્યાસુ મોવડી અમારની ઉપાસના દ્વારા અવશ્ય અનુકૂળ મોવડી તેવી શુભેચ્છા

ઇ

આ. ચંદ્રશેખરસૂરિ

આ - અશોકવિજ્ય

વિ-સં ૨૦૬૦ મહા-શુ-૧૩ બુધવાર

ગોવાલીયાટેંક મુંબઇ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુખપૃષ્ઠ પરના ચિત્રનો પરિચય

મુખપૃષ્ઠ પર વજ્રસ્વામીજીના જીવન પ્રસંગોના આલેખનનું ચિત્ર છે. વીર નિર્વાણ સંવત ૪૯૬માં જન્મેલા અને જન્મતાવેંત જેમને જાતિ સ્મરણજ્ઞાન થયેલુ આથી જન્મતાવેંત સંયમ ધારણ કરનાર એવા વજ્રસ્વામીનું નામ જૈન શાસનમાં સુવર્ણ અક્ષરે અંકિત થયેલું છે. તેઓ અંતિમ દસ પૂર્વધારી અને અંતિમ ચતુર્થસંહનનધારી હતા. એમના સ્વર્ગગમન પછી વજ્રજી(વજ્રી)શાખાની સ્થાપના થયેલી. વીર નિર્વાણ સંવત ૫૮૪માં તેમનું નિર્વાણ થયેલું.

પ્રસ્તુત ચિત્રમાં

(૧) તેમના માતા-પિતા દ્વારા મુનિને બાળક વજ્રના વ્હોરાવવાનો પ્રસંગ છે.

(૨) પુત્ર મોટો થતાં માતાની મમતા તેને સંસારમાં પાછો લાવવા માટે જાગી આથી રાજ દરબારમાં પુત્ર માટેની માંગણી કરી આ પ્રસંગનું આલેખન છે.

(૩) ભગવંત વજ્રસ્વામી સરસ્વતીનું વરદાન પ્રાપ્ત કરે છે તેનું ચિત્ર છે.

(૪) સાધુઓને આકાશગમન દ્વારા પરદેશ લઈ જઈ દુષ્કાળ પાર કરાવવાનું ચિત્ર છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આગમોનું અનુસંધાન

જૈન સાહિત્યના બૃહદ્ ઈતિહાસ ભાગ - ૧ અને ૨ માં આપણે આગમોનો પરિચય જોયો. પ્રસ્તુત ત્રીજા ભાગમાં આ બધા આગમગ્રંથો પરના વ્યાખ્યા સાહિત્યનો અર્થાત્ ટીકાસાહિત્યનો સાંગોપાંગ પરિચય આપવામાં આવ્યો છે.

દેશ અને કાળના પરિબળે મૂળ આગમગ્રંથોના અર્થની સમજૂતી દુર્લભ બનવા લાગી આથી ધર્મનાયક આચાર્યોએ આ મૂળગ્રંથોની સમજૂતી રૂપે તે તે ગ્રંથોની ટીકાઓ કે વ્યાખ્યાઓની રચના કરી. આગમિક વ્યાખ્યાઓ પાંચ વર્ગમાં વિભાજિત કરાય છે : ૧. નિર્યુક્તિઓ, ૨. ભાષ્યો, ૩. ચૂર્ણિઓ, ૪. સંસ્કૃત ટીકાઓ અને ૫. પ્રાદેશિક લોકભાષાઓમાં વિરચિત વ્યાખ્યાઓ કે બાલાવબોધો.

આ ભાગમાં નિર્યુક્તિઓ અને પ્રસિદ્ધ નિર્યુક્તિકાર ભદ્રબાહુ સ્વામી, વિવિધ ભાષ્યો અને ભાષ્યકારો, નંદી વગેરેની ચૂર્ણિઓ અને વિશિષ્ટ ચૂર્ણિકાર જિનદાસગણિ તથા અગત્સ્યસિંહગણિ, અનેકવિધ સંસ્કૃત ટીકાઓ અને મુખ્ય ટીકાકારો જેવા કે હરિભદ્રસૂરિ, શીલાંકસૂરિ, શાંતિસૂરિ, અભયદેવસૂરિ, મલયગિરિ વગેરેનો પરિચય આપવામાં આવ્યો છે તથા વિવિધ પ્રાંતીય ભાષાઓ જેવી કે ગુજરાતી, રાજસ્થાની, હિંદી વગેરેમાં બાલાવબોધ નામે ઓળખાતી ટીકાઓનો પરિચય કરાવવામાં આવ્યો છે.

પરમ પૂજય મોટા મહારાજશ્રી (પ.પૂ.આચાર્ય શ્રી વિજય ચંદ્રોદય-સૂરીશ્વરજી મ. સા.) તથા પરમ પૂજય ગુરુદેવશ્રી (પ. પૂ. આચાર્ય શ્રી વિજય અશોકચંદ્રસૂરીશ્વરજી મ.સા.) ની પાવન પ્રેરણાથી જૈન સાહિત્યના ઈતિહાસના સાત ભાગ ઉપરાંત પ્રમાણમીમાંસા અને જૈન ધર્મ-દર્શન મળી નવ ગ્રંથોનું ગુજરાતી ભાષાંતર કરવાનું નક્કી થયેલું તે પ્રમાણે શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન ટ્રસ્ટના ટ્રસ્ટીઓને પ્રેરણા કરી – મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અનિલભાઈ ગાંધીએ પ્રો. શ્રી રમણીકભાઈ શાહ તથા પ્રો. શ્રી નગીનભાઈ શાહ પાસે ગુજરાતી કરાવ્યું. જુદાજુદા શ્રી સંઘોએ પૂજયશ્રીની વાતને સ્વીકારી સંપૂર્ણ સહયોગ આપ્યો. તેની ફળશ્રુતિરૂપે આ સાતે ભાગ ગુજરાતીમાં પ્રકાશિત થઈ રહ્યા છે.

બંને પૂજયશ્રીઓની હયાતી દરમ્યાન ભાગ ૧, ૨, ૪, ૬ તથા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રમાણમીમાંસા અને જૈન ધર્મ-દર્શન પ્રકાશિત થઈ ચૂક્યા હતા. આ દરમ્યાન બંને પૂ. ગુરુભગવંતો કાળધર્મ પામ્યા. બંને ગુરુભગવંતો આજ આપણી સામે સદેહે બિરાજમાન નથી પરંતુ તેમની પ્રેમાળ પ્રેરણા ભરી સ્મૃતિ આપણી પાસે છે અને તેના સહારે તેમણે સોંપેલું કાર્ય આપણે પૂરું કરીશું.

એ જ

વિ.સં.૨૦૬૩, જેઠ સુ.૧,
અમદાવાદ.

પ.પૂ.આ. શ્રી વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી મ. ના ગુરુબંધુ પૂ.ગુરુદેવ(પ.પૂ.આ.શ્રી વિજય અશોકચંદ્રસૂરીશ્વરજી મ.)ના ચરણકિંકર સોમચંદ્ર વિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકાશકીય

(ગુજરાતી આવૃત્તિ)

શાસ્ત્રન સમ્રાટ્ શ્રીનેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરીશ્વરજી મ.સા.ના પટ્ટધર પ.પૂ આચાર્ય ભગવંતશ્રી વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી મ.સા., પ.પૂ. આચાર્યશ્રી વિજય અશોકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના ઉપદેશથી સ્થપાયેલી પ્રસિદ્ધ જૈન સંસ્થા શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન ટ્રસ્ટ દ્વારા જૈન ધર્મ, સંસ્કૃતિ અને સાહિત્યના સંરક્ષણ અને સંવર્ધનની અનેકવિધ પ્રવૃત્તિઓ ચાલી રહી છે. સંસ્થાએ આ પહેલાં ગ્લોરી ઓફ જૈનીઝમ, ૧૦૮ તીર્થદર્શનાવલિ, એસેન્સ ઓફ જૈનીઝમ જેવા વિવિધ મહત્ત્વપૂર્ણ ગ્રંથોનું પ્રકાશન કરેલ છે. સંસ્થાએ સંસ્કૃત, પ્રાકૃત, હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી જેવી મહત્ત્વની ભાષાઓમાં અનેક પ્રકારના જૈન સાહિત્યના જે ગ્રંથો પ્રકાશિત કરેલ છે તેની સૂચિ આ ગ્રંથના અંતે આપેલ છે. તે જોતાં જ સંસ્થાની પ્રકાશન પ્રવૃત્તિનું મહત્ત્વ જણાઈ આવશે.

ભગવાન મહાવીરની ૨૬મી જન્મ-શતાબ્દી પ્રસંગે પૂજય આચાર્ય ભગવંતોએ જૈન ધર્મના વિશ્વકોશ જેવા કોઈ અત્યંત મહત્ત્વપૂર્ણ સાહિત્યના પ્રકાશનની અભિલાષા વ્યક્ત કરી. તે સમયે જૈન વિશ્વકોશના પ્રકાશન અંગે ભારતમાં અને ભારત બહાર કેટલીક યોજનાઓ બની, અમે તેમાં સહકાર આપવા નિર્ણય કર્યો. પરંતુ વાત આગળ વધી નહીં. જૈન વિશ્વકોશની આવી જ એક મિટીંગ વખતે જાણીતા જૈન વિદ્વાન ડૉ. નગીનભાઈ શાહે સૂચન કર્યુ કે જૈન વિશ્વકોશ હાલ કરી શકાય કે નહીં પરંતુ એક મોટું કાર્ય— જૈન સાહિત્યના બૃહદ્ ઇતિહાસનું— કરવા જેવું છે. શ્રી પાર્શ્વનાથ જૈન શોધ સંસ્થાન, વારાણસી દ્વારા ઇ.સ. ૧૯૬૬ થી ૧૯૮૧ દરમ્યાન હિન્દી ભાષામાં ૭ ભાગમાં લખાયેલ **"જૈન સાહિત્ય કા બૃહદ્ ઇતિહાસ"** ના ગુજરાતી અનુવાદનું પ્રકાશન કરવાની તેમણે સૂચના કરી. મિટીંગમાં હાજર રહેલા શ્રી પાર્શ્વનાથ જૈન શોધ સંસ્થાનના પૂર્વનિયામક ડૉ. સાગરમલજી જૈને તરત જ આ કાર્ય કરવાની અનુમતિ આપી.

પૂજય આચાર્ય ભગવંતો સાથે આ અંગે વાત કરતાં તેઓએ અત્યંત પ્રસન્નતાપૂર્વક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ કાર્ય તત્કાળ હાથ ધરવા સૂચના કરી. સંસ્થાએ અનુવાદની યોજના બનાવી, ગુજરાતી આવૃત્તિના સંપાદન-અનુવાદનનું કાર્ય દર્શનશાસ્ત્રના પ્રકાંડ વિદ્વાન અને લા.દ.ભારતીય વિદ્યામંદિરના પૂર્વનિયામક ડૉ. નગીનભાઈ શાહ તથા પ્રાકૃત ભાષા-સાહિત્યના જાણીતા વિદ્વાન અને ગુજરાત યુનિવર્સિટીના પ્રાકૃત-પાલિ વિભાગના પૂર્વ-અધ્યક્ષ ડૉ. રમણીકભાઈ શાહને સોંપ્યુ.

આ રીતે પૂજ્ય આચાર્ય ભગવંતોના આશીર્વાદથી જૈન સાહિત્યના બૃહદ્ ઇતિહાસના ૭ ભાગોના અનુવાદનું કાર્ય ચાલુ થયું. ભાગ ૧, ૨, ૪ અને ૬ના ગુજરાતી અનુવાદ-ગ્રંથો ઉપરાંત પ્રમાણમીમાંસા તથા જૈન ધર્મ-દર્શન પ્રસિદ્ધ થઈ ચૂક્યા છે. આ સાથે ભાગ-૩ "આગમિક વ્યાખ્યાઓ" પ્રકાશિત થઈ રહ્યો છે. બાકીના ભાગો પણ ટૂંક સમયમાં જ પ્રકાશિત થશે. વળી આ બધા ભાગોનો અંગ્રેજી અનુવાદ પણ પ્રકાશિત કરવાની અમારી ભાવના છે.

અમને અત્યંત ખેદ છે કે આ પ્રકાશન કાર્ય પૂર્ણ થાય તે દરમ્યાન પ.પૂ. આચાર્યશ્રી વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી મ.સા. તથા પ.પૂ. આચાર્યશ્રી વિજય અશોકચંદ્રસૂરીશ્વરજી મ.સા.કાળધર્મ પામ્યા. બંને આચાર્ય ભગવંતો આજ આપણી સામે સદેહે બિરાજમાન નથી પરંતુ તેમની પ્રેમાળ પ્રેરણા ભરી સ્મૃતિ આપણી પાસે છે અને તેના સહારે પ.પૂ. આચાર્યશ્રી વિજય સોમચંદ્રસૂરીશ્વર મ.સા.ની રાહબરી તળે તેમણે સોંપેલુ કાર્ય આપણે પૂરું કરીશું.

પ્રસ્તુત ભાગ-૩ના અનુવાદ માટે અમે ડૉ. રમણીકભાઈ શાહનો આભાર માનીએ છીએ.

શ્રી પાર્શ્વનાથ શોધ સંસ્થાન, વારાણસી તથા તેના પૂર્વનિયામક ડૉ. સાગરમલજી જૈનનો અનુવાદનું પ્રકાશન કરવાની પરવાનગી આપવા માટે આભાર માનીએ છીએ.

ભાગ-૩ના પ્રકાશનમાં આર્થિક સહયોગ આપવા બદલ પાર્શ્વનાથ શ્વે. મૂ. સંઘ, ઘાટકોપર, મુંબઈ તથા પ્રીન્સેસ સ્ટ્રીટ લુહાર ચાલ જૈન સંઘ, મુંબઈનો આભાર માનીએ છીએ.

ઉત્તમ છાપકામ માટે લેસર ઇમ્પ્રેશન્સવાળા શ્રી મયંક શાહ તથા માણિભદ્ર પ્રિન્ટર્સવાળા શ્રી કનુભાઈ ભાવસાર અને સુંદર સચિત્ર ટાઈટલ ડિઝાઈન માટે કીંગ ઇમેજ પ્રા. લી.ના ડાયરેક્ટર શ્રી જીવણભાઈ વડોદરિયાનો આભાર માનીએ છીએ.

તા. ૧-૬-૨૦૦૭ —અનિલભાઈ ગાંધી, મેનેજીંગ ટ્રસ્ટી,
અમદાવાદ શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન ટ્રસ્ટ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંપાદકીય

(ગુજરાતી આવૃત્તિ)

ભગવાન મહાવીરનો ૨૬મી જન્મ શતાબ્દીના ઉપલક્ષમાં શાસન સમ્રાટ્ શ્રીનેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરીશ્વરજી મ.સા.ના પટ્ટધર પ.પૂ આચાર્ય ભગવંત શ્રી વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી મ.સા., પ.પૂ. આચાર્ય શ્રી વિજય અશોકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના ઉપદેશથી સ્થપાયેલી પ્રસિદ્ધ જૈન સંસ્થા શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન ટ્રસ્ટ દ્વારા જૈન સાહિત્ય વિષયક કોઈ વિશિષ્ટ પ્રકાશન કાર્ય હાથ ધરવાની ઇચ્છા સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અનિલભાઈ ગાંધીએ વ્યક્ત કરી ત્યારે અમે તેમને શ્રી પાર્શ્વનાથ જૈન શોધ સંસ્થાન, વારાણસી દ્વારા ઇ.સ. ૧૯૬૬ થી ૧૯૮૧ દરમ્યાન હિન્દી ભાષામાં ૭ ભાગમાં લખાયેલ **"જૈન સાહિત્ય કા બૃહદ્ ઇતિહાસ"** ના ગુજરાતી અનુવાદનું પ્રકાશન કરવાની સૂચના કરી. તેમણે પૂજ્ય આચાર્યશ્રી સાથે મંત્રણા કરી અનુવાદની યોજના બનાવી, ગુજરાતી આવૃત્તિના સંપાદન-અનુવાદનનું કાર્ય અમને સોંપ્યુ.

પાર્શ્વનાથ વિદ્યાશ્રમ ગ્રંથમાલા (ક્રમાંક ૬, ૭, ૧૧, ૧૨, ૧૪, ૨૦, ૨૪)માં સાત ભાગમાં પ્રકાશિત થયેલ "જૈન સાહિત્ય કા બૃહદ્ ઇતિહાસ"ના માનદ્ સંપાદકો પં. દલસુખભાઈ માલવાણિયા અને ડૉ. મોહન લાલ મેહતા હતા. તેની બીજી આવૃત્તિ ઇ. સ. ૧૯૮૯ થી ૧૯૯૮ દરમ્યાન પ્રકાશિત થઈ હતી. તેના સંપાદક ડૉ. સાગરમલ જૈન હતા. ઉપરોક્ત ૭ ભાગોનો સંક્ષિપ્ત પરીચય અમે પ્રથમ ભાગમાં આપ્યો છે.

ભાગ-૧, ૨, ૪ અને ૬નો ગુજરાતી અનુવાદ પ્રકાશિત થઈ ચૂક્યો છે. આ ઉપરાંત આ જ શ્રેણીમાં પ્રમાણમીમાંસા તથા જૈન ધર્મ-દર્શન પણ પ્રકાશિત થઈ ચૂક્યા છે. પ્રસ્તુત ભાગ ૩ "આગમિક વ્યાખ્યાઓ"નો અનુવાદ ડૉ. રમણીક શાહે કરેલ છે. આ ભાગના મૂળ લેખક ડૉ. મોહનલાલ મેહતા હતા. આ મહાનુભાવનું ઋણ સ્વીકારી તેમના પ્રત્યે સાદર કૃતજ્ઞતા જ્ઞાપિત કરીએ છીએ.

આધુનિક ભારતીય સાહિત્યમાં સન્માનપૂર્ણ સ્થાન પ્રાપ્ત કરનાર પ્રસ્તુત ગ્રંથરાજનો ગુજરાતી અનુવાદ ગુજરાતના વિશાળ જૈન અને જૈનેતર સમાજને જૈન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાહિત્યનો સર્વાંગપૂર્ણ પરિચય આપવા સમર્થ છે.

આવા મહત્ત્વપૂર્ણ અને બૃહત્કાય ગ્રંથનું પ્રકાશન હાથ ધરવા માટે પ્રેરક આચાર્ય ભગવંત શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મ.સા. તથા પ.પૂ. આચાર્યશ્રી વિજય-અશોકચંદ્રસૂરીશ્વરજી મ.સા.નો જૈન સમાજ સદાકાળ ઋણી રહેશે. બંને આચાર્ય ભગવંતો કાળધર્મ પામતાં ટૂંકા સમય માટે પ્રકાશન કાર્ય વિલંબમાં પડ્યુ હતુ પરંતુ પ.પૂ. આચાર્યશ્રી વિજય સોમચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની પાવક પ્રેરણા અને નિશ્રામાં બાકી રહેલ ગ્રંથોનું પ્રકાશન શીઘ્ર કરી શકાશે. પ.પૂ.આચાર્યશ્રી વિજય સોમચંદ્રસૂરીશ્વરજીના અમે આ બદલ ઋણી છીએ.

શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન ટ્રસ્ટના ટ્રસ્ટીગણનો અને પ્રકાશન કાર્ય અંગેની સઘળી વ્યવસ્થા કાળજીપૂર્વક ગોઠવી આપનાર મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અનિલભાઈ ગાંધીનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

અમદાવાદ
તા. ૧-૬-૨૦૦૭

નગીન શાહ
રમણીક શાહ
(ગુજરાતી આવૃત્તિના માનદ સંપાદકો)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રસ્તુત પુસ્તકમાં

પ્રાસ્તાવિક ૧-૫૫

નિર્યુક્તિઓ

૧. નિર્યુક્તિઓ અને નિર્યુક્તિકાર ૫૬
૨. આવશ્યકનિર્યુક્તિ ૬૪
૩. દશવૈકાલિકનિર્યુક્તિ ૮૮
૪. ઉત્તરાધ્યયનનિર્યુક્તિ ૯૬
૫. આચારાંગનિર્યુક્તિ ૧૦૧
૬. સૂત્રકૃતાંગનિર્યુક્તિ ૧૦૯
૭. દશાશ્રુતસ્કંધનિર્યુક્તિ ૧૧૦
૮. બૃહત્કલ્પનિર્યુક્તિ ૧૧૩
૯. વ્યવહારનિર્યુક્તિ ૧૧૫
૧૦.અન્ય નિર્યુક્તિઓ ૧૧૬

ભાષ્ય

૧. ભાષ્ય અને ભાષ્યકાર ૧૧૭
૨. વિશેષાવશ્યકભાષ્ય ૧૨૬
૩. જીતકલ્પભાષ્ય ૧૮૬
૪. બૃહત્કલ્પ-લઘુભાષ્ય ૧૯૬
૫. વ્યવહારભાષ્ય ૨૩૩
૬. ઓઘનિર્યુક્તિ-લઘુભાષ્ય ૨૫૨
૭. ઓઘનિર્યુક્તિ-બૃહદ્ભાષ્ય ૨૫૪
૮. પિણ્ડનિર્યુક્તિ-ભાષ્ય ૨૫૫
૯. પંચકલ્પ-મહાભાષ્ય ૨૫૬
૧૦. બૃહત્કલ્પ-બૃહદ્ભાષ્ય ૨૬૩

ચૂર્ણિઓ

૧. ચૂર્ણિઓ અને ચૂર્ણિકાર ૨૬૬
૨. નન્દીચૂર્ણિ ૨૭૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩. અનુયોગદ્વારચૂર્ણિ ૨૭૩
૪. આવશ્યકચૂર્ણિ ૨૭૪
૫. દશવૈકાલિકચૂર્ણિ (જિનદાસગણિકૃત) ૨૮૩
૬. ઉત્તરાધ્યયનચૂર્ણિ ૨૮૫
૭. આચારાંગચૂર્ણિ ૨૮૭
૮. સૂત્રકૃતાંગચૂર્ણિ ૨૮૯
૯. જીતકલ્પ-બૃહચ્ચૂર્ણિ ૨૯૧
૧૦. દશવૈકાલિકચૂર્ણિ (અગસ્ત્યસિંહકૃત) ૨૯૩
૧૧. નિશીથ-વિશેષચૂર્ણિ ૨૯૮
૧૨. દશાશ્રુતસ્કંધચૂર્ણિ ૩૨૧
૧૩. બૃહત્કલ્પચૂર્ણિ ૩૨૩

ટીકાઓ

૧. ટીકાઓ અને ટીકાકાર ૩૨૫
૨. જિનભદ્રકૃત વિશેષાવશ્યકભાષ્ય-સ્વોપજ્ઞવૃત્તિ ૩૨૭
૩. હરિભદ્રકૃત વૃત્તિઓ ૩૩૧
૪. કોટ્યાચાર્યકૃત વિશેષાવશ્યકભાષ્ય-વિવરણ ૩૪૯
૫. ગન્ધહસ્તિકૃત શસ્ત્રપરિજ્ઞા-વિવરણ ૩૫૧
૬. શીલાંકકૃત વિવરણ ૩૫૨
૭. શાંતિસૂરિકૃત ઉત્તરાધ્યયનટીકા ૩૫૮
૮. દ્રોણસૂરિકૃત ઓઘનિર્યુક્તિ-વૃત્તિ ૩૬૪
૯. અભયદેવવિહિત વૃત્તિઓ ૩૬૬
૧૦. મલયગિરિવિહિત વૃત્તિઓ ૩૮૫
૧૧. મલધારી હેમચંદ્રકૃત ટીકાઓ ૪૦૯
૧૨. નેમિચંદ્રવિહિત ઉત્તરાધ્યયન-વૃત્તિ ૪૧૫
૧૩. શ્રીચંદ્રસૂરિવિહિત વ્યાખ્યાઓ ૪૧૭
૧૪. અન્ય ટીકાઓ ૪૨૦
૧૫. લોકભાષાઓમાં વિરચિત વ્યાખ્યાઓ ૪૩૫
શબ્દાનુક્રમણિકા ૪૪૧
સહાયક ગ્રન્થોની સૂચી ૫૦૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાસ્તાવિક

નિર્યુક્તિઓ

નિર્યુક્તિકાર ભદ્રબાહુ
આવશ્યકનિર્યુક્તિ
દશવૈકાલિકનિર્યુક્તિ
ઉત્તરાધ્યયનનિર્યુક્તિ
આચારાંગનિર્યુક્તિ
સૂત્રકૃતાંગનિર્યુક્તિ
દશાશ્રુતસ્કન્ધનિર્યુક્તિ
બૃહત્કલ્પનિર્યુક્તિ
વ્યવહારનિર્યુક્તિ

ભાષ્ય

ભાષ્યકાર
વિશેષાવશ્યકભાષ્ય
જીતકલ્પભાષ્ય
બૃહત્કલ્પ-લઘુભાષ્ય
બૃહત્કલ્પ-બૃહદ્ભાષ્ય
વ્યવહારભાષ્ય
ઓઘનિર્યુક્તિ-ભાષ્ય
પિણ્ડનિર્યુક્તિ-ભાષ્ય
પંચકલ્પ-મહાભાષ્ય

ચૂર્ણિઓ

ચૂર્ણિકાર
નન્દીચૂર્ણિ
અનુયોગદ્વારચૂર્ણિ
આવશ્યકચૂર્ણિ
દશવૈકાલિકચૂર્ણિ (જિનદાસકૃત)
ઉત્તરાધ્યયનચૂર્ણિ
આચારાંગચૂર્ણિ
સૂત્રકૃતાંગચૂર્ણિ
જીતકલ્પ-બૃહચ્ચૂર્ણિ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દશવૈકાલિકચૂર્ણિ (અગત્સ્યસિંહકૃત)
નિશીથ-વિશેષચૂર્ણિ
દશાશ્રુતસ્કન્ધચૂર્ણિ
બૃહત્કલ્પચૂર્ણિ

ટીકાઓ અને ટીકાકાર

જિનભદ્રકૃત વિશેષાવશ્યકભાષ્ય-સ્વોપજ્ઞવૃત્તિ
હરિભદ્રસૂરિકૃત ટીકાઓ
નન્દીવૃત્તિ
અનુયોગદ્વારટીકા
દશવૈકાલિકવૃત્તિ
પ્રજ્ઞાપના-પ્રદેશવ્યાખ્યા
આવશ્યકવૃત્તિ
કોટ્યાચાર્યવિહિત વિશેષાવશ્યકભાષ્ય-વિવરણ
આચાર્ય ગંધહસ્તિકૃત શસ્ત્રપરિજ્ઞાવિવરણ
શીલાંકાચાર્યકૃત ટીકાઓ
આચારાંગવિવરણ
સૂત્રકૃતાંગવિવરણ
વાદિવેતાલ શાન્તિસૂરિકૃત ઉત્તરાધ્યયનટીકા
દ્રોણસૂરિવિહિત ઓઘનિર્યુક્તિ-વૃત્તિ
અભયદેવસૂરિકૃત ટીકાઓ
સ્થાનાંગવૃત્તિ
સમવાયાંગવૃત્તિ
વ્યાખ્યાપ્રજ્ઞપ્તિવૃત્તિ
જ્ઞાતાધર્મકથાવિવરણ
ઉપાસકદશાંગવૃત્તિ
અન્તકૃદ્દશાવૃત્તિ
અનુત્તરૌપપાતિકદશાવૃત્તિ
પ્રશ્નવ્યાકરણવૃત્તિ
વિપાકવૃત્તિ
ઔપપાતિકવૃત્તિ
મલયગિરિસૂરિકૃત ટીકાઓ
નન્દીવૃત્તિ
પ્રજ્ઞાપનાવૃત્તિ
સૂર્યપ્રજ્ઞપ્તિવિવરણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જયોતિષ્કરણ્ડવૃત્તિ
જીવાભિગમવિવરણ
વ્યવહારવિવરણ
રાજપ્રશ્નીયવિવરણ
પિણ્ડનિર્યુક્તિ-વૃત્તિ
આવશ્યકવિવરણ
બૃહત્કલ્પ-પીઠિકાવૃત્તિ
મલધારી હેમચન્દ્રસૂરિકૃત ટીકાઓ
આવશ્યકટિપ્પણ
અનુયોગદ્વારવૃત્તિ
વિશેષાવશ્યકભાષ્ય-બૃહદ્વૃત્તિ
નેમિચન્દ્રસૂરિકૃત ઉત્તરાધ્યયનવૃત્તિ
શ્રીચન્દ્રસૂરિકૃત ટીકાઓ
નિશીથચૂર્ણિ-દુર્ગપદવ્યાખ્યા
નિરયાવલિકાવૃત્તિ
જીતકલ્પબૃહચ્ચૂર્ણિ-વિષમપદવ્યાખ્યા
આચાર્ય ક્ષેમકીર્તિકૃત બૃહત્કલ્પવૃત્તિ
માણિક્યશેખરસૂરિકૃત આવશ્યકનિર્યુક્તિ-દીપિકા
અજિતદેવસૂરિકૃત આચારાંગદીપિકા
વિજયવિમલગણિવિહિત ગચ્છાચારવૃત્તિ
વિજયવિમલગણિવિહિત તન્દુલવૈચારિકવૃત્તિ
વાનરર્ષિકૃત ગચ્છાચારટીકા
ભાવવિજયગણિકૃત ઉત્તરાધ્યયનવ્યાખ્યા
સમયસુન્દરસૂરિસંદબ્ધ દશવૈકાલિકદીપિકા
જ્ઞાનવિમલસૂરિગ્રથિત પ્રશ્નવ્યાકરણ-સુખબોધિકાવૃત્તિ
લક્ષ્મીવલ્લભગણિવિરચિત ઉત્તરાધ્યયનદીપિકા
દાનશેખરસૂરિસંકલિત ભગવતી-વિશેષપદવ્યાખ્યા
સંઘવિજયગણિકૃત કલ્પસૂત્ર-કલ્પપ્રદીપિકા
વિનયવિજયોપાધ્યાયવિહિત કલ્પસૂત્ર-સુબોધિકા
સમયસુન્દરગણિવિરચિત કલ્પસૂત્ર-કલ્પલતા
શાન્તિસાગરગણિવિદબ્ધ કલ્પસૂત્ર-કલ્પકૌમુદી
પૃથ્વીચન્દ્રસૂરિપ્રણીત કલ્પસૂત્ર-ટિપ્પણક

લોકભાષાઓમાં નિર્મિત વ્યાખ્યાઓ

આગમિક વ્યાખ્યાઓમાં સામગ્રી-વૈવિધ્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચારશાસ્ત્ર
દર્શનશાસ્ત્ર
જ્ઞાનવાદ
પ્રમાણશાસ્ત્ર
કર્મવાદ
મનોવિજ્ઞાન અને યોગશાસ્ત્ર
કામવિજ્ઞાન
સમાજશાસ્ત્ર
નાગરિકશાસ્ત્ર
ભૂગોળ
રાજનીતિ
ઐતિહાસિક ચરિત્ર
સંસ્કૃતિ અને સભ્યતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાસ્તાવિક

મૂળ ગ્રંથના રહસ્યોદ્‌ઘાટન માટે તેની વિવિધ વ્યાખ્યાઓનું અધ્યયન અનિવાર્ય નથી તો પણ આવશ્યક તો છે જ. જ્યાં સુધી કોઈ ગ્રંથની પ્રામાણિક વ્યાખ્યાનું સૂક્ષ્મ અવલોકન ન કરવાનાં આવે ત્યાં સુધી તે ગ્રંથમાં રહેલી અનેક મહત્ત્વપૂર્ણ વાતો અજ્ઞાત જ રહી જાય છે. આ સિદ્ધાંત જેટલો વર્તમાનકાલીન મૌલિક ગ્રંથો પર લાગુ પડે છે તેનાથી કેટલાય ગણો વધારે પ્રાચીન ભારતીય સાહિત્ય પર લાગુ પડે છે. મૂળગ્રંથના રહસ્યનું ઉદ્‌ઘાટન કરવા માટે તેના પર વ્યાખ્યાત્મક સાહિત્યનું નિર્માણ કરવાની ભારતીય ગ્રંથકારોની બહુ જૂની પરંપરા છે. આ પ્રકારના સાહિત્યથી બે પ્રયોજન સિદ્ધ થાય છે. વ્યાખ્યાકારને પોતાની લેખિનીથી ગ્રંથકારના અભીષ્ટ અર્થનું વિશ્લેષણ કરવામાં અસીમ આત્મોલ્લાસ થાય છે તથા ક્યાંક-ક્યાંક તેને પોતાની માન્યતા પ્રસ્તુત કરવાનો અવસર પણ મળે છે. બીજી તરફ પાઠકને ગ્રંથના ગૂઢાર્થ સુધી પહોંચવા માટે અનાવશ્યક શ્રમ નથી કરવો પડતો. આ રીતે વ્યાખ્યાકારનો પરિશ્રમ સ્વ-પર બંને માટે ઉપયોગી સિદ્ધ થાય છે. વ્યાખ્યાકારની આત્મતુષ્ટિની સાથે સાથે જિજ્ઞાસુઓની તૃષા પણ શાંત થાય છે. આ જ પવિત્ર ભાવનાથી ભારતીય વ્યાખ્યાગ્રંથોનું નિર્માણ થયું છે. જૈન વ્યાખ્યાકારોનાં હૃદય પણ આ જ ભાવનાથી ભાવિત રહ્યાં છે.

પ્રાચીનતમ જૈન વ્યાખ્યાત્મક સાહિત્યમાં આગમિક વ્યાખ્યાઓનું અતિ મહત્ત્વપૂર્ણ સ્થાન છે. આ વ્યાખ્યાઓને આપણે પાંચ કોટિઓમાં વિભક્ત કરીએ છીએ : ૧. નિર્યુક્તિઓ (નિજ્જુત્તિ), ૨. ભાષ્ય (ભાસ), ૩. ચૂર્ણિઓ (ચુણ્ણિ), ૪. સંસ્કૃત ટીકાઓ અને ૫. લોકભાષાઓમાં રચિત વ્યાખ્યાઓ. આગમોના વિષયોનો સંક્ષેપમાં પરિચય આપનારી સંગ્રહણીઓ પણ ઘણી પ્રાચીન છે. પંચકલ્પમહાભાષ્યના ઉલ્લેખાનુસાર સંગ્રહણીઓની રચના આર્ય કાલકે કરી છે. પાક્ષિકસૂત્રમાં પણ નિર્યુક્તિ તથા સંગ્રહણીનો ઉલ્લેખ છે.

નિર્યુક્તિઓ :

નિર્યુક્તિઓ અને ભાષ્ય જૈન આગમોની પદ્યબદ્ધ ટીકાઓ છે. આ બંને પ્રકારની ટીકાઓ પ્રાકૃતમાં છે. નિર્યુક્તિઓમાં મૂળ ગ્રન્થના પ્રત્યેક પદનું વ્યાખ્યાન ન કરતાં વિશેષ રૂપે પારિભાષિક શબ્દોનું જ વ્યાખ્યાન કરવામાં આવ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપલબ્ધ નિર્યુક્તિઓના કર્તા આચાર્ય ભદ્રબાહુ (દ્વિતીય)એ નિમ્નોક્ત આગમગ્રંથો પર નિર્યુક્તિઓ રચી છે : ૧. આવશ્યક, ૨. દશવૈકાલિક, ૩. ઉત્તરાધ્યયન, ૪. આચારાંગ, ૫. સૂત્રકૃતાંગ, ૬. દશાશ્રુતસ્કન્ધ, ૭. બૃહત્કલ્પ, ૮. વ્યવહાર, ૯. સૂર્યપ્રજ્ઞપ્તિ, ૧૦. ઋષિભાષિત. આ દસ નિર્યુક્તિઓમાંથી સૂર્યપ્રજ્ઞપ્તિ અને ઋષિભાષિતની નિર્યુક્તિઓ અનુપલબ્ધ છે. ઓઘનિર્યુક્તિ, પિંડનિર્યુક્તિ, પંચકલ્પનિર્યુક્તિ અને નિશીથનિર્યુક્તિ ક્રમશઃ આવશ્યકનિર્યુક્તિ, દશવૈકાલિકનિર્યુક્તિ, બૃહત્કલ્પનિર્યુક્તિ અને આચારાંગનિર્યુક્તિની પૂરક છે. સંસક્તનિર્યુક્તિ ઘણી પાછળની કોઈની રચના છે. ગોવિન્દાચાર્યરચિત એક અન્ય નિર્યુક્તિ (ગોવિન્દનિર્યુક્તિ) અનુપલબ્ધ છે.

નિર્યુક્તિઓની વ્યાખ્યાન-શૈલી નિક્ષેપ-પદ્ધતિ રૂપે પ્રસિદ્ધ છે. આ વ્યાખ્યા-પદ્ધતિ બહુ પ્રાચીન છે. આનાં અનુયોગદ્વાર વગેરેમાં દર્શન થાય છે. આ પદ્ધતિમાં કોઈ એક પદના સંભાવિત અનેક અર્થ કર્યા પછી તેમાંથી અપ્રસ્તુત અર્થોનો નિષેધ કરીને પ્રસ્તુત અર્થ ગ્રહણ કરવામાં આવે છે. જૈન ન્યાયશાસ્ત્રમાં આ પદ્ધતિનું ઘણું મહત્ત્વ છે. નિર્યુક્તિકાર ભદ્રબાહુએ નિર્યુક્તિનું પ્રયોજન બતાવતાં આ પદ્ધતિને નિર્યુક્તિ માટે ઉપયુક્ત બતાવી છે. બીજા શબ્દોમાં નિક્ષેપ-પદ્ધતિના આધારે કરવામાં આવતા શબ્દાર્થના નિર્ણય—નિશ્ચયનું નામ જ નિર્યુક્તિ છે : ભદ્રબાહુએ આવશ્યક-નિર્યુક્તિ (ગા. ૮૮)માં સ્પષ્ટ કહ્યું છે કે એક શબ્દના અનેક અર્થ થાય છે પરંતુ કયો અર્થ કયા પ્રસંગ માટે ઉપયુક્ત હોય છે, ભગવાન મહાવીરના ઉપદેશ સમયે કયો અર્થ કયા શબ્દ સાથે સમ્બદ્ધ રહ્યો છે, વગેરે વાતોને ધ્યાનમાં રાખીને સમ્યક્ રૂપે અર્થનિર્ણય કરવો અને તે અર્થનો મૂળ-સૂત્રના શબ્દો સાથે સમ્બન્ધ સ્થાપિત કરવો — આ જ નિર્યુક્તિનું પ્રયોજન છે.

આચાર્ય ભદ્રબાહુકૃત દસ નિર્યુક્તિઓનો રચનાક્રમ જે ક્રમથી ઉપરના દસ ગ્રંથોના નામ આપવામાં આવ્યાં છે તે જ છે. આચાર્યે પોતાની સર્વપ્રથમ કૃતિ આવશ્યક-નિર્યુક્તિ (ગા. ૮૫-૬)માં નિર્યુક્તિ-રચનાનો સંકલ્પ કરતી વખતે આ જ ક્રમે ગ્રંથોની નામાવલી આપી છે. નિર્યુક્તિઓમાં ઉલ્લિખિત એક-બીજી નિર્યુક્તિનાં નામ વગેરેના અધ્યયનથી પણ આ તથ્ય પ્રતિપાદિત થાય છે.

નિર્યુક્તિકાર ભદ્રબાહુ :

નિર્યુક્તિકાર આચાર્ય ભદ્રબાહુ, છેદસૂત્રકાર ચતુર્દશ-પૂર્વધર આચાર્ય ભદ્રબાહુથી ભિન્ન છે. નિર્યુક્તિકાર ભદ્રબાહુએ પોતાની દશાશ્રુતસ્કન્ધનિર્યુક્તિ અને પંચકલ્પ-નિર્યુક્તિના પ્રારંભમાં છેદસૂત્રકાર ભદ્રબાહુને નમસ્કાર કર્યા છે. નિર્યુક્તિકાર ભદ્રબાહુ પ્રસિદ્ધ જ્યોતિર્વિદ્ વરાહમિહિરના ભાઈ હોવાનું માનવામાં આવે છે. તેઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અષ્ટાંગનિમિત્ત તથા મંત્રવિદ્યામાં પારંગત નૈમિત્તિક ભદ્રબાહુ રૂપે પણ પ્રસિદ્ધ છે. ઉપસર્ગહરસ્તોત્ર અને ભદ્રબાહુસંહિતા પણ તેમની જ રચનાઓ છે. વરાહમિહિર વિ. સં. ૫૬૨માં વિદ્યમાન હતા કેમકે 'પંચસિદ્ધાન્તિકા'ના અંતે શક સંવત્ ૪૨૭ અર્થાત્ વિ.સં. ૫૬૨નો ઉલ્લેખ છે. નિર્યુક્તિકાર ભદ્રબાહુનો સમય પણ લગભગ આ જ છે. આથી નિર્યુક્તિઓનો રચનાકાળ વિ.સં.૫૦૦-૬૦૦ની વચ્ચે માનવો યુક્તિયુક્ત છે.

આવશ્યકનિર્યુક્તિ :

આવશ્યકનિર્યુક્તિ આચાર્ય ભદ્રબાહુની સર્વપ્રથમ કૃતિ છે. તે વિષય-વૈવિધ્યની દૃષ્ટિએ અન્ય નિર્યુક્તિઓની અપેક્ષાએ અધિક મહત્ત્વપૂર્ણ છે. તેના પર જિનભદ્ર, જિનદાસગણિ, હરિભદ્ર, કોટ્યાચાર્ય, મલયગિરિ, મલધારી હેમચન્દ્ર, માણિક્યશેખર વગેરે આચાર્યોએ વિવિધ વ્યાખ્યાઓ રચી છે. આવશ્યકનિર્યુક્તિની ગાથાસંખ્યા ભિન્ન-ભિન્ન વ્યાખ્યાઓમાં ભિન્ન-ભિન્ન જોવા મળે છે. કોઈ કોઈ વ્યાખ્યામાં ક્યાંક ક્યાંક જિનભદ્રકૃત વિશેષાવશ્યકભાષ્યની ગાથાઓ નિર્યુક્તિગાથાઓમાં ભળેલી પ્રતીત થાય છે. માણિક્યશેખરકૃત આવશ્યકનિર્યુક્તિદીપિકામાં નિર્યુક્તિની ૧૬૧૫ ગાથાઓ છે. આવશ્યકનિર્યુક્તિ આવશ્યકસૂત્રના સામાયિકાદિ છ અધ્યયનોની સર્વપ્રથમ (પદ્યબદ્ધ પ્રાકૃત) વ્યાખ્યા છે. તેના પ્રારંભમાં ઉપોદ્ઘાત છે જે પ્રસ્તુત નિર્યુક્તિનું બહુ જ મહત્ત્વપૂર્ણ અંગ છે. આ અંશ એક પ્રકારે સમસ્ત નિર્યુક્તિઓની ભૂમિકા છે. તેમાં જ્ઞાનપંચક, સામાયિક, ઋષભદેવ-ચરિત્ર, મહાવીર-ચરિત્ર, ગણધરવાદ, આર્યરક્ષિત-ચરિત્ર, નિહ્નવમત (સપ્ત નિહ્નવ) વગેરેનું સંક્ષિપ્ત વિવેચન કરવામાં આવ્યું છે. ઋષભદેવના જીવનની મહત્ત્વપૂર્ણ ઘટનાઓના વર્ણન સાથે સાથે જ તે યુગ સાથે સંબંધિત આહાર, શિલ્પ, કર્મ, મમતા, વિભૂષણા, લેખન, ગણિત, રૂપ, લક્ષણ, માનદંડ, પોત, વ્યવહાર, નીતિ, યુદ્ધ, ઇષુશાસ્ત્ર, ઉપાસના, ચિકિત્સા, અર્થશાસ્ત્ર, બંધ, ઘાત, તાડન, યજ્ઞ, ઉત્સવ, સમવાય, મંગલ, કૌતુક, વસ્ત્ર, ગંધ, માલ્ય, અલંકાર, ચૂલા, ઉપનયન, વિવાહ, દત્તિ, મૃતક-પૂજન, ધ્યાપન, સ્તૂપ, શબ્દ, ખેલાપન અને પૃચ્છન — આ ચાલીસ વિષયોનો પણ નિર્દેશ કરવામાં આવ્યો છે. ચોવીસ તીર્થંકરોના ભિક્ષાલાભ-પ્રસંગે નિમ્નલિખિત નગરોનાં નામ આપવામાં આવ્યા છે : હસ્તિનાપુર, અયોધ્યા, શ્રાવસ્તી, સાકેત, વિજયપુર, બ્રહ્મસ્થલ, પાટલિખંડ, પદ્મખંડ, શ્રેયઃપુર, રિષ્ટપુર, સિદ્ધાર્થપુર, મહાપુર, ધાન્યપુર, વર્ધમાન, સોમનસ, મન્દિર, ચક્રપુર, રાજપુર, મિથિલા, રાજગૃહ, વીરપુર, દ્વારવતી, કૂપકટ અને કોલ્લાકગ્રામ. ધર્મચક્રનું વર્ણન કરતાં નિર્યુક્તિકારે બતાવ્યું છે કે બાહુબલિએ પોતાના પિતા ઋષભદેવની સ્મૃતિમાં ધર્મચક્રની સ્થાપના કરી હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપોદ્‌ઘાત પછી નમસ્કાર, ચતુર્વિંશતિસ્તવ, વંદના, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ, પ્રાયશ્ચિત્ત, ધ્યાન, પ્રત્યાખ્યાન વગેરેનું નિક્ષેપ-પદ્ધતિએ વ્યાખ્યાન કરવામાં આવ્યું છે. નમસ્કાર-પ્રકરણમાં અર્હત્, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુનાં સ્વરૂપનો પણ વિચાર કરવામાં આવ્યો છે. પ્રતિક્રમણ-પ્રકરણમાં નાગદત્ત, મહાગિરિ, સ્થૂલભદ્ર, ધર્મઘોષ, સુરેન્દ્રદત્ત, ધન્વન્તરી વૈદ્ય, કરકંડુ, પુષ્પભૂતિ વગેરે અનેક ઐતિહાસિક પુરુષોનાં ઉદાહરણ પણ આપવામાં આવ્યાં છે.

દશવૈકાલિકનિર્યુક્તિ :

દશવૈકાલિકનિર્યુક્તિમાં દસ, એક, કાળ, ઓઘ, દ્રુમ, પુષ્પ, ધર્મ, મંગલ, અહિંસા, સંયમ, તપ, હેતુ, ઉદાહરણ, વિહંગમ, શ્રમણ, પૂર્વ, કામ, પદ, ક્ષુલ્લક, મહત્, આચાર, કથા, જીવ, નિકાય, શસ્ત્ર, પિંડ, એષણા, ધાન્ય, રત્ન, સ્થાવર, દ્વિપદ ચતુષ્પદ, વાક્ય, શુદ્ધિ, પ્રણિધિ, વિનય, સકાર, ભિક્ષુ, ચૂલિકા, રતિ વગેરે પદોનું નિક્ષેપપૂર્વક વ્યાખ્યાન કરવામાં આવ્યું છે. હેતુ અને દૃષ્ટાન્તના સ્વરૂપનું વિવેચન કરતાં નિર્યુક્તિકારે અનુમાનના નિમ્નોક્ત અવયવોનો નિર્દેશ કર્યો છે : ૧. પ્રતિજ્ઞા, ૨. વિભક્તિ, ૩. હેતુ, ૪. વિભક્તિ, ૫. વિપક્ષ, ૬. પ્રતિષેધ, ૭. દૃષ્ટાન્ત, ૮. આશંકા, ૯. તત્પ્રતિષેધ, ૧૦. નિગમન. ધાન્ય તથા રત્નનું વ્યાખ્યાન કરતાં પ્રત્યેકની ચાલીસ જાતિઓ બતાવી છે. ધાન્યની જાતિઓ આ પ્રમાણે છે : ૧. યવ, ૨. ગોધૂમ, ૩. શાલિ, ૪. વ્રીહિ, ૫. ષષ્ટિક, ૬. કોદ્રવ, ૭. અણુક, ૮. કંગુ, ૯. રાલગ, ૧૦. તિલ, ૧૧. મુદ્‌ગ, ૧૨. માષ, ૧૩. અતસી, ૧૪. હરિમંથ, ૧૫. ત્રિપુટક, ૧૬. નિષ્પાવ, ૧૭. સિલિંદ, ૧૮. રાજમાષ, ૧૯. ઇક્ષુ, ૨૦. મસૂર, ૨૧. તુવરી, ૨૨. કુલત્થ, ૨૩. ધાન્યક, ૨૪. કલાયા. રત્નની ચોવીસ જાતિઓ આ છે : ૧. સુવર્ણ, ૨. ત્રપુ, ૩. તામ્ર, ૪. રજત, ૫. લોહ, ૬. સીસક, ૭. હિરણ્ય, ૮. પાષાણ, ૯. વજ્ર, ૧૦. મણિ, ૧૧. મૌક્તિક, ૧૨. પ્રવાલ, ૧૩. શંખ, ૧૪. તિનિશ, ૧૫. અગરુ, ૧૬. ચંદન, ૧૭. વસ્ત્ર, ૧૮. અમિલ, ૧૯. કાષ્ઠ, ૨૦. ચર્મ, ૨૧. દંત, ૨૨. વાલ, ૨૩. ગંધ, ૨૪. દ્રવ્યૌષધ. ચતુષ્પદ પ્રાણીઓના દસ ભેદ આચાર્યે બતાવ્યા છે : ૧. ગો, ૨. મહિષી, ૩. ઉષ્ટ્ર, ૪. અજ, ૫. એડક, ૬. અશ્વ, ૭. અશ્વતર, ૮. ઘોટક, ૯. ગર્દભ, ૧૦. હસ્તી. કામ બે પ્રકારનો છે : સંપ્રાપ્ત અને અસંપ્રાપ્ત. નિર્યુક્તિકારે સંપ્રાપ્તકામના ચૌદ તથા અસંપ્રાપ્તકામના દસ ભેદ કહ્યા છે. સંપ્રાપ્તકામનાં ચૌદ ભેદ આ છે : ૧. દૃષ્ટિસંપાત, ૨. સંભાષણ, ૩. હસિત, ૪. લલિત, ૫. ઉપગૂહિત, ૬. દંતનિપાત, ૭. નખનિપાત, ૮. ચુંબન, ૯. આલિંગન, ૧૦. આદાન, ૧૧. કરણ, ૧૨. આસેવન, ૧૩. સંગ, ૧૪. ક્રીડા. અસંપ્રાપ્તકામ દસ પ્રકારનો છે : ૧. અર્થ, ૨. ચિંતા, ૩. શ્રદ્ધા, ૪. સંસ્મરણ, ૫. વિક્લવતા, ૬. લજ્જાનાશ, ૭. પ્રમાદ, ૮. ઉન્માદ, ૯. તદ્‌ભાવના, ૧૦. મરણ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્તરાધ્યયનનિર્યુક્તિ :

આમાં ઉત્તર, અધ્યયન, શ્રુત, સ્કન્ધ, સંયોગ, ગલિ, આકીર્ણ, પરીષહ, એકક, ચતુષ્ક, અંગ, સંયમ, પ્રમાદ, સંસ્કૃત, કરણ, ઉરભ્ર, કપિલ, નમિ, બહુ, શ્રુત, પૂજા, પ્રવચન, સામ, મોક્ષ, ચરણ, વિધિ, મરણ વગેરે પદોની નિક્ષેપપૂર્વક વ્યાખ્યા કરવામાં આવી છે. યત્ર-તત્ર અનેક શિક્ષાપદ કથાનકો પણ સંકલિત કરવામાં આવ્યાં છે. અંગની નિર્યુક્તિમાં ગંધાંગ, ઔષધાંગ, મદ્યાંગ, આતોદ્યાંગ, શરીરાંગ અને યુદ્ધાંગનું ભેદ-પ્રભેદપૂર્વક વિવેચન કરવામાં આવ્યું છે. મરણની વ્યાખ્યામાં સત્તર પ્રકારના મૃત્યુનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

આચારાંગનિર્યુક્તિ :

આ નિર્યુક્તિમાં આચાર, વર્ણ, વર્ણાન્તર, ચરણ, શસ્ત્ર, પરિજ્ઞા, સંજ્ઞા, દિક્, પૃથ્વી, વધ, અપ્, તેજસ્, વનસ્પતિ, ત્રસ, વાયુ, લોક, વિજય, કર્મ, શીત, ઉષ્ણ, સમ્યક્ત્વ, સાર, ચર, ધૂત—વિધૂનન, વિમોક્ષ, ઉપધાન, શ્રુત, અગ્ર વગેરે શબ્દોનું વ્યાખ્યાન કરવામાં આવેલ છે. પ્રારંભમાં આચારાંગ પ્રથમ અંગ કેમ છે તથા તેનું પરિમાણ કેટલું છે, તે પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. અંતમાં નિર્યુક્તિકારે પંચમ ચૂલિકા નિશીથનું કોઈ વિવેચન ન કરતાં માત્ર તેટલો જ નિર્દેશ કર્યો છે કે તેની નિર્યુક્તિ હું પછી કરીશ. વર્ણ અને વર્ણાન્તરનું પ્રતિપાદન કરતાં આચાર્યે સાત વર્ણો અને નવ વર્ણાન્તરોનો ઉલ્લેખ કર્યો છે. એક મનુષ્ય જાતિના સાત વર્ણો આ છે : ૧. ક્ષત્રિય, ૨. શૂદ્ર, ૩. વૈશ્ય, ૪. બ્રાહ્મણ, ૫. સંકરક્ષત્રિય, ૬. સંકરવૈશ્ય, ૭. સંકરશૂદ્ર. સંકરબ્રાહ્મણ નામનો કોઈ વર્ણ નથી. નવ વર્ણાન્તરો આ મુજબ છે : ૧. અંબષ્ઠ, ૨. ઉગ્ર, ૩. નિષાદ, ૪. અયોગવ, ૫. માગધ, ૬. સૂત, ૭. ક્ષત્ત, ૮. વિદેહ, ૯. ચાણ્ડાલ.

સૂત્રકૃતાંગનિર્યુક્તિ :

આમાં આચાર્યે સૂત્રકૃતાંગ શબ્દનું વિવેચન કરતાં ગાથા, ષોડશ, પુરુષ, વિભક્તિ, સમાધિ, માર્ગ, ગ્રહણ, પુણ્ડરીક, આહાર, પ્રત્યાખ્યાન, સૂત્ર, આર્દ્ર, અલમ્ વગેરે પદોનું નિક્ષેપપૂર્વક વ્યાખ્યાન કર્યું છે. એક ગાથા (૧૧૯)માં નિમ્નોક્ત ૩૬૩ મતાન્તરોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે : ૧૮૦ પ્રકારના ક્રિયાવાદી, ૮૪ પ્રકારના અક્રિયાવાદી, ૬૭ પ્રકારના અજ્ઞાનવાદી અને ૩૨ પ્રકારના વૈનયિક.

દશાશ્રુતસ્કન્ધનિર્યુક્તિ :

પ્રસ્તુત નિર્યુક્તિના પ્રારંભમાં નિર્યુક્તિકાર ભદ્રબાહુએ પ્રાચીન ગોત્રીય, ચરમ સકલશ્રુતજ્ઞાની તથા દશાશ્રુતસ્કન્ધ, બૃહત્કલ્પ અને વ્યવહાર સૂત્રના પ્રણેતા ભદ્રબાહુ સ્વામીને નમસ્કાર કર્યા છે. આમાં સમાધિ, સ્થાન, શબલ, આશાતના, ગણી, સંપદા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચિત્ત, ઉપાસક, પ્રતિમા, પર્યુષણા, મોહ વગેરે પદોનું નિક્ષેપ-પદ્ધતિએ વિવેચન કરવામાં આવ્યું છે. પર્યુષણાના પર્યાયવાચી શબ્દો આ છે : પરિવસના, પર્યુષણા, પર્યુપશમના, વર્ષાવાસ, પ્રથમ સમવસરણ, સ્થાપના, જ્યેષ્ઠગ્રહ.

બૃહત્કલ્પનિર્યુક્તિ :

આ નિર્યુક્તિ ભાષ્યમિશ્રિત અવસ્થામાં ઉપલબ્ધ છે. તેમાં તાલ, પ્રલમ્બ, ગ્રામ, નગર, ખેડ, કર્બટક, મડમ્બ, પત્તન, આકર, દ્રોણમુખ, નિગમ, રાજધાની, આશ્રમ, નિવેશ, સંબાધ, ઘોષ, આર્ય, ઉપાશ્રય, ઉપધિ, ચર્મ, મૈથુન, કલ્પ, અધિકરણ, વચન, કણ્ટક, દુર્ગ વગેરે અનેક મહત્ત્વપૂર્ણ પદોનું વ્યાખ્યાન કરવામાં આવ્યું છે. વચ્ચે વચ્ચે દૃષ્ટાન્તરૂપ કથાનકો પણ ઉદ્ધૃત કરવામાં આવ્યાં છે.

વ્યવહારનિર્યુક્તિ :

આ નિર્યુક્તિ પણ ભાષ્યમાં ભળી ગઈ છે. આમાં સાધુઓના આચાર-વિચાર સંબંધિત અનેક મહત્ત્વપૂર્ણ પદો તથા વિષયોનું સંક્ષિપ્ત વિવેચન છે. એક રીતે બૃહત્કલ્પનિર્યુક્તિ અને વ્યવહારનિર્યુક્તિ પરસ્પર પૂરક છે.

જૈન પરંપરાગત અનેક મહત્ત્વપૂર્ણ પારિભાષિક શબ્દોની સુસ્પષ્ટ વ્યાખ્યા સર્વપ્રથમ આચાર્ય ભદ્રબાહુએ પોતાની આગમિક નિર્યુક્તિઓમાં કરી છે. આ દૃષ્ટિએ નિર્યુક્તિકાર આચાર્ય ભદ્રબાહુનું જૈન સાહિત્યના ઈતિહાસમાં એક વિશિષ્ટ તથા મહત્ત્વપૂર્ણ સ્થાન છે. પાછળના ભાષ્યકારો તથા ટીકાકારોએ પ્રત્યક્ષ અથવા પરોક્ષ રૂપે ઉપર્યુક્ત નિર્યુક્તિઓનો આધાર લઈને પોતાની કૃતિઓનું નિર્માણ કર્યું છે.

ભાષ્ય :

નિર્યુક્તિઓનું મુખ્ય પ્રયોજન પારિભાષિક શબ્દોની વ્યાખ્યાનું રહ્યું છે. આ શબ્દોમાં છુપાયેલ અર્થબાહુલ્યને અભિવ્યક્ત કરવાનું સર્વપ્રથમ શ્રેય ભાષ્યકારોને છે. નિર્યુક્તિઓની જેમ ભાષ્યો પણ પદ્યબદ્ધ પ્રાકૃતમાં છે. કેટલાક ભાષ્યો નિર્યુક્તિઓ પર છે અને કેટલાક ફક્ત મૂળ સૂત્રો પર. નિમ્નોક્ત આગમ ગ્રન્થો પર ભાષ્ય લખવામાં આવેલ છે : ૧. આવશ્યક, ૨. દશવૈકાલિક, ૩. ઉત્તરાધ્યયન, ૪. બૃહત્કલ્પ, ૫. પંચકલ્પ, ૬. વ્યવહાર, ૭. નિશીથ, ૮. જીતકલ્પ, ૯. ઓઘનિર્યુક્તિ, ૧૦. પિણ્ડનિર્યુક્તિ. આવશ્યકસૂત્ર પર ત્રણ ભાષ્ય લખવામાં આવ્યાં. આમાંથી વિશેષાવશ્યકભાષ્ય આવશ્યકસૂત્રના પ્રથમ અધ્યયન સામાયિક ઉપર છે. આમાં ૩૬૦૩ ગાથાઓ છે. દશવૈકાલિકભાષ્યમાં ૬૩ ગાથાઓ છે. ઉત્તરાધ્યયનભાષ્ય પણ બહુ નાનું છે. આમાં ૪૫ ગાથાઓ છે. બૃહત્કલ્પ પર બે ભાષ્ય છે. આમાંથી લઘુભાષ્યમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬૪૯૦ ગાથાઓ છે. પંચકલ્પ-મહાભાષ્યની ગાથાસંખ્યા ૨૫૭૪ છે. વ્યવહારભાષ્યમાં ૪૬૨૯ ગાથાઓ છે. નિશીથભાષ્યમાં લગભગ ૬૫૦૦ ગાથાઓ છે. જીતકલ્પભાષ્યમાં ૨૬૦૬ ગાથાઓ છે. ઓઘનિર્યુક્તિ પર બે ભાષ્ય છે. આમાંથી લઘુભાષ્યમાં ૩૨૨ તથા બૃહદ્‌ભાષ્યમાં ૨૫૧૭ ગાથાઓ છે. પિણ્ડનિર્યુક્તિભાષ્યમાં માત્ર ૪૬ ગાથાઓ છે.

આ વિશાળ પ્રાકૃત ભાષ્ય-સાહિત્યનું જૈન સાહિત્યમાં અને ખાસ કરીને આગમિક સાહિત્યમાં અતિ મહત્ત્વપૂર્ણ સ્થાન છે. પદ્યબદ્ધ હોવાને કારણે તેના મહત્ત્વમાં વિશેષ વૃદ્ધિ થઈ જાય છે.

ભાષ્યકાર :

ભાષ્યકાર રૂપે બે આચાર્ય પ્રસિદ્ધ છે : જિનભદ્રગણિ અને સંઘદાસગણિ. વિશેષાવશ્યકભાષ્ય અને જીતકલ્પભાષ્ય આચાર્ય જિનભદ્રગણિ ક્ષમાશ્રમણની કૃતિઓ છે. બૃહત્કલ્પલઘુભાષ્ય અને પંચકલ્પમહાભાષ્ય સંઘદાસગણિની રચનાઓ છે. આ બે ભાષ્યકારો સિવાય અન્ય કોઈ આગમિક ભાષ્યકારના નામનો કોઈ ઉલ્લેખ ઉપલબ્ધ નથી. એટલું નિશ્ચિત છે કે આ બે ભાષ્યકારો સિવાય ઓછામાં ઓછા બે ભાષ્યકાર તો બીજા થયા જ છે, જેમાંથી એક વ્યવહારભાષ્ય વગેરેના પ્રણેતા અને બીજા બૃહત્કલ્પ-બૃહદ્‌ભાષ્ય વગેરેના રચયિતા છે. વિદ્વાનોના અનુમાન અનુસાર બૃહત્કલ્પ-બૃહદ્‌ભાષ્યના પ્રણેતા બૃહત્કલ્પચૂર્ણિકાર તથા બૃહત્કલ્પ-વિશેષચૂર્ણિકારની પણ પછી થયેલા છે. તેઓ હરિભદ્રસૂરિથી કંઈક પૂર્વવર્તી અથવા સમકાલીન છે. વ્યવહારભાષ્યના પ્રણેતા વિશેષાવશ્યકભાષ્યકાર આચાર્ય જિનભદ્રના પણ પૂર્વવર્તી છે. સંઘદાસગણિ પણ આચાર્ય જિનભદ્રના પૂર્વવર્તી જ છે.

વિશેષાવશ્યકભાષ્યના પ્રણેતા આચાર્ય જિનભદ્રગણિ ક્ષમાશ્રમણનું પોતાની મહત્ત્વપૂર્ણ કૃતિઓના કારણે જૈન સાહિત્યના ઇતિહાસમાં એક વિશિષ્ટ સ્થાન છે. એમ હોવા છતાં પણ તેમના જીવન સંબંધમાં વિશેષ સામગ્રી ઉપલબ્ધ નથી. તેમના જન્મ, શિષ્યત્વ વગેરે વિષયમાં પરસ્પર વિરોધી ઉલ્લેખો મળે છે. તેમના સંબંધમાં એક આશ્ચર્યજનક ઉલ્લેખ એ પણ મળે છે કે તેઓ હરિભદ્રસૂરિના પટ્ટધર શિષ્ય હતા, જ્યારે હરિભદ્રસૂરિ આચાર્ય જિનભદ્રની પછી લગભગ સો વર્ષ બાદ થયા હતા. આચાર્ય જિનભદ્ર વાચનાચાર્ય રૂપે પણ પ્રસિદ્ધ હતા તથા તેમના કુળનું નામ નિવૃત્તિકુળ હતું. તેમને વધારે તો ક્ષમાશ્રમણ શબ્દથી જ સમ્બોધિત કરવામાં આવતા હતા. આમ તો વાદી, ક્ષમાશ્રમણ, દિવાકર, વાચક, વાચનાચાર્ય વગેરે શબ્દો એકાર્થક પણ છે. વિવિધ ઉલ્લેખોના આધારે આચાર્ય જિનભદ્રનો ઉત્તરકાલ વિ.સં. ૬૫૦ની આસપાસ સિદ્ધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થાય છે. તેમણે વિશેષાવશ્યકભાષ્ય વગેરે નવ ગ્રંથોનું નિર્માણ કર્યું હતું. આમાંથી સાત ગ્રન્થ પદ્યબદ્ધ પ્રાકૃતમાં છે. એક ગ્રન્થ — અનુયોગદ્વારચૂર્ણિ પ્રાકૃત ગદ્યમાં છે જે જિનદાસકૃત અનુયોગદ્વારચૂર્ણિ તથા હરિભદ્રકૃત અનુયોગદ્વારવૃત્તિમાં અક્ષરશઃ ઉદ્ધૃત કરવામાં આવી છે. તેમની અંતિમ કૃતિ વિશેષાવશ્યકભાષ્ય-સ્વોપજ્ઞવૃત્તિ જે તેમના દેહાવસાનને કારણે અપૂર્ણ જ રહી ગઈ હતી અને જેને પછીથી કોટ્ટાર્યે પૂર્ણ કરી હતી, તે સંસ્કૃત ગદ્યમાં છે. તેમના એક ગ્રન્થ ધ્યાનશતકના કર્તૃત્વ વિષયમાં હજી વિદ્વાનોને સંદેહ છે. તેમની બહુમુખી પ્રતિભાથી પ્રભાવિત થઈ પછીના આચાર્યોએ તેમનું જે વર્ણન કર્યું છે તેનાથી પ્રતીત થાય છે કે આચાર્ય જિનભદ્ર આગમોના અદ્વિતીય વ્યાખ્યાતા હતા, યુગપ્રધાન પદના ધારક હતા, શ્રુતિ વગેરે અન્ય શાસ્ત્રોના કુશળ વિદ્વાન હતા, વિભિન્ન દર્શનશાસ્ત્રો, લિપિવિદ્યા, ગણિતશાસ્ત્ર, છન્દશાસ્ત્ર, શબ્દશાસ્ત્ર વગેરેના અદ્વિતીય પંડિત હતા, સ્વ-પર સિદ્ધાન્તમાં નિપુણ હતા, સ્વાચાર-પાલનમાં પ્રવણ તથા સર્વ જૈન-શ્રમણોમાં મુખ્ય હતા. ઉત્તરવર્તી આચાર્યોએ તેમના માટે ભાષ્યસુધામ્બોધિ, ભાષ્યપીયૂષપાથોધિ, ભગવાન્ ભાષ્યકાર, પ્રશસ્યભાષ્ય-સસ્યકાશ્યપીકલ્પ વગેરે અતિ સમ્માનપૂર્ણ શબ્દોનો પ્રયોગ કર્યો છે. આ બધા તથ્યો જોવાથી એ સિદ્ધ થાય છે કે ભાષ્યકાર જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ પોતાના સમયના એક પ્રભાવશાળી આચાર્ય હતા.

બૃહત્કલ્પ-લઘુભાષ્ય તથા પંચકલ્પ-મહાભાષ્યના પ્રણેતા આચાર્ય સંઘદાસગણિ વસુદેવહિંડી-પ્રથમ ખંડના પ્રણેતા આચાર્ય સંઘદાસગણિથી ભિન્ન છે. વસુદેવહિંડિકાર સંઘદાસગણિ પણ વિશેષાવશ્યકભાષ્યકાર આચાર્ય જિનભદ્રના પૂર્વવર્તી છે.

વિશેષાવશ્યકભાષ્ય :

આમાં જૈન આગમોના લગભગ સમસ્ત મહત્ત્વપૂર્ણ વિષયોની ચર્ચા છે. આ ભાષ્યની એક બહુ મોટી વિશેષતા એ છે કે તેમાં જૈન માન્યતાઓનું નિરૂપણ માત્ર જૈન દૃષ્ટિએ ન કરવામાં આવતાં, ઇતર ભારતીય દાર્શનિક માન્યતાઓ સાથે તુલના, ખંડન, સમર્થન વગેરે કરતાં કરવામાં આવ્યું છે. આ જ કારણ છે કે પ્રસ્તુત ભાષ્યમાં દાર્શનિક દૃષ્ટિકોણનો વિશેષ પ્રભાવ દૃષ્ટિગોચર થાય છે. જૈનાગમોનું રહસ્ય સમજવા માટે વિશેષાવશ્યકભાષ્ય નિઃસંદેહ એક અત્યન્ત ઉપયોગી ગ્રન્થ છે. તેની ઉપયોગિતા તથા મહત્તાનું સહુથી મોટું પ્રમાણ એ જ છે કે જિનભદ્રના ઉત્તરવર્તી આગમિક વ્યાખ્યાકારો તથા ગ્રન્થકારોએ એમાં રહેલી સામગ્રીની સાથે સાથે જ તેની તર્કપદ્ધતિનો પણ બહુ ઉદારતાપૂર્વક ઉપયોગ કર્યો છે. પહેલાં કહેવામાં આવી ગયું છે તેમ, આ ગ્રન્થ આવશ્યકસૂત્રની વ્યાખ્યા રૂપે છે. આમાં આવશ્યકના પ્રથમ અધ્યયન સામાયિક સાથે સંબંધિત નિર્યુક્તિ-ગાથાઓનું વ્યાખ્યાન છે, તેમાં નિમ્નોક્ત વિષયોનો સમાવેશ કરવામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવ્યો છે : મંગલરૂપ જ્ઞાનપંચક, નિરુક્ત, નિક્ષેપ, અનુગમ, નય, સામાયિકની પ્રાપ્તિ, સામાયિકનાં બાધક કારણો, ચારિત્રલાભ, પ્રવચન, સૂત્ર, અનુયોગ, સામાયિકની ઉત્પત્તિ, ગણધરવાદ, સામાયિકનાં ક્ષેત્ર-કાલ, અનુયોગોનું પૃથક્કરણ, નિહ્નવવાદ, સામાયિકના વિવિધ દ્વાર, નમસ્કારની ઉત્પત્તિ વગેરે, 'करेमि भंते' વગેરે પદોની વ્યાખ્યા. જ્ઞાનપંચક પ્રકરણમાં આભિનિબોધિક, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવલજ્ઞાનનાં સ્વરૂપ, ક્ષેત્ર, વિષય, સ્વામી વગેરેનું વિવેચન કરવામાં આવ્યું છે. સાથે જ મતિ અને શ્રુતનો સંબંધ, નયન અને મનની અપ્રાપ્યકારિતા, શ્રુતનિશ્રિત મતિજ્ઞાનના ૩૩૬ ભેદ, ભાષાનાં સ્વરૂપો, શ્રુતના ચૌદ પ્રકાર વગેરેનો પણ વિચાર કરવામાં આવ્યો છે. ચારિત્રરૂપ સામાયિકની પ્રાપ્તિનો વિચાર કરતાં ભાષ્યકારે કર્મની પ્રકૃતિ, સ્થિતિ, સમ્યક્ત્વપ્રાપ્તિ વગેરેનું વિસ્તારપૂર્વક વિવેચન કર્યું છે. કષાયને સામાયિકનો બાધક બતાવતાં કષાયની ઉત્કૃષ્ટતા તથા મંદતાથી કઈ રીતે ચારિત્રનો ઘાત થાય છે, તે પર વિશેષ પ્રકાશ પાડ્યો છે. ચારિત્ર-પ્રાપ્તિનાં કારણો પર પ્રકાશ પાડતાં આચાર્યે સામાયિક, છેદોપસ્થાપના, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત ચારિત્રનું વિસ્તારથી વ્યાખ્યાન કર્યું છે. સામાયિક ચારિત્રનો ઉદ્દેશ, નિર્દેશ, નિર્ગમ, ક્ષેત્ર, કાલ-પુરુષ, કારણ, પ્રત્યક્ષ, લક્ષણ, નય, સમવતાર, અનુમત, કિમ્, કતિવિધ, કસ્ય, કુત્ર, કેષુ, કતમ્, કિયચ્ચિર, કતિ, સાન્તર, અવિરહિત, ભવ, આકર્ષ, સ્પર્શન અને નિરુક્તિ — આ છવ્વીસ દ્વારો વડે વર્ણન કર્યું છે. આ વર્ણનમાં સામાયિકસંબંધી બધી આવશ્યક વાતોનો સમાવેશ થઈ ગયો છે. તૃતીય દ્વાર નિર્ગમ અર્થાત્ સામાયિકની ઉત્પત્તિની વ્યાખ્યા કરતાં ભાષ્યકારે ભગવાન મહાવીરના અગિયાર ગણધરોની ચર્ચા કરી છે તથા ગણધરવાદ અર્થાત્ ભગવાન મહાવીર તથા ગણધરોની વચ્ચે થયેલી ચર્ચાનું વિસ્તારથી નિરૂપણ કર્યું છે. અગિયાર ગણધરોનાં નામ આ છે : ૧. ઇંદ્રભૂતિ, ૨. અગ્નિભૂતિ, ૩. વાયુભૂતિ, ૪. વ્યક્ત, ૫. સુધર્મા, ૬. મંડિક, ૭. મૌર્યપુત્ર, ૮. અકંપિત, ૯. અચલભ્રાતા, ૧૦. મેતાર્ય, ૧૧. પ્રભાસ. તેઓ પહેલાં વેદાનુયાયી બ્રાહ્મણ-પંડિત હતા પરંતુ પછીથી ભગવાન મહાવીરના મંતવ્યોથી પ્રભાવિત થઈને તેમના શિષ્ય થઈ ગયા હતા. આ જ મહાવીરના ગણધરો-મુખ્ય શિષ્યો કહેવાય છે. તેમની સાથે મહાવીરની જે વિષયો પર ચર્ચા થઈ હતી તે ક્રમશઃ આ મુજબ છે : ૧. આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ, ૨. કર્મની સત્તા, ૩. આત્મા અને દેહનો ભેદ, ૪. શૂન્યવાદનું નિરસન, ૫. ઇહલોક અને પરલોકની વિચિત્રતા, ૬. બંધ અને મોક્ષનું સ્વરૂપ, ૭. દેવોનું અસ્તિત્વ, ૮. નારકોનું અસ્તિત્વ, ૯. પુણ્ય અને પાપનું સ્વરૂપ, ૧૦. પરલોકનું અસ્તિત્વ, ૧૧. નિર્વાણની સિદ્ધિ. આત્માની સ્વતંત્ર સત્તા સિદ્ધ કરવા માટે અધિષ્ઠાતૃત્વ, સંઘાતપરાર્થત્વ વગેરે અનેક હેતુઓ આપવામાં આવ્યા છે. આ હેતુઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાંખ્ય વગેરે અન્ય દર્શનોમાં પણ ઉપલબ્ધ છે. આત્માના અસ્તિત્વની સિદ્ધિની સાથે સાથે જ એકાત્મવાદની પણ સિદ્ધિ કરવામાં આવી છે. આ જ રીતે જીવને સ્વદેહપરિમાણ સિદ્ધ કરતાં એ બતાવવામાં આવ્યું છે કે અન્ય પદાર્થોની જેમ જીવ પણ નિત્યાનિત્ય છે તથા વિજ્ઞાન ભૂતધર્મ ન હોતાં એક સ્વતન્ત્ર તત્ત્વ-આત્મતત્ત્વનો ધર્મ છે. કર્મનું અસ્તિત્વ સિદ્ધ કરવા માટે પણ અનેક હેતુઓ આપવામાં આવ્યા છે. કર્મને મૂર્ત સિદ્ધ કરતાં કર્મ અને આત્માના સંબંધ પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે તથા ઈશ્વરકર્તૃત્વનું ખંડન કરવામાં આવ્યું છે.આત્મા અને દેહના ભેદની સિદ્ધિમાં ચાર્વાકસમ્મત ભૂતવાદનું નિરસન કરવામાં આવ્યું છે તથા ઇન્દ્રિયભિન્ન આત્મસાધક અનુમાન પ્રસ્તુત કરતાં આત્માની નિત્યતા તથા અદૃશ્યતાનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. શૂન્યવાદના નિરસનના પ્રસંગે વાયુ, આકાશ વગેરે તત્ત્વોની સિદ્ધિ કરવામાં આવી છે તથા ભૂતોની સજીવતાનું નિરૂપણ કરતાં હિંસા-અહિંસાના વિવેક પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. સુધર્માનો ઇહલોક અને પરલોકવિષયક સંશય દૂર કરવા માટે કર્મ-વૈચિત્ર્ય વડે ભવ-વૈચિત્ર્યની સિદ્ધિ કરવામાં આવી છે તથા કર્મવાદના વિરોધી સ્વભાવવાદનું નિરસન કરીને કર્મવાદની સ્થાપના કરવામાં આવી છે. મંડિકના સંશયનું નિવારણ કરવા માટે વિવિધ હેતુઓ વડે બંધ અને મોક્ષની સિદ્ધિ કરવામાં આવી છે તથા મુક્ત આત્માઓનાં સ્વરૂપ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. આ જ રીતે દેવ, નારક, પુણ્ય-પાપ, પર-ભવ અને નિર્વાણની સત્તા સિદ્ધ કરતાં જૈનદર્શનાભિમત નિર્વાણ વગેરેના સ્વરૂપનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. સામાયિકના અગિયારમા દ્વાર સમવતારનું વ્યાખ્યાન કરતાં ભાષ્યકારે અનુયોગો — ચરણકરણાનુયોગ, ધર્મકથાનુયોગ, ગણિતાનુયોગ અને દ્રવ્યાનુયોગનાં પૃથક્કરણની ચર્ચા કરી છે અને બતાવ્યું છે કે આર્ય વજ્ર બાદ થનાર આર્ય રક્ષિતે ભવિષ્યમાં મતિ-મેધા-ધારણાનો નાશ થવાનો જાણીને અનુયોગોના વિભાગ કરી દીધા. તે સમય સુધી બધા સૂત્રોની વ્યાખ્યા ચારે પ્રકારના અનુયોગોથી થતી હતી. આર્ય રક્ષિતે આ સૂત્રોનું નિશ્ચિત વિભાજન કરી દીધું. ચરણકરણાનુયોગમાં કાલિક શ્રુતરૂપ અગિયાર અંગ, મહાકલ્પશ્રુત અને છેદસૂત્રો રાખ્યાં. ધર્મકથાનુયોગમાં ઋષિભાષિતોનો સમાવેશ કર્યો. ગણિતાનુયોગમાં સૂર્યપ્રજ્ઞપ્તિને મૂકી. દ્રવ્યાનુયોગમાં દૃષ્ટિવાદનો સમાવેશ કર્યો. ત્યારબાદ તેમણે પુષ્યમિત્રને ગણિપદ પર પ્રતિષ્ઠિત કર્યો. આને ગોષ્ઠામાહિલ પોતાનું અપમાન સમજ્યો અને તે ઈર્ષ્યાવશ સંઘથી અલગ થઈને પોતાની નવી માન્યતાઓનો પ્રચાર કરવા લાગ્યો. આ જ ગોષ્ઠામાહિલ સપ્તમ નિહ્નવના રૂપમાં પ્રસિદ્ધ છે. નિર્યુક્તિકારનિર્દિષ્ટ સાત નિહ્નવોમાં શિવભૂતિ બોટિક નામક એક બીજો નિહ્નવ ઉમેરીને ભાષ્યકાર જિનભદ્રે પ્રસ્તુત ભાષ્યમાં નિમ્નલિખિત આઠ નિહ્નવોની માન્યતાઓનું વર્ણન કર્યું છે : ૧. જમાલિ, ૨. તિષ્યગુપ્ત, ૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આષાઢભૂતિ, ૪. અશ્વમિત્ર, ૫. ગંગ, ૬. રોહગુપ્ત-ષડુલૂક, ૭. ગોષ્ઠામાહિલ, ૮. શિવભૂતિ. ભગવાન મહાવીરને કેવળજ્ઞાન થયાના ૧૪ વર્ષ પછી પ્રથમ તથા ૧૬ વર્ષ પછી દ્વિતીય નિહ્નવ થયો. શેષ નિહ્નવ ક્રમશઃ મહાવીર-નિર્વાણના ૨૧૪, ૨૨૦, ૨૨૮, ૫૪૪, ૫૮૪ અને ૬૦૯ વર્ષ પછી થયા. તેની માન્યતાઓ આઠ પ્રકારના નિહ્નવવાદ રૂપે પ્રસિદ્ધ છે. પોતાના અભિનિવેશને કારણે આગમિક પરંપરાથી વિરુદ્ધ તત્ત્વ-પ્રતિપાદન કરનાર નિહ્નવ કહેવાય છે. અભિનિવેશરહિત અર્થ-વિવાદ નિહ્નવવાદની કોટિમાં નથી આવતો, કેમ કે આ રીતના વિવાદનું પ્રયોજન યથાર્થ તત્ત્વ-નિર્ણય છે, નહીં કે પોતાના અભિનિવેશનું મિથ્યાપોષણ. નિહ્નવ સમસ્ત જિનપ્રવચનને પ્રમાણભૂત માનવા છતાં પણ તેના કોઈ એક અંશનો પરંપરાથી વિરુદ્ધ અર્થ કરે છે તથા તે અર્થનો જનતામાં પ્રચાર કરે છે. પ્રથમ નિહ્નવ જમાલિએ બહુરત મતનો પ્રચાર કર્યો. આ મત અનુસાર કોઈ પણ ક્રિયા એક સમયમાં ન થતાં બહુ — અનેક સમયમાં થાય છે. દ્વિતીય નિહ્નવ તિષ્યગુપ્તે જીવપ્રાદેશિક મતનો પ્રચાર કર્યો. આ મત અનુસાર જેના વિના તે જીવ જીવ નથી કહેવાતો અને જેના હોવા પર જ તે જીવ કહેવાય છે, જીવનો તે ચરમ પ્રદેશ વાસ્તવમાં જીવ છે. તેની સિવાયનો અન્ય પ્રદેશ તો તેના અભાવમાં અજીવ જ છે, કેમકે તેનાથી જ તે બધા જીવત્વ પ્રાપ્ત કરે છે. તૃતીય નિહ્નવ આષાઢભૂતિએ અવ્યક્ત મતનો પ્રચાર કર્યો. આ મત અનુસાર કોઈની સાધુતા-અસાધુતા વગેરેનો નિશ્ચય નથી થઈ શકતો. આથી કોઈને વન્દન-નમસ્કાર વગેરે ન કરવાં જોઈએ. ચતુર્થ નિહ્નવ અશ્વમિત્રે સામુચ્છેદિક મતનો પ્રચાર કર્યો. સમુચ્છેદનો અર્થ છે જન્મ થતાં જ સર્વથા નાશ થઈ જવો. સામુચ્છેદિક મત આ સિદ્ધાન્તનો સમર્થક છે. પંચમ નિહ્નવ ગંગે દ્વૈક્રિયવાદનો પ્રચાર કર્યો. એક સમયે બે ક્રિયાઓના અનુભવની શક્યતાનું સમર્થન કરવું તે દ્વૈક્રિયવાદ છે. ષષ્ઠ નિહ્નવ રોહગુપ્ત-ષડુલૂકે ત્રૈરાશિક મતનો પ્રચાર કર્યો. આ મત અનુસાર સંસારમાં જીવ, અજીવ અને નોજીવ — આ ત્રણ પ્રકારની રાશિઓ છે. રોહગુપ્તનું નામ ષડુલૂક કેમ રાખવામાં આવ્યું, તેનું સમાધાન કરતાં ભાષ્યકારે લખ્યું છે કે તેનું નામ તો રોહગુપ્ત છે પરંતુ ગોત્ર ઉલૂક છે. ઉલૂકગોત્રીય રોહગુપ્તે દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ અને સમવાય — આ છ પદાર્થો (વૈશેષિક મત)નું પ્રરૂપણ કર્યું આથી તેનું નામ ષટ્ અને ઉલૂકના સંયોગથી ષડુલૂક થઈ ગયું. સપ્તમ નિહ્નવ ગોષ્ઠામાહિલે અબદ્ધિક મતનો પ્રચાર કર્યો. આ મત અનુસાર જીવ અને કર્મનો બંધ નથી પરંતુ સ્પર્શમાત્ર હોય છે. અષ્ટમ નિહ્નવ શિવભૂતિ — બોટિકે દિગમ્બર મતનો પ્રચાર કર્યો. આ મત અનુસાર વસ્ત્ર કષાયનો હેતુ હોવાથી પરિગ્રહરૂપ છે આથી ત્યાજ્ય છે. નિહ્નવવાદ પછી સામાયિકના અનુમત વગેરે શેષ ચારે દ્વારોનું વર્ણન કરતાં ભાષ્યકારે સૂત્રસ્પર્શિક નિર્યુક્તિનું વ્યાખ્યાન શરૂ કર્યું. આમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નમસ્કારની ઉત્પત્તિ, નિક્ષેપ,પદ, પદાર્થ, પ્રરૂપણા, વસ્તુ, આક્ષેપ, પ્રસિદ્ધિ, ક્રમ, પ્રયોજન અને ફળ — આ અગિયાર દ્વારોથી વિવેચન કર્યું છે. સિદ્ધ નમસ્કારનું વ્યાખ્યાન કરતાં આચાર્યે કર્મસ્થિતિ, સમુદ્‌ઘાત, શૈલેશી અવસ્થા, ધ્યાન વગેરેના સ્વરૂપનું પણ પર્યાપ્ત વિવેચન કર્યું છે. સિદ્ધનો ઉપયોગ સાકાર છે અથવા નિરાકાર, તેની ચર્ચા કરતાં કેવલજ્ઞાન અને કેવલદર્શનના ભેદ અને અભેદનો વિચાર કર્યો છે. કેવલજ્ઞાન અને કેવલદર્શન ક્રમશઃ હોય છે કે યુગપદ્, આ પ્રશ્ન પર પણ પર્યાપ્ત પ્રકાશ નાખ્યો છે. ભાષ્યકારે એ મતનું સમર્થન કર્યું છે કે કેવલીને પણ એક સાથે બે ઉપયોગ નથી થઈ શકતા અર્થાત્ કેવલજ્ઞાન અને કેવલદર્શન પણ ક્રમશઃ જ હોય છે, યુગપદ્ નહીં. નમસ્કાર-ભાષ્ય પછી 'करेमि भंते' વગેરે સામાયિક-સૂત્રના મૂળ પદોનું વ્યાખ્યાન છે. આ રીતે પ્રસ્તુત ભાષ્યમાં જૈન આચાર-વિચારના મૂળભૂત સમસ્ત તત્ત્વોનો સુવ્યવસ્થિત તથા સુપ્રરૂપિત સંગ્રહ કરી લીધો છે, તે સુસ્પષ્ટ છે. આમાં ગૂઢતમ દાર્શનિક માન્યતાથી લઈને સૂક્ષ્મતમ આચારવિષયક વિધિ-વિધાનનું સંક્ષિપ્ત પરંતુ પર્યાપ્ત વિવેચન છે.

જીતકલ્પભાષ્ય :

પ્રસ્તુત ભાષ્ય, ભાષ્યકાર જિનભદ્રની પોતાની જ કૃતિ જીતકલ્પસૂત્ર પર છે. આમાં બૃહદ્‌કલ્પ-લઘુભાષ્ય, વ્યવહારભાષ્ય, પંચકલ્પ-મહાભાષ્ય, પિણ્ડનિર્યુક્તિ વગેરે ગ્રન્થોની અનેક ગાથાઓ અક્ષરશઃ ઉદ્ધૃત છે. આવી સ્થિતિમાં તેને એક સંગ્રહ-ગ્રન્થ માનવો પણ સંભવતઃ ઉચિત જ છે. આમાં પ્રાયશ્ચિત્તના વિધિ-વિધાનની મુખ્યતા છે. પ્રાયશ્ચિત્તનો શબ્દાર્થ કરતાં ભાષ્યકારે લખ્યું છે જે પાપનો છેદ કરે છે તે પાયચ્છિત્ત-પ્રાયશ્ચિત્ત છે અથવા પ્રાયઃ જેનાથી ચિત્ત શુદ્ધ થાય છે તે પચ્છિત્ત—પ્રાયશ્ચિત્ત છે. જીતકલ્પાભિમત જીત-વ્યવહારનું વ્યાખ્યાન કરતાં આચાર્યે આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા અને જીત—આ પાંચે પ્રકારના વ્યવહારનું વિવેચન કર્યું છે. જે વ્યવહાર આચાર્ય-પરંપરાથી પ્રાપ્ત હોય, ઉત્તમ પુરુષો દ્વારા અનુમત હોય, બહુશ્રુતો દ્વારા સેવિત હોય તે જીત-વ્યવહાર છે. તેનો આધાર આગમાદિ નહીં પરંતુ પરંપરા છે. પ્રાયશ્ચિત્તનું વિવેચન કરતાં ભાષ્યકારે પ્રાયશ્ચિત્તના અઢાર, બત્રીસ તથા છત્રીસ સ્થાનોનું નિરૂપણ કર્યું છે. પ્રાયશ્ચિત્તદાતાઓની યોગ્યતા-અયોગ્યતાનો વિચાર કરતાં આચાર્યે બતાવ્યું છે કે પ્રાયશ્ચિત્ત આપવાની યોગ્યતાવાળા કેવલી અથવા ચતુર્દશપૂર્વધરનો વર્તમાન યુગમાં અભાવ હોવા છતાં પણ કલ્પ (બૃહત્કલ્પ), પ્રકલ્પ (નિશીથ) તથા વ્યવહારના આધારે પ્રાયશ્ચિત્તદાનની ક્રિયા સરળતાપૂર્વક સમ્પન્ન થઈ શકે છે. ચારિત્રની શુદ્ધિ માટે પ્રાયશ્ચિત્તનો વ્યવહાર અનિવાર્ય છે. સાપેક્ષ પ્રાયશ્ચિત્તદાનથી થનાર લાભ તથા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિરપેક્ષ પ્રાયશ્ચિત્તદાનથી થનાર હાનિનો વિચાર કરતાં કહેવામાં આવ્યું છે કે પ્રાયશ્ચિત્ત આપતી વેળાએ દાતાના હૃદયમાં દયાભાવ રહેવો જોઈએ. જેને પ્રાયશ્ચિત્ત આપવાનું હોય તેની શક્તિ-અશક્તિનું પૂરું ધ્યાન રહેવું જોઈએ. પ્રાયશ્ચિત્તના વિધાનનું વિશેષ નિરૂપણ કરતાં ભાષ્યકારે પ્રસંગવશાત્ ભક્તપરિજ્ઞા, ઇંગિનીમરણ તથા પાદપોપગમનરૂપ મારણાંતિક સાધનાઓનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યું છે. આલોચના, પ્રતિક્રમણ, મિશ્ર, વિવેક, વ્યુત્સર્ગ, તપ, છેદ, મૂલ, અનવસ્થાપ્ય અને પારાંચિક — આ દસ પ્રકારના પ્રાયશ્ચિત્તનું સ્વરૂપ બતાવતાં તત્સમ્બન્ધી અપરાધ-સ્થાનોનું પણ વર્ણન કરવામાં આવ્યું છે. પ્રતિક્રમણના અપરાધ-સ્થાનોનું વર્ણન કરતાં આચાર્યે અર્હન્નક, ધર્મરુચિ વગેરેનાં ઉદાહરણ પણ આપ્યાં છે. અંતમાં તે પણ બતાવ્યું છે કે અનવસ્થાપ્ય અને પારાંચિક પ્રાયશ્ચિત્તનો સદ્‌ભાવ ચતુર્દશપૂર્વધર ભદ્રબાહુસ્વામી સુધી જ રહ્યો. તદનન્તર આ બંને પ્રાયશ્ચિત્તોનો વ્યવહાર બંધ થઈ ગયો.

બૃહત્કલ્પ-લઘુભાષ્ય

આ ભાષ્ય બૃહત્કલ્પના મૂળ સૂત્રો પર છે. આમાં પીઠિકા ઉપરાંત છ ઉદ્દેશ છે. પ્રાચીન ભારતીય સંસ્કૃતિની દૃષ્ટિએ આ ભાષ્યનું વિશેષ મહત્ત્વ છે. જૈન શ્રમણોના આચારનું સૂક્ષ્મ તથા સતર્ક વિવેચન આ ભાષ્યની વિશેષતા છે. પીઠિકામાં મંગલવાદ, જ્ઞાનપંચક, અનુયોગ, કલ્પ, વ્યવહાર વગેરે પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. પ્રથમ ઉદ્દેશની વ્યાખ્યામાં તાલ-વૃક્ષ સંબંધીત વિવિધ દોષ તથા પ્રાયશ્ચિત્ત, તૂટેલા તાલ-પ્રલમ્બ અર્થાત્ તાલ વૃક્ષના મૂળનાં ગ્રહણ સંબંધી અપવાદ, નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થીઓનાં દેશાન્તર-ગમનનાં કારણો અને તેની વિધિ, શ્રમણોની રુગ્ણાવસ્થાનાં વિધિ-વિધાન, વૈદ્ય અને તેના પ્રકાર, દુષ્કાળ વગેરે સમયે શ્રમણ-શ્રમણીઓએ એક-બીજાનાં અવગૃહીત ક્ષેત્રમાં રહેવાની વિધિ, ગ્રામ, નગર, ખેડ, કર્બટક, મડમ્બ, પત્તન, આકર, દ્રોણમુખ, નિગમ, રાજધાની, આશ્રમ, નિવેશ, સંબાધ, ઘોષ, અંશિકા, પુટભેદન, શંકર વગેરે પદોનું વિવેચન, નક્ષત્રમાસ, ચંદ્રમાસ, ઋતુમાસ, આદિત્યમાસ અને અભિવર્ધિતમાસનું સ્વરૂપ, માસકલ્પવિહારી સાધુ-સાધ્વીઓનું સ્વરૂપ તથા જિનકલ્પિક અને સ્થવિરકલ્પિકની ક્રિયાઓ, સમવસરણની રચના, તીર્થંકર, ગણધર, આહારકશરીરી, અનુત્તરદેવ, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ વગેરેની શુભાશુભ કર્મ-પ્રકૃતિઓ, તીર્થંકરની એકરૂપ ભાષાનું વિભિન્ન ભાષારૂપોમાં પરિણમન, આપણગૃહ, રથ્યામુખ, શ્રૃંગાટક, ચતુષ્ક, ચત્વર, અંતરાપણ વગેરે પદોનું વ્યાખ્યાન તથા તે સ્થાનો પર બનેલા ઉપાશ્રયમાં રહેનાર નિર્ગ્રન્થીઓને લાગનાર દોષ, શ્રમણોના પાંચ પ્રકાર — આચાર્ય, ઉપાધ્યાય,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભિક્ષુ, સ્થવિર અને ક્ષુલ્લક, શ્રમણીઓના પાંચ પ્રકાર — પ્રવર્તિની, અભિષેકા, ભિક્ષુણી, સ્થવિરા અને ક્ષુલ્લિકા, શ્રમણ-શ્રમણીઓ માટે યોગ્ય તથા નિર્દોષ ઉપાશ્રય, નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થીઓના વિહારનો યોગ્ય કાળ તથા સ્થાન, રાત્રિ-ભોજનનો નિષેધ વગેરે વિષયોનો સમાવેશ છે. ગ્રામ, નગર વગેરેનું સ્વરૂપ બતાવતાં ભાષ્યકારે બાર પ્રકારના ગ્રામોનો ઉલ્લેખ કર્યો છે : ૧. ઉત્તાનકમલ્લક, ૨. અવાઙ્મુખમલ્લક, ૩. સમ્પુટકમલ્લક, ૪. ઉત્તાનકખણ્ડમલ્લક, ૫. અવાઙ્મુખખણ્ડમલ્લક, ૬. સમ્પુટકખણ્ડમલ્લક, ૭. ભિત્તિ, ૮. પડાલિ, ૯. વલભી, ૧૦. અક્ષાટક, ૧૧. રુચક, ૧૨. કાશ્યપક. જિનકલ્પિકની ચર્ચામાં બતાવવામાં આવ્યું છે કે તીર્થંકરો અથવા ગણધર વગેરે કેવલીઓના સમયમાં જિનકલ્પિક હોય છે. જિનકલ્પિકની સામાચારીનું નિમ્નલિખિત ૨૭ દ્વારોથી વર્ણન કરવામાં આવ્યું છે : ૧. શ્રુત, ૨. સંહનન, ૩. ઉપસર્ગ, ૪. આતંક, ૫. વેદના, ૬. કતિજન, ૭. સ્થણ્ડિલ, ૮. વસતિ, ૯. કિયચ્ચિર, ૧૦. ઉચ્ચાર, ૧૧. પ્રસ્રવણ, ૧૨. અવકાશ, ૧૩. તૃણફલક, ૧૪. સંરક્ષણતા, ૧૫. સંસ્થાપનતા, ૧૬. પ્રાભૃતિકા, ૧૭. અગ્નિ, ૧૮. દીપ, ૧૯. અવધાન, ૨૦. વત્સ્યથ, ૨૧. ભિક્ષાચર્યા, ૨૨. પાનક, ૨૩. લેપાલેપ, ૨૪. અલેપ, ૨૫. આચામ્લ, ૨૬. પ્રતિમા, ૨૭. માસકલ્પ. સ્થવિરકલ્પિકોની ચર્ચા કરતાં આચાર્યે બતાવ્યું છે કે સ્થવિરકલ્પિકની પ્રવ્રજ્યા, શિક્ષા, અર્થગ્રહણ, અનિયતવાસ અને નિષ્પત્તિ જિનકલ્પિકની સમાન જ છે. વિહારવર્ણનમાં નિમ્નોક્ત વાતોનો વિશેષ વિચાર કરવામાં આવ્યો છે : વિહારનો સમય, વિહાર કરતાં પહેલાં ગચ્છના નિવાસ તથા નિર્વાહયોગ્ય ક્ષેત્રનું પરીક્ષણ, ઉત્સર્ગ તથા અપવાદની દૃષ્ટિથી યોગ્ય-અયોગ્ય ક્ષેત્રપ્રત્યુપેક્ષકોનું નિર્વાચન, ક્ષેત્રની પ્રતિલેખના નિમિત્તે ગમનાગમનની વિધિ, વિહાર-માર્ગ તથા સ્થણ્ડિલભૂમિ, જલ, વિશ્રામસ્થાન, ભિક્ષા, વસતિ, સંભવિત ઉપદ્રવ વગેરેની પરીક્ષા, પ્રતિલેખનીય ક્ષેત્રમાં પ્રવેશ કરવાની વિધિ, ભિક્ષાચર્યા દ્વારા તે ક્ષેત્રના નિવાસીઓની મનોવૃત્તિની પરીક્ષા, ભિક્ષા, ઔષધ વગેરેની સુલભતા-દુર્લભતાનું જ્ઞાન, વિહાર કરતાં પહેલાં વસતિના સ્વામીની અનુમતિ, વિહાર કરતી વેળાએ શુભ શકુન-દર્શન, વિહાર સમયે આચાર્ય, બાલદીક્ષિત, વૃદ્ધ સાધુ વગેરેનો સામાન (ઉપધિ) ગ્રહણ કરવાની વિધિ, પ્રતિલિખિત ક્ષેત્રમાં પ્રવેશ તથા શુભાશુભ શકુનદર્શન, વસતિમાં પ્રવેશ કરવાની વિધિ, વસતિમાં પ્રવિષ્ટ થયા બાદ આચાર્ય વગેરેનું જિનચૈત્યોનાં વંદન નિમિત્તે ગમન, માર્ગમાં ગૃહ-જિનમંદિરોનાં દર્શન, સ્થાપનાકુલોની વ્યવસ્થા, સ્થાપનાકુલોમાં જવા યોગ્ય અથવા મોકલવા યોગ્ય વૈયાવૃત્યકારના ગુણ-દોષની પરીક્ષા. સ્થાપનાકૂલોમાંથી વિધિપૂર્વક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉચિત દ્રવ્યોનું ગ્રહણ, એક-બે-ત્રણ ગચ્છયુક્ત વસતિમાંથી ભિક્ષાગ્રહણ કરવાની વિધિ. ગચ્છવાસીઓ — સ્થવિરકલ્પિકોની સામાચારી સંબંધિત નિમ્નોક્ત વાતો પર પણ આચાર્યે પ્રકાશ પાડ્યો છે : ૧. પ્રતિલેખના-વસ્ત્રાદિની પ્રતિલેખનાનો કાળ, પ્રતિલેખનાના દોષ અને પ્રાયશ્ચિત્ત, ૨. નિષ્ક્રમણ—ઉપાશ્રયની બહાર નીકળવાનો સમય, ૩. પ્રાભૃતિકા—ગૃહસ્થ વગેરે માટે તૈયાર કરેલ ગૃહ વગેરેમાં રહેવા ન રહેવાની વિધિ, ૪. ભિક્ષા—પિંડ વગેરેના ગ્રહણનો સમય, ભિક્ષા સંબંધી આવશ્યક ઉપકરણ વગેરે, ૫. કલ્પકરણ—પાત્ર-ધાવનની વિધિ, લેપકૃત અને અલેપકૃત પાત્ર, પાત્ર-લેપના લાભ, ૬. ગચ્છશતિકાદિ-સાત પ્રકારની સૌવિરિણિઓ: (૧) આધાકર્મિક, (૨) સ્વગૃહયતિમિશ્ર, (૩) સ્વગૃહપાષંડમિશ્ર, (૪) યાવદર્થિકમિશ્ર, (૫) ક્રીતકૃત, (૬) પૂતિકર્મિક, (૭) આત્માર્થકૃત, ૭. અનુયાન-રથયાત્રાનું વર્ણન તથા તદ્વિષયક અનેક પ્રકારના દોષ, ૮. પુરઃકર્મ—ભિક્ષાદાનની પહેલાં શીતળ જળથી હાથ વગેરે ધોવાથી લાગનાર દોષ, પુરઃકર્મ અને ઉપકાર્દ્રદોષમાં અંતર, પુરઃકર્મ સંબંધી પ્રાયશ્ચિત્ત, ૯. ગ્લાન—રુગ્ણ સાધુની સેવાથી થતી નિર્જરા, રુગ્ણ સાધુ માટે પથ્યાપથ્યની ગવેષણા, ચિકિત્સા નિમિત્તે વૈદ્યની પાસે જવા-આવવાની વિધિ, વૈદ્ય સાથે ગ્લાન સાધુના વિષયમાં વાતચીત કરવાની વિધિ, ગ્લાન સાધુ માટે ઉપાશ્રયમાં આવેલા વૈદ્ય સાથે વ્યવહાર કરવાની વિધિ, વૈદ્ય માટે ભોજનાદિ તથા ઔષધાદિના મૂલ્યની વ્યવસ્થા, રુગ્ણ સાધુને નિર્દયતાપૂર્વક ઉપાશ્રય વગેરેમાં છોડીને જતા રહેનારા આચાર્યને લાગતા દોષ તથા તેનું પ્રાયશ્ચિત્ત, ૧૦. ગચ્છપ્રતિબદ્ધયથાલંદિક — વાચના વગેરે કારણોથી ગચ્છ સાથે સંબંધ રાખતા યથાલંદિક કલ્પધારીઓ સાથે વંદના વગેરે વ્યવહાર, ૧૧. ઉપરિદોષ—ઋતુબદ્ધ કાળથી વધારે સમયમાં એક ક્ષેત્રમાં એક માસથી વધારે રહેવાથી લાગતા દોષ, ૧૨. અપવાદ—એક માસથી વધારે રહેવાના આપવાદિક કારણ. આગળ આચાર્યે એ પણ બતાવ્યું છે કે જો ગ્રામ, નગર વગેરે દુર્ગની અંદર અને બહાર આ રીતે બે ભાગોમાં વસેલા હોય તો અંદર અને બહાર મળીને એક ક્ષેત્રમાં બે માસ સુધી રહેવું વિહિત છે. નિર્ગ્રન્થીઓ — શ્રમણીઓ — સાધ્વીઓના આચારવિષયક વિધિવિધાનોની ચર્ચા કરતાં પ્રસ્તુત ભાષ્યમાં નિમ્ન વાતોનો વિચાર કરવામાં આવ્યો છે : માસકલ્પની મર્યાદા, વિહાર-વિધિ, સમુદાયના ગણધર તથા તેના ગુણ, ગણધર દ્વારા ક્ષેત્રની પ્રતિલેખના, ભરુચમાં બૌદ્ધ શ્રાવકો દ્વારા સાધ્વીઓનું અપહરણ, સાધ્વીઓને વિચરવા યોગ્ય ક્ષેત્ર, વસતિ વગેરે, વિધર્મી વગેરે તરફથી થનાર ઉપદ્રવોથી રક્ષા, ભિક્ષા માટે જનારી સાધ્વીઓની સંખ્યા, વર્ષાઋતુ સિવાય એક સ્થાન પર રહેવાની અવધિ. સ્થવિરકલ્પ અને જિનકલ્પ આ બંને અવસ્થાઓમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કઈ અવસ્થા મુખ્ય છે ? તે પ્રશ્નનો ઉત્તર આપતા ભાષ્યકારે સ્યાદ્વાદી ભાષામાં લખ્યું છે કે નિષ્પાદક અને નિષ્પન્ન આ બંને દૃષ્ટિએ બંને ય પ્રધાન છે. સ્થવિરકલ્પ સૂત્રાર્થગ્રહણ વગેરે દૃષ્ટિએ જિનકલ્પનું નિષ્પાદક છે, જ્યારે જિનકલ્પ જ્ઞાન-દર્શન-ચારિત્ર વગેરે દૃષ્ટિએ નિષ્પન્ન છે. આ રીતે બંને ય અવસ્થાઓ મહત્ત્વપૂર્ણ તથા પ્રધાન છે. આ વક્તવ્યને વિશેષ સ્પષ્ટ કરવા માટે આચાર્યે ગુહાસિંહ, બે સ્ત્રીઓ અને બે ગોવર્ગોનાં ઉદાહરણ પણ આપ્યાં છે. શ્રમણ-શ્રમણીઓ માટે રાત્રિ અથવા વિકાલમાં અધ્વગમનનો નિષેધ કરતાં ભાષ્યકારે અધ્વના બે ભેદ કર્યા છે : પંથ અને માર્ગ. જેની વચ્ચે ગ્રામ, નગર વગેરે કંઈ પણ ન હોય તે પંથ છે. જે ગ્રામાનુગ્રામની પરંપરાથી યુક્ત હોય તે માર્ગ છે. અપવાદરૂપે રાત્રિગમનની છૂટ છે પરંતુ તે માટે અધ્વોપયોગી ઉપકરણોનો સંગ્રહ તથા યોગ્ય સાર્થનો સહયોગ આવશ્યક છે. સાર્થના પાંચ પ્રકાર છે : ૧. ભંડી, ૨. બહિલક, ૩. ભારવહ, ૪. ઔદરિક, ૫. કાર્પટિક. આ જ રીતે આચાર્યે આઠ પ્રકારના સાર્થવાહો તથા આઠ પ્રકારના આદિયાત્રિકો — સાર્થવ્યવસ્થાપકોનો પણ ઉલ્લેખ કર્યો છે. શ્રમણ-શ્રમણીઓના વિહાર-યોગ્ય ક્ષેત્રની ચર્ચામાં બતાવ્યું છે કે ઉત્સર્ગરૂપે વિહાર માટે આર્યક્ષેત્ર જ શ્રેષ્ઠ છે. આર્ય પદનું નિમ્નોક્ત નિક્ષેપોથી વ્યાખ્યાન કરવામાં આવ્યું છે : ૧. નામ, ૨. સ્થાપના, ૩. દ્રવ્ય, ૪. ક્ષેત્ર, ૫. જાતિ, ૬. કુળ, ૭. કર્મ, ૮. ભાષા, ૯. શિલ્પ, ૧૦. જ્ઞાન, ૧૧. દર્શન, ૧૨. ચારિત્ર. આર્યજાતિઓ છ પ્રકારની છે : ૧. અમ્બષ્ઠ, ૨. કલિન્દ, ૩. વૈદેહ, ૪. વિદક, ૫. હારિત, ૬. તન્તુણ. આર્યકુળ પણ છ પ્રકારનાં છે : ૧. ઉગ્ર, ૨. ભોગ, ૩. રાજન્ય, ૪. ક્ષત્રિય, ૫. જ્ઞાત-કૌરવ, ૬. ઇક્ષ્વાકુ. દ્વિતીય ઉદ્દેશના ભાષ્યમાં નિમ્નોક્ત વિષયોનું વ્યાખ્યાન છે : ઉપાશ્રયસંબંધી દોષ તથા યતનાઓ, સાગારિકના આહારાદિના ત્યાગની વિધિ, બીજાને ત્યાંથી આવેલી ભોજન-સામગ્રીના દાનની વિધિ, સાગારિકના ભાગના પિંડનું ગ્રહણ, વિશિષ્ટ વ્યક્તિઓ નિમિત્તે નિર્મિત ભક્ત, ઉપકરણ વગેરેનું અગ્રહણ, વસ્ત્રાદિ ઉપધિના પરિભોગની વિધિ તથા મર્યાદા, રજોહરણ-ગ્રહણની વિધિ. વસ્ત્રાદિ-ઉપધિના પરિભોગની ચર્ચામાં પાંચ પ્રકારના વસ્ત્રોનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે : ૧. જાંગિક, ૨. ભાંગિક, ૩. સાનક, ૪. પોતક, ૫. તિરીટપટ્ટક. રજોહરણ-ગ્રહણની ચર્ચામાં પાંચ પ્રકારના રજોહરણો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે : ૧. ઔર્ણિક, ૨. ઔષ્ટ્રિક, ૩. શનક, ૪. વચ્ચકચિપ્પક, ૫. મુંજચિપ્પક. તૃતીય ઉદ્દેશની વ્યાખ્યામાં ભાષ્યકારે નીચેની વાતો પર પ્રકાશ પાડ્યો છે : નિર્ગ્રન્થોનો નિર્ગ્રન્થીઓના અને નિર્ગ્રન્થીઓનો નિર્ગ્રન્થોના ઉપાશ્રયમાં પ્રવેશ, નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થીઓ દ્વારા સલોમાદિ ચર્મનો ઉપયોગ, કૃત્સ્ન તથા અકૃત્સ્ન વસ્ત્રનો સંગ્રહ તથા ઉપયોગ, ભિન્ન તથા અભિન્ન વસ્ત્રનો સંગ્રહ તથા ઉપયોગ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવગ્રહાનન્તક તથા અવગ્રહપટ્ટકનો ઉપયોગ, નિર્ગ્રન્થી દ્વારા વસ્ત્રાદિગ્રહણ, નવદીક્ષિત શ્રમણ-શ્રમણીઓ માટે ઉપધિની મર્યાદા, પ્રથમ વર્ષાઋતુમાં ઉપધિગ્રહણની વિધિ, વસ્ત્રવિભાજનની નિર્દોષ વિધિ, અભ્યુત્થાન-વંદના વગેરે કરવાનું વિધાન, કોઈ ઘરની અંદર અથવા બે ઘરની વચ્ચે સૂવા-બેસવાનો નિષેધ, શય્યા-સંસ્તારકની યાચના તથા રક્ષા, અસુરક્ષિત સ્થાનનો ત્યાગ. ભિન્ન તથા અભિન્ન વસ્ત્રનું સ્વરૂપ બતાવતાં આચાર્યે વસ્ત્ર ફાડવાથી થનારી હિંસા અહિંસાની ચર્ચા કરી છે. આ ચર્ચામાં નિમ્નોક્ત બાબતોનો વિચાર કરવામાં આવ્યો છે : દ્રવ્યહિંસા અને ભાવહિંસાનું સ્વરૂપ, હિંસામાં રાગાદિની તીવ્રતા અને તીવ્ર કર્મબંધ, રાગાદિની મંદતા અને મંદ કર્મબંધ, હિંસકમાં જ્ઞાન અને અજ્ઞાનના કારણે કર્મબન્ધનું ન્યૂનાધિક્ય, અધિકરણની વિવિધતાથી કર્મબંધનું વૈવિધ્ય, હિંસકની દેહાદિની શક્તિને કારણે કર્મબંધનની વિચિત્રતા. અવગ્રહાનન્તક અને અવગ્રહપટ્ટકના ઉપયોગની ચર્ચા કરતાં આચાર્યે એ વાતનું સમર્થન કર્યું છે કે નિર્ગ્રન્થો માટે આ બંનેનો ઉપયોગ વર્જિત છે જ્યારે નિર્ગ્રન્થીઓ માટે તેમનો ઉપયોગ અનિવાર્ય છે. આ પ્રસંગે અપૂર્ણ વસ્ત્ર-ધારણનો નિષેધ કરતાં ભાષ્યકારે નિર્ગ્રન્થીઓના અપહરણ વગેરેની ચર્ચા કરી છે. ગર્ભાધાનની ચર્ચા કરતાં બતાવવામાં આવ્યું છે કે પુરુષ-સંસર્ગના અભાવમાં પણ નિમ્નોક્ત પાંચ કારણોથી ગર્ભાધાન થઈ શકે છે : ૧. દુર્વિકૃત તથા દુર્નિષણ્ણ સ્ત્રીની યોનિમાં પુરુષનિસૃષ્ટ શુક્રપુદ્ગલ કોઈ રીતે પ્રવિષ્ટ થઈ જાય, ૨. સ્ત્રી સ્વયં પુત્રેચ્છાથી તેને પોતાની યોનિમાં પ્રવિષ્ટ કરાવે, ૩. અન્ય કોઈ તેને તેની યોનિમાં રાખી દે, ૪. વસ્ત્ર-સંસર્ગથી શુક્રપુદ્ગલ સ્ત્રી-યોનિમાં પ્રવિષ્ટ થઈ જાય, ૫. ઉદકાચમનથી સ્ત્રીની અંદર શુક્રપુદ્ગલ પ્રવિષ્ટ થઈ જાય. ચતુર્થ ઉદ્દેશની વ્યાખ્યામાં નિમ્નલિખિત વિષયોનું વિવેચન કરવામાં આવ્યું છે : હસ્તકર્મ, મૈથુન અને રાત્રિભોજન માટે અનુદ્‌ઘાતિક અર્થાત્ ગુરુ પ્રાયશ્ચિત્ત, દુષ્ટ, પ્રમત્ત અને અન્યોન્યકારક માટે પારાંચિક પ્રાયશ્ચિત્ત, સાધર્મિક-સ્તૈન્ય, અન્યધાર્મિકસ્તૈન્ય તથા હસ્તાતાલ માટે અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત, પંડક, ક્લીબ અને વાતિક માટે પ્રવ્રજ્યાનો નિષેધ, અવિનીત, વિકૃતિપ્રતિબદ્ધ અને અવ્યવશમિતકષાય માટે વાચનાનું વર્જન, દુષ્ટ, મૂઢ તથા વ્યુદ્‌ગ્રાહિત માટે ઉપદેશનો નિષેધ, રુગ્ણ નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થીઓની યતનાપૂર્વક સેવા-શુશ્રૂષા, કાલાતિક્રાન્ત તથા ક્ષેત્રાતિક્રાન્ત અશનાદિની અકલ્પ્યતા, અકલ્પ્ય અશનાદિનો નિર્દોષ ઉપયોગ તથા વિસર્જન, અશનાદિકની કલ્પ્યતા અને અકલ્પ્યતા, ગણાન્તરોપસંપદાનું ગ્રહણ તથા તેની યથોચિત વિધિ, મૃત્યુપ્રાપ્ત ભિક્ષુકના શરીરની પરિષ્ઠાપના, ભિક્ષુકનું ગૃહસ્થ સાથે અધિકરણ — ઝઘડો અને તેનું વ્યવશમન,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરિહારતપમાં સ્થિત ભિક્ષુકનું ભક્તપાનાદિ, વિવિધ નદીઓને પાર કરવાની મર્યાદાઓ, વિવિધ ઋતુઓ માટે યોગ્ય ઉપાશ્રય. હસ્તકર્મનું સ્વરૂપ બતાવતાં ભાષ્યકારે આઠ પ્રકારના હસ્તકર્મનો ઉલ્લેખ કર્યો છે : છેદન, ભેદન, ઘર્ષણ, પેષણ, અભિઘાત, સ્નેહ, કાય અને ક્ષાર. મૈથુનનું સ્વરૂપ દર્શાવતાં આચાર્યે લખ્યું છે કે મૈથુનભાવ રાગાદિથી રહિત નથી હોતો આથી તેના માટે કોઈ પ્રકારના અપવાદનું વિધાન નથી. પંડક વગેરેની પ્રવ્રજયાનો નિષેધ કરતાં આચાર્યે પંડકના સામાન્ય રીતે છ લક્ષણ દર્શાવ્યાં છે : ૧. મહિલાસ્વભાવ, ૨. સ્વરભેદ, ૩. વર્ણભેદ, ૪. મહન્મેઢ્ર, ૫. મૂદુવાક્, ૬. સશબ્દ-અફેનક મૂત્ર. આ જ પ્રસંગે ભાષ્યકારે એક જ જન્મમાં પુરુષ, સ્ત્રી અને નપુંસકવેદનો અનુભવ કરનાર કપિલનું દૃષ્ટાંત પણ આપ્યું છે. પંચમ ઉદ્દેશની વ્યાખ્યામાં નિમ્ન વિષયોનો સમાવેશ છે : ગચ્છસમ્બન્ધી શાસ્ત્ર-સ્મરણ અને તદ્વિષયક વ્યાઘાત, ક્લેશયુક્ત ચિત્તથી ગચ્છમાં રહેવાથી અથવા સ્વગચ્છને છોડીને અન્ય ગચ્છમાં ચાલ્યા જવાથી લાગતા દોષો અને તેમનું પ્રાયશ્ચિત્ત, નિઃશંક તથા સશંક રાત્રિભોજન, ઉદ્ગાર — વમનાદિવિષયક દોષ તથા પ્રાયશ્ચિત્ત, આહાર-પ્રાપ્તિ માટે પ્રયત્ન તથા યાતનાઓ, નિર્ગ્રન્થીવિષયક વિશેષ વિધિ-વિધાન. છઠ્ઠા ઉદ્દેશના ભાષ્યમાં શ્રમણ-શ્રમણીઓ સંબંધિત નિમ્ન વિષયો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે : નિર્દોષ વચનોનો પ્રયોગ તથા અલીકાદિ વચનોનો અપ્રયોગ, પ્રાણાતિપાત વગેરે સાથે સંબંધિત પ્રાયશ્ચિત્તોના પ્રસ્તાર — વિવિધ પ્રકાર, કંટક વગેરેનું ઉદ્ધરણ, દુર્ગમ માર્ગનું અનાલંબન, ક્ષિપ્તચિત્ત નિર્ગ્રન્થીની સમુચિત ચિકિત્સા, સાધુઓના પરિમંથ અર્થાત્ વ્યાઘાત અને તેનું સ્વરૂપ, વિવિધ કલ્પસ્થિતિઓ તથા તેમનું સ્વરૂપ. ભાષ્યના અંતમાં કલ્પાધ્યયન શાસ્ત્રના અધિકારીની યોગ્યતાઓનું નિરૂપણ છે.

બૃહત્કલ્પ-લઘુભાષ્યનું જૈન સાહિત્યના ઇતિહાસમાં જ નહીં, સંપૂર્ણ ભારતીય સાહિત્યના ઇતિહાસમાં પણ એક મહત્ત્વપૂર્ણ સ્થાન છે. તેમાં ભાષ્યકારના સમયની તથા અન્યકાલીન ભારતીય સામાજિક, સાંસ્કૃતિક, રાજનૈતિક તથા ધાર્મિક સ્થિતિ પર પ્રકાશ પાડનારી સામગ્રીની પ્રચુરતાનું દર્શન થાય છે. જૈન સાધુઓ માટે તો આનું વ્યવહારિક મહત્ત્વ છે જ.

બૃહત્કલ્પ-બૃહદ્ભાષ્ય :

આ ભાષ્ય અપૂર્ણ જ ઉપલબ્ધ છે. ઉપલબ્ધ ભાષ્યમાં પીઠિકા તથા પ્રારંભના બે ઉદ્દેશ પૂર્ણ છે તથા તૃતીય ઉદ્દેશ અપૂર્ણ છે. આમાં બૃહત્કલ્પ-લઘુભાષ્યમાં પ્રતિપાદિત વિષયોનું જ વિસ્તારપૂર્વક વિવેચન કરવામાં આવ્યું છે. ક્યાંક-ક્યાંક ગાથાઓમાં વ્યતિક્રમ દૃષ્ટિગોચર થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યવહારભાષ્ય :

આ ભાષ્ય પણ સાધુઓના આચાર સંબંધી છે. આમાં પણ બૃહત્કલ્પ-લઘુભાષ્યની જેમ જ પ્રારંભમાં પીઠિકા છે. પીઠિકાના પ્રારંભમાં વ્યવહાર, વ્યવહારી તથા વ્યવહર્તવ્યનું સ્વરૂપ દર્શાવવામાં આવ્યું છે. વ્યવહારમાં દોષોની સંભાવનાને નજરમાં રાખતાં પ્રાયશ્ચિત્તનું અર્થ, ભેદ, નિમિત્ત વગેરે દૃષ્ટિથી વ્યાખ્યાન કરવામાં આવ્યું છે. વચ્ચે-વચ્ચે અનેક પ્રકારનાં દૃષ્ટાન્ત પણ આપવામાં આવ્યાં છે. પીઠિકા પછી સૂત્ર-સ્પર્શિક નિર્યુક્તિનું વ્યાખ્યાન શરૂ થાય છે. પ્રથમ ઉદ્દેશની વ્યાખ્યામાં ભિક્ષુ, માસ, પરિહાર, સ્થાન, પ્રતિસેવના, આલોચના વગેરે પદોનું નિક્ષેપપૂર્વક વિવેચન કરવામાં આવ્યું છે. આધાકર્મ વગેરે સંબંધિત અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચાર માટે વિભિન્ન પ્રાયશ્ચિત્તનું વિધાન કરવામાં આવ્યું છે. અતિક્રમ માટે માસગુરુ, વ્યતિક્રમ માટે માસગુરુ અને કાલલઘુ, અતિચાર માટે તપોગુરુ અને કાલગુરુ તથા અનાચાર માટે ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્તનું વિધાન છે. પ્રાયશ્ચિત્તથી મૂલગુણો તથા ઉત્તરગુણો બંને પરિશુદ્ધ થાય છે. તેમની પરિશુદ્ધિથી જ ચારિત્રની શુદ્ધિ થાય છે. પિણ્ડવિશુદ્ધિ, સમિતિ, ભાવના, તપ, પ્રતિમા અને અભિગ્રહ ઉત્તરગુણાન્તર્ગત છે. આનાં ક્રમશઃ ૪૨, ૮, ૨૫, ૧૨, ૧૨ અને ૪ ભેદ છે. પ્રાયશ્ચિત્ત કરનાર પુરુષ બે પ્રકારના હોય છે : નિર્ગત અને વર્તમાન. જે પ્રાયશ્ચિત્તથી અતિક્રાન્ત છે તે નિર્ગત છે. જે પ્રાયશ્ચિત્તમાં વિદ્યમાન છે તે વર્તમાન છે. પ્રાયશ્ચિત્તાર્હ અર્થાત્ પ્રાયશ્ચિત્તને યોગ્ય પુરુષ ચાર પ્રકારના હોય છે : ઉભયતર, આત્મતર, પરતર અને અન્યતર. જે સ્વયં તપ કરતા કરતા બીજાની સેવા પણ કરી શકે છે તે ઉભયતર છે. જે માત્ર તપ જ કરી શકે છે તે આત્મતર છે. જે માત્ર સેવા જ કરી શકે છે તે પરતર છે. જે તપ અને સેવા આ બંનેમાંથી કોઈ એક સમયે એકનું જ સેવન કરી શકે છે તે અન્યતર છે. શિથિલતાવશ ગચ્છ છોડીને પુનઃ ગચ્છમાં સમ્મિલિત થનાર સાધુ માટે વિવિધ પ્રાયશ્ચિત્તોનું વિધાન કરતાં ભાષ્યકારે પાર્શ્વસ્થ, યથાચ્છન્દ, કુશીલ, અવસન્ન તથા સંસક્તનાં સ્વરૂપ પર પણ પર્યાપ્ત પ્રકાશ પાડ્યો છે. પાર્શ્વસ્થ બે પ્રકારના હોય છે : દેશતઃ પાર્શ્વસ્થ અને સર્વતઃ પાર્શ્વસ્થ. સર્વતઃ પાર્શ્વસ્થના ત્રણ ભેદ છે : પાર્શ્વસ્થ, પ્રાસ્વસ્થ અને પાશસ્થ. જે દર્શન, જ્ઞાન, ચારિત્ર વગેરેના પાર્શ્વ અર્થાત્ સમીપ — તટ પર છે તે પાર્શ્વસ્થ છે. જે જ્ઞાનાદિ પ્રત્યે સ્વસ્થ ભાવ રાખવા છતાં પણ તદ્વિષયક ઉદ્યમથી દૂર રહે છે તે પ્રાસ્વસ્થ છે. જે મિથ્યાત્વ વગેરે પાશોમાં સ્થિત છે તે પાશસ્થ છે. જે સ્વયં પરિભ્રષ્ટ છે તથા બીજાને પણ ભ્રષ્ટાચારનું શિક્ષણ આપે છે તે યથાચ્છન્દ — ઇચ્છાછન્દ છે. જે જ્ઞાનાચાર વગેરેની વિરાધના કરે છે તે કુશીલ છે. અવસન્ન દેશતઃ અને સર્વતઃ ભેદથી બે પ્રકારના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. આવશ્યકાદિમાં હીનતા, અધિકતા, વિપર્યય વગેરે કરનાર દેશાવસન્ન છે. સમયસર સંસ્તારક વગેરેનું પ્રત્યુપેક્ષણ ન કરનાર સર્વાવસન્ન છે. જે પાર્શ્વસ્થ આદિનો સંસર્ગ પ્રાપ્ત કરીને તેમના જેવો બની જાય છે તે સંસક્ત છે. સાધુઓના વિહારની ચર્ચા કરતાં ભાષ્યકારે એકાકી વિહારનો નિષેધ કર્યો છે તથા તત્સમ્બન્ધી દોષોનું નિરૂપણ કર્યું છે. આ પ્રસંગે એક વણિકનું દૃષ્ટાન્ત આપતાં આચાર્યે દર્શાવ્યું છે કે જ્યાં રાજા, વૈદ્ય, ધનિક, નિયતિક અને રૂપયક્ષ — આ પાંચ પ્રકારના લોકો ન હોય ત્યાં ધન અને જીવનનો નાશ થયા વિના નથી રહેતો. અથવા રાજા, યુવરાજ, મહત્તરક, અમાત્ય તથા કુમારથી પરિગૃહિત રાજ્ય ગુણવિશાલ હોય છે. પોતાની ઉન્નતિની કામનાવાળી વ્યક્તિએ આ જ પ્રકારના રાજ્યમાં રહેવું જોઈએ. જે ઉભય યોનિ (માતૃપક્ષ તથા પિતૃપક્ષ)થી શુદ્ધ હોય, પ્રજાની આવકનો માત્ર દશમો ભાગ ગ્રહણ કરે, લોકાચાર તથા નીતિશાસ્ત્રમાં નિપુણ હોય તે જ વાસ્તવમાં રાજા છે, શેષ રાજાભાસ છે. જે પ્રાતઃકાળે ઊઠીને સર્વપ્રથમ શરીરશુદ્ધિ વગેરે આવશ્યક કાર્યોથી નિવૃત્ત થાય છે તથા આસ્થાનિકામાં જઈને રાજ્યના બધા કાર્યોની વિચારણા કરે છે તે યુવરાજ છે. જે ગંભીર છે, માર્દવયુક્ત છે, કુશળ છે, જાતિ તથા વિનયસમ્પન્ન છે તથા યુવરાજની સાથે બધા કાર્યોનું પ્રેક્ષણ કરે છે તે મહત્તરક છે. જે વ્યવહારકુશલ અને નીતિસમ્પન્ન છે તથા જનપદ, રાજધાની અને રાજાનું હિતચિન્તન કરે છે તે અમાત્ય છે. જે દુર્દાન્ત લોકોનું દમન કરીને સંગ્રામનીતિમાં પોતાની કુશળતાનો પરિચય કરાવે છે તે કુમાર છે. જે વૈદ્યકશાસ્ત્રનો પંડિત હોય તથા માતા-પિતા વગેરેથી સંબંધિત રોગોને નિર્મૂલ કરીને સ્વાસ્થ્ય પ્રદાન કરે છે તે વૈદ્ય છે. જેની પાસે પરંપરાથી પ્રાપ્ત કરોડોની સંપત્તિ હોય તે ધનિક છે. જેને ત્યાં નિમ્નલિખિત ૧૭ પ્રકારના ધાન્યના ભંડાર ભરેલા હોય તે નિયતિક છે : ૧. શાલિ, ૨. યવ, ૩. કોદ્રવ, ૪. વ્રીહિ, ૫. રાલક, ૬. તલ, ૭. મુદ્ગ, ૮. માષ, ૯. ચોળા, ૧૦. ચણા, ૧૧. તુવેર, ૧૨. મસુર, ૧૩. કુલત્થ, ૧૪. ગોધૂમ, ૧૫. નિષ્પાવ, ૧૬. અળસી, ૧૭. શણ. જે માઢર અને કૌણ્ડિન્યની દંડનીતિમાં કુશળ છે, કોઈની પાસેથી લાંચ—ઉત્કોચ નથી લેતો તથા કોઈ પ્રકારનો પક્ષપાત નથી કરતો તે રૂપયક્ષ છે. રૂપયક્ષનો શબ્દાર્થ છે મૂર્તિમાન ધર્મનિષ્ઠ દેવ. જે રીતે રાજા વગેરેના અભાવમાં ધન-જીવનની રક્ષા અસંભવ છે તે જ રીતે આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર અને ગીતાર્થના અભાવમાં ચારિત્રધર્મની રક્ષા અસંભવ છે. દ્વિતીય ઉદ્દેશની વ્યાખ્યામાં દ્વિ, સાધર્મિક, વિહાર વગેરે પદોનું વિવેચન છે. વિવિધ પ્રકારના તપસ્વીઓ તથા રોગીઓની સેવાનું વિધાન કરતાં ભાષ્યકારે ક્ષિપ્તચિત્ત તથા દીપ્તચિત્ત સાધુઓની સેવા કરવાની મનોવૈજ્ઞાનિક વિધિ દર્શાવી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યક્તિ ક્ષિપ્તચિત્ત કેમ હોય છે ? ક્ષિપ્તચિત્ત હોવાના ત્રણ કારણ છે : રાગ, ભય અને અપમાન. દીપ્તચિત્ત ક્ષિપ્તચિત્તથી તદ્દન વિરોધી સ્વભાવનો હોય છે. ક્ષિપ્તચિત્ત હોવાનું મુખ્ય કારણ અપમાન છે, જ્યારે દીપ્તચિત્ત હોવાનું મુખ્ય કારણ સમ્માન છે. વિશિષ્ટ સમ્માન પછી મદને કારણે, લાભમદથી પ્રમત્ત થવા અથવા દુર્જય શત્રુઓને જીતવાના મદથી ઉન્મત્ત થવાને કારણે વ્યક્તિ દીપ્તચિત્ત બની જાય છે. ક્ષિપ્તચિત્ત અને દીપ્તચિત્તમાં એક અંતર એ છે કે ક્ષિપ્તચિત્ત પ્રાયઃ મૌન રહે છે જ્યારે દિપ્તચિત્ત અનાવશ્યક બક-બક કર્યા કરે છે. તૃતીય ઉદ્દેશના ભાષ્યમાં ઈચ્છા, ગણ વગેરે શબ્દોનું નિક્ષેપપૂર્વક વ્યાખ્યાન કરવામાં આવ્યું છે તથા ગણાવચ્છેદક, આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર, પ્રવર્તિની વગેરે પદવીઓ ધારણ કરનારાની યોગ્યતાઓનો વિચાર કરવામાં આવ્યો છે. જે એકાદશાંગ-સૂત્રાર્થધારી છે, નવમ પૂર્વના જ્ઞાતા છે, કૃતયોગી છે, બહુશ્રુત છે, બહ્વાગમ છે, સૂત્રાર્થવિશારદ છે, ધીર છે, શ્રુતનિઘર્ષ છે, મહાજન છે તે જ આચાર્ય વગેરે પદવીઓને યોગ્ય છે. ચતુર્થ ઉદ્દેશની વ્યાખ્યામાં સાધુઓના વિહાર સંબંધી વિધિ-વિધાન છે. શીત અને ઉષ્ણકાળના આઠ મહિનામાં આચાર્ય તથા ઉપાધ્યાયે એક પણ અન્ય સાધુ સાથમાં ન હોય તો વિહાર ન કરવો જોઈએ. ગણાવચ્છેદકે ઓછામાં ઓછા બે સાધુઓ સાથે હોય તો જ વિહાર કરવો જોઈએ. આચાર્ય તથા ઉપાધ્યાયે ઓછામાં ઓછા બે સાધુ સાથે હોય તો જ અલગ ચાતુર્માસ કરવો (વર્ષાઋતુમાં એક સ્થાન પર રહેવું) જોઈએ. ગણાવચ્છેદક માટે ચાતુર્માસમાં ઓછામાં ઓછા ત્રણ અન્ય સાધુઓનો સહવાસ અનિવાર્ય છે. પ્રસ્તુત ઉદ્દેશની વ્યાખ્યામાં નિમ્નોક્ત વિષયો પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે : જાતસમામ્નકલ્પ, જાતઅસમામ્નકલ્પ, અજાતસમામ્નકલ્પ, અજાતઅસમામ્નકલ્પ, વર્ષાકાળ માટે ઉપયુક્ત સ્થાન, ત્રૈવાર્ષિકસ્થાપના, ગણધરસ્થાપના, ગ્લાનની સેવા-શુશ્રૂષા, અવગ્રહનો વિભાગ, આહારાદિવિષયક અનુકંપા વગેરે. પંચમ ઉદ્દેશની વ્યાખ્યામાં સાધ્વીઓના વિહારસંબંધી નિયમો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. છઠ્ઠા ઉદ્દેશના ભાષ્યમાં સાધુ-સાધ્વીઓના સંબંધીઓને ત્યાંથી આહારાદિ ગ્રહણ કરવાના નિયમોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. સાતમા ઉદ્દેશના ભાષ્યમાં અન્ય સમુદાયમાંથી આવનાર સાધુ-સાધ્વીઓને પોતાના સમુદાયમાં લેવાના નિયમો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. જે સાધુ-સાધ્વીઓ સાંભોગિક છે અર્થાત્ એક જ આચાર્યના સંરક્ષણમાં રહે છે તેમણે પોતાના આચાર્યની અનુમતિ પ્રાપ્ત કર્યા વગર અન્ય સમુદાયમાંથી આવનાર સાધુ-સાધ્વીઓને પોતાના સંઘમાં સમ્મિલિત ન કરવા જોઈએ. જો કોઈ સ્ત્રીએ એક સંઘમાં દીક્ષા લઈને બીજા સંઘની સાધ્વી બનવું હોય તો તેને દીક્ષા ન આપવી જોઈએ. તેણે જે સંઘમાં રહેવું હોય તે જ સંઘમાં દીક્ષા ગ્રહણ કરવી જોઈએ. પુરુષ માટે એવો નિયમ નથી. તે કારણવશ એક સંઘમાં દીક્ષા લઈને બીજા સંઘના આચાર્યને પોતાના ગુરુ બનાવી શકે છે. દીક્ષા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગ્રહણ કરનારના ગુણ-દોષોનું વિવેચન કરતાં આચાર્યે દર્શાવ્યું છે કે કેટલાક લોકો પોતાના દેશ-સ્વભાવથી જ અનેક દોષોથી યુક્ત હોય છે. આન્ધ્રમાં ઉત્પન્ન થયો હોય અને અક્રૂર હોય, મહારાષ્ટ્રમાં પેદા થયો હોય અને અવાચાળ હોય, કોશલમાં પેદા થયો હોય અને અદુષ્ટ હોય – એવો સોમાંથી એક પણ મળવો દુર્લભ છે. આઠમા ઉદ્દેશની વ્યાખ્યામાં શયનાદિ નિમિત્તે સામગ્રી એકઠી કરવાની તથા પાછી આપવાની વિધિ બતાવવામાં આવી છે તથા આહારની મર્યાદા પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. કુકડીના ઈંડા જેવડા આઠ કોળિયા ખાનાર સાધુ અલ્પાહારી કહેવાય છે. એ જ રીતે બાર, સોળ, ચોવીસ, એકત્રીસ અને બત્રીસ ગ્રાસ ગ્રહણ કરનાર સાધુ ક્રમશઃ અપાર્ધાહારી, અર્ધાહારી, પ્રાપ્તાવમોદર્ય, કિંચિદવમોદર્ય અને પ્રમાણાહારી કહેવાય છે. નવમા ઉદ્દેશની વ્યાખ્યામાં ભાષ્યકારે શય્યાતર અર્થાત્ સાગારિકના જ્ઞાતિજન, સ્વજન, મિત્ર વગેરે આગંતુક લોકો સંબંધિત આહારના ગ્રહણ-અગ્રહણના વિવેક પર પ્રકાશ પાડતાં નિર્ગ્રન્થોની વિવિધ પ્રતિમાઓનું સ્વરૂપ દર્શાવ્યું છે. દસમા ઉદ્દેશ સંબંધિત ભાષ્યમાં યવમધ્યપ્રતિમા અને વજ્રમધ્યપ્રતિમાનું વિશેષ વિવેચન છે. સાથે જ પાંચ પ્રકારના વ્યવહાર, બાલદીક્ષાની વિધિ, દસ પ્રકારની સેવા-વૈયાવૃત્ય વગેરેનું પણ વ્યાખ્યાન કરવામાં આવ્યું છે.

ઓઘનિર્યુક્તિ-ભાષ્ય :

ઓઘનિર્યુક્તિ-લઘુભાષ્યમાં ઓઘ, પિણ્ડ, વ્રત, શ્રમણધર્મ, સંયમ, વૈયાવૃત્ય, ગુપ્તિ, તપ, સમિતિ, ભાવના, પ્રતિમા, ઇન્દ્રિયનિરોધ, પ્રતિલેખના, અભિગ્રહ, અનુયોગ, કાયોત્સર્ગ, ઔપઘાતિક, ઉપકરણ વગેરે વિષયોનું સંક્ષિપ્ત વ્યાખ્યાન છે. ઓઘનિર્યુક્તિ-બૃહદ્ભાષ્યમાં આ જ વિષયો પર વિશેષ પ્રકાશ પાડવામાં આવ્યો છે.

પિણ્ડનિર્યુક્તિ-ભાષ્ય :

આમાં પિણ્ડ, આધાકર્મ, ઔદ્દેશિક, મિશ્રજાત, સૂક્ષ્મપ્રાભૃતિકા, વિશોધિ, અવિશોધિ વગેરે શ્રમણધર્મસંબંધી વિષયોનું સંક્ષિપ્ત વિવેચન છે.

પંચકલ્પ-મહાભાષ્ય :

આ ભાષ્ય પંચકલ્પનિર્યુક્તિના વ્યાખ્યાન રૂપે છે. ભાષ્યકારે નિર્યુક્તિની પ્રથમ ગાથામાં પ્રયુક્ત 'ભદ્રબાહુ' પદનો અર્થ 'સુન્દર બાહુઓથી યુક્ત' કર્યો છે અને દર્શાવ્યું છે કે અન્ય ભદ્રબાહુઓથી છેદસૂત્રકાર ભદ્રબાહુને પૃથક્ સિદ્ધ કરવા માટે તેમના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નામની સાથે પ્રાચીન ગોત્રીય, ચરમ સકલશ્રુતજ્ઞાની અને દશા-કલ્પ-વ્યવહારપ્રણેતા વિશેષણો જોડવામાં આવ્યા છે. પ્રસ્તુત ભાષ્યમાં પાંચ પ્રકારના કલ્પનું સંક્ષિપ્ત વર્ણન છે. પાંચ પ્રકારના કલ્પના ક્રમશઃ છ, સાત, દસ, વીસ અને બેંતાલીસ ભેદ છે. પ્રથમ કલ્પ-મનુજજીવકલ્પ છ પ્રકારનો છે : પ્રવ્રાજન, મુંડન, શિક્ષણ, ઉપસ્થ, ભોગ અને સંવસન. જાતિ, કુળ, રૂપ અને વિનયસંપન્ન વ્યક્તિ જ પ્રવ્રજ્યાને યોગ્ય છે. નિમ્નોક્ત વીસ પ્રકારની વ્યક્તિઓ પ્રવ્રજ્યા માટે અયોગ્ય છે : ૧. બાળ, ૨. વૃદ્ધ, ૩. નપુંસક, ૪. જડ, ૫. ક્લીબ, ૬. રોગી, ૭. સ્તેન, ૮. રાજાપકારી, ૯. ઉન્મત્ત, ૧૦. અદર્શી, ૧૧. દાસ, ૧૨. દુષ્ટ, ૧૩. મૂઢ, ૧૪. અજ્ઞાની, ૧૫. જુંગિત, ૧૬. ભયભીત, ૧૭. પલાયિત, ૧૮. નિષ્કાસિત, ૧૯. ગર્ભિણી અને ૨૦. બાલવત્સા સ્ત્રી. આગળ ક્ષેત્રકલ્પની ચર્ચા કરતાં આચાર્યે સાડા પચ્ચીસ દેશોને આર્યક્ષેત્ર બતાવ્યાં છે જેમાં સાધુ વિચરી શકે છે. આ આર્ય જનપદો તથા તેમની રાજધાનીઓનાં નામ આ પ્રમાણે છે : ૧. મગધ અને રાજગૃહ, ૨. અંગ અને ચમ્પા, ૩. વંગ અને તામ્રલિપ્તિ, ૪. કલિંગ અને કાંચનપુર, ૫. કાશી અને વારાણસી, ૬. કોશલ અને સાકેત, ૭. કુરુ અને ગજપુર, ૮. કુશાવર્ત અને સૌરિક, ૯. પાંચાલ અને કામ્પિલ્ય, ૧૦. જંગલ અને અહિચ્છત્રા, ૧૧. સુરાષ્ટ્ર અને દ્વારવતી, ૧૨. વિદેહ અને મિથિલા, ૧૩. વત્સ અને કૌશાંબી, ૧૪. શાંડિલ્ય અને નંદીપુર, ૧૫. મલય અને ભદ્દિલપુર, ૧૬. વત્સ અને વૈરાટપુર, ૧૭. વરણ અને અચ્છાપુરી, ૧૮. દશાર્ણ અને મૃત્તિકાવતી, ૧૯. ચેદિ અને શૌક્તિકાવતી, ૨૦. સિંધુ અને વીતભય, ૨૧. સૌવીર અને મથુરા, ૨૨. સૂરસેન અને પાપા, ૨૩. ભંગ અને સામપુરિવટ્ટ, ૨૪. કુણાલ અને શ્રાવસ્તી, ૨૫. લાટ અને કોટિવર્ષ, ૨૫½. કેકયાર્ધ અને શ્વેતાંબિકા. દ્વિતીય કલ્પના સાત ભેદ છે : સ્થિતકલ્પ, અસ્થિતકલ્પ, જિનકલ્પ, સ્થવિરકલ્પ, લિંગકલ્પ, ઉપધિકલ્પ અને સંભોગકલ્પ. તૃતીય કલ્પના દસ ભેદ છે : કલ્પ, પ્રકલ્પ, વિકલ્પ, સંકલ્પ, ઉપકલ્પ, અનુકલ્પ, ઉત્કલ્પ, અકલ્પ, દુષ્કલ્પ અને સુકલ્પ. ચતુર્થ કલ્પ અન્તર્ગત નામકલ્પ, સ્થાપનાકલ્પ, દ્રવ્યકલ્પ, ક્ષેત્રકલ્પ, કાલકલ્પ, દર્શનકલ્પ, શ્રુતકલ્પ, અધ્યયનકલ્પ, ચારિત્રકલ્પ વગેરે વીસ પ્રકારના કલ્પોનો સમાવેશ છે. પંચમ કલ્પના દ્રવ્ય, ભાવ, તદુભય, કરણ, વિરમણ, સદાધાર, નિર્વેશ, અંતર, નયાંતર, સ્થિત, અસ્થિત, સ્થાન વગેરે દૃષ્ટિકોણોથી બેંતાલીસ ભેદ કરવામાં આવ્યા છે.

ચૂર્ણિઓ :

જૈન આગમોની પ્રાકૃત અથવા સંસ્કૃતમિશ્રિત પ્રાકૃત વ્યાખ્યાઓ ચૂર્ણિઓ કહેવાય છે. આ પ્રકારની કેટલીક ચૂર્ણિઓ આગમેતર સાહિત્યમાં પણ છે. જૈન આચાર્યોએ નિમ્નોક્ત આગમો પર ચૂર્ણિઓ લખી છે : ૧. આચારાંગ, ૨. સૂત્રકૃતાંગ, ૩. વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ (ભગવતી), ૪. જીવાભિગમ, ૫. નિશીથ, ૬. મહાનિશીથ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭. વ્યવહાર, ૮. દશાશ્રુતસ્કન્ધ, ૯. બૃહત્કલ્પ, ૧૦. પંચકલ્પ, ૧૧. ઓઘનિર્યુક્તિ, ૧૨. જીતકલ્પ, ૧૩. ઉત્તરાધ્યયન, ૧૪. આવશ્યક, ૧૫. દશવૈકાલિક, ૧૬. નન્દી, ૧૭. અનુયોગદ્વાર, ૧૮. જમ્બૂદ્વીપપ્રજ્ઞપ્તિ. નિશીથ અને જીતકલ્પ પર બે-બે ચૂર્ણિઓ લખવામાં આવી છે પરંતુ વર્તમાનમાં એક-એક જ ઉપલબ્ધ છે. અનુયોગદ્વાર, બૃહત્કલ્પ અને દશવૈકાલિક પર પણ બે-બે ચૂર્ણિઓ છે. જિનદાસગણિ મહત્તરની માનવામાં આવતી નિમ્નાંકિત ચૂર્ણિઓનો રચનાક્રમ આ મુજબ છે : નન્દીચૂર્ણિ, અનુયોગદ્વારચૂર્ણિ, ઓઘનિર્યુક્તિચૂર્ણિ, આવશ્યકચૂર્ણિ, દશવૈકાલિકચૂર્ણિ, ઉત્તરાધ્યયનચૂર્ણિ, આચારાંગચૂર્ણિ, સૂત્રકૃતાંગચૂર્ણિ, નિશીથવિશેષચૂર્ણિ. દશાશ્રુતસ્કન્ધચૂર્ણિ તથા બૃહત્કલ્પચૂર્ણિ સંસ્કૃતમિશ્રિત પ્રાકૃતમાં છે. આવશ્યકચૂર્ણિ, અગસ્ત્યસિંહકૃત દશવૈકાલિકચૂર્ણિ તથા જીતકલ્પચૂર્ણિ (સિદ્ધસેનકૃત) પ્રાકૃતમાં છે.

ચૂર્ણિકાર :

ચૂર્ણિકાર રૂપે જિનદાસગણિ મહત્તરનું નામ વિશેષ ઉલ્લેખનીય છે. પરંપરાથી નિમ્ન ચૂર્ણિઓ જિનદાસગણિ મહત્તરની માનવામાં આવે છે : નિશીથવિશેષચૂર્ણિ, નન્દીચૂર્ણિ, અનુયોગદ્વારચૂર્ણિ, આવશ્યકચૂર્ણિ, દશવૈકાલિકચૂર્ણિ, ઉત્તરાધ્યયનચૂર્ણિ, આચારાંગચૂર્ણિ, સૂત્રકૃતાંગચૂર્ણિ. ઉપલબ્ધ જીતકલ્પચૂર્ણિના કર્તા સિદ્ધસેનસૂરિ છે. બૃહત્કલ્પચૂર્ણિ પ્રલમ્બસૂરિની કૃતિ છે. અનુયોગદ્વારની એક ચૂર્ણિ (અંગુલ પદ પર)ના કર્તા ભાષ્યકાર જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ પણ છે. આ ચૂર્ણિ જિનદાસગણિકૃત અનુયોગદ્વારચૂર્ણિમાં અક્ષરશઃ ઉદ્ધૃત છે. દશવૈકાલિક પર અગસ્ત્યસિંહે પણ એક ચૂર્ણિ લખી છે. આ સિવાયના અન્ય ચૂર્ણિકારોના નામ અજ્ઞાત છે.

પ્રસિદ્ધ ચૂર્ણિકાર જિનદાસગણિ મહત્તરના ધર્મગુરુનું નામ ઉત્તરાધ્યયનચૂર્ણિ અનુસાર વાણિજ્યકુલીન, કોટિકગણીય, વજ્રશાખીય ગોપાલગણિ મહત્તર છે તથા વિદ્યાગુરુનું નામ નિશીથ-વિશેષચૂર્ણિ અનુસાર પ્રદ્યુમ્ન ક્ષમાશ્રમણ છે. જિનદાસનો સમય ભાષ્યકાર આચાર્ય જિનભદ્ર અને ટીકાકાર આચાર્ય હરિભદ્રની વચ્ચેનો છે. આનું પ્રમાણ એ છે કે આચાર્ય જિનભદ્રકૃત વિશેષાવશ્યકભાષ્યની ગાથાઓનો પ્રયોગ તેમની ચૂર્ણિઓમાં દૃષ્ટિગોચર થાય છે તથા તેમની ચૂર્ણિઓનો પૂરો ઉપયોગ આચાર્ય હરિભદ્રની ટીકાઓમાં થયેલ જોઈ શકાય છે. આવી સ્થિતિમાં ચૂર્ણિકાર જિનદાસગણિ મહત્તરનો સમય વિ.સં. ૬૫૦-૭૫૦ની આસપાસ માનવો જોઈએ, કેમકે તેમના પૂર્વવર્તી આચાર્ય જિનભદ્ર વિ.સં. ૬૫૦-૬૬૦ની આસપાસ તથા તેમના ઉત્તરવર્તી આચાર્ય હરિભદ્ર વિ.સં. ૭૫૭-૮૨૭ની આસપાસ વિદ્યમાન હતા. નન્દીચૂર્ણિના અંતમાં તેનો રચનાકાળ શક સંવત્ ૫૯૮ ઉલ્લિખિત છે. આ રીતે આ ઉલ્લેખ અનુસાર પણ જિનદાસનો સમય વિક્રમની આઠમી શતાબ્દીનો પૂર્વાર્ધ નિશ્ચિત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીતકલ્પચૂર્ણિના કર્તા સિદ્ધસેનસૂરિ પ્રસિદ્ધ સિદ્ધસેન દિવાકરથી ભિન્ન છે. આનું કારણ એ છે કે સિદ્ધસેન દિવાકર જીતકલ્પ સૂત્રના પ્રણેતા આચાર્ય જિનભદ્રના પૂર્વવર્તી છે, જ્યારે ચૂર્ણિકાર સિદ્ધસેનસૂરિ આચાર્ય જિનભદ્રના પશ્ચાત્‌વર્તી છે. તેમનો સમય વિ.સં. ૧૨૨૭ પૂર્વે છે, પશ્ચાત્ નથી, કેમકે પ્રસ્તુત જીતકલ્પચૂર્ણિની એક ટીકા જેનું નામ વિષમપદવ્યાખ્યા છે, શ્રીચન્દ્રસૂરિએ વિ.સં. ૧૨૨૭માં પૂર્ણ કરી હતી. પ્રસ્તુત સિદ્ધસેન સંભવતઃ ઉપકેશગચ્છીય દેવગુપ્તસૂરિના શિષ્ય અને યશોદેવસૂરિના ગુરુભાઈ છે.

બૃહત્કલ્પચૂર્ણિકાર પ્રલમ્બસૂરિ વિ.સં. ૧૩૩૪ પૂર્વે થયા છે, કેમકે તાડપત્ર પર લિખિત પ્રસ્તુત ચૂર્ણિની એક પ્રતિનો લેખન-સમય વિ.સં. ૧૩૩૪ છે.

દશવૈકાલિકચૂર્ણિકાર અગસ્ત્યસિંહ કોટિગણીય વજ્રસ્વામીની શાખાના એક સ્થવિર છે : તેમના ગુરુનું નામ ઋષિગુપ્ત છે. તેમનો સમય અજ્ઞાત છે. ચૂર્ણિની ભાષા, શૈલી વગેરે જોતાં કહી શકાય કે ચૂર્ણિકાર વિશેષ પ્રાચીન નથી.

નન્દીચૂર્ણિ :

આ ચૂર્ણિ મૂલ સૂત્રનું અનુકરણ કરતાં લખવામાં આવી છે. તેની વ્યાખ્યાનશૈલી સંક્ષિપ્ત તથા સારગ્રાહી છે. તેમાં મુખ્યત્વે જ્ઞાનના સ્વરૂપની ચર્ચા છે. અંતમાં ચૂર્ણિકારે 'णिरेणगामेत्तमहासहा जिता.....' વગેરે શબ્દોમાં પોતાનો પરિચય આપ્યો છે જે સ્પષ્ટ નથી.

અનુયોગદ્વારચૂર્ણિ :

જિનદાસગણિકૃત પ્રસ્તુત ચૂર્ણિ પણ મૂલસૂત્રાનુસારી છે. આમાં નન્દીચૂર્ણિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સપ્તસ્વર, નવરસ વગેરેનું પણ આમાં સોદાહરણ નિરૂપણ કરવામાં આવ્યું છે. અંતમાં ચૂર્ણિકારના નામ વગેરેનો કોઈ ઉલ્લેખ નથી.

આવશ્યકચૂર્ણિ :

આ ચૂર્ણિ મુખ્યત્વે નિર્યુક્ત્યનુસારી છે. અહીં-તહીં વિશેષાવશ્યકભાષ્યની ગાથાઓનું પણ વ્યાખ્યાન કરવામાં આવ્યું છે. ભાષામાં પ્રવાહ તથા શૈલીમાં ઓજ છે. વિષય-વિસ્તાર પણ અન્ય ચૂર્ણિઓની અપેક્ષાએ અધિક છે. કથાનકોની પ્રચુરતા પણ તેની એક વિશેષતા છે. આમાં ઐતિહાસિક આખ્યાનોનાં વિશેષ દર્શન થાય છે. ઓઘનિર્યુક્તિચૂર્ણિ, વસુદેવહિણ્ડિ વગેરે અનેક ગ્રંથોનો આમાં ઉલ્લેખ છે. સંસ્કૃતના અનેક શ્લોક આમાં ઉદ્ધૃત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવશ્યકના સામાયિક નામક પ્રથમ અધ્યયનની વ્યાખ્યા કરતાં ચૂર્ણિકારે અંતિમ તીર્થંકર ભગવાન મહાવીરના ભવોની ચર્ચા કરી છે તથા આદિ તીર્થંકર ભગવાન ઋષભદેવના ધનસાર્થવાહ વગેરે ભવોનું વર્ણન કર્યું છે. ઋષભદેવના જન્મ, વિવાહ, અપત્ય વગેરેનું વર્ણન કરતાં તત્કાલીન શિલ્પ, કર્મ, લેખ વગેરે પર પણ પ્રકાશ પાડ્યો છે. આ જ પ્રસંગે આચાર્યે ઋષભદેવના પુત્ર ભરતની દિગ્વિજય-યાત્રાનું અતિ રોચક તથા વિદ્વત્તાપૂર્ણ વર્ણન કર્યું છે. ભરતનો રાજ્યાભિષેક, ભરત અને બાહુબલિનું યુદ્ધ, બાહુબલિને કેવલજ્ઞાનની પ્રાપ્તિ વગેરે ઘટનાઓના વર્ણનમાં પણ ચૂર્ણિકારે પોતાનું કૌશલ દેખાડ્યું છે. ભગવાન મહાવીરના જીવન સંબંધિત નિમ્નોક્ત ઘટનાઓનું વર્ણન પણ પ્રસ્તુત ચૂર્ણિમાં ઉપલબ્ધ છે : ધૈર્ય-પરીક્ષા, વિવાહ, અપત્ય, દાન, સમ્બોધ, લોકાન્તિકાગમન, ઈન્દ્રાગમન, દીક્ષા-મહોત્સવ, ઉપસર્ગ, અભિગ્રહ-પંચક, અચ્છંદક-વૃત્ત, ચંડકૌશિકવૃત્ત, ગોશાલક-વૃત્ત, સંગમકકૃત-ઉપસર્ગ, દેવીકૃત-ઉપસર્ગ, વૈશાલી વગેરેમાં વિહાર, ચંદનબાળા-વૃત્ત, ગોપકૃત-શલાકોપસર્ગ, કેવલોત્પાદ, સમવસરણ, ગણધર-દીક્ષા. સામાયિકસંબંધી અન્ય વિષયોની ચર્ચામાં આનંદ, કામદેવ, શિવરાજર્ષિ, ગંગદત્ત, ઈલાપુત્ર, મેતાર્ય, કાલિકાચાર્ય, ચિલાતિપુત્ર, ધર્મરુચિ, તેતલીપુત્ર વગેરે અનેક ઐતિહાસિક આખ્યાનોનાં દૃષ્ટાન્ત આપવામાં આવ્યાં છે. તૃતીય અધ્યયન વંદનાની વ્યાખ્યામાં ચૂર્ણિકારે વંદ્યાવંદ્યનો વિચાર કરતાં પાંચ પ્રકારના શ્રમણોને અવંદ્ય બતાવ્યા છે : ૧. આજીવક, ૨. તાપસ, ૩. પરિવ્રાજક, ૪. તચ્ચંણિય (તત્ક્ષણિક), ૫. બોટિક. પ્રતિક્રમણ નામના ચતુર્થ અધ્યયનની ચૂર્ણિમાં અભયકુમાર, શ્રેણિક, ચેલ્લણા, સુલસા, કોણિક, ચેટક, ઉદાયી, મહાપદ્મનંદ, શકટાલ, વરરુચિ, સ્થૂલભદ્ર વગેરે ઐતિહાસિક વ્યક્તિઓ સંબંધિત અનેક કથાનકોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આગળના અધ્યયનોમાં પણ આ જ પ્રકારે વિવિધ વિષયોનું સદૃષ્ટાન્ત વ્યાખ્યાન કરવામાં આવ્યું છે.

દશવૈકાલિકચૂર્ણિ (જિનદાસકૃત) :

પ્રસ્તુત ચૂર્ણિ નિર્યુક્તિનું અનુસરણ કરે છે. આમાં આવશ્યકચૂર્ણિનો પણ ઉલ્લેખ છે. પાંચમા અધ્યયન સંબંધિત ચૂર્ણિમાં માંસાહાર, મદ્યપાન વગેરેની પણ ચર્ચા છે. ચૂર્ણિકારે તરંગવતી, ઓઘનિર્યુક્તિ, પિણ્ડનિર્યુક્તિ વગેરે ગ્રંથોનો નામોલ્લેખ પણ કર્યો છે.

ઉત્તરાધ્યયનચૂર્ણિ :

આ ચૂર્ણિ પણ નિર્યુક્ત્યાનુસારી છે. આના અંતમાં ચૂર્ણિકારે પોતાનો પરિચય આપતાં પોતાને 'वाणिजकुलसंभूओ, कोडियगणिओ उ वयरसाहीतो । गोवालियमहत्तरओ..... तेसिं सीसेण इमं.....' અર્થાત્ વાણિજ્યકુલીન,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોટિકગણીય, વજ્રશાખીય ગોપાલગણિ મહત્તરના શિષ્ય બતાવ્યા છે. આમાં આચાર્યે પોતાની કૃતિ દશવૈકાલિકચૂર્ણિનો પણ ઉલ્લેખ કર્યો છે.

આચારાંગચૂર્ણિ :

આ ચૂર્ણિ પણ નિર્યુક્તિનું અનુસરણ કરીને લખવામાં આવી છે. આમાં અહીં તહીં પ્રાકૃત ગાથાઓ તથા સંસ્કૃત શ્લોકો પણ ઉદ્ધૃત કરવામાં આવ્યા છે. આ ઉદ્ધરણોના સ્થળ-નિર્દેશની તરફ ચૂર્ણિકારે ધ્યાન આપ્યું નથી.

સૂત્રકૃતાંગચૂર્ણિ :

આચારાંગચૂર્ણિ અને સૂત્રકૃતાંગચૂર્ણિની શૈલીમાં અત્યધિક સામ્ય છે. આમાં સંસ્કૃતનો પ્રયોગ અપેક્ષા કરતાં અધિક છે. વિષય-વિવેચન સંક્ષિપ્ત તથા સ્પષ્ટ છે. સૂત્રકૃતાંગની ચૂર્ણિ પણ આચારાંગ વગેરેની ચૂર્ણિઓની જ જેમ નિર્યુક્ત્યાનુસારી છે.

જીતકલ્પ-બૃહચ્ચૂર્ણિ :

સિદ્ધસેનસૂરિપ્રણીત પ્રસ્તુત ચૂર્ણિમાં તેની પહેલાં રચાયેલી એક અન્ય ચૂર્ણિનો પણ ઉલ્લેખ છે. પ્રસ્તુત ચૂર્ણિ અથથી ઇતિ સુધી પ્રાકૃતમાં છે. આમાં જેટલી ગાથાઓ તથા ગદ્યાંશ ઉદ્ધૃત છે, બધું પ્રાકૃતમાં છે. આ ચૂર્ણિ મૂલસૂત્રાનુસારી છે. પ્રારંભ તથા અંતમાં ચૂર્ણિકારે જીતકલ્પસૂત્રના પ્રણેતા આચાર્ય જિનભદ્રગણિ ક્ષમાશ્રમણને સાદર નમસ્કાર કર્યા છે.

દશવૈકાલિકચૂર્ણિ (અગસ્ત્યસિંહકૃત) :

પ્રસ્તુત ચૂર્ણિ ભાષા તથા શૈલી બંને દૃષ્ટિએ સુગમ છે. જિનદાસકૃત દશવૈકાલિકચૂર્ણિની જેમ પ્રસ્તુત ચૂર્ણિ પણ નિર્યુક્ત્યાનુસારી છે. ચૂર્ણિના અંતમાં ચૂર્ણિકારે પોતાનો સંપૂર્ણ પરિચય આપ્યો છે. ચૂર્ણિકારનું નામ કલશભવમૃગેન્દ્ર અર્થાત્ અગસ્ત્યસિંહ છે. ચૂર્ણિકારના ગુરુનું નામ ઋષિગુપ્ત છે. તેઓ કોટિગણીય વજ્રસ્વામીની શાખાના છે. પ્રસ્તુત ચૂર્ણિગત મૂલ સૂત્ર-પાઠ, જિનદાસકૃત ચૂર્ણિનો મૂલ સૂત્ર-પાઠ તથા હારિભદ્રીય વૃત્તિનાં મૂલ-સૂત્ર — આ ત્રણેમાં ક્યાંક-ક્યાંક થોડું અંતર દૃષ્ટિગોચર થાય છે. આ જ વાત નિર્યુક્તિ-ગાથાઓના વિષયમાં પણ છે. નિર્યુક્તિની કેટલીક ગાથાઓ એવી પણ છે જે હારિભદ્રીય વૃત્તિમાં તો ઉપલબ્ધ છે પરંતુ બંને ચૂર્ણિઓમાં નથી મળતી.

નિશીથ-વિશેષચૂર્ણિ :

જિનદાસગણિકૃત પ્રસ્તુત ચૂર્ણિ મૂલ સૂત્ર, નિર્યુક્તિ તથા ભાષ્યના વિવેચન રૂપે છે. આમાં સંસ્કૃતનો પ્રયોગ ઓછો છે. પ્રારંભમાં પીઠિકા છે જેમાં નિશીથની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભૂમિકા રૂપે તે સંબંધી આવશ્યક વિષયોનું વ્યાખ્યાન કરવામાં આવ્યું છે. પ્રારંભિક મંગલ-ગાથાઓમાં આચાર્યે પોતાના વિદ્યાગુરુ પ્રદ્યુમ્ન ક્ષમાશ્રમણને પણ નમસ્કાર કર્યા છે. આ જ પ્રસંગે તેમણે એ પણ બતાવ્યું છે કે નિશીથનું બીજું નામ પ્રકલ્પ પણ છે. નિશીથનો અર્થ છે અપ્રકાશ અર્થાત્ અંધકાર. અપ્રકાશિત વચનોના નિર્ણય માટે નિશીથસૂત્ર છે. પ્રથમ ઉદ્દેશની ચૂર્ણિમાં હસ્તકર્મનું વિશ્લેષણ કરતાં આચાર્યે બતાવ્યું છે કે હસ્તકર્મ બે પ્રકારનું છે : અસંક્લિષ્ટ અને સંક્લિષ્ટ. અસંક્લિષ્ટ હસ્તકર્મ આઠ પ્રકારનું છે : છેદન, ભેદન, ઘર્ષણ, પેષણ, અભિઘાત, સ્નેહ, કાય અને ક્ષાર. સંક્લિષ્ટ હસ્તકર્મ બે પ્રકારનું છે : સનિમિત્ત અને અનિમિત્ત. સનિમિત્ત હસ્તકર્મ ત્રણ પ્રકારના કારણોથી થાય છે : શબ્દ સાંભળીને, રૂપ જોઈને અથવા પૂર્વ અનુભૂત વિષયનું સ્મરણ કરીને. અંગોપાંગનું વિવેચન કરતાં ચૂર્ણિકારે દર્શાવ્યું છે કે શરીરના ત્રણ ભાગ છે : અંગ, ઉપાંગ અને અંગોપાંગ. અંગ આઠ છે : માથું, હૃદય, પેટ, પીઠ, બે હાથ અને બે ઊરુ. કાન, નાક, આંખો, જાંઘ, હાથ અને પગ ઉપાંગ છે. નખ, વાળ, શ્મશ્રુ, આંગળીઓ, હસ્તતલ અને હસ્તોપતલ અંગોપાંગ છે. દંડ, વિદંડ, લાઠી તથા વિલટ્ઠીનો ભેદ આચાર્યે આ રીતે કર્યા છે : દંડ ત્રણ હાથનો હોય છે, વિદંડ બે હાથનો હોય છે, લાઠી આત્મપ્રમાણ હોય છે, વિલટ્ઠી લાઠીથી ચાર અંગુલ ન્યૂન હોય છે. આ રીતે દ્વિતીય ઉદ્દેશની વ્યાખ્યામાં શય્યા અને સંસ્તારકનો ભેદ બતાવતાં કહેવામાં આવ્યું છે કે શય્યા સર્વાંગિકા અર્થાત્ આખા શરીર જેવડી હોય છે જ્યારે સંસ્તારક અઢી હાથ જ લાંબો હોય છે. ઉપધિનું વિવેચન કરતાં આચાર્યે દર્શાવ્યું છે કે ઉપધિ બે પ્રકારની હોય છે : અવધિયુક્ત અને ઉપગૃહીત. જિનકલ્પિકો માટે બાર પ્રકારની, સ્થવિરકલ્પિકો માટે ચૌદ પ્રકારની તથા આર્યાઓ-સાધ્વીઓ માટે પચ્ચીસ પ્રકારની ઉપધિ અવધિયુક્ત છે. જિનકલ્પિક બે પ્રકારના છે : પાણિપાત્રભોજી અને પ્રતિગ્રહધારી. આના ફરી બે-બે ભેદ છે : સપ્રાવરણ — સવસ્ત્ર અને અને અપ્રાવરણ — નિર્વસ્ત્ર. જિનકલ્પમાં ઉપધિની આઠ કોટિઓ છે : બે, ત્રણ, ચાર, પાંચ, નવ, દસ, અગિયાર અને બાર (પ્રકારની ઉપધિ). નિર્વસ્ત્ર પાણિપાત્રની જઘન્ય ઉપધિ બે પ્રકારની છે : રજોહરણ અને મુખવસ્ત્રિકા. આ જ પાણિપાત્ર જો સવસ્ત્ર હોય તો તેની જઘન્ય ઉપધિ ત્રણ પ્રકારની થશે : રજોહરણ, મુખવસ્ત્રિકા અને એક વસ્ત્ર. આ પ્રમાણે ઉપધિની સંખ્યા ક્રમશઃ વધતી જાય છે. છઠ્ઠા ઉદ્દેશની વ્યાખ્યામાં સાધુઓ માટે મૈથુનસંબંધી દોષો તથા પ્રાયશ્ચિત્તોનું વર્ણન કરતાં ચૂર્ણિકારે માતૃગ્રામ અને મૈથુનનો શબ્દાર્થ આ પ્રમાણે કર્યો છે : માતા સમાન નારીઓના વૃંદને માતૃગ્રામ કહે છે. અથવા સામાન્ય સ્ત્રી-વર્ગને માતૃગ્રામ-માઉગ્ગામ કહેવાય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેમ કે મરાઠીમાં સ્ત્રીને માઉગ્ગામ કહે છે. મિથુનભાવ અથવા મિથુનકર્મને મૈથુન કહે છે : માતૃગ્રામના ત્રણ પ્રકાર છે : દિવ્ય, મનુષ્ય અને તિર્યંચ. આમાંથી પ્રત્યેકના બે ભેદ છે : દેહયુક્ત અને પ્રતિમાયુક્ત. દેહયુક્તના પુનઃ બે ભેદ છે : સજીવ અને નિર્જીવ. પ્રતિમાયુક્ત પણ બે પ્રકારનાં છે : સન્નિહિત અને અસન્નિહિત. કામીઓનાં પ્રેમપત્ર-લેખનનું વિવેચન કરતાં આચાર્યે દર્શાવ્યું છે કે લેખ બે પ્રકારના હોય છે : છન્ન — અપ્રકાશિત અને પ્રકટ — પ્રકાશિત. છન્ન લેખ ત્રણ પ્રકારનો છે : લિપિછન્ન, ભાષાછન્ન અને અર્થછન્ન. સાતમા ઉદ્દેશની વ્યાખ્યામાં કુંડલ, ગુણ, મણિ, તુડિય, તિસરિય, વાલંભા, પલંબા, હાર, અર્ધહાર, એકાવલી, મુક્તાવલી, કનકાવલી, રત્નાવલી, પટ્ટ, મુકુટ વગેરે આભરણોનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. એ જ રીતે આલિંગન, પરિષ્વજન, ચુંબન, છેદન અને વિચ્છેદનરૂપ કામ-ક્રીડાઓ પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે. આઠમા ઉદ્દેશ સંબંધિત ચૂર્ણિમાં ઉદ્યાન, ઉદ્યાનગૃહ, ઉદ્યાનશાળા, નિર્યાણ, નિર્યાણગૃહ, નિર્યાણશાળા, અટ્ટ, અટ્ટાલક, ચરિકા, પ્રાકાર, દ્વાર, ગોપુર, દક, દકમાર્ગ, દકપથ, દકતીર, દકસ્થાન, શૂન્યગૃહ, શૂન્યશાળા, ભિન્નગૃહ, ભિન્નશાળા, કૂટાગાર, કોષ્ઠાગાર, તૃણગૃહ, તૃણશાળા, તુષગૃહ, તુષશાળા, છુસગૃહ, છુસશાળા, પર્યાયગૃહ, પર્યાયશાળા, કર્માન્તગૃહ, કર્માન્તશાળા, મહાગૃહ, મહાકુલ, ગોગૃહ, ગોશાળા વગેરેનું સ્વરૂપ દર્શાવવામાં આવ્યું છે. નવમા ઉદ્દેશની ચૂર્ણિમાં રાજાના અંતઃપુરમાં મુનિપ્રવેશનો નિષેધ કરતાં આચાર્યે ત્રણ પ્રકારનાં અંતઃપુરનું વર્ણન કર્યું છે : જીર્ણાન્તઃપુર, નવાન્તઃપુર અને કન્યકાન્તઃપુર. આ જ ઉદ્દેશમાં કોષ્ઠાગાર, ભાંડાગાર, પાનાગાર, ક્ષીરગૃહ, ગંજશાળા, મહાનસશાળા વગેરેનું સ્વરૂપ પણ દર્શાવવામાં આવ્યું છે. અગિયારમા ઉદ્દેશની વ્યાખ્યામાં અયોગ્ય દીક્ષાનો નિષેધ કરતાં આચાર્યે ૪૮ પ્રકારની વ્યક્તિઓને પ્રવ્રજ્યા માટે અયોગ્ય માની છે : ૧૮ પ્રકારના પુરુષ, ૨૦ પ્રકારની સ્ત્રીઓ અને ૧૦ પ્રકારના નપુંસક. આ જ પ્રસંગે આચાર્યે ૧૬ પ્રકારના રોગ તથા ૮ પ્રકારની વ્યાધિના નામ ગણાવ્યાં છે. શીઘ્ર નષ્ટ થનાર વ્યાધિ તથા ઘણા સમય બાદ નષ્ટ થનાર રોગ કહેવાય છે. પંદરમા ઉદ્દેશની વ્યાખ્યામાં ચાર પ્રકારના આમ્રનો ઉલ્લેખ છે : ઉસ્સેતિમ, સંસેતિમ, ઉવક્ખડ અને પલિય. પલિય આમ્ર પુનઃ ચાર પ્રકારના છે : ઇંધનપલિય, ધૂમપલિય, ગંધપલિય અને વૃક્ષપલિય. સોળમા ઉદ્દેશની ચૂર્ણિમાં ચૂર્ણિકારે પણ્યશાળા, ભંડશાળા, કર્મશાળા, પચનશાળા, ઇંધનશાળા અને વ્યવહારણશાળાનું સ્વરૂપ દર્શાવ્યું છે. આ ઉદ્દેશમાં જુગુપ્સિત કુળમાંથી આહારાદિના ગ્રહણનો નિષેધ કરતાં આચાર્યે દર્શાવ્યું છે કે જુગુપ્સિત બે પ્રકારના છે : ઇત્વરિક અને યાવત્કથિક. સૂતક વગેરેથી યુક્ત કુળ ઇત્વરિક — કેટલાક સમય માટે જુગુપ્સિત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. લોહકાર, કલાલ, ચર્મકાર વગેરે યાવત્કથિક – જીવનપર્યન્ત જુગુપ્સિત છે. શ્રમણો માટે આર્યદેશમાં જ વિચરવાનું વિધાન કરતાં આચાર્યે આર્યદેશની સીમા આ મુજબ બતાવી છે : પૂર્વમાં મગધ, પશ્ચિમમાં સ્થૂણા, ઉત્તરમાં કુણાલા અને દક્ષિણમાં કૌશામ્બી. અંતિમ ઉદ્દેશ – વીસમા ઉદ્દેશની વ્યાખ્યાના અંતે ચૂર્ણિકારના પૂરા નામ – જિનદાસગણિ મહત્તરનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તથા પ્રસ્તુત ચૂર્ણિનું નામ વિશેષનિશીથચૂર્ણિ દર્શાવવામાં આવ્યું છે. પ્રસ્તુત ચૂર્ણિનું જૈન આચારશાસ્ત્રના વ્યાખ્યાગ્રંથોમાં એક વિશિષ્ટ સ્થાન છે. આમાં આચારના નિયમો સિવાય પ્રાચીન ભારતીય સાંસ્કૃતિક તથા સામાજિક જીવન પર પ્રકાશ પાડનારી સામગ્રીની પણ પ્રચુરતા છે. અન્ય વ્યાખ્યાગ્રંથોની જેમ આમાં પણ અનેક કથાનકો ઉદ્ધૃત કરવામાં આવ્યા છે. આમાં ધૂર્તાખ્યાન, તરંગવતી, મલયવતી, મગધસેન, આર્ય કાલક તથા તેમની બહેન રૂપવતી તથા ઉજ્જયિનીના રાજા ગર્દભિલ્લ વગેરેના વૃત્તાન્ત ઉલ્લેખનીય છે.

દશાશ્રુતસ્કન્ધચૂર્ણિ :

આ ચૂર્ણિ નિર્યુક્ત્યનુસારી છે. વ્યાખ્યાનની શૈલી સરળ છે. મૂળ સૂત્રપાઠ તથા ચૂર્ણિસમ્મત પાઠમાં ક્યાંક-ક્યાંક થોડું અંતર છે. ક્યાંક-ક્યાંક સૂત્રોનો વિપર્યાસ પણ છે.

બૃહત્કલ્પચૂર્ણિ :

આ ચૂર્ણિ લઘુભાષ્યનું અનુસરણ કરે છે. આમાં પીઠિકા તથા છ ઉદ્દેશ છે. આચાર્યે ક્યાંક-ક્યાંક દાર્શનિક ચર્ચા પણ કરી છે. એક સ્થળે વૃક્ષ શબ્દના છ ભાષાઓમાં પર્યાય આપવામાં આવ્યા છે. સંસ્કૃતમાં જે વૃક્ષ છે તે જ પ્રાકૃતમાં રુક્ખ, મગધ દેશમાં ઓદણ, લાટમાં કૂર, દમિલમાં ચોર અને આંધ્રમાં ઇંડાકુ નામે પ્રસિદ્ધ છે. આમાં તત્ત્વાર્થાધિગમ, વિશેષાવશ્યક ભાષ્ય, કર્મપ્રકૃતિ, મહાકલ્પ, ગોવિન્દનિર્યુક્તિ આદિનો પણ ઉલ્લેખ છે. ચૂર્ણિના અંતે ચૂર્ણિકારના નામ વગેરેનો કોઈ ઉલ્લેખ નથી.

ટીકાઓ અને ટીકાકાર :

જૈન આગમોની સંસ્કૃત વ્યાખ્યાઓનું પણ આગમિક સાહિત્યમાં મહત્ત્વપૂર્ણ સ્થાન છે. સંસ્કૃતના પ્રભાવની વિશેષ વૃદ્ધિ થતી જોઈ જૈન આચાર્યોએ પણ પોતાના પ્રાચીનતમ સાહિત્ય આગમ-ગ્રંથો પર સંસ્કૃતમાં ટીકાઓ લખવાનું શરૂ કર્યું. આ ટીકાઓમાં પ્રાચીન નિર્યુક્તિઓ, ભાષ્યો તથા ચૂર્ણિઓની સામગ્રીનો તો ઉપયોગ થયો જ, સાથે સાથે જ ટીકાકારોએ નવા-નવા હેતુઓ તથા તર્કો દ્વારા તે સામગ્રીને પુષ્ટ પણ કરી. આગમિક સાહિત્ય પર પ્રાચીનતમ સંસ્કૃત ટીકા આચાર્ય જિનભદ્રગણિ ક્ષમાશ્રમણકૃત વિશેષાવશ્યકભાષ્યની સ્વોપજ્ઞવૃત્તિ છે. આ વૃત્તિ આચાર્ય જિનભદ્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતાના જીવનકાળમાં પૂર્ણ ન કરી શક્યા. આ અપૂર્ણ કાર્યને કોટ્યાર્યે (જે કોટ્યાચાર્યથી ભિન્ન છે) પૂર્ણ કર્યું. આ દૃષ્ટિએ આચાર્ય જિનભદ્ર પ્રાચીનતમ આગમિક ટીકાકાર છે. ભાષ્ય, ચૂર્ણિ અને ટીકા – ત્રણે પ્રકારના વ્યાખ્યાત્મક સાહિત્યમાં તેમનું યોગદાન છે. ભાષ્યકારના રૂપમાં તો તેમની પ્રસિદ્ધિ છે જ. અનુયોગદ્વારના અંગુલ પદ પર તેમની એક ચૂર્ણિ પણ છે. ટીકાના રૂપમાં એમણે લખેલી વિશેષાવશ્યકભાષ્ય-સ્વોપજ્ઞવૃત્તિ છે જ. ટીકાકારોમાં હરિભદ્રસૂરિ, શીલાંકસૂરિ, વાદિવેતાલ શાન્તિસૂરિ, અભયદેવસૂરિ, મલયગિરિ, મલધારી હેમચન્દ્ર વગેરે વિશેષ પ્રસિદ્ધ છે. આમાં હરિભદ્રસૂરિ પ્રાચીનતમ છે. કેટલાક ટીકાકારોનાં નામ અજ્ઞાત પણ છે. જ્ઞાતનામ ટીકાકારો આ છે : જિનભદ્રગણિ, હરિભદ્રસૂરિ, કોટ્યાચાર્ય, કોટ્યાર્ય અથવા કોટ્ટાર્ય, જિનભટ, શીલાંકસૂરિ, ગંધહસ્તી, વાદિવેતાલ શાન્તિસૂરિ, અભયદેવસૂરિ, દ્રોણસૂરિ, મલયગિરિ, મલધારી હેમચન્દ્ર, નેમિચન્દ્રસૂરિ અપરનામ દેવેન્દ્રગણિ, શ્રીચન્દ્રસૂરિ, શ્રીતિલકસૂરિ, ક્ષેમકીર્તિ, ભવનતુંગસૂરિ, ગુણરત્ન, વિજયવિમલ, વાનરર્ષિ, હીરવિજયસૂરિ, શાન્તિચન્દ્રગણિ, જિનહંસ, હર્ષકુલ, લક્ષ્મીકલ્લોલગણિ, દાનશેખરસૂરિ, વિનયહંસ, નમિસાધુ, જ્ઞાનસાગર, સોમસુન્દર, માણિક્યશેખર, શુભવર્ધનગણિ, ધીરસુન્દર, કુલપ્રભ, રાજવલ્લભ, હિતરુચિ, અજિતદેવસૂરિ, સાધુરંગ ઉપાધ્યાય, નગર્ષિગણિ, સુમતિકલ્લોલ, હર્ષનન્દન, મેઘરાજ વાચક, ભાવસાગર, પદ્મસુન્દરગણિ, કસ્તૂરચન્દ્ર, હર્ષવલ્લભ ઉપાધ્યાય, વિવેકહંસ ઉપાધ્યાય, જ્ઞાનવિમલસૂરિ, રાજચન્દ્ર, રત્નપ્રભસૂરિ, સમરચન્દ્રસૂરિ, પદ્મસાગર, જીવવિજય, પુણ્યસાગર, વિનયરાજગણિ, વિજયસેનસૂરિ, હેમચન્દ્રગણિ, વિશાલસુન્દર, સૌભાગ્યસાગર, કીર્તિવલ્લભ, કમલસંયમ ઉપાધ્યાય, તપોરત્ન વાચક, ગુણશેખર, લક્ષ્મીવલ્લભ, ભાવવિજય, હર્ષનંદનગણિ, ધર્મમંદિર ઉપાધ્યાય, ઉદયસાગર, મુનિચન્દ્રસૂરિ, જ્ઞાનશીલગણિ, બ્રહ્મર્ષિ, અજિતચન્દ્રસૂરિ, રાજશીલ, ઉદયવિજય, સુમતિસૂરિ, સમયસુન્દર, શાન્તિદેવસૂરિ, સોમવિમલસૂરિ, ક્ષમારત્ન, જયદયાલ વગેરે. આમાંથી જેમનાં જીવન વગેરે વિષયમાં કેટલીક પ્રામાણિક સામગ્રી ઉપલબ્ધ છે તેમનો પરિચય આપતાં તેમની ટીકાઓનો સંક્ષિપ્ત પરિચય પ્રસ્તુત કરીએ છીએ. આ પરિચયમાં પ્રકાશિત ટીકાઓની પ્રધાનતા રહેશે.

જિનભદ્રકૃતવિશેષાવશ્યકભાષ્ય-સ્વોપજ્ઞવૃત્તિ :

ભાષ્યકાર આચાર્ય જિનભદ્રગણિ ક્ષમાશ્રમણકૃત પ્રસ્તુત અપૂર્ણ વૃત્તિ કોટ્યાર્ય વાદિગણિએ પૂર્ણ કરી. જિનભદ્ર છઠ્ઠા ગણધરવાદ સુધીની વૃત્તિ સમાપ્ત કરી દેવગતિ પામ્યા હતા. વૃત્તિની ઉપલબ્ધ પ્રતથી સ્પષ્ટ છે કે વૃત્તિનો અવશિષ્ટ ભાગ કોટ્યાર્યે પૂર્ણ કર્યો હતો. પ્રસ્તુત વૃત્તિ અતિ સરળ, સ્પષ્ટ અને સંક્ષિપ્ત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હરિભદ્રસૂરિકૃત ટીકાઓ :

હરિભદ્રનો જન્મ વીરભૂમિ મેવાડના ચિત્તોડ નગરમાં થયો હતો. તેઓ આ જ નગરના રાજા જિતારિના રાજ-પુરોહિત હતા. તેમના ગચ્છપતિ ગુરુનું નામ જિનભટ, દીક્ષાદાતા ગુરુનું નામ જિનદત્ત, ધર્મજનનીનું નામ યાકિની મહત્તરા, ધર્મકુળનું નામ વિદ્યાધરગચ્છ તથા સંપ્રદાયનું નામ શ્વેતામ્બર હતું. તેમનો સમય ઈસ્વી સન્ ૭૦૦-૭૭૦ અર્થાત્ વિ.સં. ૭૫૭-૮૨૭ છે. કહેવાય છે કે હરિભદ્રસૂરિએ ૧૪૪૪ ગ્રંથોની રચના કરી હતી. તેમના લગભગ ૭૫ ગ્રંથ તો હજુ પણ ઉપલબ્ધ છે. આ ગ્રન્થોને જોતાં એમ કહેવું પડે છે કે આચાર્ય હરિભદ્ર એક બહુશ્રુત વિદ્વાન હતા. તેમની વિદ્વત્તા નિઃસંદેહ અદ્વિતીય હતી. તેમણે નન્દી, અનુયોગદ્વાર, દશવૈકાલિક, પ્રજ્ઞાપના, આવશ્યક, જીવાભિગમ અને પિણ્ડનિર્યુક્તિ પર ટીકાઓ રચી. પિણ્ડનિર્યુક્તિની અપૂર્ણ ટીકા વીરાચાર્યે પૂરી કરી.

નન્દીવૃત્તિ :

આ ટીકા પ્રાયઃ નન્દીચૂર્ણિનું જ રૂપાંતર છે. આમાં ટીકાકારે કેવલજ્ઞાન અને કેવલદર્શનનું સ્વરૂપ પ્રતિપાદિત કરતાં તેમનાં યૌગપદ્યના સમર્થન માટે સિદ્ધસેન વગેરેનો, ક્રમિકત્વના સમર્થન માટે જિનભદ્ર વગેરેનો તથા અભેદના સમર્થન માટે વૃદ્ધાચાર્યોનો નામોલ્લેખ કર્યો છે. અત્રે ઉલ્લિખિત સિદ્ધસેન સિદ્ધસેન-દિવાકરથી ભિન્ન કોઈ અન્ય આચાર્ય હોઈ શકે છે. તેમનો આ મત દિગમ્બરસંમત છે, કેમકે દિગમ્બર આચાર્ય કેવલજ્ઞાન અને કેવલદર્શનને યુગપદ્ માને છે. સન્મતિતર્કના કર્તા સિદ્ધસેન-દિવાકર તો અભેદવાદના સમર્થક અથવા કહો કે પ્રવર્તક છે. ટીકાકારે સંભવતઃ વૃદ્ધાચાર્ય રૂપે તેમનો જ નિર્દેશ કર્યો છે. ક્રમિકત્વના સમર્થક જિનભદ્ર વગેરેને સિદ્ધાન્તવાદી કહેવામાં આવ્યા છે. પ્રસ્તુત ટીકાનું ગ્રંથમાન ૧૩૩૬ શ્લોકપ્રમાણ છે.

અનુયોગદ્વારટીકા :

આ ટીકા અનુયોગદ્વારચૂર્ણિની જ શૈલીમાં છે. આનું નિર્માણ નન્દી ટીકા પછી થયું છે, જેનો સ્વયં ટીકાકારે પ્રસ્તુત ટીકાના પ્રારંભમાં નિર્દેશ કર્યો છે. આમાં આવશ્યકવિવરણ અને નન્દી-વિશેષવિવરણનો પણ ઉલ્લેખ છે.

દશવૈકાલિકવૃત્તિ :

આ વૃત્તિ દશવૈકાલિકનિર્યુક્તિનું અનુસરણ કરતાં લખવામાં આવી છે. આમાં અનેક પ્રાકૃત કથાનકો તથા સંસ્કૃત અને પ્રાકૃત ઉદ્ધરણો છે. ક્યાંક-ક્યાંક દાર્શનિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દૃષ્ટિનો પ્રભાવ પણ જોવા મળે છે. પાંચમા અધ્યયનની વૃત્તિમાં આહારવિષયક મૂલ ગાથાઓનું વ્યાખ્યાન કરતાં વૃત્તિકારે અસ્થિ વગેરે પદોનો માંસપરક તથા ફળપરક બંને પ્રકારનો અર્થ કર્યો છે.

પ્રજ્ઞાપના-પ્રદેશવ્યાખ્યા :

આ વૃત્તિ પ્રજ્ઞાપના સૂત્રના પદો પર છે. આમાં વૃત્તિકારે આવશ્યકટીકા અને આચાર્ય વાદિમુખ્યનો નામોલ્લેખ કર્યો છે. વૃત્તિ સંક્ષિપ્ત તથા સરળ છે. આમાં અહીં-તહીં સંસ્કૃત તથા પ્રાકૃત ઉદ્ધરણો પણ છે.

આવશ્યકવૃત્તિ :

આ વૃત્તિ આવશ્યકનિર્યુક્તિ પર છે. અહીં-તહીં ભાષ્ય ગાથાઓનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. વૃત્તિમાં આવશ્યકચૂર્ણિનું પદાનુસરણ ન કરતાં સ્વતંત્ર રીતે વિષય-વિવેચન કરવામાં આવ્યું છે. આ વૃત્તિ જોવાથી પ્રતીત થાય છે કે આવશ્યકસૂત્ર પર આચાર્ય હરિભદ્રે બે ટીકાઓ લખી છે. ઉપલબ્ધ ટીકા અનુપલબ્ધ ટીકાથી પ્રમાણમાં નાની છે. પ્રસ્તુત ટીકામાં વૃત્તિકારે વાદિમુખ્યકૃત કેટલાક સંસ્કૃત શ્લોક પણ ઉદ્ધૃત કર્યા છે. ક્યાંક-ક્યાંક નિર્યુક્તિના પાઠાંતર પણ આપ્યાં છે. આમાં પણ દૃષ્ટાંતરૂપ તથા અન્ય કથાનકો પ્રાકૃતમાં જ છે. વૃત્તિનું નામ શિષ્યહિતા છે. આનું ગ્રન્થમાન ૨૨૦૦૦ શ્લોકપ્રમાણ છે.

કોટ્યાચાર્યવિહિત વિશેષાવશ્યકભાષ્યવિવરણ :

કોટ્યાચાર્યે પોતાની પ્રસ્તુત ટીકામાં આચાર્ય હરિભદ્ર અથવા તેમની કોઈ કૃતિનો કોઈ ઉલ્લેખ નથી કર્યો. આનાથી એ અનુમાન કરી શકાય છે કે કોટ્યાચાર્ય સંભવતઃ હરિભદ્રના પૂર્વવર્તી અથવા સમકાલીન છે. પ્રસ્તુત વિવરણમાં ટીકાકારે આવશ્યકની મૂલટીકાનો અનેક વાર ઉલ્લેખ કર્યો છે. આ મૂલટીકા તેમના પૂર્વવર્તી આચાર્ય જિનભટની છે. મલધારી હેમચન્દ્રસૂરિએ પોતાની કૃતિ વિશેષાવશ્યકભાષ્ય-બૃહદ્વૃત્તિમાં કોટ્યાચાર્યનો એક પ્રાચીન ટીકાકાર રૂપે ઉલ્લેખ કર્યો છે. આનાથી પણ એ સિદ્ધ થાય છે કે કોટ્યાચાર્ય ખૂબ જૂના ટીકાકાર છે. શીલાંકાચાર્ય અને કોટ્યાચાર્યને એક જ વ્યક્તિ માનવાનું યુક્તિયુક્ત પ્રતીત નથી થતું. આચાર્ય શીલાંકનો સમય વિક્રમની નવમી-દસમી સદી છે, જ્યારે કોટ્યાચાર્યનો સમય ઉપર્યુક્ત દૃષ્ટિએ આઠમી સદી સિદ્ધ થાય છે.

કોટ્યાચાર્યકૃત વિશેષાવશ્યકભાષ્યવિવરણ ન તો અતિ સંક્ષિપ્ત છે, ન અતિ વિસ્તૃત. આમાં ઉદ્ધૃત કથાનકો પ્રાકૃતમાં છે. ક્યાંક-ક્યાંક પદ્યાત્મક કથાનકો પણ છે. અહીં-તહીં પાઠાન્તર પણ આપવામાં આવ્યા છે. વિવરણકારે આચાર્ય જિનભદ્રકૃત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિશેષાવશ્યકભાષ્ય-સ્વોપજ્ઞવૃત્તિનો પણ ઉલ્લેખ કર્યો છે. પ્રસ્તુત વિવરણનું ગ્રંથમાન ૧૩૭૦૦ શ્લોકપ્રમાણ છે.

આચાર્ય ગંધહસ્તિકૃત શસ્ત્રપરિજ્ઞાવિવરણ :

આચાર્ય ગંધહસ્તિએ આચારાંગસૂત્રના પ્રથમ શ્રુતસ્કન્ધના પ્રથમ અધ્યયન શસ્ત્રપરિજ્ઞા પર જે વિવરણ લખ્યું હતું તે અનુપલબ્ધ છે. આચાર્ય શીલાંકે પોતાની કૃતિ આચારાંગવિવરણના પ્રારંભમાં ગંધહસ્તિકૃત પ્રસ્તુત વિવરણનો ઉલ્લેખ કર્યો છે તથા તેને અતિ કઠિન બતાવ્યું છે. પ્રસ્તુત ગંધહસ્તી તથા તત્ત્વાર્થભાષ્ય પર બૃહદ્વૃત્તિ લખનાર સિદ્ધસેન એક જ વ્યક્તિ છે. તેમના ગુરુનું નામ ભાસ્વામી છે. તેમનો સમય વિક્રમની સાતમી અને નવમી સદીની વચ્ચે ક્યાંક છે. તેમણે પોતાની તત્ત્વાર્થભાષ્ય-બૃહદ્વૃત્તિમાં વસુબંધુ, ધર્મકીર્તિ વગેરે બૌદ્ધ વિદ્વાનોનો ઉલ્લેખ કર્યો છે જે સાતમી સદી પહેલાંના નથી. બીજી બાજુ આચાર્ય શીલાંકે ગંધહસ્તીનો ઉલ્લેખ કર્યો છે. શીલાંક નવમી સદીના ટીકાકાર છે.

શીલાંકાચાર્યકૃત ટીકાઓ :

આચાર્ય શીલાંકના વિષયમાં કહેવાય છે કે તેમણે પ્રથમ નવ અંગો પર ટીકાઓ લખી હતી. વર્તમાનમાં તેમની માત્ર બે ટીકાઓ ઉપલબ્ધ છે : આચારાંગવિવરણ અને સૂત્રકૃતાંગવિવરણ. તેમણે વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ (ભગવતી) વગેરે પર પણ ટીકાઓ જરૂર લખી હશે, જે અભયદેવસૂરિકૃત વ્યાખ્યાપ્રજ્ઞપ્તિવૃત્તિથી ફલિત થાય છે. આચાર્ય શીલાંક, જેમને શીલાચાર્ય તથા તત્ત્વાદિત્ય પણ કહેવામાં આવે છે, વિક્રમની નવમી-દસમી સદીમાં વિદ્યમાન હતા.

આચારાંગવિવરણ :

આ વિવરણ આચારાંગના મૂલપાઠ તથા તેની નિર્યુક્તિ પર છે. વિવરણ શબ્દાર્થ સુધી જ સીમિત નથી. આમાં પ્રત્યેક સમ્બદ્ધ વિષયનું સુવિસ્તૃત વ્યાખ્યાન છે. અહીં-તહીં પ્રાકૃત તથા સંસ્કૃત ઉદ્ધરણો પણ છે. પ્રારંભમાં આચાર્યે ગંધહસ્તિકૃત શસ્ત્રપરિજ્ઞા-વિવરણનો ઉલ્લેખ કર્યો છે તથા તેને કઠિન બતાવતાં આચારાંગ પર સુબોધ વિવરણ લખવાનો સંકલ્પ કર્યો છે. પ્રથમ શ્રુતસ્કન્ધના છઠ્ઠા અધ્યયનની વ્યાખ્યાના અંતમાં વિવરણકારે બતાવ્યું છે કે મહાપરિજ્ઞા નામના સાતમા અધ્યયનનો વ્યવચ્છેદ થઈ જવાને કારણે તેનું અતિલંઘન કરીને આઠમા અધ્યયનનું વ્યાખ્યાન શરૂ કરવામાં આવે છે. આઠમા અધ્યયનના છઠ્ઠા ઉદ્દેશકના વિવરણમાં ગ્રામ, નકર (નગર), ખેટ, કર્બટ, મડમ્બ, પત્તન, દ્રોણમુખ, આકર, આશ્રમ, સન્નિવેશ, નૈગમ, રાજધાની વગેરેનું સ્વરૂપ દર્શાવવામાં આવ્યું છે. કાનનદ્વીપ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વગેરેને જલપત્તન તથા મથુરા વગેરેને સ્થલપત્તન કહેવામાં આવ્યા છે. ભરુકચ્છ, તામ્રલિપ્તી વગેરે દ્રોણમુખ અર્થાત્ જળ અને સ્થળના આવાગમનનાં કેન્દ્ર છે. પ્રસ્તુત વિવરણ નિવૃત્તિકુલીન શીલાચાર્યે ગુપ્ત સંવત્ ૭૭૨ની ભાદ્રપદ શુક્લા પંચમીના દિવસે વાહરિસાધુની સહાયતાથી ગંભૂતામાં પૂર્ણ કર્યું. વિવરણનું ગ્રંથમાન ૧૨૦૦૦ શ્લોકપ્રમાણ છે.

સૂત્રકૃતાંગવિવરણ :

આ વિવરણ સૂત્રકૃતાંગના મૂલપાઠ તથા તેની નિર્યુક્તિ પર છે. વિવરણ સુબોધ છે. દાર્શનિક દૃષ્ટિની પ્રમુખતા હોવા છતાં પણ વિવેચનમાં ક્લિષ્ટતા નથી આવવા પામી. અહીં-તહીં પાઠાન્તરો પણ ઉદ્ધૃત કરવામાં આવ્યાં છે. વિવરણમાં અનેક શ્લોકો તથા ગાથાઓ ઉદ્ધૃત કરવામાં આવી છે પરંતુ ક્યાંય પણ કોઈ ગ્રંથ અથવા ગ્રંથકારના નામનો કોઈ ઉલ્લેખ નથી. પ્રસ્તુત ટીકાનું ગ્રંથમાન ૧૨૮૫૦ શ્લોકપ્રમાણ છે. આ ટીકા પણ શીલાચાર્યે વાહરિગણિની સહાયતાથી પૂરી કરી છે.

વાદિવેતાલ શાન્તિસૂરિકૃત ઉત્તરાધ્યયન ટીકા :

વાદિવેતાલ શાન્તિસૂરિનો જન્મ રાધનપુરની પાસે ઉણ-ઉન્નતાયુ નામના ગામમાં થયો હતો. તેમનું બાલ્યાવસ્થાનું નામ ભીમ હતું. તેમણે થારાપદ્ર-ગચ્છીય વિજયસિંહસૂરિ પાસેથી દીક્ષા ગ્રહણ કરી હતી. પાટણના ભીમરાજની સભામાં તેઓ કવીન્દ્ર તથા વાદિચક્રવર્તી રૂપે પ્રસિદ્ધ હતા. કવિ ધનપાલના અનુરોધથી શાન્તિસૂરિ માલવ પ્રદેશમાં પણ પહોંચ્યા હતા તથા ભોજરાજની સભાના ૮૪ વાદીઓને પરાજિત કરી ૮૪ લાખ રૂપિયા મેળવ્યા હતા. પોતાની સભાના પંડિતોને માટે શાન્તિસૂરિને વેતાલ સમાન સમજીને રાજા ભોજે તેમને વાદિવેતાલની પદવી પ્રદાન કરી હતી. તેમણે મહાકવિ ધનપાલની તિલકમંજરીનું પણ સંશોધન કર્યું હતું. શાન્તિસૂરિ પોતાના અંતિમ દિવસોમાં ગિરનારમાં રહ્યા હતા તથા ત્યાં ૨૫ દિવસનું અનશન અર્થાત્ સંથારો કરી વિ.સં. ૧૦૯૬ની જ્યેષ્ઠ શુક્લા નવમીએ સ્વર્ગવાસી થયા. વાદિવેતાલ શાન્તિસૂરિએ ઉત્તરાધ્યયન ટીકા ઉપરાંત કવિ ધનપાલની તિલકમંજરી પર પણ એક ટિપ્પણી લખી છે. જીવવિચારપ્રકરણ અને ચૈત્યવંદન-મહાભાષ્ય પણ તેમની જ કૃતિઓ માનવામાં આવે છે.

વાદિવેતાલ શાન્તિસૂરિકૃત ઉત્તરાધ્યયન-ટીકા શિષ્યહિતાવૃત્તિ કહેવાય છે. એ પાઇઅ-ટીકાના નામે પણ પ્રસિદ્ધ છે કેમકે તેમાં પ્રાકૃત કથાનકો તથા ઉદ્ધરણોની પ્રચુરતા છે. ટીકા ભાષા, શૈલી વગેરે બધી દૃષ્ટિએ સફળ છે. તેમાં મૂલ-સૂત્ર તથા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિર્યુક્તિનું વ્યાખ્યાન છે. વચ્ચે-વચ્ચે અહીં-તહીં ભાષ્ય-ગાથાઓ પણ ઉદ્ધૃત છે. અનેક સ્થાનો પર પાઠાન્તરો પણ આપવામાં આવ્યા છે. પ્રસ્તુત ટીકામાં નિમ્નલિખિત ગ્રંથો તથા ગ્રંથકારોનાં નામ નિર્દિષ્ટ છે : વિશેષાવશ્યકભાષ્ય, ઉત્તરાધ્યયનચૂર્ણિ, આવશ્યકચૂર્ણિ, સમશતારનયચક્ર, નિશીથ, બૃહદારણ્યક, ઉત્તરાધ્યયનભાષ્ય, સ્ત્રીનિર્વાણસૂત્ર, મહામતિ (જિનભદ્ર), ભર્તૃહરિ, વાચક સિદ્ધસેન, અશ્વસેન વાચક, વાત્સ્યાયન, શિવશર્મન્, હારિલ વાચક, ગંધહસ્તિન્, જિનેન્દ્રબુદ્ધિ.

દ્રોણસૂરિવિહિત ઓઘનિર્યુક્તિ-વૃત્તિ :

દ્રોણસૂરિ અથવા દ્રોણાચાર્ય પાટણ-જૈનસંઘના મુખ્ય અધિકારી હતા. તેઓ વિક્રમની અગિયારમી-બારમી શતાબ્દીમાં વિદ્યમાન હતા. તેમણે ઓઘનિર્યુક્તિ (લઘુભાષ્યસહિત) પર વૃત્તિ લખી હતી તથા અભયદેવસૂરિકૃત કેટલીય ટીકાઓનું સશોધન કર્યું હતું.

દ્રોણાચાર્યકૃત ઓઘનિર્યુક્તિ-વૃત્તિની ભાષા સરળ અને શૈલી સુગમ છે. આચાર્યે મૂળ પદોના અર્થની સાથે સાથે જ તદ્‌ગત વિષયનું પણ શંકા-સમાધાનપૂર્વક સંક્ષિપ્ત વિવેચન કર્યું છે. અહીં-તહીં પ્રાકૃત તથા સંસ્કૃત ઉદ્ધરણોનો પણ પ્રયોગ કરવામાં આવ્યો છે. વૃત્તિનું ગ્રંથમાન લગભગ ૭૦૦૦ શ્લોક-પ્રમાણ છે.

અભયદેવસૂરિકૃત ટીકાઓ :

અભયદેવસૂરિ નવાંગીવૃત્તિકાર રૂપે પ્રસિદ્ધ છે. તેમણે નિમ્નોક્ત આગમો પર ટીકાઓ લખી છે : નવ અંગ — ૧. સ્થાનાંગ, ૨. સમવાયાંગ, ૩. વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ (ભગવતી), ૪. જ્ઞાતાધર્મકથા, ૫. ઉપાસકદશા, ૬. અંતકૃદ્દશા, ૭. અનુત્તરૌપપાતિક, ૮. પ્રશ્નવ્યાકરણ, ૯. વિપાક અને ૧૦. ઔપપાતિક ઉપાંગ. આ ઉપરાંત પ્રજ્ઞાપનાતૃતીયપદસંગ્રહણી, પંચાશકવૃત્તિ, જયતિહુઅણસ્તોત્ર, પંચનિર્ગ્રન્થી અને સમ્મતિકાભાષ્ય પણ તેમની જ કૃતિઓ છે. આ બધી રચનાઓનું ગ્રંથમાન લગભગ ૬૦૦૦૦ શ્લોકપ્રમાણ છે. અભયદેવકૃત ટીકાઓ શબ્દાર્થપ્રધાન હોવા છતાં પણ વસ્તુવિધાનની દૃષ્ટિએ પણ ઉપયોગી છે. તેમની બધી ટીકાઓ પ્રકાશિત થઈ ચૂકી છે.

અભયદેવસૂરિ, જેમનું બાલ્યકાળનું નામ અભયકુમાર હતું, ધારાનિવાસી શેઠ ધનદેવના પુત્ર હતા. તેમને વર્ધમાનસૂરિના શિષ્ય જિનેશ્વરસૂરિએ દીક્ષિત કર્યા હતા. યોગ્યતા પ્રાપ્ત થતાં વર્ધમાનસૂરિના આદેશથી તેમને આચાર્યપદવી પ્રદાન કરવામાં આવી. વર્ધમાનસૂરિના સ્વર્ગવાસ પછી ધવલક — ધોળકા નગરમાં પણ રહ્યા, જ્યાં તેમને રક્તવિકારની બીમારી થઈ જે કેટલાક સમય બાદ શાંત થઈ ગઈ. અભયદેવનો જન્મ અનુમાને વિ.સં. ૧૦૮૮, દીક્ષા વિ.સં. ૧૧૦૪, વિદ્યાભ્યાસ વિ.સં. ૧૧૦૪થી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૧૧૪, રુગ્ણાવસ્થા વિ.સં. ૧૧૧૪થી ૧૧૧૭, આચાર્ય પદ તથા ટીકાઓનો પ્રારંભ વિ.સં. ૧૧૨૦ અને સ્વર્ગવાસ વિ.સં. ૧૧૩૫ અથવા ૧૧૩૯માં માનવામાં આવે છે. પટ્ટાવલીઓમાં અભયદેવસૂરિનો સ્વર્ગવાસ કપડવંજમાં વિ.સં. ૧૨૩૫ તથા મતાંતરથી વિ.સં. ૧૧૩૯માં થવાનો ઉલ્લેખ છે, જ્યારે પ્રભાવકચરિત્રમાં માત્ર એટલો જ ઉલ્લેખ છે કે અભયદેવસૂરિ પાટણમાં કર્ણરાજના રાજ્યમાં સ્વર્ગવાસી થયા. અભયદેવસૂરિકૃત આગમિક ટીકાઓનાં સંશોધનમાં તે સમયે પાટણમાં વિરાજમાન આગમિક પરંપરાના વિશેષજ્ઞ સંઘપ્રમુખ દ્રોણાચાર્યે પૂર્ણ યોગદાન આપ્યું હતું. દ્રોણાચાર્યના આ મહાન ઋણનો સ્વયં અભયદેવસૂરિએ કૃતજ્ઞતાપૂર્વક સ્વીકાર કર્યો છે.

સ્થાનાંગવૃત્તિ :

આ ટીકા સ્થાનાંગનાં મૂળ સૂત્રો પર છે. એ શબ્દાર્થ સુધી જ સીમિત નથી પરંતુ તેમાં સૂત્રસમ્બદ્ધ પ્રત્યેક વિષયનું આવશ્યક વિશ્લેષણ પણ છે. દાર્શનિક દૃષ્ટિની ઝલક પણ આમાં સ્પષ્ટ જોવા મળે છે. વૃત્તિમાં કેટલાક સંક્ષિપ્ત કથાનકો પણ છે. વૃત્તિના અંતમાં આચાર્યે પોતાનો પરિચય આપતાં બતાવ્યું છે કે મેં આ ટીકા અજિતસિંહાચાર્યના અંતેવાસી યશોદેવગણિની સહાયથી પૂર્ણ કરી છે. પોતાની કૃતિઓને આદ્યોપાન્ત વાંચીને આવશ્યક સંશોધન કરનાર દ્રોણાચાર્યનો સાદર નામોલ્લેખ કરતાં વૃત્તિકારે લખ્યું છે કે પરંપરાગત સત્સમ્પ્રદાય તથા સત્શાસ્ત્રાર્થની હાનિ થઈ જવાથી તથા આગમોની અનેક વાચનાઓ અને પુસ્તકની અશુદ્ધિઓને કારણે પ્રસ્તુત કાર્યમાં અનેક પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે અને તે જ કારણ છે કે તેમાં અનેક પ્રકારની ત્રુટિઓ રહી હોવાનો સંભવ છે. વિદ્વાન પુરુષોએ તેમનું સંશોધન કરી લેવું જોઈએ. વૃત્તિનું ગ્રંથમાન ૧૪૨૫૦ શ્લોક પ્રમાણ છે. રચનાનો સમય વિ.સં. ૧૧૨૦ તથા સ્થાન પાટણ છે.

સમવાયાંગવૃત્તિ :

આ વૃત્તિ સમવાયાંગના મૂળપાઠ પર છે. વિવેચન ન અતિ સંક્ષિપ્ત છે, ન અતિ વિસ્તૃત. અહીં-તહીં પાઠાંતરો પણ મળે છે. પ્રસ્તુત વૃત્તિ પણ વિ.સં. ૧૧૨૦માં જ પૂર્ણ થઈ. તેનું ગ્રંથમાન ૩૫૭૫ શ્લોકપ્રમાણ છે.

વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ :

આ ટીકા વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ (ભગવતી)ના મૂળપાઠ પર છે. વ્યાખ્યા શબ્દાર્થપ્રધાન તથા સંક્ષિપ્ત છે. અહીં-તહીં ઉદ્ધરણો પણ મળે છે. પાઠાંતરો તથા વ્યાખ્યાભેદોની પણ પ્રચુરતા છે. વૃત્તિના પ્રારંભમાં આચાર્યે એ વાતનો નિર્દેશ કર્યો છે કે આ સૂત્રની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાચીન ટીકા અને ચૂર્ણિ તથા જીવાભિગમ વગેરેની વૃત્તિઓની સહાયતાથી પ્રસ્તુત વિવરણનો પ્રારંભ કરવામાં આવે છે. આ પ્રાચીન ટીકા આચાર્ય શીલાંકકૃત વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ-વૃત્તિ હોવાનો સંભવ છે જે આ સમયે અનુપલબ્ધ છે. પ્રસ્તુત વૃત્તિના અંતમાં અભયદેવસૂરિએ પોતાની ગુરુ-પરંપરાનો સંક્ષિપ્ત પરિચય આપતાં જણાવ્યું છે કે ૧૮૬૧૬ શ્લોકપ્રમાણ પ્રસ્તુત ટીકા પાટણ (અણહિલપાટન)માં વિ.સં. ૧૧૨૮માં સમાપ્ત થઈ.

જ્ઞાતાધર્મકથાવિવરણ :

પ્રસ્તુત ટીકા સૂત્રસ્પર્શી અને શબ્દાર્થપ્રધાન છે. પ્રત્યેક અધ્યયનની વ્યાખ્યાના અંતે તેમાંથી ફલિત થનાર વિશેષ અર્થ સ્પષ્ટ કરવામાં આવ્યો છે તથા તેની પુષ્ટિ માટે તદર્થગર્ભિત ગાથાઓ પણ આપવામાં આવી છે. વિવરણના અંતમાં આચાર્યે પોતાનો પરિચય આપ્યો છે તથા પ્રસ્તુત ટીકાના સંશોધકના રૂપમાં નિર્વૃતકકુલીન દ્રોણાચાર્યનો નામોલ્લેખ કર્યો છે. વિવરણનું ગ્રન્થમાન ૩૮૦૦ શ્લોકપ્રમાણ છે. ગ્રન્થ-સમાપ્તિની તિથિ વિ.સં. ૧૧૨૦ની વિજયાદશમી અને લેખનસમાપ્તિનું સ્થાન પાટણ છે.

ઉપાસકદશાંગવૃત્તિ :

આ વૃત્તિ પણ સૂત્રસ્પર્શી અને શબ્દાર્થ-પ્રધાન છે. ક્યાંક-ક્યાંક વ્યાખ્યાન્તરનો પણ નિર્દેશ છે. અનેક જગ્યાએ જ્ઞાતાધર્મકથાની વ્યાખ્યા દ્વારા અર્થ સમજી લેવાની સૂચના આપવામાં આવી છે. વૃત્તિનું ગ્રન્થમાન ૮૧૨ શ્લોકપ્રમાણ છે. વૃત્તિ-લેખનનાં સ્થાન, સમય વગેરેનો કોઈ ઉલ્લેખ નથી.

અન્તકૃદ્દશાવૃત્તિ :

પ્રસ્તુત વૃત્તિ પણ સૂત્રસ્પર્શી અને શબ્દાર્થ-પ્રધાન છે. આમાં પણ અવ્યાખ્યાત પદોનો અર્થ સમજવા માટે અનેક જગ્યાએ જ્ઞાતાધર્મકથાની વ્યાખ્યાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. વૃત્તિનું ગ્રન્થમાન ૮૯૯ શ્લોક-પ્રમાણ છે.

અનુત્તરૌપપાતિકદશાવૃત્તિ :

આ વૃત્તિ પણ સૂત્રસ્પર્શી તથા શબ્દાર્થગ્રાહી છે. વૃત્તિનું ગ્રન્થમાન ૧૯૨ શ્લોકપ્રમાણ છે.

પ્રશ્નવ્યાકરણવૃત્તિ :

આ વૃત્તિ પણ સૂત્રસ્પર્શી અને શબ્દાર્થ-પ્રધાન છે. તેનું ગ્રન્થમાન ૪૬૦૦ શ્લોક-પ્રમાણ છે. તેને સંશોધિત કરવાનું શ્રેય પણ દ્રોણાચાર્યને જ છે. વૃત્તિકારે પ્રશ્નવ્યાકરણસૂત્રને અતિ મુશ્કેલ ગ્રન્થ બતાવ્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિપાકવૃત્તિ :

પ્રસ્તુત વૃત્તિ પણ શબ્દાર્થ-પ્રધાન છે. તેમાં અનેક પારિભાષિક શબ્દોનો સંક્ષિપ્ત તથા સંતુલિત અર્થ કરવામાં આવ્યો છે. ઉદાહરણ રૂપે રાષ્ટ્રકૂટ-રટ્ઠકૂડ-રટ્ઠઉડનો અર્થ આ મુજબ છે : **'रट्ठउडे' त्ति राष्ट्रकूटो मण्डलोपजीवी राजनियोगिकः ।** વૃત્તિનું ગ્રન્થમાન ૯૦૦ શ્લોકપ્રમાણ છે.

ઔપપાતિકવૃત્તિ :

આ વૃત્તિ પણ શબ્દાર્થ-પ્રધાન છે. આમાં વૃત્તિકારે સૂત્રોમાં અનેક પાઠભેદ-વાચનાભેદ હોવાનો સ્વીકાર કર્યો છે. પ્રસ્તુત વૃત્તિમાં અનેક મહત્ત્વપૂર્ણ સાંસ્કૃતિક, સામાજિક, પ્રશાસનસમ્બન્ધી અને શાસ્ત્રીય શબ્દોની પરિભાષાઓ આપવામાં આવી છે. અહીં-તહીં પાઠાન્તરો અને મતાન્તરોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ વૃત્તિનું સંશોધન દ્રોણાચાર્યે પાટણમાં કર્યું હતું. વૃત્તિનું ગ્રન્થમાન ૩૧૨૫ શ્લોકપ્રમાણ છે.

મલયગિરિસૂરિકૃત ટીકાઓ :

મલયગિરિસૂરિ એક પ્રતિભાસમ્પન્ન ટીકાકાર છે. તેમણે જૈન આગમો પર અત્યંત મહત્ત્વપૂર્ણ ટીકાઓ લખી છે. આ ટીકાઓ વિષય-વૈશદ્ય અને નિરૂપણ કૌશલ બંને દૃષ્ટિએ સફળ છે.

મલયગિરિસૂરિ આચાર્ય હેમચન્દ્ર (કલિકાલસર્વજ્ઞ)ના સમકાલીન હતા તથા તેમની જ સાથે વિદ્યાસાધના પણ કરી હતી. આચાર્ય હેમચન્દ્રની જેમ મલયગિરિ પણ આચાર્ય-પદના ધારક હતા તથા આચાર્ય હેમચન્દ્રને અતિ સમ્માનપૂર્ણ દૃષ્ટિથી જોતા હતા. આચાર્ય હેમચન્દ્રના સમકાલીન હોવાને કારણે મલયગિરિસૂરિનો સમય વિ.સં. ૧૧૫૦-૧૨૫૦ની આસપાસ માનવો જોઈએ.

મલયગિરિવિરચિત નિમ્નોક્ત આગમિક ટીકાઓ આજે ઉપલબ્ધ છે : ૧. વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ-દ્વિતીયશતકવૃત્તિ, ૨. રાજપ્રશ્નીયટીકા, ૩. જીવાભિગમટીકા, ૪. પ્રજ્ઞાપનાટીકા, ૫. ચન્દ્રપ્રજ્ઞપ્તિટીકા, ૬. સૂર્યપ્રજ્ઞપ્તિટીકા, ૭. નન્દીટીકા, ૮. વ્યવહારવૃત્તિ, ૯. બૃહત્કલ્પપીઠિકાવૃત્તિ, ૧૦. આવશ્યકવૃત્તિ, ૧૧. પિણ્ડનિર્યુક્તિટીકા, ૧૨. જ્યોતિષ્કરણ્ડકટીકા. નિમ્નલિખિત આગમિક ટીકાઓ અનુપલબ્ધ છે : ૧. જમ્બૂદ્વીપપ્રજ્ઞપ્તિટીકા, ૨. ઓઘનિર્યુક્તિટીકા, ૩. વિશેષાવશ્યકટીકા. આ સિવાય મલયગિરિની અન્ય ગ્રંથો પર સાત ટીકાઓ બીજી ઉપલબ્ધ છે તથા ત્રણ ટીકાઓ અનુપલબ્ધ છે. તેમનું એક સ્વરચિત શબ્દાનુશાસન પણ ઉપલબ્ધ છે. આ રીતે આચાર્ય મલયગિરિએ કુલ છવ્વીસ ગ્રન્થોનું નિર્માણ કર્યું હતું જેમાં પચ્ચીસ ટીકાઓ છે. આ ગ્રન્થરાશિ લગભગ બે લાખ શ્લોકપ્રમાણ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ દૃષ્ટિએ મલયગિરિસૂરિ આગમિક ટીકાકારોમાં સહુથી આગળ છે. તેમની પાંડિત્યપૂર્ણ ટીકાઓની વિદ્વત્સમાજમાં ખૂબ પ્રતિષ્ઠા છે.

નન્દીવૃત્તિ :

આ વૃત્તિ નન્દીના મૂલ સૂત્રો પર છે. આમાં દાર્શનિક વાદ-વિવાદની પ્રચુરતા છે. અહીં-તહીં ઉદાહરણરૂપ સંસ્કૃત કથાનક પણ આપવામાં આવ્યાં છે. પ્રાકૃત તથા સસ્કૃત ઉદ્ધરણ પણ ઉપલબ્ધ છે. વૃત્તિના અંતે આચાર્યે ચૂર્ણિકાર તથા આદ્ય ટીકાકાર હરિભદ્રને નમસ્કાર કર્યા છે. વૃત્તિનું ગ્રન્થમાન ૭૭૩૨ શ્લોકપ્રમાણ છે.

પ્રજ્ઞાપનાવૃત્તિ :

આ વૃત્તિ પ્રજ્ઞાપનાસૂત્રના મૂળ પદો પર છે. વિવેચન આવશ્યકતાનુસાર ક્યાંક સંક્ષિપ્ત છે તો ક્યાંક વિસ્તૃત. અંતે વૃત્તિકારે પોતાના પૂર્વવર્તી ટીકાકાર આચાર્ય હરિભદ્રને તેમ કહેતાં નમસ્કાર કર્યા છે કે ટીકાકાર હરિભદ્રની જય થાઓ જેમણે પ્રજ્ઞાપનાસૂત્રના વિષમ પદોનું વ્યાખ્યાન કર્યું છે અને જેમના વિવરણથી હું પણ એક નાનો એવો ટીકાકાર બની શક્યો છું. પ્રસ્તુત વૃત્તિનું ગ્રન્થમાન ૧૬૦૦૦ શ્લોક-પ્રમાણ છે.

સૂર્યપ્રજ્ઞપ્તિવિવરણ :

પ્રસ્તુત ટીકાના પ્રારંભમાં આચાર્યે એ ઉલ્લેખ કર્યો છે કે ભદ્રબાહુસૂરિકૃત નિર્યુક્તિનો નાશ થંઈ જવાને કારણે હું માત્ર મૂળ સૂત્રનું જ વ્યાખ્યાન કરીશ. આ ટીકામાં લોકશ્રી તથા તેની ટીકા, સ્વકૃત શબ્દાનુશાસન, જીવાભિગમ-ચૂર્ણિ, હરિભદ્રસૂરિકૃત તત્ત્વાર્થ-ટીકા વગેરેનો સોદ્ધરણ ઉલ્લેખ છે. આનું ગ્રન્થમાન ૯૫૦૦ શ્લોક-પ્રમાણ છે.

જ્યોતિષ્કરણ્ડકવૃત્તિ :

આ ટીકા જ્યોતિષ્કરણ્ડ પ્રકીર્ણકના મૂળપાઠ પર છે. આમાં આચાર્ય મલયગિરિએ પાદલિપ્તસૂરિકૃત પ્રાકૃત વૃત્તિનો ઉલ્લેખ કરતાં તેનું એક વાક્ય પણ ઉદ્ધૃત કર્યું છે. આ વાક્ય આ સમયે ઉપલબ્ધ જ્યોતિષ્કરણ્ડકની પ્રાકૃત વૃત્તિમાં નથી મળતું. સંભવતઃ આ સૂત્ર પર એક બીજી પ્રાકૃત વૃત્તિ લખવામાં આવી જેનો મલયગિરિએ પ્રસ્તુત વૃત્તિમાં મૂલટીકાના નામથી ઉલ્લેખ કર્યો છે. તેઓ પણ સંભવ છે કે ઉપલબ્ધ પ્રાકૃત વૃત્તિ જ મૂલટીકા હોય કેમકે મલયગિરિકૃત વૃત્તિમાં ઉદ્ધૃત મૂલટીકાનું એક વાક્ય હાલના સમયે ઉપલબ્ધ પ્રાકૃતવૃત્તિમાં મળે છે. તેઓ પણ સંભવ છે કે પાદલિપ્તસૂરિકૃત વૃત્તિ જ મૂલટીકા હોય જે હાલમાં ઉપલબ્ધ છે, પરંતુ તેના કેટલાક વાક્યોનો કાળક્રમે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લોપ થઈ ગયો હોય. મલયગિરિ વિરચિત વૃત્તિનું ગ્રન્થમાન ૫૦૦ શ્લોકપ્રમાણ છે.

જીવાભિગમવિવરણ :

આ ટીકા તૃતીય ઉપાંગ જીવાભિગમનાં પદોનાં વ્યાખ્યાન રૂપે છે. આમાં અનેક પ્રાચીન ગ્રન્થોનાં નામ અને ઉદ્ધરણો છે. તે જ રીતે કેટલાક ગ્રન્થકારોનો નામોલ્લેખ પણ છે. ઉલ્લિખિત ગ્રન્થો આ છે : ધર્મસંગ્રહણિ-ટીકા, પ્રજ્ઞાપનાટીકા, પ્રજ્ઞાપના-મૂલટીકા, તત્ત્વાર્થ-મૂલટીકા, સિદ્ધપ્રાભૃત, વિશેષણવતી, જીવાભિગમ-મૂલટીકા, પંચસંગ્રહ, કર્મપ્રકૃતિસંગ્રહણી, ક્ષેત્રસમાસ-ટીકા, જમ્બૂદ્વીપપ્રજ્ઞપ્તિટીકા, કર્મપ્રકૃતિસંગ્રહણિ-ચૂર્ણિ, વસુદેવચરિત (વસુદેવહિણ્ડિ), જીવાભિગમચૂર્ણિ, ચન્દ્રપ્રજ્ઞપ્તિ-ટીકા, સૂર્યપ્રજ્ઞપ્તિ-ટીકા, દેશીનામમાલા, સૂર્યપ્રજ્ઞપ્તિ-નિર્યુક્તિ, પંચવસ્તુક, હરિભદ્રકૃત તત્ત્વાર્થ-ટીકા, તત્ત્વાર્થ-ભાષ્ય, વિશેષાવશ્યકભાષ્ય-સ્વોપજ્ઞવૃત્તિ, પંચસંગ્રહ-ટીકા. પ્રસ્તુત વિવરણનું ગ્રન્થમાન ૧૬૦૦૦ શ્લોક-પ્રમાણ છે.

વ્યવહારવિવરણ :

પ્રસ્તુત વિવરણ સૂત્ર, નિર્યુક્તિ અને ભાષ્ય પર છે. પ્રારંભમાં ટીકાકારે ભગવાન નેમિનાથ, પોતાના ગુરુદેવ અને વ્યવહારચૂર્ણિકારને સાદર નમસ્કાર કર્યા છે. વિવરણનું ગ્રન્થમાન ૩૪૬૨૫ શ્લોક-પ્રમાણ છે.

રાજપ્રશ્નીયવિવરણ :

આ વિવરણ દ્વિતીય ઉપાંગ રાજપ્રશ્નીયના પદો પર છે. આમાં દેશીનામમાલા, જીવાભિગમ-મૂલટીકા વગેરેનાં ઉદ્ધરણો છે.

અનેક સ્થાનો પર સૂત્રોના વાચનાભેદ—પાઠભેદનો પણ ઉલ્લેખ છે. ટીકાનું ગ્રન્થમાન ૩૭૦૦ શ્લોક-પ્રમાણ છે.

પિણ્ડનિર્યુક્તિ-વૃત્તિ :

આ વૃત્તિ પિણ્ડનિર્યુક્તિ તથા તેના ભાષ્ય પર છે. આમાં અનેક સંસ્કૃત કથાનક છે. વૃત્તિના અંતમાં આચાર્યે પિણ્ડનિર્યુક્તિકાર દ્વાદશાંગવિદ્ ભદ્રબાહુ તથા પિણ્ડનિર્યુક્તિ-વિષમપદવૃત્તિકાર (આચાર્ય હરિભદ્ર તથા વીરગણિ)ને નમસ્કાર કર્યા છે. વૃત્તિનું ગ્રન્થમાન ૬૭૦૦ શ્લોક-પ્રમાણ છે.

આવશ્યકવિવરણ :

પ્રસ્તુત ટીકા આવશ્યક-નિર્યુક્તિ પર છે. આમાં અહીં-તહીં વિશેષાવશ્યકભાષ્યની ગાથાઓ ઉદ્ધૃત કરવામાં આવી છે. વિવેચન ભાષા તથા શૈલી બંને દૃષ્ટિએ સરળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા સુબોધ છે. સ્થાન-સ્થાન પર કથાનકો પણ ઉદ્ધૃત કરવામાં આવ્યાં છે. આ કથાનકો પ્રાકૃતમાં છે. વિવરણમાં વિશેષાવશ્યકભાષ્ય-સ્વોપજ્ઞવૃત્તિકાર, પ્રજ્ઞાકરગુપ્ત, આવશ્યકચૂર્ણિકાર, આવશ્યક-મૂલટીકાકાર, આવશ્યક-મૂલભાષ્યકાર, લઘીયસ્ત્રયાલંકારકાર અકલંક, ન્યાયાવતાર-વિવૃત્તિકાર વગેરેનો ઉલ્લેખ છે. ઉપલબ્ધ વિવરણ ચતુર્વિંશતિસ્તવ નામના દ્વિતીય અધ્યયનના **'थूभं रयणविचित्तं कुंथुं सुमिणम्मि तेण कुंथुजिणो'**ની વ્યાખ્યા સુધી જ છે. ત્યાર બાદ **'साम्प्रतमरः'** અર્થાત્ 'હવે અરનાથના વ્યાખ્યાનનો અધિકાર છે' તેટલો જ ઉલ્લેખ વધારે છે. તેની પછીનું વિવરણ અનુપલબ્ધ છે. ઉપલબ્ધ વિવરણનું ગ્રન્થમાન ૧૮૦૦૦ શ્લોક-પ્રમાણ છે.

બૃહત્કલ્પ-પીઠિકાવૃત્તિ :

આ વૃત્તિ ભદ્રબાહુકૃત બૃહત્કલ્પ-પીઠિકાનિર્યુક્તિ અને સંઘદાસકૃત બૃહત્કલ્પ-પીઠિકાભાષ્ય (લઘુભાષ્ય) પર છે. આચાર્ય મલયગિરિ પીઠિકાભાષ્યની ગાથા ૬૦૬ પર્યન્ત જ પ્રસ્તુત વૃત્તિ લખી શક્યા. બાકીની વૃત્તિ પછીથી આચાર્ય ક્ષેમકીર્તિએ લખી. આ તથ્યનું પ્રતિપાદન સ્વયં ક્ષેમકીર્તિએ પોતાની વૃત્તિનો પ્રારંભ કરતાં કર્યું છે. પ્રસ્તુત વૃત્તિનાં આરંભમાં આચાર્ય મલયગિરિએ બૃહત્કલ્પલઘુભાષ્યકાર તથા બૃહત્કલ્પ-ચૂર્ણિકાર પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવી છે. વૃત્તિમાં પ્રાકૃત ગાથાઓની સાથે સાથે જ પ્રાકૃત કથાનકો પણ ઉદ્ધૃત કરવામાં આવ્યા છે. મલયગિરિકૃત વૃત્તિનું ગ્રન્થમાન ૪૬૦૦ શ્લોકપ્રમાણ છે.

મલધારી હેમચન્દ્રસૂરિકૃત ટીકાઓ :

મલધારી હેમચન્દ્રસૂરિનું ગૃહસ્થાશ્રમનું નામ પ્રદ્યુમ્ન હતું. પ્રદ્યુમ્ન રાજમંત્રી હતા. તેઓ પોતાની ચાર સ્ત્રીઓને છોડીને મલધારી અભયદેવસૂરિ પાસે દીક્ષિત થયા હતા. અભયદેવનું મૃત્યુ થતાં અર્થાત્ વિ.સં.૧૧૬૮માં હેમચન્દ્રે આચાર્ય-પદ પ્રાપ્ત કર્યું હતું. સંભવતઃ તેઓ વિ.સં.૧૧૮૦ સુધી આ પદ પર પ્રતિષ્ઠિત રહ્યા અને તદનન્તર તેમનું દેહાવસાન થયું. તેમના કોઈ પણ ગ્રન્થની પ્રશસ્તિમાં વિ.સં.૧૧૭૭ની પછીનો ઉલ્લેખ નથી. તેમણે નિમ્નોક્ત આગમ-વ્યાખ્યાઓ લખી છે : આવશ્યક-ટિપ્પણ, અનુયોગદ્વાર-વૃત્તિ, નન્દિ-ટિપ્પણ અને વિશેષાવશ્યકભાષ્ય-વૃત્તિ. આ સિવાય નિમ્ન કૃતિઓ પણ મલધારી હેમચન્દ્રની જ છે : શતક-વિવરણ, ઉપદેશમાલા, ઉપદેશમાલાવૃત્તિ, જીવસમાસ-વિવરણ, ભવભાવના, ભવભાવના-વિવરણ. આ ગ્રન્થોનું પરિમાણ લગભગ ૮૦૦૦૦ શ્લોક-પ્રમાણ છે.

આવશ્યકટિપ્પણ :

આ ટિપ્પણ હરિભદ્રકૃત આવશ્યક-વૃત્તિ પર છે. તેને આવશ્યકવૃત્તિ પ્રદેશવ્યાખ્યા અથવા હારિભદ્રીયાવશ્યકવૃત્તિ-ટિપ્પણક પણ કહે છે. તેના પર હેમચન્દ્રના જ એક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શિષ્ય શ્રીચન્દ્રસૂરિએ એક વધુ ટિપ્પણ લખ્યું છે જેને પ્રદેશવ્યાખ્યા-ટિપ્પણ કહે છે. આવશ્યક-ટિપ્પણનું ગ્રન્થમાન ૪૬૦૦ શ્લોક-પ્રમાણ છે.

અનુયોગદ્વારવૃત્તિ :

પ્રસ્તુત વૃત્તિ અનુયોગદ્વારના મૂળપાઠ પર છે. આમાં સૂત્રોનાં પદોનો સરળ તથા સંક્ષિપ્ત અર્થ છે. અહીં-તહીં સંસ્કૃત શ્લોકો પણ ઉદ્ધૃત કરવામાં આવ્યા છે. વૃત્તિનું ગ્રન્થમાન ૫૯૦૦ શ્લોક-પ્રમાણ છે.

વિશેષાવશ્યકભાષ્ય-બૃહદ્વૃત્તિ :

પ્રસ્તુત વૃત્તિ, જેને શિષ્યહિતાવૃત્તિ પણ કહે છે, મલધારી હેમચન્દ્રની બૃહત્તમ કૃતિ છે. આમાં વિશેષાવશ્યકભાષ્યના વિષયનું સરળ તથા સુબોધ પ્રતિપાદન છે. દાર્શનિક ચર્ચાઓની પ્રધાનતા હોવા છતાં પણ વૃત્તિની શૈલીમાં ક્લિષ્ટતાનો અભાવ દૃષ્ટિગોચર થાય છે. આ ટીકાને કારણે વિશેષાવશ્યકભાષ્યના પઠન-પાઠનમાં અત્યધિક વૃદ્ધિ થઈ છે, તેમાં કોઈ સંદેહ નથી. આચાર્યે પ્રારંભમાં જ લખ્યું છે કે જિનભદ્રગણિ ક્ષમાશ્રમણવિરચિત વિશેષાવશ્યકભાષ્ય પર સ્વોપજ્ઞવૃત્તિ તથા કોટ્યાચાર્યવિહિત વિવરણ ઉપસ્થિત હોવા છતાં પણ પ્રસ્તુત વૃત્તિ લખવામાં આવી રહી છે, કેમકે આ બંને ટીકાઓ અતિ ગંભીર વાક્યાત્મક અને સંક્ષિપ્ત હોવાને કારણે મંદ બુદ્ધિવાળા શિષ્યો માટે કઠિન સાબિત થાય છે. વૃત્તિના અંતની પ્રશસ્તિમાં દર્શાવવામાં આવ્યું છે કે આ વૃત્તિ રાજા જયસિંહના રાજ્યમાં વિ.સં.૧૧૭૫ની કાર્તિક શુક્લા પંચમીના દિવસે સમાપ્ત થઈ. વૃત્તિનું ગ્રન્થમાન ૨૮૦૦૦ શ્લોક-પ્રમાણ છે.

નેમિચન્દ્રસૂરિકૃત ઉત્તરાધ્યયનવૃત્તિ :

નેમિચન્દ્રસૂરિનું બીજું નામ દેવેન્દ્રગણિ છે. તેમણે વિ.સં.૧૧૨૯માં ઉત્તરાધ્યયન પર એક ટીકા લખી. આ ટીકાનું નામ ઉત્તરાધ્યયન-સુખબોધાવૃત્તિ છે. આ વૃત્તિ વાદિવેતાલ શાન્તિસૂરિવિહિત ઉત્તરાધ્યયન-શિષ્યહિતાવૃત્તિના આધારે લખવામાં આવી છે. વૃત્તિની સરળતા તથા સુબોધતાને નજરમાં લઈને તેનું નામ સુબોધા રાખવામાં આવ્યું છે. તેમાં ઉદાહરણરૂપ અનેક પ્રાકૃત કથાનકો છે. વૃત્તિના અન્તની પ્રશસ્તિમાં ઉલ્લેખ છે કે નેમિચન્દ્રાચાર્ય બૃહદ્ગચ્છીય ઉદ્યોતનાચાર્યના શિષ્ય ઉપાધ્યાય આમ્રદેવના શિષ્ય છે. તેમના ગુરુ-ભ્રાતાનું નામ મુનિચન્દ્રસૂરિ છે, જેમની પ્રેરણા જ પ્રસ્તુત વૃત્તિની રચનાનું મુખ્ય કારણ છે. વૃત્તિ-રચનાનું સ્થાન અણહિલપાટક નગર (પાટણ)માં શેઠ દોહડિનું ઘર છે. વૃત્તિની સમાપ્તિનો સમય વિ.સં.૧૧૨૯ છે. તેનું ગ્રન્થમાન ૧૨૦૦૦ શ્લોક-પ્રમાણ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીચન્દ્રસૂરિકૃત ટીકાઓ :

શ્રીચન્દ્રસૂરિ શીલભદ્રસૂરિના શિષ્ય હતા. તેમણે નિમ્નોક્ત ગ્રન્થો પર ટીકાઓ લખી છે : નિશીથ (વીસમો ઉદ્દેશક), શ્રમણોપાસક-પ્રતિક્રમણ (આવશ્યક), નન્દી, જીતકલ્પ, નિરયાવલિકાદિ અન્તિમ પાંચ ઉપાંગ.

નિશીથચૂર્ણિ-દુર્ગપદવ્યાખ્યા :

આમાં નિશીથચૂર્ણિના વીસમા ઉદ્દેશકના કઠિન અંશોની સુબોધ વ્યાખ્યા કરવામાં આવી છે. વ્યાખ્યાનો અધિક અંશ વિવિધ પ્રકારના માસોના ભંગ, દિવસોની ગણતરી વગેરે સંબંધિત હોવાને કારણે કંઈક નીરસ છે. અંતમાં વ્યાખ્યાકારે પોતાનો પરિચય આપતાં પોતાને શીલભદ્રસૂરિના શિષ્ય બતાવ્યા છે. પ્રસ્તુત વ્યાખ્યા વિ.સં.૧૧૭૪ની માઘ શુક્લા દ્વાદશી રવિવારના દિવસે સમાપ્ત થઈ.

નિરયાવલિકાવૃત્તિ :

આ વૃત્તિ અંતિમ પાંચ ઉપાંગરૂપ નિરયાવલિકા સૂત્ર પર છે. વૃત્તિ સંક્ષિપ્ત તથા શબ્દાર્થ-પ્રધાન છે. તેનું ગ્રન્થમાન ૬૦૦ શ્લોક-પ્રમાણ છે.

જીતકલ્પબૃહચ્ચૂર્ણિ-વિષમપદવ્યાખ્યા :

પ્રસ્તુત વ્યાખ્યા સિદ્ધસેનસૂરિકૃત જીતકલ્પ-બૃહચ્ચૂર્ણિનાં વિષમ પદોનાં વ્યાખ્યાન રૂપમાં છે. તેમાં અહીં-તહીં પ્રાકૃત ગાથાઓ ઉદ્ધૃત કરવામાં આવી છે. અંતમાં વ્યાખ્યાકારે પોતાનો નામોલ્લેખ કરતાં દર્શાવ્યું છે કે પ્રસ્તુત વ્યાખ્યા વિ.સં.૧૨૨૭ના મહાવીર-જન્મકલ્યાણના દિવસે પૂર્ણ થઈ. વ્યાખ્યાનું ગ્રન્થમાન ૧૧૨૦ શ્લોક-પ્રમાણ છે.

ઉપર્યુક્ત ટીકાકારો સિવાય પણ એવા અનેક આચાર્યો છે જેમણે આગમો પર નાની કે મોટી ટીકાઓ લખી છે. આ પ્રકારની કેટલીક પ્રકાશિત ટીકાઓનો પરિચય આગળ આપવામાં આવેલ છે.

આચાર્ય ક્ષેમકીર્તિકૃત બૃહત્કલ્પવૃત્તિ :

આ વૃત્તિ આચાર્ય મલયગિરિકૃત અપૂર્ણ વૃત્તિની પૂર્તિરૂપે છે. શૈલી વગેરેની દૃષ્ટિએ પ્રસ્તુત વૃત્તિ મલયગિરિકૃત વૃત્તિની કોટિની જ છે. આચાર્ય ક્ષેમકીર્તિના ગુરુનું નામ વિજયચન્દ્રસૂરિ છે. વૃત્તિનો સમાપ્તિકાળ જ્યેષ્ઠ શુક્લા દસમી વિ.સં.૧૩૩૨ તથા ગ્રંથમાન ૪૨૬૦૦ શ્લોક-પ્રમાણ છે.

માણિક્યશેખરસૂરિકૃત આવશ્યકનિર્યુક્તિ-દીપિકા :

આ ટીકા આવશ્યકનિર્યુક્તિનો શબ્દાર્થ તથા ભાવાર્થ સમજવા માટે બહુ જ ઉપયોગી છે. ટીકાના અંતે દર્શાવવામાં આવ્યું છે કે દીપિકાકાર માણિક્યશેખર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંચલગચ્છીય મહેન્દ્રસૂરિના શિષ્ય મેરુતુંગસૂરિના શિષ્ય છે. પ્રસ્તુત દીપિકા સિવાય નિમ્નલિખિત દીપિકાઓ પણ તેમની જ લખેલી છે : દશવૈકાલિકનિર્યુક્તિદીપિકા, પિણ્ડનિર્યુક્તિ-દીપિકા, ઓઘનિર્યુક્તિ-દીપિકા, ઉત્તરાધ્યયનદીપિકા, આચાર-દીપિકા. માણિક્યશેખરસૂરિ વિક્રમની પંદરમી સદીમાં વિદ્યમાન હતા.

અજિતદેવસૂરિકૃત આચારાંગદીપિકા :

આ ટીકા ચન્દ્રગચ્છીય મહેશ્વરસૂરિના શિષ્ય અજિતદેવસૂરિએ વિ.સં.૧૬૨૯ની આસપાસ લખી છે. તેનો આધાર શીલાંકાચાર્ય કૃત આચારાંગ-વિવરણ છે. ટીકા સરળ, સંક્ષિપ્ત તથા સુબોધ છે.

વિજયવિમલગણિવિહિત ગચ્છાચારવૃત્તિ :

પ્રસ્તુત વૃત્તિ તપાગચ્છીય આનન્દવિમલસૂરિના શિષ્ય વિજયવિમલગણિએ વિ.સં.૧૬૩૪માં લખી છે. તેનું ગ્રંથમાન ૫૮૫૦ શ્લોક-પ્રમાણ છે. વૃત્તિ વિસ્તૃત છે તથા પ્રાકૃત કથાનકોથી યુક્ત છે.

વિજયવિમલગણિવિહિત તન્દુલવૈચારિકવૃત્તિ :

આ વૃત્તિ ઉપરોક્ત વિજયવિમલગણિએ ગુણસૌભાગ્યગણિ પાસેથી મેળવેલ તન્દુલપ્રકીર્ણકના જ્ઞાનના આધારે લખી છે. વૃત્તિ શબ્દાર્થ-પ્રધાન છે. તેમાં ક્યાંક ક્યાંક અન્ય ગ્રંથોનાં ઉદ્ધરણો પણ છે.

વાનરર્ષિકૃત ગચ્છાચારટીકા :

પ્રસ્તુત ટીકાના પ્રણેતા વાનરર્ષિ તપાગચ્છીય આનન્દવિમલસૂરિના શિષ્યાનુશિષ્ય છે. ટીકા સંક્ષિપ્ત અને સરળ છે. ટીકાકારે તેનો આધાર હર્ષકુલ દ્વારા પ્રાપ્ત ગચ્છાચાર પ્રકીર્ણકનાં જ્ઞાનને માનેલ છે.

ભાવવિજયગણિકૃત ઉત્તરાધ્યયનવ્યાખ્યા :

પ્રસ્તુત વ્યાખ્યા તપાગચ્છીય મુનિવિમલસૂરિના શિષ્ય ભાવવિજયગણિએ વિ.સં.૧૬૮૯માં લખી છે. વ્યાખ્યા કથાનકોથી ભરપૂર છે. બધાં જ કથાનકો પદ્યબદ્ધ છે. વ્યાખ્યાનું ગ્રંથમાન ૧૬૨૫૫ શ્લોક-પ્રમાણ છે.

સમયસુન્દરસૂરિસંદબ્ધ દશવૈકાલિકદીપિકા :

પ્રસ્તુત દીપિકાના પ્રણેતા સમયસુન્દરસૂરિ ખરતરગચ્છીય સકલચન્દ્રસૂરિના શિષ્ય છે. દીપિકા શબ્દાર્થ-પ્રધાન છે. તેનું ગ્રંથમાન ૩૪૫૦ શ્લોક-પ્રમાણ છે. તે વિ. સં. ૧૬૯૧માં સ્તમ્ભતીર્થ (ખંભાત)માં પૂર્ણ થઈ હતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાનવિમલસૂરિગ્રથિત પ્રશ્નવ્યાકરણ-સુખબોધિકાવૃત્તિ :

આ વૃત્તિ વિસ્તારમાં અભયદેવસૂરિકૃત પ્રશ્નવ્યાકરણ-વૃત્તિથી મોટી છે. વૃત્તિના પ્રારંભમાં આચાર્યે નવાંગીવૃત્તિકાર અભયદેવસૂરિ-વિરચિત પ્રશ્નવ્યાકરણવૃત્તિની કૃતજ્ઞતા સ્વીકારી છે. વૃત્તિકાર જ્ઞાનવિમલસૂરિનું બીજું નામ નયવિમલગણિ છે. તેઓ તપાગચ્છીય ધીરવિમલગણિના શિષ્ય છે. પ્રસ્તુત વૃત્તિના લેખનમાં કવિ સુખસાગરે વિશેષ સહાય કરી હતી. વૃત્તિનું ગ્રંથમાન ૭૫૦૦ શ્લોક-પ્રમાણ છે. તેનો રચના-કાળ વિ.સં.૧૭૯૩થી કેટલાક વર્ષ પૂર્વે છે.

લક્ષ્મીવલ્લભગણિવિરચિત ઉત્તરાધ્યયનદીપિકા :

દીપિકાકાર લક્ષ્મીવલ્લભગણિ ખરતરગચ્છીય લક્ષ્મીકીર્તિગણિના શિષ્ય છે. દીપિકા સરળ અને સુબોધ છે. તેમાં દૃષ્ટાન્તરૂપ અનેક સંસ્કૃત આખ્યાનો છે.

દાનશેખરસૂરિસંકલિત ભગવતી-વિશેષપદવ્યાખ્યા :

આ વ્યાખ્યા પ્રાચીન ભગવતી-વૃત્તિના આધારે લખવામાં આવી છે. આમાં ભગવતી (વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ)સૂત્રના કઠિન – દુર્ગ પદોનું વિવેચન કરવામાં આવ્યું છે. વ્યાખ્યાકાર દાનશેખરસૂરિ જિનમાણિક્યસૂરિના શિષ્ય અનન્તહંસગણિના શિષ્ય છે. પ્રસ્તુત વ્યાખ્યા તપાગચ્છનાયક લક્ષ્મીસાગરસૂરિના શિષ્ય સુમતિસાધુસૂરિના શિષ્ય હેમવિમલસૂરિના સમયમાં સંકલિત કરવામાં આવી હતી.

સંઘવિજયગણિકૃત કલ્પસૂત્ર-કલ્પપ્રદીપિકા :

કલ્પસૂત્રની પ્રસ્તુત વૃત્તિ વિજયસેનસૂરિના શિષ્ય સંઘવિજયગણિએ વિ.સં.૧૬૭૪માં લખી. વિ.સં.૧૬૮૧માં કલ્યાણવિજયસૂરિના શિષ્ય ધનવિજયગણિએ તેનું સંશોધન કર્યું. વૃત્તિનું ગ્રંથમાન ૩૨૫૦ શ્લોક-પ્રમાણ છે.

વિનયવિજયોપાધ્યાયવિહિત કલ્પસૂત્ર-સુબોધિકા :

આ વૃત્તિ તપાગચ્છીય કીર્તિવિજયગણિના શિષ્ય વિનયવિજય ઉપાધ્યાયે વિ.સં.૧૬૯૬માં લખી તથા ભાવવિજયે સંશોધિત કરી. આમાં ક્યાંક-ક્યાંક ધર્મસાગરગણિકૃત કિરણાવલી અને જયવિજયગણિકૃત દીપિકાનું ખંડન કરવામાં આવ્યું છે. ટીકાનું ગ્રંથમાન ૫૪૦૦ શ્લોક-પ્રમાણ છે.

સમયસુન્દરગણિવિરચિત કલ્પસૂત્ર-કલ્પલતા :

આ વ્યાખ્યા ઉપર્યુક્ત દશવૈકાલિક-દીપિકાકાર ખરતરગચ્છીય સમયસુન્દરગણિની કૃતિ છે. તેનો રચના-કાળ વિ.સં.૧૬૯૯ની આસપાસ છે. વૃત્તિનું સંશોધન કરનાર હર્ષનંદન છે. તેનું ગ્રંથમાન ૭૭૦૦ શ્લોક-પ્રમાણ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાન્તિસાગરગણિવિદંબ્ધ કલ્પસૂત્ર-કલ્પકૌમુદી :

આ વૃત્તિ તપાગચ્છીય ધર્મસાગરગણિના પ્રશિષ્ય અને શ્રુતસાગરગણિના શિષ્ય શાન્તિસાગરગણિએ વિ.સં.૧૭૦૭માં રચી. વૃત્તિનું ગ્રંથમાન ૩૭૦૭ શ્લોક-પ્રમાણ છે.

પૃથ્વીચન્દ્રસૂરિપ્રણીત કલ્પસૂત્ર-ટિપ્પણક :

પ્રસ્તુત ટિપ્પણકના પ્રણેતા પૃથ્વીચન્દ્રસૂરિ દેવસેનગણિના શિષ્ય છે. દેવસેનગણિના ગુરુનું નામ યશોભદ્રસૂરિ છે. યશોભદ્રસૂરિ શાકંભરી રાજાને પ્રતિબોધ આપનાર આચાર્ય ધર્મઘોષના શિષ્ય છે. ધર્મઘોષસૂરિના ગુરુ ચન્દ્રકુલીન શીલભદ્રસૂરિ છે.

લોકભાષાઓમાં નિર્મિત વ્યાખ્યાઓ :

આગમોની સંસ્કૃત વ્યાખ્યાઓમાં બહુલતા હોવા છતાં પણ પછીના આચાર્યોએ જનહિતની દૃષ્ટિએ લોકભાષાઓમાં આગમોની વ્યાખ્યાઓ રચવી આવશ્યક સમજી. પરિણામે તત્કાલીન પ્રાચીન ગુજરાતીમાં કેટલાક આચાર્યોએ આગમો પર સરળ તથા સુબોધ બાલાવબોધ લખ્યા. આ પ્રકારના બાલાવબોધ લખનારાઓમાં વિક્રમની સોળમી શતાબ્દીમાં વિદ્યમાન પાર્શ્વચન્દ્રગણિ તથા અઢારમી સદીમાં વિદ્યમાન લોંકાગચ્છીય (સ્થાનકવાસી) મુનિ ધર્મસિંહનું નામ વિશેષ ઉલ્લેખનીય છે. મુનિ ધર્મસિંહે ભગવતી, જીવાભિગમ, પ્રજ્ઞાપના, ચન્દ્રપ્રજ્ઞપ્તિ અને સૂર્યપ્રજ્ઞપ્તિ છોડીને સ્થાનકવાસી-સમ્મત શેષ ૨૭ આગમો પર બાલાવબોધ – ટબા લખ્યા છે. હિન્દી વ્યાખ્યાઓમાં મુનિ હસ્તિમલકૃત દશવૈકાલિક-સૌભાગ્યચન્દ્રિકા અને નન્દીસૂત્ર-ભાષાટીકા, ઉપાધ્યાય આત્મારામકૃત દશાશ્રુતસ્કન્ધ-ગણપતિગુણપ્રકાશિકા, દશવૈકાલિક-આત્મજ્ઞાનપ્રકાશિકા, ઉત્તરાધ્યયન-આત્મજ્ઞાનપ્રકાશિકા, ઉપાધ્યાય અમરમુનિકૃત આવશ્યક-વિવેચન (શ્રમણસૂત્ર) વગેરે ઉલ્લેખનીય છે.

આગમિક વ્યાખ્યાઓમાં સામગ્રી-વૈવિધ્ય :

જૈન આગમોની જે વ્યાખ્યાઓ ઉપલબ્ધ છે તે માત્ર શબ્દાર્થ સુધી જ સીમિત નથી. તેમાં આચારશાસ્ત્ર, દર્શનશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, નાગરિકશાસ્ત્ર, મનોવિજ્ઞાન વગેરે વિષયો સમ્બન્ધિત પ્રચુર સામગ્રી વિદ્યમાન છે.

આચારશાસ્ત્ર :

આવશ્યક-નિર્યુક્તિનું સામાયિક સમ્બન્ધી અધિકાંશ વિવેચન આચારશાસ્ત્રવિષયક છે. આ જ રીતે અન્ય નિર્યુક્તિઓમાં પણ એતદ્વિષયક સામગ્રીની પ્રચુરતા છે. વિશેષાવશ્યક-ભાષ્યમાં સામાયિક વગેરે પાંચ પ્રકારના ચારિત્રનું વિસ્તારપૂર્વક વ્યાખ્યાન કરવામાં આવ્યું છે. જીતકલ્પ-ભાષ્ય, બૃહત્કલ્પ-ભાષ્ય, બૃહત્કલ્પ-

5 Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બૃહદ્‌ભાષ્ય તથા વ્યવહાર-ભાષ્ય તો આચાર-સમ્બન્ધી વિધિ-વિધાનોથી ભરપૂર છે. પંચકલ્પ-મહાભાષ્યનું કલ્પવિષયક વર્ણન પણ જૈન આચારશાસ્ત્રની દૃષ્ટિએ બહુ મહત્ત્વપૂર્ણ છે. બૃહત્કલ્પ-લઘુભાષ્યમાં હિંસા-અહિંસાના સ્વરૂપની વિશેષ ચર્ચા છે. આમાં તથા અન્ય ભાષ્યોમાં જિનકલ્પ-સ્થવિરકલ્પની વિવિધ અવસ્થાઓનું વિશદ વર્ણન છે.

દર્શનશાસ્ત્ર :

સૂત્રકૃતાંગ-નિર્યુક્તિમાં ક્રિયાવાદી, અક્રિયાવાદી વગેરે ૩૬૩ મત-મતાન્તરોનો ઉલ્લેખ છે. વિશેષાવશ્યકભાષ્યમાં પ્રતિપાદિત ગણધરવાદ અને નિહ્નવવાદ દર્શનવાદની વિવિધ દૃષ્ટિઓનું પ્રતિનિધિત્વ કરે છે. આવશ્યક-ચૂર્ણિમાં આજીવક, તાપસ, પરિવ્રાજક, તચ્ચંણિય (તત્ક્ષણિક), બોટિક વગેરે અનેક મત-મતાન્તરોનું વર્ણન છે. આ જ રીતે અન્ય વ્યાખ્યાઓમાં પણ થોડી-ઘણી દાર્શનિક સામગ્રી મળે છે. સંસ્કૃત ટીકાઓમાં આ પ્રકારની પ્રચુર સામગ્રી છે.

જ્ઞાનવાદ :

વિશેષાવશ્યકભાષ્યમાં જ્ઞાનપંચક — મતિ, શ્રુતિ, અવધિ, મનઃપર્યવ અને કેવલજ્ઞાનનાં સ્વરૂપ પર વિસ્તારપૂર્વક પ્રકાશ પાડવામાં આવ્યો છે. આ જ રીતે આમાં કેવલજ્ઞાન અને કેવલદર્શનના ભેદ અને અભેદનો પણ યુક્તિપુરસ્સર વિચાર કરવામાં આવ્યો છે. બૃહત્કલ્પ-લઘુભાષ્યના પ્રારંભમાં પણ જ્ઞાનપંચકની વિશેષ ચર્ચા છે. નન્દી-ચૂર્ણિમાં પણ આ જ વિષય પર પર્યાપ્ત પ્રકાશ પાડવામાં આવ્યો છે. આ જ રીતે આચાર્ય હરિભદ્રકૃત નન્દીવૃત્તિમાં પણ જ્ઞાનવાદ પર પર્યાપ્ત સામગ્રી છે.

પ્રમાણશાસ્ત્ર :

દશવૈકાલિક-નિર્યુક્તિમાં અનુમાનની પ્રતિજ્ઞા વગેરે દસ પ્રકારના અવયવોનો નિર્દેશ છે. આ જ વિષયનું આચાર્ય હરિભદ્રે પોતાની દશવૈકાલિક-વૃત્તિમાં વિસ્તારથી પ્રતિપાદન કર્યું છે. પ્રમાણશાસ્ત્ર-સમ્બન્ધી ચર્ચા માટે આચાર્ય શીલાંક તથા મલયગિરિની ટીકાઓ વિશેષ દ્રષ્ટવ્ય છે.

કર્મવાદ :

વિશેષાવશ્યકભાષ્યમાં સામાયિકનિર્ગમની ચર્ચાના પ્રસંગમાં ઉપશમ અને ક્ષપક શ્રેણીનું તથા સિદ્ધ-નમસ્કારનું વ્યાખ્યાન કરતાં આચાર્યે કર્મસ્થિતિ, સમુદ્‌ઘાત, શૈલેષી-અવસ્થા વગેરેનું વર્ણન કર્યું છે. બૃહત્કલ્પ-લઘુભાષ્યના તૃતીય ઉદ્દેશમાં હિંસાના સ્વરૂપ-વર્ણનના પ્રસંગે રાગાદિની તીવ્રતા અને તીવ્ર કર્મબન્ધ, હિંસકનાં જ્ઞાન તથા અજ્ઞાનને કારણે કર્મબન્ધની ન્યૂનાધિકતા, અધિકરણવૈવિધ્યથી કર્મ-વૈવિધ્ય વગેરેનું વિસ્તારપૂર્વક પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનોવિજ્ઞાન અને યોગશાસ્ત્ર :

વિશેષાવશ્યકભાષ્યના સિદ્ધ-નમસ્કાર પ્રકરણમાં ધ્યાનનું પર્યાપ્ત વિવેચન છે. વ્યવહાર-ભાષ્યના દ્વિતીય ઉદ્દેશમાં ભાષ્યકારે ક્ષિપ્તચિત્ત તથા દીપ્તચિત્ત સાધુઓની ચિકિત્સાની મનોવૈજ્ઞાનિક વિધિ દર્શાવી છે. આ જ ઉદ્દેશમાં ક્ષિપ્તચિત્ત અને દીપ્તચિત્ત થવાના કારણો પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે. પંચકલ્પ-મહાભાષ્યમાં પ્રવ્રજ્યાની યોગ્યતા-અયોગ્યતાનો વિચાર કરતાં ભાષ્યકારે વ્યક્તિત્વના વીસ ભેદોનું વર્ણન કર્યું છે. આ જ રીતે નિશીથ-વિશેષચૂર્ણિમાં વ્યક્તિત્વના અડતાળીસ ભેદોનું સ્વરૂપ દર્શાવવામાં આવ્યું છે : અઢાર પ્રકારના પુરુષો, વીસ પ્રકારની સ્ત્રીઓ તથા દસ પ્રકારના નપુંસકો.

કામવિજ્ઞાન :

દશવૈકાલિક-નિર્યુક્તિમાં ચૌદ પ્રકારનાં સંપ્રાપ્ત કામ અને દસ પ્રકારના અસંપ્રાપ્ત કામનો ઉલ્લેખ છે. બૃહત્કલ્પ-લઘુભાષ્યના તૃતીય ઉદ્દેશમાં પુરુષસંસર્ગના અભાવમાં ગર્ભાધાન થવાનાં કારણો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. આ જ ભાષ્યના ચતુર્થ ઉદ્દેશમાં હસ્તકર્મ, મૈથુન વગેરેનાં સ્વરૂપનું વર્ણન છે. નિશીથ-વિશેષચૂર્ણિના પ્રથમ ઉદ્દેશમાં આ જ વિષય પર વિશેષ પ્રકાશ પાડવામાં આવ્યો છે. આ જ ચૂર્ણિના છઠ્ઠા ઉદ્દેશમાં કામીઓના પ્રેમપત્ર-લેખનનું વિવેચન કરવામાં આવ્યું છે તથા સાતમા ઉદ્દેશમાં વિવિધ પ્રકારની કામ-ક્રીડાઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

સમાજશાસ્ત્ર :

આવશ્યક-નિર્યુક્તિમાં પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવના સમયની સામાજિક સ્થિતિ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. તે સમયના આહાર, શિલ્પ, કર્મ, લેખન, માનદંડ, પોત, ઇક્ષુશાસ્ત્ર, ઉપાસના, ચિકિત્સા, અર્થશાસ્ત્ર, યજ્ઞ, ઉત્સવ, વિવાહ વગેરે ચાલીસ સામાજિક વિષયોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આચારાંગ-નિર્યુક્તિમાં મનુષ્ય-જાતિના સાત વર્ણો અને નવ વર્ણાન્તરોનો ઉલ્લેખ છે. બૃહત્કલ્પ-લઘુભાષ્યમાં પાંચ પ્રકારના સાર્થ, આઠ પ્રકારના સાર્થવાહ, આઠ પ્રકારના સાર્થ-વ્યવસ્થાપક, છ પ્રકારની આર્યજાતિઓ, છ પ્રકારના આર્યકુળો વગેરે સમાજશાસ્ત્ર સાથે સમ્બન્ધિત અનેક પ્રકારના વિષયોનું વર્ણન છે. આવશ્યકચૂર્ણિમાં આવશ્યક-નિર્યુક્તિનું જ અનુસરણ કરતાં ઋષભદેવના જન્મ, વિવાહ, અપત્ય વગેરેના વર્ણનની સાથે-સાથે તત્કાલીન શિલ્પ, કર્મ, લેખ વગેરે પર વિશેષ પ્રકાશ પાડવામાં આવ્યો છે. નિશીથ-વિશેષચૂર્ણિના નવમ ઉદ્દેશમાં ત્રણ પ્રકારના અન્તઃપુરોનું વર્ણન છે. આ ચૂર્ણિના સોળમા ઉદ્દેશમાં જુગુપ્સિત કુળોનું વર્ણન કરવામાં આવ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાગરિકશાસ્ત્ર :

બૃહત્કલ્પ-લઘુભાષ્યના પ્રથમ ઉદ્દેશમાં ગ્રામ, નગર, ખેડ, કર્બટક, મડમ્બ, પત્તન, આકર, દ્રોણમુખ, નિગમ, રાજધાની વગેરેનું સ્વરૂપ દર્શાવવામાં આવ્યું છે. શીલાંકાચાર્યકૃત આચારાંગ-વિવરણના પ્રથમ શ્રુતસ્કન્ધના અષ્ટમ અધ્યયનના ષષ્ઠ ઉદ્દેશકમાં પણ આ જ પ્રકારનું વર્ણન છે.

ભૂગોળ :

આવશ્યક-નિર્યુક્તિમાં ચોવીસ તીર્થંકરોના ભિક્ષાલાભના પ્રસંગમાં હસ્તિનાપુર વગેરે ચોવીસ નગરોનાં નામ ગણાવવામાં આવ્યા છે. પંચકલ્પ-મહાભાષ્યમાં ક્ષેત્રકલ્પની ચર્ચા કરતાં ભાષ્યકારે સાડા પચ્ચીસ આર્યદેશો અને તેમની રાજધાનીઓનો નામોલ્લેખ કર્યો છે. નિશીથ-વિશેષચૂર્ણિના સોળમા ઉદ્દેશમાં આર્યદેશની સીમા આ મુજબ બતાવવામાં આવી છે : પૂર્વમાં મગધ, પશ્ચિમમાં સ્થૂણા, ઉત્તરમાં કુણાલા અને દક્ષિણમાં કૌશામ્બી.

રાજનીતિ :

વ્યવહાર-ભાષ્યના પ્રથમ ઉદ્દેશમાં રાજા, યુવરાજ, મહત્તરક, અમાત્ય, કુમાર, નિયતિક, રૂપયક્ષ વગેરેનાં સ્વરૂપ તથા કાર્યો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

ઐતિહાસિક ચરિત્રો :

આવશ્યકનિર્યુક્તિમાં ઋષભદેવ, મહાવીર, આર્ય રક્ષિત, સપ્ત નિહ્નવ, નાગદત્ત, મહાગિરિ, સ્થૂલભદ્ર, ધર્મઘોષ, સુરેન્દ્રદત્ત, ધન્વન્તરિ વૈદ્ય, કરકંડુ, પુષ્પભૂતિ વગેરેનાં ચરિત્ર પર સંક્ષિપ્ત સામગ્રી ઉપલબ્ધ છે. વિશેષાવશ્યકભાષ્યમાં આર્ય વજ્ર, આર્ય રક્ષિત, પુષ્પમિત્ર, જમાલિ, તિષ્યગુપ્ત, આષાઢભૂતિ, અશ્વમિત્ર, ગંગ, રોહગુપ્ત, ગોષ્ઠામાહિલ, શિવભૂતિ વગેરે અનેક ઐતિહાસિક પુરુષોનાં જીવન-ચરિત્ર પર પર્યાપ્ત પ્રકાશ પાડવામાં આવ્યો છે. આવશ્યકચૂર્ણિમાં ભગવાન ઋષભદેવ તથા મહાવીર, ભરત અને બાહુબલિ, ગોશાલક, ચન્દનબાલા, આનન્દ, કામદેવ, શિવરાજર્ષિ, ગંગદત્ત, ઈલાપુત્ર, મેતાર્ય, કાલિકાચાર્ય, ચિલાતિપુત્ર, ધર્મરુચિ, તેતલીપુત્ર, અભયકુમાર, શ્રેણિક, ચેલ્લણા, સુલસા, કોણિક, ચેટક, ઉદાયી, મહાપદ્મનન્દ, શકટાલ, વરરુચિ, સ્થૂલભદ્ર વગેરે અનેક ઐતિહાસિક વ્યક્તિઓ સમ્બન્ધિત આખ્યાનો છે.

સંસ્કૃતિ અને સભ્યતા :

દશવૈકાલિક-નિર્યુક્તિમાં ધાન્ય તથા રત્નની ચોવીસ જાતિઓ ગણાવવામાં આવી છે. બૃહત્કલ્પ-લઘુભાષ્યના દ્વિતીય ઉદ્દેશમાં જાંગિક વગેરે પાંચ પ્રકારનાં વસ્ત્રો તથા ઔર્ણિક વગેરે પાંચ પ્રકારના રજોહરણનું સ્વરૂપ દર્શવવામાં આવ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યવહારભાષ્યના પ્રથમ ઉદ્દેશમાં સત્તર પ્રકારના ધાન્ય-ભંડારોનું વર્ણન છે. નિશીથ-વિશેષચૂર્ણિના પ્રથમ ઉદ્દેશમાં દંડ, વિદંડ, લાઠી, વિલટ્ઠી વગેરેનો તફાવત દર્શાવવામાં આવ્યો છે. આ જ ચૂર્ણિના સમમ ઉદ્દેશમાં કુંડલ, ગુણ, મણિ, તુડિય, તિસરિય, બાલંભા, પલંબા, હાર, અર્ધહાર, એકાવલી, મુક્તાવલી, કનકાવલી, રત્નાવલી, પટ્ટ, મુકુટ વગેરે વિવિધ પ્રકારનાં આભરણોનું સ્વરૂપ-વર્ણન છે. અષ્ટમ ઉદ્દેશમાં ઉદ્યાનગૃહ, નિર્યાણગૃહ, અટ્ટ, અટ્ટાલક, શૂન્યગૃહ, ભિન્નગૃહ, તૃણગૃહ, ગોગૃહ વગેરે અનેક પ્રકારનાં ગૃહો તથા શાળાઓનું સ્વરૂપ દર્શાવવામાં આવ્યું છે. નવમા ઉદ્દેશમાં કોષ્ઠાગાર, ભાંડાગાર, પાનાગાર, ક્ષીરગૃહ, ગંજશાલા, મહાનસશાલા વગેરેના સ્વરૂપનું વર્ણન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રથમ પ્રકરણ

નિર્યુક્તિઓ અને નિર્યુક્તિકાર

મૂલ ગ્રંથોના અર્થના સ્પષ્ટીકરણ માટે તેની પર વ્યાખ્યાત્મક સાહિત્ય લખવાની પરંપરા પ્રાચીન ભારતીય સાહિત્યકારોમાં વિશેષ રૂપે વિદ્યમાન રહી છે. તેઓ મૂળ ગ્રંથના પ્રત્યેક શબ્દની વિવેચના તથા આલોચના કરતા તથા તેના પર એક નાની કે મોટી ટીકા લખતા. વિશેષપણે પારિભાષિક શબ્દોની વ્યાખ્યા તરફ અધિક ધ્યાન આપતા. જે રીતે વૈદિક પારિભાષિક શબ્દોની વ્યાખ્યા કરવા માટે યાસ્ક મહર્ષિએ નિઘણ્ટુભાષ્યરૂપે નિરૂક્ત લખ્યું, તે જ રીતે જૈન આગમોના પારિભાષિક શબ્દોની વ્યાખ્યા કરવા માટે આચાર્ય ભદ્રબાહુએ પ્રાકૃત પદ્યમાં નિર્યુક્તિઓની રચના કરી. નિર્યુક્તિની વ્યાખ્યા-પદ્ધતિ ખૂબ જ પ્રાચીન છે. અનુયોગદ્વારસૂત્રમાં શ્રુત, સ્કન્ધ વગેરે પદોનું નિર્યુક્તિ-પદ્ધતિથી અર્થાત્ નિક્ષેપપૂર્વક વ્યાખ્યાન કરવામાં આવ્યું છે.[૧] યાસ્ક મહર્ષિના નિરુક્તમાં જે રીતે સર્વપ્રથમ નિરુક્ત-ઉપોદ્‌ઘાત છે તે જ રીતે નિર્યુક્તિઓમાં પણ પ્રારંભમાં ઉપોદ્‌ઘાત મળે છે.

દસ નિર્યુક્તિઓ :

આચાર્ય ભદ્રબાહુએ નિમ્નાંકિત ગ્રંથોની નિર્યુક્તિઓ લખી છે : ૧. આવશ્યક, ૨. દશવૈકાલિક, ૩. ઉત્તરાધ્યયન, ૪. આચારાંગ, ૫. સૂત્રકૃતાંગ, ૬. દશાશ્રુતસ્કન્ધ, ૭. બૃહત્કલ્પ, ૮. વ્યવહાર, ૯. સૂર્યપ્રજ્ઞપ્તિ અને ૧૦. ઋષિભાષિત.

આમાંથી અંતિમ બે નિર્યુક્તિઓ ઉપલબ્ધ નથી. બાકીની આઠ ઉપલબ્ધ છે. આ નિર્યુક્તિઓમાં આચાર્યે જૈન ન્યાય-સમ્મત નિક્ષેપ-પદ્ધતિનો આધાર લીધો છે. નિક્ષેપ-પદ્ધતિમાં કોઈ એક શબ્દના બધા સંભવિત અર્થોનો નિર્દેશ કરીને પ્રસ્તુત અર્થનું ગ્રહણ કરવામાં આવે છે. આચાર્ય ભદ્રબાહુએ પોતાની નિર્યુક્તિઓમાં પ્રસ્તુત અર્થના નિશ્ચયની સાથે સાથે જ તત્સમ્બદ્ધ અન્ય વાતોનો પણ નિર્દેશ કર્યો છે. 'નિર્યુક્તિ' શબ્દની વ્યાખ્યા કરતાં તેઓ સ્વયં કહે છે : એક શબ્દના અનેક અર્થ થાય છે પરંતુ કયો અર્થ કયા પ્રસંગ માટે ઉપયુક્ત થાય છે, ભગવાનના ઉપદેશ સમયે કયો અર્થ કયા શબ્દ સાથે સમ્બદ્ધ હતો, વગેરે વાતો ધ્યાનમાં રાખતાં ઠીક-ઠીક

---

૧. જુઓ — અનુયોગદ્વાર, પૃ. ૧૮ અને આગળ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થનો નિર્ણય કરવો અને તે અર્થનો સૂત્રના શબ્દો સાથે સંબંધ સ્થાપિત કરવો — એ જ નિર્યુક્તિનું પ્રયોજન છે.[૧]

નિર્યુક્તિઓની રચનાનો પ્રારંભ કરતાં આચાર્ય ભદ્રબાહુએ સર્વપ્રથમ પાંચ પ્રકારના જ્ઞાનનું વિવેચન કર્યું છે. પછીના ટીકાકારોએ જ્ઞાનને મંગલરૂપ માનીને એ સિદ્ધ કર્યું છે કે આ ગાથાઓથી મંગળનું પ્રયોજન પણ સિદ્ધ થાય છે : આગળ આચાર્યે તે બતાવ્યું છે કે આ પાંચ જ્ઞાનોમાંથી પ્રસ્તુત અધિકાર શ્રુતજ્ઞાનનો જ છે, કેમકે આ જ જ્ઞાન એવું છે જે પ્રદીપવત્ સ્વ-પર-પ્રકાશક છે. આ જ કારણ છે કે શ્રુતજ્ઞાનના આધારે જ મતિ વગેરે અન્ય જ્ઞાનોનું તથા સ્વયં શ્રુતનું પણ નિરૂપણ થઈ શકે છે. તે પછી નિર્યુક્તિકારે સામાન્યરૂપે બધા તીર્થંકરોને નમસ્કાર કર્યા છે. પછી વર્તમાન તીર્થના પ્રણેતા — પ્રવર્તક ભગવાન મહાવીરને નમસ્કાર કર્યા છે. તદુપરાન્ત મહાવીરના મુખ્ય શિષ્યો એકાદશ ગણધરોને નમસ્કાર કરીને ગુરુપરંપરારૂપ આચાર્યવંશ અને અધ્યાપકપરંપરારૂપ ઉપાધ્યાયવંશને નમસ્કાર કર્યા છે. તે પછી આચાર્યે એ પ્રતિજ્ઞા કરી છે કે આ બધાએ શ્રુતનો જે અર્થ બતાવ્યો છે તેની હું નિર્યુક્તિ અર્થાત્ શ્રુતની સાથે અર્થની યોજના કરું છું. તે માટે નિમ્નાંકિત શ્રુતગ્રંથો લઉં છું : ૧. આવશ્યક, ૨. દશવૈકાલિક, ૩. ઉત્તરાધ્યયન, ૪. આચારાંગ, ૫. સૂત્રકૃતાંગ, ૬. દશાશ્રુતસ્કન્ધ, ૭. કલ્પ (બૃહત્કલ્પ), ૮. વ્યવહાર, ૯. સૂર્યપ્રજ્ઞપ્તિ, ૧૦. ઋષિભાષિત.[૨]

આચાર્ય ભદ્રબાહુની આ દસ નિર્યુક્તિઓનો રચના-ક્રમ પણ જે ક્રમથી નિર્યુક્તિ-રચનાની પ્રતિજ્ઞા કરવામાં આવી છે તે જ હોવો જોઈએ. આ કથનની પુષ્ટિ માટે કેટલાંક પ્રમાણ[૩] નીચે આપવામાં આવ્યા છે :—

૧. ઉત્તરાધ્યયન-નિર્યુક્તિમાં વિનયનું વ્યાખ્યાન કરતી વખતે લખ્યું છે કે આના વિષયમાં પહેલાં કહેવામાં આવી ચૂક્યું છે.[૪] આ કથન દશવૈકાલિકના 'વિનયસમાધિ' નામના અધ્યયનની નિર્યુક્તિને લક્ષ્યમાં રાખીને કરવામાં આવ્યું છે. આનાથી એ સિદ્ધ થાય છે કે ઉત્તરાધ્યયન-નિર્યુક્તિની પહેલાં દશવૈકાલિક-નિર્યુક્તિની રચના થઈ હતી.

૨. 'કામા પુવ્વુદ્દિટ્ઠા' (ઉત્તરાધ્યયનનિર્યુક્તિ, ગા. ૨૦૮)માં એમ સૂચિત કરવામાં આવ્યું છે કે કામના વિષયમાં પહેલાં વિવેચન થઈ ચૂક્યું છે. આ વિવેચન દશવૈકાલિકનિર્યુક્તિની ગા. ૧૬૧-૧૬૨માં છે. આનાથી પણ એ જ વાત સિદ્ધ થાય છે.

---

૧. આવશ્યકનિર્યુક્તિ, ગા. ૮૮. ૨. એજન, ગા. ૭૯-૮૬
૩. ગણધરવાદ, પ્રસ્તાવના, પૃ. ૧૫-૬ ૪. ઉત્તરાધ્યયનનિર્યુક્તિ, ગા. ૨૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩. આવશ્યકનિર્યુક્તિના પ્રારંભમાં દસ નિર્યુક્તિની રચના કરવાની પ્રતિજ્ઞા કરવામાં આવી છે. તેનાથી એ સ્વતઃ સિદ્ધ છે કે સર્વપ્રથમ આવશ્યકનિર્યુક્તિ લખવામાં આવી. આવશ્યકનિર્યુક્તિની નિહ્નવવાદ સમ્બન્ધિત પ્રાયઃ બધી ગાથાઓ જેમની તેમ ઉત્તરાધ્યયનનિર્યુક્તિમાં લખવામાં આવી છે. તેનાથી એ સિદ્ધ થાય છે કે ઉત્તરાધ્યયનનિર્યુક્તિની રચના આવશ્યકનિર્યુક્તિ પછી જ થઈ હતી.

૪. આચારાંગનિર્યુક્તિ (ગા.૫)માં કહેવામાં આવ્યું છે કે 'આચાર' અને 'અંગ'ના નિક્ષેપનું કથન પહેલાં થઈ ચૂક્યું છે. તેથી દશવૈકાલિક અને ઉત્તરાધ્યયનની નિર્યુક્તિની રચના આચારાંગનિર્યુક્તિની પૂર્વે સિદ્ધ થાય છે, કેમકે દશવૈકાલિકના 'ક્ષુલ્લિકાચાર' અધ્યયનની નિર્યુક્તિમાં 'આચાર'ની તથા ઉત્તરાધ્યયનના 'ચતુરંગ' અધ્યયનની નિર્યુક્તિમાં 'અંગ' શબ્દની જે વ્યાખ્યા કરવામાં આવી છે તેનો જ ઉપર્યુક્ત ઉલ્લેખ છે.

૫. આચારાંગનિર્યુક્તિ (ગા.૩૪૬)માં લખવામાં આવ્યું છે કે 'મોક્ષ' શબ્દની નિર્યુક્તિ અનુસાર જ 'વિમુક્તિ' શબ્દની વ્યાખ્યા છે. આ કથન ઉત્તરાધ્યયનના 'મોક્ષ' શબ્દની નિર્યુક્તિ સાથે સમ્બન્ધ ધરાવે છે. તેનાથી એ જ સિદ્ધ થાય છે કે આચારાંગનિર્યુક્તિ પહેલાં ઉત્તરાધ્યયનનિર્યુક્તિની રચના થઈ હશે.

૬. સૂત્રકૃતાંગનિર્યુક્તિ (ગા.૯૯)માં કહેવામાં આવ્યું છે કે 'ધર્મ' શબ્દનો નિક્ષેપ પહેલાં થઈ ચૂક્યો છે. આ કથન દશવૈકાલિકનિર્યુક્તિની રચના સૂત્રકૃતાંગનિર્યુક્તિની પૂર્વે થઈ હોવાનું સૂચવે છે.

૭. સૂત્રકૃતાંગનિર્યુક્તિ (ગા.૧૨૭)માં કહેવામાં આવ્યું છે કે 'ગ્રન્થ'નો નિક્ષેપ પહેલાં થઈ ચૂક્યો છે. આ કથન ઉત્તરાધ્યયનનિર્યુક્તિ (ગા.૨૪૦)ને અનુલક્ષીને છે. તેનાથી એ જ સિદ્ધ થાય છે કે સૂત્રકૃતાંગનિર્યુક્તિ પૂર્વે ઉત્તરાધ્યયનનિર્યુક્તિની રચના થઈ હતી.

નિર્યુક્તિકાર આચાર્ય ભદ્રબાહુ :

ભદ્રબાહુ નામના એકથી વધારે આચાર્ય થયા છે. શ્વેતામ્બર-માન્યતા અનુસાર ચતુર્દશપૂર્વધર આચાર્ય ભદ્રબાહુ નેપાળમાં યોગસાધના માટે ગયા હતા, જ્યારે દિગમ્બર-માન્યતા અનુસાર આ જ ભદ્રબાહુ નેપાળમાં ન જતાં દક્ષિણમાં ગયા હતા. આ બે ઘટનાઓ પરથી એ અનુમાન થઈ શકે છે કે આ બંને ભદ્રબાહુ ભિન્ન-ભિન્ન વ્યક્તિ હતા. નિર્યુક્તિઓના કર્તા ભદ્રબાહુ આ બંનેથી અલગ કોઈ ત્રીજી વ્યક્તિ જ છે. તે ચતુર્દશપૂર્વધર ભદ્રબાહુ ન હોતાં વિક્રમની છઠ્ઠી શતાબ્દીમાં વિદ્યમાન અન્ય જ ભદ્રબાહુ છે જે પ્રસિદ્ધ જ્યોતિર્વિદ વરાહમિહિરના સહોદર હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈન સમ્પ્રદાયની સામાન્ય રીતે એ જ ધારણા છે કે છેદસૂત્રકાર તથા નિર્યુક્તિકાર બંને ભદ્રબાહુ એક જ છે, જે ચતુર્દશપૂર્વધર સ્થવિર આર્ય ભદ્રબાહુના નામથી પ્રસિદ્ધ છે. વસ્તુતઃ છેદસૂત્રકાર ચતુર્દશપૂર્વધર સ્થવિર આર્ય ભદ્રબાહુ અને નિર્યુક્તિકાર આચાર્ય ભદ્રબાહુ બે અલગ વ્યક્તિ છે.[૧]

દશાશ્રુતસ્કન્ધનિર્યુક્તિના પ્રારંભમાં નિર્યુક્તિકાર કહે છે કે પ્રાચીન ગોત્રીય, અંતિમ શ્રુતકેવલી, દશાશ્રુતસ્કન્ધ, કલ્પ અને વ્યવહાર પ્રણેતા મહર્ષિ ભદ્રબાહુને હું નમસ્કાર કરું છું.[૨] આ જ પ્રકારનો ઉલ્લેખ પંચકલ્પનિર્યુક્તિના પ્રારંભમાં પણ છે. આ ઉલ્લેખોથી એ સિદ્ધ થાય છે કે છેદસૂત્રોના કર્તા ચતુર્દશપૂર્વધર અંતિમ શ્રુતકેવલી સ્થવિર આર્ય ભદ્રબાહુસ્વામી છે.

છેદસૂત્ર તથા નિર્યુક્તિઓ એક જ ભદ્રબાહુની કૃતિઓ છે, આ માન્યતાના સમર્થન માટે પણ કેટલાક પ્રમાણ મળે છે. તેમાં સહુથી પ્રાચીન પ્રમાણ આચાર્ય શીલાંકકૃત આચારાંગ-ટીકામાં મળે છે.[૩] તેનો સમય વિક્રમની આઠમી શતાબ્દીનો ઉત્તરાર્ધ અથવા નવમી શતાબ્દીનો પ્રારંભ છે. તેમાં એ જ બતાવવામાં આવ્યું છે કે નિર્યુક્તિકાર ચતુર્દશપૂર્વવિદ્ ભદ્રબાહુસ્વામી છે.

નિર્યુક્તિકાર ચતુર્દશપૂર્વવિદ્ ભદ્રબાહુસ્વામી છે, આ માન્યતાને બાધિત કરનાર પ્રમાણ અધિક સબળ તથા તર્કપૂર્ણ છે. આ પ્રમાણોની પ્રામાણિકતાનો સહુથી મોટો આધાર તો એ છે કે સ્વયં નિર્યુક્તિકાર પોતાને ચતુર્દશપૂર્વધર ભદ્રબાહુસ્વામીથી અલગ દર્શાવે છે. બીજી વાત એ છે કે આ પ્રમાણો અધિક પ્રાચીન તથા પ્રબળ છે. નિર્યુક્તિકાર ભદ્રબાહુસ્વામી જ જો ચતુર્દશપૂર્વવિદ્ ભદ્રબાહુસ્વામી હોય તો તેમની બનાવેલી નિર્યુક્તિઓમાં નિમ્નલિખિત વાતો ના મળવી જોઈએ :—

૧. આવશ્યકનિર્યુક્તિની ૭૬૪થી ૭૭૬ સુધીની ગાથાઓમાં સ્થવિર ભદ્રગુપ્ત, આર્ય સિંહગિરિ, વજ્રસ્વામી, તોસલિપુત્રાચાર્ય, આર્ય રક્ષિત, ફલ્ગુરક્ષિત વગેરે અર્વાચીન આચાર્યો સંબંધી પ્રસંગોનું વર્ણન.

૨. પિણ્ડનિર્યુક્તિ ગાથા ૪૯૮માં પાદલિપ્તાચાર્યનો પ્રસંગ તથા ૫૦૩થી ૫૦૫ સુધીની ગાથાઓમાં વજ્રસ્વામીના મામા આર્ય સમિતસૂરિનો સમ્બન્ધ, બ્રહ્મદ્વીપિક તાપસોની પ્રવ્રજ્યા અને બ્રહ્મદ્વીપિકા શાખાની ઉત્પત્તિનું વર્ણન.

---

૧. મહાવીર જૈન વિદ્યાલય : રજત મહોત્સવ ગ્રંથ, પૃ. ૧૮૫

૨. वंदामि भद्दबाहुं, पाईणं चरिमसगलसुयनाणिं ।
सुत्तस्स कारगमिसिं, दसासु कप्पे य ववहारे ॥ १ ॥

૩. निर्युक्तिकारस्य भद्रबाहुस्वामिनश्चतुर्दशपूर्वधरस्याचार्योऽतस्तान् । — આચારાંગટીકા, પૃ. ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩. ઉત્તરાધ્યયનનિર્યુક્તિ ગાથા ૧૨૦માં કાલિકાચાર્યની કથા.

૪. આવશ્યકનિર્યુક્તિની ૭૬૪થી ૭૬૯ સુધીની ગાથાઓમાં દશપૂર્વધર વજ્રસ્વામીને નમસ્કાર.

૫. ઉત્તરાધ્યયન સૂત્રના અકામમરણીય નામના અધ્યયન સંબંધી એક નિર્યુક્તિ-ગાથા છે જેનો અર્થ આમ છે : અમે મરણવિભક્તિ સંબંધિત બધા દ્વારોનું અનુક્રમે વર્ણન કર્યું. પદાર્થોનું સંપૂર્ણ તથા વિશદ વર્ણન તો જિન અર્થાત્ કેવલજ્ઞાની અને ચતુર્દશપૂર્વધર જ કરી શકે છે.[૧] જો નિર્યુક્તિકાર સ્વયં ચતુર્દશપૂર્વવિદ્ હોત તો પોતાના મુખથી આવી વાત ન કહેત.

૬. જેમ કે પહેલાં કહેવામાં આવી ચૂક્યું છે, દશાશ્રુતસ્કન્ધનિર્યુક્તિના પ્રારંભમાં જ આચાર્ય લખે છે : 'પ્રાચીન ગોત્રીય, અંતિમ શ્રુતકેવલી અને દશાશ્રુતસ્કન્ધ, કલ્પ તથા વ્યવહારના પ્રણેતા મહર્ષિ ભદ્રબાહુને હું નમસ્કાર કરું છું.' આનાથી સહજ જ અનુમાન કરી શકાય છે કે જો નિર્યુક્તિકાર સ્વયં ચતુર્દશપૂર્વધર ભદ્રબાહુસ્વામી હોત તો તે રીતે છેદસૂત્રકારને નમસ્કાર ન કરત. બીજા શબ્દોમાં જો છેદસૂત્રકાર અને નિર્યુક્તિકાર એક જ ભદ્રબાહુ હોત તો દશાશ્રુતસ્કન્ધનિર્યુક્તિના પ્રારંભમાં જ છેદસૂત્રકાર ભદ્રબાહુને નમસ્કાર ન કરવામાં આવત, કેમકે કોઈ પણ સમજદાર ગ્રંથકાર પોતાની જાતને નમસ્કાર કરતો નથી.

ઉપર્યુક્ત ઉલ્લેખોથી એ જ વાત સિદ્ધ સિદ્ધ થાય છે છેદસૂત્રકાર ચતુર્દશપૂર્વધર શ્રુતકેવલી આર્ય ભદ્રબાહુ અને નિર્યુક્તિકાર આચાર્ય ભદ્રબાહુ એક જ વ્યક્તિ ન હોઈને અલગ-અલગ વ્યક્તિ છે. હા, નિર્યુક્તિઓમાં ઉપલબ્ધ કેટલીક ગાથાઓ અવશ્ય પ્રાચીન હોઈ શકે છે, જેમનો આચાર્ય ભદ્રબાહુએ પોતાની કૃતિઓમાં સમાવેશ કરી લીધો હોય. આ જ રીતે નિર્યુક્તિઓની કેટલીક ગાથાઓ અર્વાચીન છીના આચાર્યો દ્વારા જોડેલી પણ હોઈ શકે છે.[૧]

---

૧. सव्वे एए दारा, मरणविभत्तीइ वण्णिया कमसो ।
सगलणिउणे पयत्थे, जिणचउद्दसपुव्वि भासंति ॥ २३३ ॥

૨. આ વિષયમાં મુનિ શ્રી પુણ્યવિજયજીએ પર્યાપ્ત ઉહાપોહ કર્યો છે. તેઓ જે નિષ્કર્ષ પર પહોંચ્યા છે તે તેમના જ શબ્દોમાં અહીં ઉદ્ધૃત કરવામાં આવે છે :—

બૃહત્કલ્પ-ભાષ્ય ભા. ૬ની પ્રસ્તાવનામાં મેં અનેક પ્રમાણોના આધાર સિદ્ધ કર્યું છે કે ઉપલબ્ધ નિર્યુક્તિઓના કર્તા શ્રુતકેવલી ભદ્રબાહુ નથી પરંતુ જ્યોતિર્વિદ્

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિર્યુક્તિકાર આચાર્ય ભદ્રબાહુ વારાહીસંહિતાના પ્રણેતા જ્યોતિર્વિદ્ વરાહમિહિરના પૂર્વાશ્રમના સહોદર ભાઈ રૂપે જૈન સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે. તેઓ

વરાહમિહિરના ભાઈ દ્વિતીય ભદ્રબાહુ છે, જે વિક્રમની છઠ્ઠી શતાબ્દીમાં થયા છે. પોતાના આ કથનનું સ્પષ્ટીકરણ કરવું અહીં ઉચિત છે. જ્યારે હું એમ કહું છું કે ઉપલબ્ધ નિર્યુક્તિઓ દ્વિતીય ભદ્રબાહુની છે, શ્રુતકેવલી ભદ્રબાહુની નથી, ત્યારે તેનું તાત્પર્ય એવું નથી કે શ્રુતકેવલી ભદ્રબાહુએ નિર્યુક્તિઓની રચના કરી જ નથી. મારું તાત્પર્ય માત્ર એટલું જ છે કે જે અંતિમ સંકલન રૂપે આજે આપણી સમક્ષ નિર્યુક્તિઓ ઉપલબ્ધ છે તે શ્રુતકેવલી ભદ્રબાહુની નથી. આનો અર્થ એમ નથી કે દ્વિતીય ભદ્રબાહુની પહેલાં કોઈ નિર્યુક્તિઓ હતી જ નહિ. નિર્યુક્તિ રૂપે આગમવ્યાખ્યાની પદ્ધતિ ખૂબ જૂની છે. આની જાણ આપણને અનુયોગદ્વારથી થાય છે. ત્યાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે અનુગમ બે પ્રકારનો હોય છે : સુત્તાણુગમ અને નિજ્જુત્તિઅણુગમ. એટલું જ નહિ પરંતુ નિર્યુક્તિરૂપે પ્રસિદ્ધ ગાથાઓ પણ અનુયોગદ્વારમાં આપવામાં આવી છે. પાક્ષિકસૂત્રમાં પણ સનિજ્જુત્તિએ એવો પાઠ મળે છે. દ્વિતીય ભદ્રબાહુ પહેલાંની ગોવિન્દ વાચકની નિર્યુક્તિનો ઉલ્લેખ નિશીથ-ભાષ્ય તથા ચૂર્ણિમાં મળે છે. એટલું જ નહિ પરંતુ વૈદિક વાઙ્મયમાં પણ નિરુક્ત અતિ પ્રાચીન છે. આથી નિશ્ચયપૂર્વક કહી શકાય છે કે જૈનાગમની વ્યાખ્યાનો નિર્યુક્તિ નામક પ્રકાર પ્રાચીન છે. એવો સંભવ નથી કે છઠ્ઠી શતાબ્દી સુધી આગમોની કોઈ વ્યાખ્યા નિર્યુક્તિ રૂપે થઈ જ ન હોય. દિગંબરમાન્ય મૂલાચારમાં પણ આવશ્યકનિર્યુક્તિગત કેટલીય ગાથાઓ છે. આનાથી પણ ખબર પડે છે કે શ્વેતાંબર-દિગંબર સંપ્રદાયનો સ્પષ્ટ ભેદ થયા પહેલાં પણ નિર્યુક્તિની પરંપરા હતી. આવી સ્થિતિમાં શ્રુતકેવલી ભદ્રબાહુએ નિર્યુક્તિઓની રચના કરી છે — આ પરંપરાને નિર્મૂળ માનવાનું કોઈ કારણ નથી. આથી એમ માનવું ઉચિત છે કે શ્રુતકેવલી ભદ્રબાહુએ પણ નિર્યુક્તિઓની રચના કરી હતી અને પછીથી ગોવિન્દ વાચક જેવા અન્ય આચાર્યોએ પણ. આ રીતે ક્રમશઃ વધતાં વધતાં નિર્યુક્તિઓનું જે અંતિમ રૂપ થયું તે દ્વિતીય ભદ્રબાહુનું છે અર્થાત્ દ્વિતીય ભદ્રબાહુએ પોતાના સમય સુધીની ઉપલબ્ધ નિર્યુક્તિ-ગાથાઓનો પોતાની નિર્યુક્તિઓમાં સંગ્રહ કર્યો, સાથે જ પોતાની તરફથી પણ કેટલીક નવી ગાથાઓ બનાવી જોડી દીધી. આ જ રૂપ આજે આપણી સામે નિર્યુક્તિ નામે ઉપલબ્ધ છે. આ રીતે ક્રમશઃ નિર્યુક્તિ-ગાથાઓ વધતી ગઈ. આનું એક પ્રબળ પ્રમાણ એ છે કે દશવૈકાલિકની બંને ચૂર્ણિઓમાં પ્રથમ અધ્યયનની માત્ર ૫૭ નિર્યુક્તિ-ગાથાઓ છે જ્યારે હરિભદ્રની વૃત્તિમાં ૧૫૭ છે. આનાથી પણ તે સિદ્ધ થાય છે કે દ્વિતીય ભદ્રબાહુએ નિર્યુક્તિઓનો અંતિમ સંગ્રહ કર્યો તે પછી પણ તેમાં વૃદ્ધિ થતી રહી છે. આ સ્પષ્ટીકરણના પ્રકાશમાં જો આપણે શ્રુતકેવલી ભદ્રબાહુને પણ નિર્યુક્તિકાર માનીએ તો અનુચિત નહિ હોય.

— મુનિ શ્રી હજારીમલ સ્મૃતિ-ગ્રંથ, પૃ. ૭૧૮-૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અષ્ટાંગનિમિત્ત અને મંત્રવિદ્યાના પારગામી અર્થાત્ નૈમિત્તિક રૂપે પણ પ્રસિદ્ધ છે. તેમણે પોતાના ભાઈ સાથે ધાર્મિક સ્પર્ધા કરતાં ભદ્રબાહુસંહિતા તથા ઉપસર્ગહરસ્તોત્રની રચના કરી હતી. અથવા તેમ પણ કહી શકાય કે તેમને આ ગ્રન્થોની રચના આવશ્યક પ્રતીત થઈ. નિર્યુક્તિકાર તથા ઉપસર્ગહરસ્તોત્રના પ્રણેતા ભદ્રબાહુ એક છે અને તે નૈમિત્તિક ભદ્રબાહુ છે, આ માન્યતાની પુષ્ટિ માટે એવું પ્રમાણ આપવામાં આવે છે કે આવશ્યકનિર્યુક્તિની ૧૨૫૨થી ૧૨૭૦ સુધીની ગાથાઓમાં ગંધર્વ નાગદત્તનું કથાનક છે. આ કથાનકમાં નાગનું વિષ ઉતારવાની વિધિ બતાવવામાં આવી છે. ઉપસર્ગહરસ્તોત્રમાં પણ 'विसहर फुल्लिगमंतं' વગેરેથી નાગનું વિષ ઉતારવાની ક્રિયાનું જ વર્ણન આપવામાં આવ્યું છે. ઉપર્યુક્ત નિર્યુક્તિગ્રન્થમાં મંત્રક્રિયાના પ્રયોગ સાથે 'स्वाहा' પદનો નિર્દેશ પણ મળે છે જે રચયિતાના તત્સમ્બન્ધી પ્રેમ અથવા જ્ઞાન તરફ સંકેત કરે છે. બીજી વાત એ છે કે અષ્ટાંગનિમિત્ત તથા મંત્રવિદ્યાના પારગામી નૈમિત્તિક ભદ્રબાહુ જ્યોતિર્વિદ્ વરાહમિહિરના ભાઈ સિવાય અન્ય કોઈ પ્રસિદ્ધ નથી. આથી સહજ જ અનુમાન કરી શકાય છે કે ઉપસર્ગહરસ્તોત્રાદિ ગ્રન્થોના રચયિતા અને આવશ્યકાદિ નિર્યુક્તિઓના પ્રણેતા ભદ્રબાહુ એક જ છે.

નિર્યુક્તિકાર ભદ્રબાહુની નૈમિત્તિકતા સિદ્ધ કરનાર એક અન્ય પ્રમાણ પણ છે. તેમણે આવશ્યક વગેરે જે ગ્રન્થો પર નિર્યુક્તિઓ લખી છે તેમાં સૂર્યપ્રજ્ઞપ્તિનો પણ સમાવેશ છે. તેનાથી એ અનુમાન કરી શકાય છે કે તેઓ નિમિત્તવિદ્યામાં કુશળ તથા રુચિ રાખનાર હતા. નિમિત્તવિદ્યા પ્રત્યે પ્રેમ તથા કુશળતાના અભાવમાં આ ગ્રન્થ તેઓ હાથમાં ન લેત.

પંચસિદ્ધાન્તિકાના અંતમાં શક સંવત્ ૪૨૭ અર્થાત્ વિક્રમ સંવત્ ૫૬૨નો ઉલ્લેખ છે. આ વરાહમિહિરનો સમય છે. જ્યારે આપણે તે માની લઈએ છીએ કે નિર્યુક્તિકાર ભદ્રબાહુ વરાહમિહિરના સહોદર હતા ત્યારે એ સ્વતઃ સિદ્ધ છે કે આચાર્ય ભદ્રબાહુ વિક્રમની છઠ્ઠી શતાબ્દીમાં વિદ્યમાન હતા અને નિર્યુક્તિઓનો રચનાકાળ વિક્રમ સંવત ૫૦૦-૬૦૦ની વચ્ચે છે.

આચાર્ય ભદ્રબાહુએ દસ નિર્યુક્તિઓ, ઉપસર્ગહરસ્તોત્ર અને ભદ્રબાહુસંહિતા — આ બાર ગ્રંથોની રચના કરી હતી. ભદ્રબાહુસંહિતા અનુપલબ્ધ છે. આજે જે

---

૧. મહાવીર જૈન વિદ્યાલય : રજત મહોત્સવ ગ્રંથ, પૃ. ૧૯૭-૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભદ્રબાહુસંહિતા મળે છે તે કૃત્રિમ છે એવો વિદ્વાનોનો મત છે. ઓઘનિર્યુક્તિ અને પિણ્ડનિર્યુક્તિ ક્રમશઃ આવશ્યકનિર્યુક્તિ અને દશવૈકાલિકનિર્યુક્તિનાં જ અંગરૂપ છે. નિશીથનિર્યુક્તિ આચારાંગનિર્યુક્તિનું જ એક અંગ છે કેમકે નિશીથસૂત્રને આચારાંગની પંચમ ચૂલિકાના રૂપમાં જ માનવામાં આવ્યું છે.[૧]

●

૧. જુઓ – આચારાંગનિર્યુક્તિ, ગા. ૧૧ તથા ગા. ૨૯૭ તથા તે ૫૨ની શીલાંકકૃત વૃત્તિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વિતીય પ્રકરણ

આવશ્યકનિર્યુક્તિ

ભદ્રબાહુકૃત દસ નિર્યુક્તિઓમાં આવશ્યકનિર્યુક્તિ[1] ની રચના સર્વપ્રથમ થઈ

---

૧. આવશ્યકનિર્યુક્તિ પર અનેક ટીકાઓ રચવામાં આવી છે. આમાંથી નિમ્નલિખિત ટીકાઓ પ્રકાશિત થઈ ચૂકી છે :—

(અ) મલયગિરિકૃત વૃત્તિ—

(ક) આગમોદય સમિતિ, મુંબઈ, સન્ ૧૯૨૮-૧૯૩૨.

(ખ) દેવચન્દ્ર લાલભાઈ પુસ્તકોદ્ધાર, સૂરત, સન્ ૧૯૩૬.

(આ) હરિભદ્રકૃત વૃત્તિ—આગમોદય સમિતિ, મુંબઈ, સન્ ૧૯૧૬-૭.

(ઇ) મલધારી હેમચન્દ્રકૃત પ્રદેશવ્યાખ્યા તથા ચન્દ્રસૂરિકૃત પ્રદેશવ્યાખ્યાટિપ્પણ — દેવચંદ્ર લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર, મુંબઈ, સન્ ૧૯૨૦.

(ઈ) જિનભદ્રકૃત વિશેષાવશ્યકભાષ્ય તથા તેની મલધારી હેમચન્દ્રકૃત ટીકા-યશોવિજય જૈન ગ્રંથમાલા, બનારસ, વીર સં. ૨૪૨૭-૨૪૪૧.

(ઉ) કોટ્યાચાર્યકૃત વિશેષાવશ્યકભાષ્ય-વિવરણ-ઋષભદેવજી કેશરીમલજી શ્વેતાંબર સંસ્થા, રતલામ, ઈ.સ.૧૯૩૬-૩૭.

(ઋ) જિનદાસગણિ મહત્તરકૃત ચૂર્ણિ—ઋષભદેવજી કેશરીમલજી શ્વેતાંબર સંસ્થા, રતલામ, સન્ ૧૯૨૮.

(એ) વિશેષાવશ્યકભાષ્યની જિનભદ્રકૃત સ્વોપજ્ઞવૃત્તિ—લા. દ. વિદ્યામંદિર, અમદાવાદ, સન્ ૧૯૬૬.

આવશ્યકનિર્યુક્તિની ગાથા સંખ્યા જુદી-જુદી પ્રતોમાં જુદી-જુદી રીતે મળે છે. આ ગાથાઓમાં ક્યાંક-ક્યાંક ભાષ્યની ગાથાઓ પણ ભળેલી પ્રતીત થાય છે. ઉદાહરણ માટે આવશ્યકનિર્યુક્તિદીપિકાની ૧૨૨થી ૧૨૬ સુધીની ગાથાઓ વિશેષાવશ્યકકોટ્યાચાર્યવૃત્તિમાં નથી. ગા. ૧૨૧ કોટ્યાચાર્યે ભાષ્યમાં સમ્મિલિત કરી છે. મલયગિરિવિવરણમાં આવશ્યકનિર્યુક્તિદીપિકાની ૧૨૪થી ૧૨૬ સુધીની ગાથાઓ નથી. આ જ રીતે અન્યત્ર પણ ગાથાઓની સંખ્યા, ક્રમ વગેરેમાં ભેદ જોવા મળે છે. અમે અમારા લેખન, સ્થળનિર્દેશ વગેરે માટે આવશ્યકનિર્યુક્તિદીપિકાનો આધાર લીધો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. એ જ કારણ છે કે આ નિર્યુક્તિ સામગ્રી, શૈલી વગેરે બધી દૃષ્ટિએ વધારે મહત્ત્વપૂર્ણ છે. આમાં અનેક મહત્ત્વપૂર્ણ વિષયોનું વિસ્તૃત તથા વ્યવસ્થિત વ્યાખ્યાન કરવામાં આવ્યું છે. આગળની નિર્યુક્તિઓમાં ફરી તે વિષયો આવતાં સંક્ષિપ્ત વ્યાખ્યા કરીને આવશ્યકનિર્યુક્તિ તરફ સંકેત કરી દેવામાં આવ્યો છે. આ દૃષ્ટિએ બીજી નિર્યુક્તિઓના વિષયોને સારી રીતે સમજવા માટે આ નિર્યુક્તિનું અધ્યયન આવશ્યક છે. જ્યાં સુધી આવશ્યકનિર્યુક્તિનું અધ્યયન ન કરવામાં આવે, અન્ય નિર્યુક્તિઓનો અર્થ સમજવામાં મુશ્કેલી પડે છે.

આવશ્યકસૂત્રનું જૈન આગમ-ગ્રંથોમાં મહત્ત્વપૂર્ણ સ્થાન છે. આમાં છ અધ્યયન છે. પ્રથમ અધ્યયનનું નામ સામાયિક છે. બાકીના પાંચ અધ્યયનોનાં નામ ચતુર્વિંશતિસ્તવ, વન્દના, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન છે. આવશ્યકનિર્યુક્તિ આ જ સૂત્રની આચાર્ય ભદ્રબાહુકૃત પ્રાકૃત પદ્યાત્મક વ્યાખ્યા છે. આ જ વ્યાખ્યાના પ્રથમ અંશ અર્થાત્ સામાયિક-અધ્યયન સાથે સંબંધિત નિર્યુક્તિની વિસ્તૃત વ્યાખ્યા આચાર્ય જિનભદ્રે કરી છે. જે વિશેષાવશ્યકભાષ્યના નામથી પ્રસિદ્ધ છે. આ ભાષ્યની પણ અનેક વ્યાખ્યાઓ થઈ. આ વ્યાખ્યાઓમાં સ્વયં જિનભદ્રકૃત વ્યાખ્યા પણ છે. મલધારી હેમચન્દ્રકૃત વ્યાખ્યા વિશેષ પ્રસિદ્ધ છે.

ઉપોદ્‌ઘાત :

આવશ્યકનિર્યુક્તિના પ્રારંભમાં ઉપોદ્‌ઘાત છે. તેને ગ્રન્થની ભૂમિકારૂપે સમજવો જોઈએ. ભૂમિકા રૂપે હોવા છતાં પણ તેમાં ૮૮૦ ગાથાઓ છે.

જ્ઞાનાધિકાર :

ઉપોદ્‌ઘાતનિર્યુક્તિની પ્રથમ ગાથામાં પાંચ પ્રકારના જ્ઞાન દર્શાવવામાં આવ્યા છે : આભિનિબોધિક, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવલ. આ પાંચે પ્રકારના જ્ઞાન મંગલરૂપ છે આથી આ ગાથાથી મંગલગાથાનું પ્રયોજન પણ સિદ્ધ થઈ જાય છે, એવું પછીના ટીકાકારોનું મંતવ્ય છે. આભિનિબોધિક જ્ઞાનના સંક્ષેપમાં ચાર ભેદ કરવામાં આવ્યા છે : અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા. આમાંથી પ્રત્યેકનું કાળપ્રમાણ શું છે, તે બતાવતાં આગળ કહેવામાં આવ્યું છે : અવગ્રહની મર્યાદા એક સમય છે, ઈહા અને અવાય અન્તર્મુહૂર્ત સુધી રહે છે, ધારણાની કાળમર્યાદા સંખ્યેય સમય, અસંખ્યેય સમય અને અન્તર્મુહૂર્ત છે. અવિચ્યુતિ અને સ્મૃતિરૂપ ધારણા અન્તર્મુહૂર્ત સુધી રહે છે, વાસના વ્યક્તિવિશેષની આયુ તથા તદાવરણકર્મના ક્ષયોપશમની વિશેષતાને કારણે સંખ્યેય અથવા અસંખ્યેય સમય સુધી બની રહે છે.[૧]

---

૧. ગા.૧-૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આભિનિબોધિક જ્ઞાનની નિમિત્તભૂત પાંચ ઈન્દ્રિયોમાંથી શ્રોત્રેન્દ્રિય સ્પૃષ્ટ શબ્દનું ગ્રહણ કરે છે, ચક્ષુરિન્દ્રિય અસ્પૃષ્ટ રૂપ જુએ છે, ઘ્રાણેન્દ્રિય, રસનેન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિય બદ્ધસ્પૃષ્ટ અર્થાત્ સમ્બદ્ધસ્પૃષ્ટ વિષયોનું જ્ઞાન કરે છે.[૧] આ કથનથી તે દાર્શનિકોની માન્યતાનું ખંડન પણ થઈ જાય છે જેઓ શબ્દને મૂર્ત ન માનતાં અમૂર્ત આકાશનો ગુણ માને છે તથા ચક્ષુરિન્દ્રિયને પ્રાપ્યકારી માને છે. આગળની કેટલીક ગાથાઓમાં શબ્દ અને ભાષાના સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે.

આભિનિબોધિક જ્ઞાનના નિમ્નલિખિત પર્યાયશબ્દો આપવામાં આવ્યા છે : ઈહા, અપોહ, વિમર્શ, માર્ગણા, ગવેષણા, સંજ્ઞા, સ્મૃતિ, મતિ અને પ્રજ્ઞા.[૨] તે પછી આચાર્યે સત્પદપ્રરૂપણામાં ગતિ, ઈન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, લેશ્યા, સમ્યક્ત્વ, જ્ઞાન, દર્શન, સંયત, ઉપયોગ, આહાર, ભાષક, પરીત્ત, પર્યાપ્તક, સૂક્ષ્મ, સંજ્ઞી, ભવ અને ચરમ આ બધા દ્વારો — દૃષ્ટિઓ વડે આભિનિબોધિક જ્ઞાનના સ્વરૂપની ચર્ચા થઈ શકે છે, તે તરફ સંકેત કર્યો છે.[૩] અહીં સુધી આભિનિબોધિક જ્ઞાનની ચર્ચા છે. તે પછી શ્રુતજ્ઞાનની ચર્ચાનો પ્રારંભ થાય છે.

લોકમાં જેટલા પણ અક્ષર છે અને તેમનાં જેટલાં પણ સંયુક્ત રૂપ બની શકે છે તેટલાં જ શ્રુતજ્ઞાનના ભેદ છે. આવી સ્થિતિમાં એ સંભવિત નથી કે શ્રુતજ્ઞાનના બધા ભેદોનું વર્ણન થઈ શકે. આનો સ્વીકાર કરતાં નિર્યુક્તિકારે માત્ર ચૌદ પ્રકારના નિક્ષેપથી શ્રુતજ્ઞાનનો વિચાર કર્યો છે. ચૌદ પ્રકારના શ્રુતનિક્ષેપ આ પ્રમાણે છે : અક્ષર, સંજ્ઞી, સમ્યક્, સાદિક, સપર્યવસિત, ગમિક, અંગપ્રવિષ્ટ, અનક્ષર, અસંજ્ઞી, મિથ્યા, અનાદિક, અપર્યવસિત, અગમિક અને અંગબાહ્ય.[૪]

અવધિજ્ઞાનનું સ્વરૂપ દર્શાવતાં કહેવામાં આવ્યું છે કે અવધિજ્ઞાનની સંપૂર્ણ પ્રકૃતિઓ અર્થાત્ ભેદ તો અસંખ્ય છે પરંતુ સામાન્ય રીતે તેના ભવપ્રત્યય અને ગુણપ્રત્યય આ બે ભેદ થઈ શકે છે તે ઉપરાંત અવધિજ્ઞાનનો ચૌદ પ્રકારના નિક્ષેપથી પણ વિચાર થઈ શકે છે. આ ચૌદ નિક્ષેપ આ પ્રમાણે છે : સ્વરૂપ, ક્ષેત્ર, સંસ્થાન, આનુગામિક, અવસ્થિત, ચલ, તીવ્રમન્દ, પ્રતિપાતોત્પાદ, જ્ઞાન, દર્શન, વિભંગ, દેશ, ક્ષેત્ર અને ગતિ. નામ સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભવ અને ભાવ — આ સાત નિક્ષેપોથી પણ અવધિજ્ઞાનની ચર્ચા થઈ શકે છે.[૫] આટલો નિર્દેશ કર્યા બાદ આચાર્યે આ નિક્ષેપોનો વિસ્તારથી વિચાર કર્યો છે.[૬] પાંચ પ્રકારના જ્ઞાનની સ્વરૂપ-ચર્ચામાં આટલો અધિક વિસ્તાર અવધિજ્ઞાનની ચર્ચાનો જ છે.

---

૧. ગા.૫ ૨. ગા.૧૨ ૩. ગા.૧૩-૫ ૪. ગા.૧૭-૯.
૫. ગા. ૨૫-૯. ૬. ગા.૩૦-૭૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મન દ્વારા ચિન્તિત અર્થનું માત્ર આત્મસાપેક્ષ જ્ઞાન મનઃપર્યયજ્ઞાન છે. તે મનુષ્યક્ષેત્ર સુધી સીમિત છે, ગુણપ્રાત્યયિક છે તથા ચારિત્રવાનોની સંપત્તિ છે.[૧]

બધા દ્રવ્યો અને તેમના બધા પર્યાયોનું સર્વકાલભાવી તથા અપ્રતિપાતી જ્ઞાન કેવલજ્ઞાન છે. તેમાં કોઈ પ્રકારનું તારતમ્ય નથી હોતું આથી તે એક જ પ્રકારનું છે.[૨]

સામાયિક :

કેવલજ્ઞાની જે અર્થનું પ્રતિપાદન કરે છે અને જે શાસ્ત્રોમાં વચનરૂપે સંગૃહીત છે તે દ્રવ્યશ્રુત છે. આ પ્રકારના શ્રુતનું જ્ઞાન ભાવશ્રુત છે. પ્રસ્તુત અધિકાર શ્રુતજ્ઞાનનો છે કેમકે શ્રુતજ્ઞાન વડે જ જીવ વગેરે પદાર્થો પ્રકાશિત થાય છે. એટલું જ નહિ પરંતુ જાતિ આદિ જ્ઞાનોનું પ્રકાશક પણ શ્રુતજ્ઞાન જ છે.[૪]

આટલી પીઠિકા — ભૂમિકા બાંધ્યા પછી નિર્યુક્તિકાર સામાન્યરૂપે બધા તીર્થંકરોને નમસ્કાર કરે છે. ત્યાર પછી ભગવાન મહાવીરને વિશેષરૂપે નમસ્કાર કરે છે. મહાવીર પછી તેમના ગણધરો, શિષ્ય-પ્રશિષ્યો વગેરેને નમસ્કાર કરે છે. આટલું કર્યા બાદ એવી પ્રતિજ્ઞા કરે છે કે હું પણ આ બધાએ શ્રુતનો જે અર્થ દર્શાવ્યો છે તેની નિર્યુક્તિ અર્થાત્ સંક્ષેપમાં શ્રુતની સાથે તે જ અર્થની યોજના કરું છે. તેના માટે આવશ્યકાદિ દસ સૂત્ર-ગ્રન્થોનો આધાર લઉં છું.[૪] આવશ્યકનિર્યુક્તિમાં પણ સર્વપ્રથમ સામાયિકનિર્યુક્તિની રચના કરીશ, કેમકે તે ગુરુ-પરમ્પરાથી ઉપદિષ્ટ છે.[૫] સંપૂર્ણ શ્રુતના પ્રારંભમાં સામાયિક છે અને અંતમાં બિંદુસાર છે. શ્રુતજ્ઞાન પોતે પોતાનામાં જ પૂર્ણ અને અંતિમ લક્ષ્ય છે એવી વાત નથી. શ્રુતજ્ઞાનનો સાર ચારિત્ર છે. ચારિત્રનો સાર નિર્વાણ અર્થાત્ મોક્ષ છે[૬] અને એ જ આપણું અન્તિમ લક્ષ્ય છે.

જૈન આગમ-ગ્રન્થોમાં આચારાંગને સર્વપ્રથમ માનવામાં આવે છે, પરંતુ અહીં આચાર્ય ભદ્રબાહુ સામાયિકને સંપૂર્ણ શ્રુતના પ્રારંભમાં જ મૂકે છે, એમ કેમ ? એનું કારણ એ જ છે કે શ્રમણ માટે સામાયિકનું અધ્યયન સર્વપ્રથમ અનિવાર્ય છે. સામાયિકનું અધ્યયન કર્યા બાદ જ તે બીજા ગ્રન્થોનું અધ્યયન કરે છે, કેમકે ચારિત્રનો પ્રારંભ જ સામાયિકથી થાય છે. ચારિત્રની પાંચ ભૂમિકાઓમાં પ્રથમ ભૂમિકા સામાયિકચારિત્ર છે. આગમગ્રન્થોમાં પણ જ્યાં ભગવાન મહાવીરના શ્રમણોના શ્રુતાધ્યયનની ચર્ચા છે ત્યાં અનેક જગ્યાએ અંગગ્રન્થોના પ્રારંભમાં સામાયિકના અધ્યયનનો નિર્દેશ છે.

---

૧. ગા.૭૬. ૨. ગા.૭૭. ૩.ગા.૭૮-૯. ૪. ગા.૮૦-૮૬.
૫. ગા. ૮૭. ૬. ગા.૯૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાન અને ચારિત્રના પારસ્પરિક સંબંધની ચર્ચા કરતાં આચાર્યે તે સિદ્ધ કર્યું છે કે મુક્તિ માટે જ્ઞાન અને ચારિત્ર બંને અનિવાર્ય છે. જ્ઞાન અને ચારિત્રના સંતુલિત સમન્વયથી જ મોક્ષની પ્રાપ્તિ થાય છે. ચારિત્રવિહીન જ્ઞાન અને જ્ઞાનવિહીન ચારિત્ર એક-બીજાથી બહુ દૂર બેઠેલાં આંધળા અને લંગડા સમાન છે જે એક-બીજાના અભાવમાં પોતાના અભીષ્ટ સ્થાન પર પહોંચી શકતા નથી.[૧]

તે પછી આચાર્ય દર્શાવે છે કે સામાયિકનો અધિકારી કોણ થઈ શકે છે ? આ બહાને વસ્તુતઃ તેમણે શ્રુતજ્ઞાનના અધિકારીનું જ વર્ણન કર્યું છે. તે ક્રમશઃ કઈ રીતે વિકાસ કરે છે, તેનાં કર્મોનો કઈ રીતે ક્ષય, ઉપશમ અથવા ક્ષયોપશમ થાય છે, તે કઈ રીતે કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે, તેને મોક્ષની પ્રાપ્તિ કેવી રીતે થાય છે વગેરે પ્રશ્નોનું ઉપશમ અને ક્ષપકશ્રેણીના વિસ્તૃત વર્ણન દ્વારા સમાધાન કર્યું છે.[૨] આચાર્યનો અભિપ્રાય એ જ છે કે સામાયિકશ્રુતનો અધિકારી જ ક્રમશઃ મોક્ષનો અધિકારી બને છે.

જ્યારે મોક્ષની પ્રાપ્તિ માટે સામાયિક-શ્રુતનો અધિકાર આવશ્યક છે, ત્યારે તીર્થંકર બનવા માટે તો તે આવશ્યક છે જ કેમકે તીર્થંકરનું અંતિમ લક્ષ્ય પણ મોક્ષ જ છે. જે સામાયિક-શ્રુતનો અધિકારી હોય છે તે જ ક્રમશઃ વિકાસ કરતો કરતો કોઈ કાળે તીર્થંકરરૂપે ઉત્પન્ન થાય છે. પ્રત્યેક તીર્થંકર પોતાના સમયમાં સર્વપ્રથમ શ્રુતનો ઉપદેશ આપે છે અને તે જ શ્રુત આગળ જઈને સૂત્રનું રૂપ ધારણ કરે છે. તીર્થંકરોપદિષ્ટ શ્રુતને જિન-પ્રવચન પણ કહે છે. આચાર્ય ભદ્રબાહુએ પ્રવચનના નિમ્ન પર્યાય આપ્યા છે : પ્રવચન, શ્રુત, ધર્મ, તીર્થ અને માર્ગ. સૂત્ર, તન્ત્ર, ગ્રન્થ, પાઠ અને શાસ્ત્ર એકાર્થક છે. અનુયોગ, નિયોગ, ભાષ્ય, વિભાષા અને વાર્તિક પર્યાયવાચી છે.[૩] આગળ આચાર્યે અનુયોગ અને અનનુયોગનું નિક્ષેપવિધિથી વર્ણન કર્યું છે.[૪] ત્યાર બાદ ભાષા, વિભાષા અને વાર્તિકનો ભેદ સ્પષ્ટ કર્યો છે. સાથે જ વ્યાખ્યાનવિધિનું નિરૂપણ કરતાં આચાર્ય અને શિષ્યની યોગ્યતાનો માપદંડ બતાવ્યો છે.[૫] તે પછી આચાર્ય પોતાના મુખ્ય વિષય સામાયિકનું વ્યાખ્યાન શરૂ કરે છે તથા વ્યાખ્યાનની વિધિરૂપ નિમ્નલિખિત વાતોનો નિર્દેશ કરે છે :—[૬]

૧. ઉદ્દેશ અર્થાત્ વિષયનું સામાન્ય કથન, ૨. નિર્દેશ અર્થાત્ વિષયનું વિશેષ કથન, ૩. નિર્ગમ અર્થાત્ વ્યાખ્યેય વસ્તુનો ઉદ્ભવ, ૪. ક્ષેત્ર અર્થાત્ દેશ-ચર્ચા,

---

૧. ગા.૯૪-૧૦૩. ૨.ગા.૧૦૪-૧૨૭.
૩. ગા. ૧૩૦-૧. ૪. ગા. ૧૩૨-૪.
૫. ગા. ૧૩૫-૯. ૬. ગા. ૧૪૦-૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫. કાલ અર્થાત્ સમય-ચર્ચા, ૬. પુરુષ અર્થાત્ તદાધારભૂત વ્યક્તિની ચર્ચા, ૭. કારણ અર્થાત્ માહાત્મ્ય-ચર્ચા, ૮. પ્રત્યય અર્થાત્ શ્રદ્ધાની ચર્ચા, ૯. લક્ષણ-ચર્ચા, ૧૦. નય-ચર્ચા, ૧૧. સમવતાર અર્થાત્ નયોની અવતારણાચર્ચા, ૧૨. અનુમત અર્થાત્ વ્યવહાર અને નિશ્ચયનયની દૃષ્ટિએ વિચાર, ૧૩. કિં અર્થાત્ સ્વરૂપ-વિચાર, ૧૪. ભેદ-વિચાર, ૧૫. સમ્બન્ધ-વિચાર, ૧૬. સ્થાન-વિચાર, ૧૭. અધિકરણ-વિચાર, ૧૮. પ્રાપ્તિ-વિચાર, ૧૯. સ્થિતિ-વિચાર, ૨૦. સ્વામિત્વ-વિચાર, ૨૧. વિરહકાલ-વિચાર, ૨૨. અવિરહકાલ-વિચાર, ૨૩. ભવ-વિચાર, ૨૪. પ્રાપ્તિકાલ-સંખ્યા વિચાર, ૨૫. ક્ષેત્ર-સ્પર્શન વિચાર, ૨૬. નિરુક્તિ.

ઋષભદેવ-ચરિત્ર :

ઉદ્દેશ અને નિર્દેશની નિક્ષેપવિધિ પૂર્વક ચર્ચા થયા બાદ નિર્ગમની ચર્ચા શરૂ થાય છે. નિર્ગમની ચર્ચા કરતી વખતે આચાર્ય દર્શાવે છે કે ભગવાન મહાવીરનું મિથ્યાત્વાદિથી નિર્ગમ અર્થાત્ નીકળવું કેમ થયું ? આ પ્રશ્નના ઉત્તરમાં ભગવાન મહાવીરના પૂર્વભવોની ચર્ચાનો પ્રારંભ થાય છે. એટલું જ નહિ પરંતુ આનાથી જ ભગવાન ઋષભદેવના યુગની પહેલા થનાર કુલકરોની ચર્ચા શરૂ થઈ જાય છે. આમાં તેમના પૂર્વભવ, જન્મ, નામ, શરીર-પ્રમાણ, સંહનન, સંસ્થાન, વર્ણ, સ્ત્રીઓ, આયુ, વિભાગ, ભવનપ્રાપ્તિ, નીતિ — આ બધાનું સંક્ષિપ્ત વિવરણ છે. અંતિમ કુલકર નાભિ હતા જેમની પત્ની મરુદેવી હતી. તેમના જ પુત્રનું નામ ઋષભદેવ છે.[૧] ઋષભદેવના અનેક પૂર્વભવોનું વર્ણન કર્યા બાદ નિર્યુક્તિકારે દર્શાવ્યું છે કે વીસ કારણોથી ઋષભદેવે પોતાના પૂર્વભવમાં તીર્થંકર નામકર્મ બાંધ્યું હતું.[૨] આ વીસ કારણો આ પ્રમાણે છે :—[૩]

૧. અરિહંત, ૨. સિદ્ધ, ૩. પ્રવચન, ૪. ગુરુ, ૫. સ્થવિર, ૬. બહુશ્રુત, ૭. તપસ્વી — તેમની પ્રત્યે વત્સલતા, ૮. જ્ઞાનોપયોગ, ૯. દર્શન-સમ્યક્ત્વ, ૧૦. વિનય, ૧૧. આવશ્યક, ૧૨. શીલવ્રત — તેમાં અતિચારનો અભાવ, ૧૩. ક્ષણલવાદિ પ્રત્યે સંવેગભાવના, ૧૪. તપ, ૧૫. ત્યાગ, ૧૬. વૈયાવૃત્ય, ૧૭. સમાધિ, ૧૮. અપૂર્વજ્ઞાનગ્રહણ, ૧૯. શ્રુતભક્તિ અને ૨૦. પ્રવચન-પ્રભાવના.

ત્યાર પછી ભગવાન ઋષભદેવના જીવન સાથે સમ્બન્ધ રાખતી નિમ્નોક્ત ઘટનાઓનું વર્ણન છે : જન્મ, નામ, વૃદ્ધિ, જાતિસ્મરણજ્ઞાન, વિવાહ, અપત્ય, અભિષેક, રાજ્યસંગ્રહ. આ ઘટનાઓની સાથે સાથે જ તે યુગના આહાર, શિલ્પ, કર્મ, મમતા, વિભૂષણ, લેખ, ગણિત, રૂપ, લક્ષણ, માનદંડ, પ્રોતન-પોત, વ્યવહાર,

---

૧. ગા.૧૪૫-૧૭૦. ૨.ગા.૧૭૮. ૩. ગા. ૧૭૯-૧૮૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નીતિ, યુદ્ધ, ઈષુશાસ્ત્ર, ઉપાસના, ચિકિત્સા, અર્થશાસ્ત્ર, બન્ધ, ઘાત, તાડન, યજ્ઞ, ઉત્સવ, સમવાય, મંગલ, કૌતુક, વસ્ત્ર, ગન્ધ, માલ્ય, અલંકાર, ચૂલા, ઉપનયન, વિવાહ, દત્તિ, મૃતપૂજન, વ્યાપના, સ્તૂપ, શબ્દ, ખેલાપન, પૃચ્છના — આ ચાલીસ વિષયો તરફ પણ સંકેત કરવામાં આવ્યો છે.[૧] તેમના નિર્માતા અથવા પ્રવર્તક રૂપે ઋષભદેવનું નામ આવે છે.

ઋષભદેવના જીવન-ચરિત્રની સાથે સાથે જ અન્ય બધા તીર્થંકરોના ચરિત્ર તરફ પણ થોડોક સંકેત કરવામાં આવ્યો છે તથા સમ્બોધન, પરિત્યાગ, પ્રત્યેક, ઉપધિ, અન્યલિંગ — કુલિંગ, ગ્રામ્યાચાર, પરીષહ, જીવાદિતત્ત્વોપલમ્ભ, પ્રાગ્ભવ-શ્રુતલાભ, પ્રત્યાખ્યાન, સંયમ, છદ્મસ્થકાલ, તપઃકર્મ, જ્ઞાનોત્પત્તિ, સાધુસાધ્વી-સંગ્રહ, તીર્થ, ગણ, ગણધર, ધર્મોપાયદેશક, પર્યાયકાલ, અન્તક્રિયા — મુક્તિ આ એકવીસ દ્વારો વડે[૨] તેમના જીવન-ચરિત્રની તુલના કરવામાં આવી છે.

ત્યાર પછી નિર્યુક્તિકાર એ બતાવે છે કે સામાયિક-અધ્યયનની ચર્ચાની સાથે આ બધી વાતોનું વર્ણન કરવાની શું જરૂર હતી ? સામાયિકના નિર્ગમદ્વારની ચર્ચા સમયે ભગવાન મહાવીરના પૂર્વભવની ચર્ચાનો પ્રસંગ આવ્યો જેમાં તેમના મરીચિજન્મની ચર્ચા આવશ્યક જણાઈ. આ પ્રસંગે ભગવાન ઋષભદેવની ચર્ચા પણ કરવામાં આવી, કેમકે મરીચિની ઉત્પત્તિ ઋષભદેવથી છે[૩] (મરીચિ ઋષભદેવનો પૌત્ર હતો). આ રીતે ફરી ઋષભદેવનું ચરિત્ર શરૂ થાય છે. દીક્ષા સમયથી લઈને વર્ષાન્ત સુધી પહોંચે છે ત્યાં ભિક્ષાલાભનો પ્રસંગ આવે છે. આ પ્રસંગે ચોવીસ તીર્થંકરોના પારણા — ઉપવાસ ઉપરાન્ત સર્વપ્રથમ ભિક્ષાલાભોનું વર્ણન છે. તેમને જે નગરોમાં ભિક્ષાલાભ થયો તેમનાં નામો આ છે : હસ્તિનાપુર, અયોધ્યા, શ્રાવસ્તી, સાકેત, વિજયપુર, બ્રહ્મસ્થલ, પાટલિખણ્ડ, પદ્મખણ્ડ, શ્રેયઃપુર, રિષ્ટપુર, સિદ્ધાર્થપુર, મહાપુર, ધાન્યકર, વર્ધમાન, સોમનસ, મન્દિર, ચક્રપુર, રાજપુર, મિથિલા, રાજગૃહ, વીરપુર, દ્વારવતી, કૂપકટ, કોલ્લાકગ્રામ. જે લોકોના હાથે ભિક્ષાલાભ થયો, તેમનાં નામ પણ આ જ રીતે ગણાવવામાં આવ્યા છે તથા તેનાથી થનારા લાભનું પણ વર્ણન કરવામાં આવ્યું છે.[૪]

ઋષભદેવ-ચરિત્ર આગળ વધારતાં નિર્યુક્તિકાર કહે છે કે બાહુબલિએ ભગવાન ઋષભદેવની સ્મૃતિમાં ધર્મચક્રની સ્થાપના કરી. ઋષભદેવ એક સહસ્ર વર્ષ પર્યન્ત છદ્મસ્થપર્યાયમાં વિચરતા રહ્યા. અંતમાં તેમને કેવલજ્ઞાન થયું. તે પછી તેમણે

---

૧. ગા.૧૮૫-૨૦૬. ૨.ગા.૨૦૯-૩૧૨. ૩.ગા.૩૧૩
૪. ગા.૩૨૩-૩૩૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંચમહાવ્રતની સ્થાપના કરી. જે દિવસે ઋષભદેવને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ તે જ દિવસે ભરતની આયુધશાળામાં ચક્રરત્ન પણ ઉત્પન્ન થયું. ભરતને આ બંને સમાચાર મળ્યા. ભરતે વિચાર્યું કે પહેલાં ક્યાં પહોંચવું જોઈએ ? પિતાનો ઉપકાર દૃષ્ટિમાં રાખતાં પહેલાં તેઓ ભગવાન ઋષભદેવ પાસે પહોંચ્યા અને તેમની પૂજા કરી. ઋષભદેવની માતા મરુદેવી તથા પુત્ર-પુત્રી-પૌત્રાદિ બધાં તેમના દર્શન કરવા પહોંચ્યા. ભગવાનનો ઉપદેશ સાંભળીને તેમનામાંથી કેટલાયને વૈરાગ્ય થયો અને તેમણે ભગવાન પાસે દીક્ષા ગ્રહણ કરી. દીક્ષા લેનારાઓમાં ભગવાન મહાવીરના પૂર્વભવનો જીવ મરીચિ પણ હતો.[૫]

ઋષભદેવના જ્યેષ્ઠપુત્ર ભરતે દેશ-વિજયની યાત્રા શરૂ કરી. પોતાના નાના ભાઈઓને અધીનતા સ્વીકારવા માટે કહ્યું. તેમણે ભગવાન ઋષભદેવ સમક્ષ તે સમસ્યા રજૂ કરી. ભગવાને તેમને ઉપદેશ આપ્યો જે સાંભળીને બાહુબલી સિવાયના બધા ભાઈઓએ દીક્ષા લઈ લીધી. બાહુબલીએ ભરતને યુદ્ધ માટે આહ્વાન કર્યું. સેનાની સહાયતા ન લેતાં બંનેએ દ્વંદ્વયુદ્ધ કરવાનું સ્વીકાર્યું. અંતમાં બાહુબલીને આ અધર્મ-યુદ્ધથી વૈરાગ્ય થઈ ગયો અને તેમણે પણ દીક્ષા લઈ લીધી.[૨]

તે પછી આચાર્ય દર્શાવે છે કે મરીચિએ કેવી રીતે પરીષહોથી ગભરાઈને ત્રિદંડી સંપ્રદાયની સ્થાપના કરી, ભરતે સમવસરણમાં ભગવાન ઋષભદેવને ચક્રવર્તીના વિષયમાં પૂછ્યું અને ભગવાને કઈ રીતે જિન, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ વગેરેના વિષયમાં વિસ્તૃત વિવેચન કર્યું વગેરે. ભરતે ભગવાનને પ્રશ્ન કર્યો કે શું આ સભામાં પણ કોઈ ભાવિ તીર્થંકર છે ? ભગવાને ધ્યાનસ્થ પરિવ્રાજક સ્વપૌત્ર મરીચિ તરફ સંકેત કર્યો અને કહ્યું કે આ વીર નામક અન્તિમ તીર્થંકર થશે તથા પોતાની નગરીમાં આદિ વાસુદેવ ત્રિપૃષ્ઠ અને વિદેહ ક્ષેત્રમાં મૂકા નગરીમાં પ્રિયમિત્ર નામનો ચક્રવર્તી થશે. તે સાંભળીને ભરત ભગવાન ઋષભદેવને નમસ્કાર કરીને મરીચિને નમસ્કાર કરવા જાય છે. નમસ્કાર કરીને કહે છે કે હું આ પરિવ્રાજક મરીચિને નમસ્કાર નથી કરી રહ્યો પરંતુ ભાવિ તીર્થંકર વીરપ્રભુને નમસ્કાર કરી રહ્યો છું. આ સાંભળીને મરીચિ ગર્વથી ફુલાઈ જાય છે અને પોતાના કુળની પ્રશંસા કરવા લાગે છે.[૩]

ત્યારબાદ નિર્યુક્તિકાર ભગવાનના નિર્વાણ-મોક્ષનો પ્રસંગ ઉપસ્થિત કરે છે. ભગવાન વિચરતાં-વિચરતાં અષ્ટાપદ પર્વત પર પહોંચે છે જ્યાં તેમને નિર્વાણની પ્રાપ્તિ થાય છે. નિર્વાણ બાદ તેમના માટે ચિતા બનાવવામાં આવે છે અને પછી તે

---

૧. ગા.૩૩૫-૩૪૭. ૨. ગા.૩૪૮-૩૪૯. ૩. ગા. ૩૫૦-૪૩૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ સ્થાન પર સ્તૂપ અને જિનાલય પણ બને છે. તે પછી વીંટીના પડવાથી ભરતને આદર્શ-ગૃહ અર્થાત્ અરીસાભવનમાં કેવી રીતે વૈરાગ્ય થયો અને તેમણે કઈ રીતે દીક્ષા ગ્રહણ કરી વગેરે વાતોનું વિવરણ છે.[૧] ભગવાન ઋષભદેવના નિર્વાણ પૂર્વે મરીચિ સ્વયં કોઈને દીક્ષા આપતો ન હતો પરંતુ દીક્ષાર્થીઓને અન્ય સાધુઓને સોંપી દેતો હતો અને પોતાની દુર્બળતાનો સ્વીકાર કરતો ભગવાનના ધર્મનો પ્રચાર કરતો હતો પરંતુ હવે એ વાત ન રહી. તેણે કપિલને પોતાના જ હાથે દીક્ષા આપી અને કહ્યું કે મારા મતમાં પણ ધર્મ છે. આ પ્રકારના દુર્વચનના પરિણામસ્વરૂપ તે કોટા-કોટિ સાગરોપમ સુધી સંસાર-સાગરમાં ભટક્યો અને કુળમદને કારણે નીચ ગોત્રનો પણ બંધ કર્યો.[૨]

મહાવીર-ચરિત્ર :

અનેક ભવો પાર કરતો મરીચિ અંતમાં બ્રાહ્મણકુંડગ્રામમાં કોડાલસગોત્રીય બ્રાહ્મણના ઘરે દેવાનન્દાની કુક્ષિમાં આવ્યો.[૩] અહીંથી જ ભગવાન મહાવીરનું જીવન-ચરિત્ર શરૂ થાય છે. તેમના જીવન સાથે સમ્બન્ધ રાખનારી નિમ્નલિખિત તેર ઘટનાઓનો નિર્દેશ આવશ્યકનિર્યુક્તિમાં મળે છે : સ્વપ્ન, ગર્ભાપહાર, અભિગ્રહ, જન્મ, અભિષેક, વૃદ્ધિ, જાતિસ્મરણજ્ઞાન, ભયોત્પાદન, વિવાહ, અપત્ય, દાન, સમ્બોધ અને મહાભિનિષ્ક્રમણ.[૪] દેવાનન્દાએ ગજ, વૃષભ, સિંહ વગેરે ચૌદ પ્રકારના સ્વપ્નો જોયાં. હરિનૈગમેષી દ્વારા ગર્ભ પરિવર્તન કરવામાં આવ્યું અને નવી માતા ત્રિશલાએ પણ તે જ ચૌદ સ્વપ્નો જોયાં. ગર્ભવાસના સાતમા માસમાં મહાવીરે એવો અભિગ્રહ-પ્રતિજ્ઞા-દૃઢ નિશ્ચય કર્યો કે હું માતા-પિતાના જીવિત રહેતાં શ્રમણ નહીં બનું. નવ માસ અને સાત દિવસ વીતતાં ચૈત્ર શુક્લ ત્રયોદશીની પૂર્વરાત્રિના સમયે કુણ્ડગ્રામમાં મહાવીરનો જન્મ થયો. દેવો દ્વારા રત્નવર્ષાથી જન્માભિષેક કરવામાં આવ્યો.[૫] મહાવીરે માતા-પિતાના સ્વર્ગગમન પછી શ્રમણધર્મ અંગીકાર કર્યો.[૬] આ અવસ્થામાં તેમને અનેક પરીષહ સહન કરવા પડ્યા. ગોપ વગેરે દ્વારા તેમને અનેક કષ્ટો આપવામાં આવ્યા.[૭] જીવન-યાત્રા માટે તેમણે આ પ્રતિજ્ઞાઓ કરી : ૧. જે ઘરમાં રહેવાથી ગૃહ-સ્વામીને અપ્રીતિ થાય તે ઘરમાં ના રહેવું, ૨. પ્રાયઃ કાર્યોત્સર્ગમાં રહેવું, ૩. પ્રાયઃ મૌન રહેવું, ૪. ભિક્ષા પાત્રમાં ન લેતાં હાથમાં જ લેવી, ૫. ગૃહસ્થને વંદન-નમસ્કાર ન કરવા.[૮] આ પ્રતિજ્ઞાઓનું પૂર્ણરૂપે પાલન કરતાં ભગવાન મહાવીર અનેક સ્થાનોમાં ભ્રમણ કરતા રહ્યા. અંતમાં તેમને

---

૧. ગા. ૪૩૩-૭. ૨. ગા. ૪૩૮-૪૪૦. ૩. ગા. ૪૫૮.
૪. ગા. ૪૫૯. ૫. આ ગાથાઓ મૂળ નિર્યુક્તિની નથી.
૬. ગા. ૪૬૦-૧. ૭. ગા. ૪૬૨. ૮. ગા. ૪૬૩-૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૃમ્ભિકાગ્રામની બહાર ઋજુવાલુકા નદીના કિનારે વૈયાવૃત્ય ચૈત્ય પાસે શ્યામાક ગૃહપતિના ક્ષેત્રમાં શાલ વૃક્ષ નીચે ષષ્ઠતપના દિવસે ઉત્કુટુકાવસ્થામાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ.[૧]

કેવળજ્ઞાનની પ્રાપ્તિ બાદ ભગવાન મધ્યમા પાપાના મહસેન ઉદ્યાનમાં પહોંચ્યા. ત્યાં દ્વિતીય સમવસરણ થયું અને તેમને ધર્મવરચક્રવર્તિત્વની પ્રાપ્તિ થઈ. આ જ સ્થાન પર સોમિલાર્ય નામક બ્રાહ્મણની દીક્ષાના પ્રસંગે (યજ્ઞ સમયે) વિશાળ જનસમૂહ એકત્રિત થયો હતો. યજ્ઞવાટની ઉત્તરમાં એકાંતમાં દેવ-દાનવેન્દ્રો ભગવાન મહાવીરનું મહિમા-ગાન કરી રહ્યા હતા. દિવ્યધ્વનિથી ચારે દિશાઓ ગૂંજી રહી હતી. સમવસરણના મહિમાનો પાર ન હતો. દિવ્યધ્વનિ સાંભળીને યજ્ઞવાટિકામાં બેઠેલા લોકોને બહુ આનંદનો અનુભવ થઈ રહ્યો હતો. તેઓ વિચારી રહ્યા હતા કે અમારા યજ્ઞથી આકર્ષાઈને દેવો દોડતા આવી રહ્યા છે.[૨] આ જ યજ્ઞવાટિકામાં ભગવાન મહાવીરના ભાવિ ગણધરો પણ આવ્યા હતા, જેમની સંખ્યા અગિયાર હતી. તેમના નામો આ છે : ૧. ઈન્દ્રભૂતિ, ૨. અગ્નિભૂતિ, ૩. વાયુભૂતિ, ૪. વ્યક્ત, ૫. સુધર્મા, ૬. મંડિક, ૭. મૌર્યપુત્ર, ૮. અકંપિત, ૯. અચલભ્રાતા, ૧૦. મેતાર્ય, ૧૧. પ્રભાસ.[૩] તેમના મનમાં વિવિધ શંકાઓ હતી જેમનું ભગવાન મહાવીરે સંતોષપ્રદ સમાધાન કર્યું. અંતમાં તેમણે ભગવાન પાસેથી દીક્ષા ગ્રહણ કરી અને તેમના મુખ્ય શિષ્યો — ગણધરો બન્યા. તેમના મનમાં ક્રમશઃ નિમ્નલિખિત શંકાઓ હતી :[૪] ૧. જીવનું અસ્તિત્વ, ૨. કર્મનું અસ્તિત્વ, ૩. જીવ અને શરીરનો અભેદ, ૪. ભૂતોનું અસ્તિત્વ, ૫. ઇહભવ-પરભવસાદૃશ્ય, ૬. બંધ-મોક્ષ, ૭. દેવોનું અસ્તિત્વ, ૮. નરકનું અસ્તિત્વ, ૯. પુણ્ય-પાપ, ૧૦. પરલોકની સત્તા, ૧૧. નિર્વાણસિદ્ધિ. જ્યારે યજ્ઞવાટિકાના લોકોને એ માલૂમ પડ્યું કે દેવતાસમૂહ અમારા યજ્ઞથી આકર્ષિત થઈને નથી આવી રહ્યો પરંતુ જિનેન્દ્ર ભગવાન મહાવીરના મહિમાથી ખેંચાઈને દોડતો આવી રહ્યો છે ત્યારે અભિમાની ઈન્દ્રભૂતિ અમર્ષ પૂર્વક ભગવાન પાસે પહોંચ્યો. જેવો ઈન્દ્રભૂતિ ભગવાન સમીપે પહોંચ્યો ત્યાં જ ભગવાને તેને નામ લઈને સમ્બોધિત કર્યો અને તેના મનની શંકા કહી બતાવી અને તેનું સમાધાન કર્યું. જે સાંભળીને ઈન્દ્રભૂતિનો સંશય દૂર થયો અને તે પોતાના ૫૦૦ શિષ્યો સાથે ભગવાન પાસે દીક્ષિત થઈ ગયો. આ જ રીતે અન્ય ગણધરોએ પણ ક્રમશઃ ભગવાન પાસે દીક્ષા લીધી.[૫] આ ગણધરોનાં જન્મ, ગોત્ર, માતા-પિતા વગેરે તરફ પણ આચાર્યે સંકેત કર્યો છે.[૬]

ક્ષેત્ર-કાલાદિ દ્વાર :

નિર્ગમદ્વારની ચર્ચાના પ્રસંગે ભગવાન ઋષભદેવ અને મહાવીરના

---

૧. ગા.૫૨૭. ૨. ગા. ૫૪૦-૫૯૨. ૩. ગા.૫૯૪-૫.
૪. ગા. ૫૯૭ ૫. ગા.૫૯૯-૬૪૨. ૬. ગા. ૬૪૩-૬૬૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવનચરિત્રનું સંક્ષિપ્ત ચિત્રણ કર્યા બાદ નિર્યુક્તિકારે ક્ષેત્ર-કાલ વગેરે શેષ દ્વારોનું વર્ણન કર્યું છે. સામાયિકનું પ્રકાશન જિનેન્દ્ર ભગવાન મહાવીરે વૈશાખ શુક્લા એકાદશીના દિને પૂર્વાહ્ન સમયે મહસેન ઉદ્યાનમાં કર્યું આથી આ ક્ષેત્ર અને કાળમાં સામાયિકનો સાક્ષાત્ નિર્ગમ છે. અન્ય ક્ષેત્ર અને કાળમાં સામાયિકનો પરંપરાગત નિર્ગમ છે.[૧] તે પછી પુરુષ તથા કારણદ્વારનું વર્ણન છે. કારણદ્વારની ચર્ચા કરતી વખતે સંસાર અને મોક્ષના કારણોની પણ ચર્ચા કરવામાં આવી છે. તે પછી તે દર્શાવવામાં આવ્યું છે કે તીર્થંકર શા કારણે સામાયિક-અધ્યયનનો ઉપદેશ આપે છે તથા ગણધરો તે ઉપદેશ શા માટે સાંભળે છે ? ત્યાર બાદ પ્રત્યય અર્થાત્ શ્રદ્ધાદ્વારની ચર્ચા છે. લક્ષણદ્વારમાં વસ્તુનાં લક્ષણોની ચર્ચા કરવામાં આવી છે. નયદ્વારમાં સાત મૂળ નયોનાં નામ તથા લક્ષણો આપવામાં આવ્યાં છે તથા તે પણ દર્શાવવામાં આવ્યું છે કે પ્રત્યેક નયના સેંકડો ભેદ-પ્રભેદ હોઈ શકે છે.[૨] જિનમતમાં એક પણ સૂત્ર અથવા તેનો અર્થ એવો નથી જેનો નયદૃષ્ટિ વિના વિચાર થઈ શકતો હોય. એટલા માટે નયવિશારદનું એ કર્તવ્ય છે કે તે શ્રોતાની યોગ્યતાને દૃષ્ટિમાં રાખીને નયનું કથન કરે. તો પણ આ સમયે કાલિક શ્રુતમાં નયાવતારણા (સમવતાર) નથી હોતી. એવું કેમ ? તેનું સમાધાન કરતાં નિર્યુક્તિકાર કહે છે કે પહેલાં કાલિકનો અનુયોગ અપૃથક્ હતો પરંતુ આર્ય વજ્ર પછી કાલિકનો અનુયોગ પૃથક્ કરી નાખવામાં આવ્યો.[૩] આ પ્રસંગ લઈને આચાર્યે આર્ય વજ્રના જીવન-ચરિત્રની કેટલીક ઘટનાઓનો ઉલ્લેખ કર્યો છે અને અંતમાં કહ્યું છે કે આર્ય રક્ષિતે ચાર અનુયોગ પૃથક્ કર્યા.[૪] તે પછી આર્ય રક્ષિતનું જીવન-ચરિત્ર પણ સંક્ષેપમાં આપી દેવામાં આવ્યું છે.[૫] આર્ય રક્ષિતના મામા ગોષ્ઠામાહિલ સપ્તમ નિહ્નવ થયા. ભગવાન મહાવીરના શાસનમાં તે સમય સુધી છ નિહ્નવ બીજા થઈ ચૂક્યા હતા. સાતે નિહ્નવોના નામો આ પ્રમાણે છે : ૧. જમાલિ, ૨. તિષ્યગુપ્ત, ૩. આષાઢ, ૪. અશ્વમિત્ર, ૫. ગંગસૂરિ, ૬. ષડુલૂક, ૭.ગોષ્ઠામાહિલ. તેમના મત ક્રમશઃ આ છે : ૧. બહુરત, ૨. જીવપ્રદેશ, ૩. અવ્યક્ત, ૪. સમુચ્છેદ, ૫. દ્વિક્રિયા, ૬. ત્રિરાશિ, ૭. અબદ્ધ.[૬]

ત્યાર પછી આચાર્ય અનુમત દ્વારનું વ્યાખ્યાન કરે છે અને ફરી સામાયિકના સ્વરૂપની ચર્ચા શરૂ કરે છે. નયદૃષ્ટિએ સામાયિકની ચર્ચા કર્યા બાદ તેના ત્રણ ભેદ કરે છે : સમ્યક્ત્વ, શ્રુત અને ચારિત્ર.[૭] સંયમ, નિયમ અને તપમાં જેનો આત્મા રમણ કરે છે તે જ સામાયિકનો સાચો અધિકારી છે. જેનાં ચિત્તમાં પ્રાણીમાત્ર પ્રત્યે

---

૧. ગા.૭૩૫. ૨. ગા. ૭૩૭-૭૬૦ ૩. ગા. ૭૬૪.
૪. ગા. ૭૭૫. ૫. ગા. ૭૭૬-૭. ૬. ગા.૭૭૯-૭૮૧.
૭. ગા. ૭૯૦-૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમભાવ છે તે જ સામાયિકમાં સ્થિત છે.[૧] આ જ રીતે બાકીના દ્વારોની પણ નિર્યુક્તિકારે સંક્ષેપમાં વ્યાખ્યા કરી છે.[૨] આ દ્વારોની વ્યાખ્યાની સાથે ઉપોદ્‌ઘાતનિર્યુક્તિ સમાપ્ત થાય છે.

ઉપોદ્‌ઘાતનો આ વિસ્તાર માત્ર આવશ્યકનિર્યુક્તિ માટે જ ઉપયોગી નથી, તેની ઉપયોગિતા વાસ્તવમાં બધી નિર્યુક્તિઓ માટે છે. તેમાં વર્ણિત ભગવાન ઋષભદેવ અને મહાવીરના જીવન-ચરિત્ર તથા તત્સંબદ્ધ અન્ય તથ્યો પ્રાચીન જૈન ઈતિહાસ તથા સંસ્કૃતિ પર મહત્ત્વપૂર્ણ પ્રકાશ પાડે છે. જૈન આચાર અને વિચારની રૂપરેખા સમજવા માટે આ અંશ ખૂબ જ ઉપયોગી છે. તે પછી આચાર્ય નમસ્કારનું વ્યાખ્યાન કરે છે.

નમસ્કાર :

સામાયિકનિર્યુક્તિની સૂત્રસ્પર્શી વ્યાખ્યાનો પ્રારંભ અહીંથી જ થાય છે. તેની પહેલાં સામાયિક સમ્બન્ધી વાતોનું વિવરણ આપવામાં આવ્યું છે. સામાયિકસૂત્રના પ્રારંભમાં નમસ્કાર મન્ત્ર આવે છે આથી નમસ્કારની નિર્યુક્તિ રૂપે આચાર્ય ઉત્પત્તિ, નિક્ષેપ, પદ, પદાર્થ, પ્રરૂપણા, વસ્તુ, આક્ષેપ, પ્રસિદ્ધિ, ક્રમ, પ્રયોજન અને ફળ — આ અગિયાર દ્વારો વડે નમસ્કારની ચર્ચા કરે છે.[૩] ઉત્પત્તિ વગેરે દ્વારોનું તેમના ભેદ-પ્રભેદો સાથે અતિ વિસ્તૃત વિવેચન કરવામાં આવ્યું છે. અહીં તેના કેટલાક મહત્ત્વપૂર્ણ અંશોનો પરિચય આપવામાં આવે છે.

જ્યાં સુધી નમસ્કારની ઉત્પત્તિનો પ્રશ્ન છે, તે ઉત્પન્ન પણ છે અને અનુત્પન્ન પણ છે, નિત્ય પણ છે અને અનિત્ય પણ છે. નયદૃષ્ટિથી વિચાર કરતાં સ્યાદ્વાદીઓના મતે તેમાં કોઈ પ્રકારનો વિરોધ નથી.[૪] નમસ્કારમાં ચાર પ્રકારના નિક્ષેપ છે : નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ. પદના પાંચ પ્રકાર છે : નામિક, નૈપાતિક, ઔપસર્ગિક, આખ્યાતક અને મિશ્ર. 'નમસ્' પદ નૈપાતિક છે કેમકે તે નિપાતસિદ્ધ છે. 'નમસ્' પદનો અર્થ દ્રવ્યસંકોચ અને ભાવસંકોચ છે.[૫] પ્રરૂપણાના બે, ચાર, પાંચ, છ અને નવ ભેદ થઈ શકે છે. ઉદાહરણ માટે છ ભેદ આ મુજબ છે : ૧. નમસ્કાર શું છે, ૨. કોની સાથે સમ્બન્ધ રાખે છે, ૩. કયા કારણે પ્રાપ્ત થાય છે, ૪. ક્યાં રહે છે, ૫. કેટલા સમય સુધી રહે છે, ૬. કેટલા પ્રકારનો હોય છે ?[૬] નવ ભેદ આ છે : ૧. સત્પદપ્રરૂપણતા, ૨. દ્રવ્યપ્રમાણ, ૩. ક્ષેત્ર, ૪. સ્પર્શના, ૫. કાલ, ૬. અન્તર, ૭. ભાગ, ૮. ભાવ, ૯. અલ્પબહુત્વ.[૭] અરિહંત, સિદ્ધ, આચાર્ય,

---

૧. ગા.૭૮૯-૯. ૨. ગા.૮૦૦-૮૮૦. ૩. ગા.૮૮૧.
૪. ગા. ૮૮૨. ૫. ગા. ૮૮૪. ૬. ગા. ૮૮૫. ૭. ગા. ૮૮૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપાધ્યાય અને સાધુ — આ પાંચે નમસ્કારયોગ્ય છે આથી વસ્તુદ્વારની અંતર્ગત છે. આ દ્વારની ચર્ચાના પ્રસંગે નિર્યુક્તિકારે અરિહંત વગેરે પાંચ પરમેષ્ઠિઓનું બહુ વિસ્તારપૂર્વક ગુણગાન કર્યું છે અને બતાવ્યું છે કે અરિહંત વગેરેને નમસ્કાર કરવાથી જીવ સહસ્ર ભવોથી છુટકારો મેળવે છે તથા તેને ભાવપૂર્વક ક્રિયા કરતાં બોધ — સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. અરિહંત વગેરેને નમસ્કારથી બધા પાપોનો નાશ થાય છે. આ નમસ્કાર બધા મંગલોમાં મંગલ છે. 'અરિહંત' (અર્હત્) શબ્દની નિરુક્તિ કરતાં આચાર્ય કહે છે કે ઈન્દ્રિય, વિષય, કષાય, પરીષહ, વેદના, ઉપસર્ગ વગેરે જેટલા પણ આંતરિક અરિ અર્થાત્ શત્રુઓ છે તેમનું હનન કરનાર અરિહંત કહેવાય છે અથવા આઠ પ્રકારના કર્મરૂપી અરિઓનો નાશ કરનારને અરિહંત કહે છે અથવા જે વંદના, નમસ્કાર, પૂજા, સત્કાર અને સિદ્ધિને અર્હ અર્થાત્ યોગ્ય છે તેમને અર્હન્ત કહે છે અથવા જે દેવ, અસુર અને મનુષ્યો દ્વારા અર્હ અર્થાત્ પૂજય છે તેઓ અર્હન્ત છે.[૧] 'સિદ્ધ' શબ્દની નિક્ષેપપદ્ધતિથી વ્યાખ્યા કરતાં આચાર્ય કહે છે કે જે કર્મ, શિલ્પ, વિદ્યા, મંત્ર, યોગ, આગમ, અર્થ, યાત્રા, અભિપ્રાય, તપ અને કર્મક્ષય — એમાં સિદ્ધ અર્થાત્ સુપરિનિષ્ઠિત તથા પૂર્ણ છે તે સિદ્ધ છે.[૨] અભિપ્રાય અર્થાત્ બુદ્ધિની વ્યાખ્યા કરતાં નિર્યુક્તિકારે ચાર પ્રકારની બુદ્ધિનું વર્ણન કર્યું છે : ૧. ઔત્પાતિકી, ૨. વૈનયિકી, ૩. કર્મજા, ૪. પારિણામિકી.[૩] આ ચારે પ્રકારની બુદ્ધિઓનું સદૃષ્ટાન્ત વિવેચન કરવામાં આવ્યું છે.[૪] કર્મક્ષયની પ્રક્રિયાનું વ્યાખ્યાન કરતી વખતે સમુદ્‌ઘાતનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. ત્યાર બાદ અલાબૂ, એરણ્ડફલ, અગ્નિશિખા અને બાણના દૃષ્ટાન્ત દ્વારા સિદ્ધ આત્માઓની ગતિનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે.[૫] પછી સિદ્ધસ્થાન, સિદ્ધશિલાપ્રમાણ, સિદ્ધશિલાસ્વરૂપ, સિદ્ધાવગાહના, સિદ્ધસ્પર્શના, સિદ્ધલક્ષણ, સિદ્ધસુખ વગેરે સિદ્ધસમ્બન્ધી અન્ય વાતો પર પ્રકાશ નાખતાં એ જ નિષ્કર્ષ કાઢવામાં આવ્યો છે કે સિદ્ધ અશરીરી હોય છે, હંમેશા દર્શન અને જ્ઞાનમાં ઉપયુક્ત હોય છે, કેવળજ્ઞાનમાં ઉપયુક્ત થઈને સર્વદ્રવ્ય અને સમસ્ત પર્યાયોને વિશેષરૂપે જાણે છે, કેવલદર્શનમાં ઉપયુક્ત થઈને સર્વદ્રવ્ય અને સમસ્ત પયાર્યોને સામાન્યરૂપથી જુએ છે, તેમને જ્ઞાન અને દર્શન આ બંનેમાંથી એક સમયમાં એક જ ઉપયોગ હોય છે કેમકે યુગપત્ બે ઉપયોગ ના હોઈ શકે.[૬] 'આચાર્ય' શબ્દની નિરુક્તિ કરતાં કહેવામાં આવ્યું છે કે આચાર્યના ચાર પ્રકાર છે : નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ. જે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય — આ પાંચેય પ્રકારના આચારોનું સ્વયં આચરણ કરે છે, બીજાઓની સામે તેમનું પ્રભાષણ અને પ્રરૂપણ કરે છે તથા

---

૧. ગા.૯૧૩-૬. ૨. ગા.૯૨૧. ૩. ગા. ૯૩૨.
૪. ગા. ૯૪૮-૯૫૦ ૫. ગા. ૯૫૧. ૬. ગા. ૯૫૨-૯૮૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજાને પોતાની ક્રિયા દ્વારા આચારનું જ્ઞાન કરાવે છે તે જ ભાવાચાર્ય છે.[૧] ઉપાધ્યાય પણ નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવના ભેદથી ચાર પ્રકારના હોય છે. જે દ્વાદશાંગનું સ્વયં અધ્યયન કરે છે તથા બીજાને વાચનારૂપે ઉપદેશ આપે છે તેને ઉપાધ્યાય કહે છે.[૨] 'ઉપાધ્યાય' પદની બીજી નિર્યુક્તિ આ મુજબ છે : ઉપાધ્યાય માટે 'ઉજ્ઝા' શબ્દ છે. 'ઉ'નો અર્થ છે ઉપયોગકરણ અને 'જ્ઝા'નો છે ધ્યાનકરણ. આ રીતે 'ઉજ્ઝા'નો અર્થ છે ઉપયોગપૂર્વક ધ્યાન કરનાર. ઉપાધ્યાય માટે એક બીજો શબ્દ છે 'ઉપાજ્ઝાઉ'. 'ઉ'નો અર્થ છે ઉપયોગકરણ, 'પા'નો અર્થ છે પાપનું પરિવર્જન, 'ઝા'નો અર્થ છે ધ્યાનકરણ અને 'ઉ'નો અર્થ છે ઉત્સારણાકર્મ. આ રીતે 'ઉપાજ્ઝાઉ'નો અર્થ છે ઉપયોગપૂર્વક પાપનું પરિવર્જન કરતાં ધ્યાનારોહણથી કર્મોનું ઉત્સારણ — અપનયન કરનાર.[૩] સાધુ પણ નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવના ભેદથી ચાર પ્રકારના હોય છે. જે નિર્વાણસાધક વ્યાપારની સાધના કરે છે તેને સાધુ કહે છે અથવા જે સર્વભૂતોમાં સમભાવ રાખે છે તે સાધુ છે.[૪] અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ — આ પાંચેયને નમસ્કાર કરવાથી બધા પ્રકારના પાપોનો નાશ થાય છે. આ પંચ નમસ્કાર બધા મંગલોમાં પ્રથમ અર્થાત્ સર્વશ્રેષ્ઠ મંગલ છે.[૫] અહીં સુધી વસ્તુદ્વારનો અધિકાર છે. આક્ષેપદ્વારમાં એ બતાવવામાં આવ્યું છે કે નમસ્કાર કાં તો સંક્ષેપમાં કરવો જોઈએ અથવા વિસ્તારથી. સંક્ષેપમાં સિદ્ધ અને સાધુ — આ બંનેને જ નમસ્કાર કરવો જોઈએ. વિસ્તારથી નમસ્કાર કરવાની અવસ્થામાં ઋષભાદિ અનેક નામ લઈ શકાય છે. આથી પંચવિધ નમસ્કાર ઉપયુક્ત નથી.[૬] આ આક્ષેપનું પ્રસિદ્ધિદ્વારમાં નિરાકરણ કરવામાં આવ્યું છે. તેમાં એ સિદ્ધ કરવામાં આવ્યું છે કે પંચવિધ નમસ્કાર સહેતુક છે આથી ઉપયુક્ત છે, અનુપયુક્ત નથી.[૭] આની પછી ક્રમદ્વાર છે : આમાં જે ક્રમે નમસ્કાર કરવામાં આવ્યો છે તેને યુક્તિયુક્ત બતાવવામાં આવ્યો છે. પહેલાં સિદ્ધોને નમસ્કાર ન કરતાં અરિહંતોને નમસ્કાર એટલા માટે કરવામાં આવ્યો છે કે અરિહંતોના ઉપદેશથી જ સિદ્ધને ઓળખવામાં આવે છે આથી અરિહંતોનું વિશેષ માહાત્મ્ય છે.[૮] પ્રયોજનદ્વારમાં નમસ્કારનો ઉદ્દેશ્ય કર્મક્ષય અને મંગલાગમ બતાવવામાં આવ્યો છે. ફલદ્વાર તરફ સંકેત કરતાં કહેવામાં આવ્યું છે કે નમસ્કારનું ફળ બે પ્રકારનું છે : ઐહલૌકિક અને પારલૌકિક. અર્થ, કામ, આરોગ્ય, અભિરતિ વગેરે ઐહલૌકિક ફળ અંતર્ગત છે. પારલૌકિક ફળમાં સિદ્ધિ, સ્વર્ગ, સુકુળપ્રાપ્તિ વગેરેનો સમાવેશ થાય છે.[૯] અહીં સુધી નમસ્કારવિષયક વિવેચન છે.

---

૧. ગા.૯૮૭-૮. ૨. ગા.૯૯૫. ૩. ગા. ૯૯૭. ૪. ગા. ૧૦૦૨-૪.
૫. ગા.૧૦૧૨. ૬. ગા. ૧૦૧૩. ૭. ગા. ૧૦૧૪. ૮. ગા. ૧૦૧૬.
૯. ગા. ૧૦૧૭-૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંચનમસ્કાર પછી સામાયિકવ્રત ગ્રહણ કરવામાં આવે છે કેમકે પંચનમસ્કાર સામાયિકનું જ એક અંગ છે. સામાયિક કઈ રીતે કરવી જોઈએ, તેનું કરણ, ભય, અન્ત અથવા ભદન્ત, સામાયિક, સર્વ, અવદ્ય, યોગ, પ્રત્યાખ્યાન, યાવજ્જીવન અને ત્રિવિધ પદોની વ્યાખ્યા સાથે વિવેચન કરવામાં આવ્યું છે.[૧] સામાયિકનો લાભ કેવી રીતે થાય છે ? તેનો ઉત્તર આપતાં નિર્યુક્તિકાર કહે છે કે સામાયિકના સર્વઘાતી અને દેશઘાતી કર્મસ્પર્દ્ધકોમાંથી દેશઘાતી સ્પર્દ્ધકોની વિશુદ્ધિની અનન્તગુણવૃદ્ધિ થતાં આત્માને સામાયિકનો લાભ થાય છે.[૨] 'સામ', 'સમ' અને 'સમ્યક્'ની આગળ 'ઇક' પદ જોડવાથી જે પદો બને છે તે બધા સામાયિકના એકાર્થક પદો છે. તેમનો નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ નિક્ષેપોથી વિચાર થઈ શકે છે.[૩] સામાયિકના બીજા પણ એકાર્થક પદો આ છે : સમતા, સમ્યક્ત્વ, પ્રશસ્ત, શાન્તિ, શિવ, હિત, શુભ, અનિન્દ્ય, અગર્હિત, અનવદ્ય.[૪] હે ભગવન્ ! હું સામાયિક કરું છું — करेमि भंते ! सामाइयं — અહીં કોણ કારક છે, શું કરણ છે અને કયું કર્મ છે ? કારણ અને કરણમાં ભેદ છે કે અભેદ ? આત્મા જ કારક છે, આત્મા જ કર્મ છે અને આત્મા જ કરણ છે. આત્માનું પરિણામ જ સામાયિક છે આથી આત્મા જ કર્તા, કર્મ અને કરણ છે.[૫] સંક્ષેપમાં સામાયિકનો અર્થ છે ત્રણ કરણ અને ત્રણ યોગથી સાવદ્ય ક્રિયાનો ત્યાગ.[૬] ત્રણ કરણ અર્થાત્ કરવું, કરાવવું અને કરનારનું અનુમોદન કરવું, ત્રણ યોગ અર્થાત્ મન, વચન અને કાયા; તેમનાથી થનારી સાવદ્ય અર્થાત્ પાપકારિણી ક્રિયાનો જીવનપર્યન્ત ત્યાગ, આ જ સામાયિકનો ઉદ્દેશ્ય છે.

ચતુર્વિંશતિસ્તવ :

આવશ્યકસૂત્રનું બીજું અધ્યયન ચતુર્વિંશતિસ્તવ છે. 'ચતુર્વિંશતિ' શબ્દનો છ પ્રકારનો અને 'સ્તવ' શબ્દનો ચાર પ્રકારનો નિક્ષેપ-ન્યાસ છે. ચતુર્વિંશતિનિક્ષેપના છ પ્રકાર આ છે : નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ. સ્તવનિક્ષેપના ચાર પ્રકાર આ છે : નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ. પુષ્પ વગેરે સામગ્રીથી પૂજા કરવી દ્રવ્યસ્તવ છે. સદ્‌ગુણોનું ઉત્કીર્તન ભાવસ્તવ છે. દ્રવ્યસ્તવ અને ભાવસ્તવમાં ભાવસ્તવ જ અધિક ગુણવાળો છે કેમકે જિન-વચનમાં ષડ્‌જીવની રક્ષાનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. જે લોકો એમ વિચારે છે કે દ્રવ્યસ્તવ બહુગુણવાળું છે તે અનિપુણમતિવાળા છે. દ્રવ્યસ્તવમાં ષડ્‌જીવની રક્ષાનો વિરોધ આવે છે આથી સંયમવિદ્ સાધુઓ દ્રવ્યસ્તવની ઈચ્છા નથી રાખતા.

---

૧. ગા.૧૦૨૩-૧૦૩૪. ૨. ગા. ૧૦૩૫. ૩. ગા. ૧૦૩૭.
૪. ગા. ૧૦૪૦. ૫. ગા. ૧૦૪૧-૨. ૬. ગા. ૧૦૫૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચતુર્વિંશતિસ્તવ માટે આવશ્યકસૂત્રમાં 'लोगस्सुज्जोयगरे'નો પાઠ છે. આની નિર્યુક્તિ કરતાં આચાર્ય ભદ્રબાહુ કહે છે કે 'લોક' (लोग) શબ્દનો નિમ્નોક્ત આઠ પ્રકારના નિક્ષેપથી વિચાર થઈ શકે છે : નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભવ, ભાવ અને પર્યાય.[૧] आलोक्यते इति 'आलोकः', प्रलोक्यते इति 'प्रलोकः', लोक्यते इति 'लोकः', संलोक्यते इति 'संलोकः' – આ બધા શબ્દ એકાર્થક છે.[૨] 'उद्योत' (उज्जोय) બે પ્રકારનો છે : દ્રવ્યોદ્યોત અને ભાવોદ્યોત. અગ્નિ, ચન્દ્ર, સૂર્ય, મણિ, વિદ્યુતાદિ દ્રવ્યોદ્યોત છે. જ્ઞાન ભાવોદ્યોત છે.[૩] ચોવીસ જિનવરોને લોકના ઉદ્યોતકર કહેવામાં આવે છે તે ભાવોદ્યોતની અપેક્ષાએ છે, નહિ કે દ્રવ્યોદ્યોતની અપેક્ષાએ.[૪] 'ધર્મ' પણ બે પ્રકારનો છે : દ્રવ્યધર્મ અને ભાવધર્મ. ભાવધર્મના વળી બે ભેદો છે : શ્રુતધર્મ અને ચરણધર્મ. શ્રુતનો સ્વાધ્યાય શ્રુતધર્મ છે. ચારિત્રરૂપી ધર્મ ચરણધર્મ છે. આને શ્રમણધર્મ કહે છે. આ ક્ષાન્ત્યાદિરૂપ દસ પ્રકારનો છે.[૫] 'તીર્થ'ના મુખ્યરૂપે ચાર નિક્ષેપ છે : નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ. આમાંથી પ્રત્યેકના ફરી અનેક પ્રકાર થઈ શકે છે.[૬] જ્યાં અનેક ભવોથી સંચિત અષ્ટવિધ કર્મરજ તપ અને સંયમથી ધોવામાં આવે છે તે ભાવતીર્થ છે.[૭] જિનવર અર્થાત્ તીર્થંકર આ જ પ્રકારના ધર્મતીર્થની સ્થાપના કરે છે. એટલા માટે તેમને 'ધર્મતીર્થંકર' (धम्मतित्थयर) કહે છે. તેમને 'જિન' એટલા માટે કહે છે કે તેમણે ક્રોધ, માન, માયા, લોભ વગેરે દોષોને જીતી લીધા છે. કર્મરજરૂપી અરિનો નાશ કરવાને કારણે તેમને 'અરિહંત' પણ કહે છે.[૮] તે પછી નિર્યુક્તિકાર ચોવીસ તીર્થંકરોના નામની નિક્ષેપ પદ્ધતિથી વ્યાખ્યા કરે છે. પછી તેમની વિશેષતાઓ – ગુણો પર પ્રકાશ પાડે છે.[૯] તેની સાથે 'ચતુર્વિંશતિસ્તવ' નામના દ્વિતીય અધ્યયનની નિર્યુક્તિ સમાપ્ત થાય છે.

વન્દના :

તૃતીય અધ્યયનનું નામ વન્દના છે. આ અધ્યયનની નિર્યુક્તિ કરતાં આચાર્ય સર્વપ્રથમ એ બતાવે છે કે વન્દનાકર્મ, ચિતિકર્મ, કૃતિકર્મ, પૂજાકર્મ અને વિનયકર્મ – આ પાંચે સામાન્ય રીતે વન્દનાના પર્યાય છે. વન્દનાનો નવ દ્વારોથી વિચાર કરવામાં આવ્યો છે : ૧. વન્દના કોને કરવી જોઈએ, ૨. કોના દ્વારા થવી જોઈએ, ૩. ક્યારે થવી જોઈએ, ૪. કેટલી વાર થવી જોઈએ, ૫. વન્દના કરતી વખતે કેટલી વાર ઝૂકવું જોઈએ, ૬. કેટલી વાર માથું ઝુકાવવું જોઈએ, ૭. કેટલાં આવશ્યકોથી શુદ્ધ થવું જોઈએ, ૮. કેટલા દોષોથી મુક્ત થવું જોઈએ, ૯. વન્દના

---

૧. ગા. ૧૦૬૪. ૨. ગા. ૧૦૬૫. ૩. ગા. ૧૦૬૬-૭.
૪. ગા. ૧૦૬૮ ૫. ગા. ૧૦૭૦-૧. ૬. ગા. ૧૦૭૨.
૭. ગા. ૧૦૭૫. ૮. ગા. ૧૦૮૩ ૯. ગા. ૧૦૮૭-૧૧૦૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શા માટે કરવી જોઈએ.[૧] આ દ્વારોનો નિર્દેશ કર્યા બાદ વંદ્યાવંદ્યનો બહુ વિસ્તારથી વિચાર કરવામાં આવ્યો છે. શ્રમણો માટે ઈચ્છનીય છે કે તેઓ અસંયતી માતા, પિતા, ગુરુ, સેનાપતિ, પ્રશાસક, રાજા, દેવ-દેવી વગેરેને વન્દના ન કરે. જે સંયતી છે, મેધાવી છે, સુસમાહિત છે, પંચસમિતિ અને ત્રિગુપ્તિથી યુક્ત છે તેવા શ્રમણને વન્દના કરે.[૨] પાર્શ્વસ્થ વગેરે સંયમભ્રષ્ટ સંન્યાસીઓની વંદના કરવાથી તો ન તો કીર્તિ મળે છે, ન નિર્જરા થાય છે. આ પ્રકારની વંદના કાયક્લેશ માત્ર છે, જે માત્ર કર્મબંધનું કારણ છે.[૩] તે પછી સંસર્ગથી ઉત્પન્ન થનારા ગુણ-દોષોનું વર્ણન કરતાં આચાર્યે સમુદ્રનાં દૃષ્ટાન્ત વડે સમજાવ્યું છે કે જે રીતે નદીઓનું મીઠું પાણી સમુદ્રના ખારા પાણીમાં પડતાં જ ખારું થઈ જાય છે તે જ રીતે શીલવાન પુરુષ શીલભ્રષ્ટ પુરુષોની સંગતિથી શીલભ્રષ્ટ થઈ જાય છે.[૪] માત્ર બાહ્ય લિંગથી પ્રભાવિત ન થતાં પર્યાય, પર્ષદ્, પુરુષ, ક્ષેત્ર, કાળ, આગમ વગેરે વાતો જાણીને જે સમયે જેવું ઉચિત પ્રતીત થાય તે સમયે તેમ કરવું જોઈએ.[૫] જિનપ્રણીત લિંગને વંદના કરવાથી વિપુલ નિર્જરા થાય છે, ચાહે તે પુરુષ ગુણહીન પણ કેમ ન હોય, કેમકે વંદના કરનાર અધ્યાત્મશુદ્ધિ માટે જ વંદના કરે છે.[૬] અન્યલિંગીને જાણી-બૂઝીને નમસ્કાર કરવાથી દોષ લાગે છે કેમકે તે નિષિદ્ધ લિંગ ધારણ કરે છે. સંક્ષેપમાં જે દ્રવ્ય અને ભાવથી સુશ્રમણ છે તે જ વંદ્ય છે.[૭] જ્ઞાન, દર્શન અને ચારિત્રના વિવિધ ભંગોનો વિચાર કર્યા પછી આચાર્ય તે જ નિષ્કર્ષ પર પહોંચ્યા છે કે જ્ઞાન, દર્શન અને ચારિત્ર — આ ત્રણેનો સમ્યક્ યોગ થાય ત્યારે જ સંપૂર્ણ ફળની પ્રાપ્તિ થાય છે. આથી જે હંમેશા દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, વિનય વગેરેમાં રત રહે છે તેઓ જ વંદનીય છે અને તેમનાથી જ જિનપ્રવચનનો યશ ફેલાય છે.[૮]

વંદના કરનાર પંચમહાવ્રતી આળસરહિત, માનવપરિવર્જિતમતિ, સંવિગ્ન અને નિર્જરાર્થી હોવો જોઈએ.[૯] જે આળસુ, અભિમાની અને પાપથી ભય ન રાખનાર ના હોય તેનામાં વંદના કરવાની યોગ્યતા કેવી રીતે આવી શકે ?

જે ધર્મકથા વગેરેથી પરાઙ્મુખ હોય છે અથવા પ્રમત્ત હોય છે તેને ક્યારેય પણ વંદના ન કરવી. જે વખતે કોઈ આહાર અથવા નીહાર કરી રહ્યું હોય તે વખતે તેને વંદના ન કરવી. જે વખતે તે પ્રશાન્ત, આસનસ્થ અને ઉપશાન્ત હોય તે વખતે તેની પાસે જઈને વંદના કરવી.[૧૦]

---

૧. ગા.૧૧૧૦-૧. ૨. ગા. ૧૧૧૩-૪. ૩. ગા. ૧૧૧૬.
૪. ગા. ૧૧૨૭-૮. ૫. ગા. ૧૧૩૬. ૬. ગા. ૧૧૩૯.
૭. ગા. ૧૧૪૫-૭. ૮. ગા. ૧૧૬૭-૧૨૦૦. ૯. ગા. ૧૨૦૪
૧૦. ગા. ૧૨૦૫-૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વંદના કેટલી વાર કરવી જોઈએ ? તેનો ઉત્તર આપતાં નિર્યુક્તિકાર કહે છે કે પ્રતિક્રમણ, સ્વાધ્યાય, કાયોત્સર્ગ, અપરાધ વગેરે આઠ અવસ્થાઓમાં વંદના કરવી જોઈએ.[૧]

વંદના કરતી વખતે બે વાર ઝૂકવું જોઈએ, બાર આવર્ત લેવા જોઈએ (૧. અહો, ૨. કાયં, ૩. કાયં, ૪. जत्ता भे, ૫. जवणि, ૬. ज्जं च भे । આ એક વાર થયું. આ જ રીતે બીજી વાર પણ બોલવું જોઈએ) તથા ચાર વાર માથું ઝુકાવવું જોઈએ.[૨]

જે પચીસ પ્રકારના આવશ્યકોથી પરિશુદ્ધ થઈને ગુરુને નમસ્કાર કરે છે તે શીઘ્ર જ કાં તો નિર્વાણ પ્રાપ્ત કરે છે કાં દેવપદ પર પહોંચે છે.[૩]

કેટલા દોષોથી મુક્ત થઈને વંદના કરવી જોઈએ ? આના ઉત્તરમાં નિર્યુક્તિકારે બત્રીસ દોષ ગણાવ્યા છે કે જેમનાથી શુદ્ધ થઈને વંદના કરવી જોઈએ.[૪]

વંદના શા માટે કરવી જોઈએ ? તેનું સમાધાન કરતાં કહેવામાં આવ્યું છે કે વંદના કરતી વખતે મુખ્ય પ્રયોજન વિનય-પ્રાપ્તિ છે, કેમકે વિનય જ શાસનનું મૂળ છે, વિનીત જ સંયમી હોય છે, વિનયથી દૂર રહેનાર ન તો ધર્મ કરી શકે છે, ન તપ.[૫]

વંદનાની આવશ્યકતા અને વિધિની આટલી લાંબી ભૂમિકા બાંધ્યા પછી આચાર્ય 'વંદના'ના મૂળ પાઠ 'इच्छामि खमासमणो'ની સૂત્રસ્પર્શી વ્યાખ્યા શરૂ કરે છે. તેના માટે ૧. ઈચ્છા, ૨. અનુજ્ઞાપના, ૩. અવ્યાબાધ, ૪. યાત્રા, ૫. યાપના અને ૬. અપરાધક્ષમણા — આ છ સ્થાનોની નિર્યુક્તિ કરે છે.[૬] નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ વગેરે નિક્ષેપોથી તેનું સંક્ષિપ્ત વિવેચન કરીને વંદનાધ્યયનની નિર્યુક્તિ સમાપ્ત કરે છે. ત્યાર બાદ 'પ્રતિક્રમણ' નામક ચતુર્થ અધ્યયન શરૂ થાય છે.

પ્રતિક્રમણ :

પ્રતિક્રમણ[૭]નો ત્રણ દૃષ્ટિએ વિચાર કરવામાં આવે છે : ૧. પ્રતિક્રમણરૂપ ક્રિયા, ૨. પ્રતિક્રમણના કર્તા અર્થાત્ પ્રતિક્રામક અને ૩. પ્રતિક્રન્તવ્ય અર્થાત્ પ્રતિક્રમિતવ્ય અશુભયોગરૂપ કર્મ.[૮] જીવ પાપકર્મયોગોનો પ્રતિક્રામક છે. એટલા માટે જે ધ્યાનપ્રશસ્ત યોગો છે તેમનું સાધુએ પ્રતિક્રમણ ન કરવું

---

૧. ગા.૧૨૦૭ ૨. ગા.૧૨૦૯. ૩. ગા. ૧૨૧૧.
૪. ગા. ૧૨૧૨-૬. ૫. ગા. ૧૨૨૦-૧. ૬. ગા. ૧૨૨૩.
૭. स्वस्थानात्यत्परस्थानं प्रमादस्य वशाद् गतः । तत्रैव क्रमणं भूयः प्रतिक्रमणमुच्यते ॥
૮. ગા. ૧૨૩૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જોઈએ.[૧] પ્રતિક્રમણના નિમ્નોક્ત પર્યાયો છે : પ્રતિક્રમણ, પ્રતિચરણા, પરિહરણા, વારણા, નિવૃત્તિ, નિંદા, ગર્હા, શુદ્ધિ.[૨] આ પર્યાયોનો અર્થ યોગ્ય રીતે સમજમાં આવી જાય, એટલા માટે નિર્યુક્તિકારે પ્રત્યેક શબ્દના અલગ-અલગ દૃષ્ટાન્ત આપ્યાં છે. તેની પછી શુદ્ધિની વિધિ બતાવતાં દિશા વગેરેની તરફ સંકેત કર્યો છે.[૩]

પ્રતિક્રમણ દૈવસિક, રાત્રિક, ઈત્વરિક, યાવત્કથિક, પાક્ષિક, ચાતુર્માસિક, સાંવત્સરિક, ઉત્તમાર્થક વગેરે અનેક પ્રકારનું હોય છે. પંચમહાવ્રત, રાત્રિભુક્તિવિરતિ, ચતુર્યામ, ભક્તપરિજ્ઞા વગેરે યાવત્કથિક અર્થાત્ જીવનભર માટે છે. ઉચ્ચાર, મૂત્ર, કફ, નાસિકામળ, આભોગ, અનાભોગ, સહસાકાર વગેરે ક્રિયાઓ ઉપરાન્ત પ્રતિક્રમણ આવશ્યક છે.

પ્રતિક્રન્તવ્ય પાંચ પ્રકારનું છે : મિથ્યાત્વપ્રતિક્રમણ, અસંયમપ્રતિક્રમણ, કષાયપ્રતિક્રમણ, અપ્રશસ્તયોગપ્રતિક્રમણ તથા સંસારપ્રતિક્રમણ. સંસારપ્રતિક્રમણના ચાર દુર્ગતિઓ અનુસાર ચાર પ્રકાર છે. ભાવપ્રતિક્રમણનો અર્થ છે ત્રણ કરણ અને ત્રણ યોગથી મિથ્યાત્વાદિનું સેવન છોડવું.[૪] આ વિષયને વધારે સ્પષ્ટ કરવા માટે આચાર્યે આગળ કેટલીક ગાથાઓમાં નાગદત્તનું ઉદાહરણ પણ આપ્યું છે. તેની પછી એ બતાવ્યું છે કે પ્રતિષિદ્ધ વિષયોનું આચરણ કર્યા પછી, વિહિત વિષયોનું આચરણ ન કર્યું હોય ત્યારે, જિનોક્ત વચનોમાં શ્રદ્ધા ન રાખી હોય ત્યારે તથા વિપરીત પ્રરૂપણા કર્યા પછી પ્રતિક્રમણ અવશ્ય કરવું જોઈએ.[૬] ત્યાર પછી આલોચના વગેરે બત્રીસ યોગોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. તેમના નામ આ છે :[૭] ૧. આલોચના, ૨. નિરપલાપ, ૩. આપત્તિમાં દૃઢધર્મતા, ૪. અનિશ્રિતોપધાન, ૫. શિક્ષા, ૬. નિષ્પ્રતિકર્મતા, ૭. અજ્ઞાતતા, ૮. અલોભતા, ૯. તિતિક્ષા, ૧૦. આર્જવ, ૧૧. શુચિ, ૧૨. સમ્યગ્દૃષ્ટિત્વ, ૧૩. સમાધિ, ૧૪. આચારોપગત્વ, ૧૫. વિનયોપગત્વ, ૧૬. ધૃતિમતિ, ૧૭. સંવેગ, ૧૮. પ્રણિધિ, ૧૯. સુવિધિ, ૨૦. સંવર, ૨૧. આત્મદોષોપસંહાર, ૨૨. સર્વકામવિરક્તતા, ૨૩. મૂલગુણ-પ્રત્યાખ્યાન, ૨૪. ઉત્તરગુણપ્રત્યાખ્યાન, ૨૫. વ્યુત્સર્ગ, ૨૬. અપ્રમાદ, ૨૭. લવાલવ, ૨૮. ધ્યાન, ૨૯. મરણાભીતિ, ૩૦. સંગપરિજ્ઞા, ૩૧. પ્રાયશ્ચિત્તકરણ, ૩૨. મરણાન્તારાધના. આ યોગોનો અર્થ સારી રીતે સમજાવવા માટે વિવિધ વ્યક્તિઓનાં ઉદાહરણો પણ આપવામાં આવ્યાં છે.[૮] આમાંથી કેટલાંક નામ આ મુજબ છે : મહાગિરિ, સ્થૂલભદ્ર, ધર્મઘોષ, સુરેન્દ્રદત્ત, વારત્તક, ધન્વન્તરી વૈદ્ય, કરકંડુ, આર્ય

---

૧. ગા. ૧૨૩૭. ૨. ગા. ૧૨૩૮. ૩. ગા. ૧૨૩૯-૧૨૪૩.
૪. ગા. ૧૨૪૪-૬. ૫. ગા. ૧૨૪૭-૮. ૬. ગા. ૧૨૬૮.
૭. ગા. ૧૨૬૯-૧૨૭૩. ૮. ગા. ૧૨૭૪-૧૩૧૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુષ્યભૂતિ. ત્યાર પછી અસ્વાધ્યાયિકની નિર્યુક્તિ કરવામાં આવી છે. અસ્વાધ્યાય બે પ્રકારનો છે : આત્મસમુત્થ અને પરસમુત્થ. પરસમુત્થના ફરી પાંચ પ્રકાર છે : સંયમઘાતક, ઔત્પાતિક, સદિવ્ય, વ્યુદ્ગ્રાહક અને શારીર.[૧] આ પાંચે પ્રકારો ઉદાહરણપૂર્વક સમજાવવામાં આવ્યા છે. સાથે બહુ જ વિસ્તારથી એ પણ બતાવવામાં આવ્યું છે કે કયા કાળ અને કયા દેશ (સ્થાન)માં શ્રમણે સ્વાધ્યાય ન કરવો જોઈએ, સ્વાધ્યાય માટે કયો દેશ અને કયો કાળ યોગ્ય છે, ગુરુ વગેરે સમક્ષ કઈ રીતે સ્વાધ્યાય કરવો જોઈએ વગેરે[૨]. આત્મસમુત્થ અસ્વાધ્યાય એક પ્રકારનો પણ હોય છે અને બે પ્રકારનો પણ. શ્રમણો માટે એક પ્રકારનો છે જે માત્ર વ્રણદશામાં હોય છે. શ્રમણીઓ માટે વ્રણ તથા ઋતુકાળમાં હોવાના કારણે બે પ્રકારનો છે.[૩] તત્પશ્ચાત્ અસ્વાધ્યાયથી થનાર પરિણામની ચર્ચા કરવામાં આવી છે. આ ચર્ચા સાથે અસ્વાધ્યાયિકની નિર્યુક્તિ સમાપ્ત થાય છે અને સાથે સાથે જ ચતુર્થ અધ્યયન — પ્રતિક્રમણાધ્યયનની નિર્યુક્તિ પણ પૂર્ણ થાય છે.

કાયોત્સર્ગ :

પ્રતિક્રમણ પછી કાયોત્સર્ગ છે. તે આવશ્યક સૂત્રનું પાંચમું અધ્યયન છે. કાયોત્સર્ગની નિર્યુક્તિ કરતાં પહેલાં આચાર્ય પ્રાયશ્ચિત્તના ભેદ બતાવે છે. પ્રાયશ્ચિત્ત દસ પ્રકારનું છે : ૧. આલોચના, ૨. પ્રતિક્રમણ, ૩. મિશ્ર, ૪. વિવેક, ૫. વ્યુત્સર્ગ, ૬. તપ, ૭. છેદ, ૮. મૂલ, ૯. અનવસ્થાપ્ય અને ૧૦. પારાંચિક.[૪] કાયોત્સર્ગ અને વ્યુત્સર્ગ એકાર્થવાચી છે. અહીં કાયોત્સર્ગનો અર્થ છે વ્રણચિકિત્સા. વ્રણ બે પ્રકારનો હોય છે : તદુદ્ભવ અર્થાત્ કાયોત્થ અને આગન્તુક અર્થાત્ પરોત્થ. આમાંથી આગન્તુક વ્રણનું શલ્યોદ્ધરણ કરવામાં આવે છે, નહિ કે તદુદ્ભવનું.[૫] શલ્યોદ્ધરણની વિધિ શલ્યની પ્રકૃતિને અનુરૂપ હોય છે. જેવો વ્રણ હોય છે તેવી જ તેની ચિકિત્સા હોય છે. આ બાહ્ય વ્રણની ચિકિત્સાની વાત થઈ. આભ્યન્તર વ્રણની ચિકિત્સાની પણ અલગ-અલગ વિધિઓ છે. ભિક્ષાચર્યાથી ઉત્પન્ન વ્રણ આલોચનાથી ઠીક થઈ જાય છે. વ્રતોના અતિચારોની શુદ્ધિ પ્રતિક્રમણથી થાય છે. કોઈ અતિચારની શુદ્ધિ કાયોત્સર્ગ અર્થાત્ વ્યુત્સર્ગથી થાય છે. કોઈ-કોઈ અતિચાર તપસ્યાથી શુદ્ધ થાય છે.[૬] આ રીતે આભ્યન્તર વ્રણની ચિકિત્સાના પણ અનેક ઉપાયો છે.

---

૧. ગા. ૧૩૧૬-૭. ૨. ગા. ૧૩૧૮-૧૩૯૭. ૩. ગા. ૧૩૯૮.
૪. ગા. ૧૪૧૩. ૫. ગા. ૧૪૧૪ ૬. ગા. ૧૪૨૦-૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'કાયોત્સર્ગ' શબ્દની વ્યાખ્યા કરવા માટે નિર્યુક્તિકાર નિમ્નલિખિત અગિયાર દ્વારોનો આધાર લે છે : ૧. નિક્ષેપ, ૨. એકાર્થકશબ્દ, ૩. વિધાનમાર્ગણા, ૪. કાલપ્રમાણ, ૫. ભેદપરિમાણ, ૬. અશઠ, ૭. શઠ, ૮. વિધિ, ૯. દોષ, ૧૦. અધિકારી અને ૧૧. ફળ.[૧]

'કાયોત્સર્ગ'માં બે પદ છે : કાય અને ઉત્સર્ગ. કાયનો નિક્ષેપ બાર પ્રકારનો છે અને ઉત્સર્ગ છ પ્રકારનો. કાયનિક્ષેપના બાર પ્રકાર આ છે : ૧. નામ, ૨. સ્થાપના, ૩. શરીર, ૪. ગતિ, ૫. નિકાય, ૬. અસ્તિકાય, ૭. દ્રવ્ય, ૮. માતૃકા, ૯. સંગ્રહ, ૧૦. પર્યાય, ૧૧. ભાર અને ૧૨. ભાવ.[૨] આમાંથી પ્રત્યેકના અનેક ભેદ-પ્રભેદ થાય છે.

કાયના એકાર્થક શબ્દો આ છે : કાય, શરીર, દેહ, બોન્દિ, ચય, ઉપચય, સંઘાત, ઉચ્છ્રય, સમુચ્છ્રય, કલેવર, ભસ્ત્રા, તનુ, પ્રાણુ.[૩]

ઉત્સર્ગનો નિક્ષેપ છ પ્રકારનો છે : નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ.[૪] ઉત્સર્ગના એકાર્થવાચી શબ્દો આ છે : ઉત્સર્ગ, વ્યુત્સર્જન, ઉજ્ઝના, અવકિરણ, છર્દન, વિવેક, વર્જન, ત્યજન, ઉન્મોચના, પરિશાઠતા, શાતના.[૫]

કાયોત્સર્ગના વિધાન અર્થાત્ પ્રકાર બે છે : ચેષ્ટાકાયોત્સર્ગ અને અભિનવ કાયોત્સર્ગ. ભિક્ષાચર્યા વગેરેમાં થનાર ચેષ્ટાકાયોત્સર્ગ છે; ઉપસર્ગ વગેરેમાં થનાર અભિનવકાયોત્સર્ગ છે.[૬]

અભિનવકાયોત્સર્ગની કાળમર્યાદા અધિકથી અધિક સંવત્સર — એક વર્ષ છે અને ઓછીમાં ઓછી અન્તર્મુહૂર્ત છે.[૭]

કાયોત્સર્ગના ભેદપરિમાણની ચર્ચા કરતાં નિર્યુક્તિકાર નવ ભેદોની ગણના કરે છે : ૧. ઉચ્છ્રિતોચ્છ્રિત, ૨. ઉચ્છ્રિત, ૩. ઉચ્છ્રિતનિષણ્ણ, ૪. નિષણ્ણોચ્છ્રિત, ૫. નિષણ્ણ, ૬. નિષણ્ણનિષણ્ણ, ૭. નિર્વિણ્ણોચ્છ્રિત, ૮. નિર્વિણ્ણ, ૯. નિર્વિણ્ણનિર્વિણ્ણ.[૮] ઉચ્છ્રિતનો અર્થ છે ઊર્ધ્વસ્થ અર્થાત્ ઊભું રહેલું, નિષણ્ણનો અર્થ છે ઉપવિષ્ટ અર્થાત્ બેઠેલું અને નિર્વિણ્ણનો અર્થ છે સુપ્ત અર્થાત્ સૂતેલું.

ભેદપરિમાણની ચર્ચા કરતાં-કરતાં આચાર્ય કાયોત્સર્ગના ગુણોની ચર્ચા શરૂ કરી દે છે. કાયોત્સર્ગથી દેહ અને મતિની જડતાની શુદ્ધિ થાય છે, સુખ-દુઃખ સહન કરવાની ક્ષમતા આવે છે, અનુપ્રેક્ષા અર્થાત્ અનિત્યત્વાદિનું ચિન્તન થાય છે તથા એકાગ્રતાપૂર્વક શુભધ્યાનનો અભ્યાસ થાય છે. શુભધ્યાનનો આધાર લઈને આચાર્ય

---

૧. ગા. ૧૪૨૧. ૨. ગા. ૧૪૨૪-૫. ૩. ગા. ૧૪૪૧. ૪. ગા. ૧૪૪૨.
૫. ગા. ૧૪૪૬. ૬. ગા. ૧૪૪૭. ૭. ગા. ૧૪૫૩. ૮. ગા. ૧૪૫૪-૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધ્યાનની ચર્ચા શરૂ કરી દે છે.[૧]

ધ્યાનનું સ્વરૂપ દર્શાવતાં આચાર્ય કહે છે કે અન્તર્મુહૂર્ત માટે જે ચિત્તની એકાગ્રતા છે તે જ ધ્યાન છે. ધ્યાન ચાર પ્રકારનું હોય છે : આર્ત્ત, રુદ્ર, ધર્મ અને શુક્લ.[૨] આમાંથી પ્રથમ બે પ્રકાર સંસારવર્ધનના હેતુ છે અને અંતિમ બે પ્રકાર વિમોક્ષના હેતુ છે. પ્રસ્તુત અધિકાર અંતિમ બે પ્રકારના જ્ઞાનનો જ છે.[૩] આટલો સામાન્ય સંકેત કર્યા બાદ નિર્યુક્તિકાર ધ્યાન સાથે સંબંધ રાખનારી અન્ય વાતોનું વર્ણન કરે છે.[૪]

કાયોત્સર્ગ મોક્ષપથપ્રદાતા છે, એવું સમજીને ધીર શ્રમણ દિવસાદિ સંબંધી અતિચારોનું પરિજ્ઞાન કરવા માટે કાયોત્સર્ગમાં સ્થિત થાય છે. આ અતિચારો કયા છે ? નિર્યુક્તિકારે આગળની કેટલીક ગાથાઓમાં વિવિધ પ્રકારના અતિચારોનું સ્વરૂપ તથા તેમનાથી શુદ્ધ થવાના ઉપાયો બતાવ્યા છે. સાથે જ કાયોત્સર્ગની વિધિ તરફ પણ સંકેત કર્યો છે. સાધુઓને ઈચ્છનીય છે કે સૂર્ય હોય ત્યારે જ પ્રસ્રવણોચ્ચારકાલસંબંધી ભૂમિને સારી રીતે જોઈને પોતપોતાના સ્થાન પર આવીને સૂર્યાસ્ત થતાં જ કાયોત્સર્ગમાં સ્થિત થઈ જાય.[૫] દૈવસિક, રાત્રિક, પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણોના કાયોત્સર્ગ નિયત છે, ગમનાદિવિષયક બાકીના કાયોત્સર્ગ અનિયત છે. હવે નિયતકાયોત્સર્ગોના ઉચ્છ્વાસોની સંખ્યા દર્શાવે છે : દૈવસિકમાં સો ઉચ્છ્વાસ, રાત્રિકમાં પચાસ, પાક્ષિકમાં ત્રણ સો, ચાતુર્માસિકમાં પાંચ સો, સાંવત્સરિકમાં એક હજાર આઠ.[૬] આ જ રીતે પ્રત્યેક પ્રકારના કાયોત્સર્ગ માટે **'लोगस्सुज्जोयगरे'** ના પાઠ પણ નિયત છે : દૈવસિક કાયોત્સર્ગમાં ચાર, રાત્રિકમાં બે, પાક્ષિકમાં બાર, ચાતુર્માસિકમાં વીસ અને સાંવત્સરિકમાં ચાલીસ.[૭] અનિયતકાયોત્સર્ગ માટે પણ આ જ પ્રકારના નિશ્ચિત નિયમો છે.

અશઠદ્વારનું વ્યાંખ્યાન કરતાં કહેવામાં આવ્યું છે કે સાધુ પોતાની શક્તિની મર્યાદા અનુસાર જ કાયોત્સર્ગ કરે. શક્તિની સીમાનું ઉલ્લંઘન કરવાથી અનેક દોષો ઉત્પન્ન થવાનો ભય રહે છે.[૮]

શઠદ્વારની વ્યાખ્યા કરતાં આચાર્ય કહે છે કે કાયોત્સર્ગ સમયે છળપૂર્વક ઊંઘી જવું, સૂત્ર અથવા અર્થની પ્રતિપૃચ્છા કરવી, કાંટો કાઢવો, પ્રસ્રવણ અર્થાત્ પેશાબ કરવા ચાલ્યા જવું વગેરે કાર્યો દોષપૂર્ણ છે. તેનાથી અનુષ્ઠાન ખોટું થઈ જાય છે.[૯]

---

૧. ગા. ૧૪૫૭. ૨. ગા. ૧૪૫૮. ૩. ગા. ૧૪૫૯. ૪. ગા. ૧૪૬૦-૧૪૯૧.
૫. ગા. ૧૫૧૨. ૬. ગા. ૧૫૨૪-૫. ૭. ગા. ૧૫૨૬. ૮. ગા. ૧૫૩૬.
૯. ગા. ૧૫૩૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાયોત્સર્ગની વિધિનું વિધાન કરતાં આચાર્ય કહે છે કે ગુરુની નજીક જ કાયોત્સર્ગ શરૂ કરવો જોઈએ તથા ગુરુની નજીક જ સમાપ્ત કરવો જોઈએ. કાયોત્સર્ગ સમયે ડાબા હાથમાં મુખવસ્ત્રિકા અને જમણા હાથમાં રજોહરણ રાખવું જોઈએ.[૧]

કાયોત્સર્ગના નિમ્નાંકિત દોષો છે : ૧. ઘોટકદોષ, ૨. લતાદોષ, ૩. સ્તંભ, કુડ્યદોષ, ૪. માલદોષ, ૫. શબરીદોષ, ૬. વધૂદોષ, ૭. નિગડદોષ, ૮. લંબોત્તરદોષ, ૯. સ્તનદોષ, ૧૦. ઉદ્ધિદોષ, ૧૧. સંયતીદોષ, ૧૨. ખલિનદોષ, ૧૩. વાયસદોષ, ૧૪. કપિત્થદોષ, ૧૫. શીર્ષકંપદોષ, ૧૬. મૂકદોષ, ૧૭. અંગુલિભ્રૂદોષ, ૧૮. વારુણીદોષ, ૧૯. પ્રેક્ષાદોષ.[૨]

હવે આચાર્ય અધિકારીનું સ્વરૂપ બતાવે છે. જે વાસી (વાંસલો) અને ચંદન બંનેને સમાન સમજે છે, જેમની જીવવા અને મરવામાં સમબુદ્ધિ છે, જે દેહની મમતાથી પર છે તે જ કાયોત્સર્ગનો સાચો અધિકારી છે.[૩]

કાયોત્સર્ગના અંતિમ દ્વાર — ફલદ્વારની ચર્ચા કરતાં નિર્યુક્તિકાર કહે છે કે સુભદ્રા, રાજા ઉદિતોદિત, શ્રેષ્ઠિભાર્યા મિત્રવતી, સોદાસ, ખડ્ગસ્તમ્ભન વગેરે ઉદાહરણોથી કાયોત્સર્ગના ઐહલૌકિક ફળનું અનુમાન કરી લેવું જોઈએ. પારલૌકિક ફળના રૂપમાં સિદ્ધિ, સ્વર્ગ વગેરે સમજવા જોઈએ.[૪] અહીં કાયોત્સર્ગ નામના પાંચમા અધ્યયનના અગિયાર દ્વારોની ચર્ચા સમાપ્ત થાય છે.

પ્રત્યાખ્યાન :

આવશ્યક સૂત્રનું છઠ્ઠું અધ્યયન પ્રત્યાખ્યાનના રૂપે છે. નિર્યુક્તિકાર આચાર્ય ભદ્રબાહુ પ્રત્યાખ્યાનનું છ દૃષ્ટિએ વ્યાખ્યાન કરે છે : ૧. પ્રત્યાખ્યાન, ૨. પ્રત્યાખ્યાતા, ૩. પ્રત્યાખ્યેય, ૪. પર્ષદ્, ૫. કથનવિધિ અને ૬. ફળ.[૫]

પ્રત્યાખ્યાનના છ ભેદ છે : ૧. નામપ્રત્યાખ્યાન, ૨. સ્થાપનાપ્રત્યાખ્યાન, ૩. દ્રવ્યપ્રત્યાખ્યાન, ૪. અદિત્સાપ્રત્યાખ્યાન, ૫. પ્રતિષેધપ્રત્યાખ્યાન અને ૬. ભાવપ્રત્યાખ્યાન.[૬] પ્રત્યાખ્યાનની શુદ્ધિ છ રીતે થાય છે : ૧. શ્રદ્ધાનશુદ્ધિ, ૨. જ્ઞાનનાશુદ્ધિ, ૩. વિનયશુદ્ધિ, ૪. અનુભાષણાશુદ્ધિ, ૫. અનુપાલનાશુદ્ધિ, ૬. ભાવશુદ્ધિ.[૭] અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ — આ ચાર પ્રકારની આહારવિધિઓ છે. આ ચારે પ્રકારના આહાર છોડવા તે આહાર-પ્રત્યાખ્યાન છે. જે તરત જ ક્ષુધા શાંત કરે છે તે અશન છે. જે પ્રાણ અર્થાત્ ઈન્દ્રિયાદિનો ઉપકાર કરે છે તે પાન છે. જે આકાશમાં સમાય છે અર્થાત્ પેટના રિક્ત સ્થાનમાં ભરવામાં આવે છે તે ખાદિમ છે. જે સરસ આહારના ગુણોને સ્વાદ પ્રદાન કરે છે તે સ્વાદિમ

---

૧. ગા. ૧૫૩૯-૧૫૪૦. ૨. ગા. ૧૫૪૧-૨. ૩. ગા. ૧૫૪૩.
૪. ગા. ૧૫૪૫. ૫. ગા. ૧૫૫૦. ૬. ગા. ૧૫૫૧. ૭. ગા. ૧૫૮૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે.[૧] પ્રત્યાખ્યાનના ગુણો તરફ ધ્યાન દોરતાં આચાર્ય કહે છે કે પ્રત્યાખ્યાનથી આસ્રવના દ્વાર અર્થાત્ કર્માગમના દ્વાર બંધ થઈ જાય છે, પરિણામે આસ્રવનો ઉચ્છેદ થાય છે. આસ્રવોચ્છેદથી તૃષ્ણાનો નાશ થાય છે. તૃષ્ણોચ્છેદથી મનુષ્યની અંદર અતુલ ઉપશમ અર્થાત્ મધ્યસ્થભાવ પેદા થઈ જાય છે. મધ્યસ્થભાવથી ફરી પ્રત્યાખ્યાનની વિશુદ્ધિ થાય છે. આનાથી શુદ્ધ ચારિત્રધર્મનો ઉદય થાય છે, જેનાથી કર્મનિર્જરા થાય છે અને ક્રમશઃ અપૂર્વકરણ થતાં શ્રેણિક્રમથી કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. અંતમાં શાશ્વત સુખરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે.[૨] પ્રત્યાખ્યાન દસ પ્રકારના આકારો વડે ગ્રહણ કરવામાં તથા પાળવામાં આવે છે : ૧. નમસ્કાર, ૨. પૌરુષ્ય, ૩. પુરિમાર્દ્ધ, ૪. એકાશન, ૫. એકસ્થાન, ૬. આચામ્લ, ૭. અભક્તાર્થ, ૮. ચરમ, ૯. અભિગ્રહ, ૧૦. વિકૃતિ.[૩]

હવે પ્રત્યાખ્યાતાનું સ્વરૂપ દર્શાવે છે. પ્રત્યાખ્યાતા ગુરુ હોય છે જે યથોક્તવિધિથી શિષ્યને પ્રત્યાખ્યાન કરાવે છે. ગુરુ મૂળગુણ અને ઉત્તરગુણથી શુદ્ધ તથા પ્રત્યાખ્યાનની વિધિ જાણનાર હોય છે. શિષ્ય કૃતિકર્માદિની વિધિ જાણનાર, ઉપયોગપરાયણ, ઋજુ પ્રકૃતિવાળો, સંવિગ્ન અને સ્થિરપ્રતિજ્ઞ હોય છે.[૪]

પ્રત્યાખ્યાતવ્યનું સ્વરૂપ દર્શાવતાં કહેવામાં આવ્યું છે કે પ્રત્યાખ્યાતવ્ય બે પ્રકારનું હોય છે : દ્રવ્યપ્રત્યાખ્યાતવ્ય અને ભાવપ્રત્યાખ્યાતવ્ય. અશનાદિનું પ્રત્યાખ્યાન પ્રથમ પ્રકારનું છે. અજ્ઞાનાદિનું પ્રત્યાખ્યાન બીજા પ્રકારનું છે.[૫]

વિનીત તથા અવ્યાક્ષિપ્તરૂપે શિષ્ય ઉપસ્થિત થાય ત્યારે પ્રત્યાખ્યાન કરાવવું જોઈએ. આ જ પર્ષદ્ દ્વાર છે.[૬]

કથનવિધિ આ મુજબ છે : આજ્ઞાગ્રાહ્ય અર્થાત્ આગમગ્રાહ્ય વિષયનું કથન આગમ દ્વારા જ કરવું જોઈએ; દૃષ્ટાન્તવાક્ય અર્થનું કથન દૃષ્ટાન્ત દ્વારા જ કરવું જોઈએ. એવું ન કરવાથી કથનવિધિની વિરાધના થાય છે.[૭]

ફળનું વ્યાખ્યાન કરતાં નિર્યુક્તિકાર કહે છે કે પ્રત્યાખ્યાનનું ફળ ઐહલૌકિક અને પારલૌકિક બે પ્રકારનું હોય છે. ઐહલૌકિક ફળના દૃષ્ટાન્તરૂપે ધમ્મિલાદિ અને પારલૌકિક ફળના દૃષ્ટાન્તરૂપે દામન્નકાદિ સમજવા જોઈએ. જિનવરોપદિષ્ટ પ્રત્યાખ્યાનનું સેવન કરીને અનંત જીવો તરત જ શાશ્વત સુખરૂપ મોક્ષને પ્રાપ્ત થઈ ચૂક્યા છે.[૮] ફળ પ્રત્યાખ્યાનનું અંતિમ દ્વાર છે અને પ્રત્યાખ્યાન

---

૧. ગા. ૧૫૮૧-૨. ૨. ગા. ૧૫૮૮-૧૫૯૦. ૩. ગા. ૧૫૯૧-૧૬૦૬.
૪. ગા. ૧૬૦૭-૯. ૫. ગા. ૧૬૧૧. ૬. ગા. ૧૬૧૨.
૭. ગા. ૧૬૧૩. ૮. ગા. ૧૬૧૪-૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવશ્યક સૂત્રનું અંતિમ અધ્યયન છે આથી આ દ્વારની નિર્યુક્તિ સાથે આવશ્યકનિર્યુક્તિ સમાપ્ત થાય છે.

આવશ્યકનિર્યુક્તિના આ વિસ્તૃત પરિચયથી જ અનુમાન કરી શકાય છે કે જૈન નિર્યુક્તિગ્રંથોમાં આવશ્યકનિર્યુક્તિનું કેટલું મહત્ત્વ છે. શ્રમણ-જીવનની સફળ સાધના માટે અનિવાર્ય બધા પ્રકારના વિધિ-વિધાનોનું સંક્ષિપ્ત તથા સુવ્યવસ્થિત નિરૂપણ આવશ્યકનિર્યુક્તિની એક બહુ મોટી વિશેષતા છે. જૈન પરમ્પરા સાથે સંબંધ રાખનાર અનેક પ્રાચીન ઐતિહાસિક તથ્યોનું પ્રતિપાદન પણ સર્વપ્રથમ આ જ નિર્યુક્તિમાં કરવામાં આવ્યું છે. આ બધી વાતો આવશ્યકનિર્યુક્તિના અધ્યયનથી સ્પષ્ટ માલૂમ થાય છે.

●

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તૃતીય પ્રકરણ

દશવૈકાલિકનિર્યુક્તિ

સર્વપ્રથમ નિર્યુક્તિકારે સર્વસિદ્ધોને મંગલરૂપ નમસ્કાર કરીને દશવૈકાલિકનિર્યુક્તિ[૧] રચવાની પ્રતિજ્ઞા કરી છે. મંગલના વિષયમાં તેઓ કહે છે કે ગ્રન્થના પ્રારંભ, મધ્ય અને અંતમાં વિધિપૂર્વક મંગલ કરવું જોઈએ. મંગલ નામાદિ ભેદથી ચાર પ્રકારનું હોય છે. ભાવમંગલનો અર્થ શ્રુતજ્ઞાન છે. તે ચાર પ્રકારનું છે : ચરણકરણાનુયોગ, ધર્મકથાનુયોગ, ગણિતાનુયોગ (કાલાનુયોગ) અને દ્રવ્યાનુયોગ. ચરણકરણાનુયોગનાં દ્વાર આ છે : નિક્ષેપ, એકાર્થ, નિરુક્ત, વિધિ, પ્રવૃત્તિ, કોના દ્વારા, કોનું, દ્વારભેદ, લક્ષણ, પર્ષદ્ અને સૂત્રાર્થ.[૨]

દશવૈકાલિક શબ્દનું વ્યાખ્યાન કરવા માટે 'દશ' અને 'કાલ'નો નિક્ષેપ પદ્ધતિથી વિચાર કરવો જોઈએ. 'દશ'ની પહેલાં 'એક'નો નિક્ષેપ કરતાં આચાર્ય કહે છે કે એકકના નામ, સ્થાપના, દ્રવ્ય, માતૃકાપદ, સંગ્રહ, પર્યાય અને ભાવ — આ સાત પ્રકાર છે. દશકનો નિક્ષેપ છ પ્રકારનો છે : નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ. કાલના દસ ભેદ આ પ્રમાણે છે : બાલા, ક્રીડા, મંદા, બલા, પ્રજ્ઞા, હાયિનિ, પ્રપંચા, પ્રાગ્ભારા, મૃન્મુખી અને શાયિની.[૩] આ પ્રાણીઓની દસ દશાઓ — અવસ્થાવિશેષ છે.

કાલનો દ્રવ્ય, અર્દ્ધ, યથાયુષ્ક, ઉપક્રમ, દેશ, કાલ, પ્રમાણ, વર્ણ અને ભાવ — આ નવ દૃષ્ટિઓથી વિચાર કરવો જોઈએ.

દશકાલિક અથવા દશવૈકાલિક 'દશ' અને 'કાલ' આ બંને પદો સાથે સંબંધ ધરાવે છે. દશકાલિકમાં 'દશ'નો પ્રયોગ એટલા માટે કરવામાં આવ્યો છે કે આ

---

૧. (અ) હરિભદ્રીય વિવરણસહિત : પ્રકાશક-દેવચન્દ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર, મુંબઈ, ૧૯૧૮.
(આ) નિર્યુક્તિ તથા મૂળ : સંપાદક E. Leumann, ZDMG ભા. ૪૬, પૃ. ૫૮૧-૬૬૩.

૨. ગા. ૧-૫.

૩. ગા. ૮-૧૦.

૪. ગા. ૧૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્રમાં દસ અધ્યયન છે. કાલનો પ્રયોગ એટલા માટે છે કે આ સૂત્રની રચના તે સમયે થઈ જ્યારે પૌરુષી વ્યતીત થઈ ચૂકી હતી અથવા જે દશ અધ્યયન પૂર્વોમાંથી ઉદ્ધૃત કરવામાં આવ્યા તેમનું સુવ્યવસ્થિત નિરૂપણ વિકાલ અર્થાત્ અપરાહ્નમાં કરવામાં આવ્યું એટલા માટે આ સૂત્રનું નામ દશવૈકાલિક રાખવામાં આવ્યું. આ સૂત્રની રચના મનક નામના શિષ્ય માટે આચાર્ય શય્યંભવે કરી.[૧]

દશવૈકાલિકસૂત્રમાં દ્રુમપુષ્પિકા વગેરે દસ અધ્યયનો છે. પ્રથમ અધ્યયનમાં ધર્મની પ્રશંસા કરવામાં આવી છે. બીજા અધ્યયનમાં ધૃતિની સ્થાપના કરવામાં આવી છે અને બતાવવામાં આવ્યું છે કે આ જ ધર્મ છે. ત્રીજા અધ્યયનમાં ક્ષુલ્લિકા અર્થાત્ લઘુ આચારકથાનો અધિકાર છે. ચોથા અધ્યયનમાં આત્મસંયમ માટે ષડ્જીવરક્ષાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. પાંચમું અધ્યયન ભિક્ષાવિશુદ્ધિ સાથે સંબંધ ધરાવે છે. ભિક્ષાવિશુદ્ધિ તપ અને સંયમનું પોષણ કરનારી છે. છઠ્ઠા અધ્યયનમાં મહતી અર્થાત્ બૃહદ્ આચારકથાનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. સાતમા અધ્યયનમાં વચનવિભક્તિનો અધિકાર છે. આઠમું અધ્યયન પ્રણિધાન અર્થાત્ વિશિષ્ટ ચિત્તધર્મસંબંધી છે. નવમા અધ્યયનમાં વિનયનો તથા દસમામાં ભિક્ષુનો અધિકાર છે. આ અધ્યયનો ઉપરાંત આ સૂત્રમાં બે ચૂલિકાઓ પણ છે. પ્રથમ ચૂલિકામાં સંયમમાં સ્થિરીકરણનો અધિકાર છે અને બીજીમાં વિવિક્તચર્યાનું વર્ણન છે. આ દશવૈકાલિકનો સંક્ષિપ્ત અર્થ છે.[૨]

દ્રુમપુષ્પિકા નામના પ્રથમ અધ્યયનની નિર્યુક્તિમાં સામાન્ય શ્રુતાભિધાન ચાર પ્રકારનું બતાવવામાં આવ્યું છે : અધ્યયન, અક્ષીણ, આય અને ક્ષપણા.[૩] આત્માની કર્મમળથી મુક્તિ જ ભાવાધ્યયન છે. દ્રુમ અને પુષ્પનો નિક્ષેપ કરતાં કહેવામાં આવ્યું છે કે દ્રુમ નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવભેદથી ચાર પ્રકારનું છે. આ જ રીતે પુષ્પનો નિક્ષેપ પણ ચાર પ્રકારનો છે. દ્રુમના પર્યાયવાચી શબ્દો આ છે : દ્રુમ, પાદપ, વૃક્ષ, અગમ, વિટપી, તરુ, કુહ, મહીરુહ, રોપક, રુંચક. પુષ્પના એકાર્થક શબ્દો આ છે : પુષ્પ, કુસુમ, ફુલ્લ, પ્રસવ, સુમન, સૂક્ષ્મ.[૪]

સૂત્રસ્પર્શિક નિર્યુક્તિ કરતાં આચાર્ય 'ધર્મ' પદનું વ્યાખ્યાન આ રીતે કરે છે કે ધર્મ ચાર પ્રકારનો હોય છે : નામધર્મ, સ્થાપનાધર્મ, દ્રવ્યધર્મ અને ભાવધર્મ. ધર્મના લૌકિક અને લોકોત્તર એવા બે ભેદ પણ થાય છે. લૌકિક ધર્મ અનેક પ્રકારનો હોય છે. ગમ્યધર્મ, પશુધર્મ, રાજ્યધર્મ, પુરવરધર્મ, ગ્રામધર્મ, ગણધર્મ, ગોષ્ઠીધર્મ, રાજધર્મ વગેરે લૌકિક ધર્મના ભેદ છે. લોકોત્તર ધર્મ બે પ્રકારનો છે : શ્રુતધર્મ અને

૧. ગા. ૧૨-૫. ૨. ગા. ૧૯-૨૫.
૩. ગા. ૨૬-૭. ૪. ગા. ૩૫-૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચારિત્રધર્મ. શ્રુતધર્મ સ્વાધ્યાયરૂપ છે અને ચારિત્રધર્મ શ્રમણધર્મ રૂપ છે.[૧]

મંગલ પણ દ્રવ્ય અને ભાવરૂપ હોય છે. પૂર્ણકલશાદિ દ્રવ્યમંગલ છે. ધર્મ ભાવમંગલ છે.[૨]

હિંસાથી વિરુદ્ધ અહિંસા થાય છે. તેના પણ દ્રવ્યાદિ ચાર ભેદ થાય છે. પ્રાણાતિપાતવિરતિ વગેરે ભાવ અહિંસા છે.[૩]

આચાર્ય સંયમની વ્યાખ્યા કરતાં કહે છે કે પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, વનસ્પતિ, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય તથા પંચેન્દ્રિયની મન, વચન અને કાયાથી યતના રાખવી તે સંયમ છે.[૪]

તપ બાહ્ય અને આભ્યન્તરના તફાવતથી બે પ્રકારનું હોય છે. અનશન, ઊણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયક્લેશ અને સંલીનતા બાહ્ય તપના ભેદ છે. પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ધ્યાન અને વ્યુત્સર્ગ આભ્યંતર તપના ભેદ છે.[૫]

હેતુ અને ઉદાહરણની ઉપયોગિતા બતાવતાં નિર્યુક્તિકાર કહે છે કે શ્રોતાની યોગ્યતા ધ્યાનમાં રાખીને પાંચ અથવા દસ અવયવોનો પ્રયોગ કરી શકાય છે. ઉદાહરણ બે પ્રકારનું હોય છે. આ બે પ્રકાર ફરી ચાર-ચાર પ્રકારના હોય છે. હેતુ ચાર પ્રકારનો હોય છે. હેતુનું પ્રયોજન અર્થની સિદ્ધિ કરવાનું છે.[૬] આચાર્યે ઉદાહરણનું સ્વરૂપ સમજાવવા માટે અનેક દૃષ્ટાન્ત આપતાં ઉદાહરણના વિવિધ દ્વારોનું વિસ્તૃત વિવેચન કર્યું છે. ઉદાહરણના ચાર જાતના દોષ આ પ્રમાણે છે : અધર્મયુક્ત, પ્રતિલોમ, આત્મોપન્યાસ અને દુરુપનીત.[૭] હેતુના ચાર પ્રકાર આ છે : યાપક, સ્થાપક, વ્યંસક અને લૂષક.[૮] પ્રથમ અધ્યયનમાં ભ્રમરનું ઉદાહરણ અનિયતવૃત્તિત્વનું દિગ્દર્શન કરાવવા માટે આપવામાં આવ્યું છે.[૯]

સૂત્રસ્પર્શી નિર્યુક્તિ કરતાં આચાર્ય વિહંગમ શબ્દની વ્યાખ્યા આ મુજબ કરે છે :- વિહંગમ બે પ્રકારના હોય છે : દ્રવ્યવિહંગમ અને ભાવવિહંગમ. જે પૂર્વોપાત્ત કર્મના ઉદયને કારણે જીવ વિહંગમકુલમાં ઉત્પન્ન થાય છે તે દ્રવ્યવિહંગમ છે. ભાવવિહંગમના ફરી બે ભેદ છે : ગુણસિદ્ધ અને સંજ્ઞાસિદ્ધ. જે વિહ અર્થાત્ આકાશમાં પ્રતિષ્ઠિત છે તેને ગુણસિદ્ધ વિહંગમ કહે છે. જે આકાશમાં ગમન કરે છે અર્થાત્ ઉડે છે તે બધા સંજ્ઞાસિદ્ધ વિહંગમ છે. પ્રસ્તુત પ્રસંગ આકાશમાં ગમન

---

૧. ગા. ૩૯-૪૩.
૨. ગા. ૪૪.
૩. ગા. ૪૫.
૪. ગા. ૪૬.
૫. ગા. ૪૭-૮.
૬. ગા. ૫૦-૧.
૭. ગા. ૮૧-૫.
૮. ગા. ૮૬-૮.
૯. ગા. ૯૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરનારા ભ્રમરોનો છે.[૧]

હેતુ અને દૃષ્ટાન્તના પ્રસંગે જે દસ અવયવોનો નિર્દેશ ઉપર કરવામાં આવ્યો છે તેમનાં નામ આ છે : ૧. પ્રતિજ્ઞા, ૨. વિભક્તિ, ૩. હેતુ, ૪. વિભક્તિ, ૫. વિપક્ષ, ૬. પ્રતિબોધ, ૭. દૃષ્ટાન્ત, ૮. આશંકા, ૯. તત્પ્રતિષેધ, ૧૦. નિગમન. નિર્યુક્તિકારે આ દસ પ્રકારના અવયવો પર દશવૈકાલિકના પ્રથમ અધ્યયનને સારી રીતે કસ્યું છે અને તે સિદ્ધ કર્યું છે કે આ અધ્યયનની રચનામાં આ અવયવોનું સમ્યક્‌રૂપે અનુસરણ કરવામાં આવ્યું છે.[૨]

બીજા અધ્યયનના પ્રારંભમાં 'શ્રામણ્યપૂર્વક'ની નિક્ષેપ-પદ્ધતિથી વ્યાખ્યા કરવામાં આવી છે. 'શ્રામણ્ય'નો નિક્ષેપ ચાર પ્રકારનો છે તથા 'પૂર્વક'નો તેર પ્રકારનો. જે સંયત છે તે જ ભાવશ્રમણ છે. આગળની કેટલીક ગાથાઓમાં ભાવશ્રમણનું બહુ જ માપી-તોળીને અને ભાવપૂર્ણ વર્ણન કરવામાં આવ્યું છે.[૩] 'શ્રમણ' શબ્દના પર્યાયો આ છે : પ્રવ્રજિત, અનગાર, પાખંડી, ચરક, તાપસ, ભિક્ષુ, પરિવ્રાજક, શ્રમણ, નિર્ગ્રંથ, સંયત, મુક્ત, તીર્ણ, ત્રાતા, દ્રવ્ય, મુનિ, ક્ષાન્ત, દાન્ત, વિરત, રૂક્ષ, તીરાર્થી.[૪] 'પૂર્વ'ના તેર પ્રકારના નિક્ષેપ આ છે : ૧. નામ, ૨. સ્થાપના, ૩. દ્રવ્ય, ૪. ક્ષેત્ર, ૫. કાલ, ૬. દિક્, ૭. તાપક્ષેત્ર, ૮. પ્રજ્ઞાપક, ૯. પૂર્વ, ૧૦. વસ્તુ, ૧૧. પ્રાભૃત, ૧૨. અતિપ્રાભૃત અને ૧૩. ભાવ.[૫] તેની પછી 'કામ'નો નામાદિ ચાર પ્રકારના નિક્ષેપથી વિચાર કરવામાં આવ્યો છે. ભાવકામ બે પ્રકારનો છે : ઇચ્છાકામ અને મદનકામ. ઇચ્છા પ્રશસ્ત અને અપ્રશસ્ત બે પ્રકારની હોય છે. મદનનો અર્થ છે વેદોપયોગ અર્થાત્ સ્ત્રીવેદાદિના વિપાકનો અનુભવ. પ્રસ્તુત અધિકાર મદનકામનો છે.[૬]

'પદ'ની નિર્યુક્તિ કરતાં આચાર્ય કહે છે કે પદ ચાર પ્રકારનું હોય છે : નામપદ, સ્થાપનાપદ, દ્રવ્યપદ અને ભાવપદ. ભાવપદના બે ભેદ છે : અપરાધપદ અને નોઅપરાધપદ. નોઅપરાધપદના ફરી બે ભેદ છે માતૃકાપદ અને નોમાતૃકાપદ. નોમાતૃકાપદના પણ બે ભેદ છે : ગ્રથિત અને પ્રકીર્ણક. ગ્રથિત ચાર પ્રકારનું હોય છે : ગદ્ય, પદ્ય, ગેય અને ચૌર્ણ. પ્રકીર્ણકના અનેક ભેદ હોય છે. ઈન્દ્રિય, વિષય, કષાય, પરીષહ, વેદના, ઉપસર્ગ વગેરે અપરાધ પદ છે. શ્રમણધર્મના પાલન માટે તેનું પરિવર્જન આવશ્યક છે.[૭]

ત્રીજા અધ્યયનનું નામ ક્ષુલ્લિકાચારકથા છે. નિર્યુક્તિકાર ક્ષુલ્લક, આચાર અને કથા — આ ત્રણેનો નિક્ષેપ કરે છે. ક્ષુલ્લક મહત્ સાપેક્ષ છે આથી મહત્‌નો નિક્ષેપ

---

૧. ગા. ૧૧૭-૧૨૨ ૩. ગા. ૧૫૨-૭. ૫. ગા. ૧૬૦.
૨. ગા. ૧૩૭-૧૪૮. ૪. ગા. ૧૫૮-૯ ૬. ગા. ૧૬૧-૩.
૭. ગા. ૧૬૬-૧૭૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરતાં કહેવામાં આવ્યું છે કે નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, પ્રધાન, પ્રતીત્ય અને ભાવ – આ આઠ ભેદો સાથે મહત્‌નો વિચાર કરવો જોઈએ. ક્ષુલ્લક મહત્‌નું પ્રતિપક્ષી છે આથી તેના પણ આ જ આઠ ભેદ છે. આચારનો નિક્ષેપ નામાદિ ભેદથી ચાર પ્રકારનો છે. નામન, ધાવન, વાસન, શિક્ષાપન વગેરે દ્રવ્યાચાર છે. ભાવાચાર પાંચ પ્રકારનો છે : દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને વીર્ય.[૧] કથા ચાર પ્રકારની હોય છે : અર્થકથા, કામકથા, ધર્મકથા અને મિશ્રકથા. અર્થકથાના નિમ્નોક્ત ભેદ છે : વિદ્યા, શિલ્પ, ઉપાય, અનિર્વેદ, સંચય, દક્ષત્વ, સામ, દંડ, ભેદ અને ઉપપ્રદાન. કામકથાના નિમ્નલિખિત ભેદ છે : રૂપ, વય, વેષ, દાક્ષિણ્ય, વિષયજ્ઞ, દૃષ્ટ, શ્રુત, અનુભૂત અને સંસ્તવ. ધર્મકથા ચાર પ્રકારની છે : આક્ષેપણી, વિક્ષેપણી, સંવેજની અને નિર્વેદની. ધર્મ, અર્થ અને કામથી મિશ્રિત કથાનું નામ મિશ્રકથા છે. કથાની વિપક્ષભૂત વિકથા છે. તેના સ્ત્રીકથા, ભક્તકથા, રાજકથા, ચૌરજનપદકથા, નટનર્તકજલ્લમુષ્ટિકકથા વગેરે અનેક ભેદ છે. શ્રમણ માટે ઈચ્છનીય છે કે તે ક્ષેત્ર, કાલ, પુરુષ, સામર્થ્ય વગેરેનું ધ્યાન રાખીને અનવદ્ય કથાનું વ્યાખ્યાન કરે.[૨]

ચતુર્થ અધ્યયનનું નામ ષડ્‌જીવનિકાય છે. તેની નિર્યુક્તિમાં એક, છ, જીવ, નિકાય અને શસ્ત્રનો નિક્ષેપ-પદ્ધતિથી વિચાર કરવામાં આવ્યો છે. આચાર્યે જીવના નિમ્નોક્ત લક્ષણો બતાવ્યાં છે : આદાન, પરિભોગ, યોગ, ઉપયોગ, કષાય, લેશ્યા, આન, આપાન, ઈન્દ્રિય, બંધ, ઉદય, નિર્જરા, ચિત્ત, ચેતના, સંજ્ઞા, વિજ્ઞાન, ધારણા, બુદ્ધિ, ઈહા, મતિ, વિતર્ક.[૩] શસ્ત્રની વ્યાખ્યા કરતાં કહેવામાં આવ્યું છે કે દ્રવ્યશસ્ત્ર સ્વકાય, પરકાય અથવા ઉભયકાયરૂપ હોય છે. ભાવશસ્ત્ર અસંયમ છે.[૪]

પિંડૈષણા નામના પાંચમા અધ્યયનની નિર્યુક્તિમાં આચાર્ય ભદ્રબાહુએ પિંડ અને એષણા આ બે પદોનું નિક્ષેપપૂર્વક વ્યાખ્યાન કર્યું છે. ગોળ, ચોખા વગેરે દ્રવ્યપિંડ છે. ક્રોધાદિ ચાર ભાવપિંડ છે. દ્રવ્યૈષણા ત્રણ પ્રકારની છે : સચિત્ત, અચિત્ત અને મિશ્ર. ભાવૈષણા બે પ્રકારની છે : પ્રશસ્ત અને અપ્રશસ્ત. જ્ઞાનાદિ પ્રશસ્ત ભાવૈષણા છે. ક્રોધાદિ અપ્રશસ્ત ભાવૈષણા છે. પ્રસ્તુત અધિકાર દ્રવ્યૈષણાનો છે.[૫]

ષષ્ઠ અધ્યયનનું નામ મહાચારકથા છે. તેની નિર્યુક્તિમાં આચાર્યે એવો નિર્દેશ કર્યો છે કે ક્ષુલ્લિકાચારકથાની નિર્યુક્તિમાં મહત્, આચાર અને કથાનું વ્યાખ્યાન થઈ

---

૧. ગા. ૧૭૮-૧૮૭. ૩. ગા. ૨૨૩-૪.
૨. ગા. ૧૮૮-૨૧૫. ૪. ગા. ૨૩૧. ૫. ગા. ૨૩૪-૨૪૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચૂક્યું છે.[૧] સૂત્રસ્પર્શિક નિર્યુક્તિ કરતાં આચાર્ય 'ધર્મ' શબ્દની વ્યાખ્યા આ રીતે કરે છે :— ધર્મ બે પ્રકારનો હોય છે : અગારધર્મ અને અનગારધર્મ. અગારધર્મ બાર પ્રકારનો છે : પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત. અનગારધર્મ દસ પ્રકારનો છે : ક્ષાન્તિ, માર્દવ, આર્જવ, મુક્તિ, તપ, સંયમ, સત્ય, શૌચ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય.[૨] ધાન્ય ૨૪ પ્રકારનું હોય છે : ૧. યવ, ૨. ગોધૂમ, ૩. શાલિ, ૪. વ્રીહિ, ૫. ષષ્ટિક, ૬. કોદ્રવ, ૭. અણુક, ૮. કંગુ, ૯. રાલક, ૧૦. તિલ, ૧૧. મુદ્ગ, ૧૨. માષ, ૧૩. અતસી, ૧૪. હરિમંથ, ૧૫. ત્રિપુટક, ૧૬. નિષ્પાવ, ૧૭. સિલિંદ, ૧૮. રાજમાષ, ૧૯. ઇક્ષુ, ૨૦. મસૂર, ૨૧. તુવરી, ૨૨. કુલત્થ, ૨૩. ધાન્યક, ૨૪. કલાય. રત્ન ૨૪ પ્રકારનાં હોય છે : ૧. સુવર્ણ, ૨. ત્રપુ, ૩. તામ્ર, ૪. રજત, ૫. લૌહ, ૬. સીસક, ૭. હિરણ્ય, ૮. પાષાણ, ૯. વજ્ર, ૧૦. મણિ, ૧૧. મૌક્તિક, ૧૨. પ્રવાલ, ૧૩. શંખ, ૧૪. તિનિશ, ૧૫. અગરુ, ૧૬. ચંદન, ૧૭. વસ્ત્ર, ૧૮. અમિલ, ૧૯. કાષ્ઠ, ૨૦. ચર્મ, ૨૧. દંત, ૨૨. વાળ, ૨૩. ગંધ અને ૨૪. દ્રવ્યૌષધ. સ્થાવરના ત્રણ ભેદ છે : ભૂમિ, ગૃહ અને તરુ. દ્વિપદ બે પ્રકારનાં છે : ચક્રારબદ્ધ અને માનુષ. ચતુષ્પદ દસ પ્રકારનાં છે : ગો, મહિષી, ઉષ્ટ્ર, અજ, એડક, અશ્વ, અશ્વતર, ઘોટક, ગર્દભ અને હસ્તી. કામ બે પ્રકારનો છે : સંપ્રાપ્ત અને અસંપ્રાપ્ત. સંપ્રાપ્ત કામ ચૌદ પ્રકારનો અને અસંપ્રાપ્ત કામ દસ પ્રકારનો છે. અસંપ્રાપ્ત કામનાં દસ પ્રકાર આ છે : અર્થ, ચિંતા, શ્રદ્ધા, સંસ્મરણ, વિક્લવતા, લજ્જાનાશ, પ્રમાદ, ઉન્માદ, તદ્ભાવના અને મરણ. સંપ્રાપ્ત કામના ચૌદ પ્રકાર આ છે : દૃષ્ટિસંપાત, સંભાષણ, હસિત, લલિત, ઉપગૂહિત, દંતનિપાત, નખનિપાત, ચુંબન, આલિંગન, આદાન, કરણ, આસેવન, સંગ અને ક્રીડા.[૩]

સપ્તમ અધ્યયનનું નામ વાક્યશુદ્ધિ છે. 'વાક્ય'નો નિક્ષેપ ચાર પ્રકારનો છે. ભાષાદ્રવ્યને દ્રવ્યવાક્ય કહે છે. ભાષા શબ્દ ભાવવાક્ય છે. વાક્યના એકાર્થક શબ્દો આ છે : વાક્ય, વચન, ગિરા, સરસ્વતી, ભારતી, ગો, વાક્, ભાષા, પ્રજ્ઞાપની, દેશની, વાગ્યોગ, યોગ.[૪] સત્યભાષા જનપદાદિના ભેદથી દસ પ્રકારની હોય છે; મૃષાભાષા ક્રોધાદિના ભેદથી દસ પ્રકારની હોય છે; મિશ્રભાષા ઉત્પન્નાદિ ભેદથી અનેક પ્રકારની હોય છે; અસત્યમૃષા આમંત્રણી વગેરે ભેદથી અનેક જાતની હોય છે.[૫] શુદ્ધિનો નિક્ષેપ પણ નામાદિ ચાર પ્રકારનો છે. ભાવશુદ્ધિ ત્રણ પ્રકારની છે : તદ્ભાવ, આદેશભાવ અને પ્રાધાન્યભાવ.[૬]

---

૧. ગા. ૨૪૫. ૨. ગા. ૨૪૬-૮.
૩. ગા. ૨૫૦-૨૬૨. ૪. ગા. ૨૬૯-૨૭૦.
૫. ગા. ૨૭૩-૬. ૬. ગા. ૨૮૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અષ્ટમ અધ્યયનનું નામ આચારપ્રણિધિ છે. આચારનો નિક્ષેપ પહેલાં જ થઈ ચૂક્યો છે. પ્રણિધિ બે પ્રકારની છે : દ્રવ્યપ્રણિધિ અને ભાવપ્રણિધિ. નિધાનાદિ દ્રવ્યપ્રણિધિ છે. ભાવપ્રણિધિના બે ભેદ છે : ઈન્દ્રિયપ્રણિધિ અને નોઈન્દ્રિયપ્રણિધિ. એ ફરી પ્રશસ્ત અને અપ્રશસ્તના ભેદથી બે પ્રકારની હોય છે.[૧]

વિનયસમાધિ નામના નવમા અધ્યયનની નિર્યુક્તિમાં આચાર્ય ભાવવિનયના પાંચ ભેદ કરે છે : લોકોપચાર, અર્થનિમિત્ત, કામહેતુ, ભયનિમિત્ત અને મોક્ષનિમિત્ત. મોક્ષનિમિત્તક વિનય પાંચ પ્રકારનો છે : દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને ઉપચારસંબંધી.[૨]

દસમા અધ્યયનનું નામ સભિક્ષુ છે. સકારનો નિક્ષેપ નામાદિ ચાર પ્રકારનો છે. દ્રવ્યસકાર પ્રશંસાદિવિષયક છે. ભાવસકાર તદુપયુક્ત જીવ છે. નિર્દેશ, પ્રશંસા અને અસ્તિભાવમાં સકારનો પ્રયોગ થાય છે. પ્રસ્તુત અધ્યયનમાં નિર્દેશ અને પ્રશંસાનો અધિકાર છે.[૩] ભિક્ષુનો નિક્ષેપ પણ નામાદિ ચાર પ્રકારનો છે. ભાવભિક્ષુના બે પ્રકાર છે : આગમતઃ અને નોઆગમતઃ. ભિક્ષુપદાર્થમાં ઉપયુક્ત આગમતઃ ભાવભિક્ષુ છે. ભિક્ષુગુણસંવેદક નોઆગમતઃ ભાવભિક્ષુ છે.[૪] ભિક્ષુના પર્યાય આ છે : તીર્ણ, તાયી, દ્રવ્ય, વ્રતી, ક્ષાંત, દાંત, વિરત, મુનિ, તાપસ, પ્રજ્ઞાપક, ઋજુ, ભિક્ષુ, બુદ્ધ, યતિ, વિદ્વાન્, પ્રવ્રજિત, અનગાર, પાસંડી, ચરક, બ્રાહ્મણ, પરિવ્રાજક, શ્રમણ, નિર્ગ્રન્થ, સંયત, મુક્ત, સાધુ, રુક્ષ, તીરાર્થી.[૫] આમાંથી અધિકાંશ શબ્દો 'શ્રમણ'ના પર્યાયોમાં આવી ચૂક્યા છે.

ચૂલિકાઓની નિર્યુક્તિ કરતાં કહેવામાં આવ્યું છે કે 'ચૂલિકા'નો નિક્ષેપ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવપૂર્વક થાય છે. કુક્કુટચૂડા વગેરે સચિત્ત દ્રવ્યચૂડા છે, મણિચૂડા વગેરે અચિત્ત દ્રવ્યચૂડા છે અને મયૂરશિખા વગેરે મિશ્ર દ્રવ્યચૂડા છે. ભાવચૂડા ક્ષાયોપશમિક ભાવરૂપ છે.[૬] 'રતિ'નો નિક્ષેપ નામાદિ ચાર પ્રકારનો છે. જે રતિ કર્મના ઉદયને કારણે થાય છે તે ભાવરતિ છે. જે ધર્મ પ્રત્યે રતિકારક છે તે અધર્મ પ્રત્યે અરતિકારક છે.[૭]

---

૧. ગા. ૨૯૩-૪.
૨. ગા. ૩૦૯-૩૨૨.
૩. ગા. ૩૨૮-૯.
૪. ગા. ૩૪૧.
૫. ગા. ૩૪૫-૭.
૬. ગા. ૩૫૯-૩૬૧.
૭. ગા. ૩૬૨-૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચતુર્થ પ્રકરણ

ઉત્તરાધ્યયનનિર્યુક્તિ

આ નિર્યુક્તિ[૧] માં ૬૦૭ ગાથાઓ છે. અન્ય નિર્યુક્તિઓની જેમ આમાં પણ અનેક પારિભાષિક શબ્દોનું નિક્ષેપ-પદ્ધતિથી વ્યાખ્યાન કરવામાં આવ્યું છે. આ જ રીતે અનેક શબ્દોના વિવિધ પર્યાયો પણ આપવામાં આવ્યા છે.

સર્વપ્રથમ આચાર્ય 'ઉત્તરાધ્યયન' શબ્દની વ્યાખ્યા કરતાં 'ઉત્તર' પદનો પંદર પ્રકારના નિક્ષેપોથી વિચાર કરે છે : ૧. નામ, ૨. સ્થાપના, ૩. દ્રવ્ય, ૪. ક્ષેત્ર, ૫. દિશા, ૬. તાપક્ષેત્ર, ૭. પ્રજ્ઞાપક, ૮. પ્રતિ, ૯. કાલ, ૧૦. સંચય, ૧૧. પ્રધાન, ૧૨. જ્ઞાન, ૧૩. ક્રમ, ૧૪. ગણના અને ૧૫. ભાવ.[૨] 'ઉત્તરાધ્યયન'માં 'ઉત્તર'નો અર્થ ક્રમોત્તર સમજવો જોઈએ.[૩]

ઉત્તરાધ્યયનસૂત્રમાં ભગવાન જિનેન્દ્રે છત્રીસ અધ્યયનોનો ઉપદેશ આપ્યો છે.[૪]

'અધ્યયન' પદનું નિક્ષેપપૂર્વક વ્યાખ્યાન કરતાં નિર્યુક્તિકાર કહે છે કે નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ — આ ચાર દ્વારોથી 'અધ્યયન'નો વિચાર થઈ શકે છે. ભાવાધ્યયનની વ્યાખ્યા આ પ્રમાણે છે : પ્રારબ્ધ તથા બધ્યમાન કર્મોના અભાવથી આત્માનું જે પોતાના સ્વભાવમાં આનયન અર્થાત્ લઈ જવું એ જ અધ્યયન છે. જેનાથી જીવાદિ પદાર્થોનો અધિગમ અર્થાત્ પરિચ્છેદ થાય છે અથવા જેનાથી અધિક નયન અર્થાત્ વિશેષ પ્રાપ્તિ થાય છે અથવા જેનાથી શીઘ્ર જ અભીષ્ટ અર્થની સિદ્ધિ થાય છે તે જ અધ્યયન છે.[૫] કેમકે અધ્યયનથી અનેક ભવોથી એકઠી થતી આઠ પ્રકારની કર્મરજનો ક્ષય થાય છે એટલા માટે તેને ભાવાધ્યયન કહે છે.[૬] અહીં સુધી 'ઉત્તરાધ્યયન'નું વ્યાખ્યાન છે. ત્યાર બાદ આચાર્ય 'શ્રુતસ્કન્ધ'નો નિક્ષેપ કરે છે કેમકે ઉત્તરાધ્યયનસૂત્ર શ્રુતસ્કન્ધ છે. તદનન્તર છત્રીસ અધ્યયનોનાં નામ ગણાવે છે તથા તેમના વિવિધ અધિકારોનો નિર્દેશ કરે છે.[૭] અહીં સુધી સંક્ષેપમાં

---

૧. શાન્તિસૂરિકૃત શિષ્યહિતા-ટીકાસહિત—દેવચન્દ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર, મુંબઈ, ૧૯૧૯-૧૯૨૭.

૨. ગા. ૧. ૩. ગા. ૩. ૪. ગા. ૪.

૫. ગા. ૫-૭. ૬. ગા. ૧૧ ૭. ગા. ૧૨-૨૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્તરાધ્યયનનો પિંડાર્થ અર્થાત્ સમુદાયાર્થ આપવામાં આવ્યો છે. આગળ પ્રત્યેક અધ્યયનનું વિશેષ વ્યાખ્યાન કરવામાં આવ્યું છે.

પ્રથમ અધ્યયનનું નામ વિનયશ્રુત છે. 'વિનય'નો વિચાર પહેલાં જ થઈ ચૂક્યો છે.[૧] 'શ્રુત'નો નામાદિ ચાર પ્રકારનો નિક્ષેપ થાય છે. નિહ્નવાદિ દ્રવ્યશ્રુત છે. જે શ્રુતમાં ઉપયુક્ત છે તે ભાવશ્રુત છે.[૨] તેની પછી 'સંયોગ' શબ્દની અતિ વિસ્તૃત વ્યાખ્યા કરતાં આચાર્યે છ તથા બે પ્રકારના નિક્ષેપથી 'સંયોગ'ની અતિ વિસ્તૃત વ્યાખ્યા કરી છે. આમાં સંસ્થાન, અભિપ્રેત, અનભિપ્રેત, અભિલાપ, સમ્બન્ધન, અનાદેશ, આદેશ, આત્મસંયોગ, બાહ્યસંયોગ વગેરે વિષયોનું બહુ વિસ્તારથી વિવેચન કરવામાં આવ્યું છે.[૩] વિનયના પ્રસંગમાં આચાર્ય અને શિષ્યના ગુણોનું વર્ણન કરતાં બતાવવામાં આવ્યું છે કે આ બંનેનો સંયોગ કેવી રીતે થાય છે. સંબન્ધનસંયોગ સંસારનો હેતુ છે કેમકે તે કર્મપાશનું કારણ બને છે. તેને નષ્ટ કરીને જીવ મુક્તિનો વાસ્તવિક આનંદ ભોગવે છે.[૪]

વિનયશ્રુતની બારમી ગાથામાં 'ગલિ' શબ્દ આવે છે. આના પર્યાયવાચી શબ્દો આ છે : ગણ્ડિ, ગલિ, મરાલિ. 'આકીર્ણ' શબ્દના પર્યાયો આ છે : આકીર્ણ, વિનીત, ભદ્રક.[૫] 'ગલિ'નો પ્રયોગ અવિનીત માટે છે અને 'આકીર્ણ'નો પ્રયોગ વિનીત માટે.

બીજા અધ્યયનનું નામ પરીષહ છે. પરીષહનો ન્યાસ અર્થાત્ નિક્ષેપ ચાર પ્રકારનો છે. આમાંથી દ્રવ્યનિક્ષેપ બે પ્રકારનો છે : આગમરૂપ, નોઆગમરૂપ. નોઆગમ પરીષહ ફરી ત્રણ પ્રકારનો છે : જ્ઞાયકશરીર, ભવ્ય અને તદ્વ્યતિરિક્ત. કર્મ અને નોકર્મરૂપથી દ્રવ્યપરીષહ બે પ્રકારનો પણ હોય છે. નોકર્મરૂપ દ્રવ્યપરીષહ સચિત્ત, અચિત્ત અને મિશ્રરૂપથી ત્રણ પ્રકારનો છે. ભાવપરીષહમાં કર્મનો ઉદય થાય છે. તેના દ્વાર આ છે : કુતઃ (ક્યાંથી) કસ્ય (કોનું), દ્રવ્ય, સમવતાર, અધ્યાસ, નય, વર્ત્તના, કાલ, ક્ષેત્ર, ઉદ્દેશ, પૃચ્છા, નિર્દેશ અને સૂત્રસ્પર્શ.[૬] બાદરસમ્પરાય ગુણસ્થાનમાં બાવીસ, સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનમાં ચૌદ, છદ્મસ્થવીતરાગ ગુણસ્થાનમાં પણ ચૌદ અને કેવલી અવસ્થામાં અગિયાર પરીષહ હોય છે.[૭]

ક્ષુત્પિપાસા વગેરે પરીષહોની વિશેષ વ્યાખ્યા કરતાં નિર્યુક્તિકારે વિવિધ ઉદાહરણો દ્વારા એ સમજાવ્યું છે કે શ્રમણે કઈ રીતે આ પરીષહો સહન કરવા

---

૧. દશવૈકાલિક, અધ્યયન ૯ (વિનયસમાધિ)ની નિર્યુક્તિ.
૨. ગા. ૨૯. ૩. ગા. ૩૦-૫૭. ૪. ગા. ૬૨.
૫. ગા. ૬૪. ૬. ગા. ૬૫-૮. ૭. ગા. ૭૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જોઈએ.[૧] આ પ્રસંગમાં આચાર્યે જૈન પરંપરામાં આવનારી અનેક મહત્ત્વપૂર્ણ તથા શિક્ષાપ્રદ કથાઓનું સંકલન કર્યું છે.

ત્રીજા અધ્યયનનું નામ ચતુરંગીય છે. એકના વિના ચાર નથી થતા આથી નિર્યુક્તિકાર સર્વપ્રથમ 'એક'નો નિક્ષેપ-પદ્ધતિએ વિચાર કરે છે. આના માટે સાત પ્રકારના 'એકક'નો નિર્દેશ કરે છે : ૧. નામૈકક, ૨. સ્થાપનૈકક, ૩. દ્રવ્યૈકક, ૪. માતૃકાપદૈકક, ૫. સંગ્રહૈકક, ૬. પર્યવૈકક અને ૭. ભાવૈકક.[૨] 'એકક'ની વિસ્તૃત વ્યાખ્યા દશવૈકાલિકનિર્યુક્તિમાં થઈ ચૂકી છે. 'ચતુષ્ક' અર્થાત્ ચારનો સાત પ્રકારનો નિક્ષેપ છે : નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ગણના અને ભાવ. પ્રસ્તુત અધિકાર ગણનાનો છે.[૩]

'અંગ'નો નિક્ષેપ ચાર પ્રકારનો છે : નામાંગ, સ્થાપનાંગ, દ્રવ્યાંગ અને ભાવાંગ. આમાંથી દ્રવ્યાંગ છ પ્રકારનું હોય છે : ૧. ગંધાંગ, ૨. ઔષધાંગ, ૩. મદ્યાંગ, ૪. આતોદ્યાંગ, ૫. શરીરાંગ અને ૬. યુદ્ધાંગ.[૪]

ગંધાંગ નિમ્નલિખિત છે : જમદગ્નિજટા (વાલક), હરેણુકા (પ્રિયંગુ), શબરનિવસનક (તમાલપત્ર), સપિન્નિક, મલ્લિકાવાસિત, ઓસીર, હ્રીબેર, ભદ્રદારુ (દેવદારુ), શતપુષ્પા, તમાલપત્ર. આમનું માહાત્મ્ય એ જ છે કે આમનાથી સ્નાન અને વિલેપન કરવામાં આવે છે. વાસવદત્તાએ ઉદયનને હૃદયમાં રાખતાં આનું સેવન કર્યું હતું.[૫]

ઔષધાંગની ગુટિકામાં પિણ્ડદારુ, હરિદ્રા, માહેન્દ્રફલ, સુણ્ઠી, પિપ્પલી, મરિચ, આર્દ્ર, બિલ્વમૂલ અને પાણી — આ આઠ વસ્તુઓ ભેગી કરેલી હોય છે. આનાથી કંડુ, તિમિર, અર્દ્ધશિરોરોગ, પૂર્ણશિરોરોગ, તાર્તીયીક અને ચાતુર્થિક જ્વર (ત્રીજા અને ચોથા દિવસે આવનાર તાવ), મૂષક અને સર્પદંશ તરત જ દૂર થઈ જાય છે.[૬]

દ્રાક્ષાના સોળ ભાગ (સોળ દ્રાક્ષ), ધાતકીપુષ્પના ચાર ભાગ અને એક આઢક ઈક્ષુરસ — આનાથી મદ્યાંગ બને છે. આઢકનું માપ માગધ માપથી સમજવું જોઈએ.[૭]

એક મુકુંદાતૂર્ય, એક અભિમારદારુક, એક શાલ્મલીપુષ્પ — આમના બંધથી આમોડક અર્થાત્ પુષ્પોન્મિશ્ર વાલબંધવિશેષ થાય છે. આ જ આતોદ્યાંગ છે.[૮]

હવે શરીરાંગનાં નામ બતાવે છે. શિર, ઉર, ઉદર, પીઠ, બાહુ (બે) અને ઉરુ (બે) — આ આઠ અંગ છે. શેષ અંગોપાંગ છે.[૯]

---

૧. ગા. ૮૯-૧૪૧. ૨. ગા. ૧૪૨. ૩. ગા. ૧૪૩.
૪. ગા. ૧૪૪-૫. ૫. ગા. ૧૪૬-૮. ૬. ગા. ૧૪૯-૧૫૦.
૭. ગા. ૧૫૧. ૮. ગા. ૧૫૨. ૯. ગા. ૧૫૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યુદ્ધાંગ આ છે : યાન (હસ્ત્યાદિ), આવરણ (કવચાદિ), પ્રહરણ (ખડ્ગાદિ), કુશલત્વ (પ્રવીણતા), નીતિ, દક્ષત્વ (આશુકારિત્વ), વ્યવસાય, શરીર (અહીનાંગ) અને આરોગ્ય.[૧] અહીં સુધી દ્રવ્યાંગનું વ્યાખ્યાન છે.

ભાવાંગ બે પ્રકારનું છે : શ્રુતાંગ અને નોશ્રુતાંગ. શ્રુતાંગ આચારાદિ ભેદથી બાર પ્રકારનું છે. નોશ્રુતાંગ ચાર પ્રકારનું છે. આ ચાર પ્રકાર જ ચતુરંગીયના રૂપે પ્રસિદ્ધ છે. સંસારમાં આ ચાર ભાવાંગ દુર્લભ છે : માનુષ્ય, ધર્મશ્રુતિ, શ્રદ્ધા અને વીર્ય (તપ અને સંયમમાં પરાક્રમ).[૨]

અંગ, દશભાગ, ભેદ, અવયવ, અસફળ, ચૂર્ણ, ખંડ, દેશ, પ્રદેશ, પર્વ, શાખા, પટલ, પર્યવખિલ — આ બધા શરીરાંગના પર્યાયો છે. સંયમના પર્યાયો આ છે : દયા, સંયમ, લજ્જા, જુગુપ્સા, અછલના, તિતિક્ષા, અહિંસા અને હ્રી.[૩]

આગળ નિર્યુક્તિકારે ઉદાહરણોની મદદથી એ બતાવ્યું છે કે મનુષ્યભવની પ્રાપ્તિ કેટલી દુર્લભ છે, મનુષ્યભવ પ્રાપ્ત થઈ ગયા બાદ પણ ધર્મશ્રુતિ કેટલી મુશ્કેલ છે, ધર્મશ્રુતિનો લાભ થવા છતાં પણ તેની પર શ્રદ્ધા કરવી કેટલી મુશ્કેલ છે, શ્રદ્ધા થઈ ગયા છતાં પણ તપ અને સંયમમાં વીર્ય અર્થાત્ પરાક્રમ કરવું તો તેનાથી પણ મુશ્કેલ છે. શ્રદ્ધાની ચર્ચા કરતી વખતે જમાલિપ્રભૃતિ સાત નિહ્નવોનો પરિચય આપવામાં આવ્યો છે.[૪]

ચતુર્થ અધ્યયનનું નામ 'અસંસ્કૃત' છે. તેની નિર્યુક્તિ કરતી વખતે સર્વપ્રથમ પ્રમાદ અને અપ્રમાદ બંનેનો નિક્ષેપ કરવામાં આવ્યો છે. પ્રમાદ અને અપ્રમાદ બંને નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવના ભેદથી ચાર પ્રકારના હોય છે. આમાંથી દ્રવ્ય અને ભાવપ્રમાદ પાંચ પ્રકારના હોય છે : મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા. અપ્રમાદના પણ પાંચ પ્રકાર છે જે આનાથી વિપરીત છે.[૫]

જે ઉત્તરકરણથી કૃત અર્થાત્ નિર્વર્તિત છે તે સંસ્કૃત છે. બાકીના અસંસ્કૃત છે. કરણનો નિક્ષેપ છ પ્રકારનો હોય છે : નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ. દ્રવ્યકરણ બે પ્રકારનું હોય છે : સંજ્ઞાકરણ અને નોસંજ્ઞાકરણ. સંજ્ઞાકરણ ફરી ત્રણ પ્રકારનું છે : કટકરણ, અર્થકરણ અને વેલુકરણ. નોસંજ્ઞાકરણ બે પ્રકારનું છે : પ્રયોગકરણ અને વિશ્રસાકરણ. વિશ્રસાકરણના વળી બે ભેદ છે : સાદિક અને અનાદિક. અનાદિક ત્રણ પ્રકારનું છે : ધર્મ, અધર્મ અને આકાશ. સાદિક બે પ્રકારનું છે : ચક્ષુઃસ્પર્શ અને અચક્ષુઃસ્પર્શ. પ્રયોગકરણના બે ભેદ છે : જીવપ્રયોગકરણ અને

---

૧. ગા. ૧૫૪. ૨. ગા.૧૫૫-૬. ૩. ગા. ૧૫૭-૮.
૪. ગા. ૧૫૯-૧૭૮. ૫. ગા. ૧૭૯-૧૮૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અજીવપ્રયોગકરણ. જીવપ્રયોગકરણ પુનઃ બે પ્રકારનું છે : મૂલકરણ અને ઉત્તરકરણ. પાંચ પ્રકારનાં શરીર અને ત્રણ પ્રકારનાં અંગોપાંગ મૂલકરણ છે. કર્ણ, સ્કંધ વગેરે ઉત્તરકરણ છે.[૧] અજીવપ્રયોગકરણ વર્ણાદિ ભેદથી પાંચ પ્રકારનું હોય છે.[૨] તે જ રીતે ક્ષેત્રકરણ અને કાલકરણનું વિવેચન કરવામાં આવ્યું છે.[૩] ભાવકરણ જીવકરણ અને અજીવકરણના ભેદથી બે પ્રકારનું છે. આમાંથી અજીવકરણ પુનઃ પાંચ પ્રકારનું છે : વર્ણ, રસ, ગંધ, સ્પર્શ અને સંસ્થાન. તે ક્રમશઃ પાંચ, પાંચ, બે, આઠ અને પાંચ પ્રકારના છે. જીવકરણ બે પ્રકારનું છે : શ્રુતકરણ અને નોશ્રુતકરણ. શ્રુતકરણ બદ્ધ અને અબદ્ધરૂપથી બે પ્રકારનું છે. બદ્ધના ફરી બે ભેદ છે : નિશીથ અને અનિશીથ. નોશ્રુતકરણ બે પ્રકારનું છે : ગુણકરણ અને યોજનાકરણ. ગુણકરણ તપ-સંયમ-યોગરૂપ છે અને યોજનાકરણ મન, વચન અને કાય વિષયરૂપ છે.[૪] આટલા વિસ્તારપૂર્વક કરણનો વિચાર કર્યા બાદ નિર્યુક્તિકાર પોતાના અભીષ્ટ અર્થની યોજના કરે છે. કાર્મણ દેહના નિમિત્તે થનાર આયુઃકરણ અસંસ્કૃત છે. તેના તૂટવા પર પટાદિની જેમ ઉત્તરકરણથી સાંધી નથી શકાતું. પ્રસ્તુત અધિકાર આયુઃકર્મથી અસંસ્કૃતનું છે. કેમકે આયુઃકર્મ અસંસ્કૃત છે એટલા માટે હંમેશા અપ્રમાદપૂર્વક આચરણ કરવું જોઈએ.[૫]

આગળના અધ્યયનોની નિર્યુક્તિમાં પણ આ જ રીતે પ્રત્યેક અધ્યયનના નામનો નામાદિ નિક્ષેપોથી વિચાર કરવામાં આવ્યો છે. ગાથા ૨૦૮માં 'કામ' અને 'મરણ'નો નિક્ષેપ છે. ગા. ૨૩૭માં 'નિર્ગ્રન્થ' શબ્દનું નિક્ષેપ-પદ્ધતિએ વિવેચન છે. ગા. ૨૪૪માં ઉરભ્ર, ગા. ૨૫૦માં કપિલ, ગા. ૨૬૦માં નમિ, ગા. ૨૮૦માં દ્રુમ, ગા. ૩૧૦માં બહુ, શ્રુત અને પૂજા, ગા. ૪૫૫માં પ્રવચન, ગા. ૪૮૦માં સામ, ગા. ૪૯૬માં મોક્ષ, ગા. ૫૧૪માં ચરણ અને ગા. ૫૧૬માં વિધિનું નિક્ષેપપૂર્વક વ્યાખ્યાન કરવામાં આવ્યું છે. ૨૧૨થી ૨૩૫ સુધીની ગાથાઓમાં સત્તર પ્રકારના મૃત્યુનો વિચાર કરવામાં આવ્યો છે.

●

---

૧. ગા. ૧૮૨-૧૯૧. ૨. ગા. ૧૯૫ ૩. ગા. ૧૯૬-૨૦૦
૪. ગા. ૨૦૧-૪. ૫. ગા. ૨૦૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંચમ પ્રકરણ

આચારાંગનિર્યુક્તિ

આ નિર્યુક્તિ[૧] આચારાંગ સૂત્રના બંને શ્રુતસ્કંધો પર છે. આમાં ૩૪૭ ગાથાઓ છે જેમાં આચાર, અંગ, બ્રહ્મ, ચરણ, શસ્ત્ર, સંજ્ઞા, દિશા, પૃથિવી, વિમોક્ષ, ઈર્યા વગેરે શબ્દોના નિક્ષેપ, પર્યાય વગેરે છે. આ નિર્યુક્તિ ઉત્તરાધ્યનનિર્યુક્તિની પછી તથા સૂત્રકૃતાંગનિર્યુક્તિની પહેલાં રચવામાં આવી છે.

પ્રારંભમાં મંગલગાથા છે જેમાં સર્વસિદ્ધોને નમસ્કાર કરીને આચારાંગની નિર્યુક્તિ રચવાની પ્રતિજ્ઞા કરવામાં આવી છે.[૨] ત્યાર બાદ બતાવવામાં આવ્યું છે કે આચાર, અંગ, શ્રુત, સ્કંધ, બ્રહ્મ, ચરણ, શસ્ત્ર, પરિજ્ઞા, સંજ્ઞા અને દિશા — આ બધાનો નિક્ષેપ કરવો જોઈએ. આમાંથી કયો નિક્ષેપ કેટલા પ્રકારનો છે, તે બતાવતાં કહેવામાં આવ્યું છે કે ચરણ અને દિશાને છોડીને બાકીનાનો નિક્ષેપ ચાર પ્રકારનો છે. ચરણનો નિક્ષેપ છ પ્રકારનો છે અને દિશાનો સાત પ્રકારનો.[૩]

આચાર અને અંગનો નિક્ષેપ પહેલાં કરવામાં આવી ચૂક્યો છે.[૪] અહીં ભાવાચારના વિષયમાં કેટલોક વિશેષ પ્રકાશ પાડવામાં આવ્યો છે. આ માટે નિમ્નલિખિત સાત દ્વારોનો આધાર લેવામાં આવ્યો છે : એકાર્થક, પ્રવૃત્તિ, પ્રથમાંગ, ગણી, પરિમાણ, સમવતરણ અને સાર.[૫]

આચારના એકાર્થક શબ્દો આ છે : આચાર, આચાલ, આગાલ, આકર, આશ્વાસ, આદર્શ, અંગ, આચીર્ણ, આજાતિ, આમોક્ષ.[૬]

---

૧. (અ) શીલાંક, જિનહંસ તથા પાર્શ્વચન્દ્રકૃત ટીકાઓ સહિત —
રાય બહાદુર ધનપતસિંહ, કલકત્તા, વિ.સં. ૧૯૩૬.
(બ) શીલાંકકૃત ટીકાસહિત —
આગમોદય સમિતિ, સૂરત, વિ.સં. ૧૯૭૨-૩.
જૈનાનન્દ પુસ્તકાલય, ગોપીપુરા, સૂરત, સન્ ૧૯૩૫.

૨. ગા. ૧. ૩. ગા. ૨-૩.

૪. દશવૈકાલિકની ક્ષુલ્લિકાચારકથા તથા ઉત્તરાધ્યયનનું ચતુરંગીય અધ્યયન

૫. ગા. ૫-૬. ૬. ગા. ૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચારનું પ્રવર્તન ક્યારે થયું ? બધા તીર્થંકરોએ તીર્થ-પ્રવર્તનના આરંભમાં આચારાંગનું પ્રવર્તન કર્યું. બાકીના અગિયાર અંગોનું આનુપૂર્વીથી નિર્માણ થયું.[૧]

આચારાંગ પ્રથમ કેમ છે, તેનું કારણ બતાવે છે. આચારાંગ દ્વાદશાંગીમાં પ્રથમ છે કેમકે એમાં મોક્ષના ઉપાયનું પ્રતિપાદન છે જે સંપૂર્ણ પ્રવચનનો સાર છે.[૨]

કેમકે આચારાંગના અધ્યયનથી શ્રમણધર્મનું પરિજ્ઞાન થાય છે એટલા માટે તેનું મુખ્ય અર્થાત્ આદ્ય ગણિસ્થાન છે.[૩]

તેનું પરિમાણ આ પ્રમાણે છે : તેમાં નવ બ્રહ્મચર્યાભિધાયી અધ્યયન છે, અઢાર હજાર પદ છે, પાંચ ચૂડાઓ છે.[૪]

આ ચૂડાઓનું બ્રહ્મચર્યાધ્યયનમાં સમવતરણ થાય છે. એ જ ફરી છ કાયોમાં, પાંચ વ્રતોમાં, બધા દ્રવ્યોમાં અને પર્યાયોના અનંતમા ભાગમાં અવતરિત થાય છે.[૫]

હવે અંતિમ દ્વારનું સ્વરૂપ દર્શાવે છે. અંગોનો સાર શું છે ? આચાર. આચારનો સાર શું છે ? અનુયોગાર્થ. અનુયોગાર્થનો સાર શું છે ? પ્રરૂપણા. પ્રરૂપણાનો સાર શું છે ? ચરણ. ચરણનો સાર શું છે ? નિર્વાણ. નિર્વાણનો સાર શું છે ? અવ્યાબાધ. આ જ સર્વોત્કૃષ્ટ સાર છે — અંતિમ ધ્યેય છે.[૬]

કેમકે ભાવશ્રુતસ્કંધ બ્રહ્મચર્યાત્મક છે આથી બ્રહ્મ અને ચરણનો નિક્ષેપ કરે છે. બ્રહ્મની અને આ જ રીતે બ્રાહ્મણની નામાદિ ચાર સ્થાનોમાંથી ઉત્પત્તિ થાય છે. ભાવબ્રહ્મ સંયમ છે. બ્રાહ્મણના પ્રસંગને દૃષ્ટિમાં રાખતાં નિર્યુક્તિકાર સાત વર્ણો અને નવ વર્ણાન્તરોનું પણ વર્ણન કરે છે. એક મનુષ્યજાતિના સાત વર્ણો આ છે : ક્ષત્રિય, શૂદ્ર, વૈશ્ય, બ્રાહ્મણ, સંકરક્ષત્રિય, સંકરવૈશ્ય અને સંકરશૂદ્ર. નવ વર્ણાન્તરો આ છે : અંબષ્ઠ, ઉગ્ર, નિષાદ, અયોગવ, માગધ, સૂત, ક્ષત, વિદેહ અને ચાંડાલ.[૭]

ચરણ નામાદિ ભેદથી છ પ્રકારનું હોય છે. ભાવચરણ ગતિ, આહાર અને ગુણના ભેદથી ત્રણ પ્રકારનું હોય છે.[૮]

મૂલ અને ઉત્તરગુણની સ્થાપના કરનાર નવ અધ્યાય નિમ્નલિખિત છે : ૧. શસ્ત્રપરિજ્ઞા, ૨. લોકવિજય, ૩. શીતોષ્ણ, ૪. સમ્યક્ત્વ, ૫. લોકસાર,

---

૧. ગા.૮. ૨. ગા. ૯. ૩. ગા. ૧૦.
૪. ગા. ૧૧ ૫. ગા. ૧૨-૪. ૬. ગા. ૧૬-૭.
૭. ગા.૧૮-૨૨ ૮. ગા. ૨૯-૩૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬. ધ્રુવ, ૭. મહાપરિજ્ઞા, ૮. વિમોક્ષ અને ૯. ઉપધાનશ્રુત. આ નવ આચાર છે, શેષ આચારાગ્ર છે.[૧]

હવે આ અધ્યયનોનો અર્થાધિકાર બતાવે છે. પ્રથમ અધ્યયનનો અધિકાર જીવસંયમ છે, બીજાનો અષ્ટવિધ કર્મવિજય છે, ત્રીજાનો સુખ-દુઃખતિતિક્ષા છે, ચોથાનો સમ્યક્ત્વની દૃઢતા છે, પાંચમાનો લોકસાર રત્નત્રયારાધના છે, છઠ્ઠાનો નિઃસંગતા છે, સાતમાનો મોહસમુત્થ પરીષહોપસર્ગસહનતા છે, આઠમાનો નિર્યાણ અર્થાત્ અન્યક્રિયા છે અને નવમાનો જિનપ્રતિપાદિત અર્થશ્રદ્ધાન છે.[૨]

શસ્ત્રપરિજ્ઞામાં બે પદો છે : શસ્ત્ર અને પરિજ્ઞા. શસ્ત્રનો નિક્ષેપ નામાદિ ચાર પ્રકારનો છે. ખડ્ગ, અગ્નિ, વિષ, સ્નેહ, આમ્લ, ક્ષાર, લવણાદિ દ્રવ્યશસ્ત્ર છે. દુષ્પ્રયુક્ત ભાવ જ ભાવશસ્ત્ર છે. પરિજ્ઞા પણ નામાદિ ભેદથી ચાર પ્રકારની છે. દ્રવ્યપરિજ્ઞા બે પ્રકારની છે : જ્ઞપરિજ્ઞા અને પ્રત્યાખ્યાનપરિજ્ઞા. ભાવપરિજ્ઞા પણ બે પ્રકારની છે : જ્ઞપરિજ્ઞા અને પ્રત્યાખ્યાનપરિજ્ઞા. દ્રવ્યપરિજ્ઞામાં જ્ઞાતા અનુપયુક્ત હોય છે જ્યારે ભાવપરિજ્ઞામાં જ્ઞાતાને ઉપયોગ હોય છે.[૩]

આની પછી નિર્યુક્તિકાર સૂત્રસ્પર્શી નિર્યુક્તિનો પ્રારંભ કરે છે. સર્વપ્રથમ 'સંજ્ઞા'નો નિક્ષેપ કરતાં કહે છે કે સચિત્તાદિ (હસ્ત, ધ્વજ, પ્રદીપાદિ)થી થનારી સંજ્ઞા દ્રવ્યસંજ્ઞા છે. ભાવસંજ્ઞા બે પ્રકારની છે : અનુભવનસંજ્ઞા અને જ્ઞાનસંજ્ઞા. મતિ વગેરે જ્ઞાનસંજ્ઞા છે. કર્મોદયાદિને કારણે થનાર સંજ્ઞા અનુભવનસંજ્ઞા છે. એ સોળ પ્રકારની છે : આહાર, ભય, પરિગ્રહ, મૈથુન, સુખ, દુઃખ, મોહ, વિચિકિત્સા, ક્રોધ, માન, માયા, લોભ, શોક,લોક, ધર્મ અને ઓઘ.[૪]

'દિક્'નો નિક્ષેપ સાત પ્રકારનો છે : નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, તાપ, પ્રજ્ઞાપક અને ભાવ. દ્રવ્યાદિ દિશાઓનું સ્વરૂપ બતાવ્યાં પછી આચાર્ય ભાવદિશાનું વર્ણન કરતાં કહે છે કે ભાવદિશાઓ અઢાર છે : ચાર પ્રકારના મનુષ્ય (સમ્મૂર્છનજ, કર્મભૂમિજ, અકર્મભૂમિજ, અંતરદ્વીપજ), ચાર પ્રકારના તિર્યંચ (દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય), ચાર પ્રકારની કાય (પૃથ્વી, અપ્, તેજસ્, વાયુ), ચાર પ્રકારના બીજ (અગ્ર, મૂલ, સ્કંધ, પર્વ) દેવ અને નારક.[૫] જીવ આ અઢાર પ્રકારના ભાવોથી યુક્ત હોય છે અને તેનો આમનાથી વ્યપદેશ થાય છે એટલા માટે તેમને ભાવદિશાઓ કહેવામાં આવે છે. અહીં સુધી શસ્ત્રપરિજ્ઞાના પ્રથમ ઉદ્દેશનો અધિકાર છે.

દ્વિતીય ઉદ્દેશકના પ્રારંભમાં પૃથ્વીનો નિક્ષેપાદિ પદ્ધતિથી વિચાર કરવામાં

---

૧. ગા.૩૧-૨. ૨. ગા. ૩૩-૪. ૩. ગા. ૩૬-૭.
૪. ગા. ૩૮-૯. ૫. ગા. ૪૦-૬૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવ્યો છે. આના માટે નિમ્નોક્ત દ્વારોનો આધાર લેવામાં આવ્યો છે : નિક્ષેપ, પ્રરૂપણા, લક્ષણ, પરિમાણ, ઉપભોગ, શસ્ત્ર, વેદના, વધ અને નિવૃત્તિ.[૧]

પૃથ્વીનો નિક્ષેપ ચાર પ્રકારનો છે : નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ. જે જીવ પૃથ્વી-નામાદિ કર્મોને ભોગવે છે તે જ ભાવપૃથ્વી છે.[૨]

પ્રરૂપણાદ્વારની વ્યાખ્યા કરતાં નિર્યુક્તિકાર કહે છે કે પૃથ્વીજીવ બે પ્રકારના છે : સૂક્ષ્મ અને બાદર. સૂક્ષ્મ જીવ સર્વલોકવ્યાપી છે. બાદર પૃથ્વીના ફરી બે ભેદ છે : શ્લક્ષ્ણ અને ખર. શ્લક્ષ્ણના કૃષ્ણ, નીલ, લોહિત, પીત અને શુક્લ વર્ણરૂપ પાંચ ભેદો છે. ખરના પૃથ્વી, શર્કરા, વાલુકા વગેરે છત્રીસ ભેદો છે. બાદર અને સૂક્ષ્મ બંનેય કાં તો પર્યાપ્તક હોય છે અથવા અપર્યાપ્તક.[૩]

લક્ષણદ્વારની વ્યાખ્યા આ મુજબ છે : પૃથ્વીકાયના જીવોમાં ઉપયોગ, યોગ, અધ્યવસાય, મતિ અને શ્રુતજ્ઞાન, અચક્ષુર્દર્શન, અષ્ટવિધકર્મોદય, લેશ્યા, સંજ્ઞા, ઉચ્છ્વાસ અને કષાય હોય છે.[૪]

પરિમાણદ્વારનું વ્યાખ્યાન આ પ્રકારે છે : બાદર-પર્યાપ્તક-પૃથ્વીકાયિક સંવર્તિત લોકપ્રતરના અસંખ્યેય ભાગપ્રમાણ છે, બાકીના ત્રણ (બાદર-અપર્યાપ્તક તથા સૂક્ષ્મ-પર્યાપ્તક અને અપર્યાપ્તક)માંના પ્રત્યેક અસંખ્યેય લોકાકાશપ્રદેશપ્રમાણ છે.[૫]

ઉપભોગદ્વારની વ્યાખ્યા કરતાં આચાર્ય કહે છે કે ચાલતાં, બેસતાં, સૂતાં, ઉપકરણ લેતાં, રાખતાં વગેરે અનેક પ્રસંગે પૃથ્વીકાયના જીવોનું હનન થાય છે.[૬]

હલ, કુલિક, વિષ, કુદાલા, લિત્રક, મૃગશૃંગ, કાષ્ઠ, અગ્નિ, ઉચ્ચાર, પ્રસ્રવણ વગેરે દ્રવ્યશસ્ત્ર છે. અસંયમ ભાવશસ્ત્ર છે.[૭]

જે રીતે પાદાદિ અંગ-પ્રત્યંગના છેદનથી મનુષ્યોને વેદના થાય છે તે જ રીતે છેદન-ભેદનથી પૃથ્વીકાયના જીવોને પણ વેદના થાય છે.[૮]

વધ ત્રણ પ્રકારનો હોય છે : કૃત, કારિત અને અનુમોદિત. અનગાર શ્રમણ મન, વચન અને કાયથી ત્રણે પ્રકારના વધનો ત્યાગ કરે છે.[૯] આ જ નિવૃત્તિદ્વાર છે. આની સાથે શસ્ત્રપરિજ્ઞાનો દ્વિતીય ઉદ્દેશક સમાપ્ત થાય છે.

તૃતીય ઉદ્દેશકમાં અપ્કાયની ચર્ચા કરતાં નિર્યુક્તિકાર કહે છે કે અપ્કાયના પણ તેટલાં જ દ્વાર છે જેટલા પૃથ્વીકાયનાં છે.[૧૦] આથી તેમનું વિશેષ વિવેચન કરવું આવશ્યક નથી. ચોથા ઉદ્દેશમાં તેજસ્કાયની ચર્ચા છે જેમાં બાદર અગ્નિના પાંચ ભેદ કરવામાં આવ્યા છે : અંગાર, અગ્નિ, અર્ચિ, જ્વાલા

---

૧. ગા. ૬૮ ૨. ગા. ૬૯-૭૦. ૩. ગા. ૭૧-૯. ૪. ગા. ૮૪.
૫. ગા. ૮૬ ૬. ગા. ૯૨-૪. ૭. ગા. ૯૫-૬. ૮. ગા. ૯૭
૯. ગા. ૧૦૧-૫. ૧૦. ગા. ૧૦૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને મુર્મુર.[૧] પાંચમા ઉદ્દેશકમાં વનસ્પતિની ચર્ચા છે. તેનાં પણ તે જ દ્વાર છે જે પૃથ્વીકાયનાં છે. બાદર વનસ્પતિના બે ભેદ છે : પ્રત્યેક અને સાધારણ. પ્રત્યેકના બાર પ્રકાર છે. સાધારણના તો અનેક ભેદ છે પરંતુ સંક્ષેપમાં તેના પણ છ ભેદ કરી શકાય છે. પ્રત્યેકના બાર ભેદ આ છે : ૧. વૃક્ષ, ૨. ગુચ્છ, ૩. ગુલ્મ, ૪. લતા, ૫. વલ્લિ, ૬. પર્વક, ૭. તૃણ, ૮. વલય, ૯. હરિત, ૧૦. ઔષધિ, ૧૧. જલરુહ, ૧૨. કુહુણ. સાધારણના છ ભેદ આ પ્રમાણે છે : ૧. અગ્રબીજ, ૨. મૂલબીજ, ૩. સ્કંધબીજ, ૪. પર્વબીજ, ૫. બીજરુહ અને ૬. સમ્મૂર્ચ્છનજ.[૨] છઠ્ઠા ઉદ્દેશકમાં ત્રસકાયની ચર્ચા કરવામાં આવી છે. ત્રસકાયનાં પણ તે જ દ્વાર છે જે પૃથ્વીકાયનાં છે. ત્રસજીવ બે પ્રકારના છે : લબ્ધિત્રસ અને ગતિત્રસ. તેજસ અને વાયુ લબ્ધિત્રસની અંતર્ગત છે. ગતિત્રસના ચાર ભેદ છે : નારક, તિર્યંચ, મનુષ્ય અને સુર. એ કાં તો પર્યાપ્તક હોય છે અથવા અપર્યાપ્તક.[૩] સપ્તમ ઉદ્દેશકમાં વાયુકાયનો વિચાર કરવામાં આવ્યો છે. તેના પણ પૃથ્વીકાયની સમાન જ દ્વાર છે. વાયુકાયના જીવ બે પ્રકારના હોય છે : સૂક્ષ્મ અને બાદર. બાદરના પાંચ ભેદ છે : ઉત્કલિકા, મંડલિકા, ગુંજા, ઘન અને શુદ્ધ.[૪] અહીં સુધી પ્રથમ અધ્યયનનો અધિકાર છે.

દ્વિતીય અધ્યયનનું નામ લોકવિજય છે. તેનાં પ્રથમ ઉદ્દેશકમાં 'સ્વજન'નો અધિકાર છે, જેમાં એ દર્શાવવામાં આવ્યું છે કે શ્રમણ માતા-પિતા વગેરે પ્રત્યે મોહ મમતા ન રાખે. દ્વિતીય ઉદ્દેશકમાં સંયમસંબંધી અદઢત્વની નિવૃત્તિનો ઉપદેશ છે. તૃતીય ઉદ્દેશકમાં માન ન કરવાની સૂચના આપવામાં આવી છે. ચોથો ઉદ્દેશક ભોગોની નિઃસારતા પર છે. પાંચમો ઉદ્દેશક લોકાશ્રયની નિવૃત્તિ સાથે સંબંધ રાખે છે. છઠ્ઠા ઉદ્દેશકમાં અમમત્વની પરિપાલનાનો ઉપદેશ છે.[૫]

'લોકવિજય'માં બે પદ છે : 'લોક' અને 'વિજય'. 'લોક'નો નિક્ષેપ આઠ પ્રકારનો છે અને 'વિજય'નો છ પ્રકારનો. ભાવલોકનો અર્થ છે કષાય. આથી કષાયવિજય જ લોકવિજય છે.[૬] કષાયની ઉત્પત્તિ કર્મને કારણે થાય છે. કર્મ સંક્ષેપમાં દસ પ્રકારનાં છે : નામકર્મ, સ્થાપનાકર્મ, દ્રવ્યકર્મ, પ્રયોગકર્મ, સમુદાનકર્મ, ઈર્યાપથિકકર્મ, આધાકર્મ, તપઃકર્મ, કૃતિકર્મ અને ભાવકર્મ.[૭]

ત્રીજા અધ્યયનનું નામ શીતોષ્ણીય છે. તેમાં ચાર ઉદ્દેશક છે. પ્રથમ ઉદ્દેશકમાં ભાવસુપ્તના દોષો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. બીજામાં ભાવસુપ્ત દ્વારા અનુભવાતા દુઃખોનો વિચાર કરવામાં આવ્યો છે. ત્રીજામાં એ વાત પર પ્રકાશ પાડવામાં આવ્યો

---

૧. ગા. ૧૧૬-૮. ૨. ગા. ૧૨૬-૧૩૦. ૩. ગા. ૧૫૨-૪.
૪. ગા. ૧૬૪-૬. ૫. ગા. ૧૭૨. ૬. ગા. ૧૭૫ ૭. ગા. ૧૯૨-૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે કે માત્ર દુઃખ સહન કરવાથી જ કોઈ શ્રમણ નથી બની જતું. શ્રમણની ક્રિયા કરવાથી શ્રમણ બને છે. ચોથામાં બતાવવામાં આવ્યું છે કે કષાયોનું શું કાર્ય છે, પાપથી વિરતિ કેવી રીતે સંભવે છે, સંયમથી કયા પ્રકારના કર્મોનો ક્ષય થઈને મુક્તિ પ્રાપ્ત થાય છે ? સાથે જ આ અધ્યયનમાં 'શીત' અને 'ઉષ્ણ' પદોનો નામાદિ નિક્ષેપોથી વિચાર કરવામાં આવ્યો છે. સ્ત્રીપરીષહ અને સત્કારપરીષહ — આ બે શીત પરીષહ છે. બાકીના વીસ ઉષ્ણ પરીષહની કોટિમાં છે.[૧]

ચતુર્થ અધ્યયનનું નામ સમ્યક્ત્વ છે. તેનાં ચાર ઉદ્દેશક છે. પ્રથમ ઉદ્દેશકમાં સમ્યગ્દર્શનનો અધિકાર છે, દ્વિતીયમાં સમ્યગ્જ્ઞાનનો અધિકાર છે, તૃતીયમાં સમ્યક્તપની ચર્ચા છે, ચતુર્થમાં સમ્યક્ચારિત્રનું વર્ણન છે. આ ચારે મોક્ષાંગ છે. મુમુક્ષુ માટે ચારેનું પાલન આવશ્યક છે.[૨] સમ્યક્ત્વનું પણ નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ — આ ચારે નિક્ષેપોથી વિવેચન કરવામાં આવે છે. ભાવસમ્યક્ત્વ ત્રણ પ્રકારનું છે : દર્શન, જ્ઞાન અને ચારિત્ર. દર્શન અને ચારિત્રના ફરી ત્રણ-ત્રણ ભેદ કરવામાં આવે છે : ઔપશમિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિક. જ્ઞાનના બે ભેદ છે : ક્ષાયોપશમિક અને ક્ષાયિક.[૩]

લોકસાર નામના પાંચમા અધ્યયનના છ ઉદ્દેશક છે. પ્રથમ ઉદ્દેશકમાં તે દર્શાવવામાં આવ્યું છે કે હિંસક, વિષયારંભક અને એકચર મુનિ નથી થઈ શકતો. બીજામાં એ બતાવવામાં આવ્યું છે કે હિંસાદિથી વિરત જ મુનિ હોય છે. ત્રીજામાં એ વાતનો નિર્દેશ છે કે વિરત મુનિ જ અપરિગ્રહી હોય છે. ચોથામાં એ બતાવવામાં આવ્યું છે કે સૂત્રાર્થપરિનિષ્ઠિતના કયા-કયા પ્રત્યપાય હોય છે. પાંચમામાં સાધુના માટે હ્રદોપમ હોવાની આવશ્યકતા પર ભાર મૂકવામાં આવ્યો છે. છઠ્ઠામાં ઉન્માર્ગવર્જના પર ભાર આપવામાં આવ્યો છે. 'લોક' અને 'સાર'નો પણ ચાર પ્રકારે નિક્ષેપ થાય છે. ફલસાધનતા જ ભાવસાર છે. આનાથી સિદ્ધિ-પ્રાપ્ત થાય છે અને ફળરૂપે ઉત્તમસુખનો લાભ થાય છે.[૪] આ જ વાતને બીજા શબ્દોમાં આ કહી શકાય : સંપૂર્ણ લોકનો સાર ધર્મ છે, ધર્મનો સાર જ્ઞાન છે, જ્ઞાનનો સાર સંયમ છે, સંયમનો સાર નિર્વાણ છે.[૫]

ત્યાર પછી સૂત્રસ્પર્શિક નિર્યુક્તિ કરતાં આચાર્ય કહે છે કે ચર, ચર્યા અને ચરણ એકાર્થક છે. ચરણનો છ પ્રકારનો નિક્ષેપ થાય છે. જ્ઞાન, દર્શન અને ચારિત્ર ભાવચરણની અંતર્ગત છે. ભાવચરણ પ્રશસ્ત અને અપ્રશસ્ત ભેદથી બે પ્રકારનું હોય છે.[૬]

---

૧. ગા. ૧૯૭-૨૧૩. ૨. ગા. ૨૧૪-૫. ૩. ગા. ૨૧૬-૮.
૪. ગા. ૨૩૫-૨૪૦. ૫. ગા. ૨૪૪. ૬. ગા. ૨૪૫-૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધૂત નામના છઠ્ઠા અધ્યયનના પાંચ ઉદ્દેશક છે. પ્રથમ ઉદ્દેશકમાં નિજક અર્થાત્ સ્વજનોના વિધૂનનનો અધિકાર છે, દ્વિતીયમાં કર્મવિધૂનનનો અધિકાર છે, તૃતીયમાં ઉપકરણ અને શરીરના વિધૂનનની ચર્ચા છે, ચતુર્થમાં ગૌરવત્રિકના વિધૂનનનો અધિકાર છે, પાંચમામાં ઉપસર્ગ અને સમ્માનના વિધૂનનની ચર્ચા છે. વસ્ત્રાદિનું પ્રક્ષાલન દ્રવ્યધૂત છે. અષ્ટવિધ કર્મોનો ક્ષય ભાવધૂત છે.[૧]

સાતમું અધ્યયન વ્યવચ્છિન્ન છે. આઠમા અધ્યયનનું નામ વિમોક્ષ છે. તેના આઠ ઉદ્દેશક છે. પ્રથમ ઉદ્દેશકમાં અસમનોજ્ઞના વિમોક્ષ અર્થાત્ પરિત્યાગનો ઉપદેશ છે. દ્વિતીયમાં અકલ્પિકના વિમોક્ષનું વિધાન છે. તૃતીયમાં અંગચેષ્ટા પ્રત્યે ભાષિત અથવા આશંકિત સંશયના નિવારણનું વિધાન છે. ચતુર્થમાં વૈહાનસ (ઉદ્બંધન) તથા ગાર્દ્ધપૃષ્ઠને મરણની ઉપમા આપવામાં આવી છે. પાંચમામાં ગ્લાનતા તથા ભક્તપરિજ્ઞાનો બોધ છે. છઠ્ઠામાં એકત્વભાવના અને ઇંગિતમરણનો બોધ છે. સાતમામાં પ્રતિમાઓ તથા પાદપોપગમનનો વિચાર કરવામાં આવ્યો છે. આઠમામાં અનુપૂર્વવિહારીઓનો અધિકાર છે.[૨]

વિમોક્ષનો નામાદિ છ પ્રકારે નિક્ષેપ થાય છે. ભાવવિમોક્ષ બે પ્રકારનો છે : દેશવિમોક્ષ અને સર્વવિમોક્ષ. સાધુ દેશવિમુક્ત છે, સિદ્ધ સર્વવિમુક્ત છે.[૩]

નવમા અધ્યયનનું નામ ઉપધાનશ્રુત છે. આ અધ્યયનના અધિકારની ચર્ચા કરતાં નિર્યુક્તિકાર કહે છે કે જે તીર્થંકર જે સમયે ઉત્પન્ન થાય છે તે જ સમયે પોતાના તીર્થમાં ઉપધાનશ્રુતાધ્યયનમાં તપઃકર્મનું વર્ણન કરે છે.[૪] બધા તીર્થંકરોનું તપઃકર્મ નિરુપસર્ગ છે પરંતુ વર્ધમાનનું તપઃકર્મ સોપસર્ગ છે.[૫] આ અધ્યયનના પ્રથમ ઉદ્દેશકનો અધિકાર ચર્યા છે, બીજાનો શય્યા છે, ત્રીજાનો પરીષહ છે, ચોથાનો આતંકકાલીન ચિકિત્સા છે. પણ ચારે ઉદ્દેશકોમાં તપશ્ચર્યાનો અધિકાર તો છે જ.[૬]

'ઉપધાન' અને 'શ્રુત' બંનેનો નામાદિ ભેદથી ચાર પ્રકારનો નિક્ષેપ થાય છે. શય્યાદિમાં થનાર ઉપધાન દ્રવ્યોપધાન છે, તપ અને ચારિત્રસંબંધી ઉપધાન ભાવોપધાન છે. જે રીતે મલીન વસ્ત્ર ઉદકાદિ દ્રવ્યોથી શુદ્ધ થઈ જાય છે તે જ રીતે ભાવોપધાનથી આઠ પ્રકારના કર્મોની શુદ્ધિ થાય છે.[૭] જે વીરવર વર્ધમાનસ્વામીના

---

૧. ગા. ૨૪૯-૨૫૦. ૨. ગા. ૨૫૨-૬. ૩. ગા. ૨૫૭-૯. ૪. ગા. ૨૭૫.
૫. ગા. ૨૭૬. ૬. ગા. ૨૭૯. ૭. ગા. ૨૮૦-૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બતાવેલા આ માર્ગ પર ચાલે છે તેને શાશ્વત શિવપદની પ્રાપ્તિ થાય છે.[૧] અહીં બ્રહ્મચર્ય નામના પ્રથમ શ્રુતસ્કંધની નિર્યુક્તિ સમાપ્ત થાય છે.

દ્વિતીય શ્રુતસ્કંધ :

પ્રથમ શ્રુતસ્કંધમાં નવ બ્રહ્મચર્યાધ્યયનોનું પ્રતિપાદન કરવામાં આવ્યું. તેમાં સમસ્ત વિવક્ષિત અર્થનું અભિધાન ન કરી શકાયું. જે અભિધાન કરવામાં આવ્યું તે પણ બહુ જ સંક્ષેપમાં કરવામાં આવ્યું. આ વાતને દૃષ્ટિમાં રાખતાં બીજા શ્રુતસ્કંધની રચના કરવામાં આવી. આચારાંગના પરિમાણની ચર્ચા કરતી વખતે એ વાતનો નિર્દેશ કરવામાં આવ્યો હતો કે આમાં નવ બ્રહ્મચર્યાભિધાયી અધ્યયન છે, અષ્ટાદશ સહસ્ર પદ છે અને પાંચ ચૂડાઓ અર્થાત્ ચૂલિકાઓ છે.[૨] ચૂલિકાનું સ્વરૂપ દર્શાવતાં શીલાંકાચાર્ય કહે છે : 'उक्तशेषानुवादिनी चूडा' અર્થાત્ કહ્યાં બાદ જે કંઈ બાકી રહી જાય છે તેનું કથન ચૂલિકા કહેવાય છે. દ્વિતીય શ્રુતસ્કંધને અગ્રશ્રુતસ્કંધ પણ કહે છે. નિર્યુક્તિકાર 'અગ્ર' શબ્દનો નિક્ષેપ કરતાં કહે છે કે અગ્ર આઠ પ્રકારનું હોય છે : ૧. દ્રવ્યાગ્ર, ૨. અવગાહનાગ્ર, ૩. આદેશાગ્ર, ૪. કાલાગ્ર, ૫. ક્રમાગ્ર, ૬. ગણનાગ્ર, ૭. સંચયાગ્ર, ૮. ભાવાગ્ર. ભાવાગ્ર ફરી ત્રણ પ્રકારનું છે : પ્રધાનાગ્ર, પ્રભૂતાગ્ર અને ઉપકારાગ્ર. પ્રસ્તુત અધિકાર ઉપકારાગ્રનો છે.[૪]

ચૂલિકાઓનું પરિમાણ આ પ્રમાણે છે : 'પિણ્ડૈષણા' અધ્યયનથી લઈને 'અવગ્રહપ્રતિમા' અધ્યયનપર્યંત સાત અધ્યયનોની પ્રથમ ચૂલિકા છે, સપ્તસપ્તિકા નામક દ્વિતીય ચૂલિકા છે, ભાવના નામક તૃતીય ચૂલિકા છે, ચતુર્થ ચૂલિકાનું નામ વિમુક્તિ છે, નિશીથ પંચમ ચૂલિકા છે.[૫]

પ્રથમ ચૂલિકાનાં સાત અધ્યયનોનાં નામ આ છે : ૧. પિંડ, ૨. શય્યા, ૩. ઈર્યા, ૪. ભાષા, ૫. વસ્ત્ર, ૬. પાત્ર, ૭. અવગ્રહ. નિર્યુક્તિકારે આની નામાદિ નિક્ષેપોથી વ્યાખ્યા કરી છે.[૬] આગળની ગાથાઓમાં સપ્તસપ્તિકા, ભાવના અને વિમુક્તિનું વિશેષ વ્યાખ્યાન છે. નિશીથ ચૂલિકાના વિષયમાં આચાર્ય કહે છે કે તેની નિર્યુક્તિ હું પછીથી કરીશ.[૯] આ નિર્યુક્તિ નિશીથનિર્યુક્તિ રૂપે અલગથી ઉપલબ્ધ હતી જે પછીથી નિશીથભાષ્યમાં ભળી ગઈ.

●

---

૧. ગા. ૨૮૪. ૨. ગા. ૧૧. ૩. ગા. ૧૧ની વૃત્તિ.
૪. ગા. ૨૮૫-૬. ૫. ગા. ૨૯૭. ૬. ગા. ૨૯૮-૩૨૨.
૭. ગા. ૩૨૩-૩૪૬. ૮. ગા. ૩૪૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ષષ્ઠ પ્રકરણ

સૂત્રકૃતાંગનિર્યુક્તિ

આ નિર્યુક્તિ[૧] માં ૨૦૫ ગાથાઓ છે. ગાથા ૧૮ અને ૨૦માં 'સૂત્રકૃતાંગ' શબ્દનો વિચાર કરવામાં આવ્યો છે. ગાથા ૬૬-૬૭માં પંદર પ્રકારના પરમાધાર્મિકોનાં નામ ગણાવવામાં આવ્યા છે : અંબ, અંબરીષ, શ્યામ, શબલ, રુદ્ર, અવરુદ્ર, કાલ, મહાકાલ, અસિપત્ર, ધનુષ, કુંભ, વાલુક, વૈતરણી, ખરસ્વર અને મહાઘોષ. આગળની કેટલીક ગાથાઓમાં નિર્યુક્તિકારે એ દર્શાવ્યું છે કે તેઓ નરકવાસીઓને કઈ રીતે સતાવે છે, કઈ-કઈ યાતનાઓ પહોંચાડે છે. ગાથા ૧૧૯માં આચાર્યે નિમ્નલિખિત ૩૬૩ મતાંતરોનો નિર્દેશ કર્યો છે : ૧૮૦ ક્રિયાવાદી, ૮૪ અક્રિયાવાદી, ૬૭ અજ્ઞાનવાદી અને ૩૨ વૈનયિક. ગાથા ૧૨૭-૧૩૧માં શિષ્ય અને શિક્ષકના ભેદ-પ્રભેદોનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

આ વિષયો સિવાય પ્રસ્તુત નિર્યુક્તિમાં અનેક પદોનું નિક્ષેપ-પદ્ધતિથી વિવેચન કરવામાં આવ્યું છે. ઉદાહરણ તરીકે ગાથા, ષોડશ, શ્રુત, સ્કંધ, પુરુષ, વિભક્તિ, સમાધિ, માર્ગ, આદાન, ગ્રહણ, અધ્યયન, પુંડરીક, આહાર, પ્રત્યાખ્યાન, સૂત્ર, આર્દ્ર વગેરે શબ્દોનો નામાદિ નિક્ષેપોથી વિચાર કરવામાં આવ્યો છે. આ નિર્યુક્તિમાં પર્યાયવાચક શબ્દો તરફ વિશેષ ધ્યાન નથી આપવામાં આવ્યું. 'આર્દ્ર' પદની વ્યાખ્યા કરતી વખતે આર્દ્રની જીવન-કથા પણ આપવામાં આવી છે. અંતમાં નાલંદા અધ્યયનની નિર્યુક્તિ કરતી વખતે 'અલમ્' શબ્દની નામાદિ ચાર પ્રકારના નિક્ષેપોથી વ્યાખ્યા કરવામાં આવી છે અને દર્શાવવામાં આવ્યું છે કે રાજગૃહ નગરની બહાર નાલંદા વસેલું છે.

---

૧. (અ) શીલાંકકૃત ટીકાસહિત — આગમોદય સમિતિ, મુંબઈ, સન્ ૧૯૧૭.
(બ) સૂત્રસહિત — સંપાદક : ડૉ. પી. એલ. વૈદ્ય, પૂના, સન્ ૧૯૨૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સપ્તમ પ્રકરણ

દશાશ્રુતસ્કંધનિર્યુક્તિ

આ નિર્યુક્તિ[1] દશાશ્રુતસ્કંધ નામના છેદસૂત્ર પર છે. પ્રારંભમાં નિર્યુક્તિકારે દશા, કલ્પ અને વ્યવહાર સૂત્રના કર્તા, ચરમ સકલશ્રુતજ્ઞાની, પ્રાચીનગોત્રીય ભદ્રબાહુને નમસ્કાર કર્યા છે :

वंदामि भद्दबाहुं, पाईणं चरमसयलसुअनाणिं ।
सुत्तस्स कारगमिसिं, दसासु कप्पे अ ववहारे ॥

ત્યારબાદ 'એક' અને 'દશ'નું નિક્ષેપ-પદ્ધતિથી વ્યાખ્યાન કરવામાં આવ્યું છે તથા દશાશ્રુતસ્કંધના દસ અધ્યયનોના અધિકારોનો નિર્દેશ કરવામાં આવ્યો છે. પ્રથમ અધ્યયન અસમાધિસ્થાનની નિર્યુક્તિમાં દ્રવ્ય અને ભાવસમાધિનું સ્વરૂપ દર્શાવવામાં આવ્યું છે તથા સ્થાનના નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, અદ્ધા, ઊર્ધ્વ, ચર્યા, વસતિ, સંયમ, પ્રગ્રહ, યોધ, અચલ, ગણન, સંધાન અને ભાવ — આ પંદર નિક્ષેપોનો ઉલ્લેખ કર્યો છે :

नामं ठवणा दविए खेत्तद्धा उड्ढओ चरई वसही ।
संजम पग्गह जोहो अचल गणण संधणा भावे ॥

દ્વિતીય અધ્યયન શબલની નિર્યુક્તિમાં શબલનું નામાદિ ચાર નિક્ષેપોથી વ્યાખ્યાન કરવામાં આવ્યું છે અને બતાવવામાં આવ્યું છે કે આચારથી ભિન્ન અર્થાત્ અંશતઃ પતિત થયેલી વ્યક્તિ ભાવશબલ છે.

તૃતીય અધ્યયન આશાતનાની નિર્યુક્તિમાં બે પ્રકારની આશાતનાની વ્યાખ્યા છેઃ મિથ્યાપ્રતિપાદનસંબંધી અને લાભસંબંધી (**आसायणा उ दुविहा मिच्छापडिवज्जणा य लाभे अ**). લાભસંબંધી આશાતનાના પુનઃ નામાદિ છ ભેદ થાય છે.

ચતુર્થ અધ્યયન ગણિસંપદાની નિર્યુક્તિમાં 'ગણિ' અને 'સંપદા' પદોનો નિક્ષેપપૂર્વક વિચાર કરવામાં આવ્યો છે. નિર્યુક્તિકારે ગણિ અને ગુણીને એકાર્થક

---

૧. આ પરિચય મુનિશ્રી પુણ્યવિજયજીના અસીમ સૌજન્યથી મળેલ દશાશ્રુતસ્કંધચૂર્ણિની હસ્તલિખિત પ્રતિની નિર્યુક્તિ-ગાથાઓના આધારે લખવામાં આવ્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બતાવ્યા છે. આચારનું અધ્યયન કરવાથી શ્રમણધર્મનું જ્ઞાન થાય છે, આથી આચારને પ્રથમ ગણિસ્થાન આપવામાં આવ્યું છે. સંપદા બે પ્રકારની હોય છે : દ્રવ્યસંપદા અને ભાવસંપદા. શરીરસંપદા દ્રવ્યસંપદા છે. આચાર વગેરે ભાવસંપદા છે.

ચિત્તસમાધિસ્થાન નામના પાંચમા અધ્યયનની નિર્યુક્તિમાં 'ચિત્ત' અને 'સમાધિ'નું નિક્ષેપપૂર્વક વ્યાખ્યાન કરવામાં આવ્યું છે. ચિત્ત નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવરૂપથી ચાર પ્રકારનું છે. એ જ રીતે સમાધિ પણ ચાર પ્રકારની છે. ભાવચિત્તની સમાધિ જ ભાવસમાધિ છે. રાગદ્વેષરહિત ચિત્ત જ્યારે વિશુદ્ધ ધર્મધ્યાનમાં લીન થાય છે ત્યારે તેની સમાધિને ભાવસમાધિ કહેવામાં આવે છે.

ઉપાસકપ્રતિમા નામના છઠ્ઠા અધ્યયનની નિર્યુક્તિમાં 'ઉપાસક' અને 'પ્રતિમા'નું નિક્ષેપપૂર્વક વ્યાખ્યાન કરવામાં આવ્યું છે. ઉપાસક ચાર પ્રકારનો હોય છે : દ્રવ્યોપાસક, તદર્થોપાસક, મોહોપાસક અને ભાવોપાસક. જે સમ્યગ્દૃષ્ટિ છે તથા શ્રમણની ઉપાસના કરે છે તે ભાવોપાસક છે. તેને શ્રમણ પણ કહે છે. પ્રતિમા નામાદિ ચાર પ્રકારની છે. સદ્‌ગુણધારણાનું નામ ભાવ પ્રતિમા છે. તે બે પ્રકારની છે : ભિક્ષુપ્રતિમા અને ઉપાસકપ્રતિમા. ભિક્ષુપ્રતિમાઓ બાર છે. ઉપાસકપ્રતિમાઓની સંખ્યા અગિયાર છે. પ્રસ્તુત અધિકાર ઉપાસકપ્રતિમાનો છે.

સાતમા અધ્યયનમાં ભિક્ષુપ્રતિમાનો અધિકાર છે. ભાવભિક્ષુની પ્રતિમા પાંચ પ્રકારની હોય છે : સમાધિપ્રતિમા, ઉપધાનપ્રતિમા, વિવેકપ્રતિમા, પ્રતિસંલીનપ્રતિમા અને એકવિહારપ્રતિમા :—

समाहि उवहाणे य विवेगपडिमाइआ ।
पडिसंलीणा य तहा एगविहारे अ पंचमिआ ॥

આઠમા અવયનની નિર્યુક્તિમાં પર્યુષણાકલ્પનું વ્યાખ્યાન કરવામાં આવ્યું છે. પરિવસના, પર્યુષણા, પર્યુપશમના, વર્ષાવાસ, પ્રથમસમસરણ, સ્થાપના અને જ્યેષ્ઠગ્રહ એકાર્થક છે :

पडिवसणा पज्जुसणा, पज्जोसमणा य वासवासो य ।
पढमसमोसरणं ति य ठवणा जेट्ठोग्गहेगट्ठा ॥

સાધુઓ માટે વર્ષા ઋતુમાં ચાર માસ સુધી એક સ્થાન પર રહેવાનું જે વિધાન છે તેનું જ નામ વર્ષાવાસ છે. તેમણે હેમંતના ચાર માસ અને ગ્રીષ્મના ચાર માસ આ આઠ મહિનામાં ભિન્ન-ભિન્ન સ્થાનોમાં વિચરવું જોઈએ.

નવમા અધ્યયનમાં મોહનીયસ્થાનનો અધિકાર છે. મોહ નામાદિ ચાર પ્રકારનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. પાપ, વર્જ્ય, વૈર, પંક, પનક, ક્ષોભ, અસાત, સંગ, શલ્ય, અતર, નિરતિ અને ધૂર્ત્ય મોહના પર્યાયવાચી છે :

पावे वज्जे वेरे पंके पणगे खुहे असाए य ।
संगे सल्लेयरेए निरए धुत्ते य एगट्ठा ॥

દસમા અધ્યયનમાં આજાતિસ્થાનનો અધિકાર છે. આજાતિ અર્થાત્ જન્મ-મરણનાં કયા કારણો છે અને અનાજાતિ અર્થાત્ મોક્ષ કઈ રીતે પ્રાપ્ત થાય છે ? આ બંને પ્રશ્નોનું પ્રસ્તુત અધ્યયનની નિર્યુક્તિમાં સમાધાન કરવામાં આવ્યું છે.

●

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અષ્ટમ પ્રકરણ

બૃહત્કલ્પનિર્યુક્તિ

આ નિર્યુક્તિ[૧] ભાષ્યમિશ્રિત અવસ્થામાં મળે છે. આમાં સર્વપ્રથમ તીર્થંકરોને નમસ્કાર કરવામાં આવ્યો છે.[૨] ત્યાર પછી જ્ઞાનના વિવિધ ભેદોનો નિર્દેશ કરવામાં આવ્યો છે અને કહેવામાં આવ્યું છે કે જ્ઞાન અને મંગલમાં કથંચિત્ ભેદ અને કથંચિત્ અભેદ છે. મંગલ ચાર પ્રકારનું છે : નામમંગલ, સ્થાપનામંગલ, દ્રવ્યમંગલ અને ભાવમંગલ.[૩] આ રીતે મંગલનું નિક્ષેપ-પદ્ધતિએ વ્યાખ્યાન કરવામાં આવ્યું છે અને સાથે જ જ્ઞાનના ભેદોની ચર્ચા કરવામાં આવી છે.

અનુયોગનો નિક્ષેપ કરતાં કહેવામાં આવ્યું છે કે નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, વચન અને ભાવ — આ સાત ભેદો વડે અનુયોગનો નિક્ષેપ થાય છે.[૪] નિરુક્તનો અર્થ છે નિશ્ચિત ઉક્ત. તે બે પ્રકારનું છે : સૂત્રનિરુક્ત અને અર્થનિરુક્ત.[૫] અનુયોગનો અર્થ આ મુજબ છે : અનુ અર્થાત્ પશ્ચાદ્‌ભૂત જે યોગ છે તે અનુયોગ છે. અથવા અણુ અર્થાત્ સ્તોકરૂપ જે યોગ છે તે અનુયોગ છે. કેમકે તે પાછળથી થાય છે અને સ્તોકરૂપે હોય છે એટલા માટે જ તેને અનુયોગ કહે છે.[૬] કલ્પના ચાર અનુયોગદ્વાર છે : ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ અને નય.[૭]

કલ્પ અને વ્યવહારનું શ્રવણ અને અધ્યયન કરનાર બહુશ્રુત, ચિરપ્રવ્રજિત, કલ્પિક, અચંચલ, અવસ્થિત, મેધાવી, અપરિશ્રાવી, વિદ્વાન્, પ્રામાનુજ્ઞાત અને ભાવપરિણામક હોય છે.[૮]

પ્રથમ ઉદ્દેશકના પ્રારંભમાં પ્રલંબસૂત્રનો અધિકાર છે. તેની સૂત્રસ્પર્શિક નિર્યુક્તિ કરતાં કહેવામાં આવ્યું છે કે આદિ નકાર, ગ્રંથ, આમ, તાલ, પ્રલંબ અને ભિન્ન — આ બધા પદોનો નામાદિ ભેદથી ચાર પ્રકારે નિક્ષેપ થાય છે.[૯] ત્યાર પછી પ્રલંબગ્રહણ સાથે સંબંધ રાખનાર પ્રાયશ્ચિત્તોનું વર્ણન કરવામાં આવ્યું છે. તત્રગ્રહણનું વિવેચન કરતાં કહેવામાં આવ્યું છે કે તત્રગ્રહણ બે પ્રકારનું હોય છે : સપરિગ્રહ અને અપરિગ્રહ. સપરિગ્રહ ત્રણ પ્રકારનું છે : દેવપરિગૃહીત, મનુષ્યપરિગૃહીત અને

---

૧. નિર્યુક્તિ-લઘુભાષ્ય-વૃત્તિસહિત — સંપાદક મુનિ ચતુરવિજય તથા પુણ્યવિજય; પ્રકાશક : જૈન આત્માનન્દ સભા, ભાવનગર, સન્ ૧૯૩૩-૧૯૪૨.

૨. ગા. ૧. ૩. ગા. ૩-૫. ૪. ગા. ૧૫૧. ૫. ગા. ૧૮૮

૬. ગા. ૧૯૦. ૭. ગા. ૨૫૬. ૮. ગા. ૪૦૦-૧. ૯. ગા. ૮૧૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તિર્યક્પરિગૃહીત.[૧] માસકલ્પપ્રકૃત સૂત્રોની વ્યાખ્યા કરતાં ગ્રામ, નગર, ખેડ, કર્બટક, મડંબ, પત્તન, આકર, દ્રોણમુખ, નિગમ, રાજધાની, આશ્રમ, નિવેશ, સંબાધ, ઘોષ, અંશિકા વગેરે પદોનું નિક્ષેપપદ્ધતિથી વિવેચન કરવામાં આવ્યું છે.[૨] આગળની કેટલીક ગાથાઓમાં જિનકલ્પિક અને સ્થવિરકલ્પિકના આહાર-વિહારની ચર્ચા છે. વ્યવશમનપ્રકૃત સૂત્રની નિર્યુક્તિ કરતાં આચાર્ય કહે છે કે ક્ષમિત, વ્યવશમિત, વિનાશિત અને ક્ષપિત એકાર્થબોધક પદો છે. પ્રાભૃત, પ્રહેણક અને પ્રણયક એકાર્થવાચી છે.[૩] પ્રથમ ઉદ્દેશના અંતમાં આર્યક્ષેત્રપ્રકૃત સૂત્રનું વ્યાખ્યાન છે જેમાં 'આર્ય' પદનો નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, જાતિ, કુલ, કર્મ, ભાષા, શિલ્પ, જ્ઞાન, દર્શન અને ચારિત્ર — આ બાર પ્રકારના નિક્ષેપોથી વિચાર કરવામાં આવ્યો છે.[૪] આર્યક્ષેત્રની મર્યાદા ભગવાન મહાવીરના સમયથી જ છે, આ વાતનું નિરૂપણ કરતાં આર્યક્ષેત્રની બહાર વિચરણ કરવાથી લાગનારા દોષોનું સ્કંદકાચાર્યના દૃષ્ટાન્ત સાથે દિગ્દર્શન કરવામાં આવ્યું છે. સાથે જ જ્ઞાન, દર્શન, ચારિત્રની રક્ષા અને વૃદ્ધિ માટે આર્યક્ષેત્રની બહાર વિચરવાની આજ્ઞા પણ આપવામાં આવી છે, જેનું સંપ્રતિરાજના દૃષ્ટાન્તથી સમર્થન કરવામાં આવ્યું છે.[૫] આ જ રીતે આગળના ઉદ્દેશકોનું પણ નિક્ષેપ-પદ્ધતિથી વ્યાખ્યાન કરવામાં આવ્યું છે.

●

૧. ગા. ૮૯૧-૨. ૨. ગા. ૧૦૮૮-૧૧૨૦. ૩. ગા. ૨૬૭૮
૪. ગા. ૩૨૬૩. ૫. ગા. ૩૨૭૧-૩૨૮૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવમ પ્રકરણ

વ્યવહારનિર્યુક્તિ

વ્યવહાર સૂત્ર અને બૃહત્કલ્પ સૂત્ર એકબીજાનાં પૂરક છે. જે રીતે બૃહત્કલ્પમાં શ્રમણ-જીવનની સાધના માટે આવશ્યક વિધિ-વિધાન, દોષ, અપવાદ વગેરેનો નિર્દેશ કરવામાં આવ્યો છે તે જ રીતે વ્યવહારસૂત્રમાં પણ આ જ વિષયો સંબંધિત ઉલ્લેખો છે. આ જ કારણ છે કે વ્યવહાર-નિર્યુક્તિ[૧]માં પણ અધિકતર એ જ અથવા એ જ પ્રકારના વિષયોનું વિવેચન છે જે બૃહત્કલ્પનિર્યુક્તિમાં મળે છે. આ રીતે બંને નિર્યુક્તિઓ પરસ્પર પૂરક છે. વ્યવહારનિર્યુક્તિ પણ ભાષ્યમિશ્રિત અવસ્થામાં જ મળે છે.

●

---

૧. નિર્યુક્તિ-ભાષ્ય-મલયગિરિવિવરણસહિત—પ્રકાશક : કેશવલાલ પ્રેમચંદ મોદી તથા ત્રિકમલાલ ઉગરચંદ, અમદાવાદ, વિ.સં. ૧૯૮૨-૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દશમ પ્રકરણ

અન્ય નિર્યુક્તિઓ

આ પહેલાં જ કહેવામાં આવી ગયું છે કે આચાર્ય ભદ્રબાહુએ દસ સૂત્રગ્રંથો પર નિર્યુક્તિ લખવાની પ્રતિજ્ઞા કરી હતી. આ દસ નિર્યુક્તિઓમાંથી આઠ ઉપલબ્ધ છે અને બે અનુપલબ્ધ. આ આઠ નિર્યુક્તિઓનો પરિચય ક્યાંક સંક્ષેપમાં તો ક્યાંક વિસ્તારથી આપવામાં આવી ગયો છે. તે ઉપરાંત પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ, પંચકલ્પનિર્યુક્તિ, નિશીથનિર્યુક્તિ તથા સંસક્તનિર્યુક્તિ પણ મળે છે. સંસક્તનિર્યુક્તિ ઘણા પાછળના કોઈ આચાર્યની રચના છે. પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ અને પંચકલ્પનિર્યુક્તિ સ્વતન્ત્ર નિર્યુક્તિગ્રંથો ન હોતાં ક્રમશઃ દશવૈકાલિકનિર્યુક્તિ, આવશ્યકનિર્યુક્તિ અને બૃહત્કલ્પનિર્યુક્તિનાં જ પૂરક અંગ છે. નિશીથનિર્યુક્તિ પણ એક રીતે આચારાંગનિર્યુક્તિનું જ અંગ છે કેમકે આચારાંગનિર્યુક્તિના અંતમાં સ્વયં નિર્યુક્તિકારે લખ્યું છે કે પંચમ ચૂલિકા નિશીથની નિર્યુક્તિ હું પછીથી કરીશ.[૧] આ નિર્યુક્તિ નિશીથભાષ્યમાં એ રીતે સમાવિષ્ટ થઈ ગઈ છે કે તેને અલગ નથી કરી શકાતી. ગોવિન્દાચાર્યકૃત એક અન્ય નિર્યુક્તિ અનુપલબ્ધ છે.

●

---

૧. पंचमूलनिसीहं तस्स य उवरिं भणीहामि ।
—આચારાંગનિર્યુક્તિ, ગા. ૩૪૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રથમ પ્રકરણ

ભાષ્ય અને ભાષ્યકાર

આગમોની પ્રાચીનતમ પદ્યાત્મક ટીકાઓ નિર્યુક્તિઓ રૂપે પ્રસિદ્ધ છે. નિર્યુક્તિઓની વ્યાખ્યા-શૈલી બહુ ગૂઢ તથા સંકોચશીલ છે. કોઈ પણ વિષયનો જેટલા વિસ્તારથી વિચાર થવો જોઈએ, તેનો તેમાં અભાવ છે. તેનું કારણ એ છે કે તેનો મુખ્ય ઉદ્દેશ પારિભાષિક શબ્દોની વ્યાખ્યા કરવાનો છે, નહિ કે કોઈ વિષયનું વિસ્તૃત વિવેચન. એ જ કારણ છે કે નિર્યુક્તિઓની અનેક વાતો પછીની વ્યાખ્યાઓની સહાય વિના સરળતાથી સમજમાં નથી આવતી. નિર્યુક્તિઓના ગૂઢાર્થને પ્રકટરૂપે પ્રસ્તુત કરવા માટે પછીના આચાર્યોએ તેમની વિસ્તૃત વ્યાખ્યાઓ લખવાનું આવશ્યક માન્યું. આ રીતે નિર્યુક્તિઓના આધારે અથવા સ્વતંત્રરૂપે જે પદ્યાત્મક વ્યાખ્યાઓ લખવામાં આવી તે ભાષ્ય રૂપે પ્રસિદ્ધ છે. નિર્યુક્તિઓની જેમ ભાષ્યો પણ પ્રાકૃતમાં જ છે.

ભાષ્ય :

જે રીતે પ્રત્યેક આગમ-ગ્રંથ પર નિર્યુક્તિ ન રચી શકાઈ તે જ રીતે પ્રત્યેક નિર્યુક્તિ પર ભાષ્ય પણ ન રચી શકાયું. નિમ્નલિખિત આગમ-ગ્રંથો પર ભાષ્ય રચવામાં આવ્યાં છે : ૧. આવશ્યક, ૨. દશવૈકાલિક, ૩. ઉત્તરાધ્યયન, ૪. બૃહત્કલ્પ, ૫. પંચકલ્પ, ૬. વ્યવહાર, ૭. નિશીથ, ૮. જીતકલ્પ, ૯. ઓઘનિર્યુક્તિ, ૧૦. પિંડનિર્યુક્તિ.

આવશ્યકસૂત્ર પર ત્રણ ભાષ્યો લખવામાં આવ્યાં છે : ૧. મૂલભાષ્ય, ૨. ભાષ્ય અને ૩. વિશેષાવશ્યકભાષ્ય. પ્રથમ બે ભાષ્યો બહુ જ સંક્ષિપ્ત રૂપે લખવામાં આવ્યાં અને તેમની અનેક ગાથાઓ વિશેષાવશ્યકભાષ્યમાં સમ્મિલિત કરી લેવાઈ. આ રીતે વિશેષાવશ્યકભાષ્યને ત્રણ ભાષ્યોનું પ્રતિનિધિ માની શકાય, જે આજે પણ મોજૂદ છે. આ ભાષ્ય આવશ્યકસૂત્ર પર ન હોતાં માત્ર તેના પ્રથમ અધ્યયન 'સામાયિક' પર છે. એક અધ્યયન પર હોવા છતાં પણ તેમાં ૩૬૦૩ ગાથાઓ છે. દશવૈકાલિકભાષ્યમાં ૬૩ ગાથાઓ છે. ઉત્તરાધ્યયનભાષ્ય પણ ખૂબ નાનું છે. તેમાં માત્ર ૪૫ ગાથાઓ છે. બૃહત્કલ્પ પર બે ભાષ્યો છે : બૃહત્ અને લઘુ. બૃહદ્ભાષ્ય પૂરું ઉપલબ્ધ નથી. લઘુભાષ્યમાં ૬૪૯૦ ગાથાઓ છે. પંચકલ્પ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાભાષ્યની ગાથાસંખ્યા ૨૫૭૪ છે. વ્યવહારભાષ્યમાં ૪૬૨૯ ગાથાઓ છે. નિશીથભાષ્યમાં લગભગ ૬૫૦૦ ગાથાઓ છે. જીતકલ્પભાષ્યની ગાથાસંખ્યા ૨૬૦૬ છે. ઓઘનિર્યુક્તિ પર બે ભાષ્યો છે જેમાં એકની ગાથાસંખ્યા ૩૨૨ અને બીજાની ૨૫૧૭ છે. પિંડનિર્યુક્તિ-ભાષ્યમાં ૪૬ ગાથાઓ છે.

ભાષ્યકાર :

ઉપલબ્ધ ભાષ્યોની પ્રતિઓના આધારે માત્ર બે ભાષ્યકારોના નામની જાણ થાય છે. તેઓ છે આચાર્ય જિનભદ્ર અને સંઘદાસગણિ. આચાર્ય જિનભદ્રે બે ભાષ્યો રચ્યાં : વિશેષાવશ્યકભાષ્ય અને જીતકલ્પભાષ્ય. સંઘદાસગણિના પણ બે ભાષ્યો છે : બૃહત્કલ્પ-લઘુભાષ્ય અને પંચકલ્પ-મહાભાષ્ય.

આચાર્ય જિનભદ્ર :

આચાર્ય જિનભદ્ર[૧]નું પોતાના મહત્ત્વપૂર્ણ ગ્રંથોના કારણે જૈન પરંપરાના ઈતિહાસમાં એક વિશિષ્ટ સ્થાન છે. આટલું હોવા છતાં પણ આશ્ચર્ય તે વાતનું છે કે તેમના જીવનની ઘટનાઓનાં વિષયમાં જૈન ગ્રંથોમાં કોઈ સામગ્રી ઉપલબ્ધ નથી. તેમના જન્મ અને શિષ્યત્વના વિષયમાં પરસ્પર વિરોધી ઉલ્લેખો મળે છે. આ ઉલ્લેખો બહુ પ્રાચીન નથી પરંતુ ૧૫મી અથવા ૧૬મી શતાબ્દીની પટ્ટાવલીઓમાં છે. તેનાથી એ સિદ્ધ થાય છે કે આચાર્ય જિનભદ્રને પટ્ટપરંપરામાં સમ્યક્ સ્થાન નથી મળ્યું. તેમના મહત્ત્વપૂર્ણ ગ્રંથો તથા તેમના આધારે લખવામાં આવેલાં વિવરણો જોઈને જ પછીના આચાર્યોએ તેમને ઉચિત મહત્ત્વ આપ્યું તથા આચાર્ય-પરંપરામાં સમ્મિલિત કરવાનો પ્રયાસ કર્યો. આ પ્રયાસમાં વાસ્તવિકતાની માત્રા અધિક ન હતી આથી એ સ્વાભાવિક છે કે વિભિન્ન આચાર્યોના ઉલ્લેખોમાં મતભેદ હોય. આ જ કારણ છે કે તેમના સંબંધમાં એવો પણ ઉલ્લેખ મળે છે કે તેઓ આચાર્ય હરિભદ્રના પટ્ટ પર આવ્યા.

આચાર્ય જિનભદ્રકૃત વિશેષાવશ્યકભાષ્યની પ્રતિ શક સંવત્ ૫૩૧માં લખવામાં આવી તથા વલભીના એક જૈન મંદિરમાં સમર્પિત કરવામાં આવી. આ ઘટનાથી એવું પ્રતીત થાય છે કે આચાર્ય જિનભદ્રનો વલભી સાથે કોઈ સંબંધ જરૂર હોવો જોઈએ. આચાર્ય જિનપ્રભ લખે છે કે આચાર્ય જિનભદ્ર ક્ષમાશ્રમણે મથુરામાં દેવનિર્મિત સ્તૂપના દેવની આરાધના એક પક્ષની તપસ્યા દ્વારા કરી અને ઊધઈ દ્વારા ખવાયેલાં મહાનિશીથસૂત્રનો ઉદ્ધાર કર્યો.[૨] આનાથી એમ સિદ્ધ થાય છે કે આચાર્ય

---

૧. ગણધરવાદ : પ્રસ્તાવના, પૃ. ૨૭-૪૫.

૨. વિવિધતીર્થકલ્પ, પૃ. ૧૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિનભદ્રનો સબંધ વલભી ઉપરાંત મથુરા સાથે પણ છે.

ડૉ. ઉમાકાંત પ્રેમાનંદ શાહે અંકોટ્ટક – અકોટા ગામથી પ્રાપ્ત થયેલી બે પ્રતિમાઓના અધ્યયનના આધારે એ સિદ્ધ કર્યું છે કે આ પ્રતિમાઓ ઈ.સ. ૫૫૦થી ૬૦૦ સુધીના કાળની છે. તેમણે એમ પણ લખ્યું છે કે આ પ્રતિમાઓના લેખોમાં જે આચાર્ય જિનભદ્રનું નામ છે, તે વિશેષાવશ્યકભાષ્યના કર્તા ક્ષમાશ્રમણ આચાર્ય જિનભદ્ર જ છે. તેમની વાચના અનુસાર એક મૂર્તિના પદ્માસનના પાછલા ભાગમાં 'ॐ देवाधर्मोयं निवृत्तिकुले जिनभद्रवाचनाचार्यस्य' એવો લેખ છે અને બીજી મૂર્તિના ભામંડલમાં 'ॐ निवृत्तिकुले जिनभद्रवाचनाचार्यस्य' એવો લેખ છે.[૧] આ લેખોથી ત્રણ વાત ફલિત થાય છે : (૧) આચાર્ય જિનભદ્રે આ પ્રતિમાઓ પ્રતિષ્ઠિત કરી હશે, (૨) તેમના કુળનું નામ નિવૃત્તિકુળ હતું અને (૩) તેમને વાચનાચાર્ય કહેવામાં આવતા હતા. આ મૂર્તિઓ અંકોટ્ટકમાં મળી છે, તેથી એ પણ અનુમાન કરી શકાય છે કે તે સમયે ભરુચની આસપાસ પણ જૈનોનો પ્રભાવ રહ્યો હશે અને આચાર્ય જિનભદ્રે આ ક્ષેત્રમાં પણ વિહાર કર્યો હશે. ઉપર્યુક્ત ઉલ્લેખોમાં આચાર્ય જિનભદ્રને ક્ષમાશ્રમણ ન કહેતાં વાચનાચાર્ય એટલા માટે કહેવામાં આવ્યા છે કે પરંપરા અનુસાર વાદી, ક્ષમાશ્રમણ, દિવાકર તથા વાચકને એકાર્થક શબ્દો માનવામાં આવ્યાં છે.[૨] વાચક અને વાચનાચાર્ય પણ એકાર્થક છે, આથી વાચનાચાર્ય અને ક્ષમાશ્રમણ શબ્દ વાસ્તવમાં એક જ અર્થના સૂચક છે.[૩] આમાંથી એકનો પ્રયોગ કરવાથી બીજાનું પ્રયોજન પણ સિદ્ધ થઈ જ જાય છે.

---

૧. જૈન સત્ય પ્રકાશ, અંક ૧૯૬.

૨. એજન.

૩. પં. શ્રી દલસુખ માલવણિયાએ આ શબ્દોની મીમાંસા આ રીતે કરી છે :–

પ્રારંભમાં 'વાચક' શબ્દ શાસ્ત્રવિશારદ માટે વિશેષ પ્રચલિત હતો. પરંતુ જ્યારે વાચકોમાં ક્ષમાશ્રમણોની સંખ્યા વધતી ગઈ ત્યારે 'ક્ષમાશ્રમણ' શબ્દ પણ વાચકના પર્યાય રૂપે પ્રસિદ્ધ થઈ ગયો. અથવા 'ક્ષમાશ્રમણ' શબ્દ આવશ્યકસૂત્રમાં સામાન્ય ગુરુના અર્થમાં પણ વપરાયો છે. આથી સંભવ છે કે શિષ્યો વિદ્યાગુરુને ક્ષમાશ્રમણ નામે સંબોધિત કરતા રહ્યા હોય. એટલે એ સ્વાભાવિક છે કે 'ક્ષમાશ્રમણ' 'વાચક'નો પર્યાય બની જાય. જૈન સમાજમાં જ્યારે વાદીઓની પ્રતિષ્ઠા સ્થાપિત થઈ ત્યારે શાસ્ત્ર-વૈશારદ્યના કારણે વાચકોનો જ મોટો ભાગ 'વાદી' નામે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્ય જિનભદ્ર નિવૃત્તિકુળના હતા, તેનું પ્રમાણ ઉપર્યુક્ત લેખો સિવાય અન્યત્ર નથી મળતું. આ નિવૃત્તિકુળ કેવી રીતે પ્રસિદ્ધ થયું, તે માટે નિમ્ન કથનનો આધાર લઈ શકાય :—

ભગવાન મહાવીરના ૧૭મા પટ્ટ પર આચાર્ય વજ્રસેન થયા હતા. તેમણે સોપારક નગરના શેઠ જિનદત્ત અને શેઠાણી ઈશ્વરીના ચાર પુત્રોને દીક્ષા આપી હતી. તેમનાં નામ આ મુજબ હતા : નાગેન્દ્ર, ચન્દ્ર, નિવૃત્તિ અને વિદ્યાધર. આગળ જતાં તેમના નામે ભિન્ન-ભિન્ન ચાર પ્રકારની પરંપરાઓ પ્રચલિત થઈ અને તેમની નાગેન્દ્ર, ચન્દ્ર, નિવૃત્તિ તથા વિદ્યાધર કુળો રૂપે પ્રસિદ્ધિ થઈ.[૧]

આ વિગતો સિવાય તેમના જીવન સંબંધિત અન્ય કોઈ વિશેષ વાત નથી મળતી. હા, તેમના ગુણોનું વર્ણન ચોક્કસ ઉપલબ્ધ થાય છે. જીતકલ્પચૂર્ણિના કર્તા સિદ્ધસેનગણિ પોતાની ચૂર્ણિના પ્રારંભમાં આચાર્ય જિનભદ્રની સ્તુતિ કરતાં તેમના ગુણોનું આ મુજબ વર્ણન કરે છે :—

"જે અનુયોગધર, યુગપ્રધાન, પ્રધાન જ્ઞાનીઓથી બહુમત, સર્વ શ્રુતિ અને શાસ્ત્રમાં કુશળ તથા દર્શન-જ્ઞાનોપયોગના માર્ગરક્ષક છે. જે રીતે કમળની સુગંધથી વશ થઈને ભ્રમર કમળની ઉપાસના કરે છે, તે જ રીતે જ્ઞાનરૂપી મકરંદના પિપાસુ મુનિઓ જિનના મુખરૂપ ઝરણાંથી પ્રવાહિત જ્ઞાનરૂપ અમૃતનું સર્વદા સેવન કરે છે. સ્વ-સમય તથા પર-સમયના આગમ, લિપિ, ગણિત, છંદ અને શબ્દશાસ્ત્રો પર કરવામાં આવેલાં વ્યાખ્યાનોથી નિર્મિત જેમનો અનુપમ યશપટહ દશે દિશાઓમાં વાગી રહ્યો છે, જેમણે પોતાની અનુપમ બુદ્ધિના પ્રભાવથી જ્ઞાન, જ્ઞાની, હેતુ, પ્રમાણ તથા ગણધરવાદનું સવિશેષ વિવેચન વિશેષાવશ્યકમાં ગ્રંથનિબદ્ધ કર્યું છે, જેમણે છેદસૂત્રોના અર્થના આધારે પુરુષવિશેષના પૃથક્કરણ અનુસાર પ્રાયશ્ચિત્તની

વિખ્યાત થયો હશે. આથી કાળાંતરે 'વાદી' પણ 'વાચક'નો પર્યાયવાચી બની ગયો હોય તે સ્વાભાવિક છે. સિદ્ધસેન જેવા શાસ્ત્રવિશારદ વિદ્વાન પોતાને 'દિવાકર' કહેવરાવતા હશે અથવા તેમના સાથીઓએ તેમને 'દિવાકર' પદવી આપી હશે, એટલે 'વાચક'ના પર્યાયોમાં 'દિવાકર'ને પણ સ્થાન મળી ગયું. આચાર્ય જિનભદ્રનો યુગ ક્ષમાશ્રમણોનો યુગ રહ્યો હશે, આથી સંભવિત છે કે તેમની પછીના લેખકોએ તેમના માટે 'વાચનાચાર્ય'ના સ્થાને 'ક્ષમાશ્રમણ' પદનો ઉલ્લેખ કર્યો હોય.

— ગણધરવાદ : પ્રસ્તાવના, પૃ. ૩૧.

૧. જૈન ગૂર્જર કવિઓ, ભાગ ૨, પૃ. ૬૬૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિધિનું વિધાન કરનાર જીતકલ્પસૂત્રની રચના કરી છે, એવા પર-સમયના સિદ્ધાંતોમાં નિપુણ, સંયમશીલ શ્રમણોના માર્ગના અનુગામી અને ક્ષમાશ્રમણોમાં નિધાનભૂત જિનભદ્રગણિ ક્ષમાશ્રમણને નમસ્કાર હો.''

આ વર્ણનથી એવું પ્રતીત થાય છે કે જિનભદ્રગણિ આગમોના અદ્વિતીય વ્યાખ્યાતા હતા, 'યુગપ્રધાન' પદના ધારક હતા, તત્કાલીન પ્રધાન શ્રુતધરો પણ તેમનું બહુમાન કરતા હતા; શ્રુતિ અને અન્ય શાસ્ત્રોના કુશળ વિદ્વાન હતા. જૈન પરંપરામાં જે જ્ઞાન-દર્શનરૂપ ઉપયોગનો વિચાર કરવામાં આવ્યો છે, તેના તેઓ સમર્થક હતા. તેમની સેવામાં અનેક મુનિઓ જ્ઞાનાભ્યાસ કરવા માટે સદા ઉપસ્થિત રહેતા હતા. ભિન્ન-ભિન્ન દર્શનોનાં શાસ્ત્ર, લિપિવિદ્યા, ગણિતશાસ્ત્ર, છંદશાસ્ત્ર, શબ્દશાસ્ત્ર વગેરેના તેઓ અનુપમ પંડિત હતા. તેમણે વિશેષાવશ્યકભાષ્ય અને જીતકલ્પસૂત્રની રચના કરી હતી. તેઓ પર-સિદ્ધાંતમાં નિપુણ, સ્વાચારપાલનમાં પ્રવીણ અને સર્વ જૈન શ્રમણોમાં મુખ્ય હતા.

ઉત્તરવર્તી આચાર્યોએ પણ આચાર્ય જિનભદ્રનો બહુમાનપૂર્વક નામોલ્લેખ કર્યો છે. તેમના માટે ભાષ્યસુધામ્બોધિ, ભાષ્યપીયૂષપાથોધિ, ભગવાન્ ભાષ્યકાર, દુઃષમાન્ધકારનિમગ્નજિનવચનપ્રદીપપ્રતિમ, દલિતકુવાદિપ્રવાદ, પ્રશસ્ય-ભાષ્યસસ્યકાશ્યપીકલ્પ, ત્રિભુવનજનપ્રથિતપ્રવચનોપનિષદ્વેદી, સન્દેહસન્દોહશૈલ-શ્રૃંગભંગદમ્ભોલિ વગેરે વિશેષણોનો પ્રયોગ થયો છે.

આચાર્ય જિનભદ્રના સમય વિષયમાં મુનિ શ્રી જિનવિજયજીનો મત છે કે તેમની મુખ્ય કૃતિ વિશેષાવશ્યકભાષ્યની જેસલમેર સ્થિત પ્રતિના અંતમાં મળતી બે ગાથાઓના આધારે એમ કહી શકાય કે આ ભાષ્યની રચના વિક્રમ સંવત્ ૬૬૬માં થઈ હતી. તે ગાથાઓ આ મુજબ છે :—

पंच सता इगतीसा सगणिवकालस्स वट्टमाणस्स ।
तो चेत्तपुण्णिमाए बुधदिण सातिंमि णक्खत्ते ॥
रज्जे णु पालणपरे सी(लाइ)च्चम्मि णरवरिन्दम्मि ।
वलभीणगरीए इम महवि....मि जिणभवणे ॥

મુનિ શ્રી જિનવિજયજીએ આ ગાથાઓનો અર્થ આ મુજબ કર્યો છે : શક સંવત્ ૫૩૧ (વિક્રમ સંવત્ ૬૬૬)માં વલભીમાં જે સમયે શીલાદિત્ય રાજ્ય કરતો હતો તે સમયે ચૈત્ર શુક્લા પૂર્ણિમા, બુધવાર અને સ્વાતિ નક્ષત્રમાં વિશેષાવશ્યકભાષ્યની રચના પૂર્ણ થઈ.

પં. શ્રી દલસુખ માલવણિયા આ મતનો વિરોધ કરે છે. તેમની માન્યતા છે કે ઉપર્યુક્ત મત મૂલ ગાથાઓમાંથી ફલિત નથી થતો. તેમના મતાનુસાર આ ગાથાઓમાં

૧. જીતકલ્પચૂર્ણિ, ગા. ૫-૧૦ (જીતકલ્પસૂત્ર : પ્રસ્તાવના, પૃ. ૬-૭).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રચનાવિષયક કોઈ ઉલ્લેખ નથી. તેઓ કહે છે કે ખંડિત અક્ષરોને આપણે જો કોઈ મંદિરનું નામ માની લઈએ તો આ બંને ગાથાઓમાં કોઈ ક્રિયાપદ મળતું નથી. એવી હાલતમાં તેની શક સંવત્ ૫૩૧માં રચના થઈ તેવું નિશ્ચયપૂર્વક નથી કહી શકાતું. વધારે સંભવ એવો છે કે તે પ્રતિ તે સમયે લખાઈને તે મંદિરમાં રાખવામાં આવી હોય. આ મતની પુષ્ટિ માટે કેટલાક પ્રમાણ પણ આપી શકાય છે :—

૧ — આ ગાથાઓ માત્ર જેસલમેરની પ્રતિમાં જ મળે છે, અન્ય કોઈ પ્રતિમાં નહીં. તેનો અર્થ એ થયો કે આ ગાથાઓ મૂલભાષ્યની ન હોતાં પ્રતિ લખાઈ તે સમયની તથા ઉક્ત મંદિરમાં રાખવામાં આવવાના સમયની સૂચક છે. જેસલમેરની પ્રતિ મંદિરમાં રાખવામાં આવેલી પ્રતિના આધારે લખવામાં આવી હોઈ શકે.

૨ — જો આ ગાથાઓને રચનાકાલસૂચક માનવામાં આવે તો તેમની રચના આચાર્ય જિનભદ્રે કરી છે, તે પણ માનવું જ પડશે. એવી સ્થિતિમાં તેમના પરની ટીકા પણ મળવી જોઈએ. પરંતુ વાત એવી નથી. આચાર્ય જિનભદ્ર દ્વારા પ્રારંભમાં કરવામાં આવેલી વિશેષાવશ્યકભાષ્યની સર્વપ્રથમ ટીકામાં અથવા કોટ્યાચાર્ય અને મલધારી હેમચન્દ્રની ટીકાઓમાં આ ગાથાઓની ટીકા નથી મળતી. એટલું જ નહિ પરંતુ આ ગાથાઓના અસ્તિત્વની સૂચના સુદ્ધાં નથી.

આ પ્રમાણોથી એ જ સાબિત થાય છે કે આ ગાથાઓ આચાર્ય જિનભદ્રે ન લખી હોય પરંતુ તે પ્રતિની નકલ કરવા-કરાવનારાએ લખી હોય. એવી સ્થિતિમાં તે પણ સ્વતઃ સિદ્ધ છે કે આ ગાથાઓમાં નિર્દિષ્ટ સમય-રચના સમય નથી પરંતુ પ્રતિલેખનસમય છે. કોટ્યાર્યના ઉલ્લેખથી પણ નિશ્ચિત છે કે આચાર્ય જિનભદ્રની અંતિમ કૃતિ વિશેષાવશ્યકભાષ્ય છે. આ ભાષ્યની સ્વોપજ્ઞ ટીકા તેમનું મૃત્યુ થઈ જવાને કારણે પૂર્ણ ન થઈ શકી.[1]

જો વિશેષાવશ્યકભાષ્યની જેસલમેર સ્થિત ઉક્ત પ્રતિનો લેખનસમય શક સંવત્ ૫૩૧ અર્થાત્ વિક્રમ સંવત્ ૬૬૬ માનવામાં આવે તો વિશેષાવશ્યકભાષ્યનો રચનાસમય તેની પૂર્વેનો જ માનવો પડશે. એ પણ આપણે જાણીએ છીએ કે વિશેષાવશ્યકભાષ્ય આચાર્ય જિનભદ્રની અંતિમ કૃતિ હતી અને તેમની સ્વોપજ્ઞ ટીકા પણ તેમના મૃત્યુના કારણે અપૂર્ણ રહી, એવી દશામાં જો એમ માનવામાં આવે કે જિનભદ્રનો ઉત્તરકાળ વિક્રમ સંવત્ ૬૫૦-૬૬૦ની આસપાસનો રહ્યો હશે તો તે અનુચિત નથી.

આચાર્ય જિનભદ્રે નિમ્નલિખિત ગ્રંથોની રચના કરી છે : ૧. વિશેષાવશ્યકભાષ્ય (પ્રાકૃત પદ્ય), ૨. વિશેષાવશ્યકભાષ્યસ્વોપજ્ઞવૃત્તિ (અપૂર્ણ — સંસ્કૃત ગદ્ય),

૧. ગણધરવાદ : પ્રસ્તાવના, પૃ. ૩૨-૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩. બૃહત્સંગ્રહણી (પ્રાકૃત પદ્ય), ૪. બૃહત્ક્ષેત્રસમાસ (પ્રાકૃત પદ્ય), ૫. વિશેષણવતી (પ્રાકૃત પદ્ય), ૬. જીતકલ્પ (પ્રાકૃત પદ્ય), ૭. જીતકલ્પભાષ્ય (પ્રાકૃત પદ્ય), ૮. અનુયોગદ્વારચૂર્ણિ (પ્રાકૃત ગદ્ય)[૧], ૯. ધ્યાનશતક (પ્રાકૃત પદ્ય). અંતિમ ગ્રંથ અર્થાત્ ધ્યાનશતકના કર્તૃત્વના વિષયમાં હજી વિદ્વાનોને સંદેહ છે.

સંઘદાસગણિ :

સંઘદાસગણિ પણ ભાષ્યકારરૂપે પ્રસિદ્ધ છે. તેમના બે ભાષ્ય ઉપલબ્ધ છે : બૃહત્કલ્પ-લઘુભાષ્ય અને પંચકલ્પ-મહાભાષ્ય. મુનિ શ્રી પુણ્યવિજયજીના મતાનુસાર સંઘદાસગણિ નામના બે આચાર્ય થયા છે : એક વસુદેવહિંડિ — પ્રથમ ખંડના પ્રણેતા અને બીજા બૃહત્કલ્પ-લઘુભાષ્ય તથા પંચકલ્પ-મહાભાષ્યના પ્રણેતા. આ બંને આચાર્ય એક ન હોતાં ભિન્ન-ભિન્ન છે કેમકે વસુદેવહિંડિ-મધ્યમ ખંડના કર્તા આચાર્ય ધર્મસેનગણિ મહત્તરના કથનાનુસાર વસુદેવહિંડિ-પ્રથમ ખંડના પ્રણેતા સંઘદાસગણિ 'વાચક' પદથી વિભૂષિત હતા, જ્યારે ભાષ્યપ્રણેતા સંઘદાસગણિ 'ક્ષમાશ્રમણ' પદાલંકૃત છે.[૨] આચાર્ય જિનભદ્રનો પરિચય આપતી વખતે આપણે જોયું છે કે માત્ર પદવી-ભેદથી વ્યક્તિ-ભેદની કલ્પના નથી કરી શકાતી. એક જ વ્યક્તિ વિવિધ સમયે વિવિધ પદવીઓ ધારણ કરી શકે છે. એટલું જ નહિ, એક જ સમયે એક જ વ્યક્તિ માટે વિભિન્ન દૃષ્ટિએ વિભિન્ન પદવીઓનો પ્રયોગ કરી શકાય છે. ક્યારેક ક્યારેક તો કેટલીક પદવીઓ પરસ્પર પર્યાયવાચી પણ બની જાય છે. એવી સ્થિતિમાં માત્ર 'વાચક' અને 'ક્ષમાશ્રમણ' પદવીઓના આધારે એ નિશ્ચયપૂર્વક નથી કહી શકાતું કે આ પદવીઓ ધારણ કરનાર સંઘદાસગણિ ભિન્ન-ભિન્ન વ્યક્તિ હતા. મુનિ શ્રી પુણ્યવિજયજીએ ભાષ્યકાર તથા વસુદેવહિંડિકાર આચાર્યોને ભિન્ન-ભિન્ન સાબિત કરવા માટે એક વધારે તર્ક આપ્યો છે જે વિશેષ મજબૂત છે. આચાર્ય જિનભદ્રે પોતાના વિશેષણવતી ગ્રંથમાં વસુદેવહિંડિ-પ્રથમ ખંડમાં ચિત્રિત ઋષભદેવચરિતની સંગ્રહણી ગાથાઓ બનાવીને તેનો પોતાના ગ્રંથમાં સમાવેશ પણ કર્યો છે. આનાથી એ સાબિત થાય છે કે વસુદેવસહિંડિ-પ્રથમ ખંડના પ્રણેતા સંઘદાસગણિ આચાર્ય જિનભદ્રના પૂર્વવર્તી છે.[૩] ભાષ્યકાર સંઘદાસગણિ પણ આચાર્ય જિનભદ્રના પૂર્વવર્તી જ છે.

---

૧. આ ચૂર્ણિ અનુયોગદ્વારના અંગુલ પદ પર છે જે જિનદાસની ચૂર્ણિ તથા હરિભદ્રની વૃત્તિમાં અક્ષરશઃ ઉદ્ધૃત છે.

૨. નિર્યુક્તિ-લઘુભાષ્ય-વૃત્ત્યુપેત બૃહત્કલ્પસૂત્ર (છઠ્ઠો ભાગ) : પ્રસ્તાવના, પૃ. ૨૦

૩. એજન, પૃ. ૨૦-૨૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અન્ય ભાષ્યકારો :

આચાર્ય જિનભદ્ર અને સંઘદાસગણિને છોડીને અન્ય ભાષ્યકારોના નામોની જાણ હજી સુધી મળી શકી નથી. એ તો નિશ્ચિત છે કે આ બે ભાષ્યકારો સિવાય અન્ય ભાષ્યકારો પણ થયા છે જેમણે વ્યવહારભાષ્ય વગેરેની રચના કરી છે. મુનિ શ્રી પુણ્યવિજયજીના મતાનુસાર ઓછામાં ઓછા ચાર ભાષ્યકાર તો થયા જ છે. તેમનું કથન છે કે એક શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ, બીજા શ્રી સંઘદાસગણિ ક્ષમાશ્રમણ, ત્રીજા વ્યવહારભાષ્ય વગેરેના પ્રણેતા અને ચોથા બૃહદ્‌ભાષ્ય વગેરેના રચયિતા — આ પ્રમાણે સામાન્ય રીતે ચાર આગમિક ભાષ્યકાર થયા છે. પ્રથમ બે ભાષ્યકારોના નામની તો આપણને ખબર જ છે. બૃહત્કલ્પ-બૃહદ્‌ભાષ્યના પ્રણેતા, જેમનું નામ હજી સુધી અજ્ઞાત છે, તેઓ બૃહત્કલ્પચૂર્ણિકાર તથા બૃહત્કલ્પવિશેષ-ચૂર્ણિકારની પણ પછી થયા છે. આનું કારણ એ છે કે બૃહત્કલ્પલઘુભાષ્યની ૧૬૬૧મી ગાથામાં પ્રતિલેખના સમયનું નિરૂપણ કરવામાં આવ્યું છે. તેમનું વ્યાખ્યાન કરતાં ચૂર્ણિકાર અને વિશેષચૂર્ણિકારે જે આદેશાંતરોનો અર્થાત્ પ્રતિલેખના સમયે સંબંધ ધરાવતી વિવિધ માન્યતાઓનો ઉલ્લેખ કર્યો છે તેનાથી પણ વધારે નવી-નવી માન્યતાઓનો સંગ્રહ બૃહત્કલ્પ-બૃહદ્‌ભાષ્યકારે ઉપર્યુક્ત ગાથા સંબંધિત મહાભાષ્યમાં કર્યો છે જે યાકિનીમહત્તરાસૂનુ આચાર્ય શ્રી હરિભદ્રસૂરિવિરચિત પંચવસ્તુકપ્રકરણની સ્વોપજ્ઞ વૃત્તિમાં ઉપલબ્ધ છે. આનાથી તે સ્પષ્ટ પ્રતીત થાય છે કે બૃહત્કલ્પ-બૃહદ્‌ભાષ્યના પ્રણેતા બૃહત્કલ્પચૂર્ણિ તથા વિશેષચૂર્ણિના પ્રણેતાઓની પછી થયા છે. તેઓ આચાર્ય હરિભદ્રસૂરિથી કંઈક પૂર્વવર્તી અથવા સમકાલીન છે. હવે રહી વાત વ્યવહારભાષ્યના પ્રણેતા કોણ અને તેઓ ક્યારે થયા ? આટલું હોવા છતાં પણ એમ નિશ્ચયપૂર્વક કહી શકાય છે કે વ્યવહારભાષ્યકાર જિનભદ્રના પણ પૂર્વવર્તી છે.[૧] તેનું પ્રમાણ એ છે કે આચાર્ય જિનભદ્રે પોતાના વિશેષણવતી ગ્રંથમાં વ્યવહારના નામની સાથે જે વિષયનો ઉલ્લેખ કર્યો છે તે વ્યવહારસૂત્રના છઠ્ઠા ઉદ્દેશકના ભાષ્યમાં ઉપલબ્ધ થાય છે.[૨] તેનાથી સહજ જ અનુમાન કરી શકાય છે કે

---

૧. નિર્યુક્તિ-લઘુભાષ્ય-વૃત્ત્યુપેત બૃહત્કલ્પસૂત્ર (છઠ્ઠો ભાગ) : પ્રસ્તાવના, પૃ. ૨૧-૨૨.

૨. સીહો સુદાઢનાગો, આસગ્ગીવો ય હોઇ અણ્ણેસિં ।
સિંહો મિગદ્ધઓ ત્તિ ય, હોઇ વસુદેવચરિયમ્મિ ॥
સીહો ચેવ સુદાઢો, જં રાયગિહમ્મિ કવિલબડુઓ ત્તિ ।
સીસઇ વવહારે ગોયમોવસમિઓ સ ણિક્ખંત ॥
વિશેષણવતી, ૩૩-૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યવહારભાષ્યકાર આચાર્ય જિનભદ્રની પણ પહેલાં થયા છે.

●

सीहो तिविट्ठ निहतो, भमिउं रायगिह कवलिबडुग त्ति ।
जिणवर कहणमणुवसम; गोयमोवसम दिक्खा य ॥

— व्यवहारभाष्य, १९२.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વિતીય પ્રકરણ

વિશેષાવશ્યકભાષ્ય

વિશેષાવશ્યકભાષ્ય[૧] એક એવો ગ્રંથ છે જેમાં જૈન આગમોમાં વર્ણિત બધા મહત્ત્વપૂર્ણ વિષયોની ચર્ચા કરવામાં આવી છે. જૈન જ્ઞાનવાદ, પ્રમાણશાસ્ત્ર, આચારનીતિ, સ્યાદ્વાદ, નયવાદ, કર્મસિદ્ધાંત વગેરે બધા વિષયો સાથે સંબંધિત સામગ્રીની પ્રચુરતાનું દર્શન આ ગ્રંથમાં સહજ જ ઉપલબ્ધ થાય છે. આ ગ્રંથની એક બહુ મોટી વિશેષતા એ છે કે આમાં જૈન તત્ત્વનું નિરૂપણ માત્ર જૈન દૃષ્ટિથી ન કરતાં અન્ય દાર્શનિક માન્યતાઓની તુલના સાથે થયું છે. આચાર્ય જિનભદ્રે આગમોની બધા પ્રકારની માન્યતાઓનું જેવું તર્કપુરસ્સર નિરૂપણ આ ગ્રંથમાં કર્યું છે તેવું અન્યત્ર જોવા નથી મળતું. આ જ કારણ છે કે જૈનાગમોના તાત્પર્યને સારી રીતે સમજવા માટે વિશેષાવશ્યકભાષ્ય એક અત્યંત ઉપયોગી ગ્રંથ છે. આચાર્ય જિનભદ્રના ઉત્તરવર્તી જૈનાચાર્યોએ વિશેષાવશ્યકભાષ્યની સામગ્રી અને તર્કપદ્ધતિનો ઉદારતાપૂર્વક ઉપયોગ કર્યો છે. તેમની પછી લખવામાં આવેલ આગમની વ્યાખ્યા કરતો એક પણ મહત્ત્વપૂર્ણ ગ્રંથ એવો નથી જેમાં વિશેષાવશ્યકભાષ્યનો આધાર ન લેવામાં આવ્યો હોય.

આ સંક્ષિપ્ત ભૂમિકા સાથે હવે આપણે વિશેષાવશ્યકભાષ્યના વિસ્તૃત પરિચયની તરફ વધીએ. આ ગ્રંથ આવશ્યકસૂત્રની વ્યાખ્યારૂપે છે. આમાં માત્ર પ્રથમ અધ્યયન અર્થાત્ સામાયિક સંબંધિત નિર્યુક્તિની ગાથાઓનું વિવેચન કરવામાં આવ્યું છે.

ઉપોદ્‌ઘાત :

સર્વપ્રથમ આચાર્યે પ્રવચનને પ્રણામ કર્યા છે તથા ગુરુના ઉપદેશાનુસાર સકલ ચરણ-ગુણસંગ્રહરૂપ આવશ્યકાનુયોગ કરવાની પ્રતિજ્ઞા કરી છે. તેનાં ફળ વગેરેનો

---

૧. (ક) શિષ્યહિતાખ્ય બૃહદ્‌વૃત્તિ (મલધારી હેમચન્દ્રકૃત ટીકા) સહિત – યશોવિજય જૈન ગ્રંથમાલા, બનારસ, વીર સંવત્ ૨૪૨૭-૨૪૪૧.

(ખ) ગુજરાતી અનુવાદ – આગમોદય સમિતિ, મુંબઈ, સન્ ૧૯૨૪-૧૯૨૭.

(ગ) વિશેષાવશ્યકગાથાનામકારાદિઃ ક્રમઃ તથા વિશેષાવશ્યકવિષયાણામનુક્રમઃ – આગમોદય સમિતિ, મુંબઈ, સન્ ૧૯૨૩.

(ઘ) સ્વોપજ્ઞ વૃત્તિસહિત (પ્રથમ ભાગ) – લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ, સન્ ૧૯૬૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિચાર કરતાં ભાષ્યકાર કહે છે કે આવશ્યકાનુયોગનો ફળ, યોગ, મંગલ, સમુદાયાર્થ, દ્વારોપન્યાસ, તદ્‌ભેદ, નિરુક્ત, ક્રમપ્રયોજન વગેરે દૃષ્ટિઓથી વિચાર કરવો જોઈએ.[૧]

ફલદ્વાર :

આવશ્યકાનુયોગનું ફળ આ છે : જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ થાય છે અને આવશ્યક જ્ઞાન-ક્રિયામય છે, આથી તેના વ્યાખ્યાનરૂપ કારણથી મોક્ષલક્ષણરૂપ કાર્યસિદ્ધિ થાય છે.[૨]

યોગદ્વાર :

યોગદ્વારની વ્યાખ્યા આ મુજબ છે : જે રીતે વૈદ્ય બાળક વગેરે માટે યથોચિત આહારની સંમતિ આપે છે, તે જ રીતે મોક્ષમાર્ગાભિલાષી ભવ્ય માટે પ્રારંભમાં આવશ્યકનું આચરણ યોગ્ય છે – ઉપયુક્ત છે.[૩] આચાર્ય શિષ્યને પંચનમસ્કાર કર્યા પછી સર્વપ્રથમ વિધિપૂર્વક સામાયિક વગેરે આપે છે; તેની પછી ક્રમશઃ શેષ શ્રુતિનો પણ બોધ કરાવે છે,[૪] કેમકે સ્થવિરકલ્પનો ક્રમ તે જ રીતે છે. તે ક્રમ આમ છે : પ્રવ્રજ્યા, શિક્ષાપદ, અર્થગ્રહણ, અનિયતવાસ, નિષ્પત્તિ, વિહાર અને સામાચારીસ્થિતિ.[૫] અહીં એક શંકા થાય છે કે જો પહેલાં નમસ્કાર કરવો જોઈએ અને પછી સામાયિકાદિ આવશ્યક ગ્રહણ કરવું જોઈએ, તો સર્વપ્રથમ નમસ્કારનો અનુયોગ કરવો જોઈએ અને ત્યાર પછી આવશ્યકનો અનુયોગ કરવો યોગ્ય છે. તેનો ઉત્તર આપતાં ભાષ્યકાર કહે છે કે નમસ્કાર બધા શ્રુતસ્કંધ અભ્યંતર છે આથી આવશ્યકાનુયોગના ગ્રહણ સાથે જ તેનું પણ ગ્રહણ થઈ જ જાય છે. નમસ્કાર સર્વશ્રુતસ્કન્ધાભ્યાન્તર છે તેનું શું પ્રમાણ ? તેની સર્વશ્રુતાભ્યન્તરતાનું એ જ પ્રમાણ છે કે તેને પ્રથમ મંગલ કહેવામાં આવ્યું છે. બીજી વાત એ છે કે તેનું નંદીમાં પૃથક્ શ્રુતસ્કન્ધ રૂપે ગ્રહણ નથી કરવામાં આવ્યું.[૬]

મંગલદ્વાર :

હવે મંગલદ્વારની ચર્ચા શરૂ થાય છે. મંગલની શું ઉપયોગિતા છે, તે બતાવતાં કહેવામાં આવ્યું છે કે શ્રેષ્ઠ કાર્યમાં અનેક વિઘ્નો ઉપસ્થિત થયા કરે છે. તેમની શાંતિ માટે મંગલ કરવામાં આવે છે. શાસ્ત્રમાં મંગલ ત્રણ સ્થાનો પર થાય છે : આદિ, મધ્ય અને અંત. પ્રથમ મંગલનું પ્રયોજન શાસ્ત્રાર્થની અવિઘ્નપૂર્વક સમાપ્તિ છે, દ્વિતીયનું પ્રયોજન તેની સ્થિરતા છે અને તૃતીયનું પ્રયોજન તેની શિષ્ય-પ્રશિષ્યાદિ વંશપર્યંત અવ્યવચ્છિત્તિ છે.[૭] ભાષ્યકારે મંગલનો શબ્દાર્થ આ મુજબ કર્યો છે :

---

૧. ગા.૧-૨. ૨. ગા. ૩ ૩. ગા. ૪. ૪. ગા. ૫.
૫. ગા. ૭. ૬. ગા. ૮-૧૦. ૭. ગા. ૧૨-૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मंग्यतेऽधिगम्यते येन हितं तेन मंगलं भवति અર્થાત્ જેનાથી હિતની સિદ્ધિ થાય છે તે મંગલ છે. અથવા मंगो धर्मस्तं लाति तकं समादत्ते અર્થાત્ જે ધર્મનું સમાદાન કરે છે તે મંગલ છે. અથવા નિપાતનથી મંગલનો અર્થ ઈષ્ટાર્થપ્રકૃતિ થઈ શકે છે. અથવા मां गालयति भवाद् અર્થાત્ જે ભવચક્રથી મુક્ત કરે છે તે મંગલ છે. તેના નામાદિ ચાર પ્રકાર છે.[૧] ત્યારબાદ આચાર્યે નામ, સ્થાપના, દ્રવ્ય, અને ભાવમંગલના સ્વરૂપનો વિસ્તારપૂર્વક વિચાર કર્યો છે. દ્રવ્યમંગલની ચર્ચા કરતી વખતે નયોનાં સ્વરૂપ, ક્ષેત્ર વગેરે તરફ પણ નિર્દેશ કર્યો છે.[૨] ચાર પ્રકારના મંગલોમાં એકબીજાની શું વિશેષતા છે, તે તરફ નિર્દેશ કરતાં આચાર્ય કહે છે કે જેવો આકાર, અભિપ્રાય, બુદ્ધિ, ક્રિયા અને ફળ સ્થાપનેન્દ્રમાં જોવામાં આવે છે, તેવો ન નામેન્દ્રમાં જોવામાં આવે છે, ન દ્રવ્યેન્દ્રમાં. તે જ રીતે જેવો ઉપયોગ અને પરિણમન દ્રવ્ય અને ભાવમાં જોવામાં આવે છે, તેવું ન નામમાં છે, ન સ્થાપનામાં.[૩] વસ્તુનું અભિધાન માત્ર નામ છે, તેનો આકાર સ્થાપના છે, તેની કારણતા દ્રવ્ય છે અને તેની કાર્યાપન્નતા ભાવ છે.[૪] પ્રકારાન્તરથી મંગલની વ્યાખ્યા કરતાં ભાષ્યકાર કહે છે કે નંદીને પણ મંગલ કહી શકાય છે. તેના પણ મંગલની જેમ ચાર પ્રકાર છે. તેમાંથી ભાવનંદી પંચજ્ઞાનરૂપ છે.[૫] તે પાંચ જ્ઞાન છે : આભિનિબોધિકજ્ઞાન (મતિજ્ઞાન), શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવલજ્ઞાન.[૬]

જ્ઞાનપંચક :

અભિનિબોધનો અર્થ છે અર્થાભિમુખ નિયત બોધ. આ જ આભિનિબોધિક જ્ઞાન (મતિજ્ઞાન) છે. જે સાંભળવામાં આવે છે અથવા જે સાંભળે છે અથવા જેનાથી સાંભળવામાં આવે છે તે શ્રુત છે. અવધિનો અર્થ છે મર્યાદા. જેનાથી મર્યાદિત દ્રવ્યાદિ જાણવામાં આવે છે તે અવધિજ્ઞાન છે. જે મનના પર્યાયોને જાણે છે તે મનઃપર્યયજ્ઞાન છે. પર્યયનો અર્થ પર્યવન, પર્યયન અને પર્યાય છે. કેવલજ્ઞાન એકલું અર્થાત્ અસહાય છે, શુદ્ધ છે, પૂર્ણ છે, અસાધારણ છે, અનન્તર છે.[૭] તેની પછી આચાર્યે એ સિદ્ધ કર્યું છે કે આ પાંચ પ્રકારોને આ જ ક્રમથી કેમ ગણાવવામાં આવ્યા છે. આ પાંચ જ્ઞાનોમાંથી મતિ અને શ્રુત પરોક્ષ છે, બાકીના પ્રત્યક્ષ છે. અક્ષનો અર્થ છે જીવ. જે જ્ઞાન સીધું જીવથી ઉત્પન્ન થાય છે તેને પ્રત્યક્ષ કહે છે. જે જ્ઞાન દ્રવ્યેન્દ્રિય અને દ્રવ્યમનની સહાયતાથી ઉત્પન્ન થાય છે તે પરોક્ષ છે.[૮] વૈશેષિકાદિસમ્મત ઈન્દ્રિયોત્પન્ન પ્રત્યક્ષનું ખંડન કરતાં આચાર્ય કહે છે કે કેટલાક લોકો ઈન્દ્રિયોને અક્ષ માને છે અને તેમનાથી ઉત્પન્ન જ્ઞાનને પ્રત્યક્ષ કહે છે, તે બરાબર નથી. ઈન્દ્રિયો ઘટાદિની જેમ

૧: ગા. ૨૨-૪. ૨. ગા. ૨૫-૫૧. ૩. ગા. ૫૩-૪. ૪. ગા. ૬૦.
૫. ગા. ૭૮. ૬. ગા. ૭૯. ૭. ગા. ૮૦-૪. ૮. ગા. ૮૫-૯૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અચેતન છે, આથી તેમનાથી જ્ઞાન ઉત્પન્ન નથી થઈ શકતું.[૧] ઈન્દ્રિય-મનોજન્ય જ્ઞાનને પરોક્ષ સિદ્ધ કરવા માટે અનેક હેતુ પ્રસ્તુત કરતાં ભાષ્યકારે એ જ નિષ્કર્ષ કાઢ્યો છે કે લૈંગિક અર્થાત્ અનુમાનજન્ય જ્ઞાન એકાન્તરૂપે પરોક્ષ છે; અવધિઆદિ એકાન્તરૂપે પ્રત્યક્ષ છે; ઈન્દ્રિય મનોજન્ય જ્ઞાન સંવ્યવહારપ્રત્યક્ષ છે.[૨]

મતિ અને શ્રુત :

મતિ અને શ્રુતના લક્ષણભેદની ચર્ચા કરતાં આચાર્ય કહે છે કે જે વિજ્ઞાન ઈન્દ્રિય-મનોનિમિત્તક તથા શ્રુતાનુસારી છે તે ભાવશ્રુત છે. બાકીનું મતિ છે.[૩] બીજી વાત એ છે કે શ્રુત મતિપૂર્વક થાય છે પરંતુ મતિ શ્રુતપૂર્વક નથી થતી.[૪] ભાષ્યકારે આ વિષય પર વિસ્તૃત ચર્ચા કરી છે કે શ્રુત મતિપૂર્વક થાય છે, તેનો શો અર્થ છે? દ્રવ્યશ્રુત અને ભાવશ્રુત વચ્ચે શું સંબંધ છે ? દ્રવ્યશ્રુત મતિપૂર્વક થાય છે અથવા ભાવશ્રુત ?[૫] મતિ અને શ્રુતમાં એક ભેદ એ પણ છે કે શ્રુત શ્રોત્રેન્દ્રિયોપલબ્ધિ છે, બાકીની મતિ છે. અહીં એક શંકા થાય છે કે શ્રોત્રેન્દ્રિયોપલબ્ધિ જો શ્રુત જ છે, તો શ્રોત્રેન્દ્રિયજન્ય અવગ્રહ વગેરેનું શું થશે ? જો શ્રોત્રેન્દ્રિયજન્ય અવગ્રહ વગેરે બુદ્ધિને મતિ માનવામાં આવે તો તે શ્રુત નથી થઈ શકતી; શ્રુત માનવામાં આવે તો મતિ નથી થઈ શકતી; બંને માનવાથી સંકર દોષનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. આનું સમાધાન કરતાં ભાષ્યકાર કહે છે અમારું પ્રયોજન તે છે કે શ્રોત્રેન્દ્રિયોપલબ્ધિ જ શ્રુત છે, નહિ કે શ્રોત્રેન્દ્રિયોપલબ્ધિ શ્રુત જ છે. ક્યાંક-ક્યાંક (અશ્રુતાનુસારિણી) શ્રોત્રેન્દ્રિયોપલબ્ધિ મતિ પણ હોય છે.[૬] પત્રાદિગત સામગ્રી શ્રુતનું કારણ હોવાથી શબ્દની જેમ દ્રવ્યશ્રુત માનવામાં આવી છે. અક્ષરલાભ ભાવશ્રુત છે. બાકીની મતિજ્ઞાન છે.[૭] અનભિલાપ્ય પદાર્થોનો અનંતમો ભાગ પ્રજ્ઞાપનીય છે. પ્રજ્ઞાપનીય પદાર્થોનો અનંતમો ભાવ શ્રુતનિબદ્ધ છે. એવું કેમ ? કેમકે જેઓ ચતુર્દશપૂર્વધર હોય છે તેઓ પરસ્પર ષટ્સ્થાનપતિત હોય છે અને એટલા માટે જે સૂત્રો છે તે પ્રજ્ઞાપનીય ભાવોનો અનંતમો ભાગ છે.[૮] મતિ અને શ્રુતના ભેદને સ્પષ્ટ કરવા માટે વલ્ક અને શુંબના ઉદાહરણની યુક્તિયુક્ત પરીક્ષા કરતાં ભાષ્યકારે તે સિદ્ધ કર્યું છે કે મતિ વલ્ક સમાન છે અને ભાવશ્રુત શુંબ સમાન છે.[૯] આ જ રીતે અક્ષર અને અનક્ષરના ભેદથી પણ શ્રુત અને મતિની વ્યાખ્યા કરી છે.[૧૦] મૂક અને ઈતર ભેદથી મતિ અને શ્રુતના ભેદનો વિચાર કરતાં આચાર્યે એમ પ્રતિપાદન કર્યું છે કે કરાદિચેષ્ટા શબ્દાર્થ જ છે,

---

૧. ગા. ૯૧. ૨. ગા. ૯૫. ૩. ગા. ૧૦૦. ૪. ગા. ૧૦૫.
૫. ગા. ૧૦૬-૧૧૩. ૬. ગા. ૧૨૨. ૭. ગા. ૧૨૪. ૮. ગા. ૧૪૧-૨
૯. ગા. ૧૫૪-૧૬૧. ૧૦. ગા. ૧૬૨-૧૭૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેમકે તે તેનું જ કામ કરે છે અને તે રીતે શ્રુતજ્ઞાનનું કારણ છે, નહિ કે મતિનું.[૧] અહીં સુધી મતિ-શ્રુતના ભેદનો અધિકાર છે.

આભિનિબોધિક જ્ઞાન :

આભિનિબોધિક જ્ઞાનના ભેદો તરફ નિર્દેશ કરતાં આગળ કહેવામાં આવ્યું છે કે ઈન્દ્રિય-મનોનિમિત્ત જે આભિનિબોધિક જ્ઞાન છે તેના બે ભેદ છે : શ્રુતનિશ્રિત અને અશ્રુતનિશ્રિત. આ બંનેના ફરી ચાર-ચાર ભેદ થાય છે : અવગ્રહ, ઈહા, અપાય અને ધારણા. સામાન્યરૂપે અર્થનું અવગ્રહણ અવગ્રહ છે, ભેદની માર્ગણા કરવી ઈહા છે, તેનો નિશ્ચય અપાય છે અને તેની અવિચ્યુતિ ધારણા છે.[૨] જે લોકો સામાન્યવિશેષના ગ્રહણને અવગ્રહ કહે છે તેમનો મત ઠીક નથી કેમકે તેમાં અનેક દોષો છે. કેટલાક લોકો એમ કહે છે કે ઈહા સંશયમાત્ર છે, તે બરાબર નથી, કેમકે સંશય તો અજ્ઞાન છે જ્યારે ઈહા જ્ઞાન છે. આવી સ્થિતિમાં જ્ઞાનરૂપ ઈહા અજ્ઞાનરૂપ સંશય કેવી રીતે હોઈ શકે ?[૩] આ જ રીતે અપાય અને ધારણાસંબંધી મતાંતરોનું પણ ભાષ્યકારે ખંડન કર્યું છે.

અવગ્રહ બે પ્રકારનો છે : વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહ. જેમાં અર્થ (પદાર્થ) પ્રકટ થાય છે તે વ્યંજનાવગ્રહ છે. ઉપકરણેન્દ્રિય અને શબ્દાદિરૂપથી પરિણત દ્રવ્યનો પારસ્પરિક સંબંધ વ્યંજનાવગ્રહ છે.[૪] આના ચાર ભેદ છે : સ્પર્શન, રસન, ઘ્રાણ અને શ્રોત. નયન અને મન અપ્રાપ્યકારી છે આથી તેમનાથી વ્યંજનાગ્રહ નથી થતો. જે લોકો શ્રોત્ર અને ઘ્રાણને પણ અપ્રાપ્યકારી માને છે તેમના મતનું ખંડન કરતાં ભાષ્યકારે એમ સિદ્ધ કર્યું છે કે સ્પર્શન અને રસનની જેમ જ ઘ્રાણ અને શ્રોત્ર પણ પ્રાપ્ત અર્થનું જ ગ્રહણ કરે છે.[૫] આ જ રીતે નયન અને મનની અપ્રાપ્યકારિતાનું પણ રોચક રીતે સમર્થન કરવામાં આવ્યું છે.[૬] વિશેષ કરીને જ્યાં સ્વપ્નનો પ્રસંગ આવે છે ત્યાં તો આચાર્યે પ્રતિપાદનની કુશળતા તથા રોચકતાનો પરિચય ખૂબ જ સુંદર રીતે આપ્યો છે. વ્યંજનાગ્રહના સ્વરૂપનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યા બાદ અર્થાવગ્રહનું વ્યાખ્યાન કર્યું છે, જેમાં અનેક શંકાઓનું સમાધાન કરતાં વ્યવહારિક તથા નૈશ્ચયિક દૃષ્ટિએ અર્થાવગ્રહના વિષય, સમય વગેરેનો નિર્ણય કર્યો છે.[૭] તે પછી ઈહા, અપાય અને ધારણના સ્વરૂપની ચર્ચા કરવામાં આવી છે. મતિજ્ઞાનના મુખ્યરૂપે બે ભેદ છે : શ્રુતનિશ્રિત અને અશ્રુતનિશ્રિત. શ્રુતનિશ્રિતના અવગ્રહાદિ ચાર ભેદ છે. અવગ્રહના ફરી બે ભેદ છે : વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહ.

---

૧. ગા. ૧૭૧-૫. ૨. ગા. ૧૭૭-૧૮૦. ૩. ગા. ૧૮૧-૨. ૪. ગા. ૧૯૩-૪.
૫. ગા. ૨૦૪-૮. ૬. ગા. ૨૦૯-૨૩૬. ૭. ગા. ૨૩૭-૨૮૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યંજનાવગ્રહ શ્રોત્રાદિ ચાર પ્રકારનો છે. અર્થાવગ્રહ, ઈહા, અપાય અને ધારણાના શ્રોત્રાદિ પાંચ ઈન્દ્રિયો અને મન-આ છથી ઉત્પન્ન થવાના કારણે પ્રત્યેકના છ ભેદ થાય છે. આ રીતે વ્યંજનાવગ્રહના ૪ તથા અર્થાવગ્રહાદિના ૨૪ મળીને કુલ ૨૮ ભેદ થયા. આ શ્રુતનિશ્રિત મતિજ્ઞાનના ભેદ છે. કેટલાક લોકો અવગ્રહના બે ભેદોને અલગ ન ગણાવતાં અવગ્રહ, ઈહા, અપાય અને ધારણા-આ ચારેના છ-છ ભેદ કરીને શ્રુતનિશ્રિત મતિના ૨૪ ભેદ કરે છે અને તેમાં અશ્રુતનિશ્રિત મતિના ઔત્પત્તિકી, વૈનયિકી, કાર્મિકી અને પારિણામિકી આ ચાર ભેદો ઉમેરીને સમગ્ર મતિજ્ઞાનના ૨૮ ભેદ કરે છે.[૧] ભાષ્યકારે આ મતનું ખંડન કર્યું છે. ઉપર્યુક્ત ૨૮ પ્રકારના શ્રુતનિશ્રિત મતિજ્ઞાનના બહુ, બહુવિધ, ક્ષિપ્ર, અનિશ્રિત, નિશ્રિત અને ધ્રુવ-આ છ તથા તેનાથી વિપરીત છ બીજા-આ રીતે પ્રત્યેકના ૧૨ ભેદ થાય છે. આ રીતે શ્રુતનિશ્રિત મતિના ૨૮ x ૧૨ = ૩૩૬ ભેદ થાય છે.[૨] ત્યાર પછી આચાર્યે સંશય જ્ઞાન છે કે અજ્ઞાન તેની ચર્ચા કરતાં સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિની વિશેષતાઓ પર પ્રકાશ પાડ્યો છે.[૩] અવગ્રહાદિની કાળમર્યાદા આ મુજબ છે : અવગ્રહ એક સમયપર્યંત રહે છે, ઈહા અને અપાય અંતર્મુહૂર્ત સુધી રહે છે, ધારણા અન્તર્મુહૂર્ત, સંખ્યેયકાલ તથા અસંખ્યેયકાલ સુધી રહે છે. આ વાતને વધારે સ્પષ્ટ કરતાં કહેવામાં આવ્યું છે કે માત્ર નૈશ્ચયિક અર્થાવગ્રહ એક સમયપર્યન્ત રહે છે. વાસનારૂપ ધારણાને છોડીને બાકી વ્યંજનાવગ્રહ એક સમયપર્યન્ત રહે છે. વાસનારૂપ ધારણાને છોડીને બાકી વ્યંજનાવગ્રહ, વ્યાવહારિક અર્થાવગ્રહ, ઈહા વગેરે પ્રત્યેકનો કાળ અન્તર્મુહૂર્ત છે. વાસનારૂપ ધારણા જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમની વિશિષ્ટતાને કારણે સંખ્યેય અથવા અસંખ્યેય કાળપર્યન્ત રહે છે.[૪] ત્યાર બાદ ભાષ્યકારે ઈન્દ્રિયોની પ્રાપ્તકારિતા અને અપ્રાપ્તકારિકાના સામીપ્ય, દૂરતા, કાળ વગેરે સાથે સંબંધ રાખનારી વાતો પર પ્રકાશ પાડ્યો છે.[૫] આ પ્રસંગે ભાષા, શરીર, સમુદ્‌ઘાત વગેરે વિષયોનો પણ વિસ્તૃત પરિચય આપવામાં આવ્યો છે.

મતિજ્ઞાન જ્ઞેયભેદથી ચાર પ્રકારનું છે. સામાન્ય રીતે મતિજ્ઞાનોપયુક્ત જીવ દ્રવ્યાદિ ચારે પ્રકારોને જાણે છે. આ ચાર પ્રકાર છે : દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ.[૬] નિર્યુક્તિકારનું અનુસરણ કરતાં આગળની કેટલીક ગાથાઓમાં આભિનિબોધિક જ્ઞાનનો સત્પદપ્રરૂપણતા, દ્રવ્યપ્રમાણ, ક્ષેત્ર, સ્પર્શન, કાલ, અંતર, ભાગ, ભાવ અને અલ્પ-બહુત્વ—આ દ્વારો વડે વિચાર કરવામાં આવ્યો છે. પ્રસંગવશ વ્યવહારવાદ અને નિશ્ચયવાદના પારસ્પરિક મતભેદનું દિગ્દર્શન કરાવવા સાથે બંનેના સ્યાદ્વાદ-સમ્મત સામંજસ્યનું નિરૂપણ કરવામાં આવ્યું છે.[૭]

---

૧. ગા. ૩૦૦-૨. ૨. ગા. ૩૦૭. ૩. ૩૦૮-૩૩૨. ૪. ગા. ૩૩૩-૪.
૫. ગા. ૩૪૦-૩૯૫. ૬. ગા. ૪૦૨-૪. ૭. ગા. ૪૦૬-૪૪૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રુતજ્ઞાન :

શ્રુતજ્ઞાનની ચર્ચા કરતાં કહેવામાં આવ્યું છે કે લોકમાં જેટલા પણ પ્રત્યેકાક્ષર છે અને જેટલા પણ તેમના સંયોગ છે તેટલી જ શ્રુતજ્ઞાનની પ્રકૃતિઓ હોય છે. સંયુક્ત અને અસંયુક્ત એકાક્ષરોના અનંત સંયોગ હોય છે અને તેમાંથી પણ પ્રત્યેક સંયોગના અનંત પર્યાય હોય છે.[૧] શ્રુતજ્ઞાનનો ચૌદ પ્રકારના નિક્ષેપોથી વિચાર કરવામાં આવે છે. તે ચૌદ પ્રકાર આ છે : અક્ષર, સંજ્ઞી, સમ્યક્, સાદિક, સપર્યવસિત, ગમિક અને અંગપ્રવિષ્ટ – આ સાત અને સાત તેમના વિરોધી.[૨]

અક્ષર ત્રણ પ્રકારનો છે : સંજ્ઞાક્ષર, વ્યંજનાક્ષર અને લબ્ધ્યક્ષર. જેટલા પણ લિપિભેદ છે તે બધા સંજ્ઞાક્ષરને કારણે છે. જેનાથી અર્થની અભિવ્યક્તિ થાય છે તેને વ્યંજનાક્ષર કહે છે. અક્ષરની ઉપલબ્ધિ અર્થાત્ લાભને લબ્ધ્યક્ષર કહે છે. તે વિજ્ઞાનરૂપ છે, ઈન્દ્રિય-મનોનિમિત્તક છે તથા આવરણના ક્ષયોપશમથી ઉત્પન્ન થાય છે. આમાંથી સંજ્ઞાક્ષર અને વ્યંજનાક્ષર દ્રવ્યશ્રુતરૂપ છે તથા લબ્ધ્યક્ષર ભાવશ્રુતરૂપ છે.[૩] શ્રુતજ્ઞાનના પ્રસંગને દૃષ્ટિમાં રાખતાં ભાષ્યકારે તે પણ સાબિત કર્યું છે કે એકેન્દ્રિયાદિ અસંજ્ઞી જીવોને અક્ષરનો લાભ (લબ્ધ્યક્ષર) કેવી રીતે થાય છે.[૪] ઉચ્છ્વસિત, નિઃશ્વસિત, નિષ્ઠ્યૂત, કાસિત, ક્ષુત, નિઃસંધિત, અનુસ્વાર, સેણ્ટિત વગેરે અનક્ષર છે.[૫]

જેને સંજ્ઞા હોય છે તેને સંજ્ઞી કહે છે. સંજ્ઞા ત્રણ પ્રકારની છે : કાલિકી, હેતુવાદોપદેશિકી અને દૃષ્ટિવાદોપદેશિકી. કાલિકી સંજ્ઞાવાળો અતીત અને અનાગત વસ્તુનું ચિંતન કરવા સમર્થ હોય છે.[૬] હેતુવાદોપદેશિકી સંજ્ઞાવાળો જીવ સ્વદેહપરિપાલનની દૃષ્ટિથી ઈષ્ટ અને અનિષ્ટ વસ્તુનો વિચાર કરતો કરતો તેમાં પ્રવૃત્ત અથવા નિવૃત્ત થાય છે. આ સંજ્ઞા ઘણું કરી સાંપ્રતકાલીન અર્થાત્ વર્તમાનકાળમાં જ થાય છે. અતીત અને અનાગતની ચિંતા આનો વિષય નથી થતો. ક્ષાયોપશમિક જ્ઞાનમાં વર્તમાન સમ્યગ્દૃષ્ટિ જીવ દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞાવાળો છે. આ દૃષ્ટિએ મિથ્યાદૃષ્ટિ અસંજ્ઞી છે.[૭] પૃથિવી, અપ્, તેજસ્, વાયુ અને વનસ્પતિમાં ઓઘસંજ્ઞા (વૃક્ષારોહણાદિ અભિપ્રાયરૂપ) હોય છે. દ્વીન્દ્રિયાદિમાં હેતુસંજ્ઞા રહે છે. સુર, નારક અને ગર્ભોદ્ભવ પ્રાણીઓમાં કાલિકી સંજ્ઞા હોય છે. છદ્મસ્થ સમ્યગ્દૃષ્ટિ જીવોમાં દૃષ્ટિવાદ સંજ્ઞા રહે છે. કેવલીઓમાં કોઈ પ્રકારની સંજ્ઞા નથી હોતી, કેમકે સ્મરણ, ચિંતા વગેરે મતિ-વ્યાપારોથી તેઓ વિમુક્ત હોય છે, આથી તેઓ સંજ્ઞાતીત છે.[૮]

---

૧. ગા. ૪૪૪-૫. ૨. ગા. ૪૫૩-૪. ૩. ગા. ૪૬૪-૭.
૪. ગા. ૪૭૪-૬. ૫. ગા. ૫૦૧ (નિર્યુક્તિ) ૬. ગા. ૫૦૪-૮.
૭. ગા. ૫૧૫-૭. ૮. ગા. ૫૨૩-૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંગપ્રવિષ્ટ આચારાદિ શ્રુત તથા અનંગપ્રવિષ્ટ આવશ્યકાદિ શ્રુત સમ્યક્‌શ્રુતની કોટિમાં છે. લૌકિક મહાભારતાદિ શ્રુત મિથ્યાશ્રુત છે. સ્વામિત્વની દૃષ્ટિએ વિચાર કરતાં સમ્યગ્‌દૃષ્ટિપરિગૃહીત લૌકિક શ્રુત પણ સમ્યક્‌શ્રુતની કોટિમાં આવી જાય છે જ્યારે મિથ્યાદૃષ્ટિપરિગૃહીત આચારાદિ સમ્યક્‌શ્રુત પણ મિથ્યાશ્રુતની કોટિમાં ચાલી જાય છે. તાત્પર્ય એ છે કે સમ્યક્ત્વપરિગૃહીત શ્રુત સમ્યક્‌ હોય છે. સમ્યક્ત્વ પાંચ પ્રકારનું છે : ઔપશમિક, સાસ્વાદન, ક્ષાયોપશમિક, વેદક તથા ક્ષાયિક. ભાષ્યકારે આ પ્રકારોનો સંક્ષિપ્ત પરિચય આપ્યો છે.[૧]

દ્રવ્યાસ્તિક નયની અપેક્ષાએ શ્રુત પંચાસ્તિકાયની જેમ અનાદિ તથા અપર્યવસિત — અનંત છે અને પર્યાયાસ્તિક નયની દૃષ્ટિએ જીવના ગતિપર્યાયોની જેમ સાદિ તથા સપર્યવસિત — સાન્ત છે.[૨] જે વાત શ્રુત માટે કહેવામાં આવી છે તે જ સંસારના સમસ્ત પદાર્થો માટે છે. પ્રત્યેક પદાર્થ પ્રતિક્ષણ ઉત્પન્ન થાય છે, નષ્ટ થાય છે તથા નિત્યરૂપથી સ્થિત રહે છે. આ જ રીતે સુખ-દુઃખ, બંધ-મોક્ષ વગેરેનો સદ્‌ભાવ સિદ્ધ કરી શકાય છે.[૩]

ગમનો અર્થ થાય છે ભંગ અર્થાત્‌ ગણિતાદિ વિશેષ. તે જેમાં હોય તેને ગમિક કહેવાય છે. અથવા ગમનો અર્થ છે સદૃશ પાઠ. તે જેમાં વધારે હોય તેને ગમિક કહે છે. જે શ્રુતમાં આ પ્રકારની સામગ્રી ન હોય તે અગમિક શ્રુત છે.[૪]

દ્વાદશાંગરૂપ ગણધરકૃત શ્રુતને અંગપ્રવિષ્ટ કહે છે તથા અનંગરૂપ સ્થવિરકૃત શ્રુતને અંગબાહ્ય કહે છે. અથવા ગણધરપૃષ્ટ તીર્થંકરસંબંધી જે આદેશ છે, તેમાંથી નિષ્પન્ન થનાર શ્રુત અંગપ્રવિષ્ટ છે તથા જે મુક્ત અર્થાત્‌ અપ્રશ્નપૂર્વક અર્થપ્રતિપાદન છે તે અંગબાહ્ય છે. અથવા જે શ્રુત ધ્રુવ અર્થાત્‌ બધા તીર્થંકરોનાં તીર્થોમાં નિયત છે તે અંગપ્રવિષ્ટ છે તથા જે ચલ અર્થાત્‌ અનિયત છે તે અંગબાહ્ય છે.[૫]

ઉપયોગયુક્ત શ્રુતજ્ઞાની બધાં દ્રવ્યોને જાણે છે પરંતુ તેમાંથી પોતાના અચક્ષુર્દર્શનથી કેટલાકને જ દેખે છે. એવું કેમ ? આનો પણ ઉત્તર ભાષ્યકારે આપ્યો છે.[૬] જે આઠ ગુણોથી આગમશાસ્ત્રનું ગ્રહણ થાય છે તે આ મુજબ છે : શુશ્રૂષા, પ્રતિપૃચ્છા, શ્રવણ, ગ્રહણ, પર્યાલોચન, અપોહન (નિશ્ચય), ધારણ અને સમ્યગનુષ્ઠાન. ભાષ્યકારે નિર્યુક્તિસમ્મત આ આઠ પ્રકારના ગુણોનું સંક્ષિપ્ત વિવેચન કર્યું છે.[૭]

---

૧. ગા. ૫૨૭-૫૩૬. ૨. ગા. ૫૩૭. ૩. ગા. ૫૪૪. ૪. ગા. ૫૪૯.
૫. ગા. ૫૫૦. ૬. ગા. ૫૫૩-૫. ૭. ગા. ૫૬૨-૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવધિજ્ઞાન :

અવધિજ્ઞાનનું વિવેચન કરતાં ભાષ્યકારે નિર્યુક્તિની ગાથાઓની ખૂબ જ વિસ્તારથી વ્યાખ્યા કરી છે. ભવપ્રત્યય અને ગુણપ્રત્યય ભેદો તરફ નિર્દેશ કરતાં ચૌદ પ્રકારના નિક્ષેપોનું ખૂબ જ વિસ્તૃત વિવેચન કર્યું છે.[૧] નારક અને દેવોને પક્ષીઓના નભોગમનની જેમ જન્મથી જ ભવપ્રત્યય અવધિજ્ઞાન હોય છે. બાકીના પ્રાણીઓને ગુણપ્રત્યય અર્થાત્ પોતાના કર્મના ક્ષયોપશમના કારણે ક્યારેક થાય છે. તેમના માટે એવો નિયમ નથી કે તેમને જન્મથી જ હોય.

મનઃપર્યયજ્ઞાન :

મનઃપર્યયજ્ઞાનથી મનુષ્યનું માનસિક પરિચિંતન પ્રત્યક્ષ થાય છે. આ જ્ઞાન મનુષ્યક્ષેત્ર સુધી સીમિત છે, ગુણપ્રત્યયિક છે અને ચારિત્રશીલને થાય છે. બીજા શબ્દોમાં જે સંયત છે, સર્વપ્રમાદરહિત છે, વિવિધ ઋદ્ધિયુક્ત છે તે જ આ જ્ઞાનનો અધિકારી હોય છે. મનઃપર્યયજ્ઞાનનો વિષય ચિંતિત મનોદ્રવ્ય છે, ક્ષેત્ર મનુષ્યલોક છે, કાળ ભૂત અને ભવિષ્યત્નો પલ્યોપમાસંખ્યેય ભાગ છે. મનઃપર્યયજ્ઞાની ચિંતિત મનોદ્રવ્યને સાક્ષાત્ જુએ તથા જાણે છે પરંતુ તદ્ભાસિત બાહ્ય પદાર્થને અનુમાનથી જ જાણે છે.[૨]

કેવલજ્ઞાન :

કેવલજ્ઞાન સર્વદ્રવ્ય તથા સર્વપર્યાયોને ગ્રહણ કરે છે. તે અનંત છે, શાશ્વત છે, અપ્રતિપાતી છે, એક જ પ્રકારનું છે. તે જ્ઞાન સર્વાવરણક્ષયથી ઉત્પન્ન થનાર છે, આથી સર્વોત્કૃષ્ટ છે, સર્વવિશુદ્ધ છે, સર્વગત છે. કેવલી કોઈ પણ અર્થનું પ્રતિપાદન પ્રત્યક્ષ જ્ઞાન દ્વારા જ કરે છે. તેનો વાગ્યોગ પ્રત્યક્ષ જ્ઞાન પર અવલંબિત હોય છે. આ જ વાગ્યોગ શ્રુતનું રૂપ ધારણ કરે છે.[૩] આ જ રીતે કેવલજ્ઞાનના સ્વરૂપની ચર્ચા સાથે જ્ઞાનપંચકનો અધિકાર સમાપ્ત થાય છે.

સમુદાયાર્થદ્વાર :

પંચજ્ઞાનની ચર્ચા સાથે મંગલરૂપ તૃતીય દ્વાર સમાપ્ત થાય છે તથા સમુદાયાર્થરૂપ ચતુર્થ દ્વારનું વ્યાખ્યાન શરૂ થાય છે. જ્ઞાનપંચકમાંથી આ કયા જ્ઞાનનો મંગલાર્થ અર્થાત્ અનુયોગ છે ? તેનો ઉત્તર આપતાં ભાષ્યકાર કહે છે કે મતિજ્ઞાનાદિમાં શ્રુતનો પ્રકૃતાનુયોગ છે, અન્યનો નથી કેમકે બીજા પ્રકારનાં જ્ઞાન પરાધીન હોય છે તથા પરબોધમાં ઘણું કરી સમર્થ નથી હોતા. શ્રુતજ્ઞાન દીપકની જેમ સ્વપ્રકાશન

---

૧. ગા. ૫૬૮-૮૦૮. ૨. ગા. ૮૧૦-૪. ૩. ગા. ૮૨૩-૮૩૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા પરપ્રબોધનમાં સમર્થ છે, આથી તેનો જ અનુયોગ અહીં ઉચિત છે. અહીં જે આવશ્યકનો અધિકાર છે તે શ્રુતરૂપ જ છે.[૧] અનુયોગનો અર્થ છે સૂત્રનું પોતાના અભિધેય સાથે અનુયોજન અર્થાત્ અનુસંધાન; અથવા સૂત્રનો અનુરૂપ પ્રતિપાદનલક્ષણરૂપ વ્યાપાર; અથવા સૂત્રનો અર્થ સાથે અનુ=અણુ છે – સ્તોક છે, તથા અનુ=પશ્ચાત્ છે તેની અર્થ સાથે યોજના અર્થાત્ સમ્બન્ધસ્થાપન.[૨]

પ્રસ્તુત શાસ્ત્રનું નામ આવશ્યક શ્રુતસ્કન્ધ છે. તેના સામાયિકાદિ જે છ ભેદ છે તેમને અધ્યયન કહે છે. આથી 'આવશ્યક', 'શ્રુત', 'સ્કન્ધ', 'અધ્યયન', વગેરે પદોનો પૃથક્-પૃથક્ અનુયોગ કરવો જોઈએ. 'આવશ્યક'નો નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવરૂપ ચાર પ્રકારનો નિક્ષેપ થાય છે. આમાંથી પ્રસ્તુત ભાષ્યમાં દ્રવ્યાવશ્યકની આગમ અને નોઆગમરૂપે વિસ્તૃત વ્યાખ્યા કરવામાં આવી છે. અધિકાક્ષર સૂત્રપાઠ માટે કુણાલ નામના રાજપુત્ર તથા કપિનું ઉદાહરણ આપવામાં આવ્યું છે. હીનાક્ષર પાઠ માટે વિદ્યાધર વગેરેનાં ઉદાહરણ આપવામાં આવ્યાં છે. ઉભય માટે બાલ તથા આતુર માટે અતિભોજન તથા ભેષજવિપર્યયનાં ઉદાહરણ આપવામાં આવ્યાં છે. લોકોત્તર નોઆગમરૂપ દ્રવ્યાવશ્યકના સ્વરૂપની પુષ્ટિ માટે સાધ્વાભાસનું દૃષ્ટાન્ત આપવામાં આવ્યું છે.[૩] ભાવાવશ્યક પણ બે પ્રકારનું હોય છે : આગમરૂપ અને નોઆગમરૂપ. આવશ્યકના અર્થનું ઉપયોગરૂપ પરિણામ આગમરૂપ ભાવાવશ્યક છે. જ્ઞાનક્રિયોભયરૂપ પરિણામ નોઆગમરૂપ ભાવાવશ્યક છે. નોઆગમરૂપ ભાવાવશ્યકના ત્રણ પ્રકાર છે : લૌકિક, લોકોત્તર તથા કુપ્રાવચનિક. આ ત્રણમાંથી લોકોત્તર ભાવાવશ્યક પ્રશસ્ત છે આથી શાસ્ત્રમાં તેનો જ અધિકાર છે.[૪]

આવશ્યકના પર્યાયો આ છે : આવશ્યક, અવશ્યકરણીય, ધ્રુવ, નિગ્રહ, વિશુદ્ધિ, અધ્યયનષટ્ક, વર્ગ, ન્યાય, આરાધના, માર્ગ. ભાષ્યકારે આ નામોની સાર્થકતા પણ બતાવી છે.[૫] આ જ રીતે શ્રુત, સ્કન્ધ વગેરેનો પણ નિક્ષેપ-પદ્ધતિથી વિચાર કરવામાં આવ્યો છે. શ્રુતનાં એકાર્થક નામ આ છે : શ્રુત, સૂત્ર, ગ્રંથ, સિદ્ધાંત, શાસન, આજ્ઞા, વચન, ઉપદેશ, પ્રજ્ઞાપન, આગમ.[૬] સ્કન્ધના પર્યાય આ છે : ગણ, કાય, નિકાય, સ્કન્ધ, વર્ગ, રાશિ, પુંજ, પિંડ, નિકર, સંઘાત, આકુલ, સમૂહ.[૭]

આવશ્યક શ્રુતસ્કન્ધના છ અધ્યયનોનો અર્થાધિકાર આ પ્રમાણે છે : સામાયિકાધ્યયનનો અર્થાધિકાર સાવદ્યયોગવિરતિ છે, ચતુર્વિંશતિસ્તવનો અર્થાધિકાર ગુણોત્કીર્તન છે, વન્દનાધ્યયનનો અર્થાધિકાર ગુણી ગુરુની પ્રતિપત્તિ છે, પ્રતિક્રમણનો

---

૧. ગા. ૮૩૭-૮૪૦. ૨. ગા. ૮૪૧-૨. ૩. ગા. ૮૪૭-૮૬૮.
૪. ગા. ૮૬૯-૮૭૦. ૫. ગા. ૮૭૨-૩. ૬. ગા. ૮૯૪. ૭. ગા. ૯૦૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થાધિકાર શ્રુત-શીલસ્ખલનની નિંદા છે, કાયોત્સર્ગાધ્યયનનો અધિકાર અપરાધવ્રણચિકિત્સા છે તથા પ્રત્યાખ્યાનાધ્યયનનો અધિકાર ગુણધારણા છે.[૧] અહીં આવશ્યકનું પિણ્ડાર્થ – સમુદાયાર્થ નામનું ચતુર્થ દ્વાર સમાપ્ત થાય છે.

દ્વારોપન્યાસ તથા ભેદદ્વાર :

પંચમ દ્વારમાં સામાયિક નામના પ્રથમ અધ્યયનની વિશેષ વ્યાખ્યા કરતાં આચાર્ય કહે છે કે સામાયિકનું લક્ષણ સમભાવ છે. જે રીતે વ્યોમ બધા દ્રવ્યોનો આધાર છે તે જ રીતે સામાયિક બધા ગુણોનો આધાર છે. બાકીના અધ્યયનો એક રીતે સામાયિકના જ ભેદ છે કેમકે સામાયિક દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ ત્રણ પ્રકારની છે અને કોઈ ગુણ એવો નથી જે આ ત્રણે પ્રકારોથી વધારે હોય. કોઈ મહાનગરના દ્વારોની જેમ સામાયિકાધ્યયનના પણ ચાર અનુયોગદ્વાર છે. તેમના નામ આ મુજબ છે : ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ તથા નય. આના ફરી ક્રમશઃ છ, ત્રણ, બે તથા બે પ્રભેદ થાય છે.[૨] અહીં સુધી પાંચમા દ્વારોપન્યાસ તથા છઠ્ઠા ભેદદ્વારનો અધિકાર છે.

નિરુક્તદ્વાર :

સાતમા નિરુક્તદ્વારમાં ઉપક્રમ વગેરેની વ્યાખ્યા કરતાં કહેવામાં આવ્યું છે કે શાસ્ત્રનું ઉપક્રમણ અર્થાત્ સમીપીકરણ (ન્યાસદેશાનયન) ઉપક્રમ છે. નિક્ષેપનો અર્થ છે નિશ્ચિત ક્ષેપ અર્થાત્ ન્યાસ. અથવા નિયત વ્યવસ્થાપન. અનુગમનો અર્થ છે સૂત્રાનુરૂપ ગમન (વ્યાખ્યાન) અથવા અર્થાનુરૂપ ગમન. આનું પ્રયોજન સૂત્ર અને અર્થનું અનુરૂપ સમ્બન્ધસ્થાપન છે. નયનો અર્થ છે વસ્તુનું સંભાવિત અનેક પર્યાયોને અનુરૂપ પરિચ્છેદન.[૩]

ક્રમપ્રયોજન :

આઠમા દ્વારનું નામ ક્રમપ્રયોજન છે. તેમાં ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ તથા નયના ઉક્ત ક્રમને યુક્તિયુક્ત સિદ્ધ કરવામાં આવ્યો છે.[૪] અહીં સુધી ભાષ્યની દ્વિતીય ગાથામાં નિર્દિષ્ટ દ્વારોનો અધિકાર છે. ત્યાર પછી ઉપક્રમનું ભાવોપક્રમની દૃષ્ટિએ વિસ્તારપૂર્વક વ્યાખ્યાન કરવામાં આવ્યું છે તથા આનુપૂર્વી, નામ, પ્રમાણ, વક્તવ્યતા, અર્થાધિકાર અને સમવતાર નામના છ ભેદોનું વિસ્તૃત વિવેચન કરવામાં આવ્યું છે.[૫]

---

૧. ગા. ૯૦૨. ૨. ગા. ૯૦૫-૯૧૦. ૩. ગા. ૯૧૧-૪.
૪. ગા. ૯૧૫-૬. ૫. ગા. ૯૧૭-૯૫૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિક્ષેપ :

નિક્ષેપના ત્રણ ભેદ છે : ઓઘનિષ્પન્ન, નામનિષ્પન્ન તથા સૂત્રાલાપકનિષ્પન્ન. શ્રુતના અંગ, અધ્યયન વગેરે સામાન્ય નામ ઓઘ છે. પ્રસ્તુત સામાયિક શ્રુતનું ઓઘ ચાર પ્રકારનું છે : અધ્યયન, અક્ષીણ, આય તથા ક્ષપણા. શુભ અધ્યાત્માનયનનું નામ અધ્યયન છે. એ બોધ, સંયમ, મોક્ષ વગેરેની પ્રાપ્તિમાં હેતુભૂત છે. જે અનવરત વૃદ્ધિ તરફ અગ્રેસર છે તે અક્ષીણ છે. જેનાથી જ્ઞાનાદિનો લાભ થાય છે તે આય છે. જેનાથી પાપકર્મોની નિર્જરા થાય છે તે ક્ષપણા છે. પ્રસ્તુત અધ્યયનનું એક વિશેષ નામ (સામાયિક) છે. આ જ નામ નિક્ષેપ છે. 'करेमि भंते !' વગેરે સૂત્રપદોનો ન્યાસ જ સૂત્રાલાપકનિક્ષેપ છે.[૧]

અનુગમ :

અનુગમ બે પ્રકારનો છે : નિર્યુક્ત્યનુગમ તથા સૂત્રાનુગમ. નિર્યુક્તિના પુનઃ ત્રણ ભેદ છે : નિક્ષેપનિર્યુક્તિ, ઉપોદ્‌ઘાતનિર્યુક્તિ તથા સૂત્રસ્પર્શિકનિર્યુક્તિ. ભાષ્યકારે આ ભેદોનું વિસ્તૃત વર્ણન કર્યું છે.[૨]

નય :

કોઈ પણ સૂત્રની વ્યાખ્યા કરતી વખતે બધા પ્રકારના નયોની પરિશુદ્ધિનો વિચાર કરતાં નિરવશેષ અર્થનું પ્રતિપાદન કરી શકાય છે. આ જ નય છે.[૩] અહીં ચાર પ્રકારના અનુયોગદ્વારોની વ્યાખ્યા સમાપ્ત થાય છે.

ઉપોદ્‌ઘાત-વિસ્તાર :

ભાષ્યકાર કહે છે કે હવે હું મંગલોપચાર કરીને શાસ્ત્રનો વિસ્તારપૂર્વક ઉપોદ્‌ઘાત કરીશ. આ મંગલોપચાર મધ્યમંગલરૂપ છે.[૪] હું સર્વપ્રથમ અનુત્તર પરાક્રમી, અમિતજ્ઞાની, તીર્ણ, સુગતિપ્રાપ્ત તથા સિદ્ધિપથપ્રદર્શક તીર્થંકરોને નમસ્કાર કરું છું. જેનાથી તરવામાં આવે છે અથવા જે તારે છે અથવા જેમાં તરી જવાય છે તેને તીર્થ કહે છે. તે નામાદિ ભેદથી ચાર પ્રકારનું છે. સરિત્-સમુદ્ર વગેરેનો કોઈ પણ નિરપાય નિયત ભાગ દ્રવ્યતીર્થ કહેવાય છે કેમકે તે દેહાદિ દ્રવ્યને જ તારી શકે છે. જે લોકો એમ માને છે કે નદ્યાદિ તીર્થ ભવતારક છે તેમની આ માન્યતા યોગ્ય નથી કેમકે સ્નાનાદિ જીવનો ઉપઘાત કરનાર છે. તેનાથી પુણ્યોપાર્જન નથી થતું. જો કોઈ એમ કહે કે જાહ્નવીજલાદિક તીર્થરૂપ જ છે કેમકે તેનાથી દાહનાશ, પિપાસોપશમાદિ કાર્ય સમ્પન્ન થાય છે અને તે રીતે તે દેહનો ઉપકાર કરે છે, તે યોગ્ય નથી. એવું માનવાથી મધુ, મદ્ય, માંસ, વેશ્યા વગેરે પણ તીર્થરૂપ થઈ જશે કેમકે તે પણ દેહનો

---

૧. ૯૫૭-૯૭૦. ૨. ગા. ૯૭૧-૧૦૦૭.
૩. ગા. ૧૦૦૮-૧૦૧૧. ૪. ગા. ૧૦૧૪-૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપકાર કરે છે.[૧] જે શ્રુતવિહિત સંઘ છે તે ભાવતીર્થ છે, તેમાં રહેનાર સાધુ તારક છે. જ્ઞાનાદિ ત્રિક તરણ છે તથા ભવસમુદ્ર તરણીય છે.[૨] તીર્થનો બીજો અર્થ એ પણ થઈ શકે કે જે દાહોપશમન, તૃષ્ણાચ્છેદ તથા મલક્ષાલનરૂપ અથવા સમ્યગ્દર્શન, જ્ઞાન તથા ચારિત્રરૂપ ત્રણ અર્થોમાં સ્થિત છે તે ત્રિસ્થ (તિત્થ) અર્થાત્ તીર્થ છે. તે પણ સંઘ જ છે. તીર્શ (તિત્થ)નો અર્થ ત્રર્થ પણ થઈ શકે છે અર્થાત્ જે ક્રોધાગ્નિદાહોપશમન વગેરે ઉપર્યુક્ત ત્રણ અર્થોની પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ છે તે ત્રર્થ – તિત્થ – તીર્થ છે.આ અર્થ પણ સંઘરૂપ જ છે.[૩] જે ભાવતીર્થની સ્થાપના કરે છે અર્થાત્ તેને ગુણરૂપે પ્રકાશિત કરે છે તેમને તીર્થંકર – હિતાર્થકર કહે છે.[૪] તીર્થંકરોનાં પરાક્રમ, જ્ઞાન, ગતિ વગેરે વિષયો પર પણ આચાર્યે પ્રકાશ પાડ્યો છે.[૫] ત્યાર પછી વર્તમાન તીર્થના પ્રણેતા ભગવાન મહાવીરને નમસ્કાર કર્યા છે. તદુપરાન્ત તેમના એકાદશ ગણધર વગેરે અન્ય પૂજ્ય પુરુષોને વંદન કર્યાં છે.[૬] ત્યાર પછી સર્વપ્રથમ આવશ્યકસૂત્રની વ્યાખ્યા કરવાની પ્રતિજ્ઞા કરીને સામાયિક નામક પ્રથમ અધ્યયનનું વિવેચન કરવાની પ્રતિજ્ઞા કરી છે. 'નિર્યુક્તિ' શબ્દનું વિશેષ વ્યાખ્યાન કરતાં ભાષ્યકાર કહે છે કે સૂત્રના નિશ્ચિત અર્થની વ્યાખ્યા કરવી એ જ નિર્યુક્તિ છે.[૭] સૂત્રાદિની રચના કેવી રીતે થાય છે, તે તરફ સંકેત કરતાં બતાવવામાં આવ્યું છે કે જિનો અર્થભાષક છે તથા ગણધરો સૂત્રગ્રથક છે. શાસનનું હિતાર્થ જ સૂત્રની પ્રવૃત્તિ છે. અર્થપ્રત્યાયક શબ્દમાં અર્થનો ઉપચાર કરવામાં આવે છે અને એ જ રીતે અર્થનો અભિલાપ થાય છે. સૂત્રમાં અર્થવિસ્તાર અધિક છે આથી તે મહાર્થ છે.[૮]

જ્ઞાન અને ચારિત્ર :

સામાયિકાદિ શ્રુતનો સાર ચારિત્ર છે, ચારિત્રનો સાર નિર્વાણ છે. ચારિત્રને પ્રધાન એટલા માટે કહેવામાં આવે છે કે તે મુક્તિનું પ્રત્યક્ષ કારણ છે. જ્ઞાનથી વસ્તુની યથાર્થતા-અયથાર્થતાનું પ્રકાશન થાય છે અને તેનાથી ચારિત્રની વિશુદ્ધિ થાય છે, આથી જ્ઞાન ચારિત્ર-વિશુદ્ધિનું પ્રત્યક્ષ કારણ છે. એ પ્રમાણે જ્ઞાન અને ચારિત્ર બંને મોક્ષનાં કારણ છે. બંનેમાં અંતર એ જ છે કે જ્ઞાન ચારિત્ર-શુદ્ધિનું કારણ હોવાથી મોક્ષનું વ્યવહિત કારણ છે, જ્યારે ચારિત્ર મોક્ષનું અવ્યવહિત કારણ છે.[૯] બીજી વાત એ છે કે જ્ઞાનનો ઉત્કૃષ્ટતમ લાભ (કેવલજ્ઞાન) થઈ ગયા છતાં પણ જ્યાં

---

૧. ગા. ૧૦૨૫-૩૧. ૨. ગા. ૧૦૩૨. ૩. ગા. ૧૦૩૫-૭.
૪. ગા. ૧૦૪૭. ૫. ગા. ૧૦૪૯-૧૦૫૩
૬. ગા. ૧૦૫૭-૬૮. ૭. ગા. ૧૦૮૬.
૮. ગા. ૧૦૯૫-૧૧૨૫. ૯. ગા. ૧૧૨૬-૧૧૩૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુધી બધા સંવરનો લાભ ન થઈ જાય, ત્યાં સુધી જીવ મુક્ત નથી થતો. આનાથી પણ એ જ સિદ્ધ થાય છે કે સંવર – ચારિત્ર જ મોક્ષનો મુખ્ય હેતુ છે, નહિ કે જ્ઞાન. આથી ચારિત્ર જ્ઞાનથી પ્રધાનતર છે.[૧] આચાર્યે જ્ઞાન અને ચારિત્રના સંબંધની પણ ચર્ચા કરી છે.

સામાયિક-લાભ :

સામાયિકનો લાભ કેવી રીતે થાય છે ? તેનો ઉત્તર આપતાં નિર્યુક્તિકારે કહ્યું છે કે આઠે કર્મ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ વિદ્યમાન હોય ત્યારે જીવને ચાર પ્રકારની સામાયિકમાંથી એકનો પણ લાભ નથી થઈ શકતો.[૩] આનું વિવેચન કરતાં ભાષ્યકાર કહે છે કે નામ અને ગોત્ર કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ વીસ કોટાકોટિ સાગરોપમ છે, મોહનીયની સત્તર કોટાકોટી સાગરોપમ છે, બાકીના અર્થાત્ જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય અને અંતરાયની વીસ કોટાકોટી સાગરોપમ છે તથા આયુની તેત્રીસ સાગરોપમ છે. જ્ઞાનાવરણ, દર્શનાવરણ, આયુ, મોહનીય તથા અંતરાયની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત છે, નામ અને ગોત્રની આઠ મુહૂર્ત છે તથા વેદનીયની બાર મુહૂર્ત છે. મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિનો બંધ થતાં છ કર્મો-જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, નામ, ગોત્ર તથા અંતરાયની ઉત્કૃષ્ટ સ્થિતિનો બંધ થાય જ છે (ઉત્કૃષ્ટ સંક્લેશ થાય ત્યારે જ મોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિનો બંધ થાય છે) પરંતુ આયુની સ્થિતિનો બંધ ઉત્કૃષ્ટ અથવા મધ્યમ ગમે તે હોઈ શકે છે. એટલું ચોક્કસ છે કે આ સ્થિતિમાં આયુનો જઘન્ય બંધ નથી થઈ શકતો. મોહનીય છોડીને બાકીના જ્ઞાનાવરણાદિ કોઈની પણ ઉત્કૃષ્ટ સ્થિતિનો બંધ થાય ત્યારે મોહનીય અથવા અન્ય કોઈ પણ કર્મની ઉત્કૃષ્ટ અથવા મધ્યમ સ્થિતિનો બંધ થાય છે, પરંતુ આયુનો સ્થિતિ-બંધ જઘન્ય પણ થઈ શકે છે. સમ્યક્ત્વ, શ્રુત, દેશવ્રત તથા સર્વવ્રત આ ચાર સામાયિકોમાંથી ઉત્કૃષ્ટ કર્મસ્થિતિવાળો એક પણ સામાયિકની પ્રાપ્તિ નથી કરી શકતો પરંતુ તેનાથી પૂર્વપ્રતિપન્ન વિકલ્પથી છે અર્થાત્ થાય પણ છે, નથી પણ થતી (અનુત્તરસુરમાં પૂર્વપ્રતિપન્ન સમ્યક્ત્વ તથા શ્રુત હોય છે, બાકીના નહિ). જ્ઞાનાવરણાદિની જઘન્ય સ્થિતિવાળાને પણ આ સામાયિકોમાંથી એકનો પણ લાભ નથી થતો કેમકે તેને પહેલાંથી જ એ બધી પ્રાપ્ત હોય છે, એવી સ્થિતિમાં પુનર્લાભનો પ્રશ્ન જ નથી ઊઠતો. આયુની જઘન્ય સ્થિતિવાળાને ન તો તે પહેલાંથી પ્રાપ્ત હોય છે, નથી તે પ્રાપ્ત કરી શકતો.[૪] તે પછી સમ્યક્ત્વની પ્રાપ્તિના કારણો પર પ્રકાશ પાડતાં ગ્રંથિભેદનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. સામાયિક-પ્રાપ્તિના સ્વરૂપનું

---

૧. ગા. ૧૧૩૧-૨. ૨. ગા. ૧૧૩૩-૧૧૮૨.
૩. ગા. ૧૧૮૬. ૪. ગા. ૧૧૮૭-૧૧૯૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિશેષ સ્પષ્ટીકરણ કરવા માટે પલ્લકાદિ નવ પ્રકારના દૃષ્ટાન્ત આપવામાં આવ્યાં છે.[૧] સમ્યક્ત્વલાભ પછી દેશવિરતિ વગેરેનો લાભ કેવી રીતે થાય છે ? તેનો ઉત્તર આપતાં ભાષ્યકાર કહે છે કે જેટલી કર્મસ્થિતિના રહેતાં સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે, તેમાંથી પલ્યોપમપૃથક્ત્વનો ક્ષય થતાં દેશવિરતિ – શ્રાવકત્વની પ્રાપ્તિ થાય છે. તેમાંથી પણ સંખ્યાત સાગરોપમનો ક્ષય થતાં ચારિત્રની પ્રાપ્તિ થાય છે. તેમાંથી પણ સંખ્યાત સાગરોપમનો ક્ષય થતાં ઉપશમશ્રેણીની પ્રાપ્તિ થાય છે. તેમાંથી પણ સંખ્યાત સાગરોપમનો ક્ષય થતાં ક્ષપકશ્રેણીનો લાભ થાય છે.[૨]

સામાયિકનાં બાધક કારણો :

કષાયાદિના ઉદયથી દર્શનાદિસામાયિક પ્રાપ્ત નથી થતી અથવા પ્રાપ્ત થઈને ફરી નષ્ટ થઈ જાય છે. જેને કારણે પ્રાણી પરસ્પર હિંસા કરે છે (**कर्षन्ति**) તેને કષાય કહે છે; અથવા જેને કારણે પ્રાણી શારીરિક અથવા માનસિક દુઃખોથી ઘસાતાં રહે છે (**कृष्यन्ते**) તેને કષાય કહે છે; અથવા જેનાથી '**कष**' અર્થાત્ કર્મની '**आय**' અર્થાત્ લાભ થાય છે તેને કષાય કહે છે; અથવા જેનાથી પ્રાણી '**कष**' અર્થાત્ કર્મને '**आयन्ति**' અર્થાત્ પ્રાપ્ત થાય છે તેને કષાય કહે છે; અથવા જે '**कष**' (કર્મ)ની '**आय**' અર્થાત્ ઉપાદાન (હેતુ) છે તે કષાય છે. કષાય મુખ્યરૂપે ચાર પ્રકારનો છે : ક્રોધ, માન, માયા અને લોભ. આમાંથી કયા કષાયની ઉત્કૃષ્ટતા અથવા મંદતાથી કયા પ્રકારના ચારિત્રાદિનો ઘાત થાય છે, તેનું ભાષ્યકારે વિસ્તારથી વર્ણન કર્યું છે.[૩]

ચારિત્ર-પ્રાપ્તિ :

અનન્તાનુબન્ધી વગેરે બાર પ્રકારના કષાયોનો ક્ષય, ઉપશમ અથવા ક્ષયોપશમ થતાં મનો-વાક્-કાયરૂપ પ્રશસ્ત હેતુઓથી ચારિત્ર-લાભ થાય છે. ચારિત્ર પાંચ પ્રકારનું છે : સામાયિક, છેદોપસ્થાપન, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય તથા યથાખ્યાત.[૪] પ્રસ્તુતમાં નિયમ એવો છે કે બાર કષાયોના ક્ષયાદિથી ચારિત્રનો લાભ થાય જ છે, નહિ કે પાંચેય પ્રકારના ચારિત્રનો (ગા. ૧૨૫૮) – એવું સ્પષ્ટીકરણ ભાષ્યકારે કર્યું છે.

સામાન્યરૂપે બધા પ્રકારનાં ચારિત્ર સામાયિક જ છે. છેદાદિ તેમની વિશેષ પ્રકારની અવસ્થાઓ છે. સામાયિકનો અર્થ છે સાવદ્ય યોગનો ત્યાગ. તે બે પ્રકારનો હોય છે : ઈત્વર તથા યાવત્કથિક. ઈત્વર સ્વલ્પકાલીન છે તથા યાવત્કથિક જીવનપર્યન્ત માટે છે.[૫] જેનાથી ચારિત્રના પૂર્વપર્યાયનો છેદ થાય છે તથા વ્રતોમાં

---

૧. ગા. ૧૧૯૩-૧૨૨૧. ૨. ગા. ૧૨૨૨.
૩. ગા. ૧૨૨૪-૧૨૫૩. ૪. ગા. ૧૨૫૪-૧૨૬૧. ૫. ગા. ૧૨૬૨-૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપસ્થાપન થાય છે તેને છેદોપસ્થાપન કહે છે. તે બે પ્રકારનું છે : સાતિચાર તથા નિરતિચાર. શિષ્યની ઉપસ્થાપના અથવા તીર્થાન્તરસંક્રાંતિમાં જેનો આરોપ કરવામાં આવે છે તે નિરતિચાર છેદોપસ્થાપન છે. મૂલગુણઘાતીનું જે પુનઃ સમારોપણ છે તે સાતિચાર છેદોપસ્થાપન છે.[૧] પરિહાર નામક તપવિશેષથી વિશુદ્ધ થવાનું નામ પરિહારવિશુદ્ધિ ચારિત્ર છે. તે બે પ્રકારનું છે : નિર્વિશમાન તથા નિર્વિષ્ટકાયિક. પરિહારિકનું ચારિત્ર નિર્વિશમાન છે. અનુપહારી તથા કલ્પસ્થિતનું ચારિત્ર નિર્વિષ્ટકાયિક છે.[૨] ક્રોધાદિ કષાયવર્ગને સંપરાય કહે છે. જેમાં સંપરાયનો સૂક્ષ્મ અવશેષ રહે છે તે સૂક્ષ્મસંપરાય ચારિત્ર છે. શ્રેણી (ઉપશમ અથવા ક્ષપક) પર આરૂઢ થનાર વિશુદ્ધિપ્રાપ્ત જીવ તેનો અધિકારી થાય છે.[૩] યથાખ્યાત ચારિત્રવાળો જીવ કષાયથી નિર્લિપ્ત હોય છે. આ ચારિત્ર બે પ્રકારનું છે : છદ્મસ્થસમ્બન્ધી તથા કેવલીસમ્બન્ધી. છદ્મસ્થસમ્બન્ધીના ફરી બે ભેદ છે : મોહક્ષયસમુત્થ તથા મોહોપશમપ્રભવ અર્થાત્ કષાયના ક્ષયથી ઉત્પન્ન થનાર તથા કષાયના ઉપશમથી ઉત્પન્ન થનાર. કેવલીસમ્બન્ધી યથાખ્યાતના બે ભેદ છે : સયોગી તથા અયોગી.[૪] કષાયના ઉપશમ અને ક્ષયની પ્રક્રિયાને ધ્યાનમાં રાખતાં ભાષ્યકારે આગળ ઉપશમશ્રેણી તથા ક્ષપકશ્રેણીનું સ્વરૂપ-વર્ણન કર્યું છે.[૫]

પ્રવચન તથા સૂત્ર :

કેવલજ્ઞાનની ઉત્પત્તિના પ્રસંગને ધ્યાનમાં રાખતાં જિન-પ્રવચનની ઉત્પત્તિનું વર્ણન કર્યા બાદ આચાર્ય નિર્યુક્તિની તે ગાથાનું વ્યાખ્યાન શરૂ કરે છે જેમાં એવો નિર્દેશ કરવામાં આવ્યો છે કે શ્રુતધર્મ, તીર્થ, માર્ગ, પ્રાવચન, પ્રવચન — આ બધા પ્રવચનના એકાર્થક છે તથા સૂત્ર, તન્ત્ર, ગ્રન્થ, પાઠ, શાસ્ત્ર — આ બધા સૂત્રના એકાર્થક છે. શ્રુતધર્મ શું છે ? તેનું વિવેચન કરતાં કહેવામાં આવ્યું છે કે શ્રુતનો ધર્મ અર્થાત્ સ્વભાવ બોધ હોય છે અને તે જ શ્રુતધર્મ છે; અથવા શ્રુતરૂપ ધર્મ શ્રુતધર્મ છે અને તે જીવનો પર્યાયવિશેષ છે; અથવા સુગતિ અર્થાત્ સંયમમાં ધારણ કરવાને કારણે ધર્મને શ્રુત કહે છે અને તે જ શ્રુતધર્મ છે.[૬] તે જ રીતે ભાષ્યકારે તીર્થ, માર્ગ, પ્રાવચન, સૂત્ર, તન્ત્ર, ગ્રન્થ, પાઠ અને શાસ્ત્રનું શબ્દાર્થ-વિવેચન કર્યું છે.[૭]

---

૧. ગા. ૧૨૬૮-૯. ૨. ગા. ૧૨૭૦-૧. ૩. ૧૨૭૭-૮.
૪. ગા. ૧૨૭૯-૧૨૮૦. ૫. ગા. ૧૨૮૩-૧૩૪૫.
૬. ગા. ૧૩૭૯. ૭. ગા. ૧૩૮૦-૪..

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુયોગ :

સૂત્રૈકાર્થકોનું વ્યાખ્યાન કર્યા પછી અર્થૈકાર્થકોનું વ્યાખ્યાન શરૂ થાય છે. અનુયોગ, નિયોગ, ભાષા, વિભાષા, વાર્તિક — આ પાંચ એકાર્થકો છે. અનુયોગનો સાત પ્રકારે નિક્ષેપ થાય છે : નામાનુયોગ, સ્થાપનાનુયોગ, દ્રવ્યાનુયોગ, ક્ષેત્રાનુયોગ, કાલાનુયોગ, વચનાનુયોગ અને ભાવાનુયોગ.[૧] આચાર્યે આ ભેદોનું વિસ્તૃત વિવેચન કર્યું છે.[૨] આ જ રીતે અનુયોગના વિપર્યયરૂપ અનનુયોગનું પણ સોદાહરણ અને સવિસ્તાર વર્ણન કરવામાં આવ્યું છે.[૩] નિયત, નિશ્ચિત અથવા હિત (અનુકૂળ) યોગનું નામ નિયોગ છે. તેનાથી અભિધેયની સાથે સૂત્રનો સમ્બન્ધ સ્થાપિત થાય છે. તેનો પણ અનુયોગની માફક સભેદ તથા સોદાહરણ વિચાર કરવો જોઈએ. વ્યક્ત વાક્‌નું નામ ભાષા છે. તેનાથી શ્રુતના ભાવસામાન્યની અભિવ્યક્તિ થાય છે. ભાવવિશેષની અભિવ્યક્તિનું નામ વિભાષા છે. વૃત્તિ (સૂત્રવિવરણ)નું બધા પર્યાયો વડે વ્યાખ્યાન કરવું તે વાર્તિક કહેવાય છે.[૪] વ્યાખ્યાન-વિધિની ચર્ચા કરતાં ભાષ્યકારે વિવિધ દૃષ્ટાન્તો આપીને એ સમજાવ્યું છે કે ગુરુ અને શિષ્યની યોગ્યતા અને અયોગ્યતાનો માપ-દંડ કયો છે ? જે રીતે હંસ ભળેલા દૂધ અને પાણીમાંથી પાણી છોડીને દૂધ પી જાય છે તે જ રીતે સુશિષ્ય ગુરુના દોષોને એક બાજુ રાખીને તેના ગુણોને જ ગ્રહણ કરે છે. જે રીતે એક પાડો કોઈ જળાશયમાં ઊતરીને તેનું બધું પાણી એવી રીતે ગંદુ અને કલુષિત કરી નાખે છે કે તે ન તો તેના પોતાના પીવાના કામમાં આવી શકે છે અને ન કોઈ અન્ય પણ તેને પી શકે છે, તે જ રીતે કુશિષ્ય કોઈ વ્યાખ્યાન-મંડળમાં જઈને પોતાના ગુરુ અથવા શિષ્યની સાથે એવી રીતે ઝઘડો શરૂ કરી દે છે કે તે વ્યાખ્યાનનો રસ ન તો તે પોતે લઈ શકે છે અને ન કોઈ અન્ય પણ. આ રીતે અનેક સુંદર-સુંદર ઉદાહરણો આપીને આચાર્ય જિનભદ્રે ગુરુ-શિષ્યના ગુણ-દોષોનું સરસ, સરળ તથા સફળ ચિત્રણ કર્યું છે.[૫]

સામાયિક-દ્વાર :

વ્યાખ્યાન-વિધિનું વિવેચન કર્યા પછી આચાર્ય સામાયિક-સંબંધી દ્વારવિધિની વ્યાખ્યા શરૂ કરે છે. તે દ્વાર-વિધિ આ પ્રમાણે છે : ઉદ્દેશ, નિર્દેશ, નિર્ગમ, ક્ષેત્ર, કાલ, પુરુષ, કારણ, પ્રત્યય, લક્ષણ, નય, સમવતાર, અનુમત, કિમ્, કતિવિધિ, કસ્ય, કુત્ર, કેષુ, કથમ્, કિયચ્ચિર, કતિ, સાન્તર, અવિરહિત, ભવ, આકર્ષ, સ્પર્શન, નિરુક્તિ.[૬]

---

૧. ગા. ૧૩૮૫-૮. ૨. ગા. ૧૩૮૯-૧૪૦૯. ૩. ગા. ૧૪૧૦-૮.
૪. ગા. ૧૪૧૯-૧૪૨૨. ૫. ગા. ૧૪૪૬-૧૪૮૨. ૬. ગા. ૧૪૮૪-૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉદ્દેશ :

ઉદ્દેશનો અર્થ છે સામાન્ય નિર્દેશ. તે નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, સમાસ, ઉદ્દેશ અને ભાવ ભેદથી આઠ પ્રકારનો હોય છે. ભાષ્યકારે આનો સંક્ષિપ્ત પરિચય આપ્યો છે.[૧]

નિર્દેશ :

વસ્તુનો વિશેષ ઉલ્લેખ નિર્દેશ છે. આના પણ નામાદિ આઠ ભેદ થાય છે. આનો પણ ભાષ્યકારે વિશેષ પરિચય આપ્યો છે તથા નય દૃષ્ટિથી સામાયિકની ત્રિલિંગતાનો વિસ્તારથી વિચાર કર્યો છે.[૨]

નિર્ગમ :

નિર્ગમનો અર્થ છે પ્રસૂતિ અર્થાત્ ઉત્પત્તિ. નિર્ગમ છ પ્રકારનો છે : નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ તથા ભાવ. આ ભેદોની ચર્ચા કરતાં કહેવામાં આવ્યું છે કે જે દ્રવ્યથી સામાયિકનું નિર્ગમન થયું છે તે દ્રવ્ય અહીં મહાવીર રૂપે છે. જે ક્ષેત્રમાં તેનો નિર્ગમ થયો છે તે મહસેન વન છે. તેનો કાળ પ્રથમ પૌરુષી-પ્રમાણકાલ છે. ભાવ વક્ષ્યમાણ લક્ષણ ભાવપુરુષ છે. આ સંક્ષેપમાં સામાયિકના નિર્ગમાંગો છે.[૩] સામાયિકના નિર્ગમ સાથે સ્વયં મહાવીરના નિર્ગમની ચર્ચા કરતાં ભાષ્યકાર નિર્યુક્તિકારના જ શબ્દોમાં કહે છે કે મહાવીર કઈ રીતે મિથ્યાત્વાદિ અંધારામાંથી નીકળ્યા, કઈ રીતે તેમને કેવલજ્ઞાન પ્રાપ્ત થયું તથા કઈ રીતે સામાયિકની ઉત્પત્તિ થઈ – વગેરે વાતો બતાવીશ.[૪] આટલું કર્યા પછી ભાષ્યકાર એકદમ ગણધરવાદની વ્યાખ્યા શરૂ કરી દે છે. ટીકાકાર મલધારી હેમચન્દ્ર ઉપર્યુક્ત વાતો તરફ આપણું ધ્યાન ખેંચતા કહે છે કે આ બધી વાતો સૂત્રસિદ્ધ જ છે. આમાં જે કંઈ કઠિન પ્રતીત થાય તે મૂલાવશ્યકવિવરણથી જાણી લેવું જોઈએ.

ગણધરવાદ :

ભગવાન મહાવીર તથા અગિયાર પ્રમુખ બ્રાહ્મણ-પંડિતોની વચ્ચે વિભિન્ન દાર્શનિક વિષયો પર જે ચર્ચા થઈ તથા ભગવાનના મંતવ્યોથી પ્રભાવિત થઈને આ પંડિતોએ મહાવીરના સંઘમાં સમ્મિલિત થવાનું સ્વીકાર્યું, તેની ભાષ્યકાર જિનભદ્રે પોતાના ગ્રંથમાં વિસ્તૃત તર્કયુક્ત ચર્ચા કરી છે. આ જ ચર્ચાનું નામ ગણધરવાદ છે. આ ચર્ચામાં દાર્શનિક જગતના લગભગ સમસ્ત વિષયોનો સમાવેશ કરી લેવામાં

---

૧. ગા. ૧૫૮૬-૧૪૯૬. ૨. ગા. ૧૪૯૭-૧૫૩૦.
૩. ગા. ૧૫૨૧-૧૫૪૬. ૪. ગા. ૧૫૪૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવ્યો છે.[૧] આ ચર્ચામાં ભાગ લેનાર પંડિતો જે પછીથી ભગવાન મહાવીરના મુખ્ય શિષ્ય — ગણધરના નામથી પ્રસિદ્ધ થયા તેમનાં નામ આ મુજબ છે :

૧. ઈન્દ્રભૂતિ, ૨. અગ્નિભૂતિ, ૩. વાયુભૂતિ, ૪. વ્યક્ત, ૫. સુધર્મા, ૬. મંડિક, ૭. મૌર્યપુત્ર, ૮. અકંપિત, ૯. અચલભ્રાતા, ૧૦. મેતાર્ય, ૧૧. પ્રભાસ.

તેઓની સાથે જે વિષયોની ચર્ચા થઈ તે ક્રમશઃ આ મુજબ છે : ૧. આત્માનું અસ્તિત્વ, ૨. કર્મનું અસ્તિત્વ, ૩. આત્મા અને શરીરનો ભેદ, ૪. શૂન્યવાદનિરાસ, ૫. ઈહલોક અને પરલોકનું વૈચિત્ર્ય, ૬. બંધ અને મોક્ષ, ૭. દેવોનું અસ્તિત્વ, ૮. નરકોનું અસ્તિત્વ, ૯. પુણ્ય અને પાપ, ૧૦. પરલોકનું અસ્તિત્વ, ૧૧. નિર્વાણનું અસ્તિત્વ.

આત્માનું સ્વતન્ત્ર અસ્તિત્વ :

સર્વજ્ઞત્વની પ્રાપ્તિ બાદ ભગવાન મહાવીર એક વખત મહસેન વનમાં વિરાજિત હતા. જનસમૂહ શ્રદ્ધાવશ તેમના દર્શન માટે જઈ રહ્યો હતો. યજ્ઞવાટિકામાં સ્થિત બ્રાહ્મણ પંડિતોના મનમાં આ દૃશ્ય જોઈને જિજ્ઞાસા ઉત્પન્ન થઈ કે જેમના દર્શન માટે આટલો મોટો જનસમૂહ ઊભરાઈ રહ્યો છે એવા મહાપુરુષને અવશ્ય મળવું જોઈએ. આ બધાના મનમાં વેદવાક્યોને લઈને વિવિધ પ્રકારની શંકાઓ હતી. સર્વપ્રથમ ઈન્દ્રભૂતિ (ગૌતમ) ભગવાન મહાવીરની પાસે જવા તૈયાર થયા. જેવા તે પોતાની શિષ્ય-મંડળી સહિત ભગવાન પાસે પહોંચ્યા, ભગવાને તેમના મનમાં રહેલ સંદેહ તરફ સંકેત કરતાં કહ્યું — આત્માના અસ્તિત્વના વિષયમાં તારા મનમાં આ પ્રકારનો સંશય છે કે જો જીવ (આત્મા)નું અસ્તિત્વ છે તો તે ઘટાદિ પદાર્થોની જેમ પ્રત્યક્ષ

---

૧. પં. શ્રી દલસુખ માલવણિયાકૃત 'ગણધરવાદ'માં આચાર્ય જિનભદ્રકૃત ગણધરવાદનો સંવાદાત્મક ગુજરાતી અનુવાદ, ટિપ્પણ, વિસ્તૃત તુલનાત્મક પ્રસ્તાવના વગેરે છે. ગુજરાત વિદ્યાસભા, ભદ્ર, અમદાવાદ તરફથી સન્ ૧૯૫૨માં તેનું પ્રકાશન થયું છે.

શ્રી પૃથ્વીરાજ જૈન, એમ. એ., શાસ્ત્રીએ આનો હિંદીમાં પણ અનુવાદ કર્યો છે જે હજી સુધી અપ્રકાશિત છે. પ્રસ્તુત પરિચયમાં આ ગ્રંથનો ઉપયોગ કરવા માટે લેખક તથા અનુવાદક બંનેનો આભારી છું.

ગણધરવાદના અંગ્રેજી અનુવાદ તથા વિવેચન માટે જુઓ — શ્રમણ ભગવાન્ મહાવીર, ભાગ ૩, સંપા. — મુનિ રત્નપ્રભવિજય; અનુ. — પ્રો. ધીરુભાઈ પી. ઠાકર; પ્રકા. — શ્રી જૈનગ્રંથ પ્રકાશક સભા, પાંજરાપોળ, અમદાવાદ, સન્ ૧૯૪૨; શ્રી જૈન સિદ્ધાન્ત સોસાયટી, પાંજરાપોળ, અમદાવાદ, સન્ ૧૯૫૦ તથા ડૉ. ઈ. એ. સોલોમનનો અંગ્રેજી અનુવાદ : પ્રકા. ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, સન્ ૧૯૬૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેખાવું જોઈએ. તે તો ખપુષ્પની જેમ સર્વથા અપ્રત્યક્ષ છે, આથી તેનું અસ્તિત્વ સ્વીકારી નથી શકાતું. જો કોઈ એમ કહે કે જીવ અનુમાનથી સિદ્ધ છે તો તે પણ બરાબર નથી. કારણ કે અનુમાન પ્રત્યક્ષપૂર્વક જ થાય છે. જેનું પ્રત્યક્ષ જ નથી તેની સિદ્ધિ અનુમાનથી કેવી રીતે થઈ શકે છે ? પ્રત્યક્ષથી નિશ્ચિત ધૂમ્ર તથા અગ્નિના અવિનાભાવસંબંધનું સ્મરણ થયા પછી જ ધૂમ્રના પ્રત્યક્ષથી અગ્નિનું અનુમાન કરી શકાય છે. જેનાથી તે લિંગનું પુનઃ પ્રત્યક્ષ થવા પર તે સંબંધનું સ્મરણ થઈ જાય તથા તેનાથી જીવનું અનુમાન કરી શકાય એવા જીવના કોઈ પણ લિંગનું સબંધગ્રહણ તેની સાથે પ્રત્યક્ષ દ્વારા નથી થતું. આગમ પ્રમાણથી પણ જીવનું સ્વતંત્ર અસ્તિત્વ સિદ્ધ નથી કરી શકાતું, કેમકે જેનું પ્રત્યક્ષ જ નથી તે આગમનો વિષય કેવી રીતે થઈ શકે ? કોઈ એવી વ્યક્તિ નજરે નથી પડતી જેનાથી જીવનું પ્રત્યક્ષ થાય અને જેના વચનોને પ્રમાણભૂત માનીને જીવનું અસ્તિત્વ સિદ્ધ કરી શકાય. બીજી વાત એ છે કે આગમ પ્રમાણ માનવા છતાં પણ જીવની સિદ્ધિ નથી થઈ શકતી, કેમકે વિભિન્ન આગમો પરસ્પર વિરોધી તત્ત્વો સિદ્ધ કરે છે. જે વાતની એક આગમ સિદ્ધિ કરે છે તેની જ બીજું ખંડન કરે છે. આવી સ્થિતિમાં આગમના આધારે પણ જીવનું અસ્તિત્વ સિદ્ધ નથી થતું. આ રીતે કોઈ પણ પ્રમાણથી જીવના અસ્તિત્વની સિદ્ધિ નથી થઈ શકતી, આથી તેનો અભાવ માનવો જોઈએ. એવું હોવા છતાં પણ લોકો જીવનું અસ્તિત્વ કેમ માને છે ?[૧]

આ સંશયનું નિવારણ કરતાં ભગવાન મહાવીર કહે છે — હે ગૌતમ ! તારો આ સંદેહ ઉચિત નથી. તારી એ માન્યતા કે 'જીવ પ્રત્યક્ષ નથી, ઠીક નથી, કેમકે જીવ તને પ્રત્યક્ષ છે જ. તે કેવી રીતે ? 'જીવ છે કે નહીં' એ પ્રકારનું જે સંશયરૂપ વિજ્ઞાન છે તે જ જીવ છે કેમકે જીવ વિજ્ઞાનરૂપ છે. તારો સંશય તો તને પ્રત્યક્ષ છે જ. આવી દશામાં તને જીવ પ્રત્યક્ષ થઈ જ રહ્યો છે. આ ઉપરાંત 'મેં કર્યું', 'હું કરું છું', 'હું કરીશ' વગેરે રૂપથી ત્રણે કાળ સંબંધી વિવિધ કાર્યોનો પણ નિર્દેશ કરવામાં આવે છે આમાં 'હું' (અહમ્)રૂપ જે જ્ઞાન છે તે પણ આત્મ-પ્રત્યક્ષ જ છે. બીજી વાત એ છે કે જો સંશય કરનારું કોઈ ન હોય તો 'હું છું કે નહીં' તે સંશય કોને થશે ? જેને સ્વરૂપમાં જ સંદેહ હોય તેના માટે સંસારમાં કઈ વસ્તુ અસંદિગ્ધ હશે ? એવી વ્યક્તિને સર્વત્ર સંશય થશે. અનુમાનથી જીવની સિદ્ધિ કરતાં આગળ કહેવામાં આવ્યું છે કે આત્મા પ્રત્યક્ષ છે કેમકે તેના સ્મરણાદિ વિજ્ઞાનરૂપ ગુણો સ્વસંવેદન દ્વારા પ્રત્યક્ષ અનુભવાય છે. જે ગુણીના ગુણોનો પ્રત્યક્ષ અનુભવ થાય છે તે ગુણીનો પણ પ્રત્યક્ષ અનુભવ થાય છે જેમકે ઘટ. જીવના ગુણ પ્રત્યક્ષ છે આથી

૧. ગા. ૧૫૪૯-૧૫૫૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવ પણ પ્રત્યક્ષ છે. જે રીતે ઘટના પ્રત્યક્ષનો આધાર તેનાં રૂપાદિ ગુણ છે તે જ રીતે આત્માના પ્રત્યક્ષ અનુભવનો આધાર તેના જ્ઞાનાદિ ગુણ છે. જે લોકો ગુણથી ગુણીને એકાન્ત ભિન્ન માને છે તેમના મતે રૂપાદિનું ગ્રહણ થયા છતાં પણ ઘટાદિ ગુણીરૂપ પદાર્થોનું ગ્રહણ નહીં થાય. ઈન્દ્રિયો દ્વારા માત્ર રૂપાદિનું ગ્રહણ થવાથી રૂપાદિને તો પ્રત્યક્ષ માની શકાય છે પરંતુ રૂપાદિથી એકાન્ત ભિન્ન ઘટનું પ્રત્યક્ષ નથી માની શકાતું. આ રીતે જ્યારે ઘટાદિ પદાર્થ પણ સિદ્ધ નથી તો પછી આત્માના અસ્તિત્વ-નાસ્તિત્વનો વિચાર કરવાથી શું લાભ ? આથી સ્મરણાદિ ગુણોના આધારે આત્માનું અસ્તિત્વ સ્વીકારવું જોઈએ.[૧]

આત્મા અને શરીરનો ભેદ :

ઉપર્યુક્ત ચર્ચાના આધારે ઈન્દ્રભૂતિ એ વાત માનવા માટે તૈયાર થઈ જાય છે કે જ્ઞાનાદિ ગુણોના પ્રત્યક્ષ થવાને કારણે તેનો આધારભૂત કોઈ ગુણી અવશ્ય હોવો જોઈએ. આટલું સ્વીકાર કરીને તેઓ એક નવી શંકા રજૂ કરે છે. તેઓ કહે છે કે સ્મરણાદિ ગુણોનો આધાર આત્મા જ છે, તે માન્યતા ઠીક નથી કેમકે કૃશતા, સ્થૂળતા વગેરે ગુણોની જેમ સ્મરણાદિ ગુણ પણ શરીરમાં જ ઉપલબ્ધ થાય છે. એવી દશામાં તેમનો ગુણીભૂત આધાર શરીરને જ માનવો જોઈએ, શરીરથી ભિન્ન આત્માને નહીં. આ શંકાનું સમાધાન કરતાં ભગવાન મહાવીર કહે છે કે છે જ્ઞાનાદિ શરીરના ગુણ ન થઈ શકે કેમકે શરીર ઘટની જેમ મૂર્ત અર્થાત્ ચાક્ષુષ છે જ્યારે જ્ઞાનાદિ ગુણ અમૂર્ત અર્થાત્ અચાક્ષુષ છે. આથી જ્ઞાનાદિ ગુણોને અનુરૂપ દેહથી ભિન્ન કોઈ અમૂર્ત ગુણીની સત્તા અવશ્ય માનવી જોઈએ. આ ગુણી જ આત્મા અર્થાત્ જીવ છે. તે પછી ઈન્દ્રભૂતિ એક વધુ શંકા ઉપસ્થિત કરે છે. તેઓ કહે છે કે હું પોતાના દેહમાં આત્માનું અસ્તિત્વ માની શકું છું પરંતુ બીજાના દેહમાં પણ આત્માની સત્તા છે, તેનું શું પ્રમાણ ? મહાવીર કહે છે કે આ હેતુથી અન્ય આત્માઓની પણ સિદ્ધિ થઈ શકે છે. બીજાઓના શરીરમાં પણ વિજ્ઞાનમય જીવ છે કેમકે તેમનામાં પણ ઈષ્ટપ્રવૃત્તિ, અનિષ્ટનિવૃત્તિ વગેરે વિજ્ઞાનમય ક્રિયાઓ જોઈ શકાય છે.[૨]

આત્માની સિદ્ધિના હેતુ :

જે રીતે સાંખ્યદર્શનમાં પુરુષને પ્રકૃતિથી ભિન્ન સિદ્ધ કરવા માટે અધિષ્ઠાતૃત્વ, સંઘાતપરાર્થત્વ વગેરે હેતુ આપવામાં આવ્યા તે જ રીતે વિશેષાવશ્યકભાષ્યમાં પણ આત્મસિદ્ધિ માટે આ જ પ્રકારના કેટલાક હેતુ આપવામાં આવ્યા છે. (૧) ઈન્દ્રિયોનો કોઈ અધિષ્ઠાતા અવશ્ય હોવો જોઈએ કેમકે તેઓ કરણ છે, જેમ

---

૧. ગા. ૧૫૫૪-૧૫૬૦ ૨. ગા. ૧૫૬૧-૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે દંડાદિ કરણોનો અધિષ્ઠાતા કુંભાર હોય છે. જેનો કોઈ અધિષ્ઠાતા નથી હોતો તે આકાશની માફક કરણ પણ નથી હોતું. ઈન્દ્રિયોનો જે અધિષ્ઠાતા છે તે જ આત્મા છે. (૨) દેહનો કોઈ કર્તા હોવો જોઈએ કેમકે તેનો ઘટની જેમ એક સાદિ અને નિયત આકાર છે. જેનો કોઈ કર્તા નથી હોતો તેનો સાદિ અને નિશ્ચિત આકાર પણ નથી હોતો, જેમકે વાદળ. આ દેહનો જે કર્તા છે તે જ આત્મા છે. (૩) જ્યારે ઈન્દ્રિયો અને વિષયોમાં આદાન-આદેયભાવ છે ત્યારે ત્યાં કોઈ આદાતા અવશ્ય હોવો જોઈએ. જ્યાં આદાન-આદેયભાવ હોય છે ત્યાં કોઈ આદાતા અવશ્ય હોય છે; જેમકે સાણસી (સંદંશક) અને લોખંડમાં આદાન-આદેયભાવ છે તથા લુહાર (લોહકાર) આદાતા છે. એ જ રીતે ઈન્દ્રિય અને વિષયમાં આદાન-આદેયભાવ છે તથા આત્મા આદાતા છે. (૪) દેહાદિનો કોઈ ભોક્તા અવશ્ય હોવો જોઈએ કેમકે તે ભોગ્ય છે; જેમ ભોજન વસ્ત્રાદિ ભોગ્ય પદાર્થોનો ભોક્તા પુરુષવિશેષ છે. દેહાદિનો જે ભોક્તા છે તે જ આત્મા છે. (૫) દેહાદિનો કોઈ સ્વામી અવશ્ય હોવો જોઈએ કેમકે તે સંઘાતરૂપ છે. જે સંઘાતરૂપ હોય છે તેનો કોઈ સ્વામી અવશ્ય હોય છે, જેમ ગૃહ અને તેનો સ્વામી ગૃહપતિ. દેહાદિ સંઘાતોનો જે સ્વામી છે તે જ આત્મા છે.[૧]

વ્યુત્પત્તિમૂલક હેતુ :

શબ્દની વ્યુત્પત્તિની દૃષ્ટિએ જીવનું અસ્તિત્વ સિદ્ધ કરતાં ભગવાન મહાવીર ઈન્દ્રભૂતિને સમજાવે છે કે 'જીવ' પદ 'ઘટ' પદની જેમ વ્યુત્પત્તિયુક્ત શુદ્ધ પદ હોવાને કારણે સાર્થક હોવું જોઈએ અર્થાત્ 'જીવ' પદનો કંઈક અર્થ અવશ્ય હોવો જોઈએ. જે પદ સાર્થ નથી હોતું તે વ્યુત્પત્તિયુક્ત શુદ્ધ પદ પણ નથી હોતું, જેમકે ડિત્થ, ખરવિષાણ વગેરે. 'જીવ' પદ વ્યુત્પત્તિયુક્ત તથા શુદ્ધ છે આથી તેનો કોઈ અર્થ અવશ્ય હોવો જોઈએ. આ તર્ક સાંભળીને ઈન્દ્રભૂતિ ફરી કહે છે કે શરીર જ 'જીવ' પદનો અર્થ છે, તેનાથી ભિન્ન કોઈ વસ્તુ નહીં. મહાવીર આ મતનું ખંડન કરતાં ફરી કહે છે — 'જીવ' પદનો અર્થ શરીર નથી થઈ શકતો કેમકે 'જીવ' શબ્દના પર્યાયો 'શરીર' શબ્દના પર્યાયોથી ભિન્ન છે. જીવના પર્યાયો છે : જંતુ, પ્રાણી, સત્ત્વ, આત્મા વગેરે. શરીરના પર્યાયો છે : દેહ, વપુ, કાય, કલેવર વગેરે. અને પાછા દેહ અને જીવનાં લક્ષણો પણ ભિન્ન-ભિન્ન છે. જીવ જ્ઞાનાદિ ગુણયુક્ત છે જ્યારે દેહ જડ છે.[૨] તે પછી મહાવીરે પોતાની સર્વજ્ઞતાનું પ્રમાણ આપીને તે સાબિત કર્યું છે કે સર્વજ્ઞના વચનોમાં સંદેહ ના હોવો જોઈએ કેમકે તેઓ જેના કારણે મનુષ્ય જૂઠું બોલે છે તેવા રાગ, દ્વેષાદિ દોષોથી પર હોય છે.[૩]

---

૧. ગા. ૧૫૬૭-૯. ૨. ગા. ૧૫૭૫-૬. ૩. ૧૫૭૭-૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવની અનેકતા :

જીવનું લક્ષણ ઉપયોગ છે. જીવના મુખ્ય બે ભેદ છે : સંસારી અને સિદ્ધ. સંસારી જીવના ફરી બે ભેદ છે : ત્રસ અને સ્થાવર.[૧]

જે લોકો આકાશની જેમ એક જ જીવની સત્તામાં વિશ્વાસ કરે છે[૨] તે યથાર્થવાદી નથી. નારક, દેવ, મનુષ્ય, તિર્યંચ વગેરે પિંડોમાં આકાશની જેમ એક જ આત્મા માનવામાં શું હાનિ છે ? આનો ઉત્તર તે છે કે આકાશની જેમ બધા પિંડોમાં એક આત્મા સંભવિત નથી. આકાશનું સર્વત્ર એક જ લિંગ અથવા લક્ષણ આપણે અનુભવીએ છીએ આથી આકાશ એક જ છે. જીવના વિષયમાં એવું નથી કહી શકાતું. જીવ પ્રત્યેક પિંડમાં વિલક્ષણ છે આથી તેને સર્વત્ર એક નથી કહી શકાતો. જીવ અનેક છે કેમકે તેમાં લક્ષણભેદ છે, જેમકે વિવિધ ઘટ. જે વસ્તુ અનેક નથી હોતી તેમાં લક્ષણ ભેદ પણ નથી હોતો, જેમકે આકાશ. વળી, એક જ જીવ માનવાથી સુખ, દુઃખ, બંધ, મોક્ષ વગેરેની વ્યવસ્થા પણ નથી થઈ શકતી. એક જ જીવનું એક જ સમયમાં સુખી-દુઃખી થવું સંભવતું નથી, બદ્ધ-મુક્ત થવું સંભવતું નથી. આથી અનેક જીવોની સત્તા માનવી યુક્તિસંગત છે. ઈન્દ્રભૂતિ મહાવીરના ઉપર્યુક્ત વક્તવ્યથી પૂર્ણ સંતુષ્ટ નથી થતા. તેઓ ફરી શંકા કરે છે કે જો જીવનું લક્ષણ જ્ઞાન-દર્શનરૂપ ઉપયોગ છે અને તે બધા જીવોમાં વિદ્યમાન છે તો પછી પ્રત્યેક પિંડમાં લક્ષણ ભેદ કેવી રીતે માની શકાય ? આનું સમાધાન કરતાં ભગવાન મહાવીર કહે છે કે બધા જીવોમાં ઉપયોગરૂપ સામાન્ય લક્ષણ વિદ્યમાન હોવા છતાં પણ પ્રત્યેક શરીરમાં વિશેષ-વિશેષ ઉપયોગનો અનુભવ થાય છે. જીવોમાં ઉપયોગના અપકર્ષ તથા ઉત્કર્ષના તારતમ્યના અનંત ભેદ છે. આ જ કારણ છે કે જીવોની સંખ્યા પણ અનંત છે.[૩]

જીવનું સ્વદેહ-પરિમાણ :

જીવોને અનેક માનવા છતાં પણ સર્વવ્યાપક માનવામાં શું મુશ્કેલી છે ?[૪] જીવ સર્વવ્યાપક નથી પરંતુ શરીરવ્યાપી છે કેમકે તેના ગુણ શરીરમાં જ ઉપલબ્ધ થાય છે. જેમકે ઘટના ગુણ ઘટના બાહ્ય દેશમાં ઉપલબ્ધ નથી થતાં આથી તેને સર્વવ્યાપક નથી માની શકાતો, તે જ રીતે આત્માના ગુણ પણ શરીરની બહાર ઉપલબ્ધ નથી થતાં આથી તે સ્વદેહપરિમાણ જ છે.[૫] અથવા જ્યાં જેની ઉપલબ્ધિ પ્રમાણસિદ્ધ નથી થતી ત્યાં તેનો અભાવ માનવો જોઈએ જેમકે ઘટમાં પટનો અભાવ છે.

---

૧. ગા. ૧૫૮૦. ૨. બ્રહ્મબિંદુ ઉપનિષદ્, ૧૧ વગેરે.
૩. ગા. ૧૫૮૧-૩. ૪. જેમકે સાંખ્ય, નૈયાયિક વગેરે માને છે.
૫. તુલના : અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા, ૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શરીરની બહાર સંસારી આત્માની ઉપલબ્ધિ નથી આથી શરીરની બહાર તેનો અભાવ માનવો યુક્તિયુક્ત છે. જીવમાં કર્તૃત્વ, ભોક્તૃત્વ, બંધ, મોક્ષ, સુખ, દુઃખ વગેરે બધું યુક્તિસંગત સિદ્ધ ત્યારે થઈ શકે, જ્યારે તેને અનેક અને અસર્વવ્યાપક-સ્વશરીરવ્યાપી માનવામાં આવે. આથી જીવને અનેક અને અસર્વગત માનવો જોઈએ.[૧]

જીવની નિત્યાનિત્યતા :

આત્મા પૂર્વ પર્યાયના નાશ અને અપર પર્યાયની ઉત્પત્તિની અપેક્ષાએ અનિત્ય સ્વભાવવાળો છે. ઘટાદિ વિજ્ઞાનરૂપ ઉપયોગનો નાશ થતાં પટાદિ વિજ્ઞાનરૂપ ઉપયોગ ઉત્પન્ન થાય છે. આનાથી જીવમાં ઉત્પાદ અને વ્યય બંને સિદ્ધ થાય છે, આથી જીવ વિનાશી છે. એવું હોવા છતાં પણ વિજ્ઞાન-સન્તતિની અપેક્ષાએ જીવ અવિનાશી અર્થાત્ નિત્ય – ધ્રુવ પણ સિદ્ધ થાય છે. આત્મામાં વિજ્ઞાનસામાન્યનો ક્યારેય અભાવ નથી હોતો, વિજ્ઞાનવિશેષનો અભાવ હોય છે. આથી વિજ્ઞાનસન્તતિ અર્થાત્ વિજ્ઞાનસામાન્યની અપેક્ષાએ આત્મા નિત્ય છે, ધ્રુવ છે, શાશ્વત છે, અવિનાશી છે. સંસારના બધા પદાર્થોનો પણ આ જ સ્વભાવ છે.[૨]

જીવ ભૂતધર્મ નથી :

કેટલાક લોકો એમ માને છે કે વિજ્ઞાનની ઉત્પત્તિ ભૂતોથી જ થાય છે, આથી વિજ્ઞાનરૂપ જીવ ભૂતોનો જ ધર્મ છે.[૩] તેમની આ માન્યતા અનુપયુક્ત છે. વિજ્ઞાનનો ભૂતો સાથે કોઈ અન્વય-વ્યતિરેક સંબંધ નથી. ભૂતોનું અસ્તિત્વ હોવા છતાં પણ મૃત શરીરમાં જ્ઞાનનો અભાવ જોઈ શકાય છે. ભૂતોના અભાવમાં પણ મુક્તાવસ્થામાં જ્ઞાનનો સદ્ભાવ છે. આથી ભૂતોની સાથે જ્ઞાનનો અન્વય-વ્યતિરેક અસિદ્ધ છે. એટલા માટે જ્ઞાનરૂપ જીવ ભૂતધર્મ ન હોઈ શકે. જે રીતે ઘટનો સદ્ભાવ થવાથી નિયમપૂર્વક પટનો સદ્ભાવ નથી થતો તથા ઘટના અભાવમાં પણ પટનો સદ્ભાવ જોઈ શકાય છે, આથી પટને ઘટથી ભિન્ન અને સ્વતંત્ર માની શકાય છે, તે જ રીતે જ્ઞાનને પણ ભૂતોથી ભિન્ન માનવું જોઈએ. આથી વિજ્ઞાનરૂપ જીવ ભૂતધર્મ ન હોઈ શકે.[૪]

આ પ્રમાણે ભગવાન મહાવીરે ઈન્દ્રભૂતિનો જીવવિષયક સંશય દૂર કર્યો અને તેમણે પોતાના પાંચસો શિષ્યો સહિત મહાવીર પાસે દીક્ષા ગ્રહણ કરી.[૫]

---

૧. ગા. ૧૫૮૬-૭. ૨. ગા. ૧૫૯૫. ૩. ચાર્વાકની આ જ માન્યતા છે.
૪. ગા. ૧૫૯૭-૯. ૫. ગા. ૧૬૦૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્મનું અસ્તિત્વ :

ત્યાર પછી અગ્નિભૂતિ મહાવીરની પાસે પહોંચ્યા. ભગવાને તેમને આવેલા જોઈને નામ અને ગોત્રથી સમ્બોધિત કર્યા અને કહ્યું — અગ્નિભૂતિ ! તારા મનમાં એવો સંદેહ છે કે કર્મ છે કે નથી. હું તારા આ સંદેહનું નિવારણ કરીશ. તું માને છે કે કર્મ પ્રત્યક્ષ વગેરે કોઈ પણ પ્રમાણથી સિદ્ધ નથી, આથી તે ખરવિષાણની જેમ અભાવરૂપ છે. તારો આ સંદેહ અનુપયુક્ત છે. હું કર્મને પ્રત્યક્ષ જોઉં છું. જો કે તને તેનું પ્રત્યક્ષ દર્શન નથી તો પણ અનુમાનથી તું પણ તેની સિદ્ધિ કરી શકે છે. સુખ-દુઃખરૂપ કર્મફળ તો તને પ્રત્યક્ષ જ છે અને તેથી તેના કારણરૂપ કર્મની સત્તાનું અનુમાન કરી શકાય છે. સુખ-દુઃખનું કોઈ કારણ અવશ્ય હોવું જોઈએ કેમકે તે કાર્ય છે, જેમ અંકુરરૂપ કાર્યનો હેતુ બીજ છે. સુખ-દુઃખરૂપ કાર્યનો જે હેતુ છે તે જ કર્મ છે.[૧]

અગ્નિભૂતિ મહાવીરની આ વાત માનીને આગળ શંકા કરે છે કે જો સુખ-દુઃખનું દૃષ્ટ કારણ સિદ્ધ હોય તો અદૃષ્ટ કારણરૂપ કર્મનું અસ્તિત્વ માનવાની શી આવશ્યકતા છે ? ચંદન વગેરે પદાર્થ સુખના હેતુ છે અને સર્પવિષ વગેરે દુઃખના હેતુ છે. આ દૃષ્ટ કારણોને છોડીને અદૃષ્ટ કર્મને માનવાની કોઈ આવશ્યકતા પ્રતીત નથી થતી. આનું સમાધાન કરતાં ભગવાન કહે છે કે દૃષ્ટ કારણમાં વ્યભિચાર દેખાય છે આથી અદૃષ્ટ કારણ માનવું અનિવાર્ય બની જાય છે. એ કેવી રીતે ? સુખ-દુઃખના દૃષ્ટ કારણો સમાનરૂપે ઉપસ્થિત હોવા છતાં પણ તેમનાં કાર્યોમાં તારતમ્ય જોવામાં આવે છે તે નિષ્કારણ નથી હોઈ શકતું. આનું જે કારણ છે તે જ કર્મ છે.[૨]

કર્મ-સાધક એક અન્ય પ્રમાણ આપતાં ભગવાન મહાવીર કહે છે — આદ્ય બાલશરીર દેહાન્તરપૂર્વક છે કેમકે તે ઈન્દ્રિયાદિથી યુક્ત છે, જેમ યુવાદેહ બાલદેહપૂર્વક છે. આદ્ય બાલશરીર જે દેહપૂર્વક છે તે જ કર્મ — કાર્મણશરીર છે.[૩]

કર્મ-સાધક ત્રીજું અનુમાન આ મુજબ છે : દાનાદિ ક્રિયાનું કંઈક ફળ અવશ્ય હોવું જોઈએ, કેમકે તે સચેતન વ્યક્તિકૃત ક્રિયા છે, જેમકે કૃષિ. દાનાદિ ક્રિયાનું જે ફળ છે તે જ કર્મ છે. અગ્નિભૂતિ આ વાતને માનતાં ફરી પ્રશ્ન કરે છે કે જેમ કૃષિ વગેરે ક્રિયાનું દૃષ્ટ ફળ ધાન્યાદિ છે, તે જ રીતે દાનાદિ ક્રિયાનું ફળ પણ મનઃપ્રસાદ વગેરે કેમ ન માની લેવામાં આવે ? આ દૃષ્ટ ફળ છોડીને અદૃષ્ટ ફલરૂપ કર્મની સત્તા માનવાથી શું લાભ ? મહાવીર આનો ઉત્તર આપતાં કહે છે —. અગ્નિભૂતિ ! શું તું નથી જાણતો કે મનઃપ્રસાદ પણ એક પ્રકારની ક્રિયા છે, આથી સચેતનની અન્ય

---

૧. ગા. ૧૬૧૦-૨. ૨. ૧૬૧૨-૩. ૩. ગા. ૧૬૧૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્રિયાઓ માફક તેનું પણ ફળ માનવું જોઈએ. તે જ ફળ કર્મ છે. આ કર્મના કાર્યરૂપે સુખદુઃખ વગેરે આગળ જતાં ફરી આપણે અનુભવીએ છીએ.[૧]

મૂર્ત કર્મ :

જો કાર્યના અસ્તિત્વથી કારણની સિદ્ધિ થાય છે તો શરીર વગેરે કાર્ય મૂર્ત હોવાને કારણે તેનું કારણરૂપ કર્મ પણ મૂર્ત જ હોવું જોઈએ. આ સંશયનું નિવારણ કરતાં ભગવાન મહાવીર કહે છે કે હું કર્મને મૂર્ત જ માનું છું કારણકે તેનું કાર્ય મૂર્ત છે. જેમ પરમાણુનું કાર્ય ઘટ મૂર્ત છે આથી પરમાણુ પણ મૂર્ત છે, તેવી જ રીતે કર્મનું શરીરાદિ કાર્ય મૂર્ત છે આથી કર્મ પણ મૂર્ત જ છે.[૨]

કર્મનું મૂર્તત્વ સિદ્ધ કરનાર અન્ય હેતુઓ આ છે : (૧) કર્મ મૂર્ત છે કારણકે તેની સાથે સંબંધ થવાથી સુખ આદિનો અનુભવ થાય છે, જેમકે ભોજન. જે અમૂર્ત હોય છે તેની સાથે સંબંધ થવાથી સુખ વગેરેનો અનુભવ નથી થતો, જેમકે આકાશ. (૨) કર્મ મૂર્ત છે કેમકે તેના સંબંધથી વેદનાનો અનુભવ થાય છે, જેમકે અગ્નિ. (૩) કર્મ મૂર્ત છે કેમકે તેમાં બાહ્ય પદાર્થોથી બલાધાન થાય છે. જેમ ઘટાદિ પદાર્થો પર તેલ વગેરે બાહ્ય વસ્તુનું વિલેપન કરવાથી બલાધાન થાય છે — સ્નિગ્ધતા આવે છે તે જ રીતે કર્મમાં પણ માળા, ચંદન, વનિતા વગેરે બાહ્ય વસ્તુઓના સંસર્ગથી બલાધાન થાય છે આથી તે મૂર્ત છે. (૪) કર્મ મૂર્ત છે કેમકે તે આત્માદિથી ભિન્ન રૂપમાં પરિણામી છે, જેમકે દૂધ.[૩]

કર્મ અને આત્માનો સંબંધ :

કર્મને મૂર્ત માનવાથી અમૂર્ત આત્મા સાથે તેનો સંબંધ કેવી રીતે થઈ શકે ? ઘટ મૂર્ત છે છતાં પણ તેનો સંયોગ સંબંધ અમૂર્ત આકાશ સાથે થાય છે. બરાબર એ જ રીતે મૂર્ત કર્મનો અમૂર્ત આત્મા સાથે સંબંધ થાય છે. અથવા જે રીતે આંગળી વગેરે મૂર્ત દ્રવ્યનો આકુંચન વગેરે અમૂર્ત ક્રિયા સાથે સંબંધ થાય છે તે જ પ્રમાણે કર્મ અને જીવનો સંબંધ સિદ્ધ થાય છે.[૪]

સ્થૂળ શરીર મૂર્ત છે પરંતુ તેનો આત્મા સાથે સંબંધ પ્રત્યક્ષ જ છે. એ જ રીતે ભવાંતરમાં જતાં જીવનો કાર્મણ શરીર સાથે સબંધ થવો જ જોઈએ અન્યથા નવા સ્થૂળ શરીરનું ગ્રહણ સંભવી નથી શકતું.[૫]

મૂર્ત દ્વારા અમૂર્તનો ઉપઘાત અને અનુગ્રહ કેવી રીતે થઈ શકે ? વિજ્ઞાનાદિ અમૂર્ત છે પરંતુ મદિરા, વિષ વગેરે મૂર્ત વસ્તુઓ દ્વારા તેમનો ઉપઘાત થાય છે તથા ઘી, દૂધ વગેરે પૌષ્ટિક ભોજન વડે તેમનો ઉપકાર થાય છે. એ જ રીતે મૂર્ત કર્મ દ્વારા અમૂર્ત આત્માનો અનુગ્રહ અથવા ઉપકાર થઈ શકે છે.[૬]

---

૧. ગા. ૧૬૧૫-૬. ૨. ગા. ૧૬૨૫. ૩. ગા. ૧૬૨૬-૭.
૪. ગા. ૧૬૩૫. ૫. ગા. ૧૬૩૬. ૬. ગા. ૧૬૩૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અથવા એમ કહો કે સંસારી આત્મા વસ્તુતઃ એકાંતરૂપે અમૂર્ત નથી. જીવ તથા કર્મનો અનાદિકાલીન સંબંધ હોવાને કારણે કથંચિત જીવ પણ કર્મપરિણામરૂપ છે, આથી તે તે રૂપમાં મૂર્ત પણ છે. આ પ્રમાણે મૂર્ત આત્મા પર મૂર્ત કર્મ દ્વારા થનાર અનુગ્રહ અને ઉપઘાતનો સ્વીકાર કરવામાં કોઈ આપત્તિ ના હોવી જોઈએ. દેહ અને કર્મમાં પરસ્પર કાર્ય-કારણભાવ છે. જેમ બીજથી અંકુર અને અંકુરથી બીજની ઉત્પત્તિ છે અને એ રીતે બીજાંકુર સંતતિ અનાદિ છે તે જ રીતે દેહથી કર્મ અને કર્મથી દેહનો ઉદ્‌ભવ સમજવો જોઈએ. દેહ અને કર્મની આ પરંપરા અનાદિ છે.[૧]

ઈશ્વરકર્તૃત્વનું ખંડન :

અગ્નિભૂતિ એક બીજી શંકા ઊભી કરે છે. તેઓ કહે છે કે જો ઈશ્વરાદિને જગત-વૈચિત્ર્યનું કારણ માની લેવામાં આવે તો કર્મની કોઈ આવશ્યકતા નથી રહેતી. મહાવીર કહે છે કે કર્મની સત્તા ન માનતાં માત્ર શુદ્ધ જીવને જ દેહાદિની વિચિત્રતાનો કર્તા માનવામાં આવે અથવા ઈશ્વરાદિને આ સમસ્ત વૈચિત્ર્યનો કર્તા માનવામાં આવે તો આપણી બધી માન્યતાઓ અસંગત સિદ્ધ થશે. આમ કેમ ? જો શુદ્ધ જીવ અથવા ઈશ્વરાદિને કર્મ-સાધનની અપેક્ષા નથી તો તે શરીરાદિનો આરંભ જ ન કરી શકે કેમકે તેની પાસે આવશ્યક ઉપકરણોનો અભાવ છે, જેમ કુંભાર દંડ વગેરે ઉપકરણોના અભાવમાં ઘડા વગેરેનું નિર્માણ નથી કરી શકતો તે જ રીતે ઈશ્વર કર્માદિ સાધનોના અભાવમાં શરીર વગેરેનું નિર્માણ નથી કરી શકતો. આ જ રીતે નિશ્ચેષ્ટતા, અમૂર્તતા વગેરે હેતુઓથી પણ ઈશ્વર-કર્તૃત્વનું ખંડન કરી શકાય છે.[૨]

આ પ્રમાણે ભગવાન મહાવીરે અગ્નિભૂતિના સંશયનું નિવારણ કરી આપ્યું તેથી તેમણે પોતાના ૫૦૦ શિષ્યો સાથે ભગવાન પાસે દીક્ષા ગ્રહણ કરી લીધી.[૩]

આત્મા અને શરીરના ભેદ :

ઈન્દ્રભૂતિ તથા અગ્નિભૂતિના દીક્ષિત થવાના સમાચાર સાંભળીને વાયુભૂતિ ભગવાન મહાવીર પાસે પહોંચ્યા. ભગવાને તેમને સંબોધિત કરતાં કહ્યું — વાયુભૂતિ ! તારા મનમાં એ સંશય છે કે જીવ અને શરીર એક જ છે અથવા જુદા-જુદા છે ? તને વેદ-પદોનો સાચો અર્થ સમજાયો નથી, એટલા માટે તને આ પ્રકારનો સંદેહ થઈ રહ્યો છે.[૪] તું એમ માને છે કે પૃથ્વી, જલ, તેજ અને વાયુ — આ ચાર ભૂતોના સમુદાયથી ચૈતન્ય ઉત્પન્ન થઈ શકે છે. જે રીતે મદ્ય ઉત્પન્ન કરનારી જુદી-જુદી વસ્તુઓમાં મદશક્તિ દેખાતી નથી છતાં પણ તેમના સમુદાયથી મદશક્તિ

---

૧. ગા. ૧૬૩૮-૯. ૨. ગા. ૧૬૪૧-૨. ૩. ગા. ૧૬૪૪. ૪. ગા. ૧૬૪૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્પન્ન થાય છે, તે જ રીતે પૃથ્વી વગેરે કોઈ પણ પૃથક્ ભૂતમાં ચૈતન્યશક્તિ દેખાતી નથી છતાં પણ તેમના સમુદાયથી ચૈતન્યનો પ્રાદુર્ભાવ થાય છે. જે રીતે જુદા-જુદા દ્રવ્યોના સમુદાયથી મદશક્તિ ઉત્પન્ન થાય છે અને કેટલાક સમય સુધી સ્થિર રહીને કાલાંતરમાં વિનાશની સામગ્રી ઉપસ્થિત થતાં ફરીથી નષ્ટ થઈ જાય છે, તે જ રીતે ભૂતોના સમુદાયથી ચૈતન્ય ઉત્પન્ન થાય છે અને કેટલાક સમય સુધી વિદ્યમાન રહીને કાલાંતરમાં વિનાશની સામગ્રી ઉપસ્થિત થતાં ફરી નષ્ટ થઈ જાય છે. આથી ચૈતન્ય ભૂતોનો ધર્મ છે અને ભૂતરૂપ શરીર તથા ચૈતન્યરૂપ આત્મા અભિન્ન છે.[૧]

ભગવાન મહાવીર આ સંશયનું નિરાકરણ કરતાં કહે છે — હે વાયુભૂતિ ! તારો આ સંશય યોગ્ય નથી કેમકે ચૈતન્ય માત્ર ભૂતોના સમુદાયથી ઉત્પન્ન નથી થઈ શકતું. તે સ્વતંત્રરૂપે સત્ છે કેમકે પ્રત્યેક ભૂતમાં તેની સત્તાનો અભાવ છે. જેનો પ્રત્યેક અવયવમાં અભાવ હોય તે સમુદાયથી પણ ઉત્પન્ન નથી થઈ શકતું. રેતીના પ્રત્યેક કણમાં તેલ નથી આથી રેતીના સમુદાયમાંથી પણ તેલ નથી નીકળી શકતું. તલના સમુદાયમાંથી તેલ નીકળે છે કેમકે પ્રત્યેક તલમાં તેલની સત્તા છે.[૨] તારું એ કથન કે મદ્યના પ્રત્યેક દ્રવ્યમાં મદ અવિદ્યમાન છે, અયોગ્ય છે. વસ્તુતઃ મદ્યના પ્રત્યેક અંગમાં પણ મદની ન્યૂન અથવા અધિક માત્રા વિદ્યમાન છે જ, એટલા માટે તે સમુદાયથી ઉત્પન્ન થાય છે.[૩]

ભૂતોમાં પણ મદ્યાંગોની માફક પ્રત્યેકમાં ચૈતન્યની માત્રા વિદ્યમાન છે આથી તે સમુદાયથી પણ ઉત્પન્ન થઈ જાય છે, એવું માની લેવામાં આવે તો શું આપત્તિ છે ? આ વાત નથી માની શકાતી કેમકે જે રીતે મદ્યના પ્રત્યેક અંગ — ધાતકીપુષ્પ, ગોળ, દ્રાક્ષા, ઈક્ષુરસ વગેરેમાં મદશક્તિ જોવામાં આવે છે તે જ રીતે પ્રત્યેક ભૂતમાં ચૈતન્યશક્તિનું દર્શન નથી થતું. આથી એમ નથી કહી શકાતું કે માત્ર ભૂતસમુદાયથી જ ચૈતન્ય ઉત્પન્ન થાય છે.[૪]

મદ્યના પ્રત્યેક અંગમાં પણ જો મદશક્તિ ન માનીએ તો શું દોષ છે ? જો ભૂતોમાં ચૈતન્યની માફક મદ્યના પણ પ્રત્યેક અંગમાં મદશક્તિ ન હોય તો એવો નિયમ જ નથી બની શકતો કે મદ્યના ધાતકીપુષ્પ વગેરે તો કારણો છે અને અન્ય પદાર્થો નહિ. આવી સ્થિતિમાં રાખ, પત્થર વગેરે કોઈ પણ વસ્તુ મદનું કારણ બની જશે અને કોઈ પણ સમુદાયથી મદ્ય ઉત્પન્ન થઈ જશે. પરંતુ વ્યવહારમાં આમ નથી થતું. આથી મદ્યના પ્રત્યેક અંગભૂત પદાર્થમાં મદશક્તિનું અસ્તિત્વ અવશ્ય માનવું જોઈએ.[૫]

---

૧. ગા. ૧૬૫૦-૧. ૨. આ સત્કાર્યવાદનો મૂળભૂત સિદ્ધાંત છે.
૩. ગા. ૧૬૫૨. ૪. ગા. ૧૬૫૩ ૫. ગા. ૧૬૫૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઈન્દ્રિય-ભિન્ન આત્મસાધક અનુમાન :

ભૂત અથવા ઈન્દ્રિયોથી જુદા કોઈ તત્ત્વનો ધર્મ ચૈતન્ય છે, કેમકે ભૂત અથવા ઈન્દ્રિયો દ્વારા ઉપલબ્ધ પદાર્થનું સ્મરણ થાય છે, જેમ પાંચ ઝરુખામાંથી ઉપલબ્ધ વસ્તુનું સ્મરણ થવાને કારણે ઝરુખાઓથી ભિન્નસ્વરૂપ દેવદત્તનો ધર્મ ચૈતન્ય છે. જેમ ક્રમશઃ પાંચ ઝરુખામાંથી જોનાર દેવદત્ત એક જ છે અને તે આ ઝરુખાઓથી ભિન્ન છે કેમકે તે પાંચે ઝરુખાઓ દ્વારા જોવામાં આવેલી ચીજોનું સ્મરણ કરે છે, તે જ રીતે પાંચે ઈન્દ્રિયો દ્વારા ગૃહીત પદાર્થોનું સ્મરણ કરનાર પણ ઈન્દ્રિયોથી ભિન્ન કોઈ તત્ત્વ અવશ્ય હોવું જોઈએ. આ જ તત્ત્વનું નામ આત્મા અથવા જીવ અથવા ચેતના છે. જો સ્વયં ઈન્દ્રિયોને જ ઉપલબ્ધિકર્તા માની લેવામાં આવે તો શું આપત્તિ છે ? ઈન્દ્રિયવ્યાપાર બંધ થવાથી અથવા ઈન્દ્રિયોનો નાશ થવાથી પણ ઈન્દ્રિયો દ્વારા ગૃહીત વસ્તુંનું સ્મરણ થાય છે તથા ક્યારેક-ક્યારેક ઈન્દ્રિયવ્યાપારના અસ્તિત્વમાં પણ અન્યમનસ્કને વસ્તુનું જ્ઞાન નથી થતું, આથી એમ માનવું જોઈએ કે કોઈ વસ્તુનું જ્ઞાન ઈન્દ્રિયોને નથી થતું પરંતુ ઈન્દ્રિયભિન્ન કોઈ અન્યને જ થાય છે. આ જ જ્ઞાતા આત્મા છે.[૧]

બીજું અનુમાન આ મુજબ છે : આત્મા ઈન્દ્રિયોથી ભિન્ન છે, કેમકે તે એક ઈન્દ્રિય દ્વારા ગૃહીત પદાર્થને બીજી ઈન્દ્રિયથી ગ્રહણ કરે છે. જેમ એક બારીમાંથી જોવામાં આવેલાં ઘડાને દેવદત્ત બીજી બારીમાંથી ગ્રહણ કરે છે આથી દેવદત્ત બંને બારીઓથી ભિન્ન છે, તેવી જ રીતે આત્મા પણ એક ઈન્દ્રિયથી ગૃહીત વસ્તુને બીજી ઈન્દ્રિયથી ગ્રહણ કરે છે આથી તે ઈન્દ્રિયોથી ભિન્ન છે. બીજી વાત એ છે કે વસ્તુનું ગ્રહણ એક ઈન્દ્રિયથી થાય છે પરંતુ વિકાર બીજી ઈન્દ્રિયમાં થાય છે, જેમ આંખો દ્વારા આમલી વગેરે આમ્લ પદાર્થ દેખાય છે પરંતુ લાલાસ્રવાદિ વિકાર (લાળ પડવી, મોંમાં પાણી આવવું) જિહ્વામાં થાય છે, આથી એમ માનવું પડે છે કે આત્મા ઈન્દ્રિયોથી ભિન્ન છે.[૨]

ત્રીજું અનુમાન આ પ્રમાણે છે : જીવ ઈન્દ્રિયોથી ભિન્ન છે, કેમકે તે બધી ઈન્દ્રિયો દ્વારા ગૃહીત અર્થનું સ્મરણ કરે છે. જે રીતે પોતાની ઈચ્છાથી રૂપ વગેરે એક-એક ગુણના જ્ઞાતા એવા પાંચ પુરુષોથી રૂપ વગેરેનું જ્ઞાન ગ્રહણ કરનારો પુરુષ ભિન્ન છે, તે જ રીતે પાંચે ઈન્દ્રિયોથી ઉપલબ્ધ અર્થનું સ્મરણ કરનારું પાંચે ઈન્દ્રિયોથી ભિન્ન કોઈ તત્ત્વ હોવું જોઈએ. આ જ તત્ત્વ આત્મા છે.[૩]

---

૧. ગા. ૧૬૫૭-૮. ૨. ગા. ૧૬૫૯. ૩. ગા. ૧૬૬૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આત્માની નિત્યતા :

આત્મા શરીરથી ભિન્ન સાબિત થવાં છતાં પણ શરીરની જેમ ક્ષણિક તો છે જ. આવી દશામાં તે શરીરની સાથે જ નષ્ટ થઈ જાય છે. તો પછી તેને શરીરથી ભિન્ન સાબિત કરવાનો શો ફાયદો ? આ શંકા યોગ્ય નથી. પૂર્વ જન્મનું સ્મરણ કરનાર જીવનો તેના પૂર્વ ભવના શરીરનો નાશ થઈ જવા છતાં પણ ક્ષય નથી માની શકાતો. જીવનો ક્ષય માનવાથી પૂર્વ ભવનું સ્મરણ કરનાર કોઈ નથી રહેતું. જે રીતે બાલ્યાવસ્થાનું સ્મરણ કરનાર વૃદ્ધના આત્માનો બાલ્યકાળમાં સર્વથા નાશ નથી થઈ જતો કેમકે તે બાલ્યાવસ્થાનું સ્મરણ કરતો પ્રત્યક્ષ જોવામાં આવે છે, બરાબર એ જ રીતે જીવ પણ પૂર્વ જન્મનું સ્મરણ કરે છે, આ વાત સાબિત થયેલી છે. અથવા જે રીતે વિદેશમાં ગયેલ કોઈ વ્યક્તિ·સ્વદેશની વાતોનું સ્મરણ કરે છે આથી તેને નષ્ટ નથી માની શકાતો, તે જ રીતે પૂર્વ જન્મનું સ્મરણ કરનાર જીવનો પણ સર્વથા નાશ ન માની શકાય.[૧]

જો કોઈ એમ કહે કે જીવરૂપ વિજ્ઞાનને ક્ષણિક માનીને પણ વિજ્ઞાન-સંતતિના સામર્થ્યથી સ્મરણની સિદ્ધિ કરી શકાય છે, તો તેનો અર્થ એ થયો કે શરીરનો નાશ થઈ જવા છતાં પણ વિજ્ઞાન-સંતતિનો નાશ નથી થયો. આથી વિજ્ઞાન-સંતતિ શરીરથી ભિન્ન જ સાબિત થઈ. વિજ્ઞાનનું સર્વથા ક્ષણિક હોવું સંભવિત નથી કેમકે પૂર્વોપલબ્ધ વસ્તુનું સ્મરણ થતું હોવાનું જોઈ શકાય છે. જે ક્ષણિક હોય છે તેને અતીતનું સ્મરણ નથી થઈ શકતું. કેમકે આપણને અતીતનું સ્મરણ થાય છે આથી આપણું વિજ્ઞાન સર્વથા ક્ષણિક નથી. ક્ષણિકવાદના અનેક દોષો તરફ સંકેત કરતાં ભાષ્યકારે એવા મતની સ્થાપના કરી છે કે જ્ઞાન-સંતતિનું જે સામાન્ય રૂપ છે તે નિત્ય છે આથી તેનો ક્યારેય પણ વ્યવચ્છેદ નથી થતો. એ જ આત્મા નામે પ્રસિદ્ધ છે.[૨]

આત્માની અદૃશ્યતા :

જો આત્મા શરીરથી ભિન્ન છે તો તે શરીરમાં પ્રવેશ સમયે અથવા ત્યાંથી બહાર નીકળતાં દેખાતો કેમ નથી ? કોઈ પણ વસ્તુની અનુપલબ્ધિ બે જાતની હોય છે : (૧) જે વસ્તુ ખરશ્રૃંગાદિ માફક સર્વથા અસત્ હોય તે ક્યારેય ઉપલબ્ધ નથી હોતી; (૨) વસ્તુ સત્ હોવા છતાં પણ બહુ દૂર, બહુ પાસે, અતિ સૂક્ષ્મ વગેરે હોવાને કારણે ઉપલબ્ધ નથી હોતી. આત્મા સ્વભાવથી અમૂર્ત છે તથા તેનું કાર્મણ શરીર પરમાણુની માફક સૂક્ષ્મ છે આથી તે આપણા શરીરમાં પ્રવેશ કરતી વખતે અથવા શરીરમાંથી બહાર નીકળતી વખતે જોવામાં નથી આવતો.[૩]

---

૧. ગા. ૧૬૭૧. ૨. ગા. ૧૬૭૨-૧૬૮૧. ૩. ગા. ૧૬૮૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રમાણે જ્યારે ભગવાન મહાવીરે વાયુભૂતિના સંશયનું નિવારણ કર્યું ત્યારે તેમણે પોતાના ૫૦૦ શિષ્યો પાસે ભગવાન પાસે દીક્ષા અંગીકાર કરી લીધી.[૧]

શૂન્યવાદનું નિરસન :

ઈન્દ્રભૂતિ વગેરે ત્રણેને દીક્ષિત થયેલા સાંભળીને વ્યક્તે વિચાર કર્યો કે મારે પણ મહાવીર પાસે પહોંચવું જોઈએ. એમ વિચારીને તેઓ ભગવાન મહાવીર પાસે પહોંચ્યા. ભગવાને તેમને આવેલા જોઈને સંબોધિત કરતાં કહ્યું – હે વ્યક્ત ! તારા મનમાં એમ સંશય છે કે ભૂતોનું અસ્તિત્વ છે કે નહિ ? તું વેદવાક્યોનો યથાર્થ અર્થ નથી જાણતો, એટલા માટે તને આ પ્રકારની શંકા છે. હું તને આનો સાચો અર્થ બતાવીશ જેથી તારો સંશય દૂર થશે.[૨]

હે વ્યક્ત ! તું એમ સમજે છે કે પ્રત્યક્ષ દેખાનારા આ બધા ભૂતો સ્વપ્નોપમ છે તથા જીવ, પુણ્ય, પાપ વગેરે પરોક્ષ પદાર્થો પણ માયોપમ છે. આ રીતે સમસ્ત સંસાર યથાર્થમાં શૂન્યરૂપ છે. તું એમ પણ જાણે છે કે સંસારમાં સઘળો વ્યવહાર હ્રસ્વ-દીર્ઘની માફક સાપેક્ષ છે. આથી વસ્તુની સિદ્ધિ સ્વતઃ, પરતઃ, ઉભયતઃ તથા અન્ય કોઈ પણ પ્રકારથી નથી થઈ શકતી. આથી બધું જ શૂન્ય છે. આ જ રીતે પદાર્થની સાથે અસ્તિત્વ, એકત્વ, અનેકત્વ વગેરેનો કોઈ પ્રકારનો સંબંધ સાબિત નથી થઈ શકતો, આથી બધું શૂન્ય છે. ઉત્પત્તિ, અનુત્પત્તિ, ઉભય, અનુભય વગેરેમાં પણ આ જ પ્રકારના અનેક દોષો ઉપસ્થિત થાય છે, આથી જગતને શૂન્યરૂપ જ માનવું જોઈએ.[૩]

આ શંકાઓનું નિવારણ આ મુજબ છે : જો સંસારમાં ભૂતોનું અસ્તિત્વ જ ન હોય તો તેમના વિષયમાં આકાશ-કુસુમ સમાન સંશય જ ઉત્પન્ન ન થાય. જે વસ્તુ વિદ્યમાન હોય છે તેના જ વિષયમાં સંશય થાય છે જેમ કે સ્થાણુ અને પુરુષના વિષયમાં. એવી કઈ વિશેષતા છે કે જેના કારણે સ્થાણુ-પુરુષના વિષયમાં તો સંદેહ થાય છે પરંતુ આકાશ-કુસુમના વિષયમાં સંદેહ નથી થતો ? અથવા એવું કેમ નથી થતું કે આકાશ-કુસુમ વગેરેના વિષયમાં જ સંદેહ થાય તથા સ્થાણુ-પુરુષના વિષયમાં સંદેહ ન થાય ? આથી એમ માનવું જોઈએ કે આકાશકુસુમની સમાન બધું સમાનરૂપથી શૂન્ય નથી. પ્રત્યક્ષ, અનુમાન તથા આગમ દ્વારા પદાર્થની સિદ્ધિ થાય છે, આથી આ પ્રમાણોના વિષયભૂત પદાર્થોના સંબંધમાં જ સંશય ઉત્પન્ન થાય છે. જે સર્વપ્રમાણીત છે તેના વિષયમાં સંશય કેવી રીતે થઈ શકે ? એટલા માટે સ્થાણુ-પુરુષ વગેરે પદાર્થોના વિષયમાં તો સંદેહ થાય છે પરંતુ આકાશ-કુસુમ વગેરેના

---

૧. ગા. ૧૬૮૬. ૨. ગા. ૧૬૮૭-૯. ૩. ગા. ૧૬૯૦-૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિષયમાં નહિ. બીજી વાત એ છે કે સંશયાદિ જ્ઞાનપર્યાય છે. જ્ઞાનની ઉત્પત્તિ જ્ઞેય વિના સંભવતી નથી. આથી જો જ્ઞેય જ નથી તો સંશય ઉત્પન્ન જ કેવી રીતે થશે ?[૧]

અહીં કોઈ એમ કહી શકે કે એવો કોઈ નિયમ નથી કે જો બધાનો અભાવ હોય તો સંશય જ ન થાય. જેમ સૂતેલાં પુરુષ પાસે કંઈ પણ નથી હોતું છતાં પણ તે સ્વપ્નમાં સંશય કરે છે કે 'આ ગજરાજ છે અથવા પર્વત ?' આથી બધું શૂન્ય હોવા છતાં પણ સંશય થઈ શકે છે. આ કથન યોગ્ય નથી. સ્વપ્નમાં જે સંદેહ થાય છે તે પણ પૂર્વાનુભૂત વસ્તુના સ્મરણથી જ થાય છે. જો બધી વસ્તુઓનો સર્વથા અભાવ હોય તો સ્વપ્નમાં પણ સંશય ન થાય. જે કારણોથી સ્વપ્ન થાય છે તે આ મુજબ છે : અનુભૂત અર્થ – જેમકે સ્નાનાદિ, દૃષ્ટ અર્થ – જેમકે હસ્તિ-તુરગાદિ, ચિંતિત અર્થ – જેમકે પ્રિયતમા વગેરે, શ્રુત અર્થ – જેમકે સ્વર્ગ-નરકાદિ, પ્રકૃતિ વિકાર – જેમકે વાત-પિત્તાદિ, અનુકૂળ અથવા પ્રતિકૂળ દેવતા, સજળ પ્રદેશ, પુણ્ય તથા પાપ. આથી સ્વપ્ન પણ ભાવરૂપ છે. સ્વપ્ન ભાવરૂપ છે કેમકે ઘટ-વિજ્ઞાનાદિ માફક તે પણ વિજ્ઞાનરૂપ છે અથવા સ્વપ્ન ભાવરૂપ છે કેમકે તે પણ પોતાના કારણોથી ઉત્પન્ન થાય છે, જેમ ઘટ વગેરે પોતાના કારણોથી ઉત્પન્ન થવાને કારણે ભાવરૂપ છે.[૨]

શૂન્યવાદમાં એક દોષ એ પણ છે કે જો બધું જ શૂન્ય હોય તો સ્વપ્ન-અસ્વપ્ન, સત્ય-મિથ્યા, ગન્ધર્વનગર-પાટલિપુત્ર, મુખ્ય-ગૌણ, સાધ્ય-સાધન, કાર્ય-કારણ, વક્તા-વચન, ત્રિઅવયવ-પંચાવયવ, સ્વપક્ષ-પરપક્ષ વગેરે ભેદ પણ ન હોય.[૩]

એમ કહેવું કે સમસ્ત વ્યવહાર સાપેક્ષ છે, આથી કોઈ પદાર્થની સ્વરૂપસિદ્ધિ નથી થઈ શકતી, અયુક્ત છે. આપણી સામે એક પ્રશ્ન છે કે હ્રસ્વ-દીર્ઘનું જ્ઞાન યુગપદ્ થાય છે કે ક્રમશઃ ? જો યુગપદ્ થાય છે તો જે સમયે મધ્યમા આંગળીના વિષયમાં દીર્ઘત્વનો પ્રતિભાસ થયો તે જ સમયે પ્રદેશિનીમાં હ્રસ્વત્વનો પ્રતિભાસ થયો, એવું માનવું પડશે. આવી અવસ્થામાં એમ નથી કહી શકાતું કે હ્રસ્વત્વ-દીર્ઘત્વ સાપેક્ષ છે. જો હ્રસ્વ-દીર્ઘનું જ્ઞાન ક્રમશઃ થાય છે તો પહેલાં પ્રદેશિનીમાં હ્રસ્વત્વનું જ્ઞાન થાય છે જે મધ્યમ આંગળીના દીર્ઘત્વના પ્રતિભાસથી નિરપેક્ષ છે. આથી એમ માનવું પડે છે કે હ્રસ્વત્વ-દીર્ઘત્વનો વ્યવહાર માત્ર સાપેક્ષ નથી. એક બીજું ઉદાહરણ લઈએ. બાળક જન્મ લીધાં પછી સર્વપ્રથમ આંખો ખોલીને જે જ્ઞાન પ્રાપ્ત કરે છે તેમાં શાની અપેક્ષા છે ? તથા બે સદૃશ પદાર્થોનું જ્ઞાન જો એક સાથે થાય તો તેમાં પણ કોઈની અપેક્ષા દૃષ્ટિગોચર નથી થતી. આ બધી મુશ્કેલીઓ

---

૧. ગા. ૧૬૯૭-૧૭૦૦. ૨. ગા. ૧૭૦૨-૪. ૩. ગા. ૧૭૦૫-૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધ્યાનમાં રાખતાં એ માનવું જોઈએ કે કોઈ એક વસ્તુનું સ્વવિષયક જ્ઞાન અન્ય વસ્તુની અપેક્ષા વિના થાય છે. તત્પ્રતિપક્ષી પદાર્થનું સ્મરણ થવાથી આ પ્રકારનો વ્યપદેશ અવશ્ય થાય છે કે આ અમુકથી હ્રસ્વ છે, અમુકથી દીર્ઘ છે વગેરે. આથી પદાર્થોને સ્વતઃ સિદ્ધ માનવા જોઈએ.[૧]

પદાર્થના અસ્તિત્વ વગેરે ધર્મોની સિદ્ધિ આ પ્રમાણે કરી શકાય છે : જો પદાર્થના અસ્તિત્વ વગેરે ધર્મો અન્યનિરપેક્ષ ન હોય તો હ્રસ્વ પદાર્થોનો નાશ થાય ત્યારે દીર્ઘ પદાર્થોનો પણ સર્વથા નાશ થઈ જવો જોઈએ, કેમકે દીર્ઘ પદાર્થોની સત્તા હ્રસ્વ પદાર્થ સાપેક્ષ છે. પરંતુ એવું નથી થતું. આથી એમ સિદ્ધ થાય છે કે પદાર્થના હ્રસ્વ વગેરે ધર્મોનું જ્ઞાન અને વ્યવહાર જ પરસાપેક્ષ છે, તેમના અસ્તિત્વ વગેરે ધર્મો નહિ.[૨] ઘટસત્તા ઘટનો ધર્મ હોવાને કારણે ઘટથી અભિન્ન છે પરંતુ પટાદિથી ભિન્ન છે. ઘટની જેમ પટાદિની સત્તા પટાદિમાં છે જ આથી ઘટની માફક અઘટરૂપ પટાદિ પણ વિદ્યમાન છે. આ જ રીતે અઘટનું અસ્તિત્વ હોવાને કારણે તદ્ભિન્નને ઘટ કહી શકાય છે. અહીં એક શંકા પેદા થઈ શકે છે કે જો ઘટ અને અસ્તિત્વ એક જ હોય તો એવો નિયમ કેમ નથી બની શકતો કે 'જે જે અસ્તિરૂપ છે તે બધું ઘટ જ છે ?' આવું એટલા માટે નથી થતું કે ઘટનું અસ્તિત્વ ઘટમાં જ છે, પટાદિમાં નહિ. આથી ઘટ અને તેના અસ્તિત્વને અભિન્ન માનીને પણ એ નિયમ નથી બની શકતો કે 'જે જે અસ્તિરૂપ છે તે બધું ઘટ જ છે.' માત્ર 'અસ્તિ' અર્થાત્ 'છે' કહેવાથી જેટલા પદાર્થોમાં અસ્તિત્વ છે તે બધાનો બોધ થશે. તેમાં ઘટ અને અઘટ બધાનો સમાવેશ થશે. 'ઘટ છે' એવું કહેવાથી તો તેટલો જ બોધ થશે કે માત્ર ઘટ છે. એનું કારણ એ છે કે ઘટનું અસ્તિત્વ ઘટ સુધી જ સીમિત છે. જેમ 'વૃક્ષ' કહેવાથી આંબો, લીમડો વગેરે બધાં વૃક્ષોનો બોધ થાય છે કેમકે આ બધામાં વૃક્ષત્વ સમાનરૂપે વિદ્યમાન છે. પરંતુ 'આમ્ર' કહેવાથી તો માત્ર આમ્ર વૃક્ષનો જ બોધ થશે કેમકે તેનું વૃક્ષત્વ ત્યાં સુધી જ સીમિત છે.[૪] આ જ રીતે જ્ઞાત-અજ્ઞાત, દૃશ્ય-અદૃશ્ય વગેરેની પણ સિદ્ધિ કરી શકાય છે. આ રીતે પૃથ્વી, જલ, અગ્નિ વગેરે પ્રત્યક્ષ દેખાતા ભૂતાદિના વિષયમાં સંદેહ ન થવો જોઈએ. વાયુ તથા આકાશ પ્રત્યક્ષ દેખાતા નથી આથી તેમના વિષયમાં સંદેહ થઈ શકે છે. આ સંશયનું નિવારણ અનુમાનથી થઈ શકે છે.

---

૧. ગા. ૧૭૧૦-૧. ૨. ગા. ૧૭૧૫.
૩. ગા. ૧૭૨૨-૩. ૪. ગા. ૧૭૨૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાયુ અને આકાશનું અસ્તિત્વ :

સ્પર્શાદિ ગુણોનો કોઈ ગુણી અવશ્ય હોવો જોઈએ કેમકે તે ગુણો છે, જેમકે રૂપ ગુણનો ગુણી ઘટ છે. સ્પર્શાદિ ગુણોનો જે ગુણી છે તે વાયુ છે.[૧]

પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ – આ બધાનો કોઈ આધાર હોવો જોઈએ કેમકે આ બધા મૂર્ત છે. જે મૂર્ત હોય છે તેનો આધાર અવશ્ય હોય છે, જેમકે પાણીનો આધાર ઘડો છે. પૃથ્વી વગેરેનો જે આધાર છે તે જ આકાશ છે.[૨]

આ પ્રમાણે ભગવાન મહાવીર વ્યક્તની ભૂતવિષયક શંકાનું સમાધાન કરતાં આગળ કહે છે કે જ્યાં સુધી શસ્ત્રથી ઉપઘાત ન થયો હોય ત્યાં સુધી આ ભૂતો સચેતન છે, શરીરના આધારભૂત છે, વિવિધ પ્રકારે જીવોના ઉપયોગમાં આવે છે.[૩]

ભૂતોની સજીવતા :

પૃથ્વી, જલ, અગ્નિ અને વાયુ સચેતન છે કેમકે તેમાં જીવના લક્ષણો જોઈ શકાય છે. આકાશ અમૂર્ત છે. તે માત્ર જીવનો આધાર જ બને છે. તે સજીવ નથી.[૪] પૃથ્વી સચેતન છે કેમકે તેમાં જીવમાં દેખી શકાતાં જન્મ, જરા, જીવન, મરણ, ક્ષતસંરોહણ, આહાર, દોહદ, રોગ, ચિકિત્સા વગેરે લક્ષણો મળી આવે છે. સ્પૃષ્ટપ્રરોદિકા (લાજવન્તી) ક્ષુદ્ર જીવની માફક સ્પર્શથી સંકુચિત થઈ જાય છે. વેલ પોતાનો આશ્રય પ્રાપ્ત કરવા માટે મનુષ્યની માફક વૃક્ષ તરફ વધતી જોઈ શકાય છે. શમી વગેરેમાં નિદ્રા, પ્રબોધ, સંકોચ વગેરે લક્ષણો માનવામાં આવે છે. બકુલ શબ્દનો, અશોક રૂપનો, કુરબક ગંધનો, વિરહક રસનો, ચંપક સ્પર્શનો ઉપભોગ કરતા દૃષ્ટિગોચર થાય છે.[૫] જલ પણ સચેતન છે. ભૂમિ ખોદવાથી સ્વાભાવિક રૂપે નીકળવાને કારણે દેડકાની જેમ જલ સજીવ સિદ્ધ થાય છે. મત્સ્યની જેમ સ્વાભાવિક રૂપે આકાશમાંથી પડવાને કારણે જલને સચેતન માનવું જોઈએ.[૬] વાયુની સચેતનતાનું પ્રમાણ આ છે : જેમ ગાય કોઈની પ્રેરણા વિના જ અનિયમિત રૂપે તિર્યક્ ગમન કરે છે, વાયુ પણ તે જ રીતે કરે છે આથી તે સજીવ છે. અગ્નિ પણ સજીવ છે કેમકે જેમ મનુષ્યમાં આહાર વગેરેથી વૃદ્ધિ અને વિકાર જોઈ શકાય છે તેવી જ રીતે અગ્નિમાં પણ કાષ્ઠાદિ આહારથી વૃદ્ધિ અને વિકાર જોઈ શકાય છે.[૭]

---

૧. ગાથા ૧૭૪૯. ૨. ગા. ૧૭૫૦. ૩. ગા. ૧૭૫૧.
૪. ગા. ૧૭૫૨. ૫. ગા. ૧૭૫૪-૫.
૬. ગા. ૧૭૫૭. ૭. ગા. ૧૭૫૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હિંસા-અહિંસાનો વિવેક :

જો પૃથ્વી વગેરે ભૂતોમાં અનંત જીવો વિદ્યમાન છે તો સાધુએ આહારાદિ લેવાને કારણે અનંત જીવોની હિંસાનો દોષ લાગશે. આવી સ્થિતિમાં સાધુને અહિંસક કેવી રીતે માની શકાશે ? ભૂતો સજીવ હોવા છતાં પણ સાધુને હિંસાનો દોષ એટલા માટે નથી લાગતો કે શસ્ત્રોપહત પૃથ્વી વગેરે ભૂતોમાં જીવ નથી હોતો. આવા ભૂતો નિર્જીવ જ હોય છે. એવું કથન પણ યોગ્ય નથી કે કોઈ વ્યક્તિ માત્ર જીવનો ઘાતક બનવાથી હિંસક થઈ જાય છે. એ કથન પણ અનુચિત છે કે એક વ્યક્તિ કોઈ પણ જીવનો ઘાતક નથી આથી તે નિશ્ચિત રૂપે અહિંસક છે. એમ માનવું પણ યુક્તિસંગત નથી કે થોડાક જીવ હોય તો હિંસા નથી થતી અને અધિક જીવ હોય તો હિંસા થાય છે. હિંસક અને અહિંસકની ઓળખાણ એ છે કે જીવની હત્યા ન કરવાં છતાં પણ દુષ્ટ ભાવોને કારણે વ્યક્તિ હિંસક કહેવાય છે તથા જીવનો ઘાતક હોવા છતાં પણ વ્યક્તિ શુદ્ધ ભાવોને કારણે અહિંસક કહેવાય છે. પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિ સંપન્ન જ્ઞાની મુનિ અહિંસક છે. આનાથી વિપરીત જે અસંયમી છે તે હિંસક છે. સંયમી કોઈ જીવનો ઘાત કરે કે ન કરે પરંતુ તે હિંસક નથી કહેવાતો કેમકે હિંસા-અહિંસાનો આધાર આત્માનો અધ્યવસાય છે, નહિ કે ક્રિયા. વસ્તુતઃ અશુભ પરિણામનું નામ જ હિંસા છે. આ અશુભ પરિણામ બાહ્ય જીવઘાતની અપેક્ષા રાખી પણ શકે છે અને નહીં પણ. જે જીવવધ અશુભ પરિણામજન્ય છે અથવા અશુભ પરિણામનો જનક છે તે જીવવધ તો હિંસા છે જ. જે જીવવધ અશુભ પરિણામનો જનક નથી તે હિંસાની કોટિની બહાર છે. જે રીતે શબ્દાદિ વિષયો વીતરાગમાં રાગ ઉત્પન્ન નથી કરી શકતા કેમકે વીતરાગના ભાવો શુદ્ધ હોય છે તે જ રીતે સંયમીનો જીવવધ પણ હિંસા નથી કહેવાતો કેમકે તેનું મન શુદ્ધ છે.[૧]

આ પ્રમાણે ભગવાન મહાવીરે વ્યક્તનો સંશય દૂર કર્યો અને તેમણે પોતાના ૫૦૦ શિષ્યો સહિત ભગવાન પાસેથી દીક્ષા ગ્રહણ કરી.[૨]

ઇહલોક અને પરલોકની વિચિત્રતા :

ઉપર્યુક્ત ચાર પંડિતોના દીક્ષિત થયાના સમાચાર સાંભળીને સુધર્મા ભગવાન મહાવીર પાસે પહોંચ્યા. મહાવીરે તેમને સંબોધિત કરતાં કહ્યું – સુધર્મા ! તને એવો સંશય છે કે જીવ જેવો આ ભવમાં છે તેવો જ પરભવમાં પણ હોય છે કે નહિ ? તને વેદપદોનો અર્થ જ્ઞાત નથી એટલા માટે આ પ્રકારનો સંશય થાય છે. હું તારા સંશયનું નિવારણ કરીશ.[૩]

---

૧. ગા. ૧૭૬૨-૮. ૨. ગા. ૧૭૬૯. ૩. ગા. ૧૭૭૦-૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાર્ય કારણની સમાન જ હોય છે તેવી માન્યતા યોગ્ય નથી. એવો કોઈ એકાન્તિક નિયમ નથી કે કાર્ય કારણની જેવું જ હોય છે. શ્રૃંગમાંથી પણ શર નામની વનસ્પતિ ઉત્પન્ન થાય છે. તેની પર જો સરસવનો લેપ કરવામાં આવે તો ફરી તેમાંથી એક વિશેષ પ્રકારનું ઘાસ ઉત્પન્ન થાય છે. ગાય તથા બકરીના વાળથી દૂર્વા (દાભ) ઉત્પન્ન થાય છે. એ જ રીતે વિવિધ પ્રકારના દ્રવ્યોના સંયોગથી વિલક્ષણ વનસ્પતિની ઉત્પત્તિનું વર્ણન વૃક્ષાયુર્વેદમાં મળે છે. આથી એમ માનવું જોઈએ કે કારણથી વિલક્ષણ કાર્ય પણ ઉત્પન્ન થઈ શકે છે. એવો એકાન્તિક નિયમ નથી કે કાર્ય કારણાનુરૂપ જ હોય.[૧]

કારણાનુરૂપ કાર્ય માનવાથી પણ ભવાન્તરમાં વિચિત્રતા સંભવે છે. કારણાનુરૂપ કાર્ય સ્વીકારવાથી પણ એમ નિશ્ચિત નથી કહી શકાતું કે મનુષ્ય મરીને મનુષ્ય જ બને છે. આમ કેમ ? બીજને અનુરૂપ અંકુરની ઉત્પત્તિ માનવા છતાં પણ પરભવમાં જીવમાં વૈચિત્ર્ય માનવું જ પડશે. મનુષ્યનું ઉદાહરણ લઈએ. ભવાંકુરનું બીજ મનુષ્ય પોતે ન હોતાં-તેનું કર્મ હોય છે. કર્મ વિચિત્ર છે આથી તેનો પરભવ પણ વિચિત્ર જ હશે.[૨] કર્મની વિચિત્રતાનું પ્રમાણ એ છે કે કર્મ પુદ્ગલનું પરિણામ છે આથી તેમાં બાહ્ય અભ્રાદિ વિકાર માફક વૈચિત્ર્ય હોવું જોઈએ. કર્મની વિચિત્રતાના રાગ-દ્વેષાદિ વિશેષ કારણો છે.[૩]

કર્મના અભાવમાં પણ ભવ માની લેવામાં આવે તો શું આપત્તિ છે ? આવી સ્થિતિમાં ભવનો નાશ પણ નિષ્કારણ માનવો પડશે અને મોક્ષને માટે તપસ્યા વગેરે અનુષ્ઠાન પણ વ્યર્થ સાબિત થશે. એ જ રીતે જીવોના વૈસાદશ્યને પણ નિષ્કારણ માનવું પડશે.[૪] આ રીતે કર્મના અભાવમાં ભવની સત્તા માનતાં અનેક દોષોનો સામનો કરવો પડશે.

કર્મના અભાવમાં સ્વભાવથી જ પરભવ માનવામાં શું હાનિ છે ? તેનો ઉત્તર આપતાં મહાવીર કહે છે કે સ્વભાવ શું છે ? તે કોઈ વસ્તુ છે, નિષ્કારણતા છે અથવા વસ્તુધર્મ છે ? વસ્તુ માનવાથી તેની ઉપલબ્ધિ હોવી જોઈએ પરંતુ આકાશ-કુસુમ સમાન તેની ઉપલબ્ધિ નથી થતી આથી તે વસ્તુ નથી. જો અનુપલબ્ધ હોવા છતાં પણ સ્વભાવનું અસ્તિત્વ સ્વીકારી શકાય છે તો અનુપલબ્ધ હોવા છતાં કર્મનું અસ્તિત્વ સ્વીકારવામાં શું આપત્તિ છે ? બીજી વાત એ છે કે સ્વભાવની વિસદશતા વગેરેની સિદ્ધિ માટે કોઈ હેતુ નથી મળતો કે જેનાથી જગત્-વૈચિત્ર્ય સાબિત થઈ

---

૧. ગા. ૧૭૭૩-૫. ૨. ગા. ૧૭૭૬-૮. ૩. ગા. ૧૭૮૦.
૪. ગા. ૧૭૮૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શકે. સ્વભાવની નિષ્કારણતામાં પણ અનેક દોષોની સંભાવના છે. સ્વભાવને વસ્તુધર્મ પણ નથી માની શકાતો કેમકે તેમાં પણ તેવા દૃશ્ય માટે કોઈ સ્થાન નથી રહેતું. સ્વભાવને પુદ્ગલરૂપ માનીને વૈસાદૃશ્યની સાબિતી કરવામાં આવે તો તે કર્મરૂપ જ સિદ્ધ થશે.[૧]

આ પ્રમાણે ભગવાન મહાવીરે સુધર્માનો સંશય દૂર કર્યો અને તેમણે પોતાના ૫૦૦ શિષ્યો સહિત ભગવતી દીક્ષા અંગીકાર કરી.[૨]

બંધ અને મોક્ષ :

ત્યાર પછી મંડિક ભગવાન મહાવીર પાસે પહોંચ્યા. ભગવાને તેમના મનનો સંશય પ્રકટ કરતાં કહ્યું – મંડિક ! તારા મનમાં સંદેહ છે કે બંધ અને મોક્ષ છે કે નહિ ? તું વેદપદોનો અર્થ યોગ્ય રીતે નથી સમજતો આથી તારા મનમાં આ પ્રકારનો સંદેહ ઉત્પન્ન થાય છે. હું તારો સંદેહ દૂર કરીશ.[૩]

મંડિક ! તું વિચારે છે કે જો જીવનો કર્મ સાથે જે સંયોગ છે તે જ બંધ છે તો તે બંધ સાદિ છે કે અનાદિ ? જો તે સાદિ છે તો શું (૧) પ્રથમ જીવ અને ત્યારપછી કર્મ ઉત્પન્ન થાય છે અથવા (૨) પ્રથમ કર્મ અને ત્યારપછી જીવ ઉત્પન્ન થાય છે અથવા (૩) એ બંને સાથે જ ઉત્પન્ન થાય છે ? આ ત્રણે વિકલ્પોમાં નીચેના દોષો આવે છે :–

૧. કર્મની પહેલાં જીવની ઉત્પત્તિ સંભવતી નથી કેમકે ખરશૃંગ સમાન તેનો કોઈ હેતુ દૃષ્ટિગોચર નથી થતો. જો જીવની ઉત્પત્તિ નિર્હેતુક માની લેવામાં આવે તો તેનો વિનાશ પણ નિર્હેતુક માનવો પડશે.

૨. જીવની પહેલાં કર્મની ઉત્પત્તિ પણ સંભવતી નથી કેમકે જીવને કર્મનો કર્તા માનવામાં આવે છે. જો કર્તા જ ન હોય તો કર્મ કેવી રીતે ઉત્પન્ન થઈ શકે ? જીવની માફક જ કર્મની નિર્હેતુક ઉત્પત્તિ પણ સંભવતી નથી. જો કર્મની ઉત્પત્તિ કોઈ કારણ વગર માની લેવામાં આવે તો તેનો વિનાશ પણ નિર્હેતુક માનવો પડશે. આથી કર્મને જીવની પહેલાં નથી માની શકાતું.

૩. જો જીવ તથા કર્મ બંનેની યુગપત્ ઉત્પત્તિ માની લેવામાં આવે તો જીવને કર્તા તથા કર્મને તેનું કાર્ય નથી કહી શકાતું. જે રીતે લોકમાં એક સાથે ઉત્પન્ન થનાર ગાયના શીંગડાઓમાંથી એકને કર્તા તથા બીજાને કાર્ય નથી કહી શકાતું તે જ રીતે એક સાથે ઉત્પન્ન થનાર જીવ અને કર્મમાં કર્તા અને કર્મનો વ્યવહાર નથી કરી શકાતો.[૪]

---

૧. ગા. ૧૭૮૫-૧૭૯૩. ૨. ગા. ૧૮૦૧. ૩. ગા. ૧૮૦૨-૪.
૪. ગા. ૧૮૦૫-૧૮૧૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવ અને કર્મનો અનાદિ સંબંધ પણ યુક્તિસંગત પ્રતીત નથી થતો કેમકે એવું માનવાથી જીવની મુક્તિ ક્યારેય પણ નથી થઈ શકતી. જે વસ્તુ અનાદિ હોય છે તે અનંત પણ હોય છે જેમકે જીવ તથા આકાશનો સંબંધ. જીવ તથા કર્મના સંબંધને અનાદિ માનવાથી અનંત પણ માનવો જ પડશે. આવી સ્થિતિમાં જીવ ક્યારેય પણ મુક્ત ન થઈ શકે.[૧]

આ યુક્તિઓનું સમાધાન કરતાં ભગવાન મહાવીર કહે છે કે શરીર તથા કર્મની સંતતિ અનાદિ છે કેમકે આ બંનેમાં પરસ્પર કાર્ય-કારણભાવ છે, જેમકે બીજ અને અંકુર. જે પ્રકારે બીજમાંથી અંકુર તથા અંકુરમાંથી બીજ ઉત્પન્ન થાય છે અને આ ક્રમ અનાદિ કાળથી ચાલ્યો આવી રહ્યો છે આથી આ બંનેનાં સંતાન અનાદિ છે તે જ રીતે દેહથી કર્મ અને કર્મથી દેહની ઉત્પત્તિનો ક્રમ અનાદિ કાળથી ચાલ્યો આવી રહ્યો છે આથી આ બંનેના સંતાન અનાદિ છે. આથી જીવ અને કર્મસંબંધી ઉપર્યુક્ત વિકલ્પ વ્યર્થ છે. જીવ અને કર્મની સંતતિ અનાદિ છે. જીવ કર્મ દ્વારા શરીર ઉત્પન્ન કરે છે આથી તે શરીરનો કર્તા છે તથા શરીર દ્વારા કર્મ ઉત્પન્ન કરે છે આથી તે કર્મનો પણ કર્તા છે. શરીર તથા કર્મની સંતતિ અનાદિ છે આથી જીવ અને કર્મની સંતતિને પણ અનાદિ માનવી જોઈએ. આ રીતે જીવ અને કર્મનો બંધ પણ અનાદિ સાબિત થાય છે.[૨]

એવું કથન કે જે અનાદિ છે તે અનંત પણ હોય છે, અયુક્ત છે. બીજ તથા અંકુરની સંતતિ અનાદિ હોવા છતાં પણ સાન્ત હોઈ શકે છે. એ જ રીતે અના કર્મ સંતતિનો પણ અંત થઈ શકે છે. બીજ તથા અંકુરમાંથી જો કોઈ પણ પોતાનું કાર્ય ઉત્પન્ન કર્યાં પહેલાં જ નાશ પામી જાય તો તેના સંતાનનો પણ અંત થઈ જાય છે. આ જ નિયમ મરઘી અને ઈંડા માટે પણ છે. બીજું ઉદાહરણ લઈએ. સોનું તથા માટીનો સંયોગ અનાદિ સંતતિગત છે છતાં પણ ઉપાયવિશેષથી તે સંયોગનો નાશ થઈ જાય છે. બરાબર એ જ રીતે જીવ તથા કર્મના અનાદિ સંયોગનો પણ સમ્યગ્દર્શન વગેરે દ્વારા નાશ થઈ શકે છે.[૩] ત્યાર પછી આચાર્યે મોક્ષવિષયક વિવેચન કરતાં ભવ્ય અને અભવ્યના સ્વરૂપની ચર્ચા કરી છે.[૪]

જીવ તથા કર્મના સંયોગનો નાશ ઉપાયજન્ય છે અર્થાત્ મોક્ષની ઉત્પત્તિ ઉપાયથી થઈ શકે છે. જે ઉપાયજન્ય છે તે કૃતક છે. જે કૃતક હોય છે તે અનિત્ય હોય છે, જેમકે ઘડો. આથી મોક્ષ પણ ઘડા સમાન કૃતક હોવાને કારણે અનિત્ય હોવું જોઈએ. આ સંશયનું નિવારણ કરતાં ભગવાન મહાવીર કહે છે કે એ નિયમ

૧. ગા. ૧૮૧૧. ૨. ગા. ૧૮૧૩-૫.
૩. ગા. ૧૮૧૭-૯. ૪. ગા. ૧૮૨૧-૧૮૩૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યભિચારી છે કે જે કૃતક હોય છે તે અનિત્ય જ હોય છે. ઘટાદિનો પ્રધ્વંસાભાવ કૃતક હોવા છતાં પણ નિત્ય છે. જો પ્રધ્વંસાભાવને અનિત્ય માની લેવામાં આવે તો પ્રધ્વંસાભાવનો અભાવ થઈ જવાને કારણે વિનષ્ટ ઘટાદિ ફરી ઉત્પન્ન થઈ જવા જોઈએ. પરંતુ એવું થતું નથી. આથી પ્રધ્વંસાભાવને કૃતક હોવા છતાં પણ નિત્ય માનવો પડે છે. આ જ રીતે કૃતક હોવા છતાં પણ મોક્ષ નિત્ય છે.[૧] આની પછી આચાર્યે સિદ્ધ-મુક્ત આત્માઓના સ્વરૂપની ચર્ચા કરી છે તથા લોકાકાશ, અલોકાકાશ વગેરેનું વર્ણન કર્યું છે.

આ પ્રમાણે જ્યારે ભગવાન મહાવીરે મંડિકના સંશયનું નિવારણ કરી આપ્યું ત્યારે તેમણે પોતાના સાડા ત્રણસો શિષ્યો સાથે જિનદીક્ષા અંગીકાર કરી લીધી.[૩]

દેવોનું અસ્તિત્વ :

મંડિકના દીક્ષિત થવાના સમાચાર સાંભળીને મૌર્યપુત્ર પણ ભગવાન પાસે પહોંચ્યા. ભગવાને તેમને સંબોધિત કરતાં કહ્યું – મૌર્યપુત્ર ! તારા મનમાં એમ સંદેહ છે કે દેવો છે કે નથી ? હું તારા સંદેહનું નિરાકરણ કરીશ.[૪]

મૌર્યપુત્ર ! તું વિચારે છે કે નારક તો પરતંત્ર છે તથા અત્યંત દુઃખી છે આથી તે આપણી સંમુખ ઉપસ્થિત થવા અસમર્થ છે. પરંતુ દેવ તો સ્વચ્છન્દવિહારી છે તથા દિવ્ય પ્રભાવયુક્ત છે. છતાં પણ તેઓ ક્યારેય દેખાતા નથી. તેમના અસ્તિત્વ વિષયમાં સંદેહ થવો સ્વાભાવિક છે.[૫]

આ સંદેહનું નિવારણ આ રીતે કરી શકાય છે : ઓછામાં ઓછા સૂર્ય, ચંદ્ર વગેરે જ્યોતિષ્ક દેવો તો પ્રત્યક્ષ દેખી જ શકાય છે આથી એમ નથી કહી શકાતું કે દેવો ક્યારેય દેખાતા નથી. આ સિવાય લોકમાં દેવકૃત અનુગ્રહ અને પીડા બંને દેખાય છે. આના આધારે પણ દેવોનું અસ્તિત્વ સ્વીકારવું જોઈએ.[૬]

ચન્દ્ર, સૂર્ય વગેરે શૂન્યનગરની માફક જોઈ શકાય છે. તેમાં નિવાસ કરનાર કોઈ પણ નંથી. આથી એમ કેવી રીતે કહી શકાય છે કે સૂર્યાદિના પ્રત્યક્ષ થવાથી દેવો પણ પ્રત્યક્ષ થઈ ગયા ? આ શંકાનું સમાધાન કરતાં ભગવાન મહાવીર કહે છે કે સૂર્ય, ચન્દ્રાદિને આલય માનવાથી તેમાં રહેનાર પણ કોઈને કોઈ માનવું જ જોઈએ નહિતર તેમને આલય નથી કહી શકાતા.[૭] અહીં એક બીજી શંકા ઉત્પન્ન થાય છે. જેમને આલય કહેવામાં આવ્યાં છે તે વાસ્તવમાં આલય છે કે નહિ, તેનો નિર્ણય ન થવાની અવસ્થામાં એમ નથી કહી શકાતું કે તે નિવાસસ્થાનો છે આથી તેમાં

---

૧. ગા. ૧૮૩૭. ૨. ગા. ૧૮૪૦-૧૮૬૨. ૩. ગા. ૧૮૬૩.
૪. ગા. ૧૮૬૪-૬. ૫. ગા. ૧૮૬૭-૮. ૬. ગા. ૧૮૭૦.
૭. ગા. ૧૮૭૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રહેનારાઓમાં કોઈ હોવું જોઈએ. સંભવ છે કે તેઓ રત્નોના ગોળા જ હોય. આનું સમાધાન કરતાં કહેવામાં આવ્યું છે કે તે દેવોના રહેવાના વિમાન જ છે કેમકે તે વિદ્યાધરોના વિમાનોની જેમ રત્નનિર્મિત છે તથા આકાશમાં ગમન કરે છે.[૧]

સૂર્ય, ચન્દ્રાદિ વિમાનોને માયિક કેમ ન માની લેવામાં આવે ? વસ્તુતઃ તે માયિક નથી. થોડી વાર માટે તેમને માયિક માની પણ લેવામાં આવે તો પણ આ માયા કરનાર દેવો તો માનવા જ પડશે. વગર માયાવીએ માયા સંભવિત નથી. બીજી વાત એ છે કે માયા તો થોડીક વારમાં જ નાશ પામી જાય છે જ્યારે ઉક્ત વિમાનો સર્વદા ઉપલબ્ધ હોવાને કારણે શાશ્વત છે. આથી તેમને માયિક નથી કહી શકાતા.[૨]

દેવોના અસ્તિત્વની સિદ્ધિ માટે એક હેતુ એવો પણ છે કે આ લોકમાં જે પ્રકૃષ્ટ પાપ કરે છે તેમના માટે ફલભોગના કારણે નારકોનું અસ્તિત્વ સ્વીકારવું પડે છે એ જ રીતે પ્રકૃષ્ટ પુણ્ય કરનાર માટે દેવોનું અસ્તિત્વ પણ સ્વીકારવું જોઈએ.[૩]

જો દેવ છે તો તે સ્વૈરવિહારી હોવા છતાં પણ મનુષ્ય-લોકમાં કેમ નથી આવતા ? સામાન્ય રીતે દેવો આ લોકમાં એટલા માટે નથી આવતા કે તેઓ સ્વર્ગના દિવ્ય પદાર્થોમાં જ આસક્ત રહે છે, ત્યાંના વિષયભોગમાં જ લિપ્ત રહે છે. તેમને ત્યાંના કામભોગમાંથી અવકાશ નથી મળતો. મનુષ્ય-લોકની દુર્ગંધ પણ તેમને અહીં આવવાથી રોકે છે અને વળી તેમને અહીં આવવાનું કોઈ વિશેષ પ્રયોજન પણ નથી. આવું હોવા છતાં પણ ક્યારેક-ક્યારેક તેઓ આ લોકમાં આવે પણ છે. તીર્થંકરના જન્મ, દીક્ષા, કેવલપ્રાપ્તિ, નિર્વાણ વગેરે શુભ પ્રસંગો પર દેવો આ લોકમાં આવ્યા કરે છે. પૂર્વ ભવના રાગ, વેર વગેરેના કારણે પણ તેમનું અહીં આગમન થતું રહે છે.[૪]

આ પ્રમાણે ભગવાન મહાવીરે મૌર્યપુત્રનો દેવ વિષયક સંશય દૂર કર્યો અને તેમણે પણ સાડા ત્રણસો શિષ્યો સાથે ભગવાન પાસે દીક્ષા લઈ લીધી.[૫]

નારકોનું અસ્તિત્વ :

મૌર્યપુત્રપર્યંત બધાને દીક્ષિત થયેલા જાણીને અકંપિત પણ મહાવીર પાસે પહોંચ્યા. મહાવીરે તેમને સંબોધિત કરતાં કહ્યું — અકંપિત ! તારા મનમાં એમ સંશય છે કે નારક છે કે નથી ? આ સંશયનું સમાધાન આ મુજબ છે[૬] :

પ્રકૃષ્ટ પાપફળનો ભોક્તા કોઈ ન કોઈ અવશ્ય હોવો જોઈએ કેમકે તે પણ જઘન્ય-મધ્યમ કર્મફલ જેવું કર્મફલ છે. જઘન્ય-મધ્યમ કર્મફલના ભોક્તા તિર્યંચો તથા મનુષ્યો છે. પ્રકૃષ્ટ પાપકર્મફલના જે ભોક્તા છે તે જ નારકો છે.[૭]

---

૧. ગા. ૧૮૭૨. ૨. ગા. ૧૮૭૩. ૩. ગા. ૧૮૭૪. ૪. ગા. ૧૮૭૫-૭.
૫. ગા. ૧૮૮૪. ૬. ગા. ૧૮૮૫-૭. ૭. ગા. ૧૮૯૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અત્યંત દુઃખી તિર્યંચ અને મનુષ્યને જ પ્રકૃષ્ટ પાપફલનો ભોક્તા માની લેવામાં આવે તો શું મુશ્કેલી છે ? દેવોમાં જેવો સુખનો પ્રકર્ષ છે તેવો દુઃખનો પ્રકર્ષ તિર્યંચ અને મનુષ્યોમાં નથી આથી તેમને નારક નથી માની શકાતાં. એવો એક પણ તિર્યંચ અથવા મનુષ્ય નથી જે માત્ર દુઃખી જ હોય. આથી પ્રકૃષ્ટ પાપકર્મફલના ભોક્તા રૂપે તિર્યંચ અને મનુષ્યથી ભિન્ન નારકોનું અસ્તિત્વ માનવું જોઈએ.[૧]

આ રીતે જ્યારે ભગવાને અકંપિતનો સંશય દૂર કર્યો ત્યારે તેમણે પણ પોતાના સાડા ત્રણસો શિષ્યો સહિત ભગવતી દીક્ષા અંગીકાર કરી લીધી.[૨]

પુણ્ય-પાપનો સદ્‌ભાવ :

આ બધાને દીક્ષિત થયેલા જાણીને નવમા પંડિત અચલભ્રાતા ભગવાન પાસે પહોંચ્યા. ભગવાને તેમને સંબોધિત કરતાં કહ્યું — અચલભ્રાતા ! તને સંદેહ છે કે પુણ્ય-પાપનો સદ્‌ભાવ છે કે નહિ ? હું તારા આ સંદેહનું નિવારણ કરું છું.[૩]

પુણ્ય-પાપ સંબંધમાં નીચેના વિકલ્પો છે : (૧) માત્ર પુણ્ય જ છે, પાપ નથી; (૨) માત્ર પાપ જ છે, પુણ્ય નથી; (૩) પુણ્ય અને પાપ એક જ સાધારણ વસ્તુ છે, ભિન્ન-ભિન્ન નથી; (૪) પુણ્ય અને પાપ ભિન્ન-ભિન્ન છે; (૫) સ્વભાવ જ બધું છે, પુણ્ય-પાપ કશું નથી.[૪]

૧. માત્ર પુણ્યનો જ સદ્‌ભાવ છે, પાપનો સર્વથા અભાવ છે. જેમ-જેમ પુણ્ય વધતું જાય છે તેમ-તેમ સુખની વૃદ્ધિ થતી જાય છે. પુણ્યની ક્રમશઃ હાનિ થવાથી સુખની પણ ક્રમશઃ હાનિ થાય છે. પુણ્યનો સર્વથા ક્ષય થવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.[૫]

૨. માત્ર પાપનો જ સદ્‌ભાવ છે, પુણ્યનો સર્વથા અભાવ છે. જેમ-જેમ પાપની વૃદ્ધિ થાય છે તેમ-તેમ દુઃખ વધે છે. પાપની ક્રમશઃ હાનિ થવાથી તજ્જનિત દુઃખનો પણ ક્રમશઃ અભાવ થાય છે. પાપનો સર્વથા ક્ષય થવાથી મુક્તિ પ્રાપ્ત થાય છે.[૬]

૩. પુણ્ય અને પાપ ભિન્ન-ભિન્ન ન હોતાં એક જ સાધારણ વસ્તુના બે ભેદ છે. આ સાધારણ વસ્તુમાં જ્યારે પુણ્યની માત્રા વધી જાય છે ત્યારે તેને પુણ્ય કહેવામાં આવે છે તથા જ્યારે પાપની માત્રા વધી જાય છે ત્યારે તેને પાપ કહેવામાં આવે છે. બીજા શબ્દોમાં પુણ્યાંશનો અપકર્ષ થતાં તેને પાપ કહે છે તથા પાપાંશનો અપકર્ષ થતાં તેને પુણ્ય કહે છે.[૭]

૪. પુણ્ય તથા પાપ બંને સ્વતન્ત્ર છે. સુખનું કારણ પુણ્ય છે અને દુઃખનું કારણ પાપ છે.

---

૧. ગા. ૧૯૦૦. ૨. ગા. ૧૯૦૪. ૩. ગા. ૧૯૦૫-૭. ૪. ગા. ૧૯૦૮.
૫. ગા. ૧૯૦૯. ૬. ગા. ૧૯૧૦. ૭. ગા. ૧૯૧૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫. પુણ્ય-પાપ જેવી કોઈ વસ્તુ આ સંસારમાં નથી. સમસ્ત ભવપ્રપંચ સ્વભાવથી જ થાય છે.

આ પાંચ પ્રકારના વિકલ્પોમાંથી ચોથો વિકલ્પ જ યુક્તિયુક્ત છે. પાપ તથા પુણ્ય બંને સ્વતન્ત્ર છે. એક દુઃખનું કારણ છે અને બીજું સુખનું. સ્વભાવવાદ વગેરે યુક્તિથી બાધિત છે.[૧]

દુઃખની પ્રકૃષ્ટતા તદનુરૂપ કર્મના પ્રકર્ષથી સાબિત થાય છે. જે રીતે સુખના પ્રકૃષ્ટ અનુભવનો આધાર પુણ્ય-પ્રકર્ષ છે તે જ રીતે દુઃખના પ્રકૃષ્ટ અનુભવનો આધાર પાપ-પ્રકર્ષ છે. આથી દુઃખાનુભવનું કારણ પુણ્યનો અપકર્ષ નથી પરંતુ પાપનો પ્રકર્ષ છે. આ જ રીતે માત્ર પાપવાદનું પણ નિરસન કરી શકાય છે. સંકીર્ણપક્ષનું નિરસન કરતાં ભગવાન મહાવીર કહે છે કે કોઈ પણ કર્મ પુણ્ય-પાપ ઉભયરૂપ નથી હોઈ શકતું કેમકે એવું કર્મ નિર્હેતુક છે. આમ કેમ ? કર્મ-બંધનું કારણ યોગ છે. કોઈ એક સમયનો યોગ યા તો શુભ હશે યા અશુભ. તે શુભાશુભ ઉભયરૂપે ન હોઈ શકે. આથી તેનું કાર્ય પણ યા તો શુભ હશે યા અશુભ. તે ઉભયરૂપ ન હોઈ શકે. જે શુભ કાર્ય છે તે જ પુણ્ય છે અને જે અશુભ કાર્ય છે તે જ પાપ છે.[૨]

પુણ્ય અને પાપનું લક્ષણ બતાવતાં આગળ કહેવામાં આવ્યું છે કે જે સ્વયં શુભ વર્ણ, ગંધ, રસ તથા સ્પર્શયુક્ત હોય તથા જેનો વિપાક પણ શુભ હોય તે પુણ્ય છે. જે આનાથી વિપરીત છે તે પાપ છે. પુણ્ય તથા પાપ બંને પુદ્ગલ છે. તે મેરુ વગેરેની માફક અતિ સ્થૂળ પણ નથી અને પરમાણુની માફક અતિ સૂક્ષ્મ પણ નથી.[૩]

આ રીતે ભગવાન મહાવીરે અચલભ્રાતાના સંદેહનું નિવારણ કર્યું. તેમણે પણ પોતાના ત્રણસો શિષ્યો સહિત ભગવાન પાસે દીક્ષા ગ્રહણ કરી.[૪]

પરલોકનો સદ્ભાવ :

આ બધાની દીક્ષાના સમાચાર સાંભળીને મેતાર્ય પણ મહાવીર પાસે પહોંચ્યા. મહાવીરે તેમને નામ-ગોત્રથી સંબોધિત કરતાં કહ્યું – મેતાર્ય ! તને સંશય છે કે પરલોક છે કે નહિ ? હું તારા સંશયનું નિવારણ કરીશ.[૫]

મેતાર્ય ! તું એમ સમજે છે કે મદ્યાંગ અને મદની માફક ભૂત અને ચૈતન્યમાં કોઈ ભેદ નથી, આથી પરલોક માનવો અનાવશ્યક છે. જ્યારે ભૂતસંયોગના નાશની સાથે જ ચૈતન્યનો પણ નાશ થઈ જાય છે ત્યારે પરલોક માનવાની આવશ્યકતા જ નથી રહેતી.[૬] આ જ રીતે સર્વવ્યાપી એક જ આત્માનું અસ્તિત્વ માનવાથી પણ પરલોકની સિદ્ધિ થઈ નથી શકતી.[૭]

---

૧. ગા. ૧૯૧૨-૧૯૨૦. ૨. ગા. ૧૯૩૧-૫. ૩. ગા. ૧૯૪૦. ૪. ગા. ૧૯૪૮.
૫. ગા. ૧૯૪૯-૧૯૫૧. ૬. ગા. ૧૯૫૨. ૭. ગા. ૧૯૫૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ બંને હેતુઓનું નિરાકરણ કરતાં મહાવીર કહે છે કે ભૂત-ઈન્દ્રિય વગેરેથી ભિન્નસ્વરૂપ આત્માનો ધર્મ ચૈતન્ય છે, આ વાતની સિદ્ધિ પહેલાં થઈ ચૂકી છે. આથી આત્માને સ્વતન્ત્ર દ્રવ્ય માનવું જોઈએ. આ રીતે અનેક આત્માઓનું અસ્તિત્વ પણ સિદ્ધ કરવામાં આવી ચૂક્યું છે. આ લોકથી ભિન્ન દેવાદિ પરલોકોનો સદ્‌ભાવ પણ મૌર્ય તથા અકંપિતની સાથે થયેલી ચર્ચામાં સિદ્ધ થઈ ચૂક્યો છે.[૧] આથી પરલોકનો સદ્‌ભાવ માનવો યુક્તિસંગત છે. આત્મા ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યસ્વભાવયુક્ત છે આથી મૃત્યુ પશ્ચાત્ તેનો સદ્‌ભાવ સિદ્ધ છે.

આ રીતે મેતાર્યના સંશયનું નિવારણ થયું અને તેમણે પોતાના ત્રણસો શિષ્યો સહિત ભગવાન મહાવીર પાસે દીક્ષા ગ્રહણ કરી.[૨]

નિર્વાણની સિદ્ધિ :

આ બધાને દીક્ષિત થયેલા સાંભળીને અગિયારમા પંડિત પ્રભાસના મનમાં પણ ઈચ્છા થઈ કે હું પણ મહાવીર પાસે પહોંચું. એમ વિચારીને તેઓ ભગવાન પાસે પહોંચ્યા. ભગવાને તેમને તે જ રીતે સંબોધિત કરતાં કહ્યું — પ્રભાસ ! તારા મનમાં સંશય છે કે નિર્વાણ છે અથવા નથી ? આ વિષયમાં મારો મત સાંભળ.[૩]

કોઈ કહે છે કે દીપ-નિર્વાણ સમાન જીવનો નાશ જ નિર્વાણ અર્થાત્ મોક્ષ છે.[૪] કોઈ માને છે કે વિદ્યમાન જીવના રાગ, દ્વેષ વગેરે દુઃખોનો અંત થઈ જવાથી જે એક વિશિષ્ટ અવસ્થા પ્રાપ્ત થાય છે તે જ મોક્ષ છે.[૫] આ બંનેમાંથી કોને સાચા કહેવામાં આવે ?[૬] જીવ તથા કર્મનો સંયોગ આકાશની જેમ અનાદિ છે આથી તેનો ક્યારેય પણ નાશ નથી થઈ શકતો. પછી નિર્વાણ કેવી રીતે માની શકાય ?[૭]

જે રીતે કનક-પાષાણ તથા કનકનો સંયોગ અનાદિ છે છતાં પણ પ્રયત્ન દ્વારા કનકને કનકપાષાણથી અલગ કરી શકાય છે તે જ રીતે સમ્યગ્‌જ્ઞાન અને ક્રિયા દ્વારા જીવ અને કર્મના અનાદિ સંયોગનો અંત થતાં જીવ કર્મથી મુક્ત થઈ શકે છે.[૮]

જે લોકો એમ માને છે કે દીપ-નિર્વાણની જેમ મોક્ષમાં જીવનો પણ નાશ થઈ જાય છે તેમની માન્યતામાં દોષ છે. દીપની અગ્નિનો પણ સર્વથા નાશ નથી થતો. જેમ દૂધ

૧. ગા. ૧૯૫૬-૮. ૨. ગા. ૧૯૭૧. ૩. ગા. ૧૯૭૨-૪.

૪. दीपो यथा निर्वृतिमभ्युपेतो नैवावनिं गच्छति नान्तरिक्षम् ।
दिशं न काञ्चिद् विदिशं न काञ्चित् स्नेहक्षयात् केवलमेति शान्तिम् ॥
जीवस्तथा निर्वृतिमभ्युपेतो नैवावनिं गच्छति नान्तरिक्षम् ।
दिशं न काञ्चिद् विदिशं न काञ्चित् क्लेशक्षयात् केवलमेति शान्तिम् ॥
— सौन्दरनन्द, १६, २८-९.

૫. केवलसंविद्दर्शनरूपाः सर्वार्तिदुःखपरिमुक्ताः ।
मोदन्ते मुक्तिगता जीवाः क्षीणान्तरारिगणा ॥

૬. ગા. ૧૯૭૫. ૭. ગા. ૧૯૭૬. ૮. ગા. ૧૯૭૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દધિરૂપ તથા ઘડો કપાલરૂપ પરિણામ ધારણ કરે છે, તેમ તે પ્રકાશપરિણામ છોડીને અંધકારપરિણામ ધારણ કરે છે. આથી દીપક સમાન જીવનો પણ સર્વથા ઉચ્છેદ નથી માની શકાતો. અહીં એક શંકા થાય છે કે જો દીપનો સર્વથા નાશ નથી થતો તો તે બુઝાયા બાદ દેખાતો કેમ નથી ? આનો ઉત્તર એ છે કે બુઝાયા પછી તે અંધકારમાં પરિણત થઈ જાય છે, જે પ્રત્યક્ષ જ છે. આથી તે કથન યોગ્ય નથી કે તે દેખાતો નથી. દીપ બુઝાયા બાદ તેટલી જ સ્પષ્ટતાથી કેમ નથી દેખાતો ? તેનું કારણ એ છે કે તે ઉત્તરોત્તર સૂક્ષ્મતર પરિણામ ધારણ કરતો જાય છે, આથી વિદ્યમાન હોવા છતાં પણ સ્પષ્ટપણે દેખાતો નથી. જે રીતે વાદળો વીખરાઈ ગયા પછી વિદ્યમાન હોવા છતાં પણ આકાશમાં દૃષ્ટિગોચર નથી થતાં તથા અંજન-રજ વિદ્યમાન હોવા છતાં પણ આંખોથી દેખાતી નથી તે જ રીતે દીપક પણ બુઝાયા બાદ વિદ્યમાન હોવા છતાં પણ પોતાના સૂક્ષ્મ પરિણામને કારણે સ્પષ્ટ રીતે દેખાતો નથી.[૧] આ જ રીતે નિર્વાણમાં પણ જીવનો સર્વથા નાશ નથી થતો.

જે રીતે દીપ જ્યારે નિર્વાણ પ્રાપ્ત કરે છે ત્યારે તે પરિણામાંતર પ્રાપ્ત કરે છે અને સર્વથા નષ્ટ નથી થતો તે જ રીતે જીવ પણ જ્યારે પરિનિર્વાણ પ્રાપ્ત કરે છે ત્યારે તે નિરાબાધ સુખરૂપ પરિણામાંતર પ્રાપ્ત કરે છે અને સર્વથા નષ્ટ નથી થતો. આથી જીવની દુઃખક્ષયરૂપ વિશેષાવસ્થા જ નિર્વાણ છે, મોક્ષ છે, મુક્તિ છે.[૨] મુક્ત જીવને પરમ મુનિ સમાન સ્વાભાવિક પ્રકૃષ્ટ સુખ થાય છે કેમકે તેમાં કોઈ પ્રકારની બાધા નથી હોતી.[૩]

એ માન્યતા પણ ઠીક નથી કે મુક્તાત્મામાં જ્ઞાનનો અભાવ છે.[૪] જ્ઞાન તો આત્માનું સ્વરૂપ છે. જેમ પરમાણુ ક્યારેય અમૂર્ત નથી હોઈ શકતો તેવી જ રીતે આત્મા ક્યારેય જ્ઞાનરહિત નથી હોઈ શકતો. આથી તે કથન પરસ્પર વિરુદ્ધ છે કે 'આત્મા' છે અને તે 'જ્ઞાનરહિત' છે. તેનું શું પ્રમાણ કે જ્ઞાન આત્માનું સ્વરૂપ છે ? એ વાત તો સ્વાનુભવથી જ સિદ્ધ છે કે આપણો આત્મા જ્ઞાનસ્વરૂપ છે. આ રીતે સ્વાત્માની જ્ઞાનસ્વરૂપતા સ્વસંવેદનપ્રત્યક્ષથી સિદ્ધ જ છે. પરદેહમાં વિદ્યમાન આત્મા પણ અનુમાનથી જ્ઞાનસ્વરૂપ સિદ્ધ થઈ શકે છે. તે અનુમાન આ મુજબ છે : પરદેહગત આત્મા જ્ઞાનસ્વરૂપ છે કેમકે તેમાં પ્રવૃત્તિ-નિવૃત્તિ જોઈ શકાય છે. જો તે જ્ઞાનસ્વરૂપ ન હોય તો સ્વાત્માની માફક ઈષ્ટમાં પ્રવૃત્ત અને અનિષ્ટથી નિવૃત્ત ન થાય. પણ તેમાં ઈષ્ટપ્રવૃત્તિ અને અનિષ્ટનિવૃત્તિ જોવામાં આવે છે આથી તેને જ્ઞાનસ્વરૂપ જ માનવો જોઈએ. જે રીતે પ્રકાશસ્વરૂપ પ્રદીપને છિદ્રયુક્ત આવરણથી

---

૧. ગા. ૧૯૮૭-૮. ૨. ગા. ૧૯૯૧. ૩. ગા. ૧૯૯૨.

૪. નૈયાયિકોની આ જ માન્યતા છે : न संविदानन्दमयी मुक्तिः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચ્છાદિત કરી દેવાથી તે પોતાનો પ્રકાશ તે છિદ્રો દ્વારા થોડો થોડોક જ ફેલાવી શકે છે તે જ રીતે જ્ઞાનપ્રકાશ સ્વરૂપ આત્મા પણ આવરણોનો ક્ષયોપક્ષમ થયા પછી ઈન્દ્રિયરૂપ છિદ્રો દ્વારા પોતાનો પ્રકાશ થોડોક જ ફેલાવી શકે છે. મુક્તાત્મામાં આવરણોનો સર્વથા અભાવ હોય છે આથી તે પોતાના પૂર્ણ રૂપે પ્રકાશિત થાય છે. તેને સંસારના બધા પદાર્થોનું જ્ઞાન હોય છે. આનાથી એમ સાબિત થાય છે કે મુક્ત આત્મા જ્ઞાની છે.[૧]

મુક્તાત્માનું સુખ નિરાબાધ હોય છે, તે વાત સમજમાં નથી આવતી કારણકે પુણ્યથી સુખ થાય છે અને પાપથી દુઃખ. મુક્તાત્મામાં પુણ્ય-પાપરૂપ કોઈ પણ પ્રકારના કર્મનો સદ્‌ભાવ નથી હોતો આથી તેમાં સુખ દુઃખ બંનેનો અભાવ હોવો જોઈએ, જેમ આકાશમાં સુખ-દુઃખ કંઈ પણ નથી હોતું. બીજી વાત એ છે કે સુખ-દુઃખનો આધાર દેહ છે. મુક્તિમાં દેહનો અભાવ છે આથી ત્યાં આકાશની માફક સુખ અને દુઃખ બંનેનો અભાવ હોવો જોઈએ. આનું સમાધાન કરતાં કહેવામાં આવ્યું છે કે વસ્તુતઃ પુણ્યનું ફળ પણ દુઃખ જ છે કેમકે તે કર્મજન્ય છે. જે કર્મજન્ય હોય છે તે પાપફલની જેમ દુઃખરૂપ જ હોય છે. કોઈ આનું વિરોધી અનુમાન પણ ઉપસ્થિત કરી શકે છે : પાપનું ફલ પણ વસ્તુતઃ સુખરૂપ જ હોય છે કેમકે તે કર્મજન્ય છે. જે કર્મજન્ય હોય છે તે પુણ્યફલ સમાન સુખરૂપ જ હોય છે. પાપનું ફલ પણ કર્મજન્ય છે આથી તે સુખરૂપ હોવું જોઈએ. બીજી વાત એ છે કે પુણ્યફલનું સંવેદન અનુકૂલ પ્રતીત થવાને કારણે સુખરૂપ છે. આવી સ્થિતિમાં પુણ્યફલને દુઃખરૂપ કહેવું પ્રત્યક્ષવિરુદ્ધ છે. આ શંકાનું સમાધાન કરતાં મહાવીર કહે છે કે જેને પ્રત્યક્ષ સુખ કહેવામાં આવે છે તે સુખ નથી પરંતુ દુઃખ જ છે. સંસાર જેને સુખ માને છે તે વ્યાધિ વગેરેના પ્રતિકાર સમાન દુઃખરૂપ જ છે. આથી પુણ્યના ફલને પણ તત્ત્વતઃ દુઃખ જ માનવું જોઈએ. આના માટે અનુમાન પણ કરી શકાય છે : વિષયજન્ય સુખ દુઃખ જ છે કેમકે તે દુઃખના પ્રતીકાર રૂપે છે. જે દુઃખના પ્રતીકાર રૂપે હોય છે તે કુષ્ઠાદિ રોગના પ્રતીકારરૂપ ક્વાથપાન વગેરે ચિકિત્સા સમાન દુઃખરૂપ જ હોય છે. એવું હોવા છતાં પણ લોકો તેને ઉપચારથી સુખ કહે છે. ઔપચારિક સુખ પારમાર્થિક સુખ વિના સંભવિત નથી, આથી મુક્ત જીવના સુખને પારમાર્થિક સુખ માનવું જોઈએ. તેની ઉત્પત્તિ સર્વદુઃખના ક્ષય દ્વારા થાય છે, જે બાહ્ય વસ્તુના સંસર્ગથી સર્વથા નિરપેક્ષ છે. આથી મુક્તાવસ્થાનું સુખ મુખ્ય અને વિશુદ્ધ સુખ છે તથા પ્રતીકારરૂપ સાંસારિક સુખ ઔપચારિક અને વસ્તુતઃ દુઃખરૂપ છે.[૨]

---

૧. ગા. ૧૯૯૭-૨૦૦૧. ૨. ગા. ૨૦૦૨-૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ રીતે જ્યારે ભગવાન મહાવીરે પ્રભાસનો સંશય દૂર કર્યો ત્યારે તેમણે પણ પોતાના ત્રણસો શિષ્યો સહિત ભગવાન પાસેથી જિનદીક્ષા અંગીકાર કરી.[૧] અહીં સુધી ગણધરવાદનો અધિકાર છે. ભગવાન મહાવીરને કેવલજ્ઞાન થવાથી જે અગિયાર પંડિતોએ તેમની સાથે વિવિધ દાર્શનિક વિષયો પર ચર્ચા કરી તથા તે ચર્ચાથી સંતુષ્ટ થઈને ભગવાનના મુખ્ય શિષ્ય બન્યા તેઓ જ જૈન-સાહિત્યમાં અગિયાર ગણધરો રૂપે પ્રસિદ્ધ છે.

સામાયિકની વ્યાખ્યા કરતાં ભાષ્યકારે ઉદ્દેશ, નિર્દેશ, નિર્ગમ, ક્ષેત્ર, કાલ વગેરે દ્વારો તરફ સંકેત કર્યો[૨] તથા તેમાંથી તૃતીય દ્વાર નિર્ગમ અર્થાત્ ઉત્પત્તિની ચર્ચા કરતાં એમ બતાવ્યું કે જે દ્રવ્યથી સામાયિકનો નિર્ગમ થયો છે તે દ્રવ્ય અહીં ભગવાન મહાવીર રૂપે છે.[૩] આ રીતે ભગવાન મહાવીરનો પ્રસંગ સામે રાખીને ભાષ્યકારે ગણધરવાદની વિસ્તૃત ચર્ચા કરી.

ક્ષેત્ર અને કાલ :

ક્ષેત્ર નામના ચતુર્થ દ્વારની ચર્ચા કરતાં આચાર્ય કહે છે કે સર્વપ્રથમ મહાસેનવન નામના ઉદ્યાનમાં ભગવાન મહાવીરે સામાયિકનું પ્રરૂપણ કર્યું અને ત્યાર પછી પરંપરા મુજબ અન્યત્ર પણ પ્રરૂપણ કર્યું. આ પ્રથમ પ્રરૂપણ કયા કાળે થયું ? વૈશાખ શુક્લા એકાદશીના પૂર્વાહ્ન કાળે અર્થાત્ પ્રથમ પૌરુષીમાં સામાયિકનો નિર્ગમ થયો.[૪] આ રીતે ક્ષેત્ર અને કાળ રૂપે ચતુર્થ અને પંચમ દ્વારસંબંધી ચર્ચા પૂર્ણ થાય છે.

પુરુષ :

છઠ્ઠા દ્વાર પુરુષની વ્યાખ્યા કરતાં કહેવામાં આવ્યું છે કે પુરુષના અનેક ભેદ છે : દ્રવ્યપુરુષ, અભિલાપપુરુષ, ચિહ્નપુરુષ, ધર્મપુરુષ, અર્થપુરુષ, ભોગપુરુષ, ભાવપુરુષ. શુદ્ધજીવ તીર્થંકરરૂપ પુરુષ ભાવપુરુષ કહેવાય છે. પ્રકૃતમાં ભાવપુરુષનું ગ્રહણ કરવું જોઈએ.[૫]

કારણ :

સાતમા દ્વાર કારણનું વ્યાખ્યાન કરતાં આચાર્ય કહે છે કે કારણનો નિક્ષેપ ચાર પ્રકારનો છે : નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ. આમાંથી દ્રવ્યકારણના બે ભેદ છે : તદ્દ્રવ્ય અને અન્યદ્રવ્ય; અથવા નિમિત્ત અને નૈમિત્તિક; અથવા સમવાયી અને અસમવાયી. આના છ ભેદ પણ થઈ શકે છે : કર્તા, કરણ, કર્મ, સંપ્રદાન,

---

૧. ગા. ૨૦૨૪. ૨. ગા. ૧૪૮૪-૫. ૩. ગા. ૧૫૩૧-૧૫૪૬.
૪. ગા. ૨૦૮૩. ૫. ગા. ૨૦૯૦-૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અપાદાન, સંનિધાન.[૧] આ બધા ભેદોનું ભાષ્યકારે દાર્શનિક દૃષ્ટિથી વિશેષ વિવેચન કર્યું છે.[૨] તીર્થંકરો સામાયિકનો ઉપદેશ કેમ આપે છે ? આનો ઉત્તર આપતાં ભાષ્યકાર કહે છે કે તીર્થંકરનામકર્મનો ઉદય થવાને કારણે તેઓ સામાયિક વગેરેનો ઉપદેશ આપે છે. ગૌતમ વગેરે ગણધરો સામાયિકનો ઉપદેશ કેમ સાંભળે છે ? તેમને ભગવાનના વચન સાંભળીને તદર્થવિષયક જ્ઞાન પ્રાપ્ત થાય છે. તેનાથી શુભ અને અશુભ પદાર્થોમાં વિવેક-બુદ્ધિ જાગ્રત થાય છે તથા શુભપ્રવૃત્તિ અને અશુભનિવૃત્તિની ભાવના પેદા થાય છે. પરિણામે સંયમ અને તપની વૃદ્ધિ થાય છે જેનાથી કર્મનિર્જરા થઈને અંતમાં જતાં મુક્તિ પ્રાપ્ત થાય છે.[૩]

પ્રત્યય :

આઠમા દ્વાર પ્રત્યયની ચર્ચા કરતાં જોવામાં આવ્યું છે કે પ્રત્યયનો પણ નામાદિ નિક્ષેપપૂર્વક વિચાર કરવો જોઈએ. અવધિ વગેરે જ્ઞાનત્રયરૂપ ભાવપ્રત્યય છે. કેવલજ્ઞાની સાક્ષાત્ સામાયિકનો અર્થ જાણીને જ સામાયિકનું કથન કરે છે. એટલા માટે ગણધર વગેરે શ્રોતાઓને તેમના વચનોમાં પ્રત્યય અર્થાત્ બોધનિશ્ચય થાય છે.[૪]

લક્ષણ :

નવમા દ્વાર લક્ષણનું વ્યાખ્યાન કરતાં દર્શાવવામાં આવ્યું છે કે નામાદિ ભેદથી લક્ષણ બાર પ્રકારનું હોય છે : નામ, સ્થાપના, દ્રવ્ય, સાદૃશ્ય, સામાન્ય, આકાર, ગત્યાગતિ, નાનાત્વ, નિમિત્ત, ઉત્પાદ-વિગમ, વીર્ય અને ભાવ. ભાષ્યકારે આનું વિશેષ સ્પષ્ટીકરણ કર્યું છે.[૫] પ્રસ્તુત અધિકાર ભાવલક્ષણનો છે. સામાયિક ચાર પ્રકારની છે : સમ્યક્ત્વસામાયિક, શ્રુતસામાયિક, દેશવિરતિસામાયિક અને સર્વવિરતિસામાયિક. આમાંથી સમ્યક્ત્વસામાયિક અને સર્વવિરતિ અર્થાત્ ચારિત્રસામાયિક ક્ષાયોપશમિક, ઔપશમિક અને ક્ષાયિક ભાવ ધરાવતી હોય છે. શ્રુતસામાયિક અને દેશવિરતિસામાયિક માત્ર ક્ષાયોપશમિક ભાવવાળી જ હોય છે.[૬]

નય :

નય નામના દસમા દ્વારનો વિચાર કરતાં કહેવામાં આવ્યું છે કે અનેક ધર્માત્મક વસ્તુનો કોઈ એક ધર્મના આધારે વિચાર કરવો તે નય કહેવાય છે. આ નય સાત પ્રકારનો છે : નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત.

---

૧. ગા. ૨૦૯૮-૯. ૨. ગા. ૨૧૦૦-૨૧૨૧.
૩. ગા. ૨૧૨૨-૮. ૪. ગા. ૨૧૩૧-૪.
૫. ગા. ૨૧૪૬-૨૧૭૬. ૬. ગા. ૨૧૭૭-૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્યે પ્રત્યેક નયનું લક્ષણ, વ્યુત્પત્તિ, ઉદાહરણ વગેરે દૃષ્ટિઓથી વિસ્તૃત વિવેચન કર્યું છે.[૧] જેઓ વસ્તુને અનેક ધર્માત્મક ન માનતાં કોઈ એક વિશેષ ધર્મયુક્ત જ માને છે તે દાર્શનિકોની માન્યતાઓનું યુક્તિ પુરસ્સર ખંડન કરવામાં આવ્યું છે. આમાં ભારતીય દર્શનની સમસ્ત એકાન્તવાદી પરંપરાઓનો સમાવેશ છે.

સમવતાર :

અગિયારમા દ્વાર સમવતારનું સ્વરૂપ આ મુજબ છે : કાલિક શ્રુત અર્થાત્ પ્રથમ અને ચરમ પૌરુષીમાં વાંચવામાં આવનાર શ્રુતમાં નયોની અવતારણા નથી થતી. ચરણકરણાનુયોગ, ધર્મકથાનુયોગ, ગણિતાનુયોગ અને દ્રવ્યાનુયોગનું અપૃથક્ ભાવથી પ્રરૂપણ કરતી વખતે નયોનો વિસ્તારપૂર્વક સમવતાર થતો હતો. ચરણકરણાદિ અનુયોગોનું પૃથકત્વ થઈ જવાથી નયોનો સમવતાર નથી થતો. અનુયોગોનું પૃથક્કરણ ક્યારે અને કેમ થયું ? આ પ્રશ્ન પર વિચાર કરતાં ભાષ્યકાર કહે છે કે આર્ય વજ્રની પછી આર્ય રક્ષિત થયા. તેમણે ભવિષ્યમાં મતિ-મેધા-ધારણા વગેરેનો નાશ થવાનું જાણીને અનુયોગોના વિભાગ કરી નાખ્યા. તેમના સમય સુધી કોઈ એક સૂત્રની વ્યાખ્યા ચારે પ્રકારના અનુયોગોથી થતી હતી. તેમણે વિવિધ સૂત્રોનું નિશ્ચિત વિભાજન કરી દીધું. ચરણાનુયોગમાં કાલિક શ્રુતરૂપ અગિયાર અંગ, મહાકલ્પશ્રુત અને છેદસૂત્રો રાખવામાં આવ્યા. ધર્મકથાનુયોગમાં ઋષિભાષિતોનો સમાવેશ કરવામાં આવ્યો. ગણિતાનુયોગમાં સૂર્યપ્રજ્ઞપ્તિ અને દ્રવ્યાનુયોગમાં દૃષ્ટિવાદ રાખવામાં આવ્યાં.[૨] આ રીતે અનુયોગનું પૃથક્કરણ કર્યા પછી આર્ય રક્ષિતે પુષ્યમિત્રને ગણિપદ પર પ્રતિષ્ઠિત કર્યા. આ જોઈને ગોષ્ઠામાહિલને ખૂબ ઈર્ષ્યા થઈ અને તે મિથ્યાત્વના ઉદયને કારણે સાતમા નિહ્નવ રૂપે પ્રસિદ્ધ થયો.[૩] અન્ય છ નિહ્નવોના નામ આ પ્રમાણે છે : ૧. જમાલિ, ૨. તિષ્યગુપ્ત, ૩. આષાઢ, ૪. અશ્વમિત્ર, ૫. ગંગ અને ૬. ષડુલૂક. આ સાત નિહ્નવોના જન્મ-સ્થાન આ છે : ૧. શ્રાવસ્તી, ૨. ઋષભપુર, ૩. શ્વેતવિકા, ૪. મિથિલા, ૫. ઉલૂકાતીર, ૬. અંતરંજિકા અને ૭. દશપુર. આ સાત નિહ્નવો સિવાય ભાષ્યકારે વધુ એક નિહ્નવનો ઉલ્લેખ કર્યો છે જેનું નામ છે શિવભૂતિ બોટિક. તેનું જન્મ-સ્થાન રથવીરપુર છે. આ આઠ નિહ્નવોના ઉત્પત્તિ-કાળનો ક્રમ આ મુજબ છે : પ્રથમ બે ભગવાન મહાવીરના કેવલજ્ઞાન થવાના ક્રમશઃ ૧૪ તથા ૧૬ વર્ષ પછી નિહ્નવરૂપે ઉત્પન્ન થયા. બાકીના મહાવીરના નિર્વાણ બાદ ક્રમશઃ ૨૧૪, ૨૨૦, ૨૨૮, ૫૪૪, ૫૮૪ અને ૬૦૯ વર્ષ પછી ઉત્પન્ન થયા.[૪]

---

૧. ગા. ૨૧૮૦-૨૨૭૮. ૨. ગા. ૨૨૮૪-૨૨૯૫. ૩. ગા. ૨૨૯૬-૭.
૪. ગા. ૨૩૦૧-૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિહ્નવવાદ :

પોતાના અભિનિવેશને કારણે આગમ-પ્રતિપાદિત તત્ત્વોનો પરંપરાથી વિરુદ્ધ અર્થ કરનાર નિહ્નવની કોટિમાં આવે છે. જૈનદૃષ્ટિએ નિહ્નવ મિથ્યાદૃષ્ટિનો જ એક પ્રકાર છે. અભિનિવેશ વિના થનાર સૂત્રાર્થના વિવાદને કારણે કોઈ નિહ્નવ નથી કહેવાતો, કેમકે આ પ્રકારના વિવાદનું લક્ષ્ય સમ્યક્ અર્થ નિર્ણય છે, નહિ કે પોતાના અભિનિવેશનું મિથ્યા પોષણ. સામાન્ય મિથ્યાત્વી અને નિહ્નવમાં એ ભેદ છે કે સામાન્ય મિથ્યાત્વી જિનપ્રવચનને જ નથી માનતો અથવા મિથ્યા માને છે જ્યારે નિહ્નવ તેના કોઈ એક પક્ષનો પોતાના અભિનિવેશના કારણે પરંપરાથી વિરુદ્ધ અર્થ કરે છે તથા બાકીના પક્ષોને પરંપરા અનુસાર જ સ્વીકારે છે. આ રીતે નિહ્નવ વાસ્તવમાં જૈનપરંપરાની અંદર જ એક નવો સંપ્રદાય ઊભો કરી દે છે. જિનભદ્ર વગેરે પાછળના આચાર્યોએ તો દિગંબર સંપ્રદાયને પણ નિહ્નવ-કોટિમાં નાખી દીધો છે, જેનો સંબંધ શિવભૂતિ બોટિક નિહ્નવ સાથે છે. ભાષ્યકાર જિનભદ્રે જમાલિ વગેરે આઠ નિહ્નવોનો ઉલ્લેખ કર્યો છે તથા સંક્ષેપમાં તેમના મતોનું પણ વર્ણન કર્યું છે.

પ્રથમ નિહ્નવ :

પ્રથમ નિહ્નવનું નામ જમાલિ છે. તેણે બહુરત મતનું પ્રરૂપણ કર્યું. તેનું જીવન-વૃત્ત આ પ્રમાણે છે : ક્ષત્રિયકુમાર જમાલિએ વૈરાગ્ય ઉત્પન્ન થવાથી પાંચસો પુરુષો સાથે મહાવીર પાસે દીક્ષા ગ્રહણ કરી તથા તે તેમનો આચાર્ય થયો. જે સમયે તે શ્રાવસ્તીના તેન્દુક ઉદ્યાનમાં ઉતર્યો હતો તે સમયે તેને કોઈ રોગ થઈ ગયો. તેણે પોતાના એક શિષ્યને પથારી પાથરવાનું કહ્યું. થોડી વાર પછી તેણે તે શિષ્યને પૂછ્યું – "પથારી પથરાઈ ગઈ ?" તેણે પાથરતાં-પાથરતાં જ ઉત્તર આપ્યો – "પથરાઈ ગઈ છે." જમાલિ સૂવા માટે ઊભો થયો. તેણે જઈને જોયું તો પથારી હજી પાથરવામાં જ આવી રહી હતી. આ જોઈને તેણે વિચાર્યું – ભગવાન મહાવીર જે 'क्रियमाणं कृतम्' અર્થાત્ 'કરાઈ રહેલું કરી નાખવામાં આવ્યું'નું કથન કરે છે તે મિથ્યા છે. જો 'क्रियमाण' (કરાઈ રહેલું) 'कृत' (કરી નાખવામાં આવ્યું) હોત તો હું આ પથારી પર આ સમયે જ સૂઈ શકત પરંતુ વાત એવી નથી. આથી મહાવીરનો તે સિદ્ધાન્ત કે 'કરાઈ રહેલું કરાયેલ છે.' ખોટો છે. બીજા સાધુઓએ તેને 'क्रियमाणं कृतम्'નો વાસ્તવિક અર્થ સમજાવ્યો પરંતુ તેના મનમાં કોઈની વાત ન બેઠી. તેણે તે જ સમયે પોતાના વિરોધી સિદ્ધાન્ત 'બહુરત'નું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રતિપાદન શરૂ કરી દીધું. આ સિદ્ધાન્ત અનુસાર કોઈ પણ ક્રિયા એક સમયમાં ન થતાં વધુ સમયમાં થાય છે. ભાષ્યકારે અનેક હેતુ આપીને આ સિદ્ધાન્ત સ્પષ્ટ કર્યો છે, આમાં પ્રિયદર્શના (સુદર્શના—અનવદ્યા—જયેષ્ઠા)નો વૃત્તાન્ત પણ આપવામાં આવ્યો છે જેણે પહેલાં તો પતિના અનુરાગને કારણે જમાલિના સંઘમાં જવાનું સ્વીકારી લીધું હતું પરંતુ પછીથી ભગવાન મહાવીરના સિદ્ધાન્તનો વાસ્તવિક અર્થ સમજયા બાદ ફરી મહાવીરના સંઘમાં સામેલ થઈ ગઈ હતી.[૧]

દ્વિતીય નિહ્નવ :

દ્વિતીય નિહ્નવ તિષ્યગુપ્તે જીવપ્રાદેશિક મતનું પ્રરૂપણ કર્યું હતું. તિષ્યગુપ્ત વસુ નામના ચૌદપૂર્વધર આચાર્યનો શિષ્ય હતો. તે જે સમયે રાજગૃહ — ઋષભપુરમાં હતો તે સમયે આત્મપ્રવાદ નામના પૂર્વના આધારે તેણે એક નવો તર્ક ઉપસ્થિત કર્યો અને જીવપ્રાદેશિક મતની સ્થાપના કરી. કથાનક આ મુજબ છે : ગૌતમે ભગવાન મહાવીરને પૂછ્યું — 'ભગવન્ ! શું જીવના એક પ્રદેશને જીવ કહી શકાય ?" મહાવીરે કહ્યું — "ના, એવું નથી થઈ શકતું. આ પ્રમાણે બે, ત્રણ, સંખ્યાત અથવા અસંખ્યાત પ્રદેશોનું તો શું, જીવના જે અસંખ્યાત પ્રદેશ છે તેમાંથી એક પ્રદેશ પણ ઓછો હોય તો તેને જીવ નથી કહી શકાતો. લોકાકાશના પ્રદેશો જેટલો સંપૂર્ણ પ્રદેશયુક્ત હોય ત્યારે જ તે જીવ કહેવાય છે." આ સંવાદ સાંભળીને તિષ્યગુપ્તે પોતાના ગુરુ વસુને કહ્યું — "જો એવું જ છે તો જે પ્રદેશ વગર તે જીવ નથી કહેવાતો અને જે એક પ્રદેશથી તે જીવ કહેવાય છે તે ચરમ પ્રદેશને જ કેમ જીવ ન માનવો ? તેની સિવાયના અન્ય પ્રદેશ તો તેના વિના અજીવ જ છે કેમકે તેનાથી જ તે બધા જીવત્વ પ્રાપ્ત કરે છે." ગુરુએ તેને મહાવીરની જીવવિષયક ઉપર્યુક્ત માન્યતાનું રહસ્ય સમજાવવાનો ખૂબ પ્રયત્ન કર્યો પરંતુ તેણે પોતાનો મત ન છોડ્યો તથા બીજાઓને પણ તે જ પ્રમાણે સમજાવવા લાગ્યો. પરિણામસ્વરૂપ તેને સંઘમાંથી કાઢી મૂકવામાં આવ્યો અને તે પોતાની જીવપ્રદેશી માન્યતાને કારણે જીવપ્રાદેશિક રૂપે પ્રસિદ્ધ થયો. એક વખત અમલકલ્પા નામની નગરીના મિત્રશ્રી નામના શ્રમણોપાસકે તિષ્યગુપ્તના પાત્રમાં અનેક પ્રકારના પદાર્થોનો થોડો-થોડો અંતિમ અંશ મૂક્યો અને કહેવા લાગ્યો — "મારું અહોભાગ્ય છે કે આજે મેં આપને આટલા બધા પદાર્થોનું દાન કર્યું." આ સાંભળીને તિષ્યગુપ્ત ક્રોધિત થઈને બોલ્યો — "તેં આ મારું અપમાન કર્યું છે." મિત્રશ્રીએ તરત ઉત્તર આપ્યો — "મેં તમારા જ મત

---

૧. ગા. ૨૩૦૯-૨૩૩૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુસાર આટલું બધું દાન આપ્યું છે." આ સાંભળીને તિષ્યગુપ્તને પોતાના મિથ્યા મતનું ભાન થયું. તેણે પોતાના અભિનિવેશનું પ્રાયશ્ચિત્ત કર્યું અને ગુરુ પાસે ક્ષમાયાચના કરી.[૧]

તૃતીય નિહ્નવ :

ત્રીજા નિહ્નવની માન્યતાનું નામ અવ્યક્ત મત છે. શ્વેતવિકા નગરીના પૌલાષાઢ ચૈત્યમાં આષાઢ નામના આચાર્ય ઉતર્યા હતા. તેમના અનેક શિષ્યો યોગની સાધનામાં સંલગ્ન હતા. આષાઢ અકસ્માતે રાતમાં મરીને દેવ થયા. તેમને પોતાના યોગસંલગ્ન શિષ્યો પર દયા આવી અને તેઓ ફરી પોતાના મૃત શરીરમાં રહેવા લાગ્યા તથા પોતાના શિષ્યોને પૂર્વવત્ જ આચાર વગેરેનું શિક્ષણ આપતા રહ્યા. જ્યારે યોગ-સાધના સમાપ્ત થઈ ત્યારે તેમણે પોતાના શિષ્યોને વંદના કરીને કહ્યું – "હે શ્રમણો ! મને ક્ષમા કરજો કે મેં અસંયતી હોવા છતાં પણ તમારી પાસે આજ સુધી વંદના કરાવી." આટલું કહીને તેઓ પોતાનું શરીર છોડી દેવલોકમાં ચાલ્યા ગયા. આ જાણીને તેમના શિષ્યોને ભારે પશ્ચાત્તાપ થવા લાગ્યો કે અમે અસંયતી – દેવની આટલી વાર વંદના કરી. તેમને ધીરે-ધીરે એ ખબર પડવા લાગી કે કોઈના વિષયમાં એમ નિશ્ચયપૂર્વક નથી કહી શકાતું કે તે સાધુ છે કે દેવ. એટલા માટે કોઈને વંદના કરવી જ ન જોઈએ. વંદના કરીએ તે વ્યક્તિ સાધુને બદલે દેવ નીકળે તો અસંયત-નમનનો દોષ લાગે છે; જો એમ કહેવામાં આવે કે તે સાધુ નથી અને કદાચ સાધુ જ હોય તો મૃષાવાદનું પાપ લાગે છે. આમ કોઈની સાધુતાનો નિશ્ચય જ નથી થઈ શકતો, એટલા માટે કોઈને પણ વંદના ન કરવી જોઈએ. અન્ય સ્થવિરોએ તેમને ખૂબ સમજાવ્યા કે આવો એકાન્તિક આગ્રહ રાખવો ઠીક નથી, પરંતુ તેમણે કોઈનું ન માન્યું અને સંઘથી અલગ થઈને અવ્યક્તમતનો પ્રચાર કરવા લાગ્યા. એકવાર રાજગૃહના બલભદ્ર રાજાએ એવો આદેશ કાઢ્યો કે આ બધા સાધુઓને મારી નાખો. આ જાણીને તે લોકો ખૂબ વ્યાકુળ થયા અને રાજાને કહેવા લાગ્યા – "અમે લોકો સાધુ છીએ. તું અમને કેવી રીતે મરાવી શકે ?" રાજાએ કહ્યું – "આપનું કહેવું તો ઠીક છે પરંતુ હું કેવી રીતે જાણી શકું કે તમે લોકો ચોર છો કે સાધુ ?" આ સાંભળીને તે લોકોનો ભ્રમ દૂર થયો અને યથોચિત પ્રાયશ્ચિત્ત કરીને તેઓ ફરી સંઘમાં સામેલ થયા.[૨] આષાઢને કારણે અવ્યક્તમતનો ઉદ્ભવ થયો આથી તેના નામ સાથે આ મતને જોડી દેવામાં આવ્યો.

ચતુર્થ નિહ્નવ :

આ નિહ્નવ સામુચ્છેદિકના નામે પ્રસિદ્ધ છે. સમુચ્છેદનો અર્થ છે જન્મ થતાં જ અત્યન્ત નાશ. આ પ્રકારની માન્યતાનો સમર્થક સામુચ્છેદિક કહેવાય છે. આ મતની

---

૧. ગા. ૨૩૩૩-૨૩૫૫. ૨. ગા. ૨૩૫૬-૨૩૮૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્પત્તિની કથા આ મુજબ છે : મહાગિરિનો પ્રશિષ્ય તથા કૌણ્ડિન્યનો શિષ્ય અશ્વમિત્ર અનુપ્રવાદ નામના પૂર્વનું અધ્યયન કરતો હતો. તેમાં એવું વર્ણન આવ્યું કે વર્તમાન સમયના નારકો વિચ્છિન્ન થઈ જશે. આ જ રીતે દ્વિતીયાદિ સમયના નારકો પણ વિચ્છિન્ન થઈ જશે. વૈમાનિક વગેરેના વિષયમાં પણ આ જ વાત સમજવી જોઈએ. આ જાણીને તેના મનમાં શંકા થઈ કે જો આ પ્રમાણે ઉત્પન્ન થતાં જ જીવ નષ્ટ થઈ જતો હોય તો તે કર્મનું ફળ ક્યારે ભોગવે ? તેની આ શંકાનું સમાધાન કરતાં ગુરુએ કહ્યું કે પર્યાયરૂપથી નારકાદિ નષ્ટ થાય છે પરંતુ દ્રવ્યરૂપથી તો વિદ્યમાન જ રહે છે આથી કર્મફલનું વેદન ઘટી શકે છે. ગુરુના સમજાવવા છતાં પણ તે પોતાની હઠ પર દૃઢ રહ્યો અને એકાન્ત સમુચ્છેદનો પ્રચાર કરવા લાગ્યો. પરિણામે તેને સંઘમાંથી બહિષ્કૃત કરી દેવામાં આવ્યો. એક વખત અશ્વમિત્ર વિચરતા-વિચરતા રાજગૃહમાં જઈ પહોંચ્યો. ત્યાંના શ્રાવકોએ તેને મારવાનું શરૂ કર્યું. આ જોઈને તે કહેવા લાગ્યો — "તમે લોકો શ્રાવક થઈને સાધુને મારો છો !" શ્રાવકોએ ઉત્તર આપ્યો — "જે સાધુ બન્યો હતો તે અશ્વમિત્ર હતો અને જે શ્રાવક બન્યા હતા તે લોકો તો ક્યારના નષ્ટ થઈ ચૂક્યા. તું અને અમે તો કોઈ બીજા જ છીએ." આ સાંભળીને અશ્વમિત્રને પોતાના મતની દુર્બળતા સમજાઈ ગઈ. તેણે ફરી પોતાના ગુરુ પાસે જઈને ક્ષમાયાચના કરી તથા મહાવીરના સંઘનો અનુયાયી બન્યો.[૧]

પંચમ નિહ્નવ :

પંચમ નિહ્નવનું નામ ગંગ છે. તેણે એ મતનું પ્રતિપાદન કર્યું કે એક સમયમાં બે ક્રિયાઓનો અનુભવ થઈ શકે છે. આ માન્યતાને કારણે તેને દ્વૈક્રિય નિહ્નવ કહેવામાં આવે છે. ઘટના આ મુજબ છે : આર્ય મહાગિરિનો પ્રશિષ્ય તથા ધનગુપ્તનો શિષ્ય ગંગ એક વખત શરદ ઋતુમાં પોતાના આચાર્યને વંદના કરવા માટે ઉલ્લુકાતીર નામના નગરથી નીકળીને ચાલ્યો. રસ્તામાં ઉલ્લુકા નદીમાં ચાલતી વખતે તેને માથા પર લાગતી સૂર્યની ગરમી તથા પગમાં લાગતી નદીની ઠંડકનો અનુભવ થયો. આ જોઈને તેણે વિચાર્યું — 'સૂત્રોમાં કહેવામાં આવ્યું છે કે એક સમયમાં એક જ ક્રિયાનું વેદન થઈ શકે છે. પરંતુ મને તો એક જ સાથે બે ક્રિયાઓનો અનુભવ થઈ રહ્યો છે.' તેણે પોતાનો અનુભવ પોતાના ગુરુ સામે રાખ્યો. ગુરુએ કહ્યું — "તારું કહેવું ઠીક છે પરંતુ વાત એમ છે કે સમય અને મન એટલાં સૂક્ષ્મ છે કે આપણે સામાન્ય રીતે તેમના નાના-નાના વિભાગોને નથી સમજી શકતા. વાસ્તવમાં કોઈ પણ ક્રિયાનું વેદન ક્રમશઃ જ થાય છે." ગંગને ગુરુની વાત ગમી નહિ. તે સંઘથી અલગ થઈને પોતાના મતનો પ્રચાર

---

૧. ગા. ૨૩૮૯-૨૪૨૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવા લાગ્યો. એક વખત રાજગૃહમાં પોતાના મતનો પ્રચાર કરતાં મણિનાગ દ્વારા ભયભીત થઈને તેણે ફરી પોતાના ગુરુ પાસે આવીને પ્રાયશ્ચિત્ત કર્યું.[૧]

ષષ્ઠ નિહ્નવ :

છઠ્ઠા નિહ્નવનું નામ રોહગુપ્ત અથવા ષડુલૂક છે. તેણે ત્રૈરાશિક મતનું પ્રરૂપણ કર્યું. આ મતનો અર્થ છે જીવ, અજીવ અને નોજીવ — આ પ્રકારની ત્રણ રાશિઓનો સદ્‌ભાવ. કથાનક આ મુજબ છે : એક વખત રોહગુપ્ત કોઈ અન્ય ગામથી અંતરંજિકા નગરીના ભૂતગૃહ નામના ચૈત્યમાં ઊતરેલા પોતાના ગુરુ શ્રીગુપ્તને વંદના કરવા જઈ રહ્યો હતો. માર્ગમાં તેણે અનેક પ્રવાદીઓને પરાજિત કર્યા અને બધી હકીકત પોતાના ગુરુ સમક્ષ મૂકી. ત્યાર બાદ તેણે મોરી, નકુલી, બિડાલી, વ્યાઘ્રી, સિંહી, ઉલૂકી અને ઉલાવકી વિદ્યાઓ ગ્રહણ કરી તથા પોટ્ટશાલ નામનો પરિવ્રાજક કે જે વૃશ્ચિકી, સર્પી, મૂષકી, મૃગી, વરાહી, કાકી તથા પોતાકી વિદ્યાઓમાં સિદ્ધહસ્ત હતો, તેને વાદ માટે પડકાર્યો. રાજસભામાં પોટ્ટશાલે જીવ અને અજીવ — આ બે રાશિઓની સ્થાપના કરી. તેને પરાસ્ત કરવા માટે રોહગુપ્તે એક ત્રીજી રાશિ નોજીવની પણ સ્થાપના કરી. આ જ રીતે અન્ય વિદ્યાઓમાં પણ તેને પોતાની મોરી વગેરે વિરોધી વિદ્યાઓ વડે પરાજિત કર્યો. જ્યારે તેણે પોતાના ગુરુ સમક્ષ આ બધો વૃત્તાન્ત કહ્યો ત્યારે ગુરુએ કહ્યું — "તું પાછો જા અને રાજસભામાં જઈને કહે કે રાશિત્રયનો સિદ્ધાન્ત કોઈ વાસ્તવિક સિદ્ધાન્ત નથી. મેં માત્ર વાદીને પરાજિત કરવા માટે જ આ સિદ્ધાન્તની પોતાના બુદ્ધિબળથી સ્થાપના કરી છે. હકીકતમાં રાશિત્રયનો સિદ્ધાન્ત અપસિદ્ધાન્ત છે." રોહગુપ્તે ગુરુની આ આજ્ઞા ન માની તથા પોતાના અભિનિવેશને કારણે તે રાશિત્રયના સિદ્ધાન્તને જ વળગી રહ્યો. આ જોઈને ગુરુ સ્વયં તેને પોતાની સાથે રાજસભામાં લઈ ગયા. ત્યાંથી રાજા સાથે તેઓ કુત્રિકાપણ (બધી વસ્તુઓ જ્યાં મળતી હોય તેવી દુકાન) પર ગયા. ત્યાં જઈને તેમણે જીવ માગ્યો તો જીવ મળ્યો, અજીવ માંગ્યો તો અજીવ મળ્યો. જ્યારે તેમણે નોજીવ માગ્યો તો કંઈ ન મળ્યું. આ જોઈને સભામાં રોહગુપ્તના પરાજયની ઘોષણા કરવામાં આવી. આટલું થવા છતાં પણ તેનો અભિનિવેશ ઓછો ન થયો અને તેણે વૈશેષિક મતનું પ્રરૂપણ કર્યું. રોહગુપ્તનું નામ ષડુલૂક કેવી રીતે પડી ગયું, તેનું સમાધાન કરતાં ભાષ્યકાર કહે છે કે તેનું નામ તો રોહગુપ્ત છે પરંતુ ગોત્રથી તે ઉલૂક છે. દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ અને સમવાય નામના ષટ્ પદાર્થોનું પ્રરૂપણ કરવાને કારણે ઉલૂકગોત્રીય રોહગુપ્તને ષડુલૂક કહેવામાં આવ્યો છે.[૨]

---

૧. ગા. ૨૪૨૪-૨૪૫૦. ૨. ગા. ૨૪૫૧-૨૫૦૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સપ્તમ નિહ્નવ :

સપ્તમ નિહ્નવનું નામ ગોષ્ઠામાહિલ છે. તેણે એવી માન્યતાનો પ્રચાર કર્યો કે જીવ અને કર્મનો બંધ નહીં પરંતુ સ્પર્શમાત્ર હોય છે. આ જ અબદ્ધ સિદ્ધાન્તને કારણે તે અબદ્ધિક નિહ્નવ નામે પ્રસિદ્ધ છે. આ સિદ્ધાન્તની ઉત્પત્તિ સાથે સમ્બદ્ધ કથા આ પ્રમાણે છે : આર્યરક્ષિતના મૃત્યુ પછી આચાર્ય દુર્બલિકા પુષ્યમિત્ર ગણિપદ પર પ્રતિષ્ઠિત થયા. તે જ ગણમાં ગોષ્ઠામાહિલ નામનો એક સાધુ પણ હતો. એક વખત આચાર્ય દુર્બલિકા પુષ્યમિત્ર વિન્ધ્ય નામના એક સાધુને કર્મપ્રવાદ નામક પૂર્વનો કર્મબન્ધાધિકાર ભણાવી રહ્યા હતા. તેમાં એવું વર્ણન આવ્યું કે કોઈ કર્મ માત્ર જીવનો સ્પર્શ કરીને જ અલગ થઈ જાય છે. તેની સ્થિતિ અધિક સમય સુધી નથી હોતી. જે રીતે કોઈ સૂકી દીવાલ પર માટી નાખતાં જ દીવાલનો સ્પર્શ કરતાં જ માટી તરત નીચે પડી જાય છે તે જ રીતે કોઈ કર્મ જીવનો સ્પર્શ કરીને થોડાક જ સમયમાં તેનાથી અલગ થઈ જાય છે. જેમ ભીની દીવાલ પર માટી નાખવાથી તે તેમાં જ ચોંટીને એકરૂપ થઈ જાય છે તથા ઘણા સમય પછી તેનાથી અલગ થઈ શકે છે તેવી જ રીતે જે કર્મ બદ્ધ, સ્પૃષ્ટ તથા નિકાચિત હોય છે તે જીવની સાથે એકત્વ પ્રાપ્ત કરીને કાલાન્તરમાં ઉદયમાં આવે છે. આ સાંભળીને ગોષ્ઠામાહિલ કહેવા લાગ્યો – "જો એમ વાત છે તો જીવ અને કર્મ ક્યારેય અલગ ન થવા જોઈએ કેમકે તે એકરૂપ થઈ જાય છે. આવી સ્થિતિમાં કર્મબદ્ધને ક્યારેય મોક્ષ ન થઈ શકે કેમકે તે હંમેશા કર્મ સાથે બંધાયેલો રહેશે. એટલા માટે વાસ્તવમાં જીવ અને કર્મનો બંધ જ ન માનવો જોઈએ. માત્ર જીવ અને કર્મનો સ્પર્શ જ માનવો જોઈએ." આચાર્યે આ બંને અવસ્થાઓનું રહસ્ય સમજાવ્યું પરંતુ ઈર્ષ્યા તથા અભિનિવેશને કારણે તેના મનમાં તેમની વાત ન બેઠી. અંતે જતાં તેને સંઘથી બહિષ્કૃત કરી દેવામાં આવ્યો.[૧]

અષ્ટમ નિહ્નવ :

આ અન્તિમ નિહ્નવ છે. આની પ્રસિદ્ધિ બોટિક – દિગંબર રૂપે છે. કથાનક આ મુજબ છે : રથવીરપુર નામના નગરમાં શિવભૂતિ નામનો એક સાધુ આવ્યો હતો. ત્યાંના રાજાએ તેને બહુમૂલ્ય રત્નકંબલ આપ્યો. આ જોઈને શિવભૂતિના ગુરુ આર્યકૃષ્ણે કહ્યું – "સાધુના માર્ગમાં અનેક અનર્થ ઉત્પન્ન કરનાર આ કંબલ ગ્રહણ કરવો યોગ્ય નથી." તેણે ગુરુની આજ્ઞાની અવહેલના કરીને તે કંબલને છુપાવીને પોતાની પાસે રાખી લીધો. ગોચરચર્યામાંથી આવ્યા બાદ તે પ્રતિદિન તેની સંભાળ લેતો પરંતુ ક્યારેય કામમાં ન લેતો. ગુરુએ આ બધું જોઈને વિચાર્યું – 'આની આમાં

---

૧. ગા. ૨૫૦૯-૨૫૪૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માયા લાગી ગઈ છે. તેને દૂર કરવાનો કોઈ ઉપાય કરવો જોઈએ' એમ વિચારીને તે બહાર ગયો ત્યારે તેમણે વગર કંઈ પૂછ્યે-કર્યે તે રત્નકંબલ ફાડીને તેના નાના-નાના ટુકડા કરીને સાધુઓના પાદપ્રોચ્છનક બનાવી કાઢ્યા. આ જાણીને શિવભૂતિ મનમાં ને મનમાં બળવા લાગ્યો. તેનો કષાય દિન-પ્રતિદિન વધવા લાગ્યો. એક વખત આચાર્ય જિનકલ્પીઓનું વર્ણન કરી રહ્યા હતા : 'કેટલાક જિનકલ્પીઓને રજોહરણ અને મુખવસ્ત્રિકા — આ બે જ ઉપધિઓ હોય છે, વગેરે.' આ સાંભળીને શિવભૂતિએ કહ્યું — "જો એમ જ છે તો આપણે આટલો બધો પરિગ્રહ કેમ કરીને રાખીએ છીએ ? તે જ જિનકલ્પનું પાલન કેમ નથી કરતા ?" આચાર્યે તેને સમજાવ્યો કે આ કાળમાં ઉપયુક્ત સંહનન વગેરેનો અભાવ હોવાથી તેનું પાલન શક્ય નથી. શિવભૂતિએ કહ્યું — "મારા હોવા છતાં આ અશક્ય કેવી રીતે હોઈ શકે ? હું હમણાં જ આનું આચરણ કરી બતાવું છું." એમ કહીને તે અભિનિવેશવશ પોતાના વસ્ત્રોને ત્યાં જ ફેંકીને ચાલ્યો ગયો. પછીથી તેણે કૌંડિન્ય અને કોટ્ટવીર નામના બે શિષ્યોને દીક્ષા આપી. આ રીતે આ પરંપરા આગળ વધતી ગઈ, જે બોટિક મત નામે પ્રસિદ્ધ થઈ. બોટિકોના મતાનુસાર વસ્ત્ર કષાયનું કારણ હોવાથી પરિગ્રહરૂપ છે આથી ત્યાજ્ય છે. ભાષ્યકાર આર્યકૃષ્ણના શબ્દોમાં આ મતનું ખંડન કરતાં કહે છે કે જે જે કષાયના હેતુ છે તે તે જો પરિગ્રહ ગણીએ અને તેમને ત્યાગી દેવા જોઈએ તો સ્વકીય શરીરને પણ ત્યાગી દેવું પડશે કેમકે તે પણ કષાયોત્પત્તિનો હેતુ છે આથી પરિગ્રહ છે.[૧]

અગિયારમા દ્વાર સમવતારની વ્યાખ્યા કરતી વખતે ગોષ્ઠામાહિલનો પ્રસંગ આવ્યો અને તે જ પ્રસંગથી નિહ્નવવાદની ચર્ચા શરૂ થઈ. આ ચર્ચાની સમાપ્તિની સાથે સમવતાર દ્વારની વ્યાખ્યા પણ સમાપ્ત થાય છે.

અનુમત દ્વાર :

બારમા દ્વારનું નામ અનુમત છે. વ્યવહાર-નિશ્ચય નયની દૃષ્ટિએ કઈ સામાયિક મોક્ષમાર્ગનું કારણ છે, તેનો વિચાર કરવો અનુમત કહેવાય છે. નૈગમ, સંગ્રહ અને વ્યવહાર નયની અપેક્ષાથી સમ્યક્ત્વ, શ્રુત અને ચારિત્રરૂપ ત્રણે પ્રકારની સામાયિક મોક્ષમાર્ગરૂપ માનવામાં આવી છે. શબ્દ તથા ઋજુસૂત્ર નયની અપેક્ષાએ માત્ર ચારિત્રસામાયિક જ મોક્ષમાર્ગ છે.[૨]

કિં દ્વાર :

સામાયિક શું છે ? સામાયિક જીવ છે અથવા અજીવ ? જીવ અને અજીવમાં પણ તે દ્રવ્ય છે અથવા ગુણ ? અથવા તે જીવાજીવ ઉભયાત્મક છે ? અથવા જીવ અને અજીવ બંનેથી ભિન્ન કોઈ અર્થાન્તર છે ? આત્મા અર્થાત્ જીવ જ સામાયિક છે,

૧. ગા. ૨૫૫૦-૨૬૦૯. ૨. ગા. ૨૬૧૧-૨૬૩૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અજીવાદિ નહિ. જીવ સાવદ્ય યોગનું પ્રત્યાખ્યાન કરતી વખતે સામાયિક હોય છે. બીજા શબ્દોમાં સામાયિકભાવમાં પરિણતિ થવાને કારણે જીવ જ સામાયિક છે. અન્ય બધા દ્રવ્ય શ્રદ્ધેય, જ્ઞેય વગેરે ક્રિયારૂપ ઉપયોગના કારણે તેના વિષયભૂત છે.[૧] દ્રવ્યાર્થિક નયના અભિપ્રાયથી સામાયિક દ્રવ્ય છે તથા પર્યાયાર્થિક નયની દૃષ્ટિથી સામાયિક ગુણ છે.[૨] આ તેરમા કિં દ્વારની વ્યાખ્યા થઈ.

કતિવિધ દ્વાર :

ચૌદમા દ્વાર કતિવિધની વ્યાખ્યા કરતાં કહેવામાં આવ્યું છે કે સામાયિક ત્રણ પ્રકારની છે : સમ્યક્ત્વ, શ્રુત તથા ચારિત્ર. ચારિત્ર બે પ્રકારનું છે : આગારિક તથા અનાગારિક. શ્રુત અર્થાત્ અધ્યયન ત્રણ પ્રકારનું છે : સૂત્રવિષયક, અર્થવિષયક અને ઉભય વિષયક. સમ્યક્ત્વ નિસર્ગજ તથા અધિગમજ ભેદથી બે પ્રકારનું છે. આ બંનેમાંથી પ્રત્યેકના ઔપશમિક, સાસ્વાદન, ક્ષાયોપશમિક, વેદક અને ક્ષાયિક — આ પાંચ ભેદ થાય છે. આ રીતે સમ્યક્ત્વ દસ પ્રકારનું પણ છે. અથવા કારક, રોચક અને દીપક ભેદથી સમ્યક્ત્વના ક્ષાયિક, ક્ષાયોપશમિક તથા ઔપશમિક — આ ત્રણ ભેદ પણ થાય છે. આ જ રીતે શ્રુત અને ચારિત્રના પણ વિવિધ ભેદ થઈ શકે છે.[૩]

કસ્ય દ્વાર :

જેનો આત્મા સંયમ, નિયમ તથા તપમાં સ્થિત છે તેની પાસે સામાયિક હોય છે. જે ત્રસ અને સ્થાવર બધા પ્રાણીઓ પ્રત્યે સમભાવ — માધ્યસ્થ્યભાવ રાખે છે તેની પાસે સામાયિક હોય છે.[૪] જે ન રાગમાં પ્રવૃત્ત હોય છે ન દ્વેષમાં, પરંતુ બંનેની મધ્યમાં રહે છે તે મધ્યસ્થ છે અને બાકીના બધા અમધ્યસ્થ છે.[૫]

કુત્ર દ્વાર :

આ દ્વારનો નિમ્ન ઉપદ્વારોની દૃષ્ટિએ વિચાર કરવામાં આવ્યો છે : ક્ષેત્ર, દિક્, કાલ, ગતિ, ભવ્ય, સંજ્ઞી, ઉચ્છ્વાસ, દૃષ્ટિ, આહાર, પર્યાપ્ત, સુપ્ત, જન્મ, સ્થિતિ, વેદ, સંજ્ઞા, કષાય, આયુષ્ય, જ્ઞાન, યોગ, ઉપયોગ, શરીર, સંસ્થાન, સંહનન, માન, લેશ્યાપરિણામ, વેદના, સમુદ્‌ઘાતકર્મ, નિર્વેષ્ટન, ઉદ્વર્તન, આસ્રવકરણ, અલંકાર, શયન, આસન, સ્થાન, ચંક્રમણ.[૬]

કેષુ દ્વાર :

સામાયિક કયા દ્રવ્યો અને પર્યાયોમાં હોય છે ? સમ્યક્ત્વ સર્વદ્રવ્ય-પર્યાયગત છે. શ્રુત અને ચારિત્રમાં દ્રવ્ય તો બધા હોય છે, પરંતુ પર્યાય બધા નથી હોતા. દેશવિરતિમાં

---

૧. ગા. ૨૬૩૩-૨૬૪૦. ૨. ગા. ૨૬૫૮. ૩. ગા. ૨૬૭૩-૭.
૪. ગા. ૨૬૭૯-૨૬૮૦. ૫. ગા. ૨૬૯૧. ૬. ગા. ૨૬૯૨-૨૭૫૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ન તો બધા દ્રવ્ય જ હોય છે અને ન બધા પર્યાય જ. ભાષ્યકારે આનું વિશેષ સ્પષ્ટીકરણ કર્યું છે.[૧]

કથં દ્વાર :

સામાયિક કેવી રીતે પ્રાપ્ત થાય છે ? આ દ્વારની ચર્ચા ભાષ્યકારે અહીં નથી કરી. ટીકાકાર મલધારી હેમચન્દ્રે આ તરફ સંકેત કરતાં લખ્યું છે કે સામાયિક મહાકષ્ટલભ્ય છે. તેના લાભક્રમ માટે 'माणुस्स' થી લઈ 'अब्भुट्ठाणे विणए' પર્યંત ગાથાઓ જોવી જોઈએ. ક્યાંય મુશ્કેલી જણાય તો મૂલાવશ્યકટીકાની સહાય લેવી જોઈએ.[૨]

કિયચ્ચિર દ્વાર :

ઓગણીસમું દ્વાર કિયચ્ચિર છે. આમાં તે પ્રશ્નનો વિચાર કરવામાં આવ્યો છે કે સામાયિક કેટલા સમય સુધી રહે છે. સમ્યક્ત્વ અને શ્રુતની ઉત્કૃષ્ટ સ્થિતિ ૬૬ સાગરોપમ (પૂર્વકોટિપૃથક્ત્વ અધિક) છે જ્યારે દેશવિરતિ અને સર્વવિરતિની ઉત્કૃષ્ટ સ્થિતિ પૂર્વકોટિ દેશોન છે. સમ્યક્ત્વ, શ્રુત અને દેશવિરતિની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત છે જ્યારે સર્વવિરતિ સામાયિકની જઘન્ય સ્થિતિ એક સમય છે. આ બધો લબ્ધિનો સ્થિતિકાળ છે. ઉપયોગની દૃષ્ટિથી તો બધાની સ્થિતિ અન્તર્મુહૂર્ત છે.

કતિ દ્વાર :

સમ્યક્ત્વાદિ સામાયિકોના વિવક્ષિત સમયમાં કેટલા પ્રતિપત્તા, પ્રતિપન્ન અથવા પ્રતિપતિત હોય છે ? સમ્યક્ત્વી અને દેશવિરત પ્રાણી (ક્ષેત્ર) પલ્યોપમના અસંખ્યાતમા ભાગ બરાબર હોય છે. શ્રુતપ્રતિપત્તા શ્રેણીના અસંખ્યાતમા ભાગ બરાબર હોય છે. સર્વવિરતિપ્રતિપત્તા સહસ્રાગ્રશઃ હોય છે. આ બધી પ્રતિપત્તાઓની ઉત્કૃષ્ટ સંખ્યા છે. પૂર્વપ્રતિપન્નોનું પ્રતિપાદન કરતાં કહેવામાં આવ્યું છે કે વર્તમાન સમયમાં સમ્યક્ત્વ અને દેશવિરતિપ્રતિપન્ન અસંખ્યેય છે, સર્વવિરતિપ્રતિપન્ન સંખ્યેય છે. આ ત્રણે પ્રાપ્ત કરી જે પ્રતિપતિત થઈ ચૂક્યા છે તે અનંતગુણ છે. સંપ્રતિ શ્રુતપ્રતિપન્ન પ્રતરના અસંખ્યાતમા ભાગ બરાબર છે. બાકી સંસારસ્થ જીવો (ભાષાલબ્ધિરહિત પૃથ્વી વગેરે) ભાષાલબ્ધિ પ્રાપ્ત કરી પ્રતિપતિત થવાને કારણે સામાન્યશ્રુતથી પ્રતિપતિત માનવામાં આવ્યા છે.[૪]

સાન્તર દ્વાર :

જીવને કોઈ એક સમય સમ્યક્ત્વાદિ સામાયિક પ્રાપ્ત થવાથી ફરી તેનો પરિત્યાગ થઈ જતાં જેટલા સમય પછી તેને ફરી તેની પ્રાપ્તિ થાય છે તેને અંતરકાલ કહે છે.

---

૧. ગા. ૨૭૫૧-૨૭૬૦. ૨. પૃ. ૧૦૯૭. ૩. ગા. ૨૭૬૧-૩.
૪. ગા. ૨૭૬૪-૨૭૭૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે સામાન્યાક્ષરાત્મક શ્રુતમાં જઘન્યપણે અંતર્મુહૂર્ત છે, ઉત્કૃષ્ટપણે અનંતકાલ છે. બાકીમાં જઘન્યપણે અંતર્મુહૂર્ત છે, ઉત્કૃષ્ટપણે દેશોન અર્ધપરાવર્તક છે.[૧]

અવિરહિત દ્વાર :

સમ્યક્ત્વ, શ્રુત તથા દેશવિરતિ સામાયિકનો ઉત્કૃષ્ટ અવિરહ કાળ આવલિકાનો અસંખ્યેય ભાગ છે, ચારિત્ર (સર્વવિરતિ)નો આઠ સમય છે. જઘન્યપણે બધા સામાયિકોનો બે સમય છે.[૨]

સમ્યક્ત્વ અને શ્રુતનો ઉત્કૃષ્ટ વિરહકાલ સપ્ત અહોરાત્ર છે, દેશવિરતિનો દ્વાદશ અહોરાત્ર છે. સર્વવિરતિનો પંચદશ અહોરાત્ર છે.[૩]

ભવદ્વાર :

સમ્યગ્દૃષ્ટિ તથા દેશવિરત ઉત્કૃષ્ટપણે પલ્યના અસંખ્યેય ભાગ જેટલા ભવો પ્રાપ્ત કરે છે. સર્વવિરત ઉત્કૃષ્ટપણે આઠ ભવો પ્રાપ્ત કરે છે. શ્રુતસામાયિક ધરાવતો ઉત્કૃષ્ટપણે અનંત ભવ પ્રાપ્ત કરે છે[૪] (જઘન્યપણે બધા માટે એક ભવ છે).

આકર્ષ દ્વાર :

આકર્ષનો અર્થ છે આકર્ષણ અર્થાત્ પ્રથમ વાર અથવા છોડેલાનું પુનર્ગ્રહણ. સમ્યક્ત્વ, શ્રુત અને દેશવિરતિ સામાયિકનો એક ભવમાં ઉત્કૃષ્ટ આકર્ષ સહસ્રપૃથક્ત્વ વાર થાય છે, સર્વવિરતિનો શતપૃથક્ત્વ વાર થાય છે (જઘન્યપણે બધાનો એક વાર જ આકર્ષ છે). વિવિધ ભવોની અપેક્ષાએ સમ્યક્ત્વ અને દેશવિરતિના ઉત્કૃષ્ટપણે અસંખ્યેય સહસ્રપૃથક્ત્વ આકર્ષ હોય છે, સર્વવિરતિના સહસ્રપૃથક્ત્વ આકર્ષ હોય છે, શ્રુતના આકર્ષ તો અનંત છે.[૫]

સ્પર્શન દ્વાર :

સમ્યક્ત્વ-ચરણયુક્ત પ્રાણી ઉત્કૃષ્ટપણે સંપૂર્ણ લોકનો સ્પર્શ કરે છે (જઘન્યપણે અસંખ્યેય ભાગનો સ્પર્શ કરે છે). શ્રુતના સપ્તચતુર્દશભાગ ($^{૭}/_{૧૪}$) તથા પંચચતુર્દશભાગ ($^{૫}/_{૧૪}$) સ્પર્શનીય છે. દેશવિરતિના પંચચતુર્દશભાગ ($^{૫}/_{૧૪}$) સ્પર્શનીય છે.[૬]

નિરુક્તિ દ્વાર :

અંતિમ દ્વારનું નામ નિરુક્તિ છે. સમ્યક્ત્વ સામાયિકની નિરુક્તિ આ પ્રમાણે છે : સમ્યગ્દૃષ્ટિ, અમોહ, શુદ્ધિ, સદ્ભાવદર્શન, બોધિ, અવિપર્યય, સુદૃષ્ટિ વગેરે સમ્યક્ત્વના નિરુક્ત – પર્યાય છે. શ્રુત સામાયિકની નિરુક્તિ કરતાં કહેવામાં આવ્યું છે અક્ષર, સંજ્ઞી, સમ્યક્, સાદિક, સપર્યવસિત, ગમિક અને અંગપ્રવિષ્ટ – આ સાત

---

૧. ગા. ૨૭૭૫. ૨. ગા. ૨૭૭૭. ૩. ગા. ૨૭૭૮.
૪. ગા. ૨૭૭૯. ૫. ગા. ૨૭૮૦-૮૧. ૬. ગા. ૨૭૮૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને સાત તેમના પ્રતિપક્ષી — આ રીતે ચૌદ ભેદ-પૂર્વક શ્રુતનો વિચાર કરવો જોઈએ. વિરતાવિરતિ, સંવૃતાસંવૃત, બાલપંડિત, દેશૈકદેશવિરતિ, અણુધર્મ, અગારધર્મ વગેરે દેશવિરતિ સામાયિકના નિરુક્ત — પર્યાય છે. સામાયિક, સામયિક, સમ્યગ્વાદ, સમાસ, સંક્ષેપ, અનવદ્ય, પરિજ્ઞા, પ્રત્યાખ્યાન — આ આઠ સર્વવિરતિ સામાયિકના નિરુક્ત — પર્યાય છે.[૧] અહીં સુધી સામાયિકના ઉપોદ્‌ઘાતનો અધિકાર છે.

નમસ્કારનિર્યુક્તિ :

સામાયિકના આ સુવિસ્તૃત ઉપોદ્‌ઘાતની સમાપ્તિ પછી ભાષ્યકારે સૂત્રસ્પર્શિક નિર્યુક્તિનું વિસ્તૃત વિવેચન કર્યું છે. નમસ્કાર (અન્તમંગલરૂપ)ની ચર્ચા કરતાં કહેવામાં આવ્યું છે કે ઉત્પત્તિ, નિક્ષેપ, પદ, પદાર્થ, પ્રરૂપણા, વસ્તુ, આક્ષેપ, પ્રસિદ્ધિ, ક્રમ, પ્રયોજન અને ફલ — આ અગિયાર દ્વારોથી નમસ્કારનું વ્યાખ્યાન કરવું જોઈએ.[૨] ભાષ્યકારે આ બધા દ્વારોનું બહુ વિસ્તારપૂર્વક વિવેચન કર્યું છે. આ વિવેચનમાં પણ નિક્ષેપપદ્ધતિનો આશ્રય લેવામાં આવ્યો છે જેમાં નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ, ભેદ, સંબંધ, કાલ, સ્વામી વગેરે અનેક પ્રભેદોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રત્યેક દ્વારના વ્યાખ્યાનમાં યથાસંભવ નયદૃષ્ટિનો આધાર પણ લેવામાં આવ્યો છે. અર્હત્, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને નમસ્કાર કેમ કરવા જોઈએ, આનો યુક્તિયુક્ત વિચાર કરવામાં આવ્યો છે. રાગ, દ્વેષ, કષાય વગેરે દોષોની ઉત્પત્તિ વગેરેનું પણ સંક્ષિપ્ત વિવેચન કરવામાં આવ્યું છે. સિદ્ધના સ્વરૂપનું વર્ણન કરતી વખતે આચાર્યે કર્મસ્થિતિ તથા સમુદ્‌ઘાતની પ્રક્રિયાનું પણ વર્ણન કર્યું છે. શૈલેશી અવસ્થાનું સ્વરૂપ દર્શાવતાં શુક્લધ્યાન વગેરે પર પણ પર્યાપ્ત પ્રકાશ પાડવામાં આવ્યો છે.[૩] સિદ્ધને સાકાર ઉપયોગ હોય છે અથવા નિરાકાર, આની ચર્ચા કરતાં ભાષ્યકારે કેવલજ્ઞાન અને કેવલદર્શનના ભેદ અને અભેદનો વિચાર કર્યો છે. કેવલજ્ઞાન અને કેવલદર્શન યુગપત્ હોય છે કે ક્રમશઃ, આ પ્રશ્ન પર આગમિક માન્યતા અનુસાર વિચાર કરતાં એવા મતની પુષ્ટિ કરી છે કે કેવલીને એક સાથે બે ઉપયોગ નથી હોઈ શકતા.[૪] સિદ્ધિગમનક્રિયાનું સ્વરૂપ બતાવતાં આચાર્યે અલાબુ, એરંડફલ, અગ્નિશિખા, શર વગેરે દૃષ્ટાંતોનું સ્પષ્ટીકરણ તથા વિવિધ આક્ષેપોનો પરિહાર કર્યો છે. સિદ્ધસંબંધી અન્ય આવશ્યક વાતોની જાણકારીની સાથે સિદ્ધનમસ્કારનો અધિકાર સમાપ્ત કરવામાં આવ્યો છે.[૫] આ જ રીતે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુનમસ્કારનું વિવેચન કરવામાં આવ્યું છે.[૬] નમસ્કારના પ્રયોજન, ફલ વગેરે દ્વારોનું વ્યાખ્યાન કરતાં ભાષ્યકારે પરિણામ-વિશુદ્ધિનું સમર્થન કર્યું છે અને આ જ દૃષ્ટિથી જિનાદિપૂજાનું વિવેચન કર્યું

૧. ગા. ૨૭૮૪-૭. ૨. ગા. ૨૮૦૫. ૩. ગા. ૨૮૦૬-૩૦૮૮.
૪. ગા. ૩૦૮૯-૩૧૩૫. ૫. ગા. ૩૧૪૦-૩૧૮૮. ૬. ગા. ૩૧૮૯-૩૨૦૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. અહીં સુધી નમસ્કારનિર્યુક્તિનો અધિકાર છે.[૧]

પદવ્યાખ્યા :

'करेमि भंते !' વગેરે સામાયિકસૂત્રના પદોની વ્યાખ્યા કરતાં ભાષ્યકારે 'करेमि' પદ માટે 'करण' શબ્દનું વિસ્તારપૂર્વક વ્યાખ્યાન કર્યું છે. 'करण'નો અર્થ છે ક્રિયા; અથવા યથાસંભવ અન્ય અર્થનું પણ ગ્રહણ કરવું જોઈએ. 'करण' નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ ભેદથી છ પ્રકારનું છે.

'भंते' અર્થાત્ 'भदन्त'ની વ્યાખ્યા કરતાં આચાર્ય કહે છે કે 'भदन्त' શબ્દ કલ્યાણ અને સુખાર્થક છે તથા નિર્વાણનું કારણ છે. સુખ અને કલ્યાણનું સાધન ગુરુ છે. આ જ રીતે આ શબ્દની પણ અનેક પ્રકારની વ્યાખ્યાઓ કરવામાં આવી છે.[૩]

આગળની ગાથાઓમાં સામાયિક, સર્વ, સાવદ્ય, યોગ, પ્રત્યાખ્યાન, યાવજ્જીવ, વિવિધ, કરણ, પ્રતિક્રમણ, નિન્દા, ગર્હા, વ્યુત્સર્જન વગેરે પદોનું સવિસ્તાર વ્યાખ્યાન કરવામાં આવ્યું છે.[૪] પ્રસંગવશાત્ સંગ્રહાદિ છ નયોની વિશેષ વ્યાખ્યા પણ કરવામાં આવી છે.[૫] અંતિમ ગાથામાં ભાષ્યકાર આચાર્ય જિનભદ્ર આ ભાષ્ય સાંભળવાથી જે ફળની પ્રાપ્તિ થાય છે તેની તરફ નિર્દેશ કરતાં કહે છે કે સર્વાનુયોગમૂલરૂપ આ સામાયિકનું ભાષ્ય સાંભળવાથી પરિકર્મિત મતિયુક્ત શિષ્ય શેષ શાસ્ત્રાનુયોગ માટે યોગ્ય થઈ જાય છે.[૬]

વિશેષાવશ્યકભાષ્યના આ વિસ્તૃત પરિચયથી સ્પષ્ટ છે કે આચાર્ય જિનભદ્રે આ એક ગ્રંથમાં જૈન વિચારધારાઓનો કેટલી વિલક્ષણતાથી સંગ્રહ કર્યો છે. આચાર્યની તર્કશક્તિ, અભિવ્યક્તિકુશળતા, પ્રતિપાદનપ્રવણતા તથા વ્યાખ્યાનવિદગ્ધતાનો પરિચય પ્રાપ્ત કરવા માટે આ ગ્રંથ જ પર્યાપ્ત છે. વાસ્તવમાં વિશેષાવશ્યકભાષ્ય જૈનજ્ઞાનમહોદધિ છે. જૈન આચાર અને વિચારના મૂળભૂત સમસ્ત તત્ત્વો આ ગ્રંથમાં સંગૃહીત છે. દર્શનના ગહનતમ વિષયથી લઈને ચારિત્રની સૂક્ષ્મતમ પ્રક્રિયા સુધીના સંબંધમાં આમાં પર્યાપ્ત પ્રકાશ પાડવામાં આવ્યો છે.

●

---

૧. ગા. ૩૨૯૪. ૨. ગા. ૩૨૯૯-૩૪૩૮. ૩. ગા. ૩૪૩૯-૩૪૭૬
૪. ગા. ૩૪૭૭-૩૫૮૩. ૫. ગા. ૩૫૮૪-૩૬૦૧. ૬. ગા. ૩૬૦૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તૃતીય પ્રકરણ

જીતકલ્પભાષ્ય

આચાર્ય જિનભદ્રનું બીજું ભાષ્ય જીતકલ્પ સૂત્ર પર છે. આ સૂત્ર આચાર્યની પોતાની જ કૃતિ છે. આમાં ૧૦૩ પ્રાકૃત ગાથાઓ છે, જેમાં જીતવ્યવહારના આધારે આપવામાં આવનાર પ્રાયશ્ચિત્તોનું સંક્ષિપ્ત વર્ણન છે. મોક્ષના હેતુભૂત ચારિત્રની સાથે પ્રાયશ્ચિત્તનો વિશેષરૂપે સંબંધ છે કેમકે ચારિત્રના દોષોની શુદ્ધિનો મુખ્ય આધાર પ્રાયશ્ચિત્ત જ છે. આવી સ્થિતિમાં મુમુક્ષુ માટે પ્રાયશ્ચિત્તનું જ્ઞાન આવશ્યક છે. મૂલ સૂત્રમાં આચાર્યે પ્રાયશ્ચિત્તના આલોચના વગેરે દસ ભેદો ગણાવ્યા છે તથા પ્રત્યેક પ્રાયશ્ચિત્તના અપરાધસ્થાનોનો નિર્દેશ કર્યો છે અને એ દર્શાવ્યું છે કે કયા અપરાધ માટે કયું પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ. આચાર્યે દર્શાવ્યું છે કે અનવસ્થાપ્ય અને પારાંચિક પ્રાયશ્ચિત્ત ચૌદપૂર્વધરના સમય સુધી આપવામાં આવતા હતા અર્થાત્ ચતુર્દશપૂર્વધર આચાર્ય ભદ્રબાહુના સમય સુધી આ પ્રાયશ્ચિત્ત પ્રચલિત હતા. તેની પછી તેમનો વિચ્છેદ થઈ ગયો.

જીતકલ્પભાષ્ય[1] ઉપર્યુક્ત સૂત્ર પર ૨૬૦૬ ગાથાઓમાં લખવામાં આવેલું સ્વોપજ્ઞ ભાષ્ય છે. આ ભાષ્યમાં બૃહત્કલ્પ-લઘુ ભાષ્ય, વ્યવહાર ભાષ્ય, પંચકલ્પમહાભાષ્ય, પિંડનિર્યુક્તિ વગેરે ગ્રંથોની અનેક ગાથાઓ અક્ષરશઃ મળે છે.

આ તથ્યને દૃષ્ટિમાં રાખતાં એમ પણ કહેવામાં આવે છે કે પ્રસ્તુત ભાષ્યગ્રંથ કલ્પભાષ્ય વગેરે ગ્રંથોની ગાથાઓના સંગ્રહરૂપ છે.[2] જીતકલ્પસૂત્રના પ્રણેતા આચાર્ય જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ છે, તે નિર્વિવાદ છે. જીતકલ્પભાષ્યના કર્તા કોણ છે, આ પ્રશ્નનું સમાધાન કરતાં કહેવામાં આવ્યું છે કે પ્રસ્તુત ભાષ્યમાં ભાષ્યકારે કોઈ પણ સ્થાને પોતાના નામનો ઉલ્લેખ કર્યો નથી. એ જ રીતે અન્યત્ર પણ એવો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ ઉપલબ્ધ નથી જેના આધારે ભાષ્યકારના નામનો ઠીક-ઠીક નિર્ણય લઈ શકાય. આવી સ્થિતિમાં પ્રસ્તુત ભાષ્યની નિમ્ન ગાથાના આધારે કેટલોક નિર્ણય કરી શકાય છે : —

---

૧. સંશોધક — મુનિ પુણ્યવિજય; પ્રકાશક-બબલચંદ્ર કેશવલાલ મોદી, હાજાપટેલની પોળ, અમદાવાદ, વિ.સં. ૧૯૯૪.

૨. જીતકલ્પસૂત્ર (સ્વોપજ્ઞ ભાષ્યસહિત) : પ્રસ્તાવના, પૃ. ૪-૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तिसमयहारादीणं, गाहाणऽट्ठण्ह वी सरूवं तु ।
वित्थरयो वण्णेज्जा, जह हेट्ठाऽवस्सए भणियं ॥ ६० ॥

આ ગાથાના 'जह हेट्ठाऽऽवस्सए भणियं' આ પાઠ તરફ ધ્યાન આપવાથી સહજ જ પ્રતીત થાય છે કે અહીં 'जह आवस्सए भणियं' એટલો પાઠ જ પૂરતો હોવા છતાં ભાષ્યકારે 'हेट्ठा' શબ્દ વધારાનો કેમ મૂક્યો ? 'हेट्ठा' શબ્દ કોઈ પાદપૂર્તિરૂપ શબ્દ નથી કે તેમ માનવાથી કામ ચાલી જાય. વાસ્તવમાં ગ્રંથકાર 'हेट्ठा' અને 'उवरिं' આ બે શબ્દોને અનુક્રમે 'पूर्वं' અને 'अग्रे' અર્થમાં જ વાપરે છે; ઉદાહરણાર્થ 'हेट्ठा भणियं' અર્થાત્ 'पूर्वं भणितम्' તથા 'उवरिं वोच्छं' અર્થાત્ 'अग्रे वक्ष्ये'. આનાથી એમ ફલિત થાય છે કે પ્રસ્તુત ભાષ્યકારે 'तिसमयहार' અર્થાત્ 'जावइया तिसमया' (આવશ્યકનિર્યુક્તિ, ગા. ૩૦) ઈત્યાદિ આઠ ગાથાઓનું વિવરણ પહેલા આવશ્યકમાં અર્થાત્ આવશ્યકભાષ્યમાં વિસ્તારથી આપી દીધું છે. આવશ્યકનિર્યુક્તિ અંતર્ગત 'जावइया तिसमया' વગેરે ગાથાઓનું ભાષ્ય લખીને વિસ્તૃત વ્યાખ્યાન કરનાર આચાર્ય જિનભદ્ર સિવાય અન્ય કોઈ નથી. એટલા માટે જીતકલ્પભાષ્યના પ્રણેતા આચાર્ય જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ જ હોવા જોઈએ.[૧]

પ્રાયશ્ચિત્તનો અર્થ :

સર્વપ્રથમ આચાર્યે 'પ્રવચન' શબ્દનો નિરુક્તાર્થ કરતાં પ્રવચનને નમસ્કાર કર્યા છે. ત્યાર પછી દસ પ્રકારના પ્રાયશ્ચિત્તની વ્યાખ્યા કરવાનો સંકલ્પ કરતાં 'પ્રાયશ્ચિત્ત' શબ્દનો નિરુક્તાર્થ કર્યો છે. 'પ્રાયશ્ચિત્ત'નાં પ્રાકૃતમાં બે રૂપો પ્રચલિત છે : 'पायच्छित्त' અને 'पच्छित्त'. આ બંને શબ્દોની વ્યુત્પત્તિમૂલક વ્યાખ્યા કરતાં ભાષ્યકાર કહે છે કે જે પાપનો છેદ કરે છે તે 'पायच्छित्त' છે તથા ઘણું કરી જેનાથી ચિત્ત શુદ્ધ થાય છે તે 'पच्छित्त' છે.[૨]

આગમવ્યવહાર :

સૂત્રની પ્રથમ ગાથામાં પ્રયુક્ત 'જીતવ્યવહાર'નું વ્યાખ્યાન કરવા માટે ભાષ્યકારે આગમાદિ વ્યવહારપંચક-આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા અને જીતવ્યવહારનું વિવેચન કર્યું છે. આગમવ્યવહારના બે ભેદ છે : પ્રત્યક્ષ અને પરોક્ષ. પ્રત્યક્ષના ફરી બે ભેદ છે : ઈન્દ્રિયજ અને નોઈન્દ્રિયજ. ઈન્દ્રિયપ્રત્યક્ષને પાંચ વિષયો રૂપે સમજવું જોઈએ. 'અક્ષ' શબ્દની વ્યુત્પત્તિ કરતાં આચાર્યે 'અક્ષ'ના અર્થ સંબંધમાં અન્ય મતનો નિર્દેશ

---

૧. એજન, પૃ. ૫-૬. ૨. ગા. ૧-૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તથા પ્રતિષેધ કર્યો છે. નોઈન્દ્રિયપ્રત્યક્ષ આગમ ત્રણ પ્રકારનું છે : અવધિ, મનઃપર્યય અને કેવલ. અવધિજ્ઞાન કાં તો ભવપ્રત્યયિક હોય છે કે ગુણપ્રત્યયિક. અવધિના છ ભેદ છે : અનુગામિક, અનાનુગામિક, વર્ધમાનક, હીયમાનક, પ્રતિપાતી અને અપ્રતિપાતી. દ્રવ્યાવધિ; ક્ષેત્રાવધિ, કાલાવધિ અને ભાવાવધિની દૃષ્ટિએ અવધિજ્ઞાનનો વિચાર કરવામાં આવે છે. મનઃપર્યયના બે ભેદ છે : ઋજુમતિ અને વિપુલમતિ. આનો પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવપૂર્વક વિચાર કરવામાં આવે છે. કેવલજ્ઞાન સર્વાવરણનો ક્ષય થવાથી ઉત્પન્ન થાય છે. ભૂત, વર્તમાન અને ભવિષ્યની કોઈ એવી ક્ષણ નથી જે કેવલીને પ્રત્યક્ષ ન હોય. ક્ષયોપશમજન્ય મતિ વગેરે જ્ઞાનોનો કેવલીમાં અભાવ છે કેમકે તેનું જ્ઞાન સર્વથા ક્ષયજન્ય છે.[૧]

શ્રુતધર આગમતઃ પરોક્ષ વ્યવહારી છે. ચતુર્દશપૂર્વધર, દશપૂર્વધર, નવપૂર્વધર, ગંધહસ્તી વગેરે આ જ કોટિના છે.[૨]

પ્રાયશ્ચિત્તનાં સ્થાન :

આની પછી ભાષ્યકાર પોતાના મૂળ વિષય પ્રાયશ્ચિત્તનું વિવેચન શરૂ કરે છે. પ્રાયશ્ચિત્તની ન્યૂનતા-અધિકતા સંબંધી પ્રશ્નોત્તર પછી પ્રાયશ્ચિત્તદાનને યોગ્ય વ્યક્તિનું સ્વરૂપ બતાવતાં આલોચનાના શ્રવણનો ક્રમ બતાવે છે.[૩] પ્રાયશ્ચિત્તના અઢાર, બત્રીસ તથા છત્રીસ સ્થાનોનો વિચાર કર્યો છે. બત્રીસ સ્થાનો માટે આઠ ગણિસંપદાઓનું વિવેચન કર્યું છે. આઠ સંપદાઓના પ્રત્યેકના ચાર-ચાર ભેદ કરવામાં આવ્યા છે : ૧. ચાર પ્રકારની આચારસંપદા, ૨. ચાર પ્રકારની શ્રુતસંપદા, ૩. ચાર પ્રકારની શરીરસંપદા, ૪. ચાર પ્રકારની વચનસંપદા, ૫. ચાર પ્રકારની વાચનાસંપદા, ૬. ચાર પ્રકારની મતિસંપદા, ૭. ચાર પ્રકારની પ્રયોગમતિસંપદા, ૮. ચાર પ્રકારની સંગ્રહપરિજ્ઞાસંપદા. આમાં ચાર પ્રકારની વિનયપ્રતિપત્તિ ઉમેરવાથી પ્રાયશ્ચિત્તના છત્રીસ સ્થાન બની જાય છે. વિનયપ્રતિપત્તિના ચાર ભેદ આ પ્રમાણે છે : આચારવિનય, શ્રુતવિનય, વિક્ષેપણવિનય અને દોષનિર્ઘાતવિનય. આમાંથી પ્રત્યેકના ફરી ચાર ભેદ છે.[૪]

પ્રાયશ્ચિત્તદાતા :

પ્રાયશ્ચિત્ત આપનાર યોગ્ય જ્ઞાનીઓનો અભાવ હોવાથી પ્રાયશ્ચિત્ત કેવી રીતે સંભવી શકે ? આ પ્રશ્નનો ઉત્તર આપતાં આચાર્ય કહે છે કે પ્રાયશ્ચિત્ત આપવાની

---

૧. ગા. ૭-૧૦૯. ૨. ગા. ૧૧૦-૬.
૩. ગા. ૧૧૭-૧૪૮. ૪. ગા. ૧૪૯-૨૪૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોગ્યતાવાળા મહાપુરુષો કેવલી તથા ચૌદપૂર્વધર આ યુગમાં નથી, એ વાત સાચી છે પરંતુ પ્રાયશ્ચિત્તની વિધિનું મૂળ પ્રત્યાખ્યાન પૂર્વની ત્રણેય વસ્તુમાં છે અને તેના આધારે કલ્પ, પ્રકલ્પ તથા વ્યવહાર ગ્રંથોનું નિર્માણ થયું છે.[૧] આ ગ્રંથો તથા તેમના જ્ઞાતાઓ આજે પણ વિદ્યમાન છે. આથી પ્રાયશ્ચિત્તનો વ્યવહાર આ ગ્રંથોના આધારે સરળતાપૂર્વક કરી શકાય છે અને આ રીતે ચારિત્રની શુદ્ધિ થઈ શકે છે.[૨]

પ્રાયશ્ચિત્તદાતાની સાપેક્ષતા :

દસ પ્રકારના પ્રાયશ્ચિત્તનો નામોલ્લેખ કર્યા બાદ પ્રાયશ્ચિત્તદાનનો વિભાગ કરવામાં આવ્યો છે તથા પ્રાયશ્ચિત્તવિધાતાઓનો સદ્‌ભાવ સિદ્ધ કરવામાં આવ્યો છે.[૩] સાપેક્ષ પ્રાયશ્ચિત્તદાનના લાભ અને નિરપેક્ષ પ્રાયશ્ચિત્તદાનની હાનિ તરફ સંકેત કરતાં કહેવામાં આવ્યું છે કે પ્રાયશ્ચિત્તદાનમાં દાતાએ દયાભાવ રાખવો જોઈએ તથા જેને પ્રાયશ્ચિત્ત આપવાનું હોય તેની શક્તિનું પણ ધ્યાન રાખવું જોઈએ. એવું થવાથી જ પ્રાયશ્ચિત્તનું પ્રયોજન સિદ્ધ થાય છે તથા પ્રાયશ્ચિત્ત કરનારની સંયમમાં દૃઢતા થઈ શકે છે. એવું ન કરવાથી પ્રાયશ્ચિત્ત કરનારમાં પ્રતિક્રિયા ઉત્પન્ન થાય છે અને તે સંયમમાં સ્થિર થવાને બદલે સંયમનો સર્વથા ત્યાગ જ કરી દે છે. પ્રાયશ્ચિત્ત આપવામાં એટલો વધારે દયાભાવ પણ ન રાખવો જોઈએ કે પ્રાયશ્ચિત્તનું વિધાન જ નષ્ટ થઈ જાય અને દોષોની પરંપરા એટલી અધિક વધી જાય કે ચારિત્રશુદ્ધિ જ ન થઈ શકે. વગર પ્રાયશ્ચિત્તે ચારિત્ર સ્થિર નથી રહી શકતું. ચારિત્રના અભાવમાં તીર્થ ચારિત્રશૂન્ય થઈ જાય છે. ચારિત્રશૂન્યતાથી નિર્વાણની પ્રાપ્તિ નથી થઈ શકતી. નિર્વાણલાભનો અભાવ થઈ જવાથી કોઈ દીક્ષિત પણ નહિ થાય. દીક્ષિત સાધુઓના અભાવમાં તીર્થ પણ નહિ બને. આ રીતે પ્રાયશ્ચિત્તના અભાવમાં તીર્થ ટકી જ નથી શકતું. એટલે જયાં સુધી તીર્થની સ્થિતિ છે ત્યાં સુધી પ્રાયશ્ચિત્તની પરંપરા ચાલવી જ જોઈએ.[૪]

ભક્તપરિજ્ઞા, ઈંગિનીમરણ તથા પાદપોપગમન :

પ્રાયશ્ચિત્તના વિધાનનું વિશેષ સમર્થન કરતાં ભાષ્યકારે પ્રશંગવશાત્ ભક્તપરિજ્ઞા, ઈંગિનીમરણ તથા પાદપોપગમ-આ ત્રણ પ્રકારની મારણાંતિક સાધનાઓનું વિસ્તૃત વર્ણન કર્યું છે. ભક્તપરિજ્ઞાની વિધિ તરફ સંકેત કરતાં નિર્વ્યાઘાત અને સવ્યાઘાતરૂપી સપરાક્રમભક્તપરિજ્ઞાના સ્વરૂપનો નિમ્ન દ્વારોથી વિચાર કરવામાં આવ્યો છે : ૧. ગણિનિસ્સરણ, ૨. શ્રિતિ, ૩. સંલેખના, ૪. અગીત, ૫. અસંવિગ્ન, ૬. એક, ૭. આભોગ, ૮. અન્ય, ૯. અનાપૃચ્છા,

૧. કલ્પ અર્થાત્ બૃહત્કલ્પ; પ્રકલ્પ અર્થાત્ નિશીથ.
૨. ગા. ૨૫૫-૨૭૩. ૩. ગા. ૨૭૪-૨૯૯. ૪. ગા. ૩૦૦-૩૧૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦. પરીક્ષા, ૧૧. આલોચના, ૧૨. સ્થાન – વસતિ, ૧૩. નિર્યાપક, ૧૪. દ્રવ્યદાપના, ૧૫. હાનિ, ૧૬. અપરિતાન્ત, ૧૭. નિર્જરા, ૧૮. સંસ્તારક, ૧૯. ઉદ્વર્તના, ૨૦. સ્મારણા, ૨૧. કવચ, ૨૨. ચિહ્નકરણ, ૨૩. યતના. આ રીતે નિર્વ્યાઘાત અને સવ્યાઘાતરૂપી અપરાક્રમભક્તપરિજ્ઞા, ઈંગિનીમરણ અને પાદપોપગમનના સ્વરૂપનું વિવેચન કરવામાં આવ્યું છે.[૧] અહીં સુધી આગમવ્યવહારનો અધિકાર છે.

શ્રુતાદિવ્યવહાર :

પૂર્વનિર્દિષ્ટ આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા અને જીતવ્યવહારમાંથી આગમ વ્યવહારનું વ્યાખ્યાન સમાપ્ત કરીને આચાર્યે શ્રુતવ્યવહારનું સંક્ષિપ્ત વિવેચન કર્યું છે. આજ્ઞાવ્યવહારનું વ્યાખ્યાન કરતાં અપરિણત, અતિપરિણત અને પરિણત શિષ્યોની પરીક્ષાના સ્વરૂપ તરફ નિર્દેશ કર્યો છે. તેની પછી દર્પના દસ તથા કલ્પનાના ચોવીસ ભેદોનું સભંગ વિવેચન કર્યું છે. એ જ રીતે ધારણાવ્યવહારનો પણ વિચાર કરવામાં આવ્યો છે.[૨]

જીતવ્યવહાર :

જે વ્યવહાર પરંપરાથી પ્રાપ્ત હોય, શ્રેષ્ઠ પુરુષો દ્વારા અનુમત હોય, જેનું બહુશ્રુતોએ અનેક વાર સેવન કર્યું હોય તથા જેનું તેમના દ્વારા નિવારણ ન કરવામાં આવ્યું હોય તે જીતવ્યવહાર કહેવાય છે. જેનો આધાર આગમ, શ્રુત, આજ્ઞા અથવા ધારણા ન હોય તે જીતવ્યવહાર છે. તેનો મૂળ આધાર આગમાદિ ન હોતાં માત્ર પરંપરા જ હોય છે. જે જીતવ્યવહારથી ચારિત્રની શુદ્ધિ થાય છે તેનું જ આચારણ કરવું જોઈએ. જે જીતવ્યવહાર ચારિત્ર-શુદ્ધિનું કારણ ન હોય તેનું આચારણ ન કરવું જોઈએ. સંભવ છે કે એવો પણ કોઈ જીતવ્યવહાર હોય જેનું આચરણ કોઈ એક જ વ્યક્તિએ કર્યું હોય છતાં પણ જો તે વ્યક્તિ સંવેગપરાયણ હોય, દાન્ત હોય તથા તે આચાર શુદ્ધિકર હોય તો તે જીતવ્યવહારનું અનુકરણ કરવું જોઈએ.[૩] તેની પછી ભાષ્યકારે વ્યવહારના સ્વરૂપનો ઉપસંહાર કર્યો છે.[૪] અહીં સુધી મૂલ સૂત્રની પ્રથમ ગાથાનું વ્યાખ્યાન છે.

પ્રાયશ્ચિત્તના ભેદ :

પ્રાયશ્ચિત્તનું માહાત્મ્ય-વર્ણન કર્યા પછી આચાર્યે તેના દસ ભેદોની ગણના તથા તેમનું સંક્ષિપ્ત સ્વરૂપ-વર્ણન કર્યું છે. પ્રાયશ્ચિત્તના દસ ભેદ આ છે : ૧. આલોચના, ૨. પ્રતિક્રમણ, ૩. મિશ્ર, ૪. વિવેક, ૫. વ્યુત્સર્ગ, ૬. તપ, ૭. છેદ, ૮. મૂલ, ૯.

---

૧. ગા.૩૨૨-૫૫૯. ૨. ગા. ૫૬૦-૬૭૪. ૩. ગા. ૬૭૫-૬૯૪.
૪. ગા. ૬૯૫-૭૦૫. ૫. ગા. ૭૦૬-૭૩૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનવસ્થાપ્ય, ૧૦. પારાંચિક.[૧]

આલોચના :

પ્રથમ પ્રાયશ્ચિત્ત આલોચનાના અપરાધ-સ્થાનો તરફ સંક્ષેપમાં સંકેત કરતાં આ જ પ્રસંગમાં 'છદ્મ'નો અર્થ બતાવતાં ભાષ્યકાર કહે છે કે છદ્મ કર્મને કહે છે. તે કર્મ ચાર પ્રકારનું છે : જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય. જ્યાં સુધી પ્રાણી આ ચારે પ્રકારના કર્મોના બંધનથી મુક્ત નથી થતો ત્યાં સુધી તે છદ્મસ્થ કહેવાય છે. આલોચના વગેરે પ્રાયશ્ચિત્તોનું વિધાન છદ્મસ્થો માટે જ છે.[૧]

પ્રતિક્રમણ :

પ્રતિક્રમણના અપરાધ-સ્થાનોનું વર્ણન કરતાં ગુપ્તિ અને સમિતિનું પણ સોદાહરણ વર્ણન કરવામાં આવ્યું છે. મનોગુપ્તિ માટે જિનદાસનું ઉદાહરણ આપવામાં આવ્યું છે. એ જ રીતે વચનગુપ્તિ અને કાયગુપ્તિ માટે પણ બે અન્ય ઉદાહરણો આપવામાં આવ્યા છે. સમિતિઓનું સ્વરૂપ સમજાવતાં ઈર્યાસમિતિ માટે અર્હન્નકનું ઉદાહરણ આપવામાં આવ્યું છે. ભાષાસમિતિનું સ્વરૂપ સમજાવવા માટે એક સાધુનું દૃષ્ટાન્ત ઉપસ્થિત કરવામાં આવ્યું છે. વસુદેવના જીવ નંદિવર્ધનનું ઉદાહરણ આપીને એષણાસમિતિનું સ્વરૂપ દર્શાવવામાં આવ્યું છે. આ જ રીતે આદાન-નિક્ષેપણાસમિતિ માટે પણ એક ઉદાહરણ આપવામાં આવ્યું છે. પરિષ્ઠાપનિકાસમિતિનું સ્વરૂપ સમજાવવા માટે ધર્મરુચિનું દૃષ્ટાંત મૂકવામાં આવ્યું છે.[૨] આ પ્રસંગે ભાષ્યકારે નિમ્ન વિષયોની ચર્ચા પણ કરી છે : ગુરુની આશાતના અને તેનું સ્વરૂપ, ગુરુ અને શિષ્યનો ભાષા-પ્રયોગ, ગુરુ-વિનયનો ભંગ અને તેનું સ્વરૂપ, વિનય-ભંગના સાત પ્રકાર, ઈચ્છાદિ, દસ પ્રકારની અકરણતા, લઘુમૃષાવાદ તથા તેનું સ્વરૂપ.[૩]

પ્રતિક્રમણ સંબંધિત અવિધિ, કાસ, જૃંભા, ક્ષુત, વાત, અસંક્લિષ્ટકર્મ, કન્દર્પ, હાસ્ય, વિકથા, કષાય, વિષયાનુષંગ, સ્ખલના, સહસા, અનાભોગ, આભોગ, સ્નેહ, ભય, શોક અને બાકુશિક અપરાધ-સ્થાનોનું મૂળ સૂત્રનું અનુકરણ કરતાં વ્યાખ્યાન કરવામાં આવ્યું છે.[૪]

મિશ્ર પ્રાયશ્ચિત્ત :

આ પ્રાયશ્ચિત્તમાં આલોચના તથા પ્રતિક્રમણ બંનેનો સમાવેશ છે. આમાં આલોચના અને પ્રતિક્રમણ આ બંનેના સંયુક્ત અપરાધ-સ્થાનોનું વિવેચન કરવામાં

---

૧. ગા. ૭૩૫. ૨. ગા. ૭૮૪-૮૬૦. ૩. ગા. ૮૬૧-૯૦૫.
૪. ગા. ૯૦૬-૯૩૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવ્યું છે. સંભ્રમ, ભય, આપત્, સહસા, અનાભોગ, અનાત્મવશતા, દુશ્ચિંતિત, દુર્ભાષિત, દુશ્ચેષ્ટિત વગેરે અપરાધ-સ્થાનો મિશ્ર કોટિનાં છે. ભાષ્યકારે તેમની વિશેષ વ્યાખ્યા કરી છે.

વિવેક:

વિવેક-પ્રાયશ્ચિત્તના અપરાધ-સ્થાનોનું વિવેચન કરતાં આચાર્યે પિંડ, ઉપધિ, શય્યા, કૃતયોગી, કાલાતીત, અધ્વાતીત, શઠ, અશઠ, ઉદ્‌ગત, અનુદ્‌ગત, કારણગૃહીત વગેરે પદોની વ્યાખ્યા કરી છે.[૨] વ્યાખ્યા બહુ સંક્ષિપ્ત તથા સારગ્રાહી છે. ત્યાર પછી વ્યુત્સર્ગ-પ્રાયશ્ચિત્તનું વ્યાખ્યાન શરૂ થાય છે.

વ્યુત્સર્ગ :

પંચમ પ્રાયશ્ચિત્ત વ્યુત્સર્ગનાં અપરાધ-સ્થાનોનું વિશ્લેષણ કરવા માટે ભાષ્યકારે મૂલ સૂત્રમાં નિર્દિષ્ટ ગમન, આગમન, વિહાર, શ્રુત, સાવદ્યસ્વપ્ન, નાવ, નદી, સન્તાર વગેરે પદોનું સંક્ષિપ્ત વ્યાખ્યાન કર્યું છે. તેની પછી તપઃ પ્રાયશ્ચિત્તનાં અપરાધ-સ્થાનોની વ્યાખ્યા શરૂ થાય છે.

તપ :

તપની ચર્ચાના પ્રારંભમાં જ્ઞાન અને દર્શનના આઠ-આઠ અતિચારોનો વિચાર કરવામાં આવ્યો છે. જ્ઞાનના આઠ અતિચાર નિમ્નોક્ત આઠ વિષયો સાથે સંબંધિત છે : ૧. કાલ, ૨. વિનય, ૩. બહુમાન, ૪. ઉપધાન, ૫. અનિહ્નવન, ૬. વ્યંજન, ૭. અર્થ, ૮. તદુભય. દર્શનના અતિચારોનો સંબંધ નિમ્ન આઠ વિષયો સાથે છે : ૧. નિઃશંકિત, ૨. નિષ્કાંક્ષિત, ૩. નિર્વિચિકિત્સા, ૪. અમૂઢદૃષ્ટિ, ૫. ઉપબૃંહણ, ૬. સ્થિરીકરણ, ૭. વાત્સલ્ય, ૮. પ્રભાવના.[૪] આની પછી છ વ્રતરૂપ ચારિત્રના અતિચારોનું વર્ણન કરવામાં આવ્યું છે.[૫] ચારિત્રોદ્‌ગમનનું સ્વરૂપ દર્શાવતાં ઉદ્‌ગમના સોળ દોષોનું પણ વિવેચન કરવામાં આવ્યું છે.[૬] આ સોળ દોષ આ પ્રમાણે છે : ૧. આધાકર્મ, ૨.ઔદ્દેશિક, ૩. પૂતિકર્મ, ૪. મિશ્રજાત, ૫. સ્થાપના, ૬. પ્રાભૃતિકા, ૭. પ્રાદુષ્કરણ, ૮. ક્રીત, ૯. પ્રામિત્ય, ૧૦. પરાવર્તિત, ૧૧. અભ્યાહૃત, ૧૨. ઉદ્‌ભિન્ન, ૧૩. માલાહૃત, ૧૪. આચ્છેદ્ય, ૧૫. અનિસૃષ્ટ, ૧૬ અધ્યવપૂરક.[૭] ઉદ્‌ગમની પછી ઉત્પાદનાનું સ્વરૂપ દર્શાવવામાં આવ્યું છે. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ — આ ચાર પ્રકારના નિક્ષેપો દ્વારા ઉત્પાદનાનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.[૮] આના પણ સોળ દોષ છે : ૧. ધાત્રીદોષ, ૨. દૂતીદોષ, ૩. નિમિત્તદોષ, ૪. આજીવદોષ, ૫. વનીપકદોષ,

૧. ગા. ૯૩૩-૯૫૪. ૨. ગા. ૯૫૫-૯૭૧. ૩. ગા. ૯૭૨-૯૯૭.
૪. ગા. ૯૯૮-૧૦૬૮. ૫. ગા. ૧૦૬૯-૧૦૮૬. ૬. ગા. ૧૦૯૮-૧૨૮૬.
૭. ગા. ૧૦૯૫-૭. ૮. ગા. ૧૩૧૩-૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬. ચિકિત્સાદોષ, ૭. ક્રોધદોષ, ૮. માનદોષ, ૯. માયાદોષ, ૧૦. લોભદોષ, ૧૧. સંસ્તવદોષ, ૧૨. વિદ્યાદોષ, ૧૩. મન્ત્રદોષ, ૧૪. ચૂર્ણદોષ, ૧૫. યોગદોષ, ૧૬. મૂલકર્મદોષ.[૧] આ દોષોનું ભાષ્યકારે બહુ વિસ્તાર-પૂર્વક વર્ણન કર્યું છે. ક્રોધ માટે ક્ષપકનું, માન માટે ક્ષુલ્લકનું, માયા માટે આષાઢભૂતિનું, લોભ માટે સિંહકેસર નામના મોદકની ઈચ્છા રાખનાર ક્ષપકનું, વિદ્યા માટે ભિક્ષુ-ઉપાસક અર્થાત્ બૌદ્ધ-ઉપાસકનું, મંત્ર માટે પાદલિપ્ત અને મુરુંડરાજનું, ચૂર્ણ માટે બે ક્ષુલ્લકોનું અને યોગ માટે બ્રહ્મદ્વૈપિક તાપસોનું ઉદાહરણ આપ્યું છે.[૨]

ગ્રહણૈષણાનું સ્વરૂપ દર્શાવતાં આચાર્યે ગ્રહણૈષણાના દસ પ્રકારોનો પણ ઉલ્લેખ કર્યો છે. જે દસ પદોથી ગ્રહણૈષણાની શુદ્ધિ થવી જોઈએ તેમનાં નામ આ છે : શંકિત, ભ્રક્ષિત, નિક્ષિપ્ત, પિહિત, સંહૃત, દાયક, ઉન્મિશ્ર, અપરિણત, લિપ્ત અને છર્દિત.[૩] આ દસ પ્રકારના દોષોનું વિશેષ વર્ણન કર્યા પછી ગ્રાસૈષણાનાં સ્વરૂપ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. તે માટે સંયોજના, પ્રમાણ, અંગાર, ધૂમ, કારણ વગેરે દોષોનાં વર્જનનું વિધાન કરવામાં આવ્યું છે.[૪] તેની પછી પિણ્ડવિશુદ્ધિ વિષયક અતિચારો સંબંધિત પ્રાયશ્ચિત્તોનું વિધાન કરવામાં આવ્યું છે.[૫]

તપઃપ્રાયશ્ચિત્ત સંબંધિત અન્ય સૂત્ર-ગાથાઓનું વિવેચન કરતાં ભાષ્યકારે ધાવન, ડેપન, સંઘર્ષ, ગમન, ક્રીડા, કુધાવના, ઉત્કુષ્ટિ, ગીત, સેણ્ટિકા, જીવરુત વગેરે પદોનું વ્યાખ્યાન કર્યું છે.[૬] તપઃપ્રાયશ્ચિત્તની જઘન્ય, મધ્યમ તથા ઉત્કૃષ્ટ ઉપધિઓનો આશ્રય લેતાં વિચ્યુત, વિસ્મૃત, અપ્રેક્ષિત, અનિવેદન વગેરે પદોની વ્યાખ્યા કરી છે. આ જ રીતે કાલાતીતકરણ, અધ્વાતીતકરણ, તત્પરિભોગ, પાનાસંવરણ, કાયોત્સર્ગભંગ, કાયોત્સર્ગ-અકરણ, વેગવન્દના, રાત્રિવ્યુત્સર્ગ, દિવસશયન, ચિરકષાય, લશુન, તર્ણાદિ-બંધન, પુસ્તક-પંચક, તૃણપંચક, દૂષ્યપંચક, સ્થાપનાકુલ વગેરે સંબંધી દોષ, દર્પ, પંચેન્દ્રિય-વ્યપરોપણ, સંક્લિષ્ટકર્મ, દીર્ઘાધ્વકલ્પ, ગ્લાનકલ્પ, છેદ, અશ્રદ્ધાન વગેરે અનેક પદોનું આચાર્યે સમ્યક્ વિવેચન કર્યું છે.[૭]

સામાન્ય તથા વિશેષ આપત્તિની દૃષ્ટિએ તપઃપ્રાયશ્ચિત્તનું શું સ્વરૂપ છે, તેનું વિશ્લેષણ કર્યા પછી ભાષ્યકારે તપોદાનનો વિચાર કર્યો છે. દ્રવ્યનું શું સ્વરૂપ છે અને તે દૃષ્ટિએ તપોદાનની શું સ્થિતિ છે, ક્ષેત્રના સ્વરૂપની દૃષ્ટિએ તપોદાનનો શું

---

૧. ગા. ૧૩૧૯-૧૩૨૦. ૨. ગા. ૧૩૯૫-૧૪૬૭. ૩. ગા. ૧૪૭૬.
૪. ગા. ૧૬૦૫-૧૬૭૦. ૫. ગા. ૧૬૮૦-૧૭૧૯. ૬. ગા. ૧૭૨૦-૨૪.
૭. ગા. ૧૭૨૫-૧૭૯૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ છે, કાલના સ્વરૂપને દૃષ્ટિમાં રાખતાં તપોદાનનું કઈ રીતે વર્ણન કરી શકાય છે, ભાવનાં સ્વરૂપની દૃષ્ટિએ તપોદાનનું રૂપ શું હોઈ શકે છે — આ મહત્ત્વપૂર્ણ પ્રશ્નોનું સમાધાન ભાષ્યકારે બહુ સંક્ષિપ્ત તથા સરળ ઢંગથી કર્યું છે.[૧] આ જ રીતે પુરુષની દૃષ્ટિથી પણ તપોદાનનો વિચાર કરવામાં આવ્યો છે. આ પ્રસંગે ગીતાર્થ, અગીતાર્થ, સહનશીલ, અસહનશીલ, શઠ, અશઠ, પરિણામી, અપરિણામી, અતિપરિણામી, ધૃતિસંહનનોપેત, હીન, આત્મતર, પરતર, ઉભયતર, નોભયતર, અન્યતર વગેરે અનેક પ્રકારના પુરુષોનું સ્વરૂપ-વર્ણન કરવામાં આવ્યું છે.[૨] કલ્પસ્થિત અને અકલ્પસ્થિત પુરુષોનું વર્ણન કરતાં આચાર્યે 'સ્થિતિ' શબ્દના નિમ્ન પર્યાયો આપ્યા છે : પ્રતિષ્ઠા, સ્થાપના, સ્થપિતિ, સંસ્થિતિ, સ્થિતિ, અવસ્થાન, અવસ્થા.[૩] કલ્પસ્થિતિ છ પ્રકારની છે : સામાયિક, છેદ, નિર્વિશમાન, નિર્વિષ્ટ, જિનકલ્પ અને સ્થવિરકલ્પ.[૪] કલ્પ દસ પ્રકારનું છે : ૧. આચેલક્ય, ૨. ઔદ્દેશિક, ૩. શય્યાતર, ૪. રાજપિંડ, ૫. કૃતિકર્મ, ૬. વ્રત, ૭. જ્યેષ્ઠ, ૮. પ્રતિક્રમણ, ૯. માસ, ૧૦. પર્યુષણા. ભાષ્યકારે આ કલ્પોનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યું છે. તેની સાથે જ પરિહારકલ્પ, જિનકલ્પ, સ્થવિરકલ્પ વગેરેના સ્વરૂપનું પણ વર્ણન કર્યું છે. તેની પછી પરિણત, અપરિણત, કૃતયોગી, અકૃતયોગી, તરમાણ, અતરમાણ વગેરે પુરુષોનું સ્વરૂપ બતાવતાં કલ્પસ્થિત વગેરે પુરુષોની દૃષ્ટિથી તપોદાનનો વિભાગ કરવામાં આવ્યો છે.[૫] આગળ મૂળ સૂત્રના પદોનું વ્યાખ્યાન કરતાં આચાર્યે જીતયન્ત્રની વિધિ બંતાવી છે તથા પ્રતિસેવનાનું સ્વરૂપ દર્શાવતાં એ દૃષ્ટિએ તપોદાનનો વિભાગ કરીને તપઃપ્રાયશ્ચિત્તનું સુવિસ્તૃત વિવેચન સમાપ્ત કર્યું છે.[૬]

છેદ અને મૂલ :

છેદપ્રાયશ્ચિત્તનાં અપરાધ-સ્થાનોનાં વર્ણનના પ્રસંગે ઉત્કૃષ્ટ તપોભૂમિ તરફ પણ નિર્દેશ કરવામાં આવ્યો છે. આદિ જિનની ઉત્કૃષ્ટ તપોભૂમિ એક વર્ષની હોય છે, મધ્યમ જિનોની ઉત્કૃષ્ટ તપોભૂમિ આઠ માસની હોય છે તથા અંતિમ જિનની તપોભૂમિનો સમય છ માસ છે.[૭] ત્યાર પછી મૂલપ્રાયશ્ચિત્તના અપરાધસ્થાનો તરફ સંકેત કરવામાં આવ્યો છે.[૮]

અનવસ્થાપ્ય :

અનવસ્થાપ્ય-પ્રાયશ્ચિત્તના અપરાધ-સ્થાનોનું દિગ્દર્શન કરાવતાં આચાર્યે હસ્તતાલ, હસ્તાલંબ, હસ્તાદાન વગેરેનું સ્વરૂપ દર્શાવ્યું છે તથા અવસન્નાચાર્યનું

---

૧. ગા. ૧૭૯૫-૧૯૩૭. ૨. ગા. ૧૯૩૮-૧૯૬૪. ૩. ગા. ૧૯૬૬.
૪. ગા. ૧૯૬૭. ૫. ગા. ૧૯૬૮-૨૧૯૫. ૬. ગા. ૨૧૯૬-૨૨૭૯.
૭. ગા. ૨૨૮૫-૬. ૮. ગા. ૨૨૮૮-૨૩૦૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દૃષ્ટાન્ત આપીને હસ્તાદાનનાં સ્વરૂપની પુષ્ટિ કરી છે.[૧] આની પછી અંતિમ પ્રાયશ્ચિત્ત પારાંચિકનું વર્ણન શરૂ થાય છે.

પારાંચિક :

પારાંચિક-પ્રાયશ્ચિત્તનું સ્વરૂપ દર્શાવતી વખતે આચાર્યે તીર્થંકર, પ્રવચન, શ્રુત, આચાર્ય વગેરેની આશાતના સાથે સંબંધ રાખનાર પારાંચિકનો નિર્દેશ કર્યો છે. સાથે જ કષાયદુષ્ટ, વિષયદુષ્ટ, સ્ત્યાનર્દ્ધિપ્રમત્ત અને અન્યોન્ય-કુર્વાણ-પારાંચિકનું સ્વરૂપ બતાવતાં લિંગ, ક્ષેત્ર અને કાલની દૃષ્ટિથી પારાંચિકનું વિવેચન કર્યું છે.[૨] ત્યાર પછી એ તથ્ય તરફ આપણું ધ્યાન ખેંચ્યું છે કે અનવસ્થાપ્ય અને પારાંચિક-પ્રાયશ્ચિત્તનો સદ્‌ભાવ ચતુર્દશપૂર્વધર ભદ્રબાહુ સુધી જ રહ્યો છે.[૩] જીતકલ્પનો ઉપસંહાર કરતાં જીતકલ્પ સૂત્રના અધ્યયનનો અધિકારી કોણ છે, તેનો ઉત્તર આપતાં ભાષ્યકાર કહે છે કે જે સૂત્ર અને અર્થ બંનેથી પ્રાપ્ત અર્થાત્ યુક્ત છે તે જ જીતકલ્પનો યોગ્ય અધિકારી છે, બાકીનાને તે માટે અયોગ્ય સમજવા જોઈએ.[૪] જીતકલ્પના મહત્ત્વ તથા આધાર તરફ એક વાર ફરી નિર્દેશ કરતાં ભાષ્યકારે ભાષ્યની સમાપ્તિ કરી છે.[૫] આચારના નિયમો અને વિશેષપણે ચારિત્રના દોષોની શુદ્ધિનું પ્રાયશ્ચિત્ત દ્વારા વિધાન કરનાર જીતકલ્પ સૂત્રના સ્વોપજ્ઞ ભાષ્યના આ સંક્ષિપ્ત પરિચયથી તેની શૈલી તથા સામગ્રીનું અનુમાન કરવું મુશ્કેલ નથી. જીતકલ્પભાષ્ય આચાર્ય જિનભદ્રની જૈન આચારશાસ્ત્ર પર એક મહત્ત્વપૂર્ણ કૃતિ છે, તેમાં કોઈ સંદેહ નથી.

●

---

૧. ગા. ૨૩૦૧-૨૪૧૦. ૨. ગા. ૨૪૬૩-૨૫૮૫. ૩. ગા. ૨૫૮૬-૭.
૪. ગા. ૨૫૯૪. ૫. ગા. ૨૬૦૦-૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તૃતીય પ્રકરણ

બૃહત્કલ્પ-લઘુભાષ્ય

બૃહત્કલ્પ-લઘુભાષ્ય[1]ના પ્રણેતા સંઘદાસગણિ ક્ષમાશ્રમણ છે. આમાં બૃહત્કલ્પ સૂત્રના પદોનું સુવિસ્તૃત વિવેચન કરવામાં આવ્યું છે. લઘુભાષ્ય હોવા છતાં પણ તેની ગાથા-સંખ્યા ૬૪૯૦ છે. તે છ ઉદ્દેશોમાં વિભક્ત છે. તે સિવાય ભાષ્યના પ્રારંભમાં એક વિસ્તૃત પીઠિકા પણ છે જેની ગાથા-સંખ્યા ૮૦૫ છે. આ ભાષ્યમાં પ્રાચીન ભારતની કેટલીક મહત્ત્વપૂર્ણ સાંસ્કૃતિક સામગ્રી પણ સુરક્ષિત છે. ડૉ. મોતીચન્દ્રે પોતાના પુસ્તક સાર્થવાહ (પ્રાચીન ભારતકી પથ-પદ્ધતિ)[2]માં આ ભાષ્યની કેટલીક સામગ્રીનો 'યાત્રી અને સાર્થવાહ'નો પરિચય આપવાની દૃષ્ટિએ ઉપયોગ કર્યો છે. આ જ રીતે અન્ય દૃષ્ટિઓથી પણ આ સામગ્રીનો ઉપયોગ થઈ શકે છે. ભાષ્યના આગળ આપવામાં આવનાર વિસ્તૃત પરિચયથી એ વાતની ખબર પડી શકશે કે આમાં પ્રાચીન ભારતીય સંસ્કૃતિના ઈતિહાસનો કેટલો મસાલો ભરેલો પડ્યો છે.

પીઠિકા :

વિશેષાવશ્યક-ભાષ્યની જેમ જ આ ભાષ્યમાં પણ પ્રારંભિક ગાથાઓમાં મંગલવાદની ચર્ચા કરવામાં આવી છે. 'મંગલ' પદના નિક્ષેપ, મંગલાચરણનું પ્રયોજન, આદિ, મધ્ય અને અંતમાં મંગલ કરવાની વિધિ વગેરે વિષયોની ચર્ચા કર્યા પછી નન્દી — જ્ઞાનપંચકનું વિવેચન કરવામાં આવ્યું છે. શ્રુતજ્ઞાનના પ્રસંગમાં સમ્યક્ત્વપ્રાપ્તિના ક્રમનો વિચાર કરતાં ઔપશમિક, સાસ્વાદન, ક્ષાયોપશમિક, વેદક અને ક્ષાયિક સમ્યક્ત્વનું સ્વરૂપ દર્શાવવામાં આવ્યું છે.[3]

અનુયોગનું સ્વરૂપ દર્શાવતાં નિક્ષેપ વગેરે બાર પ્રકારના દ્વારોથી અનુયોગનો વિચાર કરવામાં આવ્યો છે. તેમનાં નામો આ છે : ૧. નિક્ષેપ, ૨. એકાર્થિક,

---

૧. નિર્યુક્તિ-લઘુભાષ્ય-વૃત્યુપેત બૃહત્કલ્પસૂત્ર (૬ ભાગ) : સંપાદક — મુનિ ચતુરવિજય તથા પુણ્યવિજય; પ્રકાશક — શ્રી જૈન આત્માનન્દ સભા, ભાવનગર, સન્ ૧૯૩૩, ૧૯૩૬, ૧૯૩૮, ૧૯૩૮, ૧૯૪૨.

૨. સાર્થવાહ (પ્રાચીન ભારતકી પથ-પદ્ધતિ) : પ્રકાશક — બિહાર રાષ્ટ્રભાષા પરિષદ્, પટના, સન્ ૧૯૫૩.

૩. ગા. ૪-૧૩૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩. નિરુક્ત, ૪. વિધિ, ૫. પ્રવૃત્તિ, ૬. કેન, ૭. કસ્ય, ૮. અનુયોગદ્વાર, ૯. ભેદ, ૧૦. લક્ષણ, ૧૧. તદર્હ, ૧૨. પર્ષદ્.[૧]

કલ્પ-વ્યવહારના અનુયોગ માટે સુયોગ્ય મનાતી છત્રાંતિક પર્ષદાના ગુણોનો બહુશ્રુતદ્વાર, ચિરપ્રવ્રજિતદ્વાર અને કલ્પિકદ્વાર – આ ત્રણે દ્વારોથી વિચાર કરવામાં આવ્યો છે. કલ્પિકદ્વારનું આચાર્યે નિમ્ન ઉપદ્વારોથી વિવેચન કર્યું છે : સૂત્રકલ્પિકદ્વાર, અર્થકલ્પિકદ્વાર, તદુભયકલ્પિકદ્વાર, ઉપસ્થાપનાકલ્પિકદ્વાર, વિચારકલ્પિકદ્વાર, લેપકલ્પિકદ્વાર, પિણ્ડકલ્પિકદ્વાર, શય્યાકલ્પિકદ્વાર, વસ્ત્રકલ્પિકદ્વાર, પાત્રકલ્પિકદ્વાર, અવગ્રહકલ્પિકદ્વાર, વિહારકલ્પિકદ્વાર, ઉત્સારકલ્પિકદ્વાર, અચંચલદ્વાર, અવસ્થિતદ્વાર, મેધાવીદ્વાર, અપરિસ્રાવીદ્વાર, યશ્ચવિદ્વાન્દ્વાર, પત્તદ્વાર, અનુજ્ઞાતદ્વાર અને પરિણામકદ્વાર. આમાંથી વિચારકલ્પિકદ્વારનું નિરૂપણ કરતાં આચાર્યે વિચારભૂમિ અર્થાત્ સ્થણ્ડિલભૂમિનું સવિસ્તાર નિરૂપણ કર્યું છે. આ નિરૂપણમાં નિમ્ન દ્વારોનો આધાર લેવામાં આવ્યો છે : ભેદ, શોધિ, અપાય, વર્જના, અનુજ્ઞા, કારણ, યતના.[૨] શય્યાકલ્પિકદ્વારનો રક્ષણકલ્પિક અને ગ્રહણકલ્પિકની દૃષ્ટિથી વિચાર કરવામાં આવ્યો છે. આ જ રીતે અન્ય દ્વારોનો પણ વિવિધ દૃષ્ટિઓથી વિચાર કરવામાં આવ્યો છે. યત્ર-તત્ર દૃષ્ટાન્તોનો ઉપયોગ પણ થયો છે. ઉત્સારકલ્પિકદ્વારના યોગવિરાધના દોષને સમજાવવા માટે ઘણટાશ્રૃગાલનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે. પરિણામકદ્વારમાં પરિણામક, અપરિણામક વગેરે શિષ્યોની પરીક્ષા માટે આમ્ર, વૃક્ષ, બીજ વગેરેનાં દૃષ્ટાન્ત આપવામાં આવ્યાં છે.[૩] છેદસૂત્રો (બૃહત્કલ્પાદિ)નાં અર્થશ્રવણની વિધિ તરફ સંકેત કરતાં પરિણામકદ્વારના ઉપસંહાર સાથે પીઠિકાની સમાપ્તિ કરવામાં આવી છે.[૪]

પ્રથમ ઉદ્દેશ – પ્રલમ્બસૂત્ર :

પીઠિકા પછી ભાષ્યકાર પ્રત્યેક મૂલ સૂત્રનું વ્યાખ્યાન શરૂ કરે છે. પ્રથમ ઉદ્દેશમાં પ્રલમ્બપ્રકૃત, માસકલ્પપ્રકૃત વગેરે સૂત્રોનો સમાવેશ છે. પ્રથમ પ્રલમ્બસૂત્રની નિમ્ન દ્વારોથી વ્યાખ્યા કરવામાં આવી છે : આદિનકારદ્વાર, ગ્રન્થદ્વાર, આમદ્વાર, તાલદ્વાર, પ્રલમ્બદ્વાર, ભિન્નદ્વાર. તાલ, તલ અને પ્રલમ્બનો અર્થ આ મુજબ છે : તલવૃક્ષ સમ્બન્ધી ફળને તાલ કહે છે; તદાધારભૂત વૃક્ષનું નામ તલ છે; તેના મૂળને પ્રલંબ કહે છે. પ્રલમ્બ શબ્દ દ્વારા અહીં મૂલપ્રલંબનું ગ્રહણ કરવું જોઈએ.[૫]

પ્રલમ્બગ્રહણ સમ્બન્ધી પ્રાયશ્ચિત્તો તરફ સંકેત કરતાં તત્રપ્રલમ્બગ્રહણ અર્થાત્ જ્યાં તાડ વગેરે વૃક્ષ હોય ત્યાં જઈને નીચે પડેલાં અચિત્ત પ્રલમ્બાદિનું ગ્રહણ કરતી

૧. ગા. ૧૪૯-૩૯૯. ૨. ગા. ૪૧૭-૪૬૯. ૩. ગા. ૪૦૦-૮૦૨.
૪. ગા. ૮૦૩-૫. ૫. ગા. ૯૫૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વખતે જે દોષોની સંભાવના રહે છે તેનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. આ જ રીતે સચિત્ત પ્રલમ્બાદિ સંબંધિત વાતો તરફ પણ નિર્દેશ કરવામાં આવ્યો છે. દેવ, મનુષ્ય તથા તિર્યંચના અધિકારમાં રહેલા પ્રલમ્બાદિનું સ્વરૂપ, તદ્ગ્રહણદોષ વગેરે પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.[૧] પ્રલમ્બાદિનું ગ્રહણ કરવાથી લાગનાર આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ અને આત્મસંયમવિરાધના દોષોનું વિસ્તૃત વર્ણન કરતાં આચાર્યે અજ્ઞાન અને વ્યસનો તરફ સંકેત કર્યો છે.[૨] ગીતાર્થના વિશિષ્ટ ગુણોનું સ્વરૂપ બતાવતાં આચાર્યે ગીતાર્થને પ્રાયશ્ચિત્ત ન લાગવાનાં કારણોની મીમાંસા કરી છે. ગીતાર્થની કેવલી સાથે તુલના કરતાં શ્રુતકેવલીનાં વૃદ્ધિ-હાનિનાં ષટ્સ્થાનો તરફ સંકેત કર્યો છે.[૩]

દ્વિતીય પ્રલમ્બસૂત્રનાં વ્યાખ્યાનમાં નિમ્ન વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે : નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થીઓ માટે ટૂંટેલાં તાલ-પ્રલમ્બનાં ગ્રહણ સાથે સંબંધ રાખનાર અપવાદ, નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થીઓનાં દેશાન્તર-ગમનનાં કારણો તથા તેની વિધિ, રોગ અને આતંકનો ભેદ, રુગ્ણાવસ્થા માટે વિધિ-વિધાન, વૈદ્ય અને તેના આઠ પ્રકાર.[૪]

બાકીનાં પ્રલમ્બસૂત્રોનું વિવેચન નિમ્ન વિષયોની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ છે : પક્કતાલપ્રલમ્બગ્રહણ-વિષયક નિષેધ, 'પક્ક' પદના નિક્ષેપ, 'ભિન્ન' અને 'અભિન્ન' પદોની વ્યાખ્યા, તદ્વિષયક ષડ્ભંગી, તત્સમ્બન્ધી પ્રાયશ્ચિત્ત, અવિધિભિન્ન અને વિધિભિન્ન તાલપ્રલમ્બ, તત્સમ્બન્ધી ગુણ, દોષ અને પ્રાયશ્ચિત્ત, દુષ્કાળ વગેરેમાં નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થીઓના એકબીજાનાં અવગૃહીત ક્ષેત્રમાં રહેવાની વિધિ, તત્સમ્બન્ધી ૧૪૪ ભંગ અને તદ્વિષયક પ્રાયશ્ચિત્ત.[૫]

માસકલ્પપ્રકૃતસૂત્ર :

માસકલ્પવિષયક વિવેચન શરૂ કરતી વખતે સર્વપ્રથમ આચાર્યે પ્રલમ્બપ્રકૃત અને માસકલ્પપ્રકૃતના સંબંધનું સ્પષ્ટીકરણ કર્યું છે. પ્રથમ સૂત્રની વિસ્તૃત વ્યાખ્યા માટે ગ્રામ, નગર, ખેડ, કર્બટક, મડમ્બ, પત્તન, આકર, દ્રોણમુખ, નિગમ, રાજધાની, આશ્રમ, નિવેશ, સંબાધ, ઘોષ, અંશિકા, પુટભેદન, શંકર વગેરે પદોનું વિવેચન કર્યું છે.[૬] ગ્રામનો નામગ્રામ, સ્થાપનાગ્રામ, દ્રવ્યગ્રામ, ભૂતગ્રામ, આતોદ્યગ્રામ, ઈન્દ્રિયગ્રામ, પિતૃગ્રામ, માતૃગ્રામ અને ભાવગ્રામ — આ નવ પ્રકારના નિક્ષેપોથી વિચાર કરવામાં આવ્યો છે. દ્રવ્યગ્રામ બાર પ્રકારનાં હોય છે :

---

૧. ગા. ૮૬૩-૯૨૩. ૨. ગા. ૯૨૪-૯૫૦. ૩. ગા. ૯૫૧-૧૦૦૦.
૪. ગા. ૧૦૦૧-૧૦૩૩. ૫. ગા. ૧૦૩૪-૧૦૮૫. ૬. ગા. ૧૦૮૮-૧૦૯૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧. ઉત્તાનકમલ્લક, ૨. અવાઙ્મુખમલ્લક, ૩. સંપુટમલ્લક, ૪. ઉત્તાનકખણ્ડમલ્લક, ૫. અવાઙ્મુખખણ્ડમલ્લક, ૬. સમ્પુટખણ્ડમલ્લક, ૭. ભિત્તિ, ૮. પડાલિ, ૯. વલભી, ૧૦. અક્ષાટક, ૧૧. રુચક, ૧૨. કાશ્યપક.[૨]

'માસ' પદનું વિવિધ નિક્ષેપોથી વ્યાખ્યાન કરતાં ભાષ્યકારે નક્ષત્રમાસ, ચન્દ્રમાસ, ઋતુમાસ, આદિત્યમાસ અને અભિવર્ધિતમાસનું સ્વરૂપ બતાવ્યું છે. તેની પછી માસકલ્પવિહારીઓનું સ્વરૂપ દર્શાવતાં જિનકલ્પિક, સ્થવિરકલ્પિક વગેરેના સ્વરૂપનું વિસ્તૃત વર્ણન કર્યું છે.

જિનકલ્પિક :

જિનકલ્પિકની દીક્ષાની દૃષ્ટિએ ધર્મ, ધર્મોપદેશક અને ધર્મોપદેશને યોગ્ય ભવસિદ્ધિકાદિ જીવોનું સ્વરૂપ દર્શાવતાં ધર્મોપદેશની વિધિ અને તેના દોષોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. જિનકલ્પિકની શિક્ષાનું વર્ણન કરતાં શાસ્ત્રાભ્યાસથી થનાર આત્મહિત, પરિજ્ઞા, ભાવસંવર, સંવેગ, નિષ્કમ્પતા, તપ, નિર્જરા, પરદેશકત્વ વગેરે ગુણો તરફ સંકેત કરવામાં આવ્યો છે.[૩] જિનકલ્પિક ક્યારે હોય ? આ પ્રશ્નનો ઉત્તર આપતાં ભાષ્યકાર કહે છે કે જિનકલ્પિક જિન અર્થાત્ તીર્થંકરના સમયમાં અથવા ગણધર વગેરે કેવલિઓના સમયમાં હોય.[૪] આ પ્રસંગનો વિશેષ વિસ્તાર કરતાં આચાર્યે તીર્થંકરના સમવસરણ (ધર્મસભા)નું વર્ણન કર્યું છે. આ વર્ણનમાં નિમ્ન વિષયોનો પરિચય આપવામાં આવ્યો છે : વૈમાનિક, જ્યોતિષ્ક, ભવનપતિ, વ્યંતર વગેરે દેવો એક સાથે એકત્રિત થયા હોય તે સમયે સમવસરણની ભૂમિ સાફ કરવી, સુગંધિત પાણી, પુષ્પ વગેરેની વર્ષા કરવી, સમવસરણના પ્રાકાર, દ્વાર, પતાકા, ધ્વજ, તોરણ, ચિત્ર, ચૈત્યવૃક્ષ, પીઠિકા, દેવચ્છન્દક, આસન, છત્ર, ચામર વગેરેની રચના અને વ્યવસ્થા, ઈન્દ્ર વગેરે મહર્દ્ધિક દેવોએ એકલા જ સમવસરણની રચના કરવી, સમવસરણમાં તીર્થંકરોનો કયા સમયે કઈ દિશામાંથી કઈ રીતે પ્રવેશ થાય છે, તેઓ કઈ દિશામાં મુખ રાખીને ઉપદેશ આપે છે, મુખ્ય ગણધર ક્યાં બેસે છે, અન્ય દિશાઓમાં તીર્થંકરોનાં પ્રતિબિમ્બ કેવાં હોય છે, ગણધર, કેવલી, સાધુ, સાધ્વીઓ, દેવ, દેવીઓ, પુરુષો, સ્ત્રીઓ વગેરે સમવસરણમાં ક્યાં બેસે છે અથવા ઊભા રહે છે, સમવસરણમાં એકત્રિત દેવ, મનુષ્ય, તિર્યંચ વગેરેની મર્યાદાઓ અને પારસ્પરિક ઈર્ષ્યા વગેરેનો ત્યાગ, તીર્થંકરની અમોઘ દેશના, ધર્મોપદેશના પ્રારંભમાં તીર્થંકરો દ્વારા તીર્થને નમસ્કાર અને તેનાં કારણો, સમવસરણમાં શ્રમણોના આગમનનું અંતર, તીર્થંકર, ગણધર,

૨. ગા. ૧૦૯૪-૧૧૧૧. ૩. ગા. ૧૧૪૩-૧૧૭૧. ૪. ગા. ૧૧૭૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આહારકશરીરી, અનુત્તરદેવ, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ વગેરેનાં રૂપ, સંહનન, સંસ્થાન, વર્ણ, ગતિ, સત્ત્વ, ઉચ્છ્વાસ વગેરે શુભાશુભ પ્રકૃતિઓ, તીર્થંકરનાં રૂપની સર્વોત્કૃષ્ટતાનું કારણ, શ્રોતાઓના સંશયોનું સમાધાન, તીર્થંકરની એકરૂપ ભાષાનું વિભિન્ન ભાષાભાષી શ્રોતાઓ માટે વિભિન્ન રૂપોમાં પરિણમન, તીર્થંકરનાં આગમન સંબંધિત સમાચારો આપનારને ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ વગેરે તરફથી આપવામાં આવતું પ્રીતિદાન, દેવમાલ્ય, દેવમાલ્યાનયન, ગણધરોપદેશ અને તેનાથી થનાર લાભ વગેરે.[૧] જિનકલ્પિકનાં શાસ્ત્રાર્થવિષયક શિક્ષણ તરફ નિર્દેશ કરતાં ભાષ્યકારે સંજ્ઞાસૂત્ર, સ્વસમયસૂત્ર, પરસમયસૂત્ર, ઉત્સર્ગસૂત્ર, અપવાદસૂત્ર, હીનાક્ષરસૂત્ર, અધિકાક્ષરસૂત્ર, જિનકલ્પિકસૂત્ર, સ્થવિરકલ્પિકસૂત્ર, આર્યાસૂત્ર, કાલસૂત્ર, વચનસૂત્ર વગેરે સૂત્રોના વિવિધ પ્રકારો તરફ સંકેત કર્યો છે.[૨] તે પછી જિનકલ્પિકના અનિયતવાસ, નિષ્પત્તિ, ઉપસંપદા, વિહાર, ભાવનાઓ વગેરે પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. ભાવનાઓ બે પ્રકારની છે : અપ્રશસ્ત અને પ્રશસ્ત. અપ્રશસ્ત ભાવનાઓ પાંચ છે : કાંદર્પી ભાવના, દેવકિલ્વિષિકી ભાવના, આભિયોગી ભાવના, આસુરી ભાવના અને સાંમોહી ભાવના. આ જ રીતે પાંચ પ્રશસ્ત ભાવનાઓ છે : તપોભાવના, સત્ત્વભાવના, સૂત્રભાવના, એકત્વભાવના અને બલભાવના.[૩] જિનકલ્પ ગ્રહણ કરવાની વિધિ, જિનકલ્પ ગ્રહણ કરનાર આચાર્ય દ્વારા કલ્પ ગ્રહણ કરતી વખતે ગચ્છપાલન માટે નવીન આચાર્યની સ્થાપના, ગચ્છ અને નવા આચાર્ય માટે સૂચનાઓ, ગચ્છ, સંઘ વગેરે પાસે ક્ષમાપના — આ બધી વાતોનું સંક્ષિપ્ત વર્ણન કર્યા પછી જિનકલ્પિકની સામાચારી પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.[૪] નિમ્નલિખિત ૨૭ દ્વારો વડે આ સામાચારીનું વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવ્યું છે : ૧. શ્રુત, ૨. સંહનન, ૩. ઉપસર્ગ, ૪. આતંક, ૫. વેદના, ૬. કતિજન, ૭. સ્થણ્ડિલ, ૮. વસતિ, ૯. કિયચ્ચિર, ૧૦. ઉચ્ચાર, ૧૧. પ્રસ્રવણ, ૧૨. અવકાશ, ૧૩. તૃણફલક, ૧૪. સંરક્ષણતા, ૧૫. સંસ્થાપનતા, ૧૬. પ્રાભૃતિકા, ૧૭. અગ્નિ, ૧૮. દીપ, ૧૯. અવધાન, ૨૦. વત્સ્યથ (કતિજન), ૨૧. ભિક્ષાચર્યા, ૨૨. પાનક, ૨૩. લેપાલેપ, ૨૪. અલેપ, ૨૫. આચામ્લ, ૨૬. પ્રતિમા, ૨૭. માસકલ્પ.[૫] જિનકલ્પિકની સ્થિતિનો વિચાર કરતાં આચાર્યે નિમ્ન દ્વારોનો આધાર લીધો છે : ક્ષેત્ર, કાલ, ચારિત્ર, તીર્થ, પર્યાય, આગમ, વેદ, કલ્પ, લિંગ, લેશ્યા, ધ્યાન, ગણના, અભિગ્રહ, પ્રવ્રાજના, મુંડાપના, પ્રાયશ્ચિત્ત, કારણ, નિષ્પ્રતિકર્મ અને ભક્ત.[૬] આની પછી ભાષ્યકાર પરિહારવિશુદ્ધિક અને યથાલન્દિક કલ્પનું સ્વરૂપ દર્શાવે છે તથા ગચ્છવાસીઓ — સ્થવિરકલ્પિકોની માસકલ્પવિષયક વિધિનું વર્ણન શરૂ કરે છે.

૧. ગા. ૧૧૭૬-૧૨૧૭. ૨. ગા. ૧૨૧૯-૧૨૨૨.
૩. ગા. ૧૨૨૩-૧૩૫૭. ૪. ગા. ૧૩૬૬-૧૩૮૧.
૫. ગા. ૧૩૮૨-૧૪૧૨. ૬. ગા. ૧૪૧૩-૧૪૨૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થવિરકલ્પિક :

સ્થવિરકલ્પિકો માટે પ્રવ્રજ્યા, શિક્ષા, અર્થગ્રહણ, અનિયતવાસ અને નિષ્પત્તિનું વર્ણન જિનકલ્પિકોની સમાન જ સમજી લેવું જોઈએ. વિહાર માટે નિમ્ન વાતોનો વિચાર કરવામાં આવ્યો છે : વિહારનો સમય અને મર્યાદા, વિહાર કરવા માટે ગચ્છના નિવાસ અને નિર્વાહયોગ્ય ક્ષેત્રની તપાસ કરવાની વિધિ, ક્ષેત્રની પ્રતિલેખના માટે ક્ષેત્રપ્રત્યુપેક્ષકોને મોકલતાં પહેલાં તેમના માટે યોગ્ય સમ્મતિ અને સલાહ લેવા માટે સંપૂર્ણ ગચ્છને બોલાવવાની વિધિ, ઉત્સર્ગ અને અપવાદની દૃષ્ટિએ યોગ્ય-અયોગ્ય ક્ષેત્રપ્રત્યુપેક્ષક, ગચ્છના રહેવા યોગ્ય ક્ષેત્રની પ્રતિલેખના માટે કેટલા લોકોએ જવું જોઈએ અને કેવી રીતે જવું જોઈએ, ક્ષેત્રની પ્રતિલેખના માટે જવાની વિધિ અને ક્ષેત્રમાં પરીક્ષા કરવા યોગ્ય વાતો, ક્ષેત્રની પ્રતિલેખના માટે જનાર ક્ષેત્રપ્રત્યુપેક્ષકો દ્વારા વિહારના માર્ગો, માર્ગમાં સ્થણ્ડિલભૂમિ, પાણી, વિશ્રામસ્થાન, ભિક્ષા, વસતિ, ચોર વગેરેના ઉપદ્રવ વગેરે વાતોની તપાસ, પ્રતિલેખના કરવા યોગ્ય ક્ષેત્રમાં પ્રવેશ કરવાની વિધિ, ભિક્ષાચર્યા દ્વારા તે ક્ષેત્રના લોકોની મનોવૃત્તિની પરીક્ષા, ભિક્ષા, ઔષધ વગેરેની સુલભતા-દુર્લભતા, મહાસ્થણ્ડિલની પ્રતિલેખના અને તેના ગુણ-દોષ, ગચ્છવાસી યથાલંદિકો માટે ક્ષેત્રની પરીક્ષા, પરીક્ષિત — પ્રતિલિખિત ક્ષેત્રની અનુજ્ઞાની વિધિ, ક્ષેત્રપ્રત્યુપેક્ષકો દ્વારા આચાર્યાદિ સમક્ષ ક્ષેત્રના ગુણ-દોષનું નિવેદન કરવા તથા જવા યોગ્ય ક્ષેત્રનો નિર્ણય કરવાની વિધિ, વિહાર કરતાં પહેલાં જેની વસતિમાં રહ્યા હોય તેને પૂછવાની વિધિ, અવિધિથી પૂછવાથી લાગનાર દોષ અને તેમનું પ્રાયશ્ચિત્ત, વિહાર કરતાં પહેલાં વસતિના સ્વામીને વિધિપૂર્વક ઉપદેશ આપતાં વિહારના સમયનું સૂચન, વિહાર કરતી વખતે શુભ દિવસ અને શુભ શકુન જોવાનાં કારણ, શુભ શકુન અને અશુભ શકુન, વિહાર કરતી વખતે આચાર્ય દ્વારા વસતિના સ્વામીને ઉપદેશ, વિહારના સમયે આચાર્ય, બાલસાધુ વગેરેના સામાનને કેવી રીતે ઊંચકવો જોઈએ, અનનુજ્ઞાત ક્ષેત્રમાં નિવાસ કરવાથી લાગતા દોષ અને તેમનું પ્રાયશ્ચિત્ત, પ્રતિલિખિત ક્ષેત્રમાં પ્રવેશ અને શુભાશુભ શકુનદર્શન, આચાર્ય દ્વારા વસતિમાં પ્રવેશ કરવાની વિધિ, વસતિમાં પ્રવિષ્ટ થયા પછી ગચ્છવાસીઓની મર્યાદાઓ અને સ્થાપનાકુળોની વ્યવસ્થા, વસતિમાં પ્રવેશ કર્યા પછી ઝોળી-પાત્ર લીધેલા અમુક સાધુઓને સાથે લઈને આચાર્ય વગેરેનું જિનચૈત્યવંદના માટે નીકળવું, ઝોળી-પાત્ર સાથે રાખવાનાં કારણો, જિનચૈત્યોનાં વંદન માટે જતાં માર્ગમાં ગૃહજિનમંદિરોનાં દર્શનાર્થે જવું અને દાનશ્રદ્ધાળુ, ધર્મશ્રદ્ધાળુ, ઈર્ષ્યાળુ, ધર્મપરાઙ્મુખ વગેરે શ્રાદ્ધકુળોની ઓળખાણ કરવી, સ્થાપનાકુળ વગેરેની વ્યવસ્થા, તેનાં કારણો અને વીરશુનિકાનું ઉદાહરણ, ચાર પ્રકારના પ્રાઘુણક સાધુ, સ્થાપનાકુળોમાં જવાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિધિ, એક-બે દિવસ છોડીને સ્થાપનાકુળોમાં નહિ જવાથી લાગનાર દોષ, સ્થાપનાકુળોમાં જવા યોગ્ય અથવા મોકલવા યોગ્ય વૈયાવૃત્યકર અને તેમના ગુણ-દોષ, વૈયાવૃત્ય કરનારના ગુણોની પરીક્ષા કરવાનાં કારણો, શ્રાવકોને ગોચરચર્યાના દોષો સમજાવવાથી થનાર લાભ અને તે માટે લુબ્ધકનું દૃષ્ટાન્ત, સ્થાપનાકુળોમાંથી વિધિપૂર્વક ઉચિત દ્રવ્યોનું ગ્રહણ, જે ક્ષેત્રમાં એક જ ગચ્છ ઊતર્યો હોય તે ક્ષેત્રની દૃષ્ટિએ સ્થાપનાકુળોમાંથી ભિક્ષા ગ્રહણ કરવાની સામાચારી, જે ક્ષેત્રમાં બે-ત્રણ ગચ્છ એક વસતિમાં અથવા ભિન્ન-ભિન્ન વસતિઓમાં ઊતર્યા હોય તે ક્ષેત્રની દૃષ્ટિએ ભિક્ષા લેવાની સામાચારી વગેરે.[૧] આ જ રીતે સ્થવિરકલ્પિકોની સામાન્ય સામાચારી, સ્થિતિ વગેરેનું વર્ણન કરવામાં આવ્યું છે.[૨]

ગચ્છવાસીઓ — સ્થવિરકલ્પિકોની વિશેષ સામાચારીનું પણ ભાષ્યકારે વિસ્તૃત વર્ણન કર્યું છે.[૩] આ વર્ણનમાં નિમ્ન વાતો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે :—

૧. પ્રતિલેખનાદ્વાર — વસ્ત્રાદિની પ્રતિલેખનાનો કાળ, પ્રાભાતિક પ્રતિલેખનાના સમય સંબંધિત વિવિધ આદેશ, પ્રતિલેખનાના દોષ અને પ્રાયશ્ચિત્ત, પ્રતિલેખનામાં અપવાદ.

૨. નિષ્ક્રમણદ્વાર — ગચ્છવાસી વગેરેએ ઉપાશ્રયની બહાર ક્યારે અને કેટલી વાર નીકળવું જોઈએ ?

૩. પ્રાભૃતિકાદ્વાર — સૂક્ષ્મ અને બાદર પ્રાભૃતિકાનું વર્ણન, ગૃહસ્થાદિ માટે તૈયાર કરવામાં આવેલ ઘર, વસતિ વગેરેમાં રહેવા અને ન રહેવા સંબંધી વિધિ અને પ્રાયશ્ચિત્ત.

૪. ભિક્ષાદ્વાર — કઈ એષણાથી પિંડ વગેરેનું ગ્રહણ કરવું જોઈએ, કેટલી વાર અને કયા સમયે ભિક્ષા માટે જવું જોઈએ, મળીને ભિક્ષા માટે જવું, એકલા ભિક્ષા માટે જવાનાં કલ્પિત કારણ અને તત્સમ્બન્ધી પ્રાયશ્ચિત્ત, ભિક્ષા માટે ઉપકરણ વગેરેની વ્યવસ્થા.

૫. કલ્પમરણદ્વાર — પાત્ર ધોવાની વિધિ, લેપકૃત અને અલેપકૃત દ્રવ્ય, પાત્ર-લેપથી થનાર લાભ અને તદ્વિષયક એક શ્રમણનું દૃષ્ટાન્ત, પાત્ર ધોવાનાં કારણો તથા તદ્વિષયક પ્રશ્નોત્તર.

૬. ગચ્છશતિકાદ્વાર — સાત પ્રકારની સૌવીરિણીઓ : ૧. આધાકર્મિક,

---

૧. ગા. ૧૪૪૭-૧૬૨૨ ૨. ગા. ૧૬૨૩-૧૬૫૫.
૩. ગા. ૧૬૫૬-૨૦૩૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨. સ્વગૃહયતિમિશ્ર, ૩. સ્વગૃહપાષણ્ડમિશ્ર, ૪. યાવદર્થિકમિશ્ર, ૫. ક્રીતકૃત, ૬. પૂતિકર્મિક, ૭. આત્માર્થકૃત; આના અવાંતર ભેદ-પ્રભેદો અને એતદ્વિષયક વિશોધિ-અવિશોધિ કોટિઓ.

૭. **અનુયાનદ્વાર** — તીર્થંકર વગેરેના સમયમાં જ્યારે સેંકડો ગચ્છો એક સાથે રહેતા હોય ત્યારે આધાકર્મિકાદિ પિંડથી બચવું કેવી રીતે સંભવે — આ પ્રકારની શિષ્યની શંકા અને તેનું સમાધાન તથા પ્રશંગવશાત્ અનુયાન અર્થાત્ રથયાત્રાનું વર્ણન, રથયાત્રા જોવા જતી વખતે માર્ગમાં લાગનાર દોષ, ત્યાં પહોંચી જતાં લાગનાર દોષ, સાધર્મિક ચૈત્ય, મંગલચૈત્ય, શાશ્વત ચૈત્ય અને ભક્તિચૈત્ય, રથયાત્રાના મેળામાં જનાર સાધુને લાગનાર આધાકર્મિક દોષ, ઉદ્ગમ દોષ, નવદીક્ષિતનું ભ્રષ્ટ થવું, સ્ત્રી, નાટક વગેરે જોવાથી લાગતા દોષ, સ્ત્રી વગેરેના સ્પર્શથી લાગતા દોષ, મંદિર વગેરે સ્થાનોમાં લાગેલાં જાળાં, માળા, છત વગેરે પાડવા માટે કહેવા-ન કહેવાથી લાગનાર દોષ, પાર્શ્વસ્થ વગેરેના ક્ષુલ્લક શિષ્યોને અલંકારવિભૂતિ જોઈને ક્ષુલ્લક શ્રમણ પતિત થઈ જાય અથવા પાર્શ્વસ્થ સાધુઓના પારસ્પરિક ઝઘડાઓ ઉકેલવાનું કાર્ય કરવું પડે તેનાથી લાગતા દોષ, રથયાત્રાના મેળામાં સાધુઓએ જવાનાં વિશેષ કારણ — ચૈત્યપૂજા, રાજા અને શ્રાવકનું વિશેષ નિમંત્રણ, વાદીનો પરાજય, તપ અને ધર્મનું માહાત્મ્ય-વર્ધન, ધર્મકથા અને વ્યાખ્યાન, શંકિત અથવા વિસ્મૃત સૂત્રાર્થનું સ્પષ્ટીકરણ, ગચ્છના આધારભૂત યોગ્ય શિષ્ય વગેરેની શોધ, તીર્થ-પ્રભાવના, આચાર્ય, ઉપાધ્યાય, રાજ્યોપદ્રવ વગેરે સંબંધી સમાચારની પ્રાપ્તિ, કુળ-ગણ-સંઘ વગેરેનું કાર્ય, ધર્મ-રક્ષા તથા એવા પ્રકારનાં અન્ય મહત્ત્વનાં કારણો — રથયાત્રાના મેળામાં રાખવા યોગ્ય યતનાઓ, ચૈત્યપૂજા, રાજા વગેરેની પ્રાર્થના વગેરે કારણોથી રથયાત્રાના મેળામાં જનાર સાધુઓએ ઉપાશ્રય વગેરેની પ્રતિલેખના કઈ રીતે કરવી જોઈએ, ભિક્ષાચર્યા કઈ રીતે કરવી જોઈએ, સ્ત્રી, નાટક વગેરેનાં દર્શનનો પ્રસંગ ઉપસ્થિત થતાં કેવી રીતે વ્યવહાર કરવો જોઈએ, મંદિરમાં જાળાં, માળા વગેરે હોવાથી કઈ રીતે યતના રાખવી જોઈએ, ક્ષુલ્લક શિષ્ય ભ્રષ્ટ ન થવા પામે તથા પાર્શ્વસ્થ સાધુઓના વિવાદ કેવી રીતે ઉકેલવા વગેરે.

૮. **પુરઃકર્મદ્વાર** — પુરઃકર્મનો અર્થ છે ભિક્ષાદાન પૂર્વે શીતળ જળથી દાતા દ્વારા સ્વહસ્ત વગેરેનું પ્રક્ષાલન. આ દ્વારની ચર્ચા કરતી વખતે નિમ્ન દૃષ્ટિઓથી વિચાર કરવામાં આવ્યો છે : પુરઃકર્મ શું છે, પુરઃકર્મ દોષ કોને લાગે છે, ક્યારે લાગે છે, પુરઃકર્મ શા માટે કરવામાં આવે છે, પુરઃકર્મ અને ઉદકાર્દ્રદોષમાં અંતર (ઉદકાર્દ્ર અને પુરઃકર્મમાં અપ્કાયનો સમારંભ સરખો હોવા છતાં પણ ઉદકાર્દ્ર સુકાઈ જાય ત્યારે ભિક્ષા વગેરેનું ગ્રહણ કરાય છે, જ્યારે પુરઃકર્મ સૂકાઈ જાય તો પણ ગ્રહણનો નિષેધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે), પુરઃકર્મસંબંધી પ્રાયશ્ચિત્ત, પુરઃકર્મવિષયક અવિધિનિષેધ અને વિધિનિષેધ, સાત પ્રકારના અવિધિનિષેધ, આઠ પ્રકારના વિધિનિષેધ, પુરઃકર્મવિષયક બ્રહ્મહત્યાનું દૃષ્ટાન્ત.

૯. **ગ્લાનદ્વાર** — ગ્લાન — રુગ્ણ સાધુના સમાચાર મળતાં જ તેની ખબર કાઢવા માટે જવું જોઈએ, ત્યાં તેની સેવા કરનાર કોઈ છે કે નહિ — તેની તપાસ કરવી જોઈએ, તપાસ ન કરનાર માટે પ્રાયશ્ચિત્ત, ગ્લાન સાધુની શ્રદ્ધાથી સેવા કરનાર માટે સેવાના પ્રકાર, ગ્લાન સાધુની સેવા માટે કોઈની વિનંતી કે આજ્ઞાની અપેક્ષા રાખનાર માટે પ્રાયશ્ચિત્ત અને તદ્વિષયક મહર્દ્ધિક રાજાનું ઉદાહરણ, ગ્લાનની સેવા કરવામાં અશક્તિનું પ્રદર્શન કરનારને શિક્ષા, ગ્લાન સાધુની સેવા માટે જવામાં દુઃખ અનુભવનાર માટે પ્રાયશ્ચિત્ત, ઉદ્ગમ વગેરે દોષોનું બહાનું કાઢનાર માટે પ્રાયશ્ચિત્ત, ગ્લાન સાધુની સેવાના બહાને ગૃહસ્થોને ત્યાંથી ઉત્કૃષ્ટ પદાર્થ, વસ્ત્ર, પાત્ર વગેરે લાવનાર તથા ક્ષેત્રાદિકાન્ત, કાલાતિકાન્ત વગેરે દોષોનું સેવન કરનાર લોભી સાધુને લાગતા દોષ અને તેમનું પ્રાયશ્ચિત્ત, ગ્લાન સાધુ માટે પથ્યાપથ્ય કઈ રીતે લાવવું જોઈએ, ક્યાંથી લાવવું જોઈએ, ક્યાં રાખવું જોઈએ, તેની પ્રાપ્તિ માટે ગવેષણા કઈ રીતે કરવી જોઈએ, ગ્લાન સાધુના વિશોષણસાધ્ય રોગ માટે ઉપવાસની ચિકિત્સા, આઠ પ્રકારના વૈદ્ય (૧. સંવિગ્ન, ૨. અસંવિગ્ન, ૩. લિંગી, ૪. શ્રાવક, ૫. સંજ્ઞી, ૬. અનભિગૃહીત અસંજ્ઞી (મિથ્યા-દૃષ્ટિ), ૭. અભિગૃહીત અસંજ્ઞી, ૮. પરતીર્થિક), એમના ક્રમભંગથી લાગનાર દોષો અને તેમનું પ્રાયશ્ચિત્ત, વૈદ્ય પાસે જવાની વિધિ, વૈદ્ય પાસે ગ્લાન સાધુને લઈ જવો કે ગ્લાન સાધુ પાસે વૈદ્યને લાવવો, વૈદ્ય પાસે કેવો સાધુ જાય, કેટલા સાધુ જાય, તેમનાં વસ્ત્ર વગેરે કેવાં હોય, જતી વખતે કેવાં શકુન જોવામાં આવે, વૈદ્ય પાસે જનાર સાધુએ વૈદ્ય કયા કામમાં વ્યસ્ત હોય તો રોગી સાધુ વિષયમાં વાત કરવી જોઈએ, કયા કામમાં વ્યસ્ત હોય તો વાતચીત નહિ કરવી જોઈએ, વૈદ્યના ઘરે આવવા માટે શ્રાવકોને સંકેત, વૈદ્ય પાસે જઈને રુગ્ણ સાધુના સ્વાસ્થ્યના સમાચાર કહેવાનો ક્રમ, ગ્લાન સાધુ માટે વૈદ્યનો સંકેત, વૈદ્ય દ્વારા બતાવાયેલાં પથ્યાપથ્ય લભ્ય છે કે નહિ તેનો વિચાર અને લભ્ય ન હોય તો વૈદ્યને પ્રશ્ન, ગ્લાન સાધુ માટે વૈદ્યનું ઉપાશ્રયમાં આવવું, ઉપાશ્રયમાં આવેલા વૈદ્ય સાથે વ્યવહાર કરવાની વિધિ, વૈદ્યનાં ઉપાશ્રયમાં આગમન વખતે આચાર્ય વગેરેનાં ઊઠવા, વૈદ્યને આસન આપવા અને રોગીને દેખાડવાની વિધિ, અવિધિથી ઊઠવા વગેરેમાં દોષો અને તેમનું પ્રાયશ્ચિત્ત, ઔષધ વગેરેના પ્રબંધ વિષયમાં ભદ્રક વૈદ્યનો પ્રશ્ન, ધર્મભાવનારહિત વૈદ્ય માટે ભોજનાદિ તથા ઔષધાદિનાં મૂલ્યની વ્યવસ્થા,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બહારથી વૈદ્ય બોલાવવાની તથા તેનાં ખાનપાનની વ્યવસ્થા કરવાની વિધિ, રોગી સાધુ અને વૈદ્યની સેવા કરવાનાં કારણો, રોગો તથા તેની સેવા કરનારને અપવાદ-સેવન માટે પ્રાયશ્ચિત્ત, ગ્લાન સાધુનાં સ્થાનાન્તરનાં કારણો તથા એક-બીજા સમુદાયના ગ્લાન સાધુની સેવા માટે પરિવર્તન, ગ્લાન સાધુની ઉપેક્ષા કરનાર સાધુઓને સેવા કરવાની શિક્ષા ન આપનાર આચાર્ય માટે પ્રાયશ્ચિત્ત, નિર્દયતાથી રુગ્ણ સાધુને ઉપાશ્રય, ગલી વગેરે સ્થાનોમાં છોડીને ચાલ્યા જનારા આચાર્યને લાગતા દોષો અને તેમનું પ્રાયશ્ચિત્ત, એક ગચ્છ રુગ્ણ સાધુની સેવા કેટલા સમય સુધી કરે અને પછી તે સાધુને કોને સોંપે, કયા વિશેષ કારણોથી કયા પ્રકારના વિવેક સાથે કયા પ્રકારના ગ્લાન સાધુને છોડી શકાય તથા તેનાથી થનાર લાભ વગેરે.

૧૦. ગચ્છપ્રતિબદ્ધયથાલંદિકદ્વાર — દસમા દ્વારમાં વાચના વગેરેના કારણે ગચ્છ સાથે સંબંધ રાખનારા યથાલંદિકકલ્પધારીઓના વંદનાદિ વ્યવહાર તથા માસકલ્પની મર્યાદાનું વર્ણન કરવામાં આવ્યું છે.

૧૧. ઉપરિદોષદ્વાર — આમાં વર્ષાઋતુ સિવાયના સમયમાં એક ક્ષેત્રમાં એક માસથી અધિક રહેવાથી લાગનાર દોષોનું વર્ણન કરવામાં આવ્યું છે.

૧૨. અપવાદદ્વાર — આ અંતિમ દ્વાર છે. આમાં એક ક્ષેત્રમાં એક માસથી વધારે રહેવાનાં આપવાદિક કારણો તથા તે ક્ષેત્રમાં રહેવા તથા ભિક્ષાચર્યા કરવાની વિધિ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

માસકલ્પવિષયક દ્વિતીય સૂત્રનું વ્યાખ્યાન કરતાં આચાર્યે તે વાતનું પ્રતિપાદન કર્યું છે કે જો ગ્રામ, નગર વગેરે દુર્ગની અંદર અને બહાર એ બે વિભાગોમાં વસેલાં હોય તો અંદર તથા બહાર મળીને એક ક્ષેત્રમાં બે માસ સુધી રહી શકાય છે. તે સાથે જ ગ્રામ, નગરાદિની બહાર બીજો માસકલ્પ કરતી વખતે તૃણ, ફલક વગેરે લઈ જવાની વિધિની ચર્ચા કરવામાં આવી છે તથા અવિધિથી લઈ જવાથી લાગનાર દોષો અને પ્રાયશ્ચિત્તોનું વર્ણન કરવામાં આવ્યું છે.[૧]

નિર્ગ્રન્થીઓ — સાધ્વીઓ :

માસકલ્પવિષયક તૃતીય સૂત્રની વ્યાખ્યા કરતાં ભાષ્યકારે નિર્ગ્રન્થીવિષયક વિશેષ વિધિ-નિષેધની ચર્ચા કરી છે.[૨] આ ચર્ચામાં નિમ્ન વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે : નિર્ગ્રન્થીના માસકલ્પની મર્યાદા, વિહારનું વર્ણન, નિર્ગ્રન્થીઓના સમુદાયનો ગણધર તથા તેના ગુણ, ગણધર દ્વારા ક્ષેત્રની પ્રતિલેખના, સ્વયં

૧. ગા. ૨૦૩૪-૨૦૪૬. ૨. ગા. ૨૦૪૭-૨૧૦૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિર્ગ્રન્થી દ્વારા પોતાને રહેવા યોગ્ય ક્ષેત્રની પ્રતિલેખના કરવાનો નિષેધ તથા ભરુચમાં બૌદ્ધ શ્રાવકો દ્વારા કરવામાં આવેલા સાધ્વીઓના અપહરણનું વર્ણન, સાધ્વીઓને રહેવા યોગ્ય ક્ષેત્રના ગુણ, સાધ્વીઓને રહેવા યોગ્ય વસતિ – ઉપાશ્રય અને તેનો સ્વામી, સાધ્વીઓને યોગ્ય સ્થંડિલભૂમિ, સાધ્વીઓને તેમનાં રહેવા યોગ્ય ક્ષેત્રમાં લઈ જવાની વિધિ, વારકદ્વાર, ભક્તાર્થનાવિધિદ્વાર, વિધર્મી વગેરે તરફથી થનારા ઉપદ્રવોથી બચાવ, ભિક્ષા માટે જનારી સાધ્વીઓની સંખ્યા, સમૂહરૂપે ભિક્ષાચર્યા માટે જવાના કારણો તથા યતનાઓ, સાધ્વીઓના ઋતુબદ્ધ કાળ સિવાય એક ક્ષેત્રમાં બે મહિના સુધી રહી શકવાનાં કારણો.

માસકલ્પવિષયક ચતુર્થ સૂત્રનું વિવેચન કરતાં એમ બતાવવામાં આવ્યું છે કે ગ્રામ, નગર વગેરે દુર્ગની અંદર અને બહાર વસેલાં હોય તો અંદર અને બહાર મળીને એક ક્ષેત્રમાં ચાર માસ સુધી સાધ્વીઓ રહી શકે છે. આનાથી વધારે રહેવાથી કેટલાક દોષો લાગે છે જેમનું પ્રાયશ્ચિત્ત કરવું પડે છે. આપવાદિક કારણોસર વધારે સમય સુધી રહેવાની અવસ્થામાં વિશેષ પ્રકારની યતનાઓનું સેવન કરવું જોઈએ.[૧]

સ્થવિરકલ્પ અને જિનકલ્પ આ બંનેમાં કયું મુખ્ય છે ? નિષ્પાદક અને નિષ્પન્ન આ બે દૃષ્ટિઓથી બંને ય પ્રધાન છે. સ્થવિરકલ્પ સૂત્રાર્થગ્રહણ વગેરે દૃષ્ટિઓથી જિનકલ્પનું નિષ્પાદક છે, જ્યારે જિનકલ્પ જ્ઞાન-દર્શન-ચારિત્ર વગેરે દૃષ્ટિઓથી નિષ્પન્ન છે. આ રીતે બંને ય મહત્ત્વપૂર્ણ અવસ્થાઓ હોવાને કારણે પ્રધાન-મહર્દ્ધિક છે. આ દૃષ્ટિકોણને વિશેષ સ્પષ્ટ કરવા માટે ભાષ્યકારે ગુહાસિંહ, બે સ્ત્રીઓ અને બે ગોવર્ગોનાં દૃષ્ટાન્ત આપ્યાં છે.[૨]

વગડાપ્રકૃતસૂત્ર :

વગડાનો અર્થ છે પરિક્ષેપ – કોટ – પરિખા – પ્રાચીર – કિલ્લેબંધી. એક પરિક્ષેપ અને એક દ્વારવાળા ગ્રામ, નગર વગેરેમાં નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થીઓએ એક સાથે ન રહેવું જોઈએ. પ્રસ્તુત સૂત્રની વ્યાખ્યા કરતાં ભાષ્યકારે એતત્સમ્બન્ધી દોષો, પ્રાયશ્ચિત્તો વગેરે પર પ્રકાશ પાડ્યો છે. આ વિવેચનમાં નિમ્ન વાતોનો સમાવેશ કરવામાં આવ્યો છે : એક પરિક્ષેપ અને એક દ્વારવાળા ક્ષેત્રમાં નિર્ગ્રન્થ અથવા નિર્ગ્રન્થીઓના એક સમુદાયના રહેતાં બીજા સમુદાયના આવીને રહેવાથી તેના આચાર્ય, પ્રવર્તિની વગેરેને લાગનાર દોષો અને તેમનું પ્રાયશ્ચિત્ત, ક્ષેત્રની પ્રતિલેખના માટે મોકલવામાં આવેલા શ્રમણોની પ્રેરણાથી સાધ્વીઓ દ્વારા અવગૃહીત ક્ષેત્રને

૧. ગા. ૨૧૦૬-૮. ૨. ગા. ૨૧૦૯-૨૧૨૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દબાવવાનો વિચાર કરનાર તથા તે ક્ષેત્રમાં જવાનો નિર્ણય કરનાર આચાર્ય, ઉપાધ્યાય વગેરે માટે પ્રાયશ્ચિત્ત, વેદોદય વગેરે દોષોનું અગ્નિ, યોદ્ધા અને ગારુડિકનાં દૃષ્ટાન્તો દ્વારા સમર્થન, શ્રમણ અને શ્રમણીઓ ભિન્ન-ભિન્ન ઉપાશ્રયમાં રહેતા હોઈ એક-બીજાના સહવાસથી દૂર રહી શકે છે પરંતુ ગ્રામ વગેરેમાં રહેનાર શ્રમણો માટે ગૃહસ્થ સ્ત્રીઓનો સહવાસ તો અનિવાર્ય છે, આવી સ્થિતિમાં શ્રમણો માટે વનવાસ જ શ્રેષ્ઠ છે — આ પ્રકારની શંકાનું સમાધાન, શ્રમણીઓના સહવાસવાળા ગ્રામ વગેરેના ત્યાગનાં કારણો, એક વગડા અને એક દ્વારવાળા ક્ષેત્રમાં રહેનારા સાધુ-સાધ્વીઓની વિચારભૂમિ — સ્થંડિલભૂમિ, ભિક્ષાચર્યા, વિહારભૂમિ, ચૈત્યવંદન વગેરે કારણોથી લાગનાર દોષો અને તેમના માટે પ્રાયશ્ચિત્ત, એક વગડા વગેરે ધરાવતાં જે ક્ષેત્રમાં શ્રમણીઓ રહેતી હોય ત્યાં રહેનાર શ્રમણોને કુલસ્થવિરો દ્વારા રહેવાનાં કારણોની પૂછપરછ, કારણવશાત્ એક ક્ષેત્રમાં રહેનાર શ્રમણ-શ્રમણીઓ માટે વિચારભૂમિ, ભિક્ષાચર્યા વગેરે વિષયક વ્યવસ્થા, ભિન્ન-ભિન્ન સમુદાયના શ્રમણ અથવા શ્રમણીઓ એક ક્ષેત્રમાં એક સાથે રહેતાં હોય અને તેમાં પરસ્પર કલહ થતો હોય તો તેની શાંતિ માટે આચાર્ય, પ્રવર્તિની વગેરે દ્વારા કરવામાં આવતા ઉપાય, ન કરનારને લાગનાર કલંકાદિ દોષો અને તેમનું પ્રાયશ્ચિત્ત.[૧]

સાધુ-સાધ્વીઓને એક વગડા અને અનેક દ્વારવાળા સ્થાનમાં એક સાથે રહેવાથી જે દોષો લાગે છે તેમનો નિમ્ન દ્વારોથી વિચાર કરવામાં આવ્યો છે : ૧. એકશાખિકાદ્વાર — એક હરોળમાં બનેલાં વાડના અંતરવાળા ઘરોમાં સાથે રહેનાર સાધુ-સાધ્વીઓનો પરસ્પર વાર્તાલાપ, પ્રશ્નોત્તર વગેરેનાં કારણે લાગનાર દોષ, ૨. સપ્રતિમુખદ્વાર દ્વાર — એક બીજાના દ્વારની સામેના ઘરમાં રહેવાથી લાગનાર દોષ, ૩. પાર્શ્વમાર્ગદ્વાર — એક-બીજાની પાસેના અથવા પાછળના દરવાજાવાળા ઉપાશ્રયમાં રહેવાથી લાગનારા દોષ, ૪. ઉચ્ચનીચદ્વાર — શ્રમણ-શ્રમણીઓને એક-બીજા પર દૃષ્ટિ પડે તેવા ઉપાશ્રયમાં રહેવાથી લાગનાર દોષો અને તત્સમ્બન્ધી પ્રાયશ્ચિત્ત, દૃષ્ટિ-દોષથી ઉત્પન્ન થનાર દસ પ્રકારના કામવિકારના આવેગ : ૧. ચિંતા, ૨. દર્શનેચ્છા, ૩. દીર્ઘ નિઃશ્વાસ, ૪. જ્વર, ૫. દાહ, ૬. ભોજન-અરુચિ, ૭. મૂર્ચ્છા, ૮. ઉન્માદ, ૯. નિશ્ચેષ્ટા અને ૧૦. મરણ. ૫. ધર્મ-કથાદ્વાર — જ્યાં નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થીઓ એક-બીજાની પાસે રહેતા હોય ત્યાં રાત્રિ સમયે ધર્મકથા, સ્વાધ્યાય વગેરે કરવાની વિધિ, દુર્ભિક્ષ વગેરે કારણોથી અકસ્માત એકવગડા-અનેકદ્વારવાળા ગ્રામાદિમાં એક સાથે આવવાનો અવસર ઉપસ્થિત થતાં ઉપાશ્રય વગેરેની પ્રાપ્તિનો પ્રયત્ન તથા યોગ્ય

---

૧. ગા. ૨૧૨૫-૨૨૩૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપાશ્રયના અભાવમાં એકબીજાના ઉપાશ્રયની સમીપ રહેવાનો પ્રસંગ આવતાં એક-બીજાના વ્યવહાર સાથે સંબંધ રાખનારી યતનાઓ.[૧]

અનેકવગડા-એકદ્વારવાળા ગ્રામ, નગર વગેરેમાં સાધુ-સાધ્વીઓએ સાથે રહેવાથી લાગનાર દોષો તરફ નિર્દેશ કરતાં કુસુંબલ વસ્ત્રની રક્ષા માટે નગ્ન થનારા અગારી, અશ્વ, કુમ્ફુક અને પેશીનાં ઉદાહરણો આપવામાં આવ્યાં છે.[૨]

દ્વિતીય વગડાસૂત્રની વ્યાખ્યા કરતાં તે વાતનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે શ્રમણ-શ્રમણીઓએ અનેકવગડા-અનેકદ્વારવાળા ગ્રામ, નગર વગેરેમાં રહેવું જોઈએ. જે ગ્રામ વગેરેમાં શ્રમણ અને શ્રમણીઓની ભિક્ષાભૂમિ, સ્થંડિલભૂમિ, વિહારભૂમિ વગેરે ભિન્ન-ભિન્ન હોય ત્યાં જ તેમણે રહેવું જોઈએ.[૩]

આપણગૃહાદિપ્રકૃતસૂત્ર :

આપણગૃહ, રથ્યામુખ, શૃંગાટક, ચતુષ્ક, ચત્વર, અંતરાપણ વગેરે પદોની વ્યાખ્યા કરતાં આચાર્યે આ સ્થાનો પર બનેલા ઉપાશ્રયમાં રહેનારી શ્રમણીઓને લાગનાર દોષો તથા પ્રાયશ્ચિત્તોનું વર્ણન કર્યું છે. સાર્વજનિક સ્થાનોમાં બનેલા ઉપાશ્રયોમાં રહેનારી શ્રમણીઓનાં મનમાં યુવક, વેશ્યાઓ, વરઘોડા, રાજા વગેરે અલંકૃત વ્યક્તિઓને જોવાથી અનેક દોષોનો ઉદ્‌ભવ થાય છે. આ રીતે જાહેર રસ્તા પર રહેનારી સાધ્વીઓને જોઈને લોકોના મનમાં અનેક પ્રકારના અવર્ણવાદાદિ દોષો ઉત્પન્ન થાય છે. જો કોઈ કારણથી આ પ્રકારના ઉપાશ્રયમાં રહેવું જ પડે તો તેના માટે આચાર્યે વિવિધ યતનાઓનું વિધાન પણ કર્યું છે.[૪]

અપાવૃતદ્વારોપાશ્રયપ્રકૃતસૂત્ર :

શ્રમણીઓએ વગર દ્વારના ખુલ્લા ઉપાશ્રયમાં ન રહેવું જોઈએ. કદાચિત્ દ્વારયુક્ત ઉપાશ્રય અપ્રાપ્ય હોય તો ખુલ્લા ઉપાશ્રયમાં પરદો બાંધીને રહેવું જોઈએ. આ સૂત્રની વ્યાખ્યામાં નિમ્ન વાતોનો સમાવેશ કરવામાં આવ્યો છે : નિર્ગ્રન્થીવિષયક અપાવૃતદ્વારોપાશ્રય સૂત્ર આચાર્ય જો પ્રવર્તિનીને ન સમજાવે, પ્રવર્તિની જો પોતાની સાધ્વીઓને ન સંભળાવે, સાધ્વીઓ જો તે ન સાંભળે તો તેમને લાગનાર દોષો અને તેમનું પ્રાયશ્ચિત્ત, વગર દરવાજાના ઉપાશ્રયમાં રહેનારી પ્રવર્તિની, ગણાવચ્છેદિની, અભિષેકા અને શ્રમણીઓને લાગનાર દોષો અને પ્રાયશ્ચિત્ત, આપવાદિક રૂપથી

---

૧. ગા. ૨૨૩૨-૨૨૭૭. ૨. ગા. ૨૨૭૮-૨૨૮૭.
૩. ગા. ૨૨૮૮-૯. ૪. ગા. ૨૨૯૫-૨૩૨૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વગર દ્વારના ઉપાશ્રયમાં રહેવાની વિધિ, આ પ્રકારના ઉપાશ્રયમાં દ્વિદલકટાદિ બાંધવાની વિધિ, દ્વારપાલિકા શ્રમણી અને તેના ગુણો, ગણિની, દ્વારપાલિકા – પ્રતિહારસાધ્વી તથા અન્ય સાધ્વીઓનાં નિવાસ-સ્થાનનો નિર્દેશ, પ્રસ્રવણ – પેશાબ વગેરે માટે બહાર જવા-આવવામાં વિલંબ કરનારી સાધ્વીઓને ઠપકો આપવાની વિધિ, શ્રમણી સિવાય કોઈ અન્ય વ્યક્તિ ઉપાશ્રયમાં ન ઘુસી જાય તે માટે તેની પરીક્ષા કરવાની વિધિ, પ્રતિહારસાધ્વી દ્વારા ઉપાશ્રયનાં દ્વારની રક્ષા, શયનસંબંધી યતનાઓ, રાત્રિ સમયે કોઈ મનુષ્ય ઉપાશ્રયમાં ઘુસી જાય તો તેને બહાર કાઢવાની વિધિ, વિહાર વગેરેના સમયે માર્ગમાં આવનાર ગામોમાં સુરક્ષિત દ્વારવાળો ઉપાશ્રય ન મળે તથા કોઈ અનપેક્ષિત ભયપ્રદ ઘટના બની જાય તો તરુણ અને વૃદ્ધ સાધ્વીઓએ કઈ રીતે તેનો સામનો કરવો જોઈએ તેનો નિર્દેશ.[૧]

સાધુ વગર દરવાજાના ઉપાશ્રયમાં રહી શકે છે. તેમણે ઉત્સર્ગરૂપે ઉપાશ્રયનું દ્વાર બંધ ન કરવું જોઈએ પરંતુ અપવાદરૂપે તેવું કરી શકાય છે. અપવાદરૂપ કારણોનાં રહેવાં છતાં દ્વાર બંધ ન કરવા પર પ્રાયશ્ચિત્તનું વિધાન છે.[૨]

ઘટીમાત્રકપ્રકૃતસૂત્ર :

શ્રમણીઓ માટે ઘટીમાત્રક – ઘડો રાખવો તથા તેનો ઉપયોગ કરવો વિહિત છે પરંતુ શ્રમણો માટે ઘટીમાત્રક રાખવું અથવા તેનો ઉપયોગ કરવો નિષિદ્ધ છે. નિષ્કારણ ઘટીમાત્રક રાખવાથી સાધુઓને દોષો લાગે છે. હા, અપવાદરૂપે તેમના માટે ઘટીમાત્રક રાખવું વર્જિત નથી. શ્રમણ-શ્રમણીઓ વિશેષ કારણોથી ઘટીમાત્રક રાખે છે તથા તેનો પ્રયોગ કરે છે. ઘટીમાત્રક પાસે ન હોવાની અવસ્થામાં તેમને વિવિધ યતનાઓનું સેવન કરવું પડે છે.[૩]

ચિલિમિલિકાપ્રકૃતસૂત્ર :

નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થીઓ વસ્ત્રની ચિલિમિલિકા – પરદો રાખી શકે છે તથા તેનો ઉપયોગ કરી શકે છે. ચિલિમિલિકાનું સ્વરૂપ બતાવવા માટે ભાષ્યકારે નિમ્ન દ્વારોનો આશ્રય લીધો છે : ૧. ભેદદ્વાર, ૨. પ્રરૂપણાદ્વાર-સૂત્રમયી, રજ્જુમયી, વલ્કલમયી, દંડકમયી અને કટકમયી ચિલિમિલિકા, ૩. દ્વિવિધપ્રમાણદ્વાર, ૪. ઉપભોગદ્વાર.[૪]

દકતીરપ્રકૃતસૂત્ર :

નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થીઓ માટે જલાશય, નદી વગેરે પાણીનાં સ્થાનો પાસે અથવા

૧. ગા. ૨૩૨૬-૨૩૫૨. ૨. ગા. ૨૩૫૩-૨૩૬૧.
૩. ગા. ૨૩૬૧-૨૩૭૦. ૪. ગા. ૨૩૭૧-૨૩૮૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કિનારે ઊભા રહેવું, બેસવું, સૂવું, ખાવું-પીવું, સ્વાધ્યાય-ધ્યાન-કાયોત્સર્ગ વગેરે કરવાં નિષિદ્ધ છે. તેનાં પ્રતિપાદન માટે નિમ્નલિખિત વિષયો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે : દકતીરની સીમા, પાણીના કિનારે ઊભા રહેવા, બેસવા વગેરેથી લાગતા અધિકરણ વગેરે દોષો, અધિકરણદોષનું સ્વરૂપ, જલાશય વગેરે પાસે શ્રમણ-શ્રમણીઓને જોઈને સ્ત્રી, પુરુષ, પશુ, વગેરે તરફથી ઉત્પન્ન થનાર અધિકરણ દોષોનું સ્વરૂપ, પાણી પાસે ઊભા રહેવું વગેરે દસ સ્થાનો સંબંધિત સામાન્ય પ્રાયશ્ચિત્ત, નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા અને પ્રચલાપ્રચલાનું સ્વરૂપ, સંપાતિમ અને અસંપાતિમ જળના કિનારે બેસવા વગેરે દસ સ્થાનોનું સેવન કરનાર આચાર્ય, ઉપાધ્યાય, ભિક્ષુ, સ્થવિર અને ક્ષુલ્લક — આ પાંચ પ્રકારના શ્રમણો તથા પ્રવર્તિની, અભિષેકા, ભિક્ષુણી, સ્થવિરા અને ક્ષુલ્લિકા-આ પાંચ પ્રકારની શ્રમણીઓની દૃષ્ટિએ પ્રાયશ્ચિત્તના વિવિધ આદેશ, અસંપાતિમ અને સંપાતિમનું સ્વરૂપ (જલજ મત્સ્ય-મણ્ડૂક વગેરે અસંપાતિમ છે. તેમનાથી યુક્ત જળના કિનારાને અસંપાતિમ દકતીર કહે છે. બાકીના પ્રાણીઓ સંપાતિમ છે. તેમનાથી યુક્ત કિનારાને સંપાતિમ દકતીર કહે છે. અથવા, માત્ર પક્ષી સંપાતિમ છે અને તદ્ભિન્ન બાકીના પ્રાણીઓ અસંપાતિમ છે. તેમનાથી યુક્ત જલતીર ક્રમશઃ સંપાતિમ અને અસંપાતિમ છે.), યૂપક — જલમધ્યવર્તી તટનું સ્વરૂપ અને તત્સંબંધી પ્રાયશ્ચિત્ત, જળના કિનારે આતાપના લેવાથી લાગનાર દોષો, દકતીરદ્વાર, યૂપકદ્વાર અને આતાપનાદ્વાર સંબંધી અપવાદ અને યતનાઓ.[૧]

ચિત્રકર્મપ્રકૃતસૂત્ર :

સાધુ-સાધ્વીઓએ ચિત્રકર્મવાળા ઉપાશ્રયમાં ન ઊતરવું જોઈએ. આ વિષયનું વિવેચન કરતાં ભાષ્યકારે નિર્દોષ અને સદોષ ચિત્રકર્મનું સ્વરૂપ, આચાર્ય, ઉપાધ્યાય વગેરેની દૃષ્ટિએ ચિત્રકર્મવાળા ઉપાશ્રયમાં રહેવાથી લાગનાર દોષો અને પ્રાયશ્ચિત્ત, ચિત્રકર્મયુક્ત ઉપાશ્રયમાં રહેવાથી લાગનાર વિકથા, સ્વાધ્યાય-વ્યાઘાત વગેરે દોષો, આપવાદિક રૂપે ચિત્રકર્મયુક્ત ઉપાશ્રયમાં રહેવું પડે તો તેના માટે વિવિધ યતનાઓ વગેરે વાતોનું સ્પષ્ટીકરણ કર્યું છે.[૨]

સાગારિકનિશ્રાપ્રકૃતસૂત્ર :

શ્રમણીઓએ શય્યાતર — વસતિના સ્વામીની નિશ્રા (સંરક્ષણ)માં જ રહેવું જોઈએ. સાગારિક — શય્યાતરની નિશ્રામાં ન રહેનારી શ્રમણીઓને વિવિધ દોષો લાગે છે. આ દોષોનું સ્વરૂપ સમજાવવા માટે આચાર્યે ગવાદિ-પશુવર્ગ, અજા, પક્વાન્ન, ઇક્ષુ, ઘૃત વગેરેનાં દૃષ્ટાન્ત આપ્યાં છે. અપવાદ રૂપે સાગારિકની નિશ્રાના

---

૧. ગા. ૨૩૮૩-૨૪૨૫. ૨. ગા. ૨૪૨૬-૨૪૩૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અભાવમાં રહેવાનો પ્રસંગ આવે તો કેવા પ્રકારના ઉપાશ્રયમાં રહેવું જોઈએ, તેનું દિગ્દર્શન કરાવતાં આચાર્યે તે પણ બતાવ્યું છે કે યોગ્ય ઉપાશ્રયના અભાવમાં વૃષભોએ કઈ રીતે શ્રમણીઓની રક્ષા કરવી જોઈએ અને તે વૃષભો કયા પ્રકારના સદ્‌ગુણોથી યુક્ત હોવા જોઈએ.[૧]

જ્યાં સુધી શ્રમણોનો પ્રશ્ન છે, તેઓ ઉત્સર્ગરૂપે સાગારિકની નિશ્રામાં નથી રહી શકતા પરંતુ અપવાદરૂપે તેવું કરી શકે છે. જે નિર્ગ્રન્થ કોઈ વિશેષ કારણ વિના સાગારિકની નિશ્રામાં રહે છે તેમને દોષ લાગે છે, જેનું પ્રાયશ્ચિત્ત કરવું પડે છે.[૨]

સાગારિકોપાશ્રયપ્રકૃતસૂત્ર :

નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થીઓ માટે સાગારિકના સંબંધવાળા ઉપાશ્રયમાં રહેવું વર્જિત છે. આ વિષય પર ચર્ચા કરતાં ભાષ્યકારે નિમ્નોક્ત વાતોનું વિવેચન કર્યું છે : સાગારિક પદનો નિક્ષેપ, દ્રવ્ય-સાગારિકનાં રૂપ, આભરણ, વસ્ત્ર, અલંકાર, ભોજન, ગંધ, આતોદ્ય, નાટ્ય, નાટક, ગીત વગેરે પ્રકાર અને તત્સંબંધી દોષો તથા પ્રાયશ્ચિત્ત, ભાવસાગારિકનું સ્વરૂપ, અબ્રહ્મચર્યના હેતુભૂત પ્રાજાપત્ય, કૌટુમ્બિક તથા દણ્ડિકપરિગૃહીત દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી રૂપનું સ્વરૂપ તથા તેમના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ પ્રકાર, દેવપ્રતિમાના વિવિધ પ્રકાર, દેવપ્રતિમાયુક્ત ઉપાશ્રયોમાં રહેવાથી લાગનાર દોષો અને પ્રાયશ્ચિત્ત, દેવતાના સાન્નિધ્યવાળી પ્રતિમાઓના પ્રકાર, મનુષ્યપ્રતિમાનું સ્વરૂપ, પ્રાજાપત્ય વગેરે દૃષ્ટિઓથી વિશેષ વિવરણ, આ પ્રકારની પ્રતિમાયુક્ત વસતિમાં ઊતરવાથી લાગતા દોષ તથા તદ્વિષયક પ્રાયશ્ચિત્ત, તિર્યંચપ્રતિમાનું સ્વરૂપ, ભેદ, તદ્વિષયક નિવાસ-દોષ અને પ્રાયશ્ચિત્ત, મનુષ્ય સાથે મૈથુનનું સેવન કરનાર સિંહણનું દૃષ્ટાન્ત, સાગારિકોપાશ્રયસૂત્ર સંબંધી અપવાદ અને તત્સંબંધી યતનાઓ, સવિકાર પુરુષ, પુરુષપ્રકૃતિ તથા સ્ત્રીપ્રકૃતિવાળા નપુંસકનું સ્વરૂપ, તેમના મધ્યસ્થ, આભરણપ્રિય, કાંદર્પિક અને કાથિક ભેદો, તેમના સંબંધવાળા ઉપાશ્રયોમાં રહેવાથી લાગતા સંયમવિરાધનાદિ દોષો અને પ્રાયશ્ચિત્ત વગેરે.[૩]

પ્રતિબદ્ધશય્યાપ્રકૃતસૂત્ર :

પ્રથમ પ્રતિબદ્ધશય્યા સૂત્રની વ્યાખ્યા કરતાં એમ બતાવવામાં આવ્યું છે કે જે ઉપાશ્રયની નજીક ગૃહસ્થ રહેતા હોય ત્યાં નિર્ગ્રન્થોએ ન રહેવું જોઈએ. તેમાં નિમ્ન વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે : 'પ્રતિબદ્ધ' પદના નિક્ષેપ, ભાવપ્રતિબદ્ધના પ્રજ્ઞાવણ, સ્થાન, રૂપ અને શબ્દ આ ચાર ભેદ, દ્રવ્યપ્રતિબદ્ધ-ભાવપ્રતિબદ્ધની

---

૧. ગા. ૨૪૩૪-૨૪૪૫. ૨. ગા. ૨૪૪૬-૮. ૩. ગા. ૨૪૪૯-૨૫૮૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચતુર્ભંગી અને તત્સંબંધી વિધિ-નિક્ષેપ, નિર્ગ્રંથોની 'દ્રવ્યતઃ પ્રતિબદ્ધ ભાવતઃ અપ્રતિબદ્ધ' રૂપ પ્રથમ ભંગવાળા આશ્રયમાં રહેવાથી લાગતા અધિકરણાદિ દોષો, તેમનું સ્વરૂપ અને તત્સંબંધી યતનાઓ, 'દ્રવ્યતઃ અપ્રતિબદ્ધ ભાવતઃ પ્રતિબદ્ધ' રૂપ દ્વિતીય ભંગવાળા ઉપાશ્રયમાં રહેવાથી લાગતા દોષો, તેમનું સ્વરૂપ અને તત્સંબંધી યતનાઓ, 'દ્રવ્ય-ભાવપ્રતિબદ્ધ' રૂપ તૃતીય ભંગવાળા ઉપાશ્રયમાં રહેવાથી લાગતા દોષ વગેરે, 'દ્રવ્ય-ભાવ-અપ્રતિબદ્ધ' રૂપ ચતુર્થ ભંગવાળા ઉપાશ્રયોની નિર્દોષતાનું પ્રરૂપણ.[૧]

દ્વિતીય સૂત્રની વ્યાખ્યામાં આનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે જે ઉપાશ્રયની નજીક ગૃહસ્થો રહેતા હોય ત્યાં નિર્ગ્રન્થીઓનો નિવાસ વિહિત છે. દ્રવ્ય-પ્રતિબદ્ધ તથા ભાવપ્રતિબદ્ધ ઉપાશ્રયોમાં રહેવાથી નિર્ગ્રન્થીઓને લાગતા દોષો અને યતનાઓનું પણ વર્ણન કરવામાં આવ્યું છે.[૨]

ગૃહપતિકુલમધ્યવાસપ્રકૃતસૂત્ર :

શ્રમણોનું ગૃહપતિકુલની મધ્યમાં રહેવું વર્જિત છે. આના વિચાર માટે આચાર્યે શાલાદ્વાર, મધ્યદ્વાર અને છિંડિકાદ્વારનો આશ્રય લીધો છે.

૧. શાલાદ્વાર — શ્રમણોએ શાલામાં રહેવાથી લાગતા દોષોનું ૧. પ્રત્યપાય, ૨. વૈક્રિય, ૩. અપાવૃત, ૪. આદર્શ, ૫. કલ્પસ્થ, ૬. ભક્ત, ૭. પૃથિવી, ૮. ઉદક, ૯. અગ્નિ, ૧૦. બીજ અને ૧૧. અવહન્ન — આ અગિયાર દ્વારોથી વર્ણન કર્યું છે.[૩]

૨. મધ્યદ્વાર — શ્રમણોએ શાલાની મધ્યમાં બનેલાં ભવન વગેરેમાં રહેવાથી લાગતા દોષોનું ઉપર્યુક્ત અગિયાર દ્વારો ઉપરાંત ૧. અતિગમન, ૨. અનાભોગ, ૩. અવભાષણ, ૪. મજ્જન અને ૫. હિરણ્ય — આ પાંચ દ્વારોથી નિરૂપણ કર્યું છે.[૪]

૩. છિંડિકાદ્વાર — છિંડિકાનો અર્થ છે પુરોહડ અર્થાત્ વસતિના દ્વાર પર બનેલો પ્રતિશ્રય. છિંડિકામાં રહેવાથી લાગતાં દોષોનો વિવિધ દૃષ્ટિઓથી વિચાર કર્યો છે. આ દ્વારો સાથે સંબંધ રાખનારી યતનાઓનું પણ વર્ણન કરવામાં આવ્યું છે.[૫]

શ્રમણીઓની દૃષ્ટિએ ગૃહપતિવાસનો વિચાર કરતાં આચાર્યે બતાવ્યું છે કે તેમણે પણ ગૃહપતિકુળની મધ્યમાં રહેવું ન જોઈએ. શાળા વગેરેમાં રહેવાથી શ્રમણીઓને અનેક પ્રકારના દોષો લાગે છે.[૬]

---

૧. ગા. ૨૫૮૩-૨૬૧૫. ૨. ગા. ૨૬૧૬-૨૬૨૮.
૩. ગા. ૨૬૩૩-૨૬૪૪. ૪. ગા. ૨૬૪૫-૨૬૫૨.
૫. ગા. ૨૬૫૩-૨૬૬૭. ૬. ગા. ૨૬૬૮-૨૬૭૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યવશમનપ્રકૃતસૂત્ર :

આ સૂત્ર[૧]માં એમ બતાવવામાં આવ્યું છે કે સાધુઓમાં પરસ્પર ક્લેશ થાય ત્યારે ઉપશમ ધારણ કરીને ક્લેશ શાન્ત કરી દેવો જોઈએ. જે ઉપશમ ધારણ કરે છે તે આરાધક છે. જે ઉપશમ ધારણ નથી કરતો તે વિરાધક છે. પ્રસ્તુત સૂત્રની વ્યાખ્યા કરતાં ભાષ્યકારે નિમ્ન વિષયોનું સ્પષ્ટીકરણ કર્યું છે : વ્યવશમિતના એકાર્થક શબ્દો — ક્ષામિત, વ્યવશમિત, વિનાશિત અને ક્ષપિત; પ્રાભૃત શબ્દના પર્યાયો — પ્રાભૃત, પ્રહેણક અને પ્રણયન; અધિકરણ પદના નિક્ષેપો; દ્રવ્યાધિકરણના નિર્વર્તના, નિક્ષેપણા, સંયોજના અને નિસર્જના — આ ચાર ભેદો, ભાવાધિકરણ — કષાય દ્વારા જીવ કઈ રીતે વિભિન્ન ગતિઓમાં જાય છે; નિશ્ચય અને વ્યવહારનયની અપેક્ષાએ દ્રવ્યનું ગુરુત્વ, લઘુત્વ, ગુરુલઘુત્વ અને અગુરુલઘુત્વ; જીવો દ્વારા કર્મ-ગ્રહણ અને તજ્જન્ય વિવિધ ગતિઓ; ઉદીર્ણ અને અનુદીર્ણ કર્મ; ભાવાધિકરણ ઉત્પન્ન થવાનાં છ પ્રકારનાં કારણો — સચિત્ત, અચિત્ત, મિશ્ર, વચોગત, પરિહાર અને દેશકથા; નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થીઓમાં પરસ્પર અધિકરણ — ક્લેશ થતો હોય તે વખતે ઉપેક્ષા, ઉપહાસ વગેરે કરનાર માટે પ્રાયશ્ચિત્ત; નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થીઓના પારસ્પરિક ક્લેશની ઉપેક્ષા કરનાર આચાર્ય વગેરેને લાગનાર દોષો અને તત્સમ્બન્ધી જલચર અને હસ્તિયૂથનું દૃષ્ટાન્ત; સાધુ-સાધ્વીઓના અંદરના ઝઘડાઓને ઉકેલવાની વિધિ; આચાર્ય વગેરેના ઉપદેશથી બે કલહકારીઓમાંથી એક તો શાંત થઈ જાય પરંતુ બીજો શાંત ન થાય તો તે સમયે શું કરવું જોઈએ તે બાબતનો સંકેત; 'પર'નું નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, આદેશ, ક્રમ, બહુ, પ્રધાન અને ભાવ નિક્ષેપોનું વિવેચન, અધિકરણ-ક્લેશ માટે અપવાદ.[૨]

ચારપ્રકૃતસૂત્ર :

પ્રથમ ચારસૂત્રનું વ્યાખ્યાન કરતાં એમ કહેવામાં આવ્યું છે કે શ્રમણશ્રમણીઓએ વર્ષાઋતુમાં એક ગામથી બી૰ ગામ ન જવું જોઈએ. વર્ષાવાસ બે પ્રકારનો હોય છે : પ્રાવૃટ્ અને વર્ષા. આમાં વિહાર કરવાથી તથા વર્ષાઋતુ પૂર્ણ થઈ જવા છતાં વિહાર ન કરવાથી લાગનાર દોષોનું પ્રાયશ્ચિત્ત કરવું પડે છે. આપવાદિક કારણોથી

---

૧. આ પ્રકૃત ભાષ્યકારે ગા. ૨૩૪૨માં પ્રાભૃતસૂત્રરૂપે તથા ચૂર્ણિકાર તથા વિશેષચૂર્ણિકારે અધિકરણસૂત્ર રૂપે આપ્યું છે. મુનિશ્રી પુણ્યવિજયજીએ સૂત્રનો વાસ્તવિક આશય ધ્યાનમાં રાખતાં આનું નામ વ્યવશમનસૂત્ર રાખ્યું છે.

— બૃહત્કલ્પસૂત્ર, વિભાગ-૩, વિષયાનુક્રમ, પૃ. ૩૦.

૨. ગા. ૨૬૭૬-૨૭૩૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્ષાઋતુમાં વિહાર કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તો વિશેષ યતનાઓના સેવનનું વિધાન છે.[૧]

નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થીઓએ હેમંત અને ગ્રીષ્મઋતુના આઠ મહિનામાં વિહાર કરવો જોઈએ. આ આઠ મહિનાઓમાં વિહાર કરવાથી અનેક લાભો થાય છે તથા ન કરવાથી અનેક દોષો લાગે છે. વિહાર કરતાં માર્ગમાં આવનાર માસકલ્પને યોગ્ય ગ્રામ-નગરાદિ ક્ષેત્રોને ચૈતન્યવંદનાદિ નિમિત્તે છોડીને ચાલ્યા જવાથી અનેક દોષો લાગે છે. હા, પરંતુ આપવાદિક કારણોથી તેમ કરવું પડે તો તેમાં કોઈ દોષ નથી.[૨]

વૈરાજ્યપ્રકૃતસૂત્ર :

આ સૂત્રની વ્યાખ્યામાં એમ બતાવવામાં આવ્યું છે કે નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થીઓએ વૈરાજ્ય અર્થાત્ વિરુદ્ધરાજ્યમાં ફરી ફરી ગમનાગમન ન કરવું જોઈએ. આ વ્યાખ્યામાં નિમ્ન વિષયો પર વિચાર કરવામાં આવ્યો છે : વૈરાજ્ય, વિરુદ્ધરાજ્ય, સદ્યોગમન, સદ્યોઆગમન, વૈર વગેરે પદ, વૈરાજ્યના ચાર પ્રકાર (અરાજક, યૌવરાજ્ય, વૈરાજ્ય અને દ્વૈરાજ્ય), વૈરાજ્ય – વિરુદ્ધરાજ્યમાં આવવા-જવાથી લાગનાર આત્મવિરાધના વગેરે દોષો, વૈરાજ્ય – વિરુદ્ધરાજ્યમાં ગમનાગમન સંબંધિત અપવાદ અને યતનાઓ.[૩]

અવગ્રહપ્રકૃતસૂત્ર :

પ્રથમ અવગ્રહસૂત્રની વ્યાખ્યા કરતાં ભાષ્યકાર કહે છે કે ભિક્ષાચર્યા માટે ગયેલા નિર્ગ્રન્થને જો ગૃહપતિ વસ્ત્ર, પાત્ર, કંબલ વગેરે માટે પ્રાર્થના કરે તો તે તે ઉપકરણ લઈને આચાર્ય સમક્ષ પ્રસ્તુત કરે અને આચાર્યની આજ્ઞા લઈને જ તેને રાખે અથવા કામમાં લે. વસ્ત્ર બે પ્રકારનાં છે : યાચનાવસ્ત્ર અને નિમંત્રણાવસ્ત્ર. યાચનાવસ્ત્રનું સ્વરૂપ પહેલાં બતાવવામાં આવી ચૂક્યું છે.[૪] નિમંત્રણાવસ્ત્રનું સ્વરૂપ બતાવતાં આચાર્યે નિમ્નોક્ત વાતોનું સ્પષ્ટીકરણ કર્યું છે : નિમંત્રણાવસ્ત્ર સંબંધી સામાચારી, તેનાથી વિરુદ્ધ આચરણ કરવાથી લાગનાર દોષો અને તેમનું પ્રાયશ્ચિત્ત, નિમંત્રણાવસ્ત્રની શુદ્ધતાનું સ્વરૂપ, ગૃહીત વસ્ત્રનું સ્વામિત્વ વગેરે.[૫]

દ્વિતીય અવગ્રહસૂત્રની વ્યાખ્યામાં બતાવવામાં આવ્યું છે કે સ્થંડિલભૂમિ વગેરે માટે જતી વખતે જો કોઈ નિર્ગ્રન્થને વસ્ત્રાદિની પ્રાર્થના કરે તો તેને પ્રાપ્ત ઉપકરણાદિ

---

૧. ગા.૨૭૩૨-૨૭૪૭. ૨. ગા. ૨૭૪૮-૨૭૫૮.
૩. ગા. ૨૭૫૯-૨૭૯૧. ૪. ગા. ૬૦૩-૬૪૮.
૫. ગા. ૨૭૯૨-૨૮૧૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્ય પાસે લઈ જઈને ઉપસ્થિત કરવાં જોઈએ તથા તેમની આજ્ઞા મળ્યા પછી જ તેમનો ઉપયોગ કરવો જોઈએ.

તૃતીય અને ચતુર્થ સૂત્રની વ્યાખ્યામાં નિર્ગ્રન્થીઓની દૃષ્ટિએ વસ્ત્રગ્રહણ વગેરેનો વિચાર કરવામાં આવ્યો છે. નિર્ગ્રન્થી ગૃહપતિઓ પાસેથી મળનારાં વસ્ત્ર-પાત્રાદિ પ્રવર્તિનીની આજ્ઞાથી જ પોતાના કામમાં લઈ શકે છે.[૨]

રાત્રિભક્તપ્રકૃતસૂત્ર :

નિર્ગ્રન્થ નિર્ગ્રન્થીઓને રાત્રિ સમયે અથવા વિકાલમાં અશન-પાનાદિનું ગ્રહણ નથી કલ્પતું. પ્રસ્તુત સૂત્રનું વિવેચન કરતાં ભાષ્યકારે નિમ્ન વિષયોની ચર્ચા કરી છે : 'રાત્રિ' અને 'વિકાલ' પદોની વ્યાખ્યા; રાત્રિમાં ખાવા-પીવાથી લાગનાર આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ, સંયમવિરાધના વગેરે દોષો; રાત્રિભોજનવિષયક 'दिवा गृहीतं दिवा भुक्तम्', 'दिवा गृहीतं रात्रौ भुक्तम्', 'रात्रौ गृहीतं दिवा भुक्तम्' અને 'रात्रौ गृहीतं रात्रौ भुक्तम्' રૂપ ચતુર્ભંગી તથા તત્સમ્બન્ધી પ્રાયશ્ચિત્ત; રાત્રિભોજનગ્રહણસમ્બન્ધી આપવાદિક કારણો; રુગ્ણ, ક્ષુધિત, પિપાસિત, અસહિષ્ણુ, ચન્દ્રવેધ અનશન વગેરે સંબંધિત અપવાદ; અધ્વગમન અર્થાત્ દેશાન્તરગમનની અનુજ્ઞા; અધ્વગમનોપયોગી ઉપકરણ; ૧. ચર્મદ્વાર — તલિકા, પુટ, વર્ધ, કોશક, કૃત્તિ, સિક્કક, કાપોતિક વગેરે; ૨. લોહગ્રહણદ્વાર — પિપ્પલક, સૂચી, આરી, નખહરણિકા વગેરે, ૩. નન્દીભાજનદ્વાર; ૪. ધર્મકરકદ્વાર; ૫. પરતીર્થિકોપકરણદ્વાર; ૬. ગુલિકાદ્વાર; ૭. ખોલદ્વાર; અધ્વગમનોપયોગી ઉપકરણ ન લેનાર માટે પ્રાયશ્ચિત્ત; પ્રયાણ કરતી વખતે શકુનાવલોકન; સિંહપર્ષદા, વૃષભપર્ષદા અને મૃગપર્ષદાનું સ્વરૂપ; માર્ગમાં અન્ન-જલ પ્રાપ્ત ન થવાથી તેની પ્રાપ્તિની વિધિ અને તદ્વિષયક દ્વાર — ૧. પ્રતિસાર્થદ્વાર, ૨. સ્તેનપલ્લીદ્વાર, ૩. શૂન્યગ્રામદ્વાર, ૪. વૃક્ષાદિપ્રલોકનદ્વાર, ૫. નન્દિદ્વાર, ૬. દ્વિવિધદ્રવ્યદ્વાર; ઉત્સર્ગરૂપે રાત્રિમાં સંસ્તારક, વસતિ વગેરે ગ્રહણ કરવાથી લાગનાર દોષો અને પ્રાયશ્ચિત્તો; રાત્રિમાં વસતિ વગેરે ગ્રહણ કરવાના આપવાદિક કારણો; ગીતાર્થ નિર્ગ્રન્થો માટે વસતિ ગ્રહણ કરવાની વિધિ; અગીતાર્થમિશ્રિત ગીતાર્થ નિર્ગ્રન્થો માટે વસતિ-ગ્રહણની વિધિ; અંધારામાં વસતિની પ્રતિલેખના માટે પ્રકાશનો ઉપયોગ કરવાની વિધિ તથા યતનાઓ; ગ્રામાદિની બહાર વસતિ ગ્રહણ કરવા માટે યતનાઓ; કુલ, ગણ, સંઘ વગેરેની રક્ષા નિમિત્તે લાગનાર અપરાધોની નિર્દોષતા અને તદ્વિષયક સિંહત્રિકઘાતક કૃતકરણ શ્રમણનું ઉદાહરણ.[૩]

---

૧. ગા. ૨૮૧૪. ૨. ગા. ૨૮૧૫-૨૮૩૫.

૩. ગા. ૨૮૩૬-૨૯૬૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાત્રિવસ્ત્રાદિગ્રહણપ્રકૃતસૂત્ર :

શ્રમણ-શ્રમણીઓને રાત્રિ સમયે અથવા વિકાલમાં વસ્ત્રાદિગ્રહણ નથી કલ્પતું. આ નિયમનું વિશ્લેષણ કરતાં ભાષ્યકારે નિમ્નલિખિત વાતોનું સ્પષ્ટીકરણ કર્યું છે : રાત્રિમાં વસ્ત્રાદિગ્રહણ કરવાથી લાગતા દોષો તથા પ્રાયશ્ચિત્ત; આ નિયમ સંબંધિત અપવાદ; સંયતભદ્ર, ગૃહિભદ્ર, સંયતપ્રાન્ત અને ગૃહિપ્રાન્ત ચોરવિષયક ચતુર્ભંગી; સંયતભદ્ર-ગૃહિપ્રાન્ત ચોર દ્વારા લૂંટવામાં આવેલા ગૃહસ્થને વસ્ત્રાદિ આપવાની વિધિ; ગૃહિભદ્ર-સંયતપ્રાન્ત ચોર દ્વારા શ્રમણ અને શ્રમણી આ બંનેમાંથી કોઈ એકને લૂંટી લેવાયું હોય તો પરસ્પર વસ્ત્ર આદાન-પ્રદાન કરવાની વિધિ; શ્રમણ-ગૃહસ્થ, શ્રમણ-શ્રમણી, સમનોજ્ઞ-અમનોજ્ઞ અથવા સંવિગ્ન-અસંવિગ્ન આ બંને પક્ષોને લૂંટી લેવામાં આવ્યા હોય તે વખતે એક બીજાને વસ્ત્ર આદાન-પ્રદાન કરવાની વિધિ.[૧]

હતાહતિકા-હરિતાહતિકાપ્રકૃતસૂત્ર :

પહેલાં હૃત અર્થાત્ હરવામાં આવેલું હોય અને પછીથી આહૃત અર્થાત્ લાવવામાં આવ્યું હોય તેને હૃતાહૃત કહે છે. હરિત અર્થાત્ વનસ્પતિમાં આહૃત અર્થાત્ પ્રક્ષિપ્તને હરિતાહૃત કહે છે. ચોરો દ્વારા જે વસ્ત્રનું પહેલાં હરણ કરી લેવામાં આવ્યું હોય અને પછીથી પાછું આપી દેવાયું હોય અથવા જેને ચોરીને વનસ્પતિ વગેરેમાં ફેંકી દેવામાં આવ્યું હોય તેનાં ગ્રહણ સંબંધી નિયમો પર પ્રસ્તુત સૂત્રની વ્યાખ્યામાં પ્રકાશ પાડવામાં આવ્યો છે. પ્રશંગવશાત્ માર્ગમાં આચાર્યને ગુપ્ત રાખવાની વિધિ અને આવશ્યકતાનું પણ વિવેચન કરવામાં આવ્યું છે.[૨]

અધ્વગમનપ્રકૃતસૂત્ર :

શ્રમણ-શ્રમણીઓ માટે રાત્રિમાં અથવા વિકાલમાં અધ્વગમન નિષિદ્ધ છે. અધ્વ પંથ અને માર્ગ ભેદથી બે પ્રકારનો છે. જેની વચમાં ગ્રામ, નગર વગેરે કંઈ પણ ન હોય તેને પંથ કહે છે. જે ગ્રામાનુગ્રામની પરંપરાથી યુક્ત હોય તેને માર્ગ કહે છે. રાત્રિમાં માર્ગરૂપ અધ્વગમન કરવાથી મિથ્યાત્વ, ઉડ્ડાહ, સંયમવિરાધના વગેરે અનેક દોષો લાગે છે. પંથ બે પ્રકારનો હોય છે : છિન્નાધ્વા અને અછિન્નાધ્વા. રાત્રિ સમયે પંથગમન કરવાથી પણ અનેક દોષો લાગે છે. અપવાદરૂપે રાત્રિગમનની છૂટ છે પરંતુ તેના માટે અધ્વોપયોગી ઉપકરણોનો સંગ્રહ તથા યોગ્ય સાર્થનો સહયોગ આવશ્યક છે. સાર્થ પાંચ પ્રકારનો છે : ૧. ભંડી, ૨. બહિલક, ૩. ભારવહ, ૪. ઔદરિક અને ૫. કાર્પટિક. આમાંથી કયા પ્રકારના સાર્થ સાથે

---

૧. ગા. ૨૯૬૯-૩૦૦૦. ૨. ગા. ૩૦૦૧-૩૦૩૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રમણ-શ્રમણીઓએ જવું જોઈએ, તે તરફ નિર્દેશ કરતાં આચાર્યે આઠ પ્રકારના સાર્થવાહો અને આઠ પ્રકારના આદિયાત્રિકો અર્થાત્ સાર્થવ્યવસ્થાપકોનો ઉલ્લેખ કર્યો છે. તેની પછી સાર્થવાહની અનુજ્ઞા લેવાની વિધિ અને ભિક્ષા, ભક્તાર્થના, વસતિ, સ્થંડિલ વગેરે સાથે સંબંધ રાખનારી યતનાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. અધ્વગમનોપયોગી અધ્વકલ્પનું સ્વરૂપ દર્શાવતાં અધ્વગમનસંબંધી અશિવ, દુર્ભિક્ષ, રાજદ્વિષ્ટ વગેરે વ્યાઘાતો અને તત્સંબંધી યતનાઓનું વિસ્તૃત વિવેચન કરવામાં આવ્યું છે.

સંખડિપ્રકૃતસૂત્ર :

'સંખડિ'ની વ્યુત્પત્તિ આ રીતે કરવામાં આવી છે : સમ્-ઇતિ સામસ્ત્યેન ખણ્ડ્યન્તે ત્રોટયન્તે જીવાનાં વનસ્પતિપ્રભૃતીનામાયૂંષિ પ્રાચુર્યેણ યત્ર પ્રકરણ વિશેષે સા ખલુ સંખડિરિત્યુચ્યતે । અર્થાત્ જે પ્રસંગ વિશેષમાં સામૂહિક રૂપે વનસ્પતિ વગેરેનો ઉપભોગ કરવામાં આવતો હોય તેને સંખડિ કહે છે.[૨] પ્રસ્તુત સૂત્રની વ્યાખ્યામાં એમ બતાવવામાં આવ્યું છે કે નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થીઓએ રાત્રિ સમયે સંખડિમાં અથવા સંખડિને લક્ષ્યમાં રાખીને ક્યાંય ન જવું જોઈએ. માયા, લોલુપતા વગેરે કારણોથી સંખડિમાં જનારને લાગતા દોષો, યાવન્તિકા, પ્રગણિતા, સક્ષેત્રા, અક્ષેત્રા, બાહ્યા, આકીર્ણા વગેરે સંખડિના વિવિધ ભેદો તથા તત્સમ્બન્ધી દોષોનું પ્રાયશ્ચિત્ત, સંખડિમાં જવા યોગ્ય આપવાદિક કારણો અને આવશ્યક યતનાઓ વગેરે વિષયો પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે.[૩]

વિચારભૂમિ-વિહારભૂમિપ્રકૃતસૂત્ર :

નિર્ગ્રન્થોએ રાત્રિ સમયે વિચારભૂમિ – નીહારભૂમિ અથવા વિહારભૂમિ – સ્વાધ્યાયભૂમિમાં એકલા ન જવું જોઈએ. વિચારભૂમિ બે પ્રકારની છે : કાયિકીભૂમિ અને ઉચ્ચારભૂમિ. આમાં રાત્રિ સમયે એકલા જવાથી અનેક દોષો લાગે છે. અપવાદરૂપે એકલા જવાનો પ્રસંગ આવતાં વિવિધ પ્રકારની યતનાઓનાં સેવનનું વિધાન કરવામાં આવ્યું છે. આ જ રીતે નિર્ગ્રન્થી માટે પણ રાત્રિ સમયે એકલા વિચારભૂમિ અને વિહારભૂમિમાં જવાનો નિષેધ છે.[૪]

આર્યક્ષેત્રપ્રકૃતસૂત્ર :

આ સૂત્રની વ્યાખ્યામાં આચાર્યે શ્રમણ-શ્રમણીઓને વિહારયોગ્ય ક્ષેત્રની મર્યાદાઓનું વિવેચન કર્યું છે. સાથે જ આર્યક્ષેત્રવિષયક પ્રસ્તુત સૂત્ર અથવા સંપૂર્ણ કલ્પાધ્યયનનું જ્ઞાન ન ધરાવનાર અથવા જ્ઞાન હોવા છતાં પણ તેનું આચરણ ન

---

૧. ગા. ૩૦૩૮-૩૧૩૮. ૨. ગા. ૩૧૪૦. ૩. ગા. ૩૧૪૧-૩૨૦૬.
૪. ગા. ૩૨૦૭-૩૨૩૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરનાર આચાર્યની અયોગ્યતાનું દિગ્દર્શન કરાવ્યું છે. આ પ્રસંગે સાપના માથા અને પૂંછડીનો સંવાદ, ખસદ્રુમશ્રૃગાલનું આખ્યાન, વાંદરા અને ચકલીનો સંવાદ, વૈદ્યપુત્રનું કથાનક વગેરે ઉદાહરણો પણ પ્રસ્તુત કરવામાં આવ્યાં છે. 'આર્ય' પદનો ૧. નામ, ૨. સ્થાપના, ૩. દ્રવ્ય, ૪. ક્ષેત્ર, ૫. જાતિ, ૬. કુલ, ૭. કર્મ, ૮. ભાષા, ૯. શિલ્પ, ૧૦. જ્ઞાન, ૧૧. દર્શન અને ૧૨. ચારિત્રરૂપ બાર પ્રકારના નિક્ષેપોથી વિચાર કરવામાં આવ્યો છે. આર્યજાતિઓ છ છે : અંબષ્ઠ, કલિંદ, વૈદેહ, વિદક, હારિત અને તંતુણ. આર્યકુલ પણ છ છે : ઉગ્ર, ભોગ, રાજન્ય, ક્ષત્રિય, જ્ઞાત – કૌરવ અને ઈક્ષ્વાકુ. આર્યક્ષેત્રની બહાર વિચરવાથી લાગતા દોષોનું નિરૂપણ કરતાં સ્કન્દકાચાર્યનું દૃષ્ટાન્ત આપવામાં આવ્યું છે. જ્ઞાન-દર્શન-ચારિત્રની રક્ષા અને વૃદ્ધિને દૃષ્ટિમાં રાખતાં આર્યક્ષેત્રની બહાર વિચરવાનાં વિધાનની દૃષ્ટિએ સંપ્રતિરાજનું ઉદાહરણ પણ પ્રસ્તુત કરવામાં આવ્યું છે.[૧] અહીં સુધી પ્રથમ ઉદ્દેશનો અધિકાર છે.

દ્વિતીય ઉદ્દેશ :

દ્વિતીય ઉદ્દેશની વ્યાખ્યામાં નિમ્નલિખિત સાત પ્રકારના સૂત્રોનો અધિકાર છે : ૧. ઉપાશ્રયપ્રકૃત, ૨. સાગારિકપારિહારિકપ્રકૃત, ૩. આહૃતિકાનિહૃતિકાપ્રકૃત, ૪. અંશિકાપ્રકૃત, ૫. પૂજ્યભક્તોપકરણપ્રકૃત, ૬. ઉપધિપ્રકૃત, ૭. રજોહરણપ્રકૃત.[૨]

ઉપાશ્રયપ્રકૃતસૂત્રોનાં વિવેચનમાં ઉપાશ્રયના વ્યાઘાતોનું વિસ્તૃત વર્ણન છે. જેમાં શાલિ, વ્રીહિ વગેરે સચેતન ધાન્યકણ વીખરાયેલાં હોય તે ઉપાશ્રયમાં શ્રમણ-શ્રમણીઓ માટે થોડા સમય માટે પણ રહેવું વર્જિત છે. બીજાકીર્ણ વગેરે ઉપાશ્રયોમાં રહેવાથી લાગતા દોષો અને પ્રાયશ્ચિત્તોનો નિર્દેશ કરતાં ભાષ્યકારે તદ્વિષયક અપવાદો અને યતનાઓ તરફ પણ સંકેત કર્યો છે. પ્રસંગવશાત્ ઉત્સર્ગસૂત્ર, આપવાદિકસૂત્ર, ઉત્સર્ગાપવાદિકસૂત્ર, અપવાદોત્સર્ગિકસૂત્ર, ઉત્સર્ગોત્સર્ગિકસૂત્ર, અપવાદાપવાદિકસૂત્ર, દેશસૂત્ર, નિરવશેષસૂત્ર, ઉત્ક્રમસૂત્ર અને ક્રમસૂત્રનું સ્વરૂપ બતાવ્યું છે. આગળ એમ પણ બતાવ્યું છે કે સુરાવિકટકુંભ, શીતોદકવિકટકુંભ, જ્યોતિ, દીપક, પિંડ, દુગ્ધ, દધિ, નવનીત, આગમન, વિકટ, વંશી, વૃક્ષ, અભ્રાવકાશ વગેરે પદાર્થોથી યુક્ત સ્થાનોમાં રહેવું સાધુ-સાધ્વીઓ માટે નિષિદ્ધ છે.[૨]

સાગારિકપારિહારિકપ્રકૃતસૂત્રોનું વ્યાખ્યાન કરતાં આચાર્યે વસતિના એક અથવા અનેક સાગારિકોના આહાર વગેરેના ત્યાગની વિધિ બતાવી છે. આનો નવ દ્વારોથી

---

૧. ગા. ૩૨૪૦-૩૨૮૯. ૨. ગા. ૩૨૯૦-૩૫૧૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિચાર કરવામાં આવ્યો છે : ૧. સાગારિકદ્વાર, ૨. કઃ સાગારિકદ્વાર, ૩. કદા સાગારિકદ્વાર, ૪. કતિવિધઃ સાગારિકપિંડદ્વાર, ૫. અશય્યાતરો વા કદાદ્વાર, ૬. શય્યાતરઃ કસ્ય પરિહર્તવ્યદ્વાર, ૭. દોષદ્વાર, ૮. કલ્પનીયકારણદ્વાર, ૯. યતનાદ્વાર – પિતા-પુત્રદ્વાર, સપત્નીદ્વાર, વણિગ્દ્વાર, ઘટાદ્વાર અને વ્રજદ્વાર.[૧]

આહૃતિકા-નિહૃતિકાપ્રકૃતસૂત્રોની વ્યાખ્યામાં બીજાને ત્યાંથી આવનારી ભોજન-સામગ્રીનું દાન કરનાર સાગારિક અને ગ્રહણ કરનાર શ્રમણના કર્તવ્યોનું વર્ણન કરવામાં આવ્યું છે.[૨]

અંશિકાપ્રકૃતસૂત્રની વ્યાખ્યામાં એ વાતનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે જ્યાં સુધી સાગારિકની અંશિકા (ભાગ) અલગ ન કરવામાં આવી હોય ત્યાં સુધી બીજાનો અંશિકાપિંડ શ્રમણ માટે અગ્રહણીય છે. સાગારિકની અંશિકાનું પાંચ પ્રકારના દ્વારોથી વર્ણન કરવામાં આવ્યું છે : ૧. ક્ષેત્રદ્વાર, ૨. યંત્રદ્વાર, ૩. ભોજ્યદ્વાર, ૪. ક્ષીરદ્વાર અને ૫. માલાકારદ્વાર.[૩]

પૂજ્યભક્તોકરણપ્રકૃતસૂત્રોનું વિવેચન કરતાં કહેવામાં આવ્યું છે કે વિશિષ્ટ વ્યક્તિઓ માટે નિર્મિત ભક્ત અથવા ઉપકરણો સાગારિક સ્વયં અથવા તેના પરિવારના કોઈ સભ્ય શ્રમણને આપે તો તેવા ગ્રહણ ન કરવાં જોઈએ.[૪]

ઉપધિપ્રકૃતસૂત્રની વ્યાખ્યામાં જાંગિક, ભાંગિક, સાનક, પોતક અને તિરીટપટ્ટક – આ પાંચ પ્રકારના વસ્ત્રોનું સ્વરૂપ, ઉપધિના પરિભોગની વિધિ, તેની સંખ્યા, અપવાદ વગેરે પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.[૫]

રજોહરણપ્રકૃતસૂત્રની વ્યાખ્યામાં ઔર્ણિક, ઔષ્ટ્રિક, સાનક, વચ્ચકચિપ્પક અને મુંજચિપ્પક – આ પાંચ પ્રકારના રજોહરણોનાં સ્વરૂપ, તેમનાં ગ્રહણની વિધિ, ક્રમ અને કારણોનો વિચાર કરવામાં આવ્યો છે.[૬]

તૃતીય ઉદ્દેશ – ઉપાશ્રયપ્રવેશપ્રકૃતસૂત્ર :

પ્રસ્તુત સૂત્રની વ્યાખ્યામાં એ સિદ્ધાંતનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે નિર્ગ્રન્થોએ નિર્ગ્રન્થીઓના અને નિર્ગ્રન્થીઓએ નિર્ગ્રન્થોના ઉપાશ્રયમાં શયન, આહાર, વિહાર, સ્વાધ્યાય, ધ્યાન, કાયોત્સર્ગ વગેરે કરવું વર્જિત છે. આ પ્રસંગ પર સ્થવિરાદિને પૂછીને અથવા વગર પૂછે નિર્ગ્રન્થીઓના ઉપાશ્રયમાં વગર કારણે જવાથી આચાર્યાદિને લાગનાર દોષો અને ઓઘ પ્રાયશ્ચિત્તોનું વર્ણન કરવામાં આવ્યું

---

૧. ગા. ૩૫૧૮-૩૬૧૫. ૨. ગા. ૩૬૧૬-૩૬૪૨.
૩. ગા. ૩૬૪૩-૩૬૫૨. ૪. ગા. ૩૬૫૩-૮.
૫. ગા. ૩૬૫૯-૩૬૭૨. ૬. ગા. ૩૬૭૩-૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. કોઈ કારણસર નિર્ગ્રન્થીઓના ઉપાશ્રયમાં પ્રવેશ કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તો તદ્વિષયક આજ્ઞા, વિધિ અને કારણો પર નિમ્નલિખિત છ દ્વારોથી પ્રકાશ પાડવામાં આવ્યો છે : ૧. કારણદ્વાર, ૨. પ્રાઘુણકદ્વાર, ૩ ગણધરદ્વાર, ૪. મહર્દ્ધિકદ્વાર, ૫. પ્રચ્છાદનાદ્વાર, ૬. અસહિષ્ણુદ્વાર.[૧]

ચર્મપ્રકૃતસૂત્ર :

નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થીવિષયક ચર્મોપયોગ સબંધિત વિષયોનું વિવેચન કરતાં ભાષ્યકારે નિર્ગ્રન્થીઓને સલોમ ચર્મના ઉપભોગથી લાગનાર દોષ અને પ્રાયશ્ચિત્ત, તદ્વિષયક અપવાદ, નિર્ગ્રન્થીઓ માટે સલોમ ચર્મના નિષેધના કારણો, ઉત્સર્ગરૂપે નિર્ગ્રન્થો માટે પણ સલોમ ચર્મ અકલ્પ્ય, પુસ્તકપંચક, તૃણપંચક, દૂષ્યપંચકદ્વય અને ચર્મપંચકનું સ્વરૂપ, તદ્વિષયક દોષ, પ્રાયશ્ચિત્ત અને યતનાઓ, નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થીઓ માટે કૃત્સ્નચર્મ અર્થાત્ વર્ણ-પ્રમાણાદિથી પ્રતિપૂર્ણ ચર્મના ઉપભોગ અથવા સંગ્રહનો નિષેધ, સકલકૃત્સ્ન, પ્રમાણકૃત્સ્ન, વર્ણકૃત્સ્ન અને બંધનકૃત્સ્નનું સ્વરૂપ, તત્સંબંધી દોષ અને પ્રાયશ્ચિત્ત, કૃત્સ્નકર્મના ઉપભોગાદિથી લાગનાર દોષોનું ગર્વ, નિર્માર્દવતા, નિરપેક્ષ, નિર્દય, નિરંતર અને ભૂતોપઘાત દ્વારોથી નિરૂપણ, તત્સમ્બન્ધી અપવાદ અને યતનાઓ, વર્ણ-પ્રમાણાદિથી રહિત ચર્મના ઉપભોગ અને સંગ્રહનું વિધાન, સકારણ અકૃત્સ્નનો ઉપભોગ અને નિષ્કારણક ઉપભોગથી લાગનાર દોષો અને તેમનું પ્રાયશ્ચિત્ત, અકૃત્સ્નચર્મના અષ્ટાદશ ખંડ વગેરે વિષયોનું વિવેચન કરવામાં આવ્યું છે.[૨]

કૃત્સ્નાકૃત્સ્નવસ્ત્રપ્રકૃતસૂત્ર :

નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થીઓ માટે કૃત્સ્નવસ્ત્રનો સંગ્રહ અને ઉપભોગ અકલ્પ્ય છે. તેમણે અકૃત્સ્નવસ્ત્રનો સંગ્રહ તથા ઉપયોગ કરવો જોઈએ. કૃત્સ્નવસ્ત્રનો નિક્ષેપ છ પ્રકારનો છે : ૧. નામકૃત્સ્ન, ૨. સ્થાપનાકૃત્સ્ન, ૩. દ્રવ્યકૃત્સ્ન, ૪. ક્ષેત્રકૃત્સ્ન, ૫. કાલકૃત્સ્ન અને ૬. ભાવકૃત્સ્ન. દ્રવ્યકૃત્સ્નના બે ભેદ છે : સકલકૃત્સ્ન અને પ્રમાણકૃત્સ્ન. ભાવકૃત્સ્ન બે પ્રકારનું છે : વર્ણયુત ભાવકૃત્સ્ન અને મૂલ્યયુત ભાવકૃત્સ્ન. વર્ણયુત ભાવકૃત્સ્નના પાંચ ભેદ છે : કૃષ્ણ, નીલ, લોહિત, પીત અને શુક્લ. મૂલ્યયુત ભાવકૃત્સ્નના ત્રણ ભેદ છે : જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ. આના માટે વિવિધ દોષ, પ્રાયશ્ચિત્ત અને અપવાદ છે.[૩]

ભિન્નાભિન્નવસ્ત્રપ્રકૃતસૂત્ર :

નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થીઓ માટે અભિન્ન વસ્ત્રનો સંગ્રહ તથા ઉપયોગ અકલ્પ્ય છે.

---

૧. ગા. ૩૬૭૯-૩૮૦૪. ૨. ગા. ૩૮૦૫-૩૮૭૮.

૩. ગા. ૩૮૭૯-૩૯૧૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેનું વિવેચન કરતાં આચાર્યે નિમ્ન વિષયોનું વ્યાખ્યાન કર્યું છે : કૃત્સ્ન અને અકૃત્સ્ન પદોની ભિન્ન અને અભિન્ન પદો સાથે ચતુર્ભંગી; અભિન્ન પદનો દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવદ્રષ્ટિથી વિચાર; તદ્ગ્રહણસંબંધી વિધિ, પ્રાયશ્ચિત્ત વગેરે; ભિન્ન વસ્ત્ર ઉપલબ્ધ ન થવાની અવસ્થામાં અભિન્ન વસ્ત્રનો ફાડીને ઉપયોગ કરવો; વસ્ત્ર ફાડવાથી લાગનારી હિંસા-અહિંસાની ચર્ચા; દ્રવ્યહિંસા અને ભાવહિંસાનું સ્વરૂપ; રાગ, દ્વેષ અને મોહની વિવિધતાના કારણે કર્મબંધમાં ન્યૂનાધિકતા; હિંસા કરવામાં રાગાદિની તીવ્રતાથી તીવ્ર કર્મબંધ અને રાગાદિની મંદતાથી મંદ કર્મબંધ; હિંસકનાં જ્ઞાન અને અજ્ઞાનના કારણે કર્મબંધમાં ન્યૂનાધિકતા; હિંસકના ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔપશમિક વગેરે ભાવોની વિચિત્રતાના કારણે કર્મબંધનું વૈચિત્ર્ય; અધિકરણની વિવિધતાના કારણે કર્મબંધનું વૈવિધ્ય; હિંસકનાં દેહાદિ બળને કારણે કર્મબંધની વિવિધતા; જિનકલ્પિક અને સ્થવિરકલ્પિકની ઉપધિ અને તેની સંખ્યા; સ્થવિરકલ્પિકના પાત્રકબંધ અને રજોહરણનું માપ; ગ્રીષ્મ, શિશિર અને વર્ષાઋતુની દૃષ્ટિથી પટલકોની સંખ્યા અને માપ; રજોહરણનું સ્વરૂપ અને માપ; સંસ્તારક, ઉત્તરપટ્ટ અને ચોલપટ્ટ, રજોહરણની ઊન અને સૂતરની નિષદ્યાઓ; મુખવસ્ત્રિકા, ગોચ્છક, પાત્રપ્રત્યુપેક્ષણિકા અને પાત્રસ્થાપનનું માપ; પ્રમાણાતિરિક્ત ઉપધિસંબંધી અપવાદ; ન્યૂનાધિક ઉપધિથી લાગનાર દોષો; વસ્ત્રનું પરિકર્મ અર્થાત્ સંધિ; વિધિપરિકર્મ અને અવિધિપરિકર્મ; વિભૂષા માટે ઉપધિનાં પ્રક્ષાલન વગેરેથી લાગનાર દોષ અને પ્રાયશ્ચિત્ત; મૂર્ચ્છાયુક્ત થઈને ઉપધિ રાખનારને લાગનાર દોષ અને પ્રાયશ્ચિત્ત; પાત્રવિષયક વિધિ; સંખ્યાથી વધારે અથવા ઓછાં અને માપથી મોટાં અથવા નાનાં પાત્ર રાખવાથી લાગનાર દોષ અને પ્રાયશ્ચિત્ત; પાત્રનું માપ; તદ્વિષયક અપવાદ; પાત્રનાં સુલક્ષણ અને અપલક્ષણ; તુંબ, કાષ્ટ અને મૃત્પાત્ર તથા યથાકૃત, અલ્પપરિકર્મ અને સપરિકર્મ પાત્ર, ગ્રહણના ક્રમ-ભંગથી લાગનાર દોષ અને પ્રાયશ્ચિત્ત; પાત્ર લાવનાર નિર્ગ્રન્થની યોગ્યતા; પાત્રની યાચનાનો સમય; પાત્ર-યાચનાના દિવસો; પાત્રપ્રાપ્તિનાં સ્થાનો; તંદુલધાવન; ઉષ્ણોદક વગેરેથી ભાવિત કલ્પ્ય પાત્ર અને તેનાં ગ્રહણની વિધિ; પાત્રગ્રહણવિષયક જઘન્ય યતના; તદ્વિષયક શંકા સમાધાન; પ્રમાણયુક્ત પાત્રની અનુપલબ્ધિની અવસ્થામાં ઉપયોગપૂર્વક પાત્રનું છેદન; પાત્રનાં મુખનું માન; માત્રકવિષયક વિધિ, પ્રમાણ, અપવાદ વગેરે; નિર્ગ્રન્થીઓ માટે પચીસ પ્રકારની ઓઘોપધિ; નિર્ગ્રન્થીઓનાં શરીરના અધોભાગને ઢાંકવા માટે અવગ્રહાનંતક, પટ્ટ, અર્દ્ધોરુક, ચલનિકા; અન્તર્નિવસની અને બહિર્નિવસની; ઊર્ધ્વભાગને ઢાંકવા માટે કંચુક, ઔપકક્ષિકી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૈકક્ષિકી, સંઘાટી અને સ્કન્ધકરણી; જિનકલ્પિક, સ્થવિરકલ્પિક અને શ્રમણીઓની જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ઉપધિનો વિભાગ વગેરે.[૧]

અવગ્રહાનન્તક-અવગ્રહપટ્ટકપ્રકૃતસૂત્ર :

નિર્ગ્રન્થીઓએ અવગ્રહાનન્તક અને અવગ્રહપટ્ટક નહીં રાખવાથી અનેક દોષો લાગે છે. આ વિષયમાં કેટલાક અપવાદો પણ છે. નિર્ગ્રન્થીઓએ હંમેશા પૂરા વસ્ત્રો સહિત વિધિપૂર્વક બહાર નીકળવું જોઈએ. અવિધિપૂર્વક બહાર નીકળવાથી લાગનાર દોષોનું નિરૂપણ કરતાં ભાષ્યકારે નર્તકી વગેરેનાં ઉદાહરણ આપ્યાં છે. ધર્ષિત – અપહૃત નિર્ગ્રન્થીના પરિપાલનની વિધિનો નિર્દેશ કરતાં તેનો અવર્ણવાદ -અવહેલના વગેરે કરનાર માટે પ્રાયશ્ચિત્તનું વિધાન કર્યું છે. આ જ પ્રસંગે આચાર્યે તે પણ દર્શાવ્યું છે કે પુરુષસંસર્ગના અભાવમાં પણ પાંચ કારણોથી ગર્ભાધાન થઈ શકે છે. તે પાંચ કારણો આ છે : ૧. દુર્વિવૃત અથવા દુર્નિષણ્ણ સ્ત્રીની યોનિમાં પુરુષનિસૃષ્ટ શુક્રપુદ્ગલ કોઈ રીતે પ્રવિષ્ટ થઈ જાય, ૨. સ્ત્રી સ્વયં અને પુત્રકામનાથી તેમને પોતાની યોનિમાં પ્રવેશ કરાવે, ૩. અન્ય કોઈ તેમને તેની યોનિમાં નાખી દે, ૪. વસ્ત્રના સંસર્ગથી શુક્રપુદ્ગલ સ્ત્રી-યોનિમાં પ્રવિષ્ટ થઈ જાય, ૫. ઉદકાચમનથી સ્ત્રીની અંદર શુક્રપુદ્ગલ પ્રવિષ્ટ થઈ જાય.[૨]

નિશ્રાપ્રકૃત તથા ત્રિકૃત્સ્નપ્રકૃતસૂત્ર :

જેમ કે પહેલાં કહેવામાં આવી ચૂક્યું છે, ભિક્ષા માટે ગયેલી નિર્ગ્રન્થીને વસ્ત્ર વગેરેનું ગ્રહણ કરવું હોય તો પ્રવર્તિનીની નિશ્રામાં કરવું જોઈએ. જો પ્રવર્તિની સાથે ન હોય તો તે ક્ષેત્રમાં જે આચાર્ય વગેરે હોય તેમની નિશ્રામાં કરવું જોઈએ.[૩]

ત્રિકૃત્સ્નપ્રકૃતસૂત્રની વ્યાખ્યામાં એ વિધાનનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે પ્રથમ દીક્ષા ગ્રહણ કરનાર શ્રમણ માટે રજોહરણ, ગોચ્છક અને પ્રતિગ્રહરૂપ ત્રણ પ્રકારની ઉપધિનું ગ્રહણ વિહિત છે. જો દીક્ષા લેનારે પહેલાં જ દીક્ષા લઈ લીધી હોય તો તે નવી ઉપધિ લઈને પ્રવ્રજિત નથી થઈ શકતો. આ પ્રસંગે આચાર્યે નિમ્ન વિષયોનું વિવેચન કર્યું છે : પ્રથમ દીક્ષા ગ્રહણ કરનાર શિષ્ય માટે ચૈત્ય, આચાર્ય, ઉપાધ્યાય, ભિક્ષુ વગેરેના પૂજા-સત્કારની વિધિ; તદ્વિષયક વિશોધિકોટિ-અવિશોધિકોટિનું સ્વરૂપ; રજોહરણ, ગોચ્છક અને પ્રતિગ્રહરૂપ ત્રિકૃત્સ્નના ક્રયને યોગ્ય કુત્રિકાપણ; કુત્રિકાપણવાળા નગર; નિર્ગ્રન્થી માટે ચતુઃકૃત્સ્ન ઉપધિ વગેરે.[૪]

---

૧. ગા. ૩૯૧૮-૪૦૯૯. ૨. ગા. ૪૧૦૦-૪૧૪૭.
૩. ગા. ૪૧૪૮-૪૧૮૮. ૪. ગા. ૪૧૮૯-૪૨૩૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમવસરણપ્રકૃતસૂત્ર :

શ્રમણ-શ્રમણીઓએ પ્રથમ સમવસરણ અર્થાત્ વર્ષાકાળ સંબંધિત ક્ષેત્રકાળમાં પ્રાપ્ત વસ્ત્રોનું ગ્રહણ ન કરવું જોઈએ. આ નિયમની પરિપુષ્ટિ માટે નિમ્ન વાતોનું વ્યાખ્યાન કરવામાં આવ્યું છે : વર્ષાઋતુમાં અધિક ઉપધિ લેવાની આજ્ઞા, તેનાં કારણો, તત્સમ્બન્ધી કુટુંબીનું દૃષ્ટાન્ત, વર્ષાઋતુયોગ્ય અધિક ઉપકરણ ન રાખવા સંબંધિત દોષો, વર્ષાઋતુને યોગ્ય ઉપકરણો, તત્સમ્બન્ધી અપવાદ, વર્ષાઋતુની કાળમર્યાદા, વર્ષાવાસના ક્ષેત્રમાંથી નીકળેલા શ્રમણ-શ્રમણીઓ માટે વસ્ત્રાદિ ગ્રહણ કરવાની વિધિ, અપવાદ વગેરે.[૧]

યથારત્નાધિકરવસ્ત્રપરિભાજનપ્રકૃતસૂત્ર :

પ્રસ્તુત સૂત્રની વ્યાખ્યામાં વસ્ત્ર-વિભાજનની વિધિ તરફ નિર્દેશ કરવામાં આવ્યો છે. આમાં બતાવવામાં આવ્યું છે કે યથારત્નાધિક પરિભાજનનો શું અર્થ છે, ક્રમભંગમાં શું દોષ છે, ગુરુઓને યોગ્ય વસ્ત્ર કયાં છે, રત્નાધિક કોણ છે, તેનો શું ક્રમ છે, સમ્મિલિત રૂપમાં લાવવામાં આવેલા વસ્ત્રોનાં પરિભાજન — વિભાજનનો શું ક્રમ છે, લોભી સાધુ સાથે વસ્ત્ર-વિભાજન સમયે કેવો વ્યવહાર કરવો જોઈએ વગેરે.[૨] સચિત્ત, અચિત્ત અને મિશ્રગ્રહણનું વિવેચન કરતાં ભાષ્યકારે બતાવ્યું છે કે જળ, અગ્નિ, ચોર, દુર્ભિક્ષ, મહારણ્ય, ગ્લાન, શ્વાપદ વગેરે ભયપ્રદ પ્રસંગોની ઉપસ્થિતિમાં આચાર્ય, ઉપાધ્યાય, ભિક્ષુ, ક્ષુલ્લક અને સ્થવિર — આ પાંચે નિર્ગ્રન્થો તથા પ્રવર્તિની, ઉપાધ્યાયા, સ્થવિરા, ભિક્ષુણી અને ક્ષુલ્લિકા — આ પાંચ નિર્ગ્રન્થીઓમાંથી કોની કયા ક્રમે રક્ષા કરવી જોઈએ.[૩] એ જ રીતે યથારત્નાધિકશય્યા-સંસ્તારકપરિભાજનપ્રકૃતસૂત્રની પણ વ્યાખ્યા કરવામાં આવી છે.[૪]

કૃતિકર્મપ્રકૃતસૂત્ર :

કૃતિકર્મ બે પ્રકારનું છે : અભ્યુત્થાન અને વંદનક. નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થીઓએ પાર્શ્વસ્થ વગેરે અન્યતીર્થિક, ગૃહસ્થ, યથાચ્છંદ વગેરેને જોઈને અભ્યુત્થાન ન કરવું જોઈએ અર્થાત્ ઊભા ન થવું જોઈએ. આચાર્યાદિ વગેરેને આવતા જોઈને અભ્યુત્થાન ન કરનારને દોષ લાગે છે. વંદનક કૃતિકર્મનું સ્વરૂપ દર્શાવતાં નિમ્નોક્ત વાતોની ચર્ચા કરવામાં આવી છે : દૈવસિક, રાત્રિક, પાક્ષિક વગેરે પ્રતિક્રમણમાં આચાર્ય, ઉપાધ્યાય વગેરેની વંદના ન કરવા, વંદનાના પદોને ન પાળવા તથા હીનાધિક વંદનક કરવાથી લાગનાર દોષોનું પ્રાયશ્ચિત્ત; વંદનકવિષયક પચીસ આવશ્યક

---

૧. ગા. ૪૨૩૫-૪૩૦૭. ૨. ગા. ૪૩૦૮-૪૩૨૯.
૩. ગા. ૪૩૩૩-૪૩૫૨. ૪. ગા. ૪૩૩૭-૪૪૧૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્રિયાઓ; અનાદત, સ્તબ્ધ, પ્રબુદ્ધ, પરિપિંડિત, ટોલગતિ, અંકુશ વગેરે બત્રીસ દોષો અને તેમના માટે પ્રાયશ્ચિત્ત; આચાર્યાદિને વંદના કરવાની વિધિ; વિધિનો વિપર્યાસ કરનાર માટે પ્રાયશ્ચિત્ત; આચાર્યથી પર્યાયજ્યેષ્ઠને આચાર્ય વંદન કરે કે નહીં-તેનું વિધાન; આચાર્યના રત્નાધિકોનું સ્વરૂપ; વંદના કોને કરવી જોઈએ અને કોને ન કરવી જોઈએ — આનો નિર્ણય; શ્રેણિસ્થિતોને વંદના કરવાની વિધિ; વ્યવહાર અને નિશ્ચયનયથી શ્રેણિસ્થિતોની પ્રામાણિકતાની સ્થાપના; સંયમશ્રેણીનું સ્વરૂપ; અપવાદરૂપે પાર્શ્વસ્થાદિ સાથે કયા સ્થાનોમાં કયા પ્રકારના અભ્યુત્થાન અને વંદનકનો વ્યવહાર રાખવો જોઈએ વગેરે.[૧]

અન્તરગૃહસ્થાનાદિપ્રકૃતસૂત્ર :

સાધુ સાધ્વીઓ માટે ઘરની અંદર અથવા બે ઘરોની વચ્ચે રહેવું, બેસવું, સૂવું વગેરે વર્જિત છે. એ જ રીતે અન્તરગૃહમાં ચાર-પાંચ ગાથાઓનું આખ્યાન, પાંચ મહાવ્રતોનું વ્યાખ્યાન વગેરે નિષિદ્ધ છે. ઊભા-ઊભા એકાદ શ્લોક અથવા ગાથાનું આખ્યાન કરવામાં કોઈ દોષ નથી. આનાથી અધિક ગાથાઓ અને શ્લોકોનું વ્યાખ્યાન કરવાથી અનેક પ્રકારના દોષોની સંભાવના રહે છે આથી તેમ કરવું નિષિદ્ધ છે.[૨]

શય્યા-સંસ્તારકપ્રકૃતસૂત્ર :

પ્રથમ શય્યાસંસ્તારકસૂત્રની વ્યાખ્યામાં એમ બતાવવામાં આવ્યું છે કે શય્યા અને સંસ્તારકના પરિશાટી અને અપરિશાટી આ બે ભેદ છે. શ્રમણ-શ્રમણીઓએ માંગીને લાવેલું શય્યા-સંસ્તારક સ્વામીને સોંપીને જ અન્યત્ર વિહાર કરવો જોઈએ. આવું ન કરનારને અનેક દોષ લાગે છે.

દ્વિતીય સૂત્રની વ્યાખ્યામાં એ વાતનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થીઓએ પોતાનાં તૈયાર કરેલાં શય્યા-સંસ્તારક વિખેરીને અન્યત્ર વિહાર કરવો જોઈએ.

તૃતીય સૂત્રના વ્યાખ્યાનમાં તે વાત પર જોર દેવામાં આવ્યું છે કે શય્યા-સંસ્તારકની ચોરી થાય તો પર સાધુ-સાધ્વીઓએ તેની શોધ કરવી જોઈએ. શોધ કરવાથી મળી જાય એટલે સ્વામીને પાછું સોંપવું જોઈએ. ન મળવાથી બીજી વાર યાચના કરીને નવું શય્યા-સંસ્તારક મેળવવું જોઈએ. સંસ્તારક વગેરે ચોરી ન લેવામાં આવે તે માટે ઉપાશ્રયને સૂનો ન મૂકવો જોઈએ. સાવધાની રાખવા છતાં પણ ઉપકરણ વગેરેની ચોરી થઈ જાય તો તેને શોધવા માટે રાજપુરુષોને વિધિપૂર્વક સમજાવવું જોઈએ.[૩]

---

૧. ગા. ૪૪૧૪-૪૫૫૩. ૨. ગા. ૪૫૫૪-૪૫૯૭. ૩. ગા. ૪૫૯૮-૪૬૪૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાધર્મિકાવગ્રહપ્રકૃતસૂત્ર :

જે દિવસે શ્રમણોએ પોતાની વસતિ અને સંસ્તારકનો ત્યાગ કર્યો હોય તે જ દિવસે બીજા શ્રમણો ત્યાં આવી જાય તો પણ એક દિવસ સુધી પહેલાંના શ્રમણોનો જ અવગ્રહ ચાલુ રહે છે. પ્રસ્તુત સૂત્ર-વિવેચનમાં શૈક્ષવિષયક અવગ્રહનો પણ વિચાર કરવામાં આવ્યો છે. વાસ્તવ્ય અને વાતાહત – આગંતુક શૈક્ષનું અવ્યાઘાત વગેરે અગિયાર દ્વારોથી વર્ણન કરવામાં આવ્યું છે. સાથે જ અવસ્થિતાવગ્રહ, અનવસ્થિતાવગ્રહ, રાજાવગ્રહ વગેરેનું સ્વરૂપ-વર્ણન પણ કરવામાં આવ્યું છે.[૧]

સેનાદિપ્રકૃતસૂત્ર :

પરચક્ર, અશિવ, અવમૌદર્ય, બોધિકસ્તેનભય વગેરેની સંભાવના હોય ત્યારે નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થીઓએ પહેલાંથી જ તે ક્ષેત્રની બહાર નીકળી જવું જોઈએ. તેમ ન કરવાથી અનેક પ્રકારના દોષો લાગે છે. પરચક્રાગમન અને નગરરોધની સ્થિતિમાં ત્યાંથી ન નીકળી શકવાની દશામાં ભિક્ષા, ભક્તાર્થના, વસતિ, સ્થંડિલ અને શરીરવિવેચન સંબંધી વિવિધ યતનાઓનું સેવન કરવું જોઈએ.[૨]

શ્રમણ-શ્રમણીઓએ ચારે દિશા-વિદિશાઓમાં સવા યોજનનો અવગ્રહ લઈને ગ્રામ, નગર વગેરેમાં રહેવું જોઈએ. આ પ્રસંગે ભાષ્યકારે સવ્યાઘાત અને નિર્વ્યાઘાત ક્ષેત્ર, ક્ષેત્રિક અને અક્ષેત્રિક, આભાવ્ય અને અનાભાવ્ય, અચલ અને ચલ ક્ષેત્ર, વ્રજિકા, સાર્થ, સેના, સંવર્ત વગેરેનું સ્વરૂપ બતાવ્યું છે અને તત્સમ્બન્ધી અવગ્રહની મર્યાદાનો નિર્દેશ કર્યો છે.[૩]

ચતુર્થ ઉદ્દેશ :

આ ઉદ્દેશમાં અનુદ્‌ઘાતિક વગેરે સાથે સંબંધ રાખનાર સોળ પ્રકારનાં સૂત્ર છે. ભાષ્યકારે જે વિષયોનો તેમની વ્યાખ્યામાં સમાવેશ કર્યો છે તેમનો સંક્ષિપ્ત પરિચય આ મુજબ છે :–

૧. અનુદ્‌ઘાતિકપ્રકૃતસૂત્ર – આની વ્યાખ્યામાં એમ બતાવવામાં આવ્યું છે કે હસ્તકર્મ, મૈથુન અને રાત્રિભોજન અનુદ્‌ઘાતિક અર્થાત્ ગુરુ પ્રાયશ્ચિત્તને યોગ્ય છે. હસ્તકર્મનું સ્વરૂપ બતાવતાં અસંક્લિષ્ટ ભાવહસ્તકર્મના છેદન, ભેદન, ઘર્ષણ, પેષણ, અભિઘાત, સ્નેહ, કાય અને ક્ષારરૂપ આઠ ભેદો બતાવવામાં આવ્યા છે. મૈથુનનું સ્વરૂપ બતાવતાં દેવ, મનુષ્ય અને તિર્યંચસંબંધી મૈથુન તરફ નિર્દેશ કરવામાં આવ્યો છે અને બતાવવામાં આવ્યું છે કે મૈથુનભાવ રાગાદિથી રહિત નથી હોતો આથી તેના માટે કોઈ પ્રકારના અપવાદનું વિધાન નથી કરવામાં આવ્યું. રાત્રિભોજનનું સ્વરૂપ દર્શાવતાં આચાર્યે તત્સંબંધી અપવાદ, યતનાઓ, પ્રાયશ્ચિત્ત વગેરેનું નિરૂપણ કર્યું છે.[૪]

---

૧. ગા. ૪૬૫૦-૪૭૯૪. ૨. ગા. ૪૭૯૫-૪૮૩૯.
૩. ગા. ૪૮૪૦-૪૮૭૬. ૪. ગા. ૪૮૭૭-૪૯૬૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨. **પારાંચિકપ્રકૃતસૂત્ર** – દુષ્ટ, પ્રમત્ત અને અન્યોન્યકારક પારાંચિક પ્રાયશ્ચિત્તને યોગ્ય છે. પારાંચિકના આશાતનાપારાંચિક અને પ્રતિસેવનપારાંચિક એ બે ભેદ છે. આશાતનાપારાંચિકનો સંબંધ ૧. તીર્થંકર, ૨. પ્રવચન, ૩. શ્રુત, ૪. આચાર્ય, ૫. ગણધર અને ૬. મહર્દ્ધિક સાથે છે. પ્રતિસેવનાપારાંચિકના ત્રણ ભેદ છે : દુષ્ટ, પ્રમત્ત અને અન્યોન્યકારક. દુષ્ટપારાંચિક બે પ્રકારનું છે : કષાયદુષ્ટ અને વિષયદુષ્ટ. પ્રમાદ પાંચ પ્રકારનો છે : કષાય, વિકથા, વિકટ, ઈન્દ્રિયો અને નિદ્રા. પ્રસ્તુત અધિકાર સ્ત્યાનર્દ્ધિ નિદ્રાનો છે. અન્યોન્યકારકપારાંચિકનો ઉપાશ્રય, કુળ, નિવેશન, લિંગ, તપ, કાળ વગેરે દ્રષ્ટિઓથી વિચાર કરવામાં આવ્યો છે.[૧]

૩. **અનવસ્થાપ્યપ્રકૃતસૂત્ર** – અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્તને યોગ્ય ત્રણ પ્રકારના અપરાધ છે : સાધર્મિકસ્તૈન્ય, અન્યધાર્મિકસ્તૈન્ય અને હસ્તાતાલ. સાધર્મિકસ્તૈન્યનો નિમ્ન ત્રણ દ્વારોથી વિચાર કરવામાં આવ્યો છે : ૧. સાધર્મિકોપધિસ્તૈન્ય, ૨. વ્યાપારણા, ૩. ધ્યામના, ૪. પ્રસ્થાપના, ૫. શૈક્ષ, ૬. આહારવિધિ. અન્યધાર્મિકસ્તૈન્યનું પ્રવ્રજિતાન્યધાર્મિકસ્તૈન્ય અને ગૃહસ્થાન્યધાર્મિકસ્તૈન્યની દૃષ્ટિએ વિવેચન કરવામાં આવ્યું છે. હસ્તાતાલનો અર્થ છે હસ્ત, ખડ્ગ વગેરેથી આતાડન. હસ્તાતાલના સ્વરૂપ સાથે જ આચાર્યે હસ્તાલંબ અને અર્થાદાનનું સ્વરૂપ પણ દર્શાવ્યું છે.[૨]

૪. **પ્રવ્રાજનાદિપ્રકૃતસૂત્ર** – પંડક, ક્લીબ અને વાતિક પ્રવ્રજ્યા માટે અયોગ્ય છે. પંડકના સામાન્યપણે છ લક્ષણો છે : ૧. મહિલાસ્વભાવ, ૨. સ્વરભેદ, ૩. વર્ણભેદ, ૪. મહન્મેઢ્ર – પ્રલંબ અંગાદાન, ૫. મૂદુવાફ્, ૬. સશબ્દ અને અફેનક મૂત્ર. પંડકના બે ભેદ છે : દૂષિતપંડક અને ઉપઘાતપંડક. દૂષિતપંડકના ફરી બે ભેદ છે : આસિક્ત અને ઉપસિક્ત. ઉપઘાતપંડકના પણ બે ભેદ છે : વેદોપઘાતપંડક અને ઉપકરણોપઘાતપંડક. વેદોપઘાતપંડકનું સ્વરૂપ બતાવતાં આચાર્યે હેમકુમારનું ઉદાહરણ આપ્યું છે તથા ઉપકરણોપઘાતપંડકનું વર્ણન કરતાં એક જ જન્મમાં પુરુષ, સ્ત્રી અને નપુંસક વેદનો અનુભવ કરનાર કપિલનું દૃષ્ટાન્ત આપ્યું છે. મૈથુનના વિચાર માત્રથી જેના અંગાદાનમાં વિકાર ઉત્પન્ન થઈ જાય છે તથા બીજબિંદુ પડવા લાગે છે તે ક્લીબ છે. મહામોહકર્મનો ઉદય થવાથી એવું થાય છે. સનિમિત્તક અથવા અનિમિત્તક મોહોદયથી કોઈના પ્રતિ વિકાર ઉત્પન્ન થાય ત્યારે જ્યાં સુધી તેની પ્રાપ્તિ નથી થઈ જતી ત્યાં સુધી માનસિક સ્થિરતા નથી રહેતી. આને જ વાતિક કહે છે. અપવાદરૂપે પંડક વગેરેને દીક્ષા આપી શકાય છે પરંતુ તેની રહેણી-કરણી વગેરેની વિશેષ

---

૧. ગા. ૪૯૬૯-૫૦૫૭. ૨. ગા. ૫૦૫૮-૫૧૩૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યવસ્થા કરવી પડે છે. પંડક, ક્લીબ અને વાતિક જેમ પ્રવ્રજ્યા માટે અયોગ્ય છે તેમ જ મુંડન, શિક્ષા, ઉપસ્થાપના, સહભોજન, સહવાસ વગેરે માટે પણ અનુપયુક્ત છે.[૧]

૫. વાચનાપ્રકૃતસૂત્ર – અવિનીત, વિકૃતિપ્રતિબદ્ધ અને અવ્યવશમિતપ્રાભૃત વાચનાને અયોગ્ય છે. આથી વિપરીત વિનીત, વિકૃતિહીન અને ઉપશાંતકષાય વાચનાને યોગ્ય છે.[૨]

૬. સંજ્ઞાપ્યપ્રકૃતસૂત્ર – દુષ્ટ, મૂઢ અને વ્યુદ્ગ્રાહિત ઉપદેશ વગેરેના અનધિકારી છે. અદુષ્ટ, અમૂઢ અને અવ્યુદ્ગ્રાહિત ઉપદેશ વગેરેના વાસ્તવિક અધિકારી છે.[૩]

૭. ગ્લાનપ્રકૃતસૂત્ર – નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થીઓ રુગ્ણાવસ્થામાં હોય તે સમયે તેમની વિવિધ યતનાઓ સાથે સેવા કરવી જોઈએ.[૪]

૮. કાલ-ક્ષેત્રાતિક્રાન્તપ્રકૃતસૂત્ર – નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થીઓ માટે કાલાતિક્રાન્ત તથા ક્ષેત્રાતિક્રાન્ત અશનાદિ અકલ્પ્ય છે. જિનકલ્પિક અને સ્થવિરકલ્પિક માટે કાલાતિક્રાન્ત અને ક્ષેત્રાતિક્રાન્તની ભિન્ન-ભિન્ન મર્યાદાઓ છે.[૫]

૯. અનેષણીયપ્રકૃતસૂત્ર – ભિક્ષાચર્યામાં કદાચિત્ અનેષણીય – અશુદ્ધ સ્નિગ્ધ અશનાદિ લઈ લેવામાં આવ્યું હોય તો તેને અનુપસ્થાપિત (અનારોપિતમહાવ્રત) શિષ્યને આપી દેવું જોઈએ. જો કોઈ એવો શિષ્ય ન હોય તો તેનું પ્રાશુક ભૂમિમાં વિસર્જન કરી દેવું જોઈએ.[૬]

૧૦. કલ્પાકલ્પસ્થિતપ્રકૃતસૂત્ર – જે અશનાદિ કલ્પસ્થિત શ્રમણો માટે કલ્પ્ય છે તે અકલ્પસ્થિત શ્રમણો માટે અકલ્પ્ય છે. આ જ રીતે જે અશનાદિ અકલ્પસ્થિત શ્રમણો માટે કલ્પ્ય છે તે કલ્પસ્થિત શ્રમણો માટે અકલ્પ્ય છે.[૭]

૧૧. ગણાન્તરોપસમ્પત્પ્રકૃતસૂત્ર – કોઈ પણ નિર્ગ્રન્થને કોઈ કારણે અન્ય ગણમાં ઉપસંપદા ગ્રહણ કરવી હોય તો આચાર્ય વગેરેને પૂછીને તેમ કરવું જોઈએ. જ્ઞાન-દર્શન-ચારિત્રની વૃદ્ધિ માટે જ ગણાન્તરોપસંપદાનો સ્વીકાર કરવામાં આવે છે. જ્ઞાનોપસંપદા, દર્શનોપસંપદા અને ચારિત્રોપસંપદાનાં ગ્રહણની વિભિન્ન વિધિઓ છે.[૮]

૧૨. વિષ્વગ્ભવનપ્રકૃતસૂત્ર – આમાં મૃત્યુપ્રાપ્ત ભિક્ષુ વગેરેનાં શરીરની પરિષ્ઠાપનાનો વિચાર કરવામાં આવ્યો છે. આના માટે નિમ્નલિખિત દ્વારોનો

---

૧. ગા. ૫૧૩૮-૫૧૯૬. ૨. ગા. ૫૧૯૭-૫૨૧૦. ૩. ગા. ૫૨૧૧-૫૨૩૫.
૪. ગા. ૫૨૩૬-૫૨૬૨. ૫. ગા. ૫૨૬૩-૫૩૧૪. ૬. ગા. ૫૩૧૫-૫૩૩૮.
૭. ગા. ૫૩૩૯-૫૩૬૧. ૮. ગા. ૫૩૬૨-૫૪૯૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આશ્રય લેવામાં આવ્યો છે : ૧. પ્રત્યુપેક્ષણાદ્વાર, ૨. દિગ્દ્વાર, ૩. ણન્તકદ્વાર, ૪. કાલગતદ્વાર, ૫. જાગરણ-બંધન-છેદનદ્વાર, ૬. કુશપ્રતિમાદ્વાર, ૭. નિવર્તનદ્વાર, ૮. માત્રકદ્વાર, ૯. શીર્ષદ્વાર, ૧૦. તૃણાદિદ્વાર, ૧૧. ઉપકરણદ્વાર, ૧૨. કાયોત્સર્ગદ્વાર, ૧૩. પ્રાદક્ષિણ્યદ્વાર, ૧૪. અભ્યુત્થાનદ્વાર, ૧૫. વ્યાહરણદ્વાર, ૧૬. પરિષ્ઠાપક-કાયોત્સર્ગદ્વાર, ૧૭. ક્ષપણ-સ્વાધ્યાયમાર્ગણાદ્વાર, ૧૮. વ્યુત્સર્જનદ્વાર, ૧૯. અવલોકનદ્વાર.[૧]

૧૩. **અધિકરણપ્રકૃતસૂત્ર** – ભિક્ષુનું ગૃહસ્થ સાથે અધિકરણ – ઝઘડો થઈ ગયો હોય તો તેને શાંત કર્યા વિના ભિક્ષાચર્યા વગેરે કરવી અકલ્પ્ય છે.[૨]

૧૪. **પરિહારિકપ્રકૃતસૂત્ર** – પરિહારતપમાં સ્થિત ભિક્ષુને ઈન્દ્રમહાદિ ઉત્સવોના દિવસે વિપુલ ભક્ત-પાનાદિ આપી શકાય છે, પછીથી નહિ. તેની અન્ય પ્રકારની સેવા તો પછીથી પણ કરી શકાય છે.[૩]

૧૫. **મહાનદીપ્રકૃતસૂત્ર** – નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થીઓએ ગંગા, યમુના, સરયૂ, કોશિકા, મહી વગેરે મહાનદીઓ મહિનામાં એકથી વધારે વાર પાર ન કરવી જોઈએ. ઐરાવતી વગેરે ઓછી ઊંડી નદીઓ મહિનામાં બે-ત્રણ વાર પાર કરી શકાય છે. નદી પાર કરવા માટે સંક્રમ, સ્થલ અને નોસ્થલ – આ રીતે ત્રણ જાતના માર્ગ બતાવવામાં આવ્યાં છે.[૪]

૧૬. **ઉપાશ્રયવિધિપ્રકૃતસૂત્ર** – આ સૂત્રોની વ્યાખ્યામાં નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થીઓ માટે વર્ષાઋતુ તથા અન્ય ઋતુઓમાં રહેવા યોગ્ય ઉપાશ્રયોનું વર્ણન કરવામાં આવ્યું છે.[૫]

પંચમ ઉદ્દેશ :

પાંચમા ઉદ્દેશમાં બ્રહ્મપાય વગેરે અગિયાર પ્રકારનાં સૂત્રો છે. ભાષ્યકારે આ સૂત્રોની વ્યાખ્યામાં નિમ્ન વિષયોનો સમાવેશ કર્યો છે :–

૧. **બ્રહ્મપાયપ્રકૃતસૂત્ર** – ગચ્છસંબંધી શાસ્ત્ર-સ્મરણવિષયક વ્યાઘાતોનો ધર્મકથા, મહર્દ્ધિક, આવશ્યકી, નૈષેધિકી, આલોચના, વાદી, પ્રાદુષ્કક, મહાજન, ગ્લાન વગેરે દ્વારોથી નિરૂપણ, શાસ્ત્રસ્મરણ માટે ગુરુની આજ્ઞા, ગચ્છવાસના ગુણોનું વર્ણન.[૬]

૨. **અધિકરણપ્રકૃતસૂત્ર** – અધિકરણ – ક્લેશની શાંતિ ન કરીને સ્વગણ છોડીને અન્ય ગણમાં જનાર ભિક્ષુ, ઉપાધ્યાય, આચાર્ય વગેરે સંબંધિત પ્રાયશ્ચિત્ત, ક્લેશને કારણે ગચ્છનો ત્યાગ ન કરતાં ક્લેશયુક્ત ચિત્તે ગચ્છમાં રહેનાર ભિક્ષુ વગેરેને શાંત

---

૧. ગા. ૫૪૯૭-૫૫૬૫. ૨. ગા. ૫૫૬૬-૫૫૯૩. ૩. ગા. ૫૫૯૪-૫૬૧૭.
૪. ગા. ૫૬૧૮-૫૬૬૪. ૫. ગા. ૫૬૬૫-૫૬૮૧. ૬. ગા. ૫૬૮૨-૫૭૨૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવાની વિધિ, શાંત ન થનારને લાગનાર દોષો, પ્રાયશ્ચિત્ત વગેરે.[૧]

૩. **સંસ્તૃતનિર્વિચિકિત્સપ્રકૃતસૂત્ર** — સશક્ત અથવા અશક્ત ભિક્ષુ વગેરે સૂર્યના ઉદય અને અસ્તાભાવ પ્રત્યે નિઃશંક થઈને આહાર ગ્રહણ કરતા હોય અને પછીથી એવું માલૂમ પડે કે સૂર્યોદય થયો જ નથી અથવા સૂર્યાસ્ત થઈ ગયો છે. આવી સ્થિતિમાં આહાર વગેરેનો ત્યાગ કરી દેવાથી તેમની રાત્રિભોજનવિરતિ અખંડિત રહે છે. જે સૂર્યોદય અને સૂર્યાસ્ત પ્રત્યે શંકાશીલ થઈને આહારાદિ ગ્રહણ કરે છે તેમની રાત્રિભોજનવિરતિ ખંડિત થાય છે — આ સિદ્ધાંતનું પ્રતિપાદન.[૨]

૪. **ઉદ્‌ગારપ્રકૃતસૂત્ર** — ભિક્ષુ, આચાર્ય વગેરે સંબંધી ઉદ્‌ગાર — વમનાદિ વિષયક દોષ, પ્રાયશ્ચિત્ત વગેરે, ઉદ્‌ગારનાં કારણ, ઉદ્‌ગારની દૃષ્ટિએ ભોજન વિષયક વિવિધ આદેશ, તદ્વિષયક અપવાદ વગેરે.[૩]

૫. **આહારવિધિપ્રકૃતસૂત્ર** — જે પ્રદેશમાં આહાર, પાણી વગેરે જીવાદિ સંસક્ત જ મળતાં હોય તે પ્રદેશમાં જવાનો વિચાર, પ્રયત્ન વગેરે કરવાથી લાગનાર દોષો, પ્રાયશ્ચિત્ત વગેરે, અશિવ, દુર્ભિક્ષ વગેરે કારણોથી એવા પ્રદેશમાં જવાનો પ્રસંગ આવતાં તદ્વિષયક વિવિધ યતનાઓ.[૪]

૬. **પાનકવિધિપ્રકૃતસૂત્ર** — પાનક અર્થાત્ પાણીના ગ્રહણની વિધિ, તેના પરિષ્ઠાપનની વિધિ, તદ્વિષયક અપવાદ વગેરે.[૫]

૭. **બ્રહ્મરક્ષાપ્રકૃતસૂત્ર** — પશુ-પક્ષીના સ્પર્શ વગેરેથી સંભાવિત દોષ, પ્રાયશ્ચિત્ત વગેરે, એકલી રહેનારી નિર્ગ્રન્થીને લાગનાર દોષ, પ્રાયશ્ચિત્ત, અપવાદ વગેરે, નગ્ન નિર્ગ્રન્થીને લાગનાર દોષ વગેરે, પાત્રરહિત નિર્ગ્રન્થીને લાગનાર દોષ વગેરે, નિર્ગ્રન્થી માટે વ્યુત્સૃષ્ટ કાયની અકલ્પ્યતા, નિર્ગ્રન્થી માટે ગ્રામ, નગર વગેરેની બહાર આતાપના લેવાનો નિષેધ, જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ આતાપનાનું સ્વરૂપ, નિર્ગ્રન્થી માટે ઉપયુક્ત આતાપનાઓ, સ્થાનાયત, પ્રતિમાસ્થિત, નિષદ્યા, ઉત્કટિકાસન, વીરાસન, દંડાસન, લગંડશાયી, અવાઙ્મુખ, ઉત્તાન, આમ્રકુબ્જ, એકપાર્શ્વશાયી વગેરે આસનોનું સ્વરૂપ અને નિર્ગ્રન્થીઓ માટે તદ્વિષયક વિધિ-નિષેધ, નિર્ગ્રન્થીઓ માટે આકુંચનપટ્ટના ઉપયોગનો નિષેધ, નિર્ગ્રન્થીઓ માટે સાવશ્રય આસન, સવિષાણ પીઠફલક, સવૃન્ત અલાબુ, સવૃન્ત પાત્રકેસરિકા અને દારુદંડના ઉપયોગનો પ્રતિષેધ.[૬]

---

૧. ગા. ૫૭૨૬-૫૭૮૩. ૨. ગા. ૫૭૮૪-૫૮૨૮.
૩. ગા. ૫૮૨૯-૫૮૬૦. ૪. ગા. ૫૮૬૧-૫૮૯૬.
૫. ગા. ૫૮૯૭-૫૯૧૮. ૬. ગા. ૫૯૧૯-૫૯૭૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮. **મોકપ્રકૃતસૂત્ર** – નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થીઓ માટે પરસ્પર મોકના આચમન વગેરેનો નિષેધ.[૧]

૯. **પરિવાસિતપ્રકૃતસૂત્ર** – પરિવાસિત આહારનું સ્વરૂપ, પરિવાસિત આહાર અને અનાહાર વિષયક દોષ, અપવાદ વગેરે, પરિવાસિત આલેપનદ્રવ્યના ઉપયોગનો નિષેધ, પરિવાસિત તેલ વગેરેથી અભ્યંગ વગેરે કરવાનો નિષેધ.[૨]

૧૦. **વ્યવહારપ્રકૃતસૂત્ર** – પરિહારકલ્પસ્થિત ભિક્ષુને લાગનાર કારણજન્ય અતિક્રમાદિ દોષ અને તેમનું પ્રાયશ્ચિત્ત વગેરે.[૩]

૧૧. **પુલાકભક્તપ્રકૃતસૂત્ર** – ધાન્યપુલાક, ગંધપુલાક અને રસપુલાકનું સ્વરૂપ, પુલાકભક્તવિષયક દોષોનું વર્ણન, નિર્ગ્રન્થીઓ માટે પુલાકભક્તનો નિષેધ.[૪]

ષષ્ઠ ઉદ્દેશ :

આ ઉદ્દેશમાં વચન વગેરે સંબંધિત સાત પ્રકારનાં સૂત્ર છે. ભાષ્યકાર સંઘદાસગણિ ક્ષમાશ્રમણે આ સૂત્રોની વ્યાખ્યામાં જે વિષયો પર પ્રકાશ પાડ્યો છે તેમનો ક્રમશઃ પરિચય આ મુજબ છે :–

૧. **વચનપ્રકૃતસૂત્ર** – નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થીઓએ અલીક, હીલિત, ખિંસિત, પરુષ, અગારસ્થિત અને વ્યવશમિતોદીરણ વચનોનો પ્રયોગ ન કરવો જોઈએ. તેમને અવચન અર્થાત્ દુર્વચન કહેવામાં આવ્યાં છે. અલીક વચન માટે નિમ્નલિખિત સત્તર સ્થાન છે : ૧. પ્રચલા, ૨. આર્દ્ર, ૩. મરુક, ૪. પ્રત્યાખ્યાન, ૫. ગમન, ૬. પર્યાય, ૭. સમુદ્દેશ, ૮. સંખડી, ૯. ક્ષુલ્લક, ૧૦. પારિહારિક, ૧૧. ઘોટકમુખી, ૧૨. અવશ્યગમન, ૧૩. દિગ્વિજય, ૧૪. એકકુલગમન, ૧૫. એકદ્રવ્યગ્રહણ, ૧૬. ગમન, ૧૭. ભોજન.[૫]

૨. **પ્રસ્તારપ્રકૃતસૂત્ર** – આ સૂત્રની વ્યાખ્યામાં પ્રાણવધવાદ, મૃષાવાદ, અદત્તાદાનવાદ, અવિરતિવાદ, અપુરુષવાદ અને દાસવિષયક પ્રાયશ્ચિત્તોના પ્રસ્તારો – રચનાના વિવિધ પ્રકારોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. સાથે જ પ્રસ્તારવિષયક અપવાદોનું પણ વિધાન કરવામાં આવ્યું છે.[૬]

૩. **કણ્ટકાદ્યુદ્ધરણપ્રકૃતસૂત્ર** – આ પ્રસંગે નિર્ગ્રન્થ-નિર્ગ્રન્થીવિષયક કંટક વગેરેના

---

૧. ગા. ૫૯૭૬-૫૯૯૬. ૨. ગા. ૫૯૯૭-૬૦૩૨.
૩. ગા. ૬૦૩૩-૬૦૪૬. ૪. ગા. ૬૦૪૭-૬૦૫૯.
૫. ગા. ૬૦૬૦-૬૧૨૮. ૬. ગા. ૬૧૨૯-૬૧૬૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉદ્ધરણ સંબંધિત ઉત્સર્ગમાર્ગ, વિપર્યાસજન્ય દોષ, પ્રાયશ્ચિત્ત, અપવાદ, યતનાઓ વગેરે વાતો પર વિચાર કરવામાં આવ્યો છે.[૧]

૪. દુર્ગપ્રકૃતસૂત્ર — આ પ્રસંગે એમ બતાવવામાં આવ્યું છે કે શ્રમણ-શ્રમણીઓએ દુર્ગ અર્થાત્ વિષમ માર્ગથી ન જવું જોઈએ. આ જ રીતે કાદવ વગેરે વાળા માર્ગ પર પણ ન જવું જોઈએ.[૨]

૫. ક્ષિપ્તચિત્તાદિપ્રકૃતસૂત્ર — વિવિધ કારણોથી ક્ષિપ્તચિત્ત થયેલી નિર્ગ્રન્થીને સમજાવવાનો શું માર્ગ છે, ક્ષિપ્તચિત્ત નિર્ગ્રન્થીની દેખ-રેખની શું વિધિ છે, દીપ્તચિત્ત હોવાના કયા કારણો છે, દીપ્તચિત્ત શ્રમણી માટે કઈ યતનાઓનું પરિપાલન આવશ્યક છે — વગેરે પ્રશ્નોનો વિચાર કરતાં આચાર્યે ઉન્માદ, ઉપસર્ગ, અધિકરણ — ક્લેશ, પ્રાયશ્ચિત્ત, ભક્તપાન, અર્થજાત વગેરે વિષયોની દૃષ્ટિએ નિર્ગ્રન્થીવિષયક વિધિ-નિષેધોનું વિવેચન કર્યું છે.[૩]

૬. પરિમન્થપ્રકૃતસૂત્ર — સાધુઓ માટે છ પ્રકારના પરિમન્થ અર્થાત્ વ્યાઘાત માનવામાં આવ્યા છે : ૧. કૌકુચિક, ૨. મૌખરિક, ૩. ચક્ષુર્લોલ, ૪. તિંતિણિક, ૫. ઈચ્છાલોભ, ૬. ભિજ્જાનિદાનકરણ. પ્રસ્તુત સૂત્રની વ્યાખ્યામાં આ પરિમંથોનાં સ્વરૂપ, દોષ, અપવાદ વગેરેનો વિચાર કરવામાં આવ્યો છે.[૪]

૭. કલ્પસ્થિતિપ્રકૃતસૂત્ર — આ સૂત્રનું વ્યાખ્યાન કરતાં ભાષ્યકારે નિમ્નલિખિત છ પ્રકારની કલ્પસ્થિતિઓનું વર્ણન કર્યું છે : ૧. સામાયિકકલ્પસ્થિતિ, ૨. છેદોપસ્થાપનીયકલ્પસ્થિતિ, ૩. નિર્વિશમાનકલ્પસ્થિતિ, ૪. નિર્વિષ્ટકાયિકકલ્પસ્થિતિ, ૫. જિનકલ્પસ્થિતિ, ૬. સ્થવિરકલ્પસ્થિતિ. છેદોપસ્થાપનીયકલ્પસ્થિતિનું દસ સ્થાનો દ્વારા નિરૂપણ કરવામાં આવ્યું છે : ૧. આચેલક્યકલ્પદ્વાર — અચેલકનું સ્વરૂપ, અચેલક-સચેલકનો વિભાગ, વસ્ત્રોનું સ્વરૂપ વગેરે, ૨. ઔદ્દેશિકકલ્પદ્વાર, ૩. શય્યાતરપિણ્ડકલ્પદ્વાર, ૪. રાજપિણ્ડકલ્પદ્વાર — રાજાનું સ્વરૂપ, આઠ પ્રકારના રાજપિણ્ડ વગેરે, ૫. કૃતિકલ્પદ્વાર, ૬. વ્રતકલ્પદ્વાર — પંચવ્રતાત્મક અને ચતુર્વ્રતાત્મક ધર્મની વ્યવસ્થા, ૭. જ્યેષ્ઠકલ્પદ્વાર. ૮. પ્રતિક્રમણકલ્પદ્વાર, ૯. માસકલ્પદ્વાર, ૧૦. પર્યુષણાકલ્પદ્વાર. બૃહત્કલ્પ સૂત્રના પ્રસ્તુત ભાષ્યની સમાપ્તિ કરતાં આચાર્યે કલ્પાધ્યાયન શાસ્ત્રના અધિકારી અને અનધિકારીનું સંક્ષિપ્ત નિરૂપણ કર્યું છે.[૫]

બૃહત્કલ્પ-લઘુભાષ્યના આ સારગ્રાહી સંક્ષિપ્ત પરિચયથી સ્પષ્ટ છે કે આમાં જૈન સાધુઓ — મુનિઓ — શ્રમણો — નિર્ગ્રન્થો — ભિક્ષુઓના આચાર-વિચારનું અત્યન્ત સૂક્ષ્મ તથા સતર્ક વિવેચન કરવામાં આવ્યું છે. વિવેચનનાં કેટલાક સ્થળ એવાં પણ

---

૧. ગા. ૬૧૬૩-૬૧૮૧. ૨. ગા. ૬૧૮૨-૬૧૯૩. ૩. ગા. ૬૧૯૪-૬૩૧૦.
૪. ગા. ૬૩૧૧-૬૩૪૮. ૫. ૬૩૪૯-૬૪૯૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે જેનું મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ સારું અધ્યયન થઈ શકે. તત્કાલીન ભારતીય સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક, રાજનીતિક વગેરે પરિસ્થિતિઓ પર પ્રકાશ પાડનારી સામગ્રીનું પણ આમાં બાહુલ્ય છે. આ બધી દૃષ્ટિઓથી પ્રસ્તુત ભાષ્યનું ભારતીય સાહિત્યના ઈતિહાસમાં નિઃસંદેહ એક મહત્ત્વપૂર્ણ સ્થાન છે. જૈન સાહિત્યના ઈતિહાસ માટે આનું મહત્ત્વ આથી ય વધુ છે, એમ કહેવાની જરૂર નથી. સંઘદાસગણિ ક્ષમાશ્રમણનો ભારતીય સાહિત્ય પર અને વિશેષ કરીને જૈન સાહિત્ય પર મહાન ઉપકાર છે કે જેમણે જૈન આચાર પર આ પ્રકારના સમૃદ્ધ, સુવ્યવસ્થિત અને સર્વાંગસુંદર ગ્રંથનું નિર્માણ કર્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંચમ પ્રકરણ

વ્યવહારભાષ્ય

વ્યવહાર-સૂત્ર પણ બૃહત્કલ્પની જ જેમ સાધુ-સાધ્વીઓના આચાર સાથે સંબંધ ધરાવે છે. આમાં દસ ઉદ્દેશ છે. આ ઉદ્દેશોમાં આલોચના, પ્રાયશ્ચિત્ત, ગચ્છ, પદવી, વિહાર, મૃત્યુ, ઉપાશ્રય, ઉપકરણ, પ્રતિમાઓ વગેરે વિષયોનું વર્ણન કરવામાં આવ્યું છે. પ્રસ્તુત ભાષ્ય[1] આ જ વિષયો પર વિશેષ પ્રકાશ પાડે છે. વ્યવહારભાષ્યના કર્તૃત્વ સંબંધમાં નિશ્ચિત રૂપે કંઈ નથી કહી શકાતું. બૃહત્કલ્પ-લઘુભાષ્યનો પરિચય આપતી વખતે અમે જૈન શ્રમણોના આચાર સંબંધી નિયમો પર પર્યાપ્ત પ્રકાશ પાડ્યો છે. વ્યવહારભાષ્યના પરિચયમાં એ જ વિષયો તરફ વિશેષ ધ્યાન આપવામાં આવશે જેમનું વિશેષ વિવેચન બૃહત્કલ્પના ભાષ્યમાં નથી કરવામાં આવ્યું.

પીઠિકા:

બૃહત્કલ્પભાષ્યકારની જેમ વ્યવહારભાષ્યકારે પોતાના ભાષ્યના પ્રારંભમાં પીઠિકા આપી છે. પીઠિકામાં સર્વપ્રથમ વ્યવહાર, વ્યવહારી અને વ્યવહર્તવ્યનું નિક્ષેપ-પદ્ધતિ દ્વારા સ્વરૂપવર્ણન કરવામાં આવ્યું છે. જે સ્વયં વ્યવહારથી અભિજ્ઞ છે તે ગીતાર્થ છે. જેને વ્યવહારનું કોઈ જ્ઞાન નથી તે અગીતાર્થ છે. અગીતાર્થ સાથે પુરુષે વ્યવહાર ન કરવો જોઈએ, કેમકે યથોચિત વ્યવહાર કરવા છતાં પણ તે એમ જ સમજશે કે મારી સાથે ઉચિત વ્યવહાર નથી કરવામાં આવ્યો. આથી ગીતાર્થની સાથે જ વ્યવહાર કરવો જોઈએ.[2]

વ્યવહાર વગેરેમાં દોષોની સંભાવના રહે છે આથી તેમના માટે પ્રાયશ્ચિત્તોનું પણ વિધાન કરવામાં આવ્યું છે. આ તથ્યને દૃષ્ટિમાં રાખતાં ભાષ્યકારે પ્રાયશ્ચિત્તનો અર્થ, ભેદ, નિમિત્ત, અધ્યયનવિશેષ, તદર્હપર્ષદ્ વગેરે દૃષ્ટિઓથી વિવેચન કર્યું છે. પ્રસ્તુત ભાષ્યમાં પ્રાયશ્ચિત્તનો બરાબર તે જ અર્થ કરવામાં આવ્યો છે જે

---

૧. નિર્યુક્તિ-ભાષ્ય-મલયગિરિવિવરણસહિત : સંશોધક-મુનિ માણેક; પ્રકાશક-કેશવલાલ પ્રેમચન્દ મોદી તથા ત્રિકમલાલ ઉગરચંદ, અમદાવાદ, વિ. સં. ૧૯૮૨-૫.

૨. પ્રથમ વિભાગ : ગા. ૨૭.

૩. ગા. ૩૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીતકલ્પભાષ્યમાં મળે છે.[૧] પ્રતિસેવના, સંયોજના, આરોપણા અને પરિકુંચના — આ ચારે માટે ચાર પ્રકારના પ્રાયશ્ચિત્ત બતાવવામાં આવ્યાં છે.[૨] પ્રતિસેવના વગેરેનાં સ્વરૂપ તથા તત્સંબંધી પ્રાયશ્ચિત્તોનો અનેક પ્રકારના ભેદ-પ્રભેદો સાથે વિચાર કરવામાં આવ્યો છે. બૃહત્કલ્પભાષ્યકારની જેમ વ્યવહારભાષ્યકારે પણ અનેક વાતોનું દૃષ્ટાન્તપૂર્વક સ્પષ્ટીકરણ કર્યું છે.[૩]

પ્રથમ ઉદ્દેશ :

પીઠિકાની સમાપ્તિ પછી આચાર્ય સૂત્ર-સ્પર્શિક નિર્યુક્તિનું વ્યાખ્યાન શરૂ કરે છે. પ્રલંબ વગેરે સંબંધમાં આચાર્યે સંકેત કર્યો છે કે કલ્પ નામના અધ્યયનમાં જે પ્રકારે આનો નિષેધ કરવામાં આવ્યો છે તે જ પ્રકારે અહીં પણ સમજી લેવું જોઈએ.[૪] પ્રથમ સૂત્રમાં આવનાર 'ભિક્ષુ' શબ્દનો નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવદૃષ્ટિએ વિચાર કરવામાં આવ્યો છે.[૫] 'માસ' શબ્દનું નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવનિક્ષેપથી પ્રરૂપણ કરવામાં આવ્યું છે અને બતાવવામાં આવ્યું છે કે પ્રસ્તુત અધિકાર કાલમાસનો છે.[૬] 'પરિહાર' શબ્દનું નિમ્ન દૃષ્ટિઓથી વિવેચન કરવામાં આવ્યું છે : ૧. નામ, ૨. સ્થાપના, ૩. દ્રવ્ય, ૪. પરિરય, ૫. પરિહરણ, ૬. વર્જન, ૭. અનુગ્રહ, ૮. આપન્ન, ૯. શુદ્ધ.[૭] આ જ રીતે 'સ્થાન', 'પ્રતિસેવના', 'આલોચના' વગેરે પદોની વ્યાખ્યા કરવામાં આવી છે. આલોચનાની વિધિ તરફ નિર્દેશ કરતાં આચાર્ય કહે છે કે જે રીતે એક નાનો બાળક પોતાના માતા-પિતાની સામે સરળ ભાવે પોતાના મનની બધી વાતો કહી દે છે તે જ રીતે આલોચકે પણ સરળ ભાવથી પોતાના ગુરુ સમક્ષ પોતાના પ્રત્યેક પ્રકારના અપરાધ કહી દેવા જોઈએ. એવું કરવાથી તેનામાં આર્જવ, વિનય, નિર્મળતા, નિઃશલ્યતા વગેરે અનેક ગુણોની વૃદ્ધિ થાય છે.[૮] પ્રાયશ્ચિત્તનાં વિધાનો તરફ સંકેત કરતાં એ વાતનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે કપટપૂર્વક આલોચના કરનાર માટે કઠોર પ્રાયશ્ચિત્તનો આદેશ

---

૧. पावं छिंदइ जम्हा, पायच्छित्तं तु भन्नए तेणं ।
पाएण वा वि चित्तं, विसोहए तेण पच्छित्तं ॥
— વ્યવહારભાષ્ય, ૩૫.
पावं छिंदति जम्हा, पायच्छित्तं ति भण्णते तेणं ।
पायेण वा वि चित्तं, सोहयई तेण पच्छित्तं ॥
— જીતકલ્પભાષ્ય, ૫.

૨. ગા. ૩૬. ૩. ગા. ૩૭-૧૮૪.
૪. દ્વિતીય વિભાગ : ગા. ૨. ૫. ગા. ૩-૧૨.
૬. ગા. ૧૩-૨૬. ૭. ગા. ૨૭-૯.
૮. ગા. ૧૩૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. માસિકાદિ પ્રાયશ્ચિત્તનું સેવન કરતાં પ્રાયશ્ચિત્તમાં વૃદ્ધિ-હાનિ કેમ થાય છે ? આ પ્રશ્નનો ઉત્તર આપતાં આચાર્ય કહે છે કે આ વૃદ્ધિ-હાનિનું કારણ સર્વજ્ઞોએ રાગ-દ્વેષ-હર્ષ વગેરે અધ્યવસાયોની માત્રા બતાવેલ છે.[૧]

અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચાર — આ ચાર પ્રકારના આધાકર્માદિ વિષયક અતિચારો માટે ભિન્ન-ભિન્ન પ્રાયશ્ચિત્તોનું વિધાન છે. અતિક્રમ માટે માસગુરુ, વ્યતિક્રમ માટે માસગુરુ અને કાલલઘુ, અતિચાર માટે તપોગુરુ અને કાલગુરુ અને અનાચાર માટે ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત છે. આ બધા પ્રાયશ્ચિત્તો સ્થવિરકલ્પિકોની દૃષ્ટિએ છે. જિનકલ્પિકો માટે પણ તેમનું વિધાન છે પરંતુ પ્રાયઃ તેઓ અતિચારોનું સેવન નથી કરતા.[૨]

કયા પ્રકારના દોષ માટે કયા પ્રકારના પ્રાયશ્ચિત્તનું વિધાન કરવામાં આવે છે, તે સમજાવવા માટે ભાષ્યકારે વાતાદિ રોગની ઉપશાંતિ માટે પ્રયુજ્યમાન ઘૃતકુટના ચાર ભંગોનું દૃષ્ટાન્ત આપ્યું છે. આ ચાર ભંગો આ પ્રમાણે છે : ક્યારેક એક ઘૃતકુટથી એક રોગનો નાશ થાય છે, ક્યારેક એક ઘૃતકુટથી અનેક રોગોનો નાશ થાય છે, ક્યારેક અનેક ઘૃતકુટોથી એક રોગ દૂર થાય છે અને ક્યારેક અનેક ઘૃતકુટોથી અનેક રોગો નષ્ટ થઈ જાય છે. એ જ રીતે વિવિધ દોષો માટે વિવિધ પ્રાયશ્ચિત્તોનું વિધાન કરવામાં આવે છે.[૩] મૂલગુણ અને ઉત્તરગુણના સંબંધની ચર્ચા કરતાં આચાર્યે બતાવ્યું છે કે એકની રક્ષા તથા પરિવૃદ્ધિ માટે બીજાનું પરિપાલન આવશ્યક છે. આ જ કારણ છે કે બંને પ્રકારના ગુણોના દોષોની પરિશુદ્ધિ માટે પ્રાયશ્ચિત્તનું વિધાન કરવામાં આવ્યું છે અને બતાવવામાં આવ્યું છે કે બંનેની શુદ્ધિથી જ ચારિત્ર શુદ્ધ રહે છે.[૪]

ઉત્તરગુણોની સંખ્યા તરફ ધ્યાન ખેંચતાં ભાષ્યકાર કહે છે કે પિંડવિશુદ્ધિ, સમિતિ, ભાવના, તપ, પ્રતિમા અને અભિગ્રહ ઉત્તરગુણાન્તર્ગત છે. આના ક્રમશઃ બેંતાલીસ, આઠ, પચીસ, બાર, બાર અને ચાર ભેદ છે.[૫] પ્રાયશ્ચિત્ત કરનાર પુરુષ બે પ્રકારના હોય છે : નિર્ગત અને વર્તમાન. જે તપોર્હ પ્રાયશ્ચિત્તથી અતિક્રાન્ત થઈ ચૂક્યા હોય છે તેમને નિર્ગત કહે છે તથા જે તેમાં વિદ્યમાન હોય છે તેમને વર્તમાન કહે છે. વર્તમાનના ફરી બે ભેદ છે : સંયયિત અને અસંયયિત. આ બંને ફરી બે-બે પ્રકારના છે : ઉદ્‌ઘાત અને અનુદ્‌ઘાત. નિર્ગત તપમાંથી તો નીકળી જાય છે પરંતુ છેદાદિ પ્રાયશ્ચિત્તોમાં વિદ્યમાન રહે છે. સંયાયિત, અસંયયિત પ્રાયશ્ચિત્ત માટે યથાવસર એક માસથી છ માસ સુધીની પ્રસ્થાપના હોય છે જ્યારે સંયયિત પ્રાયશ્ચિત્ત માટે નિયમથી છ માસની પ્રસ્થાપના હોય છે.[૬]

---

૧. ગા. ૧૬૬. ૨. ગા. ૨૫૧-૩. ૩. ગા. ૨૫૭-૨૬૨.
૪. ગા. ૨૮૧-૮. ૫. ગા. ૨૮૯-૨૯૦. ૬. ગા. ૨૯૧-૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાયશ્ચિત્તાર્હ અર્થાત્ પ્રાયશ્ચિત્તને યોગ્ય પુરુષ ચાર પ્રકારના હોય છે : ઉભયતર, આત્મતર, પરતર અને અન્યતર. જે પુરુષ તપ કરતો કરતો બીજાની સેવા પણ કરતો હોય તે ઉભયતર છે. જે માત્ર તપ જ કરી શકતો હોય તે આત્મતર છે. જે માત્ર આચાર્ય વગેરેની સેવા જ કરી શકતો હોય તે પરતર છે. જે તપ અને સેવા આ બંનેમાંથી એક સમયમાં કોઈ એકનું જ સેવન કરી શકતો હોય તે અન્યતર છે.[૧]

નિકાચના વગેરે પ્રાયશ્ચિત્તોનું વર્ણન કરતાં એ વાતનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે નિકાચના વસ્તુતઃ આલોચના જ છે. આલોચના આલોચનાર્હ અને આલોચક વગર નથી થતી આથી આલોચનાર્હ અને આલોચકનું વિવેચન કરવું જોઈએ. આલોચનાર્હ નિરપલાપી હોય છે તથા નિમ્નલિખિત આઠ વિશેષણોથી યુક્ત હોય છે : આચારવાન્, આધારવાન્, વ્યવહારવાન્, અપવ્રીડક, પ્રકુર્વી, નિર્યાપક, અપાયદર્શી અને અપરિશ્રાવી. આલોચક નિમ્નલિખિત દસ વિશેષણોથી યુક્ત હોય છે : જાતિસમ્પન્ન, કુલસમ્પન્ન, વિનયસમ્પન્ન, જ્ઞાનસમ્પન્ન,દર્શનસમ્પન્ન, ચરણસમ્પન્ન, ક્ષાન્ત, દાન્ત, અમાયી અને અપશ્ચાત્તાપી.[૨] આ રીતે ભાષ્યકારે આલોચનાના દોષ, તદ્વિષયકભૂત દ્રવ્યાદિ, પ્રાયશ્ચિત્તદાનની વિધિ વગેરેનું પણ વિવેચન કર્યું છે.[૩]

પરિહાર વગેરે તપોનું સ્વરૂપ દર્શાવતાં આચાર્યે તપસહભાવી સેવા — વૈયાવૃત્યનું સ્વરૂપ-વર્ણન કર્યું છે. વૈયાવૃત્યના ત્રણ ભેદ છે : અનુશિષ્ટિ, ઉપાલંભ અને અનુગ્રહ. આ ત્રણેમાંથી પ્રત્યેકના ફરી ત્રણ ભેદ છે : આત્મવિષયક, પરવિષયક અંને ઉભયવિષયક.[૪] આનું સ્વરૂપ સમજાવવા માટે સુભદ્રા, મૃગાવતી વગેરેનાં ઉદાહરણો પણ આપવામાં આવ્યાં છે.

મૂલ સૂત્રમાં આવતા 'પકૃવ' — 'પ્રસ્થાપના' શબ્દની વ્યાખ્યા કરતાં આચાર્ય કહે છે કે પ્રાયશ્ચિત્તપ્રસ્થાપના બે પ્રકારની હોય છે : એક અને અનેક. સંચયિત પ્રાયશ્ચિત્તપ્રસ્થાપના નિયમતઃ ષાણ્માસિકી હોય છે આથી તે એક પ્રકારની જ છે. બાકીની અનેક પ્રકારની છે.[૫]

'આરોપણા' પાંચ પ્રકારની છે : પ્રસ્થાપનિકા, સ્થાપિતા, કૃત્સ્ના, અકૃત્સ્ના અને હાડહડા. આ પાંચ પ્રકારની આરોપણા પ્રાયશ્ચિત્તની છે. આચાર્યે આ પ્રકારોનું સ્વરૂપ બતાવતાં હાડહડાનું વિશેષ વર્ણન કર્યું છે.[૬]

---

૧. ગા. ૨૯૮-૯. ૨. ગા. ૩૩૬-૩૪૦.
૩. ગા. ૩૪૧-૩૫૩. ૪. ગા. ૩૭૪.
૫. ગા. ૪૧૨. ૬. ગા. ૪૧૩-૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાયશ્ચિત્ત કરનાર પુરુષો બે પ્રકારના હોય છે : કૃતકરણ અને અકૃતકરણ. કૃતકરણના ફરી બે ભેદ છે : સાપેક્ષ અને નિરપેક્ષ. જિનાદિ નિરપેક્ષ કૃતકરણ છે. સાપેક્ષ કૃતકરણ ત્રણ પ્રકારના છે : આચાર્ય, ઉપાધ્યાય અને ભિક્ષુ. અકૃતકરણ બે પ્રકારના છે : અનધિગત અને અધિગત. જેમણે સૂત્રાર્થનું ગ્રહણ નથી કર્યું હોતું તે અનધિગત છે. ગૃહીતસૂત્રાર્થ અધિગત કહેવાય છે. અથવા પ્રાયશ્ચિત્ત કરનાર પુરુષ બે પ્રકારના છે : સાપેક્ષ અને નિરપેક્ષ. નિરપેક્ષ પુરુષ નિયમતઃ કૃતકરણ હોય છે. સાપેક્ષ પુરુષ ત્રણ પ્રકારના છે : આચાર્ય, ઉપાધ્યાય અને ભિક્ષુ. આ ત્રણે બે પ્રકારના છે : કૃતકરણ અને અકૃતકરણ. આ બંને ફરી બે પ્રકારના છે : ગીતાર્થ અને અગીતાર્થ. આ બંનેના ફરી બે ભેદ છે : સ્થિર અને અસ્થિર.[૧] આ ભેદ-પ્રભેદોનં વર્ણન કર્યા પછી આચાર્યે પરિહારતપનું બહુ વિસ્તારથી વિવેચન કર્યું છે. તદનન્તર સાધુઓ અને સાધ્વીઓની નિસ્તારણવિધિનું પ્રતિપાદન કર્યું છે. વિવિધ ભાવનાઓનું વિવેચન કરતાં આચાર્યે માસિકી, દ્વૈમાસિકી વગેરે પ્રતિમાઓનો પરિચય આપ્યો છે તથા શિથિલતાવશ ગચ્છ છોડીને ફરી ગચ્છમાં સમ્મિલિત થનાર શ્રમણ માટે વિવિધ પ્રકારનાં પ્રાયશ્ચિત્તોનું વિધાન કર્યું છે. પાર્શ્વસ્થ, યથાચ્છન્દ, કુશીલ, અવસન્ન અને સંસક્તની વ્યુત્પત્તિ, ઉત્પત્તિ, પ્રાયશ્ચિત્ત વગેરે પર પણ ભાષ્યકારે પર્યાપ્ત પ્રકાશ પાડ્યો છે. પાર્શ્વસ્થના બે ભેદ છે : દેશતઃ પાર્શ્વસ્થ અને સર્વતઃ પાર્શ્વસ્થ. સર્વતઃ પાર્શ્વસ્થના ત્રણ વિકલ્પ છે : પાર્શ્વસ્થ, પ્રાસ્વસ્થ અને પાશસ્થ. જે દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ વગેરેના પાર્શ્વ અર્થાત્ તટ પર વિચરે છે તે પાર્શ્વસ્થ છે. જે જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે પ્રત્યે સ્વસ્થ ભાવ તો રાખે છે પરંતુ તેમાં પ્રયત્નશીલ નથી હોતો અર્થાત્ તેની પ્રાપ્તિ માટે પરિશ્રમ નથી કરતો તે પ્રાસ્વસ્થ છે. જે મિથ્યાત્વ વગેરે બંધહેતુરૂપ પાશોમાં સ્થિત હોય છે તે પાશસ્થ છે. દેશતઃ પાર્શ્વસ્થ શય્યાતરપિંડ વગેરેનો ભોગ કરતો વિચરે છે.[૨] જે સ્વયં ઉત્સૂત્રનું આચરણ કરે છે અર્થાત્ પરિભ્રષ્ટ છે તથા બીજાને પણ તેવા જ આચરણની શિક્ષા આપે છે તે યથાચ્છન્દ છે. જે જ્ઞાનાચાર વગેરેની વિરાધના કરે છે તે કુશીલ છે. અવસન્ન બે પ્રકારનો છે : દેશતઃ અને સર્વતઃ. આવશ્યકાદિમાં હીનતા, અધિકતા, વિપર્યાય વગેરે દોષોનું સેવન કરનાર દેશાવસન્ન કહેવાય છે. જે સમય પર સંસ્તારક વગેરેનું પ્રત્યુપેક્ષણ નથી કરતો તે સર્વાવસન્ન છે. જે પાર્શ્વસ્થાદિનો સંસર્ગ કરીને તેમની જ સમાન થઈ જાય છે તે સંસક્ત કહેવાય છે. સંસક્ત બે પ્રકારનો છે : અસંક્લિષ્ટ અને સંક્લિષ્ટ. જે પાર્શ્વસ્થમાં ભળીને પાર્શ્વસ્થ થઈ જાય છે, યથાચ્છન્દમાં ભળીને યથાચ્છન્દ થઈ જાય

---

૧. ગા. ૪૧૮-૪૨૦. ૨. તૃતીય વિભાગ : ગા. ૨૨૯-૨૩૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે એ જ પ્રકારે કુશીલાદિમાં ભળીને કુશીલાદિની જ જેવો થઈ જાય છે તે અસંક્લિષ્ટ સંસક્ત છે. જે પાંચ પ્રકારના આસ્રવમાં પ્રવૃત્ત હોવા છતાં પણ ત્રણે પ્રકારના ગૌરવથી પ્રતિબદ્ધ હોય છે તથા સ્ત્રી વગેરેમાં બંધાયેલ હોય છે તે સંક્લિષ્ટ સંસક્ત છે. આ બધા પ્રકારના વ્યક્તિઓ માટે વિભિન્ન પ્રાયશ્ચિત્તોનું વિધાન કરવામાં આવ્યું છે.[૨]

સાધુઓના વિહારની ચર્ચા કરતાં એકાકી વિહારનો નિષેધ કરવામાં આવ્યો છે તથા તત્સમ્બન્ધી અનેક દોષોનું વર્ણન કરવામાં આવ્યું છે. કોઈ વિશેષ કારણ વગર આચાર્યાદિને છોડીને ન રહેવું જોઈએ. જે ગચ્છમાં આચાર્ય, ઉપાધ્યાય, ગણાવચ્છેદક, પ્રવર્તક અને સ્થવિર — આ પાંચમાંથી એક પણ વિદ્યમાન ન હોય તે ગચ્છમાં ન રહેવું જોઈએ કેમકે ત્યાં અનેક દોષોની સંભાવના રહે છે. ભાષ્યકારે આ દોષોનું સ્વરૂપ સમજાવતાં એક વણિકનું દૃષ્ટાન્ત આપ્યું છે. તે આ પ્રમાણે છે : કોઈ વાણિયા પાસે ખૂબ જ ધન એકઠું થઈ ગયું. ત્યારે તેણે વિચાર્યું — હું ક્યાં જઈને રહું તો આ ધનનો સારો ઉપભોગ કરી શકું ? એવો વિચાર કરીને તેણે નિશ્ચય કર્યો કે જ્યાં આ પાંચે આધાર ન હોય ત્યાં રહેવું ઠીક નથી. આ પાંચ આધાર આ છે : રાજા, વૈદ્ય, ધનિક, નિયતિક અને રૂપયક્ષ અર્થાત્ ધર્મપાઠક. જ્યાં રાજાદિ પાંચ પ્રકારના લોકો ન હોય ત્યાં ધનનો અથવા જીવનનો નાશ થયા વગર નથી રહેતો. પરિણામે દ્રવ્યોપાર્જન વિફલ સિદ્ધ થાય છે. અથવા રાજા, યુવરાજ, મહત્તરક, અમાત્ય તથા કુમાર — આ પાંચ પ્રકારના વ્યક્તિઓથી પરિગૃહીત રાજ્ય ગુણવિશાલ હોય છે. આ પ્રકારના ગુણવિશાલ રાજ્યમાં રહેવું જોઈએ. રાજા કેવો હોવો જોઈએ ? જે બંને યોનિ અર્થાત્ માતૃપક્ષ અને પિતૃપક્ષથી શુદ્ધ, પ્રજા પાસેથી આવકનો દસમો ભાગ માત્ર ગ્રહણ કરે, લોકાચાર, દાર્શનિક સિદ્ધાંત તથા નીતિશાસ્ત્રમાં નિપુણ તથા ધર્મમાં શ્રદ્ધા રાખે તે વાસ્તવમાં રાજા છે, શેષ રાજાભાસ છે. રાજા સ્વભુજોપાર્જિત પાંચ પ્રકારના (રૂપરસાદિ) ગુણોનો નિરુદ્વિગ્ન થઈને ઉપભોગ કરે છે તથા દેશપરિપન્થનાદિ વ્યાપારથી વિપ્રમુક્ત હોય છે. યુવરાજ કેવો હોવો જોઈએ ? જે પ્રાતઃકાળે ઊઠીને શરીરશુદ્ધિ વગેરે આવશ્યક કાર્યોથી નિવૃત્ત થઈને આસ્થાનિકા (રાજસભા)માં જઈને બધા કામોની વિચારણા કરે છે તે યુવરાજ છે. મહત્તરકનાં લક્ષણ આ છે : જે ગંભીર છે, માર્દવોપેત છે, કુશલ છે, નીતિ અને વિનયસમ્પન્ન છે તથા યુવરાજ સાથે મળી રાજકાર્યોનું પ્રેક્ષણ કરે છે તે મહત્તરક છે. અમાત્ય કેવો હોવો જોઈએ ? જે વ્યવહાર કુશળ અને નીતિસમ્પન્ન થઈને જનપદ, પુરવર (રાજધાની) અને

---

૧. ગા. ૨૩૪થી આગળ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નરપતિનું હિત-ચિંતન કરે છે તે અમાત્ય છે. અમાત્ય રાજાને પણ શિક્ષા આપે છે. આ પ્રસંગે ભાષ્યકારે રાજા અને પુરોહિતને પોતપોતાની ભાર્યા દ્વારા કેવી રીતે ઘસેડવામાં આવ્યા, તેનું બહુ જ રોચક ઉદાહરણ આપ્યું છે. કુમારનું સ્વરૂપ આ મુજબ છે : જે દુર્દાન્ત વગેરે લોકોનું દમન કરતો સંગ્રામ નીતિમાં પોતાની કુશળતાનો પરિચય આપે છે તે કુમાર છે.[૧] આ પ્રમાણે રાજા વગેરેનાં સ્વરૂપનું વર્ણન કર્યા પછી આચાર્ય, વૈદ્ય વગેરેનું સ્વરૂપ બતાવે છે. જે વૈદ્યશાસ્ત્રોનો સમ્યગ્જ્ઞાતા છે તથા માતા-પિતા વગેરે સંબંધિત રોગોનો નાશ કરી સ્વાસ્થ્ય પ્રદાન કરે છે તે વૈદ્ય છે. જેની પાસે પિતા-પિતામહ વગેરે પરંપરાથી પ્રાપ્ત કરોડોની સંપત્તિ વિદ્યમાન છે તે ધનિક છે. નિયતિક અથવા નૈયતિકનું સ્વરૂપ આ પ્રમાણે છે : જેની પાસે ભોજન માટે નિમ્નલિખિત સત્તર પ્રકારના ધાન્યના ભંડાર ભરેલા હોય તે નૈયતિક — નિયતિક છે : ૧. શાલિ, ૨. યવ, ૩. કોદ્રવ, ૪. વ્રીહિ, ૫. રાલક, ૬. તલ, ૭. મુદ્ગ, ૮. માષ, ૯. ચવલ, ૧૦. ચણક, ૧૧. તુવેર, ૧૨. મસુર, ૧૩. કુલત્થ, ૧૪. ગોધૂમ, ૧૫. નિષ્પાવ, ૧૬. અતસી, ૧૭. શણ. રૂપયક્ષનું સ્વરૂપ બતાવતાં ભાષ્યકાર કહે છે કે જે માઢર અને કૌંડિન્યની દંડનીતિમાં કુશળ હોય, કોઈની પણ પાસેથી લાંચ નથી લેતો તથા કોઈ પ્રકારનો પક્ષપાત નથી કરતો તે રૂપયક્ષ અર્થાત્ મૂર્તિમાન ધર્મૈકનિષ્ઠ દેવ છે. અહીં સુધી વણિક દૃષ્ટાન્તનો અધિકાર છે.[૨] આ દૃષ્ટાન્ત સાધુઓ ઉપર ઘટાવતાં આચાર્ય કહે છે કે જે રીતે રાજા વગેરેના અભાવમાં ઉપર્યુક્ત વણિકે ક્યાંક વાસ કરવો ઉચિત નથી તે જ રીતે સાધુ માટે પણ જે ગચ્છમાં આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર અને ગીતાર્થ ન હોય તે ગચ્છમાં રહેવું યોગ્ય નથી. તે પછી ભાષ્યકારે આચાર્ય વગેરેના સ્વરૂપનું વર્ણન કર્યું છે.

દ્વિતીય ઉદ્દેશ :

દ્વિતીય ઉદ્દેશનાં પ્રથમ સૂત્રની સૂત્ર-સ્પર્શિક વ્યાખ્યા કરતાં ભાષ્યકારે 'દ્વિ', 'સાધર્મિક' અને 'વિહાર'નું નિક્ષેપ-પદ્ધતિથી વિવેચન કર્યું છે. 'દ્વિ' શબ્દનો છ પ્રકારે નિક્ષેપ થાય છે : નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ. 'સાધર્મિક' શબ્દના નિમ્નલિખિત બાર નિક્ષેપ છે : નામ,સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, પ્રવચન, લિંગ, દર્શન, જ્ઞાન, ચારિત્ર, અભિગ્રહ અને ભાવના. 'વિહાર' શબ્દનો નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ નિક્ષેપથી વિચાર થાય છે. જેનાથી વિવિધ પ્રકારની

---

૧. તૃતીય વિભાગ : પૃષ્ઠ ૧૨૭-૧૩૧. ૨. એજન, પૃ. ૧૩૧-૨.
૩. એજન, પૃ. ૧૩૨-૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્મરજનું હરણ થાય છે તે ભાવવિહાર છે. ભાવવિહાર બે પ્રકારનો હોય છે : ગીતાર્થ અને ગીતાર્થનિશ્રિત. ગીતાર્થ બે પ્રકારના છે : ગચ્છગત અને ગચ્છનિર્ગત. ગચ્છનિર્ગત જિનકલ્પિક ગીતાર્થ છે. એ જ રીતે પરિહારવિશુદ્ધિક અને યથાલન્દકલ્પિકપ્રતિમાપન્ન પણ ગીતાર્થ છે. ગચ્છગત ગીતાર્થમાં બે પ્રકારની ઋદ્ધિઓ છે : આચાર્ય અને ઉપાધ્યાય. બાકીના ગીતાર્થનિશ્રિત છે.[૧] જે સ્વયં અગીતાર્થ છે અથવા અગીતાર્થનિશ્રિત છે તે આત્મવિરાધના, સંયમવિરાધના વગેરે દોષોનો ભાગી થાય છે. આ આત્મવિરાધના વગેરે દોષોનું ભાષ્યકારે માર્ગ, ક્ષેત્ર, વિહાર, મિથ્યાત્વ, એષણા, શોધિ, ગ્લાન અને સ્તેન – આ આઠ દ્વારોથી નિરૂપણ કર્યું છે.[૨] ગીતાર્થ અને ગીતાર્થનિશ્રિત ભાવવિહાર ફરી બે પ્રકારનો છે : સમાપ્તકલ્પ અને અસમાપ્તકલ્પ. સમાપ્તકલ્પના ફરી બે ભેદ છે : જઘન્ય અને ઉત્કૃષ્ટ. ત્રણ ગીતાર્થોનો વિહાર જઘન્ય સમાપ્તકલ્પ છે. ઉત્કૃષ્ટ સમાપ્તકલ્પ તો બત્રીસ હજારનો હોય છે. ત્રણનો સમાપ્તકલ્પ જઘન્ય હોય છે આથી બે વિચરવાવાળાએ લઘુક માસ પ્રાયશ્ચિત્ત કરવું પડે છે. એ જ રીતે અગીતાર્થો માટે પણ વિવિધ પ્રાયશ્ચિત્તોનું વિધાન કરવામાં આવ્યું છે. બેના વિહારમાં અનેક દોષોની સંભાવના રહે છે આથી બેનો વિહાર અકલ્પ્ય છે.[૩] ઉપદ્રવ, દુર્ભિક્ષ વગેરે અવસ્થાઓમાં અપવાદરૂપે બેના વિહારનું વિધાન છે. કારણવશાત્ બે સાધુ સાથે વિચરે અને બંનેને કોઈ દોષ લાગે તો એકની તપસ્યાના સમયે બીજાએ તેની સેવા કરવી જોઈએ અને બીજાની તપસ્યાના સમયે પહેલાએ તેની સેવા કરવી જોઈએ. અનેક સમાન સાધુઓ સાથે વિચરતા હોય અને તે બધાને એક સાથે કોઈ દોષ લાગ્યો હોય તો તેમાંથી કોઈ એકને મુખ્ય બનાવીને અન્ય સાધુઓએ તપશ્ચર્યા કરવી જોઈએ. અંતમાં તે મુખ્ય સાધુએ ઉચિત પ્રાયશ્ચિત્ત કરવુ જોઈએ.[૪]

પરિહાર તપ કરનાર જો રોગી થઈ જાય અને તેને કોઈ પ્રકારનો દોષ લાગે તો તેની આલોચના કરીને તેણે તપ કરવું જોઈએ તથા અશક્તિની અવસ્થામાં બીજાઓએ તેની સેવા કરવી જોઈએ. આ વિષયનું વિવેચન કરતાં ભાષ્યકારે પરિહાર તપના વિવિધ દોષો અને પ્રાયશ્ચિત્તોનું વર્ણન કર્યું છે. આ રીતે અનવસ્થાપ્ય, પારાંચિત વગેરે સાથે સંબંધિત વૈયાવૃત્યનું પણ વિધાન કરવામાં આવ્યું છે.[૫] ક્ષિપ્તચિત્તની સેવાનું વિવેચન કરતાં આચાર્ય કહે છે કે સંક્ષેપમાં બે પ્રકારના ક્ષિપ્તચિત્ત હોય છે :

---

૧. ચતુર્થ વિભાગ : ગા. ૩-૨૧.
૨. ગા. ૨૪-૯.
૩. ગા. ૩૧-૪૯.
૪. ગા. ૫૦-૬૧.
૫. ગા. ૬૨-૧૦૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લૌકિક અને લોકોત્તરિક. વ્યક્તિ ક્ષિપ્તચિત્ત કેમ થાય છે ? આચાર્યે ક્ષિપ્તચિત્ત થવાનાં ત્રણ કારણો બતાવ્યાં છે : રાગ, ભય અને અપમાન. આ ત્રણે પ્રકારનાં કારણોથી વ્યક્તિ ક્ષિપ્તચિત્ત થાય છે. આનું સ્વરૂપ સમજાવવા માટે વિવિધ ઉદાહરણો પણ આપવામાં આવ્યાં છે. ક્ષિપ્તચિત્તને પોતાના હીનભાવમાંથી કેવી રીતે મુક્ત કરી શકાય, તેનું ભાષ્યકારે વિવિધ દૃષ્ટાન્ત આપીને અત્યન્ત રોચક અને મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ કર્યું છે.[૧] ક્ષિપ્તચિત્તથી તદ્દન વિરોધી સ્વભાવવાળા દીપ્તચિત્તનું વિશ્લેષણ કરતાં આચાર્ય કહે છે કે ક્ષિપ્તચિત્ત અને દીપ્તચિત્તમાં એ અન્તર છે કે ક્ષિપ્તચિત્ત ઘણુંખરું મૌન રહે છે જ્યારે દીપ્તચિત્ત અનાવશ્યક બક-બક કર્યા કરે છે. દીપ્તચિત્ત થવાના કારણો પર પ્રકાશ નાખતાં બતાવવામાં આવ્યું છે કે ક્ષિપ્તચિત્ત હોવાનું મુખ્ય કારણ અપમાન છે જ્યારે વિશિષ્ટ સમ્માનના મદને કારણે વ્યક્તિ દીપ્તચિત્ત બને છે. લાભમદથી મત્ત હોવાથી અથવા દુર્જય શત્રુઓની જીતના મદથી ઉન્મત્ત થવાથી અથવા આ જ પ્રકારના કોઈ અન્ય કારણથી વ્યક્તિ દીપ્તચિત્ત બને છે.[૨] આધુનિક મનોવિજ્ઞાનની ભાષામાં કહેવામાં આવે તો મહદ્‌ભાવ કે જે હીનભાવથી સર્વથા વિપરીત છે, દીપ્તચિત્ત હોવાનું મુખ્ય કારણ છે. આ જ રીતે આચાર્યે યક્ષાવિષ્ટ, ઉન્મત્ત, મોહિત, ઉપસર્ગપ્રાપ્ત, સાધિકરણ, સપ્રાયશ્ચિત્ત, અર્થજાત, અનવસ્થાપ્ય, પારાંચિક વગેરેની શુશ્રૂષા, યતના વગેરેનું વર્ણન કર્યું છે.[૩] સૂત્રસ્પર્શિક વિવેચન કરતાં ભાષ્યકારે એકપાક્ષિકના બે ભેદ કર્યા છે : પ્રવ્રજ્યાવિષયક અને સૂત્રવિષયક. આ જ પ્રસંગે આચાર્ય, ઉપાધ્યાય વગેરેની સ્થાપનાની વિધિ, દોષ, પ્રાયશ્ચિત્ત, અપવાદ વગેરે તથા પારિહારિક અને અપારિહારિકના પારસ્પરિક વ્યવહાર, ખાન-પાન, રહેણી-કરણી વગેરેનો પણ વિચાર કરવામાં આવ્યો છે.[૪]

તૃતીય ઉદ્દેશ :

ગણધારણની ઈચ્છા કરનાર ભિક્ષુની યોગ્યતા-અયોગ્યતાનું નિરૂપણ કરતાં ભાષ્યકારે સર્વપ્રથમ 'ઇચ્છા'નું નામાદિ નિક્ષેપોથી વ્યાખ્યાન કર્યું છે. તદનન્તર 'ગણ'નું નિક્ષેપ-પદ્ધતિથી વિવેચન કર્યું છે. ગણધારણ કેમ કરવામાં આવે છે, તેનો ઉત્તર આપતાં ભાષ્યકારે બતાવ્યું છે કે નિર્જરા માટે જ ગણધારણ કરવામાં આવે છે, નહિ કે પૂજા વગેરેના નિમિત્તે. ગણધારણ કરનાર યતિ મહાતળાવ સમાન હોય છે જે અનેક પ્રકારની વિઘ્નબાધાઓમાં પણ ગંભીર તથા શાંત રહે છે.[૫] આ જ રીતે

---

૧. ગા. ૧૦૩-૧૧૬. ૨. ગા. ૧૪૯-૧૫૧.
૩. ગા. ૧૬૬-૨૧૧. ૪. ગા. ૩૨૧-૩૮૨.
૫. ચતુર્થ વિભાગ — તૃતીય ઉદ્દેશ : ગા. ૬-૧૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્યે અનેક ઉદાહરણ આપીને ગણધારણ કરનારની યોગ્યતાનું દિગ્દર્શન કરાવ્યું છે. ભાવપરિચ્છિન્ન શિષ્ય વિદ્યમાન હોય તો આચાર્યે તેને ગણધારણની અનુમતિ આપવી જોઈએ તથા પોતાની પાસે શિષ્યો હોય તો ઓછામાં ઓછા ત્રણ શિષ્યો તેને આપી દેવા જોઈએ. આવું કેમ ? એટલા માટે કે ત્રણે શિષ્યોમાંથી એક કોઈ પણ સમયે તેની પાસે રહી શકે તથા બે ભિક્ષા વગેરે માટે જઈ શકે.[૧]

આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર વગેરે પદવીઓ ધારણ કરનારની યોગ્યતા-અયોગ્યતાનો વિચાર કરતાં આચાર્ય કહે છે કે જેઓ એકાદશાંગસૂત્રાર્થધારી છે, નવમ પૂર્વના જ્ઞાતા છે, કૃતયોગી છે, બહુશ્રુત છે, બહ્વાગમ છે, સૂત્રાર્થવિશારદ છે, ધીર છે, શ્રુતનિઘર્ષ છે, મહાજન-નાયક છે તેઓ આચાર્ય, ઉપાધ્યાય વગેરે પદોને યોગ્ય છે.[૨]

આચાર્ય વગેરેની સ્થાપનાનું વર્ણન કરતાં ભાષ્યકારે નવ, ડહરક, તરુણ, મધ્યમ, સ્થવિર વગેરે વિભિન્ન અવસ્થાઓનું સ્વરૂપ બતાવ્યું છે અને લખ્યું છે કે આચાર્ય મરી જાય ત્યારે વિધિપૂર્વક અન્ય ગણધરનો અભિષેક કરવો જોઈએ. તેવું ન કરનારાઓ માટે પ્રાયશ્ચિત્તનું વિધાન છે. અન્ય ગણધરની સ્થાપના કર્યા વિના આચાર્યના મૃત્યુના સમાચાર પ્રકાશિત ન કરવા જોઈએ. આ વિધાનની પુષ્ટિ માટે રાજાનું દૃષ્ટાન્ત આપવામાં આવ્યું છે. અન્ય ગણધરની સ્થાપના કર્યા વિના આચાર્યના મૃત્યુના સમાચાર પ્રકાશિત કરવાથી ગચ્છક્ષોભનો સામનો કરવો પડે છે. કોઈ એમ વિચારવા લાગે છે કે અમે લોકો હવે અનાથ થઈ ગયા. કેટલાક લોકો સ્વચ્છન્દચારિતાનો પ્રશ્રય લે છે. કોઈ ક્ષિપ્તચિત્ત થઈ જાય છે. ક્યારેક-ક્યારેક સ્વપક્ષ અને પરપક્ષમાં સ્તેન ઊભા થઈ જાય છે. કેટલાક સાધુઓ વેલની જેમ કંપવા લાગે છે. કેટલાક તરુણો આચાર્યની પિપાસાએ અન્યત્ર ચાલ્યા જાય છે.[૩]

પ્રવર્તિનીના ગુણોનું વર્ણન કરતાં ભાષ્યકારે સાધ્વીઓની દુર્બળતાઓનું ચિત્રણ કર્યું છે તથા સ્ત્રીઓના વિષયમાં લખ્યું છે કે સ્ત્રી જન્મ-સમયે પિતાના વશમાં હોય છે, વિવાહિત થયા પછી પતિના વશમાં થઈ જાય છે તથા વિધવા થાય ત્યારે પુત્રના વશમાં થઈ જાય છે. આ રીતે સ્ત્રી ક્યારેય પણ પોતાના વશમાં નથી રહેતી. જન્મ થતાં જ નારીની માતા-પિતા રક્ષા કરે છે, લગ્ન થઈ જાય ત્યારે પતિ, સસરા, સાસુ વગેરે રક્ષા કરે છે, વિધવા થઈ જાય ત્યારે પિતા, ભાઈ, પુત્ર વગેરે રક્ષા કરે છે. આ જ રીતે આર્યિકાની પણ આચાર્ય, ઉપાધ્યાય, ગણિની – પ્રવર્તિની વગેરે રક્ષા કરે છે.[૪]

---

૧. ગા. ૧૦-૧. ૨. ગા. ૧૨૨-૩.
૩. ગા. ૨૨૦-૯. ૪. ગા. ૨૩૩-૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૈથુનસેવનના દોષોનું સ્વરૂપ દર્શાવતાં આચાર્ય, ઉપાધ્યાય, ગણાવચ્છેદક, સાધુ વગેરે માટે ભિન્ન-ભિન્ન પ્રાયશ્ચિત્તો, પરિસ્થિતિઓ તથા પ્રવ્રજ્યાના નિયમો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. મૈથુનસેવનના બે ભેદ છે : સાપેક્ષ અને નિરપેક્ષ. જે મૈથુનસેવનની ઈચ્છા થવાથી પોતાના ગુરુને પૂછી લે છે તે સાપેક્ષ મૈથુનસેવક છે. જે ગુરુને પૂછ્યા વિના જ મૈથુનનું સેવન કરતા રહે છે તે નિરપેક્ષ મૈથુનસેવક છે. આ બંને પ્રકારના સાધુઓ માટે ભિન્ન-ભિન્ન પ્રકારનાં પ્રાયશ્ચિત્ત છે.[૧] આ જ રીતે ગણાવચ્છેદક, ઉપાધ્યાય, આચાર્ય વગેરે માટે પણ વિભિન્ન પ્રાયશ્ચિત્તોનું વિધાન કરવામાં આવ્યું છે.[૨] મૃષાવાદ વગેરે અન્ય અતિચારોનાં સેવનનું વર્ણન કરતાં તત્સમ્બન્ધી વિવિધ પ્રાયશ્ચિત્તોનું વિવેચન કરવામાં આવ્યું છે. વ્યવહારી અને અવ્યવહારીનું સ્વરૂપ બતાવતાં ભાષ્યકારે એક આચાર્યનું ઉદાહરણ આપ્યું છે. આચાર્ય પાસે સોળ શિષ્યો બેઠેલા હતા જેમાંથી આઠ વ્યવહારી હતા અને આઠ અવ્યવહારી. નિમ્નલિખિત આઠ પ્રકારના વ્યવહારીઓની પ્રશંસા ન કરવી જોઈએ : ૧. કંકટુક, ૨. કુણપ, ૩. પક્ક, ૪. ઉત્તર, ૫. ચાર્વાક, ૬. બધિર, ૭. ગુણ્ઠસમાન, ૮. અમ્લસમાન. આ આઠે પ્રકારના વ્યવહારીઓનું વિસ્તારપૂર્વક વિવેચન કરવામાં આવ્યું છે.[૩]

ચતુર્થ ઉદ્દેશ :

આ ઉદ્દેશમાં મુખ્યરૂપે સાધુઓના વિહારનું વિધિ-વિધાન છે. શીત અને ઉષ્ણકાલના આઠ મહિનામાં આચાર્ય અને ઉપાધ્યાયે કોઈ અન્ય સાધુ સાથે ન હોય તો વિહાર ન કરવો જોઈએ. ગણાવચ્છેદકે અન્ય સાધુ સાથે હોય તો પણ વિહાર ન કરવો જોઈએ. તેણે બે સાધુ સાથે હોય તો જ વિહાર કરવો જોઈએ. આ રીતે આચાર્યે અને ઉપાધ્યાયે પણ અન્ય સાધુ સાથે હોય તો પણ અલગ ચાતુર્માસ ન કરવો જોઈએ. તેમણે અન્ય બે સાધુઓ સાથે હોય તો જ અલગ ચાતુર્માસ કરવો જોઈએ. ગણાવચ્છેદક માટે ચાતુર્માસમાં ઓછામાં ઓછા ત્રણ સાધુઓનો સહવાસ અનિવાર્ય છે. સાધુઓ જે નાયક સાથે એક સ્થાનથી બીજા સ્થાન પર જઈ રહ્યા હોય તેનું માર્ગમાં દેહાવસાન થઈ જાય તો તે સાધુઓએ પોતાનામાંથી શ્રેષ્ઠ ગીતાર્થ અને ચારિત્રવાનને નાયક બનાવી લેવો જોઈએ. આ જાતના યોગ્ય નાયકનો અભાવ પ્રતીત થતાં તેમણે પોતાના અન્ય સાધુઓ જ્યાં વિચરતા હોય ત્યાં ચાલ્યા જવું જોઈએ. તેવું ન કરવાથી છેદ અથવા પરિહાર તપનું પ્રાયશ્ચિત્ત કરવું પડે છે. આ જ રીતે ચાતુર્માસમાં કોઈ નાયકનું દેહાવસાન થઈ જાય તો યોગ્ય સાધુને નવો નાયક બનાવી લેવો જોઈએ. કદાચ એવું ન થઈ શકે તો પોતાના સમુદાયના અન્ય

૧. ગા. ૨૩૮-૨૫૪. ૨. ગા. ૨૫૫-૨૭૮. ૩. ગા. ૩૩૮-૩૭૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાધુઓની સાથે ભળી જવું જોઈએ. બને ત્યાં સુધી ચાતુર્માસમાં વિહાર કરવાનો પ્રસંગ ઉપસ્થિત થવા જ ન દેવો જોઈએ. આચાર્ય અથવા ઉપાધ્યાય બીમાર પડી જાય અને સમુદાયના સાધુઓને કહે કે અમુક સાધુને મારી પદવી પ્રદાન કરવી અથવા તેઓ આ લોકમાં ન રહે તો તે સાધુને તે સમયે પદવીને યોગ્ય હોય તો જ પદવી પ્રદાન કરવી જોઈએ, અયોગ્ય હોય તો નહિ. કદાચ તેને પદવી પ્રદાન કરી દેવામાં આવી હોય પરંતુ તેનામાં આવશ્યક યોગ્યતા ન હોય તો અન્ય સાધુઓએ તેને કહેવું જોઈએ કે તમે આ પદવીને અયોગ્ય છો આથી તેને છોડી દો. આવી અવસ્થામાં જો તે પદવીનો ત્યાગ કરી દે તો તેને કોઈ પ્રકારનો દોષ નથી લાગતો. એક સમુદાયના બે સાધુ સાથે વિચરતા હોય તેમાં એક ચારિત્ર – પર્યાયની દૃષ્ટિએ નાનો હોય અને બીજો તે જ દૃષ્ટિએ મોટો હોય તથા નાનો સાધુ શિષ્યવાળો હોય અને મોટા સાધુ પાસે કોઈ શિષ્ય ન હોય તો નાના સાધુએ મોટા સાધુની આજ્ઞામાં રહેવું જોઈએ તથા તેને આહાર-પાણી વગેરે માટે પોતાના શિષ્યો આપવા જોઈએ. જો મોટો સાધુ શિષ્ય-પરિવાર યુક્ત હોય અને નાના સાધુ પાસે એક પણ શિષ્ય ન હોય તો નાનાને પોતાની આજ્ઞામાં રાખવો અથવા ન રાખવો તે મોટાની ઈચ્છા પર નિર્ભર છે. આ જ રીતે પોતાના શિષ્યો તેની સેવા માટે નિયુક્ત કરવા કે ન કરવા તેની ઈચ્છા પર નિર્ભર છે. સારાંશ એ છે કે સાથે વિચરનાર સાધુઓમાં જે ગીતાર્થ અને રત્નાધિક હોય તેને જ નાયક બનાવવો જોઈએ તથા તેની આજ્ઞામાં રહેવું જોઈએ.

પ્રસ્તુત ઉદ્દેશના સૂત્રોનું વ્યાખ્યાન કરતાં ભાષ્યકારે નિમ્ન વિષયોનું વર્ણન કર્યું છે : ચાર કલ્પ – જાતસમામકલ્પ, જાતઅસમામકલ્પ, અજાતસમામકલ્પ અને અજાતઅસમામકલ્પ, વર્ષાકાળ અને વિહાર, વર્ષાવાસ માટે ઉપયુક્ત સ્થાન (ચિક્ખલ, પ્રાણ, સ્થંડિલ, વસતિ, ગોરસ, જનસમાકુલ, વૈદ્ય, ઔષધ, નિચય, અધિપતિ, પાષણ્ડ, ભિક્ષા અને સ્વાધ્યાય – આ તેર દ્વારોથી વિચાર), ત્રૈવર્ષિકસ્થાપના, ગણધરસ્થાપનની ઉપયુક્ત વિધિ, ઉપસ્થાપનાના નિયમ, ગ્લાનની વૈયાવૃત્ય, અવગ્રહનો વિભાગ, ત્રણ પ્રકારની અનુકંપા – ગવ્યૂત, દ્વ્યર્ધગવ્યૂત અને દ્વિગવ્યૂતસમ્બન્ધી અથવા આહાર, ઉપધિ અને શય્યાવિષયક વગેરે.[૧]

આ ઉદ્દેશમાં સાધ્વીઓના વિહારના નિયમો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. પ્રવર્તિની વગેરે વિભિન્ન પદો દૃષ્ટિમાં રાખીને વિવિધ વિધિ-વિધાનોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. પ્રવર્તિની માટે શીત અને ઉષ્ણઋતુમાં એક સાધ્વીને સાથે રાખીને વિહાર કરવાનો નિષેધ છે. આ ઋતુઓમાં ઓછામાં ઓછી બે સાધ્વીઓ

૧. ચતુર્થ ઉદ્દેશ : ગા. ૧-૫૭૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેની સાથે રહેવી જોઈએ. ગણાવચ્છેદિની માટે ઓછામાં ઓછી ત્રણ સાધ્વીઓ સાથે રાખવાનો નિયમ છે. વર્ષાઋતુ માટે ઉક્ત સંખ્યાઓમાં એકની વૃદ્ધિ કરવામાં આવી છે. નાયિકાનું દેહાવસાન થઈ જાય ત્યારે અન્ય નાયિકાની નિયુક્તિ માટે તે જ નિયમો છે જે ચતુર્થ ઉદ્દેશમાં સાધુઓ માટે બતાવવામાં આવ્યા છે. સાધુને રાત્રિ સમયે, સંધ્યાના સમયે અથવા અન્ય કોઈ સમયે સાપ કરડી જાય તો સર્વપ્રથમ સાધુ અને પછી સાધ્વી, અન્ય પુરુષ અથવા સ્ત્રી પોતાની યોગ્યતા અનુસાર ઉપચાર કરે. એવું કરવાથી સાધુ-સાધ્વી માટે પરિહારતપ અથવા અન્ય કોઈ પ્રાયશ્ચિત્તનું વિધાન નથી. આ નિયમ સ્થવિરકલ્પીઓ માટે છે. જિનકલ્પીને જો સાપ કરડી જાય તો પણ તે બીજા પાસે કોઈ પણ પ્રકારનો ઉપચાર વગેરે નથી કરાવી શકતો. ભાષ્યકારે 'જે **निग्गंथा निग्गंथीओ य संभोइया....**' (સૂત્ર ૧૯)ની વ્યાખ્યા કરતાં 'સંભોગિક'નું વિસ્તારપૂર્વક વિવેચન કર્યું છે. 'સંભોગ' છ પ્રકારનો હોય છે : ઓઘ, અભિગ્રહ, દાનગ્રહણ, અનુપાલના, ઉપપાત અને સંવાસ. ઓઘસંભોગના બાર ભેદ છે : ઉપધિ, શ્રુત, ભક્તપાન, અંજલીગ્રહ, દાપના, નિકાચન, અભ્યુત્થાન, કૃતિકર્મ, વૈયાવૃત્ય, સમવસરણ, સન્નિષદ્યા અને કથાપ્રબન્ધનવિષયક. ઉપસંભોગના છ ભેદ છે : ઉદ્ગમશુદ્ધ, ઉત્પાદનાશુદ્ધ, એષણાશુદ્ધ, પરિકર્મણાસંભોગ, પરિહરણાસંભોગ અને સંયોગવિષયક. આ રીતે નિશીથના પાંચમા ઉદ્દેશમાં વર્ણિત સંભોગવિધિ, પ્રાયશ્ચિત્ત વગેરે અનુસાર અહીં પણ 'સંભોગ'નું વર્ણન સમજી લેવું જોઈએ.[૧]

ષષ્ઠ ઉદ્દેશ :

આ ઉદ્દેશમાં બતાવવામાં આવ્યું છે કે સાધુને પોતાના સંબંધીને ત્યાંથી આહાર વગેરે ગ્રહણ કરવાની ઈચ્છા થાય તો પોતાનાથી વૃદ્ધ સ્થવિર વગેરેની આજ્ઞા લીધા વગર તેમ કરવું અકલ્પ્ય છે. સ્થવિર વગેરેની આજ્ઞા વિના પોતાના સંબંધીને ત્યાંથી આહાર લેનાર માટે છેદ અથવા પરિહારતપનાં પ્રાયશ્ચિત્તનું વિધાન છે. આજ્ઞા મળવા છતાં પણ જો જનાર સાધુ અલ્પબોધ હોય તો તેણે એકલા ન જતાં કોઈ બહુશ્રુત સાધુની સાથે જ જવું જોઈએ. ત્યાં જાય ત્યારે તેના પહોંચ્યા પહેલાં જો ભોજન તૈયાર કર્યું હોય તો તે લેવું જોઈએ અન્યથા નહીં.

આચાર્ય તથા ઉપાધ્યાય માટે પાંચ અતિશય હોય છે જેમનું સમુદાયના અન્ય સાધુઓએ વિશેષ ધ્યાન રાખવું જોઈએ : (૧) તેઓ બહારથી આવે ત્યારે પગની રજ વગેરે સાફ કરવી તથા પ્રમાર્જના કરવી, (૨) તેમના ઉચ્ચાર-પ્રસ્રવણ વગેરે (અશુચિ)ને નિર્દોષ સ્થાનમાં ફેંકવાં, (૩) તેમની ઈચ્છા થાય ત્યારે વૈયાવૃત્ય કરવી,

---

૧. પંચમ ઉદ્દેશ : ગા. ૪૯-૫૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૪) તેમની સાથે ઉપાશ્રયની અંદર રહેવું, (૫) તેમની સાથે ઉપાશ્રયની બહાર રહેવું. ગણાવચ્છેદકને અંતિમ બે અતિશય હોય છે.

ગ્રામ, નગર વગેરેમાં ચારે તરફ દીવાલથી ઘેરાયેલ એક જ દ્વારવાળા મકાનમાં આચાર્યથી જુદા ખંડમાં અગીતાર્થ સાધુઓનો નિવાસ નિષિદ્ધ છે. જો તેમાં કોઈ ગીતાર્થ સાધુ હોય તો એવો કોઈ નિષેધ નથી. માત્ર અગીતાર્થ સાધુઓએ આ જાતના સ્થાનમાં નિવાસ કરવાથી તેમને છેદ અથવા પરિહારતપના પ્રાયશ્ચિત્તના ભાગી બનવું પડે છે. આ જ રીતે અનેક દ્વારોથી યુક્ત ઘર વગેરેમાં રહેવા માટે પણ ગીતાર્થનું સાહચર્ય અનિવાર્ય છે. એતદ્વિષયક વિસ્તૃત વિવેચન બૃહત્કલ્પભાષ્યનો પરિચય આપતી વખતે કરવામાં આવી ચૂક્યું છે.[૧]

અનેક સ્ત્રી-પુરુષોને કોઈ સ્થાન પર મૈથુન સેવન કરતાં જોઈને જો કોઈ સાધુ વિકારયુક્ત થઈ હસ્તકર્મ વગેરેથી પોતાના વીર્યનો ક્ષય કરે તો તેના માટે એક માસના અનુદ્ઘાતી પરિહારતપના પ્રાયશ્ચિત્તનું વિધાન છે; જો તે કોઈ અચિત્ત પ્રતિમાદિમાં પોતાના શુક્રપુદ્ગલો વહાવતો મૈથુનપ્રતિસેવનામાં પ્રસક્ત થાય છે તો તેના માટે ચાર માસના અનુદ્ઘાતી પરિહારતપના પ્રાયશ્ચિત્તનું વિધાન છે.

અન્ય ગણમાંથી આવેલાં ક્ષીણ આચારવાળા સાધુ-સાધ્વીઓને તેમની પરિશુદ્ધિ કર્યા વિના પોતાના ગણમાં ન ભેળવવા જોઈએ અને ન તો તેમની સાથે આહાર વગેરે કરવો જોઈએ. જે સાધુ-સાધ્વી પોતાના દોષો ખુલ્લા દિલથી આચાર્ય સામે મૂકી દે તથા યથોચિત પ્રાયશ્ચિત્ત કરીને ફરી તેવું કૃત્ય ન કરવાની પ્રતિજ્ઞા કરે તેમની જ સાથે પોતાનો સંબંધ જોડવો જોઈએ.

ભાષ્યકારે ષષ્ઠ ઉદ્દેશની વ્યાખ્યામાં નિમ્ન વિષયોનો પણ સમાવેશ કર્યો છે : 'જ્ઞાતવિધિ' પદનું એકાદશ દ્વારપૂર્વક વ્યાખ્યાન — ૧. આક્રન્દનસ્થાન, ૨. ક્ષિપ્ત, ૩. પ્રેરણા, ૪. ઉપસર્ગ, ૫. પથિરોદન, ૬. અપભ્રાજના, ૭. ઘાત, ૮. અનુલોમ, ૯. અભિયોગ્ય, ૧૦. વિષ, ૧૧. કોપ; સમવિધ કૂરની ગણના — શાલિકૂર, વ્રીહિકૂર, કોદ્રવકૂર, યવકૂર, ગોધૂમકૂર, રાલકકૂર અને આરણ્યવ્રીહિકૂર; આચાર્યે વસતિની બહાર રહેવાથી લાગતા દોષ; આચાર્ય સ્વયં ભિક્ષા માટે જાય અથવા ન જાય, જવાનાં કારણ, ન જવાનાં કારણ, તત્સમ્બન્ધી દોષ અને પ્રાયશ્ચિત્ત; અભ્યુત્થાનના નિરાકરણનાં કારણ; ચાર પ્રકારની વિકથાની વ્યાખ્યા; આક્ષેપ, આરોપણા, પ્રરૂપણા વગેરે પદોનું વ્યાખ્યાન; આચાર્યના પાંચ અતિશય — ઉત્કૃષ્ટ ભક્ત, ઉત્કૃષ્ટ પાન, મલિનોપધિધાવન, પ્રશંસન અને હસ્તપાદશૌચ; મતિભેદ, પૂર્વવ્યુદ્ગ્રાહ, સંસર્ગ અને અભિનિવેશના કારણે મિથ્યાદૃષ્ટિની ઉત્પત્તિ અને તે

૧. જુઓ — વગડાપ્રકૃતસૂત્ર : ગા. ૨૧૨૫-૨૨૮૯ (બૃહત્કલ્પ-લઘુભાષ્ય).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માટે ક્રમશઃ જમાલિ, ગોવિન્દ, શ્રાવકભિક્ષુ અને ગોષ્ઠામાહિલનાં દૃષ્ટાન્ત; વસતિવિષયક વિવિધ યતનાઓ; ઘરની અંદર તથા બહાર અભિનિવિંગડા, તેના વિવિધ ભેદ, તદ્વિષયક વિવિધ દોષ, યતનાઓ તથા પ્રાયશ્ચિત્ત.[૧]

સપ્તમ ઉદ્દેશ :

સપ્તમ ઉદ્દેશના ભાષ્યમાં નિમ્ન વિષયોનું વિવેચન કરવામાં આવ્યું છે :—

જે સાધુ-સાધ્વી સાંભોગિક છે અર્થાત્ એક જ આચાર્યના સંરક્ષણમાં છે તેમણે (સાધ્વીઓએ) પોતાના આચાર્યને પૂછ્યા વિના અન્ય સમુદાયમાંથી આવનારી અતિચાર વગેરે દોષોથી યુક્ત સાધ્વીને પોતાના સંઘમાં ન લેવી જોઈએ. જે સાધ્વીને આચાર્ય પ્રાયશ્ચિત્ત વગેરેથી શુદ્ધ કરી દે તેને પોતાના સંઘમાં ન લેનારી સાધ્વીઓએ આચાર્યને યથોચિત દંડ આપવો જોઈએ.

જે સાધુ-સાધ્વીઓ એક ગુરુની આજ્ઞામાં હોય તે (સાધુ) અન્ય સમુદાયના સાધુઓ સાથે ગોચરીનો વ્યવહાર કરી શકે છે. જો અન્ય સંઘના સાધુઓ આચારવિરુદ્ધ વ્યવહાર કરતા હોય તો તેમની સાથે પીઠ પાછળ વ્યવહાર બંધ ન કરી દેવો જોઈએ પણ તેમને પોતાની ત્રુટિઓનું પ્રત્યક્ષ ભાન કરાવવું જોઈએ. તેઓ પશ્ચાત્તાપ કરી પોતાની ત્રુટિ સુધારી લે તો તેમની સાથે વ્યવહાર-ભંગ ન કરવો જોઈએ. જો એવું કરતાં પણ તેઓ પોતાની ભૂલ ન સુધારે તો તેમની સાથે વ્યવહાર બંધ કરી દેવો જોઈએ. સાધ્વીઓ માટે બીજા પ્રકારનો નિયમ છે. તેમણે પ્રત્યક્ષ દોષ જોઈને પણ ગોચરીનો વ્યવહાર ન તોડવો જોઈએ પરંતુ પોતાના આચાર્યની આજ્ઞા લઈને અશુદ્ધ આચારવાળી સાધ્વીના ગુરુને તેની સૂચના આપવી જોઈએ. તેવું કરવાથી પણ જો તે પોતાનો આચાર ન સુધારે તો તેને સૂચના આપી દેવી જોઈએ કે તારી સાથે અમારો વ્યવહાર બંધ છે.

કોઈ પણ સાધુએ પોતાની વૈયાવૃત્ય માટે સ્ત્રીને દીક્ષા આપવી અકલ્પ્ય છે. તેને દીક્ષા આપીને અન્ય સાધ્વીને સોંપી દેવી જોઈએ. સાધ્વી કોઈ પણ પુરુષને દીક્ષા નથી આપી શકતી. તેણે તો કોઈ યોગ્ય સાધુ પાસે જ દીક્ષા ગ્રહણ કરવી પડે છે.

સાધ્વીએ એક સંઘમાં દીક્ષા લઈને બીજા સંઘની શિષ્યા બનવું હોય તો તેને દીક્ષા ન આપવી જોઈએ. તેણે જ્યાં રહેવું હોય ત્યાં જ જઈને દીક્ષા ગ્રહણ કરવી જોઈએ. સાધુ માટે એવો નિયમ નથી. તે કારણવશાત્ એક સંઘમાં દીક્ષા લઈને બીજા સંઘના ગુરુને પોતાનો ગુરુ બનાવી શકે છે.

ત્રણ વર્ષના પર્યાયવાળો સાધુ સુયોગ્ય હોય તો ત્રીસ વર્ષના પર્યાયવાળી સાધ્વીનો ઉપાધ્યાય થઈ શકે છે. આ જ રીતે પાંચ વર્ષના પર્યાયવાળો સાધુ સાઠ વર્ષના પર્યાયવાળી સાધ્વીનો આચાર્ય બની શકે છે.

૧. ષષ્ઠ વિભાગ : ગા. ૧-૩૮૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે મકાનમાં સાધુ રહેવા માગે તેનો માલિક, તેની વિધવા પુત્રી, પુત્ર, ભાઈ વગેરે કોઈની પણ આજ્ઞા લેવી અનિવાર્ય છે. માર્ગમાં જતી વખતે ક્યાંક રોકાવાનો પ્રસંગ આવે તો પણ યથાવસર કોઈ ને કોઈ ગૃહસ્થની આજ્ઞા લેવી જોઈએ. રાજ્યમાં એક રાજા કોઈ કારણથી રાજા ન રહે ત્યારે બીજા રાજાની નિશ્ચિત રૂપે સ્થાપના થઈ જાય તો તેની ફરી આજ્ઞા લઈને તેના રાજ્યમાં રહેવું જોઈએ.

સાધ્વીની દીક્ષાના પ્રસંગનું વિવેચન કરતાં ભાષ્યકારે એક કોશલક આચાર્ય અને એક શ્રાવિકાનું દૃષ્ટાન્ત આપ્યું છે અને બતાવ્યું છે કે કોશલક પોતાના દેશસ્વભાવથી જ અનેક દોષોથી યુક્ત હોય છે. આ મતની પુષ્ટિ કરતાં આન્ધ્ર વગેરે પ્રદેશોના નિવાસીઓના સ્વભાવ તરફ પણ સંકેત કરવામાં આવ્યો છે. આન્ધ્ર દેશમાં જન્મ્યો હોય અને અક્રૂર હોય, મહારાષ્ટ્રમાં જન્મ્યો હોય અને અવાચાળ હોય, કોશલમાં જન્મ્યો હોય અને અદુષ્ટ હોય — એવો સોમાંથી એક પણ મળવો મુશ્કેલ છે.[૧]

સાધુ-સાધ્વીઓના સ્વાધ્યાય માટે ઉપયુક્ત તથા અનુપયુક્ત કાળનું ભાષ્યકારે અતિ વિસ્તૃત વર્ણન કર્યું છે. સાથે જ સ્વાધ્યાયની વિધિ વગેરે અન્ય આવશ્યક વાતો પર પણ પૂર્ણ પ્રકાશ પાડ્યો છે. પરસ્પર વાચના આપવાનો શું નિયમ છે, તેનું પણ વિસ્તારપૂર્વક પ્રતિપાદન કરવામાં આવ્યું છે.[૨]

અષ્ટમ ઉદ્દેશઃ

આ ઉદ્દેશના ભાષ્યમાં મુખ્યરૂપે નિમ્નલિખિત વાતોની ચર્ચા કરવામાં આવી છે :—

શયન કરવા અથવા અન્ય પ્રયોજન માટે પાટની આવશ્યકતા પ્રતીત થતાં સાધુ એક હાથે તેને ઊપાડી શકે તેટલી હલકી પાટ ગામ અથવા પરગામથી માંગીને લાવી શકે છે. પરગામથી લાવવાની સ્થિતિમાં ત્રણ દિવસ જેટલા દૂરના અંતરવાળા ગામથી લાવી શકાય છે, તેનાથી અધિક નહિ. વૃદ્ધ સાધુ માટે આવશ્યકતા હોય ત્યારે પાંચ દિવસ જેટલા દૂરના અંતરવાળા સ્થાનેથી પણ લાવી શકાય છે. પાછા આપવાની શરતે લાવેલી વસ્તુ અન્ય મકાનમાં લઈ જવી હોય તો તેના માટે ફરી માલિકની આજ્ઞા લેવી જોઈએ. એ જ રીતે કોઈ મકાનમાં રોકાવું હોય તો તેના સ્વામીની આજ્ઞા લઈને રોકાવું જોઈએ. કોઈ સાધુને ગોચરી વગેરે માટે જતી વખતે કોઈ અન્ય સાધુનું નાનું-મોટું ઉપકરણ મળે તો પૂછપરછ કરીને જેનું હોય તેને આપી દેવું જોઈએ. માલિકનો પત્તો ન લાગવાની સ્થિતિમાં તેનું નિર્દોષ સ્થાને વિસર્જન કરી દેવું જોઈએ. વિશેષ કારણ ઉપસ્થિત થતાં બીજા સાધુ માટે પાત્રાદિ સામગ્રી

---

૧. સપ્તમ ઉદ્દેશ : ગા. ૧૨૩-૬. ૨. ગા. ૧૮૧-૪૦૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વીકારવી કલ્પ્ય છે. તે સામગ્રી તે સાધુને પૂછીને તેના ગ્રહણ ન કરવાની સ્થિતિમાં જ ગુરુની આજ્ઞાથી અન્ય સાધુને આપી દેવી જોઈએ. કુક્કુટી(કૂકડી)ના ઈંડા જેટલો અથવા કુક્ષી (પેટ)માં સુખપૂર્વક ભરી શકાય તેટલા આહારના બત્રીસમા ભાગ અર્થાત્ કુક્ષીઅંડ જેવડા આઠ કોળિયા ખાનાર સાધુ અલ્પાહારી, બાર કોળિયા ખાનાર સાધુ અપાર્ધાહારી, સોળ કોળિયા ખાનાર અર્ધાહારી, ચોવીસ કોળિયા ખાનાર પ્રામાવમૌદર્ય, એકત્રીસ કોળિયા ખાનાર કિંચિદવમૌદર્ય અને બત્રીસ કોળિયા ખાનાર પ્રમાણાહારી કહેવાય છે. કુક્કુટી અથવા કુકુટીનું વ્યાખ્યાન કરતાં કહેવામાં આવ્યું છે કે 'કુત્સિતા કુટી કુકુટી' અર્થાત્ શરીર. તે શરીરરૂપ કુકુટીનું અંડક અર્થાત્ ઈંડા સમાન જે મુખ છે તે કુકુટીઅંડક છે. મુખને અંડક કેમ કહેવામાં આવ્યું ? કેમકે ગર્ભમાં સર્વપ્રથમ શરીરનું મુખ બને છે અને પછીથી બાકીનો ભાગ; આથી પ્રથમ નિષ્પન્ન થવાને કારણે મુખને અંડક કહેવામાં આવ્યું છે.[૧]

નવમ ઉદ્દેશ :

આ ઉદ્દેશનો મુખ્ય વિષય છે શય્યાતર અર્થાત્ સાગારિકના જ્ઞાતિક, સ્વજન, મિત્ર વગેરે આગંતુકો પાસેથી સંબંધિત આહારના ગ્રહણ-અગ્રહણનો વિવેક તથા સાધુઓની વિવિધ પ્રતિમાઓનું વિધાન. સાગારિકના ઘરની અંદર કે બહાર કોઈ આગંતુક ભોજન કરી રહ્યો હોય અને તે ભોજન સાથે સાગારિકનો સંબંધ હોય અર્થાત્ તેને એમ કહેવામાં આવ્યું હોય કે તારા ખાધા પછી જે કંઈ બચે તેને પાછું સોંપજે તો તે આહારમાંથી સાધુ આગંતુકના આગ્રહ કરવા છતાં પણ કંઈ ન લે. જો તે આહાર સાથે સાગારિકનો કંઈ પણ સંબંધ ન રહી ગયો હોય તો સાધુ તે ગ્રહણ કરી શકે છે. આ જ રીતે સાગારિકના દાસ-દાસી વગેરેના આહારના વિષયમાં પણ સમજવું જોઈએ. ઔષધ વગેરે વિષયમાં પણ એ જ નિયમ છે કે જેનો કોઈ વસ્તુ પર પૂર્ણ અધિકાર હોય તેની જ ઈચ્છાથી તે વસ્તુ ગ્રહણ કરવી જોઈએ.

ભાષ્યકારે પ્રસ્તુત ઉદ્દેશની વ્યાખ્યામાં આદેશ અથવા આવેશ, ચક્રિકા, ગૌલિકા, દૌષિકા, સૌત્રિકા, બોધિકા,કાર્પાસા, ગંધિકાશાલા, શૌણ્ડિકશાલા, આપણ, ભાંડ, ઔષધિ વગેરે પદોનો સમાવેશ કર્યો છે.[૨]

પ્રતિમાઓના વિવેચનમાં તત્સમ્બન્ધી કાળ, ભિક્ષાપરિમાણ, કરણ અને કરણાન્તર, મોક પ્રતિમાનો શબ્દાર્થ, કલ્પાદિગ્રહણનું પ્રયોજન, મોકનું સ્વરૂપ, મહતી મોકપ્રતિમાનું લક્ષણ વગેરે આવશ્યક વાતો પર સંક્ષિપ્ત પ્રકાશ પાડવામાં આવ્યો છે.

---

૧. અષ્ટમ ઉદ્દેશ : ગા. ૩૦૦. ૨. નવમ ઉદ્દેશ : ગા. ૧-૭૩.
૩. ગા. ૭૪-૧૨૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દશમ ઉદ્દેશ :

આ ઉદ્દેશમાં યવમધ્ય-પ્રતિમા અને વજ્રમધ્ય-પ્રતિમાની વિધિ પર વિશેષ રૂપે વિચાર કરવામાં આવ્યો છે. પાંચ પ્રકારના વ્યવહારનું વિસ્તૃત વિવેચન કરતાં બાલદીક્ષાની વિધિ પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે. દસ પ્રકારની સેવાનું વર્ણન કરતાં તેનાથી થનારી મહાનિર્જરાનું પણ નિરૂપણ કરવામાં આવ્યું છે.

યવમધ્ય-પ્રતિમાનું સ્વરૂપ બતાવતાં ભાષ્યકાર કહે છે કે આ પ્રતિમાને યવ અને ચન્દ્રની ઉપમા આપવામાં આવી છે. જેનો મધ્યભાગ યવ સમાન છે તે યવમધ્યપ્રતિમા છે. તેનો આકાર ચન્દ્ર સમાન હોય છે. વજ્રમધ્ય-પ્રતિમા મધ્યમાં વજ્ર સમાન હોય છે. તેને પણ ચન્દ્રની ઉપમા આપવામાં આવે છે. યવમધ્ય-પ્રતિમા મધ્યમાં વિપુલ — સ્થૂળ હોય છે તથા આદિ અને અંતમાં તનુ — કૃશ હોય છે. જે રીતે શુક્લ પક્ષનો ચન્દ્ર ક્રમશઃ વૃદ્ધિ તરફ જઈને ફરી હ્રાસ તરફ આવે છે તે જ રીતે યવમધ્ય-પ્રતિમા પણ ક્રમશઃ ભિક્ષાની વૃદ્ધિ તરફ જતી ફરી હ્રાસ તરફ જાય છે. વજ્રમધ્ય-પ્રતિમામાં ચન્દ્રની ઉપમા બીજી રીતે ઘટિત થાય છે. આમાં બહુલપક્ષનું આદિમાં ગ્રહણ થાય છે. જે રીતે કૃષ્ણપક્ષનો ચન્દ્ર પહેલાં ક્રમશઃ હ્રાસને પ્રાપ્ત થાય છે અને પછી ક્રમશઃ વધે છે તે જ રીતે વજ્રમધ્ય-પ્રતિમામાં પણ ક્રમશઃ ભિક્ષાનો હ્રાસ થઈને ફરી તેની વૃદ્ધિ થાય છે. આ જ રીતે આ પ્રતિમા આદિ અને અંતમાં તો સ્થૂળ હોય છે પરંતુ મધ્યમાં કૃશ હોય છે.[૧]

વ્યવહાર પાંચ પ્રકારનો છે : આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા અને જીત.[૨] આ પાંચે પ્રકારોનું સ્વરૂપવર્ણન જીતકલ્પભાષ્યનો પરિચય આપતી વખતે કરવામાં આવી ચૂક્યું છે આથી અહીં તેની પુનરાવૃત્તિ બિનજરૂરી છે.[૩]

નિર્ગ્રન્થ પાંચ પ્રકારના હોય છે : પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રન્થ અને સ્નાતક. તેમને માટે વિવિધ પ્રકારનાં પ્રાયશ્ચિત્તોનું વિધાન કરવામાં આવ્યું છે. પ્રાયશ્ચિત્ત દસ પ્રકારનાં છે : ૧. આલોચના, ૨. પ્રતિક્રમણ, ૩. મિશ્ર, ૪. વિવેક, ૫. વ્યુત્સર્ગ, ૬. તપ, ૭. છેદ, ૮. મૂલ, ૯. અનવસ્થાપ્ય અને ૧૦. પારંચિત કે પારાંચિક. પુલાક માટે આલોચના, પ્રતિક્રમણ, મિશ્ર, વિવેક, તપ અને વ્યુત્સર્ગ — આ છ પ્રકારનાં પ્રાયશ્ચિત્ત છે. બકુશ અને કુશીલ માટે બધાં અર્થાત્ દસ પ્રાયશ્ચિત્ત છે. યથાલન્દ-કલ્પમાં આઠ પ્રકારનાં પ્રાયશ્ચિત્ત છે (કેમકે તેમાં અનવસ્થાપ્ય અને પારંચિતનો અભાવ છે). નિર્ગ્રન્થ માટે આલોચના અને વિવેક આ બે પ્રાયશ્ચિત્તોનું વિધાન છે. સ્નાતક માટે માત્ર એક પ્રાયશ્ચિત્ત — વિવેકનું વિધાન કરવામાં આવ્યું

---

૧. દશમ ઉદ્દેશ : ગા. ૩-૫. ૨. ગા. ૫૩.

૩. જીતકલ્પભાષ્ય, ગા. ૭-૬૯૪ તથા પ્રસ્તુત ગ્રંથ, પૃ. ૨૦૩-૨૦૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. હવે પાંચ પ્રકારના સંયતો માટે પ્રાયશ્ચિત્તોનું વિધાન કરતાં ભાષ્યકાર કહે છે કે સામાયિકસંયત સ્થવિરકલ્પિકો માટે છેદ અને મૂલ છોડીને બાકીનાં આઠ પ્રાયશ્ચિત્ત – આલોચના, પ્રતિક્રમણ, મિશ્ર, વિવેક, વ્યુત્સર્ગ, તપ, અનવસ્થાપ્ય અને પારંચિત છે; જિનકલ્પિકો માટે આલોચના, પ્રતિક્રમણ, મિશ્ર, વિવેક, વ્યુત્સર્ગ અને તપ – આ છ પ્રાયશ્ચિત્ત છે. છેદોપસ્થાપનીય સંયમમાં સ્થિત સ્થવિરો માટે બધા પ્રકારનાં પ્રાયશ્ચિત્ત છે; જિનકલ્પિકો માટે આઠ પ્રકારનાં પ્રાયશ્ચિત્ત છે. પરિહારવિશુદ્ધિક સંયમમાં સ્થિત સ્થવિરો માટે પણ મૂલપર્યન્ત આઠ જ પ્રાયશ્ચિત્ત છે; જિનકલ્પિકો માટે છેદ અને મૂલ છોડીને છ પ્રકારનાં પ્રાયશ્ચિત્ત છે. સૂક્ષ્મસંપરાય અનેં યથાખ્યાત સંયમમાં વિદ્યમાન માટે આલોચના અને વિવેક – આ બે જ પ્રાયશ્ચિત્ત છે.[૧]

આગમાદિ પાંચ પ્રકારના વ્યવહારનું સુવિસ્તૃત વવેચન કર્યા પછી ચાર પ્રકારના પુરુષજાતની ચર્ચા શરૂ કરવામાં આવી છે : ૧. અર્થકર, ૨. માનકર, ૩. ઉભયકર અને ૪. નોભયકર. આમાંથી પ્રથમ અને તૃતીયને સફળ માનવામાં આવ્યા છે અને દ્વિતીય અને ચતુર્થને નિષ્ફળ. આ ચારે પ્રકારના પુરુષોનું સ્વરૂપ સ્પષ્ટ કરવા માટે ઉજ્જયિની નગરી અને શકરાજાનું દૃષ્ટાન્ત આપવામાં આવ્યું છે.[૨] આ જ રીતે ૧. ગણાર્થકર, ૨. માનકર, ૩. ઉભયકર અને ૪. અનુભયકરનું વર્ણન કર્યા પછી ગણસંગ્રહકર, ગણશોભાકર, ગણશોધિકર વગેરે ચાર-ચાર પ્રકારના પુરુષોનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે.[૩] અંતમાં ત્રણ પ્રકારની સ્થવિરભૂમિ, ત્રણ પ્રકારની શૈક્ષકભૂમિ, આઠ વર્ષથી ઓછી વય ધરાવનારની દીક્ષાનો નિષેધ, આચારપ્રકલ્પ (નિશીથ)નાં અધ્યયનની યોગ્યતા, સૂત્રકૃત વગેરે અન્ય સૂત્રોનાં અધ્યયનની યોગ્યતા, દસ પ્રકારની સેવા વગેરેનો વિચાર કરવામાં આવ્યો છે.[૪]

---

૧. ગા. ૩૫૨-૩૬૪.
૨. દશમ ઉદ્દેશ : પૃ. ૯૪, ગા. ૧-૭.
૩. ગા. ૧૫-૪૪.
૪. ગા. ૪૫-૧૪૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ષષ્ઠ પ્રકરણ

ઓઘનિર્યુક્તિ-લઘુભાષ્ય

પ્રસ્તુત પ્રકરણના પ્રારંભમાં ભાષ્યોનો સામાન્ય પરિચય આપતી વખતે અમે આવશ્યકાદિ સૂત્રો પર લખાયેલાં ભાષ્યોનાં જે નામ ગણાવ્યાં છે તેમાંથી નિમ્નલિખિત છ ભાષ્ય પ્રકાશિત થઈ ચૂક્યાં છે : ૧. વિશેષાવશ્યકભાષ્ય, ૨. જીતકલ્પભાષ્ય, ૩. બૃહત્કલ્પલઘુભાષ્ય, ૪. વ્યવહારભાષ્ય, ૫. ઓઘનિર્યુક્તિલઘુભાષ્ય અને ૬. પિંડનિર્યુક્તિભાષ્ય. આમાંથી પ્રથમ ચારનો વિસ્તૃત પરિચય આપવામાં આવી ગયો છે. ઓઘનિર્યુક્તિલઘુભાષ્ય અને પિંડનિર્યુક્તિભાષ્યની ગાથા-સંખ્યા બહુ મોટી નથી. પ્રથમમાં ૩૨૨ અને દ્વિતીયમાં ૪૬ ગાથાઓ છે. આ ગાથાઓ નિર્યુક્તિઓમાં મિશ્રિતરૂપે ઉપલબ્ધ છે તથા ગણતરીમાં નિર્યુક્તિઓની ગાથાઓથી ઓછી છે. વ્યવહારભાષ્યકારની માફક આ બંને ભાષ્યકારોનાં નામનો પણ કોઈ ઉલ્લેખ નથી મળતો.

ઓઘનિર્યુક્તિલઘુભાષ્ય[1]માં નિમ્ન વિષયોનો સમાવેશ છે : ઓઘ, પિંડ, સમાસ અને સંક્ષેપ એકાર્થક છે; વ્રત, શ્રમણધર્મ, સંયમ, વૈયાવૃત્ય, બ્રહ્મચર્યગુપ્તિ, જ્ઞાનાદિત્રિક, તપ અને ક્રોધનિગ્રહાદિ ચરણ છે; પિંડવિશુદ્ધિ, સમિતિ, ભાવના, પ્રતિમા, ઈન્દ્રિયનિરોધ, પ્રતિલેખના, ગુપ્તિ અને અભિગ્રહ કરણ છે; અનુયોગ ચાર પ્રકારનો હોય છે : ચરણકરણાનુયોગ, ધર્મકથાનુયોગ, ગણિતાનુયોગ અને દ્રવ્યાનુયોગ; ગ્લાન સાધુની પરિચર્યા શા માટે કરવી જોઈએ તથા તેની શું વિધિ છે; ભોજન ગ્રહણની નિર્દોષ વિધિ તથા તત્સમ્બન્ધી યતનાઓ; સાધુઓના વિચરણનો સમય અને તદ્વિષયક મર્યાદાઓ વગેરે; ગ્રામમાં પ્રવેશ તથા શકુનાપશકુનનો વિચાર; સ્થાપનાકુલોની સ્થાપના તથા તેની અનિવાર્યતા; કાયોત્સર્ગ કરવાની વિધિ અને તેના માટે ઉપયુક્ત સ્થાન, આસન વગેરે; ઔપઘાતિકના ત્રણ ભેદ : આત્મૌપઘાતિક,

---

૧. નિર્યુક્તિ-ભાષ્ય-દ્રોણાચાર્યસૂત્રિતવૃત્તિભૂષિત : પ્રકાશક — શાહ વેણીચન્દ્ર સુરચન્દ્ર, આગમોદય સમિતિ, મહેસાણા, સન્ ૧૯૧૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રવચનૌપઘાતિક અને સંયમૌપઘાતિક; પાત્રલેપની વિધિ, યતનાઓ અને દોષો; ભિક્ષાગ્રહણનો ઉપયુક્ત કાળ; ભિક્ષાટનની નિર્દોષ વિધિ; દાતાની યોગ્યતા, અયોગ્યતાનો વિવેક; સ્ત્રી-પુરુષનો વિચાર; ગમનાગમન સમયે વિવિધ ઉપકરણ ગ્રહણ કરવાના નિયમો તથા ધર્મરુચિનું દૃષ્ટાન્ત; આહારનો ઉપભોગ કરવાની નિર્દોષ વિધિ વગેરે.[૧]

●

૧. ભાષ્યગાથા ૧-૩૨૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સપ્તમ પ્રકરણ

ઓઘનિર્યુક્તિ-બૃહદ્‌ભાષ્ય

મુનિશ્રી પુણ્યવિજયજી પાસે ઓઘનિર્યુક્તિ-બૃહદ્‌ભાષ્યની એક હસ્તલિખિત પ્રતિ છે જેમાં ૨૫૧૭ ગાથાઓ છે, તેમાં નિર્યુક્તિ-ગાથાઓ પણ સમ્મિલિત છે. પ્રારંભમાં નિર્યુક્તિની નિમ્ન ગાથાઓ છે :

अरिहंते वंदित्ता चोद्दसपुव्वी तहेव दसपुव्वी ।
एक्कारसंगसुत्तत्थधारए सव्वसाहू य ॥ १ ॥
ओहेण य निज्जुत्तिं वोच्छं चरणकरणाणुओगातो ।
अप्पक्खरं महत्थं अणुग्गहत्थं सुविहियाणं ॥ २ ॥

આ ગાથાઓમાં નિર્યુક્તિકારે અરિહંત, ચતુર્દશપૂર્વી, દશપૂર્વી તથા એકાદશાંગસૂત્રાર્થધારક બધા સાધુઓને નમસ્કાર કરીને ઓઘનિર્યુક્તિ લખવાની પ્રતિજ્ઞા કરી છે. ભાષ્યકારે આ જ નિર્યુક્તિની ગાથાઓનાં વિવેચન રૂપે પ્રસ્તુત ભાષ્યનું નિર્માણ કર્યું છે. ગ્રંથમાં ભાષ્યકારનાં નામ વગેરે વિષયમાં કોઈ પ્રકારનો ઉલ્લેખ નથી. દ્રોણાચાર્યની વૃત્તિ લઘુભાષ્ય પર છે, બૃહદ્‌ભાષ્ય પર નહીં.

●

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અષ્ટમ પ્રકરણ

પિંડનિર્યુક્તિ-ભાષ્ય

પિંડનિર્યુક્તિલઘુભાષ્ય[1]માં નિમ્ન વિષયોનું સંક્ષિપ્ત વ્યાખ્યાન છે : 'ગૌણ' શબ્દની વ્યુત્પત્તિ, 'પિંડ'નું સ્વરૂપ, લૌકિક અને સામયિકની તુલના, પિંડસ્થાપનાના બે ભેદ : સદ્‌ભાવસ્થાપના અને અસદ્‌ભાવસ્થાપના, પિંડનિક્ષેપ અને વાતકાય, આધાકર્મનું સ્વરૂપ, અધઃકર્મતાહેતુ, વિભાગૌદ્દેશિકના ભેદ, મિશ્રજાતનું સ્વરૂપ, સ્વસ્થાનના સ્થાનસ્વસ્થાન, ભાજનસ્વસ્થાન વગેરે ભેદ, સૂક્ષ્મ પ્રાભૃતિકાના અપસર્પણ અને ઉત્સર્પણરૂપ બે ભેદ, વિશોધિ અને અવિશોધિની કોટિઓ, ચૂર્ણનું સ્વરૂપ તથા તત્સમ્બન્ધી બે ક્ષુલ્લકોનું દૃષ્ટાન્ત.[2]

●

---

૧. નિર્યુક્તિ-ભાષ્ય-મલયગિરિવિવૃત્તિયુક્ત—પ્રકાશક : દેવચન્દ્ર લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર, મુંબઈ, સન્ ૧૯૧૮.

૨. ભાષ્યગાથા ૧-૪૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવમ પ્રકરણ

પંચકલ્પમહાભાષ્ય

આ ભાષ્ય[1] પંચકલ્પનિર્યુક્તિના વિવેચન રૂપે છે. આમાં કુલ મળીને ૨૬૬૫ ગાથાઓ છે જેમાં માત્ર ભાષ્યની ૨૫૭૪ ગાથાઓ છે. પ્રારંભમાં નિર્યુક્તિકારકૃત નિમ્ન ગાથા છે :

वंदामि भद्दबाहुं पाईणं चरिमसगलसुयनाणिं ।
सुत्तस्स कारगमिसिं दसाण कप्पे य ववहारे ॥ १ ॥

આ ગાથા દશાશ્રુતસ્કંધની નિર્યુક્તિ તથા ચૂર્ણિમાં પણ પ્રારંભમાં જ છે. આ ગાથાનું વ્યાખ્યાન કરતાં ભાષ્યકારે 'ભદ્રબાહુ'નો અર્થ 'સુંદર બાહુઓવાળો' કર્યો છે. અન્ય ભદ્રબાહુઓથી પ્રસ્તુત ભદ્રબાહુનું પૃથક્કરણ કરવા માટે 'પ્રાચીન' (ગોત્ર), 'ચરમસકલશ્રુતજ્ઞાની' અને 'દશા-કલ્પ-વ્યવહારસૂત્રકાર' વિશેષણ આપવામાં આવ્યાં છે. એતદ્વિષયક ગાથાઓ ઐતિહાસિક દૃષ્ટિએ વિશેષ મહત્ત્વપૂર્ણ હોવાને કારણે અહીં ઉદ્ધૃત કરવામાં આવે છે :

भद्द त्ति सुंदर त्ति य तुल्लत्थो जत्थ सुंदरा बाहू ।
सो होति भद्दबाहु गोण्णं जेणं तु वालत्ते ॥ ७ ॥
पाएणं लक्खिज्जइ पेसलभावो तु बाहुजुयलस्स ।
उववण्णमतो णामं तस्सेयं भद्दबाहु त्ति ॥ ८ ॥
अण्णे वि भद्दबाहू विसेसणं गोत्तगहण पाईणं ।
अण्णेसिं पडविसिट्ठे विसेसणं चरिमसगलसुत्तं ॥ ९ ॥
चरिमो अपच्छिमो खलु चोद्दसपुव्वा उ होति सगलसुत्तं ।
सेसाण वुदासट्ठा सुत्तकरज्झयणमेयस्स ॥ १० ॥
किं तेण कयं सुत्तं जं भण्णति तस्स कारतो सो उ ।
भण्णति गणधारीहिं सव्वसुयं चेव पुव्वकतं ॥ ११ ॥
तत्तो च्चिय णिज्जूढं अणुग्गहट्ठाय संपयजतीणं ।
सो सुत्तकारओ खलु स भवति दसकप्पववहारे ॥ १२ ॥

કલ્પ (કલ્પ)નું વ્યાખ્યાન કરતાં ભાષ્યકાર કહે છે કે કલ્પ બે પ્રકારનો હોય છે : જિનકલ્પ અને સ્થવિરકલ્પ. આ બંને પ્રકારના કલ્પોનો દ્રવ્ય અને ભાવપૂર્વક

---

૧. આ ભાષ્યની હસ્તલિખિત પ્રત મુનિ શ્રી પુણ્યવિજયજીની કૃપાથી પ્રાપ્ત થઈ છે. આ પ્રત મુનિ શ્રીએ વિ.સં. ૧૯૮૩માં લખીને તૈયાર કરી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિચાર કરવો જોઈએ.[૧] ત્યાર પછી કલ્પ્ય અને અકલ્પ્ય વસ્તુઓનો વિચાર કરવામાં આવ્યો છે.

કલ્પીઓ અર્થાત્ સાધુઓની જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ત્રિવિધ સંપદાનું વર્ણન કરતાં ભાષ્યકારે પાંચ પ્રકારના ચારિત્રનું સ્વરૂપ બતાવ્યું છે : સામાયિક, છેદોપસ્થાપન, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મરાગ – સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત. આ જ રીતે ચારિત્રના ક્ષાયિક, ક્ષાયોપશમિક અને ઔપશમિક – આ ત્રણે ભેદોનું પણ વર્ણન કરવામાં આવ્યું છે. જ્ઞાન બે પ્રકારનું હોય છે : ક્ષાયિક અને ક્ષાયોપશમિક. કેવલજ્ઞાન ક્ષાયિક છે અને બાકીનું જ્ઞાન ક્ષાયોપશમિક છે. દર્શન ત્રણ પ્રકારનું છે : ક્ષાયિક, ક્ષાયોપશમિક અને ઔપશમિક. ચારિત્રનું પાલન કોણ કરે છે ? નિર્ગ્રન્થ અને સંયત. નિર્ગ્રન્થ અને સંયતના પાંચ-પાંચ ભેદ હોય છે :

कस्सेतं चारित्तं णियंठ तह संजयाण ते कतिहा ।
पंच णियंठा पंचेव संजया होंतिमे कमसो ॥ ८३ ॥

પાંચ પ્રકારના નિર્ગ્રન્થ આ છે : પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રન્થ અને સ્નાતક. સંયતના સામાયિક વગેરે ઉપર્યુક્ત પાંચ ભેદ છે. આ દસ પ્રકારના શ્રમણોના પ્રસ્તુત ભાષ્યમાં બીજા પણ અનેક ભેદ-પ્રભેદો કરવામાં આવ્યાં છે.

'કલ્પ' શબ્દનો પ્રયોગ કયા-કયા અર્થોમાં કરવામાં આવ્યો છે, તેનો વિચાર કરતાં કહેવામાં આવ્યું છે કે 'કલ્પ' શબ્દ નિમ્ન અર્થોમાં પ્રયુક્ત થયો છે : સામર્થ્ય, વર્ણના, કાલ, છેદન, કરણ, ઔપમ્ય અને અધિવાસ :

सामत्थे वण्णणा काले छेयणे करणे तहा ।
ओवम्मे अहिवासे य कप्पसद्दो वियाहिओ ॥ १५४ ॥

આ બધાનું ભેદપુરઃસર વિસ્તૃત વિવેચન નવમા પૂર્વમાં કરવામાં આવ્યું છે. પ્રસ્તુત ભાષ્યમાં માત્ર પંચકલ્પ – પાંચ પ્રકારના કલ્પનું સંક્ષિપ્ત વર્ણન છે. જેમકે ભાષ્યકાર પોતે જ લખે છે :

सो पुण पंचविकप्पो, कप्पो इह वण्णिओ समासेणं ।
वित्थरतो पुव्वगतो, तस्स इमे होंति भेदा तु ॥ १७४ ॥

પાંચ પ્રકારના કલ્પના ક્રમશઃ છ, સાત, દસ, વીસ અને બેંતાલીસ ભેદ છે : छव्विह सत्तविहे य, दसविह वीसतिविहे य बायाले ।[૨] છ પ્રકારના કલ્પનો છ પ્રકારે નિક્ષેપ કરવો જોઈએ. તે છ પ્રકારનો નિક્ષેપ છે : નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ.[૩] દ્રવ્યકલ્પ ત્રણ પ્રકારનો છે : જીવ, અજીવ અને મિશ્ર. જીવકલ્પના ફરી ત્રણ ભેદ છે : દ્વિપદ, ચતુષ્પદ અને અપદ. પ્રસ્તુત અધિકાર દ્વિપદનો છે અને તેમાં

૧. ગા. ૫૯. ૨. ગા. ૧૭૫. ૩. ગા. ૧૮૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ મનુષ્યદ્વિપદનો. મનુષ્યદ્વિપદમાં પણ કર્મભૂમિજનો અધિકાર અભીષ્ટ છે.[૧] આ મનુજજીવકલ્પ છ પ્રકારનો છે : પ્રવ્રાજન, મુંડન, શિક્ષણ, ઉપસ્થાપન, ભોગ અને સંવસન :

पव्वावण मुंडावण सिक्खावणुवट्ठ भुंज संवसणा ।
एसोत्थ (तु) जीवकप्पो, छब्भेदो होति णायव्वो ॥ १८६ ॥

ભાષ્યકારે આની પર પર્યાપ્ત પ્રકાશ પાડ્યો છે. પ્રવ્રાજનનું વિવેચન કરતાં જાતિ, કુળ, રૂપ અને વિનયસમ્પન્ન વ્યક્તિને જ પ્રવ્રજ્યા યોગ્ય માની છે. બાળ, વૃદ્ધ, નપુંસક, જડ, ક્લીબ, રોગી, સ્તેન, રાજાપકારી, ઉન્મત્ત, અદર્શી, દાસ, દુષ્ટ, મૂઢ, અજ્ઞાની, જુંગિત, ભયભીત, પલાયિત, નિષ્કાસિત, ગર્ભિણી અને બાલવત્સા — આ વીસ પ્રકારની વ્યક્તિઓને પ્રવ્રજ્યા — દીક્ષા આપવી અકલ્પ્ય છે :

बाले वुड्ढे नपुंसे य, जड्डे कीवे य वाहिए ।
तेणे रायावगारी य उम्मत्ते य अदंसणे ॥ २०० ॥
दासे दुट्ठे य मूढे य, अणत्ते जुंगितेइ य ।
ओबद्धए य भयए, सेहणिप्फेडितेति य ॥ २०१ ॥
गुव्विणी बालवच्छा य, पव्वावेतुं ण कप्पए ।
एसिं परूवणा दुविहा, उस्सग्गववायसंजुत्ता ॥ २०२ ॥

આને જ મળતું આવતું વિધાન નિશીથભાષ્યમાં પણ છે. એતદ્વિષયક અનેક ગાથાઓ બંને ભાષ્યોમાં સમાન છે.[૨]

અચિત્ત અર્થાત્ અજીવ-દ્રવ્યકલ્પનું વિવેચન કરતાં આચાર્યે નિમ્નલિખિત સોળ વિષયો પર પ્રકાશ પાડ્યો છે : ૧. આહાર, ૨. ઉપધિ, ૩. ઉપાશ્રય, ૪. પ્રસ્રવણ, ૫. શય્યા, ૬. નિષદ્યા, ૭. સ્થાન, ૮. દંડ, ૯. ચર્મ, ૧૦. ચિલિમિલી, ૧૧. અવલેખનિકા, ૧૨. દંતધાવન, ૧૩. કર્ણશોધન, ૧૪. પિપ્પલક, ૧૫. સૂચી, ૧૬. નખચ્છેદન.[૩]

મિશ્ર દ્રવ્યકલ્પનું વિવેચન કરતાં ભાષ્યકારે બતાવ્યું છે કે જીવ અને અજીવના સંયોગ વગેરેથી નિષ્પન્ન કલ્પ મિશ્રકલ્પ કહેવાય છે.[૪] તેના વિવિધ ભંગ હોય છે. અહીં સુધી દ્રવ્યકલ્પનું વ્યાખ્યાન છે.

---

૧. ગા. ૧૮૨-૪. ૨. તુલના : નિશીથ-ભાષ્ય, ગા. ૩૫૦૬-૦૮.

૩. आहारे उवहिम्मि य, उवस्सए तह य पस्सवणए य ।
सेज्ज णिसेज्जट्ठाणे, डंडे चम्मे चिलिमिली य ॥ ७२३ ॥
अवलेहणिया दंताण, धोवणे कण्णसोहणे चेव ।
पिप्पलग सूति णक्खाण, छेदणे चेव सोलसमे ॥ ७२४ ॥

૪. ગા. ૯૦૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્ષેત્રકલ્પનું સ્વરૂપ બતાવતાં આચાર્યે અર્ધષટ્‌વિંશતિ (અદ્ધછવ્વીસ) અર્થાત્ સાડા પચ્ચીસ દેશોને આર્યક્ષેત્ર બતાવ્યાં છે જેમાં સાધુઓએ વિચરવું જોઈએ. આ દેશોની સાથે જ તેમની રાજધાનીઓનાં નામ પણ આપ્યાં છે. અહીં એતદ્વિષયક ભાષ્યની છ ગાથાઓ ઉદ્ધૃત કરવામાં આવે છે જેનાથી આર્યક્ષેત્રીય દેશો અને તેમની રાજધાનીઓનાં નામોની યોગ્ય જાણ થઈ શકશે.

रायगिह मगह चंपा, अंगा तह तामलित्ति वंगा य ।
कंचणपुरं कलिंगा, वाराणसि चेव कासी य ॥ ९६९ ॥
साएय कोसला गयपुरं च कुरु सोरियं कुसट्ठा य ।
कंपिल्ल पंचाला, अहिछत्ता जंगला चेव ॥ ९७० ॥
बारवती य सुरट्ठा, महिल विदेहा य वच्छ कोसंबी ।
णंदिपुरं संदिभा, भद्दिलपुरमेव वलया य ॥ ९७१ ॥
वयराडवच्छ वरणा, अच्छा तह मत्तियावति दसण्णा ।
सोत्तियमती य चेती, वीतिभयं सिंधु सोवीरा ॥ ९७२ ॥
महुरा य सुरसेणा, पावा भंगी य मासपुरिवट्टा ।
सावत्थी य कुणाला, कोडीवरिसं च लाढा य ॥ ९७३ ॥
सेयवियाऽविय णगरी केततिअद्धं च आरियं भणितं ।
जत्थुप्पत्ति जिणाणं चक्कीणं रामकिण्हाणं ॥ ९७४ ॥

આર્ય જનપદો અને તેમની મુખ્ય નગરીઓનાં નામ આ છે :

દેશ		રાજધાની
૧ – મગધ	....	રાજગૃહ
૨ – અંગ	....	ચંપા
૩ – વંગ	....	તામ્રલિપ્તિ
૪ – કલિંગ	....	કાંચનપુર
૫ – કાશી	....	વારાણસી
૬ – કોશલ	....	સાકેત
૭ – કુરુ	....	ગજપુર
૮ – કુશાવર્ત	....	સૌરિક
૯ – પાંચાલ	....	કામ્પિલ્ય
૧૦ – જાંગલ	....	અહિચ્છત્રા
૧૧ – સૌરાષ્ટ્ર	....	દ્વારવતી
૧૨ – વિદેહ	....	મિથિલા
૧૩ – વત્સ	....	કૌશામ્બી
૧૪ – શાંડિલ્ય	....	નન્દિપુર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેશ	રાજધાની
૧૫ — મલય	ભદ્દિલપુર
૧૬ — મત્સ્ય	વૈરાટપુર
૧૭ — વરણ	અચ્છાપુરી
૧૮ — દશાર્ણ	મૃત્તિકાવતી
૧૯ — ચેદિ	શૌક્તિકાવતી
૨૦ — સિંધુ સૌવીર....	વીતિભય
૨૧ — શૂરસેન	મથુરા
૨૨ — ભંગિ	પાપા
૨૩ — વટ્ટ	માસપુરી
૨૪ — કુણાલ	શ્રાવસ્તી
૨૫ — લાટ	કોટિવર્ષ
૨૫½ — કેકયાર્ધ	શ્વેતામ્બિકા

ક્ષેત્રકલ્પની પછી કાલકલ્પનું વર્ણન કરતાં આચાર્યે નિમ્ન વિષયોનું વ્યાખ્યાન કર્યું છે : માસકલ્પ, પર્યુષણાકલ્પ, વૃદ્ધવાસકલ્પ, પર્યાયકલ્પ, ઉત્સવર્ગ, પ્રતિક્રમણ, કૃતિકર્મ, પ્રતિલેખન, સ્વાધ્યાય, ધ્યાન, ભિક્ષા, ભક્ત, વિકાર, નિષ્ક્રમણ અને પ્રવેશ.[૧]

ભાવકલ્પનાં વર્ણનમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, સંયમ, સમિતિ, ગુપ્તિ વગેરેનું વિવેચન કરવામાં આવ્યું છે.[૨] અહીં સુધી પ્રથમ કલ્પ અંતર્ગત છ પ્રકારના કલ્પોનો અધિકાર છે. ત્યાર પછી કલ્પના સાત ભેદોનું વ્યાખ્યાન શરૂ થાય છે.

સાત પ્રકારના કલ્પમાં નિમ્ન કલ્પોનો સમાવેશ કરવામાં આવ્યો છે : સ્થિતકલ્પ, અસ્થિતકલ્પ, જિનકલ્પ, સ્થવિરકલ્પ, લિંગકલ્પ, ઉપધિકલ્પ અને સંભોગકલ્પ.[૩] ભાષ્યકારે આ બધાનું વિસ્તારથી વર્ણન કર્યું છે.

તૃતીય કલ્પ અંતર્ગત દસ પ્રકારના કલ્પોનું વર્ણન કરવામાં આવ્યું છે : કલ્પ, પ્રકલ્પ, વિકલ્પ, સંકલ્પ, ઉપકલ્પ, અનુકલ્પ, ઉત્કલ્પ, અકલ્પ, દુષ્કલ્પ અને સુકલ્પ.[૪] પિણ્ડૈષણા, ભાવના, ભિક્ષુપ્રતિમા વગેરે યતિગુણોની વૃદ્ધિ કરવી તે કલ્પ છે. ઉત્સારકલ્પ, લોકાનુયોગ, પ્રથમાનુયોગ, સંગ્રહણી, સંભોગ, શ્રૃંગનાદિત આદિ પ્રકલ્પ છે.[૫] અતિરેક, પરિકર્મ, ભંડોત્પાદના વગેરે વિકલ્પ છે : अतिरेगं परिकम्मण

---

૧. ગા. ૧૦૨૪-૧૧૩૫. ૨. ગા. ૧૧૩૬-૧૨૬૭. ૩. ગા. ૧૨૬૮.

૪. ગા. ૧૫૧૪.

૫. उस्सारकप्प लोगाणुओग पढमाणुओग संगहणी ।
संभोग सिंगणाइय एवमादी पकप्पो उ ॥ ૧૫૩૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तह भंडुपायणा..... ।[૧] પ્રકલ્પ સકારણ હોય છે જ્યારે વિકલ્પ નિષ્કારણ હોય છે : कारणे पकप्पो होती, विकप्पो णिक्कारणे मुणेयव्वो ।[૨] સંકલ્પ પ્રશસ્ત અને અપ્રશસ્ત બે પ્રકારનો હોય છે. દર્શન-જ્ઞાન-ચારિત્રવિષયક સંકલ્પ પ્રશસ્ત છે. ઈંદ્રિય-વિષય-કષાયવિષયક સંકલ્પ અપ્રશસ્ત છે.[૩] ઉપકલ્પ, ક્રિયા અને ઉપનયન એકાર્થક છે : उवकप्पती करेति उवणेइ व होति एगट्ठा[૪] । જ્ઞાન અને ચારિત્રથી સમૃદ્ધ પૂર્વાચાર્યોનું અનુકરણ કરવું અનુકલ્પ છે.[૫] ઊર્ધ્વકલ્પી હોવું અથવા છિન્નકલ્પી હોવું ઉત્કલ્પ કહેવાય છે.[૬] નિષ્કૃત અર્થાત્ કૃપાહીન તથા નિરનુકંપ અર્થાત્ અનુકંપાહીન થઈને પ્રવૃત્તિ કરવી અકલ્પ કહેવાય છે.[૭] નિત્ય નિંદિત પ્રવૃત્તિ કરવી દુષ્કલ્પ છે.[૮] નિત્ય પ્રશંસિત પ્રવૃત્તિ કરવી સુકલ્પ છે.[૯]

ચતુર્થ કલ્પ અંતર્ગત નિમ્નલિખિત વીસ કલ્પોનો સમાવેશ કરવામાં આવ્યો છે: ૧. નામકલ્પ, ૨. સ્થાપનાકલ્પ, ૩. દ્રવ્યકલ્પ, ૪. ક્ષેત્રકલ્પ, ૫. કાલકલ્પ, ૬. દર્શનકલ્પ, ૭. શ્રુતકલ્પ, ૮. અધ્યયનકલ્પ, ૯. ચારિત્રકલ્પ, ૧૦. ઉપધિકલ્પ, ૧૧. સંભોગકલ્પ, ૧૨. આલોચનાકલ્પ, ૧૩. ઉપસમ્પદાકલ્પ, ૧૪. ઉદ્દેશકલ્પ, ૧૫. અનુજ્ઞાકલ્પ, ૧૬. અધ્વકલ્પ, ૧૭. અનુવાસકલ્પ (સ્થિત અને અસ્થિત), ૧૮. જિનકલ્પ, ૧૯. સ્થવિરકલ્પ અને ૨૦. અનુપાલનાકલ્પ. આની નિમ્નોક્ત ત્રણ દ્વારગાથાઓ છે :

कप्पेसु णामकप्पो, ठवणाकप्पो य दवियकप्पो य ।
खित्ते काले कप्पो, दंसणकप्पो य सुयकप्पो ॥ १६७० ॥
अज्झयण चरित्तम्मि य, कप्पो उवही तहेव संभोगो ।
आलोयण उपसंपद तहेव उद्देशणुण्णाए ॥ १६७१ ॥
अद्धायम्मि य कप्पो, अणुवासे तह य होइ ठितकप्पो ।
अट्ठितकप्पो य तहा, जिणथेर अणुवालणाकप्पो ॥ १६७२ ॥

ભાષ્યકારે આ વીસ પ્રકારના કલ્પોનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યું છે. પંચમ કલ્પના બેંતાલીસ ભેદ છે : ૧. દ્રવ્ય, ૨. ભાવ, ૨. તદુભય, ૪. કરણ, ૫. વિરમણ, ૬. સદાધાર, ૭. નિર્વેશ, ૮. અંતર, ૯. નયાંતર, ૧૦. સ્થિત, ૧૧. અસ્થિત, ૧૨. સ્થાન, ૧૩. જિન, ૧૪. સ્થવિર, ૧૫. પર્યુષણ, ૧૬. શ્રુત, ૧૭. ચારિત્ર, ૧૮. અધ્યયન, ૧૯. ઉદ્દેશ, ૨૦. વાચના, ૨૧. પ્રત્યેષણા, ૨૨. પરિવર્તના, ૨૩. અનુપ્રેક્ષા, ૨૪. યાત, ૨૫. અયાત, ૨૬. ચીર્ણ, ૨૭. અચીર્ણ,

૧. ગા. ૧૫૯૧. ૨. ગા. ૧૬૦૩. ૩. ગા. ૧૬૨૯-૧૬૩૦.
૪. ગા. ૧૬૩૫. ૫. ૧૬૪૨. ૬. ગા. ૧૬૪૯. ૭. ગા. ૧૬૫૯.
૮. ગા. ૧૬૬૫. ૯. ગા. ૧૬૬૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૮. સંઘાન, ૨૯. ચ્યવન, ૩૦. ઉપપાત, ૩૧. નિશીથ, ૩૨. વ્યવહાર, ૩૩ ક્ષેત્ર, ૩૪. કાલ, ૩૫. ઉપધિ, ૩૬. સંભોગ, ૩૭. લિંગ, ૩૮. પ્રતિસેવના, ૩૯. અનુવાસ, ૪૦. અનુપાલના, ૪૧. અનુજ્ઞા, ૪૨. સ્થાપના. આની ચાર દ્વારગાથાઓ છે જેમનું ભાષ્યકારે વિવેચન કર્યું છે :

दव्वे भावे तदुभय करणे वेरमणनेव साहारो ।
निव्वेस अंतर णयंतरे य ठिय अट्ठिए चेव ॥ २१९२ ॥
ठाण जिण थेर पज्जुसणमेव सुत्ते चरित्तमज्झयणे ।
उद्देस वायण पडिच्छणा य परियट्टणुप्पेहा ॥ २१६३ ॥
जायमजाए चिण्णमचिण्णे संधाणमेव चयणे य ।
उववाय णिसीहे य, ववहारे खेत्तकाले य ॥ २१६४ ॥
उवही संभोगे लिंगकप्प पडिसेवणा य अणुवासे ।
अणुपालणा अणुण्णा, ठवणाकप्पे य बोधव्वे ॥ २१६५ ॥

આ રીતે પાંચ પ્રકારના કલ્પોનું વિવેચન કર્યા પછી પ્રસ્તુત ભાષ્ય જેનું નામ પંચકલ્પમહાભાષ્ય છે અને જેમાં પંચકલ્પલઘુભાષ્યનો સમાવેશ છે, સમાપ્ત થાય છે. પ્રતના અંતે ભાષ્ય તથા ભાષ્યકારનાં નામનો આ રીતે ઉલ્લેખ છે : महत्पञ्चकल्पभाष्यं संघदासक्षमाश्रमणविरचितं समाप्तमिति । ભાષ્યનું ક્લેવર – પ્રમાણ બતાવતાં કહેવામાં આવ્યું છે : गाहग्गेणं पंचवीससयाइं चउहत्तराइं । सिलोयग्गाणं एगतीससयादि पंचतीसाणि । આ ભાષ્ય ૨૫૭૪ ગાથાપ્રમાણ અથવા ૩૧૩૫ શ્લોકપ્રમાણ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દસમ પ્રકરણ

બૃહત્કલ્પ-બૃહદ્ભાષ્ય

નામથી જ સ્પષ્ટ છે કે આ ભાષ્ય બૃહત્કલ્પ-લઘુભાષ્યથી આકારમાં મોટું છે. દુર્ભાગ્યે આ અપૂર્ણ જ ઉપલબ્ધ છે.[૧] આમાં પીઠિકા અને પ્રારંભના બે ઉદ્દેશો તો પૂર્ણ છે પરંતુ તૃતીય ઉદ્દેશ અપૂર્ણ છે. અંતના ત્રણ ઉદ્દેશો અનુપલબ્ધ છે. આચાર્ય ક્ષેમકીર્તિની ટીકાથી સ્પષ્ટ છે કે ભાષ્યનો આ અંશ રચવામાં અવશ્ય આવ્યો છે.[૨] પ્રસ્તુત ભાષ્યમાં લઘુભાષ્ય સમાવિષ્ટ છે.

લઘુભાષ્યની પ્રથમ ગાથા છે :

काऊण नमोक्कारं, तित्थयराणं तिलोगमहियाणं ।
कप्पव्वहाराणं, वक्खाणविहिं पवक्खामि ॥ १ ॥

બૃહદ્ભાષ્યની પ્રથમ ગાથા છે :

काऊण नमोक्कारं, तित्थकराणं तिलोकमहिताणं ।
कप्पव्वहाराणं, वक्खाणविधिं पवक्खामि ॥ १ ॥

આ બંને ગાથાઓમાં ક્યાંક-ક્યાંક અક્ષરભેદ અર્થાત્ અક્ષર-પરિવર્તન છે. આ જ પ્રકારનું પરિવર્તન અન્ય ગાથાઓમાં પણ દૃષ્ટિગોચર થાય છે.

લઘુભાષ્યની બીજી ગાથા છે :

सक्कयपाययवणाण विभासा जत्थ जुज्जते जं तु ।
अज्झयणनिरुत्ताणि य, वक्खाणविही य अणुओगो ॥ २ ॥

આ ગાથા બૃહદ્ભાષ્યમાં ઘણી દૂર છે.[૩] લગભગ સો ગાથાઓ પછી આ ગાથા આપવામાં આવી છે. વચ્ચેની આ બધી ગાથાઓ પ્રથમ ગાથાના વિવેચન રૂપે છે. બૃહદ્ભાષ્યમાં ઉપર્યુક્ત ગાથા કેટલાક પરિવર્તન સાથે આ મુજબ છે :

सब्भगपायतवयणाण विभासा जच्छ कुज्झते जातु ।
अब्भयणिरुत्ताणिय वत्तव्वाइं जहाकमसो ॥

---

૧. આ ભાષ્ય મુનિ શ્રી પુણ્યવિજયજીની અસીમ કૃપાથી હસ્તલિખિતરૂપે પ્રાપ્ત થયું તેથી મુનિ શ્રીનો અત્યંત આભારી છું.

૨. आह च बृहद्भाष्यकृत् – रत्तिं दवपरिवासे, लहुगा दोसा हवंत णेगविहा । – બૃહત્કલ્પલઘુભાષ્ય, ગા. ૫૧૮૧ની વ્યાખ્યા (ઉદ્દેશ ૫, પૃ. ૧૫૮૦).

૩. પૃ. ૧૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ગાથામાં કેટલીક અશુદ્ધિઓ છે. આ પ્રકારની અનેક અશુદ્ધિઓ પ્રસ્તુત પ્રતમાં ભરેલી પડી છે. આ દોષ પ્રસ્તુત પ્રતનો નથી પરંતુ તેની મૂળ પ્રતનો છે જેની આ પ્રતિલિપિ છે.

બૃહદ્‌ભાષ્યના પ્રારંભમાં એવી કેટલીક ગાથાઓ છે જે લઘુભાષ્યમાં પાછળ આવે છે. ઉદાહરણ રૂપે કેટલીક ગાથાઓ અહીં ઉદ્ધૃત કરવામાં આવે છે :

कडकरणं दव्वे सासणं तु सच्चेव दव्वतो आणा ।
दव्वनिमित्तं वुभयं दोण्ह वि भावे इमं चेव ॥ ३६ ॥
दव्ववती दव्वार्तिं जाति गहितार्ति मुंचति ण ताव ।
आराहणि दव्वस्स तु दोण्ह वि पडिपक्खे भाववई ॥ ३७ ॥
दव्वाण दव्वभूतो दव्वट्ठाए व वेज्जमातीया ।
अध दव्वे उवदेसो पण्णवणा आगमो चेव ॥ ३८ ॥
अणुयोगो (य णियोगो) भास विभासा य वत्तियं चेव ।
एते अणुयोगस्स तु णामा एगट्ठया पंच ॥ ४१ ॥

— बृहत्कल्प-बृहद्‌भाष्य, पृ. ५-६ (संशोधित)

कडकरणं दव्वे सासणं तु दव्वे व दव्वओ आणा ।
दव्वनिमित्तं वुभयं, दुन्नि वि भावे इमं चेव ॥ १८४ ॥
दव्ववती दव्वाइं गहियाइं मुंचइ न ताव ।
आराहणि दव्वस्स वि, दोहि वि भावस्स पडिवक्खो ॥ १८५॥
दव्वाण दव्वभूओ, दव्वट्ठाए व विज्जमाईया ।
अह दव्वे उवएसो, पन्नवणा आगमे चेव ॥ १८६ ॥
अणुयोगो य नियोगो, भास विभासा य वत्तियं चेव ।
एए अणुओगस्स उ, नामा एगट्ठिया पंच ॥ १८७ ॥

— बृहत्कल्प-लघुभाष्य, भा. १.

ઉપર્યુક્ત ગાથાઓથી એ સ્પષ્ટ છે કે બંને ભાષ્યોની કેટલીક ગાથાઓમાં ક્યાંક-ક્યાંક આગળ-પાછળ હેરફેર પણ થઈ છે. બૃહદ્‌ભાષ્યકારે લઘુભાષ્યની કેટલીક ગાથાઓ કોઈ વ્યાખ્યાન વગર એમની એમ જ પોતાના ભાષ્યમાં ઉદ્ધૃત કરી છે. જેમનું વ્યાખ્યાન કરવું તેમને આવશ્યક પ્રતીત ન થયું તે ગાથાઓના વિષયમાં તેમણે આ જ નીતિ અપનાવી છે. ઉદાહરણ તરીકે લઘુભાષ્યની નામ અને સ્થાપના મંગલવિષયક છઠ્ઠી, સાતમી અને આઠમી આ ત્રણ ગાથાઓ બૃહદ્‌ભાષ્યમાં ક્રમશઃ એક સાથે આપવામાં આવી છે.[1] આનું બૃહદ્‌ભાષ્યકારે તે પ્રસંગ પર કોઈ વધારાનું વિવેચન નથી કર્યું. દ્રવ્યમંગલવિષયક નવમી ગાથાના વિષયમાં આ વાત નથી. આ

૧. પૃ. ૧૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગાથાના વ્યાખ્યાન રૂપે બૃહદ્‌ભાષ્યકારે ચાર નવી ગાથાઓની રચના કરી છે.[૧] આ પ્રમાણે બૃહદ્‌ભાષ્યમાં લઘુભાષ્યના વિષયોનો જ વિસ્તારપૂર્વક વિચાર કરવામાં આવ્યો છે. આવી સ્થિતિમાં પૂરું બૃહદ્‌ભાષ્ય એક વિશાળકાય ગ્રન્થ હોવો જોઈએ જેનું કલેવર લગભગ પંદર હજાર ગાથાઓ જેટલું હોય. અપૂર્ણ ઉપલબ્ધ પ્રતનું કલેવર પૂરા ગ્રન્થનું લગભગ અડધું છે, અનુમાને સાત હજાર ગાથાપ્રમાણ છે. આ ગાથાઓ લઘુભાષ્યની ગાથાઓ (ત્રણ ઉદ્દેશ)થી લગભગ બમણી છે. લગભગ આટલી જ ગાથાઓ અનુપલબ્ધ અંશમાં પણ હશે, તેવું અનુમાન કરી શકાય છે.

બૃહદ્‌ભાષ્યની પ્રતમાં જે અક્ષરપરિવર્તન દૃષ્ટિગોચર થાય છે તેનાં કેટલાંક રૂપો નીચે આપવામાં આવ્યાં છે :[૨]

પ્રચલિત રૂપ			પરિવર્તિત રૂપ
ण—	—	—	—म
ण्ण—	—	—	—स्स
ध्वि—	—	—	—वि
ऊ—	—	—	—ज
धा અથવા हा	—	—	—द्धा
व—	—	—	—प
त—	—	—	—न
द्ध—	—	—	—ध
त—	—	—	—व[૩]

૧. પૃ. ૧૮-૯.

૨. મુનિ શ્રી પુણ્યવિજયજીના અધ્યયનના આધારે.

૩. નિશીથભાષ્યના પરિચય માટે આગળ નિશીથચૂર્ણિનો પરિચય જુઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચૂર્ણિઓ

પ્રથમ પ્રકરણ

ચૂર્ણિઓ અને ચૂર્ણિકાર

આગમોની પ્રાચીનતમ પદ્યાત્મક વ્યાખ્યાઓ નિર્યુક્તિઓ અને ભાષ્યો રૂપે પ્રસિદ્ધ છે. તે બધી પ્રાકૃતમાં છે. જૈનાચાર્યો આ પદ્યાત્મક વ્યાખ્યાઓથી જ સંતુષ્ટ થનાર ન હતા. તેમને તે જ સ્તરની ગદ્યાત્મક વ્યાખ્યાઓની પણ આવશ્યકતા પ્રતીત થઈ. આ આવશ્યકતાની પૂર્તિ રૂપે જૈન આગમો પર પ્રાકૃત અથવા સંસ્કૃતમિશ્રિત પ્રાકૃતમાં જે વ્યાખ્યાઓ રચવામાં આવી છે, તે ચૂર્ણિઓ રૂપે પ્રસિદ્ધ છે. આગમેતર સાહિત્ય પર પણ કેટલીક ચૂર્ણિઓ રચવામાં આવી, પરંતુ તે આગમોની ચૂર્ણિઓની તુલનામાં ખૂબ ઓછી છે. ઉદાહરણ માટે કર્મપ્રકૃતિ, શતક વગેરેની ચૂર્ણિઓ ઉપલબ્ધ છે :

ચૂર્ણિઓ :

નિમ્નલિખિત આગમ-ગ્રન્થો પર આચાર્યોએ ચૂર્ણિઓ લખી છે : ૧. આચારાંગ, ૨. સૂત્રકૃતાંગ, ૩. વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ (ભગવતી), ૪. જીવાભિગમ, ૫. નિશીથ, ૬. મહાનિશીથ, ૭. વ્યવહાર, ૮. દશાશ્રુતસ્કન્ધ, ૯. બૃહત્કલ્પ, ૧૦. પંચકલ્પ, ૧૧. ઓઘનિર્યુક્તિ, ૧૨. જીતકલ્પ, ૧૩. ઉત્તરાધ્યયન, ૧૪. આવશ્યક, ૧૫. દશવૈકાલિક, ૧૬. નન્દી, ૧૭. અનુયોગદ્વાર, ૧૮. જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ. નિશીથ અને જીતકલ્પ પર બે-બે ચૂર્ણિઓ લખવામાં આવી, પરંતુ વર્તમાનમાં એક-એક જ ઉપલબ્ધ છે. અનુયોગદ્વાર, બૃહત્કલ્પ તથા દશવૈકાલિક પર પણ બે-બે ચૂર્ણિઓ છે.

ચૂર્ણિઓની રચનાનો કયો ક્રમ છે એ વિષયમાં નિશ્ચિતરૂપે કંઈ નથી કહી શકાતું. ચૂર્ણિઓમાં ઉલ્લિખિત એક-બીજાનાં નામના આધારે ક્રમનિર્ધારણનો પ્રયત્ન કરી શકાય છે. શ્રી આનન્દસાગરસૂરિના મતે જિનદાસગણિકૃત નિમ્નલિખિત ચૂર્ણિઓનો રચનાક્રમ આ પ્રકારે છે : નન્દીચૂર્ણિ, અનુયોગદ્વારચૂર્ણિ, આવશ્યકચૂર્ણિ, દશવૈકાલિકચૂર્ણિ, ઉત્તરાધ્યયનચૂર્ણિ, આચારાંગચૂર્ણિ, સૂત્રકૃતાંગચૂર્ણિ અને વ્યાખ્યાપ્રજ્ઞપ્તિચૂર્ણિ.[૧]

---

૧. આર્હત આગમોની ચૂર્ણિઓ અને તેનું મુદ્રણ-સિદ્ધચક્ર, ભા. ૯, અં. ૮, પૃ. ૧૬૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવશ્યકચૂર્ણિમાં ઓઘનિર્યુક્તિચૂર્ણિનો ઉલ્લેખ છે.[૧] આથી પ્રતીત થાય છે કે ઓઘનિર્યુક્તિચૂર્ણિ આવશ્યકચૂર્ણિની પૂર્વે રચવામાં આવી છે. દશવૈકાલિકચૂર્ણિમાં આવશ્યકચૂર્ણિનો નામોલ્લેખ છે[૨] જેનાથી એમ સાબિત થાય છે કે આવશ્યકચૂર્ણિ દશવૈકાલિકચૂર્ણિ પૂર્વની રચના છે. ઉત્તરાધ્યયનચૂર્ણિમાં દશવૈકાલિકચૂર્ણિનો નિર્દેશ છે[૩] જેનાથી પ્રકટ થાય છે કે દશવૈકાલિકચૂર્ણિ ઉત્તરાધ્યયનચૂર્ણિની પહેલાં લખવામાં આવી છે. અનુયોગદ્વારચૂર્ણિમાં નંદીચૂર્ણિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે[૪] જેનાથી સાબિત થાય છે કે નંદીચૂર્ણિની રચના અનુયોગદ્વારચૂર્ણિની પૂર્વે થઈ છે. આ ઉલ્લેખોને જોતાં શ્રી આનન્દસાગરસૂરિના મતનું સમર્થન કરવું અનુચિત નથી. હા, ઉપર્યુક્ત રચના-ક્રમમાં અનુયોગદ્વારચૂર્ણિ પછી તથા આવશ્યકચૂર્ણિની પહેલાં ઓઘનિર્યુક્તિચૂર્ણિનો પણ સમાવેશ કરી લેવો જોઈએ, કેમકે આવશ્યકચૂર્ણિમાં ઓઘનિર્યુક્તિચૂર્ણિનો ઉલ્લેખ છે જે આવશ્યકચૂર્ણિની પહેલાંની રચના છે.

ભાષાની દૃષ્ટિએ નન્દીચૂર્ણિ મુખ્યત્વે પ્રાકૃતમાં છે. તેમાં સંસ્કૃતનો બહુ ઓછો પ્રયોગ કરવામાં આવ્યો છે. અનુયોગદ્વારચૂર્ણિ પણ મુખ્યરૂપે પ્રાકૃતમાં જ છે, જેમાં અહીં-તહીં સંસ્કૃતના શ્લોક અને ગદ્યાંશ ઉદ્ધૃત કરવામાં આવ્યાં છે. જિનદાસકૃત દશવૈકાલિકચૂર્ણિની ભાષા મુખ્યત્વે પ્રાકૃત છે, જયારે અગસ્ત્યસિંહકૃત દશવૈકાલિકચૂર્ણિ પ્રાકૃતમાં જ છે. ઉત્તરાધ્યયનચૂર્ણિ સંસ્કૃતમિશ્રિત પ્રાકૃતમાં છે. આમાં અનેક સ્થાનો પર સંસ્કૃતના શ્લોકો ઉદ્ધૃત કરવામાં આવ્યાં છે. આચારાંગચૂર્ણિ પ્રાકૃત-પ્રધાન છે, જેમાં અહીં-તહીં સંસ્કૃતના શ્લોક પણ ઉદ્ધૃત કરવામાં આવ્યા છે. સૂત્રકૃતાંગચૂર્ણિની ભાષા તથા શૈલી આચારાંગચૂર્ણિ જેવી છે. એમાં સંસ્કૃતનો પ્રયોગ અન્ય ચૂર્ણિઓની અપેક્ષાએ અધિક માત્રામાં થયો છે. જીતકલ્પચૂર્ણિમાં પ્રારંભથી અંત સુધી પ્રાકૃતનો જ પ્રયોગ છે. તેમાં જેટલાં ઉદ્ધરણ છે તે બધા પ્રાકૃત-ગ્રન્થોનાં જ છે. આ દૃષ્ટિએ આ ચૂર્ણિ અન્ય ચૂર્ણિઓથી વિલક્ષણ છે. નિશીથવિશેષચૂર્ણિ અલ્પ-સંસ્કૃતમિશ્રિત પ્રાકૃતમાં છે. દશાશ્રુતસ્કન્ધચૂર્ણિ પ્રધાનપણે પ્રાકૃતમાં છે. બૃહત્કલ્પચૂર્ણિ સંસ્કૃતમિશ્રિત પ્રાકૃતમાં છે.

ચૂર્ણિકાર :

ચૂર્ણિકાર રૂપે મુખ્યત્વે જિનદાસગણિ મહત્તરનું નામ પ્રસિદ્ધ છે. તેમણે વસ્તુતઃ કેટલી ચૂર્ણિઓ લખી છે, તેનો કોઈ નિશ્ચિત ઉત્તર આપી નથી શકાતો. પરંપરાથી નિમ્નાંકિત ચૂર્ણિઓ જિનદાસગણિ મહત્તરની કહેવામાં આવે છે : નિશીથવિશેષચૂર્ણિ,

---

૧. આવશ્યકચૂર્ણિ (પૂર્વભાગ), પૃ. ૩૪૧. ૨. દશવૈકાલિકચૂર્ણિ, પૃ. ૭૧.
૩. ઉત્તરાધ્યયનચૂર્ણિ, પૃ. ૨૭૪. ૪. અનુયોગદ્વારચૂર્ણિ, પૃ. ૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નન્દીચૂર્ણિ, અનુયોગદ્વારચૂર્ણિ, આવશ્યકચૂર્ણિ, દશવૈકાલિકચૂર્ણિ, ઉત્તરાધ્યયનચૂર્ણિ અને સૂત્રકૃતાંગચૂર્ણિ. ઉપલબ્ધ જીતકલ્પચૂર્ણિ સિદ્ધસેનસૂરિની કૃતિ છે. બૃહત્કલ્પચૂર્ણિકારનું નામ પ્રલમ્બસૂરિ છે.[૧] આચાર્ય જિનભદ્રની કૃતિઓમાં એક ચૂર્ણિનો પણ સમાવેશ છે. આ ચૂર્ણિ અનુયોગદ્વારના અંગુલ પદ પર છે જે જિનદાસની અનુયોગદ્વારચૂર્ણિમાં અક્ષરશઃ ઉદ્ધૃત કરવામાં આવી છે.[૨] આ જ રીતે દશવૈકાલિકસૂત્ર પર પણ એક બીજી ચૂર્ણિ છે. તેના રચયિતા અગસ્ત્યસિંહ છે. અન્ય ચૂર્ણિકારોના નામો અજ્ઞાત છે.

જિનદાસગણિ મહત્તરના જીવન-ચરિત્ર સંબંધિત વિશેષ સામગ્રી ઉપલબ્ધ નથી. નિશીથવિશેષચૂર્ણિના અંતમાં ચૂર્ણિકારનું નામ જિનદાસ બતાવવામાં આવ્યું છે તથા પ્રારંભમાં તેમના વિદ્યાગુરુ રૂપે પ્રદ્યુમ્ન ક્ષમાશ્રમણના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ઉત્તરાધ્યયનચૂર્ણિના અંતે ચૂર્ણિકારનો પરિચય આપવામાં આવ્યો છે પરંતુ તેમનાં નામનો સ્પષ્ટ ઉલ્લેખ નથી કરવામાં આવ્યો. તેમાં તેમના ગુરુનું નામ વાણિજ્યકુલીન, કોટિકગણીય, વજ્રશાખીય ગોપાલગણિ મહત્તર બતાવવામાં આવ્યું છે. નન્દીચૂર્ણિના અંતમાં ચૂર્ણિકારે પોતાનો જે પરિચય આપ્યો છે તે અસ્પષ્ટ રૂપે ઉપલબ્ધ છે. જિનદાસના સમયના વિષયમાં એટલું કહી શકાય કે તેઓ ભાષ્યકાર આચાર્ય જિનભદ્ર પછી તથા ટીકાકાર આચાર્ય હરિભદ્રની પહેલાં થયા હતા કેમકે આચાર્ય જિનભદ્રના ભાષ્યની અનેક ગાથાઓનો ઉપયોગ તેમની ચૂર્ણિઓમાં થયો છે, જ્યારે આચાર્ય હરિભદ્રે પોતાની ટીકાઓમાં તેમની ચૂર્ણિઓનો પૂરો ઉપયોગ કર્યો છે. આચાર્ય જિનભદ્રનો સમય વિક્રમ સંવત્ ૬૦૦-૬૬૦ની આસપાસ છે[૩] તથા આચાર્ય હરિભદ્રનો સમય વિ.સં.૭૫૭-૮૨૭ની વચ્ચેનો રહ્યો છે.[૪] આવી સ્થિતિમાં જિનદાસગણિ મહત્તરનો સમય વિ.સં.૬૫૦-૭૫૦ની વચ્ચે માનવો જોઈએ. નન્દીચૂર્ણિનાં અંતમાં તેનો રચનાકાળ શક સંવત્ ૫૯૮ અર્થાત્ વિ.સં.૭૩૩ નિર્દિષ્ટ છે.[૫] તેનાથી પણ એ જ સિદ્ધ થાય છે.

ઉપલબ્ધ જીતકલ્પચૂર્ણિના કર્તા સિદ્ધસેનસૂરિ છે. પ્રસ્તુત સિદ્ધસેન, સિદ્ધસેનદિવાકરથી જુદા જ કોઈ આચાર્ય છે. આનું કારણ એ છે કે સિદ્ધસેન દિવાકર જીતકલ્પકાર આચાર્ય જિનભદ્રના પૂર્વવર્તી છે. પ્રસ્તુત ચૂર્ણિની એક વ્યાખ્યા

---

૧. જૈન ગ્રંથાવલી, પૃ. ૧૨, ટિ. ૫. ૨. ગણધરવાદ, પૃ. ૨૧૧.

૩. ગણધરવાદ, પ્રસ્તાવના, પૃ. ૩૨-૩.

૪. જૈન આગમ, પૃ. ૨૭.

૫. A History of the Canonical Literature of Jainas, પૃ. ૧૯૧; નન્દીસૂત્ર-ચૂર્ણિ (પ્રા. ટે. સો.), પૃ. ૮૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(વિષમપદવ્યાખ્યા) શ્રીચન્દ્રસૂરિએ વિ.સં. ૧૨૨૭માં પૂર્ણ કરી છે આથી ચૂર્ણિકાર સિદ્ધસેન વિ.સં.૧૨૨૭ની પહેલાં હોવા જોઈએ. આ સિદ્ધસેન કોણ હોઈ શકે છે, તેની સંભાવનાનો વિચાર કરતાં પં. દલસુખ માલવણિયા લખે છે કે આચાર્ય જિનભદ્રના પશ્ચાત્વર્તી તત્ત્વાર્થભાષ્ય-વ્યાખ્યાકાર સિદ્ધસેનગણિ અને ઉપમિતિભવપ્રપંચકથાના લેખક સિદ્ધર્ષિ અથવા સિદ્ધવ્યાખ્યાનિક – આ બે પ્રસિદ્ધ આચાર્ય તો પ્રસ્તુત ચૂર્ણિના લેખક જણાતા નથી, કેમકે આ ચૂર્ણિ ભાષાનો પ્રશ્ન ગૌણ ગણીને જોવામાં આવે તો પણ કહેવું પડશે કે બહુ સરળ શૈલીમાં રચવામાં આવી છે, જ્યારે ઉપર્યુક્ત બંને આચાર્યોની શૈલી અત્યંત ક્લિષ્ટ છે. બીજી વાત એ છે કે આ બંને આચાર્યોની કૃતિઓમાં આની ગણતરી પણ નથી કરવામાં આવતી. આનાથી પ્રતીત થાય છે કે પ્રસ્તુત સિદ્ધસેન કોઈ અન્ય જ હોવા જોઈએ. એવું પ્રતીત થાય છે કે આચાર્ય જિનભદ્રકૃત બૃહત્ક્ષેત્રસમાસની વૃત્તિના રચયિતા સિદ્ધસેનસૂરિ પ્રસ્તુત ચૂર્ણિના પણ કર્તા હોવા જોઈએ કેમકે તેમણે ઉપર્યુક્ત વૃત્તિ વિ.સં. ૧૧૯૨માં પૂર્ણ કરી હતી. બીજી વાત એ છે કે આ સિદ્ધસેન સિવાય અન્ય કોઈ સિદ્ધસેનનું આ સમયની આસપાસ હોવાનું જણાતું નથી. આવી સ્થિતિમાં બૃહત્ક્ષેત્રસમાસની વૃત્તિના કર્તા અને પ્રસ્તુત ચૂર્ણિના લેખક સંભવતઃ એક જ સિદ્ધસેન છે. જો એમ જ હોય તો માનવું પડશે કે ચૂર્ણિકાર સિદ્ધસેન ઉપકેશગચ્છના હતા તથા દેવગુપ્તસૂરિના શિષ્ય તથા યશોદેવસૂરિના ગુરુભાઈ હતા. આ જ યશોદેવસૂરિએ તેમને શાસ્ત્રાર્થ શીખવ્યો હતો.[૧]

ઉપર્યુક્ત માન્યતા પર પોતાનો મત પ્રકટ કરતાં પં. શ્રી સુખલાલજી લખે છે કે જીતકલ્પ એક આગમિક ગ્રંથ છે. આ જોતાં એવું પ્રતીત થાય છે કે તેની ચૂર્ણિના કર્તા કોઈ આગમિક હોવા જોઈએ. આ જ પ્રકારના એક આગમિક સિદ્ધસેન ક્ષમાશ્રમણનો નિર્દેશ પંચકલ્પચૂર્ણિ તથા હારિભદ્રીયવૃત્તિમાં છે. સંભવ છે કે જીતકલ્પચૂર્ણિના લેખક પણ આ જ સિદ્ધસેન ક્ષમાશ્રમણ હોય.[૨] જ્યાં સુધી એતદ્વિષયક નિશ્ચિત પ્રમાણ ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી પ્રસ્તુત ચૂર્ણિકાર સિદ્ધસેનસૂરિના વિષયમાં નિશ્ચિત રૂપે વિશેષ કંઈ નથી કહી શકાતું.

પં. દલસુખ માલવણિયાએ નિશીથ-ચૂર્ણિની પ્રસ્તાવનામાં સંભાવના કરી છે કે આ સિદ્ધસેન આચાર્ય જિનભદ્રના સાક્ષાત્ શિષ્ય હોય. એવું એટલા માટે સંભવિત છે કે જીતકલ્પભાષ્ય-ચૂર્ણિનું મંગલ આ વાતની પુષ્ટિ કરે છે. સાથે જ એ પણ સંભાવના છે કે બૃહત્કલ્પ, વ્યવહાર અને નિશીથ ભાષ્યના કર્તા પણ તેઓ હોય.[૩]

૧. ગણધરવાદ : પ્રસ્તાવના, પૃ. ૪૪. ૨. એજન, વૃદ્ધિપત્ર, પૃ. ૨૧૧.
૩. નિશીથસૂત્ર (સન્મતિ જ્ઞાનપીઠ), ભા. ૪ : પ્રસ્તાવના, પૃ. ૩૮માંથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બૃહત્કલ્પચૂર્ણિકાર પ્રલંબસૂરિના જીવન-ચરિત્ર પર પ્રકાશ પાડનારી કોઈ સામગ્રી ઉપલબ્ધ નથી. તાડપત્ર પર લખેલી પ્રસ્તુત ચૂર્ણિની એક પ્રતિનો લેખન-સમય વિ.સં.૧૩૩૪ છે.[૧] આથી એટલું નિશ્ચિત છે કે પ્રલંબસૂરિ વિ.સં.૧૩૩૪ની પહેલાં થયા છે. હોઈ શકે કે તેઓ ચૂર્ણિકાર સિદ્ધસેનના સમકાલીન હોય અથવા તેમનાથી પણ પહેલાં થયા હોય.

દશવૈકાલિકચૂર્ણિકાર અગસ્ત્યસિંહ કોટિગણીય વજ્રસ્વામીની શાખાના એક સ્થવિર છે. તેમના ગુરુનું નામ ઋષિગુપ્ત છે. તેમના સમય વગેરે વિષયમાં પ્રકાશ પાડનારી કોઈ સામગ્રી ઉપલબ્ધ નથી. હા, એટલું અવશ્ય કહી શકાય કે તેમની ચૂર્ણિ અન્ય ચૂર્ણિઓથી વિશેષ પ્રાચીન નથી. આમાં તત્ત્વાર્થસૂત્ર વગેરેનાં સંસ્કૃત ઉદ્ધરણ પણ છે. ચૂર્ણિના પ્રારંભમાં જ 'सम्यग्दर्शनज्ञान.....'(તત્ત્વા. અ. ૧, સૂ. ૧) સૂત્ર ઉદ્ધૃત કરવામાં આવ્યું છે. શૈલી વગેરેની દૃષ્ટિએ ચૂર્ણિ સરળ છે.

●

૧. જૈન ગ્રંથાવલી, પૃ. ૧૨-૩, ટિ. ૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વિતીય પ્રકરણ

નન્દીચૂર્ણિ

આ ચૂર્ણિ[1] મૂલસૂત્રાનુસારી છે તથા મુખ્યત્વે પ્રાકૃતમાં લખવામાં આવી છે. આમાં અહીં-તહીં સંસ્કૃતનો પ્રયોગ જરૂર છે પરંતુ તે નહીં બરાબર છે. આની વ્યાખ્યાનશૈલી સંક્ષિપ્ત તથા સારગ્રાહી છે. આમાં સર્વપ્રથમ જિન અને વીરસ્તુતિની વ્યાખ્યા કરવામાં આવી છે, તદનન્તર સંઘસ્તુતિની. મૂલ ગાથાઓનું અનુસરણ કરતાં આચાર્યે તીર્થંકરો, ગણધરો અને સ્થવિરોની નામાવલી પણ આપી છે. ત્યાર પછી ત્રણ પ્રકારની પર્ષદ્ તરફ સંકેત કરતાં જ્ઞાનચર્ચા શરૂ કરી છે. જૈનાગમોમાં પ્રસિદ્ધ આભિનિબોધિક (મતિ), શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવલ — આ પાંચ પ્રકારના જ્ઞાનોનું સ્વરૂપ-વર્ણન કરીને આચાર્યે પ્રત્યક્ષ-પરોક્ષની સ્વરૂપ-ચર્ચા કરી છે. કેવલજ્ઞાનની ચર્ચા કરતાં ચૂર્ણિકારે પંદર પ્રકારના સિદ્ધોનું પણ વર્ણન કર્યું છે : ૧. તીર્થસિદ્ધ, ૨. અતીર્થસિદ્ધ, ૩. તીર્થંકરસિદ્ધ, ૪. અતીર્થંકરસિદ્ધ, ૫. સ્વયંબુદ્ધસિદ્ધ, ૬. પ્રત્યેકબુદ્ધસિદ્ધ, ૭. બુદ્ધબોધિતસિદ્ધ, ૮. સ્ત્રીલિંગસિદ્ધ, ૯. પુરુષલિંગસિદ્ધ, ૧૦. નપુંસકલિંગસિદ્ધ, ૧૧. સ્વલિંગસિદ્ધ, ૧૨. અન્યલિંગસિદ્ધ, ૧૩. ગૃહિલિંગસિદ્ધ, ૧૪. એકસિદ્ધ, ૧૫. અનેકસિદ્ધ. આ અનન્તરસિદ્ધકેવલજ્ઞાનના ભેદો છે. આ જ રીતે કેવલજ્ઞાનના પરંપરસિદ્ધકેવલજ્ઞાન વગેરે અનેક ભેદોપભેદ છે. આ બધાનો મૂલસૂત્રકારે પોતે જ નિર્દેશ કર્યો છે.

કેવલજ્ઞાન અને કેવલદર્શનના સંબંધની ચર્ચા કરતાં આચાર્યે ત્રણ મત ઉદ્ધૃત કર્યા છે : ૧. કેવલજ્ઞાન અને કેવલદર્શનનું યોગપદ્ય, ૨. કેવલજ્ઞાન અને કેવલદર્શનનું ક્રમિકત્વ, ૩. કેવલજ્ઞાન અને કેવલદર્શનનો અભેદ. એતદ્વિષયક ગાથાઓ આ પ્રમાણે છે :

केई भणंति जुगवं जाणइ पासइ य केवली णियमा ।
अण्णे एगंतरियं इच्छंति सुतोवदेसेणं ॥ १ ॥
अण्णे ण चेव वीसुं दंसणमिच्छंति जिणवरिंदस्स ।
जं चिय केवलणाणं तं चिय से दंसणं बेंति ॥ २ ॥

---

१. श्रीविशेषावश्यकसत्का अमुद्रितगाथाः श्रीनन्दीसूत्रस्य चूर्णिः हारिभद्रीया वृत्तिश्च — श्री ऋषभदेवजी केशरीमलजी श्वेताम्बर संस्था, रतलाम, सन् १९२८. नंदिसूत्रम् चूर्णिसहितम् — प्राकृत टेक्स्ट सोसायटी, वाराणसी, सन् १९६६.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ત્રણે મતોના સમર્થન રૂપે પણ કેટલીક ગાથાઓ આપવામાં આવી છે. આચાર્યે કેવલજ્ઞાન અને કેવલદર્શનના ક્રમભાવિત્વનું સમર્થન કર્યું છે. એતદ્વિષયક વિસ્તૃત ચર્ચા વિશેષાવશ્યકભાષ્યમાં જોવી જોઈએ.[1]

શ્રુતનિશ્રિત, અશ્રુતનિશ્રિત વગેરે ભેદો સાથે આભિનિબોધિકજ્ઞાનનું સવિસ્તાર વિવેચન કરતાં ચૂર્ણિકારે શ્રુતજ્ઞાનનું અતિ વિસ્તૃત વ્યાખ્યાન કર્યું છે. આ વ્યાખ્યાનમાં સંજ્ઞીશ્રુત, અસંજ્ઞીશ્રુત, સમ્યક્‌શ્રુત, મિથ્યાશ્રુત, સાદિશ્રુત, અનાદિશ્રુત, ગમિકશ્રુત, અગમિકશ્રુત, અંગપ્રવિષ્ટશ્રુત, અંગબાહ્યશ્રુત, ઉત્કાલિકશ્રુત, કાલિકશ્રુત વગેરેના વિવિધ ભેદોનો સમાવેશ કરવામાં આવ્યો છે. દ્વાદશાંગની આરાધનાના ફળ તરફ સંકેત કરતાં આચાર્યે નિમ્ન ગાથામાં પોતાનો પરિચય આપીને ગ્રન્થ સમાપ્ત કર્યો છે :

णिरेणगगमत्तणहसदा जिया, पसुपतिसंखगजट्ठिताकुला ।
कमट्ठिता धीमतचिंतियक्खरा, फुडं कहेयंतभिधाणकत्तुणो ॥ १ ॥

– नन्दीचूर्णि (प्रा. टे. सो.), पृ. ८३

●

१. વિશેષાવશ્યકભાષ્ય, ગા. ૩૦૮૯-૩૧૩૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તૃતીય પ્રકરણ

અનુયોગદ્વારચૂર્ણિ

આ ચૂર્ણિ[૧] મૂલ સૂત્રનું અનુસરણ કરતાં મુખ્યત્વે પ્રાકૃતમાં રચવામાં આવી છે. આમાં સંસ્કૃતનો ખૂબ ઓછો પ્રયોગ થયો છે. પ્રારંભમાં મંગલના પ્રસંગમાં ભાવનંદીનું સ્વરૂપ બતાવતાં 'णाणं पंचविधं पण्णत्तं' આ પ્રકારનું સૂત્ર ઉદ્ધૃત કરવામાં આવ્યું છે અને કહેવામાં આવ્યું છે કે આ સૂત્રનું જે રીતે નંદીસૂત્રમાં વ્યાખ્યાન કરવામાં આવ્યું છે તે જ રીતે અહીં પણ વ્યાખ્યાન કરી લેવું જોઈએ.[૨] આ કથનથી સ્પષ્ટ છે કે નન્દીચૂર્ણિ અનુયોગદ્વારચૂર્ણિની પહેલાં રચવામાં આવી છે. પ્રસ્તુત ચૂર્ણિમાં આવશ્યક, તંદુલવૈચારિક વગેરેનો પણ નિર્દેશ કરવામાં આવ્યો છે.[૩] અનુયોગવિધિ અને અનુયોગાર્થનો વિચાર કરતાં ચૂર્ણિકારે આવશ્યકાધિકાર પર પણ પર્યાપ્ત પ્રકાશ પાડ્યો છે. આનુપૂર્વીનું વિવેચન કરતાં કાલાનુપૂર્વીનાં સ્વરૂપ-વર્ણનના પ્રસંગે આચાર્યે પૂર્વાંગોનો પરિચય આપ્યો છે. 'णामाणि जाणि' વગેરેની વ્યાખ્યા કરતાં નામ શબ્દનો કર્મ વગેરે દૃષ્ટિઓથી વિચાર કરવામાં આવ્યો છે. સાત નામો રૂપે સમસ્વરનું સંગીતશાસ્ત્રની દૃષ્ટિએ સૂક્ષ્મ વિવેચન કરવામાં આવ્યું છે. નવવિધ નામનું નવ પ્રકારના કાવ્યરસ રૂપે સોદાહરણ વર્ણન કરવામાં આવ્યું છે : વીર, શૃંગાર, અદ્‌ભુત, રૌદ્ર, વ્રીડનક, બીભત્સ, હાસ્ય, કરુણ અને પ્રશાન્ત. આ જ રીતે પ્રસ્તુત ચૂર્ણિમાં આત્માંગુલ, ઉત્સેધાંગુલ, પ્રમાણાંગુલ, કાલપ્રમાણ, ઔદારિકાદિ શરીર, મનુષ્યાદિ પ્રાણીઓનું પ્રમાણ, ગર્ભજાદિ મનુષ્યોની સંખ્યા, જ્ઞાન અને પ્રમાણ, સંખ્યાત, અસંખ્યાત, અનંત વગેરે વિષયો પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે.

●

---

૧. હરિભદ્રકૃત વૃત્તિસહિત – શ્રી ઋષભદેવજી કેશરીમલજી શ્વેતામ્બર સંસ્થા, રતલામ, સન્ ૧૯૨૮.

૨. इमस्स सुत्तस्स जहा नंदिचुण्णीए वक्खाणं तथा इहं पि वक्खाणं दट्ठव्वं, અનુયોગદ્વારચૂર્ણિ, પૃ. ૧-૨. તુલના : નન્દીચૂર્ણિ, પૃ. ૧૦ અને આગળ.

૩. અનુયોગદ્વારચૂર્ણિ, પૃ. ૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચતુર્થ પ્રકરણ

આવશ્યકચૂર્ણિ

આ ચૂર્ણિ[1] મુખ્યરૂપે નિર્યુક્તિનું અનુસરણ કરતાં લખવામાં આવી છે. ક્યાંક-ક્યાંક ભાષ્યની ગાથાઓનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. આની ભાષા પ્રાકૃત છે પરંતુ અહીં-તહીં સંસ્કૃતના શ્લોકો, ગદ્યાંશ તથા પંક્તિઓ ઉદ્ધૃત કરવામાં આવી છે. ભાષામાં પ્રવાહ છે. શૈલી પણ ઓજપૂર્ણ છે. કથાનકોની તો આમાં ભરમાર છે અને આ દૃષ્ટિએ આનું ઐતિહાસિક મૂલ્ય પણ અન્ય ચૂર્ણિઓથી વધારે છે. વિષય-વિવેચનનો જેટલો વિસ્તાર આ ચૂર્ણિમાં છે તેટલો અન્ય ચૂર્ણિઓમાં દુર્લભ છે. જે રીતે વિશેષાવશ્યકભાષ્યમાં પ્રત્યેક વિષય ઉપર સુવિસ્તૃત વિવેચન મળે છે, તે જ રીતે આમાં પણ પ્રત્યેક વિષયનું અતિ વિસ્તારપૂર્વક વ્યાખ્યાન કરવામાં આવ્યું છે. વિશેષ કરીને ઐતિહાસિક આખ્યાનોનાં વર્ણનમાં તો અંત સુધી દૃષ્ટિની વિશાળતા અને લેખનીની ઉદારતાનાં દર્શન થાય છે. આમાં ગોવિન્દનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ (एत्थंतरे ओहनिज्जुत्तिचुन्नी भाणियव्या जाव सम्मता), વસુદેવહિંડી વગેરે અનેક ગ્રંથોનો નિર્દેશ કરવામાં આવ્યો છે.[2]

ઉપોદ્ઘાતચૂર્ણિના પ્રારંભમાં મંગલચર્ચા કરવામાં આવી છે અને ભાવમંગલ રૂપે જ્ઞાનનું વિસ્તૃત વિવેચન કરવામાં આવ્યું છે. શ્રુતજ્ઞાનના આવિષ્કારને નજરમાં રાખીને આવશ્યકનો નિક્ષેપ-પદ્ધતિએ વિચાર કરવામાં આવ્યો છે. દ્રવ્યાવશ્યક અને ભાવાવશ્યકના વિશેષ વિવેચન માટે અનુયોગદ્વાર સૂત્ર તરફ નિર્દેશ કરી દેવામાં આવ્યો છે.[3] શ્રુતાવતારની ચર્ચા કરતાં ચૂર્ણિકાર કહે છે કે તીર્થંકર ભગવાનમાં શ્રુતનો અવતાર થાય છે. તીર્થંકરો કોણ થાય છે ? આ પ્રશ્નનો ઉત્તર ચૂર્ણિકારે નિમ્ન શબ્દોમાં આપ્યો છે : जेहिं एवं दंसणणाणादिसंजुत्तं तित्थं कयं ते तित्थकरा भवंति, अहवा तित्थं गणहरा तं जेहिं कयं ते तित्थकरा, अहवा तित्थं चाउव्वन्नो संघो तं जेहिं कयं ते तित्थकरा । ભગવાન્‌ની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે : भगो जेसिं अत्थि ते

---

૧. શ્રી ઋષભદેવજી કેશરીમલજી શ્વેતામ્બર સંસ્થા, રતલામ, પૂર્વભાગ, સન્ ૧૯૨૮, ઉત્તરભાગ, સન્ ૧૯૨૯.

૨. પૂર્વભાગ, પૃ. ૩૧, ૨૪૧; ઉત્તરભાગ, પૃ. ૩૨૪.

૩. આવશ્યકચૂર્ણિ (પૂર્વભાગ), પૃ. ૭૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भगवंतो । ભગ શું છે ? આનો ઉત્તર આપતાં ચૂર્ણિકારે નિમ્ન શ્લોક ઉદ્ધૃત કર્યો છે :[૧]

माहात्म्यस्य समग्रस्य, रूपस्य यशसः श्रियः ।
धर्मस्याथ प्रयत्नस्य, षण्णां भग इतींगना ॥ १ ॥

સામાયિક નામક પ્રથમ આવશ્યકનું વ્યાખ્યાન કરતાં ચૂર્ણિકારે સામાયિકનું બે દૃષ્ટિઓથી વિવેચન કર્યું છે : દ્રવ્યપરંપરાથી અને ભાવપરંપરાથી. દ્રવ્યપરંપરાની પુષ્ટિ માટે યાસાસાસા અને મૃગાવતીનાં આખ્યાનક આપ્યાં છે.[૨] આચાર્ય અને શિષ્યના સંબંધની ચર્ચા કરતાં નિમ્ન શ્લોક ઉદ્ધૃત કર્યો છે :[૩]

आचार्यस्यैव तज्जाड्यं, यच्छिष्यो नावबुध्यते ।
गावो गोपालकेनैव, अतीर्थेनावतारिताः ॥ १ ॥

સામાયિકનો ઉદ્દેશ, નિર્દેશ, નિર્ગમ વગેરે ૨૬ દ્વારોથી વિચાર કરવો જોઈએ,[૪] એ તરફ સંકેત કર્યા પછી આચાર્યે નિર્ગમદ્વારની ચર્ચા કરતાં ભગવાન મહાવીરના (મિથ્યાત્વાદિથી) નિર્ગમ તરફ સંકેત કર્યો છે તથા તેમના ભવોની ચર્ચા કરતાં ભગવાન ઋષભદેવના ધનસાર્થવાહ વગેરે ભવોનું વિવરણ આપ્યું છે. ઋષભદેવના જન્મ, વિવાહ, અપત્ય વગેરેનું બહુ વિસ્તારપૂર્વક વર્ણન કર્યા પછી તત્કાલીન શિલ્પ, કર્મ, લેખ વગેરે પર પણ સમુચિત પ્રકાશ પાડ્યો છે. ઋષભદેવના પુત્ર ભરતના દિગ્વિજયનું વર્ણન કરવામાં તો ચૂર્ણિકારે સાચે જ કમાલ કરી નાખી છે. યુદ્ધકલાના ચિત્રણમાં આચાર્યે સામગ્રી તથા શૈલી બંને દૃષ્ટિએ સફળતા પ્રાપ્ત કરી છે. ચૂર્ણિના આ એક જ અંશથી ચૂર્ણિકારના પ્રતિપાદન-કૌશલ તથા સાહિત્યિક અભિરુચિનો પરિચય મળી શકે છે. સૈનિક પ્રયાણનું એક દૃશ્ય જુઓ :

असिखेवणिखग्गचावणारायकणमकप्पणिसूललउडाभिंडिमालधणुतोणसरपहरणेहि य कालणीलरुहिरपीतसुक्किल्ललअणेगचिंधसयसण्णिविट्ठं अप्फोडितसीहणायच्छेलित-हयहेसितहत्थिगुलुगुलाइतअणेगरहसयसहस्सधणधणेंतणिहम्ममाणसद्दसहितेण जमगं समकं भंभाहोरंभकिणितखरमुहिमुदंगसंखीयपरिलिवव्वयपीरव्वायणिवंसवेणुवीणावियंचिमहतिकच्छ-भिरिगिसिगिकलतालकंसतालकर धाणुत्थिदेण संनिनादेण सकलमवि जीवलोगं पूरयंते ।[५]

---

૧. એજન, પૃ. ૮૫. ૨. એજન, પૃ. ૮૭-૯૧. ૩. એજન, પૃ. ૧૨૧.
૪. જુઓ – આવશ્યકનિર્યુક્તિ, ગા. ૧૪૦-૧.
૫. આવશ્યકચૂર્ણિ (પૂર્વભાગ), પૃ. ૧૮૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભરતનો રાજ્યાભિષેક, ભરત અને બાહુબલિનું યુદ્ધ, બાહુબલિને કેવલજ્ઞાનની પ્રાપ્તિ વગેરે ઘટનાઓનું વર્ણન પણ આચાર્યે કુશળતાપૂર્વક કર્યું છે. આ રીતે ઋષભદેવસંબંધી વર્ણન સમાપ્ત કરતાં ચક્રવર્તી, વાસુદેવ વગેરેનો પણ થોડો પરિચય આપ્યો છે તથા અન્ય તીર્થંકરોનાં જીવન પર પણ આછો પ્રકાશ પાડવામાં આવ્યો છે. સાથે જ એ પણ બતાવવામાં આવ્યું છે કે ભગવાન મહાવીરના પૂર્વભવના જીવ મરીચિએ કેવી રીતે ભગવાન ઋષભદેવ પાસેથી દીક્ષા ગ્રહણ કરી અને કેવી રીતે પરીષહોથી ભયભીત થઈને સ્વતંત્ર સંપ્રદાયની સ્થાપના કરી. આ વર્ણનમાં મૂળ વાતો તે જ છે જે આવશ્યકનિર્યુક્તિમાં છે.[૧]

નિર્ગમદ્વારના પ્રસંગમાં આટલી લાંબી ચર્ચા થયા પછી ફરી ભગવાન મહાવીરનું જીવન-ચરિત્ર શરૂ થાય છે. મરીચિનો જીવ કેવી રીતે અનેક ભવોમાં ભ્રમણ કરીને બ્રાહ્મણકુંડ ગ્રામમાં દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષીમાં આવે છે, કેવી રીતે ગર્ભાપહરણ થાય છે, કેવી રીતે રાજા સિદ્ધાર્થના પુત્ર રૂપે ઉત્પન્ન થાય છે, કેવી રીતે સિદ્ધાર્થસુત વર્ધમાનનો જન્માભિષેક કરવામાં આવે છે વગેરે વાતોનું વિસ્તૃત વર્ણન કર્યા પછી આચાર્યે મહાવીરના કુટુંબનો પણ થોડો પરિચય આપ્યો છે. તે આ મુજબ છે :[૨]

समणे भगवं महावीरे कासवगोत्तेणं, तस्स णं ततो णामधेज्जा एवमाहिज्जंति, तंजहा–अम्मापिउसंतिए वद्धमाणे सहसंमुदिते समणे अयले भयभेरवाणं खंता पडिमासतपारए अरतिरतिसहे दविए धितिविरियसंपन्ने परीसहोवसग्गसहे त्ति देवेहिं से कतं णामं समणे भगवं महावीरे । भगवतो माया चेडगस्स भगिणी, भोयी चेडगस्स धुआ, णाता णाम जे उसभसामिस्स सयाणिज्जगा ते णातवंसा, पित्तिज्जए सुपासे, जेट्ठे भाता णंदिवद्धणे, भगिणी सुदंसणा, भारिया जसोया कोडिन्नागोत्तेणं, धूया कासवीगोत्तेणं तीसे दो नामधेज्जा, तं०–अणोज्जगित्ति वा पियदंसणावित्ति वा, णत्तुई कोसीगोत्तेणं, तीसे दो नामधेज्जा (जयवतीति वा) सेसवतीति वा, एवं (यं) नामाहिगारे दरिसितं ।

ભગવાન મહાવીરના જીવન સંબંધિત નિમ્ન ઘટનાઓનું વિસ્તૃત વર્ણન ચૂર્ણિકારે કર્યું છે : ધર્મપરીક્ષા, વિવાહ, અપત્ય, દાન, સંબોધ, લોકાન્તિકાગમન, ઈન્દ્રાગમન, દીક્ષામહોત્સવ, ઉપસર્ગ, ઈન્દ્ર-પ્રાર્થના, અભિગ્રહપંચક, અચ્છંદકવૃત્ત, ચંડકૌશિકવૃત્ત, ગોશાલકવૃત્ત, સંગમકકૃત ઉપસર્ગ, દેવીકૃત ઉપસર્ગ, વૈશાલી વગેરેમાં વિહાર, ચંદનબાલાવૃત્ત, ગોપકૃત શલાકોપસર્ગ, કેવલોત્પાદ, સમવસરણ, ગણધરદીક્ષા વગેરે. દેવીકૃત ઉપસર્ગનું વર્ણન કરતી વખતે આચાર્યે દેવીઓનાં રૂપ-

૧. જુઓ – આવશ્યકનિર્યુક્તિ, ગા. ૩૩૫-૪૪૦.
૨. આવશ્યકચૂર્ણિ (પૂર્વભાગ), પૃ. ૨૪૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાવણ્ય, સ્વભાવ-ચાપલ્ય, શૃંગાર-સૌંદર્ય વગેરેનું સરસ અને સફળ ચિત્રણ કર્યું છે. આ જ રીતે ભગવાનના દેહ-વર્ણનમાં પણ આચાર્યે પોતાનું સાહિત્ય-કૌશલ દેખાડ્યું છે.

ક્ષેત્ર, કાલ વગેરે શેષ દ્વારોનું વ્યાખ્યાન કરતાં ચૂર્ણિકારે નયાધિકાર અંતર્ગત વજ્રસ્વામીનું જીવન-વૃત્ત પ્રસ્તુત કર્યું છે અને એમ બતાવ્યું છે કે આર્ય વજ્રની પછી થનાર આર્ય રક્ષિતે કાલિકનો અનુયોગ પૃથક્ કરી નાખ્યો. આ પ્રસંગે આર્ય રક્ષિતનું જીવન-ચરિત્ર પણ આપી દેવામાં આવ્યું છે. આર્ય રક્ષિતના મામા ગોષ્ઠામાહિલનું વૃત્ત આપતાં એમ બતાવવામાં આવ્યું છે કે તે ભગવાન મહાવીરના શાસનમાં સપ્તમ નિહ્નવ રૂપે પ્રસિદ્ધ થયા. જમાલિ, તિષ્યગુપ્ત, આષાઢ, અશ્વમિત્ર, ગંગસૂરિ અને ષડુલૂક- આ છ નિહ્નવો ગોષ્ઠામાહિલની પૂર્વે થઈ ચૂક્યા હતા. આ સાતે નિહ્નવોના વર્ણનમાં ચૂર્ણિકારે નિર્યુક્તિકારનું અનુસરણ કર્યું છે. સાથે જ ભાષ્યકારનું અનુસરણ કરતાં ચૂર્ણિકારે અષ્ટમ નિહ્નવ રૂપે બોટિક – દિગમ્બરનું વર્ણન કર્યું છે અને કથાનક રૂપે ભાષ્યની ગાથા ઉદ્ધૃત કરી છે.[૧]

ત્યાર પછી આચાર્યે સામાયિકસંબંધી અન્ય આવશ્યક વાતો પર વિચાર કર્યો છે, જેવી કે સામાયિકના દ્રવ્ય-પર્યાય, નયદૃષ્ટિએ સામાયિક, સામાયિકના ભેદ, સામાયિકનો સ્વામી, સામાયિક-પ્રાપ્તિનું ક્ષેત્ર, કાળ, દિશા વગેરે, સામાયિકની પ્રાપ્તિ કરનાર, સામાયિકની પ્રાપ્તિના હેતુ, એતદ્વિષયક આનંદ, કામદેવ વગેરેનાં દૃષ્ટાન્ત, અનુકંપા વગેરે હેતુ અને મેંઠ, ઈન્દ્રનાગ, કૃતપુણ્ય, પુણ્યશાલ, શિવરાજર્ષિ, ગંગદત્ત, દશાર્ણભદ્ર, ઈલાપુત્ર વગેરેનાં ઉદાહરણ, સામાયિકની સ્થિતિ, સામાયિકવાળાની સંખ્યા, સામાયિકનું અંતર, સામાયિકનો આકર્ષ, સમભાવ માટે દમદંતનું દૃષ્ટાન્ત, સમતા માટે મેતાર્યનું ઉદાહરણ, સમાસ માટે ચિલાતિપુત્રનું દૃષ્ટાન્ત, સંક્ષેપ અને અનવદ્ય માટે તપસ્વી અને ધર્મરુચિનાં ઉદાહરણ, પ્રત્યાખ્યાન માટે તેતલીપુત્રનું દૃષ્ટાન્ત. અહીં સુધી ઉપોદ્ઘાતનિર્યુક્તિની ચૂર્ણિનો અધિકાર છે.

સૂત્રસ્પર્શિકનિર્યુક્તિની ચૂર્ણિમાં નિમ્ન વિષયોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે : નમસ્કારની ઉત્પત્તિ, નિક્ષેપાદિ, રાગના નિક્ષેપ, સ્નેહરાગ માટે અરહન્નકનું દૃષ્ટાન્ત, દ્વેષના નિક્ષેપ અને ધર્મરુચિનું દૃષ્ટાન્ત, કષાયના નિક્ષેપ અને જમદગ્ન્યાદિનાં ઉદાહરણ, અર્હન્નમસ્કારનું ફળ, સિદ્ધનમસ્કાર અને કર્મસિદ્ધાદિ, ઔત્પત્તિકી, વૈનયિકી, કર્મજા અને પારિણામિકી બુદ્ધિ, કર્મક્ષય અને સમુદ્ઘાત, અયોગિગુણસ્થાન

૧. એજન, પૃ. ૪૨૭ (નિહ્નવવાદ માટે જુઓ – વિશેષાવશ્યકભાષ્ય, ગા. ૨૩૦૯-૨૬૦૯).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને યોગનિરોધ, સિદ્ધોનું સુખ, અવગાહ વગેરે, આચાર્યનમસ્કાર, ઉપાધ્યાયનમસ્કાર, સાધુનમસ્કાર, નમસ્કારનું પ્રયોજન વગેરે. અહીં સુધી નમસ્કારનિર્યુક્તિની ચૂર્ણિનો અધિકાર છે.

સામાયિકનિર્યુક્તિની ચૂર્ણિમાં 'करेमि' વગેરે પદોની પદચ્છેદપૂર્વક વ્યાખ્યા કરવામાં આવી છે તથા છ પ્રકારના કરણનું વિસ્તૃત નિરૂપણ કરવામાં આવ્યું છે. અહીં સુધી સામાયિકચૂર્ણિનો અધિકાર છે.

સામાયિક અધ્યયનની ચૂર્ણિ સમાપ્ત કર્યા પછી આચાર્યે દ્વિતીય અધ્યયન ચતુર્વિંશતિસ્તવ પર પ્રકાશ પાડ્યો છે. આમાં નિર્યુક્તિનું જ અનુસરણ કરતાં સ્તવ, લોક, ઉદ્યોત, ધર્મ, તીર્થંકર વગેરે પદોનું નિક્ષેપ-પદ્ધતિએ વ્યાખ્યાન કરવામાં આવ્યું છે. પ્રથમ તીર્થંકર ઋષભનું સ્વરૂપ બતાવતાં ચૂર્ણિકાર કહે છે : वृष उद्वहने, उव्वूढं तेन भगवता जगत्संसारभग्गं तेन ऋषभ इति, सर्व एव भगवन्तो जगदुद्वहन्ति अतुलं नाणदंसणचरितं वा, एते सामाण्णं वा, विसेसो ऊरुषु दोसुवि भगवतो उसभा ओपइमुहा तेण निव्वत्त बारसाहस्स नामं कत्तं उसभो त्ति..... ।[1] આ જ રીતે અન્ય તીર્થંકરોનું સ્વરૂપ પણ બતાવ્યું છે.

તૃતીય અધ્યયન વંદનાનું વ્યાખ્યાન કરતાં આચાર્યે અનેક દૃષ્ટાન્ત આપ્યાં છે. વંદનકર્મની સાથે સાથે જ ચિતિકર્મ, કૃતિકર્મ, પૂજાકર્મ અને વિનયકર્મનું પણ સોદાહરણ વિવેચન કર્યું છે. વન્દ્યાવન્દ્યનો વિચાર કરતાં ચૂર્ણિકારે વન્દ્ય શ્રમણનું સ્વરૂપ આ રીતે બતાવ્યું છે : श्रमु तपसि खेदे च, श्राम्यतीति श्रमणः तं वंदेज्जं, केरिसं ? 'मेधाविं' मेरया धावतीति मेधावी, अहवा मेधावी—विज्ञानवान् तं; पाठान्तरं वा समणं वंदेज्जु मेधावी । तेण मेधाविणा मेधावी वंदितव्वो, चउभंगी, चउत्थे भंगे कितिकंमफलं भवतीति, सेसएसु भयणा । तथा 'संजतं' संमं पावोवरतं, तहा 'सुसमाहितं' सुट्ठु समाहितं सुसमाहितं णाणदंसणचरणेसु समुज्जतमिति यावत्, को य सो एवंभूतः ? पंचसमित्तो तिगुत्तो अट्ठहिं पवयणमाताहिं ठितो..... ।[2] મેધાવી, સંયત અને સુસમાહિત શ્રમણની વંદના કરવી જોઈએ. નિમ્નલિખિત પાંચ પ્રકારના શ્રમણ અવન્દ્ય છે : ૧. આજીવક, ૨. તાપસ, ૩. પરિવ્રાજક, ૪. તચ્ચંણિય, ૫. બોટિક. આ રીતે પાર્શ્વસ્થ વગેરે પણ અવંદ્ય છે. ચૂર્ણિકાર સ્વયં લખે છે : किं च, इमेवि पंच ण वंदियव्वा समणसद्देवि सति, जहा आजीवगा तावसा परिव्वायगा तच्चंणिया बोडिया समणा वा इमं सासणं पडिवन्ना, ण य ते अन्नतित्थे ण य सतित्थे जे वि सतित्थे न

---

१. આવશ્યકચૂર્ણિ (ઉત્તરભાગ), પૃ. ૯. ૨. પૃ. ૧૯-૨૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रतिज्ञामणुपालयन्ति ते वि पंच पासत्थादी ण वंदितव्वा ।[1] આગળ આચાર્યે કુશીલસંસર્ગત્યાગ, લિંગ, જ્ઞાન-દર્શન-ચારિત્રવાદ, આલંબનવાદ, વંદ્યવંદકસંબંધ, વંદ્યાવંદ્યકાલ, વંદનસંખ્યા, વંદનદોષ, વંદનફલ વગેરેનો દૃષ્ટાન્તપૂર્વક વિચાર કર્યો છે.

પ્રતિક્રમણ નામના ચતુર્થ અધ્યયનનું વિવેચન કરતાં ચૂર્ણિકાર કહે છે કે પ્રતિક્રમણનો શબ્દાર્થ છે પ્રતિનિવૃત્તિ. પ્રમાદવશ પોતાના સ્થાન(પ્રતિજ્ઞા)થી હટી અન્યત્ર ગયા પછી ફરી પોતાના સ્થાને પાછા ફરવાની જે ક્રિયા છે તે જ પ્રતિક્રમણ છે. આ જ વાત સ્પષ્ટ કરતાં આચાર્યે બે શ્લોક ઉદ્ધૃત કર્યા છે[2] :

स्वस्थानाद्यत्परं स्थानं, प्रमादस्य वशाद् गतः ।
तत्रैव क्रमणं भूयः, प्रतिक्रमणमुच्यते ॥ १ ॥
क्षायोपशमिकाद्भापि, भावादौदयिकं गतः ।
तत्रापि हि स एवार्थः, प्रतिकूलगमात् स्मृतः ॥ २ ॥

આ જ રીતે ચૂર્ણિકારે પ્રતિક્રમણનું સ્વરૂપ સમજાવતાં એક પ્રાકૃત ગાથા પણ ઉદ્ધૃત કરી છે જેમાં બતાવવામાં આવ્યું છે કે શુભ યોગમાં ફરી પ્રવર્તન કરવું તે પ્રતિક્રમણ છે. તે ગાથા આ મુજબ છે[3] :

पति पति पवत्तणं वा सुभेसु जोगेसु मोक्खफलदेसु ।
निस्सल्लस्स जतिस्सा जं तेणं तं पडिक्कमणं ॥ १ ॥

ચૂર્ણિકારે નિર્યુક્તિકારની જ માફક પ્રતિક્રમક, પ્રતિક્રમણ અને પ્રતિક્રાંતવ્ય — આ ત્રણે દૃષ્ટિઓથી પ્રતિક્રમણનું વ્યાખ્યાન કર્યું છે. આ જ રીતે પ્રતિચરણા, પરિહરણા, વારણા, નિવૃત્તિ, નિંદા, ગર્હા, શુદ્ધિ અને આલોચનાનું વિવેચન કરતાં આચાર્યે તત્તદ્વિષયક કથાનક પણ આપ્યાં છે. પ્રતિક્રમણસંબંધી સૂત્રનાં પદોનો અર્થ કરતાં કાયિક, વાચિક અને માનસિક અતિચાર, ઈર્યાપથિકી વિરાધના, પ્રકામશય્યા, ભિક્ષાચર્યા, સ્વાધ્યાય વગેરેમાં લાગનાર દોષોનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે. આ જ પ્રસંગે ચાર પ્રકારની વિકથા, ચાર પ્રકારનું ધ્યાન, પાંચ પ્રકારની ક્રિયા, પાંચ પ્રકારના કામગુણ, પાંચ પ્રકારનાં મહાવ્રત, પાંચ પ્રકારની સમિતિ, પરિષ્ઠાપના, પ્રતિલેખના વગેરેનું અનેક આખ્યાનો તથા ઉદ્ધરણો સાથે પ્રતિપાદન કરવામાં આવ્યું છે. એકાદશ ઉપાસકપ્રતિમાઓનું સ્વરૂપ સમજાવતાં ચૂર્ણિકારે 'एत्थं कहवि अण्णोवि पाढो दीसति'[4] આ શબ્દો સાથે પાઠાંતર પણ આપ્યું છે. આ જ પ્રકારે દ્વાદશ ભિક્ષુ-પ્રતિમાઓનું પણ વર્ણન કરવામાં આવ્યું છે : તેર ક્રિયાસ્થાન, ચૌદ ભૂતગ્રામ તથા

૧. પૃ. ૨૦. ૨. પૃ. ૫૨. ૩. એજન. ૪. પૃ. ૧૨૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુણસ્થાન, પંદર પરમાધાર્મિક, સોળ અધ્યયન (સૂત્રકૃતના પ્રથમ શ્રુતસ્કંધનાં અધ્યયન), સત્તર પ્રકારનો અસંયમ, અઢાર પ્રકારનું અબ્રહ્મ, ઉત્ક્ષિપ્ત વગેરે ઓગણીસ અધ્યયન, વીસ અસમાધિ-સ્થાન; એકવીસ શબલ (અવિશુદ્ધ ચારિત્ર), બાવીસ પરીષહ, ત્રેવીસ સૂત્રકૃતનાં અધ્યયન (પુંડરીક વગેરે), ચોવીસ દેવ, પચીસ ભાવનાઓ, છવ્વીસ ઉદ્દેશ (દશાશ્રુતસ્કન્ધના દસ, કલ્પ – બૃહત્કલ્પના છ અને વ્યવહારના દસ)[1], સત્યાવીસ અનગાર-ગુણ, અઠ્યાવીસ પ્રકારનો આચારકલ્પ, ઓગણત્રીસ પાપશ્રુત, ત્રીસ મોહનીય-સ્થાન, એકત્રીસ સિદ્ધાદિગુણ, બત્રીસ પ્રકારનો યોગસંગ્રહ વગેરે વિષયોનું પ્રતિપાદન કર્યા પછી આચાર્યે ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા' ા બે પ્રકારની શિક્ષાઓનો ઉલ્લેખ કર્યો છે અને બતાવ્યું છે કે આસેવનશિક્ષાનુ વર્ણન તે જ રીતે કરવું જોઈએ જેવી રીતે ઓઘસામાચારી અને પદવિભાગસામાચારીમાં કરવામાં આવ્યું છે : आसेवणसिक्खा जथा ओहसामायारीए पयविभागसामाचारीए य वण्णितं ।[2] શિક્ષાનું સ્વરૂપ સ્પષ્ટ કરવા માટે અભયકુમારનું વિસ્તૃત વૃત્ત પણ આપવામાં આવ્યું છે. આ જ પ્રસંગે ચૂર્ણિકારે શ્રેણિક, ચેલ્લણા, સુલસા, કોણિક, ચેટક, ઉદાયી, મહાપદ્મનંદ, શકટાલ, વરરુચિ, સ્થૂલભદ્ર વગેરે સંબંધિત અનેક મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક આખ્યાનોનો સંગ્રહ કર્યો છે. અજ્ઞાતોપધાનતા, અલોભતા, તિતિક્ષા, આર્જવ, શુચિ, સમ્યગ્દર્શનવિશુદ્ધિ, સમાધાન, આચારોપગત્વ, વિનયોપગત્વ, ધૃતિમતિ, સંવેગ, પ્રણિધિ, સુવિધિ, સંવર, આત્મદોષોપસંહાર, પ્રત્યાખ્યાન, વ્યુત્સર્ગ, અપ્રમાદ, ધ્યાન, વેદના, સંગ, પ્રાયશ્ચિત્ત, આરાધના, આશાતના, અસ્વાધ્યાયિક, પ્રત્યુપેક્ષણા વગેરે પ્રતિક્રમણસંબંધી અન્ય આવશ્યક વિષયોનું દૃષ્ટાન્તપૂર્વક પ્રતિપાદન કરીને પ્રતિક્રમણ નામનાં ચતુર્થ અધ્યયનનું વ્યાખ્યાન સમાપ્ત કર્યું છે. આત્મદોષોપસંહારનું વર્ણન કરતાં વ્રતની મહત્તા બતાવવા માટે આચાર્યે એક સુંદર શ્લોક ઉદ્ધૃત કર્યો છે જે અહીં આપવો અપ્રાસંગિક નહિ ગણાય. તે શ્લોક આ મુજબ છે :[3]

वरं प्रविष्टं ज्वलितं हुताशनं, न चापि भग्नं चिरसंचितं व्रतम् ।
वरं हि मृत्युः परिशुद्धकर्मणो, न शीलवृत्तस्खलितस्य जीवितम् ॥१ ॥

અર્થાત્ સળગતાં અગ્નિમાં પ્રવેશ કરી લેવો સારો છે પરંતુ ચિરસંચિત વ્રતનો ભંગ કરવો ઉચિત નથી. વિશુદ્ધકર્મશીલ થઈને મરી જેવું સારું છે પરંતુ શીલથી સ્ખલિત થઈને જીવવું યોગ્ય નથી.

---

૧. दस उद्देसणकाला दसाण कप्पस्स होंति छच्चेव ।
दस चेव य ववहारस्स होंति सव्वेवि छव्वीसं ॥ – પૃ. ૧૪૮.

૨. પૃ. ૧૫૭-૮. ૩. પૃ. ૨૦૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાંચમા અધ્યયન કાયોત્સર્ગની વ્યાખ્યાના પ્રારંભમાં વ્રણચિકિત્સા(वणतिगिच्छा)નું પ્રતિપાદન કરવામાં આવ્યું છે અને કહેવામાં આવ્યું છે કે વ્રણ બે પ્રકારના હોય છે: દ્રવ્યવ્રણ અને ભાવવ્રણ. દ્રવ્યવ્રણની ઔષધાદિથી ચિકિત્સા થાય છે. ભાવવ્રણ અતિચારરૂપ છે જેની ચિકિત્સા પ્રાયશ્ચિત્તથી થાય છે. આ પ્રાયશ્ચિત્ત દસ પ્રકારનું છેઃ આલોચના, પ્રતિક્રમણ, તદુભય, વિવેક, વ્યુત્સર્ગ, તપ, છેદ, મૂલ, અનવસ્થાપ્ય અને પારાંચિક. ચૂર્ણિનો મૂળ પાઠ આ મુજબ છે : **सो य वणो दुविधो—दव्वे भावे य, दव्ववणो ओसहादीहिं तिगिच्छिज्जति, भाववणो संजमातियारो तस्स पायच्छित्तेण तिगिच्छणा, एतेणावसरेण पायच्छित्तं परूविज्जति । वणतिगिच्छा अणुगमो य, तं पायच्छित्तं दसविहं.... ।**[1] દસ પ્રકારના પ્રાયશ્ચિત્તોનું વિશદ વર્ણન જીતકલ્પ સૂત્રમાં જોવું જોઈએ. કાયોત્સર્ગમાં કાય અને ઉત્સર્ગ બે પદ છે. કાયનો નિક્ષેપ નામ વગેરે બાર પ્રકારનો છે. ઉત્સર્ગનો નિક્ષેપ નામ વગેરે છ પ્રકારનો છે. કાયોત્સર્ગના બે ભેદ છે : ચેષ્ટાકાયોત્સર્ગ અને અભિભવકાયોત્સર્ગ. અભિભવકાયોત્સર્ગ હારીને અથવા હરાવીને કરવામાં આવે છે. ચેષ્ટાકાયોત્સર્ગ ચેષ્ટા અર્થાત્ ગમનાદિ પ્રવૃત્તિને કારણે કરવામાં આવે છે. હૂણાદિથી પરાજિત થઈને કાયોત્સર્ગ કરવો તે અભિભવકાયોત્સર્ગ છે. ગમનાગમનાદિને કારણે જે કાયોત્સર્ગ કરવામાં આવે છે તે ચેષ્ટાકાયોત્સર્ગ છે : **सो पुण काउस्सग्गो दुविधो-चेट्ठाकाउस्सग्गो य अभिभवकाउस्सग्गो य, अभिभवो णाम अभिभूतो वा परेण परं वा अभिभूय कुणति, परेणाभिभूतो, तथा हूणादिहिं अभिभूतो सव्वं सरीरादि वोसिरामिति काउस्सग्गं करेति, परं वा अभिभूय काउस्सग्गं करेति, जथा तित्थगरो देवमणुयादिणो अणुलोमपडिलोमकारिणो भयादी पंच अभिभूय काउस्सग्गं कातुं प्रतिज्ञां पूरेति, चेट्ठाकाउस्सग्गो चेट्ठातो निप्फण्णो जथा गमणागमणादिसु काउस्सग्गो कीरति..... ।**[2] કાયોત્સર્ગના પ્રશસ્ત અને અપ્રશસ્ત આ બે અથવા ઉચ્છ્રિત વગેરે નવ ભેદ પણ થાય છે.[3] આ ભેદોનું વર્ણન કર્યા પછી શ્રુત, સિદ્ધ વગેરેની સ્તુતિનું વિવેચન કરવામાં આવ્યું છે તથા ક્ષામણાની વિધિ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. કાયોત્સર્ગના દોષ, ફળ વગેરેનું વર્ણન કરીને પાંચમા અધ્યયનનું વ્યાખ્યાન સમાપ્ત કરવામાં આવ્યું છે.

છઠ્ઠા અધ્યયન પ્રત્યાખ્યાનની ચૂર્ણિમાં પ્રત્યાખ્યાનના ભેદ, શ્રાવકના ભેદ, સમ્યક્ત્વના અતિચાર, સ્થૂલપ્રાણાતિપાતવિરમણ અને તેના અતિચાર, સ્થૂલમૃષાવાદવિરમણ અને તેના અતિચાર, સ્થૂલઅદત્તાદાનવિરમણ અને તેના અતિચાર, સ્વદારસંતોષ અને પરદારપ્રત્યાખ્યાન તથા તત્સંબંધી અતિચાર, પરિગ્રહપરિમાણ તથા તદ્વિષયક અતિચાર, ત્રણ ગુણવ્રત અને તેમના અતિચાર,

૧. પૃ. ૨૪૬. ૨. પૃ. ૨૪૮. ૩. પૃ. ૨૪૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચાર શિક્ષાવ્રત અને તેમના અતિચાર, દસ પ્રકારનાં પ્રત્યાખ્યાન, છ પ્રકારનાં વિશુદ્ધિ, પ્રત્યાખ્યાનનાં ગુણ અને આગાર વગેરેનું વિવિધ ઉદાહરણો સાથે વ્યાખ્યાન કરવામાં આવ્યું છે. વચ્ચે વચ્ચે અહીં-તહીં અનેક ગાથાઓ તથા શ્લોકો પણ ઉદ્ધૃત કરવામાં આવ્યા છે. અંતમાં પ્રસ્તુત સંસ્કરણની પ્રત વિશે લખવામાં આવ્યું છે કે સં. ૧૭૭૪માં પં. દીપવિજયગણિએ પં. ન્યાયસાગરગણિને આવશ્યકચૂર્ણિ પ્રદાન કરી : सं० १७७४ वर्षे पं० दीपविजयगणिना आवश्यकचूर्णिः पं० श्रीन्यायसागरगणिभ्यः प्रदत्ता ।[1]

આવશ્યકચૂર્ણિના આ પરિચયથી સ્પષ્ટ છે કે ચૂર્ણિકાર જિનદાસગણિ મહત્તરે પોતાની પ્રસ્તુત કૃતિમાં આવશ્યકનિર્યુક્તિમાં નિર્દિષ્ટ બધા વિષયોનું વિસ્તારપૂર્વક વિવેચન કર્યું છે તથા વિવેચનની સરળતા, સરસતા તથા સ્પષ્ટતાની દૃષ્ટિએ અનેક પ્રાચીન ઐતિહાસિક તથા પૌરાણિક આખ્યાનો ઉદ્ધૃત કર્યા છે. આ જ રીતે વિવેચનમાં અહીં-તહીં અનેક ગાથાઓ તથા શ્લોકોનો સમાવેશ પણ કર્યો છે. આ સામગ્રી ભારતીય સાંસ્કૃતિક ઈતિહાસની દૃષ્ટિએ અત્યન્ત મહત્ત્વપૂર્ણ છે.

---

૧. પૃ. ૩૨૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંચમ પ્રકરણ

દશવૈકાલિકચૂર્ણિ (જિનદાસગણિકૃત)

આ ચૂર્ણિ[1] પણ નિર્યુક્તિનું અનુસરણ કરતાં લખવામાં આવી છે તથા દ્રુમપુષ્પિકા વગેરે દસ અધ્યયન અને બે ચૂલિકાઓ – આ રીતે બાર અધ્યયનોમાં વિભક્ત છે. આની ભાષા મુખ્યત્વે પ્રાકૃત છે. પ્રથમ અધ્યયનમાં એકક, કાલ, દ્રુમ, ધર્મ વગેરે પદોનો નિક્ષેપ-પદ્ધતિએ વિચાર કરવામાં આવ્યો છે તથા શય્યંભવવૃત્ત, દસ પ્રકારનો શ્રમણધર્મ, અનુમાનના વિવિધ અવયવો વગેરેનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. સંક્ષેપમાં પ્રથમ અધ્યયનમાં ધર્મની પ્રશંસાનું વર્ણન કરવામાં આવ્યું છે. દ્વિતીય અધ્યયનનો મુખ્ય વિષય ધર્મમાં સ્થિત વ્યક્તિને ધૃતિ કરાવવી તે છે. ચૂર્ણિકાર આ અધ્યયનની વ્યાખ્યાના પ્રારંભમાં જ કહે છે કે 'અધ્યયન'ના ચાર અનુયોગદ્વારોનું વ્યાખ્યાન તે જ રીતે સમજી લેવું જોઈએ જે રીતે આવશ્યકચૂર્ણિમાં કરવામાં આવ્યું છે.[2] ત્યાર પછી શ્રમણનાં સ્વરૂપ પર પ્રકાશ પાડતાં પૂર્વ, કામ, પદ, શીલાંગસહસ્ર વગેરે પદોનું સોદાહરણ વિવેચન કરવામાં આવ્યું છે. તૃતીય અધ્યયનમાં દૃઢધૃતિકના આચારનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. તે માટે મહત્, ક્ષુલ્લક, આચાર, દર્શનાચાર, જ્ઞાનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર, અર્થકથા, કામકથા, ધર્મકથા, મિશ્રકથા, અનાચીર્ણ, સંયતસ્વરૂપ વગેરેનો વિચાર કરવામાં આવ્યો છે. ચતુર્થ અધ્યયનની ચૂર્ણિમાં જીવ, અજીવ, ચારિત્રધર્મ, યતના, ઉપદેશ, ધર્મફલ વગેરેનાં સ્વરૂપનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. પાંચમા અધ્યયનની ચૂર્ણિમાં સાધુના ઉત્તરગુણોનો વિચાર કરવામાં આવ્યો છે, જેમાં પિંડસ્વરૂપ, ભક્તપાનૈષણા ગમનવિધિ, ગોચરવિધિ, પાનકવિધિ, પરિષ્ઠાપનવિધિ, ભોજનવિધિ, આલોચનવિધિ વગેરે વિષયો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. વચ્ચે વચ્ચે ક્યાંક-ક્યાંક માંસાહાર, મદ્યપાન વગેરેની ચર્ચા પણ કરવામાં આવી છે.[3] છઠ્ઠા અધ્યયનમાં ધર્મ, અર્થ, કામ, વ્રતષટ્ક, કાયષટ્ક વગેરેનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આ અધ્યયનની ચૂર્ણિમાં આચાર્યે પોતાના સંસ્કૃત વ્યાકરણના પાંડિત્યનો પણ સારો પરિચય આપ્યો છે. સાતમા અધ્યયનની ચૂર્ણિમાં ભાષાસંબંધી વિવેચન છે. આમાં ભાષાની શુદ્ધિ, અશુદ્ધિ, સત્ય, મૃષા, સત્યમૃષા, અસત્યમૃષા વગેરેનો વિચાર

---

૧. શ્રી ઋષભદેવજી કેશરીમલજી શ્વેતાંબર સંસ્થા, રતલામ, સન્ ૧૯૩૩.

૨. દશવૈકાલિકચૂર્ણિ, પૃ. ૭૧. ૩. એજન, પૃ. ૧૮૪, ૧૮૭, ૨૦૨, ૨૦૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવામાં આવ્યો છે. આઠમા અધ્યયનની ચૂર્ણિમાં ઈન્દ્રિયાદિ પ્રણિધિઓનું વિવેચન કરવામાં આવ્યું છે. નવમા અધ્યયનની ચૂર્ણિમાં લોકોપચારવિનય, અર્થવિનય, કામવિનય, ભયવિનય, મોક્ષવિનય વગેરેની વ્યાખ્યા કરવામાં આવી છે. દસમા અધ્યયનમાં ભિક્ષુસંબંધી ગુણો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. ચૂલિકાઓની ચૂર્ણિમાં રતિ, અરતિ, વિહારવિધિ, ગૃહિવૈયાવૃત્યનિષેધ, અનિકેતવાસ વગેરે વિષયો સંબંધિત વિવેચન છે. ચૂર્ણિકારે સ્થાને સ્થાને અનેક ગ્રંથોનાં નામોનો નિર્દેશ પણ કર્યો છે.[૧]

●

૧. તરંગવતી – પૃ. ૧૦૬, ઓઘનિર્યુક્તિ – પૃ. ૧૭૫, પિણ્ડનિર્યુક્તિ – પૃ. ૧૭૮ વગેરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ષષ્ઠ પ્રકરણ

ઉત્તરાધ્યયનચૂર્ણિ

આ ચૂર્ણિ[1] પણ નિર્યુક્ત્યાનુસારી છે તથા સંસ્કૃતમિશ્રિત પ્રાકૃતમાં લખવામાં આવી છે. આમાં સંયોગ, પુદ્ગલબંધ, સંસ્થાન, વિનય, ક્રોધવારણ, અનુશાસન, પરીષહ, ધર્મવિઘ્ન, મરણ, નિર્ગ્રન્થપંચક, ભયસપ્તક, જ્ઞાનક્રિયૈકાન્ત વગેરે વિષયો પર સોદાહરણ પ્રકાશ પાડવામાં આવ્યો છે. સ્ત્રીપરીષહનું વિવેચન કરતાં આચાર્યે નારીસ્વભાવની કડક આલોચના કરી છે અને આ પ્રસંગે નિમ્નલિખિત બે શ્લોક પણ ઉદ્ધૃત કર્યા છે :

एता हसंति च रुदंति च अर्थहेतोर्विश्वासयंति च परं न च विश्वसंति ।
तस्मान्नरेण कुलशीलसमन्वितेन, नार्यः स्मशानसुमना इव वर्जनीयाः ॥ १ ॥
समुद्रवीचीचपलस्वभावाः, संध्याभ्रलेखेव मुहूर्तरागाः ।
स्त्रियः कृतार्थाः पुरुषं निरर्थकं, नीपीडितालक्त(क)वत् त्यजंति ॥ २ ॥

— उत्तराध्ययनचूर्णि, पृ. ६५.

હરિકેશીય અધ્યયનની ચૂર્ણિમાં આચાર્યે અબ્રાહ્મણ માટે નિષિદ્ધ વાતો તરફ નિર્દેશ કરતાં શૂદ્ર માટે નિમ્ન શ્લોક ઉદ્ધૃત કર્યો છે :

न शूद्राय बलिं दद्यान्नोच्छिष्टं न हविः कृतम् ।
न चास्योपदिशेद् धर्मं, न चास्य व्रतमादिशेत् ॥

— એજન, પૃ. ૨૦૫.

ચૂર્ણિકારે ચૂર્ણિના અંતે પોતાનો પરિચય આપતાં પોતાને વાણિજ્યકુલીન, કોટિકગણીય, વજ્રશાખીય ગોપાલગણિમહત્તરના શિષ્ય બતાવ્યા છે. તે ગાથાઓ આ મુજબ છે :

वाणिजकुलसंभूओ कोडियिगणिओ उ वयरसाहीतो ।
गोवालियमहत्तरओ, विक्खाओ आसि लोगंमि ॥ १ ॥
ससमयपरसमयविऊ, ओयस्सी दित्तिमं सुगंभीरो ।
सीसगणसंपरिवुडो, वक्खाणरतिप्पिओ आसी ॥ २ ॥
तेसिं सीसेण इमं, उत्तरज्झयणाण चुण्णिखंडं तु ।
रइयं अणुग्गहत्थं, सीसाणं मंदबुद्धीणं ॥ ३ ॥

---

१. શ્રી ઋષભદેવજી કેશરીમલજી શ્વેતામ્બર સંસ્થા, રતલામ, સન્ ૧૯૩૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जं एत्थं उस्सुत्तं, अयाणमाणेण विरतितं होज्जा ।
तं अणुओगधरा मे, अणचिंतेउं समारेंतु ॥ ४ ॥

— એજન, પૃ. ૨૮૩.

દશવૈકાલિકચૂર્ણિ પણ નિઃસંદેહ તે જ આચાર્યની કૃતિ છે જેમની ઉત્તરાધ્યયનચૂર્ણિ છે. એટલું જ નહિ, દશવૈકાલિકચૂર્ણિ ઉત્તરાધ્યયનચૂર્ણિની પહેલાં રચવામાં આવી છે. આનું પ્રમાણ ઉત્તરાધ્યયનચૂર્ણિમાં મળે છે જે આ મુજબ છે : **षष्ठेऽपि चित्तो नानाप्रकारो प्रकीर्णतपोभिधीयते, तदन्यत्राभिहितं, शेषं दशवैकालिकचूर्णौ अभिहितं.....** ।[1] અહીં આચાર્યે સ્પષ્ટ રૂપે લખ્યું છે કે પ્રકીર્ણતપના વિષયમાં અન્યત્ર કહેવામાં આવ્યું છે કે અને બાકીનું દશવૈકાલિકચૂર્ણિમાં કહેવામાં આવ્યું છે. જે સ્વરમાં આચાર્યે તે લખ્યું છે તેના વિષયમાં અન્યત્ર કહેવામાં આવ્યું છે તે જ સ્વરમાં તેમણે આ પણ લખ્યું છે કે બાકી દશવૈકાલિકચૂર્ણિમાં કહેવામાં આવ્યું છે. આ સ્વરસામ્ય જોતાં એ કથન અનુપયુક્ત નથી કે ઉત્તરાધ્યયન અને દશવૈકાલિકની ચૂર્ણિઓ એક જ આચાર્યની કૃતિઓ છે તથા દશવૈકાલિકચૂર્ણિની રચના ઉત્તરાધ્યયનચૂર્ણિની પહેલાંની છે.

●

---

૧. ઉત્તરાધ્યયનચૂર્ણિ, પૃ. ૨૭૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સપ્તમ પ્રકરણ

આચારાંગચૂર્ણિ

આ ચૂર્ણિમાં ઘણું કરીને તે જ વિષયોનું વિવેચન છે જે આચારાંગ-નિર્યુક્તિમાં છે. નિર્યુક્તિની ગાથાઓના આધારે જ આ ચૂર્ણિ લખવામાં આવી છે આથી એમ થવું સ્વાભાવિક છે. આમાં વર્ણિત વિષયોમાંથી કેટલાકનાં નામોનો નિર્દેશ કરવો અપ્રાસંગિક નહિ ગણાય. પ્રથમ શ્રુતસ્કંધની ચૂર્ણિમાં મુખ્યરૂપે નિમ્ન વિષયોનું વ્યાખ્યાન કરવામાં આવ્યું છે : અનુયોગ, અંગ, આચાર, બ્રહ્મ, વર્ણ, આચરણ, શસ્ત્ર, પરિજ્ઞા, સંજ્ઞા, દિક્, સમ્યક્ત્વ, યોનિ, કર્મ, પૃથ્વી વગેરે કાય, લોક, વિજય, ગુણસ્થાન, પરિતાપ, વિહાર, રતિ, અરતિ, લોભ, જુગુપ્સા, ગોત્ર, જ્ઞાતિ, જાતિમરણ, એષણા, દેશના, બંધ-મોક્ષ, શીતોષ્ણાદિ પરીષહ, તત્ત્વાર્થશ્રદ્ધા, જીવરક્ષા, અચેલત્વ, મરણ, સંલેખના, સમનોજ્ઞત્વ, યામત્રય, ત્રિવસ્ત્રતા, વીરદીક્ષા, દેવદૂષ્ય, સવસ્ત્રતા. ચૂર્ણિકારે પણ નિક્ષેપપદ્ધતિનો જ આધાર લીધો છે.

દ્વિતીય શ્રુતસ્કંધની વ્યાખ્યા કરતાં ચૂર્ણિકારે મુખ્યરૂપે નિમ્ન વિષયોનું વિવેચન કર્યું છે : અગ્ર, પ્રાણસંસક્ત, પિણ્ડૈષણા, શય્યા, ઈર્યા, ભાષા, વસ્ત્ર, પાત્ર, અવગ્રહસપ્તક, સપ્તસપ્તક, ભાવના, વિમુક્તિ. આચારાંગસૂત્રનું મૂળ પ્રયોજન શ્રમણોના આચાર-વિચારની પ્રતિષ્ઠા કરવાનું છે આથી પ્રત્યેક વિષયનું આ જ પ્રયોજનને નજરમાં રાખીને કરવામાં આવ્યું છે.

પ્રાકૃતપ્રધાન પ્રસ્તુત ચૂર્ણિમાં અહીં-તહીં સંસ્કૃતના શ્લોકો પણ ઉદ્ધૃત કરવામાં આવ્યા છે. તેમનાં મૂળ સ્થળની શોધ ન કરતાં ઉદાહરણ રૂપે કેટલાક શ્લોકો અહીં ઉદ્ધૃત કરવામાં આવે છે. આગમના પ્રામાણ્યની પુષ્ટિ માટે નિમ્ન શ્લોક ઉદ્ધૃત કરવામાં આવ્યો છે :

जिनेन्द्रवचनं सूक्ष्महेतुभिर्यदि गृह्यते ।
आज्ञया तद्ग्रहीतव्यं, नान्यथावादिनो जिनाः ॥

— આચારાંગચૂર્ણિ, પૃ. ૨૦.

સ્વજનથી પણ ધન અધિક પ્યારું હોય છે, આનું સમર્થન કરતાં કહેવામાં આવ્યું છે :

---

૧. શ્રી ઋષભદેવજી કેશરીમલજી શ્વેતામ્બર સંસ્થા, રતલામ, સન્ ૧૯૪૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्राणैः प्रियतराः पुत्राः, पुत्रै प्रियतरं धनम् ।
स तस्य हरते प्राणान्, यो यस्य हरते धनम् ॥

— એજન, પૃ. ૫૫.

અપરિગ્રહની પ્રશંસા કરતાં કહેવામાં આવ્યું છે :

तस्मै धर्मभृते देयं, यस्य नास्ति परिग्रहः ।
परिग्रहे तु ये सक्ता, न ते तारयितुं क्षमाः ॥

— એજન, પૃ. ૫૯

કામભોગથી માણસ ક્યારેય તૃપ્ત નથી થતો, આ સત્યની પુષ્ટિ કરતાં કહેવામાં આવ્યું છે :

नाग्निस्तुष्यति काष्ठानां, नापगानां महोदधिः ।
नान्तकृत्सर्वभूतानां, न पुंसां वामलोचना ॥

— એજન, પૃ. ૭૫

સાધુએ કોઈ વસ્તુનો લાભ — પ્રાપ્તિ થવાથી મદ ન કરવો જોઈએ તથા અલાભ — અપ્રાપ્તિ થવાથી ખેદ ન કરવો જોઈએ. જેમ કે કહેવામાં આવ્યું છે :

लभ्यते लभ्यते साधु, साधु एव न लभ्यते ।
अलब्धे तपसो वृद्धिर्लब्धे देहस्य धारणा ॥

— પૃ. ૮૧.

આ જ રીતે સ્થાને સ્થાને પ્રાકૃત ગાથાઓ પણ ઉદ્ધૃત કરવામાં આવી છે. આ ઉદ્ધરણોથી વિષય વિશેષ રૂપે સ્પષ્ટ થાય છે તથા પાઠક તથા શ્રોતાની રુચિમાં વૃદ્ધિ થાય છે.

●

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અષ્ટમ પ્રકરણ

સૂત્રકૃતાંગચૂર્ણિ

આ ચૂર્ણિ[1]ની શૈલી પણ એ જ છે જે આચારાંગચૂર્ણિની છે. આમાં નિમ્ન વિષયો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે : મંગલચર્ચા, તીર્થસિદ્ધિ, સંઘાત, વિસ્રસાકરણ, બન્ધનાદિપરિણામ, ભેદાદિપરિણામ; ક્ષેત્રાદિકરણ, આલોચના, પરિગ્રહ, મમતા, પંચમહાભૂતિક, એકાત્મવાદ, તજ્જીવતચ્છરીરવાદ, અકારકાત્મવાદ, સ્કન્ધવાદ, નિયતિવાદ, અજ્ઞાનવાદ, કર્તૃવાદ, ત્રિરાશિવાદ, લોકવિચાર, પ્રતિજુગુપ્સા (ગોમાંસ, મદ્ય, લસણ, ડુંગળી વગેરે પ્રત્યે અરુચિ), વસ્ત્રાદિપ્રલોભન, શૂરવિચાર; મહાવીરગુણ, મહાવીરગુણસ્તુતિ, કુશીલતા, સુશીલતા, વીર્યનિરૂપણ, સમાધિ, દાનવિચાર, સમવસરણવિચાર, વૈનયિકવાદ, નાસ્તિકમતચર્ચા, સાંખ્યમતચર્ચા, ઈશ્વરકર્તૃત્વચર્ચા, નિયતિવાદચર્ચા, ભિક્ષુવર્ણન, આહારચર્ચા, વનસ્પતિભેદ, પૃથ્વીકાયાદિભેદ, સ્યાદ્વાદ, આજીવિકમતનિરાસ, ગોશાલકમતનિરાસ, બૌદ્ધમતનિરાસ, જાતિવાદનિરાસ વગેરે.

પ્રસ્તુત ચૂર્ણિ સંસ્કૃતમિશ્રિત પ્રાકૃતમાં રચવામાં આવી છે. એટલું જ નહિ, ચૂર્ણિ જોવાથી એવું પ્રતીત થાય છે કે આમાં પ્રાકૃતથી પણ સંસ્કૃતનો પ્રયોગ વધારે માત્રામાં છે. નીચે કેટલાંક ઉદ્ધરણો આપવામાં આવે છે જે જોવાથી એ સ્પષ્ટ થઈ જશે કે આમાં પ્રાકૃતનો કેટલો અંશ છે અને સંસ્કૃતનો કેટલો :—

'एतदि' ति यदुक्तमुच्यते वा सारं विद्धीति वाक्यशेषः, यत्किं ? उच्यते, जेण हिंसति किंचणं, किंचिदिति त्रसं स्थावरं वा, अहिंसा हि ज्ञानगतस्य फलं, तथा चाह योऽधीत्य शास्त्रमखिलं..... एवं खु णाणिणो सारं — ।'

— સૂત્રકૃતાંગચૂર્ણિ, પૃ. ૬૨

बिउट्टितो णाम विच्युतो, यथा व्युत्थितोऽस्य विभवः, संपत् व्युत्थिताः, संयमप्रतिपन्न इत्यर्थः, पार्श्वस्थादोनामन्यतमेन वा क्वचिन्प्रमादाच्च कार्येण वा त्वरितं गच्छन् जहा तुज्झं ण — ?

— એજન, પૃ. ૨૮૮

लोगेवि भण्णइ — छिण्णसोता न दिंति, सुट्ठु संजुत्ते सुसंजुत्ते, सुट्ठु समिए सुसमिए, समभावः सामायिकं सो भणइ — सुट्ठु सामाइए सुसामाइए,

---

१. શ્રી ઋષભદેવજી કેશરીમલજી શ્વેતામ્બર સંસ્થા, રતલામ, સન્ ૧૯૪૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

आतवापत्तेविऊति अप्पणो वादो अत्तए वादो २ यथा-अस्त्यात्मा नित्यः अमूर्त्तः कर्त्ता भोक्ता उपयोगलक्षणो य एवमादि आसप्पवादो –।'

– એજન, પૃ. ૩૦૭

अहावरे चउत्थे (सू०५) णितिया जाव जहा जहा मे एस धम्मे सुअक्खाए, कयरे ते धम्मे ? णितियावादे, इह खलु दुवे पुरिसजाता एगे पुरिसे किरियामक्खंति, किरिया कर्म परिस्पन्द इत्यर्थः, कस्यासौ किरिया ? पुरुषस्य, पुरुष एव गमनादिषु क्रियासु स्वतो अनुसन्धाय प्रवर्त्तते, एवं भणित्तापि ते दोवि पुरिसा तुल्ला णियतिवसेण, तत्र नियतिवादी आत्मीयं दर्शनं समर्थयन्निदमाह – यः खलु मन्यते 'अहं करोमि' इति असावपि नियत्या एव कार्यते अहं करोमीति —— ?

– એજન, પૃ. ૩૨૨-૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવમ પ્રકરણ

જીતકલ્પ-બૃહચ્ચૂર્ણિ

આ ચૂર્ણિ[૧] સિદ્ધસેનસૂરિની કૃતિ છે. આ ચૂર્ણિ ઉપરાંત જીતકલ્પસૂત્ર પર એક બીજી ચૂર્ણિ રચાયેલી છે, એવું પ્રસ્તુત ચૂર્ણિના અધ્યયનથી માલૂમ પડે[૨] છે. આ ચૂર્ણિ શરૂથી અંત સુધી પ્રાકૃતમાં છે. આમાં એક પણ વાક્ય એવું નથી જેમાં સંસ્કૃત શબ્દનો પ્રયોગ થયો હોય. પ્રારંભમાં આચાર્યે અગિયાર ગાથાઓ દ્વારા ભગવાન મહાવીર, એકાદશ ગણધર, અન્ય વિશિષ્ટ જ્ઞાનીઓ તથા સૂત્રકાર જિનભદ્ર ક્ષમાશ્રમણ-આ બધાને નમસ્કાર કર્યા છે. ગ્રંથમાં અહીં-તહીં અનેક ગાથાઓ ઉદ્ધૃત કરવામાં આવી છે. આ ગાથાઓ ઉદ્ધૃત કરતી વખતે આચાર્યે કોઈ ગ્રંથ વગેરેનો નિર્દેશ ન કરતાં 'तं जहा भणियं च', 'सो–इमो' વગેરે વાક્યોનો પ્રયોગ કર્યો છે.[૩] એ જ રીતે અનેક ગદ્યાંશ પણ ઉદ્ધૃત કરવામાં આવ્યા છે.

જીતકલ્પચૂર્ણિમાં પણ એ જ વિષયોનું સંક્ષિપ્ત ગદ્યાત્મક વ્યાખ્યાન છે જેમનું જીતકલ્પભાષ્યમાં વિસ્તારથી વિવેચન કરવામાં આવ્યું છે. સર્વપ્રથમ આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા અને જીતવ્યવહારનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે. જીતનો અર્થ આ પ્રમાણે કરવામાં આવ્યો છે : **जीयं ति वा करणिज्जं ति वा आयरणिज्जं ति वा एयट्ठं । जीवेइ वा तिविहे वि काले तेण जीयं ।**[૪] આ જ રીતે ચૂર્ણિકારે દસ પ્રકારનાં પ્રાયશ્ચિત્ત, નવ પ્રકારના વ્યવહાર, મૂલગુણ, ઉત્તરગુણ વગેરેનું વિવેચન કર્યું છે. અંતમાં ફરી સૂત્રકાર જિનભદ્રને નમસ્કારપૂર્વક નિમ્ન ગાથાઓ સાથે ચૂર્ણિ સમાપ્ત કરી છે[૫] :

इति जेण जीयदाणं साहूणऽइयारपंकपरिसुद्धिकरं ।
गाहाहिं फुडं रइयं महुरपयत्थाहिं पावणं परमहियं ॥
जिणभद्दखमासमणं निच्छियसुत्तत्थदायगामलचरणं ।
तमहं वंदे पयओ परमं परमोवगारकारिणमहग्धं ॥

●

१. विषमपदव्याख्यालंकृत सिद्धसेनगणिसन्दृब्ध बृहच्चूर्णिसमन्वित जीतकल्पसूत्र – संपादक :– मुनि जिनविजय, प्रकाशक :–जैन साहित्य संशोधक समिति, अमदावाद, सन् १९२९.

२. अहवा बितियचुन्निकाराभिपाएण चत्तारि – जीतकल्पचूर्णि, पृ. २३.

३. એજન, પૃ. ૩, ૪, ૨૧. ૪. એજન, પૃ. ૪. ૫. એજન, પૃ. ૩૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દસમ પ્રકરણ

દશવૈકાલિકચૂર્ણિ (અગસ્ત્યસિંહકૃત)

આ ચૂર્ણિ[1] જિનદાસગણિની કહેવામાં આવતી દશવૈકાલિકચૂર્ણિથી ભિન્ન છે. આના લેખક છે વજ્રસ્વામીની શાખા–પરંપરાના એક સ્થવિર શ્રી અગસ્ત્યસિંહ.આ પ્રાકૃતમાં છે. ભાષા સરળ તથા શૈલી સુગમ છે. આની વ્યાખ્યાનશૈલીના કેટલાક નમૂના અહીં પ્રસ્તુત કરવા અપ્રાસંગિક નહિ ગણાય. આદિ, મધ્ય અને અન્ત્ય મંગલની ઉપયોગિતા બતાવતાં ચૂર્ણિકાર કહે છે :

आदिमंगलेण आरम्भप्पभिति णिव्विसाया सत्थं पडिवज्जंति, मज्झमंगलेण अव्वासंगेण पारं गच्छंति, अवसाणमंगलेण सिस्सपसिस्ससंताणे पडिवाएंति । इमं पुण सत्थं संसारविच्छेयकरं ति सव्वमेव मंगलं तहावि विसेसो दरिसिज्जति–आदि मंगलमिह 'धम्मो मंगलमुक्कट्ठं' (अध्य० १, गा० १) धारेति संसारे पडमाणमिति धम्मो, एतं च परमं समस्सासकारणं ति मंगलं । मज्झे धम्मत्थकामपढमसुत्तं 'णाणदंसणसंपण्णं संजमे य तवे रयं'(अध्य० ६, गा० १), एवं सो चेव धम्मो विसेसिज्जति, यथा–'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः' (तत्त्वा० अ० १-१) इति । अवसाणे आदिमज्झदिट्ठविसेसियस्स फलं दरिसिज्जति 'छिंदित्तु जातीमरणस्स बंधणं उवेति भिक्खू अपुणागमं गतिं' (अध्य० १०, गा० २१), एवं सफलं सकलं सत्थं ति । —[2]

દશકાલિક, દશવૈકાલિક અથવા દશવૈતાલિકની વ્યુત્પત્તિ બતાવતાં કહેવામાં આવ્યું છે :

'दशकं अज्झयणाणं कालियं निस्तेण विहिणा ककारलोपे कृते दसकालियं । अहवा वेकालियं, मंगलत्थं पुव्वण्हे सत्थारंभो भवति, भगवया पुण

---

१. પ્રસ્તુત ચૂર્ણિની હસ્તલિખિત પ્રત મુનિ શ્રી પુણ્યવિજયજીની કૃપાથી પ્રાપ્ત થઈ, આથી લેખક મુનિ શ્રીના અત્યંત આભારી છે. આ પ્રત જેસલમેર જ્ઞાનભંડારમાંથી પ્રાપ્ત પ્રાચીન પ્રતની પ્રતિલિપિ છે. આ ચૂર્ણિ આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી દ્વારા જ સંપાદિત થઈ પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટી, અમદાવાદ દ્વારા પ્રકાશિત થઈ છે – ગુજ. અનુવાદક.

૨. પૃ. ૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अज्जसेज्जंभवेणं कहमवि अवरण्हकाले उवयोगो कतो, कालातिवायविग्घपरिहारिणा य निज्जूढमेव, अतो विगते काले विकाले दसकमज्झयणाण कतमिति दसवेकालियं । चउपोरिसितो सज्झायकाले तम्मि विगते वि पढिज्जतीति विगयकालियं दसवेकालियं । दसमं वा वेतालियोपजाति वृत्तेहिं णियमितमज्झयणमिति दसवेतालियं ।[1]

ષડ્જીવનિકાય નામના ચતુર્થ અધ્યયનના અર્થાધિકારનો વિચાર કરતાં ચૂર્ણિકાર કહે છે :

जीवाजीवाहिगमो गाहा ।[2] **पढमो जीवाहिगमो, अहिगमो—परिण्णाणं १ ततो अजीवाधिगमो २ चरित्तधम्मो ३ जयणा ४ उवएसो ५ धम्मफलं । तस्स चत्तारि अणुओगद्दारा जहा आवस्सए । नामनिप्फण्णो भण्णति —**[3]

દશવૈકાલિકની અંતિમ બે ચૂલાઓ — રતિવાક્યચૂલા અને વિવિક્તચર્યાચૂલાની રચનાનું પ્રયોજન બતાવતાં આચાર્ય કહે છે :

धम्मे धितिमतो खुड्डियायारोवत्थितस्स विदित्तछक्कायवित्थरस्स एसणीयादि-धारितसरीरस्स समत्तायारावत्थितस्स वयणविभागकुसलस्स सुप्पणिहितजोगजुत्तस्स विणीयस्स दसमज्झयणोपवण्णितगुणस्स समत्तसकलभिक्खुभावस्स विसेसेण थिरीकरणत्थं विवित्तचरियोवदेसत्थं च उत्तरतं तमुपदिट्ठं चूलितादुतं रतिवक्कं विवित्तचरिया चूलिता य । तत्थ धम्मे थिरीकरणत्था रतिवक्कणामधेया पढमचूला भणिता । इदाणिं विवित्तचरियोवदेसत्था बितिया चूला भाणितव्वा ।[4]

અંતમાં ચૂર્ણિકારે પોતાની શાખાનું નામ, પોતાના ગુરુનું નામ તથા પોતાનું નામ બતાવતી નિમ્ન ગાથાઓ લખીને ચૂર્ણિની પૂર્ણાહુતિ કરી છે :

वीरवरस्स भगवतो तित्थे कोडीगणे सुविपुलम्मि ।
गुणगणवइराभस्सा वेरसाभिस्स साहाए ॥ १ ॥
महरिसिसरिसभावा भावाऽभावाण मुणितपरमत्था ।
रिसिगुत्तखमासमणो खमासमाणं निधी आसि ॥ २ ॥

---

१. પૃ. ૭-૮.

२. નિર્યુક્તિગાથા — जीवाजीवाहिगमो चरित्तधम्मो तहेव जयणा य ।
उवएसो धम्मफलं छज्जीवणियाइ अहिगारा ॥

૩. પૃ. ૧૪૬-૭.

૪. પૃ. ૨૯૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तेसिं सीसेण इमा कलसभवमइंदणामधेज्जेणं ।
दसकालियस्स चुण्णी पयाणरयणातो उवण्णत्था ॥ ३ ॥
सयिरपदसंधिणियता छड्डियपुणरुत्तवित्थरपसंगा ।
वक्खाणमंतरेणावि सिस्समतिबोधणसमत्था ॥ ४ ॥
ससमयपरसमयणयाण जं च ण समाधितं पमादेणं ।
तं खमह पसाहेह य इय विण्णत्ती पवयणीणं ॥ ५ ॥

ચૂર્ણિકારનું નામ કલશભવમૃગેન્દ્ર અર્થાત્ અગસ્ત્યસિંહ છે. કલશનો અર્થ છે કુંભ, ભવનો અર્થ છે ઉત્પન્ન અને મૃગેન્દ્રનો અર્થ છે સિંહ. કલશભવનો અર્થ થયો કુંભથી ઉત્પન્ન થનાર અગસ્ત્ય. અગસ્ત્ય સાથે સિંહ જોડી દેવાથી અગસ્ત્યસિંહ બની જાય છે. અગસ્ત્યસિંહના ગુરુનું નામ ઋષિગુપ્ત છે. તેઓ કોટિગણીય વજ્રસ્વામીની શાખાના છે.

પ્રસ્તુત પ્રતના અંતમાં કેટલાક સંસ્કૃત શ્લોક છે જેમાં મૂળ પ્રતનું લેખન કાર્ય સંપન્ન કરનાર રૂપે શાંતિમતિના નામનો ઉલ્લેખ છે :

सम्यक् शान्तिमतिर्व्यलेखयदिदं मोक्षाय सत्पुस्तकम् ।

પ્રસ્તુત ચૂર્ણિના મૂળ સૂત્રપાઠ, જિનદાસગણિકૃત ચૂર્ણિના મૂળ સૂત્રપાઠ તથા હરિભદ્રકૃત ટીકાના મૂળ સૂત્રપાઠ આ ત્રણેમાં ક્યાંક-ક્યાંક થોડુંક અંતર છે. નીચે આના કેટલાક નમૂના આપવામાં આવે છે જેનાથી આ અંતર સમજી શકાશે. આ જ વાત અન્ય સૂત્રોના વ્યાખ્યાગ્રંથોના વિષયમાં પણ કહી શકાય. દશવૈકાલિક સૂત્રની ગાથાઓ[1]ના અંતરના કેટલાક નમૂના આ પ્રમાણે છે :

અધ્યયન	ગાથા	અગસ્ત્યસિંહકૃત ચૂર્ણિ	જિનદાસકૃત ચૂર્ણિ	હરિભદ્રકૃત ચૂર્ણિ
૧	૩	मुक्का	मुत्ता	मुत्ता
૧	૩	साहवो	साहुणो	साहुणो
૧	૪	अहागडेहिं....	अहाकडेसु...	अहागडेसु....
		पुप्फेहिं	पुप्फेहिं	पुप्फेसु
૨	૧	कहं णु कुज्जा	कतिहं कुज्जा	कहं णु कुज्जा
		कतिहं कुज्जा (પાઠાંતર)	कयाहं कुज्जा (પાઠા.)	कतिहं कुज्जा (પા.)
		कयाहं कुज्जा(")	कहं णु कुज्जा(")	कयाहं कुज्जा (")
		कहं सकुज्जा(")		कथमहं (कहहं)

१. ગાથા-સંખ્યાનો આધાર મુનિશ્રી પુણ્યવિજયજી દ્વારા તૈયાર કરવામાં આવેલ દશવૈકાલિકની હસ્તલિખિત પ્રત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨	૫	छिंदाहि रागं	छिंदाहि दोसं	छिंदाहि दोसं
૨	૫	विणए हि दोसं	विणएज्ज रागं	विणएज्ज रागं
૩	૩	संपुच्छणं संपुच्छगो (પાઠા.)	संपुच्छणा	संपुच्छण
૩	૧૫	खवेत्तु	खवेत्ता	खवेत्ता
૪	૪	चित्तमंतमक्खा (પાઠા.)	चित्तमत्ता अक्खा (પાઠા.)	चित्तमंतमक्खा (પાઠા.)
૪	૧૦	इच्चेतेहिं छहिं जीवनिकायेहि	इच्चेतेहिं छहिं जीवनिकायेहि	इच्चेसि छण्हं जीवनिकायाणं
૫ (પ્ર.ઉ.)	૫	पाण-भूते य	पाण-भूते य	पाणि-भूयाइं
૫ (પ્ર.ઉ.)	૧૩	अणातिले	अणाउले	अणाउले
૫ (પ્ર.ઉ.)	૧૩	जहाभागं	जहाभावं	जहाभागं
૫ (પ્ર.ઉ.)	૧૫	पाणियकम्मतं	दगभवणाणि य	दगभवणाणि य
૫ (પ્ર.ઉ.)	૨૭	इच्छेज्जा	इच्छेज्जा	गेण्हेज्जा
૫ (દ્વિ.ઉ.)	૨૪	धारए	धारए	धावए
૭	૧૨	आयारभावदोसेण	ગાથા નથી	आयारभावदोसन्नू
૭	૨૨	ગાથા નથી	ગાથા છે	ગાથા નથી
૭	૨૩	ગાથા નથી	ગાથા છે	ગાથા નથી
૮	૩	भवियव्वं	होयव्वयं	?
૯ (પ્ર.ઉ.)	૧	चिट्ठे	चिट्ठे	सिक्खे चिट्ठे (પાઠા.)
૯ (દ્વિ.ઉ.)	૧	साला	साला	साहा
૯ (તૃ.ઉ.)	૧૫	धुणिय	धुणिय	विहुय
૯ (ચ.ઉ.)	૧૧	आरुहंतिएहिं	आरहंतेहिं	आरहंतेहिं
૧૦	૪	दग	दग	तण
૧૦	૧૯	विवज्जयित्ता	विगिंच धीर !	विवज्जयित्ता
૧ ચૂલિકા	૧૪	कुसीलं	सकुसीलं	कुसिला
૧ ચૂલિકા	૧૯	ण प्पचलेंति	णो पयलेंति	न प्पचलेंति
૨ ચૂલિકા	૩	निप्फेडो	निग्घाडो	उत्तारो
૨ ચૂલિકા	૪	एवं	एवं	तम्हा

નિર્યુક્તિગાથાઓની તો વધારે વિચિત્ર સ્થિતિ છે. નિર્યુક્તિની એવી અનેક ગાથાઓ છે જે હરિભદ્રની ટીકામાં તો છે પરંતુ ચૂર્ણિઓમાં નથી મળતી. હા, એમાં કેટલીક ગાથાઓ એવી જરૂર છે જેનો ચૂર્ણિઓમાં અર્થ અથવા આશય આપી દેવામાં આવ્યો છે પરંતુ ગાથાઓ રૂપે ઉદ્ધૃત નથી કરવામાં આવી. બીજી વાત એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે કે ચૂર્ણિઓમાં અધિકાંશ ગાથાઓ પૂરેપૂરી નથી આપવામાં આવતી પરંતુ પ્રારંભમાં કેટલાક શબ્દો ઉદ્ધૃત કરીને માત્ર તેમનો નિર્દેશ કરવામાં આવે છે. કેટલીક જ ગાથાઓ એવી હોય છે જે પૂરી ઉદ્ધૃત કરવામાં આવે છે. અમે અહીં હરિભદ્રની ટીકામાં ઉપલબ્ધ કેટલીક નિર્યુક્તિ-ગાથાઓ[1] ઉદ્ધૃત કરીને એમ બતાવવાનો પ્રયત્ન કરીશું કે તેમાંથી કઈ કઈ બંને ચૂર્ણિઓમાં પૂરેપૂરી છે; કઈ કઈ અપૂર્ણ અર્થાત્ સંક્ષિપ્તરૂપે છે, કઈનો અર્થ-રૂપે નિર્દેશ કરવામાં આવ્યો છે અને કઈનો બિલકુલ ઉલ્લેખ નથી.

सिद्धिगइमुवगयाणं कम्मविसुद्धाण सव्वसिद्धाणं ।
नमिऊण दसकालियणिज्जुत्तिं कित्तइस्सामि ॥ १ ॥

આ ગાથા ન તો જિનદાસગણિની ચૂર્ણિમાં છે, ન અગસ્ત્યસિંહકૃત ચૂર્ણિમાં. તેમાં આનો અર્થ અથવા સંક્ષિપ્ત ઉલ્લેખ પણ નથી.

अपुहुत्तपुहुत्ताइं निद्दिसिउं एत्थ होइ अहिगारो ।
चरणकरणाणुजोगेण तस्स दारा इमे होंति ॥ ४ ॥

આ ગાથાનો અર્થ તો બંને ચૂર્ણિઓમાં છે પરંતુ પૂરી અથવા અપૂર્ણ ગાથા એક પણમાં નથી.

णामं ठवणा दविए माउयपयसंगहेक्कए चेव ।
पज्जवभावे य तहा सत्तेए एक्कगा होंति ॥ ८ ॥

આ ગાથા બંને ચૂર્ણિઓમાં પૂરેપૂરી ઉદ્ધૃત કરવામાં આવી છે. આ બન્ને ચૂર્ણિઓની પ્રથમ નિર્યુક્તિ-ગાથા છે જે હારિભદ્રીય ટીકાની આઠમી નિર્યુક્તિ-ગાથા છે.

दव्वे अद्ध अहाउअ उवक्कमे देसकालकाले य ।
तह य पमाणे वण्णे भावे पगयं तु भावेणं ॥ ११ ॥

આ ગાથા પણ બંને ચૂર્ણિઓમાં આ પ્રમાણે મળે છે.

आयप्पवायपुव्वा निज्जूढा होइ धम्मपन्नत्ती ।
कम्मप्पवायपुव्वा पिंडस्स उ एसणा तिविहा ॥ १६ ॥

આ ગાથા બંને ચૂર્ણિઓમાં સંક્ષિપ્તરૂપે નિર્દિષ્ટ છે, પૂર્ણરૂપે ઉદ્ધૃત નથી.

दुविहो लोगुत्तरिओ सुअधम्मो खलु चरित्तधम्मो अ ।
सुअधम्मो सज्झाओ चरित्तधम्मो समणधम्मो ॥ ४३ ॥

---

૧. દેવચન્દ્ર લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર, ગ્રંથાંક, ૪૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ગાથા અર્થરૂપે તો બંને ય ચૂર્ણિઓમાં છે પરંતુ ગાથારૂપે અધૂરી કે પૂરી એકેમાં નથી.

આ રીતે આપણે જોઈએ છીએ કે બંને ચૂર્ણિકારો અને ટીકાકાર હરિભદ્રે નિર્યુક્તિ-ગાથાઓ સમાનરૂપે ઉદ્ધૃત કરી નથી. બંને ચૂર્ણિકારોમાં એતદ્વિષયક ઘણી સમાનતા છે, જ્યારે હરિભદ્રસૂરિ આ બંનેથી આ બાબતમાં ઘણા જુદા પડે છે. આ વિષય પર અધિક પ્રકાશ પાડવા માટે વિશેષ અનુશીલનની આવશ્યકતા છે.

●

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકાદશ પ્રકરણ

નિશીથ-વિશેષચૂર્ણિ

જિનદાસગણિકૃત પ્રસ્તુત ચૂર્ણિ[1] મૂલ સૂત્ર, નિર્યુક્તિ તથા ભાષ્યગાથાઓનાં વિવેચનરૂપે છે. આની ભાષા અલ્પ સંસ્કૃતમિશ્રિત પ્રાકૃત છે. પ્રારંભમાં પીઠિકા છે જેમાં નિશીથની ભૂમિકારૂપે તત્સમ્બદ્ધ આવશ્યક વિષયોનું વ્યાખ્યાન કરવામાં આવ્યું છે. સર્વપ્રથમ ચૂર્ણિકારે અરિહંતાદિને નમસ્કાર કર્યા છે તથા નિશીથચૂલાનાં વ્યાખ્યાનનો સંબંધ બતાવ્યો છે :

नमिऊणऽरहंताणं, सिद्धाण च कम्मचक्कमुक्काणं ।
सयणसिनेहविमुक्काण, सव्वसाहूण भावेण ॥ १ ॥
सविसेसायरजुत्तं, काउं पणामं च अत्थदायिस्स ।
पज्जुण्णखमासमणस्स, चरण-करणाणुपालस्स ॥ २ ॥
एवं कयप्पणामो, पकप्पणामस्स विवरणं वत्ते ।
पुव्वायरियकयं चिय, अहं पि तं चेव उ विसेसा ॥ ३ ॥
भणिया विमुत्तिचूला, अहुणावसरो णिसीहचूलाए ।
को संबंधो तस्सा, भण्णइ इणमो णिसामेहि ॥ ४ ॥

આ ગાથાઓમાં અરિહંત, સિદ્ધ અને સાધુઓને સામાન્યરૂપે નમસ્કાર કરવામાં આવ્યા છે તથા પ્રદ્યુમ્ન ક્ષમાશ્રમણને અર્થદાતા રૂપે વિશેષ નમસ્કાર કરવામાં આવ્યા છે. નિશીથનું બીજું નામ પ્રકલ્પ પણ બતાવવામાં આવ્યું છે.

પીઠિકા :

પ્રારંભમાં ચૂલાઓનું વિવેચન કરતાં ચૂર્ણિકારે બતાવ્યું છે કે ચૂલા છ પ્રકારની હોય છે. તેનું વર્ણન જે રીતે દશવૈકાલિકમાં કરવામાં આવ્યું છે તે જ રીતે અહીં પણ કરી લેવું જોઈએ.[2] આનાથી સાબિત થાય છે કે નિશીથચૂર્ણિ દશવૈકાલિકચૂર્ણિની પછી રચવામાં આવી છે. તે પછી આચારનું સ્વરૂપ બતાવતાં આચાર્યે આચારાદિ

---

૧. સંપાદક – ઉપાધ્યાય શ્રી અમરચન્દ્રજી તથા મુનિ શ્રી કન્હૈયાલાલજી, પ્રકાશક – સન્મતિ જ્ઞાનપીઠ, લોહામંડી, આગરા, સન્ ૧૯૫૭-૧૯૬૦. નિશીથ : એક અધ્યયન – પં. દલસુખ માલવણિયા, સન્મતિ જ્ઞાનપીઠ, આગરા, સન્ ૧૯૫૯.

૨. सा य छव्विहा – जहा दसवेयालिए भणिया तहा भाणियव्वा । – પ્રથમ ભાગ, પૃ. ૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાંચ વસ્તુઓ તરફ નિર્દેશ કર્યો છે : આચાર, અગ્ર, પ્રકલ્પ, ચૂલિકા અને નિશીથ.[૧] આ બધાનો નિક્ષેપ-પદ્ધતિએ વિચાર કરતાં નિશીથનો અર્થ આ પ્રમાણે બતાવ્યો છે : **निशीथ इति कोऽर्थः । निशीथ-सद्दपट्ठीकरणत्थं वा भण्णति —**

जं होति अप्पगासं, तं तु णिसीहंति लोगसंसिद्धं ।
जं अप्पगासधम्मं, अण्णं पि तयं निसीधं ति ॥

जमिति अणिदिट्ठं । होति भवति । अप्पगासमिति अंधकारं । जकारणिद्देसे तगारो होइ । सद्दस्स अवहारणत्थे तुगारो । अप्पगासवयणस्स णिण्णयत्थे णिसीहंति । लोगे वि सिद्धं णिसीहं अप्पगासं । जहा कोइ पावासिओ पओसे आगओ, परेण बितिए दिणे पुच्छिओ 'कल्ले कं वेलमागओ सि ? भणति 'णिसीहे त्ति रात्रावित्यर्थः ।[૨] નિશીથનો અર્થ છે અપ્રકાશ અર્થાત્ અંધકાર. અપ્રકાશિત વચનોના નિર્ણય માટે નિશીથસૂત્ર છે. લોકમાં પણ નિશીથનો પ્રયોગ રાત્રિ-અંધકાર માટે થાય છે આ જ રીતે નિશીથના કર્મપંકનિષદન વગેરે અન્ય અર્થ પણ કરવામાં આવ્યા છે. ભાવપંકનું નિષદન ત્રણ જાતનું થાય છે : ક્ષય, ઉપશમ અને ક્ષયોપશમ. જેના દ્વારા અષ્ટવિધ કર્મપંક શાંત કરવામાં આવે તે નિશીથ છે.[૩]

આચારનું વિશેષ વિવેચન કરતાં ચૂર્ણિકારે નિર્યુક્તિ-ગાથાને ભદ્રબાહુસ્વામિકૃત બતાવી છે.[૪] આ ગાથામાં ચાર પ્રકારના પુરુષ-પ્રતિસેવક બતાવવામાં આવ્યા છે જે ઉત્કૃષ્ટ, મધ્યમ અથવા જઘન્ય કોટિના હોય છે. આ પુરુષોનું વિવિધ ભંગો સાથે વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવ્યું છે. આ જ રીતે સ્ત્રી અને નપુંસક-પ્રતિસેવકોનું પણ સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. આ બધું નિશીથના વ્યાખ્યાન પછી કરવામાં આવેલા આચારવિષયક પ્રાયશ્ચિત્તના વિવેચન અંતર્ગત છે. પ્રતિસેવકનું વર્ણન સમાપ્ત કર્યા પછી પ્રતિસેવના અને પ્રતિસેવિતવ્યનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે. પ્રતિસેવનાના સ્વરૂપવર્ણનમાં અપ્રમાદપ્રતિસેવના, સહસાત્કરણ, પ્રમાદપ્રતિસેવના, ક્રોધાદિ કષાય, વિરાધનાત્રિક, વિકથા, ઈન્દ્રિય, નિદ્રા વગેરે અનેક મહત્ત્વપૂર્ણ વિષયોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. નિદ્રા-સેવનની મર્યાદા તરફ નિર્દેશ કરતાં ચૂર્ણિકારે એક શ્લોક ઉદ્ધૃત કર્યો છે જેમાં એમ બતાવવામાં આવ્યું છે કે આળસ, મૈથુન, નિદ્રા, ક્ષુધા અને આક્રોશ — આ પાંચે સેવન કરતા રહેવાથી બરાબર વધતાં જાય છે :[૫]

---

૧. ભાષ્યગાથા ૩. ૨. પૃ. ૩૪. ૩. પૃ. ૩૪-૫.
૪. एसा भद्दबाहुसामि-कता गाहा — पृ. ૩૮. ૫. પૃ. ૫૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पञ्च वर्द्धन्ति कौन्तेय ! सेव्यमानानि नित्यशः ।
आलस्यं मैथुनं निद्रा, क्षुधाऽऽक्रोशश्च पञ्चमः ॥

સત્યાનર્દ્ધિ નિદ્રાનું સ્વરૂપ બતાવતાં ચૂર્ણિકાર કહે છે કે જેમાં ચિત્ત થીણ અર્થાત્ સ્ત્યાન થઈ જાય – કઠણ થઈ જાય – જામી જાય તે સ્ત્યાનર્દ્ધિ નિદ્રા છે. આ નિદ્રાનું કારણ અત્યંત દર્શનાવરણ કર્મનો ઉદય છે : इद्धं चित्तं तं थीणं जस्स अच्चंतदरिसणावरणावरणकम्मोदया सो थीणद्धी भण्णति । तेण य थीणेण ण सो किंचि उवलभति ।[1] સ્ત્યાનર્દ્ધિનું સ્વરૂપ વિશેષ સ્પષ્ટ કરવા માટે આચાર્યે ચાર પ્રકારનાં ઉદાહરણો આપ્યાં છે : પુદ્ગલ, મોદક, કુંભકાર અને હસ્તિદંત. તેજસ્કાય વગેરેની વ્યાખ્યા કરતાં ચૂર્ણિકારે 'अस्य सिद्धसेनाचार्यो व्याख्यां करोति, एतेषां सिद्धसेनाचार्यो व्याख्यां करोति, इमा पुण सागणिय-णिक्खितदाराण दोण्ह वि भद्दबाहुसामिकता प्रायश्चित्तव्याख्यानगाथा, एयस्स इमा भद्दबाहुसामिकता वक्खाणगाहा' વગેરે શબ્દો સાથે ભદ્રબાહુ અને સિદ્ધસેનનાં નામોનો અનેક વાર ઉલ્લેખ કર્યો છે. પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાયસંબંધી યતનાઓ, દોષો, અપવાદો અને પ્રાયશ્ચિત્તોનું પ્રસ્તુત પીઠિકામાં અતિ વિસ્તૃત વિવેચન કરવામાં આવ્યું છે. ખાન, પાન, વસતિ, વસ્ત્ર, હલન, ચલન, શયન, ભ્રમણ, ભાષણ, ગમન, આગમન વગેરે બધી આવશ્યક ક્રિયાઓના વિષયમાં આચારશાસ્ત્રની દૃષ્ટિએ સૂક્ષ્મ વિચાર કરવામાં આવ્યો છે.

પ્રાણાતિપાત વગેરેનું વ્યાખ્યાન કરતાં ચૂર્ણિકારે મૃષાવાદના લૌકિક અને લોકોત્તર – આ બે ભેદોનું વર્ણન કર્યું છે તથા લૌકિક મૃષાવાદ અંતર્ગત માયોપધિનું સ્વરૂપ બતાવતાં ચાર ધૂર્તોની કથા આપી છે. આ ધૂર્તાખ્યાનના ચાર મુખ્ય પાત્રોનાં નામ છે : શશક, એલાષાઢ, મૂલદેવ અને ખંડપાણા.[3] આ આખ્યાનનો સાર ભાષ્યકારે નિમ્નલિખિત ત્રણ ગાથાઓમાં આપ્યો છે :

सस-एलासाढ मूलदेव खंडा य जुण्णउज्जाणे ।
सामत्थणे को भत्तं, अक्खातं जो ण सद्दहति ॥ २९४ ॥
चोरभया गावीओ, पोट्टलए बंधिऊण आणेमि ।
तिलअइरूढकुहाडे, वणगय मलणा य तेल्लोदा ॥ २९५ ॥
वणगयपाटण कुंडिय, छम्मासा हत्थिलग्गणं पुच्छे ।
रायरयग मो वादे, जहिं पेच्छइ ते इमे वत्था ॥ २९६ ॥

---

१. पृ. ५५. २. पृ. ७५, ७६ વગેરે. ૩. પૃ. ૧૦૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચૂર્ણિકાર આ ગાથાઓના આધારે સંક્ષેપમાં ધૂર્તકથા આપતાં લખે છે કે બાકીની વાતો धुत्तक्खाणग (ધૂર્તાખ્યાન) અનુસાર સમજી લેવી જોઈએ : सेसं धुत्तक्खाणगानुसारेण णेयमिति ।[1] અહીં સુધી લૌકિક મૃષાવાદનો અધિકાર છે. ત્યાર પછી લોકોત્તર મૃષાવાદનું વર્ણન છે. આ જ રીતે અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, રાત્રિભોજન વગેરેનું વર્ણન કરવામાં આવ્યું છે. આ વર્ણન મુખ્યત્વે બે ભાગમાં વિભાજિત છે. આમાંથી પ્રથમ ભાગ દર્પિકાસંબંધી છે, બીજો ભાગ કલ્પિકાસંબંધી. દર્પિકાસંબંધી ભાગમાં તત્ત્વવિષયક દોષોનું નિરૂપણ કરતાં તેમનાં સેવનનો નિષેધ કરવામાં આવ્યો છે જ્યારે કલ્પિકાસંબંધી ભાગમાં તત્તદ્વિષયક અપવાદોનું વર્ણન કરતાં તેમનાં સેવનનું વિધાન કરવામાં આવ્યું છે. આ બધા મૂલગુણપ્રતિસેવના સાથે સંબદ્ધ છે. આ જ રીતે આચાર્યે ઉત્તરગુણપ્રતિસેવનાનું પણ વિસ્તારથી વ્યાખ્યાન કર્યું છે. ઉત્તરગુણ પિંડવિશુદ્ધિ વગેરે અનેક પ્રકારના છે. આનો પણ દર્પિકા અને કલ્પિકાના ભેદથી વિચાર કરવામાં આવ્યો છે. જેમકે ચૂર્ણિકાર કહે છે : गता या मूलगुणपडिसेवणा इति । इदाणिं उत्तरगुणपडिसेवणा भण्णति । ते उत्तरगुणा पिंडविसोहादओ अणेगविहा । तत्थ पिंडे ताव दप्पियं कप्पियं च पडिसेवणं भण्णति ।[2] આ રીતે પીઠિકાના અંત સુધી દર્પિકા અને કલ્પિકાનો અધિકાર ચાલે છે.

પીઠિકાની સમાપ્તિ કરતાં એ વાતનો વિચાર કરવામાં આવ્યો છે કે નિશીથ-પીઠિકાનો આ સૂત્રાર્થ કોને આપવો જોઈએ અને કોને નહિ. અબહુશ્રુત વગેરે નિષિદ્ધ પુરુષોને જ આપવાથી પ્રવચન-ઘાત થાય છે આથી બહુશ્રુત વગેરે સુયોગ્ય પુરુષોને નિશીથપીઠિકાનો આ સૂત્રાર્થ આપવો જોઈએ.[3] અહીં સુધી પીઠિકાનો અધિકાર છે.

પ્રથમ ઉદ્દેશ :

પ્રથમ ઉદ્દેશના પ્રથમ સૂત્ર 'जे भिक्खू हत्थकम्मं करेइ, करेंतं वा साइज्जइ'નો શબ્દાર્થ ભાષ્યકારે આ મુજબ કર્યો છે :

जे त्ति य खलु णिद्देसे भिक्खू पण भेदणे खुहस्स खलू ।
हत्थेण जं च करणं, कीरति तं हत्थकम्मं ति ॥ ४९७ ॥

આ ગાથાનો ચૂર્ણિકારે ફરી આ મુજબ શબ્દાર્થ કર્યો છે : 'जे इति निद्देसे, 'खलु' विसेसणे, किं विशिनष्टि ? भिक्षोर्नान्यस्य, 'भिदि' विदारणे, 'क्षुध' इति कर्मण आख्यानं, ज्ञानावरणादिकर्म भिनत्तीति भिक्षुः, भावभिक्षोर्विशेषणे 'पुनः' शब्दः, 'हत्थे' ति हन्यतेऽनेनेति हस्तः, हसति वा मुखमावृत्येति हस्तः, आदाननिक्षेपादिसमर्थो

---

१. पृ. १०५. આચાર્ય હરિભદ્રકૃત ધૂર્તાખ્યાનનો આધાર આ પ્રાચીન કથા છે.
२. पृ. १५४. ३. पृ. १९५-१९९.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

शरीरैकदेशो हस्तोऽतस्तेन यत् करणं — व्यापारइत्यर्थः, स च व्यापारः क्रिया भवति, अतः सा हस्तक्रिया क्रियमाणा कर्मभवतीत्यर्थः । 'साइज्जति' साइज्जणा दुविहा कारावणे अणुमोदणे..... ।[1] જે ક્ષુધ અર્થાત્ જ્ઞાનાવરણાદિ કર્મનો ભેદ અર્થાત્ વિનાશ કરે છે તે ભિક્ષુ છે. જેનાથી હનન કરવામાં આવે છે અથવા જે મુખ ઢાંકીને હસે છે તે હસ્ત છે. આદાન-નિક્ષેપ વગેરેમાં સમર્થ હસ્તની જે ક્રિયા અર્થાત્ વ્યાપાર છે તે હસ્તક્રિયા છે. આ પ્રકારની ક્રિયમાણ હસ્તક્રિયા કર્મરૂપ હોય છે. સાઇજ્જણા અર્થાત્ સ્વાદના બે પ્રકારની છે : કારણ (નિર્માપન) અર્થાત્ બીજા પાસે કરાવવું અને અનુમોદન અર્થાત્ બીજાનું સમર્થન કરવું. આ રીતે ક્રિયાના ત્રણ રૂપ થયાં : પોતે કરવી, બીજા પાસે કરાવવી અને કરનારનું અનુમોદન કરવું. આ રીતે પ્રથમ સૂત્રનો શબ્દાર્થ કર્યા પછી આચાર્યે ભિક્ષુ, હસ્ત અને કર્મનું નિક્ષેપ-પદ્ધતિએ વિશ્લેષણ કર્યું છે. હસ્તકર્મ બે પ્રકારનું છે : અસંક્લિષ્ટ અને સંક્લિષ્ટ. અસંક્લિષ્ટ હસ્તકર્મ આઠ પ્રકારનું છે : છેદન, ભેદન, ઘર્ષણ, પેષણ, અભિઘાત, સ્નેહ, કાય અને ક્ષાર. સંક્લિષ્ટ હસ્તકર્મ બે પ્રકારનું છે : સનિમિત્ત અને અનિમિત્ત. સનિમિત્ત હસ્તકર્મ ત્રણ પ્રકારનાં કારણોથી થાય છે : શબ્દ સાંભળીને, રૂપાદિ જોઈને અથવા મનને પૂર્વ અનુભૂત વિષયનું સ્મરણ કરીને.[2] પુરુષ અને સ્ત્રીનાં આ જાતના હસ્તકર્મોનું વિસ્તારપૂર્વક વિવેચન કરતાં ચૂર્ણિકારે સાધુઓ અને સાધ્વીઓ માટે ભિન્ન-ભિન્ન પ્રકારનાં પ્રાયશ્ચિત્તોનું વિધાન કર્યું છે.

દ્વિતીય સૂત્ર 'जे भिक्खू अंगादाणं कट्ठेण वा कलिंचेण वा अंगुलियाए वा सलागाए वा संचालेइ संचालेंतं वा सातिज्जति'નું વ્યાખ્યાન કરતાં આચાર્ય કહે છે કે મસ્તક વગેરે અંગ છે, કાન વગેરે ઉપાંગ છે અને નખ વગેરે અંગોપાંગ છે. આ પ્રકારે શરીરના ત્રણ ભાગ છે : અંગ, ઉપાંગ અને અંગોપાંગ. અંગ આઠ છે : મસ્તક, હૃદય, પેટ, પીઠ, બે ખભા અને બે ઊરુ. કાન, નાક, આંખો, જાંઘો, હાથ અને પગ ઉપાંગ છે. નખ, વાળ, શ્મશ્રુ, આંગળીઓ, હથેળીનું તળિયું અને હસ્તોપતલ અંગોપાંગ છે. હથેળીની ચારે તરફનો ઉપસેલો ભાગ હસ્તોપતલ કહેવાય છે. આ બધાનું સંચાલન પણ સનિમિત્ત અથવા અનિમિત્ત થાય છે.[3] પ્રસ્તુત સૂત્રનું વિશેષ વ્યાખ્યાન પૂર્વવત્ કરી લેવું જોઈએ. આ જ રીતે આગળના સૂત્રોનું પણ સંક્ષિપ્ત વ્યાખ્યાન કરવામાં આવ્યું છે.

ચૌદમા સૂત્ર 'जो भिक्खू सोत्तियं वा रज्जुयं वा चिलिमिलिं वा अण्णउत्थिएण वा गारत्थिएण वा कारेति, कारेंतं वा सातिज्जति'નું વ્યાખ્યાન કરતાં ચૂર્ણિકાર કહે છે

૧. દ્વિતીય ભાગ, પૃ. ૨. ૨. પૃ. ૪-૭. ૩. પૃ. ૨૬-૨૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે વસ્ત્ર – કંબલાદિને સૌત્રિક (સૂતરનું બનેલું) કહે છે, જ્યારે દોરડું વગેરેને રજ્જુક કહે છે. ભાષ્યકારે ચિલિમિલી (પડદા)ના પાંચ પ્રકાર બતાવ્યા છે : સુત્તમયી, રજ્જુમયી, વાગમયી, દંડમયી અને કડમયી. તેમનું સ્વરૂપ દર્શાવતાં ચૂર્ણિકાર કહે છે : **सुत्तेण कता सुत्तमयी, तं वत्थं कंबली वा । रज्जुणा कता रज्जुमयी, सो पुण दोरो । वागेसु कता वागमयी, वागमयं वत्थं दोरो वा वक्कलं वा वत्थादि । दंडो वंसाती । कडमती वंसकडगादि । एसा पंचविहा चिलिमिणी गच्छस्स उवग्गहकारिवया घेप्पति ।**[1] સૂત્રનિર્મિત ચિલિમિલી – પરદો-યવનિકાને સૂત્રમતી કહે છે, જેમકે વસ્ત્ર, કંબલ વગેરે. રજ્જુથી બનેલાને રજ્જુમતી કહે છે, જેમકે દોરિયું વગેરે. આ જ રીતે વલ્ક અર્થાત્ છાલ, દંડ અર્થાત્ વાંસ વગેરેની લાકડી અને કટ અર્થાત્ તૃણ વગેરેથી ચિલિમિલિકા બને છે. ગચ્છના ઉપકાર માટે આ પાંચ પ્રકારની ચિલિમિલિકાઓનું ગ્રહણ કરવામાં આવે છે. પછી આચાર્યે ચિલિમિલિનાં પ્રમાણ, ઉપયોગ વગેરે પર પ્રકાશ પાડ્યો છે તથા સંક્ષેપમાં આગળનાં સૂત્રોનું પણ વ્યાખ્યાન કર્યું છે.

'**जे भिक्खू लाउय-पादं वा दारु-पादं वा मट्टिया पादं वा.. ..**'(સૂત્ર ૩૯)ની વ્યાખ્યા કરતાં ચૂર્ણિકારે લખ્યું છે કે સૂત્રાર્થનું કથન થઈ ચૂક્યું, હવે નિર્યુક્તિનો વિસ્તાર કરવામાં આવે છે : **भणिओ सुत्तत्थो । इदाणिं णिज्जुत्तिवित्थरो भण्णति ।**[2] એમ લખીને તેમણે '**लाउयदारुयपाते, मट्टियपादे.....**' ગાથા (ભાષ્ય ૬૮૫) આપી છે જે નિર્યુક્તિ ગાથા છે.

'**जे भिक्खू दंडयं वा लट्ठियं वा अवलेहणियं वा.....**' (સૂત્ર ૪૦)નું વ્યાખ્યાન કરતાં આચાર્યે દંડ લાઠી વગેરેનો ભેદ બતાવ્યો છે. દંડ બાહુપ્રમાણ હોય છે : **दंडो बाहुप्पमाणो ।** લાઠી આત્મપ્રમાણ અર્થાત્ સ્વશરીરપ્રમાણ હોય છે : **अवलेहणिया वासासु कद्दमफेडिणी क्षुरिकावत् ।**[3] ભાષ્યકારે દંડ વગેરેનાં માપ આ મુજબ બતાવ્યાં છે : દંડ ત્રણ હાથનો હોય છે, વિદંડ બે હાથનો હોય છે, લાઠી આત્મપ્રમાણ હોય છે, વિલટ્ઠી ચાર આંગળી ઓછી હોય છે. ભાષ્યગાથા આ મુજબ છે :

तिण्णि उ हत्थे डंडो, दोण्णि उ हत्थे विदंडओ होति ।
लट्ठी आत-पमाणा, विलट्ठि चतुरंगुलेणूणा ॥ ७०० ॥

આગળ લાઠીની ઉપયોગિતાનો વિચાર કરવામાં આવ્યો છે તથા તેને રાખવાની વિધિ, તત્સંબંધી દોષો, ગુરુમાસ પ્રાયશ્ચિત્ત વગેરેનું વર્ણન કરવામાં આવ્યું છે. વસ્ત્ર

---

૧. પૃ. ૩૯-૪૦. ૨. પૃ. ૪૬. ૩. પૃ. ૪૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફાડવા, સીવવા વગેરે સંબંધિત નિયમોનો ઉલ્લેખ કરીને પ્રથમ ઉદ્દેશ સમાપ્ત કરી દેવામાં આવ્યો છે. અંતમાં 'विसेस-णिसीहचुण्णीए पढमो उद्देसो सम्मत्तो'[1] લખીને એમ સૂચિત કરવામાં આવ્યું છે કે પ્રસ્તુત ચૂર્ણિ વિશેષનિશીથચૂર્ણિ અથવા નિશીથવિશેષચૂર્ણિ છે.

દ્વિતીય ઉદ્દેશ :

પ્રથમ ઉદ્દેશમાં ગુરુમાસો (ઉપવાસ)નું કથન કરવામાં આવ્યું. હવે બીજા ઉદ્દેશમાં લઘુમાસો (એકાશન)નું કથન કરવામાં આવે છે. અથવા પ્રથમ ઉદ્દેશમાં પરકરણનું નિવારણ કરવામાં આવ્યું. હવે દ્વિતીય ઉદ્દેશમાં સ્વકરણનું નિવારણ કરવામાં આવે છે : पढमउद्देसए गुरुमासा भणिता । अह इदाणिं बितिए लहुमासा भण्णंति । अहवा-पढमुद्देसे परकरणं णिवारियं, इह बितिए सयंकरणं निवारिज्जति ।[2] આમ કહીને આચાર્ય દ્વિતીય ઉદ્દેશનું વ્યાખ્યાન શરૂ કરે છે.

પ્રથમ સૂત્ર 'जे भिक्खू दारुदंडयं पायपुंछणयं करेइ.....'નું વ્યાખ્યાન આ પ્રમાણે કરવામાં આવ્યું છે : जे त्ति णिद्देसे, भिक्खू पूर्वोक्त, दारुमओ दंडओ जस्स तं दारुदंडयं, पादे पुंछति जेण तं पादपुंछणं – पट्टयदुनिसिज्जवज्जियं रओहरणमित्यर्थः तं जो करेति, करेंतं वा सातिज्जति तस्स मासलहुं पच्छित्तं । एस सुत्तत्थो । एयं पुण सुत्तं अववातियं । इदाणिं णिज्जुत्ति-वित्थरो ।[3] અર્થાત્ જે ભિક્ષુ કાષ્ઠદંડયુક્ત પાદપ્રોંછન સ્વયં કરે છે અથવા કરનારનું અનુમોદન કરે છે તેના માટે માસલઘુ પ્રાયશ્ચિત્તનો નિયમ છે. આ સૂત્રાર્થ છે. તેની પછી પાદપ્રોંછનના વિવિધ પ્રકારોનું વર્ણન કરવામાં આવ્યું છે. આ જ રીતે કાષ્ઠદંડયુક્ત પાદપ્રોંછનનાં ગ્રહણ, વિતરણ, પરિભોગ વગેરેના દોષો અને પ્રાયશ્ચિત્તોનું સૂત્રાનુસાર વિવેચન કરવામાં આવ્યું છે.

નવમા સૂત્ર 'जे भिक्खू अचित्तपइट्ठियं गंधं जिंघति जिंघंतं वा सातिज्जति'નું વ્યાખ્યાન કરતાં ચૂર્ણિકાર કહે છે કે નિર્જીવ ચંદન વગેરે કાષ્ઠની ગંધ સૂંઘનાર માટે માસલઘુ પ્રાયશ્ચિત્તનું વિધાન છે : णिज्जीवे चंदणादि कट्ठे गंधं जिंघति मासलहुं ।[4]

'जे भिक्खू लहुसगं फरुसं वयति, वयंतं वा....'(સૂત્ર ૧૮)ની ચૂર્ણિ આ મુજબ છે : लहुसं ईषदल्पं स्तोकमिति यावत् फरुसं णेहवज्जियं अण्णं साहुं वदति भाषते इत्यर्थः ।[5] જે સાધુ થોડું પણ કઠોર – સ્નેહરહિત થઈને બોલે છે તેના માટે માસલઘુ

---

૧. પૃ. ૬૬. ૨. પૃ. ૬૭. ૩. પૃ. ૬૮. ૪. પૃ. ૭૩.
૫. પૃ. ૭૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાયશ્ચિત્તનું વિધાન છે. પરુષ – કઠોર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ ભેદથી ચાર પ્રકારનું હોય છે. ચૂર્ણિકારે આ ચારે પ્રકારોનું વિસ્તારથી વર્ણન કર્યું છે. ભાવપરુષ ક્રોધાદિરૂપ છે કેમકે ક્રોધાદિ વગર પરુષ કેવી રીતે હોઈ શકે અર્થાત્ ન હોઈ શકે. જેમકે ભાષ્યકાર કહે છે :

भावे पुण कोधादी, कोहादि विणा तु कहं भवे फस्सं ।
उवयारो पुण कीरति, दव्वाति समुप्पति जेणं ॥ ८६२ ॥

જે ભિક્ષુ અલ્પ જુઠું બોલે છે તેના માટે પણ માસલઘુ પ્રાયશ્ચિત્ત છે. જેમકે ચૂર્ણિકાર સ્વયં કહે છે : मुसं अलियं, लहुसं अल्पं, तं वदओ मासलहुं ।[1] આ જ રીતે લઘુ અદત્તાદાન, લઘુ શીતોદકોપયોગ વગેરે માટે પણ પ્રાયશ્ચિત્તનું વિધાન કરવામાં આવ્યું છે. સ્નાનના દોષોનું વર્ણન કરતાં કહેવામાં આવ્યું છે : ण्हायंतो छज्जीवणिकाए वहेति । ण्हाणे पडिबंधो भवति – पुनः पुनः स्नायतीत्यर्थः । अस्नानसाधुशरीरेभ्यः निर्मलशरीरो अहमिति गारवं कुरुते स्नान एव विभूषा । अलंकारेत्यर्थः अण्हाणपरीसहाओ वोहति तं न जिनातीत्यर्थः । लोकस्याविश्रम्भणीयो भवति ।[2] અર્થાત્ સ્નાન કરવાથી ષટ્ જીવનિકાયની હિંસા થાય છે. એક વાર સ્નાન કરવાથી વારંવાર સ્નાન કરવાની ઈચ્છા થાય છે. સ્નાન ન કરનાર સાધુને સ્નાન કરનાર ઘૃણાની નજરે જુએ છે, પોતાને તેનાથી મોટો સમજે છે તથા અસ્નાન-પરીષહથી ડરે છે. લોકો પણ આવા સાધુનો વિશ્વાસ નથી કરતા. આ દોષો સાથે જ આચાર્યે અપવાદ રૂપે સ્નાનની અનુમતિ પણ પ્રદાન કરી છે.

કૃત્સ્ન (અખંડ) ચર્મ અને કૃત્સ્ન વસ્ત્ર રાખવાનો નિષેધ કરતાં સ્વજનગવેષિત, પરજનગવેષિત, વરજનગવેષિત, બલજનગવેષિત વગેરે પદાર્થોનાં ગ્રહણનો પણ નિષેધ કર્યો છે. વરનો અર્થ આ મુજબ છે : जो पुरिसो जत्थ गामणगरादिसु अर्च्यते, अर्चितो वा....गामणगरादि-कारणेसु पमाणीकतो, तेसु वा गामादिसु धणकु लादिणा पहाणो, एरिसे पुरिसे वरशब्दप्रयोगः । सो य इमो हवेज्ज गामिए त्ति गाममहत्तरः, रट्ठिए त्ति राष्ट्रमहत्तरः ।[3] ગ્રામ નગરાદિના પ્રામાણિક, પ્રધાન અથવા પૂજ્ય પુરુષને 'વર' શબ્દથી સંબોધિત કરવામાં આવે છે. આ રીતે ગ્રામ-પુરુષ ગ્રામમહત્તર અને રાષ્ટ્ર-પુરુષ રાષ્ટ્રમહત્તર કહેવાય છે. બલનો અર્થ બતાવતાં ચૂર્ણિકાર કહે છે : यः पुरुषः यस्य पुरुषस्योपरि प्रभुत्वं करोति सो बलवं भण्णति । अहवा अप्रभु वि जो बलवं

---

१. पृ. ७९. २. पृ. ८६. ३. पृ. १०१.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सो वि बलवं भण्णति । सो पुण गृहपतिः गामसामिगो वा तेणगादि वा[1] । જે પ્રભુત્વ કરે છે તે બલવાન કહેવાય છે. અથવા અપ્રભુ પણ બલશાલી થવાથી બલવાન કહેવાય છે. ગૃહપતિ, ગ્રામસ્વામી વગેરે પ્રથમ કોટિના પુરુષ છે. સ્તેન અર્થાત્ ચોર વગેરે દ્વિતીય કોટિના છે.

નિયત (નિશ્ચિત-ધ્રુવ-નિરંતર) પિંડ, વાસ વગેરેના દોષોનું વર્ણન કર્યા પછી આચાર્ય 'जे भिक्खू पुरे संथवं पच्छा संथवं वा करेइ.....'(सू. ૩૮)નું વ્યાખ્યાન આ પ્રમાણે કરે છે : संथवो थुतो, अदत्ते दाणे पुव्वसंथवो, दिण्णे पच्छासंथवो । जो तं करेति सातिज्जति वा तस्स मासलहुं ।[2] સંસ્તવનો અર્થ છે સ્તુતિ. સાધુ દાતાની બે પ્રકારે સ્તુતિ કરી શકે છે : એક તો દાન આપતાં પહેલાં અને બીજી દાન આપ્યા પછી. જે સાધુ આ પ્રકારની સ્તુતિ કરે છે અથવા તેનું અનુમોદન કરે છે તેને માસલઘુ પ્રાયશ્ચિત્ત કરવું પડે છે. સંસ્તવનું વિશેષ વિવેચન કરતાં ચૂર્ણિકારે 'अत्र निर्युक्तिमाह' એવું લખીને નિમ્ન નિર્યુક્તિ-ગાથા ઉદ્ધૃત કરી છે :

दव्वे खेत्ते काले, भावम्मि य संथवो मुणेयव्वो ।
आत-पर-तदुभए वा, एक्केक्के सो पुणो दुविधो ॥ १०२५ ॥

દ્રવ્યસંસ્તવનો વિસ્તાર કરતાં આચાર્ય કહે છે કે તે ૬૪ પ્રકારનું છે. આના માટે ધાન્ય, રત્ન, સ્થાવર, દ્વિપદ, ચતુષ્પદ વગેરેના ૬૪ પ્રકાર ગણાવવામાં આવ્યા છે.[3] તે આ છે : ૨૪ પ્રકારનાં ધાન્ય, ૨૪ પ્રકારનાં રત્નો, ૩ પ્રકારનાં સ્થાવર, ૨ પ્રકારનાં દ્વિપદ, ૧૦ પ્રકારનાં ચતુષ્પદ અને ૬૪મું કુપ્ય (ઉપકરણ).

ધાન્ય – ૧. જવ, ૨. ગોધૂમ, ૩. શાલિ, ૪. વ્રીહિ, ૫. ષષ્ટિક, ૬. કોદ્રવ, ૭. અનયા, ૮. કંગૂ, ૯. રાલક, ૧૦. તિલ, ૧૧. મુદ્ગ, ૧૨. માષ, ૧૩. અતસી, ૧૪. હિરિમંથા, ૧૫. ત્રિપુડા, ૧૬. નિષ્પાવ, ૧૭. અલિસિંદા, ૧૮. માસા, ૧૯. ઈક્ષુ, ૨૦. મસૂર, ૨૧. તુવર, ૨૨. કુલત્થ, ૨૩. ધાનક, ૨૪. કલા.

भाष्य :—धण्णाइ चउव्वीसं, जव-गोहुम-साली-वीहि-साट्ठिया ।
कोद्दव-अणया-कंगू, रालग-तिल-मुग्ग-मासा य ॥ १०२९ ॥

चूर्णि :—बृहच्छिरा कंगू, अल्पतरशिरा रालकः ।

भाष्य :—अतसि हिरिमंथ तिपुड, णिप्फाव अलसिंदरा य मासा य ।
इक्खू मसूर तुवरी, कुलत्थ तह धाणग-कला य ॥ १०३० ॥

---

१. पृ. १०१. २. पृ. १०८. ३. पृ. १०९.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચૂર્ણિ :–'अतसि' मालवे प्रसिद्धा, 'हिरिमंथा', वट्टचणगा, 'त्रिपुडा' लंगवलगा, 'णिप्फाव' चावल्ला, 'अलिसिंदा', चवलगारा य, 'मासा', पंडरचवलगा, 'धाणगा' कुथुंभरी, 'कला' वट्टचणगा ।

રત્ન – ૧. સુવર્ણ, ૨. તવુ, ૩. તંબ, ૪. રજત, ૫. લોહ, ૬. શીશક, ૭. હિરણ્ય, ૮. પાષાણ, ૯. વેર, ૧૦. મણિ, ૧૧. મૌક્તિક, ૧૨. પ્રવાલ, ૧૩. શંખ, ૧૪. તિનિશ, ૧૫. અગરુ, ૧૬. ચંદન, ૧૭. અમિલાત વસ્ત્ર, ૧૮. કાષ્ઠ, ૧૯. દંત, ૨૦. ચર્મ, ૨૧. વાળ, ૨૨. ગંધ, ૨૩. દ્રવ્ય, ૨૪. ઔષધ.

ભાષ્ય :–रयणाइं चतुव्वीसं, सुव्वण्ण-तवु-तंब-रयत-लोहाइं ।
सीसग-हिरण्ण-पासाण-वेर-मणि-मोत्तिय-पवाले ॥ १०३१ ॥

ચૂર્ણિ :– 'रयतं' रुप्पं, 'हिरण्णं' रूपका, 'पाषाणः' स्फटिकादयः, 'मणी' सूरचन्द्रकान्तादयः ।

ભાષ્ય :–संख-तिणिसागुलु चंदणाइं वत्थामिलाइ कट्ठाइं ।
तह दंत-चम्म-बाला, गंधा दव्वसहाइं च ॥ १०३२ ॥

ચૂર્ણિ :– 'तिणिस' रुक्खकट्ठा, 'अगलुं' अगरुं, यानि न म्लायन्ते शीघ्रं तानि अम्लातानि वस्त्राणि, 'कट्ठा' शाकादिस्तंभा, 'दंता' हस्त्यादीनां, 'चम्मा' वग्घादीणं, 'वाला' चमरीणं, गंधयुक्तिकृता गंधा, एकांगं औषधं द्रव्यं, बहुद्रव्यसमुदायादौषधम् ।

સ્થાવર– ૧. ભૂમિ, ૨. ઘર, ૩. તરુ

દ્વિપદ– ૧. ચક્રારબદ્ધ – શકટાદિ અને ૨. મનુષ્ય

ચતુષ્પદ– ૧. ગૌ, ૨. ઉષ્ટ્રી, ૩. મહિષી, ૪. અજ, ૫. મેષ, ૬. અશ્વ, ૭. અશ્વતર, ૮. ઘોટક, ૯. ગર્દભ, ૧૦. હસ્તી.

ભાષ્ય :–गावी उट्टी महिसी, अय एलग आस आसतरगा य ।
घोडग गद्दभ हत्थी, चतुप्पदा होंति दसधातु ॥ १०३४ ॥

ચૂર્ણિ :–'आसतरगा' वेसरा ।

'જે ભિક્ખૂ સાગારિયં પિંડં ભુંજતિ, ભુંજંતં વા સાતિજ્જતિ', 'જે ભિક્ખૂ સાગારિયં પિંડં ગિણ્હઇ.....'(સૂ૦ ૪૬-૭)નું વ્યાખ્યાન કરતાં ચૂર્ણિકાર કહે છે કે સાગારિક અર્થાત્ શય્યાતરના પિંડનું ગ્રહણ અથવા ભોગ ન કરવો જોઈએ. જે તેવું કરે છે તેના માટે માસલઘુ પ્રાયશ્ચિત્ત છે. આનું વિવેચન કરતાં પ્રસ્તુત ચૂર્ણિમાં નિમ્ન વાતોનો દૃષ્ટાન્તપૂર્વક વિચાર કરવામાં આવ્યો છે[1] : (૧) સાગારિક કોણ હોય છે, (૨) તે

૧. પૃ. ૧૩૦-૧૩૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શય્યાતર ક્યારે થાય છે, (૩) તેનો પિંડ કેટલી જાતનો હોય છે, (૪) તે અશય્યાતર ક્યારે થાય છે, (૫) તે સાગારિક કયા સંયત દ્વારા પરિહર્તવ્ય છે, (૬) તે સાગારિક-પિંડનાં ગ્રહણમાં શું દોષ છે, (૭) કઈ અવસ્થામાં તેનો પિંડ ગ્રહણ કરી શકાય છે, (૮) કઈ યતનાથી તેનું ગ્રહણ કરવું જોઈએ, (૯) એક સાગારિક પાસેથી જ ગ્રહણ કરવો જોઈએ અથવા અનેક સાગારિકો પાસેથી પણ ગ્રહણ કરવો જોઈએ. સાગારિકના પાંચ એકાર્થક શબ્દો છે : સાગારિક, શય્યાતર, દાતા, ઘર અને તર.[૧] આ પાંચેની વ્યુત્પત્તિ તથા સાર્થકતા પર સારો પ્રકાશ પાડવામાં આવ્યો છે. બૃહત્કલ્પભાષ્યમાં પણ આ વિષય પર પૂરતું વિવેચન કરવામાં આવ્યું છે.

'जे भिक्खू उडुबद्धियं सेज्जा-संथारयं.....' (સૂ૦ ૫૦)નું વિવેચન કરતાં આચાર્ય શય્યા અને સંસ્તારકનો ભેદ બતાવે છે. શય્યા સર્વાંગિકા અર્થાત્ પૂરા શરીરના માપની હોય છે જ્યારે સંસ્તારક અઢી હાથપ્રમાણ હોય છે : सव्वंगिया सेज्जा, अड्ढाइयहत्थो संथारो।[૨] સંસ્તારક બે પ્રકારનો હોય છે : પરિશાટી અને અપરિશાટી. તેનાં સ્વરૂપ, ભેદ-પ્રભેદ, ગ્રહણ, દોષ, પ્રાયશ્ચિત્ત વગેરેનું વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવ્યું છે.

વિપ્રનષ્ટ અર્થાત્ વિધિપૂર્વક રક્ષા કરવા છતાં પણ ખોવાઈ ગયેલ પ્રાતિહારિક, શય્યાસંસ્તારક વગેરેની શોધ કરવાની આવશ્યકતા, વિધિ વગેરે પર પ્રકાશ પાડતાં બીજા ઉદ્દેશનાં અંતિમ સૂત્ર 'जे भिक्खू इत्तरियं उवहिं ण पडिलेहेति.....' (સૂ૦ ૫૯)નું વિશ્લેષણ કરતાં આચાર્ય કહે છે કે જિનકલ્પીઓ માટે બાર પ્રકારની, સ્થવિરકલ્પીઓ માટે ચૌદ પ્રકારની અને આર્યાઓ માટે પચીસ પ્રકારની ઉપધિ હોય છે.[૩] જિનકલ્પિક બે પ્રકારના છે : પાણિપાત્રભોજી અને પ્રતિગ્રહધારી. આ બંનેના ફરી બે-બે ભેદ છે : સપ્રાવરણ અર્થાત્ સવસ્ત્ર અને અપ્રાવરણ અર્થાત્ નિર્વસ્ત્ર.[૪] જિનકલ્પમાં ઉપધિના આઠ વિભાગ છે : બે, ત્રણ, ચાર, પાંચ, નવ, દસ, અગિયાર અને બાર. નિર્વસ્ત્ર પાણિપાત્રની જઘન્ય ઉપધિ બે પ્રકારની છે : રજોહરણ અને મુખવસ્ત્રિકા. તે જ પાણિપાત્ર જો સવસ્ત્ર હોય અને એક કપડું ગ્રહણ કરે તો તેની ઉપધિ ત્રણ પ્રકારની થઈ જાય છે. આ જ રીતે આગળની ઉપધિઓ પણ સમજી લેવી જોઈએ. સ્થવિરકલ્પીઓ તથા આર્યાઓ માટે પણ આ જ રીતે વિભિન્ન ઉપધિઓનું વર્ણન કરવામાં આવ્યું છે.[૫] અહીં સુધી વિશેષનિશીથચૂર્ણિના દ્વિતીય ઉદ્દેશનો અધિકાર છે.

તૃતીય ઉદ્દેશ :

આ ઉદ્દેશના પ્રારંભમાં ભિક્ષાગ્રહણના કેટલાક દોષો તથા પ્રાયશ્ચિત્તો પર પ્રકાશ

---

૧. सागारिय सेज्जायर दाता य घरे तरे वा वि। — પૃ. ૧૩૦, ગા. ૧૧૪૦.
૨. પૃ. ૧૪૯. ૩. પૃ. ૧૮૮. ૪. એજન. ૫. પૃ. ૧૮૮-૧૯૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાડવામાં આવ્યો છે. તદનન્તર પગ વગેરેનાં આમર્જન, પ્રમાર્જન, પરિમર્દન, અભ્યંગ વગેરેથી લાગનાર દોષોનો ઉલ્લેખ કરતાં તદ્વિષયક પ્રાયશ્ચિત્તોનો નિર્દેશ કરવામાં આવ્યો છે. એક વાર સાફ કરવું આમર્જન છે, વારે વારે સાફ કરવું પ્રમાર્જન છે. અથવા હાથથી સાફ કરવું આમર્જન છે, રજોહરણથી સાફ કરવું પ્રમાર્જન છે : આમज्जति एक्कसि, पमज्जति पुणो पुणो । अहवा हत्थेण आमज्जणं, रयहरणेण पमज्जणं ।[1] ગંડ, પિલક, અરતિત, અર્શિકા, ભગંદર વગેરે રોગોનાં છેદન, શોધન, લેપન વગેરેનો નિષેધ કરતાં ગંડ વગેરેનું સ્વરૂપ આ પ્રમાણે દર્શાવ્યું છે : गच्छतीति गंडं, तं च गंडमाला, जं च अण्णं (पिलगं) तु पादगतं गंडं, अरतितो जं ण पच्चति, असी अरिसा ता य अहिट्ठाणे णासाते व्रणेसु वा भवति, पिलिगा (पिलगा) सियलिया, भगंदरं अप्पण्णतो अधिट्ठाणे क्षतं किमियजालसंपण्णं भवति । बहुसत्थसंभवे अण्णतरेण तिक्खं स (अ)हिणाधारं जातमिति प्रकारप्रदर्शनार्थम् । एक्कसि ईषद् वा आच्छिंदणं, बहुवारं सुट्ठु वा छिंदणं विच्छिंदणं ।[2] આ જ રીતે નખાગ્રને ઘસીને તેજ બનાવવા, તેનાથી રોમ વગેરે તોડવા, તેને દાઢી, જંઘા, ગુહ્યભાગ વગેરેમાં ફેરવવા વગેરે વાતોનો નિષેધ કરવામાં આવ્યો છે તથા અક્ષિમલ, કર્ણમલ, દંતમલ, નખમલ વગેરેને ખોદી-ખોદીને બહાર કાઢવાની મનાઈ કરી છે. ઉચ્ચાર-પ્રસ્રવણનો ઘરમાં, ગૃહમુખ પર, ગૃહદ્વાર પર, ગૃહપ્રતિદ્વાર પર, ગૃહૈલુક (ઉંબરો) પર અથવા ગૃહાંગણમાં પરિત્યાગ કરવો પણ આ જ રીતે નિષિદ્ધ છે. અન્ય નિષિદ્ધ સ્થાનો પર પણ તેનો પરિત્યાગ ન કરવો જોઈએ. પરિત્યાગ કરવાથી માસલઘુ પ્રાયશ્ચિત્ત કરવું પડે છે. આ જ રીતે અસમયે ઉચ્ચાર-પ્રસ્રવણનો પરિત્યાગ કરનાર માટે પણ આ જ પ્રાયશ્ચિત્ત છે. રાત્રિ વગેરે સમયે બહાર નીકળવાથી લાગતા અનેક દોષોનું વર્ણન ચૂર્ણિકારે પ્રસ્તુત ઉદ્દેશના અંતે કર્યું છે.

ચતુર્થ ઉદ્દેશ :

આ ઉદ્દેશમાં સૂત્રોનું સામાન્ય વ્યાખ્યાન કરતાં નિમ્નલિખિત વિષયો પર વિશેષ પ્રકાશ પાડવામાં આવ્યો છે : અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગ, કાયોત્સર્ગના વિવિધ ભંગ, આયંબિલની પરિસમાપ્તિ તથા આહારગ્રહણ, સ્થાપનાકુલ અને તેના વિવિધ પ્રકાર, સ્થાપનાકુલસંબંધી સામાચારી, નિર્ગ્રન્થીની વસતિ અને તેમાં નિર્ગ્રન્થ દ્વારા પ્રવેશ, રાજા, અમાત્ય, શેઠ, પુરોહિત, સાર્થવાહ, ગ્રામમહત્તર, રાષ્ટ્રમહત્તર અને ગણધરનાં લક્ષણ, ગ્લાન સાધ્વી અને તેની સેવા, અધિકરણ અને તેના ભેદ, સંરંભ,

---

૧. પૃ. ૨૧૦. ૨. પૃ. ૨૧૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમારંભ અને આરંભના ભેદ-પ્રભેદ, હાસ્ય અને તેની ઉત્પત્તિનાં વિવિધ કારણો.

પંચમ ઉદ્દેશ :

આ ઉદ્દેશના પ્રારંભમાં આચાર્ય ભદ્રબાહુસ્વામિકૃત એક નિર્યુક્તિ ગાથા[૧] આપવામાં આવી છે જેમાં ચતુર્થ અને પંચમ ઉદ્દેશના સમ્બન્ધનો નિર્દેશ છે. ચૂર્ણિકારે '.....उद्देसकेन सह संबंधं वक्तुकामो आचार्यः भद्रबाहुस्वामी निर्युक्तिगाथामाह'[૨] એવું કહીને તેમની ગાથા ઉદ્ધૃત કરી છે. આ ઉદ્દેશની ચૂર્ણિમાં નિમ્ન વિષયોનું વિશેષ વિવેચન કરવામાં આવ્યું છે : પ્રાભૃતિક શય્યા ને તેના છાદન વગેરે ભેદ, સપરિકર્મ શય્યા અને તેના ચૌદ ભેદ, સંભોગનું વિવિધ દૃષ્ટિએ વર્ણન. સંભોગનો અર્થ આ પ્રમાણે છે : 'सं' एगीभावे 'भुज' पालनाभ्यवहारयोः, एकत्र भोजनं संभोगः, अहवा समं भोगो संभोगो यथोक्तविधानेनेत्यर्थः । संभुंजते वा संभोगः, संभुज्जते वा, स्वस्थ वा भोगः संभोगः ।[૩] સંભોગનો મુખ્ય અર્થ છે યથોક્ત વિધિથી એકત્ર આહારોપભોગ. જે સાધુઓમાં પરસ્પર ખાન-પાન વગેરેનો વ્યવહાર હોય છે તેઓ સાંભોગિક કહેવાય છે. સાંભોગિક સાધુઓનું સ્વરૂપ સમજાવતાં ચૂર્ણિકારે કેટલાંક આખ્યાન આપ્યાં છે. આમાંથી એક આખ્યાનમાં નિમ્નલિખિત ઐતિહાસિક પુરુષોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે[૪] : વર્ધમાન-સ્વામીના શિષ્ય સુધર્મા, સુધર્માના શિષ્ય જંબૂ, જંબૂના શિષ્ય પ્રભવ, પ્રભવના શિષ્ય શય્યંભવ, શય્યંભવના શિષ્ય યશોભદ્ર, યશોભદ્રના શિષ્ય સંભૂત, સંભૂતના શિષ્ય સ્થૂલભદ્ર, સ્થૂલભદ્રના બે યુગપ્રધાનશિષ્ય — આર્ય મહાગિરિ અને આર્ય સુહસ્તી, ચન્દ્રગુપ્તનો પુત્ર બિંદુસાર, બિંદુસારનો પુત્ર અશોક, અશોકનો પુત્ર કુણાલ.

ષષ્ઠ ઉદ્દેશ :

શરૂના પાંચ ઉદ્દેશોમાં ગુરુ-લઘુમાસનું વર્ણન કરવામાં આવ્યું. પ્રસ્તુત ઉદ્દેશમાં ચાતુર્માસિક ગુરુનું વર્ણન છે. આનો એકમાત્ર વિષય છે મૈથુનસંબંધી દોષો અને પ્રાયશ્ચિત્તોનું વર્ણન. 'जे भिक्खू माउग्गामं मेहुणपडियाए विण्णवेति—'(સૂ૦૧)નું વ્યાખ્યાન કરતાં ચૂર્ણિકાર લખે છે : 'मातिसमाणो गामो मातुगामो, मरहट्ठविसयभासाए वा इत्थी माउग्गामो भण्णति । मिहुणभावो मेहुणं, मिथुनकर्म वा मेहुनं-अब्रह्ममित्यर्थः । मिथुनभावप्रतिपत्तिः । अथवा पडिया मैथुनसेवनप्रतिज्ञेत्यर्थः विज्ञापना प्रार्थना अथवा तद्भावसेवनं विज्ञापना, इह तु प्रार्थना परिगृह्यते ।

---

૧. પૃ. ૩૦૭ (ગા. ૧૮૯૫). ૨. એજન. ૩. પૃ. ૩૪૧.
૪. પૃ. ૩૬૦-૩૬૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુત્તત્થો ।[૧] માતૃસમૂહ અર્થાત્ માતાઓ સમાન નારીઓનાં વૃંદને માતૃગ્રામ — માઉગ્ગામ કહે છે. અથવા સામાન્ય સ્ત્રી-વર્ગને માઉગ્ગામ કહેવાય જેમ કે મરાઠીમાં સ્ત્રીને માઉગ્ગામ કહેવામાં આવે છે. મિથુનમાત્ર અથવા મિથુનકર્મને મૈથુન — મેહુણ કહે છે. પડિયા — પ્રતિજ્ઞાનો અર્થ છે મૈથુનસેવનની પ્રતિજ્ઞા. વિણ્ણવણા — વિજ્ઞાપનાનો અર્થ છે પ્રાર્થના. જે સાધુ મૈથુનસેવનની કામનાથી કોઈ સ્ત્રીને પ્રાર્થના કરે છે તેના માટે ચાતુર્માસિક ગુરુ પ્રાયશ્ચિત્તનું વિધાન છે.

માતૃગ્રામના ત્રણ પ્રકાર છે : દિવ્ય, માનુષ અને તિર્યક્. આમાંથી પ્રત્યેકના બે ભેદ છે : દેહયુક્ત અને પ્રતિમાયુક્ત. દેહયુક્તના ફરી બે ભેદ છે : સજીવ અને નિર્જીવ. પ્રતિમાયુક્તના પણ બે પ્રકાર છે : સન્નિહિત અને અસન્નિહિત. વિજ્ઞાપના બે પ્રકારની હોય છે : અવભાષણતા — પ્રાર્થના અને તદ્ભાવાસેવનતા — મૈથુનાસેવન.[૨] આચાર્યે આ ભેદ-પ્રભેદોનું વિસ્તૃત વિવેચન કર્યું છે.

'जे भिक्खू माउग्गामस्स मेहुणवडियाए लेहं लिहति.....'(સૂ. ૧૩)ની વ્યાખ્યા કરતાં ચૂર્ણિકારે કામીઓના પ્રેમ-પત્ર-લેખનનું વિશ્લેષણ કર્યું છે અને બતાવ્યું છે કે લેખ બે પ્રકારનો હોય છે : છન્ન અર્થાત્ અપ્રકાશિત અને પ્રકટ અર્થાત્ પ્રકાશિત. છન્ન લેખ ત્રણ પ્રકારનો છે : લિપિછન્ન, ભાષાછન્ન અને અર્થછન્ન.[૩] આચાર્યે દરેકનું સ્વરૂપ બતાવ્યું છે.

ઉદ્દેશના અંતમાં એમ બતાવવામાં આવ્યું છે કે જે વાતો પુરુષો માટે કહેવામાં આવી છે તેમનો સ્ત્રીઓ માટે પણ ઉપયોગ કરી લેવો જોઈએ. ભિક્ષુના સ્થાન પર ભિક્ષુણી મૂકીને માતૃગ્રામના સ્થાને પિતૃગ્રામનો પ્રયોગ કરી લેવો જોઈએ. જેમકે ચૂર્ણિકાર કહે છે : पुरिसाणं जो गमो इत्थीवग्गे भणितो जहा-'भिक्खू माउग्गाम मेहुणवडियाए । विण्णवेति' एस इत्थीणं पुरिसवग्गे वत्तव्वो-'जा भिक्खुणी वि पिउग्गामं मेहुणवडियाए विण्णवेइ.....।'[૪]

સપ્તમ ઉદ્દેશ :

ષષ્ઠ ઉદ્દેશના અંતિમ સૂત્રમાં વિકૃત આહારનો નિષેધ કરવામાં આવ્યો છે. આ નિષેધ આભ્યંતર આહારની દૃષ્ટિએ છે. સપ્તમ ઉદ્દેશનાં પ્રથમ સૂત્રમાં કામી ભિક્ષુ માટે તે વાતનો નિષેધ કરવામાં આવ્યો છે કે પત્ર-પુષ્પાદિની માળાઓ ન તો સ્વયં બનાવે, ન બીજાઓ પાસે બનાવડાવે. આ નિષેધ કામના બાહ્ય આહારની દૃષ્ટિએ છે. આ જ રીતે કુંડળ, મુક્તાવલી, કનકાવલી વગેરે બનાવવાં, ધારણ કરવાં વગેરેનો પણ આગળના સૂત્રોમાં નિષેધ કરવામાં આવ્યો છે. ચૂર્ણિકારે કુંડળ વગેરેનું સ્વરૂપ આ પ્રમાણે બતાવ્યું છે : कुंडलं कण्णाभरणं, गुणं कडीसुत्तयं, मणी सूर्यमणीमादय,

૧. પૃ. ૩૭૧. ૨. પૃ. ૩૭૧-૨. ૩. પૃ.૩૮૫. ૪. પૃ. ૩૯૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तुडियं बाहुरक्खिया, तिण्णि सरातो तिसरियं, वालंभा मउडादिसु ओचूला, आगारीण वा गलोलइया, नाभिं जा गच्छइ सा पलंबा, सा य उलंवा भण्णति । अट्ठारसलयाओ हारो, णवसु अड्ढहारो, विचित्तेहिं एगसरा एगावली, मुत्तएहिं मुत्तावली, सुवण्णमणिएहिं कणगावली, रयणहिं रयणावली, उरंगुलो सुवण्णओ पट्टो, त्रिकुटो मुकुटः ।[1] આમાં કુંડલ, ગુણ, મણિ, તુડિય, તિસરિય, વાલંભા, પલંબા, હાર, અર્ધહાર, એકાવલી, મુક્તાવલી, કનકાવલી, રત્નાવલી, પટ્ટ અને મુકુટ — આ આભૂષણોનું સ્વરૂપ-વર્ણન છે.

'जे भिक्खू माउग्गामस्स मेहुणवडियाए अण्णयरं पसु-जायं वा पक्खिजायं वा....आलिंगेज्ज.....'(સૂ. ૮૪)નું વિવેચન કરતાં આચાર્યે પશુપક્ષીનાં આલિંગન વગેરેનો નિષેધ કર્યો છે તથા આલિંગન, પરિષ્વજન, ચુંબન, છેદન અને વિચ્છેદનરૂપ કામ-ક્રીડાઓનું સ્વરૂપ બતાવ્યું છે. તે આ મુજબ છે : आलिंगनं स्पृशनं, उपगूहनं परिष्वजनं, मुखेन चुंबनं, दंतादिभिः सकृत् छेदनं, अनेकशो विच्छेदः, विविधप्रकारो वा च्छेदः विच्छेदः ।[2] સામાન્ય રીતે સ્પર્શ કરવો તે આલિંગન છે. ગાઢ આલિંગનનું નામ પરિષ્વજન અથવા ઉપગૂહન છે. ચુંબન મુખથી કરવામાં આવે છે. દાંત વગેરેથી એક વાર કાપવું તે છેદન તથા અનેક વાર કાપવું અથવા અનેક રીતે કાપવું તે વિચ્છેદન છે.

અષ્ટમ ઉદ્દેશ :

સપ્તમ ઉદ્દેશનાં અંતિમ સૂત્રમાં સ્ત્રી અને પુરુષના આકારોના વિષયમાં કેટલીક આવશ્યક વાતો કહેવામાં આવી છે. અષ્ટમ ઉદ્દેશના પ્રારંભના સૂત્રમાં તે બતાવવામાં આવ્યું છે કે એકલો સાધુ એકલી સ્ત્રી સાથે વિહાર, સ્વાધ્યાય વગેરે ન કરે જેનાથી કામકથા વગેરેનો અવસર પ્રાપ્ત ન થાય. કામકથા લૌકિક અને લોકોત્તર ભેદે બે પ્રકારની હોય છે. નરવાહનદત્તકથાદિ લૌકિક કામકથાઓ છે. તરંગવતી, મલયવતી, મગધસેન વગેરેની કથાઓ લોકોત્તર કામકથાનાં ઉદાહરણ છે.[3]

'जे भिक्खू उज्जाणंसि जा उज्जाण-गिहंसि वा....'(સૂ. ૨-૯) વગેરે સૂત્રોની વ્યાખ્યામાં ઉદ્યાન, ઉદ્યાનગૃહ, ઉદ્યાનશાળા, નિર્યાણ, નિર્યાણગૃહ, નિર્યાણશાળા, અટ્ટ, અટ્ટાલક, ચરિકા, પ્રાકાર, દ્વાર, ગોપુર, દક, દકમાર્ગ, દકપથ, દકતીર, દકસ્થાન, શૂન્યગૃહ, શૂન્યશાળા, ભિન્નગૃહ, ભિન્નશાળા, કૂટાગાર, કોષ્ઠાગાર, તૃણગૃહ, તૃણશાળા, તુષગૃહ, તુષશાળા, છુસગૃહ, છુસશાળા, પર્યાયગૃહ, પર્યાયશાળા, કર્માન્તગૃહ, કર્માન્તશાળા, મહાગૃહ, મહાકુળ, ગોગૃહ અને ગૌશાળાનો

---

૧. પૃ. ૩૯૮. ૨. પૃ. ૪૧૧. ૩. પૃ. ૪૧૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ સ્પષ્ટ કરવામાં આવ્યો છે[૧] અને બતાવવામાં આવ્યું છે કે સાધુ આ સ્થાનોમાં એકલી સ્ત્રી સાથે વિહાર વગેરે ન કરે.

રાત્રિ સમયે સ્વજન વગેરે સાથે રહેવાનો પ્રતિષેધ કરતાં આચાર્ય કહે છે કે જે સાધુ સ્વજન, અસ્વજન, શ્રાવક, અશ્રાવક વગેરે સાથે અર્ધ રાત્રિ અથવા ચતુર્થાંશ રાત્રિ અથવા પૂર્ણ રાત્રિ પર્યંત રહે છે અથવા રહેનારનું સમર્થન કરે છે તેના માટે ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત છે.[૨] આ જ રીતે રાત્રિ સમયે ભોજનનાં અન્વેષણ, ગ્રહણ વગેરે માટે પણ પ્રાયશ્ચિત્તનું વિધાન કરવામાં આવ્યું છે.

નવમ ઉદ્દેશ :

અષ્ટમ ઉદ્દેશના અંતિમ સૂત્રમાં ભોજન અર્થાત્ પિંડનો વિચાર કરવામાં આવ્યો છે. નવમ ઉદ્દેશના પ્રારંભમાં પણ આ જ વિષય પર થોડો પ્રકાશ પાડવામાં આવ્યો છે. **'जो भिक्खू रायपिंडं गेण्हइ.....' 'जे भिक्खू रायपिंडं भुंजइ.....'** (સૂ૦ ૧-૨)નું વ્યાખ્યાન કરતાં ચૂર્ણિકાર એ વાતનો વિચાર કરે છે કે સાધુએ કઈ રીતે રાજાને ત્યાંથી પિંડ ગ્રહણ ન કરવો જોઈએ ? જે મૂર્ધાભિષિક્ત છે અર્થાત્ જેનો મુખ્યરૂપે અભિષેક કરવામાં આવ્યો છે તથા જે સેનાપતિ, અમાત્ય, પુરોહિત, શ્રેષ્ઠિ અને સાર્થવાહ સહિત રાજ્યનો ભોગ કરે છે તેનો પિંડ સાધુ માટે વર્જિત છે. બાકી રાજાઓના વિષયમાં નિષેધનો એકાંત નિયમ નથી અર્થાત્ જ્યાં દોષ પ્રતીત થાય ત્યાંનો પિંડ વર્જિત છે, જ્યાં દોષ ન હોય ત્યાંનો ગ્રહણીય છે. રાજપિંડ આઠ પ્રકારનો છે જેમાં ભોજન સિવાય અન્ય વસ્તુઓનો પણ સમાવેશ થાય છે. તે આઠ પ્રકાર આ છે : ચાર પ્રકારનો આહાર — અશન, પાન, ખાદ્ય અને સ્વાદ્ય તથા વસ્ત્ર, પાત્ર, કંબલ અને પાદપ્રોંછનક.[૩]

સાધુને રાજાનાં અંતઃપુરમાં પ્રવેશ કરવાની મનાઈ કરતાં આચાર્યે ત્રણ પ્રકારનાં અંતઃપુરોનું વર્ણન કર્યું છે : જીર્ણાન્તઃપુર, નવાન્તઃપુર અને કન્યકાન્તઃપુર. જેનું યૌવન નષ્ટ થઈ જાય છે તથા જે ભોગને અયોગ્ય થઈ જાય છે તેવી સ્ત્રીઓ જીર્ણાન્તઃપુરમાં રહે છે. જેમનામાં યૌવન ટક્યું હોય તથા જે ભોગના કામમાં લેવામાં આવે છે તે નવાન્તઃપુરમાં વાસ કરે છે. રાજકન્યાઓ જ્યાં સુધી યૌવનને પ્રાપ્ત નથી થતી ત્યાં સુધી તેમનો સંગ્રહ કન્યકાન્તઃપુરમાં કરવામાં આવે છે. તેમાંથી પ્રત્યેકના ક્ષેત્રની દૃષ્ટિએ બે ભેદ કરવામાં આવે છે : સ્વસ્થાનસ્થ અને પરસ્થાનસ્થ.

---

૧. પૃ. ૪૩૩. ૨. પૃ. ૪૪૧. ૩. પૃ. ૪૪૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વસ્થાનસ્થનો અર્થ છે રાજગૃહમાં જ રહેનારી. પરસ્થાનસ્થનો અર્થ છે વસંતાદિમાં ઉદ્યાનમાં રહેનારી. એતદ્વિષયક ભાષ્યગાથા તથા ચૂર્ણિ આ મુજબ છે :

ભાષ્ય :—અંતેઉરં ચ તિવિધં, જુણ્ણ णवं चेव कण्णगाणं च ।
एक्केक्कं पि य दुविधं सट्ठाणं चेव परठाणे ॥ ૨૫૧૩ ॥

ચૂર્ણિ :—रण्णो अंतेपुरं तिविधं—ण्हसियजोवणाओ अपरिभुज्जमाणीओ अच्छंति, एयं जुण्णंतेपुरं। जोव्वणयुत्ता परिभुज्जमाणीओ नवंतेपुरं। अप्पत्तजोव्वणाण रायदुहियाण संगहो कन्नंतेपुरं। तं पुण खेत्ततो एक्केक्कं दुविधं—सट्ठाणे परट्ठाणे य। सट्ठाणत्थं रायघरे चेव, परट्ठाणत्थं वसंतादिसु उज्जाणियागयं ।

'जे भिक्खू रण्णो खत्तियाण.....' (સૂ૦ ૭)નું વિવેચન કરતાં ચૂર્ણિકારે કોષ્ઠાગાર વગેરેનું સ્વરૂપ આ મુજબ બતાવ્યું છે : જેમાં ૭૭ પ્રકારનાં ધાન્ય હોય તે કોષ્ઠાગાર છે. જેમાં ૧૬ પ્રકારનાં રત્ન હોય તે ભાંડાગાર છે. જ્યાં સુરા, મધુ વગેરે પાનક સંગ્રહીત હોય તે પાનાગાર છે. જ્યાં દૂધ, દહીં વગેરે હોય તે ક્ષીરગૃહ છે. જ્યાં ૭૭ પ્રકારનાં ધાન્ય કૂટવામાં આવતાં હોય અથવા જ્યાં ગંજ અર્થાત્ યવ પડ્યા હોય તે ગંજશાલા છે. જ્યાં અશન, પાન વગેરે વિવિધ પ્રકારના ખાદ્ય પદાર્થ તૈયાર થતા હોય તે મહાનસશાલા છે : जत्थ सणसत्तरसाणि धण्णाणि कोट्ठागारो । भंडागारो जत्थ सोलसविहाइं रयणाइं । पाणागारं जत्थ पाणियकम्मं तो सुरा-मधु-सीधु-खंडगं-मच्छंडिय-मुद्दियापभित्तीणि पाणगाणि । खीरघरं जत्थ खीरं-दधि-णवणीय-तक्कादीणि अच्छंति । गंजसाला व जत्थ सणसत्तरसाणि-धण्णाणि कोट्टिज्जंति, अहवा गंजा जवा ते जत्थ अच्छंति सा गंजसाला। महाणससाला जत्थ असणपाणखातिमादीणि णाणाविहभक्खे उवक्खडिज्जंति ।[1] આ જ રીતે નટ, નટ્ટ, જલ્લ, મલ્લ, કથક, પ્લવક, લાસક વગેરેનો અર્થ બતાવવામાં આવ્યો છે.[2]

દશમ ઉદ્દેશ :

આ ઉદ્દેશની ચૂર્ણિ ખૂબ વિસ્તૃત છે. વચ્ચે-વચ્ચે દૃષ્ટાન્ત રૂપે કથાનકો પણ આપવામાં આવ્યાં છે. આમાં મુખ્યરૂપે નિમ્ન વિષયોનું વિવેચન છે : ભાષાની અગાઢતા, પરુષતા વગેરે તથા તત્સમ્બન્ધી વિવિધ પ્રાયશ્ચિત્ત, આધાકર્મિક આહારના દોષ તથા પ્રાયશ્ચિત્ત, ગ્લાનની વૈયાવૃત્ય સમ્બન્ધી યતના, ઉપેક્ષા તથા પ્રાયશ્ચિત્ત, વર્ષાવાસ, પર્યુષણા, પરિવસના, પર્યુપશમના, પ્રથમ સમવસરણ, સ્થાપના અને જ્યેષ્ઠગ્રહની એકાર્થકતા, સાર્થકતા, વિધિવત્તા વગેરે. આમાં જ આર્ય કાલકની કથા

---

૧. પૃ. ૪૫૬. ૨. પૃ. ૪૬૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ આપવામાં આવી છે. વિદ્યાબળ વગેરેની સિદ્ધિનું વર્ણન કરતાં ચૂર્ણિકાર કહે છે : जहा—कालगऽज्जेण गद्दभिल्लो सासिओ ? को उ गद्दभिल्लो ? को वा कालगऽज्जो ? कम्मि वा कज्जे सासितो ? भण्णति ।[1] એમ કહીને તેમણે સંક્ષેપમાં આર્ય કાલક, તેમની ભગિની રૂપવતી અને ઉજ્જયિનીના રાજા ગર્દભિલ્લનું આખું કથાનક આપ્યું છે.

એકાદશ ઉદ્દેશ :

દશમ ઉદ્દેશનાં અંતિમ સૂત્રમાં વસ્ત્ર-ગ્રહણ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. એકાદશ ઉદ્દેશના પ્રારંભમાં પાત્ર-ગ્રહણની ચર્ચા છે. આ ઉદ્દેશનાં તૃતીય તથા ષષ્ઠ સૂત્રો ચૂર્ણિમાં નથી. આ જ રીતે અન્ય ઉદ્દેશોમાં પણ કેટલાંક સૂત્રોની ન્યૂનાધિકતા છે. 'जे भिक्खू अप्पाणं बीभावेति,,,,,,' 'जे भिक्खू परं बीभावेति.....'(સ૦ ૬૪-૫)ની વ્યાખ્યામાં ચૂર્ણિકારે ભયના ચાર તથા સાત ભેદોની ચર્ચા કરી છે. ભયના ચાર ભેદ આ છે : ૧. પિશાચાદિથી ઉત્પન્ન ભય, ૨. મનુષ્યાદિથી ઉત્પન્ન ભય, ૩. વનસ્પતિ વગેરેથી ઉત્પન્ન ભય અને ૪. નિર્હેતુક અર્થાત્ અકસ્માત્ ઉત્પન્ન થનાર ભય. ભયના સાત ભેદ આ મુજબ છે : ૧. ઈહલોકભય, ૨. પરલોકભય, ૩. આદાનભય, ૪. આજીવનાભય, ૫. અકસ્માદ્ભય, ૬. મરણભય અને ૭. અશ્લોકભય.[2] આ ભેદોનો જૈન સાહિત્યમાં સાધારણપણે ઉલ્લેખ મળે છે. ચૂર્ણિકારે એ પ્રશ્ન પર વિચાર કર્યો છે કે આ સાત ભેદોનો ચાર ભેદોમાં કેવી રીતે સમાવેશ થઈ શક ? જે સાધુ પોતાને અથવા બીજાન અથવા બંનેને ડરાવે છે તેના માટે ભયનું કારણ હાજર હોવાની સ્થિતિમાં ચતુર્લઘુ તથા ગેરહાજર હોવાની સ્થિતિમાં ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્તનું વિધાન છે.

અયોગ્ય દીક્ષાનો નિષેધ કરનાર સૂત્ર 'जे भिक्खू णायगं वा..... अणलं वा पव्वावेइ, पव्वावेंतं वा सातिज्जति'(સૂ. ૮૪)નું વિવેચન કરતાં આચાર્યે અડતાલીસ પ્રકારની વ્યક્તિઓને પ્રવ્રજ્યા માટે અયોગ્ય માની છે. આમાં અઢાર પ્રકારના પુરુષ છે, વીસ પ્રકારની સ્ત્રીઓ છે અને દસ પ્રકારનાં નપુંસક છે. બાલદીક્ષાનો નિષેધ કરતાં બાલના ત્રણ ભેદ કર્યા છે : ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય : સાત-આઠ વર્ષનાં આયુનો બાળક ઉત્કૃષ્ટ બાલ છે. પાંચ-છ વર્ષનાં આયુનો બાળક મધ્યમ બાલ છે. ચાર વર્ષ સુધીનાં આયુનો બાળક જઘન્ય બાલ છે.[3] આ જ રીતે વૃદ્ધ, જડ, રોગી, ઉન્મત્ત, મૂઢ વગેરે અયોગ્ય પુરુષોનું પણ ભેદોપભેદપૂર્વક વર્ણન કરવામાં આવ્યું છે.

---

૧. તૃતીય ભાગ, પૃ. ૫૮-૯. ૨. પૃ. ૧૮૫-૬. ૩. પૃ. ૨૨૯-૨૩૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંડક વગેરે સોળ પ્રકારનાં નપુંસકો[1]નું વર્ણન પણ આચાર્યે વિસ્તારથી કર્યું છે. વ્યાધિત પુરુષનું સ્વરૂપ બતાવતાં સોળ પ્રકારના રોગ તથા આઠ પ્રકારની વ્યાધિના નામોનો ઉલ્લેખ કર્યો છે.[2] વ્યાધિનો નાશ શીઘ્ર થઈ શકે છે જ્યારે રોગનો નાશ ધીરે ધીરે થાય છે : आशुघातित्वाद् व्याधिः, चिरघातित्वाद् रोगः..... ।[3]

બાલમરણ, પંડિતમરણ વગેરેનાં વિસ્તૃત વિવેચન સાથે પ્રસ્તુત ઉદ્દેશની ચૂર્ણિ સમાપ્ત થાય છે.

દ્વાદશ ઉદ્દેશ :

આ ઉદ્દેશની ચૂર્ણિમાં ચતુર્લઘુ પ્રાયશ્ચિત્તને યોગ્ય દોષોનું વર્ણન કરવામાં આવ્યું છે. આ દોષોમાં મુખ્યત્વે ત્રસ પ્રાણિવિષયક બંધન અને મુક્તિ, પ્રત્યાખ્યાનભંગ, સલોમ ચર્મોપયોગ, તૃણાદિનિર્મિત પીઠકનું અધિષ્ઠાન, નિર્ગ્રન્થી માટે નિર્ગ્રન્થ દ્વારા સંઘાટી સીવડાવવાની વ્યવસ્થા, પુરઃકર્મકૃત હસ્તથી આહારાદિનું ગ્રહણ, શીતોદકયુક્ત હસ્તાદિથી આહારાદિનું ગ્રહણ, ચક્ષુરિન્દ્રિયની તુષ્ટિ માટે નિર્ઝર વગેરેનું નિરીક્ષણ, પ્રથમ પ્રહરના સમયે આહારાદિનું ગ્રહણ, વ્રણ પર ગોમય–છાણનો લેપ વગેરેનો સમાવેશ થાય છે.

ત્રયોદશ ઉદ્દેશ :

આ ઉદ્દેશમાં પણ ચતુર્લઘુ પ્રાયશ્ચિત્તને યોગ્ય દોષોનો વિચાર કરવામાં આવ્યો છે. સ્નિગ્ધ પૃથ્વી, શિલા વગેરે પર કાયોત્સર્ગ કરવો, ગૃહસ્થ વગેરેને પરુષ વચન સંભળાવવું, તેમને મંત્ર વગેરે બતાવવો, લાભની વાત બતાવીને પ્રસન્ન કરવા, હાનિની વાત બતાવીને ખિન્ન કરવા, ધાતુ વગેરેનું સ્થાન બતાવવું, વમન કરવું, વિરેચન લેવું, આરોગ્ય માટે પ્રતિકર્મ કરવું, પાર્શ્વસ્થને વંદન કરવા, પાર્શ્વસ્થની પ્રશંસા કરવી, કુશીલને વંદન કરવા, કુશીલની પ્રશંસા કરવી, ધાત્રીપિંડનો ભોગ કરવો, દૂતીપિંડનો ભોગ કરવો, નિમિત્તપિંડનો ભોગ કરવો, ચિકિત્સાપિંડનો ભોગ કરવો, ક્રોધાદિપિંડનો ભોગ કરવો વગેરે કાર્ય ચતુર્લઘુ પ્રાયશ્ચિતને યોગ્ય છે. પ્રસ્તુત ઉદ્દેશના અંતે[4] નિમ્ન ગાથામાં ચૂર્ણિકારના પિતાનું નામ આપવામાં આવ્યું છે :

संकरजडमउडविभूसणस्स तण्णामसरिसणामस्स ।
तस्स सुतेणेस कता, विसेसचुण्णी णिसीहस्स ॥

ચતુર્દશ ઉદ્દેશ :

આ ઉદ્દેશમાં પણ ઉપર્યુક્ત પ્રાયશ્ચિત્તને યોગ્ય અન્ય વિષયો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. પાત્ર ખરીદવું, અતિરિક્ત પાત્રોનો સંગ્રહ કરવો, પાત્ર ઠીક રીતે ન

૧. પૃ. ૨૪૦. ૨. પૃ. ૨૫૮. ૩. એજન. ૪. પૃ. ૪૨૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાખવું, વર્ણયુક્ત પાત્રને વિવર્ણ બનાવવું, વિવર્ણ પાત્રને વર્ણયુક્ત કરવું, જૂના પાત્રથી છુટકારો મેળવવાની અનુચિત કોશિશ કરવી, સચિત્ત વગેરે ભૂમિ પર પાત્ર રાખવું વગેરે પાત્રવિષયક અનેક દોષોનું દિગ્દર્શન કરાવતાં આચાર્યે એતત્સમ્બન્ધી આવશ્યક યતનાઓનો અહીં-તહીં ઉલ્લેખ કર્યો છે.

પંચદશ ઉદ્દેશ

સાધુને સચિત્ત આમ્ર વગેરે ખાવાની મનાઈ કરતાં આચાર્યે આમ્રનું નામાદિ નિક્ષેપોથી વ્યાખ્યાન કર્યું છે. દ્રવ્યામ્ર ચાર પ્રકારનાં છે : ઉસ્સેતિમ, સંસેતિમ, ઉવક્ખડ અને પલિય. આ ચારે પ્રકારના આમ્રનું સ્વરૂપ બતાવતાં આચાર્યે પલિય આમના ફરી ચાર વિભાગ કર્યા છે : ઇન્ધનપલિયામ, ધૂમપલિયામ, ગંધપલિયામ અને વૃક્ષપલિયામ. આ બધાના સ્વરૂપ પર પણ પ્રસ્તુત ઉદ્દેશમાં પ્રકાશ પાડવામાં આવ્યો છે.[1] આ જ પ્રસંગે તાલપ્રલંબ વગેરેનાં ગ્રહણની વિધિનો સાધુ અને સાધ્વી બંનેની દૃષ્ટિએ વિચાર કરવામાં આવ્યો છે. આ જ રીતે અન્ય સૂત્રોનું પણ યથાવિધિ વ્યાખ્યાન કરવામાં આવ્યું છે. અંતમાં[2] નિમ્નોક્ત ગાથામાં ચૂર્ણિકારની માતાનું નામ આપવામાં આવ્યું છે :

रतिकरमभिधाणऽक्खरसत्तमवग्गंतअक्खरजुएणं ।
णामं जस्सित्थीए, सुतेण तस्से कया चुण्णी ॥

ષોડશ ઉદ્દેશ :

પંદરમા ઉદ્દેશમાં દેહવિભૂષાકરણ અને ઉજ્જવલોપધિધારણનો નિષેધ કરવામાં આવ્યો છે જેથી કરીને બ્રહ્મવ્રતની વિરાધના ન થાય. સોળમા ઉદ્દેશમાં પણ અગુપ્તિ અથવા બ્રહ્મવિરાધના ન થાય તે જ દૃષ્ટિએ સાગારિકવસતિનો નિષેધ કરવામાં આવ્યો છે. આ ઉદ્દેશનાં પ્રથમ સૂત્ર 'जे भिक्खू सागारियसेज्जं अणुपविसइ.....'નું વ્યાખ્યાન કરતાં ચૂર્ણિકાર કહે છે કે જે સાગારિકવસતિ ગ્રહણ કરે છે તેને આજ્ઞાભંગ વગેરે દોષો લાગે છે અને તેના માટે ચતુર્લઘુ પ્રાયશ્ચિત્તનું વિધાન છે : सह आगारीहिं सागारिया, जो तं गेण्हति वसहिं तस्स आणादी दोसा, चउलहुं च से पच्छित्तं ।[3] 'સાગારિક' શબ્દનું વિશેષ સ્પષ્ટીકરણ કરતાં આચાર્ય કહે છે કે જ્યાં નિવાસ કરવાથી મૈથુનનો ઉદ્ગમ થાય છે તે સાગારિકવસતિ છે. તેના માટે ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત છે. અથવા જ્યાં સ્ત્રી-પુરુષ રહે છે તે સાગારિકવસતિ છે. તેના માટે પણ ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત છે : ..... जत्थ वसहीये ठियाणं मेहुणुब्भवो भवति सा सागारिका,

---

૧. પૃ. ૪૮૪-૫. ૨. પૃ. ૫૯૪. ૩. ચતુર્થ ભાગ, પૃ. ૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तत्थ चउगुरुगा । अधवा जत्थ इत्थिपुरिसा वसंति सा सागारिका..... ।[૧] પણ્યશાળા વગેરેમાં રોકાવાનો નિષેધ કરતાં ચૂર્ણિકારે નિમ્ન સ્થાનોનું વર્ણન કર્યું છે :

૧. પણ્યશાલા – જ્યાં વેપારી અથવા કુંભાર વાસણ વેચે છે.

૨. ભંડશાલા – જ્યાં વાસણોનો સંગ્રહ રાખવામાં આવે છે.

૩. કર્મશાલા – જ્યાં કુંભાર વાસણ બનાવે છે.

૪. પચનશાલા – જ્યાં વાસણો પકાવવામાં આવે છે.

૫. ઈંધનશાલા – જ્યાં ઘાસફૂસ એકત્ર કરવામાં આવે છે.

૬. વ્યધારણશાલા – જ્યાં આખા ગામ માટે દિવસ-રાત અગ્નિ સળગતો રહે છે.

એતદ્વિષયક ચૂર્ણિપાઠ આ મુજબ છે : पणियशाला जत्थ भायणाणि विक्केति वाणियकुम्भकारो वा एसा पणियसाला । भंडसाला जहिं भायणाणि संगोवियाणि अच्छंति । कम्मसाला जत्थ कम्मं करेति कुम्भकारो । पणयसाला जहिं पच्चंति भायणाणि । इंधणसाला जत्थ तण-करिसभारा अच्छंति । वग्घारणसाला तोसलिविसए गाममज्झे साला कीरइ, तत्थ अगणिकुंडं णिच्चमेव अच्छति सयंवरणिग्गत्त..... ।[૨]

જુગપ્સિત – ઘૃણિત કુળોમાંથી આહાર વગેરે ગ્રહણ કરવાનો નિષેધ કરતાં ભાષ્યકાર કહે છે કે જુગુપ્સિત બે પ્રકારનાં હોય છે : ઈત્વરિક અને યાવત્કથિક. ઈત્વરિક થોડા સમય માટે હોય છે જ્યારે યાવત્કથિક જીવનભર માટે હોય છે. સૂતક વગેરે ધરાવતાં કુળ ઈત્વરિક-જુગુપ્સિત કુળ છે. લોહકાર, કલાલ, ચર્મકાર વગેરે યાવત્કથિક-જુગુપ્સિત કુળ છે.[૩] આ કુળોમાંથી સાધુએ આહાર વગેરે ન લેવો જોઈએ.

શ્રમણોએ આર્યદેશમાં જ વિચરવું જોઈએ, અનાર્યદેશમાં નહિ. પ્રસ્તુત ચૂર્ણિમાં આર્યદેશની સીમા આ પ્રમાણે બતાવવામાં આવી છે : पुव्वेण मगहविसओ, दक्खिणेण कोसंबी, अवरेण थूणाविसओ, उत्तरेण कुणालाविसओ । एतेसिं मज्झं आरियं, परतो अणारियं ।[૪] પૂર્વમાં મગધથી લઈને પશ્ચિમમાં સ્થૂણાપર્યંત અને દક્ષિણમાં કૌશાંબીથી લઈને ઉત્તરમાં કુણાલાપર્યંત આર્યદેશ છે. બાકી અનાર્યદેશ છે. આ જ માન્યતા ભાષ્યકાર વગેરેની પણ છે.

સપ્તદશમ ઉદ્દેશ :

આ ઉદ્દેશના પ્રારંભમાં કુતૂહલ – કૌતુકના કારણે થનારી દોષ-પૂર્ણ ક્રિયાઓનો નિષેધ કરવામાં આવ્યો છે. આગળ દસ પ્રકારના સ્થિતકલ્પ અને બે પ્રકારના

---

૧. ચતુર્થ ભાગ, પૃ. ૧. ૨. પૃ. ૬૨. ૩. પૃ. ૧૩૨. ૪. પૃ. ૧૨૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થાપનકલ્પનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. 'जे भिक्खू गाएज्ज.....(સૂ. ૧૩૪)નું વિવેચન કરતાં ચૂર્ણિકારે ગીત, હસન, વાદ્ય, નૃત્ય, અભિનય વગેરેનું સ્વરૂપ બતાવ્યું છે તથા તેમનું આચરણ કરનાર શ્રમણ માટે ચતુર્લઘુ પ્રાયશ્ચિત્તનું વિધાન કર્યું છે.[૧] આ જ રીતે શંખ, શૃંગ, વેણુ વગેરે વિષયમાં પણ સમજવું જોઈએ.[૨]

અઢારમો ઉદ્દેશ :

આ ઉદ્દેશની ચૂર્ણિમાં મુખ્યરૂપે નાવવિષયક દોષોનું વિવેચન કરવામાં આવ્યું છે. આ દોષોમાં નાવ પર આરૂઢ થવું, નાવ ખરીદવી, નાવને સ્થળથી જળ અને જળથી સ્થળ પર પહોંચાડવી, ભરેલી નાવનું પાણી ખાલી કરવું, ખાલી નાવમાં પાણી ભરવું, નાવને ખેંચવી, નાવને ધકેલવી, નાવ ચલાવવી, નાવને રસ્સી વગેરેથી બાંધવી, નાવમાં બેઠેલા કોઈની પાસેથી આહાર વગેરે લેવો ઈત્યાદિનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ઓગણીસમો ઉદ્દેશ :

પ્રસ્તુત ઉદ્દેશની વ્યાખ્યામાં ચૂર્ણિકારે સ્વાધ્યાય અને અધ્યાપન સંબંધી નિયમો પર વિશેષ પ્રકાશ પાડ્યો છે. સ્વાધ્યાયનો કાલ અને અકાલ, સ્વાધ્યાયનો વિષય અને અવિષય, અસ્વાધ્યાયિકનો સ્વાધ્યાય કરવાથી લાગતા દોષો, અયોગ્ય વ્યક્તિને ભણાવવાથી થનારી હાનિ, બે સરખી વ્યક્તિઓમાંથી એકને ભણાવવાથી અને બીજાને નહિ ભણાવવાથી લાગતા દોષો અને તેનું પ્રાયશ્ચિત્ત, પાર્શ્વસ્થ વગેરે કુતીર્થિકોને ભણાવવાથી લાગતા દોષો, ગૃહસ્થ વગેરેને ભણાવવાથી લાગતા દોષો — આ બધી વાતોનો આચાર્યે વિસ્તારથી વિચાર કર્યો છે.

વીસમો ઉદ્દેશ :

આ અંતિમ ઉદ્દેશ છે. આની ચૂર્ણિમાં માસિકાદિ પરિહારસ્થાન તથા તેમના પ્રતિસેવન, આલોચન, પ્રાયશ્ચિત્ત વગેરેનું વિવેચન કરવામાં આવ્યું છે. સાથે જ ભિક્ષુ, માસ, સ્થાન, પ્રતિસેવના અને આલોચનાનું નિક્ષેપ-પદ્ધતિએ વ્યાખ્યાન કરવામાં આવ્યું છે.[૩] અંતે[૪] ચૂર્ણિકારે પરિચય રૂપે નિમ્ન ગાથાઓ આપી છે :

ति चउ पण अट्ठमवग्गे, ति पणग ति तिग अक्खरा व ते तेसिं ।
पढमततिएहि तिदुसरजुएहि णामं कयं जस्स ॥ २ ॥
गुरुदिण्णं च गणित्तं, महत्तरत्तं च तस्स तुट्ठेहिं ।
तेण कएसा चुण्णी, विसेसनामा निसीहस्स ॥ ३ ॥

---

૧. પૃ. ૧૯૯. ૨. પૃ. ૨૦૧. ૩. પૃ. ૨૭૧-૨૮૭.
૪. પૃ. ૪૧૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અ, ક, ચ, ટ, ત, પ, ય અને શ — આ વર્ગોના અક્ષરોનો પ્રથમ ગાથાના નિર્દેશાનુસાર સંયોગ કરવાથી 'જિણદાસ' શબ્દ બની જાય છે. બીજી ગાથામાં 'ગણિ' અને 'મહત્તર' શબ્દોનો નિર્દેશ છે. આ રીતે આ ત્રણે શબ્દોનો ક્રમશઃ સંયોગ કરવાથી 'જિણદાસગણિમહત્તર' શબ્દ બની જાય છે. પ્રસ્તુત ચૂર્ણિ જિનદાસગણિ મહત્તરની કૃતિ છે. પહેલાં કહેવામાં આવી ગયું તેમ આનું નામ નિશીથ-વિશેષચૂર્ણિ અથવા વિશેષ-નિશીથચૂર્ણિ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વાદશ પ્રકરણ

દશાશ્રુતસ્કંધચૂર્ણિ

આ ચૂર્ણિ[1] મુખ્યત્વે પ્રાકૃતમાં છે. ક્યાંક-ક્યાંક સંસ્કૃત શબ્દો અથવા વાક્યોનો પ્રયોગ પણ જોવા મળે છે. ચૂર્ણિનો આધાર મૂલ સૂત્ર તથા નિર્યુક્તિ છે. પ્રારંભમાં ચૂર્ણિકારે પરંપરાગત મંગલની ઉપયોગિતાનો વિચાર કર્યો છે. તદનન્તર પ્રથમ નિર્યુક્તિ-ગાથાનું વ્યાખ્યાન કર્યું છે :

वंदामि भद्दबाहुं, पाईणं चरमसयलसुअनाणिं ।
सुत्तस्स कारगमिसिं, दसासु कप्पे अ ववहारे ॥ १ ॥

भद्दबाहु नामेणं, पाईणो गोत्तेणं, चरिमो अपच्छिमो, सगलाइं चोद्दसपुव्वाइं । किं निमित्तं नमोक्कारो तस्स कज्जति ? उच्यते-जेण सुत्तस्स कारओ ण अत्थस्स, अत्थो तित्थगरातो पसूतो । जेण भण्णति-अत्थं भासति अरहा..... । ત્યાર પછી શ્રુતનું વર્ણન કરવામાં આવ્યું છે. તદનન્તર દશાશ્રુતસ્કન્ધનાં દસ અધ્યયનોના અધિકારો પર પ્રકાશ પાડતાં તેમનું ક્રમશઃ વ્યાખ્યાન કરવામાં આવ્યું છે. વ્યાખ્યાન-શૈલી સરળ છે. મૂલ સૂત્રપાઠ અને ચૂર્ણિસમ્મત પાઠમાં ક્યાંક-ક્યાંક થોડુંક અંતર દૃષ્ટિગોચર થાય છે. ઉદાહરણ રૂપે કેટલાક શબ્દો નીચે ઉદ્ધૃત કરવામાં આવે છે. આ શબ્દો આઠમા અધ્યયન કલ્પ અંતર્ગત છે :[2]

---

૧. આ ચૂર્ણિની હસ્તલિખિત પ્રત મુનિશ્રી પુણ્યવિજયજીની કૃપાથી પ્રાપ્ત થઈ આથી તેમનો અતિ આભારી છું. આનું આઠમું અધ્યયન કલ્પસૂત્ર નામથી અલગ પ્રકાશિત થયું છે જેમાં મૂલપાઠ, નિર્યુક્તિ, ચૂર્ણિ અને પૃથ્વીચન્દ્રાચાર્યવિરચિત ટિપ્પણક સમ્મિલિત છે : સંપાદક – મુનિ શ્રી પુણ્યવિજયજી, ગુજરાતી ભાષાંતર – પં. બેચરદાસ જીવરાજ દોશી, ચિત્રવિવરણ – સારાભાઈ મણિલાલ નવાબ, પ્રાપ્તિસ્થાન-સારાભાઈ મણિલાલ નવાબ, છીપા માવજીની પોળ, અમદાવાદ, સન્ ૧૯૫૨.

૨. મુનિશ્રી પુણ્યવિજયજી દ્વારા સ્વીકૃત પાઠના આધારે આ શબ્દોનો સંગ્રહ કરવામાં આવ્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂત્રાંક	સૂત્રપાઠ	ચૂર્ણિપાઠ
૩	पुव्वरत्तावरत्तकालसमयंसि	पुव्वरत्तावरत्तंसि
૧૪	मुइंग	मुरव
૬૧	पट्ठेहिं कुसलेहिं मेहावीहिं जिय	पट्ठेहिं णिउणेहिं जिय
૬૨	उण्होदएहि य	—
૧૦૭	पित्तिज्जे	पेत्तंज्जए
૧૨૨	अंतरावास	अंतरवास
૧૨૩	अंतगडे	—
૨૩૨	पज्जोसवियाणं	पज्जोसविए
૨૮૧	अणट्ठाबंधिस्स	अट्ठाबंधिस्स

આ જાતના પાઠભેદો ઉપરાંત સૂત્ર-વિપર્યાસ પણ જોવામાં આવે છે. ઉદાહરણ માટે આ જ અધ્યયનના સૂત્ર ૧૨૬થી ૧૨૭ ચૂર્ણિમાં વિપરીત રૂપે મળે છે. આ જ રીતે આચાર્ય પૃથ્વીચન્દ્રવિરચિત કલ્પ-ટિપ્પનકમાં પણ અનેક જગ્યાએ પાઠભેદ જોવામાં આવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રયોદશ પ્રકરણ

બૃહત્કલ્પચૂર્ણિ

આ ચૂર્ણિ[૧] મૂલ સૂત્ર તથા લઘુ ભાષ્ય પર છે. આની ભાષા સંસ્કૃતમિશ્રિત પ્રાકૃત છે. પ્રારંભમાં મંગલની ઉપયોગિતા પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. પ્રસ્તુત ચૂર્ણિનો પ્રારંભનો આ અંશ દશાશ્રુતસ્કન્ધચૂર્ણિના પ્રારંભના અંશ સાથે બહુ મળતો આવે છે. આ બંને અંશોને અહીં ઉદ્ધૃત કરવાથી તે સ્પષ્ટ થઈ જશે કે તેમાં કેટલું સામ્ય છે :

मंगलादीणि सत्थाणि मंगलमज्झाणि मंगलावसाणाणि । मंगलपरिग्गहिया य सिस्सा सुत्तत्थाणं अवग्गहेहापायधारणासमत्था भवंति । तानि चाऽऽदि-मध्याऽवसानमंगलात्मकानि सर्वाणि लोके विराजन्ति विस्तारं च गच्छन्ति । अनेन कारणेनादौ मंगलं मध्ये मंगलमवसाने मंगलमिती । आदि मंगलग्गहणेणं तस्स स सत्थस्स अविग्घेण लहुं पारं गच्छन्ति । मज्झमंगलगहणेणं तं सत्थं थिरपरिजियं भवइ । अवसाणमंगलग्गहणेणं तं सत्थं सिस्स-पसिस्सेसु अव्वोच्छित्तिकरं भवइ । तत्रादौ मंगलं पापप्रतिषेधकत्वादिदं सूत्रम्....

— બૃહત્કલ્પચૂર્ણિ, પૃ. ૧.

मंगलादीणि सत्थाणि मंगलमज्झाणि मंगलावसाणाणि मंगलपरिग्गहिता य सिस्सा अवग्गहेहापायधारणासमत्था अविग्घेण सत्थाणं पारगा भवंति । ताणि य सत्थाणि लोगे वियरंति वित्थारं च गच्छति । तत्थादिमंगलेण निव्विग्घेण सिस्सा सत्थस्स पारं गच्छन्ति । मज्झमंगलेण सत्थं थिरपरिचिअं भवइ । अवसाणमंगलेणं सत्थं सिस्स-पसिस्सेसु परिचयं गच्छति । तत्थादिमंगलं.....

— દશાશ્રુતસ્કન્ધચૂર્ણિ, પૃ. ૧

આ બંને પાઠોમાં બહુ સમાનતા છે. એવું પ્રતીત થાય છે કે દશાશ્રુતસ્કન્ધચૂર્ણિના પાઠના આધારે બૃહત્કલ્પચૂર્ણિનો પાઠ રચવામાં આવ્યો હશે. દશાશ્રુતસ્કન્ધચૂર્ણિનો ઉપર્યુક્ત પાઠ સંક્ષિપ્ત તથા સંકોચશીલ છે, જ્યારે બૃહત્કલ્પચૂર્ણિનો પાઠ વિશેષ સ્પષ્ટ તથા વિકસિત પ્રતીત થાય છે. ભાષાની દૃષ્ટિએ પણ દશાશ્રુતસ્કન્ધચૂર્ણિ બૃહત્કલ્પચૂર્ણિથી પ્રાચીન જણાય છે. જેટલો બૃહત્કલ્પચૂર્ણિ પર સંસ્કૃતનો પ્રભાવ છે તેટલો દશાશ્રુતસ્કન્ધચૂર્ણિ પર નથી. આ તથ્યો જોતાં એવું પ્રતીત થાય છે કે

---

૧. આ ચૂર્ણિની હસ્તલિખિત પ્રત માટે મુનિશ્રી પુણ્યવિજયજીનો કૃતજ્ઞ છું જેમણે પોતાની અંગત સંશોધિત પ્રત મને આપવાની કૃપા કરી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દશાશ્રુતસ્કન્ધચૂર્ણિ બૃહત્કલ્પચૂર્ણિની પહેલાં રચવામાં આવી છે અને સંભવતઃ બંને એક જ આચાર્યની કૃતિઓ છે.

પ્રસ્તુત ચૂર્ણિમાં પણ ભાષ્ય અનુસાર પીઠિકા તથા છ ઉદ્દેશો છે. પીઠિકાના પ્રારંભમાં જ્ઞાનનાં સ્વરૂપની ચર્ચા કરતાં ચૂર્ણિકારે તત્ત્વાર્થાધિગમનું એક સૂત્ર ઉદ્ધૃત કર્યું છે. અવધિજ્ઞાનના જઘન્ય અને ઉત્કૃષ્ટ વિષયની ચર્ચા કરતાં ચૂર્ણિકાર કહે છે :

જાવતિએ त्ति जहण्णेणं तिसमयाहारगसुहुमपणगजीवावगाहणामेत्ते उक्कोसेणं सव्वबहुअगणिजीवपरिच्छित्ते पासइ दव्वादि आदिग्गहणेणं वण्णादि तमिति खेत्तं ण पेच्छति यस्मादुक्तम् – "रूपिष्ववधेः" (तत्त्वार्थ० १-२८) तच्चारूपि खेत्तं अतो ण पेच्छति ।[1]

અભિધાન અર્થાત્ વચન અને અભિધેય અર્થાત્ વસ્તુ આ બંનેના પારસ્પરિક સંબંધની ચર્ચા કરતાં ચૂર્ણિકારે ભાષ્યાભિમત અથવા એમ કહો કે જૈનાભિમત ભેદાભેદભાવનું પ્રતિપાદન કર્યું છે. અભિધાન અને અભિધેયને કથંચિત ભિન્ન અને કથંચિત અભિન્ન બતાવતાં આચાર્યે 'વૃક્ષ' શબ્દના છ ભાષાઓમાં પર્યાય આપ્યા છે : सक्कयं जहा वृक्ष इत्यादि, पागतं जहा रुक्खो इत्यादि । देशाभिधानं च प्रतीत्य अनेकाभिधानं भवति जधा ओदणो मागधाणं कूरो लाडाणं चोरो दमिलाणं इडाकु अंधाणं ।[2] સંસ્કૃતમાં જેને વૃક્ષ કહે છે તેને જ પ્રાકૃતમાં રુક્ખ, મગધ દેશમાં ઓદણ, લાટમાં કૂર, દમિલ – તમિલનાડમાં ચોર અને અંધ – આન્ધ્રમાં ઈડાકુ કહેવામાં આવે છે.

કર્મ-બન્ધની ચર્ચા કરતાં એક જગ્યાએ ચૂર્ણિકારે વિશેષાવશ્યકભાષ્ય તથા કર્મપ્રકૃતિનો ઉલ્લેખ કર્યો છે : वित्थरेण जहा विसेसावस्सगभासे सामित्तं चेव सव्वपगडीणं को केवतियं बंधइ खवेइ वा, कत्तियं को उ त्ति जहा कम्मपगडीये ।[3] આ રીતે પ્રસ્તુત ચૂર્ણિમાં મહાકલ્પ અને ગોવિન્દ નિર્યુક્તિનો પણ ઉલ્લેખ છે : तत्थ नाणे महाकप्पसुयादीणं अट्ठाए । दंसणे गोविन्दनिज्जुत्तादीणं ।[4]

ચૂર્ણિના પ્રારંભની જેમ અંતમાં પણ ચૂર્ણિકારનાં નામનો કોઈ ઉલ્લેખ અથવા નિર્દેશ નથી. અંતમાં માત્ર એટલો જ ઉલ્લેખ છે : कल्पचूर्णि समाप्ता । ग्रन्थाग्रं ५३०० प्रत्यक्षरगणनयानिर्णीतम् ।[5] આવી સ્થિતિમાં કોઈ અન્ય નિશ્ચિત પ્રમાણના અભાવમાં ચૂર્ણિકારના નામનો અસંદિગ્ધ નિર્ણય કરવો અશક્ય જણાય છે.

---

૧. પૃ. ૧૭. ૨. પૃ. ૨૫. ૩. પૃ. ૩૭. ૪. પૃ. ૧૩૮૩.
૫. પૃ. ૧૬૨૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ટીકાઓ

પ્રથમ પ્રકરણ

ટીકાઓ અને ટીકાકાર

ટીકાઓથી અમારો અભિપ્રાય સંસ્કૃત ટીકાઓ છે. નિર્યુક્તિઓ, ભાષ્યો અને ચૂર્ણિઓની રચના પછી જૈન આચાર્યોએ સંસ્કૃતમાં પણ અનેક ટીકાઓ રચી. આ ટીકાઓને કારણે જૈન સાહિત્યનાં ક્ષેત્રમાં ઘણો વિસ્તાર થયો. પ્રત્યેક આગમ-ગ્રંથ પર ઓછામાં ઓછી એક ટીકા તો રચવામાં આવી જ. ટીકાકારોએ પ્રાચીન ભાષ્ય વગેરેના વિષયોનું વિસ્તૃત વિવેચન કર્યું તથા નવા-નવા હેતુઓ દ્વારા તેમને પુષ્ટ કર્યું. ટીકાકારોમાં હરિભદ્રસૂરિ, શીલાંકસૂરિ, વાદિવેતાલ શાંતિસૂરિ, અભયદેવસૂરિ, મલયગિરિ, મલધારી હેમચન્દ્ર વગેરે મુખ્ય છે. આ આચાર્યો સિવાય બીજા પણ અનેક ટીકાકારોનાં નામ મળે છે જેમાંથી કેટલાકની ટીકાઓ ઉપલબ્ધ છે અને કેટલાકની અનુપલબ્ધ. કેટલીક એવી ટીકાઓની પ્રતો અથવા ઉલ્લેખો પણ મળે છે જેમના લેખકોનાં નામ નથી મળતાં. જિનરત્નકોશ વગેરેમાં નિમ્નલિખિત એવા આચાર્યોનાં નામ ઉલ્લિખિત છે જેમણે આગમ-સાહિત્ય પર ટીકાઓ લખી છે :—

જિનભદ્રગણિ, હરિભદ્રસૂરિ, કોટ્યાચાર્ય, કોટ્યાર્ય (કોટ્ટાર્ય), જિનભટ, શીલાંકસૂરિ, ગંધહસ્તી, વાદિવેતાલ શાંતિસૂરિ, અભયદેવસૂરિ, દ્રોણસૂરિ, મલયગિરિ, મલધારી હેમચન્દ્ર, દેવેન્દ્રગણિ, નેમિચન્દ્રસૂરિ, શ્રીચન્દ્રસૂરિ, શ્રીતિલકસૂરિ, ક્ષેમકીર્તિ, ભુવનતુંગસૂરિ, ગુણરત્ન, વિજયવિમલ, વાનરર્ષિ, હીરવિજયસૂરિ, શાન્તિચન્દ્રગણિ, જિનહંસ, હર્ષકુલ, લક્ષ્મીકલ્લોલગણિ, દાનશેખરસૂરિ, વિનયહંસ, નમિસાધુ, જ્ઞાનસાગર, સોમસુન્દર, માણિક્યશેખર, શુભવર્ધનગણિ, ધીરસુન્દર, કુલપ્રભ, રાજવલ્લભ, હિતરુચિ, અજિતદેવસૂરિ, સાધુરંગ ઉપાધ્યાય, નગર્ષિગણિ, સુમતિકલ્લોલ, હર્ષનન્દન, મેઘરાજ વાચક, ભાવસાગર, પદ્મસુન્દરગણિ, કસ્તૂરચન્દ્ર, હર્ષવલ્લભ ઉપાધ્યાય, વિવેકહંસ ઉપાધ્યાય, જ્ઞાનવિમલસૂરિ, રામચન્દ્ર, રત્નપ્રભસૂરિ, સમરચન્દ્રસૂરિ, પદ્મસાગર, જીવવિજય, પુણ્યસાગર, વિનયરાજગણિ, વિજયસેનસૂરિ, હેમચન્દ્રગણિ, વિશાલસુન્દર, સૌભાગ્યસાગર, કીર્તિવલ્લભ, કમલસંયમ ઉપાધ્યાય, તપોરત્ન વાચક, ગુણશેખર, લક્ષ્મીવલ્લભ, ભાવવિજય, ધર્મમંદિર ઉપાધ્યાય, ઉદયસાગર, મુનિચન્દ્રસૂરિ, જ્ઞાનશીલગણિ, બ્રહ્મર્ષિ, અજિતચન્દ્રસૂરિ, રાજશીલ, ઉદયવિજય, સુમતિસૂરિ, સમયસુન્દર, શાન્તિદેવસૂરિ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સોમવિમલસૂરિ, ક્ષમારત્ન, જયદયાલ.

આ આચાર્યોમાં અનેક એવા છે જેમના વ્યક્તિત્વનો ઠીક-ઠીક નિશ્ચય નથી થઈ શક્યો. સંભવતઃ એક જ આચાર્યનાં એકથી વધારે નામ હોય અથવા એક જ નામના એકથી વધારે આચાર્ય હોય. આના માટે વિશેષ શોધખોળની આવશ્યકતા છે. ટીકાઓ માટે આચાર્યોએ વિભિન્ન નામોનો પ્રયોગ કર્યો છે. તે નામ છે : ટીકા, વૃત્તિ, વિવૃત્તિ, વિવરણ, વિવેચન, વ્યાખ્યા, વાર્તિક, દીપિકા, અવચૂરિ, અવચૂર્ણિ, પંજિકા, ટિપ્પન, ટિપ્પનક, પર્યાય, સ્તબક, પીઠિકા, અક્ષરાર્થ વગેરે.

ઉપર્યુક્ત આચાર્યોમાંથી જેમના વિષયમાં થોડી ઘણી પ્રામાણિક સામગ્રી ઉપલબ્ધ છે તેમનો વિશેષ પરિચય આપીને તેમની રચનાઓ પર થોડો પ્રકાશ પાડવામાં આવશે. આ રચનાઓમાં પ્રકાશિત ટીકાઓની જ મુખ્યતા હશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વિતીય પ્રકરણ

જિનભદ્રકૃત વિશેષાવશ્યકભાષ્ય-સ્વોપજ્ઞવૃત્તિ

વિશેષાવશ્યકભાષ્યકાર આચાર્ય જિનભદ્ર દ્વારા શરૂ કરવામાં આવેલી પ્રાચીનતમ પ્રસ્તુત ટીકા[1] કોટ્યાર્ય વાદિગણિએ પૂર્ણ કરી છે. આચાર્ય જિનભદ્રે પોતાના પ્રિયતમ પ્રાકૃત ગ્રન્થ વિશેષાવશ્યકભાષ્યનું સ્વકૃત સંસ્કૃતરૂપ જીવિત રાખવા તથા તેને પાઠકો સમક્ષ ગદ્યમાં પ્રસ્તુત કરવાની પવિત્ર ભાવનાથી જ પ્રસ્તુત પ્રયાસ શરૂ કર્યો હતો. દુર્ભાગ્યે તેઓ પોતાની આ ઈચ્છા પોતાના જીવનકાળમાં પૂર્ણ ન કરી શક્યા. પરિણામે તેઓ ષષ્ઠ ગણધરવક્તવ્ય સુધીની ટીકા રચીને જ દિવંગત થઈ ગયા. ટીકાનો અવશિષ્ટ ભાગ કોટ્યાર્યે પૂર્ણ કર્યો.

જિનભદ્રે પ્રસ્તુત ટીકા માટે અલગ મંગલ-ગાથા વગેરે ન લખતાં સીધું ભાષ્યગાથાનું વ્યાખ્યાન શરૂ કર્યું છે. વ્યાખ્યાની શૈલી બહુ જ સરળ, સ્પષ્ટ તથા પ્રસાદગુણસંપન્ન છે. વિષયનો વિશેષ વિસ્તાર ન કરતાં સંક્ષેપમાં જ વિષયપ્રતિપાદનનો સફળ પ્રયાસ કર્યો છે.

વ્યાખ્યાનશૈલીના કેટલાક નમૂના નીચે આપવામાં આવે છે જેનાથી ઉપર્યુક્ત કથનની યથાર્થતાની પુષ્ટિ થઈ શકશે. ભાષ્યની પ્રથમ ગાથા છે :

कयपवयणप्पणामो, वुच्छं चरणगुणसंगहं सयलं ।
आवस्सयाणुओगं, गुरूवएसाणुसारेण ॥

આની વ્યાખ્યા કરતાં આચાર્ય લખે છે : 'प्रोच्यन्ते ह्यनेन जीवादयोऽस्मिन्निति वा प्रवचनम्, अथवा प्रगतं प्रधानं (प्र) शस्तमादौ वा वचनं द्वादशाङ्गम्, अथवा प्रवक्तीति प्रवचनम्, तदुपयोगानन्यत्वाद्वा सङ्घः प्रवचनम् । प्रणमनं प्रणामः, पूजेत्यर्थः । कृतः प्रवचनप्रणामोऽनेन कृतप्रवचनप्रणामः । 'वुच्छं' वक्ष्ये । चर्यते तदिति चरणं—चारित्रं, गुणाः—मूलोत्तरगुणाः चरणगुणाः, अथवा चरणं—चारित्रं गुणग्रहणात् सम्यग्दर्शनज्ञाने, तेषां

---

१. આની હસ્તલિખિત પ્રત મુનિશ્રી પુણ્યવિજયજીના પ્રસાદથી પ્રાપ્ત થઈ છે. આનો પ્રથમ ભાગ પં. દલસુખ માલવણિયા દ્વારા સંપાદિત થઈ લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદથી સન્ ૧૯૬૬માં પ્રકાશિત થયો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

संग्रहणं संग्रहः । सह कलाभिः सकलः, सम्पूर्ण इत्यर्थः । अस्ति ह्येतद्देशसंगृहीतत्वाद् विकलोऽपि संग्रहः, अयं तु समस्तग्राहित्वात् सकलः । कथम् ? सामायिके एव द्वादशाङ्गार्थपरिसमाप्तेः । वक्ष्यते च — "सामाइयं तु तिविहं....." कश्चासौ ? आवश्यकानुयोगः । अवश्यक्रियानुष्ठानादौ आवश्यकमनुयोजनमनुयोगोऽर्थव्याख्यानमित्यर्थः, आवश्यकस्यानुयोग आवश्यकानुयोगः तमावश्यकानुयोगम् । गृणन्ति शास्त्रार्थमिति गुरवो ब्रुवन्तीत्यर्थः, ते पुनराचार्या अर्हदादयो वा, तदुपदेशः—तदाज्ञा, गुरूपदेशानुसारो गुरूपदेशानुवृत्तिरित्यर्थः, तया गुरूपदेशानुवृत्त्या-गुरूपदेशानुसारेणेति ।'

મંગલવિષયક 'बहुविग्घाइं—', 'तं मंगलमादी—' અને 'तस्सेव—' આ ત્રણ ગાથાઓ (ગા૦ ૧૨-૧૪)નું વ્યાખ્યાન કરતાં આચાર્યે કેટલા સંક્ષેપમાં મંગલનું પ્રયોજન બતાવ્યું છે, જુઓ :

'बहुविघ्नानि श्रेयांसीत्यतः कृतमङ्गलोपचारैरसौ ग्राह्योऽनुयोगो महानिधानवद् महाविद्यावद् वा । तदेतद् मंगलमादौ मध्ये पर्यन्ते च शास्त्रस्येष्यते । तत्र प्रथमं शास्त्रपारगमनाय । तस्यैव शास्त्रस्य स्थैर्यहेतोर्मध्यमम् । अव्यवच्छित्त्यर्थमन्त्यमिति ।

આભિનિબોધિક જ્ઞાનનું સ્વરૂપ બતાવતી ભાષ્યગાથા 'अत्थाभिमुहो—' (ગા૦ ૮૦)ની વ્યાખ્યામાં આચાર્યે આ જ્ઞાનનું લક્ષણ આ પ્રમાણે બતાવ્યું છે :

'अर्थाभिमुखो नियतो बोधोऽभिनिबोधः । स एव स्वार्थिकप्रत्ययोपादानादाभिनिबोधिक : । अथवा यथायोगमायोजनीयम्, तद्यथा—अभिनिबोधे भवं तेन निर्वृत्तं तन्मयं तत्प्रयोजनं वेत्याभिनिबोधिकम् ।'

આચાર્ય હરિભદ્રે પોતાની આવશ્યકવૃત્તિમાં આભિનિબોધિક જ્ઞાનની આ વ્યાખ્યાને વધારે સ્પષ્ટ કરી છે.[1]

આચાર્ય જિનભદ્રના દેહાવસાનનો નિર્દેશ કરતાં ષષ્ઠ ગણધરવક્તવ્યતાના અંતમાં કહેવામાં આવ્યું છે : निर्माप्य षष्ठगणधरवक्तव्यं किल दिवंगताः पूज्याः अनुयोगमार्गदेशिकजिनभद्रगणिक्षमाश्रमणाः । અર્થાત્ છઠ્ઠા ગણધરવાદની વ્યાખ્યા કર્યા પછી અનુયોગમાર્ગનું દિગ્દર્શન કરાવનાર પૂજ્ય જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ આ લોકથી ચાલી ગયા. આ વાક્ય આચાર્ય કોટ્યાર્યે જિનભદ્રના મૃત્યુ પછી લખ્યું છે, એવું પ્રતીત થાય છે. તે પછી કોટ્યાર્ય તે જ દિવંગત આચાર્ય જિનભદ્રને નમસ્કાર કરીને નિમ્ન શબ્દો સાથે આગળની વૃત્તિ શરૂ કરે છે :

---

૧. જુઓ — હારિભદ્રીય આવશ્યકવૃત્તિ : પૂર્વાર્દ્ધ, પૃ. ૭ (૧).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तानेव प्रणिपत्यातः परमविशिष्टविवरणं क्रियते ।
कोट्यार्यवादिगणिना मन्दधिया शक्तिमनपेक्ष्य ॥ १ ॥
संघटनमात्रमेतत् स्थूलकमतिसूक्ष्मविवरणपटस्य ।
शिवभक्त्युपहृतलुब्धकनेत्रवदिदमननुरूपमपि ॥ २ ॥
सुमतिस्वमतिस्मरणादर्शपरानुवचनोपयोगवेलायाम् ।
मद्वदुपयुज्यते चेत् गृह्णन्त्वलसास्ततोऽन्येऽपि ॥ ३ ॥

ભગવાન મહાવીરના સાતમા ગણધરની વક્તવ્યતાનાં નિરૂપણનું ઉદ્‌ઘાટન કરતાં ટીકાકાર કોટ્યાર્યવાદિગણિ કહે છે :

अथ सप्तमस्य भगवतो गणधरस्य वक्तव्यतानिरूपणसम्बन्धनाय गाथाप्रपञ्चः ।[1]

આચાર્ય કોટ્યાર્યવાદિગણિની નિરૂપણશૈલી પણ આચાર્ય જિનભદ્રની શૈલીની જેવી જ પ્રસન્ન તથા સુબોધ છે. વિષય-વિસ્તાર થોડો વધારે છે પણ ક્યાંક-ક્યાંક. કોટ્યાર્યકૃત વિવરણના કેટલાક નમૂના નીચે ઉદ્ધૃત કરવામાં આવે છે.

'ते पव्वइए सोउं.....' વગેરે સપ્તમ ગણધરવાદસંબંધી ગાથાઓનું વ્યાખ્યાન કરતાં આચાર્ય લખે છે :

'हे मौर्यपुत्र ! आयुष्मन् ! काश्यप ! त्वं मन्यसे नारकाः संक्लिष्टाः..... कर्मवशतया परतन्त्रत्वात् स्वयं च दुःखसंतप्तत्वात्, इहागन्तुमशक्ता अस्माकमप्यनेन शरीरेण तत्र गन्तुं कर्मवशतयैवाशक्तत्वात् प्रत्यक्षीकरणोपायासम्भवाद् आगमगम्या एव श्रुतिस्मृतिग्रन्थेषु श्रूयमाणा श्रद्धेयाः भवन्तु । ये पुनरमी देवास्ते स्वच्छन्दचारिणः कामरूपाः दिव्यप्रभावाश्च किमिति दर्शनविषयं नोपयान्ति किमिह नागच्छन्तीत्यभिप्रायः अवश्यं न सन्ति येनास्मादृशानां प्रत्यक्षा न भवन्ति अतो न सन्ति देवाः,.....'[2]

'तम्हा जं मुत्तसुहं....'ની વ્યાખ્યામાં આચાર્ય મોક્ષના સ્વરૂપ પર પ્રકાશ પાડતાં કહે છે :

'मुक्तसुखं तत्त्वं परमार्थः, निष्प्रतीकारप्रसूतित्वात्, परित्यक्यसर्वलोकयात्रावृत्तान्त-निःसङ्गयतिसुखवत्, उक्तं च —

निर्जितमदमदनानां वाक्कायमनोविकाररहितानाम् ।
विनिवृत्तपराशानामिहैव मोक्षः सुविहितानाम् ॥

अथवान्यथा परमार्थसुखस्वरूपमात्मन आख्यायते ।[3]

ગુરુને સુખરૂપ માનતાં આચાર્ય 'सुयसंस्सत्थो.....'નું વ્યાખ્યાન આ પ્રમાણે કરે છે :

---

૧. પૃ. ૪૧૩. ૨. પૃ. ૪૧૪. ૩. પૃ. ૪૫૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'सु प्रशंसायां निपातः, खानीन्द्रियाणि, शोभनानि खानि यस्य स सुखः शुद्धेन्द्रिय इत्यर्थः । शुद्धानि प्रशस्तानि वश्यानीन्द्रियाणि यस्य एतद्विपरीतः असुखः अजितेन्द्रिय इत्यर्थः'[1]

પ્રસ્તુત વિવરણની સમાપ્તિ કરતાં વૃત્તિકાર કહે છે :

'.... चेति परमपूज्यजिनभद्रगणिक्षमाश्रमणकृतविशेषावश्यकप्रथमाध्ययनसामायिक-भाष्यस्य विवरणमिदं समाप्तम् ।'[2]

તે પછી પ્રસ્તુત પ્રતના લેખકે પોતાની તરફથી નીચેનું વાક્ય ઉમેર્યું છે :

'सूत्रकारपरमपूज्यश्रीजिनभद्रगणिक्षमाश्रमणप्रारब्धा समर्थिता श्रीकोट्याचार्यवादिगणि-महत्तरेण श्रीविशेषावश्यकलघुवृत्तिः ।'

ત્યાર પછી સમય તથા સ્થાનનો ઉલ્લેખ કર્યો છે :

'संवत् १४९१ वर्षे द्वितीयज्येष्ठवदि ४ भूमे श्रीस्तम्भतीर्थे लिखितमस्ति ।'

ઉપર્યુક્ત પ્રથમ વાક્યથી સ્પષ્ટ છે કે પ્રત-લેખકે વૃત્તિકાર જિનભદ્રનું નામ તો જેમનું તેમ રાખ્યું પરંતુ કોટ્યાર્યનું નામ બદલીને કોટ્યાચાર્ય કરી નાખ્યું. એટલું જ નહિ, તેમના નામની સાથે મહત્તરની પદવી પણ જોડી દીધી. પરિણામે કોટ્યાર્યવાદિગણિ કોટ્યાચાર્યવાદિગણિમહત્તર થઈ ગયા. આની જ સાથે લેખકે વિશેષાવશ્યકભાષ્યવિવરણનું નામ પણ પોતાની તરફથી વિશેષાવશ્યકલઘુવૃત્તિ રાખી દીધું છે.

●

---

૧. પૃ. ૯૪૨ (હસ્તલિખિત). ૨. પૃ. ૯૮૭ (હસ્તલિખિત).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તૃતીય પ્રકરણ

હરિભદ્રકૃત વૃત્તિઓ

હરિભદ્રસૂરિ જૈન આગમોના પ્રાચીન ટીકાકાર છે. તેમણે આવશ્યક, દશવૈકાલિક, જીવાભિગમ, પ્રજ્ઞાપના, નન્દી, અનુયોગદ્વાર અને પિંડનિર્યુક્તિ પર ટીકાઓ રચી છે. પિંડનિર્યુક્તિની અપૂર્ણ ટીકા વીરાચાર્યે પૂરી કરી છે.

જૈન પરંપરા અનુસાર વિક્રમ સંવત્ ૫૮૬ અથવા વીર સંવત્ ૧૦૫૫ અથવા ઈ.સ.૫૨૯માં હરિભદ્રસૂરિનુ દેહાવસાન થયું હતું. આ માન્યતાને મિથ્યા સિદ્ધ કરતાં હર્મન જેકોબી લખે છે કે ઈ.સ.૬૫૦માં થનાર ધર્મકીર્તિના તાત્ત્વિક વિચારોથી હરિભદ્ર પરિચિત હતા આથી એ સંભવ નથી કે હરિભદ્ર ઈ.સ.૫૨૯ પછી ન રહ્યા હોય. હરિભદ્રના સમય-નિર્ણયનું એક પ્રબળ પ્રમાણ ઉદ્યોતનસૂરિનો કુવલયમાલા નામનો પ્રાકૃત ગ્રન્થ છે. આ ગ્રંથ શક સંવત્ ૭૦૦ની અંતિમ તિથિ અર્થાત્ ઈ.સ.૭૭૯ના માર્ચની ૨૧મી તારીખે પૂર્ણ થયો હતો. આ ગ્રન્થની પ્રશસ્તિમાં ઉદ્યોતને હરિભદ્રનો પોતાના દર્શનશાસ્ત્રના ગુરુ રૂપે ઉલ્લેખ કર્યો છે તથા તેમનું અનેક ગ્રન્થોના રચયિતા રૂપે વર્ણન કર્યું છે.[૧] આ પ્રમાણના આધારે મુનિ શ્રી જિનવિજયજી એવા નિષ્કર્ષ પર પહોંચે છે કે મહાન તત્ત્વજ્ઞ આચાર્ય હરિભદ્ર અને 'કુવલયમાલા' કથાના કર્તા ઉદ્યોતનસૂરિ અપરનામ દાક્ષિણ્યચિહ્ન બંને (કેટલાક સમય સુધી તો ચોક્કસ જ) સમકાલીન હતા. આટલો વિશાળ ગ્રંથરાશિ લખનાર મહાપુરુષનું આયુષ્ય ઓછામાં ઓછું ૬૦-૭૦ વર્ષનું તો અવશ્ય હશે. આથી લગભગ ઈસુની આઠમી શતાબ્દીના પ્રથમ દશકમાં હરિભદ્રનો જન્મ અને આઠમા દશકમાં મૃત્યુ માની લેવામાં આવે તો કોઈ અસંગતિ જણાતી નથી. આથી અમે ઈ.સ.૭૦૦થી ૭૭૦ અર્થાત્ વિ.સં.૭૫૭થી ૮૨૭ સુધી હરિભદ્રસૂરિનો સત્તા-સમય નિશ્ચિત કરીએ છીએ.[૨]

હરિભદ્રનો જન્મ વીરભૂમિ મેવાડના ચિત્રકૂટ (ચિત્તોડ) નગરમાં થયો હતો. આજથી લગભગ સાડા બારસો વર્ષ પૂર્વે આ નગરમાં જિતારિ નામનો રાજા રાજ્ય કરતો હતો. હરિભદ્ર આ જ રાજાના રાજ-પુરોહિત હતા. પુરોહિત પદ પર

---

૧. જૈન સાહિત્ય સંશોધક, ખં. ૩, અં. ૩, પૃ. ૨૮૩.

૨. એજન, ખં. ૧, પૃ. ૫૮ અને આગળ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રતિષ્ઠિત હોવાથી તથા અનેક વિદ્યાઓમાં પારંગત હોવાના કારણે તેમનો સર્વત્ર સમાદર થતો હતો. આ સમાદર તથા પ્રતિષ્ઠાને કારણે હરિભદ્રને કંઈક અભિમાન થઈ ગયું હતું. તેઓ સમજવા લાગ્યા હતા કે આ સમસ્ત ભૂખંડ પર કોઈ એવો પંડિત નથી જે મારી – અરે મારી શું, મારા શિષ્યની પણ બરાબરી કરી શકે. હરિભદ્ર પોતાના હાથમાં જંબૂ વૃક્ષની એક ડાળી રાખતા હતા તેનાથી એમ સૂચિત થઈ શકે કે સમસ્ત જંબૂદ્વીપમાં તેમના જેવો કોઈ નથી. એટલું જ નહિ, તેઓ પોતાના પેટ પર એક સ્વર્ણપટ્ટ પણ બાંધી રાખતા હતા જેનાથી લોકોને એમ ખબર પડે કે તેમનામાં પેટ ફાટી જાય એટલું જ્ઞાન ભરેલું છે. હરિભદ્રે એક પ્રતિજ્ઞા પણ કરી રાખી હતી કે "જેનાં કથનનો અર્થ હું ન સમજી શકું તેનો શિષ્ય બની જઈશ."

એક દિવસ પુરોહિતપ્રવર હરિભદ્ર ભટ્ટ પાલખી પર બેસીને બજારમાં ઘૂમતા હતા. પાલખીની આગળ-પાછળ 'સરસ્વતીકંઠાભરણ', 'વૈયાકરણપ્રવણ', 'ન્યાયવિદ્યાવિચક્ષણ', 'વાદિમતંગજકેસરી', 'વિપ્રજનનરકેસરી' વગેરે બિરુદાવલી ગૂંજી રહી હતી. માર્ગમાં સર્વત્ર શાંતિ હતી. અચાનક લોકોમાં નાસભાગ ચાલુ થઈ ગઈ. ચારે તરફથી 'ભાગો, દોડો, પકડો'નો અવાજ આવવા લાગ્યો. હરિભદ્રે પાલખીમાંથી મોઢું બહાર કાઢીને જોયું તો ખબર પડી કે એક પ્રચંડ કૃષ્ણકાય હાથી ગાંડો થઈ ગયો છે અને લોકોને કચડતો આગળ વધતો જઈ રહ્યો છે. આ જોઈને પાલખી ઉપાડનાર લોકો પણ ભાગી ગયા. હરિભદ્ર બીજો કોઈ ઉપાય ન જોતાં પાલખીમાંથી નીકળીને પાસેના એક જિનમંદિરમાં ઘૂસી ગયા. અ જ વખતે તેમને 'हस्तिना ताड्यमानोऽपि न गच्छेद् जैनमन्दिरम्'ની નિરર્થકતાનો અનુભવ થયો. મંદિરમાં સ્થિત જિનપ્રતિમાને જોઈને તેનો ઉપહાસ કરતાં તે કહેવા લાગ્યા – "**वपुरेव तवाऽऽचष्टे स्पष्टं मिष्टान्नभोजनम्** ।"

એક દિવસ ભટ્ટ હરિભદ્ર રાજમહેલમાંથી પોતાના ઘર તરફ પાછા ફરી રહ્યા હતા. માર્ગમાં એક જૈન ઉપાશ્રય હતો. ઉપાશ્રયમાં બેસીને સાધ્વીઓ સ્વાધ્યાય કરી રહી હતી. સંયોગવશ આજ ભટ્ટજીના કાનમાં એક ગાથા – આર્યાનો અવાજ ગયો.[૧] તેમણે તેનો અર્થ સમજવાનો ખૂબ પ્રયત્ન કર્યો પરંતુ સફળતા ન મળી. ભટ્ટજી બોલ્યા – "માતાજી ! આપે તો આ ગાથામાં ખૂબ ચકચકાટ કર્યો." સાધ્વીએ ખૂબ નમ્રતા તથા કુશળતા સાથે ઉત્તર આપ્યો : 'શ્રીમાન્ ! નવું નવું તો એવું જ લાગે'. આ સાંભળીને ભટ્ટજીનું મિથ્યા અભિમાન ઓગળી ગયું. તેમને પોતાની

---

૧. चक्कीदुगं हरिपणगं पणगं चक्कीण केसवो चक्की ।
केसव चक्की केसव दु चक्की केसव चक्की य ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રતિજ્ઞાનું સ્મરણ થઈ આવ્યું. તેઓ કહેવા લાગ્યા – "માતાજી ! તમે મને પોતાનો શિષ્ય બનાવો અને આ ગાથાનો અર્થ સમજાવવાની કૃપા કરો." આ સાંભળીને જૈન આર્યા મહત્તરાએ નમ્રતાપૂર્વક કહ્યું કે પુરુષોને શિષ્ય બનાવવા તથા અર્થ સમજાવવો અમારું કાર્ય નથી. જો તમારી શિષ્ય બનવાની તથા ગાથાનો અર્થ સમજવાની ઈચ્છા હોય તો સાંભળો. આ જ નગરમાં અમારા ધર્માચાર્ય જિનભટ છે. તેઓ તમારી ઈચ્છા પૂરી કરશે. હરિભદ્ર તો પોતાની પ્રતિજ્ઞા અનુસાર આ જ આર્યાના શિષ્ય બનવા માગતા હતા પરંતુ મહત્તરાના અત્યંત આગ્રહને કારણે તેઓ આ આજ્ઞાને ગુરુની આજ્ઞા સમાન જ સમજીને તે જ સમયે આચાર્ય જિનભટ પાસે પહોંચ્યા. સાથે આર્યા મહત્તરા પણ હતી. માર્ગમાં તે જ જિનમંદિર આવ્યું જેણે હરિભદ્રને મૃત્યુના મુખમાંથી બચાવ્યા હતા. આ સમયે હરિભદ્રની મનઃસ્થિતિ બદલાઈ ચૂકી હતી. જિનપ્રતિમા જોઈને તેઓ કહેવા લાગ્યા – "वपुरेव तवाऽऽचष्टे भगवन् ! वीतरागताम् ।" પહેલાં જ્યાં 'स्पष्टं मिष्टान्नभोजनम्' યાદ આવ્યું હતુ ત્યાં હવે 'भगवन् ! वीरागताम्' યાદ આવી રહ્યું હતું. આર્યા મહત્તરા અને હરિભદ્ર આચાર્ય જિનભટ પાસે પહોંચ્યાં. આચાર્યે હરિભદ્રને દીક્ષિત કરીને પોતાનો શિષ્ય બનાવી દીધો. હવે તેઓ ધર્મપુરોહિત બનીને સ્થાને-સ્થાને ભ્રમણ કરતાં જૈનધર્મનો પ્રચાર કરવા લાગ્યા.

પ્રભાવકચરિતમાં વર્ણિત ઉપર્યુક્ત ઉલ્લેખ અનુસાર હરિભદ્રના દીક્ષાગુરુ આચાર્ય જિનભટ જણાય છે પરંતુ હરિભદ્રના પોતાના ઉલ્લેખોથી એવું ફલિત થાય છે કે જિનભટ તેમના ગચ્છપતિ ગુરુ હતા; જિનદત્ત દીક્ષાકારી ગુરુ હતા; યાકિની મહત્તરા ધર્મજનની અર્થાત્ ધર્મમાતા હતી; તેમનું કુળ વિદ્યાધર તથા સંપ્રદાય સિતાંબર-શ્વેતાંબર હતો.[૧]

આચાર્ય હરિભદ્રકૃત ગ્રંથ-સૂચીમાં નિમ્ન ગ્રંથો સમાવિષ્ટ છે :–

૧. અનુયોગદ્વારસૂત્રવૃત્તિ, ૨. અનેકાન્તજયપતાકા (સ્વોપજ્ઞ ટીકા સહિત), ૩. અનેકાન્તપ્રઘટ્ટ, ૪. અનેકાન્તવાદપ્રવેશ, ૫. અષ્ટક, ૬. આવશ્યકનિર્યુક્તિ લઘુટીકા, ૭. આવશ્યકનિર્યુક્તિબૃહટ્ટીકા, ૮. ઉપદેશપદ, ૯. કથાકોષ, ૧૦. કર્મસ્તવવૃત્તિ, ૧૧. કુલક, ૧૨. ક્ષેત્રસમાસવૃત્તિ, ૧૩. ચતુર્વિંશતિસ્તુતિસટીક, ૧૪. ચૈત્યવંદનભાષ્ય, ૧૫. ચૈત્યવંદનવૃત્તિ-લલિતવિસ્તરા, ૧૬. જીવાભિગમ-

---

૧. આવશ્યક-નિર્યુક્તિ-ટીકાના અંતે જુઓ :
'समाप्ता चेयं शिष्यहिता नाम आवश्यकटीका । कृतिः सिताम्बराचार्यजिनभटनिगदानुसारिणो विद्याधरकुलतिलकाचार्यजिनदत्तशिष्यस्य धर्मतो याकिनीमहत्तरासूनोः अल्पमतेः आचार्यहरिभद्रस्य ।'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લઘુવૃત્તિ, ૧૭. જ્ઞાનપંચકવિવરણ, ૧૮. જ્ઞાનાદિત્યપ્રકરણ, ૧૯. દશવૈકાલિક-અવચૂરિ, ૨૦. દશવૈકાલિકબૃહદ્ટીકા, ૨૧. દેવેન્દ્રનરકેન્દ્રપ્રકરણ, ૨૨. દ્વિજવદન-ચપેટા (વેદાંકુશ), ૨૩. ધર્મબિંદુ, ૨૪. ધર્મલાભસિદ્ધિ, ૨૫. ધર્મસંગ્રહણી, ૨૬. ધર્મસારમૂલટીકા, ૨૭. ધૂર્તાખ્યાન, ૨૮. નંદીવૃત્તિ, ૨૯. ન્યાયપ્રવેશસૂત્રવૃત્તિ, ૩૦. ન્યાયવિનિશ્ચય, ૩૧. ન્યાયામૃતતરંગિણી, ૩૨. ન્યાયાવતારવૃત્તિ, ૩૩. પંચનિર્ગ્રન્થિ, ૩૪. પંચલિંગી, ૩૫. પંચવસ્તુ સટીક, ૩૬. પંચસંગ્રહ, ૩૭. પંચસૂત્રવૃત્તિ, ૩૮. પંચસ્થાનક, ૩૯. પંચાશક, ૪૦. પરલોકસિદ્ધિ, ૪૧. પિંડનિર્યુક્તિવૃત્તિ (અપૂર્ણ), ૪૨. પ્રજ્ઞાપનાપ્રદેશવ્યાખ્યા, ૪૩. પ્રતિષ્ઠાકલ્પ, ૪૪. બૃહન્મિથ્યાત્વમંથન, ૪૫. મુનિપતિચરિત્ર, ૪૬. યતિદિનકૃત્ય, ૪૭. યશોધરચરિત્ર, ૪૮. યોગદૃષ્ટિસમુચ્ચય, ૪૯. યોગબિંદુ, ૫૦. યોગશતક, ૫૧. લગ્નશુદ્ધિ (લગ્નકુંડલિ), ૫૨. લોકતત્ત્વનિર્ણય, ૫૩. લોકબિંદુ, ૫૪. વિંશતિ (વિંશતિવિંશિકા), ૫૫. વીરસ્તવ, ૫૬. વીરાંગદકથા, ૫૭. વેદબાહ્યતાનિરાકરણ, ૫૮. વ્યવહારકલ્પ, ૫૯. શાસ્ત્રવાર્તાસમુચ્ચય સટીક, ૬૦. શ્રાવકપ્રજ્ઞપ્તિવૃત્તિ, ૬૧. શ્રાવકધર્મતન્ત્ર, ૬૨. ષડ્દર્શનસમુચ્ચય, ૬૩. ષોડશક, ૬૪. સંસારદાવાસ્તુતિ પચાસી, ૬૫. સંગ્રહણીવૃત્તિ, ૬૬. સંપંચાસિત્તરી, ૬૭. સંબોધસિત્તરી, ૬૮. સંબોધપ્રકરણ, ૬૯. સંસારદાવાસ્તુતિ, ૭૦. આત્માનુશાસન, ૭૧. સમરાઈચ્ચકહા, ૭૨. સર્વજ્ઞસિદ્ધિપ્રકરણ સટીક, ૭૩. સ્યાદ્વાદકુચોદ્યપરિહાર.[૧]

કહેવામાં આવે છે કે આચાર્ય હરિભદ્રે ૧૪૪૪ ગ્રંથોની રચના કરી હતી. આનું કારણ બતાવતાં કહેવામાં આવ્યું છે કે ૧૪૪૪ બૌદ્ધોનો સંહાર કરવાના સંકલ્પનાં પ્રાયશ્ચિત્તરૂપે તેમના ગુરુએ તેમને ૧૪૪૪ ગ્રંથ લખવાની આજ્ઞા કરી હતી.

સમરાઈચ્ચકહાના અંતમાં કહેવામાં આવ્યું છે :

एयं जिणदत्तायरियस्स उ अवयवभूएण चरियमिणं ।
जं विरइऊण पुन्नं महाणुभावचरियं मए पत्तं ।
तेणं गुणाणुराओ होइ इहं सव्वलोयस्स ॥

આ ઘટનાનો ઉલ્લેખ રાજશેખરસૂરિએ પોતાના ચતુર્વિંશતિપ્રબન્ધ અને મુનિ ક્ષમાકલ્યાણે પોતાની ખરતરગચ્છપટ્ટાવલીમાં પણ કર્યો છે. આ ગ્રંથોમાંથી કેટલાક ગ્રંથ પચાસ શ્લોકપ્રમાણ પણ છે. આ પ્રકારના 'પંચાશક' નામના ૧૯ ગ્રંથ આચાર્ય હરિભદ્રે લખ્યા છે જે આજે પંચાશક નામના એક જ ગ્રંથમં સમાવિષ્ટ છે. આ જ રીતે સોળ શ્લોકોના ષોડશક, વીસ શ્લોકોની વિંશિકાઓ પણ છે. તેમની એક સ્તુતિ 'સંસારદાવા' તો માત્ર ચાર શ્લોકપ્રમાણ જ છે. આ રીતે આચાર્ય હરિભદ્રની ગ્રંથ-સંખ્યામાં વધારે વૃદ્ધિ કરી શકાય.

૧. જૈનદર્શન (અનુવાદ-પં. બેચરદાસ) : પ્રસ્તાવના, પૃ. ૪૫-૫૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્ય હરિભદ્રે પોતાના પ્રત્યેક ગ્રંથના અંતે પ્રાયઃ 'વિરહ' શબ્દનો પ્રયોગ કર્યો છે. પ્રભાવકચરિતમાં આ તથ્ય પર પ્રકાશ પાડતાં કહેવામાં આવ્યું છે :

अतिशयहृदयाभिरामशिष्यद्वयविरहोर्मिभरेण तप्तदेहः ।
निजकृतिमिह संव्यधात् समस्तां विरहपदेन युतां सतां स मुख्यः ॥

શ્રીહરિભદ્રપ્રબન્ધ, કા૦ ૨૦૬

પોતાના અતિ પ્રિય બે શિષ્યોના વિરહથી દુઃખિત હૃદય થઈને આચાર્યે પોતાના પ્રત્યેક ગ્રંથને 'વિરહ' શબ્દથી અંકિત કર્યો છે.

આચાર્ય હરિભદ્રકૃત પ્રકાશિત ટીકાઓનો પરિચય આગળ આપવામાં આવે છે.

નન્દીવૃત્તિ :

આ વૃત્તિ[1] નન્દીચૂર્ણિનું જ રૂપાંતર છે. આમાં ઘણું કરી તે જ વિષયોનું વ્યાખ્યાન કરવામાં આવ્યું છે જે નન્દીચૂર્ણિમાં છે. વ્યાખ્યાન-શૈલી પણ તે જ છે જે ચૂર્ણિકારની છે.[2] પ્રારંભમાં મંગલાચરણ કર્યા પછી નન્દીના શબ્દાર્થ, નિક્ષેપ વગેરેનો વિચાર કરવામાં આવ્યો છે. તદનન્તર જિન, વીર અને સંઘની સ્તુતિની મહત્તા પર પ્રકાશ પાડવામાં આવ્યો છે તથા તીર્થંકરાવલિકા, ગણધરાવલિકા અને સ્થવિરાવલિકાનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. નન્દી-જ્ઞાનના અધ્યયનની યોગ્યતા-અયોગ્યતાનો વિચાર કરતાં વૃત્તિકારે લખ્યું છે કે અયોગ્યદાનથી વસ્તુતઃ અકલ્યાણ જ થાય છે અને નિર્દેશ કર્યો છે કે આની વિસ્તૃત વ્યાખ્યા આવશ્યકાનુયોગમાં હું કરીશ. અહીં સ્થાનપૂર્તિ માટે ભાષ્યની ગાથાઓથી જ વ્યાખ્યાન કરવામાં આવ્યું છે : **अतोऽयोग्यदाने दातृकृतमेव वस्तुतस्तस्य तदकल्याणमिति, अलं प्रसंगेन, प्रकृतं प्रस्तुमः, तत्राधिकृतगाथां प्रपञ्चतः आवश्यकानुयोगे व्याख्यास्यामः, इह स्थानाशून्यार्थं भाष्यगाथाभिर्व्याख्यायत इति ।**[3] આની પછી ત્રણ પ્રકારની પર્ષદનું વ્યાખ્યાન કરવામાં આવ્યું છે. તદનન્તર આચાર્યે જ્ઞાનના ભેદ-પ્રભેદ, સ્વરૂપ, વિષય વગેરેનું વિસ્તૃત વિવેચન કર્યું છે. કેવલજ્ઞાન અને કેવલદર્શનના ક્રમિકાદિ ઉપયોગનું પ્રતિપાદન કરતાં યૌગપદ્યના સમર્થક સિદ્ધસેન વગેરેનું, ક્રમિકત્વના સમર્થક જિનભદ્રગણિ વગેરેનું તથા અભેદના

---

૧. ઋષભદેવજી કેશરીમલજી શ્વેતાંબર સંસ્થા, રતલામ, સન્ ૧૯૨૮; પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટી, વારાણસી, સન્ ૧૯૬૬.

૨. ચૂર્ણિ અને વૃત્તિના મૂળ સૂત્ર-પાઠમાં ક્યાંક-ક્યાંક થોડું અંતર છે : **पढमेत्थ इंदभूती, बीए पुण होति अग्गिभूति त्ति** (ચૂર્ણિ), **पढमेत्थ इंदभूई बीओ पुण होइ अग्गिभूइ त्ति** (વૃત્તિ) । જુઓ — ક્રમશઃ પૃ. ૬ અને ૧૩.

૩. પૃ. ૨૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમર્થક વૃદ્ધાચાર્યોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે આ પ્રમાણે છે : केचन सिद्धसेनाचार्यादयः भणंति, किं ? युगपद् — एकस्मिन्नेव काले जानाति पश्यति च, क ? केवली, न त्वन्यः, नियमात्-नियमेन । अन्ये जिनभद्रगणिक्षमाश्रमणप्रभृतयः एकान्तरितं जानाति पश्यति चेत्येवमिच्छन्ति, श्रुतोपदेशेन — यथाश्रुतागमानुसारेणेत्यर्थः, अन्ये तु वृद्धाचार्याः न-नैव विष्वक पृथक् तद्दर्शनमिच्छन्ति जिनवरेन्द्रस्य-केवलिन इत्यर्थः, किं तर्हि ? यदेव केवलज्ञानं तदेव 'से' तस्य केवलिनो दर्शनं ब्रुवते, क्षीणावरणस्य देशज्ञानाभाववत् केवलदर्शनाभावादिति भावना ।[૧] પ્રસ્તુત સિદ્ધસેન, સિદ્ધસેન દિવાકરથી ભિન્ન છે કેમકે સિદ્ધસેન દિવાકર તૃતીય મત — અભેદવાદના પ્રવર્તક છે. વૃત્તિકારે સંભવતઃ વૃદ્ધાચાર્ય રૂપે તેમનો જ નિર્દેશ કર્યો છે. દ્વિતીય મત — ક્રમિકત્વના સમર્થક જિનભદ્ર વગેરેને સિદ્ધાન્તવાદી[૨] કહેવામાં આવ્યા છે. શ્રુતનાં શ્રવણ અને વ્યાખ્યાનની વિધિ બતાવીને આચાર્યે નન્દ્યધ્યયન-વિવરણ સમાપ્ત કર્યું છે. અંતમાં લખ્યું છે[૩] :

यदिहोत्सूत्रमज्ञानाद्, व्याख्यातं तद् बहुश्रुतैः ।
क्षन्तव्यं कस्य सम्मोहश्छद्मस्थस्य न जायते ॥ १ ॥
नन्द्यध्ययनविवरणं कृत्वा यदवाप्तमिह मया पुण्यम् ।
तेन खलु जीवलोको लभतां जिनशासने नन्दीम् ॥ २ ॥

कृतिः सिताम्बराचार्यजिनभट्टपादसेवकस्याचार्यश्रीहरिभद्रस्येति । नमः श्रुतदेवतायै भगवत्यै । समाप्ता नन्दीटीका । ग्रन्थाग्रं २३३६ ।

અનુયોગદ્વારટીકા :

આ ટીકા[૪] અનુયોગદ્વારચૂર્ણિની શૈલીમાં લખવામાં આવી છે. પ્રારંભમાં આચાર્યે મહાવીરને નમસ્કાર કરીને અનુયોગદ્વારની વિવૃત્તિ લખવાની પ્રતિજ્ઞા કરી છે :

प्रणिपत्य जिनवरेन्द्रं त्रिदशेन्द्रनरेन्द्रपूजितं वीरम् ।
अनुयोगद्वाराणां प्रकटार्थां विवृतिमभिधास्ये ॥ १ ॥

ટીકાકારે એમ બતાવ્યું છે કે નન્દીની વ્યાખ્યાની અનંતર જ અનુયોગદ્વારનાં વ્યાખ્યાનને અવકાશ છે : नन्द्यध्ययनव्याख्यानसमनन्तरमेवानुयोगद्वाराध्ययनावकाश...।[૫] મંગલનું પ્રતિપાદન કરતાં આચાર્યે લખ્યું છે કે આનું વિશેષ વિવેચન નન્દીની ટીકામાં કરવામાં આવી ચૂક્યું છે. આથી અહીં આટલું જ પર્યાપ્ત છે : अस्य सूत्रस्य

---

૧. પૃ. ૫૨. ૨. પૃ. ૫૫. ૩. પૃ. ૧૧૮.
૪. ઋષભદેવજી કેશરીમલજી શ્વેતામ્બર સંસ્થા, રતલામ, સન્ ૧૯૨૮.
૫. પૃ. ૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

समुदायार्थोऽवयवार्थश्च नन्द्यध्ययनटीकायां प्रपञ्चतः प्रतिपादित एवेति नेह प्रतिपाद्यत इति ।[૧] આ વક્તવ્યોથી સ્પષ્ટ છે કે પ્રસ્તુત ટીકા નન્દીવૃત્તિની પછીની કૃતિ છે. 'तम्हा आवस्सयं' વગેરેનું વિવેચન કરતાં આચાર્યે 'આવશ્યક' શબ્દનો નિક્ષેપ-પદ્ધતિએ વિચાર કર્યો છે. નામાદિ આવશ્યકોનું સ્વરૂપ બતાવતાં નામ, સ્થાપના અને દ્રવ્યનું સ્વરૂપ સ્પષ્ટ કરવા માટે ત્રણ શ્લોકો ઉદ્ધૃત કર્યા છે. તે આ મુજબ છે :[૨]

નામ :

यद्वस्तुनोऽभिधानं स्थितमन्यार्थे तदर्थनिरपेक्षम् ।
पर्यायानभिधेयं च नाम यादृच्छिकं च तथा ॥

સ્થાપના :

यत्तु, तदर्थवियुक्तं तदभिप्रायेण यच्च तत्करणिः ।
लेप्यादिकर्म तत्स्थापनेति क्रियतेऽल्पकालं च ॥

દ્રવ્ય :

भूतस्य भाविनो वा भावस्य हि कारणं तु यल्लोके ।
तद्द्रव्यं तत्त्वज्ञैः सचेतनाचेतनं कथितम् ॥

શ્રુતનું નિક્ષેપ-પદ્ધતિએ વ્યાખ્યાન કરતાં ટીકાકાર કહે છે કે ચતુર્વિધ શ્રુતનું સ્વરૂપ આવશ્યકવિવરણ અનુસાર સમજી લેવું જોઈએ.[૩] આ જ રીતે આગળ પણ આવશ્યકવિવરણ અને નન્દીવિશેષવિવરણનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.[૪] સ્કન્ધ, ઉપક્રમ વગેરેનું નિક્ષેપ-પદ્ધતિએ વિવેચન કર્યા પછી આચાર્યે આનુપૂર્વીનું ખૂબ વિસ્તારથી પ્રતિપાદન કર્યું છે. આનુપૂર્વી, અનુક્રમ અને અનુપરિપાટી પર્યાયવાચી છે.[૫] આનુપૂર્વીની વ્યાખ્યાની સમાપ્તિ સાથે જ દ્વિનામ, ત્રિનામ, ચતુર્નામ, પંચનામ, ષટ્નામ, સપ્તનામ, અષ્ટનામ, નવનામ અને દશનામનું વ્યાખ્યાન કરવામાં આવ્યું છે. પ્રમાણનું વ્યાખ્યાન કરતાં આચાર્યે વિવિધ અંગુલોનાં સ્વરૂપનું વર્ણન કર્યું છે તથા સમયનું વિવેચન કરતાં પલ્યોપમનું વિસ્તારપૂર્વક વ્યાખ્યાન કર્યું છે. આ જ રીતે શરીરપંચકનું નિરૂપણ કર્યા પછી ભાવપ્રમાણ અંતર્ગત પ્રત્યક્ષ, અનુમાન, ઔપમ્ય, આગમ, દર્શન, ચારિત્ર, નય અને સંખ્યાનું વ્યાખ્યાન કર્યું છે. 'से किं तं वत्तव्वया' વગેરેનું પ્રતિપાદન કરતાં વક્તવ્યતાની દૃષ્ટિએ ફરી નયનો વિચાર કરવામાં આવ્યો છે. જ્ઞાનનય અને ક્રિયાનયનું સ્વરૂપ બતાવતાં આચાર્યે જ્ઞાન અને ક્રિયા બંનેની સંયુક્ત ઉપયોગિતા સિદ્ધ કરી છે. જ્ઞાનપક્ષનું સમર્થન કરતાં તેઓ કહે છે[૬] :

---

૧. પૃ. ૨. ૨. પૃ. ૬, ૭, ૮. ૩. પૃ. ૨૧. ૪. પૃ. ૨૨.
૫. પૃ. ૩૦-૫૯. ૬. પૃ. ૧૨૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

विज्ञप्तिः फलदा पुंसां, न क्रिया फलदा मता ।
मिथ्याज्ञानात्प्रवृत्तस्य, फलासंवाददर्शनात् ॥

આ જ રીતે ક્રિયાના સમર્થનમાં તેમણે લખ્યું છે :[1]

क्रियैव फलदा पुंसां, न ज्ञानं फलदं मतम् ।
यतः स्त्रीभक्ष्यभोगज्ञो, न ज्ञानात्सुखितो भवेत् ॥

ટીકાના અંતે કહેવામાં આવ્યું છે :

समाप्तेयं शिष्यहितानामानुयोगद्वारटीका, कृतिः सिताम्बराऽऽचार्यजिनभट्ट-पादसेवकस्याऽऽचार्यहरिभद्रस्य । कृत्वा विवरणमेतत्प्राप्तं.....।[2]

દશવૈકાલિકવૃત્તિ :

આ વૃત્તિ[3]નું નામ શિષ્યબોધિની વૃત્તિ છે. આને બૃહદ્વૃત્તિ પણ કહે છે. આ ટીકા શય્યંભવસૂરિવિહિત દશવૈકાલિકસૂત્રની ભદ્રબાહુવિરચિત નિર્યુક્તિ પર છે. પ્રારંભમાં આચાર્ય હરિભદ્રે વીર પ્રભુને નમસ્કાર કર્યા છે :

जयति विजितान्यतेजाः सुरासुराधीशसेवितः श्रीमान् ।
विमलस्त्रासविरहितस्त्रिलोकचिन्तामणिर्वीरः ॥ १ ॥

દશવૈકાલિકનું બીજું નામ દશકાલિક પણ છે. 'દશકાલિક' શબ્દની વ્યુત્પત્તિ કરતાં વૃત્તિકાર કહે છે : 'कालेन निर्वृत्तं कालिकं, प्रमाणकालेनेति भावः, दशाध्ययनभेदात्मकत्वाद्दशप्रकारं कालिकं प्रकारशब्दलोपाद्दशकालिकं..... '[4] અર્થાત્ જે કાળથી અર્થાત્ પ્રમાણકાળથી નિર્વૃત્ત છે તે કાલિક છે. વળી આ સૂત્રમાં દસ અધ્યાય છે એટલા માટે તેનું નામ દશકાલિક છે.

મંગલની આવશ્યકતા બતાવતાં આચાર્યે 'મંગલ' પદની વ્યુત્પત્તિ આ પ્રમાણે કરી છે : 'मङ्क्ष्यते हितमनेनेति मङ्गलं, मङ्क्ष्यतेऽधिगम्यते साध्यत इति यावत् अथवा मङ्ग इति धर्माभिधानं, 'लां आदाने' अस्य धातोर्मङ्गे उपपदे "आतोऽनुपसर्गे कः" (પા૦ ૩-૨-૩) इति कप्रत्ययान्तस्यानुबन्धलोपे कृते "आता लोप इटि च" (પા૦ ૬-૪-૬૪) इत्यनेन सूत्रेणाकारलोपे च कृते प्रथमैकवचनान्तस्यैव मङ्गलमिति भवति, मङ्गं लातीति मङ्गलं धर्मोपादनहेतुरित्यर्थः, अथवा मां गालयति भवादिति मङ्गलं,

---

૧. પૃ. ૧૨૭. ૨. પૃ. ૧૨૮.
૩. (અ) દેવચન્દ્ર લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર, મુંબઈ, સન્ ૧૯૧૮.
(બ) સમયસુન્દરકૃત ટીકાસહિત – ભીમસી માણેક, મુંબઈ, સન્ ૧૯૦૦.
૪. પૃ. ૨ (અ).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

संसारादपनयतीत्यर्थः ।[1] આ વ્યુત્પત્તિ ત્રણ પ્રકારની છે : (૧) જેનાથી હિત સિદ્ધ કરવામાં આવે, (૨) જે ધર્મ લાવે અથવા (૩) જે ભવથી છોડાવે તે મંગલ છે. દ્વિતીય પ્રકારની વ્યુત્પત્તિમાં પાણિનીય વ્યાકરણના સૂત્રોનો પણ પ્રયોગ કરવામાં આવ્યો છે.

દશવૈકાલિક સૂત્રની રચના કેવી રીતે થઈ ? આ પ્રશ્નનું સમાધાન કરતાં ટીકાકારે નિર્યુક્તિની ગાથાનો અક્ષરાર્થ કરતાં ભાવાર્થ સ્પષ્ટ કરવા માટે શય્યમ્ભવાચાર્યનું સમગ્ર કથાનક ઉદ્ધૃત કર્યું છે.[2] આ અને આ જ જાતનાં અન્ય અનેક કથાનકો પ્રસ્તુત વૃત્તિમાં ઉદ્ધૃત કરવામાં આવ્યાં છે. આ બધાં કથાનકો પ્રાકૃતમાં છે.

તપનું વ્યાખ્યાન કરતાં આભ્યન્તર તપ અંતર્ગત ચાર પ્રકારનાં ધ્યાનનું સ્વરૂપ બતાવતાં આચાર્યે ચાર શ્લોકોમાં ધ્યાનનું પૂરું ચિત્ર ઉપસ્થિત કરી દીધું છે :[3]

આર્તધ્યાન :
राज्योपभोगशयनासनवाहनेषु,
स्त्रीगन्धमाल्यमणिरत्नविभूषणेषु ।
इच्छाभिलाषमतिमात्रमुपैति मोहाद्,
ध्यानं तदार्तमिति तत्प्रवदन्ति तज्ज्ञाः ॥ १ ॥

રૌદ્રધ્યાન :
संछेदनैर्दहनभञ्जनमारणैश्च,
बन्धप्रहारदमनैर्विनिकृन्तनैश्च ।
यो याति रागमुपयाति च नानुकम्पां,
ध्यानं तु रौद्रमिति तत्प्रवदन्ति तज्ज्ञाः ॥ २ ॥

ધર્મધ્યાન :
सूत्रार्थसाधनमहाव्रतधारणेषु,
बन्धप्रमोक्षगमनागमहेतुचिन्ता ।
पञ्चेन्द्रियव्युपरमश्च दया च भूते,
ध्यानं तु धर्ममिति तत्प्रवदन्ति तज्ज्ञाः ॥ ३ ॥

શુક્લધ્યાન :
यस्येन्द्रियाणि विषयेषु पराङ्मुखानि,
सङ्कल्पकल्पनविकल्पविकारदोषैः ।
योगैः सदा त्रिभिरहो निभृतान्तरात्मा,
ध्यानोत्तमं प्रवरशुक्लमिदं वदन्ति ॥ ४ ॥

---

१. पृ. २ (બ), ૩ (અ). २. पृ. १०-११.

૩. પૃ. ૩૧ (બ). વિસ્તાર માટે ધ્યાનશતક જુઓ જેનો આચાર્ય હરિભદ્રે પ્રસ્તુત ટીકામાં ઉલ્લેખ કર્યો છે – પૃ. ૩૧ (બ), ૩૨ (અ).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિવિધ પ્રકારના શ્રોતાઓની દૃષ્ટિએ કથનનાં પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણ વગેરે વિભિન્ન અવયવોની ઉપયોગિતાનો સોદાહરણ વિચાર કરતાં આચાર્યે તદ્વિષયક દોષોની શુદ્ધિનું પણ પ્રતિપાદન કર્યું છે. નિર્યુક્તિસમ્મત વિહંગમના વિવિધ નિક્ષેપોનું વિસ્તૃત વ્યાખ્યાન કરીને દ્રુમપુષ્પિકા નામનાં પ્રથમ અધ્યયનનું વિવરણ સમાપ્ત કર્યું છે.

દ્વિતીય અધ્યયનની વૃત્તિમાં શ્રમણ, પૂર્વ, કામ, પદ વગેરે શબ્દોનું વિવેચન કરતાં ત્રણ પ્રકારના યોગ, ત્રણ પ્રકારના કરણ, ચાર પ્રકારની સંજ્ઞા, પાંચ પ્રકારની ઈન્દ્રિય, પાંચ પ્રકારની સ્થાવરકાય, દસ પ્રકારના શ્રમણધર્મ અને અઢાર શીલાંગસહસ્રનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. ભોગનિવૃત્તિનું સ્વરૂપ સમજાવવા માટે રથનેમિ અને રાજીમતીનું કથાનક ઉદ્ધૃત કર્યું છે.

તૃતીય અધ્યયનની વૃત્તિમાં મહત્, ક્ષુલ્લક વગેરે પદોનું વ્યાખ્યાન કરતાં દર્શનાચાર, જ્ઞાનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારનું સોદાહરણ વિવેચન કર્યું છે. આ જ રીતે અર્થાદિ ચાર પ્રકારની કથાઓનું ઉદાહરણપૂર્વક સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે. શ્રમણસંબંધી અનાચીર્ણનું સ્વરૂપ બતાવતાં વૃત્તિકારે તૃતીય અધ્યયનની વ્યાખ્યા સમાપ્ત કરી છે.

ચતુર્થ અધ્યયનની વ્યાખ્યામાં નિમ્ન વિષયો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે : જીવનું સ્વરૂપ તથા તેની સ્વતન્ત્ર સત્તા, ચારિત્રધર્મનાં પાંચ મહાવ્રત અને છઠ્ઠું રાત્રિભોજનવિરમણ વ્રત, શ્રમણધર્મની દુર્લભતા. જીવનાં સ્વરૂપનો વિચાર કરતી વખતે વૃત્તિકારે અનેક ભાષ્યગાથાઓ ઉદ્ધૃત કરી છે અને સાથે સાથે જ પોતાના દાર્શનિક દૃષ્ટિકોણનો પૂરો ઉપયોગ કર્યો છે.

પાંચમા અધ્યયનની વૃત્તિમાં આહારવિષયક મૂલ ગાથાઓનું વ્યાખ્યાન કરવામાં આવ્યું છે. 'બહુઅટ્ઠિયં પુગ્ગલં.....'ની વ્યાખ્યા આ મુજબ છે : किञ्च 'बहुअट्ठियं' इति सूत्रं बह्वस्थि 'पुद्गलं' मांसं 'अनिमिषं' वा मत्स्यं वा बहुकण्टकम्, अयं किल कालाद्यपेक्षया ग्रहणे प्रतिषेधः, अन्ये त्वभिदधति — वनस्पत्यधिकारात्तथाविधफलाभिधाने एते इति, तथा चाह-'अत्थिकं' अस्थिकवृक्षफलम्, 'तेंदुकं' तेंदुरुकोफलम्, 'बिल्वं' इक्षुखण्डमिति च प्रतीते, 'शाल्मलिं वा' वल्लादिफलिं वा, वाशब्दस्य व्यवहितः सम्बन्ध इति सूत्रार्थः ।[1]

છઠ્ઠા અધ્યયનની વૃત્તિમાં એ અઢાર સ્થાનોનું વિવરણ કરવામાં આવ્યું છે જેમનું સમ્યક્ જ્ઞાન હોવાથી સાધુ પોતાના આચારમાં નિર્દોષ તથા દૃઢ રહી શકે છે. આ અઢાર સ્થાન વ્રતષટ્ક, કાયષટ્ક, અકલ્પ, ગૃહિભાજન, પર્યઙ્ક, નિષદ્યા, સ્થાન અને શોભાવર્જનરૂપ છે.

૧. પૃ. ૧૭૬ (અ).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાતમા અધ્યયનની વ્યાખ્યામાં ભાષાની શુદ્ધિ-અશુદ્ધિનો વિચાર કરવામાં આવ્યો છે તથા શ્રમણ માટે ઉપયુક્ત ભાષાનું વિધાન સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

આઠમા અધ્યયનની વ્યાખ્યામાં આચારપ્રણિધિની પ્રક્રિયા તથા ફળનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

નવમા અધ્યયનની વૃત્તિમાં વિનયનાં વિવિધ રૂપ, વિનયનું ફળ, આચારસમાધિ વગેરેનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે.

દસમા અધ્યયનની વૃત્તિમાં સુભિક્ષુકનાં સ્વરૂપ પર પર્યાપ્ત પ્રકાશ પાડવામાં આવ્યો છે.

ચૂલિકાઓની વ્યાખ્યા કરતાં વૃત્તિકારે ધર્મનાં રતિજનક અને અરતિજનક કારણો, વિવિધ ચર્યા વગેરે તે જ વિષયોનું સાધારણ સ્પષ્ટીકરણ કર્યું છે જેમનો ઉલ્લેખ સૂત્રકાર અને નિર્યુક્તિકારે કર્યો છે. વૃત્તિના અંતે નિમ્ન શ્લોક છે :[1]

महत्तराया याकिन्या धर्मपुत्रेण चिन्तिता ।
आचार्यहरिभद्रेण टीकेयं शिष्यबोधिनी ॥ १ ॥
दशवैकालिके टीकां विधाय यत्पुण्यमर्जितं तेन ।
मात्सर्यदुःखविरहाद्गुणानुरागी भवतु लोकः ॥ २ ॥

પ્રજ્ઞાપના-પ્રદેશવ્યાખ્યા :

આ ટીકા[2]ના પ્રારંભમાં જૈન પ્રવચનનો મહિમા બતાવતાં કહેવામાં આવ્યું છે :

रागादिवध्यपटहः सुरलोकसेतुरानन्ददुंदुभिरसत्कृतिवंचितानाम् ।
संसारचारकपलायनफालघंटा, जैनंवचस्तदिह को न भजेत विद्वान् ॥ १ ॥

ત્યાર પછી મંગલનો મહિમા બતાવવામાં આવ્યો છે તથા મંગલના વિશેષ વિવેચન માટે આવશ્યક-ટીકાનો નામોલ્લેખ કરવામાં આવ્યો છે.[3] આ જ પ્રસંગે ભવ્ય અને અભવ્યનું વિવેચન કરતાં આચાર્યે વાદિમુખ્યકૃત અભવ્યસ્વભાવસૂચક નિમ્ન શ્લોક ઉદ્ધૃત કર્યો છે :[4]

सद्धर्म्मबीजवपनानघकौशलस्य, यल्लेकबान्धव ! तवापि खिलान्यभूवन् ।
तन्नाद्भूतं खगकुलेष्विह तामसेषु सूर्यांशवो मधुकरीचरणावदाताः ॥ १ ॥

---

१. पृ. २८६.
२. પૂર્વભાગ – ઋષભદેવજી કેશરીમલજી શ્વેતામ્બર સંસ્થા, રતલામ, સન્ ૧૯૪૭.
ઉત્તરભાગ – જૈન પુસ્તક પ્રચારક સંસ્થા, સૂર્યપુર, સન્ ૧૯૪૯.
૩. પ્ર. ૨. ૪. પૃ. ૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તદનન્તર પ્રજ્ઞાપનાના વિષય, કર્તૃત્વ વગેરેનું વર્ણન કરવામાં આવ્યું છે. જીવપ્રજ્ઞાપના અને અજીવપ્રજ્ઞાપનાનું વર્ણન કરતાં એકેન્દ્રિયાદિ જીવોનું વિસ્તારપૂર્વક વ્યાખ્યાન કરવામાં આવ્યું છે. અહીં સુધી પ્રથમ પદની વ્યાખ્યાનો અધિકાર છે.

દ્વિતીય પદની વ્યાખ્યામાં પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય, વાયુકાય, વનસ્પતિકાય તથા દ્વીન્દ્રિયાદિનાં સ્થાનોનું વર્ણન કરવામાં આવ્યું છે.

તૃતીય પદની વ્યાખ્યામાં કાયાદ્યલ્પબહુત્વ, વેદ, લેશ્યા, ઈન્દ્રિય વગેરે દૃષ્ટિઓથી જીવવિચાર, લોકસંબંધી અલ્પ-બહુત્વ, આયુર્બન્ધનું અલ્પબહુત્વ, પુદ્ગલાલ્પબહુત્વ, દ્રવ્યાલ્પબહુત્વ, અવગાઢાલ્પબહુત્વ વગેરેનો વિચાર કરવામાં આવ્યો છે.

ચતુર્થ પદની વ્યાખ્યામાં નારકોની સ્થિતિનું વિવેચન છે.

પંચમ પદની વ્યાખ્યામાં નારકપર્યાય, અવગાહ, ષટ્સ્થાનક, કર્મસ્થિતિ અને જીવપર્યાયનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

છઠ્ઠા અને સાતમા પદનાં વ્યાખ્યાનમાં આચાર્યે નારકસંબંધી વિરહકાલનું વર્ણન કર્યું છે.

આઠમા પદની વ્યાખ્યામાં આચાર્યે સંજ્ઞાનું સ્વરૂપ બતાવ્યું છે. સંજ્ઞાનો અર્થ છે આભોગ અથવા મનોવિજ્ઞાન. સંજ્ઞાનાં સ્વરૂપનું વિવેચન કરતાં આચાર્ય કહે છે : 'तत्र संज्ञा आभोग इत्यर्थः, मनोविज्ञानं इत्यन्ये, संज्ञायते वा अनयेति संज्ञा—वेदनीयमोहनीयोदयाश्रया ज्ञानदर्शनावरणक्षयोपशमाश्रया च विचित्रा आहारादिप्राप्तये क्रियेत्यर्थः, सा चोपाधिभेदाद् भिद्यमाना दश प्रकारा भवति, तद्यथा—आहारसंज्ञेत्यादि.....[1]'। ત્યાર પછી આહારાદિ દસ પ્રકારની સંજ્ઞાનું સ્વરૂપ બતાવતાં ગ્રંથકાર કહે છે : 'तत्र क्षुद्वेदनीयोदयाद् कवलाद्याहारार्थं पुद्गलोपादानक्रियैव संज्ञायते अनयेत्याहारसंज्ञा तथा भयवेदनीयोदयाद् भयोद्भ्रांतस्य दृष्टिवदनविकारारोमांचोद्भेदार्था क्रियैव संज्ञायतेऽनयेति भयसंज्ञा, तथा पुंवेदोदयान्मैथुनाय स्त्र्यालोकनप्रसन्नवदनमनःस्तम्भितोरुवेपथुप्रभृतिलक्षणा क्रियैव संज्ञायते अनयेति (मैथुनसंज्ञा, चारित्रमोहविशेषोदयात् धर्मोपकरणातिरिक्ततदतिरेकस्य वा आदित्साक्रियैव) परिग्रहसंज्ञा, तथा क्रोधोदयात् तदाशयगर्भा पुरुषमुखनयनदंतच्छदस्फुरणचेष्टैव संज्ञायतेऽनयेति क्रोधसंज्ञा, तथा मनोदयादहंकारात्मिकोत्सेकादिपरिणतिरेव संज्ञायतेऽनयेति मानसंज्ञा, तथा मायोदयेनाशुभसंक्लेशादनृतभाषणादिक्रियैव संज्ञायतेऽनयेति मायासंज्ञा, तथा लोभोदयाल्लालसान्वितासचित्तेतरद्रव्यप्रार्थनैव संज्ञायतेऽनयेति लोभसंज्ञा, तथा

---

१. પૃ. ૬૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

लोभोदयोपशमाच्छब्दाद्यर्थगोचरा सामान्यावबोधक्रियैव संज्ञायते अनयेति ओघसंज्ञा, तथा तद्विशेषावबोधक्रियैव संज्ञायते अनयेति लोकसंज्ञा, ततश्चौघसंज्ञा दर्शनोपयोगः लोकसंज्ञा तु ज्ञानोपयोग इति, व्यत्ययमन्ये, अन्ये पुनरित्थमभिदधते—सामान्यप्रवृत्तिरोघसंज्ञा, लोकदृष्टिर्लोकसंज्ञा..... ।[1] આ સંજ્ઞાઓનું મનોવિજ્ઞાનની દૃષ્ટિએ વિશેષ મહત્ત્વ છે. આધુનિક મનોવિજ્ઞાનની દૃષ્ટિએ સંજ્ઞાનો જ્ઞાન અને સંવેદનમાં અને ક્રિયાનો અભિવ્યક્તિ અને પ્રવૃત્તિમાં સમાવેશ કરી શકાય. જ્ઞાન અને દર્શનની દૃષ્ટિએ આચાર્યે ઓઘસંજ્ઞાને દર્શનોપયોગ અને લોકસંજ્ઞાને જ્ઞાનોપયોગ કહી છે તથા તેનાથી વિરુદ્ધ મતનો પણ ઉલ્લેખ કર્યો છે.

નવમા પદની વ્યાખ્યામાં વિવિધ યોનિઓનો વિચાર કરવામાં આવ્યો છે.

દસમા પદની વ્યાખ્યામાં રત્નપ્રભા વગેરે પૃથ્વીઓનું ચરમ અને અચરમ દૃષ્ટિએ વિવેચન કરવામાં આવ્યું છે. ચરમનો અર્થ છે પ્રાન્તપર્યન્તવર્તી અને અચરમનો અર્થ છે પ્રાંતમધ્યવર્તી. આ બંને અર્થ આપેક્ષિક છે. પ્રસ્તુત વિવેચનમાં આચાર્યે અનેક પ્રાકૃત ગદ્યાંશો ઉદ્ધૃત કર્યા છે.

અગીયારમા પદની વ્યાખ્યામાં ભાષાના સ્વરૂપનું વિવેચન કરતાં આચાર્યે સ્ત્રી, પુરુષ અને નપુંસક-લક્ષણનિર્દેશક કેટલાક શ્લોકો ઉદ્ધૃત કર્યા છે :[2]

स्त्री — **योनिर्मृदुत्वमस्थैर्यं, मुग्धता क्लीबता स्तनौ ।**
पुंस्कामितेति लिंगानि, सप्त स्त्रीत्वे प्रचक्षते ॥ १ ॥

पुरुष — **मेहनं खरता दाढूर्यं, शौंडीर्यं श्मश्रु तृप्तता ।**
स्त्रीकामितेति लिंगानि, सप्त पुंस्त्वे प्रचक्षते ॥ २ ॥

नपुंसक — **स्तनादिश्मश्रुकेशादिभावाभावसमन्वितम् ।**
नपुंसकं बुधाः प्राहुर्मोहानलसुदीपितम् ॥ ३ ॥

સ્ત્રીનાં સાત લક્ષણ છે : યોનિ, મૃદુત્વ, અસ્થિરતા, મુગ્ધતા, દુર્બળતા, સ્તન અને પુરુષેચ્છા. પુરુષનાં પણ સાત લક્ષણ છે : મેહન, કઠોરતા, દૃઢતા, શૂરતા, મૂછો, તૃપ્તિ અને સ્ત્રીકામિતા. નપુંસકનાં લક્ષણ સ્ત્રી અને પુરુષના લક્ષણો સાથે મળતાં વચ્ચેનાં હોય છે જે ન પૂરા સ્ત્રીને અનુરૂપ હોય છે ન પુરુષને. તેમાં મોહની માત્રા અત્યધિક હોય છે.

બારમા પદનાં વ્યાખ્યાનમાં આચાર્યે ઔદારિકાદિ શરીરનાં સામાન્ય સ્વરૂપનું વિવેચન કર્યું છે.

તેરમા પદના વ્યાખ્યાનમાં જીવ અને અજીવનાં વિવિધ પરિણામોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. જીવપરિણામ આ પ્રમાણે હોય છે : ગતિ, ઈન્દ્રિય, કષાય, લેશ્યા, યોગ, ઉપયોગ, જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વેદ. અજીવપરિણામનું વિવેચન

૧. પૃ. ૬૧-૨. ૨. પૃ. ૭૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરતાં આચાર્યે બંધનપરિણામનાં નિમ્નાંકિત લક્ષણોનું સમર્થન કર્યું છે.[1]

समणिद्धयाए बंधो ण होति समलुक्खयाए वि ण होति ।
बेमाइयणिद्धलुक्खत्तणेण बंधो उ खंधाणं ॥

तथा च –

णिद्धस्स णिद्धेण दुयाहिएणं लुक्खस्स लुक्खेण दुयाहिएणं ।
णिद्धस्स लुक्खेण उवेति बंधो जहण्णवज्जो विसमो समो वा ॥

આગળનાં પદોની વ્યાખ્યામાં કષાય, ઈન્દ્રિય, પ્રયોગ, લેશ્યા, કાયસ્થિતિ, અન્તક્રિયા, અવગાહના – સંસ્થાનાદિ ક્રિયા (કાયિકી, આધિકરણિકી, પ્રાદ્વેષિકી, પારિતાપનિકી અને પ્રાણાતિપાતિકી), કર્મપ્રકૃતિ, કર્મબંધ, આહારપરિણામ, ઉપયોગ, પશ્યત્તા, સંજ્ઞા, સંયમ, અવધિ, પ્રવીચાર, વેદના અને સમુદ્ઘાતનું વિશેષ વિવેચન કરવામાં આવ્યું છે. ત્રીસમા પદની વ્યાખ્યામાં આચાર્યે ઉપયોગ અને પશ્યત્તાની ભેદરેખા ખેંચતા લખ્યું છે કે પશ્યત્તામાં ત્રૈકાલિક અવબોધ હોય છે જ્યારે ઉપયોગમાં વર્તમાન અને ત્રિકાલ બંનેનો અવબોધ સમાવિષ્ટ છે : अतो यत्र त्रैकालिकोऽवबोधोऽस्ति तत्र पासणया भवति, यत्र पुनर्वर्तमानकालस्त्रैकालिकश्च बोधः स उपयोग इत्ययं विशेषः ।[2] આ જ કારણ છે કે સાકાર ઉપયોગ આઠ પ્રકારનો છે જ્યારે સાકાર પશ્યત્તા છ પ્રકારની છે. સાકાર પશ્યત્તામાં સામ્પ્રતકાલવિષયક મતિજ્ઞાન અને મત્યજ્ઞાનરૂપ સાકાર ઉપયોગના બે ભેદોનો સમાવેશ કરવામાં નથી આવતો.

આવશ્યકવૃત્તિ :

પ્રસ્તુત વૃત્તિ[3] આવશ્યક નિર્યુક્તિ પર છે. ક્યાંક ક્યાંક ભાષ્યની ગાથાઓનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. વૃત્તિકાર આચાર્ય હરિભદ્રે આ વૃત્તિમાં આવશ્યકચૂર્ણિનું પદાનુસરણ ન કરતાં સ્વતંત્ર રીતે નિર્યુક્તિ-ગાથાઓનું વિવેચન કર્યું છે. પ્રારંભમાં મંગલરૂપે શ્લોક છે :

प्रणिपत्य जिनवरेन्द्रं, वीरं श्रुतदेवतां गुरून् साधून् ।
आवश्यकस्य विवृतिं, गुरूपदेशादहं वक्ष्ये ॥ १ ॥

ત્યાર પછી પ્રસ્તુત વૃત્તિનું પ્રયોજન દૃષ્ટિમાં રાખતાં વૃત્તિકાર કહે છે :

यद्यपि मया तथाऽन्यै, कृताऽस्य विवृतिस्तथापि संक्षेपात् ।
तद्रुचिसत्त्वानुग्रहहेतोः क्रियते प्रयासोऽयम् ॥ २ ॥

---

१. पृ. ९८. २. पृ. १४९.
३. આગમોદય સમિતિ, મહેસાણા, સન્. १९१६-७.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થાત્ જો કે મેં તથા અન્ય આચાર્યોએ આ સૂત્રનું વિવરણ લખ્યું છે તથાપિ સંક્ષેપમાં તેવી રુચિ રાખનાર લોકો માટે ફરી પ્રસ્તુત પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ કથનથી આચાર્ય હરિભદ્રકૃત એક બીજી ટીકા – બૃહટ્ટીકા હોવાનું ફલિત થાય છે. આ ટીકા હજી સુધી અનુપલબ્ધ છે.

આ બંને શ્લોકોનું વિવેચન કર્યા પછી નિર્યુક્તિની પ્રથમ ગાથા 'आभिणिबोहियनाणं.....'ની વ્યાખ્યા કરતાં આચાર્યે પાંચ પ્રકારનાં જ્ઞાનનું સ્વરૂપ-પ્રતિપાદન કર્યું છે. આભિનિબોધિક વગેરે જ્ઞાનોની વ્યાખ્યામાં વૈવિધ્યનો પૂરો ઉપયોગ કર્યો છે. આ વ્યાખ્યાનવૈવિધ્ય ચૂર્ણિમાં દૃષ્ટિગોચર નથી થતું. ઉદાહરણ માટે 'આભિનિબોધિક' શબ્દનાં વ્યાખ્યાનમાં કેટલી વિવિધતા છે, તે તરફ જરા ધ્યાન આપો :

'अर्थाभिमुखो नियतो बोधः अभिनिबोधः, अभिनिबोध एव आभिनिबोधिकं, विनयादिपाठात् अभिनिबोधशब्दस्य "विनयादिभ्यष्ठक्" (પા૦ ૫, ૪, ૩૪) इत्यनेन स्वार्थ एव ठक् प्रत्ययो, यथा विनय एव वैनयिकमिति, अभिनिबोधे वा भवं तेन वा निवृत्तं तन्मयं तत्प्रयोजनं वा, अथवा अभिनिबुध्यते तद् इत्याभिनिबोधिकं, अवग्रहादिरूपं मतिज्ञानमेव तस्य स्वसंविदितरूपत्वात्, भेदोपचारादित्यर्थः, अभिनिबुध्यते वाऽनेनेत्याभिनिबोधिकं, तदावरणकर्मक्षयोपशम इति भावार्थः, अभिनिबुध्यते अस्मादिति वा आभिनिबोधिकं, तदावरणकर्मक्षयोपशम एव, अभिनिबुध्यतेऽस्मिन्निति वा क्षयोपशम इत्याभिनिबोधिकं, आत्मैव वा अभिनिबोधोपयोगपरिणामानन्यत्वाद् अभिनिबुध्यत इत्याभिनिबोधिकं, अभिनिबोधिकं च तज्ज्ञानं चेति समासः ।'[१]

ઉપર્યુક્ત ગદ્યાંશમાં વૃત્તિકારે છ દૃષ્ટિઓથી આભિનિબોધિક જ્ઞાનનું વ્યાખ્યાન કર્યું છે. (૧) અર્થાભિમુખ જે નિયત બોધ છે, (૨) જે અભિનિબુદ્ધ હોય છે, (૩) જેના દ્વારા, અભિનિબુદ્ધ હોય છે, (૪) જેનાથી અભિનિબુદ્ધ થાય છે, (૫) જેમાં અભિનિબુદ્ધ હોય છે અથવા (૬) જે અભિનિબોધપયોગ પરિણામથી અભિન્નતયા અભિનિબુદ્ધ હોય છે તે આભિનિબોધિક છે. આ જ રીતે શ્રુત, અવધિ, મનઃપર્યાય અને કેવલનું પણ ભેદ-પ્રભેદપર્વક વ્યાખ્યાન કરવામાં આવ્યું છે.

સામાયિક નિર્યુક્તિનું વ્યાખ્યાન કરતાં પ્રવચનની ઉત્પત્તિના પ્રસંગે વૃત્તિકારે વાદિમુખ્યકૃત બે શ્લોક ઉદ્ધૃત કર્યા છે જેમાં એમ બતાવવામાં આવ્યું છે કે કેટલાક પુરુષો સ્વભાવથી જ એવા હોય છે જેમને વીતરાગની વાણી અરુચિકર લાગે છે.

---

૧. પૂર્વાર્ધ, પૃ. ૭ (૧).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમાં વીતરાગના પ્રવચનોનો કોઈ દોષ નથી. દોષ સાંભળનાર તે પુરુષ-ધુવડોનો છે જેમનો સ્વભાવ જ વીતરાગ-પ્રવચનરૂપી પ્રકાશમાં અંધ થઈ જવાનો છે. જેમકે આચાર્ય કહે છે[1] .....त्रैलोक्यगुरोर्धर्मदेशनक्रिया विभिन्नस्वभावेषु प्राणिषु तत्स्वाभाव्यात् विबोधाविबोधकारिणी पुरुषोलूककमलकुमुदादिषु आदित्यप्रकाशनक्रियावत्, उक्तं च वादिमुख्येन —

त्वद्वाक्यतोऽपि केषाञ्चिदबोध इति मेऽद्भुतम् ।
भानोर्मरीचयः कस्य, नाम नालोकहेतवः ॥ १ ॥
न चाद्भुतमुलूकस्य, प्रकृत्या क्लिष्टचेतसः ।
स्वच्छा अपि तमस्त्वेन, भासन्ते भास्वतः कराः ॥ २ ॥

સામાયિકના ઉદ્દેશ, નિર્દેશ, નિર્ગમ, ક્ષેત્ર વગેરે ૨૩ દ્વારોનું વિવેચન કરતાં વૃત્તિકારે એક જગ્યાએ (આવશ્યકનાં) વિશેષવિવરણનો ઉલ્લેખ કર્યો છે. નિર્દેશ-દ્વારના સ્વરૂપનું સંક્ષિપ્ત વર્ણન કર્યા પછી તેઓ લખે છે : व्यासार्थस्तु विशेषविवरणादवगन्तव्य इति ।[2]

સામાયિકના નિર્ગમ-દ્વારના પ્રસંગે કુલકરોની ઉત્પત્તિનું વર્ણન કરતાં આચાર્યે સાત કુલકરોની ઉત્પત્તિ સંબંધિત એક પ્રાકૃત કથાનક આપ્યું છે અને તેમના પૂર્વભવોના વિષયમાં સૂચિત કર્યું છે કે એતદ્વિષયક વર્ણન પ્રથમાનુયોગમાં જોઈ લેવું જોઈએ : पूर्वभवाः खल्वमीषां प्रथमानुयोगतोऽवसेयाः ।[3] તેમનાં આયુ વગેરેનું વર્ણન કરતાં વૃત્તિકારે 'अन्ये तु व्याचक्षते'[4] એવું લખીને તદ્વિષયક મતભેદોનો પણ ઉલ્લેખ કર્યો છે. આગળ નાભિ કુલકરને ત્યાં ભગવાન ઋષભદેવનો જન્મ થયો, એમ બતાવવામાં આવ્યું છે તથા તેમના તીર્થંકરનામ-ગોત્રકર્મ બાંધવાનાં કારણો પર પ્રકાશ પાડતાં ધન નામક સાર્થવાહનું આખ્યાન આપવામાં આવ્યું છે. આ આખ્યાન પણ અન્ય આખ્યાનોની જેમ પ્રાકૃતમાં જ છે. આ પ્રસંગે સંબંધિત ગાથાઓમાંથી એક ગાથાનો અન્યકર્તૃક ગાથારૂપે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. 'उत्तरकुरु सोहम्मे महाविदेहे महब्बलो....' ગાથાનું વ્યાખ્યાન કરતાં વૃત્તિકાર કહે છે : इयमन्यकर्तृकी गाथा सोपयोगा च ।[5] ભગવાન ઋષભદેવના અભિષેકનું વર્ણન કરતાં આચાર્યે નિર્યુક્તિના કેટલાંક પાઠાંતર પણ આપ્યા છે : पाठान्तरं वा 'आभोएउं सक्को आगंतुं तस्स कासि.....'[6], 'चउव्विहं संगहं कासी'[7] વગેરે. પ્રસ્તુત વૃત્તિમાં આ પ્રકારનાં અનેક પાઠાંતર આપવામાં આવ્યા છે. આદિતીર્થંકર ઋષભનાં પારણકનાં વર્ણન

---

૧. પૃ. ૬૭ (૨). ૨. પૃ. ૧૦૭ (૧). ૩. પૃ. ૧૧૦ (૨), ૧૧૧ (૧).
૪. પૃ. ૧૧૨ (૧). ૫. પૃ. ૧૧૪ (૨).
૬. પૃ. ૧૨૭ (૨). ૭. પૃ. ૧૨૮ (૧).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રસંગે એક કથાનક આપવામાં આવ્યું છે અને વિસ્તૃત વર્ણન માટે વસુદેવહિંડિ[૧]નો નામોલ્લેખ કરવામાં આવ્યો છે.

અર્હત્ પ્રત્યક્ષરૂપે સામાયિકના અર્થનો અનુભવ કરીને જ સામાયિકનું કથન કરે છે જે સાંભળીને ગણધર વગેરે શ્રોતાઓના હૃદયગત અશેષ સંશયનું નિવારણ થઈ જાય છે અને તેમને અર્હત્ની સર્વજ્ઞતામાં પૂર્ણ વિશ્વાસ થઈ જાય છે.[૨]

સામાયિકાર્થનું પ્રતિપાદન કરનાર ચરમ તીર્થંકર ભગવાન મહાવીરના શાસનમાં ઉત્પન્ન ચાર અનુયોગોનું વિભાજન કરનાર આર્યરક્ષિતની પ્રસૂતિ સાથે સમ્બદ્ધ 'माया य रुद्दसोमा....' વગેરે ગાથાઓનું વ્યાખ્યાન કરતાં વૃત્તિકારે એતદ્વિષયક કથાનકનું બહુ વિસ્તાર સાથે વર્ણન કર્યું છે.[૩] આ કથાનક પ્રસ્તુત સંસ્કરણનાં પચીસ પૃષ્ઠોમાં સમાપ્ત થયું છે.

ચતુર્વિંશતિસ્તવ અને વંદના નામના દ્વિતીય અને તૃતીય આવશ્યકનું નિર્યુક્તિ અનુસાર વ્યાખ્યાન કર્યા પછી પ્રતિક્રમણ નામના ચતુર્થ આવશ્યકની વ્યાખ્યા કરતાં આચાર્યે ધ્યાન પર વિશેષ પ્રકાશ પાડ્યો છે. 'प्रतिक्रमामि चतुर्भिर्ध्यानैः करणभूतैरश्रद्धेयादिना प्रकारेण योऽतिचारः कृतः, तद्यथा — आर्तध्यानेन, तत्र ध्यातिर्ध्यानमिति भावसाधनः.....' अयं ध्यानसमासार्थः । व्यासार्थस्तु ध्यानशतकादवसेयः, तच्चेदम्-....'[૪] એવું કહીને ધ્યાનશતકની સમસ્ત ગાથાઓનું વ્યાખ્યાન કર્યું છે. આ જ રીતે પરિસ્થાપનાની વિધિનું વર્ણન કરતાં આખી પરિસ્થાપનાનિર્યુક્તિ ઉદ્ધૃત કરી છે. સાત પ્રકારના ભયસ્થાનસંબંધી અતિચારોની આલોચનાનું વ્યાખ્યાન કરતાં સંગ્રહણીકારકૃત એક ગાથા ઉદ્ધૃત કરી છે.[૬] આગળની વૃત્તિમાં સંગ્રહણીકારની પણ અનેક ગાથાઓ ઉદ્ધૃત કરવામાં આવી છે. આ જ આવશ્યક અંતર્ગત અસ્વાધ્યાયસંબંધી નિર્યુક્તિની વ્યાખ્યામાં સિદ્ધસેન ક્ષમાશ્રમણની બે ગાથાઓ ઉદ્ધૃત કરવામાં આવી છે.[૭]

પંચમ આવશ્યક કાયોત્સર્ગના અંતે शिष्यहितायां कायोत्सर्गाध्ययनं समाप्तम् એવો પાઠ છે. આગળ પણ એવો જ પાઠ છે. તેનાથી જણાય છે કે પ્રસ્તુત વૃત્તિનું નામ શિષ્યહિતા છે. આ અધ્યયનનાં વિવરણથી પ્રાપ્ત પુણ્યનું ફળ શું હોય ? આનો ઉલ્લેખ કરતાં વૃત્તિકાર કહે છે :

कायोत्सर्गविवरणं कृत्वा यदवाप्तमिह मया पुण्यम् ।
तेन खलु सर्वसत्त्वा पञ्चविधं कायमुज्झन्तु ॥ १ ॥

---

૧. પૃ. ૧૪૫ (૨) ૨. પૃ. ૨૮૦ (૨). ૩. પૃ. ૨૯૬ (૧)-૩૦૮ (૧).
૪. ઉત્તરાર્ધ (પૂર્વભાગ), પૃ. ૫૮૧. ૫. પૃ. ૬૧૮ (૧)-૬૪૪ (૧).
૬. પૃ. ૬૪૫. ૭. પૃ. ૭૪૯ (૨)-૭૫૦ (૧).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાયોત્સર્ગવિવરણથી પ્રાપ્ત પુણ્યના ફલસ્વરૂપ બધા પ્રાણી પંચવિધ કાયનો ઉત્સર્ગ કરો. ષષ્ઠ આવશ્યક પ્રત્યાખ્યાનનાં વિવરણમાં શ્રાવકધર્મનું પણ વિસ્તારપૂર્વક વિવેચન કરવામાં આવ્યું છે. પ્રત્યાખ્યાનની વિધિ, માહાત્મ્ય વગેરે આવશ્યક વાતોની ચર્ચા કરતાં વૃત્તિકારે શિષ્યહિતા નામની આવશ્યકટીકા સમાપ્ત કરી છે : समाप्ता चेयं शिष्यहितानामावश्यकटीका । અંતમાં તેઓ લખે છે : कृतिः सिताम्बराचार्यजिनभटनिगदानुसारिणी विद्याधरकुलतिलकाचार्य–जिनदत्तशिष्यस्य धर्मतो जाइणीमहत्तरासूनोरल्पमतेराचार्यहरिभद्रस्य । પ્રસ્તુત ટીકા શ્વેતામ્બરાચાર્ય જિનભટના આજ્ઞાકારી વિદ્યાર્થી વિદ્યાધર કુળના તિલકભૂત આચાર્ય જિનદત્તના શિષ્ય અને યાકિની મહત્તરાના ધર્મપુત્ર અલ્પમતિ આચાર્ય હરિભદ્રની કૃતિ છે. આ ૨૨૦૦૦ શ્લોકપ્રમાણ છે :[1]

द्वाविंशति सहस्राणि, प्रत्येकाक्षरगणनया (संख्यया) ।
अनुष्टुप्छन्दसा मानमस्या उद्देशतः कृतम् ॥ १ ॥

●

१. ઉત્તરાર્ધ (ઉત્તરભાગ), પૃ. ૮૬૫ (૨).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચતુર્થ પ્રકરણ

કોટ્યાચાર્યકૃત વિશેષાવશ્યકભાષ્ય-વિવરણ

કોટ્યાચાર્યે આચાર્ય જિનભદ્રકૃત વિશેષાવશ્યકભાષ્ય પર ટીકા લખી છે. આ ટીકા સ્વયં આચાર્ય જિનભદ્ર દ્વારા શરૂ કરવામાં આવેલી તથા આચાર્ય કોટ્ટાર્ય દ્વારા પૂર્ણ કરવામાં આવેલી વિશેષાવશ્યકભાષ્યની સર્વપ્રથમ ટીકાથી ભિન્ન છે. કોટ્યાચાર્યે પોતાની ટીકામાં આચાર્ય હરિભદ્રનો અથવા તેમના કોઈ ગ્રન્થનો કોઈ ઉલ્લેખ નથી કર્યો. આ તથ્ય નજરમાં રાખતાં કેટલાક વિદ્વાનો એમ અનુમાન કરે છે કે કોટ્યાચાર્ય કાં તો હરિભદ્રના પૂર્વવર્તી છે અથવા સમકાલીન. કોટ્યાચાર્યે પોતાની ટીકામાં અનેક સ્થળે આવશ્યકની મૂળ ટીકા તથા વિશેષાવશ્યકભાષ્યની સ્વોપજ્ઞટીકાનો ઉલ્લેખ કર્યો છે. મૂળ ટીકા જિનભદ્રની છે, જેમના નામનો આચાર્યે ઉલ્લેખ પણ કર્યો છે. કોટ્યાચાર્યે પોતાની કૃતિમાં જિનભદ્રગણિ ક્ષમાશ્રમણનું સમ્માનપૂર્ણ શબ્દો દ્વારા સ્મરણ કર્યું છે. મલધારી હેમચન્દ્રસૂરિએ પોતાની વિશેષાવશ્યકભાષ્યની ટીકામાં આચાર્ય જિનભદ્ર સાથે કોટ્યાચાર્યનો પણ પ્રાચીન ટીકાકાર રૂપે ઉલ્લેખ કર્યો છે. આ બધાં તથ્યોને જોતાં એમ કહેવું અનુચિત નહિ ગણાય કે કોટ્યાચાર્ય એક પ્રાચીન ટીકાકાર છે અને સંભવતઃ તેઓ આચાર્ય હરિભદ્રથી પણ પ્રાચીન હોય. આવી સ્થિતિમાં આચાર્ય શીલાંક અને કોટ્યાચાર્ય એક જ વ્યક્તિ હોવાની પ્રભાવકચરિત્રકારની માન્યતા યુક્તિસંગત નથી જણાતી.[1] આચાર્ય શીલાંકનો સમય વિક્રમની નવમી દસમી શતાબ્દી છે જ્યારે કોટ્યાચાર્યનો સમય વિક્રમની આઠમી શતાબ્દી જ સિદ્ધ થાય છે. બીજી વાત એ છે કે શીલાંકસૂરિ અને કોટ્યાચાર્યને એક જ વ્યક્તિ માનવા માટે કોઈ ઐતિહાસિક પ્રમાણ પણ ઉપલબ્ધ નથી.

પ્રસ્તુત વિવરણ[2]માં કોટ્યાચાર્યે વિશેષાવશ્યકનું વ્યાખ્યાન કર્યું છે જે ન અતિ સંક્ષિપ્ત છે અને ન અતિ વિસ્તૃત. વિવરણમાં જે કથાનક ઉદ્ધૃત કરવામાં આવ્યાં છે તે પ્રાકૃતમાં છે : ક્યાંક-ક્યાંક પદ્યાત્મક કથાનક પણ છે. વિવરણકારે આચાર્ય જિનભદ્રકૃત વિશેષાવશ્યકભાષ્યની સ્વોપજ્ઞવૃત્તિ[3] અને જિનભટકૃત આવશ્યકવિવૃતિ

---

૧. પ્રભાવકચરિત્ર (ભાષાંતર) : પ્રસ્તાવના, પૃ. ૮૭.

૨. ઋષભદેવજી કેશરીમલજી શ્વેતામ્બર સંસ્થા, રતલામ, સન્ ૧૯૩૯-૭.

૩. પૃ. ૨૭૫. ૪. પૃ. ૨૪૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(મૂલટીકા?)[૧]નો પણ ઉલ્લેખ કર્યો છે. વિવરણમાં ક્યાંક-ક્યાંક પાઠાંતર આપવામાં આવ્યા છે.[૨]

પ્રારંભમાં આચાર્યે વીર જિનેશ્વર, શ્રુતદેવતા તથા જિનભદ્રગણિ ક્ષમાશ્રમણનું સાદર સ્મરણ કર્યું છે :

નવવિબુધવધૂનાં કન્દમાણિક્યભાસ-
શ્ચરણનખમયૂખૈરુલ્લસદ્ભિઃ કિરન્ ય : ।
અકૃત કૃતજગચ્છ્રીર્દેશનાં માનવેભ્યો,
જનયતુ જિનવીરઃ સ્થેયસીં વઃ સ લક્ષ્મીમ્ ॥ ૧ ॥
વિકચકેતકપત્રસમપ્રભા, મુનિપવાક્યમહોદધિપાલિની ।
પ્રતિદિનં ભવતામમરાર્ચિતા, પ્રવિદધાતુ સુખં શ્રુતદેવતા ॥ ૨ ॥
યૈર્ભવ્યામ્બુરુહાણિ જ્ઞાનકરૈર્બોધિતાનિ વઃ સન્તુ ।
અજ્ઞાનધ્વાન્તભિદે જિનભદ્રગણિક્ષમાશ્રમણપૂજ્યાર્કાઃ ॥ ૩ ॥

અંતમાં વિવરણકારે વિશેષાવશ્યકભાષ્યકાર — સામાયિકભાષ્યક ૨ આચાર્ય જિનભદ્ર (પૂજ્ય)નું પુનઃ સ્મરણ કર્યું છે :

ભાષ્યં સામાયિકસ્ય સ્ફુટવિકટપદાર્થોપગૂઢં યદેતત્,
શ્રીમત્પૂજ્યૈરકારિ ક્ષતકલુષધિયાં ભૂરિસંસ્કારકારિ ।
તસ્ય વ્યાખ્યાનમાત્રં કિમપિ વિદધતા યન્મયા પુણ્યમાસં,
પ્રેત્યાહં દ્રાગ્લભેયં પરમપરિમિતાં પ્રીતિમત્રૈવ તેન ॥

પ્રસ્તુત વિવરણનું ગ્રન્થમાન ૧૩૭૦૦ શ્લોકપ્રમાણ છે : ગ્રન્થાગ્રમસ્યા ત્રયોદશ સહસ્રાણિ સપ્તશતાધિકાનિ ।[૩]

●

૧. પુનર્લભન્ત્રિત્થમેવ મિથ્યાત્વં કરિષ્યતિ, તત્રાપ્યપૂર્વમિવાપૂર્વમિતિ જિનભટાચાર્યપાદાઃ-ઉત્તરભાગનો ઉપક્રમ, પૃ. ૪.
૨. પૃ. ૩૩૮.
૩. પૃ. ૯૮૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંચમ પ્રકરણ

ગન્ધહસ્તિકૃત શસ્ત્રપરિજ્ઞા-વિવરણ

આચાર્ય ગન્ધહસ્તીએ આચારાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કન્ધનાં પ્રથમ અધ્યયન શસ્ત્રપરિજ્ઞા પર ટીકા રચી હતી જે આ સમયે અનુપલબ્ધ છે. શીલાંકાચાર્યે પોતાની આચારાંગ-ટીકાના આરંભમાં આનો ઉલ્લેખ કર્યો છે. પ્રસ્તુત ગંધહસ્તી અને તત્ત્વાર્થભાષ્ય પર બૃહદ્‌વૃત્તિ લખનાર સિદ્ધસેન બંને એક જ વ્યક્તિ છે.[૧] તેઓ સિદ્ધસેન ભાસ્વામીના શિષ્ય છે. હજી સુધી તેમની ઉપર્યુક્ત બે કૃતિઓના વિષયમાં જ પ્રમાણ ઉપલબ્ધ છે. સિદ્ધસેનનું નામ ગંધહસ્તી કોણે અને ક્યારે પાડ્યું ? તેમણે સ્વયં પોતાની પ્રશસ્તિમાં ગંધહસ્તી પદ નથી જોડ્યું. એવું પ્રતીત થાય છે કે તેમના શિષ્ય અથવા ભક્ત અનુગામીઓએ તેમને ગંધહસ્તી રૂપે પ્રસિદ્ધ કર્યા છે. એવું કરવાનું કારણ એમ જણાય છે કે પ્રસ્તુત સિદ્ધસેન એક સૈદ્ધાન્તિક વિદ્વાન હતા. તેમનું આગમોનું જ્ઞાન અતિ સમૃદ્ધ હતું. તેઓ આગમવિરુદ્ધ માન્યતાઓનું ખંડન કરવા માટે ઘણા પ્રસિદ્ધ હતા. સિદ્ધાન્તપક્ષનું સ્થાપન કરવું તે તેમની એક બહુ મોટી વિશેષતા હતી. તેમની અઢાર હજાર શ્લોકપ્રમાણ તત્ત્વાર્થભાષ્યની વૃત્તિ સંભવતઃ તે કાળ સુધી રચવામાં આવેલી બધી વ્યાખ્યાઓમાં મોટી રહી હશે. આ બૃહદ્‌વૃત્તિ તથા તેમાં કરવામાં આવેલ આગમિક માન્યતાઓનાં સમર્થનને જોઈને તેમની પછીના શિષ્યો અથવા ભક્તોએ તેમનું નામ ગંધહસ્તી પાડી દીધું હશે. આ 'ગંધહસ્તી' શબ્દ એટલો અધિક મહત્ત્વપૂર્ણ છે કે તીર્થંકરો માટે પણ તેનો પ્રયોગ કરવામાં આવે છે. 'શક્રસ્તવ' નામથી પ્રસિદ્ધ 'નમોત્થુણં'ના પ્રાચીન સ્તોત્રમાં 'પુરિસવરગન્ધહત્થીણં' નો પ્રયોગ કરીને તીર્થંકરને ગંધહસ્તી વિશેષણ વડે વિશિષ્ટ બતાવવામાં આવ્યા છે. સિદ્ધસેન અર્થાત્ ગંધહસ્તીના સમય સંબંધમાં નિશ્ચિતરૂપે કંઈ નથી કહી શકાતું. હા, એટલું નિશ્ચિત છે કે તેઓ વિક્રમની સાતમી અને નવમી શતાબ્દીની વચ્ચે ક્યારેક થયા છે. તેમણે પોતાની તત્ત્વાર્થભાષ્ય-વૃત્તિમાં વસુબંધુ, ધર્મકીર્તિ વગેરે બૌદ્ધ વિદ્વાનોનો ઉલ્લેખ કર્યો છે,[૨] જેનાથી એમ સાબિત થાય છે કે તેઓ સાતમી શતાબ્દી (વિક્રમ)ની પહેલાં તો નથી થયા. બીજી તરફ નવમા શતાબ્દીમાં થયેલા આચાર્ય શીલાંકે તેમને ઉલ્લેખ કર્યો છે, જેનાથી એમ સાબિત થાય છે કે તેઓ નવમી શતાબ્દી પહેલાં કોઈ સમયમાં થયા છે.

●

---

૧. આ મતની પુષ્ટિ માટે જુઓ — તત્ત્વાર્થસૂત્ર : પરિચય, પૃ. ૩૪-૪૨ (પં. સુખલાલજીકૃત વિવેચન).

૨. તત્ત્વાર્થભાષ્યવૃત્તિ, પૃ. ૬૮, ૩૯૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ષષ્ઠ પ્રકરણ

શીલાંકકૃત વિવરણ

આચાર્ય શીલાંક શીલાચાર્ય તથા તત્ત્વાદિત્ય નામે પણ પ્રસિદ્ધ છે.[૧] કહેવામાં આવે છે કે તેમણે પ્રથમ નવ અંગો પર ટીકાઓ લખી હતી[૨], પરંતુ વર્તમાનમાં માત્ર આચારાંગ અને સૂત્રકૃતાંગની ટીકાઓ જ ઉપલબ્ધ છે. આચારાંગ-ટીકાની વિભિન્ન પ્રતોમાં ભિન્ન-ભિન્ન સમયનો ઉલ્લેખ છે. કોઈમાં શક સં. ૭૭૨નો ઉલ્લેખ છે તો કોઈમાં શક સં. ૭૮૪નો; કોઈમાં શક સં. ૭૯૮નો ઉલ્લેખ છે તો કોઈમાં ગુપ્ત સં. ૭૭૨નો.[૩] આનાથી એ જ સાબિત થાય છે કે આચાર્ય શીલાંક શકની આઠમી અર્થાત્ વિક્રમની નવમી-દસમી શતાબ્દીમાં વિદ્યમાન હતા.

આચારાંગવિવરણ :

પ્રસ્તુત વિવરણ[૪] મૂલ સૂત્ર તથા નિર્યુક્તિ પર છે. વિવરણકારે પોતાનું વિવરણ શબ્દાર્થ સુધી જ સીમિત રાખ્યું નથી પરંતુ પ્રત્યેક વિષયનું વિસ્તારપૂર્વક વિવેચન કર્યું છે. પોતાના વકતવ્યની પુષ્ટિ માટે વચ્ચે-વચ્ચે અનેક પ્રાકૃત તથા સંસ્કૃત ઉદ્ધરણો પણ આપ્યાં છે. ભાષા, શૈલી, સામગ્રી વગેરે બધી દૃષ્ટિએ વિવરણને સુબોધ બનાવવાનો પ્રયત્ન કર્યો છે. વિવરણ શરૂ કરતાં પહેલાં આચાર્યે સ્વયં આ વાત તરફ સંકેત કર્યો છે. પ્રારંભમાં વિવરણકારે જિનતીર્થનો મહિમા બતાવતાં તેનો જય ગાયો છે તથા ગંધહસ્તીકૃત શસ્ત્રપરિજ્ઞાવિવરણને અતિ કઠિન બતાવતાં આચારાંગ પર સુબોધ વિવરણ લખવાનો સંકલ્પ કર્યો છે :

---

૧. निर्वृतिकुलीनश्रीशीलाचार्येण तत्त्वादित्यापरनाम्ना वाहरिसाधुसहायेन कृता टीका परिसमाप्तेति ।
— આચારાંગ-ટીકા, પ્રથમ શ્રુતસ્કન્ધનો અંત.

૨. પ્રભાવકચરિત્ર : શ્રીઅભયદેવસૂરિપ્રબન્ધ, કા. ૧૦૪-૫.

૩. A History of the canonical Literature of the Jainas, પૃ. ૧૯૭.

૪. (અ) જિનહંસ તથા પાર્શ્વચન્દ્રની ટીકાઓ સહિત — રાયબહાદુર ધનપતસિંહ, કલકત્તા, વિ.સં. ૧૯૩૬.
(આ) આગમોદય સમિતિ, સૂરત, વિ.સં. ૧૯૭૨-૩.
(ઇ) જૈનાનન્દ પુસ્તકાલય, ગોપીપુરા, સૂરત, સન્ ૧૯૩૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जयति समस्तवस्तुपर्यायविचारापास्ततीर्थिकं,

विहितैकैकतीर्थनयवादसमूहवशात्प्रतिष्ठितम् ।

बहुविधिभंगिसिद्धसिद्धान्तविधूनितमलमलीमसं,

तीर्थमनादिनिधनगतमनुपममादिनतं जिनेश्वरैः ॥ १ ॥

आचारशास्त्रं सुविनिश्चितं यथा,

जगाद वीरो जगते हिताय यः ।

तथैव किंचिद् गदतः स एव मे,

पुनातु धीमान् विनयार्पिता गिरः ॥ २ ॥

शस्त्रपरिज्ञाविवरणमतिबहुगहनं च गन्धहस्तिकृतम् ।

तस्मात् सुखबोधार्थं गृह्णाम्यहमञ्जसा सारम् ॥ ३ ॥

આચાર્ય સર્વપ્રથમ સૂત્રોનો પદચ્છેદ કરે છે. પદચ્છેદ કર્યા પછી 'साम्प्रतं सूत्रपदार्थः' એવું કહીને પદોનો અર્થ સ્પષ્ટ કરે છે. તદનન્તર તદ્વિષયક વિશેષ શંકા-સમાધાન તરફ ધ્યાન આપે છે. આ પ્રસંગે પોતાના વક્તવ્યની વિશેષ પુષ્ટિ માટે ક્યાંક-ક્યાંક ઉદ્ધરણો પણ પ્રસ્તુત કરે છે. 'सुयं मे आउसं ! तेणं भगवया एवमक्खायं—इहमेगेसिं णो सण्णा भवति' (सू० १)નું વ્યાખ્યાન કરતાં વૃત્તિકાર કહે છે : तच्चेदं सूत्रम्—'सुयं मे आउसं ! तेणं भगवया एवमक्खायं—इहमेगेसिं णो सण्णा भवति' अस्य संहितादिक्रमेण व्याख्या—संहितोच्चरितैव, पदच्छेदस्त्वयम्-श्रुतं मया आयुष्मन् ! तेन भगवता एवमाख्यातम्—इह एकेषां नो संज्ञा भवति । एकं तिङन्तं शेषाणि सुबन्तानि, गतः सपदच्छेदः सूत्रानुगमः, साम्प्रतं सूत्रपदार्थः समुन्नीयते — भगवान् सुधर्म्मस्वामी जम्बूनाम्न इदमाचष्टे यथा—'श्रुतम्' आकर्णितमवगतमवधारितमिति यावद्, अनेन स्वमनोषिकाव्युदासो 'मये' ति साक्षान्न पुनः पारम्पर्येण, 'आयुष्मन्निति' जात्यादिगुणसंभवेऽपि दीर्घायुष्कत्वगुणोपादानं दीर्घायुरविच्छेदेन शिष्योपदेशप्रदायको यथा स्यात्.... 'इहे' ति क्षेत्रे प्रवचने आचारे शस्त्रपरिज्ञायां वा आख्यातमिति सम्बन्धो, यदि वा—'इहे' त्ति संसारे 'एकेषां' ज्ञानावरणीयावृतानां प्राणिनां 'नो संज्ञा भवति', संज्ञानं संज्ञा स्मृतिरवबोध इत्यनर्थान्तरं, सा नो जायते इत्यर्थः, उक्तः पदार्थः, पदविग्रहस्य तु सामासिकपदाभावादप्रकटनम् । इदानीं चालना—ननु चाकारादिकप्रतिषेधकलघुशब्दसम्भवे सति किमर्थं नोशब्देन प्रतिबोध इति ? अत्र प्रत्यवस्था—सत्यमेवं, किन्तु प्रेक्षापूर्वकारितया नोशब्दोपादानं, सा चेयम्—अन्येन प्रतिषेधेन सर्वनिषेधः स्याद्, यथा न घटाऽघट इति

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चोक्ते सर्वात्मना घटनिषेधः, स च नेष्यते, यतः प्रज्ञापनायां दश संज्ञाः सर्वप्राणिनामभिहितास्तासां सर्वासां प्रतिषेधः प्राप्नोतीति कृत्वा, ताश्चेमाः.....एवमिहापि न सर्वसंज्ञानिषेधः, अपितु विशिष्टसंज्ञानिषेधो, ययाऽऽत्मादिपदार्थस्वरूपं गत्यागत्यादिकं ज्ञायते तस्या निषेध इति ।[1]

આ જ રીતે નિર્યુક્તિ-ગાથાઓની વ્યાખ્યામાં પણ પ્રત્યેક પદનો અર્થ સારી રીતે સ્પષ્ટ કરવામાં આવ્યો છે. પ્રથમ અધ્યયનની વ્યાખ્યાના અંતે વિવરણકારે ફરી એ વાતનો નિર્દેશ કર્યો છે કે આચાર્ય ગંધહસ્તીએ આચારાંગના શસ્ત્રપરિજ્ઞા નામના પ્રથમ અધ્યયનનું વિવરણ લખ્યું છે, જે અતિ કઠિન છે. હું હવે અવશિષ્ટ અધ્યયનોનું વિવરણ શરૂ કરું છું :[2]

शस्त्रपरिज्ञाविवरणमतिगहनमितीव किल वृतं पूज्यैः ।
श्रीगन्धहस्तिमिश्रैर्विवृणोमि ततोऽहमवशिष्टम् ॥ २ ॥

ષષ્ઠ અધ્યયનની વ્યાખ્યા પછી અષ્ટમ અધ્યયનની વ્યાખ્યા શરૂ કરતા આચાર્ય કહે છે કે મહાપરિજ્ઞા નામના સપ્તમ અધ્યયનનો વ્યવચ્છેદ થઈ જવાને કારણે તેનું ઉલ્લંઘન કરીને અષ્ટમ અધ્યયનનું વિવેચન શરૂ કરવામાં આવે છે : अधुना सप्तमाध्ययनस्य महापरिज्ञाख्यस्यावसरः, तच्च व्यवच्छिन्नमितिकृत्वा-ऽतिलंघ्याष्टमस्य सम्बंधो वक्तव्यः ।[3] વિમોક્ષ નામના અષ્ટમ અધ્યયનના ષષ્ઠ ઉદ્દેશકની વૃત્તિમાં નાગરિક-શાસ્ત્રસમ્મત ગ્રામ, નગર, ખેટ, કર્બટ, મડમ્બ, પત્તન, દ્રોણમુંખ, આકર, આશ્રમ, સન્નિવેશ, નૈગમ અને રાજધાનીનું સ્વરૂપ આ પ્રમાણે બતાવવામાં આવ્યું છે :—[4]

'ग्रसति बुद्ध्यादीन् गुणानिति गम्यो वाऽष्टादशानां कराणामिति ग्रामः ..... नात्र करो विद्यत इति नकरं, पांशुप्राकारबद्धं खेटं, क्षुल्लकप्राकारवेष्टितं कर्बटं, अर्द्धतृतीयगव्यूतान्तर्ग्रामरहितं मडम्बं, पत्तनं तु द्विधा—जलपत्तनं स्थलपत्तनं च, जलपत्तनं यथा काननद्वीपः, स्थलपत्तनं यथा मथुरा, द्रोणमुखं जलस्थलनिर्गमप्रवेशं यथा भरुकच्छं तामलिप्ती वा, आकरो हिरण्याकरादिः, आश्रमः तापसावसथोपलक्षित आश्रयः सन्निवेशः यात्रासमागतजनावासो जनसमागमो वा, नैगमः प्रभुततरवणिग्वर्गावासः, राजधानी राजाधिष्ठानं राज्ञः, पीठिकास्थानमित्यर्थः ।'

જે વૃદ્ધિ વગેરે ગુણોનો નાશ કરે છે અથવા અઢાર પ્રકારના કરોનું સ્થાન છે તે ગ્રામ છે. જ્યાં કોઈ પ્રકારનો કર નથી હોતો તે નકર (નગર) છે. માટીના

---

૧. આગમોદય-સંસ્કરણ, પૃ.૧૧. ૨. પૃ. ૮૧ (૨).
૩. પૃ. ૨૫૯ (૧). ૪. પૃ. ૨૮૪ (૨)-૨૮૫ (૧).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કિલ્લાથી ઘેરાયેલું ક્ષેત્ર ખેટ કહેવાય છે. નાના કિલ્લાથી વેષ્ટિત ક્ષેત્ર કર્બટ કહેવાય છે. જેની આસપાસ અઢી કોસ દૂર સુધી અન્ય ગ્રામ ન હોય તે મડમ્બ કહેવાય છે. પત્તન બે પ્રકારનું છે : જલપત્તન અને સ્થલપત્તન. કાનનદ્વીપ વગેરે જલપત્તન છે. મથુરા વગેરે સ્થલપત્તન છે. જળ અને સ્થળનાં આવાગમનનાં કેન્દ્રોને દ્રોણમુખ (બંદર) કહે છે. ભરુકચ્છ, તામ્રલિપ્તિ વગેરે આ જ પ્રકારનાં સ્થાન છે. સુવર્ણ વગેરેના કોષને આકર કહે છે. તપસ્વીઓનાં વાસ–સ્થાન આશ્રમ કહેવાય છે. યાત્રીઓના સમુદાય અથવા સામાન્ય જનસમૂહને સન્નિવેશ કહે છે. વ્યાપારી વર્ગની વસતિ નૈગમ કહેવાય છે. રાજાનાં મુખ્ય સ્થાન–પીઠિકા-સ્થાનને રાજધાની કહે છે.

દ્વિતીય શ્રુતસ્કન્ધના વ્યાખ્યાનનાં પ્રારંભે વિવરણકારે ફરી મધ્ય મંગલ કરતાં ત્રણ શ્લોક લખ્યા છે તથા ચતુર્ચૂડાત્મક દ્વિતીય શ્રુતસ્કન્ધની વ્યાખ્યા કરવાની પ્રતિજ્ઞા કરી છે. આ શ્રુતસ્કન્ધનું નામ અગ્રશ્રુતસ્કન્ધ કેમ રાખવામાં આવ્યું, તેનો પણ નિર્યુક્તિની સહાયથી વિચાર કરવામાં આવ્યો છે.[1] પ્રથમ અને દ્વિતીય બંને શ્રુતસ્કન્ધોનાં વિવરણના અંતે સમાપ્તિસૂચક શ્લોક છે. દ્વિતીય શ્રુતસ્કન્ધના અંતે માત્ર એક શ્લોક છે જેમાં આચાર્યે આચારાંગની ટીકા રચવાથી પ્રાપ્ત સ્વપુણ્યને લોકની આચારશુદ્ધિ માટે પ્રદાન કર્યું છે :[2]

आचारटीकाकरणे यदाप्तं, पुण्यं मया मोक्षगमैकहेतुः ।
तेनापनीयाशुभराशिमुच्चैराचारमार्गप्रवणोऽस्तु लोकः ॥

પ્રથમ શ્રુતસ્કન્ધના અંતે ચાર શ્લોક છે જેમાં એમ બતાવવામાં આવ્યું છે કે શીલાચાર્યે ગુપ્ત સંવત્ ૭૭૨ના ભાદ્રપદ શુક્લા પંચમીના દિવસે ગંભૂતામાં પ્રસ્તુત ટીકા પૂર્ણ કરી. આચાર્યે ટીકામાં રહેલી ત્રુટિઓનું સંશોધન કરી લેવાની પણ નમ્રતાપૂર્વક સૂચના આપી છે અને આ ટીકાની રચનાથી પ્રાપ્ત પુણ્યથી જગતમાં સદાચાર-વૃદ્ધિની કામના કરી છે :[3]

द्वासप्तत्यधिकेषु हि शतेषु सप्तसु गतेषु गुप्तानाम् ।
संवत्सरेषु मासि च भाद्रपदे शुक्लपञ्चम्याम् ॥ १ ॥
शीलाचार्येण कृता गम्भूतायां स्थितेन टीकैषा ।
सम्यगुपयुज्य शोध्यं मात्सर्यविनाकृतैरार्यैः ॥ २ ॥
कृत्वाऽऽचारस्य मया टीकां यत्किमपि सञ्चितं पुण्यम् ।
तेनाप्नुयाज्जगदिदं निर्वृतिमतुलां सदाचारम् ॥ ३ ॥

---

१. पृ. ३१८. २. पृ. ४३१ (२). ३. पृ. ३१७.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वर्णः पदमथ वाक्यं पद्यादि च यन्मया परित्यक्तम् ।
तच्छोधनीयमत्र च व्यामोहः कस्य नो भवति ॥ ४ ॥

આ શ્રુતસ્કન્ધના અંતે એવો પણ ઉલ્લેખ છે કે આચાર્ય શીલાંક નિર્વૃતિ કુલના હતા, તેમનું બીજું નામ તત્ત્વાદિત્ય હતું તથા તેમને પ્રસ્તુત ટીકા રચવામાં વાહરિસાધુએ સહાયતા કરી હતી : तदात्मकस्य ब्रह्मचर्याख्यश्रुतस्कन्धस्य निर्वृतिकुलीनश्रीशीलाचार्येण तत्त्वादित्यापरनाम्ना वाहरिसाधुसहायेन कृता टीका परिसमाप्तेति ।[1] આખી ટીકાનું ગ્રંથમાન ૧૨૦૦૦ શ્લોકપ્રમાણ છે.[2]

સૂત્રકૃતાંગવિવરણ :

શીલાંકાચાર્યવિહિત પ્રસ્તુત વિવરણ[3] સૂત્રકૃતાંગ મૂલ તથા તેની નિર્યુક્તિ પર છે. પ્રારંભમાં આચાર્યે જિનોને નમસ્કાર કર્યા છે તથા પ્રસ્તુત વિવરણ લખવાની પ્રતિજ્ઞા કરી છે :

स्वपरसमयार्थसूचकमनन्तगमपर्ययार्थगुणकलितम् ।
सूत्रकृतमङ्गमतुलं विवृणोमि जिनान्नमस्कृत्य ॥ १ ॥
व्याख्यातमङ्गमिह यद्यपि सूरिमुख्यैर्भक्त्या
तथापि विवरीतुमहं यतिष्ये ।
किं पक्षिराजगतमित्यवगम्य सम्यक्,
तेनैव वाञ्छति पथा शलभो न गन्तुम् ॥ २ ॥
ये मय्यवज्ञां व्यधुरिद्धबोधा,
जानन्ति ते किञ्चन तानपास्य ।
मत्तोऽपि यो मन्दमतिस्तयार्थी,
तस्योपकाराय ममैष यत्नः ॥ ३ ॥

આચાર્યે વિવરણને બધી દૃષ્ટિએ સફળ બનાવવાનો પ્રયત્ન કર્યો છે અને તે માટે દાર્શનિક દૃષ્ટિએ વસ્તુનું વિવેચન, પ્રાચીન પ્રાકૃત તથા સંસ્કૃત પ્રમાણોનું ઉદ્ધરણ,

---

૧. પૃ. ૩૧૬ (૨). ૨. પૃ. ૪૩૨.
૩. (અ) આગમોદય સમિતિ, મહેસાણા, સન્ ૧૯૧૭.
(આ) હર્ષકુલકૃત વિવરણસહિત – ભીમસી માણેક, મુંબઈ, વિ.સં.૧૯૩૬.
(ઇ) હિન્દી અર્થસહિત (પ્રથમ શ્રુતસ્કન્ધ) – મહાવીર જૈન જ્ઞાનોદય સોસાયટી, રાજકોટ, વિ.સં. ૧૯૯૩-૫.
(ઈ) સાધુરંગરચિતદીપિકાસહિત – ગૌડીપાર્શ્વ જૈન ગ્રંથમાલા, મુંબઈ, સન્ ૧૯૫૦ (પ્રથમ શ્રુતસ્કન્ધ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વપક્ષ તથા પરપક્ષની માન્યતાઓનું અસંદિગ્ધ નિરૂપણ વગેરે સમસ્ત આવશ્યક સાધનોનો ઉપયોગ કર્યો છે. અહીં-તહીં પાઠાંતર પણ ઉદ્ધૃત કર્યાં છે. પ્રસ્તુત વિવરણમાં એક વાત વિશેષ ધ્યાન આપવા યોગ્ય છે અને તે એ કે વિવરણકારે પોતાના વિવરણમાં અનેક શ્લોક તથા ગાથાઓ ઉદ્ધૃત કરી છે પરંતુ ક્યાંય પણ કોઈ શ્લોક અથવા ગાથાના રચયિતાના નામનો નિર્દેશ નથી કર્યો. એટલું જ નહિ, તત્સમ્બદ્ધ ગ્રંથનાં નામનો પણ ઉલ્લેખ નથી કર્યો. 'तदुक्तम्', 'अन्यैरप्युक्तम्', 'तथा चोक्तम्', 'उक्तञ्च', 'तथाहि' વગેરે શબ્દો સાથે કોઈ ગ્રંથવિશેષ અથવા ગ્રંથકાર વિશેષના નામનો નિર્દેશ કર્યા વિના સમસ્ત ઉદ્ધરણોનો ઉપયોગ કર્યો છે.

વિવરણના અંતે આવો ઉલ્લેખ છે : (૧૨૮૫૦ શ્લોક-પ્રમાણ) પ્રસ્તુત ટીકા શીલાચાર્યે વાહરિગણિની સહાયતાથી પૂરી કરી છે : कृता चेयं शीलाचार्येण वाहरिगणिसहायेन । આ પછી ટીકાથી પ્રાપ્ત પોતાનું પુણ્ય ભવ્ય જનનો અજ્ઞાનાંધકાર દૂર કરવા માટે પ્રદાન કરતાં તેઓ કહે છે :

यदवाप्तमत्र पुण्यं टीकाकरणे मया समाधिभृता ।
तेनापेततमस्को भव्यः कल्याणभाग् भवतु ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સપ્તમ પ્રકરણ

શાન્તિસૂરિકૃત ઉત્તરાધ્યયનટીકા

વાદિવેતાલ શાન્તિસૂરિએ ઉત્તરાધ્યયનસૂત્ર પર ટીકા રચી છે. તેમનો જન્મ રાધનપુરની પાસેના ઉણ—ઉન્નતાયુ નામના ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ ધનદેવ હતું અને માતાનું નામ ધનશ્રી હતું. શાન્તિસૂરિનું બાલ્યાવસ્થાનું નામ ભીમ હતું. પ્રભાવક-ચરિત્રમાં તેમનું ચરિત્ર-વર્ણન આ મુજબ છે :[૧]

તે સમયે પાટણમાં 'સંપક વિહાર' નામનું એક પ્રસિદ્ધ જિનમંદિર હતું. તેની જ પાસે થારાપદ ગચ્છનો ઉપાશ્રય હતો. આ ઉપાશ્રયમાં થારાપદ્ર-ગચ્છીય વિજયસિંહસૂરિ નામના આચાર્ય રહેતા હતા. તેઓ વિચરતા વિચરતા ઉન્નાયુ પહોંચ્યા અને ધનદેવને સમજાવીને પ્રતિભાશાળી બાળક ભીમને દીક્ષા આપી. દીક્ષા પછી ભીમનું નામ શાન્તિ થઈ ગયું. કાલક્રમે શાન્તિ આચાર્યપદ પ્રાપ્ત કરીને વિજયસિંહસૂરિના પટ્ટધર શિષ્ય શાન્તિસૂરિ થયા.

પાટણના ભીમરાજની સભામાં શાન્તિસૂરિ 'કવીન્દ્ર' તથા 'વાદિચક્રવર્તી' રૂપે પ્રસિદ્ધ હતા. કવિ ધનપાલે પ્રાર્થના કરવાથી શાન્તિસૂરિએ માલવપ્રદેશમાં વિહાર કર્યો તથા ભોજરાજની સભાના ૮૪ વાદીઓને પરાજિત કરી ૮૪ લાખ રૂપિયા પ્રાપ્ત કર્યા. માળવાના એક લાખ રૂપિયા ગુજરાતના ૧૫ હજાર રૂપિયા બરાબર થતા હતા. આ હિસાબે ભોજે ૧૨ લાખ ૬૦ હજાર ગુજરાતી રૂપિયા શાન્તિસૂરિને ભેટ આપ્યા. આમાંથી ૧૨ લાખ રૂપિયા તો તેમણે ત્યાં જ જિનમંદિર બનાવવામાં ખર્ચી નાખ્યા. બાકીના ૬૦ હજાર રૂપિયા થરાદનગરમાં મોકલાવ્યા જે ત્યાંના આદિનાથ મંદિરમાં રથ વગેરે બનાવવામાં વાપરવામાં આવ્યા.

પોતાની સભામાં પંડિતો માટે શાન્તિસૂરિ વેતાલ સમાન હતા આથી રાજા ભોજે તેમને 'વાદિવેતાલ' પદથી વિભૂષિત કર્યા. ધારાનગરીમાં કેટલોક સમય સુધી રોકાઈને શાન્તિસૂરિએ મહાકવિ ધનપાલની 'તિલકમંજરી'નું સંશોધન કર્યું અને પછી ધનપાલ સાથે તેઓ પણ પાટણ આવ્યા. તે સમયે ત્યાંના શેઠ જિનદેવના પુત્ર પદ્મદેવને સાપે ડંખ માર્યો હતો. તેને મૃત સમજીને જમીનમાં દાટી દેવામાં આવ્યો હતો. શાન્તિસૂરિએ તેને નિર્વિષ કરી જીવન-પ્રદાન કર્યું.

---

૧. શ્રીશાન્તિસૂરિ-પ્રબન્ધ (મુનિ કલ્યાણવિજયજીનું ભાષાંતર).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાન્તિસૂરિના બત્રીસ શિષ્યો હતા. તેઓ તે બધાને પ્રમાણશાસ્ત્રનો અભ્યાસ કરાવતા હતા. તે સમયે નાડોલથી વિહાર કરીને આવેલા મુનિચન્દ્રસૂરિ પાટણની ચૈત્યપરિપાટી યાત્રામાં ફરતા ત્યાં પહોંચ્યા અને ઊભા-ઊભા જ પાઠ સાંભળીને ચાલ્યા ગયા. આ પ્રમાણે તેઓ પંદર દિવસ સુધી આ જ રીતે પાઠ સાંભળતા રહ્યા. સોળમા દિવસે બધા શિષ્યોની પરીક્ષા સાથે તેમની પણ પરીક્ષા લેવામાં આવી. મુનિચન્દ્રનો બુદ્ધિચમત્કાર જોઈને શાન્તિસૂરિ અતિ પ્રસન્ન થયા તથા તેમને પોતાની પાસે રાખીને પ્રમાણશાસ્ત્રનો વિશેષ અભ્યાસ કરાવ્યો.

શાન્તિસૂરિ પોતાના અંતિમ દિવસોમાં ગિરનારમાં રહ્યા. ત્યાં તેમણે ૨૫ દિવસ સુધી અનશન-સંથારો કર્યો, જે વિ.સં.૧૦૯૬ના જ્યેષ્ઠ શુક્લ ૯ મંગળવારે પૂર્ણ થયો અને તેઓ સ્વર્ગવાસી થયા.

શાન્તિસૂરિના સમય વિશે એટલું કહી શકાય કે પાટણમાં ભીમદેવનું શાસન વિ.સં.૧૦૭૮થી ૧૧૨૦ સુધી હતું તથા શાન્તિસૂરિએ ભીમદેવની સભામાં 'કવીન્દ્ર' અને 'વાદિચક્રવર્તી'ની પદવીઓ પ્રાપ્ત કરી હતી. જેમની સભામાં શાન્તિસૂરિએ ૮૪ વાદિઓને પરાજિત કર્યા હતા તે રાજા ભોજ વિ.સં.૧૦૬૭થી ૧૧૧૧ સુધી શાસક રૂપે વિદ્યમાન હતો. કવિ ધનપાલે વિ.સં.૧૦૨૯માં પોતાની બહેન માટે 'પાઇયલચ્છીનામમાલા'ની રચના કરી હતી. શાન્તિસૂરિ અને ધનપાલ લગભગ સમવયસ્ક હતા. આ ત્રણે પ્રમાણો જોતાં એમ કહી શકાય કે શાન્તિસૂરિનો સમય વિક્રમની અગીયારમી સદી છે.

શાન્તિસૂરિએ ઉત્તરાધ્યયન-ટીકા સિવાય ધનપાલની 'તિલકમંજરી' પર પણ એક ટિપ્પણ રચ્યું છે જે પાટણના ભંડારોમાં આજે પણ વિદ્યમાન છે. જીવવિચારપ્રકરણ અને ચૈત્યવન્દન-મહાભાષ્ય પણ તેમની જ કૃતિઓ માનવામાં આવે છે.

વાદિવેતાલ શાન્તિસૂરિકૃત પ્રસ્તુત ટીકા[1]નું નામ શિષ્યહિતાવૃત્તિ છે. તે પાઈઅ-ટીકાના નામે પણ પ્રસિદ્ધ છે કેમકે તેમાં પ્રાકૃત કથાનકો તથા ઉદ્ધરણોની બહુલતા છે. ટીકા ભાષા, શૈલી, સામગ્રી બધી દૃષ્ટિએ સફળ છે. તેમાં મૂલ સૂત્ર તથા નિર્યુક્તિ બંનેનું વ્યાખ્યાન છે. વચ્ચે ક્યાંક-ક્યાંક ભાષ્યગાથાઓ પણ ઉદ્ધૃત કરવામાં આવી છે અનેક સ્થાનો પર પાઠાંતર પણ આપવામાં આવ્યાં છે. પ્રારંભમાં નિમ્નલિખિત મંગલશ્લોક છે :

शिवदाः सन्तु तीर्थेशा, विघ्नसंघातघातिनः ।
भवकूपोद्धृतौ येषां वाग् वरत्रायते नृणाम् ॥ १ ॥

१. દેવચન્દ્ર લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર, મુંબઈ, સન્ ૧૯૧૬-૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

समस्तवस्तुविस्तारे, व्यासर्पत्तैलवज्जले ।
जीयात् श्रीशासन जैनं, धीदीपोद्दीप्तिवर्द्धनम् ॥ २ ॥
यत्प्रभावादवाप्यन्ते, पदार्थाः कल्पनां विना ।
सा देवी संविदे नः स्तादस्तकल्पलतोपमा ॥ ३ ॥
व्याख्याकृतामखिलशास्त्रविशारदानां
सूच्यग्रवेधकधियां शिवमस्तु तेषाम् ।
यैरत्र गाढतरगूढविचित्रसूत्र-
ग्रंथिर्विभिद्य विहितोऽद्य ममापि गम्यः ॥ ४ ॥
अध्ययनानामेषां यदपि कृताश्चूर्णिवृत्तियः कृतिभिः ।
तदपि प्रवचनभक्तिस्त्वरयति मामत्र वृत्तिविधौ ॥ ५ ॥

મંગલવિષયક પરંપરાગત ચર્ચા કર્યા પછી આચાર્યે ક્રમશઃ પ્રત્યેક અધ્યયન અને તેની નિર્યુક્તિનું વિવેચન કર્યું છે. પ્રથમ અધ્યયનની વ્યાખ્યામાં નયનું સ્વરૂપ બતાવતાં મહામતિ (સિદ્ધસેન)ની નિમ્ન ગાથા ઉદ્ધૃત કરી છે[૧] :

तित्थयरवयणसंगहविसेसपत्थारमूलवागरणी
दव्वट्ठिओ वि पज्जवणओ य सेसा वियप्पा सिं ॥

અર્થાત્ તીર્થંકરના વચનોનો વિચાર કરવા માટે મૂલ બે નય છે : દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક. બાકીના નય તેમના જ વિકલ્પ છે.

વસ્તુની નામરૂપતા સિદ્ધ કરતાં આચાર્યે ભર્તૃહરિનો એક શ્લોક ઉદ્ધૃત કર્યો છે.[૨] 'तथा च पूज्याः', 'उक्तं च पूज्यैः' વગેરે શબ્દો સાથે વિવિધ પ્રસંગે વિશેષાવશ્યકભાષ્યની અનેક ગાથાઓ ઉદ્ધૃત કરવામાં આવી છે.[૩] 'समरेसु अगारेसुं.....' (અ૦ ૧, સૂ૦ ૨૬)ની વૃત્તિમાં 'तथा च चूर्णिकृति' એવું કહેતાં વૃત્તિકારે ચૂર્ણિનું એક વાક્ય ઉદ્ધૃત કર્યું છે.[૪] આગળ 'नागार्जुनीयास्तु पठन्ति' એવું લખતાં નાગાર્જુનીય વાચનાસમ્મત ગાથા પણ ઉદ્ધૃત કરી છે.[૫] નયની સંખ્યાનું વિશેષ વિવેચન કરતાં આચાર્યે બતાવ્યું છે કે પૂર્વવિદોએ સકલનયસંગ્રાહી સાતસો નયોનું વિધાન કર્યું છે. તે સમયે એતદ્વિષયક 'सप्तशतारनयचक्र' નામનું અધ્યયન પણ વિદ્યમાન હતું. તત્સંગ્રાહી વિધ્યાદિ બાર પ્રકારના નયોનું નયચક્ર (દ્વાદશારનયચક્ર)માં પ્રતિપાદન કરવામાં આવ્યું છે જે આજે પણ વિદ્યમાન છે : तथाहि—पूर्वविद्भिः सकलनयसंग्राहीणि

---

૧. પ્રથમ વિભાગ, પૃ. ૨૧ (૧). ૨. એજન. ૩. પૃ. ૨૧ (૨).
૪. પૃ. ૫૬ (૨). ૫. પૃ. ૬૬ (૧).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सप्त नयशतानि विहितानि, यत् प्रतिबद्धं सप्तशतारं नयचक्राध्ययनमासीत्, तत्संग्राहिण: पुनर्द्वादश विध्यादयो, यत्प्रतिपादकमिदानीमपि नयचक्रमास्ते....।[१]

દ્વિતીય અધ્યયનની વ્યાખ્યામાં પરીષહોના સ્વરૂપનું વિવેચન કરતાં વૃત્તિકાર કહે છે કે ભગવાન મહાવીરે આ પરીષહોનો ઉપદેશ આપ્યો છે. આ પ્રસંગે કણાદાદિપરિકલ્પિત ઈશ્વરવિશેષ અને અપૌરુષેય આગમ—આ બંનેનું નિરાકરણ કરવામાં આવ્યું છે. દેહાદિના અભાવમાં આગમનિર્માણની કલ્પના અસંગત છે : देहादिविरहात् तथाविधप्रयत्नाभावेनाऽऽख्यानायोगात् ।[२] અચેલપરીષહની ચર્ચા કરતાં આચાર્ય કહે છે કે ચીવર ધર્મસાધનામાં એકાન્તરૂપે બાધક નથી. ધર્મનું વાસ્તવિક બાધક-કારણ તો કષાય છે. આથી સકષાય ચીવર જ ધર્મસાધનામાં બાધક છે. જે રીતે ધર્મસિદ્ધિ માટે શરીર ધારણ કરવામાં આવે છે અને તેનું ભિક્ષા વગેરેથી પોષણ કરવામાં આવે છે તે જ રીતે પાત્ર અને ચીવર પણ ધર્મસિદ્ધિ માટે જ છે. જેમકે વાચક સિદ્ધસેન કહે છે :

मोक्षाय धर्मसिद्ध्यर्थं, शरीरं धार्यते यथा ।
शरीरधारणार्थं च, भैक्षग्रहणमिष्यते ॥ १ ॥
तथैवोपग्रहार्थाय, पात्रं चीवरमिष्यते ।
जिनैरुपग्रहः साधोरिष्यते न परिग्रहः ॥ २ ॥

આગળ આ જ અધ્યયનની વૃત્તિમાં અશ્વસેન અને વાત્સ્યાયનનો પણ નામોલ્લેખ કરવામાં આવ્યો છે.[૪]

ચતુરંગીય નામના તૃતીય અધ્યયનની વૃત્તિમાં આવશ્યકચૂર્ણિ, વાચક (સિદ્ધસેન) અને શિવશર્મનો નામોલ્લેખ છે.[૫] શિવશર્મની 'जोगा पयडिपएसं ठितिअणुभागं.....' ગાથાની પ્રથમ પંક્તિ પણ ઉદ્ધૃત કરવામાં આવી છે.

ચતુર્થ અધ્યયનની વ્યાખ્યામાં જીવકરણનું સ્વરૂપ બતાવતાં વૃત્તિકાર કહે છે કે જીવભાવકરણ બે પ્રકારનું છે : શ્રુતકરણ અને નોશ્રુતકરણ. શ્રુતકરણ ફરી બે પ્રકારનું છે : બદ્ધ અને અબદ્ધ. બદ્ધના બે ભેદ છે : નિશીથ અને અનિશીથ. તે ફરી લૌકિક અને લોકોત્તર ભેદથી બે પ્રકારના છે. નિશીથાદિ સૂત્ર લોકોત્તર નિશીથશ્રુત અંતર્ગત છે, જ્યારે બૃહદારણ્યકાદિ લૌકિક નિશીથશ્રુતમાં સમાવિષ્ટ છે. આચારાદિ લોકોત્તર

---

૧. પૃ. ૬૭ (૨). ૨. પૃ. ૮૦ (૨). ૩. પૃ. ૯૫ (૨).
૪. પૃ. ૧૩૧ (૧). ૫. પૃ. ૧૭૨ (૧), ૧૮૫ (૨), ૧૯૦ (૧).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનિશીથશ્રુત અંતર્ગત છે જ્યારે પુરાણાદિનો લૌકિક અનિશીથશ્રુતમાં સમાવેશ છે. આ જ રીતે અબદ્ધ શ્રુત પણ લૌકિક અને લોકોત્તર ભેદથી બે પ્રકારનું હોય છે.[૧] આચાર્ય પરંપરાથી ચાલ્યા આવતા અનેક પ્રકારનાં કથાનકો વગેરે અબદ્ધ શ્રુત અંતર્ગત છે.

ક્ષુલ્લકનિર્ગ્રન્થીય નામના છઠ્ઠા અધ્યયનની વ્યાખ્યામાં નિર્ગ્રન્થના ભેદ-પ્રભેદોની ચર્ચા કરતાં 'आह च भाष्यकृत्' એમ કહીને ટીકાકારે ચૌદ ભાષ્ય-ગાથાઓ ઉદ્ધૃત કરી છે[૧] જે ઉત્તરાધ્યયનભાષ્યની જ પ્રતીત થાય છે.[૩]

આઠમા અધ્યયન – કાપિલીયાધ્યયનનાં વિવેચનમાં સંસારની અનિત્યતાનું પ્રતિપાદન કરતાં 'तथा च हारिलवाचक' એવા શબ્દો સાથે હારિલવાચકનો નિમ્ન શ્લોક ઉદ્ધૃત કરવામાં આવ્યો છે :[૩]

चलं राज्यैश्वर्यं धनकनकसारः परिजनो,
नृपाद्वाल्लभ्यं च चलममरसौख्यं च विपुलम् ।
चलं रूपाऽऽरोग्यं चलमिह चरं जीवितमिदं,
जनो दृष्टो यो वै जनयति सुखं सोऽपि हि चलः ॥

નમિપ્રવ્રજ્યા નામના નવમા અધ્યયનનાં વિવરણમાં 'यत आह आससेनः' એવો નિર્દેશ કરતાં અષ્ટમી અને પૂર્ણિમાના દિવસે નિયત રૂપે પૌષધનું વિધાન કરનારી નિમ્નલખિત આસસેનીય (અશ્વસેનીય) કારિકા ઉદ્ધૃત કરવામાં આવી છે :[૪]

सर्वैष्वपि तपोयोगः, प्रशस्तः कालपर्वसु ।
अष्टम्यां पंचदश्यां च, नियतं पोषधं वसेद् ॥

પ્રવચનમાત્રાખ્ય ચોવીસમા અધ્યયનની વૃત્તિના અંતે ગુપ્તિનું સ્વરૂપ બતાવતાં ટીકાકારે 'उक्तं हि गन्धहस्तिना' એવું લખતાં આચાર્ય ગંધહસ્તીનું એક વાક્ય ઉદ્ધૃત કર્યું છે. તે આ પ્રમાણે છે : सम्यगागमानुसारेणारक्तद्विष्टपरिणतिसहचरितमनोव्यापारः कायव्यापारो वाग्व्यापारश्च निर्व्यापारता वा वाक्काययोर्गुप्तिरिति ।[૫]

જીવાજીવવિભક્તિ નામના છત્રીસમા અધ્યયનની વ્યાખ્યામાં જિનેન્દ્રબુદ્ધિનો નામોલ્લેખ કર્યો છે તથા ધર્માધર્માસ્તિકાયના વર્ણન પ્રસંગે તેમનું એક વાક્ય પણ ઉદ્ધૃત કરવામાં આવ્યું છે.[૬] સ્ત્રીશબ્દનું વિવેચન કરતાં આગળ ટીકાકારે

---

૧. પૃ. ૨૦૪. ૨. દ્વિતીય વિભાગ, પૃ. ૨૫૭. ૩. ૨૮૯ (૧).
૪. પૃ. ૩૧૫ (૧). ૫. તૃતીય વિભાગ, પૃ. ૫૧૯. ૬. પૃ. ૬૭૨ (૨).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્ત્રીનિર્વાણસૂત્રનો ઉલ્લેખ કર્યો છે તથા એતદ્‌વિષયક તેની માન્યતા ઉદ્ધૃત કરી છે :[૧]

અંતે ટીકાકારે પોતાનો સશાખ પરિચય આ મુજબ આપ્યો છે :[૨]

अस्ति विस्तारवानुर्व्यां, गुरुशाखासमन्वितः ।
आसेव्यो भव्यसार्थानां, श्रीकोटिकगणद्रुमः ॥ १ ॥
तदुत्थवैरशाखायामभूदायतिशालिनी ।
विशाला प्रतिशाखेव, श्रीचन्द्रकुलसन्ततिः ॥ २ ॥
तस्याश्चोत्पद्यमानच्छदनिचयसदृक्काचकर्णान्वयोत्थः,
श्रीथारापद्रगच्छप्रसवभरलसद्धर्मकिञ्जल्कपानात् ।
श्रीशान्त्याचार्यभृङ्गो यदिदमुदगिरद्‌वाङ्मधु श्रोत्रपेयं,
तद् भो भव्याः ! त्रिदोषप्रशमकरमतो गृह्यतां लिह्यतां च ॥ ३ ॥

●

१. પૃ. ૬૮૧ (૨). ૨. પૃ. ૭૧૩ (૨).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અષ્ટમ પ્રકરણ

દ્રોણસૂરિકૃત ઓઘનિર્યુક્તિ-વૃત્તિ

દ્રોણસૂરિએ ઓઘનિર્યુક્તિ પર ટીકા રચી છે; આની સિવાય તેમની કોઈ ટીકા નથી. તેમણે અભયદેવસૂરિકૃત ટીકાઓનું સંશોધન કર્યું હતું. તેઓ પાટણસંઘના મુખ્ય પદાધિકારી હતા તથા વિક્રમની અગીયારમી-બારમી સદીમાં વિદ્યમાન હતા.

પ્રસ્તુત વૃત્તિ[૧] ઓઘનિર્યુક્તિ તથા તેના લઘુભાષ્ય પર છે. વૃત્તિની ભાષા સરળ તથા શૈલી સુગમ છે. મૂળ પદોના શબ્દાર્થની સાથે સાથે જ તે-તે વિષયનું પણ શંકા-સમાધાન પૂર્વક સંક્ષિપ્ત વિવેચન કરવામાં આવ્યું છે. ક્યાંક-ક્યાંક પ્રાકૃત અને સંસ્કૃત ઉદ્ધરણો પણ આપવામાં આવ્યાં છે. પ્રારંભે આચાર્યે પંચ પરમેષ્ઠીને નમસ્કાર કર્યા છે :

अर्हद्भ्यस्त्रिभुवनराजपूजितेभ्यः,
सिद्धेभ्यः सितघनकर्मबन्धनेभ्यः ।
आचार्यश्रुतधरसर्वसंयतेभ्यः,
सिद्ध्यर्थी सततमहं नमस्करोमि ॥

તદનન્તર પ્રસ્તુત નિર્યુક્તિનો સંદર્ભ બતાવતાં વૃત્તિકારે લખ્યું છે કે આ આવશ્યકાનુયોગસંબંધી વ્યાખ્યાન છે. તેમાં સામાયિક નામક પ્રથમ અધ્યયનનું નિરૂપણ ચાલી રહ્યું છે. તેનાં ચાર અનુયોગદ્વાર છે : ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ અને નય. આમાંથી અનુગમના બે ભેદ છે : નિર્યુક્ત્યનુગમ અને સૂત્રાનુગમ. નિર્યુક્ત્યનુગમ ત્રણ પ્રકારનો છે : નિક્ષેપ, ઉપોદ્‌ઘાત અને સૂત્રસ્પર્શ. આમાંથી ઉપોદ્‌ઘાત-નિર્યુક્ત્યનુગમના ઉદ્દેશ, નિર્દેશ વગેરે ૨૬ ભેદ છે. તેમાંથી કાલના નામ, સ્થાપના, દ્રવ્ય, અદ્ધા, યથાયુષ્ક, ઉપક્રમ, દેશ, કાલ, પ્રમાણ, વર્ણ, ભાવ વગેરે ભેદ છે. આમાંથી ઉપક્રમકાલ બે પ્રકારનો છે : સામાચારી અને યથાયુષ્ક. સામાચારી-ઉપક્રમકાલ ત્રણ પ્રકારનો છે : ઓઘ, દશધા અને પદવિભાગ. આમાં જે ઓઘસામાચારી છે તે જ ઓઘનિર્યુક્તિ છે. પ્રસ્તુત ગ્રંથમાં આનું જ વ્યાખ્યાન છે. દ્રોણાચાર્યે પોતાની ટીકાના પ્રારંભમાં આ સંદર્ભ નિમ્ન શબ્દોમાં વ્યક્ત કર્યો છે :[૧]

---

૧. આગમોદય સમિતિ, મુંબઈ, સન્ ૧૯૧૯. ૨. પૃ. ૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'प्रकान्तोऽयमावश्यकानुयोगः तत्र च सामायिकाध्ययनमनुवर्तते, तस्य च चत्वार्यनुयोगद्वाराणि भवन्ति महापुरस्येव, तद्यथा-उपक्रमः निक्षेपः अनुगमः नय इति, एतेषां चाध्ययनादौ उपन्यासे इत्थं च क्रमोपन्यासे प्रयोजनमभिहितम्। तत्रोपक्रमनिक्षेपावुक्तौ, अधुनाऽनुगमावसरः, स च द्विधा-निर्युक्त्यनुगमः सूत्रानुगमश्च, तत्र निर्युक्त्यनुगमस्त्रेधा निक्षेपोपोद्घातसूत्रस्पर्शनिर्युक्त्यनुगमभेदात्, तत्र निक्षेपनिर्युक्त्यनुगमोऽनुगतो वक्ष्यमाणश्च, उपोद्घातनिर्युक्त्यनुगमस्त्वाभ्यां द्वाभ्यां द्वारगाथाभ्यामनुगन्तव्यः द्वारगाथाद्वयस्य—'उद्देसे निद्देसे य'[२] इत्यादि। अस्य च द्वारगाथाद्वयस्य समुदायार्थोऽभिहितः, अधुनाऽवयवार्थोऽनुवर्तते, तत्रापि कालद्वारावयवार्थः, तत्प्रतिपादनार्थं चेदं प्रतिद्वारगाथासूत्रमुपन्यस्तम् — 'दव्वे अद्ध अदाज्य उवक्कम'[३] इत्यादि। अस्यापि समुदायार्थो व्याख्यातः साम्प्रतमवयवार्थः तत्राप्युपक्रमकालाभिधानार्थमिदं गाथासूत्रमाह — 'दुविहोवक्कमकालो सामायारी अहाउयं चेव। सामायारी तिविहा ओहे दसहा पयविभागे ॥१॥ तत्रोपक्रम इति कः शब्दार्थः ? उपक्रमणं उपक्रमः, उपशब्दः सामीप्ये' क्रमु पादविक्षेपे, उपेति सामीप्येन क्रमणं उपक्रमः—दूरस्थस्य समीपापादनमित्यर्थः, तत्रोपक्रमो द्विधा-सामाचार्युपक्रमकालः यथायुष्कोपक्रमकालश्च, तत्र सामाचार्युपक्रमकालस्त्रिविधः ओघसामाचार्युपक्रमकालः दशधासामाचार्युपक्रमकालः पदविभागसामाचार्युक्रमकालश्च। तत्रौघसामाचारी—ओघनिर्युक्तिः..... । तत्रौघसामाचारी तावदभिधीयते..... ।'

વૃત્તિમાં અનેક સ્થળે આચાર્યે इदानीमेनामेव गाथां भाष्यकृद् व्याख्यानयति', 'इदानीं भाष्यकारो गाथाद्वयं व्याख्यानयन्नाह'[५] 'इदानीमेतदेव भाष्यकारो गाथाद्वयं व्याख्यानयन्नाह'[६] વગેરે શબ્દો સાથે ભાષ્યગાથાઓનું વ્યાખ્યાન કર્યું છે. પ્રસ્તુત સંસ્કરણમાં ભાષ્યની ગાથા-સંખ્યા ૩૨૨ છે તથા નિર્યુક્તિની ગાથા-સંખ્યા ૮૧૧ છે. આ રીતે નિર્યુક્તિ અને ભાષ્ય બંને મળીને ૧૧૩૩ ગાથાઓ છે.

●

---

૧. આવશ્યકનિર્યુક્તિ, ગા. ૧૪૦-૧. ૨. એજન, ગા. ૬૬૧.
૩. પૃ. ૨૦૫. ૪. પૃ. ૨૦૮. ૫. પૃ. ૨૧૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવમ પ્રકરણ

અભયદેવવિહિત વૃત્તિઓ

વિક્રમની બારમી અને તેરમી શતાબ્દીની વચ્ચેના સમયમાં નિમ્નલિખિત સાત ટીકાકારોએ આગમ-ગ્રંથો પર ટીકાઓ રચી છે : ૧. દ્રોણસૂરિ, ૨. અભયદેવસૂરિ, ૩. મલયગિરિસૂરિ, ૪. મલધારી હેમચન્દ્રસૂરિ, ૫. નેમિચન્દ્રસૂરિ (દેવેન્દ્રગણિ), ૬. શ્રીચન્દ્રસૂરિ અને ૭. શ્રીતિલકસૂરિ. આમાંથી અભયદેવસૂરિએ નિમ્ન આગમ-ગ્રંથો પર ટીકાઓ લખી છે : અંગ ૩ – ૧૧ અને ઔપપાતિક. અંગ ૩, ૪ અને ૬ની ટીકાઓ વિ.સં. ૧૧૨૦માં રચવામાં આવી. પંચમ અંગની ટીકા વિ.સં. ૧૧૨૮માં પૂર્ણ થઈ. અન્ય ટીકાઓની રચનાનો ચોક્કસ સમય અજ્ઞાત છે. ઉપર્યુક્ત ટીકાઓ સિવાય પ્રજ્ઞાપનાતૃતીયપદસંગ્રહણી, પંચાશકવૃત્તિ, જયતિ કુણસ્તોત્ર, પંચનિર્ગ્રન્થી અને સપ્તતિકાભાષ્ય પણ અભયદેવની જ કૃતિઓ છે.

પ્રભાવકચરિત્રમાં અભયદેવસૂરિનું જીવન-ચરિત્ર આ પ્રમાણે અંકિત કરવામાં આવ્યું છે :

ભોજના શાસનકાળમાં ધારા નગરીમાં એક ધનાઢ્ય શેઠ રહેતો હતો જેનું નામ લક્ષ્મીપતિ હતું. તેની પાસે રહેનાર મધ્યપ્રદેશના એક બ્રાહ્મણને શ્રીધર અને શ્રીપતિ નામના બે પુત્રો હતા. તે બ્રાહ્મણ યુવકોએ આચાર્ય વર્ધમાનસૂરિ પાસેથી દીક્ષા અંગીકાર કરી. આગળ જતાં તેઓ જિનેશ્વર અને બુદ્ધિસાગર નામે પ્રસિદ્ધ થયા.

વર્ધમાનસૂરિ પહેલાં કૂર્ચપુર (કૂચેરા)ના ચૈત્યવાસી આચાર્ય હતા અને ૮૪ જિનમંદિર તેમના અધિકારમાં હતા. પછીથી તેમણે ચૈત્યવાસનો ત્યાગ કરી સુવિહિત માર્ગ અંગીકાર કર્યો હતો. તે સમયે પાટણમાં ચૈત્યવાસીઓનું પ્રભુત્વ હતું અને તે ત્યાં સુધી કે તેમની સંમતિ વિના સુવિહિત સાધુઓ પાટણમાં રહી શકતા ન હતા. વર્ધમાનસૂરિએ પોતાના વિદ્વાન શિષ્ય જિનેશ્વરસૂરિ અને બુદ્ધિસાગરસૂરિને ત્યાં મોકલીને પાટણમાં સુવિહિત સાધુઓનો વિહાર તથા નિવાસ શરૂ કરાવવાનો વિચાર કર્યો. આ જ વિચારે તેમણે પોતાના બંને શિષ્યોને પાટણ તરફ વિહાર કરવાની આજ્ઞા આપી. જિનેશ્વર અને બુદ્ધિસાગર પાટણ પહોંચ્યા પરંતુ ત્યાં તેમને ઉતરવા માટે ઉપાશ્રય ન મળ્યો. અંતે તેઓ ત્યાંના પુરોહિત સોમેશ્વર પાસે પહોંચ્યા અને તેમને પોતાની વિદ્વત્તાથી પ્રભાવિત કરીને તેમનાં જ મકાનમાં ઉતર્યા. જ્યારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ વાત ચૈત્યવાસીઓને માલૂમ પડી કે તેઓ તરત પુરોહિત પાસે પહોંચ્યા અને તેને તેમને કાઢવા માટે બાધ્ય કર્યો. પુરોહિત સોમેશ્વરે તેમની વાત માનવાનો ઇન્કાર કરતાં કહ્યું કે આનો નિર્ણય રાજસભા જ લઈ શકે. ચૈત્યવાસીઓ રાજાને મળ્યા અને તેને વનરાજના સમય પાટણમાં સ્થાપિત ચૈત્યવાસીઓની સાર્વભૌમ સત્તાનો ઈતિહાસ બતાવ્યો જે સાંભળીને દુર્લભરાજને પણ લાચાર થવું પડ્યું. અંતે તેણે પોતાના વ્યક્તિગત પ્રભાવનો ઉપયોગ કરીને તે સાધુઓને ત્યાં રહેવા દેવાનો આગ્રહ કર્યો જેનો ચૈત્યવાસીઓએ સ્વીકાર કર્યો.

આ ઘટના જોઈ પુરોહિત સોમેશ્વરે રાજાને પ્રાર્થના કરી કે સુવિહિત સાધુઓ માટે એક સ્વતન્ત્ર ઉપાશ્રયનું નિર્માણ કરાવવામાં આવે. રાજાએ આ કાર્યનો ભાર પોતાના ગુરુ શૈવાચાર્ય જ્ઞાનદેવ પર નાખ્યો. પરિણામસ્વરૂપે પાટણમાં ઉપાશ્રય બન્યો.

કેટલાક સમય પછી જિનેશ્વરસૂરિએ ધારાનગરી તરફ વિહાર કર્યો. ધારાનિવાસી શેઠ ધનદેવના પુત્ર અભયકુમારને દીક્ષિત કરીને અભયદેવ નામે પોતાનો શિષ્ય બનાવ્યો. યોગ્યતા પ્રાપ્ત થતાં વર્ધમાનસૂરિના આદેશથી અભયદેવને આચાર્ય-પદ પ્રદાન કરીને અભયદેવસૂરિ બનાવી દેવામાં આવ્યા.

વર્ધમાનસૂરિનો સ્વર્ગવાસ થયા પછી અભયદેવસૂરિ પત્યપદ્ર નગરમાં રહ્યા. જ્યાં તેમણે સ્થાનાંગ વગેરે નવ અંગો પર ટીકાઓ રચી. ટીકાઓ સમાપ્ત કરીને અભયદેવ ધવલક્ક – ધોળકા નગરમાં પહોંચ્યા. ત્યાં તેમને રક્તવિકારની બીમારી થઈ ગઈ જે થોડા સમય પછી ઠીક થઈ ગઈ. પ્રભાવક-ચરિત્રમાં તેનું શ્રેય ધરણેન્દ્રને આપવામાં આવ્યું છે. અભયદેવસૂરિ શાસનની પ્રભાવના કરતાં રાજા કર્ણની રાજધાની પાટણમાં યોગનિરોધ દ્વારા વાસનાને પરાસ્ત કરી સ્વર્ગવાસી થયા.

પ્રભાવકચરિત્રકારના મતાનુસાર એવું પ્રતીત થાય છે કે અભયદેવે પત્યપદ્ર નગરમાં ગયા પછી અંગ-સાહિત્યની ટીકાઓ રચી હતી. આ માન્યતા સ્વયં અભયદેવના ઉલ્લેખોથી ખંડિત થાય છે. તેમણે અનેક સ્થળે આ ટીકાઓની રચના પાટણમાં થયાનો ઉલ્લેખ કર્યો છે અને લખ્યું છે કે પાટણના સંઘ-પ્રમુખ દ્રોણાચાર્ય પ્રભૃતિએ તેમનું આવશ્યક સંશોધન કર્યું છે.

પ્રભાવકચરિત્રમાં અભયદેવના સ્વર્ગવાસનો સમય નથી આપવામાં આવ્યો. તેમાં માત્ર એટલું જ લખ્યું છે કે 'તેઓ પાટણમાં કર્ણરાજના રાજ્યમાં સ્વર્ગવાસી થયા.' પટ્ટાવલીઓમાં અભયદેવસૂરિનો સ્વર્ગવાસ વિ.સં.૧૧૩૫માં તથા બીજા મત અનુસાર વિ.સં.૧૧૩૯માં થયાનો ઉલ્લેખ છે. તેમાં પાટણને બદલે કપડવંજ ગ્રામમાં સ્વર્ગવાસ થયો તેમ બતાવવામાં આવ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થાનાંગવૃત્તિ :

પ્રસ્તુત વૃત્તિ[૧] સ્થાનાંગના મૂલ સૂત્રો પર છે. આ વૃત્તિ શબ્દાર્થ સુધી જ સીમિત નથી. આમાં સૂત્રસમ્બદ્ધ પ્રત્યેક વિષયનું આવશ્યક વિવેચન તથા વિશ્લેષણ પણ છે. વિશ્લેષણમાં દાર્શનિક દૃષ્ટિની સ્પષ્ટ ઝલક છે. પ્રારંભમાં આચાર્યે ભગવાન મહાવીરને નમસ્કાર કર્યા છે તથા સ્થાનાંગનું વિવેચન કરવાની પ્રતિજ્ઞા કરી છે :

श्रीवीरं जिननाथं नत्वा स्थानाङ्गकतिपयपदानाम् ।
प्रायोऽन्यशास्त्रदृष्टं करोम्यहं विवरणं किञ्चित् ॥

મંગલનું આવશ્યક વિવેચન કર્યા પછી સૂત્રસ્પર્શિક વિવરણ શરૂ કર્યું છે. 'एगे आया' (અ. ૧ સૂ. ૨)નું વ્યાખ્યાન કરતાં વૃત્તિકારે અનેક દૃષ્ટિઓથી આત્માની એકતા-અનેકતા સિદ્ધ કરી છે. પોતાના વક્તવ્યની પુષ્ટિ માટે જગ્યા જગ્યાએ 'तथाहि', 'यदुक्तम्', 'तथा', 'उक्तञ्च', 'आह च', 'तदुक्तम्', 'यदाह' વગેરે શબ્દો સાથે અનેક ઉદ્ધરણો આપ્યાં છે. આત્માના સ્વતંત્ર અસ્તિત્વની સિદ્ધિ કરતાં વિશેષાવશ્યકભાષ્યની એતદ્વિષયક અનેક ગાથાઓ ઉદ્ધૃત કરી છે. આત્માને અનુમાનગમ્ય બતાવતાં ટીકાકાર કહે છે : तथाऽनुमानगम्योऽप्यात्मा तथाहि– विद्यमानकर्तृकमिदं शरीरं भोग्यत्वाद्, ओदनादिवत्, व्योमकुसुमं विपक्षः, स च कर्ता जीव इति, नन्वोदनकर्तृवन्मूर्त्त आत्मा सिद्ध्यतीति साध्यविरुद्धो हेतुरिति, नैवं, संसारिणो मूर्त्तत्वेनाप्यभ्युपगमाद्, आह च–.....[૨] અનુમાનથી પણ આત્માની સિદ્ધિ થાય છે તે અનુમાન આ મુજબ છે : આ શરીરનો કોઈ કર્તા જરૂર હોવો જોઈએ કારણ કે તે ભોગ્ય છે. જે ભોગ્ય હોય છે તેનો કોઈ કર્તા અવશ્ય હોય છે જેમકે ઓદન-ભાતનો કર્તા રસોઈયો. જેનો કોઈ કર્તા નથી હોતો તે ભોગ્ય પણ નથી હોતું જેમકે આકાશ-કુસુમ. આ શરીરનો જે કર્તા છે તે જ આત્મા છે. જો કોઈ એમ કહે કે રસોઈયાની જેમ આત્માની પણ મૂર્તતા સિદ્ધ થાય છે અને એવી સ્થિતિમાં પ્રસ્તુત હેતુ સાધ્યવિરુદ્ધ

---

૧. (અ) આગમોદય સમિતિ, મુંબઈ, સન્ ૧૯૧૮-૨૦.
(આ) રાયબહાદુર ધનપતસિંહ, બનારસ, સન્ ૧૮૮૦.
(ઇ) માણેકલાલ ચુનીલાલ તથા કાન્તિલાલ ચુનીલાલ, અમદાવાદ, સન્ ૧૯૩૭ (દ્વિતીય સંસ્કરણ).
૨. અમદાવાદ-સંસ્કરણ, પૃ. ૧૦ (૨).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થઈ જાય છે તો તે યોગ્ય નથી કેમકે સંસારી આત્મા કથંચિત મૂર્ત પણ છે. આ જાતની દાર્શનિક ચર્ચા પ્રસ્તુત વૃત્તિમાં અનેક સ્થાને જોવા મળે છે. દાર્શનિક દૃષ્ટિની સાથે સાથે જ વૃત્તિકારે નિક્ષેપપદ્ધતિનો પણ ઉપયોગ કર્યો છે જેમાં નિર્યુક્તિઓ અને ભાષ્યોની શૈલી સ્પષ્ટરૂપે દેખાય છે.[૧] વૃત્તિમાં અહીં-તહીં કેટલાંક સંક્ષિપ્ત કથાનકો પણ છે જે મુખ્યત્વે દૃષ્ટાન્તો રૂપે છે.[૨]

વૃત્તિના અંતે આચાર્યે પોતાનો સાનુપ્રાસિક પરિચય આપતાં બતાવ્યું છે કે મેં આ ટીકા યશોદેવગણિની સહાયથી પૂર્ણ કરી છે :

'तत्समाप्तौ च समाप्तं स्थानाङ्गविवरणं, तथा च यदादावभिहितं स्थानाङ्गस्य महानिधानस्येवोन्मुद्रणमिवानुयोगः प्रारभ्यत इति तच्चन्द्रकुलीनप्रवचनप्रणीतप्रतिबद्धविहार-हारिचरितश्रीवर्धमानाभिधानमुनिपतिपादोपसेविनः प्रमाणादिव्युत्पादनप्रवणप्रकरणप्रबन्ध-प्रणयिनः प्रबुद्धप्रतिबन्धप्रवक्तृप्रवीणाप्रतिहतप्रवचनार्थप्रधानवाक्प्रसरस्य सुविहितमुनिजन-मुख्यस्य श्रीजिनेश्वराचार्यस्य तदनुजस्य च व्याकरणादिशास्त्रकर्तुः श्रीबुद्धिसागराचार्यस्य चरणकमलचञ्चरीककल्पेन श्रीमदभयदेवसूरिनाम्ना कया महावीरजिनराजसन्तानवर्त्तिना महाराजवंशजन्मनेव संविग्नमुनिवर्गश्रीमदजितसिंहाचार्यान्तेवासियशोदेवगणिनामधेयसाधोरुत्तर-साधकस्येव विद्याक्रियाप्रधानस्य साहाय्येन समर्थितम् ।'[૩]

પ્રસ્તુત કાર્ય-વિષયક અનેક પ્રકારની મુશ્કેલીઓને નજરમાં રાખતાં વિવરણકારે અતિ વિનમ્ર શબ્દોમાં પોતાની ત્રુટીઓ સ્વીકારી છે. સાથે જ પોતાની કૃતિઓને આદ્યોપાન્ત વાંચીને આવશ્યક સંશોધન કરનાર દ્રોણાચાર્યનો પણ સાદર નામોલ્લેખ કર્યો છે. ટીકાના રચના-કાળનો નિર્દેશ કરતાં બતાવ્યું છે કે પ્રસ્તુત ટીકા વિક્રમ સંવત્ ૧૧૨૦માં રચવામાં આવી :[૪]

सत्सम्प्रदायहीनत्वात्, सदूहस्य वियोगतः ।
सर्वस्वपरशास्त्राणामदृष्टेरस्मृतेश्च मे ॥ १ ॥
वाचनानामनेकत्वात्, पुस्तकानामशुद्धितः ।
सूत्राणामतिगाम्भीर्यान्मतभेदाच्च कुत्रचित् ॥ २ ॥
क्षूणानि सम्भवन्तीह, केवलं सुविवेकिभिः ।
सिद्धान्तानुगतो योऽर्थः सोऽस्माद् ग्राह्यो न चेतरः ॥ ३ ॥

---

૧. પૃ. ૧૨, ૨૩, ૯૬, ૯૭, ૨૪૨. ૨. પૃ. ૨૪૨, ૨૬૨, ૨૬૬, ૩૮૯.
૩. પૃ. ૪૯૯ (૨). ૪. પૃ. ૪૯૯ (૨) – ૫૦૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

शोध्यं चैतज्जिने भक्तैर्मामवद्भिर्दयापरैः ।
संसारकारणाद् घोरादपसिद्धान्तदेशनात् ॥ ४ ॥
कार्या न चाक्षमाऽस्मासु, यतोऽस्माभिरनाग्रहैः ।
एतद् गमनिकामात्रमुपकारीति चर्चितम् ॥ ५ ॥
तथा सम्भाव्य सिद्धान्ताद्, बोध्यं मध्यस्थया धिया ।
द्रोणाचार्यादिभिः प्राज्ञैरनेकैरादृतं यतः ॥ ६ ॥
जैनग्रन्थविशालदुर्गभवनादुच्चित्य गाढश्रमं,
सद्व्याख्यानफलोन्यमूनि मयका स्थानाङ्गसद्भाजने ।
संस्थाप्योपहितानि दुर्गतनरप्रायेण लब्ध्यर्थिना,
श्रीमत्सङ्घविभोरतः परमसावेव प्रमाणं कृती ॥ ७ ॥
श्रीविक्रमादित्यनरेन्द्रकालाच्छतेन विंशत्यधिकेन युक्ते ।
समासहस्रेऽतिगते विदूब्धा, स्थानांगटीकाऽल्पधियोऽपि गम्या ॥ ८ ॥

ટીકાનું ગ્રંથમાન ૧૪૨૫૦ શ્લોક-પ્રમાણ છે :[1]

प्रत्यक्षरं निरूप्यास्या, ग्रंथमानं विनिश्चितम् ।
अनुष्टुभां सपादानि, सहस्राणि चतुर्दश ॥

समवायांगवृत्ति :

પ્રસ્તુત વૃત્તિ[2] ચતુર્થ અંગ સમવાયાંગના મૂલ સૂત્રો પર છે. આ ન તો અતિ સંક્ષિપ્ત છે કે ન અતિ વિસ્તૃત. પ્રારંભમાં આચાર્યે વર્ધમાન મહાવીરને નમસ્કાર કર્યા છે તથા વિદ્વજ્જનોને પ્રાર્થના કરી છે કે તેઓ પરંપરાગત અર્થના અભાવ અથવા અજ્ઞાનને કારણે વૃત્તિમાં સંભવિત વિપરીત પ્રરૂપણ શુદ્ધ કરવાની કૃપા કરે :

श्रीवर्धमानमानम्य, समवायांगवृत्तिका ।
विधीयतेऽन्यशास्त्राणां, प्रायः समुपजीवनात् ॥ १ ॥

---

૧. પૃ. ૫૦૦.

૨. (અ) રાયબહાદુર ધનપતસિંહ, બનારસ, સન્ ૧૮૮૦.
(આ) આગમોદય સમિતિ, સૂરત, સન્ ૧૯૧૯.
(ઈ) મફતલાલ ઝવેરચંદ, અમદાવાદ, સન્ ૧૯૩૮.
(ઈ) ગુજરાતી અનુવાદસહિત – જૈનધર્મ પ્રસારક સભા, ભાવનગર, વિ.સં. ૧૯૯૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

दुःसम्प्रदायादसदूहनाद्वा, भणिष्यते तद्वितथं मयेह ।
तद्धीधनैर्मामनुकम्पयद्भिः शोध्यं मतार्थक्षतिरस्तु मैव ॥ २ ॥

સમવાયાંગનો અર્થ બતાવતાં વૃત્તિકાર કહે છે :[1]

'समिति—सम्यक्, अवेत्याधिक्येन, अयनमयः—परिच्छेदो जीवाजीवादिविविध-पदार्थसार्थस्य यस्मिन्नसौ समवायः, समवयन्ति वा — समवतरन्ति संमिलन्ति नानाविधा आत्मादयो भावा अभिधेयतया यस्मिन्नसौ समवाय इति । स च प्रवचनपुरुषस्याङ्गमिति समवायाङ्गम् ।'

'સમવાય'માં ત્રણ પદ છે : 'સમ્', 'અવ' અને 'અય'. 'સમ્'નો અર્થ છે સમ્યક્, 'અવ'નો અર્થ છે આધિક્ય અને 'અય'નો અર્થ છે પરિચ્છેદ. જેમાં જીવાજીવાદિ વિવિધ પદાર્થોનું સવિસ્તર સમ્યક્ વિવેચન છે તે સમવાય છે. અથવા જેમાં આત્માદિ વિવિધ પ્રકારના ભાવોનું અભિધેયરૂપે સમવાય — સમવતાર — સંમિલન છે તે સમવાય છે. તે પ્રવચનપુરુષનાં અંગરૂપ હોવાથી સમવાયાંગ છે.

પ્રથમ સૂત્રનું વ્યાખ્યાન કરતાં ટીકાકારે એક જગ્યાએ પાઠાંતર પણ આપ્યું છે. 'जंबुद्दीवे दीवे एगं जोयणसयसहस्सं आयामविक्खंभेण'ના સ્થાને 'जंबुद्दीवे दीवे एगं जोयणसयसहस्सं चक्कवालविक्खंभेण' એવો પાઠ પણ મળે છે : नवरं जंबुद्दीवे' इह सूत्रे 'आयामविक्खंभेणं'ति क्वचित् पाठो दृश्यते । क्वचित्तु 'चक्कवालविक्खंभेणं'ति[2] । આ પાઠોનો અર્થ કરતાં આચાર્ય કહે છે : तत्र प्रथमः सम्भवति, अन्यत्रापि तथा श्रवणात्, सुगमश्च, द्वितीयस्त्वेवं व्याख्येयः—चक्रवालविष्कम्भेन वृत्तव्यासेन ।[3] પ્રથમ પાઠ સંભવિત છે કેમકે તે અન્યત્ર પણ ઉપલબ્ધ છે. અર્થ સુગમ છે. દ્વિતીય પાઠનો અર્થ છે વૃત્તવ્યાસ.

વૃત્તિમાં અનેક સ્થાને પ્રજ્ઞાપના સૂત્રનો ઉલ્લેખ છે તથા એક જગ્યાએ ગન્ધહસ્તી (ભાષ્ય)નો પણ ઉલ્લેખ છે : गन्धहस्त्यादिष्वपि तथैव दृश्यते, प्रज्ञापनायां त्वेकत्रिंशदुक्तेति मतान्तरमिदं ।[3] આ વૃત્તિ વિ.સં.૧૧૨૦માં અણહિલપાટક (પાટણ)માં રચવામાં આવી. આનું ગ્રંથમાન ૩૫૭૫ શ્લોકપ્રમાણ છે :[4]

शिष्येणाभयदेवाख्यसूरिणा विवृतिः कृता ।
श्रीमतः समवायाख्यतुर्याङ्गस्य समासतः ॥ ७ ॥

---

૧. અમદાવાદ-સંસ્કરણ, પૃ. ૧. ૨. પૃ. ૫ (૨). ૩. એજન.
૩. પૃ. ૧૩૦ (૧). ૪. પૃ. ૧૪૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एकादशसु शतेष्वथ विंशत्यधिकेषु विक्रमसमानाम् ।
अणहिलपाटकनगरे रचिता समवायटीकेयम् ॥ ८ ॥
प्रत्यक्षरं निरूप्यास्याः ग्रन्थमानं विनिश्चतम् ।
त्रीणि श्लोकसहस्राणि, पादन्यूना च षट्शती ॥ ९ ॥

व्याख्याप्रज्ञप्तिवृत्ति :

प्रस्तुत वृत्ति[1] व्याख्याप्रज्ञप्ति (भगवती)नां मूल सूत्रो पर छे. ते संक्षिप्त तथा शब्दार्थप्रधान छे. तेमां अहीं-तहीं अनेक उद्धरणो अवश्य छे जेमनाथी अर्थ समजवामां विशेष सहायता मळे छे. उद्धरणो सिवाय आचार्ये अनेक पाठांतर अने व्याख्याभेद पण आप्या छे जे विशेष महत्त्वना छे. सर्वप्रथम आचार्य सामान्यरूपे जिनने नमस्कार करे छे. तदनन्तर वर्धमान, सुधर्मा, अनुयोगवृद्धजन तथा सर्वज्ञप्रवचनने प्रणाम करे छे. त्यार पछी आ ज सूत्रनी प्राचीन टीका अने चूर्णि तथा जीवाभिगमादिनी वृत्तिओनी सहायथी पंचम अंग व्याख्याप्रज्ञप्तिनुं विवेचन करवानो संकल्प करे छे. एतदर्थगर्भित श्लोको आ छे :

सर्वज्ञमीश्वरमनन्तमसङ्गमग्र्यं, सर्वीयमस्मरमनीश मनीहमिद्धम् ।
सिद्धं शिवं शिवकरं करणव्यपेतं, श्रीमज्जिनं जितरिपुं प्रयतः प्रणौमि ॥ १ ॥
नत्वा श्रीवर्धमानाय, श्रीमते च सुधर्म्मणे ।
सर्वानुयोगवृद्धेभ्यो, वाण्यै सर्वविदस्तथा ॥ २ ॥
एतट्टीका-चूर्णी-जीवाभिगमादिवृत्तिलेशांश्च ।
संयोज्य पञ्चमाङ्गं विवृणोमि विशेषतः किञ्चित् ॥ ३ ॥

व्याख्याप्रज्ञप्तिनो शब्दार्थ बतावतां वृत्तिकार कहे छे :

'अथ 'विआहपन्नत्ति'त्ति कः शब्दार्थः ? उच्यते विविधा जीवा जीवादिप्रचुरतरपदार्थविषयाः आ—अभिविधिना कथञ्चिन्निखिलज्ञेयव्याप्त्या मर्यादया वा—

---

१. (अ) पूंजाभाई हीराचन्द, रायचन्द जिनागम संग्रह, अमदावाद.
(आ) रायबहादुर धनपतसिंह, बनारस, सन् १८८२.
(इ) एम. आर. महेता, मुंबई, वि.सं. १९१४.
(ई) आगमोदय समिति, मुंबई, सन् १९१८-२१.
(उ) ऋषभदेवजी केशरीमलजी जैन श्वेताम्बर संस्था, रतलाम, (प्रथम भाग — श. १-७) सन् १९३७, (द्वितीय भाग-श. ८-१४) १९४०.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

परस्परासंकीर्णलक्षणाभिधानरूपयाख्यानानि—भगवतो महावीरस्य गौतमादिविनेयान् प्रति प्रश्नितपदार्थप्रतिपादनानि व्याख्यास्ताः प्रज्ञाप्यन्ते-प्ररूप्यन्ते भगवता सुधर्म्मास्वामिना जम्बूनामानमभि यस्याम्, अथवा विविधतया विशेषेण वा आख्यायन्त इति व्याख्याः—अभिलाप्यपदार्थवृत्तयस्ताः प्रज्ञाप्यन्ते यस्याम्, अथवा व्याख्यानाम्—अर्थप्रतिपादनानां प्रकृष्टाः ज्ञप्तयो—ज्ञानानि यस्यां सा व्याख्याप्रज्ञप्तिः, अथवा..... ।'[१]

આ રીતે વૃત્તિકારે વિવિધ દૃષ્ટિએ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિના દસ અર્થ બતાવ્યા છે. આગળ પણ અનેક શબ્દોનાં વ્યાખ્યાનમાં આ જ પ્રકારનું અર્થ-વૈવિધ્ય દૃષ્ટિગોચર થાય છે[२] જે વૃત્તિકારનાં વ્યાખ્યાન-કૌશલનું પરિચાયક છે.

પ્રથમ સૂત્ર "णमो अरिहंताणं, णमो सिद्धाणं, णमो आयरियाणं, णमो उवज्झायाणं, णमो सव्वसाहूणं" નું વ્યાખ્યાન કરતાં વૃત્તિકારે પંચમ પદ 'णमो सव्वसाहूणं'ના પાઠાંતર રૂપે 'नमो लोए सव्वसाहूणं' પણ આપ્યું છે : नमो लोए सव्वसाहूणं' ति क्वचित्पाठः ।[३] ચતુર્થ સૂત્ર 'तेणं कालेणं तेणं समएणं रायगिहे.....'ની વ્યાખ્યામાં આચાર્યે બતાવ્યું છે કે 'णमो अरिहंताणं.....' વગેરે પ્રથમ ત્રણ સૂત્રોનું મૂલટીકાકાર—મૂલવૃત્તિકારે વ્યાખ્યાન નથી કર્યું. તેમણે આનું કોઈ વિશેષ કારણ નથી બતાવ્યું : अयं च प्राग् व्याख्यातो नमस्कारादिको ग्रन्थो वृत्तिकृता न व्याख्यातः, कुतोऽपि कारणादिति ।[४] આ વૃત્તિકાર અથવા ટીકાકાર કોણ ? સંભવતઃ આ ઉલ્લેખ આચાર્ય શીલાંકની ટીકાનો છે જેમને પ્રથમ નવ અંગના ટીકાકાર માનવામાં આવે છે પરંતુ જેમની પ્રથમ બે અંગોની ટીકાઓ જ ઉપલબ્ધ છે. આચાર્ય શીલાંક સિવાય અન્ય કોઈ એવા ટીકાકારનો ઉલ્લેખ નથી મળતો જેમણે અભયદેવસૂરિની પહેલાં વ્યાખ્યાપ્રજ્ઞપ્તિની ટીકા રચી હોય. ચૂર્ણિનો ઉલ્લેખ તો પ્રસ્તુત વૃત્તિના પ્રારંભે જ અલગથી કરવામાં આવ્યો છે આથી આ ટીકા ચૂર્ણિરૂપે પણ ના હોઈ શકે. આગળની વૃત્તિમાં પણ અનેક વાર મૂલટીકાકાર અથવા મૂલવૃત્તિકારનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે :

'मूलटीकाकृता तु 'उच्छूढसरीरसंखित्तविउलतेयलेस' त्ति कर्म्मधारयं कृत्वा व्याख्यातमिति"[५] 'एतच्च टीकाकारमतेन व्याख्यातम्,'[६]

---

१. રતલામ-સંસ્કરણ, પૃ. ૨-૩.
૨. પૃ. ૪, ૫, ૬, ૧૨, ૧૫, ૧૮, ૧૯, ૬૨.
૩. પૃ. ૬.
૪. પૃ. ૧૦.
૫. પૃ. ૨૦.
૬. પૃ. ૨૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'वृत्तिकृता तु द्वितीयो प्रश्नोत्तरविकल्प एवंविधो दृष्टः,'[૧] 'वृद्धैस्तु इह सूत्रे कुतोऽपि वाचनाविशेषाद् यत्राशीतिस्तत्राप्यभङ्गकमिति व्याख्यातमिति,'[૨] टीकाकारस्त्वेवमाह—किमवस्थित एव जीवो देशमपनीय यत्रोत्पत्तव्यं तत्र देशत उत्पद्यते.....एतच्च टीकाकारव्याख्यानं वाचनान्तरविषयमिति,'[૩] 'टीकाकारव्याख्यानं त्विहभवायुर्यदा प्रकरोति—वेदयते इत्यर्थः ।[૪] વૃત્તિકારે પ્રસ્તુત વૃત્તિમાં સિદ્ધસેન દિવાકર અને જિનભદ્રગણિ ક્ષમાશ્રમણનો પણ ઉલ્લેખ કર્યો છે : तत्र च सिद्धसेनदिवाकरो मन्यते—केवलिनो युगपद् ज्ञानं दर्शनं च, अन्यथा तदावरणक्षयस्य निरर्थकता स्यात्, जिनभद्रगणिक्षमाश्रमणस्तु भिन्नसमये ज्ञानदर्शने, जीवस्वरूपत्वात् तथा तदावरणक्षयोपशमे समानेऽपि क्रमेणैव मतिश्रुतोपयोगौ न चैकतरोपयोगे इतरक्षयोपशमाभावः..... ।[૫] ચૂર્ણિકારસમ્મત વ્યાખ્યાનો પણ વૃત્તિકારે ક્યાંક-ક્યાંક નિર્દેશ કર્યો છે : 'सव्वेणं सव्वं उववज्जइ' सर्वेण तु सर्व उत्पद्यते, पूर्णकारणसमवायाद् घटवदिति चूर्णिव्याख्या, टीकाकारस्त्वेवमाह..... ।[૬]

પ્રત્યેક શતકની વૃત્તિના અંતે ટીકાકારે વૃત્તિ-સમાપ્તિ-સૂચક એક-એક સુંદર શ્લોક આપ્યો છે. પ્રારંભનાં ચાર શતકોના શ્લોકો નીચે ઉદ્ધૃત કરવામાં આવે છે :

इति गुरुगमभङ्गैः सागरस्याहमस्य,
स्फुटमुपचितजाड्यः पञ्चमाङ्गस्य सद्यः ।
प्रथमशतपदार्थावर्त्तगर्तव्यतीतो,
विवरणवरपोतौ प्राप्य सद्धीवराणाम् ॥

— પ્રથમ શતકનો અંત

श्रीपञ्चमाङ्गे गुरुसूत्रपिण्डे, शतं स्थितानेकशते द्वितीयम् ।
अनैपुणेनापि मया व्यचारि, सूत्रप्रयोगज्ञवचोऽनुवृत्त्या ॥

— દ્વિતીય શતકનો અંત

श्री पञ्चमाङ्गस्य शतं तृतीयं, व्याख्यातमाश्रित्य पुराणवृत्तिम् ।
शक्तोऽपि गन्तुं भजते हि यानं, पान्थः सुखार्थं किमु यो न शक्तः ॥

— તૃતીય શતકનો અંત

---

૧. પૃ. ૪૦. ૨. પૃ. ૧૩૦.
૩. પૃ. ૧૪૭. ૪. પૃ. ૧૭૪.
૫. પૃ. ૧૦૫. ૬. પૃ. ૧૪૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्वतः सुबोधेऽपि शते तुरीये, व्याख्या मया काचिदियं विदृब्धा ।
दुग्धे सदा स्वादुतमे स्वभावात्, क्षेपो न युक्तः किमु शर्करायाः ॥

— ચતુર્થ શતકનો અંત

વૃત્તિના અંતે આચાર્યે પોતાની ગુરુ-પરંપરા બતાવતાં પોતાનો નામોલ્લેખ કર્યો છે તથા બતાવ્યું છે કે અણહિલપાટક નગરમાં વિ.સં.૧૧૨૮માં ૧૮૬૧૬ શ્લોકપ્રમાણ પ્રસ્તુત વૃત્તિ સમાપ્ત થઈ :

एकस्तयोः सूरिवरो जिनेश्वरः, ख्यातस्तथाऽन्यो मुनि बुद्धिसागरः ।
तयोर्विनेयेन विबुद्धिनाऽप्यलं वृत्तिः कृतैषाऽभयदेवसूरिणा ॥ ५ ॥
अष्टाविंशतियुक्ते वर्षसहस्रे शतेन चाभ्यधिके ।
अणहिलपाटकनगरे कृतेयमच्छुप्तधनिवसतौ ॥ १५ ॥
अष्टादशसहस्राणि षट् शतान्यथ षोडश ।
इत्येवं मानमेतस्यां श्लोकमानेन निश्चितम् ॥ १६ ॥

જ્ઞાતાધર્મકથાવિવરણ :

પ્રસ્તુત વિવરણ[1] સૂત્રસ્પર્શી છે. તેમાં શબ્દાર્થની પ્રધાનતા છે. પ્રારંભમાં વિવરણકારે મહાવીરને નમસ્કાર કર્યા છે તથા જ્ઞાતાધર્મકથાંગનું વિવરણ શરૂ કરવાનો સંકલ્પ કર્યો છે :

नत्वा श्रीमन्महावीरं प्रायोऽन्यग्रंथवीक्षितः ।
ज्ञाताधर्मकथाङ्गस्यानुयोगः कश्चिदुच्यते ॥ १ ॥

પ્રથમ સૂત્રનાં વ્યાખ્યાનમાં ચંપા નગરીનો પરંપરાગત પરિચય આપવામાં આવ્યો છે. એ જ રીતે બીજા સૂત્રની વ્યાખ્યામાં પૂર્ણભદ્ર નામક ચૈત્ય—વ્યન્તરાયતન, ત્રીજા સૂત્રની વ્યાખ્યામાં કોણિક નામક રાજા—શ્રેણિકરાજપુત્ર તથા ચતુર્થ સૂત્રનાં વિવરણમાં સ્થવિર સુધર્માનો પરિચય છે. પાંચમા સૂત્રનાં વ્યાખ્યાનમાં જ્ઞાતાધર્મકથાના બે શ્રુતસ્કંધો અર્થાત્ બે વિભાગોનો પરિચય આપતાં બતાવવામાં આવ્યું છે કે પ્રથમ શ્રુતસ્કન્ધનું નામ જ્ઞાત છે જેનો અર્થ થાય છે ઉદાહરણ : ज्ञातानि उदाहरणानि प्रथमः श्रुतस्कन्धः ।[2] આમાં આચારાદિની શિક્ષા આપવાના ઉદ્દેશ્યથી કથાઓ રૂપે વિવિધ ઉદાહરણો આપવામાં આવ્યાં છે. દ્વિતીય શ્રુતસ્કન્ધનું નામ ધર્મકથા છે. આમાં ધર્મપ્રધાન કથાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે : धर्मप्रधानाः कथाः धर्मकथा इति द्वितीयः ।[3] ત્યાર બાદ પ્રથમ શ્રુતસ્કન્ધાન્તર્ગત નિમ્નલિખિત ૧૯ ઉદાહરણરૂપ

---

૧. આગમોદય સમિતિ, મહેસાણા, સન્ ૧૯૧૯.
૨. પૃ. ૧૦ (૧). ૩. એજન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કથાઓનાં અધ્યયનોની અર્થસહિત નામાવલી આપવામાં આવી છે : ૧. ઉત્ક્ષિપ્ત – મેઘકુમારના જીવ દ્વારા હાથીના ભવમાં પાદનો ઉત્ક્ષેપ અર્થાત્ પગ ઊંચો રાખવો, ૨. સંઘાટક – શ્રેષ્ઠિ અને ચોરનું એક બંધનબદ્ધત્વ, ૩. અંડક – મયૂરાંડ, ૪. કૂર્મ – કચ્છપ, ૫. શૈલક – એક રાજર્ષિ, ૬. તુંબ – તુંબડું, ૭. રોહિણી – એક શ્રેષ્ઠિવધૂ, ૮. મલ્લી ઓગણીસમા તીર્થંકર, ૯. માકંદી નામક વેપારીનો પુત્ર, ૧૦. ચન્દ્રમા, ૧૧. દાવદ્રવ – સમુદ્રતટનાં વૃક્ષવિશેષ, ૧૨. ઉદક-નગરની ખાઈનું પાણી, ૧૩. મંડૂક – નન્દ નામના મણિકાર શેઠનો જીવ, ૧૪. તેતલીપુત્ર નામક અમાત્ય, ૧૫. નન્દીફલ – નન્દી નામક વૃક્ષનાં ફળ, ૧૬. અવરકંકા – ભરતક્ષેત્રના ધાતકી ખંડની રાજધાની, ૧૭. આકીર્ણ – જન્મથી સમુદ્રમાં રહેનાર અશ્વ – સમુદ્રી ઘોડા, ૧૮. સુંસુમા – એક શ્રેષ્ઠિદુહિતા, ૧૯. પુંડરીક – એક નગર. ત્યાર પછી વિવરણકારે ક્રમશઃ પ્રત્યેક અધ્યયનનું વ્યાખ્યાન કર્યું છે. જેમાં મુખ્યત્વે નવા તથા મુશ્કેલ શબ્દોનો અર્થ સ્પષ્ટ કર્યો છે. આચાર્યે પ્રત્યેક અધ્યયનની વ્યાખ્યાના અંતે તેમાંથી ફલિત થતો વિશેષ અર્થ સ્પષ્ટ કર્યો છે તથા તેની પુષ્ટિ માટે તદર્થગર્ભિત ગાથાઓ પણ ઉદ્ધૃત કરી છે.

પ્રથમ અધ્યયનના અભિધેયનો સાર બતાવતાં વૃત્તિકાર કહે છે કે અવિધિપૂર્વક પ્રવૃત્તિ કરનાર શિષ્યને માર્ગ પર લાવવા માટે ગુરુએ તેને ઉપાલંભ આપવો જોઈએ જેમ કે ભગવાન મહાવીરે મેઘકુમારને આપ્યો : अविधिप्रवृत्तस्य शिष्यस्य गुरुणा मार्गे स्थापनाय उपालम्भो देयो यथा भगवता दत्तो मेघकुमारायेत्येवमर्थं प्रथममध्ययन-मित्यभिप्रायः।[1] આ જ વક્તવ્યની પુષ્ટિ માટે 'इह गाथा' એવું કહેતાં આચાર્યે નિમ્ન ગાથા ઉદ્ધૃત કરી છે :[2]

महुरेहिं निउणेहिं वयणेहिं चोययंति आयरिया ।
सीसे कहिंचि खलिए जह मेहमुणिं महावीरो ॥ १ ॥
(मधुरैर्निपुणैर्वचनैः स्थापयन्ति आचार्याः ।
शिष्यं क्वचित् स्खलिते यथा मेघमुनिं महावीरः ॥ १ ॥)

દ્વિતીય અધ્યયનના અંતે આચાર્ય લખે છે કે આહાર વિના મોક્ષના સાધનોમાં પ્રવૃત્ત ન થવાય તે કારણે શરીરને આહાર આપવો જોઈએ, જેમકે ધન સાર્થવાહે વિજય ચોરને આપ્યો. આ જ અભિધેયાર્થની પુષ્ટિ માટે આચાર્યે 'पठ्यते च' એવું લખીને નિમ્ન ગાથા ઉદ્ધૃત કરી છે :[3]

---

૧. પૃ. ૭૭ (૧). ૨. એજન. ૩. પૃ. ૯૦ (૧).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सिवसाहणेसु आहारविरहिओ जं न वट्टए देहो ।
तम्हा धणो व्व विजयं साहू तं तेण पोसेज्जा ॥ १ ॥
(शिवसाधनेषु आहारविरहितो यत्र प्रवर्त्तते देहः ।
तस्मात् धन इव विजयं साधुस्तत् तेन पोषयेत् ॥ १ ॥)

તૃતીય અધ્યયનનો સાર બતાવતાં વૃત્તિકાર લખે છે કે બુદ્ધિમાને જિનવરભાષિત વચનોમાં સંદેહ ન કરવો જોઈએ કેમકે આ પ્રકારનો સંદેહ અનર્થનું કારણ છે. જે જિનવચનોમાં હંમેશા શંકિત રહે છે તેને સાગરદત્તની જેમ નિરાશ થવું પડે છે. જે નિઃશંકિત થઈને જિનવચનાનુકૂલ આચરણ કરે છે તેને જિનદત્તની જેમ સફળતા પ્રાપ્ત થાય છે. નિમ્ન ગાથાઓમાં એ જ બતાવવામાં આવ્યું છે :[1]

जिणवरभासियभावेसु भावसच्चेसु भावओ मइमं ।
नो कुज्जा संदेहं संदेहोऽणत्थहेउ त्ति ॥ १ ॥
निस्संदेहत्तं पुण गुणहेउं जं तओ तयं कज्जं ।
एत्थं दो सिट्ठिसुया अंडयगाही उदाहरणं ॥ २ ॥
(जिनवरभाषितेषु भावेषु भावसत्येषु भावती मतिमान् ।
न कुर्यात् संदेहं सन्देहोऽनर्थहेतुरिति ॥ १ ॥
निस्सन्देहत्वं पुनर्गुणहेतुर्यत्तत्तस्तत् कार्यं ।
अत्र द्वौ श्रेष्ठिसुतौ अण्डकग्राहिणावुदाहरणम् ॥ २ ॥)

પ્રથમ શ્રુતસ્કન્ધનાં બાકીના અધ્યયનોનાં વિવરણના અંતે પણ આ જ પ્રકારની અભિધેયાર્થગ્રાહી ગાથાઓ છે. આ શ્રુતસ્કન્ધમાં ધર્માર્થનું કથન સાક્ષાત્ કથાઓ દ્વારા ન હોતાં ઉદાહરણોનાં માધ્યમથી છે જ્યારે દ્વિતીય શ્રુતસ્કન્ધમાં સાક્ષાત્ ધર્મકથાઓ વડે જ ધર્માર્થનું વર્ણન કરવામાં આવ્યું છે : पूर्वत्रासोपालम्भादिभिज्ञातैर्धर्मार्थ उपनीयते, इह तु स एव साक्षात्कथाभिरभिधीयते..... ।[2] આમાં ધર્મકથાઓના દસ વર્ગ છે અને પ્રત્યેક વર્ગમાં વિવિધ અધ્યયન છે. વિવરણકારે 'सर्वः सुगमः' અને 'शेषं सूत्रसिद्धम्' એમ લખીને આ અધ્યયનોનું વ્યાખ્યાન ચાર પંક્તિઓમાં જ સમાપ્ત કરી દીધું છે. અંતે શ્લોકોમાં આચાર્ય અભદેવે પોતાના ગુરુનું નામ જિનેશ્વર બતાવ્યું છે તથા પ્રસ્તુત વિવરણના સંશોધક રૂપે નિર્વૃતકકુલીન દ્રોણાચાર્યનાં નામનો ઉલ્લેખ

---

૧. પૃ. ૯૫ (૨). ૨. પૃ. ૨૪૬ (૧).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્યો છે. વિવરણનું ગ્રંથમાન ૩૮૦૦ શ્લોકપ્રમાણ છે. ગ્રંથસમાપ્તિની તિથિ વિ.સં.૧૧૨૦ની વિજયાદશમી છે. લેખનસમાપ્તિનું સ્થાન અણહિલપાટક નગર છે. અંતિમ શ્લોકો આ છે :

नमः श्रीवर्धमानाय, श्रीपार्श्वप्रभवे नमः ।
नमः श्रीमत्सरस्वत्यै, सहायेभ्यो नमो नमः ॥ १ ॥
इह हि गमनिकार्थं यन्मया व्यूह्योक्तं,
किमपि समयहीनं तद्विशोध्यं सुधीभिः ।
नहि भवति विधेया सर्वथाऽस्मिन्नुपेक्षा,
दयितजिनमतानां तायिनां चाङ्गिवर्गे ॥ २ ॥
परेषां दुर्लक्षा भवति हि विपक्षाः स्फुटमिदं,
विशेषाद् वृद्धानामतुलवचनज्ञानमहसाम् ।
निराम्नायाधीभिः पुनरतितरां मादृशजनै-
स्ततः, शास्त्रार्थे मे वचनमनघं दुर्लभमिह ॥ ३ ॥
ततः सिद्धान्ततत्त्वज्ञैः, स्वयमूह्यः प्रयत्नतः ।
न पुनरस्मदाख्यात, एव ग्राह्यो नियोगतः ॥ ४ ॥
तथापि माऽस्तु मे पापं, सङ्घमत्युपजीवनात् ।
वृद्धन्यायानुसारित्वाद्धितार्थं च प्रवृत्तितः ॥ ५ ॥
तथाहि किमपि स्फुटीकृतमिह स्फुटेऽप्यर्थतः,
सकष्टमतिदेशतो विविधवाचनातोऽपि यत् ।
समर्थपदसंश्रयाद्विगुणपुस्तकेभ्योऽपि यत्,
परात्महितहेतवेऽनभिनिवेशिना चेतसा ॥ ६ ॥
यो जैनाभिमतं प्रमाणमनघं व्युत्पादयामासिवान् ।
प्रस्थानैर्विविधैर्निरस्य निखिलं बौद्धादिसम्बंधि तत् ।
नानावृत्तिकथाकथापथमतिक्रान्तं च चक्रे तपो,
निःसम्बन्धविहारमप्रतिहतं शास्त्रानुसारात्तथा ॥ ७ ॥
तस्याचार्यजिनेश्वरस्य मदवद्वादिप्रतिस्पर्द्धिनः,
तद्बन्धोरपि बुद्धिसागर इति ख्यातस्य सूरेर्भुवि ।
छन्दोबन्धनिबद्धबन्धुरवचः शब्दादिसल्लक्ष्मणः,
श्रीसंविग्नविहारिणः श्रुतनिधेश्चारित्रचूडामणेः ॥ ८ ॥
शिष्येणाभयदेवाख्यसूरिणा विवृतिः कृता ।
ज्ञाताधर्मकथाङ्गस्य, श्रुतभक्त्या समासतः ॥ ९ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

निर्वृतककुलनभस्तलचन्द्रद्रोणाख्यसूरिमुख्येन ।
पंडितगुणेन गुणवत्प्रियेण संशोधिता चेयम् ॥ १० ॥
प्रत्यक्षरं गणनया, ग्रन्थमानं विनिश्चितम् ।
अनुष्टुभां सहस्त्राणि, त्रीण्येवाष्टशतानि च ॥ ११ ॥
एकादशसु शतेष्वथ विंशत्यधिकेषु विक्रमसमानाम् ।
अणहिलपाटकनगरे विजयदशम्यां च सिद्धेयम् ॥ १२ ॥

ઉપાસકદશાંગવૃત્તિ :

આ વૃત્તિ[1] સૂત્રસ્પર્શી છે. આમાં સૂત્રગત વિશેષ શબ્દોના અર્થ વગેરેનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે. જ્ઞાતાધર્મકથાની ટીકાની જેમ જ શબ્દાર્થ-પ્રધાન હોવાને કારણે આનો વિસ્તાર અધિક નથી. આ વૃત્તિ જ્ઞાતાધર્મકથાની વૃત્તિ પછી રચવામાં આવી છે. પ્રારંભમાં વર્ધમાનને નમસ્કાર કરવામાં આવ્યા છે તથા ઉપાસકદશાંગની વ્યાખ્યા કરવાની પ્રતિજ્ઞા કરવામાં આવી છે. ત્યાર પછી ટીકાકારે સપ્તમ અંગ 'ઉપાસકદશા'નો શબ્દાર્થ આપ્યો છે. ઉપાસકનો અર્થ છે શ્રમણોપાસક અને દશાનો અર્થ છે દસ. શ્રમણોપાસક-સંબંધ અનુષ્ઠાનનું પ્રતિપાદન કરનાર દસ અધ્યયનરૂપ ગ્રંથ ઉપાસકદશા છે. આ ગ્રંથનું નામ બહુવચનાન્ત છે. પ્રસ્તુત વૃત્તિમાં પણ આચાર્યે ક્યાંક-ક્યાંક વ્યાખ્યાન્તરનો નિર્દેશ કર્યો છે. અનેક જગ્યાએ જ્ઞાતાધર્મકથાની વ્યાખ્યા વડે અર્થ સમજી લેવા માટે કહ્યું છે. અંતે વૃત્તિકાર કહે છે કે બધા મનુષ્યોને પ્રાયઃ પોતાનું વચન અભિમત હોય છે. જે પોતાને પણ સારી રીતે પસંદ નથી આવતું તે બીજાને કેવી રીતે પસંદ આવી શકે ? મેં પોતાના ચિત્તના કોઈ ઉલ્લાસ વિશેષને કારણે અહીં કંઈક કહ્યું છે. તેમાં જે કંઈ યુક્તિયુક્ત હોય તેનો નિર્મળ બુદ્ધિવાળા પુરુષો પ્રેમપૂર્વક સ્વીકાર કરે.

અન્તકૃદ્દશાવૃત્તિ :

આ વૃત્તિ[2] પણ સૂત્રસ્પર્શી તથા શબ્દાર્થપ્રધાન છે. અવ્યાખ્યાત પદોના અર્થ માટે વૃત્તિકારે જ્ઞાતાધર્મકથાવિવરણનો નિર્દેશ કર્યો છે. 'અન્તકૃદ્દશા'નો શબ્દાર્થ

---

૧. (અ) રાયબહાદુર ધનપતસિંહ, કલકત્તા, સન્ ૧૮૭૬.
(આ) આગમોદય સમિતિ, મુંબઈ, સન્ ૧૯૨૦.
(ઇ) માત્ર ગુજરાતી અનુવાદ – પં. ભગવાનદાસ હર્ષચન્દ્ર, જૈન સોસાયટી, અમદાવાદ, વિ.સં. ૧૯૯૨.

૨. (અ) રાયબહાદુર ધનપતસિંહ, કલકત્તા, સન્ ૧૮૭૫.
(આ) આગમોદય સમિતિ, સૂરત, સન્ ૧૯૨૦.
(ઇ) ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રોડ, અમદાવાદ, સન્ ૧૯૩૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બતાવતાં વૃત્તિકાર કહે છે : तत्रान्तो-भवान्तः कृतो-विहितो यैस्तेऽन्तकृतास्तद्वक्तव्यताप्रतिबद्धा दशाः—दशाध्ययनरूपा ग्रन्थपद्धतय इति अन्तकृद्दशाः, इह चाष्टौ वर्गा भवन्ति । तत्र प्रथमे वर्गे दशाध्ययनानि । 'अंत'નો અર્થ છે ભવાન્ત અને 'કૃત'નો અર્થ છે વિહિત. જેમણે પોતાના ભવનો અંત કર્યો છે તે અન્તકૃત છે. અન્તકૃતસંબંધી ગ્રન્થવિશેષ જેની પદ્ધતિ દશાધ્યયનરૂપ—દસ અધ્યયનવાળી છે, અન્તકૃદ્દશા કહેવાય છે. જોકે અન્તકૃદ્દશાના પ્રત્યેક વર્ગમાં દસ અધ્યયન નથી તો પણ કેટલાક વર્ગોની દસ અધ્યયનવાળી પદ્ધતિને કારણે આનું નામ અન્તકૃદ્દશા રાખવામાં આવ્યું છે. વૃત્તિના અંતે આચાર્ય લખે છે : यदिह न व्याख्यातं तज्ज्ञाताधर्मकथाविवरणादवसेयम् — જેનું અહીં વ્યાખ્યાન ન કરવામાં આવ્યું હોય તે જ્ઞાતાધર્મકથાનાં વિવરણથી સમજી લેવું જોઈએ. નિમ્નલિખિત શ્લોક સાથે વૃત્તિ પૂર્ણ થાય છે :

अनन्तरसपर्यये जिनवरोदिने शासने,
यकेह समयानुगा गमनिका किल प्रोच्यते ।
गमान्तरमुपैति सा तदपि सद्धिरस्यां कृता-
वस्द्गमशोधनं ननु विधीयतां सर्वतः ॥

अनुत्तरौपपातिकदशावृत्ति :

આ વૃત્તિ[1] પણ સૂત્રસ્પર્શિક તથા શબ્દાર્થગ્રાહી છે. પ્રારંભમાં વૃત્તિકારે 'અનુત્તરૌપપાતિકદશા'નો અર્થ બતાવ્યો છે : तत्रानुत्तरेषु विमानविशेषेषूपपातो जन्म अनुत्तरोपपातः स विद्यते येषां तेऽनुत्तरौपपातिकास्तत्प्रतिपादिका दशाः । दशाध्ययनप्रतिबद्ध-प्रथमवर्गयोगाद्दशाः ग्रन्थविशेषोऽनुत्तरौपपातिकदशास्तासां च सम्बन्धसूत्रम् । અનુત્તરવિમાનમાં ઉત્પન્ન થનારને અનુત્તરૌપપાતિક કહેવામાં આવે છે. જે ગ્રંથમાં અનુત્તરૌપપાતિકોનું વર્ણન છે તેનું નામ પણ અનુત્તરૌપપાતિક છે. તેના પ્રથમ વર્ગમાં દસ અધ્યયન છે આથી તેને અનુત્તરૌપપાતિકદશા કહે છે. અંતમાં વૃત્તિકારે લખ્યું છે :

शब्दाः केचन नार्थतोऽत्र विदिताः केचित्तु पर्यायतः,
सूत्रार्थानुगतेः समूह्य भणतो यज्जातमागःपदम् ।
वृत्तावत्र तकत् जिनेश्वरवचोभाषाविधौ कोविदैः,
संशोध्यं विहितादरैर्जिनमतोपेक्षा यतो न क्षमा ॥

---

१. (अ) रायबहादुर धनपतसिंह, कलकत्ता, सन् १८७५.
(आ) आगमोदय समिति, सूरत, सन् १९२०.
(इ) गूर्जर ग्रंथरत्न कार्यालय, अमदावाद, सन् १९३२.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેટલાક શબ્દોનું અર્થથી અને કેટલાકનું પર્યાયથી જ્ઞાન ન હોવાથી વૃત્તિમાં ત્રુટીઓ રહેવી સ્વાભાવિક છે. જિનવાણીમાં નિષ્ણાત આદરણીય વિદ્વજ્જનો તે ત્રુટીઓનું સંશોધન કરી લે, કેમકે જિનમતની ઉપેક્ષા કરવી યોગ્ય નથી.

પ્રશ્નવ્યાકરણવૃત્તિ :

અભયદેવસૂરિકૃત પ્રસ્તુત શબ્દાર્થપ્રધાન વૃત્તિ[1] નું ગ્રંથમાન ૪૬૩૦ શ્લોકપ્રમાણ છે. આને દ્રોણાચાર્યે શુદ્ધ કરી હતી. વૃત્તિના પ્રારંભે વ્યાખ્યેય ગ્રંથની દુરૂહતાનો નિર્દેશ કરતાં આચાર્ય કહે છે :

अज्ञा वयं शास्त्रमिदं गभीरं प्रायोऽस्य कूटानि च पुस्तकानि ।
सूत्रं व्यवस्थाप्यमतो विमृश्य, व्याख्यानकल्पादित एव नैव ॥

પ્રસ્તુત ગ્રન્થનું નામ પ્રશ્નવ્યાકરણ અથવા પ્રશ્નવ્યાકરણદશા છે. પ્રશ્નવ્યાકરણનો અર્થ બતાવતાં વૃત્તિકાર કહે છે કે જેમાં પ્રશ્ન અર્થાત્ અંગુષ્ઠાદિ પ્રશ્નવિદ્યાઓનું વ્યાકરણ અર્થાત્ અભિધાન કરવામાં આવ્યું છે તે પ્રશ્નવ્યાકરણ છે. પ્રશ્નવ્યાકરણદશાનો અર્થ આ છે : જેમાં પ્રશ્ન અર્થાત્ વિદ્યાવિશેષોનું વ્યાકરણ અર્થાત્ પ્રતિપાદન કરનાર દશા અર્થાત્ દસ અધ્યયન છે તે પ્રશ્નવ્યાકરણદશા છે. આ વ્યુત્પત્ત્યર્થ પહેલાં હતો. અત્યારે તો આમાં આસ્રવપંચક અને સંવરપંચકનું પ્રતિપાદન જ ઉપલબ્ધ છે. प्रश्नाः—अङ्गुष्ठादिप्रश्नविधास्ता—व्याक्रियन्ते-अभिधीयन्तेऽस्मिन्निति प्रश्नव्याकरण, क्वचित् 'प्रश्नव्याकरणदशा' इति दृश्यते, तत्र प्रश्नानां—विद्याविशेषाणां यानि व्याकरणानि तेषां प्रतिपादनपरा दशा—दशाध्ययनप्रतिबद्धाग्रन्थपद्धतय इति प्रश्नव्याकरणदशा । अयं व्युत्पत्त्यर्थोऽस्य पूर्वकालेऽभूत् । इदानीं त्वास्रवपञ्चकसंवरपञ्चकव्याकृतिरेवोपलभ्यते ।[2]

આગળ આચાર્યે બતાવ્યું છે કે મહાજ્ઞાની પૂર્વાચાર્યોએ આ યુગના પુરુષોના સ્વભાવને નજરમાં રાખીને જ તે વિદ્યાઓના બદલે પંચાસ્રવ અને પંચસંવરનું વર્ણન કર્યું હોવાનું જણાય છે. પ્રશ્નવ્યાકરણ-સુખબોધિકાવૃત્તિકાર જ્ઞાનવિમલસૂરિએ પણ આ તથ્યનું સમર્થન કર્યું છે.[3]

---

૧. (અ) રાયબહાદુર ધનપતસિંહ, કલકત્તા, સન્ ૧૮૭૬.
(આ) આગમોદય સમિતિ, મુંબઈ, સન્ ૧૯૧૯.
૨. પૃ. ૧.
૩. જુઓ – પ્રશ્નવ્યાકરણ – સુખબોધિકાવૃત્તિ, પૃ. ૨ (૨).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિપાકવૃત્તિ :

વૃત્તિના[1] પ્રારંભમાં આચાર્યે વર્ધમાનને નમસ્કાર કર્યા છે તથા વિપાક સૂત્રની વૃત્તિ લખવાની પ્રતિજ્ઞા કરી છે :

नत्वा श्रीवर्धमानाय वर्धमानश्रुताध्वने ।
विपाकश्रुतशास्त्रस्य वृत्तिकेयं विधास्यते ॥

તદનન્તર પોતાની વૃત્તિઓની શૈલીનું અનુસરણ કરતાં 'વિપાકશ્રુત'નો શબ્દાર્થ બતાવ્યો છે : अथ 'विपाकश्रुतम्' इति कः शब्दार्थः ? उच्यते — विपाकः पुण्यपापरूपकर्मफलं तत्प्रतिपादनपरं श्रुतमागमो विपाकश्रुतम् । इदं च द्वादशांगस्य प्रवचनपुरुषस्यैकादशमंगम् । વિપાકનો અર્થ છે પુણ્ય-પાપરૂપ કર્મફલ. તેનું પ્રતિપાદન કરનાર શ્રુત અર્થાત્ આગમ વિપાકશ્રુત કહેવાય છે. આ શ્રુત દ્વાદશાંગરૂપ પ્રવચનપુરુષનું અગિયારમું અંગ છે.

પ્રથમ શ્રુતસ્કન્ધના પ્રથમ અધ્યયનનું પંચમ સૂત્ર 'से णं भंते ! पुरिसे पुव्वभवे के आसि.....तत्थ णं विजयवद्धमाणे खेडे एक्काई नाम रट्ठकूडे होत्था....'ની વ્યાખ્યામાં વૃત્તિકારે रट्ठकूड-रट्ठउड-राष्ट्रकूटનો અર્થ આ રીતે કર્યો છે : 'रट्ठउडे' त्ति राष्ट्रकूटो मण्डलोपजीवी राजनियोगिकः ।[2] આ જ રીતે આચાર્યે અન્ય પારિભાષિક પદોનો પણ સંક્ષિપ્ત તથા સંતુલિત અર્થ કર્યો છે. અંતે અન્ય વૃત્તિઓની જેમ આમાં પણ વૃત્તિકારે વિદ્વાનોને વૃત્તિગત ત્રુટીઓ સુધારી લેવાની પ્રાર્થના કરી છે :[3]

इहानुयोगे यदयुक्तमुक्तं तद् धीधना द्राक् परिशोधयन्तु ।
नोपेक्षणं युक्तिमदत्र येन जिनागमे भक्तिपरायणानाम् ॥

---

૧. (અ) રાયબહાદુર ધનપતસિંહ, કલકત્તા, સન્ ૧૮૭૬.
(આ) આગમોદય સમિતિ, મુંબઈ, સન્ ૧૯૨૦.
(ઇ) મુક્તિકમલ જૈન મોહનમાલા, વડોદરા, સન્ ૧૯૨૦ (પ્રથમ આવૃત્તિ), વિ.સં. ૧૯૯૨ (દ્વિતીય આવૃત્તિ).
(ઈ) ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રોડ, અમદાવાદ, સન્ ૧૯૩૫ (મૂળ, મૂળનો અંગ્રેજી અનુવાદ, ટિપ્પણ વગેરે સહિત).

૨. વડોદરા-સંસ્કરણ (દ્વિતીય) પૃ. ૧૦ (૧).

૩. પૃ. ૯૯ (૧).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઔપપાતિકવૃત્તિ :

આ વૃત્તિ[1] પણ શબ્દાર્થ-પ્રધાન છે. પ્રારંભમાં વૃત્તિકારે વર્ધમાનને નમસ્કાર કરીને ઔપપાતિક શાસ્ત્રની વ્યાખ્યા કરવાની પ્રતિજ્ઞા કરી છે :

श्रीवर्धमानमानम्य, प्रायोऽन्यग्रंथवीक्षिता ।
औपपातिकशास्त्रस्य, व्याख्या काचिद्विधीयते ॥

ત્યાર પછી 'ઔપપાતિક'નો શબ્દાર્થ કર્યો છે : अथौपपातिकमिति कः शब्दार्थः? उच्यते — उपपतनमुपपातो —देवनारकजन्म सिद्धिगमनं च, अतस्तमधिकृत्य कृतमध्ययनमौपपातिकम् । દેવો અને નારકોના જન્મ અને સિદ્ધિગમનને ઉપપાત કહે છે. ઉપપાતસંબંધી વર્ણનને કારણે તત્સમ્બદ્ધ ગ્રન્થનું નામ ઔપપાતિક છે. આ ગ્રંથ કોનું ઉપાંગ છે તેનો ઉત્તર આપતાં વૃત્તિકાર કહે છે : इदं चोपाङ्गं वर्त्तते, आचारांगस्य हि प्रथममध्ययनं शस्त्रपरिज्ञा, तस्याद्योद्देशके सूत्रमिदम् 'एवमेगेसिं नो नायं भवइ — अत्थि वा मे आया उववाइए, नत्थि वा मे आया उववाइए, के वा अहं आसी ? के वा इह (अहं) च्चुए (इओ चुओ) पेच्चा इह भविस्सामि' इत्यादि, इह च सूत्रे यदौपपातिकत्वमात्मनो निर्दिष्टं तदिह प्रपंचयत इत्यर्थतोऽङ्गस्य समीपभावेनेदमुपांगम् । આ ગ્રન્થ આચારાંગનું ઉપાંગ છે. આચારાંગનાં પ્રથમ અધ્યયન શસ્ત્રપરિજ્ઞાના આદ્ય ઉદ્દેશકના 'एवमेगेसिं नो नायं भवइ—अत्थि वा मे आया उववाइए.....'સૂત્રમાં આત્માનું ઔપપાતિકત્વ નિર્દિષ્ટ છે તેનું વિશેષ વર્ણન કરવાને કારણે ઔપપાતિકસૂત્રને આચારાંગનું ઉપાંગ કહેવામાં આવે છે.

પ્રથમ સૂત્ર 'तेणं कालेणं.....'નું વ્યાખ્યાન કરતાં ટીકાકારે સૂત્રોના અનેક પાઠભેદ હોવાનો સ્વીકાર કર્યો છે : इह च बहवो वाचनाभेदा दृश्यन्ते..... । આગળ આચાર્યે સૂત્રાન્તર્ગત નટ, નર્તક, જલ્લ, મલ્લ, મૌષ્ટિક, વિડમ્બક, કથક, પ્લવક, લાસક, આખ્યાયક, લંખ, મંખ, તૂણઇલ્લ, તુમ્બવીણિક, તાલાચર, આરામ, ઉદ્યાન, અવટ, તડાગ, દીર્ઘિક, વપ્પિણિ, અટ્ટાલક, ચરિક, દ્વાર, ગોપુર, તોરણ, પરિઘ, ઇન્દ્રકીલ, શિલ્પી, શૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, પણિત, આપણ, ચતુર્મુખ, મહાપથ, પંચ, શિબિકા, સ્યન્દમાનિક, યાન, યુગ્ય, યાગ, ભાગ, દાય, કન્દ, સ્કન્ધ, ત્વક્, શાલા (શાખા), પ્રવાલ, વિષ્કમ્ભ, આયામ, ઉત્સેધ, અન્જનક, હલધરકોસેજજ, કજજલાંગી, શૃંગભેદ, રિષ્ઠક, અશનક, સનબંધન, મરકત, મસાર,

---

૧. (અ) રાયબહાદુર ધનપતસિંહ, કલકત્તા, સન્ ૧૮૮૦.
(આ) આગમોદય સમિતિ, મુંબઈ, સન્ ૧૯૧૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઈહામૃગ, વ્યાલક, આજિનક, ઋત, બૂર, તૂલ, ગણનાયક, દંડનાયક, રાજા, ઈશ્વર (યુવરાજ), તલવર, માડંબિક, કૌટુમ્બિક, મન્ત્રી, મહામન્ત્રી, ગણક, દૌવારિક, અમાત્ય, ચેટ, પીઠમર્દ, નાગર, નૈગમ, શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહ, દૂત, સંધિપાલ વગેરે અનેક મહત્ત્વપૂર્ણ સાંસ્કૃતિક, સામાજિક, પ્રશાસનવિષયક તથા શાસ્ત્રીય શબ્દોનો અર્થ સ્પષ્ટ કર્યો છે. અહીં-તહીં પાઠાંતરો તથા મતાંતરોનો પણ નિર્દેશ કર્યો છે. અંતે વૃત્તિકારે પોતાનાં નામની સાથે સાથે જ પોતાનાં કુળ અને ગુરુનું નામ આપ્યું છે અને બતાવ્યું છે કે પ્રસ્તુત વૃત્તિનું સંશોધન દ્રોણાચાર્યે અહણિલપાટક નગરમાં કર્યું :[1]

चन्द्रकुलविपुलभूतलयुगप्रवरवर्धमानकल्पतरोः ।
कुसुमोपमस्य सूरेः गुणसौरभभरितभवनस्य ॥ १ ॥
निस्सम्बन्धविहारस्य सर्वदा श्रीजिनेश्वराह्वस्य ।
शिष्येणाभयदेवाख्यसूरिणेयं कृत वृत्तिः ॥ २ ॥
अणहिलपाटकनगरे श्रीमद्द्रोणाख्यसूरिमुख्येन ।
पण्डितगुणेन गुणवत्प्रियेण संशोधिता चेयम् ॥ ३ ॥

વૃત્તિનું ગ્રન્થમાન ૩૧૨૫ શ્લોક-પ્રમાણ છે.

●

---

૧. આગમોદય-સંસ્કરણ, પૃ. ૧૧૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દશમ પ્રકરણ

મલયગિરિવિહિત વૃત્તિઓ

આચાર્ય મલયગિરિની પ્રસિદ્ધિ ટીકાકાર રૂપે જ છે, નહિ કે ગ્રન્થકાર રૂપે. તેમણે જૈન આગમ-ગ્રન્થો પર અતિ મહત્ત્વપૂર્ણ ટીકાઓ લખી છે. આ ટીકાઓ વિષયની વિશદતા, ભાષાની પ્રાસાદિકતા, શૈલીની પ્રૌઢતા તથા નિરૂપણની સ્પષ્ટતા વગેરે બધી દૃષ્ટિએ સુસફળ છે. મલયગિરિસૂરિનો સ્વલ્પ પરિચય આ મુજબ છે :[1]

આચાર્ય મલયગિરિએ પોતાના ગ્રંથોના અંતની પ્રશસ્તિમાં 'यदवापि मलयगिरिणा, सिद्धिं तेनाश्नुतां लोकः' આ રીતે સામાન્ય નામોલ્લેખ સિવાય પોતાના વિષયમાં કંઈ પણ નથી લખ્યું. આ જ રીતે અન્ય આચાર્યોએ પણ તેમના વિષયમાં પ્રાયઃ મૌન જ ધારણ કર્યું છે. માત્ર પંદરમી શતાબ્દીના એક ગ્રન્થકાર જિનમંડનગણિએ પોતાના કુમારપાલપ્રબન્ધમાં આચાર્ય હેમચન્દ્રની વિદ્યાસાધનાના પ્રસંગનું વર્ણન કરતી વખતે આચાર્ય મલયગિરિ સંબંધિત કેટલીક વાતોનો ઉલ્લેખ કર્યો છે. વર્ણન આ મુજબ છે :

હેમચન્દ્રે ગુરુની આજ્ઞા લઈને અન્ય ગચ્છીય દેવેન્દ્રસૂરિ અને મલયગિરિની સાથે કલાઓમાં કુશળતા પ્રાપ્ત કરવા માટે ગૌડદેશ તરફ વિહાર કર્યો. માર્ગમાં ખિલ્લૂર ગ્રામમાં એક સાધુ બિમાર હતો. તેની ત્રણેએ સારી રીતે સેવા કરી. તે સાધુ રૈવતક તીર્થ (ગિરનાર)ની યાત્રા માટે બહુ આતુર હતો. તેની અંતિમ સમયની ઈચ્છા પૂરી કરવા માટે ગામના લોકોને સમજાવીને ડોળીનો પ્રબંધ કરી તે લોકો સૂઈ ગયા. સવારે ઊઠીને જુએ છે તો ત્રણે જણા રૈવતકમાં બેઠેલા છે. આ સમયે શાસનદેવીએ આવીને તેમને કહ્યું કે તમારું ઈચ્છિત કાર્ય અહીં જ સમ્પન્ન થઈ જશે. હવે તમારે ગૌડદેશમાં જવાની કોઈ આવશ્યકતા નથી. આમ કહીને અનેક મંત્ર, ઔષધિ વગેરે આપીને દેવી પોતાના સ્થાને ચાલી ગઈ.

એક વખત ગુરુએ તેમને સિદ્ધચક્ર મંત્ર આપ્યો. .....ત્રણેએ અંબિકાદેવીની સહાયતાથી ભગવાન નેમિનાથ (રૈવતકદેવ)ની સામે બેસીને સિદ્ધચક્ર મંત્રની

---

૧. આનો આધાર મુનિશ્રી પુણ્યવિજયજી દ્વારા સંપાદિત પંચમ તથા ષષ્ઠ કર્મગ્રંથ (આત્માનન્દ જૈન ગ્રંથમાલા, ૮૬)ની પ્રસ્તાવના છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આરાધના કરી. મંત્રના અધિષ્ઠાતા વિમલેશ્વરદેવે પ્રસન્ન થઈને ત્રણેને કહ્યું કે તમે પોતાને ઈચ્છિત વરદાન માગો. તે સમયે હેમચન્દ્રે રાજાને પ્રતિબોધ આપવાનો, દેવેન્દ્રસૂરિએ એક રાતમાં કાંતી નગરીથી સેરીસક ગ્રામમાં મંદિર લાવવાનો અને મલયગિરિસૂરિએ જૈન સિદ્ધાન્તોની વૃત્તિઓ – ટીકાઓ રચવાનું વરદાન માગ્યું. ત્રણેને પોતપોતાની ઈચ્છાનુસાર વરદાન આપીને દેવ પોતાના સ્થાન પર ચાલ્યા ગયા.

ઉપર્યુક્ત ઉલ્લેખથી એમ ફલિત થાય છે કે (૧) મલયગિરિસૂરિ આચાર્ય હેમચન્દ્ર સાથે વિદ્યાસાધના માટે ગયા હતા, (૨) તેમણે જૈન આગમગ્રંથોની ટીકાઓ લખવાનું વરદાન પ્રાપ્ત કર્યું હતું અને (૩) તેઓ 'સૂરિ' પદ અર્થાત્ 'આચાર્ય' પદથી વિભૂષિત હતા. મલયગિરિ માટે આચાર્યપદસૂચક એક વધુ પ્રમાણ ઉપલબ્ધ છે જે આનાથી પણ અધિક પ્રબળ છે. આ પ્રમાણ મલયગિરિવિરચિત શબ્દાનુશાસનમાં છે જે આ મુજબ છે : एवं कृत मङ्गलरक्षाविधानः परिपूर्णमल्पग्रन्थं लघूपाय आचार्यो मलयगिरिः शब्दानुशासनमारभते। આમાં મલયગિરિએ પોતાના માટે સ્પષ્ટરૂપે આચાર્યપદનો પ્રયોગ કર્યો છે. આ જ રીતે આચાર્ય મલયગિરિ અને આચાર્ય હેમચન્દ્રના સંબંધ પર પ્રકાશ પાડનાર એક પ્રમાણ મલયગિરિ વિરચિત આવશ્યકવૃત્તિમાં છે જેનાથી એમ પ્રકટ થાય છે કે આચાર્ય મલયગિરિ આચાર્ય હેમચન્દ્રને અતિ સમ્માનપૂર્ણ દૃષ્ટિએ જોતા હતા. આચાર્ય મલયગિરિ લખે છે : तथा चाहुः स्तुतिषु गुरवः—

अन्योन्यपक्षप्रतिपक्षभावाद्, यथा परे मत्सरिणः प्रवादाः ।
नयानशेषानविशेषमिच्छन्, न पक्षपाती समयस्तथा ते ॥

આ કારિકા આચાર્ય હેમચન્દ્રકૃત અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકાની છે જેને આચાર્ય મલયગિરિએ પોતાની આવશ્યકવૃત્તિમાં ઉદ્ધૃત કરી છે. ઉદ્ધૃત કરતાં પહેલાં આચાર્ય હેમચન્દ્રે માટે 'गुरवः' પદનો પ્રયોગ કર્યો છે. આ અતિ સમ્માનપૂર્ણ પ્રયોગથી એમ સ્પષ્ટ છે કે આચાર્ય હેમચન્દ્રના પાંડિત્યનો પ્રભાવ મલયગિરિસૂરિ પર ખૂબ ઊંડો હતો. એટલું જ નહિ, આચાર્ય હેમચંદ્ર મલયગિરિસૂરિની અપેક્ષાએ વ્રતાવસ્થામાં પણ મોટા જ હતા, વયમાં કદાચ મોટા ન પણ હોય. અન્યથા આચાર્ય હેમચન્દ્ર માટે 'गुरवः' શબ્દનો પ્રયોગ કરવો મલયગિરિસૂરિ માટે એટલું સરળ ન હોત. જૈન આગમો પર ટીકાઓ લખવાની આચાર્ય મલયગિરિની ઈચ્છા તો તેમની ઉપલબ્ધ ટીકાઓમાં પ્રતિબિંબિત છે જ.

મલયગિરિએ કેટલા ગ્રંથ લખ્યા, તેનો સ્પષ્ટ ઉલ્લેખ તો ક્યાંય ઉપલબ્ધ નથી થતો. તેમના જેટલા ગ્રંથ આ સમયે ઉપલબ્ધ છે તથા જે ગ્રન્થોનાં નામોનો ઉલ્લેખ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો તેમની કૃતિઓમાં છે પરંતુ ગ્રંથ ઉપલબ્ધ નથી તે બધાની સૂચિ નીચે આપવામાં આવે છે.

ઉપલબ્ધ ગ્રંથ

નામ	શ્લોકપ્રમાણ
૧. ભગવતીસૂત્ર–દ્વિતીયશતકવૃત્તિ	૩૭૫૦
૨. રાજપ્રશ્નીયોપાંગટીકા	૩૭૦૦
૩. જીવાભિગમોપાંગટીકા	૧૬૦૦૦
૪. પ્રજ્ઞાપનોપાંગટીકા	૧૬૦૦૦
૫. ચન્દ્રપ્રજ્ઞપ્ત્યુપાંગટીકા	૯૫૦૦
૬. સૂર્યપ્રજ્ઞપ્ત્યુપાંગટીકા	૯૫૦૦
૭. નન્દીસૂત્રટીકા	૭૭૩૨
૮. વ્યવહારસૂત્રવૃત્તિ	૩૪૦૦૦
૯. બૃહત્કલ્પપીઠિકાવૃત્તિ (અપૂર્ણ)	૪૬૦૦
૧૦.આવશ્યકવૃત્તિ (અપૂર્ણ)	૧૮૦૦૦
૧૧.પિંડનિર્યુક્તિટીકા	૬૭૦૦
૧૨.જ્યોતિષ્કરંડકટીકા	૫૦૦૦
૧૩.ધર્મસંગ્રહણીવૃત્તિ	૧૦૦૦૦
૧૪.કર્મપ્રકૃતિવૃત્તિ	૮૦૦૦
૧૫.પંચસંગ્રહવૃત્તિ	૧૮૮૫૦
૧૬.ષડશીતિવૃત્તિ	૨૦૦૦
૧૭.સપ્તતિકાવૃત્તિ	૩૭૮૦
૧૮.બૃહત્સંગ્રહણીવૃત્તિ	૫૦૦૦
૧૯.બૃહત્ક્ષેત્રસમાસવૃત્તિ	૯૫૦૦
૨૦.મલયગિરિશબ્દાનુશાસન	૫૦૦૦

અનુપલબ્ધ ગ્રંથ

૧. જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિટીકા	૨. ઓઘનિર્યુક્તિટીકા
૩. વિશેષાવશ્યકટીકા	૪. તત્ત્વાર્થાધિગમટીકા
૫. ધર્મસારપ્રકરણ ટીકા	૬. દેવેન્દ્રનરકેન્દ્ર પ્રકરણ ટીકા

ઉપર્યુક્ત ગ્રંથોના નામથી સ્પષ્ટ છે કે આચાર્ય મલયગિરિ એક બહુ મોટા ટીકાકાર છે, નહિ કે સ્વતંત્ર ગ્રંથકાર. તેમણે આ ટીકાઓમાં જ પોતાના પાંડિત્યનો ઉપયોગ કર્યો છે. આ જ કારણ છે કે તેમની ટીકાઓની વિદ્વત્સમાજમાં ખૂબ પ્રતિષ્ઠા છે. તેઓ પોતાની ટીકાઓમાં સર્વપ્રથમ મૂલ સૂત્ર, ગાથા અથવા શ્લોકના શબ્દાર્થની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યાખ્યા કરે છે અને તે અર્થનો સ્પષ્ટ નિર્દેશ કરી દે છે. તદનન્તર વિશેષ સ્પષ્ટીકરણ અથવા વિસ્તૃત વિવેચનની આવશ્યકતા પ્રતીત થતાં 'अयं भावः, किमुक्तं भवति, अयमाशयः, इदमत्र हृदयम्' વગેરે પદો સાથે સંપૂર્ણ અભીષ્ટાર્થ સ્પષ્ટ કરી દે છે. વિષય સાથે સમ્બદ્ધ અન્ય પ્રાસંગિક વિષયોની ચર્ચા કરવી તથા તદ્વિષયક પ્રાચીન પ્રમાણોનો ઉલ્લેખ કરવો પણ આચાર્ય મલયગિરિની એક બહુ મોટી વિશેષતા છે. આગળ મલયગિરિકૃત પ્રકાશિત ટીકાઓનો પરિચય આપવામાં આવે છે.

નંદીવૃત્તિ :

આચાર્ય મલયગિરિકૃત પ્રસ્તુત વૃત્તિ[1] દાર્શનિક વાદ-વિવાદથી પરિપૂર્ણ છે. એ જ કારણ છે કે એનો વિસ્તાર પણ વધારે છે. તેમાં અહીં-તહીં ઉદાહરણ રૂપે સંસ્કૃત કથાનકો પણ આપવામાં આવ્યાં છે. પ્રાકૃત તથા સંસ્કૃત ઉદ્ધરણોનો પણ અભાવ નથી જ. પ્રારંભમાં આચાર્યે વર્ધમાન જિનેશ્વર તથા જિન-પ્રવચનનું સાદર સ્મરણ કર્યું છે :

जयति भुवनैकभानुः सर्वत्राविहतकेवलालोकः ।
नित्योदितः स्थिरस्तापवर्जितो वर्धमानजिनः ॥ १ ॥
जयति जगदेकमंगलमपहतनिःशेषदुरितघनतिमिरम् ।
रविबिम्बमिव यथास्थितवस्तुविकाशं जिनेशवचः ॥ २ ॥

વૃત્તિકારે નન્દીનો શબ્દાર્થ આ મુજબ બતાવ્યો છે : अथ नन्दिरिति कः शब्दार्थः? उच्यते—'टुनदु' समृद्धावित्यस्य 'धातोरुदितो नम्' इति नमि विहिते नन्दनं नन्दिः प्रमोदो हर्ष इत्यर्थः, नन्दिहेतुत्वात् ज्ञानपंचकाभिधायकमध्ययनमपि नन्दिः, नन्दन्ति प्राणिनोऽनेनास्मिन् वेति वा नन्दिः इदमेव प्रस्तुतमध्ययनम् ।..... अपरे तु नन्दीति पठन्ति, ते च 'इक् कृष्यादिभ्यः' इति सूत्रादिकप्रत्ययं समानीय स्त्रीत्वेऽपि वर्तयन्ति ततश्च 'इतोऽक्त्यर्थात्' इति ङीप्रत्ययः ।[2] 'ટુનદુ' ધાતુથી 'સમૃદ્ધિ' અર્થમાં 'धातोरुदितो नम्' સૂત્રથી 'नम्' કરવાથી 'नन्दि' બને છે જેનો અર્થ છે પ્રમોદ, હર્ષ વગેરે. નન્દિ-પ્રમોદ-હર્ષનું કારણ હોવાથી જ્ઞાનપંચકનું કથન કરનાર અધ્યયન પણ 'નન્દિ' કહેવાય છે. અથવા જેના દ્વારા અથવા જેમાં પ્રાણીઓ પ્રસન્ન રહે છે તે 'નન્દિ' છે. આ જ પ્રસ્તુત અધ્યયન – ગ્રંથ છે. કેટલાક લોકો આને 'નન્દી' કહે છે. તેમના મતે

---

૧. (અ) રાયબહાદુર ધનપતસિંહ, બનારસ, વિ.સં. ૧૯૩૩.
(આ) આગમોદય સમિતિ, ગ્રં. ૧૬, સન્ ૧૯૨૪.
૨. આગમોદય-સંસ્કરણ, પૃ. ૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'इक् कृष्यादिभ्यः' સૂત્રથી 'इक्' પ્રત્યય કરીને સ્ત્રીલિંગમાં 'इतोऽत्यर्थात्' સૂત્રથી 'ङी' પ્રત્યય કરવાથી 'नन्दी' બને છે.

'નન્દી'નું નિક્ષેપ-પદ્ધતિએ વિવેચન કર્યા પછી ટીકાકારે 'जयइ जगजीवजोणी.....' વગેરે સ્તુતિપરક સૂત્ર-ગાથાઓનું સુવિસ્તૃત વ્યાખ્યાન કર્યું છે. આમાં જીવસત્તાસિદ્ધિ, શાબ્દપ્રામાણ્ય, વચનપૌરુષેયત્વખંડન, વીતરાગસ્વરૂપવિચાર, સર્વજ્ઞસિદ્ધિ, નૈરાત્મ્યનિરાકરણ, સંતાનવાદખંડન, વાસ્યવાસકભાવખંડન, અન્વયિજ્ઞાનસિદ્ધિ, સાંખ્યમુક્તિનિરાસ, ધર્મધર્મિભેદાભેદસિદ્ધિ વગેરેનો સમાવેશ થાય છે.[૧] વૃત્તિનો આ ભાગ દાર્શનિક ચર્ચાઓથી પરિપૂર્ણ હોવાને કારણે બૌદ્ધિક આહ્લાદ ઉત્પન્ન કરનાર છે. આગળની વૃત્તિમાં જ્ઞાનપંચકસિદ્ધિ, મત્યાદિક્રમસ્થાપના, પ્રત્યક્ષ-પરોક્ષસ્વરૂપવિચાર, મત્યાદિસ્વરૂપનિશ્ચય અનંતરસિદ્ધકેવલ, પરમ્પરસિદ્ધકેવલ, સ્ત્રીમુક્તિસિદ્ધિ, યુગપદ્-ઉપયોગનિરાસ, જ્ઞાન-દર્શન-અભેદનિરાસ, સદૃષ્ટાન્તબુદ્ધિભેદનિરૂપણ, અંગપ્રવિષ્ટ-અંગબાહ્ય શ્રુતસ્વરૂપપ્રરૂપણ વગેરે સંબંધી પ્રચુર સામગ્રી ઉપલબ્ધ છે. અંતે આચાર્યે ચૂર્ણિકારને નમસ્કાર કરતાં ટીકાકાર હરિભદ્રને પણ સાદર નમસ્કાર કર્યા છે તથા વૃત્તિથી ઉપાર્જિત પુણ્યને લોકકલ્યાણ માટે સમર્પિત કરતાં અર્હત્ વગેરેનું મંગલ-સ્મરણ કર્યું છે :[૨]

नन्द्यध्ययनं पूर्वं प्रकाशितं येन विषमभावार्थम् ।
तस्मै श्रीचूर्णिकृते नमोऽस्तु विदुषे परोपकृते ॥ १ ॥
मध्ये समस्तभूपीठं, यशो यस्याभिवर्द्धते ।
तस्मै श्रीहरिभद्राय, नमष्टीकाविधायने ॥ २ ॥
वृत्तिर्वा चूर्णिर्वा रम्याऽपि न मन्दमेधसां योग्या ।
अभवदिह तेन तेषामुपकृतये यत्न एष कृतः ॥ ३ ॥
बह्वर्थमल्पशब्दं नन्द्यध्ययनं विवृण्वता कुशलम् ।
यदवापि मलयगिरिणा सिद्धिं तेनाश्नुतां लोकः ॥ ४ ॥
अर्हन्तो मङ्गलं मे स्युः, सिद्धाश्च मम मङ्गलम् ।
साधवो मंगलम् सम्यग्, जैनो धर्म्मश्च मंगलम् ॥ ५ ॥

પ્રસ્તુત વૃત્તિનું ગ્રંથમાન ૭૭૩૨ શ્લોકપ્રમાણ છે.

પ્રજ્ઞાપનાવૃત્તિ :

વૃત્તિ[૩]ના પ્રારંભે આચાર્યે મંગલસૂચક ચાર શ્લોકો આપ્યા છે. પ્રથમ શ્લોકમાં

---

૧. પૃ. ૨-૪૨. ૨. પૃ. ૨૫૦.
૩. (અ) રાયબહાદુર ધનપતસિંહ, બનારસ, સન્ ૧૮૮૪.
(આ) આગમોદય સમિતિ, મુંબઈ, સન્ ૧૯૧૮-૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહાવીરની જય બોલાવવામાં આવી છે, દ્વિતીયમાં જિન-પ્રવચનને નમસ્કાર કરવામાં આવ્યા છે, તૃતીયમાં ગુરુને પ્રણામ કરવામાં આવ્યા છે, ચતુર્થમાં પ્રજ્ઞાપના સૂત્રની ટીકા કરવાની પ્રતિજ્ઞા કરવામાં આવી છે :

जयति नमदमरमुकुटप्रतिबिम्बच्छद्मविहितबहुरूपः ।
उद्धर्तुमिव समस्तं विश्वं भवपङ्कतो वीरः ॥ १ ॥
जिनवचनामृतजलधिं वन्दे यद्बिन्दुमात्रमादाय ।
अभवन्नूनं सत्त्वा जन्म-जरा-व्याधिपरिहीणाः ॥ २ ॥
प्रणमत गुरुपदपङ्कजमधरीकृतकामधेनुकल्पलतम् ।
यदुपास्तिवशान्निस्समश्नुवते ब्रह्म तनुभाजः ॥ ३ ॥
जडमतिरपि गुरुचरणोपास्तिसमुद्भूतविपुलमतिविभवः ।
समयानुसारतोऽहं विदधे प्रज्ञापनाविवृतिम् ॥ ४ ॥

'પ્રજ્ઞાપના'નો શબ્દાર્થ કરતાં વૃત્તિકાર કહે છે : प्रकर्षेण ज्ञाप्यन्ते अनयेति प्रज्ञापना અર્થાત્ જેના દ્વારા જીવાજીવાદિ પદાર્થોનું જ્ઞાન કરવામાં આવે તે પ્રજ્ઞાપના છે. આ પ્રજ્ઞાપના સૂત્ર સમવાય નામક ચતુર્થ અંગનું ઉપાંગ છે કેમકે તે સમવાયાંગમાં નિરૂપિત અર્થનું પ્રતિપાદન કરે છે. જો કોઈ એમ કહે કે સમવાયાંગનિરૂપિત અર્થનું આમાં પ્રતિપાદન કરવું નિરર્થક છે તો યોગ્ય નથી. આમાં સમવાયાંગપ્રતિપાદિત અર્થનું વિસ્તારપૂર્વક પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આનાથી મંદમતિ શિષ્યનો વિશેષ ઉપકાર થાય છે. આથી આની રચના સાર્થક છે. ત્યાર પછી મંગલની સાર્થકતા વગેરે પર પ્રકાશ પાડતાં આચાર્યે સૂત્રના પદોનું વ્યાખ્યાન કર્યું છે. વ્યાખ્યાન આવશ્યકતાનુસાર ક્યાંક સંક્ષિપ્ત છે તો ક્યાંક વિસ્તૃત. અંતે વૃત્તિકારે જિનવચનને નમસ્કાર કરતાં પોતાના પૂર્વવર્તી ટીકાકાર આચાર્ય હરિભદ્રને એમ કહીને નમસ્કાર કર્યા છે કે ટીકાકાર હરિભદ્રસૂરિનો જય થાઓ જેમણે પ્રજ્ઞાપના સૂત્રનાં વિષમ પદોનું વ્યાખ્યાન કર્યું છે અને જેમનાં વિવરણથી હું પણ એક નાનો સરખો ટીકાકાર બન્યો છું. તદનંતર પ્રજ્ઞાપનાવૃત્તિથી પ્રાપ્ત પુણ્યને જિનવાણીના સદ્બોધ માટે પ્રદાન કરતાં વૃત્તિકાર કહે છે કે પ્રજ્ઞાપનાસૂત્રની ટીકા લખીને મલયગિરિએ જે નિર્દોષ પુણ્યોપાર્જન કર્યું છે તેનાથી સંસારના સમસ્ત પ્રાણીઓ જિનવચનનો સદ્બોધ પ્રાપ્ત કરો. પ્રસ્તુત વૃત્તિનું ગ્રંથમાન ૧૬૦૦૦ શ્લોકપ્રમાણ છે.

---

(૬) માત્ર ગુજરાતી અનુવાદ – અનુ. પં. ભગવાનદાસ હર્ષચન્દ્ર, જૈન સોસાયટી, અમદાવાદ, વિ.સં. ૧૯૯૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सूर्यप्रज्ञप्तिविवरण :

વિવરણ[1] ના પ્રારંભે મંગલ કરતાં આચાર્યે એવો ઉલ્લેખ કર્યો છે કે ભદ્રબાહુસૂરિકૃત નિર્યુક્તિનો નાશ થઈ જવાને લીધે હું માત્ર મૂલ સૂત્રનું જ વ્યાખ્યાન કરીશ. પ્રારંભના પાંચ શ્લોકો આ છે :

यथास्थितं जगत्सर्वमीक्षते यः प्रतिक्षणम् ।
श्रीवीराय नमस्तस्यै भास्वने परमात्मने ॥ १ ॥
श्रुतकेवलिनः सर्वे विजयन्तां तमच्छिदः ।
येषां पुरो विभान्तिस्म खद्योता इव तीर्थिकाः ॥ २ ॥
जयति जिनवचनमनुपममज्ञानतमःसमूहरविबिम्बम् ।
शिवसुखफलकल्पतरुं प्रमाणनयभंगगमबहुलम् ॥ ३ ॥
सूर्यप्रज्ञप्तिमहं गुरूपदेशानुसारतः किंचित् ।
विवृणोमि यथाशक्ति स्पष्टं स्वपरोपकाराय ॥ ४ ॥
अस्या निर्युक्तिरभूत् पूर्वं श्रीभद्रबाहुसूरिकृता ।
कलिदोषात् साऽनेशद् व्याचक्षे केवलं सूत्रम् ॥ ५ ॥

ત્યાર પછી આચાર્યે પ્રથમ સૂત્રનું ઉત્થાન કરતાં સૂત્ર-સ્પર્શિક વ્યાખ્યાન શરૂ કર્યું છે. પ્રથમ સૂત્રનાં વ્યાખ્યાનમાં મિથિલા નગરી, મણિભદ્ર ચૈત્ય, જિતશત્રુ રાજા, ધારિણી દેવી અને મહાવીર જિનનું સાહિત્યિક છટાયુક્ત વર્ણન કર્યું છે. દ્વિતીય સૂત્રની વ્યાખ્યામાં ઈન્દ્રભૂતિ ગૌતમનું વર્ણન છે. તૃતીય સૂત્રની વૃત્તિમાં સૂર્યપ્રજ્ઞપ્તિના મૂળ વિષયનું વીસ પ્રાભૃતોમાં વિવેચન છે. આ પ્રાભૃતો આ મુજબ છે : ૧. સૂર્યમંડળોની સંખ્યા, ૨. સૂર્યનું તિર્યક્ પરિભ્રમણ, ૩. સૂર્યનાં પ્રકાશ્યક્ષેત્રનું પરિમાણ, ૪. સૂર્યનું પ્રકાશસંસ્થાન, ૫. સૂર્યનો લેશ્યાપ્રતિઘાત, ૬. સૂર્યની ઓજઃસંસ્થિતિ, ૭. સૂર્યલેશ્યાસંસૃષ્ટ પુદ્ગલ, ૮. સૂર્યોદયસંસ્થિતિ, ૯. પૌરુષીચ્છાયાપ્રમાણ, ૧૦. યોગસ્વરૂપ, ૧૧. સંવત્સરોની આદિ, ૧૨. સંવત્સરભેદ, ૧૩. ચન્દ્રમાની વૃદ્ધ્યપવૃદ્ધિ, ૧૪. જ્યોત્સ્નાપ્રમાણ, ૧૫. ચન્દ્રાદિનો શીઘ્રગતિવિષયક નિર્ણય, ૧૬. જ્યોત્સ્નાલક્ષણ, ૧૭. ચન્દ્રાદિનું ચ્યવન અને ઉપપાત, ૧૮. ચન્દ્રાદિનું ઉચ્ચત્વમાન, ૧૯. સૂર્યસંખ્યા, ૨૦. ચન્દ્રાદિનો અનુભાવ.[2] આમાંથી પહેલા પ્રાભૃતમાં આઠ, બીજામાં ત્રણ અને દસમામાં બાવીસ ઉપપ્રાભૃત — પ્રાભૃતપ્રાભૃત છે.[3] આગળની વૃત્તિમાં આ બધા પ્રાભૃતો તથા પ્રાભૃતપ્રાભૃતોનું વિશદ વર્ણન છે.

---

૧. આગમોદય સમિતિ, મહેસાણા, સન્ ૧૯૧૯.
૨. પૃ. ૬. ૩. પૃ. ૭-૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દસમા પ્રાભૃતના અગિયારમા પ્રાભૃતપ્રાભૃતના વિવરણમાં આચાર્યે લોકશ્રી તથા તેની ટીકાનો ઉલ્લેખ કરતાં તેમાંથી ઉદ્ધરણો આપ્યાં છે : तथा चोक्तं लोकश्रियाम्— 'पुणवसु रोहिणी चित्ता मह जेट्ठणुराह कत्तिय विसाहा । चंदस्स उभयजोगी' त्ति, अत्र 'उभयजोगी' त्ति व्याख्यानयता टीकाकृतोक्तम्—एतानि नक्षत्राणि 'उभययोगीनि' चन्द्रस्योत्तरेण दक्षिणेन च युज्यन्ते, कदाचिद् भेदमप्युपयान्तीति ।[1] પુનર્વસુ, રોહિણી, ચિત્રા, મઘા, જ્યેષ્ઠા, અનુરાધા, કૃતિકા અને વિશાખા — આ આઠ નક્ષત્ર ઉભયયોગી છે અર્થાત્ ચન્દ્રની ઉત્તર અને દક્ષિણ બંને દિશાઓમાં યોગ પ્રાપ્ત કરનારા છે તથા ક્યારેક-ક્યારેક ભેદને પણ પ્રાપ્ત થાય છે.

દ્વાદશ પ્રાભૃતની વૃત્તિમાં સ્વકૃત શબ્દાનુશાસનનો ઉલ્લેખ છે : चादयो हि पदान्तराभिहितमेवार्थं स्पष्टयति न पुनः स्वातन्त्र्येण कमप्यर्थमभिदधति इति, निर्णीतमेतत् स्वशब्दानुशासने ।[2] च વગેરે પદો પદાંતરના ઈષ્ટ અર્થને જ સ્પષ્ટ કરે છે, સ્વતંત્રરૂપે કોઈ અર્થનું પ્રતિપાદન નથી કરતા.

ઓગણીસમા પ્રાભૃતમાં વૃત્તિકારે જીવાભિગમચૂર્ણિનો ઉલ્લેખ કર્યો છે તથા તેમાંથી અનેક ઉદ્ધરણો આપ્યાં છે. 'तुटिक'નો શબ્દાર્થ કરતાં વૃત્તિકાર કહે છે : उक्तं च जीवाभिगमचूर्णौ — 'तुटिकमन्तःपुरमिति ।[3] ચન્દ્રવિમાન સાથે સંબંધિત 'द्वाषष्टि' શબ્દનું સ્પષ્ટીકરણ કરતાં આચાર્ય કહે છે : एतच्च व्याख्यानं जीवाभिगमचूर्ण्यादिदर्शनतः कृतम्, न पुनः स्वमनीषिकया । तथा चास्या एव गाथाया व्याख्याने जीवाभिगमचूर्णिः— चन्द्रविमानं द्वाषष्टिभागी क्रियते, ततः पञ्चदशभिर्भागो हूियते, तत्र चत्वारो भाषा द्वाषष्टिभागानां पञ्चदशभागेन लभ्यन्ते, शेषौ द्वौ भागौ, एतावद् दिने दिने शुक्लपक्षस्य राहुणा मुच्यते, इत्यादि ।[4]

આ જ પ્રાભૃતની વ્યાખ્યામાં તત્ત્વાર્થટીકાકાર હરિભદ્રસૂરિનો પણ સોદ્ધરણ ઉલ્લેખ છે : आह च तत्त्वार्थटीकाकारो हरिभद्रसूरिः — 'नात्यन्तशीताश्चन्द्रमसो नाप्यत्यन्तोष्णाः सूर्याः, किन्तु साधारणा द्वयोरपी' ति ।[5]

અંતમાં નિમ્ન મંગલ-શ્લોકો સાથે પ્રસ્તુત વિવરણની પરિસમાપ્તિ થાય છે :[6]

---

૧. પૃ. ૧૩૭ (૨) — ૧૩૮ (૧).
૨. પૃ. ૨૩૩ (૧).
૩. પૃ. ૨૬૬ (૨).
૪. પૃ. ૨૭૮ (૨).
૫. પૃ. ૨૮૦ (૨).
૬. પૃ. ૨૯૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वन्दे यथास्थिताशेषपदार्थप्रतिभासकम् ।
नित्योदितं तमोऽस्पृश्यं जैन सिद्धान्तभास्करम् ॥ १ ॥
विजयन्तां गुणगुरवो गुरवो जिनतीर्थभासनैकपराः ।
यद्वचनगुणादहमपि जातो लेशेन पटुबुद्धिः ॥ २ ॥
सूर्यप्रज्ञप्तिमिमामतिगम्भीरां विवृण्वता कुशलम् ।
यदवापि मलयगिरिणा साधुजनस्तेन भवतु कृती ॥ ३ ॥

જ્યોતિષ્કરણ્ડવૃત્તિ :

પ્રસ્તુત વૃત્તિ[1] જ્યોતિષ્કરણ્ડક પ્રકીર્ણક પર છે. પ્રારંભે વૃત્તિકાર આચાર્ય મલયગિરિએ વીરપ્રભુને નમસ્કાર કર્યા છે તથા જ્યોતિષ્કરણ્ડકનું વ્યાખ્યાન કરવાની પ્રતિજ્ઞા કરી છે :

स्पष्टं चराचरं विश्वं, जानीते यः प्रतिक्षणम् ।
तस्मै नमो जिनेशाय, श्री वीराय हितैषिणे ॥ १ ॥
सम्यग्गुरूपदाम्भोजपर्युपास्तिप्रसादतः ।
ज्योतिष्करण्डकं व्यक्तं, विवृणोमि यथाऽऽगमम् ॥ २ ॥

ત્યાર પછી 'सुण ताव सूरपन्नत्तिवण्णणं वित्थरेण.....' (गा० १)ની વ્યાખ્યા શરૂ કરી છે. અહીં એ જાણવું આવશ્યક છે કે જ્યોતિષ્કરણ્ડકની નવીન ઉપલબ્ધ પ્રાકૃત વૃત્તિ[2]માં મલયગિરિકૃત પ્રસ્તુત વૃત્તિની પ્રથમ ગાથા 'सुण ताव सुरपन्नत्ति....'ની પહેલાં છ ગાથાઓ વધારે મળી છે જેમાં જ્યોતિષ્કરણ્ડકસૂત્રની રચનાની ભૂમિકારૂપે એમ બતાવવામાં આવ્યું છે કે શિષ્ય ગુરુ સમક્ષ સંક્ષેપમાં કાલજ્ઞાન સાંભળવાની ઈચ્છા પ્રકટ કરે છે અને ગુરુ તેની પ્રાર્થના સ્વીકાર કરતાં જ્યોતિષ્કરણ્ડ રૂપે તેને કાલજ્ઞાન સંભળાવે છે : 'इच्छामि ताव सोतुं कालण्णाणं समासेणं', 'सुण ताव सूरपण्णत्ति.....' વગેરે. આ ગાથાઓ મહત્ત્વપૂર્ણ હોવાથી તથા અન્યત્ર ઉપલબ્ધ ન હોવાથી અહીં ઉદ્ધૃત કરવામાં આવે છે :

कातूण णमोक्कारं जिणवरवसभस्स वद्धमाणस्स ।
जोतिसकरंडगमिणं लीलावट्टीव लोगस्स ॥ १ ॥
कालण्णाणाभिगमं सुणह समासेण पागडमहत्थं ।
णक्खत्त-चंद-सूरा जुगम्मि जोगं जध उवेंति ॥ २ ॥

---

१. ऋषभदेवजी केशरीमलजी श्वेताम्बर संस्था, रतलाम, सन् १९२८.
२. આ વૃત્તિ મુનિ શ્રી પુણ્યવિજયજી પાસે પ્રતિલિપિ રૂપે વિદ્યમાન છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कंचि वायगवालब्भं सुतसागरपारगं दढचरित्तं ।
अप्पस्सुतो सुविहियं वंदिय सिरसा भणति सिस्सो ॥ ३ ॥
सज्झायझाणजोगस्स धीर ! जदि वो ण कोपि उवरोधो ।
इच्छमि ताव सोतुं कालण्णाणं समासेणं ॥ ४ ॥
अह भणति एवभणितो उवमा-विण्णाण-णाणसंपण्णो ।
सो समणगंधहस्थी पडिहत्थो अण्णवादीणं ॥ ५ ॥
दिवसिय-रातिय-पक्खिय-चाउम्मासिय तह य वासियाणं च ।
णिअय पडिक्कमणाणं सज्झायस्सा वि य तदत्थे ॥ ६ ॥

આચાર્ય મલયગિરિએ જો કે આ ગાથાઓ ઉદ્ધૃત નથી કરી પરંતુ તેમનો ભાવાર્થ પોતાની ટીકામાં ચોક્કસ આપ્યો છે. 'सुण ताव सूर.....' (ગા૦ ૧)ની વ્યાખ્યામાં તેઓ સર્વપ્રથમ આ જ ગાથાઓનો ભાવાર્થ પૂર્વાચાર્યોપદર્શિત ઉપોદ્ઘાત રૂપે પ્રસ્તુત કરે છે. તેઓ લખે છે : अयमत्र पूर्वाचार्योपदर्शित उपोद्घातः—कोऽपि शिष्योऽल्पश्रुतः कंचिदाचार्यं पूर्वगतसूत्रार्थधारकं वालभ्यं श्रुतसागरपारगतं शिरसा प्रणम्य विज्ञापयति स्म, यथा — भगवन् ! इच्छामि युष्माकं श्रुतनिधीनामन्ते यथावस्थितं कालविभागं ज्ञातुमिति । तत एवमुक्ते सति आचार्य आह — शृणु वत्स ! तावदवहितो कथयामि....।[1] પ્રસ્તુત પ્રકીર્ણક સૂર્યપ્રજ્ઞપ્તિના આધારે રચવામાં આવ્યું છે : सूर्यप्रज्ञप्तेरिदं प्रकरणमुद्धृतम् ।'[2] આ જ રીતે પ્રથમ ગાથાની ભૂમિકારૂપ વ્યાખ્યાન અનંતર આચાર્યે કાલપ્રમાણ વગેરે વિષયો સંબંધિત આગળની ગાથાઓનું વિવેચન શરૂ કર્યું છે.

કાલવિષયક સંખ્યાનું પ્રતિપાદન કરતાં આચાર્યે વાલભી અને માથુરી વાચનાઓનો ઉલ્લેખ કર્યો છે અને બતાવ્યું છે કે સ્કન્દિલાચાર્યના સમયમાં એક વાર દુકાળ પડવાથી સાધુઓનું પઠન-પાઠન બંધ થઈ ગયું. દુકાળના અંતે સુકાળ વખતે એક વલભીમાં અને એક મથુરામાં આ રીતે બે સંઘ એકત્રિત થયા. બંને જગ્યાએ સૂત્રાર્થનો સંગ્રહ કરવાથી પરસ્પર વાચનાભેદ થઈ ગયો. એવું થવું અસ્વાભાવિક પણ નથી કેમકે વિસ્મૃત સૂત્રાર્થનું સ્મરણ કરી કરીને સંઘટન કરતાં વાચનાભેદ થઈ જ જાય છે. અત્યારે વર્તમાન અનુયોગદ્વારાદિક માથુરી વાચનાનુગત છે જ્યારે જ્યોતિષ્કરણ્ડક સૂત્રનું નિર્માણ કરનાર આચાર્ય વાલભી છે. આથી પ્રસ્તુત સૂત્રનાં સંખ્યા-સ્થાનપ્રતિપાદન વાલભી વાચનાનુગત હોવાને કારણે અનુયોગદ્વારપ્રતિપાદિત સંખ્યાસ્થાનથી વિસદંશ છે. વૃત્તિકારના પોતાના શબ્દોમાં આ સ્પષ્ટીકરણ આ

---

૧. પૃ. ૧-૨. ૨. પૃ. ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુજબ છે :

इह स्कन्दिलाचार्यप्रवृत्तौ दुष्षमानुभावतो दुर्भिक्षप्रवृत्त्या साधूनां पठनगुणनादिकं सर्वमप्यनेशात्, ततो दुर्भिक्षातिक्रमे सुभिक्षप्रवृत्तौ द्वयोः सङ्घमेलापकोऽभवत्, तद्यथा—एको वालभ्यामेको मथुरायां, तत्र च सूत्रार्थसङ्घटनेन परस्परं वाचनाभेदो जातः, विस्मृतयोर्हि सूत्रार्थयोः, स्मृत्वा स्मृत्वा सङ्घटने भवत्यवश्यं वाचनाभेदो, न काचिदनुपपत्तिः, तत्रानुयोगद्वारादिकमिदानीं वर्तमानं माथुरवाचनानुगतं, ज्योतिष्करण्डकसूत्रकर्त्ता चाचार्यो वालभ्यः, तत इदं संख्यास्थानप्रतिपादनं वालभ्यवाचनानुगतमिति नास्यानुयोगद्वारप्रतिपादित-संख्यास्थानैः सह विसदृशत्वमुपलभ्य विचिकित्सितव्यमिति ।[1]

કાલવિભાગવિષયક વ્યાખ્યાનના અંતે વૃત્તિકારે આ જ જ્યોતિષ્કરણ્ડના ટીકાકાર પાદલિપ્તસૂરિનું એક વાક્ય ઉદ્ધૃત કર્યું છે : तथा चास्यैव ज्योतिष्करण्डकस्य टीकाकारः पादलिप्तसूरिराह—'एए उ सुसमसुसमादयो अद्धाविसेसा जुगाइणा सह पवत्तंते, जुगंतेण सह समप्पंति'त्ति ।[2] પાદલિપ્તસૂરિનું આ વાક્ય હાલ ઉપલબ્ધ જ્યોતિષ્કરણ્ડની પ્રાકૃત ટીકામાં નથી મળતું. શું આ બંને ટીકાઓ એક જ વ્યક્તિની નથી ? શું ઉપલબ્ધ પ્રાકૃત ટીકાથી જુદી કોઈ અન્ય ટીકા પાદલિપ્તસૂરિએ લખી છે ? જો એવું જ હોય તો ઉપલબ્ધ ટીકા કોની વૃત્તિ છે ? આ પ્રસંગે આ પ્રકારનો પ્રશ્ન ઊભો થવો સ્વાભાવિક છે.

આગળ જતાં મલયગિરિએ 'पंचेव जोयणसया दसुत्तरा जत्थ मंडला.....' (ગા૦ ૨૦૫)ની વ્યાખ્યામાં જ્યોતિષ્કરણ્ડકની મૂલટીકાનું એક વાક્ય ઉદ્ધૃત કર્યું છે : एवंरूपा च क्षेत्रकाष्ठा मूलटीकायामपि भाविता, तथा च तद्ग्रन्थः—'सूरस्स पंचजोयणसया दसाहिया कट्ठा, सच्चेव अट्ठहिं एगट्ठिभागेहिं ऊणिया चंदकट्ठा हवइ' इति ।[3] બરાબર આ જ પ્રકારનું વાક્ય ઉપલબ્ધ પ્રાકૃત ટીકામાં પણ મળે છે. તે આ મુજબ છે : सूरस्स पंचजोयणसयाणं दसाधिया कट्ठा सच्चेव अट्ठहि एगट्ठि भागेहिं ऊणा चंदकट्ठ हवति..।[4] આનાથી એમ ફલિત થાય છે કે ઉપલબ્ધ પ્રાકૃત ટીકા આચાર્ય મલયગિરિનિર્દિષ્ટ જ્યોતિષ્કરણ્ડકની મૂલટીકા છે અને પાદલિપ્તસૂરિની ટીકા કોઈ બીજી જ હોવી જોઈએ. પરંતુ ઉપલબ્ધ ટીકાના અંતે જે વાક્ય મળે છે તેનાથી એમ ફલિત થાય છે કે આ ટીકા પાદલિપ્તસૂરિની કૃતિ છે. આ વાક્ય કંઈક અશુદ્ધરૂપે આ મુજબ છે :

---

૧. પૃ. ૪૧. ૨. પૃ. ૫૨.
૩. પૃ. ૧૨૧. ૪. પ્રાકૃત વૃત્તિ, પૃ. ૩૫ (હસ્તલિખિત).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पुव्वायरियकया य नीति समसमएणं पालित्तएण ईणमो रइया गाहाहिं परिवाडी.....[1] આ વાક્યમાંથી એવો ધ્વનિ નીકળે છે કે આ ટીકા પાદલિપ્તસૂરિએ રચી છે. જો એવું હોય તો મલયગિરિ દ્વારા ઉદ્ધૃત 'एए उ सुसमसुसमादयो अद्धाविसेसा.....'વાક્ય આ ટીકામાં કેમ નથી મળતું ? આ પ્રશ્નનો એક જ ઉત્તર હોઈ શકે અને તે એ કે જો ઉપલબ્ધ ટીકા પાદલિપ્તસૂરિની જ હોય તો આ તથા આ જ જાતના બીજા પણ કેટલાંક વાક્યો આ ટીકામાંથી ધીરે-ધીરે લુપ્ત થઈ ગયાં છે.

પ્રસ્તુત વૃત્તિનો ઉપસંહાર કરતાં વૃત્તિકાર મલયગિરિ કહે છે કે આ કાલજ્ઞાનસમાસ શિષ્યોના વિબોધનાર્થ દિનકરપ્રજ્ઞપ્તિ (સૂર્યપ્રજ્ઞપ્તિ)ના આધારે પૂર્વાચાર્યે તૈયાર કરેલ છે. પ્રસ્તુત ગ્રંથ જેનું નામ જ્યોતિષ્કરણ્ડક છે તે પરંપરાથી સર્વવિદ્મૂલક હોવાને કારણે વિદ્વાનો માટે અવશ્ય ઉપાદેય છે.[2] અંતે નિમ્ન શ્લોક સાથે ટીકા સમાપ્ત થાય છે :

यद्गदितमल्पमतिना जिनवचनविरुद्धमत्र टीकायाम् ।
विद्वद्भिस्तत्त्वज्ञैः प्रसादमाधाय तच्छोध्यम् ॥ १ ॥
ज्योतिष्करण्डकमिदं गम्भीरार्थं विवृण्वता कुशलम् ।
यदवापि मलयगिरिणा सिद्धिं तेनाश्नुतां लोकः ॥ २ ॥

અર્થાત્ પ્રસ્તુત ટીકામાં મારા અલ્પબુદ્ધિ દ્વારા જો કોઈ વાત જિનવચનથી વિરુદ્ધ કહેવામાં આવી હોય તો વિદ્વાન તત્ત્વજ્ઞો કૃપા કરીને તેને સુધારી લે. આ ગંભીરાર્થ જ્યોતિષ્કરણ્ડકનાં વિવરણથી મલયગિરિને જે પુણ્ય પ્રાપ્ત થયું છે તેનાથી લોકનું કલ્યાણ થાઓ.

જીવાભિગમવિવરણ :

તૃતીય ઉપાંગ જીવાભિગમની પ્રસ્તુત ટીકા[3] માં આચાર્યે મૂલ સૂત્રનાં પ્રત્યેક પદનું વ્યાખ્યાન કર્યું છે. અહીં-તહીં અનેક પ્રાચીન ગ્રન્થોનાં નામ તથા ઉદ્ધરણો પણ આપ્યાં છે. આ જ રીતે કેટલાક ગ્રંથકારોનાં નામનો પણ ઉલ્લેખ કર્યો છે. પ્રારંભે નિમ્ન મંગલશ્લોક છે :

प्रणमत पदनखतेजःप्रतिहतनिःशेषनम्रजनतिमिरम् ।
वीरं परतीर्थियशोद्विरदघटाध्वंसकेसरिणम् ॥ १ ॥
प्रणिपत्य गुरून् जीवाजीवाभिगमस्य विवृतिमहमनघाम् ।
विदधे गुरूपदेशात्प्रबोधमाधातुमल्पधियाम् ॥ २ ॥

મંગલનું પ્રયોજન વગેરે બતાવ્યા પછી સૂત્રોની વ્યાખ્યા શરૂ કરી છે. 'से किं

१. प्राकृतवृत्ति, पृ. ९७ (हस्तलिखित). २. એજન, પૃ. २६६.
૩. દેવચન્દ્ર લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર, મુંબઈ, સન્ ૧૯૧૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तं अजीवाभिगमे..... (સૂ૦ ૩-૫)નું વ્યાખ્યાન કરતાં તંતુ અને પટના સંબંધની ચર્ચા કરી છે. આ જ પ્રસંગે (મલયગિરિકૃત) ધર્મસંગ્રહણિ ટીકાનો ઉલ્લેખ કરતાં આચાર્ય કહે છે : कृतं प्रसंगेन, अन्यत्र धर्मसंग्रहणिटीकादावेतद्वादस्य चर्चितत्वात्.... ।[૧] આગળ (મલયગિરિકૃત) પ્રજ્ઞાપનાટીકાનો પણ ઉલ્લેખ છે : अस्य व्याख्यानं प्रज्ञापनाटीकातो वेदितव्यं..... ।[૨] तेसिं णं भंते ! जीवाणं कति सरीरया....' (સૂ૦ ૧૩)નાં વિવેચનમાં (હરિભદ્રકૃત) પ્રજ્ઞાપનામૂલટીકાનો પણ ઉલ્લેખ કર્યો છે : इहाणुत्वबादरत्वे तेषामेवाहारयोग्यानां स्कन्धानां प्रदेशस्तोकत्वबाहुल्यापेक्षया प्रज्ञापनामूलटीकाकारेणापि व्याख्याते इत्यस्माभिरपि तथेवाभिहिते ।[૩] આ જ સૂત્રની વ્યાખ્યામાં तत्त्वार्थमूलटीकાનો પણ ઉલ્લેખ છે.[૪] 'से किं तं नेरइया....' (સૂત્ર ૩૨)નું વ્યાખ્યાન કરતાં આચાર્યે સંગ્રહણિટીકાનો ઉલ્લેખ કર્યો છે : प्रतिपृथिवि तूत्कर्षतः प्रमाणं संग्रहणिटीकातो भावनीयं, तत्र सविस्तरमुक्तत्वात्.....।[૫] 'से किं तं थलयर.....' (સૂ૦ ૩૬)ની વ્યાખ્યામાં માંડલિક, મહામાંડલિક, ગ્રામ, નિગમ, ખેટ, કર્બટ, મડંબ, પત્તન, દ્રોણમુખ, આકર, આશ્રમ, સંબાધ, રાજધાની વગેરે વિવિધ જન-વસતિઓનાં સ્વરૂપનો નિર્દેશ કરવામાં આવ્યો છે.[૬] से किं तं मणुस्सा....' (સૂ૦ ૪૧)નું વિવેચન કરતાં આચાર્યે જ્ઞાનીઓના વિવિધ ભેદો પર પ્રકાશ પાડ્યો છે અને બતાવ્યું છે કે સિદ્ધપ્રાભૃત વગેરેમાં અનેક પ્રકારના જ્ઞાનીઓનું વર્ણન છે : सिद्धप्राभृतादो तथानेकशोऽभिधानात्....।[૭] આગળ વિશેષણવતી (જિનભદ્રકૃત)નો પણ ઉલ્લેખ છે.[૮] इत्थिवेदस्स णं भंते ! कम्मस्स' (સૂ૦ ૫૧)ની વ્યાખ્યામાં (હરિભદ્રકૃત જીવાભિગમની) મૂલટીકા, પંચસંગ્રહ તથા કર્મપ્રકૃતિસંગ્રહણીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.[૯] 'णपुंसकस्स णं....' (સૂ૦ ૫૯)ની વ્યાખ્યામાં એક સંગ્રહણી-ગાથા ઉદ્ધૃત કરવામાં આવી છે.[૧૦] નરકાવાસોના વિસ્તારનું વર્ણન કરતાં ટીકાકારે क्षेत्रसमासटीका અને जंबूद्वीपप्रज्ञप्तिटीकાનો ઉલ્લેખ કર્યો છે : परिक्षेपपरिमाणगणितभावना क्षेत्रसमासटीकातो जम्बूद्वीपप्रज्ञप्तिटीकातो वा वेदितव्या ।[૧૧] રત્નપ્રભાપૃથ્વીના નારકોની વેદનાનું વર્ણન કર્યા પછી તેમની વૈક્રિયશક્તિનું વર્ણન કરતી વખતે 'आह च कर्मप्रकृतिसंग्रहणिचूर्णिकारोऽपि' એમ કહેતાં આચાર્યે કર્મપ્રકૃતિસંગ્રહણિચૂર્ણિના 'पुहुत्तशब्दो बहुत्तवाई' અર્થાત્ 'પૃથક્ત્વ શબ્દ બહુત્વવાચી છે' એ શબ્દો ઉદ્ધૃત કર્યા

---

૧. પૃ. ૫ (૨). ૨. પૃ. ૭ (૨). ૩. પૃ. ૧૯ (૨). ૪. પૃ. ૧૬ (૧).
૫. પૃ. ૩૩ (૨). ૬. પૃ. ૩૯. ૭. પૃ. ૪૬ (૨). ૮. પૃ. ૫૦ (૧).
૯. પૃ. ૬૪ (૧). ૧૦. પૃ. ૭૭ (૨)-૭૮ (૧). ૧૧. પૃ. ૧૦૮ (૧).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે.[૧] નારકોની શીતોષ્ણવેદનાનું વિવેચન કરતાં ટીકાકારે શરદાદિ ઋતુઓનું સ્વરૂપ દર્શાવ્યું છે. ઋતુઓ છ છે : પ્રાવૃટ્, વર્ષારાત્ર, શરદ, હેમંત, વસંત અને ગ્રીષ્મ. આ ક્રમના સમર્થન માટે પાદલિપ્તસૂરિની એક ગાથા ઉદ્ધૃત કરી છે :

पाउस वासारत्तो, सरओ हेमंत वसंत गिम्हो य ।
एए खलु छप्पि रिऊ, जिणवरदिट्ठा मए सिट्ठा ॥

પ્રથમ શરત્કાલસમય કાર્તિકસમય છે, આનું સમર્થન કરતાં (જીવાભિગમના) મૂલટીકાકારના 'प्रथमशरत् कार्तिकमासः' આ શબ્દો ઉદ્ધૃત કરવામાં આવ્યા છે.[૨] આગળ વસુદેવચરિત(વસુદેવહિંડી)નો પણ ઉલ્લેખ છે.[૩] પ્રસ્તુત વિવરણમાં જીવાભિગમની મૂલટીકાની જેમ જ તેની ચૂર્ણિનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે તથા તેનાં ઉદ્ધરણો આપવામાં આવ્યા છે.[૪] જ્યોતિષ્ક દેવોનાં વિમાનોનું વર્ણન કરતાં સૂત્ર (૧૨૨)'कहि णं भंते ! जोइसियाणं देवाणं विमाणा पण्णत्ता'નું વ્યાખ્યાન કરતાં ટીકાકારે એતદ્વિષયક વિશેષ ચર્ચા માટે (મલયગિરિકૃત) चन्द्रप्रज्ञप्तिटीका, सूर्यप्रज्ञप्तिटीका તથા संग्रहणिटीकानાં નામ સૂચિત કર્યા છે : अत्राक्षेपपरिहारौ चन्द्रप्रज्ञप्तिटीकायां सूर्यप्रज्ञप्तिटीकायां संग्रहणिटीकायां चाभिहिताविति ततोऽवधार्यौ....।[૫] આગળ દેશીનામમાલાનો પણ ઉલ્લેખ છે.[૬] એકાદશ અલંકારોના વર્ણન માટે ભરતવિશાખિલનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે જે વ્યવચ્છિન્ન પૂર્વોનો એક અત્યન્ત અલ્પ અંશ છે : तानि च पूर्वाणि सम्प्रति व्यवच्छिन्नानि ततः पूर्वेभ्यो लेशतो विनिर्गतानि यानि भरतविशाखिलप्रभृतीनि तेभ्यो वेदितव्याः....।[૭] 'विजयस्स णं दारस्स' (સૂ૦ ૧૩૧)નું વિવેચન કરતાં ટીકાકારે 'उक्तं च जीवाभिगममूलटीकायां' એમ કહીને 'तैलसमुद्गकौ सुगन्धितैलाधारौ' એ શબ્દો જીવાભિગમમૂલટીકામાંથી ઉદ્ધૃત કર્યા છે. આગળ રાજપ્રશ્નીયોપાંગમાં વર્ણિત બત્રીસ પ્રકારની નાટ્યવિધિનું સુંદર શબ્દાવલીમાં વર્ણન કર્યું છે.[૮] 'लवणे णं भंते' (સૂ૦ ૧૫૫)ની વ્યાખ્યા કરતાં આચાર્યે સૂર્યપ્રજ્ઞપ્તિનિર્યુક્તિની એક ગાથા ઉદ્ધૃત કરી છે :[૯]

जोइसियविमाणाइं सव्वाइं हवंति फलिहमइयाइं ।
दगफालियामया पुण लवणे जे जोइसविमाणा ॥

---

૧. પૃ. ૧૧૯ (૧). ૨. પૃ. ૧૨૨ (૧).
૩. પૃ. ૧૩૦ (૧). ૪. પૃ. ૧૩૬ (૨), ૨૦૮ (૨).
૫. પૃ. ૧૭૪ (૧). ૬. પૃ. ૧૮૮ (૧).
૭. પૃ. ૧૯૪ (૧). ૮. પૃ. ૨૪૬. ૯. પૃ. ૩૦૩ (૨).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થાત્ લવણસમુદ્રને છોડીને બાકીના દ્વીપ-સમુદ્રમાં જેટલાં પણ જ્યોતિષ્કવિમાન છે, તે બધા સામાન્ય સ્ફટિકનાં છે. લવણસમુદ્રનાં જ્યોતિષ્ક-વિમાન ઉદકસ્ફાટન સ્વભાવ અર્થાત્ પાણીને ફાડી નાખનાર સ્ફટિકના બનેલાં છે. 'समयखेत्ते णं भंते.....' (સૂ. ૧૭૭)ની વ્યાખ્યામાં પંચવસ્તુક[૧] અને હરિભદ્રની તત્ત્વાર્થટીકા[૨] નાં ઉદાહરણો આપ્યાં છે. આગળ તત્ત્વાર્થભાષ્ય[૩], જિનભદ્રગણિક્ષમાશ્રમણની સ્વોપજ્ઞ ભાષ્યટીકા (વિશેષાવશ્યકભાષ્યટીકા)[૪] અને પંચસંગ્રહટીકા[૫]નો ઉલ્લેખ કરતાં તેમનાં પણ ઉદ્ધરણો આપવામાં આવ્યાંછે. વિવરણના અંતે આચાર્ય મલયગિરિએ નિમ્ન શ્લોકોની રચના કરી છે :[૬]

जयति परिस्फुटविमलज्ञानविभासितसमस्तवस्तुगणः ।
प्रतिहतपरतीर्थिमतः श्रीवीरजिनेश्वरो भगवान् ॥ १ ॥
सरस्वती तमोवृन्दं, शरज्ज्योत्स्नेव निघ्नती ।
नित्यं वो मंगलम् दिश्यान्मुनिभिः पर्युपासिता ॥ २ ॥
जीवाजीवाभिगमं विवृण्वताऽवापि मलयगिरिणेह ।
कुशलं तेन लभन्तां मुनयः सिद्धान्तसद्बोधम् ॥ ३ ॥

વ્યવહારવિવરણ :

પ્રસ્તુત વિવરણ[૭] મૂલ સૂત્ર નિર્યુક્તિ તથા ભાષ્ય પર છે. પ્રારંભમાં પ્રસ્તાવનારૂપ પીઠિકા છે જેમાં કલ્પ, વ્યવહાર, દોષ, પ્રાયશ્ચિત્ત વગેરે પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. સર્વપ્રથમ વિવરણકાર આચાર્ય મલયગિરિ ભગવાન નેમિનાથ, પોતાના ગુરુવર અને વ્યવહારચૂર્ણિકારને નમસ્કાર કરે છે તથા વ્યવહાર સૂત્રનું વિવરણ રચવાની પ્રતિજ્ઞા કરે છે :

प्रणमत नेमिजिनेश्वरमखिलप्रत्यूहतिमिरबिम्बम् ।
दर्शनपथमवतीर्णं, शशिवद् दृष्टेः प्रसत्तिकरम् ॥ १ ॥
नत्वा गुरुपदकमलं, व्यवहारमहं विचित्रनिपुणार्थम् ।
विवृणोमि यथाशक्ति, प्रबोधहेतोर्जडमतीनाम् ॥ २ ॥
विशमपदविवरणेन, व्यवहर्तव्यो व्यधायि साधूनाम् ।
येनायं व्यवहारः, श्रीचूर्णिकृते नमस्तस्मै ॥ ३ ॥
भाष्यं क्व चेदं विषमार्थगर्भं, क्वचाहमेषोऽल्पमतिप्रकर्षः ।
तथापि सम्यग्गुरुपर्युपास्तिप्रसादतो जातदृढप्रतिज्ञः ॥ ४ ॥

---

૧. પૃ. ૩૩૮ (૧). ૨. પૃ. ૩૪૦ (૨). ૩. પૃ. ૩૭૯ (૧).
૪. પૃ. ૪૦૧.(૨). ૫. પૃ. ૪૧૧ (૨). ૬. પૃ. ૪૬૬ (૨).
૭. સંશોધક – મુનિ માણેક; પ્રકાશક – કેશવલાલ પ્રેમચન્દ મોદી તથા ત્રિકમલાલ ઉગરચંદ, અમદાવાદ, વિ.સં. ૧૯૮૨-૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કલ્પ (બૃહત્કલ્પ) સૂત્ર અને વ્યવહાર સૂત્રનું અંતર સ્પષ્ટ કરતાં પ્રારંભે જ આચાર્ય કહે છે કે કલ્પાધ્યયનમાં પ્રાયશ્ચિત્તનું કથન તો કરવામાં આવ્યું છે પરંતુ પ્રાયશ્ચિત્તદાનની વિધિ નથી બતાવવામાં આવી. વ્યવહારમાં પ્રાયશ્ચિત્તદાન અને આલોચનાવિધિનું અભિધાન છે. આ રીતે વ્યવહારાધ્યયનની અહીં વ્યાખ્યા કરવામાં આવશે : .....कल्पाध्ययने आभवत्प्रायश्चित्तमुक्तं, व्यवहारे तु दानप्रायश्चित्तमामालोचनाविधिश्चाभिधास्यते । तदनेन सम्बन्धेनायातस्यास्य व्यवहाराध्ययनस्य विवरणं प्रस्तूयते ।[૧]

'વ્યવહાર' શબ્દનું વિશેષ વિવેચન કરવા માટે ભાષ્યકાર-નિર્દિષ્ટ વ્યવહાર, વ્યવહારી અને વ્યવહર્તવ્ય — આ ત્રણેનાં સ્વરૂપ પર પર્યાપ્ત પ્રકાશ પાડવામાં આવ્યો છે. વ્યવહારી કર્તારૂપ છે, વ્યવહારકરણ રૂપ છે અને વ્યવહર્તવ્ય કાર્યરૂપ છે. કરણરૂપ વ્યવહાર પાંચ પ્રકારનો છે : આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા અને જીત.[૨] ચૂર્ણિકારે પણ આ પાંચ પ્રકારના વ્યવહારને કરણ કહ્યો છે : आह चूर्णिकृत-पंचविधो व्यवहारः करणमिति.....।[૩] સૂત્ર, અર્થ, જીત, કલ્પ, માર્ગ, ન્યાય, ઈપ્સિતવ્ય, આચરિત અને વ્યવહાર એકાર્થક છે.[૪]

વ્યવહારનો ઉપયોગ ગીતાર્થ માટે છે, અગીતાર્થ માટે નથી. જે સ્વયં વ્યવહારને જાણે છે અથવા સમજાવવાથી સમજી જાય છે તે ગીતાર્થ છે. આથી વિપરીત અગીતાર્થ છે. તે ન તો સ્વયં વ્યવહારથી પરિચિત હોય છે અને ન સમજાવવાથી સમજે છે. આ પ્રકારની વ્યક્તિ માટે વ્યવહારનો કોઈ ઉપયોગ નથી.[૫]

વ્યવહારોક્ત પ્રાયશ્ચિત્તદાન માટે એ આવશ્યક છે કે પ્રાયશ્ચિત્ત આપનાર અને પ્રાયશ્ચિત્ત લેનાર બંને ગીતાર્થ હોય. અગીતાર્થ ન તો પ્રાયશ્ચિત્ત આપવાનો અધિકારી છે કે ન લેવાનો. પ્રાયશ્ચિત્ત શું છે, તે પ્રશ્નને લઈને આચાર્યે પ્રાયશ્ચિત્તનો અર્થ બતાવતાં તેના પ્રતિસેવના, સંયોજના, આરોપણા અને પરિકુંચના — આ ચાર ભેદોનું સવિસ્તાર વ્યાખ્યાન કર્યું છે.[૬] પ્રતિસેવનારૂપ પ્રાયશ્ચિત્ત દસ પ્રકારનું છે : ૧. આલોચના, ૨. પ્રતિક્રમણ, ૩. મિશ્ર, ૪. વિવેક, ૫. વ્યુત્સર્ગ, ૬. તપ, ૭. ભેદ, ૮. મૂલ, ૯. અનવસ્થિત, ૧૦. પારાંચિત.[૭]

---

૧. પ્રથમ વિભાગ, પૃ. ૧.
૨. આનું વિશેષ વર્ણન જીતકલ્પભાષ્યમાં જુઓ.
૩. પૃ. ૩.
૪. પૃ. ૫ (ભાષ્ય, ગા. ૭).
૫. પૃ. ૧૩ (ભાષ્ય, ગા. ૨૭). ૬. પૃ. ૧૫. ૭. પૃ. ૧૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રસ્તુત પીઠિકામાં આ દસ પ્રકારનાં પ્રાયશ્ચિત્તોનું વિશેષ વિવેચન કરવામાં આવ્યું છે. આ જ વિવેચન જીતકલ્પભાષ્ય વગેરે ગ્રંથોમાં પણ ઉપલબ્ધ છે. પ્રાયશ્ચિત્તદાનની વિધિના વ્યાખ્યાન સાથે પીઠિકાનું વિવરણ સમાપ્ત થાય છે. આગળની વૃત્તિમાં પ્રથમાદિ ઉદ્દેશોનું સૂત્ર, નિર્યુક્તિ તથા ભાષ્યસ્પર્શી વિવેચન છે. પ્રથમ ઉદ્દેશનાં પ્રથમસૂત્રાન્તર્ગત 'પડિસેવિત્તા'નું વ્યાખ્યાન કરતાં ભાષ્યકારે બતાવ્યું છે કે પ્રતિસેવના બે પ્રકારની છે : મૂલ પ્રતિસેવના અને ઉત્તર પ્રતિસેવના. મૂલ પ્રતિસેવના પાંચ પ્રકારની છે અને ઉત્તર પ્રતિસેવના દસ પ્રકારની છે. આમાંથી પ્રત્યેકના ફરી બે ભેદ છે : દર્પિકા અને કલ્પિકા :—

मूलुत्तरपडिसेवा मूले पंचविहे उत्तरे दसहा ।
एक्केक्का वि य दुविहा दप्पे-कप्पे य नायव्वा ॥ भा० ३८ ॥

આ ગાથાનું વ્યાખ્યાન કરતાં વૃત્તિકાર લખે છે :

'प्रतिसेवना नाम प्रतिसेवना सा च द्विधा मूलोत्तरत्ति, पदैकदेशे पदसमुदायोपचारात् मूलगुणातिचारप्रतिसेवना, उत्तरगुणातिचारप्रतिसेवना च । तत्र मूले पंचविहत्ति मूलगुणातिचारप्रतिसेवना पञ्चविधा पञ्चप्रकारा, मूलगुणातिचाराणां प्राणातिपातादीनां पञ्चविधत्वाद्, उत्तरे त्ति उत्तरगुणातिचारप्रतिसेवना दशधा दसप्रकारा, उत्तरगुणानां दशविधतया तदतिचाराणामपि दशविधत्वात् ते च दशविधा उत्तरगुणा दशविधं प्रत्याख्यानं तद्यथा — अनागतमतिक्रान्तं कोटीसहितं नियन्त्रितं, साकारमनाकारं परिमाणकृतं निरवशेषं साङ्केतिकमद्धाप्रत्याख्यानं च । अथवा इमे दशविधा उत्तरगुणाः । तद्यथा — पिण्डविशोधिरेक उत्तरगुणः, पञ्चसमितयः पञ्च उत्तरगुणाः, एवं षट् तपोबाह्यं षट्प्रभेदं सप्तम उत्तरगुणः, अभ्यन्तर षट्प्रभेदमष्टमः, भिक्षुप्रतिमा द्वादश नवमः, अभिग्रहा द्रव्यक्षेत्रकालभावभेदभिन्ना दशमः । एतेषु दशविधेषूत्तरगुणेषु याऽतिचारप्रतिसेवना सापि दशविधेति । एक्केक्का वि य दुविहा इत्यादि एकैका मूलगुणातिचारप्रतिसेवना उत्तरगुणातिचार प्रतिसेवना च प्रत्येकं सप्रभेदा द्विविधा द्विप्रकारा ज्ञातव्या । तद्यथा — दर्प्पे कल्पे च दर्पिका कल्पिका चेत्यर्थः । तत्र या कारणमन्तरेण प्रतिसेवना क्रियते सा दर्पिका, या पुनः कारणे सा कल्पिका ।'[१]

પ્રતિસેવના બે પ્રકારની છે : મૂલગુણાતિચારપ્રતિસેવના અને ઉત્તરગુણાતિચારપ્રતિસેવના. મૂલગુણાતિચારપ્રતિસેવના મૂલગુણોના પ્રાણાતિપાતાદિ પાંચ પ્રકારના અતિચારોને કારણે પાંચ પ્રકારની છે. ઉત્તરગુણાતિચારપ્રતિસેવના

---

૧. દ્વિતીય વિભાગ, પૃ. ૧૩-૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દસ પ્રકારની છે કેમકે ઉત્તરગુણોના દસ ભેદ છે આથી તેમના અતિચારોના પણ દસ ભેદ છે. દસ પ્રકારના પ્રત્યાખ્યાનરૂપ ઉત્તરગુણ આ મુજબ છે : અનાગત, અતિક્રાન્ત, કોટીસહિત, નિયંત્રિત, સાકાર, અનાકાર, પરિમાણકૃત, નિરવશેષ, સાંકેતિક અને અદ્ધા-પ્રત્યાખ્યાન. અથવા ઉત્તરગુણોના દસ ભેદ આ છે : પિંડવિશુદ્ધિ, પાંચ સમિતિઓ, બાહ્યતપ, આભ્યન્તરતપ, ભિક્ષુપ્રતિમા અને અભિગ્રહ. મૂલગુણાતિચારપ્રતિસેવના અને ઉત્તરગુણાતિચારપ્રતિસેવનાના આ ભેદોમાંથી પ્રત્યેકના ફરી બે ભેદ છે : દર્પ્ય અને કલ્પ્ય. અકારણ પ્રતિસેવના દર્પિકા છે અને સકારણ પ્રતિસેવના કલ્પિકા છે. આ જ રીતે આચાર્યે આગળ પણ અનેક સૂત્રસંબદ્ધ વિષયોનું સુસંતુલિત વિવેચન કર્યું છે. અંતે વિવરણકારે પોતાનો નામ-નિર્દેશ કરતાં લખ્યું છે :

देशक इव निर्दिष्टा विषमस्थानेषु तत्त्वमार्गस्य ।
विदुषामतिप्रशस्यो जयति श्रीचूर्णिकारोऽसौ ॥ १ ॥
विषमोऽपि व्यवहारो व्यधायि सुगमो गुरूपदेशेन ।
यदवापि तत्र पुण्यं तेन जनः स्यात्सुगतिभागी ॥ २ ॥
दुर्बोधातपकष्टव्यपगमलब्धैकविमलकीर्तिभरः ।
टीकामिमामकार्षीत् मलयगिरिः पेशलवचोभिः ॥ ३ ॥
व्यवहारस्य भगवतो यथास्थितार्थप्रदर्शनदक्षम् ।
विवरणमिदं समाप्तं श्रमणगणानाममृतभूतम् ॥ ४ ॥

વિવરણનું ગ્રંથમાન ૩૪૬૨૫ શ્લોક-પ્રમાણ છે. પ્રસ્તુત સંસ્કરણમાં અનેક અશુદ્ધિઓ છે જેનું સંશોધન અત્યાવશ્યક છે.

राजप्रश्नीयविवरण :

દ્વિતીય ઉપાંગ રાજપ્રશ્નીયના પ્રસ્તુત વિવરણ[1] ના પ્રારંભે વિવરણકાર આચાર્ય મલયગિરિએ વીર જિનેશ્વર ભગવાન મહાવીરને નમસ્કાર કર્યા છે તથા રાજપ્રશ્નીયનું વિવરણ લખવાની પ્રતિજ્ઞા કરી છે :

प्रणमत वीरजिनेश्वरचरणयुगं परमपाटलच्छायम् ।
अधरीकृतनतवासवमुकुटस्थितरत्नरुचिचक्रम् ॥ १ ॥
राजप्रश्नीयमहं विवृणोमि यथाऽऽगमं गुरुनियोगात् ।
तत्र च शक्तिमशक्तिं गुरवो जानन्ति का चिन्ता ॥ २ ॥

---

१. (अ) रायबहादुर धनपतसिंह, कलकत्ता, सन् १८८०.
(आ) आगमोदय समिति, मुंबई, सन् १९२५.
(इ) संपादक – पं. बेचरदास जीवराज दोशी; प्रका.– गूर्जर ग्रंथरत्न कार्यालय, अमदावाद, वि.सं. १९९४.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાર પછી આચાર્યે આ ઉપાંગનું નામ 'રાજપ્રશ્નીય કેમ રાખવામાં આવ્યું' તે પર પ્રકાશ પાડ્યો છે. તેઓ લખે છે :

'अथ कस्माद् इदमुपाङ्गं राजप्रश्नीयाभिधानमिति ? उच्यते — इह प्रदेशिनामा राजा भगवतः केशिकुमारश्रमणस्य समीपे यान् जीवविषयान् प्रश्नानकार्षित् यानि च तस्मै केशिकुमारश्रमणो गणभृत् व्याकरणानि व्याकृतवान्, यच्च व्याकरणसम्यक्परिणतिभावतो बोधिमासाद्य मरणान्ते शुभानुशययोगतः प्रथमे सौधर्मनाम्नि नाकलोके विमानमाधिपत्येनाध्यतिष्ठत्, यथा च विमानाधिपत्यप्राप्त्यनन्तरं सम्यगवधिज्ञानाभोगतः श्रीमद्वर्धमानस्वामिनं भगवन्तमालोक्य भक्त्यतिशयपरीतचेताः सर्वस्वसामग्रीसमेत इहावतीर्य भगवतः पुरतो द्वात्रिंशद्विधिनाट्यमनरीनृत्यत्, नर्तित्वा च यथाऽऽयुष्कं दिवि सुखमनुभूय ततश्च्युत्वा यत्र समागत्य मुक्तिपदमवाप्स्यति, तदेतत्सर्वमस्मिन् उपाङ्गेऽभिधेयम् । परं सकलवक्तव्यतामूलम्—'राजप्रश्नीय' इति—राजप्रश्नेषु भवं राजप्रश्नीयम् ।'

પ્રદેશી નામક રાજાએ કેશિકુમાર નામક શ્રમણને જીવવિષયક અનેક પ્રશ્નો પૂછ્યા. પ્રદેશીનું કેશિકુમારના ઉત્તરથી સમાધાન થયું અને તે પોતાના શુભ અધ્યવસાયોને કારણે મર્યા પછી સૌધર્મ નામના પ્રથમ દેવલોકમાં વિમાનાધિપતિ રૂપે ઉત્પન્ન થયો. ત્યાંથી સમ્યક્ અવધિજ્ઞાન દ્વારા ભગવાન વર્ધમાનને જોઈને ભક્તિના અતિશયના કારણે બધી સામગ્રીથી સજ્જ થઈ ભગવાન પાસે આવ્યો અને બત્રીસ પ્રકારનાં નાટક ભજવ્યાં. પોતાના દેવલોકનાં સુખ ભોગવીને ત્યાંથી ચ્યુત થઈને તે ક્યાં જશે તથા કઈ રીતે મુક્તિ પ્રાપ્ત કરશે, વગેરે વાતોનું વર્ણન પ્રસ્તુત ઉપાંગમાં છે. આ બધા વક્તવ્યનું તાત્પર્ય એ છે કે આ ગ્રન્થ રાજાના પ્રશ્નો સંબંધિત છે આથી તેનું નામ 'રાજપ્રશ્નીય' છે. પ્રસ્તુત વક્તવ્યમાં આચાર્યે ગ્રંથના શબ્દાર્થની સાથે સાથે જ ગ્રન્થના વિષય પર પણ પ્રકાશ પાડ્યો છે.

ત્યાર પછી વિવરણકારે બીજો પ્રશ્ન કર્યો છે. આ કયા અંગનું ઉપાંગ છે ? આ સૂત્રકૃતાંગનું ઉપાંગ છે. આ સૂત્રકૃતાંગનું ઉપાંગ કેમ છે, તે પર આચાર્યે હેતુપુરસ્સર પ્રકાશ પાડ્યો છે : अथ कस्याङ्गस्य इदमुपाङ्गम् ? उच्यतेसूत्रकृताङ्गस्य, कथं तदुपाङ्गतेति चेत्, उच्यते सूत्रकृते ह्यङ्गे.....।[1]

પ્રથમ સૂત્રાન્તર્ગત આમલકલ્પા — આમલકપ્પા નામક નગરીનું વર્ણન કરતાં આચાર્ય લખે છે કે તે નગરી આ સમયે (મલયગિરિના સમયમાં) પણ વિદ્યમાન

---

૧. અમદાવાદ સંસ્કરણ, પૃ. ૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે : तस्मिन् समये आमलकल्पा नाम नगरी अभवत्, ननु इदानीमपि सा नगरी वर्तते....।[૧] દ્વિતીય સૂત્રાન્તર્ગત આમ્રશાલવન — અંબસાલવણ નામક ચૈત્યનું વર્ણન કરતાં 'ચૈત્ય'નો અર્થ આ મુજબ કર્યો છે : चिते:—लेप्यादिचयनस्य भाव: कर्म वा चैत्यम्, तच्च इह संज्ञाशब्दत्वात् देवताप्रतिबिम्बे प्रसिद्धम्, ततस्तदाश्रयभूतं यद् देवताया गृहं तदप्युपचारात् चैत्यम्, तच्चेह व्यन्तरायतनं द्रष्टव्यं न तु भगवतामर्हतामायतनम्।[૨] 'ચૈત્ય' શબ્દ દેવતાના પ્રતિબિંબના અર્થમાં પ્રસિદ્ધ છે. ઉપચારથી દેવતાનાં પ્રતિબિંબનું આશ્રયભૂત દેવગૃહ પણ ચૈત્ય કહેવાય છે. અહીં ચૈત્ય શબ્દનું ગ્રહણ વ્યન્તરાયતન રૂપે કરવું જોઈએ, નહિ કે અર્હદાયતન રૂપે. તૃતીય સૂત્રાન્તર્ગત 'પહકર' શબ્દનું વ્યાખ્યાન કરતાં દેશીનામમાલાનું એક ઉદ્ધરણ આપ્યું છે : पहकरा: संघाता:—'पहकर-ओरोह-संघाया इति देशीनाममालावचनात्।[૩] આચાર્ય હેમચન્દ્રવિરચિત દેશીનામમાલામાં ઉપર્યુક્ત ઉદ્ધરણ ઉપલબ્ધ નથી. સંભવતઃ આ ઉદ્ધરણ કોઈ અન્ય પ્રાચીનતર દેશીનામમાલાનું છે. પ્રસ્તુત વિવરણમાં આચાર્યે અનેક સ્થાને જીવાભિગમ-મૂલટીકાનો ઉલ્લેખ કર્યો છે તથા તેનાં ઉદ્ધરણો આપ્યાં છે.[૪] ક્યાંક-ક્યાંક સૂત્રોના વાચનાભેદ-પાઠભેદનો પણ નિર્દેશ કર્યો છે : इह प्राक्तनो ग्रन्थ: प्रायोऽपूर्व: भूयानपि च पुस्तकेषु वाचनाभेदस्ततो माऽभूत् शिष्याणां सम्मोह इति क्वापि सुगमोऽपि यथावस्थितवाचनाक्रम-प्रदर्शनार्थं लिखित:[૫], अत्र भूयान् वाचनाभेद:[૬], अत ऊर्ध्वं सूत्रं सुगमं केवलं भूयान् विधिविषयो वाचनाभेद इति यथावस्थितवाचनाप्रदर्शनार्थं विधिमात्रमुपदर्श्यते[૭] વગેરે. અંતે ટીકાકારે પ્રસ્તુત વિવરણથી પ્રાપ્ત પુણ્યથી સાધુજનોને કૃતાર્થ કરતાં ગ્રંથ સમાપ્ત કર્યો છે :

राजप्रश्नीयमिदं गम्भीरार्थं विवृण्वता कुशलम् ।
यदवापि मलयगिरिणा साधुजनस्तेन भवतु कृती ।

વિવરણનું ગ્રન્થમાન ૩૭૦૦ શ્લોક-પ્રમાણ છે :

प्रत्यक्षरगणनातो ग्रन्थमानं विनिश्चितम् ।
सप्तत्रिंशच्छतान्यत्र श्लोकानां सर्वसंख्यया ॥

પિણ્ડનિર્યુક્તિવૃત્તિ :

પ્રસ્તુત વૃત્તિ[૮], નામથી જ સ્પષ્ટ છે તેમ આચાર્ય ભદ્રબાહુકૃત પિણ્ડનિર્યુક્તિ પર

---

૧. પૃ.૩. ૨. પૃ. ૭. ૩. પૃ. ૧૬.
૪. પૃ. ૧૬૮, ૧૭૬, ૧૭૭, ૧૮૦, ૧૮૯, ૧૯૫.
૫. પૃ. ૨૩૯ ૬. પૃ. ૨૪૧. ૭. પૃ. ૨૫૯.
૮. દેવચન્દ્ર લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર, મુંબઈ, સન્ ૧૯૧૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે. આમાં ભાષ્યની ૪૬ ગાથાઓનો પણ સમાવેશ છે. તે ભાષ્યગાથાઓ હોવાનો નિર્દેશ સ્વયં વૃત્તિકારે કર્યો છે. પ્રારંભમાં આચાર્યે વર્ધમાન જિનેશ્વરનું સ્મરણ કરીને પોતાના ગુરુદેવને પ્રણામ કર્યા છે તથા પિણ્ડનિર્યુક્તિની સંક્ષિપ્ત તથા સ્પષ્ટ વ્યાખ્યા લખવાની પ્રતિજ્ઞા કરી છે :

जयति जिनवर्धमानः परहितनिरतो विधूतकर्म्मरजाः ।
मुक्तिपथचरणपोषकनिरवद्याहारविधिदेशी ॥ १ ॥
नत्वा गुरूदकमलं गुरूपदेशेन पिण्डनिर्युक्तिम् ।
विवृणोमि समासेन स्पष्टं शिष्यावबोधाय ॥ २ ॥

પિણ્ડનિર્યુક્તિ કયા સૂત્ર સાથે સંબદ્ધ છે ? આ પ્રશ્નનો ઉત્તર ટીકાકારે આ મુજબ આપ્યો છે : इह दशाध्ययनपरिमाणश्चूलिकायुगलभूषितो दशवैकालिको नाम श्रुतस्कन्धः, तत्र च पंचममध्ययनं पिण्डैषणानामकं, दशवैकालिकस्य च निर्युक्तिश्चतुर्दशपूर्वविदा भद्रबाहुस्वामिना कृता, तत्र पिण्डैषणाभिधपंचमाध्ययननिर्युक्तिरतिप्रभूतग्रन्थत्वात् पृथक् शास्त्रान्तरमिव व्यवस्थापिता, तस्याश्च पिण्डनिर्युक्तिरिति नाम कृतं, पिण्डैषणानिर्युक्ति पिंडनिर्युक्तिरिति मध्यमपदलोपिसमासाश्रयणाद् ।[1]

દશવૈકાલિક સૂત્રના પિણ્ડૈષણા નામના પંચમ અધ્યયનની (ચતુર્દશ-પૂર્વવિદ્ ભદ્રબાહુસ્વામિકૃત) નિર્યુક્તિનું નામ જ પિણ્ડનિર્યુક્તિ છે. આનું પરિમાણ બૃહદ્ હોવાને કારણે આને પૃથક્ ગ્રન્થ રૂપે સ્વીકૃત કરવામાં આવી. કેમકે આ નિર્યુક્તિગ્રંથ દશવૈકાલિકનિર્યુક્તિથી પ્રતિબદ્ધ છે આથી આની આદિમાં નમસ્કારમંગલ પણ નથી કરવામાં આવ્યું.

પ્રસ્તુત વૃત્તિમાં આચાર્ય મલયગિરિએ વ્યાખ્યારૂપે અનેક કથાનક આપ્યાં છે જે સંસ્કૃતમાં છે. વૃત્તિનું ગ્રંથમાન ૬૭૦૦ શ્લોક-પ્રમાણ છે. વૃત્તિ સમાપ્ત કરતાં આચાર્યે પિણ્ડનિર્યુક્તિકાર દ્વાદશાંગવિદ્ ભદ્રબાહુ તથા પિણ્ડનિર્યુક્તિ-વિષમપદવૃત્તિકાર (આચાર્ય હરિભદ્ર તથા વીરગણિ)ને નમસ્કાર કર્યા છે તથા લોકકલ્યાણની ભાવના સાથે અરિહંત, સિદ્ધ, સાધુ તથા જિનોપદિષ્ટ ધર્મનું શરણ ગ્રહણ કર્યું છે :

येनैषा पिण्डनिर्युक्तिर्युक्तिरम्या विनिर्मिता ।
द्वादशांगविदे तस्मै, नमः श्रीभद्रबाहवे ॥ १ ॥
व्याख्याता यैरेषा विषमपदार्थाऽपि सुललितवचोभिः ।
अनुपकृतपरोपकृतो विवृतिकृतस्तान्नमस्कुर्वे ॥ २ ॥

---

१. पृ. १. २. पृ. १७८.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इमां च पिंडनिर्युक्तिमतिगम्भीरां विवृण्वता कुशलम् ।
यदवापि मलयगिरिणा सिद्धिं तेनाश्नुतां लोकः ॥ ३ ॥
अर्हन्तः शरणं सिद्धाः, शरणं मम साधवः ।
शरणं जिननिर्दिष्टो, धर्म्मः शरणमुत्तमः ॥ ४ ॥

આવશ્યકવિવરણ :

પ્રસ્તુત વિવરણ[1] આવશ્યકનિર્યુક્તિ પર છે. તે અપૂર્ણ જ મળે છે. પ્રારંભમાં વિવરણકાર આચાર્ય મલયગિરિએ ભગવાન પાર્શ્વનાથ, પ્રભુ મહાવીર તથા પોતાના ગુરુદેવનું સ્મરણ કર્યું છે અને બતાવ્યું છે કે જોકે આવશ્યકનિર્યુક્તિ પર અનેક વિવરણ ગ્રન્થો વિદ્યમાન છે પરંતુ તે સમજવા મુશ્કેલ હોવાને કારણે મંદ બુદ્ધિના લોકો માટે ફરી તેનું વિવરણ કરવામાં આવે છે :

पान्तु वः पार्श्वनाथस्य पादपद्मनखांशवः ।
अशेषविघ्नसंघाततमोभेदैकहेतवः ॥ १ ॥
जयति जगदेकदीपः प्रकटितनिःशेषभावसद्भावः ।
कुमतपतंगविनाशी श्रीवीरजिनेश्वरो भगवान् ॥ २ ॥
नत्वा गुरुपदकमलं प्रभावतस्तस्य मन्दशक्तिरपि ।
आवश्यकनिर्युक्तिं विवृणोमि यथाऽऽगमं स्पष्टम् ॥ ३ ॥
यद्यपि च विवृतयोऽस्याः सन्ति विचित्रास्तथापि विषमास्ताः ।
सम्प्रतिजनो हि जडधीर्भूयानितिविवृतिसंरम्भः ॥ ४ ॥

ત્યાર પછી મંગલનું નામાદિ ભેદપૂર્વક વિસ્તૃત વ્યાખ્યાન કરવામાં આવ્યું છે તથા તેની ઉપયોગિતા પર પર્યાપ્ત પ્રકાશ પાડવામાં આવ્યો છે. આ પ્રસંગે તથા આગળ પણ અહીં-તહીં વિશેષાવશ્યકભાષ્યની ગાથાઓ ઉદ્ધૃત કરવામાં આવી છે. નિર્યુક્તિની ગાથાઓનાં પદોનો અર્થ કરતાં તત્પ્રતિપાદિત પ્રત્યેક વિષયનું આવશ્યક પ્રમાણો સાથે સરળ ભાષા તથા સુબોધ શૈલીમાં વિવેચન કરવામાં આવ્યું છે. આ વિવેચનની એક વિશેષતા એ છે કે આચાર્યે વિશેષાવશ્યકભાષ્યની ગાથાઓનું સ્વતંત્ર વ્યાખ્યાન ન કરતાં તેનો ભાવાર્થ તો પોતાની ટીકામાં આપી જ દીધો છે. વિવરણમાં જેટલી પણ ગાથાઓ છે, મોટા ભાગે વિવરણનાં વક્તવ્યની પુષ્ટિ માટે છે. વિવરણકારે ભાષ્યની ગાથાઓની વ્યાખ્યારૂપે પોતાના વિવરણનો વિસ્તાર ન કરતાં પોતાના વિવરણના સમર્થનરૂપે 'उक्तं च', 'तथा चाह भाष्यकृत्', 'एतदेव व्याख्यानं भाष्यकारोऽप्याह' વગેરે શબ્દો સાથે ભાષ્યગાથાઓ ઉદ્ધૃત કરી છે. વિવરણમાં

૧. આગમોદય સમિતિ, મુંબઈ, સન્ ૧૯૨૮-૧૯૩૨; દેવચન્દ્ર લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર, સૂરત, સન્ ૧૯૩૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિશેષાવશ્યકભાષ્યની સ્વોપજ્ઞ ટીકાનો પણ ઉલ્લેખ છે.[૧] પ્રજ્ઞાકરગુપ્ત[૨], (આવશ્યક) ચૂર્ણિકાર[૩], (આવશ્યક) મૂલટીકાકાર[૪], (આવશ્યક) મૂલભાષ્યકાર[૫], લઘીયસ્ત્રયાલંકારકાર અકલંક[૬], ન્યાયવતારવિવૃતિકાર[૭] વગેરેનો પણ પ્રસ્તુત ટીકામાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સ્થાને-સ્થાને સપ્રસંગ કથાનક ઉદ્ધૃત કરવાનું પણ આચાર્ય નથી ભૂલ્યા. આ કથાનકો પ્રાકૃતમાં છે.[૮] 'थूभं रयणविचित्तं कुंथुं सुमिणम्मि तेण कुंथुजिणो'ની વ્યાખ્યાની પછીનું વાક્ય 'साम्प्रतमरः' અર્થાત્ 'હવે અરનાથના વ્યાખ્યાનનો અધિકાર છે'ની પછીનું વિવરણ ઉપલબ્ધ નથી. ઉપલબ્ધ વિવરણ ચતુર્વિંશતિસ્તવ નામક દ્વિતીય અધ્યયન સુધી જ છે અને તે પણ અપૂર્ણ.

બૃહદ્કલ્પપીઠિકાવૃત્તિ :

આ વૃત્તિ[૯] ભદ્રબાહુસ્વામિકૃત બૃહત્કલ્પપીઠિકા નિર્યુક્તિ અને સંઘદાસગણિકૃત ભાષ્ય (લઘુભાષ્ય) પર છે. વૃત્તિકાર મલયગિરિ પીઠિકાની ભાષ્યગાથા ૬૦૬ પર્યંત જ પોતાની વૃત્તિ રચી શક્યા. બાકી પીઠિકા તથા આગળના મૂલ ઉદ્દેશોના ભાષ્યની વૃત્તિ આચાર્ય ક્ષેમકીર્તિએ પૂરી કરી. આ તથ્યનું પ્રતિપાદન સ્વયં ક્ષેમકીર્તિએ પોતાની વૃત્તિ શરૂ કરતી વખતે કર્યું છે :[૧૦]

श्रीमलयगिरिप्रभवो, यां कर्तुमुपाक्रमन्त मतिमन्तः ।
सा कल्पशास्त्रटीका, मयाऽनुसन्धीयतेऽल्पधिया ॥

પ્રારંભમાં વૃત્તિકારે વીર જિનેશ્વરને પ્રણામ કર્યા છે તથા પોતાના ગુરુનાં પદકમલોનું સાદર સ્મરણ કરતાં કલ્પાધ્યયનની વૃત્તિ રચવાની પ્રતિજ્ઞા કરી છે. ભાષ્યકાર અને ચૂર્ણિકારની કૃતજ્ઞતા સ્વીકારતાં મંગલાભિધાનનાં વ્યાખ્યાન સાથે આગળની વૃત્તિ શરૂ કરી છે :

प्रकटीकृतनिःश्रेयसपदहेतुस्थविरकल्पजिनकल्पम् ।
नम्राशेषनरामरकल्पितफलकल्पतरुकल्पम् ॥ १ ॥
नत्वा श्रीवीरजिनं, गुरुपदकमलानि बोधविपुलानि ।
कल्पाध्ययनं विवृणोमि लेशतो गुरुनियोगेन ॥ २ ॥
भाष्यं क्व चातिगम्भीरं, क्व चाहं जडशेखरः ।
तदत्र जानते पूज्या, ये मामेवं नियुञ्जते ॥ ३ ॥
अद्भूतगुणरत्ननिधौ, कल्पे साहायकं महातेजाः ।
दीप इव तमसि कुरुते, जयति यतीशः सः चूर्णिकृत् ॥ ४ ॥

---

૧. પૃ. ૬૬. ૨. પૃ. ૨૮. ૩. પૃ. ૮૩. ૪. પૃ. ૧૨૮.
૫. પૃ. ૨૭૧. ૬. પૃ. ૩૭૭. ૭. એજન.
૮. પૃ. ૧૦૧, ૧૩૫, ૧૫૩, ૨૯૪. ૯. જૈન આત્માનન્દ સભા, ભાવનગર, સન્ ૧૯૩૩.
૧૦. પૃ. ૧૭૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કલ્પ (બૃહત્કલ્પ) સૂત્ર તથા વ્યવહાર સૂત્ર તથા તેમની વ્યાખ્યાઓના રચયિતાઓના વિષયમાં પોતાનું વક્તવ્ય ઉપસ્થિત કરતાં વૃત્તિકારે બતાવ્યું છે કે ચતુર્દશ પૂર્વધર ભગવાન ભદ્રબાહુસ્વામીએ સાધુઓના અનુગ્રહ માટે કલ્પસૂત્ર અને વ્યવહાર સૂત્રની રચના કરી જેથી પ્રાયશ્ચિત્તનો વ્યવચ્છેદ ન થાય. તેમણે આ બંને સૂત્રોની સૂત્રસ્પર્શિક નિર્યુક્તિ પણ બનાવી. સનિર્યુક્તિક સૂત્રોને પણ અલ્પબુદ્ધિવાળા પ્રાણીઓ માટે સમજવી અઘરી જણાતાં ભાષ્યકારે તેમની પર ભાષ્ય લખ્યું. આ સૂત્રસ્પર્શિક નિર્યુક્તિનું અનુગમન કરનાર હોવાને કારણે નિર્યુક્તિ અને ભાષ્ય એક ગ્રન્થરૂપ થઈ ગયા : ततो 'मा भूत् प्रायश्चित्तव्यवच्छेदः' इति साधूनामनुग्रहाय चतुर्दशपूर्वधरेण भगवता भद्रबाहुस्वामिना कल्पसूत्रं व्यवहारसूत्रं चकारि, उभयोरपि च सूत्रस्पर्शिकनिर्युक्तिः । इमे अपि च कल्प-व्यवहारसूत्रे सनिर्युक्तिके अल्पग्रन्थतयामहार्थत्वेन च दुःखमानुभावतो हीयमानमेधाऽऽयुरादिगुणानामिदानीन्तनजन्तूनामल्पशक्तिनां दुर्ग्रहे दुरवधारे जाते, ततः सुखग्रहणधारणाय भाष्यकारो भाष्यं कृतवान्, तत्र सूत्रस्पर्शिकनिर्युक्त्यनुगतमिति सूत्रस्पर्शिकनिर्युक्तिर्भाष्यं चैको ग्रन्थो जातः ।[1]

વૃત્તિકારે પ્રસ્તુત વૃત્તિમાં પ્રાકૃત ગાથાઓની સાથે સાથે પ્રાકૃત કથાનકો પણ ઉદ્ધૃત કર્યાં છે. 'यत एवं स्वस्थानप्रायश्चित्तं ततो विपर्यस्तग्रहणकरणे न विधेये'[2] અહીં સુધીની પીઠિકાવૃત્તિ આચાર્ય મલયગિરિની જ કૃતિ છે જેનું ગ્રંથમાન ૪૬૦૦ શ્લોક-પ્રમાણ છે.

●

---

૧. પૃ. ૨. ૨. પૃ. ૧૭૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકાદશ પ્રકરણ

મલધારી હેમચન્દ્રકૃત ટીકાઓ

મલધારી હેમચન્દ્રસૂરિની પરંપરામાં થનાર મલધારી રાજશેખરે પોતાની પ્રાકૃતદ્વયાશ્રયની વૃત્તિની પ્રશસ્તિમાં લખ્યું છે કે મલધારી હેમચન્દ્રનું ગૃહસ્થાશ્રમનું નામ પ્રદ્યુમ્ન હતું. તેઓ રાજમંત્રી હતા અને પોતાની ચાર સ્ત્રીઓને છોડીને મલધારી અભયદેવસૂરિ પાસે દીક્ષિત થયા હતા.[૧] આ બંને આચાર્યોનાં પ્રભાવશાળી જીવન-ચરિત્રનું વર્ણન મલધારી હેમચન્દ્રના જ શિષ્ય શ્રીચન્દ્રસૂરિએ પોતાનાં મુનિસુવ્રત-ચરિતની પ્રશસ્તિમાં કર્યું છે. તે અતિ રોચક તથા ઐતિહાસિક તથ્યોથી યુક્ત છે. મલધારી હેમચન્દ્રનો પરિચય આપતાં શ્રીચન્દ્રસૂરિ કહે છે :[૨]

'પોતાના તેજસ્વી સ્વભાવથી ઉત્તમ પુરુષોનાં હૃદયને આનંદિત કરનાર કૌસ્તુભમણિ સમાન શ્રી હેમચન્દ્રસૂરિ આચાર્ય અભયદેવની પછી થયા. તેઓ પોતાના યુગમાં પ્રવચનના પારગામી અને વચનશક્તિસમ્પન્ન હતા. ભગવતી જેવું શાસ્ત્ર તો તેમને પોતાના નામની જેમ કંઠસ્થ હતું. તેમણે મૂલગ્રંથ, વિશેષાવશ્યક, વ્યાકરણ અને પ્રમાણશાસ્ત્ર વગેરે અન્ય વિષયોના અર્ધ લક્ષ (?) ગ્રંથ વાંચ્યા હતા. તેઓ રાજા તથા અમાત્ય વગેરે બધામાં જિનશાસનની પ્રભાવના કરવામાં પરાયણ અને પરમ કારુણિક હતા. મેઘ સમાન ગંભીર ધ્વનિથી જે સમયે તેઓ ઉપદેશ આપતા તે સમયે જિનભવનની બહાર ઊભા રહીને પણ લોકો તેમના ઉપદેશરસનું પાન કરતા હતા. વ્યાખ્યાનલબ્ધિસંપન્ન હોવાને કારણે તેમનાં શાસ્ત્રવ્યાખ્યાન સાંભળીને જડબુદ્ધિ વાળા લોકો પણ સહજ જ બોધ પ્રાપ્ત કરી લેતા. સિદ્ધવ્યાખ્યાનિક (સિદ્ધર્ષિ)ની ઉપમિતિભવપ્રપંચકથા વૈરાગ્ય ઉત્પન્ન કરનારી હોવા છતાં પણ સમજવામાં અત્યંત મુશ્કેલ હતી એટલા માટે સભામાં તેનું વ્યાખ્યાન લાંબા સમયથી કોઈ નહોતું કરતું. જે સમયે આચાર્ય હેમચન્દ્ર તેનું વ્યાખ્યાન કરતા, તે સમયે લોકોને તેમને સાંભળવામાં ખૂબ આનંદ આવતો. શ્રોતાઓની વારંવારની પ્રાર્થનાને કારણે તેમને લગાતાર ત્રણ વર્ષ સુધી તે કથાનું વ્યાખ્યાન કરવું પડ્યું. તે પછી તે કથાનો પ્રચાર ખૂબ વધી ગયો. આચાર્ય હેમચન્દ્રે નિમ્નલિખિત ગ્રંથ રચ્યા : સર્વપ્રથમ ઉપદેશમાલા મૂલ અને

---

૧. જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ, પૃ. ૨૪૫.

૨. મુનિસુવ્રતચરિતની પ્રશસ્તિ, કા. ૧૩૨-૧૮૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભવભાવના મૂલની રચના કરી. તદનંતર તે બંનેની ક્રમશઃ ૧૪ હજાર અને ૧૩ હજાર શ્લોકપ્રમાણ વૃત્તિઓ રચી. ત્યાર પછી અનુયોગદ્વાર, જીવસમાસ અને શતક (બંધશતક)ની ક્રમશઃ ૬, ૭ અને ૪ હજાર શ્લોક-પ્રમાણ વૃત્તિઓની રચના કરી. મૂલ આવશ્યકવૃત્તિ (હરિભદ્રકૃત) પર ૫ હજાર શ્લોકપ્રમાણ ટિપ્પણ લખ્યું તથા વિશેષાવશ્યકભાષ્ય પર ૨૮ હજાર શ્લોક-પ્રમાણ વિસ્તૃત વૃત્તિ લખી.[૧] .....'અંતે મૃત્યુ સમયે આચાર્ય હેમચન્દ્રે પોતાના ગુરુ અભયદેવની જેમ જ આરાધના કરી. તેમાં એટલી વિશેષતા ચોક્કસ હતી કે તેમણે સાત દિવસની સંલેખના – અનશન કર્યું હતું (જ્યારે આચાર્ય અભયદેવે ૪૭ દિવસનું અનશન કર્યું હતું) અને રાજા સિદ્ધરાજ સ્વયં તેમની શવયાત્રામાં જોડાયા હતા (જ્યારે અભયદેવની શવયાત્રાનું દૃશ્ય તેમણે પોતાના મહેલોમાંથી જ જોઈ લીધું હતું). તેમના ત્રણ ગણધર હતા : ૧. વિજયસિંહ, ૨. શ્રીચન્દ્ર અને ૩. વિબુધચન્દ્ર. તેમાંથી શ્રીચન્દ્ર પટ્ટધર આચાર્ય થયા.'

આચાર્ય વિજયસિંહે ધર્મોપદેશમાલાની બૃહદ્વૃત્તિ રચી છે. તેની સમાપ્તિ વિ.સં.૧૧૯૧માં થઈ. તેની પ્રશસ્તિમાં આચાર્ય વિજયસિંહે પોતાના ગુરુ આચાર્ય હેમચન્દ્ર અને તેમના ગુરુ આચાર્ય અભયદેવનો જે પરિચય આપ્યો છે તેનાથી જણાય છે કે સં. ૧૧૯૧માં આચાર્ય મલધારી હેમચન્દ્રના મૃત્યુના ઘણાં વર્ષ વ્યતીત થઈ ચૂક્યા હતાં. આવી સ્થિતિમાં એમ માનવામાં આવે કે અભયદેવનું મૃત્યુ થતાં અર્થાત્ વિ.સં.૧૧૬૮માં હેમચન્દ્રે આચાર્યપદ પ્રાપ્ત કર્યું અને લગભગ સં. ૧૧૮૦ સુધી તે પદને શોભાવ્યું તો કોઈ અસંગતિ નથી. તેમના ગ્રન્થાંતની કોઈ પણ પ્રશસ્તિમાં વિ.સં.૧૧૭૭ પછીના વર્ષનો ઉલ્લેખ નથી મળતો.[૨]

આચાર્ય હેમચન્દ્રે સ્વહસ્તલિખિત જીવસમાસની વૃત્તિની પ્રતના અંતે પોતાનો જે પરિચય આપ્યો છે તેમાં તેમણે પોતાને યમ-નિયમ-સ્વાધ્યાય-ધ્યાનનાં અનુષ્ઠાનમાં રત પરમ નૈષ્ઠિક પંડિત શ્વેતામ્બરાચાર્ય ભટ્ટારક રૂપે પ્રસ્તુત કર્યા છે. આ પ્રત તેમણે વિ.સં.૧૧૬૪માં લખી છે. પ્રશસ્તિ આ મુજબ છે :[૩]

ग्रन्थाग्र ६६२७ । संवत् ११६४ चैत्र सुदि ४ सोमेऽद्येह श्रीमदणहिलपाटके समस्तराजावलिविराजितमहाराजाधिराज-परमेश्वर-श्रीमज्जयसिंहदेव-कल्याणविजयराज्ये एवं काले प्रवर्तमाने यमनियमस्वाध्यायध्यानानुष्ठानरतपरमनैष्ठिकपंडित-श्वेताम्बराचार्य-

---

૧. આ સૂચીમાં નન્દિટિપ્પણનો ઉલ્લેખ નથી. વિશેષાવશ્યકભાષ્યની વૃત્તિના અંતે આ ટિપ્પણીનો ઉલ્લેખ મળે છે.

૨. ગણધરવાદ : પ્રસ્તાવના, પૃ. ૫૧-૨.

૩. શ્રી પ્રશસ્તિસંગ્રહ (શ્રી શાન્તિનાથજી જ્ઞાનભંડાર, અમદાવાદ), પૃ. ૪૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

भट्टारकश्रीहेमचन्द्राचार्येण पुस्तिका लि॰ श्री॰ ।

જ્યાં સુધી મલધારી હેમચન્દ્રની ગ્રંથરચનાનો પ્રશ્ન છે, અમે મુનિસુવ્રતચરિતની પ્રશસ્તિના આધારે ઉપદેશમાલા વગેરે નવ ગ્રંથોનો ઉલ્લેખ કર્યો છે. વિશેષાવશ્યકભાષ્યની વૃત્તિના અંતે આચાર્યે સ્વયં ગ્રન્થરચનાનો ક્રમ આપ્યો છે અને ગ્રન્થસંખ્યા દસ આપી છે. મુનિસુવ્રતચરિતમાં ઉલ્લિખિત નવ ગ્રંથોમાં એક ગ્રંથ વધારે જોડવામાં આવ્યો છે અને તે છે નન્દિટિપ્પણ. આ ગ્રંથની કોઈ પણ પ્રતનો ક્યાંય ઉલ્લેખ નથી મળતો. એવું હોવા છતાં પણ જો વિશેષાવશ્યકભાષ્યની વૃત્તિમાં ઉલ્લિખિત ગ્રંથસંખ્યા તથા રચનાક્રમ યોગ્ય માનવામાં આવે તો મલધારી હેમચન્દ્રની ગ્રંથરચનાનો ક્રમ આ મુજબ હોવો જોઈએ : ૧. આવશ્યકટિપ્પણ, ૨. શતકવિવરણ, ૩. અનુયોગદ્વારવૃત્તિ, ૪. ઉપદેશમાલાસૂત્ર, ૫. ઉપદેશમાલાવૃત્તિ, ૬. જીવસમાસવિવરણ, ૭. ભવભાવનાસૂત્ર, ૮. ભવભાવનાવિવરણ, ૯. નન્દિટિપ્પણ, ૧૦. વિશેષાવશ્યકભાષ્ય-બૃહદ્વૃત્તિ. આ ક્રમ શ્રીચન્દ્રસૂરિકૃત મુનિસુવ્રતચરિતમાં ઉલ્લિખિત પૂર્વોક્ત ક્રમથી કંઈક જુદો જ છે. આ ગ્રન્થોનું પરિમાણ લગભગ ૮૦૦૦૦ શ્લોક-પ્રમાણ છે. આ બધા ગ્રંથો વિષયની દૃષ્ટિએ પ્રાયઃ સ્વતંત્ર છે આથી તેમાં પુનરાવૃત્તિ માટે વિશેષ શક્યતા નથી.

આવશ્યકવૃત્તિપ્રદેશવ્યાખ્યા :

આ વ્યાખ્યા[1] હરિભદ્રકૃત આવશ્યકવૃત્તિ પર છે. આને હારિભદ્રીયાવશ્યકવૃત્તિ ટિપ્પણક પણ કહે છે. તેની પર પ્રસ્તુત વ્યાખ્યાકાર આચાર્ય હેમચન્દ્રના જ શિષ્ય શ્રીચંદ્રસૂરિએ એક વધારે ટિપ્પણ લખ્યું છે જેને પ્રદેશવ્યાખ્યાટિપ્પણ કહે છે. પ્રારંભે વ્યાખ્યાકાર આદિજિનેશ્વર (ઋષભદેવ)ને નમસ્કાર કરે છે. તદનંતર વર્ધમાનપર્યન્ત બાકી સમસ્ત તીર્થંકરોને નમસ્કાર કરી સંક્ષેપમાં ટિપ્પણ લખવાની પ્રતિજ્ઞા કરે છે :

जगत्त्रयमतिक्रम्य, स्थिता यस्य पदत्रयी ।
विष्णोरिव तमानम्य श्रीमदाद्यजिनेश्वरम् ॥ १ ॥
शेषानपि नमस्कृत्य, जिनानजितपूर्वकान् ।
श्रीमतो वर्द्धमानान्तान्, मुक्तिशर्म्मविधायिनः ॥ २ ॥
समुपासितगुरुजनतः समधिगतं किञ्चिदात्मसंस्मृतये ।
सङ्क्षेपादावश्यकविषयं टिप्पनमहं वच्मि ॥ ३ ॥

---

१. શ્રીચંદ્રસૂરિવિહિત ટિપ્પણસહિત – દેવચંદ્ર લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર, મુંબઈ, સન્ ૧૯૨૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્યાર પછી વ્યાખ્યાકારે હારિભદ્રીય આવશ્યકવૃત્તિનાં કેટલાંક કઠિન સ્થળોનું સરળ શૈલીમાં વ્યાખ્યાન કરતાં અંતે વ્યાખ્યાગત દોષોની સંશુદ્ધિ માટે મુનિજનોને પ્રાર્થના કરી છે :[1]

इति गुरुजनमूलादर्थजातं स्वबुद्ध्या,
यदवगतमिहात्मस्मृत्युपादानहेतोः ।
तदुपरचितमेतत् यत्र किञ्चित्सदोषं,
मयि कृतगुरुतोषैस्तत्र शोध्यं मुनीन्द्रैः ॥ १ ॥
छद्मस्थस्य हि मोहः कस्य न भवतीह कर्म्मवशगस्य ।
सद्बुद्धिविरहितानां विशेषतो मद्विधासुमताम् ॥ २ ॥

પ્રસ્તુત વ્યાખ્યાનું ગ્રંથમાન ૪૭૦૦ શ્લોકપ્રમાણ છે.

અનુયોગદ્વારવૃત્તિ :

આ વૃત્તિ[2] અનુયોગદ્વારના સૂત્રોનો સરલાર્થ પ્રસ્તુત કરવા માટે બનાવવામાં આવી છે. પ્રારંભમાં આચાર્યે વીર જિનેશ્વર, ગૌતમાદિ સૂરિવર્ગ તથા શ્રુતદેવતાને નમસ્કાર કર્યા છે :

सम्यक् सुरेन्द्रकृतसंस्तुतपादपद्ममुद्दामकामकरिराजकठोरसिंहम् ।
सद्धर्म्मदेशकवरं वरदं नतोऽस्मि, वीरं विशुद्धतरबोधनिधिं सुधीरम् ॥ १ ॥
अनुयोगभृतां पादान् वन्दे श्रीगौतमादिसूरीणाम् ।
निष्कारणबन्धूनां विशेषतो धर्म्मदातृणाम् ॥ २ ॥
यस्याः प्रसादमतुलं संप्राप्य भवन्ति भव्यजननिवहाः ।
अनुयोगवेदिनस्तां प्रयतः श्रुतदेवतां वन्दे ॥ ३ ॥

પ્રથમ સૂત્ર 'नाणं पंचविहं.....'ની વ્યાખ્યા શરૂ કરતાં પહેલાં વૃત્તિકાર કહે છે કે જોકે પ્રાચીન આચાર્યોએ ચૂર્ણિ અને ટીકા (હારિભદ્રીય) દ્વારા આ ગ્રન્થનું વ્યાખ્યાન કર્યું છે પરંતુ અલ્પ બુદ્ધિવાળા શિષ્યો માટે તે સમજવામાં મુશ્કેલ હોવાને કારણે હું મંદમતિ ફરી આનું વ્યાખ્યાન શરૂ કરું છું : स च यद्यपि चूर्णिटीकाद्वारेण वृद्धैरपि विहितः तथापि तद्वचसामतिगम्भीरत्वेन दुरधिगमत्वाद् मन्दमतिनाऽपि मयाऽसाधारण—

---

१. पृ. ११७.
२. (अ) रायबहादुर धनपतसिंह, कलकत्ता, सन् १८८०.
(आ) देवचंद्र लालभाई जैन पुस्तकोद्धार, मुंबई, सन् १९१५-६.
(इ) आगमोदय समिति, मुंबई, सन् १९१४.
(ई) केशरबाई ज्ञानमंदिर, पाटण, सन् १९३९.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्रुतभक्तिजनितौत्सुक्यभावतोऽविचारितस्वशक्तित्वादल्पधियामनुग्रहार्थत्वाच्च कर्तुमारभ्यते ।

'से किं तं तिनामे.....' (सू० १२३)ની વૃત્તિમાં રસનું વિવેચન કરતાં વૃત્તિકારે ભિષક્‌શાસ્ત્રના 'श्लेष्माणमरुचिं पित्तं तृषं कुष्ठं विषं ज्वरम्....' વગેરે અનેક શ્લોકો ઉદ્ધૃત કર્યા છે.[1] આ જ રીતે સપ્તસ્વરની વ્યાખ્યામાં[2] તથા અન્યત્ર પણ અનેક શ્લોકો ઉદ્ધૃત કર્યા છે. આ વૃત્તિના અંતે પણ તે જ પ્રશસ્તિ છે જે વિશેષાવશ્યકભાષ્યની વૃત્તિના અંતે છે. આમાં વૃત્તિ-રચનાનો સમય નથી આપવામાં આવ્યો. આનું ગ્રંથમાન ૫૯૦૦ શ્લોકપ્રમાણ છે.

વિશેષાવશ્યકભાષ્ય-બૃહદ્‌વૃત્તિ :

પ્રસ્તુત વૃત્તિ[3]ને શિષ્યહિતાવૃત્તિ પણ કહે છે. આ મલધારી હેમચન્દ્રસૂરિની બૃહત્તમ કૃતિ છે. આમાં આચાર્યે વિશેષાવશ્યકભાષ્યમાં પ્રતિપાદિત અનેક વિષયોને અતિ સરળ તથા સુબોધ શૈલીમાં સમજાવ્યા છે. દાર્શનિક ચર્ચાની પ્રધાનતા હોવા છતાં પણ શૈલીમાં ક્લિષ્ટતા નથી આવવા પામી, તે આ ટીકાની એક બહુ મોટી વિશેષતા છે. શંકા-સમાધાન અને પ્રશ્નોત્તરની પદ્ધતિનું પ્રાધાન્ય હોવાને કારણે પાઠકની અરુચિનો સામનો નથી કરવો પડતો. અહીં-તહીં સંસ્કૃત કથાનકોનાં ઉદ્ધરણથી વિષય-વિવેચન પણ વધુ સરળ થઈ ગયું છે. આ ટીકાને કારણે વિશેષાવશ્યકભાષ્યનાં પઠન-પાઠનમાં અત્યધિક સરળતા થઈ ગઈ છે, તેમાં કોઈ સંદેહ નથી. આ ટીકાથી ભાષ્યકાર અને ટીકાકાર બંનેના યશમાં અસાધારણ વૃદ્ધિ થઈ છે. ટીકાના પ્રારંભે આચાર્યે વર્ધમાન જિનેશ્વર, સુધર્માદિપ્રમુખ સૂરિસંઘ, સ્વગુરુ, જિનભદ્ર અને શ્રુતદેવતાની સવિનય વંદના કરી છે :

श्रीसिद्धार्थनरेन्द्रविश्रुतकुलव्योमप्रवृत्तोदयः,
सद्‌बोधांशुनिरस्तदुस्तरमहामोहान्धकारस्थितिः ।
दृप्ताशेषकुवादिकौशिककुलप्रीतिप्रणोदक्षमो,
जीयादस्खलितप्रतापतरणिः श्रीवर्धमानो जिनः ॥ १ ॥
येन क्रमेण कृपया श्रुतधर्म एष,
आनीय मादृशजनेऽपि हि संप्रणीतः ।

---

१. પાટણ – સંસ્કરણ, પૃ. ૧૦૦. ૨. પૃ. ૧૧૭-૬

૩. (અ) યશોવિજય જૈન ગ્રંથમાલા, બનારસ, વીર સં. ૨૪૨૭-૨૪૪૧.
(આ) ગુજરાતી ભાષાંતર – ચુનીલાલ હુકમચન્દ, આગમોદય સમિતિ, મુંબઈ, સન્ ૧૯૨૪-૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्रीमत्सुधर्मगणभृत्प्रमुखं नतोऽस्मि,
तं सूरिसङ्घमनघं स्वगुरूंश्च भक्त्या ॥ २ ॥
आवश्यकप्रतिनिबद्धगभीरभाष्य-
पीयूषजन्मजलधिर्गुणरत्नराशिः
ख्यातः क्षमाश्रमणतागुणतः क्षितौ यः,
सोऽयं गणिर्विजयते जिनभद्रनामा ॥ ३ ॥
यस्याः प्रसादपरिवर्धितशुद्धबोधाः,
पारं व्रजन्ति सुधियः श्रुततोयराशेः ।
सानुग्रहा मयि समीहितसिद्धयेऽस्तु,
सर्वज्ञशासनरता श्रुतदेवताऽसौ ॥ ४ ॥

વિશેષાવશ્યકભાષ્ય શું છે તથા તેની પ્રસ્તુત વૃત્તિની શું આવશ્યકતા છે તેનું સમાધાન કરતાં ટીકાકારે બતાવ્યું છે કે સામાયિકાદિ ષડધ્યયનાત્મક શ્રુતસ્કન્ધરૂપ આવશ્યકની અર્થતઃ તીર્થંકરોએ તથા સૂત્રતઃ ગણધરોએ રચના કરી. તેની ગંભીરાર્થતા તથા નિત્યોપયોગિતાને ધ્યાનમાં રાખતાં ચતુર્દશ પૂર્વધર શ્રીમદ્ ભદ્રબાહુસ્વામીએ આ સૂત્રની વ્યાખ્યાનરૂપ નિર્યુક્તિ બનાવી. આ નિર્યુક્તિમાં પણ સામાયિકાધ્યયન-નિર્યુક્તિને વિશેષ મહત્ત્વપૂર્ણ સમજતાં શ્રીમદ્ જિનભદ્રગણિ ક્ષમાશ્રમણવિરચિત સ્વોપજ્ઞ વૃત્તિ તથા કોટ્યાચાર્યવિહિત વિવરણ - આ બે ટીકાઓ વિદ્યમાન છે પરંતુ તે અતિ ગંભીર વાક્યાત્મક તથા કંઈક સંક્ષિપ્ત હોવાને કારણે મંદમતિ શિષ્યો માટે મુશ્કેલ જણાય છે. આ જ મુશ્કેલીને દૂર કરવા માટે પ્રસ્તુત વૃત્તિ શરૂ કરવામાં આવી રહી છે.[૧]

વૃત્તિના અંતે પ્રશસ્તિ-સૂચક અગીયાર શ્લોક છે જેમાં વૃત્તિકારનું નામ હેમચન્દ્રસૂરિ તથા તેમના ગુરુનું નામ અભયદેવસૂરિ બતાવવામાં આવ્યું છે અને કહેવામાં આવ્યું છે કે રાજા જયસિંહના રાજ્યમાં સં. ૧૧૭૫ની કાર્તિક શુક્લા પંચમીના દિવસે આ વૃત્તિ સમાપ્ત થઈ :[૨]

...सोऽभयदेवसूरिरभवत् तेभ्यः प्रसिद्धो भुवि ॥ ९ ॥
तच्छिष्यलवप्रायैरगीतार्थैरपि शिष्टजनतुष्टयै ।
श्रीहेमचन्द्रसूरिभिरियमनुरचिता प्रकृतवृत्तिः ॥ १० ॥
शरदां च पंचसप्तत्यधिकैकादशशतेष्वतीतेषु ।
कार्तिकसितपञ्चम्यां श्रीमज्जयसिंहनृपराज्ये ॥ ११ ॥

વૃત્તિનું ગ્રંથમાન ૨૮૦૦૦ શ્લોક પ્રમાણ છે.

●

૧. પૃ. ૧-૨. ૨. પૃ. ૧૩૫૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વાદશ પ્રકરણ

નેમિચન્દ્રવિહિત ઉત્તરાધ્યયન-વૃત્તિ

નેમિચન્દ્રસૂરિનું બીજું નામ દેવેન્દ્રગણિ છે. પ્રારંભમાં તેઓ દેવેન્દ્રગણિ નામથી જ પ્રસિદ્ધ હતા પરંતુ પછીથી નેમિચન્દ્રસૂરિ નામથી પ્રસિદ્ધ થયા. તેમણે વિ.સં.૧૧૨૯માં ઉત્તરાધ્યયન પર સુખબોધા નામક એક ટીકા રચી. આ ટીકામાં અનેક પ્રાકૃત આખ્યાનો ઉદ્ધૃત કરવામાં આવ્યાં છે. આ દૃષ્ટિએ નેમિચન્દ્રસૂરિ હરિભદ્રસૂરિ અને વાદિવેતાલ શાન્તિસૂરીની શૈલીની અધિક નજીક છે, નહિ કે શીલાંકસૂરિની કે જેમણે આ પ્રકારનાં આખ્યાન સંસ્કૃતમાં પ્રસ્તુત કર્યાં છે.

ઉત્તરાધ્યયન-સુખબોધા વૃત્તિ[1] શાન્ત્યાચાર્યવિહિત શિષ્યહિતા નામક બૃહદ્વૃત્તિના આધારે રચવામાં આવી છે. તે સરળ તથા સુબોધ હોવાને કારણે તેનું નામ સુખબોધા રાખવામાં આવ્યું છે. પ્રારંભમાં વૃત્તિકારે તીર્થંકરો, સિદ્ધો, સાધુઓ તથા શ્રુતદેવતાને નમસ્કાર કર્યા છે તથા વૃદ્ધકૃત (શાન્ત્યાચાર્યકૃત) બહ્વર્થ તથા ગંભીર વિવરણમાંથી સમુદ્ધૃત કરીને આત્મસ્મૃત્યર્થ તથા જડમતિ અને સંક્ષેપરુચિ ધરાવનારના હિતાર્થે પાઠાંતરો અને અર્થાંતરો વિના ઉત્તરાધ્યયનની સુખબોધા-વૃત્તિ રચવાની પ્રતિજ્ઞા કરી છે :

प्रणम्य विघ्नसंघातघातिनस्तीर्थनायकान् ।
सिद्धांश्च सर्वसाधूंश्च, स्तुत्वा च श्रुतदेवताम् ॥ १ ॥
आत्मस्मृतये वक्ष्ये, जडमतिसंक्षेपरुचिहितार्थं च ।
एकैकार्थनिबद्धां, वृतिं सूत्रस्य सुखबोधाम् ॥ २ ॥
बह्वर्थाद् वृद्धकृताद्, गंभीराद् विवरणात् समुद्धृत्य ।
अध्ययनानामुत्तरपूर्वाणामेकपाठगताम् ॥ ३ ॥
अर्थान्तराणि पाठान्तराणि सूत्रे च वृद्धटीकातः ।
बोद्धव्यानि यतोऽयं, प्रारम्भो गमनिकामात्रम् ॥ ४ ॥

વૃત્તિના અંતે પ્રશસ્તિ છે જેમાં વૃત્તિકાર નેમિચન્દ્રાચાર્યના ગચ્છ, ગુરુ, ગુરુભ્રાતા, વૃત્તિરચનાનું સ્થાન, સમય વગેરેનો ઉલ્લેખ છે. આમાં જ શાન્ત્યાચાર્યના ગચ્છ વગેરેનો પણ ઉલ્લેખ છે જેની વૃત્તિના આધારે પ્રસ્તુત વૃત્તિની રચના કરવામાં આવી છે. નેમિચન્દ્રાચાર્ય બૃહદ્ગચ્છીય ઉદ્યોતનાચાર્યના શિષ્ય ઉપાધ્યાય આમ્રદેવના શિષ્ય છે. તેમના ગુરુભ્રાતાનું નામ મુનિચન્દ્રસૂરિ છે, જેમની પ્રેરણાથી આ વૃત્તિ બની છે.

---

૧. પુષ્પચન્દ્ર ખેમચન્દ્ર, વળાદ, સન્ ૧૯૩૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૃત્તિની રચનાનું સ્થાન અણહિલપાટક નગર (દોહડિ શેઠનું ઘર) છે તથા સમાપ્તિનો સમય વિ.સં. ૧૧૨૯ છે :

विश्रुतस्य महीपीठे, बृहद्गच्छस्य मण्डनम् ।
श्रीमान् विहारुकप्रष्ठः सूरिरुद्योतनाभिधः ॥ ९ ॥
शिष्यस्तस्याऽऽम्रदेवोऽभूदुपाध्यायः सतां मतः ।
यत्रैकान्तगुणापूर्णे, दोषैर्लेभे पदं न तु ॥ १० ॥
श्रीनेमिचन्द्रसूरिरूद्धृतवान् वृत्तिकां तद्विनेयः ।
गुरुसोदर्यश्रीमन्मुनिचन्द्राचार्यवचनेन ॥ ११ ॥

.....

अणहिलपाटकनगरे, दोहडिसच्छ्रेष्ठिसत्कवसतौ च ।
सन्तिष्ठता कृतेयं, नवकरहरवत्सरे चैव ॥ १३ ॥

વૃત્તિનું ગ્રંથમાન ૧૨૦૦૦ શ્લોકપ્રમાણ છે :

अनुष्टुभां सहस्राणि, गणितक्रिययाऽभवन् ।
द्वादश ग्रन्थमानं तु, वृत्तेरस्या विनिश्चितम् ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રયોદશ પ્રકરણ

શ્રીચંદ્રસૂરિવિહિત વ્યાખ્યાઓ

શ્રીચન્દ્રસૂરિનું બીજું નામ પાર્શ્વદેવગણિ છે. તેઓ શીલભદ્રસૂરિના શિષ્ય છે. તેમણે વિ.સં.૧૧૭૪માં નિશીથસૂત્રની વિશેષચૂર્ણિના વીસમા ઉદ્દેશકની વ્યાખ્યા કરી છે. આ સિવાય નિમ્ન ગ્રંથો પર પણ તેમની ટીકાઓ છે : શ્રમણોપાસક-પ્રતિક્રમણ (આવશ્યક), નન્દી (નન્દીદુર્ગપદવ્યાખ્યા), જીતકલ્પ-બૃહચ્ચૂર્ણિ, નિરયાવલિકાદિ અંતિમ પાંચ ઉપાંગ.

નિશીથચૂર્ણિ-દુર્ગપદવ્યાખ્યા :

નિશીથચૂર્ણિના વીસમા ઉદ્દેશ પર શ્રીચન્દ્રસૂરિએ દુર્ગપદવ્યાખ્યા[૧] નામક ટીકા રચી છે. ચૂર્ણિના કઠિન અંશોને સરળ તથા સુબોધ બનાવવા માટે જ પ્રસ્તુત વ્યાખ્યા રચવામાં આવી છે. જેમકે વ્યાખ્યાકાર પ્રારંભમાં જ લખે છે :

વિંશોદ્દેશે શ્રીનિશીથસ્ય ચૂર્ણૌ,
દુર્ગં વાક્યં યત્ પદં વા સમસ્તિ ।
સ્વસ્મૃત્યર્થં તસ્ય વક્ષ્યે સુબોધાં,
વ્યાખ્યાં કાંચિત્ સદ્‌ગુરુભ્યોઽવબુદ્ધામ્ ॥ ૨ ॥

આ વ્યાખ્યાનો અધિક અંશ વિવિધ પ્રકારના માસોના ભંગ, દિવસોની ગણતરી વગેરે સંબંધિત હોવાને કારણે નીરસ છે. ચૂર્ણિકાર જિનદાસગણિ મહત્તરનાં નામ સંબંધિત અંતિમ બે ગાથાઓની વ્યાખ્યા કરતાં વ્યાખ્યાકાર કહે છે :

'....વર્ગા ઇહ અ । ક । ચ । ટ । ત । પ । ય । શ । વર્ગા ઇતિ વચનાત્ સ્વરાદયો હકારાન્તા ગ્રાહ્યાઃ । તદિહ પ્રથમગાથયા જિણદાસ ઇત્યેવંરૂપં નામાભિહિતં, દ્વિતીયગાથયા તદેવ વિશેષયિતુમાહ—જિનદાસ મહત્તર ઇતિ તેન રચિતા ચૂર્ણિરિયમ્ ।'[૨]

અંતે વ્યાખ્યાકાર પોતાનો પરિચય આપતાં કહે છે :

શ્રીશાલિ(શીલ)ભદ્રસૂરીણાં, શિષ્યૈઃ શ્રીચન્દ્રસૂરિભિઃ ।
વિંશકોદ્દેશકે વ્યાખ્યા, દૃબ્ધા સ્વપરહેતવે ॥ ૧ ॥

---

૧. સન્મતિ જ્ઞાનપીઠ, આગરા, સન્ ૧૯૬૦ (નિશીથસૂત્રના ચતુર્થ વિભાગ અંતર્ગત, પૃ. ૪૧૩-૪૪૩).

૨. પૃ. ૪૪૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થાત્ શ્રી શાલિ(શીલ)ભદ્રસૂરિના શિષ્ય શ્રીચન્દ્રસૂરિએ પોતાના તથા બીજાઓ માટે વીસમા ઉદ્દેશની આ વ્યાખ્યા બનાવી.

આ જ રીતે વ્યાખ્યાની સમાપ્તિનો સમય-નિર્દેશ કરતાં આચાર્ય કહે છે :

वेदाश्वरुद्रयुक्ते, विक्रमसंवत्सरे तु मृगशीर्षे ।
माघसितद्वादश्यां, समर्थितेयं रवौ वारे ॥ २ ॥

निरयावलिकावृत्ति :

આ વૃત્તિ[1] અંતિમ પાંચ ઉપાંગભૂત નિરયાવલિકા સૂત્ર પર છે : નિરયાવલિકા, કલ્પાવતંસિકા, પુષ્પિકા, પુષ્પચૂલા અને વૃષ્ણિદશા. આ વૃત્તિ સિવાય આ સૂત્રની બીજી કોઈ ટીકા નથી. વૃત્તિ સંક્ષિપ્ત તથા શબ્દાર્થપ્રધાન છે. પ્રારંભમાં આચાર્યે પાર્શ્વનાથને પ્રણામ કર્યા છે :

पार्श्वनाथं नमस्कृत्य प्रायोऽन्यग्रन्थवीक्षिता ।
निरयावलिश्रुतस्कन्धे व्याख्या काचित् प्रकाश्यते ॥

વૃત્તિના અંતે વૃત્તિકારનાં નામ, ગુરુ, વૃત્તિલેખનના સમય, સ્થાન વગેરેનો કોઈ ઉલ્લેખ નથી. મુદ્રિત પ્રતના અંતે માત્ર 'इति श्रीचन्द्रसूरिविरचितं निरयावलिकाश्रुतस्कन्ध-विवरणं समाप्तमिति । श्रीरस्तु ।' એટલો જ ઉલ્લેખ છે.[2] વૃત્તિનું ગ્રંથમાન ૬૦૦ શ્લોકપ્રમાણ છે.

जीतकल्पबृहच्चूर्णि-विषमपदव्याख्या :

આ વ્યાખ્યા[3] સિદ્ધસેનગણિકૃત જીતકલ્પબૃહચ્ચૂર્ણિના વિષમપદોનાં વિવેચન રૂપે છે. પ્રારંભમાં વ્યાખ્યાકાર શ્રીચન્દ્રસૂરિએ ભગવાન મહાવીરને નમસ્કાર કરીને સ્વ-પરોપકાર નિમિત્ત જીતકલ્પબૃહચ્ચૂર્ણિની વ્યાખ્યા કરવાની પ્રતિજ્ઞા કરી છે :

नत्वा श्रीमन्महावीरं स्वपरोपकृतिहेतवे ।
जीतकल्पबृहच्चूर्णेर्व्याख्या काचित् प्रकाश्यते ॥

'सिद्धत्थ.....' વગેરે પ્રારંભની એકાદશ ચૂર્ણિ-ગાથાઓ (મંગલગાથાઓ)ની વ્યાખ્યા કર્યા પછી આચાર્યે 'को वि सीसो.....' વગેરે પાઠોના કઠિન પદોનું

---

૧. (અ) રાયબહાદુર ધનપતસિંહ, બનારસ, સન્ ૧૮૮૫.
(આ) આગમોદય સમિતિ, સૂરત, સન્ ૧૯૨૨.
(ઇ) ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, સન્ ૧૯૩૪.
૨. અમદાવાદ-સંસ્કરણ, પૃ. ૩૯.
૩. જૈન સાહિત્ય સંશોધક સમિતિ, અમદાવાદ, સન્ ૧૯૨૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યાખ્યાન કર્યું છે. વચ્ચે-વચ્ચે પોતાના વકતવ્યની પુષ્ટિ માટે પ્રાકૃત ગાથાઓ ઉદ્ધૃત કરી છે.[૧]

અંતે વ્યાખ્યાકારે પોતાનો નામોલ્લેખ કરતાં બતાવ્યું છે કે પ્રસ્તુત વ્યાખ્યા સં. ૧૨૨૭માં મહાવીર-જન્મકલ્યાણના દિવસે રવિવારે પૂર્ણ થઈ. આનું ગ્રન્થમાન ૧૧૨૦ શ્લોક પ્રમાણ છે :

जीतकल्पबृहच्चूर्णौ व्याख्या शास्त्रानुसारतः ।
श्रीचन्द्रसूरिभिर्दृब्धा स्वपरोपकृतिहेतवे ॥ १ ॥
मुनिनयनतरणि (१२२७) वर्षे श्रीवीरजिनस्य जन्मकल्याणे ।
प्रकृतग्रन्थकृतिरियं निष्पत्तिमवाप रविवारे ॥ २ ॥

.....

एकादशशतविंशत्यधिकश्लोकप्रमाणग्रन्थाग्रम् ।
ग्रन्थकृतिः प्रविवाच्या मुनिपुङ्गवसूरिभिः ॥ ४ ॥
यदिहोत्सूत्रं किञ्चिद् दृब्धं छद्मस्थबुद्धिभावनया ।
तन्मयि कृपानुकलितैः शोध्यं गीतार्थविद्वद्भिः ॥ ५ ॥

●

१. पृ. ૩૬, ૩૮, ૩૯, ૪૪, ૪૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચતુર્દશ પ્રકરણ

અન્ય ટીકાઓ

ઉપર્યુક્ત ટીકાકાર આચાર્યો સિવાય બીજા પણ એવા આચાર્યો છે જેમણે આગમોના ટીકાનિર્માણમાં પોતાનું યોગદાન આપ્યું છે. શિવપ્રભસૂરિના શિષ્ય શ્રીકિલકસૂરિએ આવશ્યક સૂત્ર પર વિ.સં.૧૨૯૬માં ટીકા લખી છે જેનું નામ લઘુવૃત્તિ છે. આ સિવાય જીતકલ્પ અને દશવૈકાલિક પર પણ તેમની ટીકાઓ છે. ક્ષેમકીર્તિએ મલયગિરિકૃત બૃહત્કલ્પની અપૂર્ણ ટીકા પૂરી કરી છે. મહેન્દ્રસૂરિ (સં. ૧૨૯૪)ના શિષ્ય ભુવનતુંગસૂરિએ ચતુઃશરણ, આતુરપ્રત્યાખ્યાન અને સંસ્તારક – આ પ્રકીર્ણકો પર ટીકાઓ રચી છે. આ જ રીતે ગુણરત્ન (સં.૧૪૮૪)એ ભક્તપરિજ્ઞા, સંસ્તારક, ચતુઃશરણ, આતુરપ્રત્યાખ્યાન નામક પ્રકીર્ણકો પર ટીકાઓ રચી છે. વિજયવિમલ (સં. ૧૬૩૪)ની તંદુલવૈચારિક અને ગચ્છાચાર પ્રકીર્ણકો પર ટીકાઓ છે. વાનરર્ષિએ ગચ્છાચાર પ્રકીર્ણક પર વૃત્તિ લખી છે. હીરવિજયસૂરિએ સં. ૧૬૩૯માં અને શાન્તિચન્દ્રગણિએ સં. ૧૬૬૦માં જમ્બૂદ્વીપપ્રજ્ઞપ્તિ પર ટીકાઓ લખી છે. શાન્તિચન્દ્રગણિની ટીકાનું નામ પ્રમેયરત્નમંજૂષા છે. જિનહંસે સં. ૧૫૮૨માં આચારાંગ પર વૃત્તિ (દીપિકા) લખી છે. સં. ૧૫૮૩માં હર્ષકુલે સૂત્રકૃતાંગદીપિકાની રચના કરી. ભગવતી અને ઉત્તરાધ્યયન પર પણ તેમણે ટીકાઓ લખી. લક્ષ્મીકલ્લોલગણિએ આચારાંગ (સં. ૧૫૯૬) અને જ્ઞાતાધર્મકથા પર, દાનશેખરે ભગવતી પર (વ્યાખ્યાપ્રજ્ઞપ્તિલઘુવૃત્તિ), વિનયહંસે ઉત્તરાધ્યયન અને દશવૈકાલિક પર ટીકાઓ લખી છે. આ સિવાય આવશ્યકાદિ પર અન્ય આચાર્યોની પણ ટીકાઓ છે. આવશ્યકપર જિનભટ, નમિસાધુ (સં. ૧૧૨૨), જ્ઞાનસાગર (સં. ૧૪૪૦), માણિક્યશેખર, શુભવર્ધનગણિ (સં.૧૫૪૦), ધીરસુન્દર (સં.૧૫૦૦), શ્રીચન્દ્રસૂરિ (સં.૧૨૨૨), કુલપ્રભ, રાજવલ્લભ, હિતરુચિ (સં. ૧૬૯૭) વગેરેએ, આચારાંગ પર અજિતદેવસૂરિ, પાર્શ્વચન્દ્ર (સં.૧૫૭૨), માણિક્યશેખર વગેરેએ, સૂત્રકૃતાંગ પર સાધુરંગ ઉપાધ્યાય (સં.૧૫૯૯), પાર્શ્વચન્દ્ર[1] વગેરેએ, સ્થાનાંગ પર નગર્ષિગણિ (સં.૧૬૫૭), પાર્શ્વચન્દ્ર, સુમતિકલ્લોલ અને હર્ષનંદન (સં. ૧૭૦૫) વગેરેએ, સમવાયાંગ પર મેઘરાજ વાચક વગેરેએ, વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ–ભગવતી પર ભાવસાગર, પદ્મસુન્દરગણિ વગેરેએ, જ્ઞાતાધર્મકથા

---

૧. પાર્શ્વચન્દ્રકૃત ટીકાઓ ગુજરાતીમાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પર કસ્તૂરચન્દ્ર (સં. ૧૮૯૯) વગેરેએ, ઉપાસકદશાંગ પર હર્ષવલ્લભ ઉપાધ્યાય (સં.૧૬૯૩), વિવેકહંસ ઉપાધ્યાય વગેરેએ, પ્રશ્નવ્યાકરણ પર જ્ઞાનવિમલસૂરિ, પાર્શ્વચન્દ્ર, અજિતદેવસૂરિ વગેરેએ, ઔપપાતિક પર રાજચન્દ્ર અને પાર્શ્વચન્દ્રે, રાજપ્રશ્નીય પર રાજચન્દ્ર, રત્નપ્રભસૂરિ, સમરચન્દ્રસૂરિ વગેરેએ, જીવાભિગમ પર પદ્મસાગર (સં. ૧૭૦૦) વગેરેએ, પ્રજ્ઞાપના પર જીવવિજય (સં.૧૭૮૪) વગેરેએ, જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ પર પુણ્યસાગર (સં. ૧૬૪૫) વગેરેએ, ચતુઃશરણ પર વિનયરાજગણિ, પાર્શ્વચન્દ્ર, વિજયસેનસૂરિ વગેરેએ, આતુરપ્રત્યાખ્યાન પર હેમચન્દ્રગણિ વગેરેએ, સંસ્તારક પર સમરચન્દ્ર (સં.૧૬૦૩) વગેરેએ, તંદુલવૈચારિક પર પાર્શ્વચન્દ્ર વગેરેએ, બૃહત્કલ્પ પર સૌભાગ્યસાગર વગેરેએ, ઉત્તરાધ્યયન પર કીર્તિવલ્લભ (સં. ૧૫૫૨), કમલસંયમ ઉપાધ્યાય (સં.૧૫૫૪), તપોરત્ન વાચક (સં. ૧૫૫૦), ગુણશેખર, લક્ષ્મીવલ્લભ, ભાવવિજય (સં.૧૬૮૯), હર્ષનન્દનગણિ, ધર્મમન્દિર ઉપાધ્યાય (સં.૧૭૫૦), ઉદયસાગર (સં.૧૫૪૬), મુનિચન્દ્રસૂરિ, જ્ઞાનશીલ ગણિ, અજિતચન્દ્રસૂરિ, રાજશીલ, ઉદયવિજય, મેઘરાજ વાચક, નગર્ષિગણિ, અજિતદેવસૂરિ, માણિક્યશેખર, જ્ઞાનસાગર વગેરેએ, દશવૈકાલિક પર સુમતિસૂરિ, સમયસુન્દર (સં. ૧૬૮૧), શાન્તિદેવસૂરિ, સોમવિમલસૂરિ, રામચન્દ્ર (સં.૧૬૬૭), પાર્શ્વચન્દ્ર, મેરુસુન્દર, માણિક્યશેખર, જ્ઞાનસાગર વગેરેએ, પિણ્ડનિર્યુક્તિ પર ક્ષમારત્ન, માણિક્યશેખર વગેરેએ, નન્દી પર જયદયાલ, પાર્શ્વચન્દ્ર વગેરેએ, ઓઘનિર્યુક્તિ પર જ્ઞાનસાગર (સં.૧૪૩૯) અને માણિક્યશેખરે તથા દશાશ્રુતસ્કન્ધ પર બ્રહ્મમુનિ (બ્રહ્મર્ષિ) વગેરેએ ટીકાઓ લખી છે. આ ટીકાઓ સિવાય કેટલીક ટીકાઓ અજ્ઞાત આચાર્યો દ્વારા પણ લખવામાં આવી છે.[૧] કેટલાક આચાર્યોનાં નામ, સમય વગેરેના વિષયમાં પણ હજી સુધી અંતિમ નિર્ણય નથી થઈ શક્યો. આવી સ્થિતિમાં કોઈનું નામ એકથી વધારે વખત આવી જવું અશક્ય નથી. આ જ રીતે અનેક ટીકાઓના વિષયમાં પણ પૂરો નિશ્ચય નથી થઈ શક્યો. વિશેષ કરીને અનુપલબ્ધ ટીકાઓની યથાર્થ સ્થિતિ વિષયમાં તો અનેક પ્રકારની શંકાઓ સ્વાભાવિક છે. આગળ કેટલીક પ્રકાશિત ટીકાઓનો પરિચય આપવામાં આવે છે.

બૃહત્કલ્પવૃત્તિ :

આચાર્ય મલયગિરિકૃત બૃહત્કલ્પની અપૂર્ણ વૃત્તિ પૂરી કરવાનું શ્રેય આચાર્ય ક્ષેમકીર્તિને છે. પીઠિકા-ભાષ્યની ૬૦૬ ગાથાઓથી આગળનાં સંપૂર્ણ ભાષ્ય (લઘુભાષ્ય)ની વૃત્તિ[૨] આ જ આચાર્યની કૃતિ છે. શૈલી વગેરેની દૃષ્ટિએ આ વૃત્તિ

૧. જુઓ – જિનરત્નકોશ : પ્રથમ ભાગ.

૨. જૈન આત્માનન્દ સભા, ભાવનગર, સન્ ૧૯૩૩–૧૯૪૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મલયગિરિકૃત ટીકાની સમકક્ષ જ છે. પ્રારંભમાં આચાર્યે સર્વજ્ઞ મહાવીર, કલ્પ (બૃહત્કલ્પ) સૂત્રકાર ભદ્રબાહુ, ભાષ્યકાર સંઘદાસગણિ, ચૂર્ણિકાર મુનીન્દ્ર, વૃત્તિકાર મલયગિરિ, શિવમાર્ગોપદેષ્ટા સ્વગુરુ તથા વરદા શ્રુતદેવીને નમસ્કાર કર્યા છે તથા મલયગિરિપ્રારબ્ધ કલ્પશાસ્ત્રટીકા પૂર્ણ કરવાની પ્રતિજ્ઞા કરી છે.[1] વૃત્તિના અંતે લાંબી પ્રશસ્તિ છે. તે મુજબ આચાર્ય ક્ષેમકીર્તિના ગુરુનું નામ વિજયચન્દ્રસૂરિ હતું. વિજયચન્દ્રસૂરિ આચાર્ય જગચ્ચન્દ્રસૂરિના શિષ્ય હતા. આચાર્ય ક્ષેમકીર્તિના બે ગુરુભાઈ હતા જેમનાં નામ વજ્રસેન અને પદ્મચન્દ્ર હતાં. પ્રસ્તુત વૃત્તિની સમાપ્તિ જ્યેષ્ઠ શુક્લા દશમી વિ.સં. ૧૩૩૨માં થઈ છે. આ વિશાલ વૃત્તિનું ગ્રન્થમાન ૪૨૬૦૦ શ્લોકપ્રમાણ છે :[2]

ज्योत्सनामञ्जुलया यया धवलितं विश्वम्भरामण्डलं,
या निःशेषविशेषविज्ञजनताचेतश्चमत्कारिणी ।
तस्यां श्रीविजयेन्दुसूरिसुगुरोर्निष्कृत्रिमाया गुण–
श्रेणेः स्याद् यदि वास्तवस्वतवकृतौ विज्ञः स वाचांपतिः ॥ १५ ॥
तत्पाणिपङ्कजरजःपरिपूतशीर्षाः,
शिष्यास्त्रयो दधति सम्प्रति गच्छभारम् ।
श्रीवज्रसेन इति सद्गुरुरादिमोऽत्र,
श्रीपद्मचन्द्रसुगुरुस्तु ततो द्वितीयः ॥ १६ ॥
तार्तीयीकस्तेषां, विनेयपरमाणुरनणुशास्त्रेऽस्मिन् ।
श्रीक्षेमकीर्तिसूरिर्विनिर्ममे विवृतिमल्पमतिः ॥ १७ ॥
श्रीविक्रमतः क्रामति, नयनाग्निगुणेन्दुपरिमिते (१३३२) वर्षे ।
ज्येष्ठश्वेतदशम्यां, समर्थितैषा च हस्तार्के ॥ १८ ॥

આવશ્યકનિર્યુક્તિદીપિકા :

માણિક્યશેખરસૂરિકૃત પ્રસ્તુત દીપિકા[3] આવશ્યકનિર્યુક્તિનો અર્થ સમજવા માટે ખૂબ જ ઉપયુક્ત ટીકા છે. આમાં નિર્યુક્તિ-ગાથાઓનો અતિ સરળ તથા સંક્ષિપ્ત શબ્દાર્થ તથા ભાવાર્થ આપવામાં આવ્યો છે. કથાનકોનો સાર પણ ખૂબ જ સંક્ષેપમાં સમજાવી દેવામાં આવ્યો છે. પ્રારંભે દીપિકાકારે વીર જિનેશ્વર અને પોતાના ગુરુ મેરુતુંગસૂરિને નમસ્કાર કર્યા છે તથા આવશ્યકનિર્યુક્તિની દીપિકા રચવાનો સંકલ્પ કર્યો છે.

---

૧. કા. ૧–૮. ૨. પૃ. ૧૭૧૨.

૩. વિજયદાનસૂરીશ્વર જૈન ગ્રંથમાલા, સૂરત, સન્ ૧૯૩૯-૧૯૪૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नत्वा श्रीवीरजिनं तदनु श्रीमेरुतुंगसूरिगुरून् ।
कुर्वे श्रीआवश्यकनिर्युक्तेर्दीपिकाममलाम् ॥

આ દીપિકા દુર્ગપદાર્થ સુધી જ સીમિત છે, તેનો દીપિકાકારે પ્રારંભમાં જ સ્વીકાર કર્યો છે : श्रीआवश्यकसूत्रनिर्युक्तिविषयः प्रायो दुर्गपदार्थः कथामात्रं निर्युक्त्युदाहृतं च लिख्यते ।[1] મંગલાચરણ રૂપે નન્દી સૂત્રના પ્રારંભની પચાસ ગાથાઓ, જે દીપિકાકારના કથનાનુસાર દેવર્દ્ધિગણિપ્રણીત છે[2], ઉદ્ધૃત કર્યા પછી 'आभिणिबोहियनाण....' વગેરે ગાથાઓનું વ્યાખ્યાન શરૂ કર્યું છે. દીપિકાના અંતની પ્રશસ્તિમાં બતાવવામાં આવ્યું છે કે પ્રસ્તુત ગ્રંથકાર માણિક્યશેખરસૂરિ અંચલગચ્છીય મહેન્દ્રપ્રભસૂરિના શિષ્ય મેરુતુંગસૂરિના શિષ્ય છે. આવશ્યકનિર્યુક્તિ-દીપિકા ઉપરાંત નિમ્ન ટીકાઓ પણ તેમની જ કૃતિઓ છે : ૧. દશવૈકાલિકનિર્યુક્તિ-દીપિકા, ૨. પિણ્ડનિર્યુક્તિદીપિકા, ૩. ઓઘનિર્યુક્તિ-દીપિકા, ૪. ઉત્તરાધ્યયન-દીપિકા, ૫. આચાર-દીપિકા. પ્રશસ્તિ આ પ્રમાણે છે :[3]

ते श्रीअञ्चलगच्छमण्डनमणिश्रीमन्महेन्द्रप्रभ-
श्रीसूरीश्वरपट्टपंकजसमुल्लासोल्लसद्भानवः ।
तर्कव्याकरणादिशास्त्रघटनाब्रह्मायमाणाश्चिरं,
श्रीपूज्यप्रभुमेरुतुङ्गगुरवो जीयासुरानन्ददाः ॥ १ ॥
तच्छिष्य एष खलु सूरिरचीकरत् श्री-
माणिक्यशेखर इति प्रथिताभिधानः ।
चञ्चद्विचारचयचेतनचारुमेनां,
सद्दीपिकां सुविहितव्रतिनां हिताय ॥ २ ॥
मुनिनिचयवाच्यमाना तमोहरा दीपिका पिंडनिर्युक्तेः ।
ओघनिर्युक्तिदीपिका दशवैकालिकस्याप्युत्तराध्ययनदीपिके ॥ ३ ॥
आचारदीपिकानावतत्त्वविचारणं तथास्य ।
एककर्तृतया ग्रन्था अमी अस्याः सहोदराः ॥ ४ ॥

માણિક્યશેખરસૂરિ સંભવતઃ વિક્રમની ૧૫મી સદીમાં વિદ્યમાન હતા. અંચલગચ્છીય મેરુતુંગસૂરિના શિષ્ય જયકીર્તિસૂરિએ વિ.સં.૧૪૮૩માં એક ચૈત્યની

---

૧. પ્રથમ વિભાગ, પૃ. ૧.
૨. इह श्रीदेववाचक इत्यपरनामा देवर्द्धिगणिर्ज्ञानपञ्चकरूपं नन्दिग्रन्थं वक्तुकामो मंगलार्थं....। — એજન.
૩. તૃતીય વિભાગ, પૃ. ૪૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેરીની પ્રતિષ્ઠા કરાવી હતી : संवत् १४८३ वर्षे प्रथम वैशाख शुद १३ गुरौ श्रीअंचलगच्छे श्रीमेरुतुंगसूरीणां पट्टोधरेण श्रीजयकीर्तिसूरीश्वर सुगुरूपदेशेन....श्रीजिराउला पार्श्वनाथस्य चैत्ये देहरि (३) कारापिता.....।[1] પ્રસ્તુત દીપિકાના પ્રણેતા માણિક્યશેખરસૂરિ પણ અંચલગચ્છીય મેરુતુંગસૂરિના જ શિષ્ય છે. આવી સ્થિતિમાં જો જયકીર્તિસૂરિ અને માણિક્યશેખરસૂરિને ગુરુભ્રાતા રૂપે માનવામાં આવે તો દીપિકાકાર માણિક્યશેખરસૂરિ સહજ જ વિક્રમની ૧૫મી શતાબ્દીના સાબિત થાય છે. બીજી વાત એ છે કે પ્રસ્તુત ગ્રંથની વિ.સં.૧૫૫૦ પૂર્વે લખવામાં આવેલી કોઈ પ્રત પણ ઉપલબ્ધ નથી[2] જેના આધારે તેમને અધિક પ્રાચીન સાબિત કરી શકાય.

આચારાંગદીપિકા :

શીલાંકાચાર્યકૃત આચારાંગવિવરણના આધારે વિરચિત પ્રસ્તુત દીપિકા[3] ચંદ્રગચ્છીય મહેશ્વરસૂરિના શિષ્ય અજિતદેવસૂરિની કૃતિ છે. આનો રચનાસમય વિ.સં. ૧૬૨૯ની આસપાસ છે.[4] ટીકા સરળ, સંક્ષિપ્ત તથા સુબોધ છે. આનો ઉત્તરાર્ધ હજી સુધી પ્રકાશમાં નથી આવ્યો. પ્રારંભમાં આચાર્યે વર્ધમાન જિનેશ્વરનું સ્મરણ કર્યું છે તથા આચારાંગ સૂત્રની બૃહદ્વૃત્તિ (શીલાંકકૃત)ની દુર્વિગાહતા બતાવીને અલ્પ બુદ્ધિવાળા માટે પ્રસ્તુત દીપિકા લખવાનો સંકલ્પ કર્યો છે :

वर्द्धमानजिनो जीयाद्, भव्यानां वृद्धिदोऽनिशम् ।
बुद्धिवृद्धिकरोऽस्माकं, भूयात् त्रैलोक्यपावनः ॥ १ ॥
श्रीआचाराङ्गसूत्रस्य, बृहद्वृत्तिः सविस्तरा ।
दुर्विगाहाऽल्पबुद्धीनां, क्रियते तेन दीपिका ॥ २ ॥

ગચ્છાચારવૃત્તિ :

આ વૃત્તિ[5] તપાગચ્છીય આનન્દવિમલસૂરિના શિષ્ય વિજયવિમલગણિની કૃતિ છે. આનો રચનાકાળ વિ.સં. ૧૬૩૪ તથા ગ્રંથમાન ૨૮૫૦ શ્લોકપ્રમાણ છે. વૃત્તિ વિસ્તૃત છે તથા પ્રાકૃત કથાનકોથી યુક્ત છે. વાનરર્ષિકૃત ગચ્છાચારટીકાનો આધાર આ જ વૃત્તિ છે. પ્રારંભમાં વૃત્તિકારે ભગવાન મહાવીર તથા સ્વગુરુને પ્રણામ કરીને ગચ્છાચાર-પ્રકીર્ણકની વૃત્તિ રચવાનો સંકલ્પ કર્યો છે. અંતે બહુ લાંબી પ્રશસ્તિ છે

---

૧. એજન, પ્રસ્તાવના. ૨. એજન.
૩. પ્રથમ શ્રુતસ્કન્ધ – મણિવિજયજીગણિવર ગ્રંથમાલા, ભાવનગર, વિ.સં. ૨૦૦૫.
૪. પ્રસ્તાવના, પૃ. ૪.
૫. દયાવિમલજી જૈન ગ્રંથમાલા, અમદાવાદ, ૧૯૨૪.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેમાં વૃત્તિકારની ગુરુ-પરંપરા વગેરેનો ઉલ્લેખ છે. વૃત્તિકારે પોતાને આનન્દવિમલસૂરિના શિષ્ય બતાવ્યા છે :

शिष्यो भूरिगुणानां, युगोत्तमानन्दविमलसूरीगणाम् ।
निर्मितवान् वृत्तिमिमामुपकारकृते विजयविमलः ॥ ७४ ॥

વૃત્તિનો રચનાકાળ બતાવતાં કહેવામાં આવ્યું છે :

तेषां श्रीसुगुरूणां, प्रसादमासाद्य संश्रुतानन्दः ।
वेदाग्निरसेन्दु (१६३४) मिते, विक्रमभूपालतो वर्षे ॥ ७३ ॥

વૃત્તિનું ગ્રંથમાન નિમ્નોક્ત છે :

प्रत्यक्षरं गणनया, वृत्तेर्मानं विनिश्चितम् ।
सहस्राः पञ्च सार्द्धानि, शतान्यष्टावनुष्टुभाम् ॥ ७७ ॥

तंदुलवैचारिकवृत्ति :

વિજયવિમલવિહિત તંદુલવૈચારિકવૃત્તિ[1]ના આરંભે ઋષભ, મહાવીર, ગૌતમ, સિદ્ધાંત અને સ્વગુરુને પ્રણામ કરવામાં આવ્યાં છે :

ऋषभं वृषसंयुक्तं, वीरं वैरनिवारकम् ।
गौतमं गुणसंयुक्तं, सिद्धान्तं सिद्धिदायकम् ॥ १ ॥
प्रणम्य स्वगुरुं भक्त्या, वक्ष्ये व्याख्यां गुरोः शुभाम् ।
तंदुलाख्यप्रकीर्णस्य, वैराग्यरसवारिधेः ॥ २ ॥

આ વૃત્તિને સંક્ષિપ્ત તથા શબ્દાર્થપ્રધાન હોવાને કારણે અવચૂરિ પણ કહેવામાં આવે છે. આમાં ક્યાંક-ક્યાંક અન્ય ગ્રંથોનાં ઉદ્ધરણો પણ આપવામાં આવ્યાં છે. વૃત્તિકાર આનંદવિમલસૂરિના શિષ્ય છે. ગુણસૌભાગ્યગણિ પાસેથી પ્રાપ્ત તંદુલવૈચારિકના જ્ઞાનના આધારે જ પ્રસ્તુત વૃત્તિ રચવામાં આવી છે :[2]

इति श्रीहीरविजयसूरिसेवितचरणेन्दीवरे श्रीविजयदानसूरीश्वरे विजयमाने वैराग्य-शिरोमणीनां....श्रीआनंदविमलसूरिश्वराणां शिष्याणुशिष्येण विजयविमलाख्येन पण्डितश्रीगुण-सौभाग्यगणिप्राप्ततंदुलवैचारिकज्ञानांशेन श्रीतंदुलवैचारिकस्येयमवचूरिः समर्थिता ।

गच्छाचारटीका :

આ ટીકા[3] ના પ્રણેતા વાનરર્ષિ તપાગચ્છીય આનન્દવિમલસૂરિના શિષ્ય છે. ટીકા ખૂબ સંક્ષિપ્ત છે. આની રચનાનો મુખ્ય આધાર હર્ષકુલ પાસેથી પ્રાપ્ત થયેલ

---

૧. ચતુઃશરણની અવચૂરિ (લેખકનું નામ અજ્ઞાત) સહિત – દેવચન્દ્ર લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર, મુંબઈ, સન્ ૧૯૨૨.

૨. પૃ. ૫૬. ૩. આગમોદય સમિતિ, મહેસાણા, સન્ ૧૯૨૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગચ્છાચારનું જ્ઞાન છે. પ્રારંભમાં આચાર્યે તીર્થંકર પાર્શ્વનાથને નમસ્કાર કરી ગચ્છાચારની વ્યાખ્યા લખવાનો સંકલ્પ કર્યો છે :

श्रीपार्श्वजिनमानम्य, तीर्थाधीशं वरप्रदम् ।
गच्छाचारे गुरोर्ज्ञातां, वक्ष्ये व्याख्यां यथाऽऽगमम् ॥

અંતે ટીકાકારે પોતાનો, પોતાના ધર્મગુરુ, વિદ્યાગુરુ વગેરેનો નામોલ્લેખ આ મુજબ કર્યો છે :[1]

इति श्रीविजयदानसूरिविजयमानराज्ये.....श्रीआनन्दविमलसूरीश्वराणां शिष्याणुशिष्येण वानराख्येन पण्डितश्रीहर्षकुलावाप्तगच्छाचाररहस्येन गच्छाचारप्रकीर्णकटीकेयं समर्थिता...।

ઉત્તરાધ્યયનવ્યાખ્યા :

પ્રસ્તુત વ્યાખ્યા[2] તપાગચ્છીય મુનિવિમલસૂરિના શિષ્ય ભાવવિજયગણિએ વિ.સં.૧૬૮૯માં રચી છે. આનું ગ્રંથમાન ૧૬૫૫ શ્લોકપ્રમાણ છે. વ્યાખ્યા કથાનકોથી ભરપૂર છે. આ કથાનકોની વિશેષતા એ છે કે તે અન્ય ટીકાઓનાં કથાનકોની જેમ ગદ્યાત્મક ન હોતાં પદ્યનિબદ્ધ છે. પ્રારંભમાં વ્યાખ્યાકારે પાર્શ્વનાથ, વર્ધમાન અને વાગ્વાદિનીને પ્રણામ કર્યા છે. ઉત્તરાધ્યયન સૂત્રની સુગમ વ્યાખ્યા રચવાનો સંકલ્પ કરતાં બતાવ્યું છે કે નિર્યુક્ત્યર્થ, પાઠાંતર, અર્થાંતર વગેરે માટે શાંતિસૂરિવિરચિત વૃત્તિ જોવી જોઈએ. જોકે આ સૂત્રની પૂર્વરચિત અનેક વૃત્તિઓ વિદ્યમાન છે છતાં પણ હું પદ્યનિબદ્ધ કથાર્થ રૂપે આ પ્રયાસ કરું છું :

ओंनम सिद्धिसाम्राज्यसौख्यसन्तानदायिने ।
त्रैलोक्यपूजिताय श्रीपार्श्वनाथाय तायिने ॥ १ ॥
श्रीवर्द्धमानजिनराजमनन्तकीर्ति,
वाग्वादिनीं च सुधियां जननीं प्रणम्य ।
श्रीउत्तराध्ययनसंज्ञकवाङ्मयस्य,
व्याख्यां लिखामि सुगमां सकथां च काञ्चित् ॥ २ ॥
निर्युक्त्यर्थः पाठान्तराणि चार्थान्तराणि च प्रायः ।
श्री शान्तिसूरिविरचितवृत्तेर्ज्ञेयानि तत्त्वज्ञैः ॥ ३ ॥

---

१. पृ. ४२.
२. (अ) જૈન આત્માનન્દ સભા, ભાવનગર, વિ.સં. ૧૯૭૪.
(આ) વિનયભક્તિ સુન્દરચરણ ગ્રંથમાલા, બેણપ, સન્ ૧૯૪૦ (સપ્તદશ અધ્યયન).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पूर्वैर्विहिता यद्यपि, बहव्यः सन्त्यस्य वृत्तयो सुचिराः ।
पद्यनिबद्धकथार्थं, यदपि क्रियते प्रयत्नोऽयम् ॥ ४ ॥

દશવૈકાલિકદીપિકા :

પ્રસ્તુત દીપિકા[1] ખરતરગચ્છીય સકલચન્દ્રસૂરિના શિષ્ય સમયસુન્દરસૂરિની શબ્દાર્થ-વૃત્તિરૂપ કૃતિ છે. દીપિકાની ભાષા સરળ તથા શૈલી સુબોધ છે. પ્રારંભમાં દીપિકાકારે સ્તમ્ભનાધીશ (પાર્શ્વનાથ)ને નમસ્કાર કર્યા છે તથા દશવૈકાલિક સૂત્રનો શબ્દાર્થ લખવાનો સંકલ્પ કર્યો છે :

स्तम्भनाधीशमानम्य गणिः समयसुन्दरः ।
दशवैकालिके सूत्रे शब्दार्थं लिखति स्फुटम् ॥

દીપિકાના અંતે આચાર્યે હરિભદ્રકૃત ટીકાને વિષમ બતાવતાં પોતાની ટીકાને સુગમ બતાવી છે. આ ટીકા વિ.સં.૧૬૧૧માં સ્તંભતીર્થ (ખંભાત)માં પૂર્ણ થઈ હતી. આનું ગ્રન્થમાન ૩૪૫૦ શ્લોકપ્રમાણ છે :

हरिभद्रकृता टीका वर्तते विषमा परम् ।
मया तु शीघ्रबोधाय शिष्यार्थं सुगमा कृता ॥ १ ॥
चन्द्रकुले श्रीखरतरगच्छे जिनचन्द्रसूरिनामानः ।
जाता युगप्रधानास्तच्छिष्यः सकलचन्द्रगणिः ॥ २ ॥
तच्छिष्यसमयसुन्दरगणिना च स्तम्भतीर्थपुरे चक्रे ।
दशवैकालिकटीका शशिनिधिश्रृङ्गारमित वर्षे ॥ ३ ॥
..... ।
शब्दार्थवृत्तिटीकायाः श्लोकमानमिदं स्मृतम् ।
सहस्रत्रयमग्रे च पुनः सार्धचतुःशतम् ॥ ७ ॥

પ્રશ્નવ્યાકરણ-સુખબોધિકાવૃત્તિ :

પ્રસ્તુત વૃત્તિ[2] તપાગચ્છીય જ્ઞાનવિમલસૂરિની કૃતિ છે. આ વિસ્તારમાં અભયદેવસૂરિકૃત વૃત્તિથી મોટી છે. જે પદોનું વ્યાખ્યાન અભયદેવસૂરિએ સરળ સમજીને છોડી દીધું હતું તેમનું પણ પ્રસ્તુત વૃત્તિમાં વ્યાખ્યાન કરવામાં આવ્યું છે. વૃત્તિકારે પોતાના મંતવ્યની પુષ્ટિ માટે અહીં-તહીં અનેક પ્રકારનાં ઉદ્ધરણો પણ આપ્યાં છે. મૂલ ગ્રંથને દરેક પ્રકારે સરળ તથા સુબોધ બનાવવાનો પ્રયત્ન કર્યો છે. આ દૃષ્ટિએ પ્રસ્તુત વૃત્તિને સુખબોધિકા કહેવી ઉચિત જ છે. પ્રારંભમાં વૃત્તિકારે

૧. (અ) ભીમસી માણેક, મુંબઈ, સન્ ૧૯૦૦.
(આ) હીરાલાલ હંસરાજ, જામનગર, સન્ ૧૯૧૫.
(ઇ) જિનયશઃસૂરિ ગ્રંથમાલા, ખંભાત, વિ.સં. ૧૯૭૫.
૨. મુક્તિવિમલ જૈન ગ્રંથમાલા, અમદાવાદ, વિ.સં.૧૯૯૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમેશ્વર પાર્શ્વ, પ્રભુ મહાવીર, જૈન પ્રવચન તથા જ્ઞાનદાતા ગુરુને સાદર પ્રણામ કર્યા છે. નવાંગવૃત્તિકાર અભયદેવસૂરિવિરચિત પ્રશ્નવ્યાકરણ વૃત્તિની કૃતજ્ઞતા સ્વીકાર કરીને મંદ મતિવાળા માટે આ જ સૂત્રનું સુખબોધક વિવરણ પ્રસ્તુત કરવાનો સંકલ્પ કર્યો છે :

रम्या नवाङ्गवृत्तीः श्रीमदभयदेवसूरिणा रचिताः ।
ताः सद्भिर्वाच्यमानाः, सुदृशां तत्त्वप्रबोधकराः ॥ ७ ॥
सम्प्रति भानुद्युतय इवासतेऽनल्पजल्पगम्भीराः ।
परमवनिवेश्मसंगतपदार्थमाभाति दीपिकया ॥ ८ ॥
मत्तो मन्दमतीनां, स्वीयान्येषाँ परोपकाराय ।
विवरणमेतत् सुगमं, शब्दार्थं भवतु भव्यानाम् ॥ ९ ॥

'પ્રશ્નવ્યાકરણ' અથવા 'પ્રશ્નવ્યાકરણદશા'નો શબ્દાર્થ બતાવતાં આચાર્ય કહે છે કે જેમાં પ્રશ્ન અર્થાત્ અંગુષ્ઠાદિપ્રશ્નવિદ્યાનું વ્યાકરણ અર્થાત્ કથન-વર્ણન કરવામાં આવ્યું હોય તે પ્રશ્નવ્યાકરણ છે. ક્યાંક-ક્યાંક આ સૂત્રનું નામ પ્રશ્નવ્યાકરણદશા પણ છે. જેમાં આ વિદ્યાઓનું પ્રતિપાદન કરનાર દસ અધ્યયન છે તે પ્રશ્નવ્યાકરણદશા છે. આ પ્રકારનો ગ્રંથ ભૂતકાળમાં હતો. અત્યારે આ ગ્રંથમાં આસ્રવ અને સંવરનું જ વર્ણન મળે છે. પાંચ અધ્યાય હિંસા, મૃષા, સ્તેય, અબ્રહ્મ અને પરિગ્રહસંબંધી છે અને પાંચ અધ્યાય અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહસંબંધી છે. એવું કેમ ? આ પ્રશ્નનો ઉત્તર આપતાં વૃત્તિકાર કહે છે કે પૂર્વાચાર્યોએ તેમ સમજીને કે પ્રશ્નાદિવિદ્યાઓ પાંચ પ્રકારના આશ્રવનો ત્યાગ કરી પાંચ પ્રકારના સંવરરૂપ સંયમમાં સ્થિત મહાપુરુષોને જ પ્રાપ્ત થઈ શકે છે, આથી વર્તમાન યુગની દૃષ્ટિએ આમાં સંયમના સ્વરૂપનું વિશિષ્ટ પ્રતિપાદન કર્યું :

अथ प्रश्नव्याकरणाख्यं दशमाङ्गं व्याख्यायते । प्रश्नाः—अङ्गुष्ठादि प्रश्नविद्यास्ता व्याक्रियन्ते-अभिधीयन्ते अस्मिन्निति प्रश्नव्याकरणं, कर्तर्यनटि सिद्धम् । क्वचित प्रश्नव्याकरणदशा इति नाम दृश्यते, तत्र प्रश्नानां—विद्याविशेषाणां यानि व्याकरणानि तेषां प्रतिपादनपरा दशाध्ययनप्रतिबद्धा ग्रन्थपद्धतय इति एतादृशं अङ्गं पूर्वकालेऽभूत । इदानीं तु आश्रवसंवरपञ्चक व्याकृतिरेव लभ्यते । पूर्वाचार्यैरेदंयुगीनपुरुषाणां तथाविधहीनहीनतरपाण्डित्यबलबुद्धिवीर्यापेक्षया पुष्टालम्बनमुद्दिश्य प्रश्नादिविद्यास्थाने पञ्चाश्रवसंवररूपं समुत्तारितं, विशिष्टसंयमवतां क्षयोपशमवशात् प्रश्नादिविद्यासम्भवात् ।[१]

---

१. पृ. २ (२).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અભયદેવસૂરિએ પણ આ પ્રશ્નનું સમાધાન લગભગ આ જ રીતે કર્યું છે.[૧]

વૃત્તિના અંતે પ્રશસ્તિ છે જેમાં વૃત્તિકારની ગુરુ-પરંપરાની લાંબી સૂચી છે જે આનંદવિમલસૂરિથી શરૂ થાય છે. પ્રશસ્તિમાં તે પણ બતાવવામાં આવ્યું છે કે વૃત્તિકાર જ્ઞાનવિમલસૂરિનું બીજું નામ નયવિમલગણિ પણ છે. તેઓ તપાગચ્છીય ધીરવિમલસૂરિના શિષ્ય છે. વૃત્તિ-લેખનમાં કવિ સુખસાગરે પૂરી સહાય કરી છે તથા તરણિપુરમાં ગ્રન્થની પ્રથમ પ્રત તેમણે જ લખી છે. વૃત્તિનું ગ્રંથમાન ૭૫૦૦ શ્લોક પ્રમાણ છે. આ વૃત્તિ વિ.સં. ૧૭૯૩ પૂર્વે કેટલાંક જ વર્ષ પહેલાં (સંભવતઃ વિ.સં.૧૭૭૩ની આસપાસ)[૨] લખવામાં આવી છે.

ઉત્તરાધ્યયનદીપિકા :

આ ટીકા[૩] ખરતરગચ્છીય લક્ષ્મીકીર્તિગણિના શિષ્ય લક્ષ્મીવલ્લભગણિની બનાવેલી છે. ટીકા સરળ તથા સુબોધ છે. આમાં ઉત્તરાધ્યયનસૂત્રના પ્રત્યેક પદની શંકા-સમાધાનપૂર્વક વ્યાખ્યા કરવામાં આવી છે. પ્રારંભે ટીકાકારે પંચ પરમેષ્ઠીનું મંગલાચરણ રૂપે સ્મરણ કર્યું છે. તદનંતર ભગવાન મહાવીર તથા પાર્શ્વનાથને ભક્તિ સહિત વંદન કર્યાં છે. ત્યાર પછી તેમણે બતાવ્યું છે કે કેમકે ઉત્તરાધ્યયનસૂત્રની અનેક વૃત્તિઓ—ટીકાઓ વિદ્યમાન છે તો પણ હું મંદાધિકારીઓના હૃદય-સદનોમાં બોધનો પ્રકાશ કરનારી આ દીપિકાની રચના કરું છું. ત્યાર પછી પોતાના નામ (લક્ષ્મીવલ્લભ)નો ઉલ્લેખ કરતાં (लक्ष्म्युपपदस्तु वल्लभः) ચૌદસો બાવન ગણધરોનું સ્મરણ કરી આચાર્યે સૂત્રનું વ્યાખ્યાન શરૂ કર્યું છે. વ્યાખ્યાનને વિશેષ સ્પષ્ટ કરવા માટે પ્રસંગવશ કથાનકોનો પણ ઉપયોગ કર્યો છે. આ પ્રકારનાં કથાનકોની સંખ્યા ઘણી મોટી છે. બધા કથાનકો સંસ્કૃતમાં છે. આ ટીકામાં ઉદ્ધરણ નહિ જેવાં છે.

ભગવતી-વિશેષપદવ્યાખ્યા :

દાનશેખરસૂરિ દ્વારા સંકલિત પ્રસ્તુત વૃત્તિનું નામ વિશેષપદવ્યાખ્યા લઘુવૃત્તિ અથવા વિશેષવૃત્તિ છે. આમાં વૃત્તિકારે પ્રાચીન ભગવતીવૃત્તિના આધારે ભગવતીસૂત્ર (વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ)ના મુશ્કેલ પદોનું વ્યાખ્યાન કર્યું છે. વ્યાખ્યાન માત્ર શબ્દાર્થ સુધી જ

---

૧. જુઓ — અભયદેવસૂરિકૃત પ્રશ્નવ્યાકરણ-વૃત્તિ, પૃ. ૧.

૨. દ્વિતીય ખંડની પ્રસ્તાવના, પૃ. ૫.

૩. (અ) રાયબહાદુર ધનપતસિંહ, કલકત્તા, વિ.સં. ૧૯૩૬.
(આ) ગુજરાતી અનુવાદસહિત — હીરાલાલ હંસરાજ, જામનગર, સન્ ૧૯૩૪-૮ (અપૂર્ણ).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સીમિત નથી પરંતુ તેમાં સંબદ્ધ વિષયનું વિસ્તૃત વિવેચન પણ છે. વૃત્તિના પ્રારંભે આચાર્યે શ્રી વીરને નમસ્કાર કર્યા છે તથા ભગવતીના દુર્ગમપદોની વ્યાખ્યા ઉદ્ધૃત કરવાની ઈચ્છા પ્રકટ કરી છે :[૧]

श्रीवीरं नमस्यित्वा तत्त्वावगमाय सर्वसत्त्वानाम् ।
व्याख्या दुर्गपदानामुद्धियते भगवती वृत्तेः ॥ १ ॥

અંતે નિમ્નલિખિત શ્લોક છે :[૨]

भद्रं भवतु सङ्घाय, श्रीमच्छ्रीजिनशासने ।
साक्षात् भगवतीव्याख्यादेवतासुप्रसादतः ॥ १ ॥
अज्ञेन मया गदितं समयविरुद्धं यदङ्गटीकायाम् ।
सद्यः प्रसद्य शोध्यं गुरुवद्गुरुधीधनैर्गुरुभिः ॥ २ ॥

વ્યાખ્યાકાર દાનશેખરસૂરિ જિનમાણિક્યગણિના શિષ્ય અનંતહંસગણિના શિષ્ય છે. પ્રસ્તુત વ્યાખ્યા તપાગચ્છનાયક લક્ષ્મીસાગરસૂરિના શિષ્ય સુમતિસાધુસૂરિના શિષ્ય હેમવિમલસૂરિના સમયમાં સંકલિત કરવામાં આવી છે એવો પચીસ-મ' શતકના વિવરણના અંતે એક ઉલ્લેખ છે : इति श्रीतपागच्छनायक श्रीलक्ष्मीसागर-सूरिशष्यश्रीसुमतिसाधुसूरिशिष्यश्रीहेमविमलसूरिविजयराज्ये शतार्थिश्रीजिनमाणिक्यगणि शिष्यश्रीअनन्तहंसगणिशिष्यश्रीदानशेखरगणिसमुद्धृतभगवतीलघुवृत्तौ पञ्चविंशतितमशतक-विवरणं सम्पूर्णम् ।

કલ્પસૂત્ર-કલ્પપ્રદીપિકા :

દશાશ્રુતસ્કન્ધના અષ્ટમ અધ્યયન કલ્પસૂત્રની પ્રસ્તુત વૃત્તિ[૩] વિજયસેનસૂરિના શિષ્ય સંઘવિજયગણિએ વિ.સં.૧૬૭૪માં લખી. તે સમયે વિજયદેવસૂરિનું ધર્મશાસન પ્રવર્તમાન હતું. વિ.સં.૧૬૮૧માં કલ્યાણવિજયસૂરિના શિષ્ય ધનવિજયગણિએ તેનું સંશોધન કર્યું. વૃત્તિનું ગ્રંથમાન ૩૨૫૦ શ્લોકપરિમાણ છે. પ્રશસ્તિમાં ગ્રંથરચનાનો કાળ, ગ્રંથકારનું નામ, સંશોધકનું નામ, સંશોધકનો કાળ, ગ્રંથમાન વગેરેનો ઉલ્લેખ આ મુજબ છે :

वेदाद्रिरसशीतांशुमिताब्दे विक्रामर्कतः ।
श्रीमद्विजयसेनाख्यसूरिपादाब्जसेविना ॥ १ ॥

---

૧. ઋષભદેવજી કેશરીમલજી શ્વેતામ્બર સંસ્થા, રતલામ, સન્ ૧૯૩૫.
૨. પૃ. ૨૯૮ (૨).
૩. મુક્તિવિમલ જૈન ગ્રંથમાલા, અમદાવાદ, સન્ ૧૯૨૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्राज्ञ श्रीसङ्घविजयगणिना या विनिर्मिता ।
विबुधैर्वाच्यमानाऽस्तु सा श्रीकल्पप्रदीपिका ॥ २ ॥
... ...
अमृतोपमानवचसा, शारदसम्पूर्णसोमसमयशसः ।
तस्य[1] प्रवरे राज्ये, वसुधाऽष्टरसेन्दुमितवर्षे ॥ ७ ॥
श्रीमत्कल्याणविजयवाचककोटीतटी किरीटानाम् ।
शिष्यैः श्रीधनविजयैः वाचकचूडामणिमुख्यैः ॥ ८ ॥
कल्पप्रदीपिकायाः प्रतिरेषा शोधिता..... ।
..... ॥ ९ ॥
प्रत्यक्षरगणनया भवति कल्पप्रदीपिकाग्रन्थे ।
श्लोकानां द्वात्रिंशत् शतानि पञ्चाशदधिकानि ॥ १० ॥

કલ્પસૂત્ર-સુબોધિકા :

આ વૃત્તિ[2] રામવિજયના શિષ્ય શ્રીવિજયના અનુરોધથી તપાગચ્છીય કીર્તિવિજયગણિના શિષ્ય વિનયવિજય ઉપાધ્યાયે વિ.સં.૧૬૧૬માં રચી તથા ભાવવિજયે સંશોધિત કરી છે. આમાં ક્યાંક-ક્યાંક કિરણાવલી (ધર્મસાગરગણિકૃત ટીકા) તથા દીપિકા (જયવિજયગણિકૃત ટીકા)નું ખંડન કરવામાં આવ્યું છે. ટીકા સરળ તથા સુબોધ છે, જે નામથી જ સ્પષ્ટ છે. આનો પ્રારંભિક અંશ આ મુજબ છે :

प्रणम्य परमश्रेयस्करं श्रीजगदीश्वरम् ।
कल्पे सुखबोधिका कुर्वे, वृत्तिं बालोपकारिणीम् ॥ १ ॥
यद्यपि बहव्यष्टीकाः कल्पे सन्त्येव निपुणगणगम्याः ।
तदपि ममायं यत्नः फलेग्रहिः स्वल्पमतिबोधात् ॥ २ ॥
यद्यपि भानुद्युतयः सर्वेषां वस्तुबोधिका बहव्यः ।
तदपि महीगृहगानां प्रदीपिकैवोपकुरुते द्राक् ॥ ३ ॥
नास्यामर्थेविशेषो न युक्तयो नापि पद्यपाण्डित्यम् ।
केवलमर्थव्याख्या वितन्यते बालबोधाय ॥ ४ ॥
हास्यो न स्यां सद्भिः कुर्वन्नेतामतीक्ष्णबुद्धिरपि ।
यदुपदिशन्ति त एव हि शुभे यथाशक्ति यतनीयम् ॥ ५ ॥

---

१. सूरिश्रीविजयदेवराजमुनिराज, सम्प्रति जयति — श्लोक ६.
२. (अ) જૈન આત્માનન્દ સભા, ભાવનંગર, વિ.સં. ૧૧૭૫.
(આ) દેવચંદ્ર લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર, મુંબઈ, સન્ ૧૯૧૧, ૧૯૨૩.
(ઇ) પં. હીરાલાલ હંસરાજ, જામનગર, સન્ ૧૯૩૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રશસ્તિના કેટલાક શ્લોકો આ મુજબ છે :

तस्य स्फुरदुस्कीर्त्तेर्वाचकवरकीर्ति विजयपूज्यस्य ।
विनयविजयो विनेयः सुबोधिकां व्यरचयत् कल्पे ॥ १२ ॥
समशोधयंस्तथैनां पण्डितसंविग्नसहृदयावतंसाः ।
श्रीविमलहर्षवाचकवंशे मुक्तामणिसमानाः ॥ १३ ॥
धिषणानिर्जितधिषणाः सर्वत्र प्रसृतकीर्तिकर्पूराः ।
श्रीभावविजयवाचककोटीराः शास्त्रवसुनिकषाः ॥ १४ ॥
रसनिधिरसशशिवर्षे ज्येष्ठे मासे समुज्ज्वले पक्षे ।
गुरुपूष्ये यत्नोऽयं सफलो जज्ञे द्वितीयायाम् ॥ १५ ॥
श्रीरामविजयपण्डितशिष्यश्रीविजयविबुधमुख्यानाम् ।
अभ्यर्थनापि हेतुर्विज्ञेयोऽस्याः कृतौ विवृतेः ॥ १६ ॥

ટીકાનું ગ્રંથમાન ૫૪૦૦ શ્લોકપ્રમાણ છે :[1]

प्रत्यक्षरं गणनया, ग्रन्थमानं शताः स्मृताः ।
चतुष्पञ्चाशदेतस्यां, वृत्तौ सूत्रसमन्वितम् ॥

કલ્પસૂત્ર-કલ્પલતા :

પ્રસ્તુત વ્યાખ્યા[2] ખરતરગચ્છીય જિનેન્દ્રસૂરિના શિષ્ય સકલચન્દ્રગણિના શિષ્ય સમયસુન્દરગણિ-વિરચિત છે. આનો રચનાકાળ ખરતરગચ્છીય જિનરાજસૂરિનો શાસન-સમય છે. તેમનું મૃત્યુ વિ.સં.૧૬૯૯માં થયું હતું.[3] આથી આ વ્યાખ્યાનો રચનાકાળ વિ.સં. ૧૬૯૯ની આસપાસ છે. આનું સંશોધન હર્ષનંદને કર્યું છે. પ્રારંભમાં વ્યાખ્યાકારે પંચપરમેષ્ઠી, દીક્ષાગુરુ તથા જ્ઞાનગુરુને નમસ્કાર કર્યા છે અને ખરતરગચ્છની માન્યતાઓ નજરમાં રાખતાં કલ્પસૂત્ર (પર્યુષણાકલ્પ)નું વ્યાખ્યાન કરવાનો સંકલ્પ કર્યો છે. અંતની પ્રશસ્તિમાં વૃત્તિકારની ગુરુ-પરંપરાની નામાવલી સાથે પ્રસ્તુત વૃત્તિના સંશોધક, વૃત્તિ પ્રારંભ તથા પૂર્ણ કરવાનાં સ્થાન, ધર્મ-શાસક તથા ધર્મયુવરાજનો નામોલ્લેખ કર્યો છે. વૃત્તિનું ગ્રંથમાન ૭૭૦૦ શ્લોકપ્રમાણ છે.

કલ્પસૂત્ર-કૌમુદી :

આ વૃત્તિ[4] તપાગચ્છીય ધર્મસાગરગણિના પ્રશિષ્ય તથા શ્રુતસાગરગણિના

---

૧. જામનગર-સંસ્કરણ, પૃ. ૧૯૫.
૨. કાલિકાચાર્યકથાસહિત-જિનદત્તસૂરિ પ્રાચીનપુસ્તકોદ્ધાર, સૂરત, સન્ ૧૯૩૯.
૩. Introduction (H. D. Velankar), પૃ. ૧૦.
૪. ઋષભદેવજી કેશરીમલજી શ્વેતામ્બર સંસ્થા, રતલામ, સન્ ૧૯૩૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શિષ્ય શાન્તિસાગરગણિએ વિ.સં.૧૭૦૭માં લખી છે. આ શબ્દાર્થપ્રધાન વૃત્તિનું ગ્રંથમાન ૩૭૦૭ શ્લોકપ્રમાણ છે. પ્રારંભે વૃત્તિકારે વર્ધમાન જિનેશ્વરને નમસ્કાર કર્યા છે તથા સંક્ષિપ્ત તથા મૃદુ રુચિવાળા માટે પ્રસ્તુત વૃત્તિની રચનાનો સંકલ્પ કર્યો છે. અંતે વૃત્તિ-રચનાના સમય, સ્થાન, વૃત્તિપ્રમાણ વગેરેનો નિર્દેશ કર્યો છે :

श्रीमद्विक्रमराजान् मुनिगगनमुनीन्दुभिः प्रमितवर्षे ।
विजयदविजयदशम्यां श्रीपत्तनपत्तने विदूब्धेयम् ॥ ५ ॥
श्लोकानां सङ्ख्यानं सप्तत्रिंशच्छतैश्च सप्ताग्रैः ।
वृत्तावस्यां जातं प्रत्यक्षरगणनया श्रेयः ॥ ६ ॥

પ્રશસ્તિમાં તપાગચ્છ-પ્રવર્તક જગચ્ચન્દ્રસૂરિ[1]થી લઈને વૃત્તિકાર શાન્તિસાગર સુધીની પરંપરાના ગુરુ-શિષ્યોની ગણના કરવામાં આવી છે.

કલ્પસૂત્ર-ટિપ્પણક :

આ ટિપ્પણક[2]ના પ્રણેતા આચાર્ય પૃથ્વીચન્દ્ર છે. ટિપ્પણકના પ્રારંભમાં નિમ્ન શ્લોક છે :

प्रणम्य वीरमाश्चर्यसेवधिं विधिदर्शकम् ।
श्रीपर्युषणाकल्पस्य, व्याख्या काचिद् विधीयते ॥ १ ॥
पञ्चमाङ्गस्य सद्वृत्तेरस्य चोद्धृत्य चूर्णितः ।
किञ्चित् कस्मादपि स्थानात्, परिज्ञानार्थमात्मनः ॥ २ ॥

ટિપ્પણકના અંતે આચાર્યનો પરિચય આ મુજબ છે :

चन्द्रकुलाम्बरशशिनश्चारित्रश्रीसहस्रपत्रस्य ।
श्रीशीलभद्रसुरेर्गुणरत्नमहोदधेः शिष्यः ॥ १ ॥
अभवद् वादिमदहरषट्तर्काम्भोजबोधनदिनेशः ।
श्रीधर्मघोषसूरिर्बोधितशाकम्भरीनृपतिः ॥ २ ॥
चारित्राम्भोधिशशी त्रिवर्गपरिहारजनितबुधहर्षः ।
दर्शितविधिः शमनिधिः सिद्धान्तमहोदधिप्रवरः ॥ ३ ॥

---

१. तपगणविधुः श्रीजगच्चन्द्रसूरिः — श्लो. १.

२. मुनि श्री पुण्यविजयजी द्वारा संपादित कल्पसूत्रमां मुद्रित : साराभाई मणिलाल नवाब, अमदावाद, सन् १९५२.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

बभूव श्रीयशोभद्रसूरिस्तच्छिष्यशेखरः ।
तत्पादपद्ममधुपोऽभूच्छ्री देवसेनगणिः ॥ ४ ॥
टिप्पनकं पर्युषणाकल्पस्यालिखदवेक्ष्य शास्त्राणि ।
तच्चरणकमलमधुपः श्रीपृथ्वीचन्द्रसूरिरिदम् ॥ ५ ॥
इह यद्यपि न स्वधिया विहितं किञ्चित् तथापि बुधवर्गैः ।
संशोध्यमधिकमूनं यद् भणितं स्वपरबोधाय ॥ ६ ॥

પૃથ્વીચન્દ્રસૂરિ દેવસેનગણિના શિષ્ય છે. દેવસેનગણિના ગુરુનું નામ યશોભદ્રસૂરિ છે. યશોભદ્રસૂરિ રાજા શાકંભરીને પ્રતિબોધ આપનાર આચાર્ય ધર્મઘોષસૂરિના શિષ્ય છે. ધર્મઘોષસૂરિના શિષ્ય ચન્દ્રકુલાવતંસ આચાર્ય શીલભદ્રસૂરિ નામે પ્રસિદ્ધ છે.

ઉપર્યુક્ત ટીકાઓ સિવાય નિમ્નલિખિત આગમિક વૃત્તિઓ પણ પ્રકાશિત થઈ ચૂકી છે : આચારાંગની જિનહંસ તથા પાર્શ્વચન્દ્રકૃત વૃત્તિઓ[૧], સૂત્રકૃતાંગની હર્ષકુલકૃત દીપિકા[૨], જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિની શાંતિચન્દ્રકૃત ટીકા[૩], કલ્પસૂત્રની ધર્મસાગર, લક્ષ્મીવલ્લભ તથા જિનભદ્રકૃત વૃત્તિઓ[૪], બૃહત્કલ્પની અજ્ઞાત વૃત્તિ[૫], ઉત્તરાધ્યયનની કમલસંયમ તથા જયકીર્તિકૃત ટીકાઓ[૬], આવશ્યક (પ્રતિક્રમણ)ની નમિસાધુકૃત વૃત્તિ.[૭]

---

૧. રાયબહાદુર ધનપતસિંહ, કલકત્તા, વિ.સં. ૧૯૩૬.
૨. ભીમસી માણેક, મુંબઈ, વિ.સં. ૧૯૩૬.
૩. દેવચન્દ્ર લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર, મુંબઈ, સન્ ૧૯૨૦.
૪. (અ) ધર્મસાગરકૃત કિરણાવલી – જૈન આત્માનન્દ સભા, ભાવનગર, વિ.સં. ૧૯૭૮.
(આ) લક્ષ્મીવલ્લભકૃત કલ્પદ્રુમકલિકા – જૈન આત્માનન્દ સભા, ભાવનગર, વિ.સં. ૧૯૭૫; વેલજી શિવજી, માંડવી, મુંબઈ, સન્ ૧૯૧૮.
(ઇ) જિનપ્રભકૃત સન્દેહવિષૌષધિ – હીરાલાલ હંસરાજ, જામનગર, સન્ ૧૯૧૩.
૫. સમ્યક્ જ્ઞાન પ્રચારક મંડલ, જોધપુર.
૬. (અ) કમલસંયમકૃત વૃત્તિ – યશોવિજય જૈન ગ્રંથમાલા, ભાવનગર, સન્ ૧૯૨૭.
(આ) જયકીર્તિકૃત ગુજરાતી ટીકા – હીરાલાલ હંસરાજ, જામનગર, સન્ ૧૯૦૯.
૭. વિજયદાનસૂરીશ્વર ગ્રંથમાલા, સૂરત, સન્ ૧૯૩૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વીસમી સદીમાં પણ મુનિ શ્રી ઘાસીલાલજી, શ્રીમદ્ વિજયરાજેન્દ્રસૂરિ વગેરે જૈન આચાર્યોએ આગમિક ટીકાઓ લખી છે. મુનિ ઘાસીલાલજીકૃત ઉપાસકદશાંગ[૧] વગેરેની ટીકાઓ વિશેષરૂપે ઉલ્લેખનીય છે. આ ટીકાઓ શબ્દાર્થ-પ્રધાન છે. વિજયરાજેન્દ્રસૂરિકૃત કલ્પસૂત્રાર્થપ્રબોધિની[૨] કલ્પસૂત્રની એક સ્પષ્ટ વ્યાખ્યા છે.

●

૧. સંસ્કૃત-હિન્દી-ગુજરાતી ટીકાસહિત—શ્વેતામ્બર સ્થાનકવાસી જૈન સંઘ, કરાંચી, સન્ ૧૯૩૬.
૨. રાજેન્દ્ર પ્રવચન કાર્યાલય, ખુડાલા (ફાલના), સન્ ૧૯૩૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંચદશ પ્રકરણ

લોકભાષાઓમાં વિરચિત વ્યાખ્યાઓ

આગમોની સંસ્કૃત ટીકાઓની બહુલતા હોવા છતાં પણ આચાર્યોએ જનહિતની દૃષ્ટિએ એ આવશ્યક માન્યું કે લોકભાષાઓમાં પણ સરળ તથા સુબોધ આગમિક વ્યાખ્યાઓ રચવામાં આવે. આ વ્યાખ્યાઓનું પ્રયોજન કોઈ વિષયની ગહનતામાં ન ઉતરતાં સાધારણ પાઠકોને માત્ર મૂળ સૂત્રોના અર્થનો બોધ કરાવવાનું હતું. આ માટે તે આવશ્યક હતું કે આ પ્રકારની વ્યાખ્યાઓ સાહિત્યિક ભાષા અર્થાત્ સંસ્કૃતમાં ન લખતાં લોકભાષાઓમાં લખવામાં આવે. પરિણામે તત્કાલીન અપભ્રંશ અર્થાત્ પ્રાચીન ગુજરાતી ભાષામાં બાલાવબોધોની રચના થઈ. આ પ્રકારની શબ્દાર્થાત્મક ટીકાઓથી રાજસ્થાની અને ગુજરાતી આગમપ્રેમીઓને વિશેષ લાભ થયો. આવા બાલાવબોધોની રચના કરનારામાં વિક્રમની અઢારમી શતાબ્દીમાં થનાર લોંકાગચ્છીય (સ્થાનકવાસી) ટબાકાર મુનિ ધર્મસિંહનું નામ વિશેષરૂપે ઉલ્લેખનીય છે. તેમણે વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ (ભગવતી), જીવાભિગમ, પ્રજ્ઞાપના, ચન્દ્રપ્રજ્ઞપ્તિ અને સૂર્યપ્રજ્ઞપ્તિને છોડી સ્થાનકવાસીસમ્મત બાકીના ૨૭ આગમોના ટબા (બાલાવબોધ) રચ્યા છે.[૧] ક્યાંક-ક્યાંક સૂત્રોનો પ્રાચીન ટીકાઓને અભિપ્રેત અર્થ છોડીને સ્વસંપ્રદાયસમ્મત અર્થ કર્યો છે જે સ્વાભાવિક છે. સાધુરત્નસૂરિના શિષ્ય પાર્શ્વચન્દ્રગણિ (વિ.સં.૧૫૭૨) રચિત આચારાંગ, સૂત્રકૃતાંગ વગેરેના બાલાવબોધો પણ ઉલ્લેખનીય છે. તે પણ ગુજરાતીમાં છે.

ટબાકાર મુનિ ધર્મસિંહ :

પ્રસિદ્ધ ટબાકાર મુનિ ધર્મસિંહ[૨] કાઠિયાવાડ સ્થિત જામનગરના રહેવાસી દશાશ્રીમાળી વૈશ્ય જિનદાસના પુત્ર હતા. ધર્મસિંહનો જન્મ માતા શિવાના ગર્ભથી થયો હતો. જે વખતે ધર્મસિંહની ઉંમર ૧૫ વર્ષની હતી તે સમયે ત્યાંના લોંકાગચ્છીય ઉપાશ્રયમાં લોંકાગચ્છાધિપતિ આચાર્ય રત્નસિંહના શિષ્ય દેવજી મુનિનું પદાર્પણ થયું. તેમનાં વ્યાખ્યાન સાંભળનારમાં ધર્મસિંહ પણ હતો. તેના પર તેમના ઉપદેશનો સારો પ્રભાવ પડ્યો અને તેને તીવ્ર વૈરાગ્ય ઉત્પન્ન થયો. કેટલાક સમય સુધી તો તેના

---

૧. ઐતિહાસિક નોંધ (વા. મો. શાહ), પૃ. ૧૨૩ (હિન્દી સંસ્કરણ).

૨. ઐતિહાસિક નોંધના આધારે, પૃ. ૧૦૫-૧૨૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માતા-પિતાએ તેને દીક્ષા અંગીકાર કરવાની અનુમતિ ન આપી પરંતુ છેવટે તેમણે અનુમતિ આપવી જ પડવી. એટલું જ નહિ પરંતુ પુત્રની સાથે પિતાએ પણ દીક્ષા ગ્રહણ કરી. તેમની આ દીક્ષા યતિવર્ગ (શિથિલાચારી ત્યાગી)ની દીક્ષા હતી, નહિ કે મુનિવર્ગ (શુદ્ધ આચારવાળા સાધુ)ની. યતિ ધર્મસિંહને ધીરે-ધીરે શાસ્ત્રોનો સારો અભ્યાસ થઈ ગયો. તેમના વિષયમાં પ્રસિદ્ધ છે કે તેઓ બંને હાથથી જ નહિ, બંને પગથી પણ કલમ પકડીને લખી શકતા હતા. જેમ-જેમ ધર્મસિંહનું શાસ્ત્રજ્ઞાન વધતું ગયું તેમ-તેમ તેમને પ્રતીત થવા લાગ્યું કે પોતાનો આચાર શાસ્ત્રોને અનુકૂળ નથી, પોતે તે વેશ ત્યજીને શુદ્ધ મુનિવ્રતનું પાલન કરવું જોઈએ. તેમણે પોતાનો તે વિચાર પોતાના ગુરુ શિવજીની સામે રાખતાં ખૂબ નમ્રતાથી કહ્યું :—

"કૃપાળુ ગુરુદેવ ! ભગવાન મહાવીરે ભગવતી સૂત્ર (વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ)ના વીસમા શતકમાં સ્પષ્ટરૂપે ફરમાવ્યું છે કે ૨૧૦૦૦ વર્ષ સુધી આ મુનિમાર્ગ ચાલતો રહેશે. એવું હોવા છતાં પણ લોકો પંચમ કાળ (વર્તમાન કાળ)નું બહાનું કરી મુનિમાર્ગને અનુકૂળ આચારનું પાલન કરવામાં શિથિલતા બતાવી રહ્યા છે. તે કોઈ પણ દૃષ્ટિએ ઉચિત નથી. મનુષ્યભવ અમૂલ્ય ચિંતામણિ છે. આપણે કાયરોનો માર્ગ છોડીને શૂરાઓનો માર્ગ ગ્રહણ કરવો જોઈએ. આપ જેવા સમર્થ અને વિદ્વાન પુરુષ પણ જો પામર પ્રાણીઓની જેમ સાહસહીન થઈ જાય તો અન્ય લોકોનું તો કહેવું જ શું ? આપ સર્વ પ્રકારની આળસનો ત્યાગ કરી સિંહની જેમ પોતાના અતુલ પરાક્રમનો પરિચય આપો. આપ સ્વયં સાચા મુનિમાર્ગ પર ચાલો અને બીજાઓને પણ ચલાવો. એવું કરવાથી જ જિન-શાસ્ત્રની શોભા તથા સ્વાત્માનું કલ્યાણ છે. સિંહ કાયર નથી હોતો, સૂર્યમાં અંધકાર નથી રહેતો, દાતા કૃપણ નથી હોતો. જે રીતે અગ્નિમાં ક્યારેય શીતળતા નથી હોતી તે જ રીતે જ્ઞાનીમાં ક્યારેય રાગ નથી હોતો. આપ મુનિમાર્ગ પર ચાલવા માટે તૈયાર થઈ જાવ. હું પણ આપની પાછળ-પાછળ તે જ માર્ગ પર ચાલવા માટે તૈયાર છું. સંસારને છોડ્યા પછી વળી મોહ કેવો ?"

ધર્મસિંહનું આ કથન સાંભળી શિવજી વિચારવા લાગ્યા કે ધર્મસિંહનું કહેવું અક્ષરશઃ સાચું છે પરંતુ હું તેવું આચરણ કરવામાં અસમર્થ રહ્યો છું. બીજી તરફ તેમ ન કરવાથી એવો વિદ્વાન અને વિનયી શિષ્ય ગચ્છ છોડીને ચાલ્યો જશે અને આનાથી ગચ્છને અસહ્ય હાનિ થશે. આ બંને દૃષ્ટિઓનું સંતુલન કરી શિવજી કહેવા લાગ્યા કે હું આ સમયે મારા પદનો ત્યાગ કરવા અસમર્થ છું. તું ધૈર્ય રાખ અને નિરંતર જ્ઞાનાર્જન કરતો રહે. થોડા સમય પછી ગચ્છની સમુચિત વ્યવસ્થા કરી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપણે બંને બધી ઉપાધિ છોડી ફરી નવસંયમ ધારણ કરીશું. અત્યારે જલ્દી ન કર.

ગુરુનાં આ વચન સાંભળીને ધર્મસિંહ વિચાર કરવા લાગ્યા કે જો ગુરુજી આદર્શ સંયમ ધારણ કરે તો વધારે સારું, કેમકે તેઓ મારા જ્ઞાનોપકારી છે આથી મારે તેમને સાથે લઈને નવમાર્ગ ગ્રહણ કરવો જોઈએ. એવું વિચારી ધર્મસિંહે ધૈર્ય રાખ્યું. આ દરમિયાન તેમને વિચાર આવ્યો કે મારો પોતાના અવકાશનો ઉપયોગ વિશેષ જ્ઞાનવૃદ્ધિમાં કરવો જોઈએ. મોંનો ઉપદેશ તો થોડાક જ મનુષ્યો સાંભળી શકે છે અને તે પણ એક જ જગ્યાએ, પરંતુ લખેલો ઉપદેશ સર્વત્ર તથા સર્વદા કામ આવી શકે છે. આમ વિચારીને તેમણે આગમ ગ્રંથો પર ટબા (ટિપ્પણ) લખવાનું કામ શરૂ કર્યું. ધર્મસિંહે કુલ ૨૭ સૂત્રોના ગુજરાતી ટબા લખ્યા. આ ટબા એટલા સરળ તથા સુબોધ છે કે આજ પણ કેટલાય સાધુ તેમના જ આધારે શાસ્ત્રોનો અભ્યાસ કરે છે. ગુજરાત અને રાજસ્થાનમાં તો તેમનો ઉપયોગ થાય જ છે, પંજાબના સાધુઓ પણ તેમનો ખૂબ ઉપયોગ કરે છે. તે હજી સુધી પ્રકાશિત નથી થયા.

દિવસો પર દિવસો વીતવા લાગ્યા. ધર્મસિંહને ગુરુમાં શુદ્ધ ચારિત્ર પાલનનાં કોઈ લક્ષણ દૃષ્ટિગોચર ન થયા. ધર્મસિંહનું ધૈર્ય પોતાની પરાકાષ્ઠા પર પહોંચી ચૂક્યું હતું. તેમણે ગુરુને કહ્યું કે આટલા દિવસ સુધી ધૈર્ય રાખ્યા પછી પણ જો આપ વિશુદ્ધ ચારિત્રમાર્ગ પર ચાલવા માટે તૈયાર નથી તો મને જ આજ્ઞા આપો, હું એકલો જ તે પથનો પથિક બનવા માટે તૈયાર છું. આ સાંભળીને ગુરુએ ગદ્‌ગદ્‌ હૃદયે શિષ્યને આત્મકલ્યાણના માર્ગ પર અગ્રેસર થવાની અનુમતિ પ્રદાન કરતાં કહ્યું કે હે ધર્મપ્રિય ! હું તને આત્મકલ્યાણ માટે અંતઃકરણથી આશીર્વાદ આપું છું. તું જે માર્ગ પર ચાલવા જઈ રહ્યોછે તે ખૂબ જ કઠિન તથા કાંટાળો છે. જો તું આ પથ પર સફળતાપૂર્વક વધી શકીશ તો તો ઠીક અન્યથા તારી સાથે મારે પણ અપયશના ભાગી બનવું પડશે. આથી નવો માર્ગ ગ્રહણ કરતાં પહેલાં હું તારી પરીક્ષા લેવા માગું છું. આજ રાતે તું અમદાવાદની ઉત્તર તરફ એક ઉદ્યાનમાં જે દરયાખાન નામક યક્ષાયતન છે તેમાં રહે. પ્રાતઃકાળે મારી પાસેથી અંતિમ આજ્ઞા લઈને નવો માર્ગ ગ્રહણ કરજે.

ગુરુને વંદન કરી યતિ ધર્મસિંહ દરયાખાન તરફ ચાલ્યા. શાસ્ત્રાજ્ઞા અનુસાર ધર્મસિંહે તે સ્થાનના રક્ષક પાસે ત્યાં રોકાવાની અનુમતિ માગી. મુસલમાન રક્ષકે ઉત્તર આપ્યો : "યતિજી ! શું તમને દરયાખાન પીરની શક્તિનું જ્ઞાન નથી ? શું તમને માલૂમ નથી કે અમારા ચમત્કારી પીરના આ સ્થાન પર રાતે કોઈ મનુષ્ય નથી રહી શકતો ? તેમણે સેંકડો મનુષ્યોને પછાડીને પરલોકમાં પહોંચાડી દીધા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યતિજી ! શું તમે પણ તેમની સંગતિ કરવા માગો છો ?

"ભાઈ ! તારું કથન કદાચ યોગ્ય છે. પરંતુ મને તો મારા ગુરની આજ્ઞા છે, આથી અહીં રહેવું જ પડશે. તેં મને આવનાર સંકટથી સાવધાન કર્યો તેના માટે ધન્યવાદ, પરંતુ ભય કોને કહેવાય છે તે હું જાણતો જ નથી. 'ભય' શબ્દ મારા કોશમાં જ નથી." ધર્મસિંહે પ્રત્યુત્તર આપ્યો :

"મરવા દો આને ! પોતાનું આયુષ્ય ઓછું હોવાથી જ આ આમ કરતો હોય તો કોણ જાણે ?" એક અન્ય મુસલમાને તે મુસલમાનના કાનમાં સલાહ આપી. ધર્મસિંહને ત્યાં રહેવાની અનુમતિ મળી ગઈ.

જેમ-જેમ સંધ્યા વ્યતીત થતી ગઈ તેમ-તેમ દરયાખાનનું સ્થાન નિર્જન થતું ગયું. અંતે જતાં પૂરા પ્રદેશમાં એકલા ધર્મસિંહ જ બાકી રહ્યા. તેમણે રજોહરણથી ભૂમિ સ્વચ્છ કરી પોતાનું આસન બિછાવ્યું અને સ્વાધ્યાયમાં મગ્ન થયા. એક પ્રહર રાત્રિ વ્યતીત થઈ હશે કે દરયાખાનનો યક્ષ ત્યાં આવ્યો. ધર્મસિંહ તે સમયે સ્વાધ્યાયમાં લીન હતા. તેમના મુખથી પૂર્વઅશ્રુત શબ્દોચ્ચારણ સાંભળીને યક્ષને થોડુંક આશ્ચર્ય થયું. તેને તે પુરુષ અન્ય પુરુષોથી કંઈક વિલક્ષણ પ્રતીત થયો. તે પોતાના ક્રોધી સ્વભાવને ભૂલીને ભક્તિપૂર્વક ધર્મસિંહની સેવામાં પ્રવૃત્ત થઈ ગયો. એટલું જ નહિ, તેમના ઉપદેશથી તેણે તે સમયથી કોઈ પણ મનુષ્યને ન સતાવવાનો સંકલ્પ કર્યો. યક્ષ ચાલ્યો ગયો. ધર્મસિંહ પોતાના સ્વાધ્યાયમાં સંલગ્ન રહ્યા. થોડી ઊંઘ લીધા પછી ફરી તે જ કાર્યમાં પ્રવૃત્ત થયા. ધીરે-ધીરે સવાર થઈ.

આવશ્યક ક્રિયાઓથી નિવૃત્ત થઈને ધર્મસિંહ પોતાના ગુરુ પાસે પહોંચ્યા. વંદના વગેરે કર્યા પછી આખી ઘટના ગુરુને સંભળાવી. શિષ્યના આ શૌર્યપૂર્ણ આચરણથી ગુરુ ખૂબ પ્રસન્ન થયા. તેમને વિશ્વાસ થઈ ગયો કે ધર્મસિંહ ખૂબ પરાક્રમી અને બુદ્ધિશાળી છે. તે સારી રીતે સંયમનું પાલન કરી શકશે. તેનાથી જૈન શાસનનો ઉદ્યોત થશે. એમ વિચારીને તેમણે ધર્મસિંહને શુદ્ધ સંયમ ધારણ કરી વિચરવાની અનુમતિ પ્રદાન કરી. ધર્મસિંહ પોતાની વિચારધારાના અન્ય યતિઓને સાથે લઈ દરિયાપુર દરવાજા બહાર ઈશાન ખૂણામાં આવેલ ઉદ્યાનમાં પહોંચ્યા તથા નવસંયમ ગ્રહણ કર્યો. આ ઘટના વિ.સં. ૧૬૮૫ની છે.[1] ધર્મસિંહનો ધર્મોપદેશ પ્રાયઃ દરિયાપુર દરવાજામાં જ થયા કરતો હતો આથી તેમનો સંપ્રદાય પણ 'દરિયાપુરી સંપ્રદાય' રૂપે જ પ્રસિદ્ધ થયો.

---

૧. संवत सोल पचासिए, अमदावाद मझार ।
शिवजी गुरू को छोड़ के, धर्मसि हुआ गच्छबहार ॥ — એક પ્રાચીન કવિતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુનિ ધર્મસિંહ ગુજરાત અને કાઠિયાવાડમાં જ વિચર્યા કરતા હતા. વાના રોગી હોવાને કારણે તેમના માટે દૂર-દૂરનો વિહાર અતિ કઠિન હતો. ૪૩ વર્ષ સુધી નવી દીક્ષાનું પાલન કર્યા પછી વિ.સં. ૧૭૨૮ના આશ્વિન શુક્લા ચતુર્થીના દિવસે તેમનો સ્વર્ગવાસ થયો.

મુનિ ધર્મસિંહે ૨૭ સૂત્રોના ટબા સિવાય નિમ્નલિખિત ગુજરાતી ગ્રંથોની રચના કરી છે : ૧. સમવાયાંગની હૂંડી, ૨. ભગવતીનું યંત્ર, ૩. પ્રજ્ઞાપનાનું યંત્ર, ૪. સ્થાનાંગનું યંત્ર, ૫. જીવાભિગમનું યંત્ર. ૬. જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિનું યંત્ર, ૭. ચન્દ્રપ્રજ્ઞપ્તિનું યંત્ર, ૮. સૂર્યપ્રજ્ઞપ્તિનું યંત્ર, ૯. રાજપ્રશ્નીયનું યંત્ર, ૧૦. વ્યવહારની હૂંડી, ૧૧. સૂત્રસમાધિની હૂંડી, ૧૨. દ્રૌપદીની ચર્ચા, ૧૩. સામાયિકની ચર્ચા, ૧૪. સાધુ-સામાચારી, ૧૫. ચન્દ્રપ્રજ્ઞપ્તિની ટીપ. આ ઉપરાંત તેમના લખેલ બીજા પણ કેટલાક ગ્રંથો છે. હજી સુધી આ ગ્રંથોનું પ્રકાશન થઈ શક્યું નથી.

હિન્દી ટીકાઓ :

હિન્દી ટીકાઓમાં મુનિ હસ્તિમલકૃત દશવૈકાલિક-સૌભાગ્યચન્દ્રિકા[૧], નન્દીસૂત્ર-ભાષાટીકા[૨], ઉપાધ્યાય આત્મારામકૃત દશાશ્રુતસ્કન્ધ-ગણપતિગુણ પ્રકાશિકા[૩], ઉત્તરાધ્યયન-આત્મજ્ઞાનપ્રકાશિકા[૪], દશવૈકાલિક-આત્મજ્ઞાનપ્રકાશિકા[૫], ઉપાધ્યાય અમરમુનિકૃત આવશ્યક-વિવેચન (શ્રમણ-સૂત્ર)[૬] વગેરે વિશેષરૂપે ઉલ્લેખનીય છે. આ સિવાય હિન્દી, ગુજરાતી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં અનેક આગમોના અનુવાદ તથા સાર પણ પ્રકાશિત થયા છે.

●

---

૧. રાયબહાદુર મોતીલાલ બાલમુકુન્દ મૂથા, સતારા, સન્ ૧૯૪૦.
૨. રાયબહાદુર મોતીલાલ બાલમુકુન્દ મૂથા, સતારા, સન્ ૧૯૪૨.
૩. જૈન શાસ્ત્રમાલા કાર્યાલય, લાહોર, સન્ ૧૯૩૬.
૪. જૈન શાસ્ત્રમાલા કાર્યાલય, લાહોર, સન્ ૧૯૩૯-૧૯૪૨.
૫. (અ) જ્વાલાપ્રસાદ માણકચન્દ જૌહરી, મહેન્દ્રગઢ (પતિયાલા), વિ.સં. ૧૯૮૯.
(આ) જૈન શાસ્ત્રમાલા કાર્યાલય, લાહોર, સન્ ૧૯૪૬.
૬. સન્મતિ જ્ઞાનપીઠ, લોહામંડી, આગરા, વિ.સં. ૨૦૦૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દાનુક્રમણિકા

શબ્દ	પૃષ્ઠ
અ	
અંકોટ્ટક	૧૧૯
અંગ	૭, ૯, ૧૪, ૨૭, ૩૨, ૪૦, ૯૮, ૯૯, ૧૭૩, ૨૫૯, ૩૦૨
અંગપ્રવિષ્ટ	૬૬, ૧૩૨, ૧૩૩, ૧૮૩, ૩૮૯
અંગબાહ્ય	૬૬, ૧૩૩, ૩૮૯
અંગાર	૧૦૪, ૧૯૩
અંગુલ	૩૨
અંગુલપદ	૨૮, ૩૫
અંગુલી	૩૨
અંગોપાંગ	૩૨, ૯૮, ૩૦૨
અંચલગચ્છ	૪૯, ૪૨૩
અંજનક	૩૮૩
અંડક	૨૪૯, ૩૭૬
અંતઃપુર	૩૩, ૫૩, ૩૧૩
અંત	૭૮
અંતકૃત	૩૮૦
અંતકૃદશા	૪૦
અંતકૃદશાવૃત્તિ	૪૨, ૩૮૦
અંતર	૨૭
અંતરગૃહ	૨૨૪
અંતરંજિકા	૧૭૩, ૧૭૮
અંતરદ્વીપજ	૧૦૩
અંતરાપણ	૧૭, ૨૦૮
અંતરાય	૧૩૯
અંતર્નિવસની	૨૨૧
અંતેવાસી	૪૧
અંધ	૩૨૪
અંધકાર	૧૬૯
અંબ	૧૦૯
અંબરીષ	૧૦૯
અંબષ્ઠ	૯, ૨૦, ૧૦૨, ૨૧૮
અંબસાલવણ	૪૦૪
અંબિકાદેવી	૩૮૫
અંશ	૭
અંશિકા	૧૭, ૧૧૪, ૧૯૮, ૨૧૯
અકંપિત	૧૩, ૭૩, ૧૪૪, ૧૬૬
અકર્મભૂમિજ	૧૦૩
અકલંક	૪૬, ૪૦૭
અકલ્પ	૨૭, ૨૬૦, ૩૪૦
અકલ્પ્ય	૨૧
અકલ્પસ્થિત	૧૯૪, ૨૨૭
અકલ્પ્ય	૨૧
અકામમરણીય	૬૦
અકારકાત્મવાદ	૨૮૯
અકૃત્સ્ન	૨૨૦
અકોટા	૧૧૯
અક્રિયાવાદી	૯, ૫૨, ૧૦૯
અક્ષ	૧૨૮, ૧૮૭
અક્ષર	૬૬, ૧૨૯, ૧૩૨, ૧૮૩
અક્ષરાર્થ	૩૨૪
અક્ષાટક	૧૮, ૧૯૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
અક્ષીણ	૧૩૭
અગમ	૯૦
અગમિક	૬૬
અગરુ	૮, ૯૪
અગર્હિત	૭૮
અગસ્ત્યસિંહ	૨૮, ૨૯, ૩૧, ૨૬૮, ૨૭૦, ૨૯૨, ૨૯૪
અગારધર્મ	૪, ૧૮૪
અગારસ્થિત	૨૩૦
અગારી	૨૦૮
અગ્નિ	૧૮, ૧૦૪, ૧૫૯
અગ્નિભૂતિ	૧૩, ૭૩, ૧૪૪, ૧૫૦
અગ્ર	૯, ૧૦૮, ૨૯૯
અગ્રશ્રુતસ્કંધ	૧૦૮
અચલભ્રાતા	૧૩, ૭૩, ૧૪૪, ૧૬૬
અચેલક	૨૩૧
અચ્છંદક	૩૦, ૨૭૬
અચ્છાપુરી	૨૭, ૨૬૦
અજ	૮, ૩૦૭
અજાતઅસમામકલ્પ	૨૫
અજાતસમામકલ્પ	૨૫
અજાતિ	૧૧૨
અજાતિસ્થાન	૧૧૨
અજિતચન્દ્રસૂરિ	૩૫, ૩૨૫
અજિતદેવસૂરિ	૩૫, ૪૯, ૩૨૫, ૪૨૦, ૪૨૧, ૪૨૪
અજિતસિંહાચાર્ય	૪૧
અજીવ	૧૫, ૧૭૮
અજ્ઞાનવાદ	૨૮૯
અજ્ઞાનવાદી	૯, ૧૦૧
અજ્ઞાની	૨૭
અટ્ટ	૩૩, ૫૫, ૩૧૨

શબ્દ	પૃષ્ઠ
અટ્ટાલક	૩૩, ૫૫, ૩૧૨, ૩૮૩
અણહિલપાટક	૪૨, ૪૭, ૩૭૨, ૩૭૫, ૩૭૮, ૪૧૬
અણુક	૮, ૯૪
અણુધર્મ	૧૮૪
અણુવ્રત	૯૪
અતર	૧૧૨
અતસી	૮, ૨૪, ૯૪, ૨૩૯, ૩૦૬
અતિક્રમ	૨૩, ૨૩૬
અતિચાર	૨૩
અતિપરિણામી	૧૯૪
અતિશય	૨૪૬
અદત્તાદાન	૩૦૧
અદર્શી	૨૭
અદુષ્ટ	૨૬
અદ્ધોરુક	૨૨૧
અદ્‌ભુત	૨૭૩
અધર્મ	૯૧
અધિકરણ	૧૦, ૨૧, ૬૯, ૨૧૩, ૨૨૮
અધિકરણવૈવિધ્ય	૫૨
અધિવાસ	૨૫૭
અધિષ્ઠાતૃત્વ	૧૩
અધ્યયન	૬, ૯, ૪૨, ૫૭, ૯૬, ૧૦૯, ૧૩૭, ૨૦૮
અધ્યયનકલ્પ	૨૭
અધ્યયનષટ્‌ક	૧૩૫
અધ્યયનપૂરક	૧૯૨
અધ્યાપક-પરંપરા	૫૭
અધ્વ	૨૦, ૨૧૬
અધ્વગમન	૨૧૬
અધ્વાતીત	૧૯૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
અધ્વાતીતકરણ	૧૯૩
અનંગપ્રવિષ્ટ	૧૩૩
અનંત	૨૭૨
અનંતરસિદ્ધકેવલ	૩૮૯
અનંતહંસગણિ	૫૦, ૪૩૦
અનક્ષર	૬૬, ૧૨૯
અનગાર	૯૨, ૯૫
અનગાર-ગુણ	૨૮૦
અનગારધર્મ	૯૪
અનનુયોગ	૬૮
અનભિપ્રેત	૯૭
અનયા	૩૦૬
અનવદ્ય	૭૮
અનવદ્યા	૧૭૫
અનવસ્થાપ્ય	૧૭, ૨૧, ૧૯૦, ૧૯૫, ૨૨૬, ૨૪૦, ૨૫૦
અનશન	૩૯, ૯૧
અનાચાર	૨૩, ૨૩૫
અનાજ્ઞાતિ	૧૧૨
અનાદિક	૬૬
અનાદેશ	૯૭
અનિંદ્ય	૭૮
અનિમિત્ત	૩૨
અનિયતવાસ	૧૮, ૧૨૭
અનિવેદન	૧૯૩
અનિશીથ	૩૬૨
અનિશ્રિત	૧૩૧
અનિસૃષ્ટ	૧૯૨
અનિહ્નવન	૧૯૨
અનુકંપા	૨૫, ૨૪૪, ૨૭૭
અનુકલ્પ	૨૭, ૨૬૦
અનુક્રમ	૩૩૭
અનુગમ	૧૩, ૬૧, ૧૩૬
અનુજ્ઞાપના	૮૧
અનુત્તરદેવ	૧૭
અનુત્તરૌપપાતિક	૪૦, ૩૮૦
અનુત્તરૌપપાતિકદશાવૃત્તિ	૪૨, ૩૮૦
અનુદ્‌ગત	૧૯૨
અનુદ્‌ઘાતિક	૨૧, ૨૨૫
અનુપરિપાર્ટ	૩૩૭
અનુપ્રવાદ	૧૭૭
અનુમત	૧૩, ૧૫, ૬૯, ૧૮૦
અનુમાન	૮, ૧૪, ૧૪૫
અનુયાન	૧૯, ૨૦૩
અનુયોગ	૧૩, ૧૪, ૧૭, ૨૬, ૬૮, ૭૪, ૧૧૩, ૧૩૫, ૧૪૨, ૧૭૩, ૧૯૬, ૨૫૨, ૨૭૩, ૨૭૭
અનુયોગદ્વાર	૬, ૨૮, ૩૫, ૩૬, ૪૭, ૬૧, ૨૬૬, ૨૬૭, ૨૭૩, ૩૩૧, ૪૧૦
અનુયોગદ્વારચૂર્ણિ	૧૨, ૨૮, ૨૯, ૩૬, ૧૨૩, ૨૬૬, ૨૬૭, ૨૭૩
અનુયોગદ્વારટીકા	૩૬, ૩૩૬
અનુયોગદ્વારવૃત્તિ	૧૨, ૪૭, ૪૧૧, ૪૧૨
અનુયોગદ્વારસૂત્રવૃત્તિ	૩૨૩
અનુયોગાર્થ	૧૦૨
અનુરાધા	૩૯૨
અનેકાંતજયપતાકા	૩૩૩
અનેકાંતપ્રઘટ્ટ	૩૩૩
અનેકાંતવાદપ્રવેશ	૩૩૩
અનેકાત્મવાદ	૧૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
અનેષણીય	૨૨૬
અન્યતર	૨૩, ૧૯૪, ૨૩૬
અન્યધાર્મિક	૨૧
અન્યધાર્મિકસ્તૈન્ય	૨૨૬
અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા	૩૮૬
અન્યોન્યકારક	૨૧, ૨૨૬
અન્વયિજ્ઞાનસિદ્ધિ	૩૮૯
અપત્ય	૩૦, ૫૩, ૬૯, ૭૨
અપમાન	૨૫
અપરાધક્ષમણા	૮૧
અપરાધપદ	૯૨
અપરિગ્રહ	૨૮૮
અપરિણત	૧૯૩
અપરિણામી	૧૯૪
અપરિશાટી	૨૨૪
અપર્યવસિત	૬૬
અપવાદ	૧૭, ૧૮, ૧૯, ૨૨, ૨૦૫
અપસર્પણ	૨૫૫
અપહરણ	૧૯
અપહૃત	૨૨૨
અપાદાન	૧૭૨
અપાય	૧૩૦
અપાર્ધાહારી	૨૬, ૨૪૯
અપાવૃતદ્વારોપાશ્રય	૨૦૮
અપૂર્વજ્ઞાનગ્રહણ	૬૯
અપોહ	૬૬
અપોહન	૧૩૩
અપ્	૯
અપ્કાય	૧૦૪, ૩૦૦
અપ્રમાદ	૯૯
અપ્રામકારિતા	૧૩૧
અપ્રાપ્યકારિતા	૧૩

શબ્દ	પૃષ્ઠ
અપ્રાવરણ	૩૨
અપ્રેક્ષિત	૧૯૩
અફેનક	૨૨
અબદ્ધ	૭૪
અબદ્ધિક	૧૬, ૧૭૯
અબ્રહ્મ	૨૮૦
અભક્તાર્થ	૮૭
અભયકુમાર	૩૦, ૪૦, ૫૪
અભયદેવ	૩૬૬
અભયદેવસૂરિ	૩૫, ૪૦, ૫૦, ૩૨૫, ૪૦૯
અભવ્ય	૧૬૩, ૩૪૧
અભિગ્રહ	૨૩, ૨૬, ૩૦, ૭૨, ૮૭, ૨૩૫, ૨૫૧
અભિઘાત	૨૨, ૩૨
અભિધાન	૩૨૪
અભિધેય	૩૨૪
અભિનય	૩૧૯
અભિનિબોધ	૧૨૮
અભિનિવેશ	૧૪, ૧૫
અભિન્ન	૧૯૮, ૨૨૧
અભિપ્રાય	૭૬
અભિપ્રેત	૯૭
અભિમારદારુક	૯૮
અભિલાપ	૯૭
અભિવર્ધિતમાસ	૧૭
અભિવ્યક્તિ	૩૪૩
અભિષેક	૬૯, ૭૨
અભિષેકા	૨૧, ૨૧૦
અભેદ	૩૬
અભેદવાદ	૩૬
અભ્યાહૃત	૧૯૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
અભ્યુત્થાન	૨૧, ૨૨૩
અભ્રાવકાશ	૨૧૮
અમદાવાદ	૪૩૮
અમરમુનિ	૫૧, ૪૪૦
અમલકલ્પા	૧૭૫
અમાત્ય	૨૪, ૫૪, ૨૩૮, ૨૩૯, ૩૦૯, ૩૮૪
અમિલ	૮, ૯૪
અમિલાત વસ્ત્ર	૩૦૭
અમૂઢદૃષ્ટિ	૧૯૨
અયોગવ	૯, ૧૦૨
અયોધ્યા	૭, ૭૦
અરતિત	૩૦૯
અરનાથ	૪૬, ૪૦૭
અરહન્નક	૨૭૭
અરાજક	૨૧૪
અરિહંત	૬૯, ૭૬, ૭૯
અર્ચિ	૧૦૪
અર્થ	૬, ૮, ૫૬, ૧૩૮, ૧૯૨, ૪૦૦
અર્થકથા	૯૩
અર્થગ્રહણ	૧૮, ૧૨૭
અર્થછન્ન	૩૩
અર્થજાત	૨૪૧
અર્થશાસ્ત્ર	૭, ૫૩, ૭૦
અર્થાવગ્રહ	૧૩૦
અર્દ્ધશિરોરોગ	૯૮
અર્ધહાર	૩૩, ૫૮, ૩૧૨
અર્ધાહારી	૨૬, ૨૪૯
અર્શિકા	૩૦૯
અર્હત્	૮, ૭૬
અર્હદાયતન	૪૦૪
અર્હન્નક	૧૭, ૧૯૧
અલંકાર	૦૭, ૭૦

શબ્દ	પૃષ્ઠ
અલમ્	૯, ૧૦૯
અલાબુ	૨૨૯
અલિસિંદા	૩૦૬
અલીક	૨૩૦
અલેપ	૧૮
અલેપકૃત	૧૯
અલ્પાહારી	૨૬, ૨૪૯
અવંદ્ય	૩૦
અવકાશ	૧૮
અવકિરણ	૮૪
અવગૃહીત	૧૭
અવગ્રહ	૨૫, ૬૫, ૧૦૮, ૨૧૪, ૨૨૫, ૨૪૪
અવગ્રહ-પટ્ટક	૨૧, ૨૨૨
અવગ્રહ-પ્રતિમા	૧૦૮
અવગ્રહાનંતક	૨૧, ૨૨૧
અવચૂરિ	૩૨૬
અવચૂર્ણિ	૩૨૬
અવટ	૩૮૩
અવદ્ય	૭૮
અવધાન	૧૮
અવધિ	૧૩, ૧૯, ૫૨, ૬૫, ૧૨૮, ૧૮૮, ૨૭૫
અવધિજ્ઞાન	૬૫, ૧૨૮, ૧૩૪
અવધિયુક્ત	૩૨
અવયવ	૮, ૯૯, ૩૦૪
અવરકંકા	૩૭૬
અવરુદ્ર	૨૨૧
અવલેખનિકા	૨૦૩
અવશ્યકરણીય	૧૩૫
અવસન્ન	૨૩, ૨૩૭
અવસન્નાચાર્ય	૧૯૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
અવસ્થા	૧૯૪
અવસ્થાન	૧૯૪
અવસ્થિત	૬૬
અવહેલના	૨૨૨
અવાડ્મુખ	૨૨૯
અવાડ્મુખખંડમલ્લક	૧૯૯
અવાડ્મુખમલ્લક	૧૮, ૧૯૯
અવાચાલ	૨૬
અવાય	૬૫
અવિચ્યુતિ	૬૫
અવિનીત	૨૧
અવિરહકાલ	૬૯
અવિરહિત	૧૩
અવિશોધિ	૨૬, ૨૫૫
અવ્યક્ત	૭૪
અવ્યક્તમત	૧૭૬
અવ્યવહારી	૨૪૩
અવ્યાબાધ	૮૧, ૧૦૨
અશઠ	૧૯૨, ૧૯૪
અશન	૨૨, ૮૬
અશનક	૩૮૩
અશોક	૩૧૦
અશ્રદ્ધાન	૧૯૩
અશ્વ	૮, ૨૦૮
અશ્વતર	૮
અશ્વમિત્ર	૧૪, ૧૫, ૫૪, ૭૪, ૧૭૭, ૨૭૭
અશ્વસેન	૩૬૧
અશ્વસેનવાચક	૪૦
અશ્વસેનીય	૩૬૨
અષ્ટક	૩૩૩
અષ્ટાંગનિમિત્ત	૭, ૬૨
અષ્ટાપદ	૭૧
અસંક્લિષ્ટ	૩૨
અસંખ્યાત	૨૭૩
અસંજ્ઞી	૬૬
અસંયમ	૧૦૪
અસંપાતિમ	૨૧૦
અસંપ્રામ	૮
અસંપ્રામકામ	૮, ૫૩
અસંસ્કૃત	૯૯
અસકલ	૯૯
અસન્નિહિત	૩૩
અસમાધિસ્થાન	૧૧૦, ૨૮૦
અસહનશીલ	૧૯૪
અસહિષ્ણુ	૨૨૦
અસાત	૧૧૨
અસિપત્ર	૧૦૯
અસ્થિ	૩૭
અસ્થિત	૨૭
અસ્થિતકલ્પ	૨૭
અહિંસક	૧૬૦
અહિંસા	૮, ૧૪, ૫૨, ૯૧, ૯૯, ૧૫૧, ૨૨૧
અહિચ્છત્ર	૨૭
અહિચ્છત્રા	૨૫૯

આ

આંખ	૩૨
આંધ્ર	૨૬, ૩૪, ૨૪૮, ૩૨૪
આકર	૧૦, ૧૭, ૩૮, ૫૪, ૧૦૧, ૧૧૪, ૧૯૮, ૩૫૪
આકર્ષ	૧૩, ૧૮૩
આકાશ	૧૪, ૬૬, ૧૫૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
આકીર્ણ	૯, ૯૭, ૩૭૬
આકુંચનપટ્ટ	૨૨૯
આકુલ	૧૩૫
આક્રોશ	૨૯૯
આક્ષેપ	૧૬
આખ્યાન	૨૯, ૩૦, ૫૪
આખ્યાયક	૩૮૩
આગંતુક	૨૬
આગમ	૬, ૧૦, ૧૨, ૧૬, ૨૭, ૩૪, ૪૦, ૪૧, ૫૧, ૧૩૫, ૧૪૫, ૧૮૭, ૨૫૦
આગમ-ગ્રન્થ	૬
આગમન	૧૯૨, ૨૧૮
આગમ-વ્યવહાર	૧૮૭
આગમિક	૫, ૧૦
આગમિક વ્યાખ્યા	૫૧
આગાલ	૧૦૨
આચરિત	૪૦૦
આચમ્લ	૧૮, ૮૭
આચાર	૯, ૧૭, ૩૪, ૫૧, ૫૮, ૯૨, ૧૦૨, ૧૦૩, ૨૯૮
આચારકથા	૯૦
આચારકલ્પ	૨૮૦
આચાર-દીપિકા	૪૯, ૪૨૩
આચાર-પ્રકલ્પ	૨૫૧
આચાર-પ્રણિધિ	૩૪૧
આચારવિનય	૧૮૮
આચાર-શાસ્ત્ર	૩૪, ૫૧
આચાર-સંપદા	૧૮૮
આચારાંગ	૬, ૯, ૨૭, ૩૧, ૩૮, ૫૬ ૫૭, ૬૩, ૬૭, ૧૦૧, ૧૦૨, ૧૦૮, ૨૬૬, ૩૮૩
આચારાંગચૂર્ણિ	૨૮, ૩૧, ૨૬૬, ૨૮૭
આચારાંગટીકા	૫૯
આચારાંગદીપિકા	૪૯, ૪૨૪
આચારાંગનિર્યુક્તિ	૬, ૯, ૫૩, ૫૮, ૬૩, ૧૦૧
આચારાંગવિવરણ	૩૮, ૪૯, ૫૪, ૩૫૨
આચાર્ય	૬, ૭, ૮, ૯, ૧૧, ૧૬, ૧૭, ૨૫, ૩૨, ૩૭, ૪૪, ૪૮, ૬૮, ૭૫, ૭૬, ૨૧૦, ૨૧૬, ૨૨૩, ૨૪૧, ૨૪૫, ૨૪૭, ૨૭૫
આચાર્યપદવી	૪૦
આચાર્યવંશ	૫૭
આચાલ	૧૦૨
આચીર્ણ	૧૦૨
આચેલક્ય	૧૯૪
આચ્છેદ્ય	૧૯૨
આજાતિ	૧૦૨
આજિનક	૩૮૪
આજીવક	૩૦, ૫૨, ૨૭૮
આજીવદોષ	૧૯૨
આજીવિકમતનિરાસ	૨૮૯
આજ્ઞા	૧૬, ૧૩૫, ૧૮૭, ૨૫૦, ૪૦૦
આજ્ઞાવ્યવહાર	૧૯૦
આઢક	૯૮
આતંક	૧૮, ૧૯૮
આતોદ્યાંગ	૯, ૯૮
આત્મતત્ત્વ	૧૪
આત્મતર	૨૩, ૧૯૪, ૨૩૬
આત્મ-પ્રવાદ	૧૭૫
આત્મ-સંયોગ	૯૭
આત્મા	૧૩, ૧૪૪, ૧૪૭, ૧૫૧, ૧૫૨, ૧૫૩, ૧૫૪, ૧૫૫, ૧૭૦, ૩૬૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
આત્માંગુલ	૨૭૨
આત્માનુશાસન	૩૩૪
આત્મારામ	૪૪૦
આત્માર્થકૃત	૧૯
આત્મોપન્યાસ	૯૧
આદર્શ	૧૦૧
આદર્શ-ગૃહ	૭૨
આદાન	૮, ૯૪, ૧૦૯
આદાનનિક્ષેપણસમિતિ	૧૯૧
આદિત્યમાસ	૧૭
આદિયાત્રિક	૧૯, ૨૧૭
આદેશ	૯૭, ૨૪૯
આધાકર્મ	૨૩, ૨૫, ૧૯૨, ૨૫૫
આધાકર્મિક	૧૯, ૩૧૪
આનન્દ	૩૦, ૫૪, ૨૭૭
આનન્દવિમલસૂરિ	૪૯, ૪૨૪, ૪૨૬, ૪૨૯
આનન્દસાગર	૨૬૬
આનુગામિક	૬૬
આનુપૂર્વી	૨૭૩, ૩૩૭
આપણ	૨૪૯, ૩૮૩
આપણગૃહ	૧૭, ૨૦૮
આભરણ	૩૩, ૫૫
આભિનિબોધિક	૧૩, ૬૫, ૧૩૦, ૨૭૧, ૩૪૫
આભિનિબોધિક જ્ઞાન	૧૨૮
આભૂષણ	૩૧૨
આમ	૧૧૩
આમર્જન	૩૦૯
આમલકપ્પા	૪૦૩
આમોક્ષ	૧૦૧
આમોડક	૯૮

શબ્દ	પૃષ્ઠ
આમ્ર	૩૩, ૩૧૭
આમ્રકુબ્જ	૨૨૯
આમ્રદેવ	૪૭, ૪૧૫
આમ્રશાલવન	૪૦૪
આય	૧૩૭
આયંબિલ	૩૦૯
આયામ	૩૮૩
આયુ	૧૩૯
આયુધશાલા	૭૧
આરંભ	૩૦૯
આરાધના	૧૩૫
આરામ	૩૮૩
આરી	૨૧૫
આરોગ્ય	૯૯
આરોપણા	૨૩૪, ૨૩૬
આર્તધ્યાન	૩૩૯
આર્દ્ર	૯, ૯૮, ૧૦૯
આર્ય	૫, ૧૦, ૧૪, ૨૦, ૨૭, ૧૧૪, ૨૧૭
આર્યકાલ	૩૪
આર્યકુલ	૨૦, ૫૩, ૨૧૮
આર્યકૃષ્ણ	૧૭૯
આર્યક્ષેત્ર	૨૦, ૨૭, ૧૧૪, ૨૫૯
આર્યજાતિ	૨૦, ૫૩ ૨૧૮
આર્યદેશ	૩૪, ૫૪, ૩૧૮
આર્યરક્ષિત	૫૪, ૧૭૯
આર્યરક્ષિત-ચરિત્ર	૭
આર્યવજ્જ	૫૪
આર્યા	૩૨, ૩૦૮
આર્યિકા	૨૪૨
આળસ	૨૯૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
આલિંગન	૮, ૩૩
આલોક	૭૯
આલોચક	૨૩૬
આલોચના	૧૭, ૨૩, ૧૯૦, ૨૩૪, ૨૩૬, ૨૫૦, ૨૭૯, ૪૦૦
આલોચનાર્હ	૨૩૬
આલોચનાવિધિ	૪૦૦
આવરણ	૯૯
આવશ્યક	૬, ૧૧, ૨૪, ૨૮, ૩૬, ૪૮, ૫૬, ૫૭, ૬૪, ૬૫, ૭૦, ૧૧૭, ૧૨૬, ૧૩૫, ૨૬૬, ૨૭૨, ૨૭૪
આવશ્યકચૂર્ણિ	૨૮, ૨૯, ૩૭, ૪૦, ૫૨, ૫૩, ૨૬૬, ૨૭૦, ૨૭૪, ૩૬૧
આવશ્યકચૂર્ણિકાર	૪૬
આવશ્યક-ટિપ્પણ	૪૬, ૪૧૧
આવશ્યક-ટીકા	૩૬
આવશ્યકનિર્યુક્તિ	૬, ૭, ૩૭, ૪૫, ૪૮, ૫૧, ૫૩, ૫૪, ૫૮, ૬૦, ૬૩, ૬૪
આવશ્યકનિર્યુક્તિ-દીપિકા	૭, ૪૮, ૪૨૨
આવશ્યકનિર્યુક્તિબૃહદ્ટીકા	૩૩૩
આવશ્યકનિર્યુક્તિ-લઘુટીકા	૩૩૩
આવશ્યક-મૂલટીકાકાર	૪૬
આવશ્યક-મૂલભાષ્યકાર	૪૬
આવશ્યકવિવરણ	૩૬, ૪૬, ૪૦૬
આવશ્યકવિવેચન	૫૧
આવશ્યકવૃત્તિ	૩૭, ૪૩, ૪૬, ૩૪૪, ૩૮૬, ૩૮૭, ૪૧૦
આવશ્યકવૃત્તિ-પ્રદેશવ્યાખ્યા	૪૬, ૪૧૧
આવશ્યકસૂત્ર	૭
આવશ્યકાનુયોગ	૧૨૭
આવેશ	૨૪૯
આશંકા	૮, ૯૨
આશાતના	૧૦, ૧૧૦
આશ્રમ	૧૦, ૧૭, ૩૮, ૧૧૪, ૧૯૮, ૩૪૫, ૩૯૭
આશ્વાસ	૧૦૧
આષાઢ	૭૪, ૧૭૩, ૧૭૬, ૨૭૭
આષાઢભૂતિ	૧૫, ૯૦, ૯૧, ૧૯૩
આસન	૨૨૯, ૨૫૨
આસસેનીય	૩૬૨
આસેવન	૮, ૧૦૨
આસેવન-શિક્ષા	૨૮૦
આસ્થાનિકા	૨૪
આસ્રવપંચક	૩૮૧
આહાર	૭, ૯, ૨૦, ૨૨, ૩૩, ૩૭, ૫૩, ૬૬, ૧૦૯, ૨૨૯, ૨૪૯, ૨૫૩, ૨૫૮
આહારકશરીર	૧૭
આહારચર્યા	૨૮૯
આહૃત	૨૧૬
આહૃતિકા	૨૧૯
ઇ	
ઇંગિતમરણ	૧૦૭
ઇંગિનીમરણ	૧૭, ૧૮૯
ઇંડા	૨૬
ઇંદ્રકીલ	૩૮૩
ઇંદ્રનાગ	૨૭૭
ઇંદ્રભૂતિ	૧૩, ૭૩, ૧૪૪, ૩૯૧
ઇંદ્રાગમન	૩૦
ઇંદ્રિય	૬૬, ૧૫૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
ઇંદ્રિયનિરોધ	૨૬, ૨૫૨
ઇંધન-પલિય	૩૩
ઇંધનશાલા	૩૩, ૩૧૮
ઇક્ષુ	૮, ૯૪, ૩૦૬
ઇક્ષુરસ	૯૮
ઇક્ષ્વાકુ	૨૦, ૨૧૮
ઇચ્છા	૨૫, ૮૧, ૧૦૦, ૨૪૧
ઇચ્છાછન્દ	૨૩
ઇચ્છાલોભ	૨૩૧
ઇડાકુ	૩૪, ૩૨૪
ઇતિહાસ	૧૦, ૨૨
ઇત્વરિક	૩૩
ઇપ્સિતવ્ય	૪૦૦
ઇલાપુત્ર	૩૦, ૫૪, ૨૭૭
ઇષુશાસ્ત્ર	૭, ૫૩, ૭૦
ઇહભવ	૭૩
ઇહલોક	૧૩, ૧૪૪, ૧૬૦
ઈ	
ઈર્યા	૧૦૮
ઈર્યાસમિતિ	૧૯૧
ઈશ્વર	૩૮૪
ઈશ્વર-કર્તૃત્વ	૧૪, ૧૫૨
ઈશ્વરકર્તૃત્વચર્ચા	૨૮૯
ઈશ્વરી	૧૨૦
ઈહા	૬૫, ૬૬, ૧૩૦
ઈહામૃગ	૩૮૪
ઉ	
ઉગ્ર	૯, ૨૦, ૧૦૨, ૨૧૮
ઉચ્ચાર	૧૮, ૧૦૪
ઉચ્ચારભૂમિ	૧૧૭
ઉચ્છ્રય	૮૪
ઉચ્છ્રિત	૮૪

શબ્દ	પૃષ્ઠ
ઉજ્જયિની	૩૪,૨૫૧, ૩૧૫
ઉજ્જોય	૭૯
ઉજ્ઝના	૮૪
ઉજ્ઝા	૭૭
ઉણ	૩૯, ૨૫૮
ઉત્કટિકાસન	૨૨૯
ઉત્કલિકા	૧૦૫
ઉત્કલ્પ	૨૬૦
ઉત્કુટુકાવસ્થા	૭૩
ઉત્કોચ	૨૪
ઉત્કૃષ્ટિ	૧૯૩
ઉત્ક્ષિપ્ત	૩૭૬
ઉદકાચમન	૨૧
ઉદકાર્દ્ર	૧૯
ઉદયન	૯૮
ઉદયવિજય	૩૫, ૪૨૧
ઉદયસાગર	૩૫, ૪૨૧
ઉદર	૩૨
ઉદાયી	૩૦, ૫૪, ૨૮૦
ઉદાહરણ	૮, ૪૩, ૯૧, ૩૪૦
ઉદિતોદિત	૮૬
ઉદ્‌ગત	૧૯૨
ઉદ્‌ગમ	૧૯૨
ઉદ્‌ગાર	૨૨, ૨૨૯
ઉદ્દેશ	૧૩, ૧૭, ૨૧, ૩૨, ૫૨, ૬૯, ૧૪૩, ૨૮૦
ઉદ્‌ભિગ્ન	૧૯૨
ઉદ્યાન	૩૩, ૩૧૨, ૩૮૩
ઉદ્યાનગૃહ	૩૩, ૫૫, ૩૧૨
ઉદ્યાનશાલા	૩૩, ૩૧૨
ઉદ્યોત	૭૯, ૨૭૮
ઉદ્યોતન	૩૩૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
ઉદ્યોતનસૂરિ	૩૩૦
ઉદ્યોતનાચાર્ય	૪૭, ૪૧૫
ઉન્નતાયુ	૩૯, ૩૫૮
ઉન્નાયુ	૩૫૮
ઉન્મત્ત	૨૭, ૨૪૧
ઉન્માદ	૮, ૯૪, ૨૦૭
ઉન્મિશ્ર	૧૯૩
ઉન્મોચન	૮૪
ઉપકરણ	૧૯, ૨૬
ઉપકલ્પ	૨૭, ૨૬૦
ઉપકેશગચ્છ	૨૯, ૨૬૯
ઉપક્રમ	૧૩૬
ઉપગૂહન	૩૧૨
ઉપગૂહિત	૮, ૯૪
ઉપગૃહીત	૩૨
ઉપચય	૮૪
ઉપચાર	૨૪૫
ઉપદેશ	૬, ૫૬, ૧૩૫, ૨૨૭
ઉપદેશપદ	૩૩૩
ઉપદેશમાલા	૪૬, ૪૦૯
ઉપદેશમાલાવૃત્તિ	૪૬, ૪૧૧
ઉપદેશમાલાસૂત્ર	૪૧૧
ઉપધાન	૯, ૧૯૨
ઉપધાનપ્રતિમા	૧૧૧
ઉપધાનશ્રુત	૧૦૩, ૧૦૭
ઉપધિ	૧૦,૧૮, ૨૦, ૨૧, ૩૨, ૧૯૨, ૨૧૯, ૨૨૧, ૨૨૨, ૨૫૮, ૩૦૮
ઉપધિકલ્પ	૨૭
ઉપનયન	૭, ૭૦
ઉપબૃંહણ	૧૯૨
ઉપમિતિભવપ્રપંચકથા	૨૬૯, ૪૦૯
ઉપયોગ	૨૧,૬૬, ૧૪૮, ૧૮૪, ૩૪૪
ઉપરિદોષ	૧૯, ૨૦૫
ઉપવાસ	૩૦૪
ઉપશમ	૫૨
ઉપશમશ્રેણી	૧૪૦, ૧૪૧
ઉપસર્ગ	૧૮, ૩૦, ૩૦૯
ઉપસર્ગપ્રાપ્ત	૨૪૧
ઉપસર્ગસ્તોત્ર	૭, ૬૨
ઉપસ્થ	૨૭
ઉપસ્થાપન	૨૫૮
ઉપસ્થાપના	૨૪૪
ઉપાંગ	૩૨, ૪૦, ૪૫, ૪૮, ૩૦૨
ઉપાજઝાઉ	૭૭
ઉપાધ્યાય	૮, ૧૮, ૨૪, ૪૭, ૫૧, ૭૫, ૭૭, ૨૧૦, ૨૪૧, ૨૪૫, ૨૪૭
ઉપાધ્યાયવંશ	૫૭
ઉપાશ્રય	૧૦, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૧૮, ૨૧૯, ૨૨૮, ૨૫૮
ઉપાસક	૧૦, ૧૧૧, ૩૭૯
ઉપાસકદશા	૪૦
ઉપાસકદશાંગવૃત્તિ	૪૨, ૩૭૯
ઉપાસકપ્રતિમા	૧૧૧, ૨૭૯
ઉપાસના	૭, ૫૩, ૭૦
ઉપોદ્‌ઘાત	૮, ૫૭, ૬૫, ૧૨૬
ઉભયતર	૨૩, ૧૯૪, ૨૩૬
ઉમાકાંત પ્રેમાનન્દ શાહ	૧૧૯
ઉર	૩૨
ઉરભ્ર	૯, ૧૦૦
ઉલ્લાવકી	૧૭૮
ઉલૂક	૧૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
ઉલૂકતીર	૧૭૩
ઉલૂકી	૧૭૮
ઉલ્લુકા	૧૭૭
ઉલ્લુકાતીર	૧૭૭
ઉવક્ખડ	૩૩
ઉવરિં	૧૮૭
ઉષ્ટ્ર	૮
ઉષ્ટ્રી	૩૦૭
ઉષ્ણ	૯, ૨૫, ૧૦૬
ઉસ્સેતિ	૩૩
ઊ	
ઊરુ	૩૨
ऋ	
ऋજુ	૯૫
ऋજુવાલુકા	૭૩
ऋજુસૂત્ર	૧૭૨
ऋણ	૪૧
ऋતુ	૨૨, ૩૯૮
ऋતુબદ્ધ	૧૯
ऋતુમાસ	૧૭
ऋષભ	૨૭૮
ऋષભદેવ	૭, ૩૦, ૫૩, ૫૪, ૬૯, ૧૨૩, ૨૭૫, ૩૪૬
ऋષભદેવ-ચરિત્ર	૭, ૬૯
ऋષભપુર	૧૭૩, ૧૭૫
ऋષિગુપ્ત	૨૯, ૩૧, ૨૭૦, ૨૯૪
ऋષિભાષિત	૬, ૧૪, ૫૬, ૫૭, ૧૭૩
એ	
એક	૮, ૮૯, ૯૩, ૯૮, ૧૧૦
એકક	૯, ૯૮
એકપાર્શ્વશાયી	૨૨૯
એકવિહારી-પ્રતિમા	૧૧૧
એકસ્થાન	૮૭
એકાત્મવાદ	૧૩, ૨૮૯
એકાવલી	૩૩, ૫૫, ૩૧૨
એડક	૮
એવંભૂત	૧૭૩
એલાષાઢ	૩૦૦
એષણા	૮, ૯૩
એષણાસમિતિ	૧૯૧
ઐ	
ઐતિહાસિક	૮, ૩૦, ૫૪
ઐતિહાસિક ચરિત્ર	૫૪
ઐરાવતી	૨૨૮
ઓ	
ઓઘ	૮, ૨૬, ૨૫૨
ઓઘનિર્યુક્તિ	૬, ૧૦, ૨૮, ૩૦, ૪૦, ૬૩, ૧૧૬, ૧૧૭, ૨૬૬
ઓઘનિર્યુક્તિચૂર્ણિ	૨૯, ૨૬૭, ૨૭૪
ઓઘનિર્યુક્તિ-ટીકા	૪૩, ૩૮૩
ઓઘનિર્યુક્તિ-દીપિકા	૪૯, ૪૨૩
ઓઘનિર્યુક્તિ-બૃહદ્ભાષ્ય	૨૬, ૨૫૪
ઓઘનિર્યુક્તિ-ભાષ્ય	૨૬
ઓઘનિર્યુક્તિ-લઘુભાષ્ય	૨૬, ૨૫૨
ઓઘનિર્યુક્તિ-વૃત્તિ	૪૦, ૩૬૪
ઓઘસંજ્ઞા	૧૩૨
ઓદણ	૩૪, ૩૨૪
ઓસીર	૯૮
ઔ	
ઔત્પત્તિકી	૧૩૧, ૨૭૭
ઔત્પાતિકી	૭૬
ઔદારિક	૨૦, ૨૧૬
ઔદ્દેશિક	૨૬, ૧૯૨, ૧૯૪
ઔપકક્ષિકી	૨૨૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
ઔપઘાતિક	૨૬, ૨૫૨
ઔપપાતિક	૪૦, ૩૮૩
ઔપપાતિકવૃત્તિ	૪૩, ૩૮૩
ઔપમ્ય	૨૫૭
ઔપશમિક	૧૯૬
ઔર્ણિક	૨૦, ૫૪, ૨૧૯
ઔષધ	૧૮, ૧૯, ૨૪૯, ૩૦૭
ઔષધાંગ	૯, ૯૮
ઔષધિ	૧૦૫, ૨૪૯
ઔષ્ટ્રિક	૨૦, ૨૧૯
ક	
કંગુ	૮, ૯૪, ૩૦૬
કંચુક	૨૨૧
કંટક	૧૦, ૨૨, ૨૩૦
કંડુ	૯૮
કંદ	૩૮૩
કજ્જલાંગી	૩૮૩
કતિ	૧૩
કતિજન	૧૮
કતિવિધ	૧૩
કથક	૩૧૪, ૩૮૩, ૩૮૫
કથનવિધિ	૮૬
કથમ્	૧૩
કથા	૮, ૯૩
કથાકોશ	૩૩૩
કથાનક	૯, ૧૦, ૩૦, ૩૪, ૩૭
કનક	૧૬૮
કનકપાષાણ	૧૬૮
કનકાવલી	૩૩, ૫૫, ૩૧૨
કન્યકાન્તઃપુર	૩૩, ૩૧૩
કપડવંજ	૪૧, ૩૬૭
કપિલ	૯, ૨૨, ૭૨, ૧૦૦, ૨૨૬
કપ્પ	૨૫૬
કમલસંયમ ઉપાધ્યાય	૩૫, ૩૨૫
કરકંડુ	૮, ૫૪
કરણ	૮, ૨૭, ૭૮, ૯૪, ૯૯, ૧૭૧, ૧૮૫, ૨૫૨, ૨૫૭
કરુણા	૨૭૨
કર્ણ	૩૬૭
કર્ણરાજ	૪૧, ૩૬૭
કર્ણશોધન	૨૫૮
કર્તા	૧૭૧
કર્તૃવાદ	૨૮૯
કર્બટ	૩૮, ૧૧૪, ૩૫૪, ૩૯૭
કર્વટક	૧૦, ૧૭, ૫૪, ૨૧૬
કર્મ	૭, ૯, ૧૩, ૧૪, ૧૫, ૨૦, ૩૦, ૫૩, ૬૯, ૭૩, ૧૦૫, ૧૪૪, ૧૫૦, ૧૬૨, ૧૭૨, ૧૭૮
કર્મજા	૭૬, ૨૭૭
કર્મપ્રકૃતિ	૩૪, ૨૬૬, ૩૨૪
કર્મપ્રકૃતિવૃત્તિ	૩૮૭
કર્મપ્રકૃતિસંગ્રહણી-ચૂર્ણિ	૪૫, ૩૯૭
કર્મપ્રવાદ	૧૭૯
કર્મબંધ	૨૧, ૫૧
કર્મભૂમિજ	૧૦૩
કર્મવાદ	૧૪, ૫૨
કર્મવૈવિધ્ય	૫૨
કર્મશાલા	૩૩, ૩૧૮
કર્મસ્તવવૃત્તિ	૩૩૩
કર્મસ્થિતિ	૧૬, ૫૨
કર્માન્તગૃહ	૩૩, ૩૧૨
કર્માન્તશાલા	૩૩, ૩૧૨
કલશભવમૃગેન્દ્ર	૩૧, ૨૯૪
કલા	૩૦૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
કલાય	૯૪
કલાલ	૩૩
કલિંગ	૨૭, ૨૫૯
કલિંદ	૨૦, ૨૧૮
કલિકાલ-સર્વજ્ઞ	૪૩
કલેવર	૮૪, ૧૪૭
કલ્પ	૧૦, ૧૬, ૧૭, ૨૭, ૫૭, ૫૯, ૬૦, ૧૧૩, ૧૯૪, ૨૦૦, ૨૩૧, ૨૪૪, ૨૫૭, ૨૬૦, ૩૨૧, ૪૦૮
કલ્પકરણ	૧૯, ૨૦૨
કલ્પ-ટિપ્પનક	૩૨૨
કલ્પધારી	૧૯
કલ્પના	૧૯૦
કલ્પસૂત્ર	૫૦, ૩૨૧
કલ્પસૂત્ર-કલ્પકૌમુદી	૫૧, ૪૩૨
કલ્પસૂત્ર-કલ્પપ્રદીપિકા	૫૦, ૪૩૦
કલ્પસૂત્ર-કલ્પલતા	૫૦, ૪૩૨
કલ્પસૂત્ર-ટિપ્પણક	૫૧, ૪૩૩
કલ્પસૂત્ર-સુબોધિકા	૫૦, ૪૩૧
કલ્પસ્થિત	૧૯૪, ૨૨૮
કલ્પસ્થિતિ	૧૯૪, ૨૩૧
કલ્પિક	૧૯૭
કલ્પિકા	૩૦૧, ૪૦૧, ૪૦૨
કલ્પ્ય	૪૦૨
કલ્યાણવિજયસૂરિ	૫૦, ૪૩૦
કવિ	૫૦
કવીંદ્ર	૩૯, ૩૫૮
કષાય	૧૩, ૧૪, ૬૬, ૯૯, ૧૪૦, ૨૭૭
કષાયદુષ્ટ	૧૯૫
કસ્તૂરચન્દ્ર	૩૫, ૩૨૫, ૪૨૦
કસ્ય	૧૩
કાંચનપુર	૨૬, ૨૫૯
કાંતી	૩૮૬
કાંપિલ્ય	૨૭, ૨૫૯
કાકી	૧૭૮
કાઠિયાવાડ	૪૩૯
કાન	૩૨
કાનનદ્વીપ	૩૯, ૩૫૪
કાપોતિકા	૨૧૫
કામ	૮, ૫૭, ૯૨, ૧૦૦, ૨૮૩
કામ-કથા	૯૩, ૩૧૨
કામ-ક્રીડા	૩૩, ૫૩, ૩૧૨
કામગુણ	૨૭૯
કામદેવ	૩૯, ૫૪, ૨૭૭
કામભોગ	૨૮૮
કામવિકાર	૨૦૭
કામવિજ્ઞાન	૫૩
કામી	૩૩, ૫૩
કાય	૨૨, ૩૨, ૬૬, ૧૩૫, ૧૪૭, ૨૮૧
કાયક્લેશ	૯૧
કાયગુપ્તિ	૧૯૧
કાયષટ્ક	૩૪૦
કાયિકીભૂમિ	૨૧૭
કાયોત્સર્ગ	૮, ૨૬, ૬૫, ૧૩૬, ૨૫૨, ૨૮૧, ૩૦૯
કાયોત્સર્ગ-અકરણ	૧૯૩
કાયોત્સર્ગ-ભંગ	૧૯૩
કારણ	૧૨, ૧૩, ૭૪, ૧૭૧, ૨૧૯
કારણગૃહીત	૧૯૨
કાર્પટિક	૨૦, ૨૧૬
કાર્પાસા	૨૪૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
કાર્મણશરીર	૧૫૦
કાર્મિકી	૧૩૧
કાલ	૮, ૧૩, ૬૬, ૭૪, ૮૮, ૧૦૯, ૧૭૧, ૧૯૨, ૨૫૭
કાલક	૫, ૩૧૫
કાલકલ્પ	૨૭
કાલગુરુ	૨૩૫
કાલપ્રમાણ	૨૭૩
કાલલઘુ	૨૩, ૨૩૫
કાલાતિક્રાન્ત	૨૧, ૨૨૭
કાલાતીત	૧૯૨
કાલાતીતકરણ	૧૯૩
કાલાનુયોગ	૮૯
કાલિક	૭૪, ૨૭૭
કાલિકશ્રુત	૧૪
કાલિકાચાર્ય	૩૦, ૫૪, ૬૦
કાલિકી	૧૩૨
કાવ્યરસ	૨૭૩
કાશી	૨૭, ૨૫૯
કાશ્યપક	૧૮, ૧૯૯
કાષ્ઠ	૮, ૯૪, ૧૦૪, ૩૦૭
કિં	૬૯
કિંચિદવમૌદર્ય	૨૬, ૨૪૯
કિમ્	૧૩
કિયચ્ચિર	૧૩, ૧૮
કિરણાવલી	૫૦
કીર્તિવલ્લભ	૩૫, ૩૨૫, ૪૨૧
કીર્તિવિજયગણિ	૫૦, ૪૩૧
કિલ્લેબંધી	૨૦૬
કુંડગ્રામ	૭૨, ૧૦૯
કુંડલ	૩૩, ૫૫, ૩૧૨
કુંભકાર	૩૦૦
કુકુટી	૨૪૯
કુકુટીઅંડક	૨૪૯
કુક્કુટી	૨૪૯
કુક્ષીઅંડ	૨૪૯
કુણાલ	૨૬, ૨૬૦, ૩૧૦
કુણાલા	૩૪, ૫૪, ૩૧૮
કુત્ર	૧૩
કુત્રિકાપણ	૧૭૮, ૨૨૨
કુદાલા	૧૦૪
કુધાવના	૧૯૩
કુમાર	૨૪, ૫૪, ૨૩૮
કુમારપાલપ્રબન્ધ	૩૮૫
કુરુ	૨૭, ૨૫૯
કુલ	૨૦, ૨૭, ૩૩
કુલક	૩૩૩
કુલકર	૬૯, ૩૪૬
કુલત્થ	૮, ૨૪, ૯૪, ૨૩૯, ૩૦૬
કુલપ્રભ	૩૫, ૩૨૫, ૪૨૦
કુલમદ	૭૨
કુલિક	૧૦૪
કુવલયમાલા	૩૩૧
કુશલત્વ	૯૯
કુશાવર્ત	૨૭, ૨૫૯
કુશીલ	૨૩, ૨૩૭, ૨૩૮, ૨૫૦, ૨૫૭
કુસુંબલ	૨૦૮
કુસુમ	૯૦
કુહ	૯૦
કુહણ	૧૦૫
કૂચેરા	૩૬૬
કૂટાગાર	૩૩, ૩૧૨
કૂપકટ	૭, ૭૦
કૂર	૩૪, ૨૪૬, ૩૨૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
કૂર્ચપુર	૩૬૬
કૂર્મ	૩૭૬
કૃતકરણ	૨૧૫
કૃતપુણ્ય	૨૭૭
કૃતયોગી	૨૫, ૧૯૨
કૃતિ	૩૯, ૧૧૫
કૃતિકર્મ	૭૯, ૧૨૩, ૨૭૮
કૃત્તિકા	૩૯૨
કૃત્સ્ન	૨૦, ૨૨૦
કેકયાર્ધ	૨૭, ૨૬૦
કેવલ	૬૫, ૧૮૮, ૨૭૧
કેવલજ્ઞાન	૧૩, ૧૫, ૧૮, ૩૦, ૩૬, ૫૨, ૬૭, ૭૩, ૧૨૮, ૧૩૪, ૧૮૪, ૨૭૧
કેવલજ્ઞાની	૬૦
કેવલદર્શન	૧૬, ૩૬, ૫૨, ૧૮૪ ૨૭૧
કેવલી	૧૬
કેવલોત્પાદ	૩૦
કેશિકુમાર	૪૦૩
કેષુ	૧૩
કોટ	૨૦૬
કોટિકગણીય	૨૮
કોટિવર્ષ	૨૭, ૨૬૦
કોટ્ટવીર	૧૮૦
કોટ્ટાર્ય	૧૨, ૩૫, ૧૨૨, ૩૨૫, ૩૪૯
કોટ્યાચાર્ય	૭, ૩૫, ૩૭, ૪૭, ૧૨૨, ૩૨૫, ૩૩૦, ૩૪૯
કોટ્યાચાર્યવાદિગણિમહત્તર	૩૩૦
કોટ્યાર્ય	૩૫, ૩૩૫, ૩૨૭, ૩૨૮, ૩૩૦, ૩૪૯, ૪૧૪
કોટ્યાર્યવાદિગણિ	૩૫, ૩૩૦
કોડાલસગોત્ર	૭૨
કોણિક	૩૦, ૫૪, ૨૮૦
કોદ્રવ	૮, ૨૪, ૯૪, ૨૩૯, ૩૦૬
કોલ્લાકગ્રામ	૭
કોશક	૨૧૫
કોશલ	૨૬, ૨૭, ૨૪૮, ૨૫૯
કોશલક	૨૪૮
કોશિકા	૨૨૮
કોષ્ઠાગાર	૩૩, ૫૫, ૩૧૨, ૩૧૪
કૌંડિન્ય	૨૪, ૧૭૭, ૧૮૦, ૨૩૯
કૌકુચિક	૨૩૧
કૌટુંબિક	૩૮૪
કૌતુક	૭, ૭૦
કૌરવ	૨૧૮
કૌશાંબી	૨૭, ૩૪, ૫૪, ૨૫૯, ૩૧૮
ક્રમ	૧૬
ક્રમિકત્વ	૩૬
ક્રિયા	૨૭૯, ૩૩૭, ૩૪૩
ક્રિયાવાદી	૯, ૫૨, ૧૦૮
ક્રિયાસ્થાન	૨૭૯
ક્રીડા	૮, ૯૪, ૧૯૩
ક્રીત	૧૯૨
ક્રોધ	૧૪૦, ૧૯૩
ક્રોધ-દોષ	૧૯૨
ક્રોધ-નિગ્રહ	૨૫૨
ક્લીબ	૨૧, ૨૭, ૨૨૬
ક્લેશ	૨૧૩, ૨૨૮
ક્ષણલવ	૬૯
ક્ષણિકવાદ	૧૫૫
ક્ષત	૯, ૧૦૨
ક્ષત્રિય	૯, ૨૦, ૧૦૨, ૧૨૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
ક્ષપક	૧૯૩
ક્ષપકશ્રેણી	૧૪૦, ૧૪૧
ક્ષપણા	૧૩૭
ક્ષપિત	૧૧૪, ૨૧૩
ક્ષમાકલ્યાણ	૩૩૪
ક્ષમારત્ન	૩૫, ૩૨૬, ૪૨૧
ક્ષમાશ્રમણ	૧૧, ૧૨, ૧૧૯, ૧૨૩
ક્ષમિત	૧૧૪
ક્ષાંત	૯૨, ૯૫
ક્ષામણા	૨૮૧
ક્ષામિત	૨૧૩
ક્ષાયિક	૧૯૬
ક્ષાયોપશમિક	૧૯૬
ક્ષાર	૨૨, ૩૨
ક્ષિપ્તચિત્ત	૨૨, ૨૪, ૫૩, ૨૩૧, ૨૪૦
ક્ષિપ્ર	૧૩૧
ક્ષીરગૃહ	૫૫, ૩૧૪
ક્ષુધા	૨૯૯
ક્ષુલ્લક	૮, ૧૮, ૯૩, ૧૯૩, ૨૧૦
ક્ષુલ્લિકા	૧૮, ૯૦, ૨૧૦
ક્ષુલ્લિકાચાર	૫૮
ક્ષેત્ર	૧૩, ૨૦, ૬૬, ૬૮, ૭૪, ૧૭૧
ક્ષેત્રકલ્પ	૨૭, ૫૪
ક્ષેત્રકાલ	૧૩
ક્ષેત્રપ્રત્યુપેક્ષક	૧૮
ક્ષેત્રસમાસટીકા	૪૫, ૩૯૭
ક્ષેત્રસમાસવૃત્તિ	૩૩૩
ક્ષેત્રાતિક્રાન્ત	૨૧, ૨૨૭
ક્ષેમકીર્તિ	૩૫, ૪૬, ૪૮, ૨૬૩, ૩૨૫, ૪૦૭, ૪૨૦, ૪૨૨
ક્ષોભ	૧૧૨

શબ્દ	પૃષ્ઠ
ખ	
ખંડ	૯૯
ખંડપાણા	૩૦૦
ખંભાત	૪૯, ૪૨૭
ખડ્ગસ્તંભન	૮૬
ખર	૧૦૪
ખરતરગચ્છ	૪૯, ૫૦, ૪૨૭, ૪૨૯
ખરતરગચ્છપટ્ટાવલી	૩૩૪
ખરસ્વર	૧૦૯
ખસદ્રુમશ્રૃગાલ	૨૧૮
ખાદિમ	૮૬
ખિંસિત	૨૩૦
ખિલ્લૂર	૩૮૫
ખેટ	૩૮, ૩૫૪, ૩૯૭
ખેડ	૧૦, ૧૭, ૫૪, ૧૧૪, ૧૯૮
ખેલાપન	૭, ૭૦
ખોલ	૨૧૫
ગ	
ગંગ	૧૫, ૫૪, ૧૭૩, ૧૭૭
ગંગદત્ત	૩૦, ૫૪, ૨૭૭
ગંગસૂરિ	૭૪, ૨૭૭
ગંગા	૨૨૮
ગંજશાલા	૩૩, ૫૫, ૩૧૪
ગંડ	૩૦૯
ગંડિ	૯૭
ગંધ	૭, ૮, ૭૦, ૯૪, ૩૦૭
ગંધપલિય	૩૩
ગંધર્વ	૬૨
ગંધહસ્તી	૩૫, ૩૮, ૪૦, ૩૧૫, ૩૫૧, ૩૫૨, ૩૫૪, ૩૬૨, ૩૭૧
ગંધાંગ	૯, ૯૮
ગંધિકાશાલા	૨૪૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
ગંભૂતા	૩૯, ૩૫૫
ગચ્છ	૧૮, ૧૯, ૨૨
ગચ્છપતિ	૩૬
ગચ્છપ્રતિબદ્ધયથાલંદિક	૧૯, ૨૦૫
ગચ્છવાસી	૧૯, ૨૦૦
ગચ્છશતિકા	૧૯, ૨૦૨
ગચ્છાચાર	૪૯
ગચ્છાચારટીકા	૪૯, ૪૨૪
ગચ્છાચારવૃત્તિ	૪૯, ૪૨૪
ગજ	૭૨
ગજપુર	૨૭, ૨૫૯
ગણ	૨૫, ૧૩૫, ૨૪૧
ગણક	૩૮૪
ગણધર	૧૩, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૩૦, ૫૭, ૬૭, ૭૩, ૧૩૮, ૨૨૦, ૨૭૦, ૩૦૯
ગણધરવાદ	૭, ૧૩, ૫૨, ૧૪૩
ગણધરસ્થાપના	૨૫
ગણનાયક	૩૮૪
ગણાંતરોપસંપદા	૨૧, ૨૨૭
ગણાવચ્છેદક	૨૫, ૨૪૬
ગણાવચ્છેદિની	૨૪૫
ગણિ	૧૧૧
ગણિત	૭, ૬૯
ગણિતશાસ્ત્ર	૧૨
ગણિતાનુયોગ	૧૪, ૮૮, ૧૭૩, ૨૫૨
ગણિપદ	૧૪
ગણિસંપદા	૧૧૦, ૧૮૮
ગણી	૧૦
ગતિ	૬૬
ગદ્ય	૯૨
ગમ	૧૩૩

શબ્દ	પૃષ્ઠ
ગમન	૧૮, ૧૯૨, ૧૯૩
ગમનાગમન	૧૮, ૨૫૩
ગમિક	૬૬, ૧૩૨, ૧૩૩, ૧૮૩
ગર્દભ	૮, ૩૦૭
ગર્દભિલ્લ	૩૪, ૩૧૫
ગર્ભ-પરિવર્તન	૭૨
ગર્ભાધાન	૨૧, ૫૩, ૨૨૨
ગર્ભાપહાર	૭૨
ગર્ભિણી	૨૭
ગર્હા	૧૮૫, ૨૭૯
ગલિ	૯
ગવેષણા	૧૯, ૬૬
ગાથા	૭, ૯, ૧૦, ૨૨, ૧૦૯
ગારુડિક	૨૦૭
ગાર્દ્ધપૃષ્ઠ	૧૦૭
ગિરનાર	૩૯, ૩૫૯, ૩૮૫
ગિરા	૯૪
ગીત	૧૯૩, ૩૧૯
ગીતાર્થ	૨૪, ૧૯૪, ૧૯૮, ૨૩૩
ગુચ્છ	૧૦૫
ગુજરાત	૪૩૯
ગુજરાતી	૫૧
ગુણ	૧૫, ૩૩, ૫૫, ૧૭૮, ૩૧૨
ગુણપ્રત્યય	૬૬, ૧૩૪
ગુણપ્રાત્યયિક	૬૭
ગુણરત્ન	૩૫, ૩૨૫, ૪૨૦
ગુણવ્રત	૯૪, ૨૮૧
ગુણશેખર	૩૫, ૩૨૫, ૪૨૦
ગુણસૌભાગ્યગણિ	૪૯, ૪૨૫
ગુણસ્થાન	૨૮૦
ગુપ્તિ	૩૦, ૧૯૧, ૨૫૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
ગુરુ	૩૧, ૩૬, ૩૮, ૬૯, ૧૪૨, ૧૯૧
ગુરુ-પરમ્પરા	૪૨, ૫૭
ગુરુભાઈ	૨૯
ગુરુભ્રાતા	૪૭
ગુરુમાસ	૩૦૩
ગુલિકા	૨૧૫
ગુલ્મ	૧૦૫
ગુહાસિંહ	૨૦, ૨૦૬
ગૂઢાર્થ	૫
ગૃહ	૫૫
ગૃહજિનમંદિર	૨૦૧
ગૃહપતિકુલમધ્યવાસ	૨૧૨
ગૃહસ્થ	૧૯
ગૃહસ્થાશ્રમ	૪૬
ગૃહિપ્રાંત	૨૧૬
ગૃહિભદ્ર	૨૧૬
ગૃહિભાજન	૩૪૦
ગેય	૯૨
ગો	૮, ૯૪
ગોગૃહ	૩૩, ૫૫, ૩૧૨
ગોચ્છક	૨૨૧, ૨૨૨
ગોત્ર	૧૫, ૧૩૯
ગોધૂમ	૮, ૨૪, ૯૪, ૨૩૯, ૩૦૬
ગોપ	૩૦, ૭૩, ૮૦
ગોપાલગણિ	૨૮, ૩૧, ૨૬૮
ગોપાલગણિમહત્તર	૨૮૫
ગોપુર	૩૩, ૩૧૨, ૩૮૩
ગોમાંસ	૨૮૯
ગોવર્ગ	૨૦૬
ગોવિંદ	૨૪૭
ગોવિંદનિર્યુક્તિ	૬, ૨૯, ૩૪, ૨૭૪, ૩૨૪
ગોવિંદવાચક	૬૧
ગોવિંદાચાર્ય	૬, ૧૧૬
ગોશાલક	૩૦, ૫૪, ૨૭૬
ગોશાલકમતનિરાસ	૨૮૯
ગોશાલા	૩૩, ૩૧૩
ગોષ્ઠામાહિલ	૧૫, ૧૬, ૫૪, ૭૪, ૧૭૨, ૧૭૯, ૨૪૭, ૨૭૭
ગૌ	૩૦૭
ગૌડદેશ	૩૮૫
ગૌણ	૨૫૫
ગૌતમ	૧૪૪
ગૌલિકા	૨૪૯
ગ્રંથ	૫, ૧૨, ૫૮, ૬૮, ૧૧૩, ૧૩૫, ૧૪૧
ગ્રંથિભેદ	૧૩૯
ગ્રથિત	૯૨
ગ્રહણ	૯, ૧૦૯, ૧૩૩
ગ્રહણશિક્ષા	૨૮૦
ગ્રહણૈષણા	૧૯૩
ગ્રામ	૧૦, ૧૭, ૧૮, ૧૯, ૩૮, ૫૪, ૧૧૪, ૧૯૮, ૩૫૪, ૩૯૭
ગ્રામમહત્તર	૩૦૫, ૩૦૯
ગ્રામાનુગ્રામ	૨૦
ગ્રીષ્મ	૨૧૪
ગ્લાન	૧૯, ૨૫, ૨૦૪, ૨૨૭, ૨૪૪, ૨૫૨, ૩૧૪
ગ્લાનકલ્પ	૧૯૩

ઘ

ઘંટાશૃગાલ	૧૯૭
ઘટીમાત્રક	૨૦૯
ઘડો	૨૦૯
ઘન	૧૦૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
ઘર	૩૦૮
ઘર્ષણ	૨૨, ૩૨
ઘાત	૭, ૧૩, ૭૦
ઘાસીલાલજી	૪૩૪
ઘૃતકુટ	૨૩૫
ઘોટક	૮, ૩૦૭
ઘોષ	૧૦, ૭૧, ૧૧૪, ૧૯૮
ઘ્રાણેન્દ્રિય	૬૬
ચ	
ચંડકૌશિક	૩૦, ૨૭૬
ચંદન	૮, ૮૬, ૯૪
ચંદનબાલા	૩૦, ૫૪, ૨૭૬
ચંદ્ર	૧૨૦, ૧૬૪
ચંદ્રકુલ	૫૧
ચંદ્રગચ્છ	૫૦
ચંદ્રગુપ્ત	૩૧૦
ચંદ્રપ્રજ્ઞપ્તિ	૫૧
ચંદ્રપ્રજ્ઞપ્તિટીકા	૪૩, ૪૫, ૩૯૮
ચંદ્રપ્રજ્ઞપ્ત્યુપાંગટીકા	૩૮૭
ચંદ્રમા	૩૯૧
ચંદ્રમાસ	૧૭
ચંપા	૨૭, ૨૫૯
ચક્રપુર	૭, ૭૦
ચક્રરત્ન	૭૧
ચક્રવર્તી	૧૭, ૭૧, ૨૭૬
ચક્રારબદ્ધ	૩૦૭
ચક્રિકા	૨૪૯
ચક્ષુરિન્દ્રિય	૬૬
ચક્ષુર્લોલ	૨૩૧
ચણક	૨૪, ૨૩૯
ચતુરંગ	૫૮
ચતુરંગીય	૯૮

શબ્દ	પૃષ્ઠ
ચતુર્ગુરુ	૨૩, ૨૩૫
ચતુર્દશપૂર્વધર	૧૬, ૧૭, ૫૮, ૧૨૯, ૧૯૫
ચતુર્દશપૂર્વવિદ્	૬૦
ચતુર્મુખ	૩૮૩
ચતુર્વિંશતિ	૭૮
ચતુર્વિંશતિપ્રબન્ધ	૩૩૪
ચતુર્વિંશતિસ્તવ	૮, ૪૬, ૬૫, ૭૮, ૧૩૫, ૨૭૮
ચતુર્વિંશતિસ્તુતિસટીક	૩૩૩
ચતુર્વ્રત	૨૩૧
ચતુષ્ક	૯, ૧૭, ૯૮, ૨૦૮, ૩૮૩
ચતુષ્પદ	૮, ૯૪, ૩૦૭
ચત્વર	૧૭, ૨૦૮, ૩૮૩
ચય	૮૩
ચર	૯, ૧૦૬
ચરક	૯૨, ૯૫
ચરણ	૯, ૧૦૦, ૧૦૧, ૧૦૨, ૧૦૬, ૨૫૨
ચરણકરણાનુયોગ	૧૪, ૮૯, ૧૭૩, ૨૫૨
ચરમ	૬૬, ૮૭
ચરિક	૩૮૩
ચરિકા	૩૩, ૩૧૨
ચરિત્ર	૫૪
ચર્મ	૮, ૧૦, ૯૪, ૨૧૫, ૨૫૯, ૩૦૭
ચર્મકાર	૩૩, ૩૧૮
ચર્મપંચક	૨૨૦
ચર્યા	૧૦૬
ચલ	૬૬
ચલનિકા	૨૨૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
ચવલ	૨૩૯
ચાંડાલ	૯, ૧૦૨
ચાતુર્થિક	૯૮
ચાતુર્માસ	૨૫
ચાર	૨૧૩
ચારિત્ર	૧૩, ૨૦, ૨૩, ૫૧, ૬૭, ૭૪, ૧૦૬, ૧૩૮, ૧૪૦, ૧૮૧, ૧૯૨, ૨૫૭
ચારિત્રકલ્પ	૨૭
ચારિત્રધર્મ	૨૪, ૩૪૦
ચારિત્રલાભ	૧૩
ચાર્વાક	૧૪
ચિંતા	૮, ૯૪, ૨૦૭
ચિકિત્સા	૭, ૧૯, ૨૨, ૫૩, ૭૦, ૧૦૭
ચિકિત્સાદોષ	૧૯૨
ચિતા	૭૧
ચિતિકર્મ	૭૯, ૨૭૮
ચિત્ત	૧૦, ૧૧૧
ચિત્તસમાધિસ્થાન	૧૧૧
ચિત્તોડ	૩૬, ૩૩૧
ચિત્રકર્મ	૨૧૧
ચિત્રકૂટ	૩૩૧
ચિત્રા	૩૯૨
ચિરકષાય	૧૯૩
ચિલાતિપુત્ર	૩૯, ૫૪, ૨૭૭
ચિલિમિલિકા	૨૦૯, ૩૦૩
ચિલિમિલી	૨૫૮, ૩૦૩
ચીવર	૩૬૧
ચુંબન	૮, ૩૩, ૯૪, ૩૧૨
ચુણ્ણિ	૫
ચૂડા	૧૦૨
ચૂર્ણ	૯૯, ૧૯૩, ૨૫૫
ચૂર્ણદોષ	૧૯૩
ચૂર્ણિ	૫, ૨૭, ૩૦, ૩૫, ૨૬૬
ચૂર્ણિકાર	૨૮, ૨૬૬, ૨૬૭, ૪૦૭
ચૂલા	૭, ૭૦, ૨૦૮
ચૂલિકા	૮, ૯, ૬૩, ૯૦, ૯૫, ૧૦૮, ૨૯૯
ચેટ	૩૮૪
ચેટક	૩૦, ૫૪, ૨૮૦
ચેતના	૧૫૪
ચેદિ	૨૭, ૨૬૦
ચેલ્લણા	૩૦, ૫૪, ૨૮૦
ચૈતન્ય	૧૫૩, ૧૬૭
ચૈત્ય	૭૩, ૨૦૩, ૨૨૨, ૪૦૪
ચૈત્યપૂજા	૨૦૩
ચૈત્યવન્દન	૨૦૭
ચૈત્યવન્દનભાષ્ય	૩૩૩
ચૈત્યવન્દન-મહાભાષ્ય	૩૯, ૩૫૯
ચૈત્યવન્દનવૃત્તિ-લલિતવિસ્તરા	૩૩૩
ચૈત્યવન્દના	૨૧૪
ચૈત્ર	૭૨
ચોખા	૨૪
ચોર	૩૪, ૩૨૪
ચોલપટ્ટ	૨૨૧
ચૌર્ણ	૯૨

છ

છંદશાસ્ત્ર	૧૨
છ	૯૩
છદ્મસ્થ	૧૯૧
છદ્મસ્થવીતરાગ	૯૭
છન્ન	૩૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
છર્દન	૮૪
છર્દિત	૧૯૩
છિંડિકા	૨૧૨
છુસગૃહ	૩૩, ૩૧૨
છુસશાલા	૩૩, ૩૧૨
છેદ	૧૭, ૧૯૩, ૧૯૪, ૨૪૬, ૨૫૦, ૪૦૦
છેદન	૨૨, ૩૨, ૩૩, ૨૫૭, ૩૧૨
છેદસૂત્ર	૧૪, ૧૭૩
છેદસૂત્રકાર	૬, ૨૬, ૫૯, ૬૦
છેદોપસ્થાપન	૧૪૧
છેદોપસ્થાપના	૧૩
છેદોપસ્થાપનીય	૨૫૧
જ	
જંગલ	૨૭
જંઘા	૩૨
જંબૂ	૩૧૦
જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ	૨૮, ૨૬૬
જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિટીકા	૪૩, ૪૫, ૩૮૭, ૩૯૭
જગચ્ચન્દ્રસૂરિ	૪૨૨, ૪૩૪
જઘન્ય	૩૨
જડ	૨૭
જનપદ	૨૪, ૨૭
જન્મ	૩૦, ૫૩, ૭૦, ૭૨
જન્માભિષેક	૭૩
જમદગ્નિ	૨૭૭
જમદગ્નિજટા	૯૮
જમાલિ	૧૪, ૧૫, ૫૪, ૭૪, ૧૭૨, ૧૭૩, ૨૭૭
જયકીર્તિસૂરિ	૪૨૩
જયતિહુઅણસ્તોત્ર	૪૦
જયતિહુયણસ્તોત્ર	૩૬૬
જયદયાલ	૩૫, ૩૨૬, ૪૨૧
જયવિજયગણિ	૫૦, ૪૩૧
જયસિંહ	૪૭, ૪૧૪
જલ	૧૮, ૩૯, ૧૫૨, ૧૫૯
જલપત્તન	૩૯
જલરુહ	૧૦૫
જલાશય	૨૧૦
જલ્લ	૩૧૪, ૩૮૩
જવ	૩૦૬
જાંગલ	૨૫૯
જાંગિક	૨૦, ૫૪, ૨૧૯
જાતઅસમામકલ્પ	૨૫
જાતસમામકલ્પ	૨૫
જાતિ	૮, ૯, ૨૦, ૨૭, ૫૩, ૫૪
જાતિવાદનિરાસ	૨૮૯
જાતિસ્મરણજ્ઞાન	૬૯, ૭૨
જામનગર	૪૩૬
જિજ્ઞાસુ	૫
જિણદાસ	૩૨૦
જિણદાસગણિમહત્તર	૩૨૦
જિતશત્રુ	૩૯૧
જિતારિ	૩૬, ૩૩૧
જિન	૭૦, ૭૯, ૧૩૮
જિનકલ્પ	૧૯, ૨૭, ૫૨, ૧૮૦, ૧૯૪, ૨૦૦, ૨૦૬, ૨૫૬
જિનકલ્પિક	૧૭, ૧૮, ૩૨, ૧૧૪, ૧૯૯, ૨૨૧, ૨૨૨, ૨૩૫, ૩૦૮
જિનકલ્પી	૨૪૫, ૩૦૮
જિનચૈત્ય	૧૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
જિનચૈત્યવન્દના	૨૦૧
જિનદત્ત	૩૬,૧૨૦, ૩૩૩, ૩૪૮
જિનદાસ	૧૨, ૨૮, ૩૦, ૩૧, ૧૯૧, ૪૩૬
જિનદાસગણિ	૭, ૩૪, ૨૬૬, ૨૬૭, ૩૨૦, ૪૧૭
જિનદાસગણિમહત્તર	૨૮
જિનદેવ	૩૫૭
જિનપ્રભ	૧૧૮
જિનપ્રવચન	૧૫, ૬૮
જિનભટ	૩૫, ૩૬, ૩૨૫, ૩૩૩, ૩૪૮, ૩૪૯, ૪૨૦
જિનભદ્ર	૭, ૧૧, ૧૨, ૧૪, ૧૬, ૨૮, ૩૫, ૩૭, ૪૦, ૬૫, ૧૧૮, ૧૮૬, ૨૬૮, ૨૬૯, ૨૯૧, ૩૨૭, ૩૩૦, ૩૩૧, ૩૪૯, ૪૧૩
જિનભદ્રગણિ	૧૧, ૧૨, ૩૧, ૩૫, ૪૭, ૧૨૪, ૩૨૫, ૩૩૫
જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ	૨૮
જિનમંડનગણિ	૩૮૫
જિનમંદિર	૧૮
જિનમત	૭૪
જિનમાણિક્યગણિ	૫૦, ૪૩૦
જિનરત્નકોશ	૪૨૧
જિનરાજસૂરિ	૪૩૨
જિનવિજયજી	૧૨૧, ૩૩૧
જિનહંસ	૩૫, ૩૨૫, ૪૨૦
જિનાલય	૭૨
જિનેન્દ્રબુદ્ધિ	૪૦, ૩૬૨
જિનેશ્વર	૩૬૬, ૩૭૭
જિનેશ્વરસૂરિ	૪૦
જીત	૧૬, ૨૫૦,૨૯૧, ૪૦૦
જીતકલ્પ	૧૦, ૧૬, ૨૮, ૪૮, ૧૧૭, ૧૨૧, ૧૨૩, ૧૮૬, ૨૬૬, ૨૬૮
જીતકલ્પચૂર્ણિ	૨૮, ૨૯, ૧૨૦, ૨૬૮, ૨૬૯, ૨૯૧
જીતકલ્પ-બૃહચ્ચૂર્ણિ	૩૧, ૪૮, ૨૯૧
જીતકલ્પબૃહચ્ચૂર્ણિ-વિષમપદવ્યાખ્યા	૪૮, ૪૧૮
જીતકલ્પભાષ્ય	૧૦, ૧૬, ૫૧, ૧૧૮, ૧૨૩, ૧૮૬, ૨૫૨, ૨૯૧
જીતકલ્પસૂત્ર	૧૬, ૨૯, ૩૧
જીતયન્ત્ર	૧૯૪
જીતવ્યવહાર	૧૬, ૧૮૭, ૧૯૦
જીર્ણાન્તઃપુર	૩૩, ૩૧૩
જીવ	૮, ૧૪, ૧૫, ૭૩, ૯૩, ૧૪૫, ૧૪૭, ૧૫૧, ૧૫૪, ૧૫૫, ૧૬૨, ૧૭૮, ૩૪૦
જીવન-ચરિત્ર	૫૪
જીવની	૩૫
જીવપ્રદેશ	૭૪
જીવપ્રાદેશિક	૧૫, ૧૭૫
જીવરક્ષા	૯૦
જીવરુત	૧૯૩
જીવવિચારપ્રકરણ	૩૯, ૩૫૯
જીવવિજય	૩૫, ૩૨૫
જીવસત્તાસિદ્ધિ	૩૮૯
જીવસમાસ	૪૧૦
જીવસમાસ-વિવરણ	૪૬, ૪૧૧
જીવાભિગમ	૨૭, ૩૬, ૪૨, ૪૫, ૫૧, ૨૬૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
જીવાભિગમચૂર્ણિ	૪૫, ૩૯૨
જીવાભિગમટીકા	૪૩
જીવાભિગમમૂલટીકા	૪૪, ૪૫, ૩૯૮, ૪૦૪
જીવાભિગમલઘુવૃત્તિ	૩૩૪
જીવાભિગમવિવરણ	૪૫, ૩૯૬
જીવાભિગમોપાંગટીકા	૩૮૭
જુંગિત	૨૭
જુગુપ્સા	૯૯
જુગુપ્સિત	૩૩, ૩૧૮
જૂંભિકાગ્રામ	૭૩
જેકોબી	૩૩૧
જેસલમેર	૧૨૨, ૨૯૨
જૈન	૫, ૬, ૧૦, ૧૨, ૧૭, ૨૨, ૨૭, ૩૪, ૬૧, ૩૪૧
જૈનન્યાય	૫૬
જૈનસંઘ	૪૦
જૈનાગમ	૧૨
જ્ઞાત	૨૧૮, ૩૭૫
જ્ઞાત-કૌરવ	૨૦
જ્ઞાતવિધિ	૨૪૬
જ્ઞાતા	૨૫
જ્ઞાતાધર્મકથા	૪૦, ૪૧, ૪૨
જ્ઞાતાધર્મકથાવિવરણ	૩૭૫
જ્ઞાતિક	૨૬
જ્ઞાન	૨૦, ૨૩, ૪૯, ૬૫, ૬૬, ૧૧૩, ૧૩૮, ૧૯૨, ૨૫૭, ૨૭૩, ૩૩૭, ૩૪૩
જ્ઞાનદર્શન-અભેદનિરાસ	૩૮૯
જ્ઞાનદેવ	૩૬૭
જ્ઞાનપંચક	૭, ૧૭, ૫૨, ૧૨૮, ૧૯૬
જ્ઞાનપંચક-વિવરણ	૩૩૪
જ્ઞાનપંચકસિદ્ધિ	૩૮૯
જ્ઞાનવાદ	૫૨
જ્ઞાનવિમલસૂરિ	૩૫, ૫૦, ૩૨૫, ૩૮૧, ૪૨૧, ૪૨૭, ૪૨૯
જ્ઞાનશીલગણિ	૩૫, ૩૨૫
જ્ઞાનસાગર	૩૫, ૩૨૫, ૪૨૦, ૪૨૧
જ્ઞાનાચાર	૨૩
જ્ઞાનાદિત્યપ્રકરણ	૩૩૪
જ્ઞાનાદિત્રિક	૨૫૨
જ્ઞાનાધિકાર	૬૫
જ્ઞાનાવરણ	૧૩૯
જ્ઞાનોપયોગ	૬૯
જ્યેષ્ઠ	૩૯, ૧૯૪
જ્યેષ્ઠગ્રહ	૧૦, ૧૧૧, ૩૧૪
જ્યેષ્ઠા	૧૭૫, ૩૯૨
જ્યોતિ	૨૧૮
જ્યોતિર્વિદ્	૬, ૫૮, ૬૦, ૬૨
જ્યોતિષ્ક	૧૬૪
જ્યોતિષ્કરંડક	૪૪, ૩૯૩, ૩૯૪
જ્યોતિષ્કરંડક-ટીકા	૪૩, ૩૮૭
જ્યોતિષ્કરંડકવૃત્તિ	૪૪, ૩૯૩
જ્વર	૨૦૭
જ્વાલા	૧૦૪

ટ

ટબાકાર	૪૩૬
ટિપ્પણ	૩૯
ટિપ્પન	૩૨૬
ટિપ્પનક	૩૨૬
ટીકા	૫, ૨૯, ૩૪, ૩૯, ૪૩, ૪૬, ૩૨૫, ૩૨૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
ટીકાકાર	૧૦, ૩૪, ૩૨૫
ડ	
ડેપન	૧૯૩
ત	
તંતુણ	૨૦, ૨૧૮
તંત્ર	૬૮, ૧૪૧
તંદુલવૈચારિક	૨૭૩
તંદુલવૈચારિકવૃત્તિ	૪૯, ૪૨૫
તંબ	૩૦૭
તચ્ચંણિય	૩૦, ૫૨, ૨૭૮
તજ્જીવતચ્છરીરવાદ	૨૮૯
તટ	૨૩
તડાગ	૩૮૩
તત્ક્ષણિક	૩૦, ૫૨
તત્પરિભોગ	૧૯૩
તત્પ્રતિષેધ	૮, ૯૨
તત્ત્વ	૧૪
તત્ત્વાદિત્ય	૩૮, ૩૫૨, ૩૫૬
તત્ત્વાર્થટીકા	૪૫
તત્ત્વાર્થભાષ્ય	૨૮, ૪૫, ૩૩૯
તત્ત્વાર્થભાષ્ય-બૃહદ્વૃત્તિ	૩૮
તત્ત્વાર્થભાષ્ય-વૃત્તિ	૩૫૧
તત્ત્વાર્થભાષ્યવ્યાખ્યા	૨૯૬
તત્ત્વાર્થમૂલટીકા	૪૫
તત્ત્વાર્થસૂત્ર	૨૭૦
તત્ત્વાર્થાધિગમ	૩૪
તત્ત્વાર્થાધિગમસૂત્રટીકા	૩૮૭
તદુભય	૨૭, ૧૯૨
તદ્ભાવના	૮, ૯૪
તનુ	૮૩
તપઃકર્મ	૧૦૭

શબ્દ	પૃષ્ઠ
તપ	૮, ૧૭, ૨૬, ૨૭, ૬૯, ૯૧, ૧૯૦, ૨૩૫, ૨૫૧, ૨૫૨, ૪૦૦
તપસ્વી	૨૪, ૬૯
તપાગચ્છ	૪૯, ૫૦, ૪૨૭
તપાગચ્છનાયક	૪૯
તપોગુરુ	૨૨, ૨૩૫
તપોદાન	૧૯૪
તપોરત્નવાચક	૩૫, ૩૨૫, ૪૨૧
તમાલપત્ર	૯૮
તમિલ	૩૨૪
તર	૩૦૮
તરંગવતી	૩૦, ૩૪, ૩૧૨
તરુ	૯૦, ૩૦૭
તર્ક	૩૪
તર્ણાદિ-બંધન	૧૯૩
તલ	૧૯૭
તલવર	૩૮૪
તલિકા	૨૧૫
તવુ	૩૦૭
તાડન	૭૦
તાડના	૭
તાડપત્ર	૨૯
તાપસ	૩૦, ૫૨, ૯૨, ૯૫, ૨૭૮
તામલિપ્તિ	૩૯, ૩૫૫
તામ્ર	૮, ૯૪
તામ્રલિપ્તિ	૨૭, ૨૫૯
તાયી	૯૫
તાર્ત્તીયીક	૯૮
તાલ	૧૦, ૧૭, ૧૧૩, ૧૯૭
તાલાચર	૩૮૩
તિતિણિક	૨૩૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
તિતિક્ષા	૯૯
તિત્થ	૧૩૮
તિનિશ	૮, ૯૪, ૩૦૭
તિમિર	૯૮
તિરીટપટ્ટક	૨૦, ૨૧૯
તિર્યક્	૩૩
તિર્યગ્ચ	૧૦૩
તિર્યગ્ચ-પ્રતિમા	૨૧૧
તિલ	૮, ૨૪, ૯૪, ૨૩૯, ૩૦૬
તિલકમંજરી	૩૯, ૩૫૮, ૩૫૯
તિષ્યગુપ્ત	૧૪, ૧૫, ૫૪, ૭૪, ૧૭૩, ૧૭૫, ૨૭૭
તિસરિય	૩૩, ૫૫, ૩૧૨
તીરાર્થી	૯૨, ૯૫
તીર્ણ	૯૨, ૯૫
તીર્થ	૫૭, ૬૮, ૭૯, ૧૪૧
તીર્થંકર	૭, ૧૭, ૧૮, ૩૦, ૫૩, ૫૪, ૫૬, ૬૭, ૬૮, ૬૯, ૭૯, ૧૬૫, ૧૯૯, ૨૭૧, ૨૭૪, ૨૭૮
તીર્થંકરનામકર્મ	૧૭૨
તીર્થંકરનામ-ગોત્રકર્મ	૩૪૬
તીવ્રમંદ	૬૬
તુંબ	૩૭૬
તુંબવીણિક	૩૮૩
તુટિક	૩૯૨
તુડિય	૩૩, ૫૫, ૩૧૨
તુવર	૩૦૬
તુવરી	૮, ૨૪, ૯૪, ૨૩૯
તુષગૃહ	૩૩, ૩૧૨
તુષશાલા	૩૩, ૩૧૨
તૂણઇલ્લ	૩૮૩

શબ્દ	પૃષ્ઠ
તૂલ	૩૮૪
તૃણ	૧૦૫
તૃણગૃહ	૩૩, ૫૫, ૩૧૨
તૃણપંચક	૧૯૩, ૨૨૦
તૃણફલક	૧૮
તૃણશાલા	૩૩, ૩૧૨
તૃષા	૫
તેજ	૧૫૨
તેજસ્	૯
તેજસ્કાય	૧૦૪, ૩૦૦
તેતલીપુત્ર	૨૯, ૫૪, ૨૭૭, ૩૭૬
તૈંદુક	૧૭૪
તોરણ	૩૮૩
તોસલિપુત્રાચાર્ય	૫૯
ત્યજન	૮૪
ત્યાગ	૬૯
ત્રપુ	૮, ૯૪
ત્રસ	૯, ૧૪૮
ત્રસકાય	૧૦૫, ૩૦૦
ત્રાતા	૯૨
ત્રિક	૩૮૩
ત્રિકૃત્સ્ન	૨૨૨
ત્રિદંડી	૭૧
ત્રિપુટક	૮, ૯૪
ત્રિપુડા	૩૦૬
ત્રિપૃષ્ઠ	૭૧
ત્રિરાશિ	૭૪
ત્રિરાશિવાદ	૨૮૯
ત્રિવિધ	૭૮
ત્રિશાલા	૭૨
ત્રિસ્થ	૧૩૮
ત્રૈરાશિક	૧૫, ૧૭૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
ત્રૈવાર્ષિકસ્થાપના	૨૫
ત્યર્થ	૧૩૮
ત્વક્	૩૮૩
થ	
થરાદનગર	૩૫૮
થારાપદ	૩૫૮
થારાપદગચ્છ	૩૯
દ	
દંડ	૩૨, ૫૫, ૨૫૮, ૩૦૩
દંડનાયક	૩૮૪
દંડનીતિ	૨૪, ૨૩૯
દંડાસન	૨૨૯
દંત	૮, ૯૪, ૩૦૭
દંતધાવન	૨૫૮
દંતનિપાત	૮, ૯૪
દક	૩૩, ૩૧૨
દકતીર	૩૩, ૨૧૦, ૩૧૨
દકપથ	૩૩, ૩૧૨
દકમાર્ગ	૩૩, ૩૧૨
દકસ્થાન	૩૩, ૩૧૨
દક્ષત્વ	૯૯
દક્ષિણ	૫૪, ૫૮
દત્તિ	૭, ૭૦
દધિ	૨૧૮
દમદંત	૨૭૭
દમિલ	૩૪, ૩૨૪
દયા	૯૯
દરયાખાન	૪૩૮
દરિયાપુર	૪૩૯
દરિયાપુરી	૪૩૯
દર્પ	૧૯૦, ૧૯૩

શબ્દ	પૃષ્ઠ
દર્પિકા	૩૦૧, ૪૦૧, ૪૦૨
દર્પ્ય	૪૦૨
દર્શન	૨૦, ૨૩, ૬૬, ૧૦૬, ૧૯૨, ૨૫૭
દર્શનકલ્પ	૨૭
દર્શનશાસ્ત્ર	૧૨, ૫૧, ૫૨
દર્શનાવરણ	૧૩૯
દર્શનેચ્છા	૨૦૭
દલસુખ માલવણિયા	૧૧૯, ૧૨૧, ૨૬૯, ૩૨૭
દશ	૮, ૮૯, ૧૧૦
દશક	૮૯
દશકાલિક	૯૦, ૨૯૨, ૩૩૮
દશપુર	૧૭૩
દશપૂર્વધર	૬૦
દશભાગ	૯૯
દશવૈકાલિક	૬, ૧૦, ૨૮, ૨૯, ૩૬, ૫૬, ૫૭, ૬૦ ૧૧૭, ૨૬૬, ૨૯૨, ૩૩૧
દશવૈકાલિકઅવચૂરિ	૩૩૪
દશવૈકાલિક-આત્મજ્ઞાનપ્રકાશિકા	૫૧
દશવૈકાલિકચૂર્ણિ	૨૮, ૨૯, ૨૬૬, ૨૬૭, ૨૮૩, ૨૯૨, ૨૯૯
દશવૈકાલિકચૂર્ણિકાર	૨૧
દશવૈકાલિકદીપિકા	૪૯, ૪૨૭
દશવૈકાલિકદીપિકાકાર	૫૦
દશવૈકાલિકનિર્યુક્તિ	૬, ૮, ૩૬, ૫૨, ૫૩, ૫૪, ૫૭, ૬૩, ૮૯
દશવૈકાલિકનિર્યુક્તિ-દીપિકા	૪૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
દશવૈકાલિકબૃહદ્ટીકા	૩૩૪
દશવૈકાલિકભાષ્ય	૧૦, ૧૧૭
દશવૈકાલિકવૃત્તિ	૩૭, ૫૨, ૩૩૮
દશવૈકાલિક-સૌભાગ્યચંદ્રિકા	૫૧
દશવૈતાલિક	૨૯૨
દશા	૨૬, ૮૮
દશાર્ણ	૨૭, ૨૬૦
દશાર્ણભદ્ર	૨૭૭
દશાશ્રીમાળી	૪૩૬
દશાશ્રુતસ્કંધ	૬, ૯, ૨૭, ૫૬, ૫૭, ૫૮, ૬૦, ૧૧૦, ૨૬૬
દશાશ્રુતસ્કંધ-ગણપતિગુણપ્રકાશિકા	૫૧
દશાશ્રુતસ્કંધચૂર્ણિ	૨૮, ૩૪, ૩૨૧, ૩૨૩
દશાશ્રુતસ્કંધનિર્યુક્તિ	૬, ૯, ૫૯, ૬૦, ૧૧૦
દાક્ષિણ્યચિહ્ન	૩૩૧
દાતા	૨૫૩, ૩૦૮
દાન	૩૦, ૭૨
દાનશેખર	૪૨૦
દાન્ત	૯૨
દાનશેખરસૂરિ	૩૫, ૫૦, ૩૨૫, ૪૨૯
દામન્નક	૮૭
દાય	૩૮૩
દાયક	૧૯૩
દારુદંડક	૨૨૯
દાર્શનિક	૩૬, ૩૯
દાવદ્રવ	૩૭૬
દાસ	૨૭
દાહ	૨૦૭
દિક્	૯, ૧૦૩
દિગંબર	૧૫, ૩૬, ૫૮, ૬૧, ૧૭૯, ૨૭૭
દિગ્વિજય-યાત્રા	૩૦
દિનકરપ્રજ્ઞપ્તિ	૩૯૬
દિવસશયન	૧૯૬
દિવાકર	૧૧, ૧૧૯
દિવ્ય	૩૩
દિવ્યધ્વનિ	૭૩
દીક્ષા	૨૫, ૩૦, ૩૩, ૩૯, ૪૦, ૨૨૨, ૨૪૭, ૨૫૮, ૩૧૫
દીક્ષાદાતા	૩૬
દીપ	૧૮, ૧૬૮
દીપક	૨૧૮
દીપવિજયગણિ	૨૮૨
દીપિકા	૪૮, ૪૯, ૫૦, ૩૨૬, ૪૩૧
દીપિકાકાર	૫૦
દીમચિત્ત	૨૪, ૫૩, ૨૬૧, ૨૪૧
દીર્ઘનિઃશ્વાસ	૨૦૭
દીર્ઘાધ્વકલ્પ	૧૯૩
દીર્ઘિક	૩૮૩
દુઃખ	૧૭૦
દુગ્ધ	૨૧૮
દુરુપનીત	૯૧
દુર્ગ	૧૦, ૧૯, ૨૩૧
દુર્નિષણ્ણ	૨૧
દુર્બલિકાપુષ્યમિત્ર	૧૭૯
દુર્લભરાજ	૩૬૭
દુર્વચન	૨૩૦
દુર્વિવૃત્ત	૨૧
દુષ્કલ્પ	૨૭, ૨૬૦
દુષ્કાળ	૧૭, ૧૯૮
દુષ્ટ	૨૭, ૨૨૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
દૂત	૩૮૪
દૂતીદોષ	૧૯૨
દૂષ્યપંચક	૧૯૩, ૨૨૦
દૃષ્ટાંત	૮, ૨૪, ૯૨
દૃષ્ટિવાદ	૧૪, ૧૭૩
દૃષ્ટિવાદોપદેશિકી	૧૩૨
દૃષ્ટિસંપાત	૮, ૯૪
દેવ	૧૩, ૧૪, ૭૩, ૧૬૪, ૨૮૦
દેવગુપ્તસૂરિ	૨૯, ૨૬૯
દેવગૃહ	૪૦૪
દેવજી મુનિ	૪૩૫
દેવદારુ	૯૮
દેવપ્રતિમા	૨૧૧
દેવર્દ્ધિગણિ	૪૨૩
દેવસેનગણિ	૫૧, ૪૩૪
દેવાનંદા	૭૨, ૨૭૬
દેવી	૩૦, ૨૭૬
દેવેંદ્રગણિ	૩૫, ૪૭, ૩૨૫, ૪૧૫
દેવેંદ્રનરકેંદ્રપ્રકરણ	૩૩૪
દેવેંદ્રનરકેંદ્રપ્રકરણટીકા	૩૮૭
દેવેંદ્રસૂરિ	૩૮૫
દેશ	૬૬, ૯૯, ૨૫૯
દેશતઃપાર્શ્વસ્થ	૨૩
દેશની	૯૪
દેશવિજય	૭૧
દેશવિરતિ	૧૪૦, ૧૮૨, ૧૮૪
દેશાતર-ગમન	૧૯૮
દેશાવસન્ન	૨૪
દેશીનામમાલા	૪૫
દેશૈકદેશવિરતિ	૧૮૪
દેહ	૧૪, ૮૪, ૧૪૬, ૧૪૭
દેહાવસાન	૪૬

શબ્દ	પૃષ્ઠ
દોષનિર્ઘાતવિનય	૧૮૮
દોહડિ	૪૭, ૪૧૬
દૌવારિક	૩૮૪
દીપિકા	૨૪૯
દ્રવ્ય	૧૫, ૨૦, ૨૭, ૬૬, ૯૨, ૯૫, ૧૭૮, ૩૦૭, ૩૨૭
દ્રવ્યકલ્પ	૨૭
દ્રવ્યશ્રુત	૬૭
દ્રવ્યહિંસા	૨૧
દ્રવ્યાનુયોગ	૧૪, ૮૯, ૧૭૩, ૨૫૨
દ્રાક્ષા	૯૮
દ્રુમ	૮, ૯૦, ૧૦૦
દ્રોણમુખ	૧૦, ૧૭, ૩૮, ૫૪, ૧૧૪, ૧૯૮, ૩૫૪, ૩૯૭
દ્રોણસૂરિ	૩૫, ૪૦, ૩૨૫, ૩૬૪
દ્રોણાચાર્ય	૪૦, ૪૧, ૪૨, ૨૫૪, ૩૬૭, ૩૬૯, ૩૭૭, ૩૮૧, ૩૮૪
દ્વાદશાંગવિદ્	૪૫
દ્વાદશારનયચક્ર	૩૬૦
દ્વાર	૧૩, ૧૬, ૧૮, ૩૩, ૩૧૨, ૩૮૩
દ્વારવતી	૭, ૨૭, ૭૦, ૨૫૧
દ્વાષષ્ટિ	૩૯૨
દ્વિ	૨૪, ૨૩૯
દ્વિક્રિયા	૭૪
દ્વિજવદનચપેટા	૩૩૪
દ્વિપદ	૮, ૯૪, ૩૦૭
દ્વિવિધદ્રવ્ય	૨૧૫
દ્વેષ	૨૭૭
દ્વૈક્રિય	૧૭૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
દ્વૈક્રિયવાદ	૧૫
દ્વૈરાજ્ય	૨૧૪
દ્વ્યાશ્રય	૪૦૯
ધ	
ધન	૨૮૭, ૩૯૬
ધનગુપ્ત	૧૭૭
ધનદેવ	૪૦, ૩૫૮, ૩૬૭
ધનપાલ	૩૯, ૩૫૮
ધનવિજયગણિ	૫૦, ૪૩૦
ધનશ્રી	૩૫૮
ધનસાર્થવાહ	૩૦, ૨૭૫
ધનિક	૨૪, ૨૩૮, ૨૩૯
ધનુષ	૧૦૯
ધન્વન્તરી વૈદ્ય	૮, ૫૪
ધમ્મતિત્થયર	૭૯
ધમ્મિલ	૮૭
ધર્મ	૮, ૫૮, ૬૮, ૭૯, ૯૦, ૯૪, ૨૭૮
ધર્મકથા	૯૩, ૨૦૭, ૩૭૫
ધર્મકથાનુયોગ	૧૪, ૮૯, ૧૭૩, ૨૫૨
ધર્મકરક	૨૧૫
ધર્મકીર્તિ	૩૮, ૩૩૦, ૩૫૧
ધર્મકુળ	૩૬
ધર્મગુરુ	૨૮
ધર્મઘોષસૂરિ	૪૩૪
ધર્મચક્ર	૭, ૭૦
ધર્મજનની	૩૬
ધર્મતીર્થ	૭૯
ધર્મતીર્થકર	૭૯
ધર્મધર્મિભેદાભેદસિદ્ધિ	૩૮૯
ધર્મધ્યાન	૩૩૯
ધર્મપાઠક	૨૩૮
ધર્મબિન્દુ	૩૩૪
ધર્મમંદિર ઉપાધ્યાય	૩૫, ૩૨૫, ૪૨૧
ધર્મરુચિ	૧૭, ૩૦, ૫૪, ૧૯૧, ૨૭૭
ધર્મલાભસિદ્ધિ	૩૩૪
ધર્મવરચક્રવર્તિત્વ	૭૩
ધર્મશ્રુતિ	૯૯
ધર્મસંગ્રહણી	૩૩૪
ધર્મસંગ્રહણી-ટીકા	૪૫
ધર્મસંગ્રહણી-વૃત્તિ	૩૮૭
ધર્મસભા	૧૯૯
ધર્મસાગરગણિ	૫૧, ૪૩૧, ૪૩૨
ધર્મસારમૂલટીકા	૩૩૪
ધર્મસિંહ	૫૧, ૪૩૬
ધર્મસેનગણિ	૧૨૩
ધર્મોપદેશમાલા	૪૧૦
ધર્ષિત	૨૨૨
ધવલક	૪૦, ૩૬૭
ધાત્રીદોષ	૧૯૨
ધાનક	૩૦૬
ધાન્ય	૮, ૫૪, ૯૪, ૨૩૯, ૩૦૬
ધાન્યક	૮, ૯૪
ધાન્યકર	૭૦
ધાન્યપુર	૭
ધાન્યભંડાર	૫૫
ધારણ	૧૩૩
ધારણા	૧૫, ૧૬, ૬૫, ૧૩૦, ૧૮૭, ૧૫૦, ૪૦૦
ધારણાવ્યવહાર	૧૯૦
ધારા	૪૦, ૩૬૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
ધારાનગરી	૩૫૮, ૩૬૭
ધારિણી	૩૯૧
ધાર્મિક	૨૨
ધાવન	૧૯૩
ધીર	૨૫
ધીરવિમલગણિ	૫૦, ૪૨૯
ધીરસુન્દર	૩૫, ૩૨૫, ૪૨૦
ધુત્તક્ખાણગ	૩૦૧
ધૂત	૯, ૧૦૭
ધૂર્તાખ્યાન	૩૪, ૩૦૦, ૩૩૪
ધૂર્ત્ય	૧૧૨
ધૂમ	૧૯૩
ધૂમપલિય	૩૩
ધૃતિ	૯૦
ધૃતિસંહનનોપેત	૧૯૮
ધોળકા	૪૦, ૩૬૭
ધ્યાન	૮, ૧૬, ૮૫, ૯૧, ૨૭૯, ૩૩૯, ૩૪૭
ધ્યાનશતક	૧૨, ૧૨૩, ૩૪૭
ધ્યાપન	૭
ધ્યાપના	૭૦
ધ્રુવ	૧૦૩, ૧૩૧, ૧૩૫

ન

નંદિ	૩૮૮
નંદિ-ટિપ્પણ	૪૬, ૪૧૧
નંદિવર્ધન	૧૯૧
નંદી	૨૮, ૩૬, ૪૮, ૧૨૭, ૨૧૫, ૨૬૭, ૩૩૧, ૩૮૮
નંદીચૂર્ણિ	૨૮, ૨૯, ૩૬, ૫૨, ૨૬૬, ૨૬૭, ૨૬૮, ૨૭૧
નંદીટીકા	૩૬, ૪૩
નંદીદુર્ગપદવ્યાખ્યા	
નંદીપુર	૨૭, ૨૫૯
નંદીફલ	૩૭૬
નંદીભાજન	૨૧૫
નંદી-વિશેષવિવરણ	૩૬
નંદીવૃત્તિ	૩૬, ૪૪, ૫૨, ૩૮૮
નંદીસૂત્રટીકા	૩૮૭
નંદીસૂત્ર-ભાષાટીકા	૫૧
નકર	૩૮
નકુલી	૧૭૮
નક્ષત્રમાસ	૧૭
નખ	૩૨
નખછેદન	૨૫૮
નખનિપાત	૮, ૯૪
નખહરણિકા	૨૧૫
નગર	૭, ૧૦, ૧૭, ૧૮, ૧૯, ૩૬, ૩૮, ૫૪, ૧૧૪, ૧૯૮, ૩૫૪
નગર્ષિગણિ	૩૫, ૩૨૫, ૪૨૦, ૪૨૧
નટ	૩૧૪, ૩૮૩
નટ્ટ	૩૧૪
નદી	૨૨, ૧૯૨, ૨૦૯
નપુંસકવેદ	૨૭, ૩૩, ૨૧૧, ૩૧૫, ૩૪૩
નપુંસકવેદ	૨૨
નમસ્કાર	૮, ૧૩, ૧૫, ૪૪, ૪૫, ૫૭, ૭૫, ૧૮૪, ૨૭૭
નમસ્કાર-પ્રકરણ	૮
નમસ્કાર-ભાષ્ય	૩૬
નમિ	૯, ૧૦૦
નમિસાધુ	૩૫, ૨૨૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
નય	૧૩, ૬૯, ૭૪, ૧૩૬, ૧૩૭, ૧૭૨, ૧૮૫
નયચક્ર	૩૬૦
નયન	૧૩૦
નયવિમલગણિ	૫૦, ૪૨૯
નયાંતર	૨૭
નરક	૭૩
નરકવાસી	૧૦૮
નરવાહનદત્તકથા	૩૧૨
નર્તક	૩૮૩
નર્તકી	૨૨૨
નવનીત	૨૧૮
નવરસ	૨૯
નવાંગવૃત્તિકાર	૫૦
નવાંગીવૃત્તિકાર	૪૦
નવાંતઃપુર	૩૩, ૩૧૩
નાક	૩૨
નાગ	૬૨
નાગદત્ત	૮, ૫૪, ૬૨
નાગર	૩૮૪
નાગરિકશાસ્ત્ર	૫૧, ૫૪
નાગાર્જુનીય	૩૬૦
નાગેન્દ્ર	૧૨૦
નાટ્યવિધિ	૩૯૮
નાડોલ	૩૫૯
નાભિ	૬૯
નામ	૨૦, ૬૬, ૬૯, ૧૩૯, ૩૩૭
નામકર્મ	૬૯
નામકલ્પ	૨૭
નામાવલી	૭
નારક	૧૩, ૧૪, ૧૦૩, ૧૪૪, ૧૬૫, ૧૬૬
નારી	૨૪૨, ૨૮૫
નાલંદા	૧૦૯
નાવ	૧૯૨
નાસ્તિકમતચર્ચા	૨૮૯
નિંદા	૧૮૫, ૨૭૯
નિઃશંકિત	૧૯૨
નિકર	૧૩૫
નિકાચના	૨૩૬
નિકાય	૮, ૯૩, ૧૩૫
નિક્ષિપ્ત	૧૯૩
નિક્ષેપ	૧૩, ૧૬, ૨૦, ૫૫, ૧૩૬
નિક્ષેપ-પદ્ધતિ	૬, ૮, ૫૬
નિક્ષેપ-પૂર્વક	૮, ૯
નિગમ	૧૦, ૧૭, ૫૪, ૧૧૪, ૧૯૮, ૩૯૭
નિગમન	૮, ૯૨
નિગ્રહ	૧૩૫
નિઘંટુભાષ્ય	૫૬
નિજ્જુત્તિ	૫
નિજ્જુત્તિઅણુગમ	૬૧
નિત્યાનિત્ય	૧૪
નિદ્રા	૯૯, ૩૦૦
નિપુણ	૧૨
નિમિત્તદોષ	૧૯૨
નિયતિક	૨૪, ૫૪, ૨૩૮, ૨૩૯
નિયતિવાદ	૨૮૮
નિયોગ	૬૮, ૧૪૨
નિરતિ	૧૧૨
નિરયાવલિકા	૪૮
નિરયાવલિકાવૃત્તિ	૪૮, ૪૧૮
નિરયાવલિકાસૂત્ર	૪૮
નિરાકાર	૧૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
નિરુક્ત	૧૩, ૫૬, ૧૧૩, ૧૮૩
નિરુક્તિ	૧૩, ૬૯, ૧૮૩
નિર્ગત	૨૩, ૨૩૫
નિર્ગમ	૧૩, ૬૯, ૧૪૩
નિર્ગ્રંથ	૧૮, ૨૦, ૯૨, ૯૫, ૧૦૦, ૨૫૦, ૨૫૭
નિર્ગ્રંથી	૧૮, ૧૯, ૨૦, ૨૦૫, ૨૨૨, ૨૨૯
નિર્જરા	૧૯
નિર્જીવ	૩૩
નિર્ણય	૬
નિર્દેશ	૧૩, ૬૮, ૧૪૩
નિર્યાણ	૩૩, ૩૧૨
નિર્યાણગૃહ	૩૩, ૧૫, ૩૧૨
નિર્યાણશાલા	૩૩, ૩૧૨
નિર્યુક્તિ	૫, ૬, ૯, ૧૬, ૨૬, ૩૦, ૫૬, ૬૦, ૬૭, ૧૩૭, ૧૩૮
નિર્યુક્તિકાર	૬, ૧૪, ૫૬, ૫૯, ૬૦
નિર્યુક્તિ-ગાથા	૭
નિર્વસ્ત્ર	૩૨
નિર્વાચન	૧૮
નિર્વાણ	૧૩, ૧૪, ૬૭, ૧૦૨, ૧૬૮
નિર્વાણસિદ્ધિ	૭૩
નિર્વિચિકિત્સા	૧૯૨
નિર્વિણ્ણ	૮૪
નિર્વિશમાન	૧૯૪
નિર્વિષ્ટ	૧૯૪
નિર્વૃતિ	૩૫૬
નિર્વેશ	૨૭
નિવૃત્તિકુલ	૧૧, ૧૧૯

શબ્દ	પૃષ્ઠ
નિવૃત્તિ	૧૨૦, ૨૭૯
નિવેશ	૧૦, ૧૭, ૧૧૪, ૧૯૮
નિશીથ	૯, ૧૦, ૧૬, ૨૭, ૩૩, ૪૦, ૪૮, ૧૦૦, ૧૦૮, ૧૧૭, ૨૪૫, ૨૬૬, ૨૯૮, ૨૯૯, ૩૬૧
નિશીથચૂર્ણિ	૪૮, ૨૬૫, ૨૯૮
નિશીથચૂર્ણિ-દુર્ગપદવ્યાખ્યા	૪૮
નિશીથચૂલા	૨૯૮
નિશીથનિર્યુક્તિ	૬, ૬૩, ૧૦૮, ૧૧૬
નિશીથભાષ્ય	૧૧, ૬૧, ૧૦૮, ૨૬૫
નિશીથવિશેષચૂર્ણિ	૨૮, ૩૧, ૫૩, ૫૪, ૫૫, ૨૬૮, ૨૯૮
નિશ્ચયવાદ	૧૩૧
નિશ્ચિત	૧૩૧
નિશ્રેણ	૨૦૭
નિશ્રા	૨૨૨
નિષણ્ણ	૮૪
નિષદ્યા	૨૨૯, ૨૫૮, ૩૪૦
નિષાદ	૯, ૧૦૨
નિષેધ	૬
નિષ્કાંક્ષિત	૧૯૨
નિષ્કાસિત	૨૭
નિષ્ક્રમણ	૧૯, ૨૦૨
નિષ્પત્તિ	૧૮, ૧૨૭
નિષ્પન્ન	૨૦
નિષ્પાદક	૨૦
નિષ્પાવ	૮, ૨૪, ૯૪, ૨૩૯
નિહ્નવ	૧૪, ૧૫, ૭૪, ૯૯, ૧૭૩, ૨૭૭
નિહ્નવમત	૭
નિહ્નવવાદ	૧૩, ૧૫, ૫૨, ૧૭૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
નીચ	૭૨
નીતિ	૭, ૭૦, ૯૯
નીતિશાસ્ત્ર	૨૪, ૨૩૮
નીહારભૂમિ	૨૧૭
નૃત્ય	૩૧૯
નેપાળ	૫૮
નેમિચંદ્રસૂરિ	૩૫, ૪૭, ૩૨૫, ૪૧૫
નેમિચંદ્રાચાર્ય	૪૭
નેમિનાથ	૪૫, ૩૮૫
નૈગમ	૩૮, ૧૭૨, ૩૫૪, ૩૮૪
નૈમિત્તિક	૭, ૬૨
નૈયતિક	૨૩૯
નૈરાત્મ્યનિરાકરણ	૩૮૯
નોઅપરાધપદ	૯૨
નોજીવ	૧૫, ૧૭૮
નોમાતૃકાપદ	૯૨
નોભયતર	૧૯૪
નોશ્રુતકરણ	૩૬૧
નોસ્થલ	૨૨૮
ન્યાય	૧૩૫, ૪૦૦
ન્યાયપ્રવેશસૂત્રવૃત્તિ	૩૩૪
ન્યાયવિનિશ્ચય	૩૩૪
ન્યાયશાસ્ત્ર	૬
ન્યાયસાગરગણિ	૨૮૨
ન્યાયામૃતતરંગિણી	૩૩૪
ન્યાયાવતાર-વિવૃતિકાર	૪૬
ન્યાયાવતારવૃત્તિ	૩૩૪
પ	
પંક	૧૧૨
પંચ	૩૮૩
પંચક	૩૦
પંચકલ્પ	૧૦, ૨૭, ૧૧૭, ૨૫૭, ૨૬૬
પંચકલ્પચૂર્ણિ	૨૬૯
પંચકલ્પનિર્યુક્તિ	૬, ૨૬, ૫૯, ૧૧૬
પંચકલ્પમહાભાષ્ય	૫, ૧૧, ૧૨, ૧૬, ૨૬, ૫૨ , ૫૩, ૫૪, ૧૧૮, ૧૨૩, ૧૮૬, ૨૫૬
પંચકલ્પલઘુભાષ્ય	૨૬૨
પંચનમસ્કાર	૭૮
પંચનિર્ગ્રંથી	૪૦, ૩૩૪, ૩૩૬
પંચમહાભૂતિક	૨૮૯
પંચમહાવ્રત	૭૧
પંચલિંગી	૩૩૪
પંચવસ્તુક	૪૫, ૧૨૪, ૩૯૯
પંચવસ્તુસટીક	૩૩૪
પંચવ્રત	૨૩૧
પંચસંગ્રહ	૪૫, ૩૯૭, ૩૪૪
પંચસંગ્રહ-ટીકા	૪૫, ૩૯૯
પંચસંગ્રહવૃત્તિ	૩૮૭
પંચસિદ્ધાન્તિકા	૭, ૬૨
પંચસૂત્રવૃત્તિ	૩૩૪
પંચસ્થાનક	૪૦, ૩૩૪
પંચાશક	૩૩૪
પંચાશકવૃત્તિ	૩૬૬
પંચેન્દ્રિયવ્યપરોપણ	૧૯૩
પંજિકા	૩૨૬
પંડક	૨૨, ૨૨૭
પંડિત	૧૨, ૧૩, ૨૪, ૩૯
પંડિતમરણ	૩૧૬
પંથ	૨૦, ૨૧૬
પક્ક	૧૯૮
પગ	૩૨
પચનશાલા	૩૩, ૩૧૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
પશ્ચિત્ત	૧૬, ૧૮૭
પટલ	૯૯
પટલક	૨૨૧
પટ્ટ	૩૩, ૫૫, ૨૨૧, ૩૧૨
પટ્ટધર	૧૧
પટ્ટાવલી	૪૧
પડાલિ	૧૮, ૧૯૯
પણિત	૩૮૩
પણ્યશાલા	૩૩, ૩૧૮
પત્તન	૧૦, ૧૭, ૩૮, ૫૪, ૧૧૪, ૧૯૮, ૩૫૪, ૩૯૭
પત્યપદ્ર	૩૬૭
પદ	૮, ૧૫, ૭૫, ૯૨, ૨૮૩
પદવી	૨૫, ૩૯
પદાર્થ	૧૬
પદ્મખંડ	૭, ૭૦
પદ્મચન્દ્ર	૪૨૨
પદ્મદેવ	૩૫૮
પદ્મસાગર	૩૫, ૩૨૫, ૪૨૧
પદ્મસુન્દરગણિ	૩૫, ૩૨૫, ૪૨૦
પદ્મ	૯૨
પનક	૧૧૨
પરંપરસિદ્ધકેવલ	૩૮૯
પરતર	૨૩, ૧૯૪
પરતીર્થિકોપકરણ	૨૧૫
પરદો	૨૦૯, ૩૦૩
પરદારપ્રત્યાખ્યાન	૨૮૧
પરભવ	૭૩
પરમાધાર્મિક	૧૦૯, ૨૮૦
પરમેષ્ઠી	૭૬
પરલોક	૧૪, ૭૩, ૧૪૪, ૧૬૦, ૧૬૭
પરલોકસિદ્ધિ	૩૩૪
પરિવર્તિત	૧૯૨
પરિકુંચના	૨૩૪
પરિક્ષેપ	૨૦૬
પરિખા	૨૦૬
પરિગ્રહ	૧૫, ૩૦૧
પરિગ્રહ પરિમાણ	૨૮૧
પરિઘ	૩૮૩
પરિજ્ઞા	૯, ૧૦૩, ૧૮૪
પરિણમન	૧૭
પરિણામિકી	૨૭૭
પરિણામી	૧૯૪
પરિભાષા	૪૩
પરિભોગ	૨૦
પરિમંથ	૨૨, ૨૩૧
પરિવસના	૧૦, ૧૧૧, ૩૧૪
પરિવાસિત	૨૩૦
પરિવ્રાજક	૩૦, ૫૨, ૭૧, ૯૨, ૯૫, ૨૭૯
પરિશાટી	૨૨૪
પરિશાતના	૮૪
પરિષ્ઠાપના	૨૧, ૨૭૯
પરિષ્ઠાપનિકાસમિતિ	૧૯૧
પરિષ્વજન	૩૩, ૩૧૨
પરિસ્થાપના	૩૪૭
પરિહરણા	૨૭૯
પરિહાર	૨૩૪, ૨૩૬, ૨૪૦
પરિહારકલ્પ	૨૩૦
પરિહારતપ	૨૧, ૨૨૮, ૨૩૭, ૨૪૫
પરિહારવિશુદ્ધિ	૧૩, ૧૪૦, ૨૫૧
પરીક્ષા	૧૮
પરીત્ત	૬૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
પરીષહ	૯, ૭૨, ૯૭, ૧૦૬, ૧૦૭, ૨૮૦
પરુષ	૨૩૦
પરોક્ષ	૧૦, ૧૨૮, ૧૮૮, ૨૭૦
પર્યંક	૩૪૦
પર્યય	૧૨૮
પર્યયન	૧૨૮
પર્યવખિલ	૯૯
પર્યવન	૧૨૮
પર્યાપ્તક	૬૬
પર્યાય	૧૨૮, ૩૨૬
પર્યાયગૃહ	૩૩, ૩૧૨
પર્યાયવાચી	૧૦
પર્યાયશાલા	૩૩, ૩૧૨
પર્યાલોચન	૧૩૩
પર્યુપશમના	૧૦, ૧૧૧, ૩૧૪
પર્યુષણા	૧૦, ૧૧૧, ૧૯૪, ૩૧૪
પર્યુષણાકલ્પ	૧૧૧
પર્વ	૯૯
પર્વક	૧૦૫
પર્વબીજ	૧૦૫
પર્ષદ	૮૬, ૧૯૭, ૨૭૧
પર્ષદા	૧૯૭
પલંબા	૩૩, ૫૫, ૩૧૨
પલાંડુ	૨૮૯
પલાયિત	૨૭
પલિય	૩૩
પશ્ચિમ	૫૪
પશ્યત્તા	૩૪૪
પહકર	૪૦૪
પાઇઅ-ટીકા	૩૯, ૩૫૯
પાઇલચ્છીનામમાલા	૩૫૯
પાંચાલ	૨૭, ૨૫૯
પાક્ષિકસૂત્ર	૫, ૬૧
પાખંડી	૯૨
પાટણ	૩૯, ૪૦, ૪૧, ૪૭, ૩૫૮, ૩૬૬
પાટલિખંડ	૭, ૭૦
પાઠ	૬૮, ૧૪૧
પાઠભેદ	૪૩, ૪૫
પાઠાંતર	૩૭, ૪૩
પાણિપાત્ર	૩૨
પાણિપાત્રભોજી	૩૨
પાત્ર	૧૦૮, ૩૬૧
પાત્રકબંધ	૨૨૧
પાત્રકેસરિકા	૨૨૯
પાત્રપ્રત્યુપેક્ષણિકા	૨૨૧
પાત્રલેપ	૨૫૩
પાત્રસ્થાપન	૨૨૧
પાદપ	૯૦
પાદપોગમન	૧૭, ૧૦૭, ૧૮૯
પાદમોંછન	૩૨૮
પાદલિપ્ત	૧૯૩
પાદલિપ્તસૂરિ	૪૪, ૩૯૫, ૩૯૮
પાદલિપ્તાચાર્ય	૫૯
પાન	૮૬
પાનક	૧૮, ૨૨૯
પાનાગાર	૩૩, ૫૫, ૩૧૪
પાનાસંવરણ	૧૯૩
પાણી	૯૮
પાપ	૧૩, ૧૪, ૭૩, ૧૧૨, ૧૪૪, ૧૬૬
પાપશ્રુત	૨૮૦
પાપા	૨૭, ૭૩, ૨૬૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
પ્રાયશ્ચિત્ત	૧૬, ૧૮૭
પારંગત	૭
પારાંચિક	૧૭, ૨૧, ૧૯૦, ૧૯૫, ૨૨૬
પારાંચિત	૨૪૧, ૨૫૧
પારિણામિકી	૭૬, ૧૩૧
પારિભાષિક	૫, ૧૦, ૪૩, ૫૬
પાર્શ્વચન્દ્ર	૪૨૦
પાર્શ્વચન્દ્રગણિ	૫૧, ૪૩૬
પાર્શ્વદેવગણિ	૪૧૭
પાર્શ્વનાથ	૪૨૬
પાર્શ્વસ્થ	૨૩, ૮૦, ૨૩૭, ૨૭૮
પાશસ્થ	૨૩, ૨૩૭
પાષાણ	૮, ૯૪, ૩૦૭
પાખંડી	૯૫
પિંડ	૮, ૧૯, ૨૦, ૨૬, ૯૩, ૧૦૮, ૧૩૫, ૧૯૨, ૨૧૮, ૨૫૨, ૨૫૫
પિંડદારુ	૯૮
પિંડનિર્યુક્તિ	૬, ૧૧, ૧૬, ૩૦, ૩૬, ૪૫, ૫૯, ૬૩, ૧૧૬, ૧૧૭, ૧૮૬, ૩૩૧, ૪૦૫
પિંડનિર્યુક્તિટીકા	૪૩, ૩૮૭
પિંડનિર્યુક્તિદીપિકા	૪૨૩
પિંડનિર્યુક્તિભાષ્ય	૧૧, ૨૬, ૧૧૮, ૨૫૨, ૨૫૫
પિંડનિર્યુક્તિ-વિષમપદવૃત્તિકાર	૪૫
પિંડનિર્યુક્તિ-વૃત્તિ	૪૫, ૩૩૪, ૪૦૪
પિંડવિશુદ્ધિ	૨૩, ૧૯૩, ૨૩૫, ૨૫૨
પિંડૈષણા	૧૦૮, ૪૦૫
પિતૃગ્રામ	૩૧૧
પિતૃપક્ષ	૨૪
પિપ્પલક	૨૧૫, ૨૫૮
પિપ્પલી	૯૮
પિલક	૩૦૯
પિહિત	૧૯૩
પીઠ	૩૨
પીઠફલક	૨૨૯
પીઠમર્દ	૩૮૪
પીઠિકા	૧૭, ૨૨, ૩૧, ૩૪, ૩૨૬
પીઠિકાભાષ્ય	૪૬
પુંજ	૧૩૫
પુંડરીક	૯, ૧૦૯, ૩૭૬
પુટ	૨૧૫
પુટભેદન	૧૭, ૧૯૮
પુણ્ય	૧૩, ૧૫, ૭૩, ૧૪૪, ૧૬૬
પુણ્યવિજય	૬૦, ૧૨૩, ૨૧૩, ૨૫૪, ૨૬૩, ૨૬૫, ૨૯૨, ૨૯૪, ૩૨૧, ૩૨૩, ૩૮૫, ૩૯૩
પુણ્યશાલા	૨૭૭
પુણ્યસાગર	૩૫, ૩૨૫, ૪૨૦
પુનર્વસુ	૩૯૨
પુદ્ગલ	૩૦૦
પુરઃકર્મ	૧૯, ૨૦૩
પુરિમાર્દ્ધ	૮૭
પુરુષ	૯, ૧૩, ૨૧, ૩૩, ૬૯, ૭૪, ૧૦૯, ૧૪૬, ૧૭૧, ૨૪૭, ૩૧૬, ૩૪૩
પુરુષજાત	૨૫૧
પુરોહડ	૨૧૨
પુરોહિત	૩૦૯
પુલાક	૨૫૦, ૨૫૭
પુલાકભક્ત	૨૩૦
પુષ્પ	૮, ૯૦
પુષ્પભૂતિ	૮, ૫૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
પુષ્યમિત્ર	૧૪, ૫૪, ૧૭૩
પુસ્તક	૪૧
પુસ્તકપંચક	૧૯૩; ૨૨૦
પૂજા	૯, ૧૦૦
પૂજાકર્મ	૮૦, ૨૭૮
પૂજયભક્તોપકરણ	૨૧૯
પૂરક	૬, ૧૦
પૂર્ણશિરોરોગ	૯૮
પૂતિકર્મ	૧૯૨
પૂર્વ	૮, ૫૪, ૨૮૩
પૂર્વક	૯૨
પૂર્વાંગ	૨૭૩
પૃચ્છન	૭
પૃચ્છના	૭૦
પૃથક્કરણ	૧૩
પૃથ્વી	૯, ૧૦૪, ૧૫૨, ૧૬૦
પૃથ્વીકાય	૧૦૪, ૩૦૦
પૃથ્વીચન્દ્ર	૩૨૧, ૩૨૨, ૪૩૩
પૃથ્વીચન્દ્રસૂરિ	૫૧, ૪૩૪
પૃથ્વીરાજ જૈન	૧૪૪
પેશી	૨૦૮
પેષણ	૨૨, ૩૨
પોટ્ટશાલ	૧૭૮
પોત	૭, ૫૩, ૬૯
પોતક	૨૦, ૨૧૯
પોતાકી	૧૭૮
પૌરુષ્ય	૮૭
પોલાષાઢ	૧૭૬
પ્રકટ	૩૩
પ્રકરણ	૫૩
પ્રકલ્પ	૧૬, ૨૭, ૨૬૦, ૨૯૮, ૨૯૯
પ્રકાર	૩૩, ૩૧૩
પ્રકાશ	૧૬૯
પ્રકીર્ણક	૪૪, ૪૯, ૯૨
પ્રકૃતિ	૧૩, ૧૪૬
પ્રચ્છાદના	૨૨૦
પ્રજા	૨૩૮
પ્રજ્ઞા	૬૬
પ્રજ્ઞાકર ગુપ્ત	૪૬, ૪૦૭
પ્રજ્ઞાપક	૯૫
પ્રજ્ઞાપન	૧૩૫
પ્રજ્ઞાપના	૩૬, ૫૧, ૩૩૧, ૩૭૧
પ્રજ્ઞાપનાટીકા	૪૩, ૪૫, ૩૯૭
પ્રજ્ઞાપનાતૃતીયપદસંગ્રહણી	૪૦, ૩૬૬
પ્રજ્ઞાપનાપ્રદેશવ્યાખ્યા	૩૭, ૩૩૪, ૩૪૧
પ્રજ્ઞાપના-મૂલટીકા	૪૫, ૩૯૭
પ્રજ્ઞાપનાવૃત્તિ	૪૪, ૩૮૯
પ્રજ્ઞાપનાસૂત્ર	૩૭, ૩૪
પ્રજ્ઞાપની	૯૪
પ્રજ્ઞાપનોપાંગટીકા	૩૮૭
પ્રણયન	૧૧૪, ૨૧૩
પ્રણિધાન	૯૦
પ્રણિધિ	૮, ૯૫
પ્રણેતા	૪૯, ૫૭
પ્રતિક્રંતવ્ય	૮૧
પ્રતિક્રમણ	૮, ૧૭, ૩૦, ૬૫, ૮૧, ૧૩૫, ૧૯૧, ૧૯૪, ૨૫૧, ૨૭૯, ૪૦૦
પ્રતિક્રમણ-પ્રકરણ	૮
પ્રતિક્રમિતવ્ય	૮૧
પ્રતિક્રામક	૮૧
પ્રતિગ્રહ	૨૨૨
પ્રતિગ્રહધારી	૩૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
પ્રતિચરણા	૨૭૯
પ્રતિજ્ઞા	૮, ૯૨, ૩૧૧, ૩૪૦
પ્રતિપતિત	૧૮૨
પ્રતિપત્તા	૧૮૨
પ્રતિપન્ન	૧૮૨
પ્રતિપાતોત્પાદ	૬૬
પ્રતિપૃચ્છા	૧૩૩
પ્રતિબદ્ધ	૨૧૧
પ્રતિબદ્ધશય્યા	૨૧૧
પ્રતિબોધ	૫૧, ૯૨
પ્રતિભા	૧૨
પ્રતિમા	૧૦, ૧૮, ૨૩, ૨૬, ૧૦૭, ૧૧૧, ૨૩૫
પ્રતિમાસ્થિત	૨૨૯
પ્રતિલેખના	૧૮, ૧૯, ૨૬, ૨૦૨, ૨૫૨, ૨૭૯
પ્રતિલોમ	૯૧
પ્રતિશ્રય	૨૧૨
પ્રતિષેધ	૮
પ્રતિષ્ઠા	૧૯૪
પ્રતિષ્ઠાકલ્પ	૩૩૪
પ્રતિસંલીનપ્રતિમા	૧૧૧
પ્રતિસાર્થ	૨૧૫
પ્રતિસેવક	૨૯૯
પ્રતિસેવના	૨૩, ૨૩૪, ૨૯૯, ૪૦૦
પ્રતિસેવિતવ્ય	૨૯૯
પ્રત્યક્ષ	૧૦, ૧૨૮, ૧૪૫, ૧૮૭, ૨૭૧
પ્રત્યક્ષ-પરોક્ષ-સ્વરૂપવિચાર	૩૮૯
પ્રત્યય	૧૩, ૬૯, ૭૪, ૧૭૨
પ્રત્યાખ્યાતા	૮૬
પ્રત્યાખ્યાન	૮, ૯, ૬૫, ૭૮, ૮૬, ૧૦૯, ૧૩૬, ૧૮૪, ૧૮૫, ૨૮૧
પ્રત્યાખ્યેય	૮૬
પ્રત્યુપેક્ષણ	૨૪
પ્રથમસમવસરણ	૧૧૧
પ્રથમાનુયોગ	૩૪૬
પ્રદેશ	૩૯, ૯૯
પ્રદેશવ્યાખ્યા-ટિપ્પણ	૪૭, ૪૧૧
પ્રદેશી	૪૦૩
પ્રદ્યુમ્ન	૩૨, ૪૬, ૨૬૮, ૨૯૮, ૪૦૯
પ્રદ્યુમ્ન ક્ષમાશ્રમણ	૨૮
પ્રધ્વંસાભાવ	૧૬૪
પ્રભવ	૩૧૦
પ્રભાવક-ચરિત્ર	૪૧, ૩૩૩, ૩૩૫, ૩૪૯, ૩૫૮, ૩૬૬
પ્રભાવના	૧૯૨
પ્રભાસ	૧૩, ૭૩, ૧૪૪, ૧૬૮
પ્રમત્ત	૨૨૬
પ્રમાણ	૧૯૩, ૨૭૩
પ્રમાણશાસ્ત્ર	૫૨
પ્રમાણાંગુલ	૨૭૨
પ્રમાણાહારી	૨૬, ૨૪૯
પ્રમાદ	૮, ૯૪, ૯૯, ૨૨૬
પ્રમાર્જન	૩૦૯
પ્રમેયરત્નમંજૂષા	૪૨૦
પ્રયોગસંપદા	૧૮૮
પ્રયોજન	૧૫, ૧૬
પ્રરૂપણા	૧૬, ૭૫, ૧૦૨
પ્રલંબ	૧૦, ૧૧૩, ૧૯૭
પ્રલંબસૂરિ	૨૮, ૨૯, ૨૬૮, ૨૭૦
પ્રલોક	૭૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
પ્રવચન	૯, ૬૮, ૬૯, ૧૦૦, ૧૪૧, ૧૮૭
પ્રવચન-પ્રભાવના	૬૯
પ્રવણ	૧૨
પ્રવર્તક	૨૪, ૩૬, ૫૭
પ્રવર્તિની	૧૮, ૨૫, ૨૧૦, ૨૪૨, ૨૪૪
પ્રવાલ	૮, ૯૪, ૩૦૭, ૩૮૩
પ્રવૃત્તિ	૩૪૩
પ્રવ્રજિત	૯૨, ૯૫
પ્રવ્રજ્યા	૧૮, ૨૧, ૨૭, ૩૩, ૧૨૭, ૨૫૮, ૩૧૫
પ્રવ્રાજન	૨૭, ૨૫૮
પ્રવ્રાજના	૨૨૬
પ્રશસ્ત	૭૮
પ્રશસ્તિ	૪૭
પ્રશસ્યભાષ્યસસ્યકાશ્યપીકલ્પ	૧૨
પ્રશાંત	૨૭૩
પ્રશાસન	૪૩
પ્રશિષ્ય	૫૦
પ્રશ્નવ્યાકરણ	૪૦, ૪૨, ૩૮૧, ૪૨૭
પ્રશ્નવ્યાકરણદશા	૪૨૮
પ્રશ્નવ્યાકરણવૃત્તિ	૪૨, ૫૦, ૩૮૧
પ્રશ્નવ્યાકરણ-સુખબોધિકાવૃત્તિ	૫૦, ૪૨૭
પ્રસવ	૯૦
પ્રસિદ્ધિ	૧૬
પ્રસ્તાર	૨૨
પ્રસ્થાપના	૨૨૬
પ્રસ્રવણ	૧૮
પ્રહરણ	૯૯
પ્રહેણક	૧૧૪, ૨૧૩

શબ્દ	પૃષ્ઠ
પ્રાકૃત	૫, ૭, ૧૧, ૧૨, ૨૭, ૩૧, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૩, ૫૬
પ્રાઘુણક	૨૨૦, ૨૦૧, ૨૨૮
પ્રાચીન	૫૯, ૬૦
પ્રાચીર	૨૦૬
પ્રાણાતિપાત	૨૨, ૩૦૦
પ્રાણી	૮, ૧૪૭
પ્રાણુ	૮૪
પ્રાદુષ્કરણ	૧૯૨
પ્રામકારિતા	૧૩૧
પ્રામાવમૌદર્ય	૨૬, ૨૪૯
પ્રામિ	૬૯
પ્રામિકાલ	૬૯
પ્રાભૃત	૧૧૪, ૨૧૩
પ્રાભૃતિકા	૧૮, ૧૯, ૧૯૨, ૨૫૫
પ્રામૃત્ય	૧૯૨
પ્રાયશ્ચિત્ત	૧૬, ૯૧, ૧૮૬, ૧૮૭, ૧૯૦, ૨૩૩, ૨૫૧, ૨૮૧, ૨૯૧, ૪૦૦
પ્રાયશ્ચિત્તદાતા	૧૬, ૧૮૮
પ્રાયશ્ચિત્તદાન	૧૬, ૧૭, ૧૮૯, ૪૦૦
પ્રાવચન	૧૪૧
પ્રાવૃટ્	૨૧૩
પ્રાસ્વસ્થ	૨૩૭
પ્રિયંગુ	૯૮
પ્રિયદર્શના	૧૭૫
પ્રિયમિત્ર	૭૧
પ્રેમપત્ર	૩૩
પ્રેમપત્ર-લેખન	૫૩, ૩૧૧
પ્રોતન	૬૯
પ્લવક	૩૧૪, ૩૮૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
ફ	
ફળ	૧૬, ૩૬, ૮૬
ફલ્ગુરક્ષિત	૫૯
ફુંફુક	૨૦૮
ફુલ્લ	૯૦
બ	
બંધ	૭, ૧૩, ૭૦, ૭૩, ૧૪૪, ૧૬૨
બંધશતક	૪૧૦
બકુશ	૨૫૦, ૨૫૭
બલ	૩૦૫
બલદેવ	૧૭, ૭૧
બલભદ્ર	૧૭૬
બહિર્નિવસની	૨૨૧
બહિલક	૨૦, ૨૧૬
બહુ	૯, ૧૩૧
બહુમાન	૧૯૨
બહુરત	૧૫, ૭૪, ૧૭૪
બહુવિધ	૧૩૧
બહુશ્રુત	૧૬, ૨૫, ૩૬, ૬૯, ૧૯૭
બહ્વાગમ	૨૫
બાદર	૧૦૪
બાદરસંપરાય	૯૭
બાળ	૨૭
બાલ-દીક્ષા	૧૬, ૨૫૦, ૩૧૫
બાલદીક્ષિત	૧૮
બાલપંડિત	૧૮૪
બાલંભા	૫૫
બાલમરણ	૩૧૬
બાલવત્સા	૨૭
બાલાવબોધ	૫૧, ૪૩૬

શબ્દ	પૃષ્ઠ
બાલ્યકાલ	૪૦
બાલ્યાવસ્થા	૩૯
બાહુ	૩૨
બાહ્યસંયોગ	૯૭
બિંદુસાર	૬૭, ૩૧૦
બિડાલી	૧૭૮
બિલ્વમૂલ	૯૮
બીજ	૧૦૩
બીજરુહ	૧૦૫
બુદ્ધ	૯૫
બુદ્ધિ	૭૬, ૨૭૭
બુદ્ધિસાગર	૩૬૬
બૂર	૩૮૪
બૃહટ્ટીકા	૩૪૫
બૃહત્કલ્પ	૬, ૯, ૧૦, ૧૬, ૧૭, ૨૭, ૫૬, ૫૭, ૧૧૫, ૧૧૭, ૨૬૬
બૃહત્કલ્પચૂર્ણિ	૨૮, ૩૪, ૨૬૮, ૩૨૩
બૃહત્કલ્પચૂર્ણિકાર	૧૧, ૨૯, ૪૬, ૧૨૪
બૃહત્કલ્પનિર્યુક્તિ	૬, ૧૦, ૧૧૩
બૃહત્કલ્પ-પીઠિકાનિર્યુક્તિ	૪૬
બૃહત્કલ્પ-પીઠિકાભાષ્ય	૪૬
બૃહત્કલ્પ-પીઠિકાવૃત્તિ	૪૩, ૪૬, ૩૮૭
બૃહત્કલ્પ-બૃહદ્ભાષ્ય	૨૨, ૫૨, ૨૬૩
બૃહત્કલ્પ-લઘુભાષ્ય	૧૧, ૧૨, ૧૬, ૧૭, ૨૨, ૫૨, ૧૧૮, ૧૨૩, ૧૮૬, ૧૯૬, ૨૫૨, ૨૬૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
બૃહત્કલ્પ-લઘુભાષ્યકાર	૪૬
બૃહત્કલ્પ-વિશેષચૂર્ણિકાર	૧૧
બૃહત્કલ્પવૃત્તિ	૪૮, ૪૨૧
બૃહત્ક્ષેત્રસમાસ	૧૨૩, ૨૬૯
બૃહત્ક્ષેત્રસમાસવૃત્તિ	૩૮૭
બૃહત્સંગ્રહણી	૧૨૩
બૃહત્સંગ્રહણીવૃત્તિ	૩૮૭
બૃહદારણ્યક	૪૦
બૃહદ્ભાષ્ય	૧૧
બૃહદ્વૃત્તિ	૩૭
બૃહન્મિથ્યાત્વમંથન	૩૩૪
બોંદિ	૮૪
બોટિક	૧૪, ૧૫, ૩૦, ૫૨, ૧૭૯, ૨૭૭, ૨૭૮
બોધિકા	૨૪૯
બૌદ્ધ	૧૯, ૩૮, ૩૩૪
બૌદ્ધ ઉપાસક	૧૯૩
બૌદ્ધ મતનિરાસ	૨૮૯
બૌદ્ધ શ્રાવક	૨૦૬
બ્રહ્મચર્ય	૧૦૨
બ્રહ્મચર્યગુપ્તિ	૨૫૨
બ્રહ્મદ્વીપિક	૫૯
બ્રહ્મદ્વૈપિક	૧૯૩
બ્રહ્મમુનિ	૪૨૧
બ્રહ્મરક્ષા	૨૨૯
બ્રહ્મર્ષિ	૩૫, ૩૨૫, ૪૫૩
બ્રહ્મસ્થલ	૭, ૭૦
બ્રહ્માપાય	૨૨૮
બ્રાહ્મણ	૯, ૧૩, ૭૨, ૯૫, ૧૦૨
બ્રાહ્મણકુંડગ્રામ	૭૨, ૨૭૬

શબ્દ	પૃષ્ઠ
ભ	
ભંગ	૨૭
ભંગિ	૨૬૦
ભંડશાલા	૩૩, ૩૧૮
ભંડી	૨૦, ૨૧૬
ભંતે	૧૮૫
ભક્ત	૨૦
ભક્તપરિજ્ઞા	૧૭, ૧૮૯
ભક્તપાન	૨૨
ભક્તારુચિ	૨૦૭
ભગંદર	૩૦૯
ભગ	૨૭૫
ભગવતી	૨૭, ૩૮, ૪૦, ૪૧, ૫૧
ભગવતી-વિશેષપદવ્યાખ્યા	૫૦, ૪૨૯
ભગવતીવૃત્તિ	૫૦
ભગવતીસૂત્ર	૫૦
ભગવતીસૂત્ર-દ્વિતીયશતકવૃત્તિ	૩૮૭
ભગવાન્	૨૭૪
ભગિની	૩૪
ભરૂચ	૧૯, ૧૧૯, ૨૦૬
ભર્દંત	૭૮, ૧૮૫
ભદ્દિલપુર	૨૭, ૨૬૦
ભદક	૯૭, ૨૦૪
ભદ્રગુપ્ત	૫૯
ભદ્રદારુ	૯૮
ભદ્રબાહુ	૬, ૭, ૯, ૧૦, ૧૭, ૨૬, ૪૬, ૫૬, ૫૭, ૫૮, ૬૧, ૬૨, ૧૧૦, ૧૯૫, ૨૫૬, ૨૯૯
ભદ્રબાહુસંહિતા	૭, ૬૨
ભદ્રબાહુસૂરિ	૪૪, ૩૯૧
ભદ્રબાહુસ્વામી	૪૦૮, ૪૧૪
ભય	૨૫, ૭૮, ૩૧૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
ભયભીત	૨૭
ભયોત્પાદન	૭૨
ભરત	૩૦, ૫૪, ૭૧, ૨૭૫
ભરતવિશાખિલ	૩૯૮
ભરુકચ્છ	૩૯, ૩૫૫
ભર્તૃહરિ	૪૦, ૩૬૦
ભવ	૧૩, ૧૪, ૩૦, ૬૬, ૬૯, ૧૮૩
ભવપ્રત્યય	૬૬, ૧૩૪
ભવભાવના	૪૬, ૪૧૦
ભવભાવના-વિવરણ	૪૬, ૪૧૧
ભવભાવનાસૂત્ર	૪૧૧
ભવ્ય	૧૬૩, ૩૪૧
ભસ્ત્રા	૮૪
ભાંગિક	૨૦, ૨૧૯
ભાંડ	૨૪૯
ભાંડાગાર	૩૩, ૫૫, ૩૧૪
ભાગ	૩૮૩
ભારતી	૯૪
ભારવહ	૨૦, ૨૧૬
ભાવ	૨૭, ૬૬
ભાવના	૨૩, ૨૬, ૧૦૮, ૨૦૦, ૨૩૫, ૨૩૭, ૨૫૩, ૨૮૦
ભાવવિજય	૩૫, ૫૦, ૩૨૫, ૪૨૧, ૪૩૧
ભાવવિજયગણિ	૪૯, ૪૨૬
ભાવશ્રુત	૬૭
ભાવસાગર	૩૫, ૩૨૫, ૪૨૦
ભાવહિંસા	૨૧
ભાવાર્થ	૪૮
ભાષક	૬૬

શબ્દ	પૃષ્ઠ
ભાષા	૧૩, ૨૦, ૨૯, ૬૬, ૬૮, ૮૪, ૧૦૮, ૧૩૧, ૧૪૨, ૩૧૪, ૩૪૧
ભાષાછન્ન	૩૩
ભાષાસમિતિ	૨૧૯
ભાષ્ય	૫, ૬, ૧૦, ૩૧, ૩૪, ૩૭, ૬૮, ૧૧૭
ભાષ્યકાર	૧૧, ૧૨, ૧૧૭, ૧૧૮
ભાષ્યપીયૂષપાથોધિ	૧૨
ભાષ્યસુધાંભોધિ	૧૨
ભાસ	૫
ભાસ્વામી	૩૮, ૩૫૧
ભિક્ષા	૧૮, ૧૯, ૨૦૨, ૨૪૬
ભિક્ષાચર્યા	૧૮
ભિક્ષાગ્રહણ	૨૫૩
ભિક્ષાટન	૨૫૩
ભિક્ષાદાન	૧૯
ભિક્ષાલાભ	૭, ૫૪, ૭૦
ભિક્ષાવિશુદ્ધિ	૯૦
ભિક્ષુ	૮, ૧૮, ૨૩, ૯૦, ૨૧૦, ૨૩૪, ૩૦૧
ભિક્ષુ-ઉપાસક	૧૦૩
ભિક્ષુણી	૧૮, ૨૧૦
ભિક્ષુપ્રતિમા	૧૧૧, ૨૭૯
ભિક્ષુવર્ણન	૨૮૯
ભિજ્જાનિદાનકરણ	૨૩૧
ભિત્તિ	૧૮, ૧૯૯
ભિન્ન	૧૧૧, ૧૧૯, ૨૨૧
ભિન્નગૃહ	૩૩, ૫૫, ૩૧૨
ભિન્નશાલા	૩૩, ૩૧૨
ભીમ	૩૯, ૩૫૮
ભીમરાજ	૩૫૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
ભુવનતુંગસૂરિ	૩૨૫, ૪૨૦
ભૂગોળ	૫૪
ભૂત	૧૪, ૭૩, ૧૪૯, ૧૫૨, ૧૫૬, ૧૬૭
ભૂતગૃહ	૧૭૮
ભૂતગ્રામ	૨૭૯
ભૂતધર્મ	૧૪
ભૂતવાદ	૧૪
ભૂમિ	૩૦૭
ભૂમિકા	૩૨
ભેદ	૮, ૬૯, ૯૯
ભેદન	૨૨, ૩૨
ભોગ	૨૦, ૨૭, ૨૧૮
ભોજ	૩૯, ૩૫૯, ૩૬૬
ભોજન	૧૯
ભોજરાજ	૩૯, ૩૫૮

મ

મંખ	૩૮૩
મંગલ	૭, ૭૦, ૭૭, ૮૯, ૯૧, ૧૧૩, ૧૨૭, ૧૯૬, ૨૭૪, ૩૩૮
મંગલ-ગાથા	૩૨
મંગલદ્વાર	૧૨૭
મંગલવાદ	૧૭, ૧૯૬
મંડલિકા	૧૦૫
મંડિક	૧૩, ૧૪, ૭૩, ૧૪૪, ૧૬૨
મંડૂક	૩૭૬
મન્તવ્ય	૧૩
મન્ત્ર	૧૯૩
મન્ત્રદોષ	૧૯૩
મંત્રવિદ્યા	૭, ૬૨
મન્ત્રી	૩૮૪
મન્દિર	૭, ૭૦
મગધ	૨૭, ૩૪, ૫૪, ૨૫૯, ૩૧૮, ૩૨૪
મગધસેન	૩૪, ૩૧૨
મઘા	૩૯૨
મડંબ	૧૦, ૧૭, ૩૮, ૫૪, ૧૧૪, ૧૯૮, ૩૫૪, ૩૯૭
મણિ	૮, ૩૩, ૫૫, ૯૪, ૩૦૭, ૩૧૨
મણિનાગ	૧૭૮
મત	૧૫, ૫૨
મતાંતર	૫૨
મતિ	૧૩, ૧૪, ૫૨, ૬૬, ૧૨૯, ૧૩૦, ૨૭૧
મતિજ્ઞાન	૧૩, ૧૨૮
મતિસંપદા	૧૮૮
મત્સ્ય	૨૬૦
મત્સ્યાદિકમસ્થાપના	૩૮૯
મત્સ્યાદિસ્વરૂપનિશ્ચય	૩૮૯
મથુરા	૨૭, ૩૯, ૧૧૯, ૨૬૦, ૩૫૫, ૩૯૪
મદ	૧૬૭
મદન	૯૨
મદશક્તિ	૧૫૨
મદ્ય	૯૯, ૧૫૨, ૨૮૯
મદ્યપાન	૩૦, ૨૮૩
મદ્યાંગ	૯, ૯૮, ૧૬૭
મધ્યમા	૭૩
મન	૬૭, ૧૩૦
મનક	૯૦
મનઃપર્યય	૧૩, ૫૨, ૬૫, ૧૮૮, ૨૭૧
મનઃપર્યયજ્ઞાન	૬૭, ૧૨૮, ૧૩૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
મનુજજીવકલ્પ	૨૭
મનુષ્ય	૫૩, ૧૦૩, ૨૭૩
મનુષ્યક્ષેત્ર	૬૭
મનુષ્યજાતિ	૧૦૨
મનુષ્યપ્રતિમા	૨૧૧
મનુષ્ય-લોક	૧૬૫
મનોગુપ્તિ	૧૯૧
મનોવિજ્ઞાન	૫૧, ૫૩
મનોવૈજ્ઞાનિક	૨૪, ૫૩
મમતા	૭, ૬૯
મરકત	૩૮૪
મરણ	૮, ૯૪, ૧૦૦, ૧૦૭, ૨૦૭
મરણવિભક્તિ	૬૦
મરાઠી	૩૩
મરાલિ	૯૭
મરિચ	૯૮
મરીચિ	૭૦, ૭૧, ૨૭૬
મરુંડરાજ	૧૯૩
મરુદેવી	૬૯
મલધારી અભયદેવસૂરિ	૪૬
મલધારી હેમચંદ્ર	૭, ૩૫, ૩૭, ૬૫, ૧૨૨, ૧૪૩, ૧૮૨, ૩૨૫, ૩૪૯, ૪૦૯
મલધારી હેમચંદ્રસૂરિ	૪૭, ૩૪૯
મલય	૨૭, ૨૬૦
મલયગિરિ	૭, ૩૫, ૪૩, ૪૫, ૪૬, ૩૨૫, ૩૮૫, ૪૨૧, ૪૨૨
મલયગિરિ શબ્દાનુશાસન	૩૮૭
મલયગિરિ સૂરિ	૪૩
મલયવતી	૩૪, ૩૧૨
મલ્લ	૩૧૪, ૩૮૩
મલ્લિકાવાસિત	૯૮
મલ્લી	૩૭૬
મસાર	૩૮૪
મસુરક	૨૪, ૨૩૯
મસૂર	૮, ૯૪
મહતી	૯૦
મહત્	૮, ૯૨
મહત્તરક	૨૪, ૫૪, ૨૩૮
મહત્તરા	૩૩૩
મહદ્ભાવ	૨૪૧
મહન્મેદ્ર	૨૨
મહર્દ્ધિક	૨૦૪, ૨૨૦
મહસેન	૭૩, ૭૪, ૧૪૪
મહાકલ્પ	૩૪, ૩૨૪
મહાકલ્પશ્રુત	૧૪, ૧૭૩
મહાકવિ	૩૯
મહાકાલ	૧૦૯
મહાકુલ	૩૩, ૩૧૨
મહાગિરિ	૮, ૫૪, ૧૭૭
મહાગૃહ	૩૩, ૩૧૨
મહાઘોષ	૧૦૯
મહાનદી	૨૨૮
મહાનસશાલા	૩૩, ૫૫
મહાનિશીથ	૨૭, ૧૧૯, ૨૬૬
મહાપદ્મનંદ	૩૦, ૫૪, ૨૮૦
મહાપથ	૩૮૩
મહાપરિજ્ઞા	૩૮, ૧૦૩, ૩૫૪
મહાપુર	૫૭, ૭૦
મહાભારત	૧૩૩
મહાભિનિષ્ક્રમણ	૭૨
મહામંત્રી	૩૮૪
મહામતિ	૪૦, ૩૬૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
મહામાંડલિક	૩૯૭
મહારાષ્ટ્ર	૨૬, ૨૪૮
મહાવીર	૬, ૧૩, ૧૪, ૩૦, ૫૪, ૫૭, ૬૭, ૬૯, ૭૨, ૧૨૦, ૧૪૩, ૨૭૫, ૨૭૬, ૩૯૧
મહાવીર ચરિત્ર	૭
મહાવીર-જન્મકલ્યાણ	૪૮
મહાવ્રત	૨૭૯, ૩૪૦
મહિલા-સ્વભાવ	૨૨
મહિષી	૮, ૩૦૭
મહી	૨૨૮
મહીરુહ	૯૦
મહેંદ્રપ્રભસૂરિ	૪૯, ૪૨૩
મહેંદ્રસૂરિ	૪૨૦
મહેશ્વરસૂરિ	૪૯, ૪૨૪
મહોત્સવ	૩૦
માઉગ્ગામ	૩૨, ૩૧૧
માંડલિક	૩૯૭
માંસ	૩૭
માંસાહાર	૩૦, ૨૮૩
માગધ	૯, ૧૦૨
માઘ	૪૮
માડંબિક	૩૮૪
માઢર	૨૪, ૨૩૯
માણિક્યશેખર	૭, ૩૫, ૩૨૫, ૪૨૦, ૪૨૧
માણિક્યશેખરસૂરિ	૪૮, ૪૨૨
માણિભદ્ર	૩૯૧
માતૃકાપદ	૯૨
માતૃગ્રામ	૩૨, ૩૩, ૩૧૧
માતૃપક્ષ	૨૪
માત્રક	૨૨૧
માથુરી	૩૯૪
માન	૧૪૦, ૧૧૩
માનદંડ	૭, ૫૩, ૬૯
માનદોષ	૧૯૩
માનુષ્ય	૩૩, ૯૯
માયા	૧૪૦, ૧૯૩
માયાદોષ	૧૯૩
મારણાંતિક	૧૭
માર્ગ	૯, ૨૦, ૬૮, ૧૩૫, ૨૦૧, ૨૧૬, ૪૦૦
માર્ગણા	૬૬
માલવ	૩૯
માલવપ્રદેશ	૩૫૮
માલાહૃત	૧૯૨
માલ્ય	૭, ૭૦
માષ	૮, ૨૪, ૯૪, ૨૩૯, ૩૦૬
માસ	૨૩, ૧૯૪, ૧૯૯, ૨૩૪
માસકલ્પ	૧૮, ૧૯
માસકલ્પવિહારી	૧૭
માસગુરુ	૨૩, ૨૩૫
માસપુરી	૨૬૦
માસા	૩૦૬
માહેંદ્રફલ	૯૮
મિત્ર	૨૬
મિત્રવતી	૮૬
મિત્રશ્રી	૧૭૫
મિથિલા	૭, ૨૭, ૭૦, ૧૭૩, ૨૫૯, ૩૯૧
મિથ્યા	૬૬
મિથ્યાત્વ	૨૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
મિથ્યાશ્રુત	૧૩૩
મિશ્ર	૧૭, ૧૯૦, ૧૯૨, ૨૫૦, ૪૦૦
મિશ્રકથા	૯૩
મિશ્રજાત	૨૬, ૧૯૨
મુંજચિપ્પક	૨૦, ૨૧૯
મુંડન	૨૭, ૨૫૮
મુકુટ	૩૩, ૫૫, ૩૧૨
મુકુંદાતૂર્ય	૯૮
મુક્ત	૯૨, ૯૫
મુક્તાવલી	૩૩, ૫૫, ૩૧૨
મુક્તિ	૧૬૬, ૧૭૦
મુખવસ્ત્રિકા	૩૨, ૧૮૦, ૨૨૧, ૩૦૮
મુદ્‌ગ	૮, ૨૪, ૯૪, ૨૩૯, ૩૦૬
મુનિ	૯૨, ૯૪, ૧૦૬
મુનિચન્દ્રસૂરિ	૩૪, ૪૭, ૩૨૫, ૩૫૯, ૪૧૫, ૪૨૧
મુનિપતિચરિત્ર	૩૩૪
મુનિવિમલસૂરિ	૪૨૬
મુર્મુર	૧૦૫
મૂક	૧૬૯
મૂકા	૭૧
મૂઢ	૨૭
મૂત્ર	૨૨
મૂર્ચ્છા	૨૦૭
મૂલ	૧૯૦, ૧૯૪, ૨૫૧, ૪૦૦
મૂલકર્મદોષ	૧૯૩
મૂલગુણ	૩૨, ૨૩૫, ૨૯૧
મૂલટીકાકાર	૩૭૩, ૪૦૭
મૂલદેવ	૩૦૦
મૂલબીજ	૧૦૫
મૂલ ભાષ્ય	૧૧૭
મૂલભાષ્યકાર	૪૦૭
મૂલવૃત્તિકાર	૩૭૩
મૂલસૂત્ર	૧૦, ૧૭
મૂલાચાર	૬૧
મૂલાવશ્યકટીકા	૧૮૨
મૂલાવશ્યકવિવરણ	૧૪૩
મૂષક	૯૮
મૂષકી	૧૭૮
મૃગપર્ષદ	૨૧૫
મૃગશૃંગ	૧૦૪
મૃગાવતી	૨૩૬, ૨૭૫
મૃગી	૧૭૮
મૃતક-પૂજન	૭
મૃતપૂજના	૭૭
મૃત્તિકાવતી	૨૭, ૨૬૦
મૃત્યુ	૧૦૦
મૃત્યુપ્રાપ્ત	૨૨૭
મૃદુવાક્	૨૨
મૃષાવાદ	૩૦૦
મેંઠ	૨૭૭
મેઘકુમાર	૩૭૬
મેઘરાજવાચક	૩૫, ૩૨૫, ૪૨૦
મેતાર્ય	૧૩, ૩૦, ૫૪, ૭૩, ૧૪૪, ૧૬૭, ૨૭૭
મેધા	૧૪
મેરુતુંગસૂરિ	૪૯, ૪૨૨, ૪૨૪
મેરુસુંદર	૪૨૧
મેવાડ	૩૬, ૩૩૨
મેષ	૩૦૭
મૈથુન	૧૦, ૨૨, ૩૨, ૫૩, ૨૨૫, ૨૯૯, ૩૦૧, ૩૧૧
મૈથુનપ્રતિસેવના	૨૪૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
મૈથુનભાવ	૨૨
મૈથુનસેવન	૨૪૩
મોક	૨૩૦, ૨૪૯
મોકપ્રતિમા	૨૪૯
મોક્ષ	૯, ૧૩, ૬૭, ૭૩, ૧૦૦, ૧૪૪, ૧૬૨, ૧૬૬
મોતીચંદ્ર	૧૯૬
મોદક	૩૦૦
મોરી	૧૭૮
મોહ	૧૦, ૧૧૨
મોહનીય	૧૩૯
મોહનીયસ્થાન	૧૧૧, ૨૮૦
મોહિત	૨૪૧
મૌક્તિક	૮, ૯૪, ૩૦૭
મૌખરિક	૨૩૧
મૌર્યપુત્ર	૧૩, ૭૩, ૧૪૪, ૧૬૪
મૌષ્ટિક	૩૮૩
મ્રક્ષિત	૧૯૩

ય

યક્ષાવિષ્ટ	૨૪૧
યજ્ઞ	૭, ૫૩, ૭૦, ૭૩
યજ્ઞપાટ	૭૩
યજ્ઞવાટિકા	૭૩
યતના	૨૦, ૨૧
યતિ	૯૫
યતિદિનકૃત્ય	૩૩૪
યથાખ્યાત	૧૩, ૧૪૦, ૨૫૧
યથાચ્છંદ	૨૩, ૨૩૭
યથાલંદિક	૧૯, ૨૦૫
યમુના	૨૨૮
યવ	૮, ૨૪, ૯૪, ૨૩૯
યવનિકા	૩૦૩
યવમધ્યપ્રતિમા	૨૬, ૨૫૦
યશોદેવગણિ	૪૧, ૩૬૯
યશોદેવસૂરિ	૨૯, ૨૬૯
યશોધરચરિત્ર	૩૩૪
યશોભદ્ર	૩૧૦
યશોભદ્રસૂરિ	૫૧, ૪૩૪
યાકિની મહત્તરા	૩૬, ૩૩૩, ૩૪૮
યાકિની મહત્તરાસૂનુ	૧૨૪
યાગ	૩૮૩
યાત્રા	૮૧
યાન	૯૯, ૩૮૩
યાપક	૯૧
યાપના	૮૧
યાવજ્જીવ	૧૮૫
યાવજ્જીવન	૭૮
યાવત્કથિક	૩૩
યાવદર્થિકમિશ્ર	૧૯
યાસાસાસા	૨૭૫
યાસ્ક	૫૬
યુગપદ્	૧૭, ૩૬
યુગપદ્-ઉપયોગનિરાસ	૩૮૯
યુગપ્રધાન	૧૨, ૧૨૧
યુગ્ય	૩૮૩
યુદ્ધ	૭, ૭૦
યુદ્ધકલા	૨૭૫
યુદ્ધાંગ	૯, ૯૮
યુવરાજ	૨૪, ૫૪, ૨૩૮, ૩૮૪
યોગ	૬૬, ૭૮, ૯૪, ૧૮૫, ૧૯૩
યોગદૃષ્ટિસમુચ્ચય	૩૩૪
યોગદોષ	૧૯૩
યોગદ્વાર	૧૨૭
યોગબિંદુ	૩૩૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
યોગશાસ્ત્ર	૫૩
યોગસંગ્રહ	૨૮૦
યોદ્ધા	૨૦૭
યોનિ	૨૧, ૨૪, ૨૨૨
યૌગપદ્ય	૩૬
યૌવરાજ્ય	૨૧૪
ર	
રક્ષિત	૧૪, ૫૯, ૭૪, ૧૭૩, ૨૭૭
રજત	૯૨, ૯૪, ૩૦૭
રજોહરણ	૨૦, ૨૩, ૫૪, ૧૮૦, ૨૨૧, ૨૨૨, ૩૦૮
રજ્જુક	૩૦૩
રકઉડ	૪૩
રકકૂડ	૪૩
રક્તવિકાર	૪૦
રતિ	૮, ૯૫
રતિવાક્ય	૨૯૩
રત્ન	૮, ૫૫, ૯૪, ૩૦૬
રત્નકંબલ	૧૭૯
રત્નપ્રભસૂરિ	૩૫, ૩૨૫, ૪૨૧
રત્નવિજય	૧૪૪
રત્નાધિક	૨૨૩
રત્નાવલી	૩૩, ૫૫, ૩૧૨
રથનેમિ	૩૪૦
રથયાત્રા	૧૯, ૨૦૩
રથવીરપુર	૧૭૩, ૧૭૯
રથ્યામુખ	૧૭, ૨૦૮
રવિવાર	૪૮
રસનેંદ્રિય	૬૬
રસપરિત્યાગ	૯૧
રાગ	૨૧, ૨૫, ૫૨, ૨૭૭
રાજગૃહ	૭, ૨૭, ૭૦, ૧૦૯, ૧૭૫, ૧૭૮, ૨૫૯
રાજચંદ્ર	૩૫, ૩૨૫, ૪૨૦
રાજધાની	૧૦, ૧૭, ૨૪, ૨૭, ૩૮, ૫૪, ૧૧૪, ૧૯૮, ૨૬૦, ૩૫૪, ૩૯૭
રાજનીતિ	૫૪
રાજન્ય	૨૦, ૨૧૮
રાજપિંડ	૧૯૪, ૨૩૧, ૩૧૩
રાજપુર	૭, ૭૦
રાજપુરોહિત	૩૬
રાજપ્રશ્નીય	૪૫, ૪૦૩
રાજપ્રશ્નીયટીકા	૪૩
રાજપ્રશ્નીયવિવરણ	૪૫, ૪૦૨
રાજપ્રશ્નીયોપાંગટીકા	૩૮૭
રાજમંત્રી	૪૬
રાજમાષ	૮, ૯૪
રાજવલ્લભ	૩૫, ૩૨૫, ૪૨૦
રાજશીલ	૩૫, ૩૨૬, ૪૨૧
રાજશેખર	૪૦૯
રાજશેખરસૂરિ	૩૩૪
રાજા	૨૪, ૩૬, ૫૪, ૨૩૧, ૨૩૮, ૩૦૯, ૩૮૪
રાજાપકારી	૨૭
રાજીમતી	૩૪૦
રાજ્યસંગ્રહ	૬૯
રાજ્યાભિષેક	૩૦
રાત્રિ	૨૧૫
રાત્રિભક્ત	૨૧૫
રાત્રિ-ભોજન	૧૮, ૨૧, ૨૨૫, ૩૦૧
રાત્રિભોજનવિરતિ	૨૨૯
રાત્રિભોજનવિરમણ	૩૪૦
રાત્રિવસ્ત્રાદિગ્રહણ	૨૧૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
રાત્રિવ્યુત્સર્ગ	૧૯૩
રાધનપુર	૨૯, ૩૫૮
રામવિજય	૪૩૧
રાલક	૮, ૨૪, ૯૪, ૨૩૯, ૩૦૬
રાશિ	૧૩૫
રાશિત્રય	૧૭૮
રાષ્ટ્રકૂટ	૪૩
રાષ્ટ્રમહત્તર	૩૦૫, ૩૦૯
રિષ્ટપુર	૭, ૭૦
રિષ્ઠક	૩૮૩
રુંચક	૯૦
રુક્ખ	૩૪, ૩૨૪
રુગ્ણ	૧૯, ૨૦૪
રુગ્ણાવસ્થા	૪૧
રુચક	૧૮, ૧૯૯
રુદ્ર	૧૦૯
રૂક્ષ	૯૨, ૯૫
રૂત	૩૮૪
રૂપ	૭, ૨૭, ૬૯
રૂપયક્ષ	૨૪, ૫૪, ૨૩૮, ૩૩૫
રૂપવતી	૩૪, ૩૧૫
રોગ	૩૩
રોગી	૨૭
રોપક	૯૦
રોહગુપ્ત	૧૫, ૫૪, ૧૭૮
રોહિણી	૩૭૬, ૩૯૨
રૈવતક	૩૮૫
રૌદ્ર	૨૭૩
રૌદ્રધ્યાન	૩૩૯

લ

લંખ	૩૮૩
લંચા	૨૪
લક્ષણ	૭, ૧૩, ૬૯, ૭૪, ૧૭૨
લક્ષ્મીકલ્લોલગણિ	૩૪, ૩૨૫, ૪૨૦
લક્ષ્મીકીર્તિગણિ	૩૫, ૪૨૯
લક્ષ્મીપતિ	૩૬૬
લક્ષ્મીવલ્લભ	૩૫, ૩૨૫, ૪૨૧
લક્ષ્મીવલ્લભગણિ	૫૦, ૪૨૯
લક્ષ્મીસાગરસૂરિ	૫૦, ૪૩૦
લગંડશાયી	૨૨૯
લગ્નશુદ્ધિ	૩૩૬
લઘીયસ્ત્રયાલંકારકાર	૪૬, ૪૦૭
લઘુભાષ્ય	૧૧, ૩૪, ૪૦, ૪૬
લઘુમાસ	૩૦૪
લઘુમૃષાવાદ	૧૯૧
લજ્જા	૯૯
લજ્જાનાશ	૮, ૯૪
લતા	૧૦૫
લબ્ધ્યક્ષર	૧૩૨
લલિત	૮, ૯૪
લવણસમુદ્ર	૩૯૯
લશુન	૧૯૩
લસણ	૨૮૯
લાટ	૨૭, ૩૪, ૨૬૦, ૩૨૪
લાઠી	૩૨, ૫૫, ૩૦૩
લાસક	૩૧૪, ૩૮૩
લિંગકલ્પ	૨૭
લિત્રક	૧૦૪
લિપિછન્ન	૩૩
લિપિવિદ્યા	૧૨
લિમ્ન	૧૯૩
લૂષક	૯૧
લેખ	૩૦, ૫૩, ૬૯, ૩૧૧
લેખક	૭, ૫૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
લેપકૃત	૧૯
લેપાલેપ	૧૮
લેશ્યા	૬૬
લોંકાગચ્છ	૫૧, ૪૩૬
લોક	૯,૭૯, ૧૦૫, ૨૭૮
લોકતત્ત્વનિર્ણય	૩૩૪
લોકબિંદુ	૩૩૪
લોકભાષા	૫, ૫૧
લોકવિજય	૧૦૩, ૧૦૫
લોકશ્રી	૪૪
લોકસંજ્ઞા	૩૪૩
લોકસાર	૧૦૩, ૧૦૬
લોકાચાર	૨૪
લોકાંતિકાગમન	૩૦
લોકો	૭૮
લોભ	૧૪૦, ૧૯૩
લોભદોષ	૧૯૩
લોહ	૮, ૨૧૫, ૩૦૭
લોહકાર	૩૩, ૩૧૮
લૌકિક	૨૫૨
લૌહ	૯૪, ૩૦૭

વ

વંગ	૨૭, ૨૫૯
વંદન	૧૮
વંદનક	૨૨૩
વંદનકર્મ	૨૭૮
વંદના	૮, ૧૫, ૧૯, ૩૦, ૬૫, ૭૯, ૨૭૮
વંદનાકર્મ	૭૯
વંદ્યાવંદ્ય	૩૦
વંશી	૨૧૮
વગડા	૨૦૬
વચનગુપ્તિ	૧૯૧
વચનવિભક્તિ	૯૦
વચનસંપદા	૧૮૮
વચનાપૌરુષેયત્વખંડન	૩૮૯
વચ્ચકચિપ્પક	૨૦, ૨૧૯
વજ્ર	૮, ૧૪, ૭૪, ૯૪, ૧૭૩, ૨૭૭
વજ્રમધ્યપ્રતિમા	૨૬, ૨૫૦
વજ્રશાખી	૨૮
વજ્રસેન	૧૨૦, ૪૨૨
વજ્રસ્વામી	૨૧, ૩૧, ૫૯, ૨૭૦, ૨૭૭, ૨૯૨, ૨૯૪
વટ્ટ	૨૬૦
વણિક	૨૪
વત્સ	૨૭, ૨૫૯
વત્સલતા	૬૯
વત્સ્યથ	૧૮
વપ	૯, ૧૦૪
વનરાજ	૩૬૭
વનસ્પતિ	૯, ૧૦૫
વનસ્પતિકાય	૩૦૦
વનીપકદોષ	૧૯૨
વપુ	૧૪૭
વપ્પિણિ	૩૮૩
વમન	૨૨
વર	૩૦૫
વરણ	૨૭, ૨૬૦
વરરુચિ	૩૦, ૫૪, ૨૮૦
વરાહમિહિર	૬, ૫૮, ૬૦, ૬૨
વરાહી	૧૭૮
વર્ગ	૧૩૫
વર્જન	૮૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
વર્જ્ય	૧૧૨
વર્ણ	૯, ૧૦૨
વર્ણના	૨૫૭
વર્ણભેદ	૨૨
વર્ગાન્તર	૯, ૭૮, ૧૦૨
વર્તમાન	૨૩, ૨૩૫
વર્ધમાન	૭, ૭૦, ૨૭૬, ૩૧૦
વર્ધમાનસૂરિ	૪૦, ૩૬૬
વર્ધ્ર	૨૧૫
વર્ષ	૫૩
વર્ષા	૨૧૪
વર્ષાઋતુ	૧૯, ૨૫, ૨૧૩
વર્ષાવાસ	૧૦, ૧૧૧, ૨૧૩, ૨૨૩, ૨૪૪, ૩૧૪
વલભી	૧૮, ૧૧૮, ૧૯૯, ૩૯૪
વલય	૧૦૫
વલ્ક	૧૨૯
વલ્લિ	૧૦૫
વસતિ	૧૮, ૨૪૬
વસુ	૧૭૫
વસુદેવ	૧૯૧
વસુદેવચરિત	૪૫, ૩૯૮
વસુદેવહિંડિ	૧૨, ૨૯, ૪૫, ૧૨૩, ૨૭૫
વસુદેવહિંડિકાર	૧૨
વસુદેવહિંડી	૩૪૭, ૩૯૮
વસુબંધુ	૩૮, ૩૫૧
વસ્તુ	૧૬
વસ્ત્ર	૭, ૮, ૨૧, ૩૨, ૫૪, ૭૦, ૯૪, ૧૦૮, ૧૮૦, ૨૧૪, ૨૨૦
વસ્ત્રવિભાજન	૨૨૩
વાક્	૯૪
વાક્ય	૮, ૯૪
વાગ્યોગ	૯૪
વાચક	૧૧, ૧૧૯, ૧૨૩, ૩૬૧
વાચના	૧૯, ૨૧, ૪૧, ૨૨૭, ૨૪૮
વાચનાચાર્ય	૧૧, ૧૧૯
વાચનાભેદ	૪૩, ૪૫
વાચનસંપદા	૧૮૮
વાણિજ્યકુલ	૨૮
વાતિક	૨૧, ૨૨૭
વાત્સલ્ય	૧૯૨
વાત્સ્યાયન	૪૦, ૩૬૧
વાદિચક્રવર્તી	૩૯, ૩૫૮
વાદિમુખ્ય	૩૭, ૩૪૫
વાદિવેતાલ	૩૯, ૩૫૮
વાદિવેતાલ શાન્તિસૂરિ	૩૫, ૪૭, ૩૨૫
વાદી	૧૧, ૧૧૯
વાદ્ય	૩૧૯
વાનરર્ષિ	૩૫, ૪૯, ૩૨૫, ૪૨૦, ૪૨૫
વાયુ	૯, ૧૪, ૧૫૨, ૧૫૮, ૧૫૯
વાયુકાય	૧૦૫, ૩૦૦
વાયુભૂતિ	૧૩, ૭૩, ૧૪૪, ૧૫૨
વારણા	૨૭૯
વારાણસી	૨૭, ૨૫૯
વાર્તિક	૬૮, ૧૪૨, ૩૨૬
વાલ	૮, ૩૦૭
વાલંભા	૩૩, ૩૧૨
વાલક	૯૮
વાલભી	૩૯૪
વાલુક	૧૦૯
વાસના	૬૫
વાસવદત્તા	૯૮
વાસી	૮૬
વાસુદેવ	૧૭, ૭૧, ૨૭૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
વાસ્યવાસકભાવખંડન	૩૮૯
વાહરિગણિ	૩૯, ૩૫૭
વાહરિસાધુ	૩૯, ૩૫૩
વાળ	૩૨, ૯૪, ૩૦૭
વિંધ્ય	૧૭૯
વિંશતિ	૩૩૪
વિંશતિ-વિંશિકા	૩૩૪
વિકટ	૨૧૮
વિકથા	૯૩, ૯૯, ૨૪૬, ૨૭૯
વિકલ્પ	૨૭, ૨૬૦
વિકાલ	૨૦, ૨૧૫
વિકૃતિપ્રતિબદ્ધ	૨૧
વિક્રમ	૩૭, ૪૦, ૪૯
વિક્લવતા	૮, ૯૪
વિક્ષેપણવિનય	૧૮૮
વિચરણ	૨૫૨
વિચારભૂમિ	૧૯૭, ૨૧૭
વિચ્છેદન	૩૩, ૩૧૨
વિચ્યુત	૧૯૩
વિજય	૯, ૧૦૫
વિજયચંદ્રસૂરિ	૪૮, ૪૨૨
વિજયદેવસૂરિ	૪૩૪
વિજયપુર	૭, ૭૦
વિજયરાજેન્દ્રસૂરિ	૪૩૪
વિજયવિમલ	૩૫, ૩૨૫, ૪૨૦
વિજયવિમલગણિ	૪૯, ૪૨૫
વિજયસિંહ	૪૧૦
વિજયસિંહસૂરિ	૩૯, ૩૫૮
વિજયસેનસૂરિ	૩૫, ૫૦, ૩૨૫, ૪૨૧, ૪૩૦
વિજયાદશમી	૪૨
વિજ્ઞાન	૧૪, ૧૪૯, ૧૫૫
વિજ્ઞાનસંતતિ	૧૫૫
વિજ્ઞાપના	૩૧૧
વિપટી	૯૦
વિડંબક	૩૮૩
વિદંડ	૩૨, ૫૫, ૩૦૩
વિદક	૨૦, ૨૧૮
વિદેશ	૯, ૨૭, ૭૧, ૧૦૨, ૨૫૯
વિદ્યા	૧૯૩
વિદ્યાગુરુ	૨૮, ૩૨
વિદ્યાદોષ	૧૯૩
વિદ્યાધર	૧૨૦, ૧૬૫, ૩૪૮
વિદ્યાધરગચ્છ	૨૬, ૩૩૩
વિદ્યાભ્યાસ	૪૦
વિદ્વાન્	૯૫
વિધાન	૧૭
વિધિ	૯, ૧૭, ૧૮, ૧૦૦
વિધૂનન	૯, ૧૦૭
વિનય	૮, ૫૭, ૬૯, ૯૦, ૯૧, ૯૫, ૯૭, ૧૯૧, ૩૪૧
વિનયકર્મ	૭૯, ૨૭૮
વિનયપ્રતિપત્તિ	૧૮૮
વિનયવિજયોપાધ્યાય	૫૦
વિનયશ્રુત	૯૭
વિનયસમાધિ	૫૭
વિનયહંસ	૩૫, ૩૨૫, ૪૨૦
વિનાશિત	૧૧૪, ૨૧૩
વિનીત	૯૭
વિપક્ષ	૮, ૯૨
વિપાક	૪૦
વિપાકવૃત્તિ	૪૩
વિપાકશ્રુત	૩૮૨
વિબુધચંદ્ર	૪૧૦
વિભંગ	૬૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
વિભક્તિ	૮, ૯, ૯૨, ૧૦૯
વિભાષા	૫૮, ૬૯, ૧૪૨
વિભૂષણા	૭, ૬૯
વિમર્શ	૬૬
વિમલસૂરિ	૪૯
વિમાન	૧૬૫
વિમલેશ્વરદેવ	૩૮૬
વિમુક્તિ	૫૮, ૧૦૯
વિમોક્ષ	૯, ૧૦૩, ૧૦૭
વિરત	૯૨, ૯૫
વિરતાવિરતિ	૧૮૪
વિરમણ	૨૭
વિરહ	૩૩૫
વિરહકાલ	૬૯
વિરાધના	૨૩
વિરુદ્ધરાજ્ય	૨૧૪
વિલટ્ઠી	૩૨, ૫૯, ૩૦૩
વિવરણ	૩૮, ૪૨, ૪૫, ૩૨૬
વિવરણસૂત્ર	૪૫
વિવાદ	૧૫
વિવાહ	૭, ૩૦, ૫૩, ૭૦, ૭૨
વિવિક્તચર્યા	૯૦, ૨૯૩
વિવિધ	૧૮૫
વિવૃતિ	૩૨૬
વિવેક	૧૭, ૮૪, ૧૯૦, ૧૯૧, ૨૫૧, ૪૦૦
વિવેકપ્રતિમા	૧૧૧
વિવેકહંસ ઉપાધ્યાય	૩૫, ૩૨૫, ૪૨૦
વિવેચન	૩૨૬
વિશાખા	૩૯૨
વિશાલસુન્દર	૩૫, ૩૨૫
વિશુદ્ધિ	૧૩૫, ૨૮૨
વિશેષ	૧૬, ૧૭૮
વિશેષણવતી	૪૫, ૧૨૩, ૧૨૪, ૩૯૮
વિશેષનિશીથચૂર્ણિ	૩૪
વિશેષવિવરણ	૩૪૬
વિશેષાવશ્યકટીકા	૪૩, ૩૮૭
વિશેષાવશ્યકભાષ્ય	૭, ૧૦, ૧૨, ૩૪, ૩૫, ૪૦, ૪૫, ૪૬, ૫૨, ૫૩, ૬૫, ૧૧૭, ૧૧૮, ૧૨૨, ૧૨૬, ૨૫૩, ૨૭૨, ૩૨૪, ૪૦૬, ૪૧૦
વિશેષાવશ્યકભાષ્યકાર	૧૧, ૧૨
વિશેષાવશ્યકભાષ્ય-બૃહદ્વૃત્તિ	૩૭, ૪૬, ૪૧૧, ૪૧૩
વિશેષાવશ્યકભાષ્યવિવરણ	૩૭, ૩૩૦, ૩૪૯
વિશેષાવશ્યકભાષ્ય-સ્વોપજ્ઞવૃત્તિ	૩૫, ૩૮, ૪૫, ૩૨૭
વિશેષાવશ્યકભાષ્ય-સ્વોપજ્ઞવૃત્તિકાર	૪૬
વિશેષાવશ્યકલઘુવૃત્તિ	૩૩૦
વિશોધિ	૨૫૫
વિશ્રામસ્થાન	૧૮
વિષ	૬૨, ૧૦૪
વિષમપદવ્યાખ્યા	૨૯
વિષય	૧૨, ૯૯
વિષયદુષ્ટ	૧૯૫
વિષ્કંભ	૩૮૩
વિષ્વગ્ભવન	૨૨૭
વિસર્જન	૨૧
વિસ્મૃત	૧૯૩
વિહંગમ	૮, ૯૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
વિહાર	૧૮, ૨૦, ૨૫, ૧૨૭, ૧૯૨, ૨૦૧, ૨૩૮, ૨૩૯, ૨૪૩, ૨૪૪
વિહારભૂમિ	૨૧૭
વીંટી	૭૨
વીતભય	૨૭
વીતરાગસ્વરૂપવિચાર	૩૮૯
વીતિભય	૨૬૦
વીર	૨૭૩
વીરગણિ	૪૫
વીરપુર	૭, ૭૦
વીરપ્રભુ	૭૧
વીરભૂમિ	૩૬
વીરશુનિકા	૨૦૧
વીરસ્તવ	૩૩૪
વીરાંગદકથા	૩૩૪
વીરાચાર્ય	૩૬, ૩૩૧
વીરાસન	૨૨૯
વીર્ય	૯૯
વૃક્ષ	૨૪, ૯૦, ૧૦૫, ૨૧૮, ૩૨૪
વૃક્ષપલિય	૩૩
વૃક્ષાદિપ્રલોકન	૨૧૫
વૃક્ષાયુર્વેદ	૧૬૧
વૃત્ત	૩૦
વૃત્તાન્ત	૩૪
વૃત્તિ	૩૨૬
વૃત્તિસંક્ષેપ	૯૧
વૃદ્ધ	૨૭
વૃદ્ધાચાર્ય	૩૬, ૩૩૬
વૃદ્ધિ	૬૫, ૭૨
વૃશ્ચિકી	૧૭૮
વૃષભ	૭૨, ૨૧૧
વૃષભપૂર્ષદા	૨૧૫
વેગવંદના	૧૯૩
વેતાલ	૩૯
વેદ	૬૬
વેદક	૧૯૬
વેદના	૧૮
વેદનીય	૧૩૯
વેદબાહ્યતાનિરાકરણ	૩૩૪
વેદાનુયાયી	૧૩
વેર	૩૦૭
વૈકક્ષિકી	૨૨૧
વૈતરણી	૧૦૯
વૈદિક	૫૬
વૈદેહ	૨૦, ૨૧૮
વૈદ્ય	૧૭, ૧૯, ૨૪, ૧૯૮, ૨૦૪, ૨૩૮
વૈદ્યકશાસ્ત્ર	૨૪
વૈદ્યપુત્ર	૨૧૮
વૈનયિક	૯, ૧૦૯
વૈનયિકવાદ	૨૮૯
વૈનયિકી	૭૬, ૧૩૧, ૨૭૭
વૈયાવૃત્ય	૨૬, ૬૯, ૭૩, ૨૩૬, ૨૫૨
વૈયાવૃત્યકાર	૧૯
વૈર	૧૧૨
વૈરાજય	૨૧૪
વૈરાટપુર	૨૭, ૨૬૦
વૈશાખ	૭૪
વૈશાલી	૩૦, ૨૭૬
વૈશેષિક	૧૫
વૈશ્ય	૯, ૧૦૨
વૈહાનસ	૧૦૭
વ્યંજન	૧૯૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
વ્યંજનાક્ષર	૧૩૨
વ્યંજનાવગ્રહ	૧૩૦
વ્યંતરાયતન	૪૦૪
વ્યંસક	૯૧
વ્યક્ત	૧૩, ૭૩, ૧૪૪, ૧૫૬
વ્યતિક્રમ	૨૩, ૨૩૫
વ્યધારણશાલા	૩૩, ૩૧૮
વ્યવશમન	૨૧, ૨૧૩
વ્યવશમિત	૧૧૪, ૨૧૩
વ્યવશમિતોદીરણ	૨૩૦
વ્યવસાય	૯૯
વ્યવહર્તવ્ય	૨૩, ૨૩૩, ૪૦૦
વ્યવહાર	૬, ૭, ૧૦, ૧૬, ૧૭, ૨૩, ૨૬, ૨૭, ૫૬, ૫૭, ૫૯, ૬૦, ૬૯, ૧૧૩, ૧૧૫, ૧૧૭, ૨૩૩, ૨૫૦, ૨૬૬, ૨૯૧, ૪૦૦, ૪૦૮
વ્યવહારકલ્પ	૩૩૪
વ્યવહારચૂર્ણિકાર	૪૫
વ્યવહારનિર્યુક્તિ	૧૦, ૧૧૫
વ્યવહારભાષ્ય	૧૧, ૧૬, ૨૩, ૫૩, ૫૪,૫૫, ૧૧૮, ૧૨૪, ૧૮૬, ૨૩૩, ૨૫૨
વ્યવહારવાદ	૧૩૧
વ્યવહારવિવરણ	૪૫, ૩૯૯
વ્યવહારવૃત્તિ	૪૩
વ્યવહારસૂત્ર	૯
વ્યવહારસૂત્રવૃત્તિ	૩૮૭
વ્યવહારી	૨૩, ૨૩૩, ૨૪૩, ૪૦૦
વ્યાખ્યા	૯, ૧૦, ૪૨, ૫૦, ૩૨૬
વ્યાખ્યાગ્રંથ	૫, ૩૪
વ્યાખ્યાન-પદ્ધતિ	૬, ૫૬
વ્યાખ્યાનવિધિ	૬૮
વ્યાખ્યાન-શૈલી	૬
વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ	૨૭, ૩૮, ૪૦, ૪૧, ૫૦, ૨૬૬
વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ-ચૂર્ણિ	૨૭, ૨૮૯
વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ-દ્વિતીયશતકવૃત્તિ	૪૩
વ્યાખ્યાપ્રજ્ઞપ્તિવૃત્તિ	૩૮, ૪૧, ૩૭૨
વ્યાઘાત	૨૨, ૨૩૧
વ્યાઘ્રી	૧૭૮
વ્યાધિ	૩૩, ૩૧૬
વ્યાલક	૩૮૪
વ્યુત્સર્ગ	૧૭, ૯૧, ૧૯૦, ૧૯૨, ૨૫૧, ૪૦૦
વ્યુત્સર્જન	૮૪, ૧૮૫
વ્યુદ્ગ્રાહિત	૨૧
વ્રજિકા	૨૨૫
વ્રણ	૨૮૧
વ્રત	૨૬, ૧૯૪, ૨૩૧, ૨૫૨, ૧૮૧
વ્રતષટ્ક	૩૪૦
વ્રતી	૯૫
વ્રીડનક	૨૭૩
વ્રીહિ	૮, ૨૪, ૯૪, ૨૩૯, ૩૦૬
શ	
શંકર	૧૭, ૧૯૮
શંકિત	૧૯૩
શંખ	૮, ૯૪, ૩૦૭
શકટાલ	૩૦, ૫૪, ૨૮૦
શકરાજા	૨૫૧
શકુન	૧૮, ૨૦૧
શઠ	૧૯૨, ૧૯૪
શણ	૨૪
શતક	૨૩૯, ૨૬૬, ૪૧૦
શતક-વિવરણ	૪૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
શતપુષ્પા	૯૮
શતી	૪૯, ૫૧
શબ્ર-નિવસનક	૯૮
શબલ	૧૦, ૧૦૯, ૧૧૦, ૨૮૦
શબ્દ	૫, ૮, ૪૩, ૬૬, ૧૭૨
શબ્દશાસ્ત્ર	૧૨
શબ્દાનુશાસન	૪૪, ૩૮૬, ૩૯૨
શબ્દાર્થ	૪૩
શયન	૨૬, ૨૪૮
શય્યંભવ	૯૦, ૨૮૩, ૩૧૦, ૩૩૯
શય્યા	૩૨, ૧૦૭, ૧૦૮, ૨૨૪, ૨૫૮
શય્યાતર	૨૬, ૧૯૪, ૨૧૦, ૨૪૯, ૩૦૭
શય્યા-સંસ્તારક	૨૧, ૨૨૪
શરીર	૭૩, ૮૪, ૯૩, ૧૩૧, ૧૪૪, ૧૫૨, ૨૭૩
શરીરસંપદા	૧૮૮
શરીરાંગ	૯, ૯૮
શલાકોપસર્ગ	૩૦
શલ્ય	૧૧૨
શશક	૩૦૦
શસ્ત્ર	૮, ૯, ૯૩, ૧૦૩
શસ્ત્રપરિજ્ઞા	૩૮, ૧૦૨
શસ્ત્રપરિજ્ઞાવિવરણ	૩૮, ૩૫૧, ૩૫૨
શાંડિલ્ય	૨૭, ૨૫૯
શાંતિ	૭૮, ૩૫૮
શાંતિચન્દ્રગણિ	૩૫, ૩૨૫, ૪૨૦
શાંતિદેવસૂરિ	૩૫, ૩૨૬, ૪૨૧
શાંતિમતિ	૨૯૪
શાંતિસાગર	૪૩૩
શાંતિસાગરગણિ	૫૧, ૪૩૩
શાંતિસૂરિ	૩૯, ૩૫૮
શાંત્યાચાર્ય	૪૧૫
શાકંભરી	૫૧, ૪૩૪
શાખા	૨૯, ૩૧, ૯૯, ૩૮૩
શાતના	૮૪
શાબ્દપ્રામાણ્ય	૩૮૯
શાલ	૭૩
શાલા	૫૫, ૨૧૨, ૩૮૩
શાલિ	૮, ૨૪, ૯૪, ૨૩૯, ૩૦૬
શાલ્મલીપુષ્પ	૯૮
શાસન	૧૩૫
શાસ્ત્ર	૧૨, ૬૮, ૧૪૧
શાસ્ત્રવાર્તાસમુચ્ચય સટીક	૩૩૪
શિક્ષણ	૨૭, ૨૫૮
શિક્ષા	૧૮, ૨૮૦
શિક્ષાપદ	૧૨૭
શિક્ષાવ્રત	૯૪, ૨૮૧
શિબિકા	૩૮૩
શિલ્પ	૭, ૨૦, ૩૦, ૫૩, ૬૯
શિલ્પી	૩૮૩
શિવ	૭૮
શિવપ્રભસૂરિ	૪૨૦
શિવભૂતિ	૧૪, ૧૫, ૫૪, ૧૭૯
શિવભૂતિબોટિક	૧૪, ૧૭૩
શિવરાજર્ષિ	૩૧, ૫૪, ૨૭૭
શિવશર્મ	૩૬૧
શિવશર્મન્	૪૦
શિવા	૪૩૬
શિષ્ય	૧૧, ૧૩, ૨૯, ૩૦, ૪૦, ૬૮, ૧૪૨, ૧૯૧, ૨૭૫
શિષ્યહિતા	૩૭, ૩૪૭
શિષ્યહિતાવૃત્તિ	૩૯, ૪૭, ૪૧૩
શિષ્યાનુશિષ્ય	૪૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
શીત	૯, ૨૫, ૧૦૬
શીતોદકવિકટકુંભ	૨૧૮
શીતોષ્ણીય	૧૦૫
શીતૌષ્ણય	૧૦૨
શીલભદ્રસૂરિ	૪૧૭, ૪૩૩
શીલવ્રત	૬૯
શીલાંક	૩૮, ૪૨, ૫૨, ૫૯, ૩૪૯, ૩૫૨, ૩૭૩
શીલાંકસૂરિ	૩૫, ૨૨૪, ૩૨૫
શીલાંકાચાર્ય	૩૭, ૪૯, ૫૪, ૩૫૧
શીલાંગસહસ્ર	૨૮૩
શીલાચાર્ય	૩૯, ૩૫૨, ૩૫૫
શીલાદિત્ય	૧૨૧
શીલભદ્ર	૪૮
શીલભદ્રસૂરિ	૫૧
શીશક	૩૦૭
શીશમહલ	૭૨
શુંબ	૧૨૯
શુક્ર-પુદ્ગલ	૨૧, ૨૨૨
શુક્લધ્યાન	૧૮૪, ૩૩૯
શુક્લા	૪૮
શુદ્ધ	૧૦૫
શુદ્ધિ	૮, ૯૪, ૨૭૯
શુભવર્ધનગણિ	૩૫, ૩૨૫, ૪૨૦
શુભ	૭૮
શુશ્રૂષા	૧૩૩
શૂદ્ર	૯, ૧૦૨
શૂન્યગૃહ	૩૩, ૫૫, ૩૧૨
શૂન્યગ્રામ	૨૧૫
શૂન્યવાદ	૧૩, ૧૪, ૧૪૪, ૧૫૬
શૂન્યશાલા	૩૩, ૩૧૨
શૂરસેન	૨૬૦

શબ્દ	પૃષ્ઠ
શૃંગભેદ	૩૮૩
શૃંગાટક	૧૭, ૨૦૮, ૩૮૩
શૃંગાર	૨૭૩
શેઠ	૪૦, ૪૭, ૩૦૯
શૈક્ષકભૂમિ	૨૫૧
શૈલક	૩૭૬
શૈલી	૨૯
શૈલેશી	૧૬, ૧૮૪
શૈલેશી-અવસ્થા	૫૨
શોભાવર્જન	૩૪૦
શૌંડિકશાલા	૨૪૯
શૌક્તિકાવતી	૨૭, ૨૬૦
શ્મશ્રુ	૩૨
શ્યામ	૧૦૯
શ્યામાક	૭૩
શ્રદ્ધા	૮, ૭૪, ૯૩, ૯૯
શ્રમણ	૮, ૧૨, ૧૭, ૧૮, ૩૪, ૬૭, ૮૦, ૯૨, ૯૩, ૨૧૦
શ્રમણધર્મ	૨૬, ૭૨, ૨૫૨
શ્રમણી	૧૮, ૧૯, ૨૨૦, ૨૨૨
શ્રમણોપાસક-પ્રતિક્રમણ	૪૮
શ્રવણ	૧૩૩
શ્રામણ્ય	૯૨
શ્રાવક	૧૯, ૧૧૧, ૨૮૧
શ્રાવકત્વ	૧૪૦
શ્રાવકધર્મ	૩૪૮
શ્રાવકધર્મતંત્ર	૩૩૪
શ્રાવકપ્રજ્ઞપ્તિવૃત્તિ	૩૩૪
શ્રાવકભિક્ષુ	૨૪૭
શ્રાવસ્તી	૭, ૨૭, ૭૦, ૧૭૩, ૧૭૪, ૨૬૦
શ્રીગુપ્ત	૧૭૮
શ્રીચન્દ્ર	૪૧૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
શ્રીચન્દ્રસૂરિ	૨૯, ૩૫, ૪૬, ૪૮, ૨૬૯, ૩૨૫, ૪૦૯, ૪૧૭, ૪૨૦
શ્રીતિલકસૂરિ	૩૫, ૩૨૫, ૪૨૦
શ્રીધર	૩૩૬
શ્રીપતિ	૩૬૬
શ્રીવિજય	૪૩૧
શ્રુત	૯, ૧૩, ૧૬, ૧૯, ૫૬, ૫૭, ૬૫, ૬૭, ૬૮, ૭૪, ૯૭, ૧૦૦, ૧૦૯, ૧૨૮, ૧૨૯, ૧૩૩, ૧૮૦, ૧૮૩, ૧૮૭, ૧૯૨, ૨૭૧, ૪૦૦
શ્રુતકરણ	૨૬૧
શ્રુતકલ્પ	૨૭
શ્રુતકેવલી	૫૯, ૬૦, ૧૯૮
શ્રુતજ્ઞાન	૫૭, ૬૬, ૮૯, ૧૨૮, ૧૩૨, ૧૯૬
શ્રુતદેવી	૪૨૨
શ્રુતધર્મ	૧૪૧
શ્રુતનિધર્ષ	૨૫
શ્રુતભક્તિ	૬૯
શ્રુતવિનય	૧૮૮
શ્રુતવ્યવહાર	૧૯૦
શ્રુતસમ્પદા	૧૮૮
શ્રુતસાગરગણિ	૫૧, ૪૩૨
શ્રુતસ્કન્ધ	૩૮, ૫૪, ૯૬
શ્રુતાભિધાન	૯૦
શ્રુતાવતાર	૨૭૪
શ્રુતિ	૧૨, ૫૨
શ્રેણિક	૩૦, ૫૪, ૨૮૦
શ્રેયઃપુર	૭
શ્રેષ્ઠિભાર્યા	૮૬
શ્રેષ્ઠી	૩૮૪

શબ્દ	પૃષ્ઠ
શ્રોત્રેન્દ્રિય	૬૪
શ્લક્ષ્ણ	૧૦૪
શ્લોક	૩૧, ૩૭
શ્વેતવિકા	૧૭૩, ૧૭૬
શ્વેતામ્બર	૫૮, ૬૧, ૩૩૩
શ્વેતામ્બિકા	૨૭, ૨૬૦

ષ

ષડશીતિવૃત્તિ	૩૮૭
ષડ્લૂક	૧૪, ૧૫, ૭૪, ૧૭૩, ૧૭૮, ૨૭૭
ષડ્દર્શનસમુચ્ચય	૩૩૪
ષડ્પદાર્થ	૧૫
ષષ્ટિક	૮, ૯૪, ૩૦૬
ષોડશ	૯, ૧૦૯
ષડશક	૩૩૪

સ

સંકરક્ષત્રિય	૯, ૧૦૨
સંકરબ્રાહ્મણ	૯
સંકરવૈશ્ય	૯, ૧૦૨
સંકરશૂદ્ર	૯, ૧૦૨
સંકલ્પ	૨૭, ૨૬૦
સંકિતપચાસી	૩૩૪
સંક્રમ	૨૨૮
સંક્લિષ્ટ	૩૨
સંક્લિષ્ટકર્મ	૧૯૩
સંક્ષિપ્ત	૧૦
સંક્ષેપ	૧૮૪, ૨૫૩
સંખડિ	૨૧૭
સંખ્યા	૭, ૬૯
સંખ્યાત	૨૭૩
સંગ	૮, ૯૪, ૧૨૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
સંગમક	૩૦, ૨૭૬
સંગીતશાસ્ત્ર	૨૭૩
સંગ્રહ	૧૭૨
સંગ્રહણિકાર	૩૪૭
સંગ્રહણિટીકા	૩૯૭, ૩૯૮
સંગ્રહણી	૫
સંગ્રહણીવૃત્તિ	૩૩૪
સંગ્રહપરિજ્ઞાસમ્પદા	૧૮૮
સંગ્રામનીતિ	૨૪
સંઘ	૧૪, ૨૫, ૧૩૮
સંઘદાસ	૪૬
સંઘદાસગણિ	૧૧, ૧૩, ૧૧૮, ૧૨૩, ૧૯૬, ૪૨૨
સંઘર્ષ	૧૯૩
સંઘવિજયગણિ	૫૦, ૪૩૦
સંઘાટક	૩૭૬
સંઘાટી	૨૨૧
સંઘાત	૮૪, ૧૩૫
સંઘાતપરાર્થત્વ	૧૩
સંજ્ઞા	૯, ૬૬, ૧૦૩, ૧૩૨, ૩૪૨
સંજ્ઞાક્ષર	૧૩૨
સંજ્ઞાપ્ય	૨૨૭
સંજ્ઞી	૬૬, ૧૩૨, ૧૮૩
સંતાનવાદખંડન	૩૮૯
સંતાર	૧૯૨
સંથારો	૩૯
સંધિપાલ	૩૮૪
સંનિધાન	૧૭૨
સંપંચાસિત્તરી	૩૩૪
સંપકવિહાર	૩૫૮
સંપદા	૧૦, ૧૧૧
સંપાતિમ	૨૧૦

શબ્દ	પૃષ્ઠ
સંપુટકમલ્લક	૧૮, ૧૯૯
સંપુટખંડમલ્લક	૧૯૯
સંપ્રતિરાજ	૧૧૪, ૨૧૮
સંપ્રદાન	૧૭૧
સંપ્રદાય	૩૬
સંપ્રાપ્ત	૮
સંપ્રાપ્તકામ	૮, ૫૩
સંબન્ધ	૧૩, ૬૯
સમ્બન્ધન	૯૭
સંબાધ	૧૦, ૧૭, ૧૧૪, ૧૯૮, ૩૭૯
સંબોધ	૩૦, ૭૨
સંબોધપ્રકરણ	૩૩૪
સંબોધસિત્તરી	૩૩૪
સંભાષણ	૮, ૯૪
સમ્ભૂત	૩૧૦
સંભોગ	૨૪૫, ૩૦૯
સંભોગકલ્પ	૨૭
સંભોગિક	૨૪૫
સંમૂર્ચ્છનજ	૧૦૫
સંયત	૬૬, ૯૨, ૯૫, ૨૫૭
સંયતપ્રાંત	૨૧૬
સંયતભદ્ર	૨૧૬
સંયમ	૮, ૯, ૨૬, ૯૧, ૯૯, ૨૫૨
સંયોગ	૯, ૯૭
સંયોજના	૧૯૩, ૨૩૪
સંરક્ષણતા	૧૮
સંરંભ	૩૦૯
સંલીનતા	૯૧
સંલોક	૭૯
સંવત્સર	૩૯૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
સંવરપંચક	૩૮૧
સંવર્ત	૨૨૫
સંવસન	૨૭, ૨૫૮
સંવૃતાસંવૃત	૧૮૪
સંવેગભાવના	૬૯
સંવેદન	૩૪૭
સંશય	૧૩૦, ૧૩૧, ૧૪૫
સંશોધન	૩૯, ૪૧, ૫૦
સંસક્ત	૨૩, ૨૩૭
સંસક્તનિર્યુક્તિ	૬, ૧૧૬
સંસારદાવા	૩૩૪
સંસારદાવાસ્તુતિ	૩૩૪
સંસારી	૧૪૮
સંસેતિમ	૩૩
સંસ્કૃત	૫, ૧૨, ૨૭, ૩૧, ૩૪, ૩૭, ૪૦, ૪૪, ૯૯
સંસ્કૃતિ	૧૭, ૫૪, ૧૯૬
સંસ્તવ	૩૦૬
સંસ્તવદોષ	૧૯૩
સંસ્તારક	૨૪, ૩૨, ૨૨૧, ૨૨૪, ૩૦૮
સંસ્થાન	૬૬, ૯૭
સંસ્થાપના	૧૮
સંસ્થિત	૧૯૪
સંસ્મરણ	૮, ૯૪
સંહનન	૧૮
સહ્રત	૧૯૩
સકલચંદ્રગણિ	૪૩૨
સકલચંદ્રસૂરિ	૪૯, ૪૨૭
સકાર	૮, ૯૫
સચેલક	૨૩૧
સજીવ	૩૩
સત્ત્વ	૧૪૭
સદાધાર	૨૭
સદૃષ્ટાન્તબુદ્ધિભેદનિરૂપણ	૩૮૯
સનબંધન	૩૮૩
સનિમિત્ત	૩૨
સન્નિવેશ	૩૮, ૩૫૪
સન્નિહિત	૩૩
સન્મતિતર્ક	૩૬
સપર્યવસિત	૬૬, ૧૩૨, ૧૮૩
સપિન્નક	૯૮
સપ્રતિકાભાષ્ય	૪૦, ૩૬૬
સપ્રતિકાવૃત્તિ	૩૮૭
સપ્રનિહ્નવ	૭, ૫૪
સપ્રશતારનયચક્ર	૪૦, ૩૬૦
સપ્ર-સપ્રિકા	૧૦૮
સપ્રસ્વર	૨૯, ૨૭૩
સપ્રાયશ્ચિત્ત	૨૪૧
સપ્રાવરણ	૩૨
સભા	૩૯
સભ્યતા	૫૪
સમકાલીન	૩૭
સમતા	૭૮
સમભિરૂઢ	૧૭૨
સમયસુન્દર	૩૫, ૩૨૬, ૪૨૧
સમયસુન્દરગણિ	૫૦, ૪૩૨
સમયસુન્દરસૂરિ	૪૯, ૪૨૭
સમરચંદ્ર	૪૨૧
સમરચંદ્રસૂરિ	૩૫, ૨૨૫, ૪૨૦
સમરાઇચ્ચકહા	૩૩૪
સમવતાર	૧૩, ૧૪, ૬૯, ૭૪, ૧૭૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
સમવસરણ	૧૦, ૧૭, ૩૦, ૭૩, ૧૯૯, ૨૨૩, ૨૭૬, ૩૧૪
સમવાય	૭, ૧૫, ૭૦, ૧૫૮, ૩૭૧, ૩૯૦
સમવાયાંગ	૪૦, ૪૧, ૩૭૦
સમવાયાંગવૃત્તિ	૪૧, ૩૭૦
સમાજશાસ્ત્ર	૫૧, ૫૩
સમાધિ	૯, ૬૯, ૧૦૯, ૧૧૧
સમાધિપ્રતિમા	૧૧૧
સમારંભ	૩૧૦
સમાસ	૧૮૪, ૨૫૨
સમિતસૂરિ	૫૯
સમિતિ	૨૦, ૨૬, ૧૯૧, ૨૩૫, ૨૫૨, ૨૭૯
સમુચ્છેદ	૧૫, ૭૪, ૧૭૬
સમુચ્છ્રય	૮૪
સમુદાયાર્થદ્વાર	૧૩૪
સમુદ્ઘાત	૧૬, ૫૨, ૭૬, ૧૩૧, ૧૮૪, ૨૭૭
સમૂહ	૧૩૫
સમ્મૂર્ચ્છનજ	૧૦૩
સમ્યક્	૬૬, ૧૩૨, ૧૮૩
સમ્યક્ચારિત્ર	૧૦૬
સમ્યક્તપ	૧૦૬
સમ્યક્ત્વ	૯, ૬૬, ૭૪, ૧૦૩, ૧૦૬, ૧૩૩, ૧૩૯, ૧૮૧, ૧૮૨, ૧૯૬, ૨૮૧
સમ્યક્ત્વપ્રાપ્તિ	૧૩
સમ્યક્શ્રુત	૧૩૩
સમ્યગનુષ્ઠાન	૧૩૩
સમ્યગ્જ્ઞાન	૧૦૬
સમ્યગ્દર્શન	૧૦૬
સમ્યગ્વાદ	૧૮૪
સરયૂ	૨૨૮
સરસ્વતી	૯૪
સર્પદંશ	૯૮
સર્પી	૧૭૮
સર્વ	૭૮, ૧૮૫
સર્વજ્ઞસિદ્ધિ	૩૮૯
સર્વજ્ઞસિદ્ધિપ્રકરણ-સટીક	૩૩૪
સર્વતઃ-પાર્શ્વસ્થ	૨૩
સર્વવિરતિ	૧૮૨, ૧૮૪
સર્વાવસન્ન	૨૪
સલોમ	૨૦
સવસ્ત્ર	૩૨
સહનશીલ	૧૯૪
સહોદર	૬
સાંખ્ય	૧૩, ૧૪૬
સાંખ્યમતચર્યા	૨૮૯
સાંખ્યમુક્તિનિરાસ	૩૮૯
સાંતર	૧૩
સાંપ	૨૪૫
સાંભોગિક	૩૧૦
સાંસ્કૃતિક	૨૨, ૩૪, ૪૩
સાકાર	૧૬
સાકેત	૭, ૨૭, ૭૦, ૨૫૯
સાગારિક	૨૦, ૨૬, ૨૧૦, ૨૪૯, ૩૦૭, ૩૧૭
સાગારિકનિશ્રા	૨૨૦
સાગારિકોપાશ્રય	૨૨૧
સાદિક	૬૬, ૧૩૨, ૧૮૩
સાધર્મિક	૨૩૯
સાધર્મિકસ્તૈન્ય	૨૨૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
સાધર્મિકાવગ્રહ	૨૨૫
સાધારણ	૧૦૫
સાધિકરણ	૨૪૧
સાધુ	૮, ૧૦, ૧૭, ૨૨, ૨૪, ૫૩, ૭૫, ૭૭, ૮૫, ૨૪૭, ૨૮૮
સાધુરંગ ઉપાધ્યાય	૩૫, ૨૩૪, ૪૨૦
સાધુરત્નસૂરિ	૪૩૬
સાધ્વી	૧૭, ૧૯, ૨૫, ૩૨, ૨૦૬, ૨૪૫, ૨૪૭
સાનક	૨૦, ૨૧૯
સામ	૯, ૧૦૦
સામગ્રી-વૈવિધ્ય	૫૧
સામપુરિવટ્ટ	૨૭
સામર્થ્ય	૨૫૭
સામાચારી	૧૮, ૧૯, ૨૦૦, ૨૦૨
સામાચારીસ્થિતિ	૧૨૭
સામાજિક	૨૨, ૩૪
સામાન્ય	૧૬, ૧૭૮
સામાયિક	૭, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૩૦, ૫૧, ૬૫, ૬૭, ૭૪, ૭૮, ૧૧૭, ૧૨૬, ૧૩૬, ૧૩૮, ૧૪૦, ૧૮૦, ૧૮૪, ૧૮૫, ૨૭૭
સામાયિકચારિત્ર	૬૭, ૭૫
સામાયિકનિર્ગમ	૫૩
સામાયિકસૂત્ર	૧૬
સામુચ્છેદિક	૧૬
સાર	૯
સારાભાઈ મણિલાલ નવાબ	૩૨૧
સાર્થ	૨૦, ૨૧૬, ૨૨૫
સાર્થવાહ	૨૦, ૫૩, ૧૯૬, ૩૦૯, ૩૮૪
સાર્થવ્યવસ્થાપક	૨૦, ૫૩, ૨૧૭
સાવદ્ય	૧૮૫
સાવદ્યસ્વપ્ન	૧૯૨
સાસ્વાદન	૧૯૬
સાહિત્ય	૫, ૧૦, ૨૨, ૩૪
સિંધુ	૨૭
સિંધુસૌવીર	૨૬૦
સિંહ	૭૨
સિંહકેસર	૧૯૩
સિંહગિરિ	૫૯
સિંહત્રિકઘાતક	૨૧૫
સિંહપર્ષદા	૨૧૫
સિંહી	૧૭૮
સિતામ્બર	૩૩૩
સિદ્ધ	૮, ૧૬, ૬૯, ૭૫, ૭૬, ૧૪૮, ૧૮૪, ૨૭૧, ૨૭૮
સિદ્ધચક્ર	૩૮૫
સિદ્ધનમસ્કાર	૧૬, ૫૨, ૫૩
સિદ્ધપ્રાભૃત	૪૫, ૩૯૭
સિદ્ધર્ષિ	૨૬૯, ૪૦૯
સિદ્ધવ્યાખ્યાનિક	૨૬૯, ૪૦૯
સિદ્ધસેન	૨૮, ૩૬, ૨૬૯, ૩૦૦, ૩૩૫, ૩૪૭, ૩૫૧, ૩૬૦, ૩૬૧
સિદ્ધસેનગણિ	૧૨૦, ૨૬૯, ૪૧૮
સિદ્ધસેનદિવાકર	૨૯, ૩૬, ૨૬૮, ૩૩૬
સિદ્ધસેનસૂરિ	૨૯, ૩૧, ૪૮, ૨૬૯, ૨૯૧
સિદ્ધાન્ત	૫, ૧૨, ૧૩૫
સિદ્ધાંતવાદી	૩૫
સિદ્ધાર્થ	૨૭૬
સિદ્ધાર્થપુર	૭, ૭૦
સિર	૩૨
સિલિંગ	૮, ૯૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
સીમા	૫૪
સીસક	૮, ૯૪
સુંઠી	૯૮
સુંસુમા	૩૭૬
સુકલ્પ	૨૭
સુખ	૧૭૦
સુખલાલજી	૨૬૯
સુખસાગર	૫૦, ૪૨૯
સુત્તાણુગમ	૬૧
સુદર્શન	૧૭૫
સુધર્મા	૧૩, ૧૪, ૭૨, ૧૪૪, ૧૬૦, ૩૧૦
સુબોધ-વિવરણ	૩૮
સુબોધ	૪૭
સુભદ્રા	૮૬, ૨૩૬
સુભિક્ષુ	૩૪૧
સુમતિકલ્લોલ	૩૫, ૩૨૫
સુમતિસાધુસૂરિ	૫૦, ૪૩૦
સુમતિસૂરિ	૩૫, ૩૨૫
સુમન	૯૦
સૂરસેન	૨૭
સુરાવિકટકુંભ	૨૧૮
સુરાષ્ટ્ર	૨૭
સુરેન્દ્રદત્ત	૮, ૫૪
સુલસા	૩૦, ૫૪, ૨૮૦
સુવર્ણ	૮, ૯૪, ૩૦૭
સુહસ્તી	૩૧૦
સૂક્ષ્મ	૫૬, ૯૦, ૧૦૪
સૂક્ષ્મપ્રાભૃતિકા	૨૬
સૂક્ષ્મસંપરાય	૧૩, ૯૭, ૧૪૦, ૨૫૧
સૂચી	૨૧૫, ૨૫૮
સૂત	૯, ૧૦૨
સૂતક	૩૪

શબ્દ	પૃષ્ઠ
સૂત્ર	૯, ૧૩, ૬૮, ૧૦૮, ૧૩૫, ૧૩૮, ૨૧૭, ૪૦૦
સૂત્રકૃત	૨૫૧
સૂત્રકૃતાંગ	૬, ૯, ૨૭, ૩૧, ૩૯, ૫૬, ૫૭, ૨૬૬, ૪૦૩
સૂત્રકૃતાંગચૂર્ણિ	૨૭, ૨૮, ૩૧, ૨૬૬, ૨૮૯
સૂત્રકૃતાંગનિર્યુક્તિ	૯, ૫૨, ૫૮, ૧૦૯
સૂત્રકૃતાંગવિવરણ	૩૮, ૩૯, ૩૫૬
સૂર્ય	૧૬૪, ૩૯૧
સૂર્યપ્રજ્ઞપ્તિ	૬, ૧૪, ૫૧, ૫૬, ૫૭, ૬૨, ૧૭૩, ૩૯૧, ૩૯૪, ૩૯૬
સૂર્યપ્રજ્ઞપ્તિટીકા	૪૩, ૪૪, ૩૯૮
સૂર્યપ્રજ્ઞપ્તિ નિર્યુક્તિ	૪૫, ૩૯૮
સૂર્યપ્રજ્ઞપ્તિવિવરણ	૩૯૧
સૂર્યપ્રજ્ઞપ્ત્યુપાંગટીકા	૩૮૭
સેંટિકા	૧૯૩
સેના	૨૨૫
સેનાપતિ	૩૮૪
સેરીસક	૩૮૬
સેવા	૨૩, ૨૬, ૨૩૬, ૨૫૦, ૨૫૧
સોદાસ	૮૬
સોપારક	૧૨૦
સોમનસ	૭, ૭૦
સોમવિમલસૂરિ	૩૫, ૩૨૨, ૪૨૧
સોમસુંદર	૩૫, ૩૨૫
સોમિલાર્ય	૭૩
સોમેશ્વર	૩૬૭
સૌત્રિક	૩૦૩
સૌત્રિકા	૨૪૯
સૌધર્મ	૪૦૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
સૌભાગ્યસાગર	૩૫, ૩૨૫, ૪૨૧
સૌરાષ્ટ્ર	૨૫૯
સૌરિક	૨૭, ૨૫૯
સૌવીર	૨૭
સૌવીરિણી	૧૯, ૨૦૨
સ્કંદકાચાર્ય	૧૧૪, ૨૧૮
સ્કંધ	૯, ૫૬, ૧૦૯, ૧૩૫, ૩૮૩
સ્કંધકરણી	૨૨૨
સ્કંધબીજ	૧૦૫
સ્કંધવાદ	૨૮૯
સ્તંભતીર્થ	૪૯, ૪૨૭
સ્તંભનાધીશ	૪૨૭
સ્તબક	૩૨૬
સ્તવ	૨૭૮
સ્તુતિ	૩૦૬
સ્તૂપ	૭, ૭૦, ૭૨, ૧૧૮
સ્તેન	૨૭
સ્તેનપલ્લી	૨૧૫
સ્ત્યાનર્દ્ધિપ્રમત્ત	૧૯૫
સ્ત્રી	૨૦, ૩૩, ૨૪૨, ૩૧૫, ૩૪૩
સ્ત્રી-નિર્વાણસૂત્ર	૪૦, ૩૬૩
સ્ત્રીમુક્તિસિદ્ધિ	૩૮૯
સ્થંડિલ	૧૮
સ્થંડિલભૂમિ	૧૮, ૧૯૭
સ્થપિતિ	૧૯૪
સ્થલ	૨૨૮
સ્થલપત્તન	૩૯
સ્થવિર	૧૮, ૨૪, ૬૯, ૨૧૦, ૨૫૧, ૨૭૧
સ્થવિરકલ્પ	૧૯, ૨૭, ૫૨, ૧૨૭, ૧૯૪, ૨૦૬
સ્થવિરકલ્પિક	૧૭, ૧૮, ૧૯, ૩૨, ૧૧૪, ૨૦૧, ૨૧૧, ૨૨૨, ૨૩૫, ૨૫૧
સ્થવિરકલ્પી	૩૦૮
સ્થવિરભૂમિ	૨૫૧
સ્થવિરા	૨૧૦
સ્થળ	૩૯
સ્થાન	૧૦, ૨૩, ૨૭, ૨૩૪, ૨૫૮
સ્થાનકવાસી	૫૧, ૪૩૬
સ્થાનાંગ	૪૦, ૪૧
સ્થાનાંગવૃત્તિ	૪૧, ૩૬૮
સ્થાનાયત	૨૨૯
સ્થાપક	૯૧
સ્થાપના	૧૦, ૨૦, ૬૬, ૧૧૧, ૧૯૨, ૧૯૪, ૩૧૪, ૩૩૭
સ્થાપનાકલ્પ	૨૭, ૩૧૯
સ્થાપનાકુલ	૧૯, ૧૯૩, ૨૦૨, ૨૫૨, ૩૦૯
સ્થાવર	૮, ૯૪, ૧૪૮, ૩૦૭
સ્થિત	૨૭
સ્થિતકલ્પ	૨૭, ૩૧૮
સ્થિતિ	૧૩, ૬૯, ૧૩૯, ૧૯૪
સ્થિરીકરણ	૯૦, ૧૯૨
સ્થૂણા	૩૪, ૫૪, ૩૧૮
સ્થૂલઅદત્તાદાનવિરમણ	૨૮૧
સ્થૂલપ્રાણાતિપાતવિરમણ	૨૮૧
સ્થૂલભદ્ર	૮, ૩૦, ૫૪, ૨૮૦, ૩૧૦
સ્થૂલમૃષાવાદવિરમણ	૨૮૧
સ્નાતક	૨૫૦, ૨૫૭
સ્નાન	૩૦૫
સ્નેહ	૨૨, ૩૨
સ્પર્શન	૧૩, ૬૯, ૧૮૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
સ્પર્શનેન્દ્રિય	૬૬
સ્પૃષ્ટપ્રેરોદિકા	૧૫૯
સ્મૃતિ	૭, ૬૫, ૭૦
સ્યંદમાનિક	૩૮૩
સ્યાદ્વાદ	૨૮૮
સ્યાદ્વાદકુચોદ્યપરિહાર	૩૩૪
સ્યાદ્વાદી	૨૦
સ્વગૃહપાષંડમિશ્ર	૧૯
સ્વગૃહયતિમિશ્ર	૧૯
સ્વજન	૧૬, ૧૦૫
સ્વદારસન્તોષ	૨૮૧
સ્વદેહપરિમાણ	૧૪
સ્વપ્ન	૭૨, ૧૩૦, ૧૫૭
સ્વભાવ	૧૬૬
સ્વરભેદ	૨૨
સ્વરૂપ	૧૩, ૬૬
સ્વર્ગવાસ	૪૦
સ્વરસ્થાન	૨૫૫
સ્વાદના	૩૦૨
સ્વાદિમ	૮૬
સ્વામિત્વ	૬૯
સ્વામી	૧૩
સ્વાધ્યાય	૯૧, ૨૪૮
સ્વાધ્યાયભૂમિ	૨૧૭
સ્વાહા	૬૨
સ્વોપજ્ઞવૃત્તિ	૧૨, ૩૪, ૪૭

હ

શબ્દ	પૃષ્ઠ
હરિત	૧૦૫
હરિતાહત	૨૧૬
હરિદ્રા	૯૮
હરિનૈગમેષી	૭૨
હરિભદ્ર	૭, ૨૮, ૩૭, ૪૪, ૪૫, ૫૨, ૧૧૪, ૨૬૮, ૨૯૭, ૩૩૩, ૩૪૮, ૩૪૯, ૩૯૦, ૪૦૫
હરિભદ્રસૂરિ	૧૧, ૩૫, ૩૬, ૪૫, ૧૧૪, ૩૨૫, ૩૩૧, ૩૯૨
હરિમંથ	૮, ૯૪
હરેણુકા	૯૮
હર્ષકુલ	૩૫, ૪૯, ૩૨૪, ૪૨૦, ૪૨૫
હર્ષનંદન	૩૫, ૫૦, ૩૨૪, ૪૨૦, ૪૩૨
હર્ષનંદનગણિ	૩૫, ૪૨૧
હર્ષવલ્લભ ઉપાધ્યાય	૩૫, ૩૨૪, ૪૨૧
હલ	૧૦૪
હલધરકોસેજજ	૩૮૩
હસન	૩૧૯
હસિત	૮, ૯૪
હસ્ત	૩૦૨
હસ્તકર્મ	૨૧, ૨૨, ૩૨, ૫૩, ૨૨૫, ૨૪૬, ૩૦૨
હસ્તક્રિયા	૩૦૨
હસ્તતલ	૩૨
હસ્તતાલ	૧૯૪
હસ્તાતાલ	૨૧, ૨૨૬
હસ્તાદાન	૧૯૪
હસ્તાલંભ	૧૯૪
હસ્તિદંત	૩૦૦
હસ્તિનાપુર	૭, ૫૪, ૭૦
હસ્તમલ	૫૧, ૪૪૦
હસ્તી	૮, ૩૦૭
હસ્તોપતલ	૩૨
હાથ	૩૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દ	પૃષ્ઠ
હાર	૩૩, ૫૫, ૩૧૨
હારિત	૨૦, ૨૧૮
હારિભદ્રીયવૃત્તિ	૨૬૯
હારિભદ્રીયાવશ્યકવૃત્તિ-ટિપ્પણક	૪૧૧
હારિલ વાચક	૪૦, ૩૬૨
હાસ્ય	૨૭૩, ૩૧૦
હિંસક	૧૬૦, ૨૨૧
હિંસા	૧૪, ૨૧, ૫૨, ૯૧, ૧૬૦, ૨૨૧
હિત	૭૮
હિતરુચિ	૩૫, ૩૨૪, ૪૨૦
હિરણ્ય	૮, ૯૪, ૩૦૭
હિરિમંથા	૩૦૫
હીન	૧૯૪
હીનભાવ	૨૪૧
હીરવિજયસૂરિ	૩૩, ૩૨૩, ૪૨૦
હીલિત	૨૩૦
હુણ	૨૮૧
હૃત	૨૧૬
હૃતાહૃત	૨૧૬
હેઠા	૧૮૭
હેતુ	૮, ૧૩, ૩૪, ૯૧, ૯૨
હેતુવાદોપદેશિકી	૧૩૨
હેમંત	૨૧૪
હેમકુમાર	૨૨૬
હેમચંદ્ર	૪૩, ૪૬, ૩૮૫, ૩૮૬
હેમચંદ્રગણિ	૩૫, ૩૨૫, ૪૨૧
હેમચંદ્રસૂરિ	૪૦૯
હેમવિમલસૂરિ	૫૦, ૪૩૦
હ્રી	૯૯
હ્રીબેર	૯૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સહાયક ગ્રંથોની સૂચિ

ઐતિહાસિક નોંધ—વાડીલાલ મો. શાહ-હિન્દી સંસ્કરણ.

કર્મગ્રંથ (પંચમ તથા ષષ્ઠ)—આત્માનંદ જૈન ગ્રન્થમાલા, ભાવનગર, ઈ.સ. ૧૯૪૦.

ગણધરવાદ—દલસુખ માલવણિયા—ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, ઈ.સ. ૧૯૫૨.

જિનરત્નકોશ—હરિ દામોદર વેલણકર—ભાંડારકર પ્રાચ્યવિદ્યાસંશોધન મંદિર, પૂના, ઈ.સ. ૧૯૪૪.

જૈન આગમ—દલસુખ માલવણિયા—જૈન સંસ્કૃતિ સંશોધન મંડલ, બનારસ, ઈ.સ. ૧૯૪૭.

જૈન ગૂર્જર કવિઓ—જૈન શ્વેતામ્બર કૉન્ફરેન્સ, મુંબઈ, ઈ.સ. ૧૯૩૧.

જૈન ગ્રન્થાવલી—જૈન શ્વેતામ્બર કૉન્ફરેન્સ, મુંબઈ, વિ. સં. ૧૯૬૫.

જૈનદર્શન—અનુ. પં. બેચરદાસ, પ્રકા. મનસુખલાલ રવજીભાઈ મેહતા, રાજકોટ, વિ. સં. ૧૯૮૦.

જૈનસત્યપ્રકાશ—અમદાવાદ.

જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ—મોહનલાલ દલીચંદ દેસાઈ—જૈન શ્વેતામ્બર કૉન્ફરેન્સ, મુંબઈ, ઈ.સ. ૧૯૩૩

જૈન સાહિત્ય સંશોધક—અમદાવાદ

તત્ત્વાર્થસૂત્ર—ઉમાસ્વાતિ—ભારત જૈન મહામંડળ, વર્ધા, ઈ.સ. ૧૯૫૨.

પ્રભાવકચરિત—પ્રભાચન્દ્ર-સિંઘી જૈન ગ્રન્થમાલા, કલકત્તા, ઈ.સ. ૧૯૪૦.

પ્રશસ્તિસંગ્રહ—અમૃતલાલ શાહ—શ્રી શાંતિનાથજી જ્ઞાનભંડાર, અમદાવાદ, વિ. સં.૧૯૯૩

પ્રાકૃત ઔર ઉસકા સાહિત્ય—મોહનલાલ મેહતા—બિહાર રાષ્ટ્રભાષા પરિષદ્, પટના, ઈ.સ. ૧૯૬૬

બ્રહ્મબિન્દુ ઉપનિષદ્—નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ, સન્ ૧૯૩૨.

મહાવીર જૈન વિદ્યાલય—રજત મહોત્સવ ગ્રન્થ—મુંબઈ, ઈ.સ. ૧૯૪૦

મુનિ શ્રી હજારીમલ સ્મૃતિ-ગ્રન્થ—બ્યાવર, ઈ.સ. ૧૯૬૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મુનિસુવ્રતચરિત—શ્રીચંદ્રસૂરિ.

વિવિધતીર્થકલ્પ—જિનપ્રભસૂરિ—સિંઘી જૈન ગ્રન્થમાલા, કલકત્તા, ઈ.સ. ૧૯૩૪.

વિશેષણવતી—જિનભદ્ર

શ્રમણ ભગવાન મહાવીર, ભાગ-૩—સં. મુનિ રત્નપ્રભવિજય, અનુ. પ્રો. ધીરૂભાઈ પી. ઠાકુર, પ્રકા. જૈન ગ્રન્થ પ્રકાશક સભા, પાંજરાપોળ, અમદાવાદ, ઈ.સ. ૧૯૫૦

સાર્થવાહ—મોતીચન્દ્ર-બિહાર રાષ્ટ્રભાષા પરિષદ્, પટના, ઈ.સ. ૧૯૫૩.

હિસ્ટ્રી ઑફ ધી કેનોનિકલ લિટરેચર ઑફ ધી જૈન્સ—હીરાલાલ રસિકદાસ કાપડિયા—સૂરત, ઈ.સ. ૧૯૪૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગિરિરાજની ગોદમાં, નજરે નિહાળતાં, મનને હરી લેતા શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન-સમવસરણ મહામંદિરની આછેરી ઝલક

જગતના તમામ ધર્મોમાં જૈન ધર્મની એક મહત્તા એનાં ભવ્ય, અલૌકિક અને અધ્યાત્મભાવનાથી ભરપૂર તીર્થો છે. આ તીર્થો ભક્તની ભક્તિ, શ્રેષ્ઠીની દાનવીરતા, સાધકની ઉપાસના અને સાધુજનોની સમતાનો સંદેશ આપીને સંસારસમુદ્ર તરવા માટે જિનભક્તિનો ઉપદેશ આપે છે. સમગ્ર દેશમાં જ નહિ બલ્કે વિદેશોમાં અનેક જિનાલયો આવેલાં છે, પરંતુ આ બધા જિનાલયની યાત્રા કરીને પોતાની ભક્તિભાવનાનેં ધન્ય કરવાની પળ સહુને સાંપડતી નથી. ક્યારેક શારીરિક કે આર્થિક શક્તિ ન હોય, તો ક્યારેક સમય કે સગવડનો અભાવ હોય. આથી જ પાલિતાણામાં આવેલા **શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન** અને **શ્રી સમવસરણ મહામંદિરમાં** એક સાથે અનેક તીર્થોનાં દર્શન અને ભાવપૂજનનો લાભ મળે છે. જાણે તીર્થોનું સંગમસ્થાન જ જોઈ લો !

ગિરિવર દર્શન વિરલા પાવે

આ સંગમસ્થાન તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિરાજ ચડતાં જ જમણી બાજુ આવેલું છે. દેશ અને વિદેશના ખૂણે ખૂણેથી પ્રત્યેક જૈન તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની યાત્રા કરવાની સદૈવ ઝંખના રાખતો હોય છે. આથી જ શ્રી ૧૦૮ તીર્થદર્શન ભવન પાલિતાણામાં નિર્માણ કરવામાં આવ્યું, જેથી સિદ્ધગિરિની યાત્રાએ આવનાર યાત્રાળુને અનોખો તીર્થદર્શન, વંદન અને પૂજનનો ધર્મમય સુયોગ સાંપડે છે.

નિમિત્તમાત્રમ્

આની રચનાનું નિમિત્ત સુરત દેસાઈ પોળના શ્રી **સુવિધિનાથ** જિનમંદિરમાં શ્રી **દેસાઈ પોળ પેઢી**ના સંસ્થાપક ધર્મનિષ્ઠ **ડાહ્યાભાઈ (કીકાભાઈ)** રતનચંદ કિનારીવાળાએ તૈયાર કરાવેલ શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન બન્યું. અહીં પ્રાચીન તીર્થોના મૂળનાયકજીના ૩૬ ´ ૩૦ ઇંચની સાઇઝનાં ચિત્રો દીવાલ પર બિરાજમાન કરવામાં આવ્યાં. પરમપૂજ્ય ધર્મરાજા આચાર્ય દેવ શ્રી **વિજયકસ્તૂરસૂરીશ્વરજી** મહારાજ તથા પ. પૂ. પંન્યાસજી (હાલ આચાર્ય મ.સા.) **શ્રી ચંદ્રોદયવિજયજી ગણિ** મહારાજની નિશ્રામાં વિ. સં. ૨૦૨૪ના કારતક વદ-૨ના રોજ એનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. ત્યારબાદ ડાહ્યાભાઈએ ૧૦૮ તીર્થોનો એક પટ્ટ બહાર પાડ્યો. પછી પોતાના દીક્ષા ગ્રહણના દિવસે જ વિ. સં. ૨૦૨૬ પોષ સુદ ૧૧ના ૧૦૮ તીર્થદર્શનાવલિ નામક એક આલબમ પ્રકાશિત કર્યું. જેમાં ૧૦૮ તીર્થના મૂળનાયકજી, દેરાસર અને તેમનો ઈતિહાસ લેવામાં આવ્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લોકઆદર પામેલ આનું નિમિત્ત જોઈને વિ. સ. ૨૦૨૮માં સુરેન્દ્રનગરમાં શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન અને શ્રી સમવસરણ મહામંદિરનું નિર્માણ કરવાનો નિર્ણય કર્યો.

પૂજ્ય ધર્મરાજા ગુરુદેવશ્રીની સ્ફુરણા થાય છે સાકાર

શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન અને શ્રી સમવસરણ મહામંદિર, સરસ્વતી મંદિરની બાજુમાં (બાબુના દેરાસરની સામે) વીસ હજાર વાર ૪૦૦ ´ ૪૫૦ ફૂટ લંબાઈ-પહોળાઈવાળી વિશાળ જમીન પર તૈયાર કરવામાં આવ્યું છે. ૨૫૦૦ વર્ષ પહેલાં તીર્થંકર પરમાત્મા શ્રીમહાવીર સ્વામી જેમાં બિરાજમાન હશે, એ સમવસરણ કેવું હશે ? જિનાગમો, સમવસરણસ્તવ આદિ પ્રાચીન સ્તવો, સ્તવનોમાં અને અન્યત્ર પણ સમવસરણ સંબંધી ઉલ્લેખ મળે છે તે જ રીતે કેટલાય શિલ્પીઓએ પોતાની કલા તેમજ આગવી સૂઝથી એની રચનાનો ખ્યાલ આપ્યો છે, તો કેટલાંય ચિત્રકારોએ એનાં ચિત્ર પણ બનાવ્યાં છે. પૂજ્ય આચાર્યદેવ શ્રી **વિજય કસ્તૂરસૂરીશ્વરજી** મહારાજ પોતાના ધ્યાનમાં શ્રી સમવસરણનું ચિંતન કરતા હતા. આ સમયે ૧૦૮ જૈન તીર્થદર્શન ગોઠવવાની વિચારણા ચાલી રહી હતી. એવામાં એકાએક તેઓશ્રીને એક નૂતન વિચાર સ્ફૂર્યો. એમણે વિચાર્યું કે સમવસરણ પણ બનાવવું અને તેમાં ૧૦૮ તીર્થો આવી જાય તેવી રમણીય રચના કરવી. એવી સરસ ગોઠવણી કરવી કે જેથી વર્તમાન ચોવીશી, ૧૦૮ પાર્શ્વનાથજી, ૧૦૮ તીર્થપટ્ટો તથા ૧૦૮ ચિત્રપટ્ટો વગેરે બધું જ આ સંગમમાં મહાસંગમ બની રહે...

સમવસરણની સફળતાના સુકાની પૂજ્ય ગુરુ ભગવંતો

પરમપૂજ્ય આચાર્યદેવ **શ્રી વિજય કસ્તૂરસૂરીશ્વરજી** મહારાજના પટ્ટધર પરમપૂજ્ય આચાર્ય **શ્રી વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી** મહારાજની શિલ્પ-સ્થાપત્ય સંબંધી સૂઝ-બૂઝના સહારા સાથેના સંપૂર્ણ માર્ગદર્શન હેઠળ પૂજ્ય તપસ્વી મુનિ **શ્રી કુશલચંદ્રવિજયજી** મ. સા.ની જહેમતથી આ કાર્ય સારી એવી સફળતાને પામ્યું. તેમજ આ તીર્થધામના ઉત્થાનમાં માર્ગદર્શન પૂજ્યાચાર્ય મહારાજ તથા તેઓશ્રીના ગુરુબંધુ પ. પૂ. આચાર્ય **શ્રી વિજય અશોકચંદ્રસૂરીશ્વરજી** મ.સા., પ.પૂ.આચાર્ય **શ્રી વિજય જયચંદ્રસૂરીશ્વરજી** મ.સા., પ.પૂ.પં. **શ્રી પ્રમોદચંદ્રવિજયજી**ગણી મ.સા., પ.પૂ.પં. **શ્રી અજિતચંદ્ર વિજયજી** ગણિ મ.સા., પ.પૂ.પં. **શ્રી વિનીતચંદ્રવિજયજી** ગણિ મ.સા., પ.પૂ.પં. **શ્રી હ્રીંકારચંદ્રવિજયજી** ગણિ મ.સા., પ.પૂ.પં. **શ્રી પુષ્પચંદ્રવિજયજી** ગણિ, પં. **શ્રી સોમચંદ્ર** વિ.મ., પ.પૂ. **મુનિશ્રી અમરચંદ્ર** વિ.મ., પ.પૂ. **મુનિ કૈલાસચંદ્ર** વિ.મ., પૂ. **મુનિ શ્રી રાજચંદ્ર** વિ. મ. આદિ ધર્મરાજા પૂજ્ય ગુરુદેવના શિષ્ય-પ્રશિષ્ય સમુદાયનો અથાક પ્રયત્ન પણ નિમિત્તરૂપ બનેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિશ્વમાં અજોડ શ્રી સમવસરણ મહામંદિર

શ્રી સમવસરણ મહામંદિર જોનારને પ્રથમ નજરે જ જાણે આકાશમાંથી ઊતરી આવ્યું હોય તેવું લાગે છે. જેમાં શ્રી પાર્શ્વનાથજી ૧૦૮, તીર્થપટ્ટો ૧૦૮ અને ચિત્રપટ્ટો પણ ૧૦૮ છે. તેની ઊંચાઈ પણ ૧૦૮ ફૂટની રાખી છે. મહા મંદિરમાં પ્રવેશતાં શ્રી નેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરીશ્વરજી ધર્મોદ્યાન આવે છે. સુંદર કારીગરીથી શોભતું આકર્ષક આ પ્રવેશદ્વાર દૂરથી જ યાત્રાળુના મનને મોહી લે છે. તેની બન્ને બાજુ નીકળતી પથ્થરમાંથી કંડારેલ ચક્રોની ચક્રાવલિ અને તેની ઉપર પથ્થરમાં જ અંકિત અક્ષરોની અદ્‌ભુતતા દ્વારની શોભામાં અભિવૃદ્ધિ કરે છે. દ્વારની અંદરના ભાગમાં એક તરફ પરબ અને બીજી બાજુ વિશ્રાંતિગૃહનું સુંદર આયોજન વિચારેલ છે. હાલ યાત્રિકો માટે ઠંડા અને ઉકાળેલા પાણીની પરબ પણ રાખેલી છે. લીલા-ગુલાબી કમળોની પંક્તિ સમવસરણની આસપાસ પથરાયેલ કમળો જેવી લાગે છે. મુખ્ય દરવાજામાં પ્રવેશતાં જ જમણા હાથે એક અજોડ અને અદ્વિતીય મંદિરના દર્શન થાય છે. ત્રણ ગઢ રૂપે તેની રચના થઈ છે. શાસ્ત્રીય રીતે તૈયાર કરેલ ચારે દિશાના બાર દરવાજા, સુંદર કમાનો, દ્વારપાળો, બારે પર્ષદા, ચૈત્યવૃક્ષ અને અશોકવૃક્ષ નજરે ચઢ્યા વગર રહેતાં નથી અને તેથી જ આજે શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન અને શ્રી સમવસરણ મહામંદિર વિશ્વમાં એની ભવ્યતા, પવિત્રતા અને મહત્તાથી ખ્યાતનામ બન્યું છે. અહીં માત્ર જિનાલય જ નહિ પરંતુ જૈન ખગોળ, ભૂગોળ અને જૈન ઇતિહાસની માર્મિક ઝાંખી થતી હોવાથી જ આને મહામંદિર કહેવામાં આવે છે.

પ્રભુદર્શનથી મન પાવન બને છે

મુખ્ય દ્વારના ઉંબરમાં પગ મૂકતાં જ ક્યાં પહેલા દર્શન કરવા જવું ? તે વિચારમાં મુગ્ધ બનેલ (મુંઝાતો) ભાવિક શ્રી આદિનાથદાદાની ભવ્યમૂર્તિના દર્શનથી તે તરફ જતી જાજવલ્યમાન આરસની પગથાર દ્વારા અંદરના દરવાજે પહોંચી જાય છે અને પહોંચતા જ આંખ ઠરી જાય છે. અહો કેટલો વિશાળ ડોમ ! તેમજ નાંખી નજરે નીરખી ન શકાય એટલો ઊંચો માણેક સ્થંભ. આ મહામંદિરની વિશ્વભરમાં સૌથી મોટી એ જ વિશિષ્ટતા છે કે ૪૨ ફૂટ ઊંચો અને ૭૦ ફૂટ પહોળો ગોળ ઘુમ્મટ(ડોમ) પથ્થરથી જ તૈયાર થયેલ છે. વીંટી જેવા આ વર્તુળાકારમાં ૪૨ ફૂટ ઊંચો અને ૧૬ ફૂટ પહોળો અષ્ટમંગલથી તેમજ છેક ટોચ ઉપર ઊંધા કમળની પાંખડીઓથી સુશોભિત માણેકસ્થંભ રત્નની જેમ દીપી ઊઠે છે. માણેકસ્થંભની ચારે દિશામાં વર્તમાન ચોવીસ તીર્થંકરોની ભાવોલ્લાસ જગાડતી ૨૪ મૂર્તિઓ બિરાજમાન છે. આ ચોવીસમાંથી ચારે બાજુના મૂળનાયક તીર્થંકર શ્રી આદિનાથજી, શ્રી શાંતિનાથજી, શ્રી નેમિનાથજી, શ્રી પાર્શ્વનાથજીની ૪૧-૪૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉંચની આધ્યાત્મિક ચેતનાને જાગ્રત કરતી પ્રતિમાઓ સુંદર પવાસણ ઉપર બિરાજમાન છે. તેમજ ડોમની ગોળાઈમાં ચારે દિશામાં કુલ ૨૭-૨૭ના વિભાગમાં, જુદાં જુદાં નામોથી વર્તમાનમાં પ્રસિદ્ધ કુલ ૧૦૮ શ્રી પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિઓ થાંભલા વિનાની, ઝૂલતી કમાનો ઉપર રહેલ ઘુમ્મટવાળી જુદીજુદી મીની (નાનીશી) દેવકુલિકામાં પ્રતિષ્ઠિત કરેલ છે. દરેક પ્રભુની પલાઠીમાં શ્રી સમવસરણ મંદિરના પ્રતીક સહિત લાંછનો કળામયતાથી કોતરવામાં આવેલ છે. આ રીતે એક સાથે થતા ૨૪+ ૧૦૮ =૧૩૨ પ્રભુના દર્શનથી જીવન-મન પાવન બની જાય છે.

આ છે મહામંદિરનું આંતરદર્શન

પ્રભુદર્શનથી પાવન પથિક પ્રાણપ્યારાં એવા ઐતિહાસિક તીર્થોનાં દર્શન કરવા બહાર આવે છે. જ્યાં સામેની ગોળાઈમાં ૨૭-૨૭ના ૪ વિભાગમાં ભારતભરનાં ૧૦૮ તીર્થનાં જિનાલયો, તેના મૂળનાયક ભગવાન, તેનો ઇતિહાસ અને પરિચય સાથે, જે તે તીર્થોમાં જઈને લીધેલ આબેહૂબ તસ્વીરો આધુનિક લેમિનેશન પદ્ધતિથી આરસ પર મૂકવામાં આવેલ છે. શ્રી ગિરિરિજથી શરૂ કરી રાજયવાર ગોઠવેલ ૧૦૮ તીર્થપટ્ટોના દર્શનથી દર્શક જાણે તે તીર્થોની યાત્રા કર્યાનો સંતોષ અનુભવે છે. તે તીર્થપટ્ટોની સામેની ગોળાઈમાં પ્રભુ શ્રીવીરના સમયથી આજદિન સુધીમાં થયેલાં. ધર્મ-સંઘ-દેશ અને સમાજ માટે પોતાનું આગવું સમર્પણ કરનાર પુણ્યવંત એવા ૨૭ સાધુ, ૨૭ સાધ્વીજી, ૨૭ શ્રાવક અને ૨૭ શ્રાવિકાનાં ચિત્રો પણ આરસ ઉપર લેમિનેશન કરી મૂકવામાં આવ્યાં છે. અત્યારે પણ ઇતિહાસનાં પાનાં ઉકેલતાં જાણવા મળેલ ઐતિહાસિક હકીકતો દ્વારા આ ચિત્રો જે રીતે બેનમૂન તૈયાર કરેલાં છે, તે જોતાં લાગે છે કે આ ચિત્રપટ્ટો લાગવાથી આ મહામંદિરની દર્શનીયતા/ઐતિહાસિકતાનો ઘણો જ વધારો થયો છે અને સાથે સાથે જૈન ઇતિહાસમાં એક સુવર્ણપૃષ્ઠનો ઉમેરો થયો છે.

મહામંદિરમાં શિલ્પની સાથે સાહિત્યનું ગઠન

સમવસરણ મંદિરના અંદરના ચારે દરવાજા ઉપર તીર્થંકર પ્રભુના ચાર વિશિષ્ટ વિશેષણોને દર્શાવતા - (૧) મહામાહણ; (૨) મહાગોપ; (૩) મહાસાર્થવાહ; (૪) મહાનિર્યામકનાં દશ્યો કલાત્મક રીતે કંડાર્યા છે. વળી ચારે દિશાના ચાર મુખ્ય દરવાજાની આજુબાજુના બે-બે બ્લોક (૩મ) કુલ આઠ બ્લોક સુંદર નકશીકામનાં દ્વારોથી શણગાર્યા છે. પહેલા-બીજા દ્વારમાં ૧૬ વિદ્યાદેવીના, ત્રીજા દ્વારમાં શુભ શુકન, ચોથા દ્વારમાં ચાર શરણ, ચાર સાધન અને ચાર પ્રકારનાં દાનના; પાંચમા-છઠ્ઠા દ્વારમાં નવકાર-વજ્રપંજરની વિવિધ મુદ્રાના અને નવકારના પદોનાં પ્રતીકો, સાતમા દ્વારમાં આઠ પ્રતિહાર્ય અને આઠમા દ્વારમાં અષ્ટમંગલના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રતીકો ઝીણવટભરી દૃષ્ટિએ જોતાં નજરે ચઢે છે. આઠે બ્લોકમાં પહેલામાં હમણાં વહીવટી ઓફીસ છે, બીજામાં ગુરુગણ પ્રદર્શિત કરતું ભવ્ય ગુરુમંદિર - શ્રી ગૌતમ સ્વામીજી, પૂજ્ય શાસનસમ્રાટ્, પૂજ્ય શ્રી વિજ્ઞાનસૂરિજી મ.સા, પૂજ્ય ધર્મરાજા ગુરુદેવની ગુરુ પ્રતિમા તથા મા ચક્કેસરી ને મા પદ્માવતીની મૂર્તિઓથી દીપે છે. જ્યારે બાકીના બીજા બ્લોકમાં અતીત, અનાગત ને વર્તમાન ચોવીશીનો ખ્યાલ પણ આપવામાં આવશે. શાશ્વતા તીર્થંકરોના પરિચય ચિત્રોની સાથે ૬૩ શલાકા પુરુષ, ૪૫ આગમની પાંચ વાચના, અઢી દ્વીપ, ઉત્સર્પિણી - અવસર્પિણી કાળ-પાંચમા-છઠ્ઠા આરાની તેમજ શ્રી વીરપાટ પરંપરાની સમજ આપતાં ચિત્રો વગેરે મૂકવામાં આવશે.

મહામંદિરનું હૃદયંગમ બહારનું ભવ્યદર્શન, સદેહે વિચરતા ભાવ જિનેશ્વર ભગવંતની લોકોત્તર પુણ્યાઈનો ખ્યાલ

શ્રી સમવસરણ મહામંદિરના અંદરના વિભાગોના દર્શનથી પ્રભાવિત પુણ્યાત્મા ઉપર બિરાજમાન પ્રભુ શ્રીવીરને વંદન કરવા ઉત્કટ બની બહાર આવે છે. ત્યાં ચારે મુખ્ય દરવાજા ઉપર તીર્થંકર પ્રભુનાં ચ્યવન, જન્મ, દીક્ષા અને નિર્વાણ કલ્યાણકનાં કંડારેલા દશ્યોને, નીકળતાં જમણી બાજુએ પથ્થરમાંથી બનાવેલ, સાક્ષાત્ જેવી લાગતી ગાડામાં રહેલ ઊંચી ઇન્દ્રધ્વજાને, વિશાળ ભીંતો ઉપર પથ્થરમાં કંડારેલ રાજા દશાર્ણભદ્ર ને ઇન્દ્ર મહારાજાની પ્રભુવીરના ચરણોમાં આત્મસમર્પણ ભાવ પ્રકટ કરતા પટ્ટને, પ્રદક્ષિણાકારે આગળ વધતાં પાછળના ભાગમાં શ્રી નેમિનાથ પ્રભુ ને કૃષ્ણ મહારાજા ; શ્રી પાર્શ્વનાથજી, શ્રી આદિનાથજી પ્રભુ ને મરુદેવા માતાજીના પટ્ટને તેમજ શ્રી પ્રભુવીર પ્રત્યે સંપૂર્ણ સમર્પિતતા પ્રકટ કરતા શ્રેણિક મહારાજની ભક્તિનાં દશ્યોને તેમજ નાની નાની વાડીઓને જોઈ પ્રસન્ન બને છે. જ્યારે યાત્રિકને પૂજા-ભક્તિ કરવા માટે જરૂરિયાતવાળું સાધન જોઈએ, તે માટે ડાબી બાજુએ રહેલ ભક્તિભવન તરફ નજર જાય છે, જ્યાં આધુનિક સોલાર મશીન દ્વારા યાત્રિક માટે ગરમ-ઠંડા પાણીની સુંદર વ્યવસ્થા છે અને પ્રભુની પ્રક્ષાલ પૂજા માટે જરૂરી પાણીનો સંચય સમવસરણની અંદર રહેલ ટાંકામાં તેમજ નવા તૈયાર થયેલ કુંડમાં થાય છે. યાત્રાળુની આ બધી વ્યવસ્થા જોઈ સમવસરણ ઉપર જવા માટે પગથિયાં ચઢતાં નાના નાના પત્થરનાં કુંભો, કાંગરા, સુંદર તોરણ-કમાનોવાળા ચારે તરફના બારે દરવાજા, પહેલા ગઢમાં પથ્થરમાં કંડારેલા વિવિધ વાહનો, બીજા ગઢમાં વિભિન્ન પશુ-પક્ષીઓ, ત્રીજા ગઢમાં સાધુ-સાધ્વી-મનુષ્ય-સ્ત્રી-દેવ-દેવીઓની બારે પર્ષદાને નિહાળતો, તો ક્યારેક વિશિષ્ટ થાંભલીએ ટેકણ ઉપર ટેકો લેતો, ધીમે ધીમે ૧૦૮ પગથિયાં ચઢી ઉપર પહોંચે છે. જ્યાં સુંદર પવાસણ ઉપર શ્રી મહાવીર સ્વામીજીની સાત હાથની કાયાને લક્ષમાં રાખીને પદ્માસને બેઠેલ ૬૧ ઇંચની પ્રતિમા અષ્ટપ્રતિહાર્ય સહિત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચારે દિશામાં બિરાજમાન છે. ઉપર માત્ર પથ્થરથી જ નિર્માણ કરેલ અશોકવૃક્ષ અને ચૈત્યવૃક્ષનું સુંદર ડાળી પાંદડાં સાથે નિર્માણ કર્યું છે. ૨૭ ફૂટ ઊંચા અને ૩૭ ફૂટનો વ્યાપ ધરાવતા આ વૃક્ષનું વજન અંદાજે ૫૦૦ ટન છે. તે બધું વજન વૃક્ષની વડવાઈ જેવા દેખાતા તોતિંગ થાંભલા ઉપર પથરાઈ ગયેલું છે. પાંગરતા પરોઢિયે/પ્રભાતે પરમાત્માના પૂજકને અહીં અનુપમ આત્મિક આહ્લાદ અવનવા અનુભવ થાય છે.

આ રીતે શ્રી સમવસરણ એ માત્ર મંદિર નહિ, બલ્કે મહામંદિર છે, જેમાં જિનશાસનની ધાર્મિક અને આધ્યાત્મિક ભવ્યતા, શિલ્પ અને રંગરેખામાં ગુંજી ઊઠે છે.

* * * * *

શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન ટ્રસ્ટ ટ્રસ્ટીમંડળ તથા પુસ્તક પ્રાપ્તિસ્થાન

(૧) **શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન** ફોન નં. ૦૨૮૪૮-૨૪૯૨, ૨૫૬૧
શ્રી સમવસરણ મહામંદિર, તળેટી રોડ, પાલિતાણા - ૩૬૪૨૭૦

(૨) **શ્રી મહેન્દ્રભાઈ ખૂબચંદ શાહ**
C/o રતનચંદ જોરાજી એન્ડ કું., ગોડીજી બિલ્ડીંગ નં. ૧, કીકા સ્ટ્રીટ, પાયધુની, મુંબઈ-૪૦૦ ૦૦૨.

(૩) **શ્રી કાંતિલાલ રતિલાલ શાહ**
સરદાર સોસાયટી બંગલો, સુરેન્દ્રનગર - ૩૬૦ ૦૦૧.

(૪) **શ્રી અશ્વિનભાઈ શાંતિલાલ સંઘવી**
કાયસ્થ મહોલ્લો, ગોપીપુરા, સુરત.

(૫) **શ્રી અનિલભાઈ શાંતિલાલ ગાંધી**
૧૧૦, મહાકાન્ત બિલ્ડિંગ, વી.એસ.હોસ્પિટલ સામે, આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬.

(૬) **શ્રી મહેન્દ્રભાઈ ચંદુલાલ વખારિયા**
C/o વખારિયા બ્રધર્સ, જવાહરચોક, સુરેન્દ્રનગર - ૩૬૩ ૦૦૧.

(૭) **શ્રી હર્ષદરાય પ્રેમચંદ શાહ**
C/o ધર્મેન્દ્ર વાસણ ભંડાર, મહાત્મા ગાંધી રોડ, ભાવનગર - ૩૬૪ ૦૦૧.

(૮) **શ્રી હર્ષદરાય ચુનીલાલ**
ભારત ટ્રેડીંગ કંપની, ૧૧૧, ટનટનપુરા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૯.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૯) **શ્રી મુકેશભાઈ જમનાદાસ શાહ**
૩૬, સંપતરાવ સોસાયટી, અલકાપુરી, વડોદરા.

(૧૦) **શ્રી રમેશભાઈ ગાઠાણી**
૨, સ્વીનગર બંગલોજ, સેટેલાઈટ રોડ, સોમેશ્વર જૈન મંદિર સામે, અમદાવાદ-૩૮૦૦૧૫

(૧૧) **શ્રી કીરીટભાઈ ચુનીલાલ શાહ**
સી-૨૭, વસુંધરા એપાર્ટમેન્ટ, ત્રીજે માળે, કૃષ્ણનગર, ભાવનગર.

* * * * *

નીચેના પુસ્તક વિક્રેતાઓ પાસેથી પણ શ્રી જૈન તીર્થદર્શન ભવન ટ્રસ્ટ પ્રકાશિત પુસ્તકો પ્રાપ્ત થશે.

(૧) **સરસ્વતી પુસ્તક ભંડાર**
હાથીખાના, રતનપોળ, અમદાવાદ-૧

(૨) **પાર્શ્વ પ્રકાશન**
ઝવેરીવાડ નાકા, રીલીફ રોડ, અમદાવાદ-૧

(૩) **નવભારત સાહિત્યમંદિર**
શ્રી મહાવીર સ્વામી દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ-૧

(૪) **નવભારત સાહિત્યમંદિર**
૧૩૪, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨

(૫) **સેવંતીલાલ વી. જૈન**
૨૦, મહાજન ગલી, પહેલે માળે, ઝવેરી બજાર, મુંબઈ-૪૦૦૦૦૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીનેમિ-વિજ્ઞાન-કસ્તૂરજ્ઞાનમંદિર, સુરત તથા શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ટ્રસ્ટ-પાલીતાણા પ્રકાશિત ગ્રંથોની યાદી

ક્રમ	ગ્રંથનું નામ	ભાષા	પ્રકાશન સમય
૧.	અભિધાન ચિંતામણી કોશ (ચંદ્રોદયટીકા)		
	પ્રથમાવૃતિ		૨૦૧૩
	દ્વિતીયાવૃતિ		૨૦૨૯
૨.	અર્હત્પૂતન-પૌષ્ટિક વિધાન		
૩.	અભિધાન ચિંતામણિ (વ્યુત્પત્તિ રત્નાકર ટીકા)		
૪.	અજિત-વિનીત સ્વાધ્યાય સંગ્રહ	ગુજરાતી	
૫.	આરામસોહાકહા	પ્રાકૃત	
૬.	આત્મદર્પણ	ગુજરાતી	૨૦૫૫
૭.	કરુણરસ કટંબક પાઇઅ તથા સંસ્કૃત	પ્રાકૃત-સંસ્કૃત	૧૯૯૭
૮.	કર્મપ્રકૃતિ-ભાગ-૧	ગુજરાતી	
૯.	કર્મપ્રકૃતિ-ભાગ-૨	ગુજરાતી	
૧૦.	કર્મપ્રકૃતિ-ભાગ-૩	ગુજરાતી	
૧૧.	Glory of Jainism	અંગ્રેજી	
૧૨.	ગાગરમાં સાગર	ગુજરાતી	૨૦૫૪
૧૩.	ચતુર્વિશતિ જિન સ્તવવૃતિ		૨૦૧૩
૧૪.	ચાલો ચોવીશી બુહારીએ	ગુજરાતી	
૧૫.	જિનશાસનની કિર્તીગાથા	હિંદી	૨૦૫૪
૧૬.	જિનશાસનની કિર્તીગાથા	ગુજરાતી	૨૦૫૪
૧૭.	જિનશાસનની બલિહારી	ગુજરાતી	
૧૮.	જૈન દર્શન સિદ્ધાંતો અને પરિચય ભાગ-૧	ગુજરાતી	૨૦૪૪
૧૯.	જૈન દર્શન સિદ્ધાંતો અને પરિચય ભાગ-૨	ગુજરાતી	૨૦૪૪
૨૦.	જૈન ધર્મ કે મૂલતત્વ - ભાગ-૧	હિંદી	૨૦૪૪
૨૧.	જૈન ધર્મ કે મૂલતત્વ - ભાગ-૨	હિંદી	૨૦૪૪
૨૨.	જૈન દર્શનનું તુલનાત્મક દિગ્દર્શન	ગુજરાતી	૨૦૨૪
૨૩.	તીર્થાધિરાજને ચરણે - પ્રથમાવૃતિ	ગુજરાતી	૨૦૨૨
૨૪.	તીર્થાધિરાજને ચરણે - દ્વિતીયાવૃતિ	ગુજરાતી	૨૦૨૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૫. નિત્ય સ્મરણિકા	ગુજરાતી	૨૦૩૨
૨૬. નૈષધ મહાકાવ્ય (શ્રી રત્નચંદ્રજી ગણિકૃત ટીકા)	યન્ત્રસ્થ	
૨૭. પઞ્ચ નમસ્કાર સ્તવવૃતિ	સંસ્કૃત	૨૦૦૪
૨૮. પાઇઅ વિન્નાણ કહા-ભાગ-૧- પ્રથમાવૃતિ	પ્રાકૃત	૨૦૧૩
દ્વિતીયાવૃતિ	પ્રાકૃત	૨૦૨૪
૨૯. પાઇઅ વિન્નાણ કહા-ભાગ-૨-પ્રથમાવૃતિ	પ્રાકૃત	૨૦૨૭
દ્વિતીયાવૃતિ	પ્રાકૃત	
૩૦. પાઇઅ વિન્નાણ ગાહા	પ્રાકૃત-સંસ્કૃત ગુજરાતી સાથે	૨૦૪૬
૩૧. પ્રાકૃત રૂપમાલા	પ્રાકૃત-ગુજરાતી	૧૯૮૨
૩૨. પ્રાકૃત વિજ્ઞાન પાઠમાલા-પ્રથમાવૃત્તિ	પ્રાકૃત-ગુજરાતી	૧૯૯૬
દ્વિતીયાવૃતિ	પ્રાકૃત-ગુજરાતી	૨૦૦૪
તૃતીયાવૃતિ	પ્રાકૃત-ગુજરાતી	૨૦૧૯
ચર્તુથ્યાવૃતિ	પ્રાકૃત-ગુજરાતી	૨૦૪૪
૩૩. પ્રાકૃત માર્ગદર્શિકા	પ્રાકૃત-ગુજરાતી	૨૦૪૭
૩૪. પ્રાકૃત વિજ્ઞાન કથાઓ ભાગ-૧ પ્રથમાવૃતિ	ગુજરાતી	૨૦૨૪
દ્વિતીયાવૃતિ	ગુજરાતી	૨૦૩૨
૩૫. પ્રાકૃત વિજ્ઞાન કથાઓ ભાગ-૨ પ્રથમાવૃતિ	ગુજરાતી	૨૦૧૪
દ્વિતીયાવૃતિ	ગુજરાતી	૨૦૩૨
૩૬. પ્રતિષ્ઠાકલ્પ-અંજન શલાકાવિધિ (જૂની) પ્રથમાવૃતિ		૨૦૪૨
૩૭. પ્રીતિની રીતિ	ગુજરાતી	૨૦૪૭
૩૮. પિસ્તાલીસ આગમની સંક્ષિપ્ત રૂપરેખા	ગુજરાતી	૨૦૧૦
૩૯. પંડિઅ ધણવાલકહા	સંસ્કૃત	૧૯૯૮
૪૦. મહોપાધ્યાય ભાનુચંદ્ર ગણિચરિતમ્	સંસ્કૃત	૧૯૯૮
૪૧. મેરૂ શિખર નવરાવે	ગુજરાતી	૨૦૫૪
૪૨. વિનય સૌરકાં	ગુજરાતી	૨૦૧૮
૪૩. સચિત્ર સરસ્વતી પ્રાસાદ	ગુજ-સંસ્કૃત	૨૦૫૫
૪૪. શ્રાવક ધર્મ વિધાન	ગુજરાતી	૨૦૦૪
૪૫. ગિરિજંબૂ સામી ચરિયં	સંસ્કૃત	૨૦૦૪
૪૬. સિરિ વિજયચંદ્ર કેવલી ચરિયં	સંસ્કૃત	૨૦૦૭
૪૭. સિરિ ઉસહણાહ ચરિયં	પ્રાકૃત	૨૦૨૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૮. સિરિચંદરાય ચરિયં	પ્રાકૃત	૨૦૨૭
૪૯. સિરિ ચંદરાય ચરિયં ગુર્જરાનુવાદ	ગુજરાતી	૨૦૩૮
૪૮. સિરિ ઉસહણાહ ચરિયં ગુર્જરાનુવાદ	ગુજરાતી	૨૦૩૩
૪૯. શ્રીપાલચરિત્રમ્ (સંક્ષિપ્ત) ધર્મોપદેશ	સંસ્કૃત	૨૦૦૮
૫૦. શ્રી જિન સ્તોત કોશઃ	સંસ્કૃત	
૫૧. શ્રી વિતરાગ સ્તોત્રાદિ સગ્ચયઃ	સંસ્કૃત	
૫૨. શ્રી સ્થમન પાર્શ્વનાથ માહાત્મય	ગુજરાતી	૧૯૯૬
૫૩. શ્રી ઉપધાન તપ માર્ગદર્શિકા	ગુજરાતી	૨૦૨૩
૫૪. શ્રી ૧૦૮ જૈન તીર્થ દર્શનાવલી	ગુજ-અંગ્રેજી	૨૦૫૨
૫૫. શ્રી ૧૦૮ જૈન તીર્થ દર્શનાવલી	ગુજ-હિંદી	૨૦૫૨
૫૬. સુરત તીર્થ વંદ દકરજોડ	ગુજરાતી	૨૦૫૪
૫૭. સૂર્ય સહસ્ત્રનામમાલા	સંસ્કૃત	
૫૮. સૂર્ય પૂંજ (પુંજ)	ગુજરાતી	૨૦૫૩
૫૯. સંખિત તરંગવઈ કહા (તરંગલોલા)	પ્રાકૃત	૨૦૦૦
૬૦. સંક્ષિપ્ત પ્રાકૃત રૂપમાલા	પ્રાકૃત	૨૦૦૫
૬૧. સંસ્કૃત મંદિરાંત પ્રવેશિકા (બીજી બુક)		
૬૨. હરિપાલી સંચય	ગુજરાતી	૨૦૨૫
૬૩. હેમ નૂતન લધુપ્રક્રિયા		
૬૪.જ્ઞાતપુત્ર શ્રમણ ભગવાન મહાવીર	ગુજરાતી	૨૦૨૫
૬૫. પ્રાકૃત વિજ્ઞાન ગ્રંથ		૨૦૫૭

પ્રાપ્તિસ્થાન

શ્રી નેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરિ જ્ઞાનમંદિર

કાયસ્થ મહોલ્લો, ગોપીપુરા, સુરત-૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીનેમિ-વિજ્ઞાન-કસ્તૂરસૂરિ ગ્રંથ શ્રેણી

ક્રમ ગ્રંથનું નામ

૧. પ્રાકૃત વિજ્ઞાન બાળ પોથી - ૧
૨. પ્રાકૃત વિજ્ઞાન બાળ પોથી - ૨
૩. પ્રાકૃત વિજ્ઞાન બાળ પોથી - ૩
૪. પ્રાકૃત વિજ્ઞાન બાળ પોથી - ૪
૫. શ્રી વીશ સ્થાનક તપ આરાધના વિધિ
૬. શ્રી વીશ સ્થાનક તપ (કથાઓ સહિત)
૭. શ્રી વીશ સ્થાનકની કથાઓ
૮. વંદુ જિન ચોવીશ
૯. ભક્તિ વૈભવ
૧૦. પ્રાકૃત વિજ્ઞાન સંક્ષેપ
૧૧. હે જીના જાગીશ
૧૨. પ્રતિષ્ઠા કલ્પ- અંજન શલાકા-પ્રતિષ્ઠાવિધિ (દ્વિતીયાવૃતિ)
૧૩. દશવૈકાલિકસૂત્રમ્
૧૪. કર્મપ્રકૃતિ ભાગ-૩
૧૫. મૌન એકાદશી પર્વ
૧૬. અભિધાન ચિન્તામણિ નામમાલા
૧૭. જૈન સાહિત્યનો બૃહદ્ ઇતિહાસ ભાગ-૧ - અંગ આગમ
૧૮. જૈન સાહિત્યનો બૃહદ્ ઇતિહાસ ભાગ-૨ - અંગબાહ્ય આગમો
૧૯. જૈન સાહિત્યનો બૃહદ્ ઇતિહાસ ભાગ-૩ - આગમિક વ્યાખ્યાઓ
૨૦. જૈન સાહિત્યનો બૃહદ્ ઇતિહાસ ભાગ-૪ - કર્મ સાહિત્ય-આગમિક પ્રકરણ
૨૧. જૈન સાહિત્યનો બૃહદ્ ઇતિહાસ ભાગ-૫ - લાક્ષણિક સાહિત્ય
૨૨. જૈન સાહિત્યનો બૃહદ્ ઇતિહાસ ભાગ-૬ - કાવ્ય સાહિત્ય
૨૩. જૈન સાહિત્યનો બૃહદ્ ઇતિહાસ ભાગ-૭ - કન્નડ-તામિલ, મરાઠી
૨૪. પ્રમાણ મીમાંસા સ્વોપજ્ઞવૃત્તિ સહિત, ગુજરાતી અનુવાદ સહિત
૨૫. જૈન ધર્મ-દર્શન, મોહનલાલ મેહતા(ગુજરાતી અનુવાદ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઋણ સ્વીકાર

અમો આભારી છીએ

- પરમપૂજ્ય સ્વ. આચાર્યશ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજ, પરમ પૂજ્ય સ્વ. આચાર્યશ્રી વિજયઅશોકચંદ્રસૂરીશ્વરજી મહારાજ, પરમ પૂજ્ય આચાર્યશ્રી વિજયસોમચંદ્રસૂરિજી મહારાજ તથા અન્ય મુનિ ભંગવતોના.
- ભાગ-૩ "આગમિક વ્યાખ્યાઓ" ના પ્રકાશનમાં આર્થિક સહયોગ આપવા બદલ પાર્શ્વનાથ શ્વે. મૂ. સંઘ, ઘાટકોપર, મુંબઈ તથા પ્રિન્સેસ સ્ટ્રીટ લુહાર ચાલ જૈન સંઘ, મુંબઈના.
- આ પ્રકાશનના આર્થિક સહયોગમાં ફાળો આપનાર અનેક સંસ્થાઓ તથા દાતાશ્રીઓના.
- શ્રી પાર્શ્વનાથ જૈન શોધ સંસ્થાન, વારાણસીના તથા તેના પૂર્વ નિયામક ડૉ. સાગરમલજી જૈનના.
- ગુજરાતી આવૃત્તિના માનદ્ સંપાદકો ડૉ. નગીનભાઈ શાહ તથા ડૉ. રમણીકભાઈ શાહના.
- ઉત્તમ છાપકામ માટે લેસર ઈમ્પ્રેશન્સવાળા શ્રી મયંક શાહ તથા માણિભદ્ર પ્રિન્ટર્સવાળા શ્રી કનુભાઈ ભાવસાર અને સુંદર સચિત્ર ટાઈટલ ડિઝાઈન માટે કીંગ ઈમેજ પ્રા. લિ. ના ડાયરેક્ટર શ્રી જીવણભાઈ વડોદરિયાના.

લિ.

શ્રી ૧૦૮ જૈન તીર્થદર્શન ભવન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org














Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



શ્રી ૧૦૮ જૈન તીર્થ દર્શન ભવન-સમવસરણ મહામંદિર
- પાલીતાણા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org